વાચકવર્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજ વિરચિત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## સ્વોપજ્ઞભાષ્ય - સિદ્ધસેનીયા ટીકા સહિત

### દ્વિતીય ભાગ

= મોક્ષ માર્ગ



સમ્યગ્દર્શન + સમ્યગ્જ્ઞાન + સમ્યગ્ચારિત્ર

◈ ભાવાનુવાદ કર્તા ◈

પૂ.મુ. શ્રી રત્નવલ્લભ વિ.

ॐ अर्हं नमः । ऐँ नमः ।

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## સ્વોપજ્ઞભાષ્ય - સિદ્ધસેનીયા ટીકા સહિત

## ભાગ - ૨

## (પ્રથમ અધ્યાય)

(ચંદ્રપ્રભા વિવેચન - પ્રેમપ્રભા ગુર્જર ભાવાનુવાદ સહિત)

❖ ભાવાનુવાદકર્તા ❖

યુગપ્રધાન આચાર્યસમ પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી

ચંદ્રશેખરવિજયજી મ. સાહેબના

શિષ્ય

મુનિ રત્નવલ્લભવિજય

ગ્રંથ : તત્ત્વાર્થાધિગમસૂત્ર
સ્વોપજ્ઞભાષ્ય-સિદ્ધસેનીયા ટીકા સહિત
દ્વિતીય ભાગ

આવૃત્તિ : પ્રથમ

પ્રકાશન વર્ષ : વિ.સં. ૨૦૬૯, વૈ.સુ. ૧૦

નિમિત્ત : ગુરુપાદુકા પ્રતિષ્ઠા પ્રસંગ

પ્રતિ : ૬૦૦

મૂલ્ય : 300/-

© સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક : નવરંગ પ્રિન્ટર્સ
અપૂર્વભાઈ શાહ મો. ૯૪૨૮૫૦૦૪૦૧

❖ પ્રકાશક ❖

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૧૦૨/એ, ચંદનબાલા કોમ્પ્લેક્ષ
પાલડી, ભઠ્ઠા, અમદાવાદ-૭




॥ गुरुकृपा हि केवलं शिष्यं परं मङ्गलम् ॥
સિદ્ધાંતમહોદધિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા
વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા
સિદ્ધાંતદિવાકર પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા
યુગપ્રધાન આચાર્યસમ પ. પૂ. પંન્યાસપ્રવર
શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ

# તત્ત્વાર્થાધિગમસૂત્ર - ભાગ-૨ (પ્રથમ - અધ્યાય)

## અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર-૧ સમ્યગ્દર્શનજ્ઞાન૦...** | ૧ |
| ૦ મોક્ષને બદલે તેના હેતુઓ કહેવાનું કારણ... | ૨ |
| ૦ સમ્યગ્દર્શનાદિ ઉપયોનું સ્વરૂપ/લક્ષણ | ૩ |
| ૦ 'સમ્યક્' શબ્દને જ્ઞાન-ચારિત્ર સાથે પણ જોડવો જરૂરી... | ૪ |
| ૦ 'મોક્ષ' શબ્દના વિવિધ અર્થ... | ૭ |
| ૦ 'લક્ષણ'નું સ્વરૂપ અને બે પ્રકાર... | ૮ |
| ૦ એક જ રુચિના નિમિત્ત-ભેદથી ૫ ભેદ... | ૯ |
| ૦ પ્રથમ-સૂત્રની રચનાના ત્રણ હેતુ... | ૧૨ |
| ૦ '**મોક્ષમાર્ગઃ**' એમ એકવચન કરવાનું પ્રયોજન... | ૧૩ |
| ૦ સમ્યગ્દર્શનાદિ ત્રણ પરસ્પર જોડાયેલાં જ મોક્ષમાર્ગ... | ૧૪ |
| ૦ ફક્ત જ્ઞાન અથવા ક્રિયા મોક્ષ ન આપે... | ૧૭ |
| ૦ સ.દ.આદિ ત્રણમાં પૂર્વનો લાભ થયે ઉત્તરનો લાભ થવામાં વિકલ્પ... | ૧૯ |
| ૦ સ.દ. અને સ.જ્ઞા. વચ્ચે ભેદ હોવાનો અભિપ્રાય... | ૨૦ |
| ૦ સ.દ. અને સ.જ્ઞા વચ્ચે અભેદ-વાદી મત... | ૨૧ |
| ૦ સ.દ. જ્ઞાનની જ અવસ્થા હોવાનો મત... | ૨૫ |
| ૦ 'સમ્યક્' શબ્દનો બે પ્રકારે અર્થ | ૨૮ |
| ૦ એકનયમતમાં મિથ્યાત્વ, સર્વનયમતમાં સમક્તિ... | ૩૦ |
| ૦ **દર્શન** શબ્દની 'ભાવ' અર્થમાં સિદ્ધિ | ૩૧ |
| ૦ સ.દ.નું બીજું લક્ષણ : અવિપરીત દૃષ્ટિ... | ૩૩ |
| ૦ 'ઇન્દ્રિય-અનિન્દ્રિયની પ્રાપ્તિ'નો અર્થ... | ૩૪ |
| ૦ બીજા-સૂત્રની ભૂમિકા... | ૩૮ |
| **સૂત્ર-૨ तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्...** | ૩૯ |
| ૦ સ્યાદ્વાદને સિંહની ઉપમા... | ૪૦ |
| ૦ 'તત્ત્વાર્થની શ્રદ્ધા'નો અર્થ | ૪૧ |
| ૦ 'તત્ત્વાર્થ' શબ્દમાં બે પ્રકારે સમાસની વિચારણા... | ૪૨ |
| ૦ અનાદિ-સાદિ પારિણામિકભાવથી જીવ અને પુદ્ગલની વિચારણા... | ૪૭ |
| ૦ ધર્માસ્તિકાયાદિમાં પૂર્વોક્ત વિચારણા... | ૪૮ |
| ૦ 'પ્રત્યય-અવધારણ'ના વિવિધ અર્થ... | ૫૦ |
| ૦ સ.દ.ની પ્રાપ્તિના પાંચ લિંગ/ચિહ્ન... | ૫૨ |
| ૦ જિનવચન અનુસારે પ્રશમાદિ વાસ્તવિક... | ૫૫ |
| ૦ તત્ત્વાર્થશ્રદ્ધા અને સ.દ.નું એકાર્થપણું... | ૫૮ |
| **સૂત્ર-૩ तन्निसर्गादधिगमाद्वा૦...** | ૫૯ |
| ૦ નિસર્ગ અને અધિગમ સ.દ.ની વ્યાખ્યા... | ૬૦ |
| ૦ બે હેતુથી બે પ્રકારની રુચિ... | ૬૨ |
| ૦ 'નિસર્ગ'ના પર્યાયવાચી શબ્દો... | ૬૩ |
| ૦ સ.દ.ના કારણભૂત અનિવર્તિપરિણામની પ્રાપ્તિનો ક્રમ... | ૬૬ |
| ૦ જ્ઞાન-દર્શન રૂપ લક્ષણવાળો જીવ... | ૬૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ સર્વજ્ઞની દૃષ્ટિએ સંસાર અનાદિ છે... | ૬૯ |
| ૦ ઈશ્વર - સૃષ્ટિવાદનું નિરસન... | ૭૦ |
| ૦ બંધ અને તેના પેટા-ભેદની વ્યાખ્યા | ૭૫ |
| ૦ બદ્ધાદિની વ્યાખ્યા | ૭૭ |
| ૦ નિકાચના-ઉદય-નિર્જરાનું સ્વરૂપ... | ૭૮ |
| ૦ બંધાદિની અપેક્ષાએ સંસાર-ભ્રમણ... | ૮૦ |
| ૦ પરિણામનું સ્વરૂપ અને તેનો અધ્યવસાય સાથે તફાવત... | ૮૨ |
| ૦ ગ્રંથિ-ભેદની પ્રક્રિયા... | ૮૩ |
| ૦ ગ્રંથિનું સ્વરૂપ અને ત્રણ પ્રકારના 'કરણ'.... | ૮૪ |
| ૦ 'અધિગમ'ના પર્યાય-શબ્દો... | ૮૮ |
| **સૂત્ર-૪ જીવાજીવાસ્રવ૦...** | **૯૩** |
| ૦ જીવાદિ ૭ તત્ત્વોનું સ્વરૂપ... | ૯૩ |
| ૦ 'તત્ત્વ' શબ્દનો અર્થ અને એક વચનનું પ્રયોજન... | ૯૫ |
| ૦ સાત તત્ત્વો કહેવાનું રહસ્ય... | ૯૭ |
| ૦ જીવાદિ ૭ તત્ત્વોમાં લક્ષણ અને ભેદની નિરૂપણ - પદ્ધતિનું દિગ્દર્શન... | ૯૯ |
| **સૂત્ર-૫ નામ-સ્થાપના-દ્રવ્ય૦...** | **૧૦૨** |
| ૦ જીવાદિના નામાદિ નિક્ષેપ કરવાનું કારણ... | ૧૦૩ |
| ૦ 'શબ્દ' પણ વસ્તુનો ધર્મ... | ૧૦૫ |
| ૦ 'સ્થાપના' પણ વસ્તુનું સ્વરૂપ... | ૧૦૬ |
| ૦ 'દ્રવ્ય' શબ્દના અનેક અર્થ... | ૧૦૭ |
| ૦ શબ્દ કરતાં 'ભાવ'ની મહત્તા... | ૧૦૯ |
| ૦ જીવમાં નામાદિ નિક્ષેપની વિચારણા... | ૧૧૦ |
| ૦ 'નામ'ના પર્યાય-શબ્દો | ૧૧૧ |
| ૦ સ્થાપના-જીવનું સ્વરૂપ | ૧૧૪ |
| ૦ દ્રવ્ય-જીવ નિક્ષેપ... | ૧૧૭ |
| ૦ ગુણ-પર્યાયરહિત દ્રવ્ય-જીવ ભાંગો અસંગત... | ૧૧૯ |
| ૦ 'દ્રવ્ય-જીવ' ભાંગો ઘટાવવામાં આપત્તિ... | ૧૨૧ |
| ૦ પ્રાયઃ દરેક વસ્તુના ૪ નિક્ષેપા... | ૧૨૨ |
| ૦ મતાંતરે 'દ્રવ્ય-જીવ' ભાંગાની ઘટના અને નિષ્કર્ષ... | ૧૨૩ |
| ૦ ભાવ-જીવ કોને કહેવાય... | ૧૨૪ |
| ૦ ઔપશમિકાદિ ૫ ભાવો... | ૧૨૬ |
| ૦ પાંચે ય ભાવોની એક જીવમાં ઘટના... | ૧૨૭ |
| ૦ અજીવાદિ + સ.દ. આદિમાં નામાદિ નિક્ષેપા... | ૧૨૮ |
| ૦ 'દ્રવ્ય' ના નામાદિ નિક્ષેપા... | ૧૩૦ |
| ૦ નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ભાંગા... | ૧૩૨ |
| ૦ દ્રવ્યમાંથી સંઘાતાદિ વડે દ્રવ્યોત્પત્તિ... | ૧૩૪ |
| ૦ ઉપચારથી ધર્માસ્તિકાયાદિમાં પણ ગુણ-પર્યાયની ઉત્પત્તિ વગેરે... | ૧૩૬ |
| ૦ 'શબ્દ-પ્રાભૃત'માં દ્રવ્ય-શબ્દનો અર્થ... | ૧૩૮ |
| ૦ ભૂ નો 'સત્તાને બદલે પ્રાપ્તિ' અર્થ | ૧૩૯ |
| ૦ નામાદિ-નિક્ષેપનું મુખ્ય પ્રયોજન... | ૧૪૧ |
| **સૂત્ર-૬ પ્રમાણનયૈરધિગમઃ૦...** | **૧૪૪** |
| ૦ પ્રમાણ અને નયો વડે જ પદાર્થનો બોધ... | ૧૪૬ |
| ૦ 'પ્રમાણ'ની વ્યુત્પત્તિ અને અર્થ... | ૧૪૭ |
| ૦ પરોક્ષ-પ્રત્યક્ષની વ્યાખ્યા... | ૧૪૮ |
| ૦ નયની વ્યુત્પતિ અને લક્ષણ... | ૧૫૦ |
| ૦ પ્રમાણ અને નય વચ્ચે તફાવત... | ૧૫૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ અપેક્ષાએ નયના બે ભેદ... | ૧૫૨ |
| **સૂત્ર-૭ નિર્દેશ-સ્વામિત્વ૦...** | **૧૫૪** |
| ૦ નિર્દેશાદિ છ દ્વારોથી સર્વ વસ્તુનો બોધ... | ૧૫૫ |
| ૦ ઉદ્દેશપૂર્વક 'નિર્દેશનું' સ્વરૂપ... | ૧૫૭ |
| ૦ સ્વામિત્વાદિ દ્વારો વડે વસ્તુની વિચારણા... | ૧૫૯ |
| ૦ 'સમ્યગ્દર્શન'માં નિર્દેશાદિ દ્વારોની ઘટના... | ૧૬૧ |
| ૦ દ્રવ્ય-પર્યાયનયથી સ.દ. | ૧૬૨ |
| ૦ કર્મો આત્માના ગુણોને ઢાંકે છે, પણ નાશ ન કરે... | ૧૬૫ |
| ૦ ત્રણ પ્રકારે સ.દ.ના સ્વામી | ૧૬૭ |
| ૦ પર-સંયોગથી સ્વામિત્વના છ ભાંગા... | ૧૬૮ |
| ૦ ઉભય-સંયોગથી છ હેય ભાંગા... | ૧૭૦ |
| ૦ ઉભય-સંયોગથી છ ગ્રાહ્ય ભાંગા... | ૧૭૨ |
| ૦ (૩) સાધન-દ્વાર... | ૧૭૪ |
| ૦ નિસર્ગાદિ સ.દ.ના ત્રણ કારણો... | ૧૭૬ |
| ૦ (૪) અધિકરણ-દ્વારના ત્રણ પ્રકાર... | ૧૭૭ |
| ૦ સ.દ.ના ૩ પ્રકારના આધાર... | ૧૭૮ |
| ૦ ઉપચારથી પર-વસ્તુ પણ આધાર... | ૧૮૧ |
| ૦ (૫) સ્થિતિ દ્વારઃ બે પ્રકારની સ્થિતિ... | ૧૮૪ |
| ૦ શુભ (સમ્યગ્)દષ્ટિની ચાર અવસ્થાઓ... | ૧૮૪ |
| ૦ સ.દ.ની ઉત્કૃ. સ્થિતિની ઘટના... | ૧૮૭ |
| ૦ ત્રણ પ્રકારના 'સમ્યગ્દૃષ્ટિ'... | ૧૮૯ |
| ૦ વિધાન દ્વાર : સાધન, વિધાન અને સંખ્યા વચ્ચે તફાવત... | ૧૯૧ |
| ૦ 'સમ્યગ્દર્શન'નો ૩ રીતે 'સ.દ.વાળા' અર્થ... | ૧૯૧ |
| ૦ ક્ષયાદિ ૩ કારણથી ૩ પ્ર.નું સ.દ. | ૧૯૩ |
| ૦ ક્ષયાદિ સ.દ.ની શુદ્ધિનો પ્રકર્ષ-અપકર્ષ... | ૧૯૫ |
| **સૂત્ર-૮ સત્સઙ્ખ્યાક્ષેત્ર૦...** | **૧૯૭** |
| ૦ (૧) સત્-દ્વારની વિચારણા... | ૧૯૯ |
| ૦ બે રીતે સ.દ.નો નિશ્ચય... | ૨૦૦ |
| ૦ ગતિ વગેરે ૧૩ દ્વારોમાં સ.દ.ની વિચારણા... | ૨૦૨ |
| ૦ નિશ્ચય અને વ્યવહાર નયથી કોણ સમકિત પામે ?... | ૨૦૫ |
| ૦ ભાષક વગેરે દ્વારોનો પૂર્વમાં અંતર્ભાવ... | ૨૦૮ |
| ૦ સંખ્યા-દ્વાર : ૩ પ્ર.ની સંખ્યાનો નિર્દેશ... | ૨૦૮ |
| ૦ (૩) ક્ષેત્ર-દ્વાર... | ૨૧૦ |
| ૦ (૪) સ્પર્શન-દ્વાર... | ૨૧૨ |
| ૦ કેવળી વડે સમસ્ત લોકની સ્પર્શના... | ૨૧૩ |
| ૦ સમ્યગ્દર્શની અને સમ્યગ્દષ્ટિ વચ્ચે વિવક્ષા વડે ભેદ... | ૨૧૪ |
| ૦ 'અપાય' = મતિજ્ઞાનનો ભેદ... | ૨૧૫ |
| ૦ (૫) કાળ-દ્વાર... | ૨૧૭ |
| ૦ અપેક્ષાએ સ્થિતિ અને કાળ વચ્ચે ભેદ... | ૨૧૮ |
| ૦ (૬) અંતર-દ્વાર... | ૨૧૯ |
| ૦ પુદ્ગલાવર્તનો અર્થ | ૨૨૦ |
| ૦ (૭) ભાવ-દ્વાર : સ.દ. કયા ભાવે વર્તે છે... | ૨૨૧ |
| ૦ (૮) અલ્પ-બહુત્વદ્વાર... | ૨૨૩ |
| ૦ જ્ઞાનાદિ સર્વ પદાર્થોનો નિર્દેશાદિથી બોધ... | ૨૨૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર-૯ मतिश्रुतावधि०...** | ૨૨૬ |
| ૦ મતિ વગેરે જ્ઞાનોની વ્યુત્પત્તિ... | ૨૨૮ |
| ૦ બીજા દર્શનોમાં પ્રમાણોની સંખ્યા... | ૨૩૨ |
| **સૂત્ર-૧૦ तत् प्रमाणे ।** | ૨૩૩ |
| ૦ જૈનદર્શનમાં બે પ્રમાણો | ૨૩૪ |
| ૦ વિશુદ્ધ શબ્દ-નયથી એક જ પ્રમાણ... | ૨૩૬ |
| **સૂત્ર-૧૧ आद्ये परोक्षम् ।** | ૨૩૮ |
| ૦ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન પરોક્ષ હોવાનું કારણ... | ૨૪૦ |
| ૦ 'અપાય-સદ્દ્રવ્યતયા'નો અર્થ... | ૨૪૨ |
| ૦ અવગ્રહાદિમાં અપાય જ પ્રમાણ... | ૨૪૨ |
| ૦ **निमित्तापक्षेत्वात्०** હેતુમાં વ્યભિચાર દોષનું નિવારણ... | ૨૪૫ |
| ૦ બે પ્રકારના પ્રત્યક્ષ : નિશ્ચય અને વ્યવહાર... | ૨૪૮ |
| ૦ સૂત્ર વિભાગ દ્વારા બેયનું ગ્રહણ... | ૨૪૯ |
| **સૂત્ર-૧૨ प्रत्यक्षमन्यत्...** | ૨૫૦ |
| ૦ કરણ અર્થમાં 'પ્રમાણ' શબ્દની સિદ્ધિ... | ૨૫૨ |
| ૦ અનુમાનાદિ પ્રમાણોનું સંક્ષિપ્ત સ્વરૂપ... | ૨૫૫ |
| ૦ અનુમાનાદિનો કયા પ્રમાણમાં અંતર્ભાવ... | ૨૫૭ |
| ૦ અપેક્ષાએ અનુમાનાદિ અપ્રમાણ... | ૨૫૯ |
| ૦ નયવિશેષથી કોઇ અજ્ઞાની નથી... | ૨૬૨ |
| **સૂત્ર-૧૩ मतिः स्मृतिः संज्ञा०...** | ૨૬૪ |
| ૦ મતિ, સ્મૃતિ વગેરેનો વિશેષાર્થ... | ૨૬૫ |
| **સૂત્ર-૧૪ तदिन्द्रियानिन्द्रिय०...** | ૨૬૭ |
| ૦ મતિજ્ઞાનના બે પ્રકાર | ૨૬૮ |
| ૦ બાહ્ય-આંતર રૂપ નિમિત્તકારણ અને પારમાર્થિક કારણ... | ૨૭૦ |
| **સૂત્ર-૧૫ अवग्रहेहापायधारणाः...** | ૨૭૩ |
| ૦ મતિજ્ઞાનના ૨૪ ભેદ... | ૨૭૪ |
| ૦ 'અવગ્રહ'નું સ્વરૂપ અને પર્યાય-શબ્દો | ૨૭૫ |
| ૦ અવગ્રહાદિ ઉત્તરોત્તર વિશુદ્ધ... | ૨૭૭ |
| ૦ સંશય અને ઈહા વચ્ચે ભેદ... | ૨૮૦ |
| ૦ 'ઈહા'ના પર્યાય-શબ્દો | ૨૮૧ |
| ૦ અપાયનું લક્ષણ અને પર્યાય-શબ્દો... | ૨૮૨ |
| ૦ ત્રણ પ્રકારની ધારણા... | ૨૮૪ |
| ૦ અવગ્રહાદિ ભેદોની ઉદા. વડે વિચારણા... | ૨૮૬ |
| **સૂત્ર-૧૬ बहुबहुविधक्षिप्रा०...** | ૨૮૮ |
| ૦ અવગ્રહાદિ ૪ ભેદોના 'બહુ' વગેરે ૧૨ ભેદો... | ૨૮૮ |
| ૦ **अवगृह्णाति** અને **अवग्रह** માં અર્થભેદ નથી... | ૨૯૧ |
| ૦ નિશ્ચય અને વ્યવહારિક અવગ્રહ | ૨૯૨ |
| **સૂત્ર-૧૭ अर्थस्य....** | ૨૯૮ |
| ૦ દ્રવ્ય અને સ્પર્શાદિ વચ્ચે સાપેક્ષતા... | ૨૯૯ |
| **સૂત્ર-૧૮ व्यञ्जनस्यावग्रहः...** | ૩૦૨ |
| ૦ વ્યંજનાગ્રહ પણ જ્ઞાનરૂપ... | ૩૦૩ |
| **સૂત્ર-૧૯ न चक्षुरनिन्द्रियाभ्याम्...** | ૩૦૪ |
| ૦ ચક્ષુ અને મન અપ્રાપ્યકારી... | ૩૦૫ |
| ૦ જુદી જુદી અપેક્ષાએ મતિજ્ઞાનના ભેદો... | ૩૦૮ |
| **સૂત્ર-૨૦ श्रुतं मतिपूर्वं द्व्यनेक०** | ૩૦૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ○ શ્રુતજ્ઞાનનું લક્ષણ | ૩૧૦ |
| ○ શ્રુતજ્ઞાનના પર્યાય-શબ્દો | ૩૧૨ |
| ○ સામાયિકાદિ અંગ-બાહ્ય શ્રુત... | ૩૧૬ |
| ○ આચારાદિ અંગ-પ્રવિષ્ટ શ્રુત... | ૩૧૮ |
| ○ વક્તાના ભેદથી શ્રુતના બે ભેદ... | ૩૨૧ |
| ○ પરમાત્માને દેશના આપવાનું પ્રયોજન... | ૩૨૩ |
| ○ ગણધરોને ત્રિપદીનું દાન... | ૩૨૫ |
| ○ ગણધરોની વિશિષ્ટતા... | ૩૨૫ |
| ○ અંગ-બાહ્ય શ્રુતની રચનાનું પ્રયોજન... | ૩૨૮ |
| ○ શ્રુતના વિભાગીકરણના બીજા ચાર હેતુઓ... | ૩૩૧ |
| ○ શ્રુતનું વિભાગીકરણ ન કરવામાં દોષ... | ૩૩૨ |
| ○ પૂર્વાદિ શ્રુતના ભેદો... | ૩૩૪ |
| **સૂત્ર-૨૧ द्विविधोऽवधिः...** | **૩૩૭** |
| ○ બે હેતુથી બે પ્રકારનું અવધિજ્ઞાન... | ૩૩૮ |
| **સૂત્ર-૨૨ भवप्रत्ययो नारकदेवानाम्...** | **૩૪૦** |
| ○ પક્ષિઓના આકાશગમનનું દ્રષ્ટાંત... | ૩૪૨ |
| **સૂત્ર-૨૩ यथोक्तनिमित्तः षड्विकल्पः०** | **૩૪૩** |
| ○ ક્ષયોપ. ના ભેદથી છ પ્રકારનું અવધિજ્ઞાન... | ૩૪૪ |
| ○ દ્રષ્ટાંતસહિત અનાનુગામિક અ.જ્ઞા. | ૩૪૭ |
| ○ દ્રષ્ટાંતસહિત આનુગામિક અ.જ્ઞા. | ૩૪૯ |
| ○ દ્રષ્ટાંતસહિત હીયમાન અ.જ્ઞા. | ૩૫૦ |
| ○ દ્રષ્ટાંતસહિત વર્ધમાન અ.જ્ઞા. | ૩૫૩ |
| ○ દ્રષ્ટાંતસહિત અનવસ્થિત અ.જ્ઞા. | ૩૫૪ |
| ○ દ્રષ્ટાંતસહિત અવસ્થિત અ.જ્ઞા. | ૩૫૬ |
| **સૂત્ર-૨૪ ऋजुविपुलमती मनःपर्यायः...** | **૩૫૮** |
| ○ ઋજુતા-વિપુલતા વિષયને આશ્રયીને... | ૩૫૮ |
| ○ મ.પ.જ્ઞાની શી રીતે વિષયને જાણે ?... | ૩૬૧ |
| **સૂત્ર-૨૫ विशुद्ध्यप्रतिपाताभ्यां०...** | **૩૬૩** |
| ○ ઋજુ-વિપુલમતિ વચ્ચે તફાવત... | ૩૬૩ |
| **સૂત્ર-૨૬ विशुद्धिक्षेत्रस्वामि०...** | **૩૬૬** |
| ○ અવધિ અને મનઃપર્યાય વચ્ચે ભેદ... | ૩૬૬ |
| ○ વિશુદ્ધિના કારણે તફાવત... | ૩૬૭ |
| ○ ક્ષેત્રના કારણે તફાવત... | ૩૬૮ |
| ○ સ્વામિના કારણે તફાવત... | ૩૬૯ |
| ○ વિષયના કારણે તફાવત... | ૩૭૧ |
| ○ કે. જ્ઞા.ની પ્રાપ્તિમાં નિમિત્ત કારણ... | ૩૭૩ |
| **સૂત્ર-૨૭ मतिश्रुतयोर्निबन्धः०...** | **૩૭૪** |
| ○ મતિ-શ્રુતજ્ઞાની સર્વદ્રવ્યોને શી રીતે જાણે ? | ૩૭૫ |
| **સૂત્ર-૨૮ रूपिष्ववधेः...** | **૩૭૫** |
| ○ અવધિજ્ઞાનનો વિષય : રૂપી દ્રવ્યો... | ૩૭૬ |
| **સૂત્ર-૨૯ तदनन्तभागे मनःपर्यायस्य...** | **૩૭૭** |
| **સૂત્ર-૩૦ सर्वद्रव्यपर्यायेषु केवलस्य...** | **૩૭૯** |
| ○ કે.જ્ઞાની સર્વ દ્રવ્ય-પર્યાયોને શી રીતે જાણે... | ૩૭૯ |
| ○ સંભિન્ન શબ્દના ચાર અર્થ... | ૩૮૧ |
| ○ કે.જ્ઞા. ના ૭ પર્યાયો.... | ૩૮૨ |
| **સૂત્ર-૩૧ एकादीनि भाज्यानि युगपदेक०...** | **૩૮૬** |
| ○ એક જીવમાં ૧ થી ૪ જ્ઞાનો કઈ રીતે ?... | ૩૮૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ મતિ-શ્રુતનું સહાવસ્થાન અંગે નિયમ... | ૩૮૯ |
| ૦ કે.જ્ઞા. હોય ત્યાં મતિ આદિ હોય એવો મત... | ૩૯૧ |
| ૦ કે.જ્ઞા. સાથે મતિ આદિ ન હોવાનો મત... | ૩૯૩ |
| ૦ મતિ આદિમાં ક્રમથી ઉપયોગ, કે.જ્ઞા. માં યુગપત્... | ૩૯૪ |
| ૦ આગમવાદિ-મત : કે.જ્ઞા., કે.દ.નો સમયાંતરે ઉપયોગ... | ૩૯૫ |
| ૦ એક સમયે ઉપયોગવાદી મતનું નિરાકરણ... | ૩૯૬ |
| ૦ કેવળજ્ઞાનીને શેષ જ્ઞાન શાથી ન હોય... | ૪૦૦ |
| ૦ કોના મતિ આદિ જ્ઞાન/અજ્ઞાન... | ૪૦૩ |
| ૦ મિ.દ. નું વ્યવહારિક જ્ઞાન યથાર્થ છતાં અજ્ઞાન | ૪૦૬ |
| **સૂત્ર-૩૩ सदसतोरविशेषात्०...** | ૪૦૭ |
| ૦ બે કારણથી મિ.દ.નું જ્ઞાન અજ્ઞાન... | ૪૦૮ |
| ૦ મિ.દ.નું જ્ઞાન ઉન્મત્ત જેવું... | ૪૦૯ |
| **સૂત્ર-૩૪ नैगमसङ्ग्रहव्यवहार०...** | ૪૧૩ |
| ૦ મૂળ પાંચ નયોનું નિરૂપણ... | ૪૧૩ |
| ૦ નૈગમનયનો શબ્દાર્થ + અભિપ્રાય... | ૪૧૬ |
| ૦ સંગ્રહનયની વ્યુત્પત્તિ + મંતવ્ય... | ૪૧૬ |
| ૦ વ્યવહારનયનો શબ્દાર્થ + વક્તવ્ય... | ૪૧૯ |
| ૦ ઋજુસૂત્રનયની વ્યુત્પત્તિ અને સ્વમતનું સમર્થન... | ૪૨૩ |
| ૦ શબ્દનયનો અભિપ્રાય : શબ્દાધીન અર્થ-વ્યવસ્થા... | ૪૨૬ |
| ૦ શબ્દનય સમાન લિંગ-સંખ્યાદિ વડે કહેવાયેલ અર્થ જ માને... | ૪૨૭ |
| ૦ અર્થનય-શબ્દનય વિભાગ... | ૪૩૦ |
| **સૂત્ર-૩૫ आद्यशब्दौ द्वित्रिभेदौ...** | ૪૩૦ |
| ૦ નૈગમનયના બે પ્રકાર... | ૪૩૧ |
| ૦ શબ્દનયના ૩ ભેદો... | ૪૩૨ |
| ૦ સમભિરૂઢનયનો મત ... | ૪૩૪ |
| ૦ એવંભૂતનયનો મત... | ૪૩૯ |
| ૦ નૈગમાદિ નયોના લક્ષણો... | ૪૪૦ |
| ૦ બે પ્રકારનો નૈગમનય... | ૪૪૧ |
| ૦ સંગ્રહનયના બે ભેદ | ૪૪૩ |
| ૦ વ્યવહારનયનું લક્ષણ | ૪૪૩ |
| ૦ ઋજુસૂત્રનયનું સ્વરૂપ | ૪૪૪ |
| ૦ શબ્દનય અને તેના ૩ ભેદો... | ૪૪૬ |
| ૦ સાંપ્રતનયનું સ્વરૂપ... | ૪૪૭ |
| ૦ સમભિરૂઢનયનું સ્વરૂપ... | ૪૪૮ |
| ૦ એવંભૂતનયનું લક્ષણ... | ૪૫૦ |
| ૦ ભાષ્યમાં 'અર્થ'ને બદલે 'પદાર્થ' કહેવાનું પ્રયોજન... | ૪૫૨ |
| ૦ નયના પર્યાય-શબ્દો... | ૪૫૩ |
| ૦ **नयाः** અને **नयन्ति** નો અપેક્ષાએ અભિન્ન અર્થ... | ૪૫૭ |
| ૦ 'તન્ત્રાન્તરીય' શબ્દની વ્યુત્પત્તિ | ૪૫૮ |
| ૦ 'ઘટ' પદાર્થની સાતે ય નયોવડે વિચારણાં, નૈગમનય... | ૪૬૨ |
| ૦ વ્યવહારનયનો અભિપ્રાય... | ૪૬૫ |
| ૦ ઋજુસૂત્ર અને સાંપ્રત નયનો મત... | ૪૬૬ |
| ૦ સમભિરૂઢ નયથી ઘટ-પદાર્થ | ૪૬૮ |
| ૦ એવંભૂતનયનો અભિપ્રાય... | ૪૬૯ |
| ૦ નયોના જુદા જુદા અભિપ્રાયો વિરુદ્ધ હોવાની શંકા... | ૪૭૨ |
| ૦ એક જ વિશ્વની જુદા જુદા પ્રકારે વિચારણા... | ૪૭૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ ગુણ અને પર્યાય વચ્ચે ભેદ... | ૪૭૬ |
| ૦ અપેક્ષાભેદથી વિશ્વ પાંચ-અસ્તિકાયરૂપ અને ષડ્દ્રવ્યમય... | ૪૭૭ |
| ૦ દ્રષ્ટાંતોનો 'નય'માં ઉપનય... | ૪૭૮ |
| ૦ વસ્તુમાં અસત્ ધર્મની કલ્પના જ વિરોધી બને... | ૪૭૯ |
| ૦ એક જ અર્થ મતિજ્ઞાનાદિથી જુદા જુદા રૂપે જણાય... | ૪૮૧ |
| ૦ પર્યાયની વિશુદ્ધિથી મતિ આદિના બોધમાં તફાવત... | ૪૮૨ |
| ૦ એક જ પદાર્થના પ્રત્યક્ષાદિ બોધમાં તફાવત છતાં અવિરુદ્ધ... | ૪૮૫ |
| ૦ આર્યા-શ્લોક વડે નૈગમનું લક્ષણ... | ૪૮૭ |
| ૦ સંગ્રહની સ્મરણકારિકા... | ૪૮૯ |
| ૦ આર્યા-૩, વ્યવહારનયનું લક્ષણ... | ૪૯૦ |
| ૦ આર્યા-૪, ઋજુસૂત્ર-શબ્દનય... | ૪૯૨ |
| ૦ 'જીવ' વગેરે ચાર પદાર્થમાં ૭ નયોની વિચારણા... | ૪૯૪ |
| ૦ 'જીવ'નો ઉચ્ચાર થયે નૈગમાદિ-નયની વિચારણા... | ૪૯૬ |
| ૦ 'નોજીવ' તથા 'અજીવ' નો ઉચ્ચાર થયે નય-વિચારણા... | ૪૯૮ |
| ૦ 'નોઅજીવ' નો ઉચ્ચાર થયે નય - વિચારણા... | ૫૦૦ |
| ૦ 'જીવ' ઉચ્ચાર થયે એવંભૂત-વિચાર તથા 'જીવ' શબ્દની વ્યુત્પત્તિ... | ૫૦૨ |
| ૦ એ.ભૂ. મતે દેશી કરતાં દેશ અભિન્ન... | ૫૦૩ |
| ૦ 'જીવ' વગેરે ઉચ્ચારાતાં સર્વસંગ્રહનય-મત... | ૫૦૮ |
| ૦ 'જાતિ' એક છતાં બહુવચન શાથી ? | ૫૧૧ |
| ૦ સર્વ પદાર્થમાં નયો વડે વિચારણા... | ૫૧૨ |
| ૦ 'મતિ આદિ ૮ જ્ઞાનો'માં નય-વિચારણા... | ૫૧૩ |
| ૦ ઋજુસૂત્ર-શબ્દનયનું મંતવ્ય... | ૫૧૪ |
| ૦ શબ્દનય-મતે શ્રુતની પ્રધાનતા... | ૫૧૬ |
| ૦ મતિઅજ્ઞાનાદિ નહિ માનવાનું કારણ... | ૫૧૭ |
| ૦ અનુમાનાદિનો મતિ-શ્રુતમાં અંતર્ભાવ... | ૫૧૯ |
| ૦ ૫ કારિકાઓમાં ૭ નયો વડે ૮ જ્ઞાનની વિચારણા... | ૫૨૦ |
| ૦ કારિકા-૨ અને ૩... | ૫૨૧ |
| ૦ કારિકા-૪... | ૫૨૨ |
| ૦ કારિકા-૫... | ૫૨૩ |
| ૦ પ્રકરણનો ઉપસંહાર : સુનયવાદ વિરુદ્ધ નહિ પણ વિશુદ્ધ... | ૫૨૩ |
| ૦ અન્ય દર્શનમાં નયવાદ નથી... | ૫૨૪ |
| ૦ નયો વડે વિચારવાનું પ્રયોજન : તત્ત્વજ્ઞાન... | ૫૨૫ |
| ૦ યથાર્થ તત્ત્વબોધ માટે સ્યાદ્વાદની અનિવાર્યતા... | ૫૨૬ |
| **પરિશિષ્ટ-૧** : ટીકાના કેટલાંક પદાર્થોનું વિવેચન = સ્પષ્ટીકરણ... | ૫૨૯ |
| **પરિશિષ્ટ-૨** : ચિરંતનાચાર્ય કૃત ટિપ્પણ... | ૫૬૫ |
| **પરિશિષ્ટ-3** : તત્ત્વાર્થસૂત્ર અને આગમનો સમન્વય... | ૫૭૯ |
| **પરિશિષ્ટ-૪** : ટીકા તેમજ વિવેચનાદિમાં ઉપયુક્ત સંદર્ભ - ગ્રંથ - સૂચિ... | ૫૮૫ |

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥ ॥ ऐं नमः ॥

# तत्त्वार्थाधिगमसूत्रम्

**श्री 'उमास्वाति' वाचकवर्य विरचितं स्वोपज्ञभाष्यालङ्कृतम्**

**श्री 'सिद्धसेन' गणिप्रणीतटीकासहितञ्च ।**

## प्रथमोऽध्यायः १

हितोपदेशे च कर्तव्ये निःश्रेयसावाप्त्युपायोपदेशाद् नान्यः कश्चिद्धितोपदेश इत्युक्तम्-

**सूत्रम्—सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥ १-१ ॥**

---

**વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ વિરચિત**

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

**તત્ર સ્વોપજ્ઞ-ભાષ્ય-સહિત શ્રી સિદ્ધસેનગણિવર-નિર્મિત**

**ટીકાનો ગુર્જર ભાવાનુવાદ**

### प्रथम सूत्र

**અવતરણિકા :** સંબંધ કારિકાના અંતિમ બે શ્લોકમાં "શ્રમની પરવા કર્યા વિના હિતોપદેશ આપવો જોઈએ" એમ જણાવીને પછી એવો નિશ્ચય કરેલો છે કે મોક્ષની પ્રાપ્તિના ઉપાયોના (માર્ગના) ઉપદેશ સિવાય બીજો કોઈ હિતોપદેશ નથી. આથી હવે મોક્ષના ઉપાયો બતાવનાર પ્રથમ સૂત્રને કહે છે -

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ॥ १-१ ॥**

**टीका**—इदमाद्यमनवद्यमुक्तिपथोपदेशसूत्रं सकलतत्त्वार्थशास्त्राभिधेयमुरीकृत्य प्रावृतत्, द्वादशाङ्गप्रवचनार्थसङ्ग्राहि**सामायिक**सूत्रवत् । यत इह हि शास्त्रे प्रसङ्गानुप्रसङ्गतस्त्रय एव पदार्थाः सम्यग्दर्शनादयो विमुक्तेः कारणत्वेन निरूप्यन्ते । **अथ** कस्मात् हेतव एव मोक्षस्य कथ्यन्ते ? न पुनः स एव प्रधानत्वादादौ प्रदर्श्यत इति । **उच्यते**-कारणायत्तजन्मत्वात् कार्याणां कारणमेवोपाददते प्राक् प्रेक्षापूर्वकारिणः । अथवा सत्यमसौ प्रधानः तथापि तु तत्र प्रायो वादिनां नास्ति विप्रतिपत्तिः । यद्यपि भावाभावादिरूपेणास्ति विगानं, तथाऽप्यस्ति

**સૂત્રાર્થ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ (ત્રણેય ભેગા) મોક્ષમાર્ગ છે. (મોક્ષનો ઉપાય છે.)

**પ્રેમપ્રભા : (સિદ્ધસેનીયા ટીકાનો ભાવાનુવાદ) :** જેમ દ્વાદશાંગી (૧૨ અંગ) રૂપી પ્રવચન (જિનશાસન)નો સંગ્રહ કરનારું 'સામાયિક' સૂત્ર = 'કરેમિ ભંતે ' સૂત્ર છે, તેમ આ પહેલું - નિર્દોષ એવા મોક્ષમાર્ગના ઉપદેશને જણાવનારું સૂત્ર પણ સમસ્ત તત્ત્વાર્થાધિગમ-શાસ્ત્રના વિષયને હૃદયમાં સ્થાપીને (સ્વીકારીને) બનાવેલું છે. કારણ કે આ શાસ્ત્રમાં પ્રસંગાનુપ્રસંગથી એટલે કે યોગાનુયોગથી અર્થાત્ સીધા કે આડકતરા સંબંધથી (૧) સમ્યગ્દર્શન (૨) સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ જ પદાર્થો મુક્તિના કારણ તરીકે નિરૂપિત કરાશે. આમ જે કોઈ પદાર્થ કહેવાશે તે સાક્ષાત્ કે પરંપરાએ સમ્યગ્દર્શનાદિ ત્રણ પદાર્થ પૈકી કોઈની પણ સાથે અવશ્ય સંબંધ ધરાવતો હશે.

### ❋ મોક્ષને બદલે મોક્ષના હેતુઓને જ કહેવાનું પ્રયોજન ❋

**શંકા :** તમે પહેલાં મોક્ષના હેતુઓને જ શા માટે કહો છો ? પ્રધાન હોવાથી પહેલાં મોક્ષનું સ્વરૂપ જ કહેવું જોઈએ... આથી મોક્ષને જ પહેલાં શાથી જણાવતાં નથી ?

**સમાધાન :** દરેક કાર્યોની ઉત્પત્તિ પોતાના કારણોને આધીન હોય છે. કારણ વિના કોઈ કાર્ય કદાપિ બનતુ નથી. આથી બુદ્ધિપૂર્વક-વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો પહેલાં કારણનું જ ગ્રહણ કરે છે. માટે અમે કાર્ય રૂપ મોક્ષનું નિરૂપણ છોડીને પહેલાં તેના ઉપાયોનું-કારણોનું નિરૂપણ આદરેલું છે.

અથવા તો એ વાત સાચી છે કે મોક્ષ જ પ્રધાન છે. તો પણ મોક્ષને વિષે મોટે ભાગે વાદીઓને - જુદાં જુદાં મતવાળાઓને = દાર્શનિકોને વિવાદ નથી, એટલે કે તેઓ વિરોધી મત ધરાવતાં નથી, બધાં જ મોક્ષનો સ્વીકાર કરે છે. જો કે, મોક્ષ ભાવાત્મક

१. पादिषु । वद्यं० मुक्ति मु. ।

तावद् मोक्ष इत्यनादृत्य भावादिरूपतां तद्धेतुषु प्रायो विसंवाद इति मन्यमानः परपरिकल्पितांश्चाहेतूनेव मुक्तेः पश्यन् सम्यग्दर्शनादित्रयमेवोपन्यस्तवान् । अत्र चावधारणमवश्यं दृश्यम्, सम्यग्दर्शनादीन्येव मोक्षमार्ग इति । अनवधारणे हि सति अन्यस्यापि मुक्तिपथस्य सद्भावादनर्थकमेवोपदेशदानं स्यात्, तेनैव सिद्धत्वादिति । सम्यक्शब्दश्च[1] दर्शनशब्दसन्निधौ श्रूयते अतस्तेनैव सहास्याभिसम्बन्धो न ज्ञानचारित्राभ्यामिति कश्चिदाशङ्केत, अतस्तन्निवारणायाह भाष्यकारः-

**भाष्यम्—सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्गः ।**

છે કે અભાવાત્મક ? એ વિષયમાં વિવાદ છે ખરો, તો પણ એ વિષયને ગૌણ કરી દઈએ તો 'મોક્ષ છે' એ બાબતમાં મીનમેખ વિવાદ નથી. જ્યારે મોક્ષના હેતુઓને વિષે પ્રાયઃ કરીને વિસંવાદ છે એવુ માનનારા, તેમજ બીજાઓએ કલ્પેલાં/માનેલાં મોક્ષના હેતુઓને અહેતુ રૂપે જ જોનારા એવા શાસ્ત્રકાર ભગવંત **શ્રી ઉમાસ્વાતિજી મહારાજે "સમ્યગ્દર્શનાદિ ત્રણ (રત્નત્રયી)ને જ મોક્ષના હેતુરૂપે મૂકેલાં છે."** વળી આમાં અવધારણ = નિશ્ચય, 'જ'કાર અવશ્ય સમજવાનો છે. આથી 'સમ્યગ્દર્શનાદિ ત્રણ જ મોક્ષમાર્ગ છે' એમ અર્થ છે. જો અહીં અવધારણ/નિશ્ચય ન કરાય તો અન્ય પણ મોક્ષ-પથનો સદ્ભાવ હોવાથી અહીં તેનો ઉપદેશ આપવો અનર્થક જ થાય, કેમ કે, તે બીજા મોક્ષમાર્ગથી જ મોક્ષની સિદ્ધિ થઈ જાય... પરંતુ એમ ન હોવાથી 'જ'કાર (અવધારણ) જરૂરી છે.

અહીં કદાચ કોઈને એવી શંકા થાય કે, 'સૂત્રમાં 'સમ્યક્' શબ્દનું શ્રવણ 'દર્શન' શબ્દની જ પાસે થાય છે, આથી તેની સાથે જ 'સમ્યક્' શબ્દનો સંબંધ થાય પણ 'જ્ઞાન' અને 'ચારિત્ર' શબ્દ સાથે સંબંધ નહીં થાય...' એવી શંકાના નિવારણ માટે સ્વોપજ્ઞ ભાષ્યકાર (ગ્રંથકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા પોતે જ) ભાષ્યમાં કહે છે -

### ❋ સમ્યગ્દર્શનાદિ ઉપાયોનું સ્વરૂપ અને લક્ષણ ❋

**ભાષ્ય : (૧) સમ્યગ્દર્શન-(૨) સમ્યગ્જ્ઞાન અને (૩) સમ્યક્ચારિત્ર એમ આ ત્રણ પ્રકારનો મોક્ષ-માર્ગ છે.**

**પ્રેમપ્રભા** : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ છે એમ કહ્યું. તેમાં **(૧) સમ્યગ્દર્શન :** અરિહંત ભગવંત વડે વિસ્તારથી

१. पादिषु । शब्दस्य० पू. ।

टी० **"सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमिति"** अर्हदभिहिताशेषद्रव्यपर्यायप्रपञ्च-विषया तदुपघातिमिथ्यादर्शनाद्यनन्तानुबन्धिकषायक्षयादिप्रादुर्भूता रुचिर्जीवस्यैव **सम्यग्-दर्शनम्**उच्यते, **सम्यग्ज्ञानं** तु लक्ष्यलक्षणव्यवहाराव्यभिचारात्मकं ज्ञानावरण-कर्मक्षय-क्षयोपशमसमुत्थं मत्यादिभेदं, **सम्यक्चारित्रं** तु ज्ञानपूर्वकं चारित्रावृतिकर्मक्षय-क्षयोपशमोपशम-समुत्थं सामायिकादिभेदं सदसत्क्रियाप्रवृत्तिनिवृत्तिलक्षणं मूलोत्तरगुण-शाखाप्रशाखम् ।

अत्र भाष्ये चोदयति-**अथ** किमर्थं प्रत्येकं सम्यक्शब्दः प्रयुज्यते ? यावता सम्यग्दर्शने सति यज्ज्ञानं चरणं वा तत्सम्यगेव भवतीत्यतो न सम्यक्शब्दोऽनयोर्विशेषणतयोपादेयः ।

---

પ્રરૂપેલા જે દ્રવ્યો અને તેના પર્યાયો (અવસ્થાઓ/ગુણધર્મો) છે, તે સઘળાંય સંબંધી જે રુચિ (શ્રદ્ધા-વિશ્વાસ-બહુમાન) તેમજ પોતાનો (રુચિનો) ઉપઘાત/નાશ કરનાર એવા જે મિથ્યાદર્શન આદિ તથા અનંતાનુબંધી કષાયો છે તેના ક્ષય વગેરેથી ઉત્પન્ન થનારી જીવની જે રુચિ, તેને **'સમ્યગ્દર્શન'** કહેવાય છે. જ્યારે **(૨) સમ્યગ્જ્ઞાન :** એ (i) લક્ષ્ય (પદાર્થ) અને લક્ષણ (પદાર્થને ઓળખાવનારું પોતાનું વિશિષ્ટ સ્વરૂપ) એ બેના વ્યવહારના (પરસ્પર) અવ્યભિચાર-અવિસંવાદ રૂપ, તથા (ii) જ્ઞાનાવરણીય કર્મના ૧. ક્ષય અથવા ૨. ક્ષયોપશમથી પ્રગટ થનારું (iii) મતિ વગેરે ભેદવાળું જે જ્ઞાન, તે **'સમ્યગ્જ્ઞાન'** કહેવાય છે. **(૩) સમ્યક્ચારિત્ર** = તથા (i) જે જ્ઞાનપૂર્વક હોય તેમજ (ii) ચારિત્રનું આવરણ કરનાર કર્મ (ચારિત્ર મોહનીય)ના ૧. ક્ષય, ૨. ક્ષયોપશમ અને ૩. ઉપશમથી થનારું, તથા (iii) સામાયિક વગેરે (પાંચ) ભેદવાળું, (iv) સત્ક્રિયામાં પ્રવૃત્તિ અને અસત્ (અશુભ) ક્રિયાથી નિવૃત્તિ (અટકવું, વિરામ પામવું) રૂપ છે, વળી (v) મૂળગુણ રૂપ શાખાવાળું અને ઉત્તરગુણ રૂપ પ્રશાખાવાળું ચારિત્ર તે **'સમ્યક્ચારિત્ર'** છે. (આ ત્રણેય ભેગા-અન્યોન્ય મિલિત મોક્ષમાર્ગ છે.) અહીં ભાષ્યના વિષયમાં પૂર્વ પક્ષ શંકા ઉઠાવે છે.

### ❋ 'સમ્યક્' શબ્દને જ્ઞાન અને ચારિત્ર સાથે પણ જોડવો જરૂરી ❋

**પૂર્વપક્ષ :** સૂત્રમાં જે **'सम्यक्'** શબ્દ છે, તે પ્રત્યેક સાથે અર્થાત્ 'દર્શન' પદની જેમ 'જ્ઞાન' અને 'ચારિત્ર' પદની સાથે પણ શા માટે જોડાય છે ? અર્થાત્ દરેક સાથે જોડવાની જરૂર જ નથી. કારણ કે સમ્યગ્દર્શન હોતે છતે જે જ્ઞાન અથવા ચારિત્ર હોય તે સમ્યક્ જ હોય છે. આથી નિરર્થક હોવાથી **'सम्यक्'** શબ્દને તે બેના વિશેષણ તરીકે ગ્રહણ કરવા યોગ્ય નથી. **सम्यक्** = એટલે સાચું, સંગત, વાસ્તવિક, યથાર્થ, મોક્ષપ્રાપક...

---

१. पादिषु । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठः ना. मु. ।

**उच्यते**-सत्यमेतत्, किन्तु न ज्ञानमात्रमत्र विवक्षितं, चारित्रमात्रं वा, किन्तु विशेषरूपे उभे अपि, इतरथा हि सम्यग्दर्शनसम्पन्ने विद्येते सम्यग्ज्ञानसम्यक्चारित्रे न तु ते साक्षान्मोक्षमार्गतां बिभृत इति । **एतत् स्यात्**, नैव तत्र सम्यक्चारित्रसम्भव इति । **तच्च न**, यतो देशरूपेऽपि चारित्रे चारित्रशब्दो वर्तते एव, तच्चाज्ञाभिमतचारित्रात् सम्यक्शब्दविशेषणेन व्यावर्त्यत इति । **स्यादेवं** तत्राशङ्का-किं ते भवतो मोक्षकारणे उत मा भूताम् ? तदाशङ्कानिरासार्थं

**ઉત્તરપક્ષ :** તમારી વાત સાચી છે, પણ અહીં ફક્ત જ્ઞાનની જ કે ચારિત્રની જ વિવક્ષા નથી કરેલી, કિંતુ, વિશેષ રૂપે બેયની વિવક્ષા છે. અર્થાત્ બન્નેય વિશિષ્ટ રૂપે લેવાના છે. **इतरथा** - જો આમ વિશિષ્ટ રૂપે ગ્રહણ ન કરાય તો આત્મા (૧) સમ્યગ્દર્શનથી સંપન્ન હોતે છતે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વિદ્યમાન હોય ખરાં, પણ તે સાક્ષાત્ (વિશેષ રૂપે) મોક્ષમાર્ગપણું ધારણ કરી શકે નહીં. અર્થાત્ સમ્યગ્દર્શન જ મોક્ષમાર્ગ કહેવાત અને તેના માધ્યમથી - તેના દ્વારા જ સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો મોક્ષના ઉપાય તરીકે વ્યવહાર કરાત... પણ સાક્ષાત્ - સીધા કારણ ન બનત...

**પૂર્વપક્ષ :** ભલે વિશિષ્ટ જ્ઞાન લેવા માટે **सम्यक्** શબ્દનો જ્ઞાન-પદ સાથે પ્રયોગ (અન્વય) કરો.... પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બેની હાજરીમાં જે ચારિત્ર હોય તે 'સમ્યક્' જ હોય. માટે '**सम्यक्**' શબ્દને 'ચારિત્ર' સાથે જોડવાની કોઈ જરૂરત/સંભાવના જ જણાતી નથી.

**ઉત્તરપક્ષ :** આમ કહેવું બરોબર નથી. માની લઈએ કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની હાજરીમાં જે ચારિત્ર હોય તે સમ્યક્ જ હોય, તો પણ '**सम्यक्**' શબ્દને 'ચારિત્ર' સાથે જોડવાની જરૂરિયાત/સંભાવના છે જ, કારણ કે, ચારિત્ર બે પ્રકારના છે - ૧. દેશવિરતિ-ચારિત્ર અને ૨. સર્વવિરતિ-ચારિત્ર. જો ચારિત્ર-પદ સાથે 'સમ્યક્' શબ્દનો પ્રયોગ ન કરાય તો દેશવિરતિ રૂપ ચારિત્રનુ પણ ગ્રહણ થઈ જાય. કારણ કે દેશ-ચારિત્ર અર્થમાં પણ ચારિત્ર શબ્દ વપરાય જ છે. આથી 'સમ્યક્' શબ્દને ચારિત્ર શબ્દ સાથે વિશેષણ તરીકે જોડવાથી 'આજ્ઞા વડે અભિમત - આજ્ઞાપ્રધાન અર્થાત્ સર્વવિરતિ' રૂપ વિશિષ્ટ ચારિત્રનું ગ્રહણ કરાય છે અને દેશવિરતિ રૂપ ચારિત્રની બાદબાકી (વ્યવચ્છેદ) થાય છે.

અથવા (બીજું સમાધાન) ચારિત્ર પદ સાથે 'સમ્યક્' પદના પ્રયોગ વિના કોઈને

१. सर्वप्रतिषु । ना. मु. । २. पादिषु । सम्यक्त्व० पू. ।

सम्यगिति ज्ञानचरणयोरुपाधित्वेनोपादायि सूरिणा । अथवा दर्शनज्ञानचारित्राणां त्रयाणामपि व्यभिचार उपलभ्यते, यतो मिथ्यादर्शनपुद्गलोदये जीवस्य मिथ्यादर्शनं मिथ्याज्ञानं मिथ्याचारित्रमिति मुक्तेरसाधकत्वाद् मिथ्याशब्देन विशेष्यन्ते, तान्येव सम्यग्दृष्टेर्मुक्तिसाधनत्वाद् यथार्थग्राहित्वाच्च सम्यक्शब्देन विशेष्यन्ते, दर्शनं च ज्ञानं च चारित्रं च दर्शनज्ञानचारित्राणि सम्यक् च तानि दर्शनादीनि चेति सम्यग्दर्शनज्ञानचारित्राणि इति, अतो व्यभिचाराद् युक्तं यत् सम्यक्शब्देन सर्वाणि दर्शनादीनि विशेषयति । **चारित्रमिति** योऽयमितिशब्दः स इयत्तां

---

આવી પણ શંકા થાય કે, "શું આ જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષના કારણ રૂપે બને છે કે નથી બનતાં ?" આવી શંકાને ખતમ કરવા માટે ગ્રંથકાર **સૂરિજીએ** 'સમ્યક્' શબ્દનો 'જ્ઞાન' અને 'ચારિત્ર'ના વિશેષણ તરીકે પ્રયોગ કરેલો છે. આથી જેમ (૧) સમ્યગ્દર્શન એ મોક્ષનું કારણ છે તેમ (૨) સમ્યગ્જ્ઞાન અને (૩) સમ્યક્ચારિત્ર પણ મોક્ષનું સાક્ષાત્-સીધું કારણ છે, એમ સ્પષ્ટ રૂપે જણાઈ જશે.

અથવા (ત્રીજું સમાધાન) 'સમ્યક્' પદ વિનાના - સામાન્યથી ગ્રહણ કરાતાં એવાં (૧) દર્શન, (૨) જ્ઞાન અને (૩) ચારિત્ર એ ત્રણેયનો વ્યભિચાર અર્થાત્ મોક્ષમાર્ગ તરીકે અપ્રતિબદ્ધતા - અનિયમ જણાય છે. (આથી મોક્ષ પ્રત્યે નિયમથી કારણ બનતા નથી.) કારણ કે, જ્યારે મિથ્યાદર્શનના (= મિથ્યાત્વ રૂપ દર્શન-મોહનીય કર્મના) પુદ્ગલોનો (કર્મોનો) ઉદય થાય ત્યારે જીવને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે (૧) મિથ્યા-દર્શન (૨) મિથ્યા-જ્ઞાન અને (૩) મિથ્યા-ચારિત્ર પ્રાપ્ત થાય છે. આવા દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મુક્તિના સાધક (કારણ) ન હોવાથી 'મિથ્યા' શબ્દ વડે વિશેષિત કરાય છે. આ જ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જો સમ્યગ્દષ્ટિ આત્માના હોય તો તે મોક્ષના સાધક-હેતુ બનતાં હોવાથી તેમજ જે પ્રમાણે વસ્તુ/પદાર્થ હોય તે પ્રમાણે તેનું ગ્રહણ કરનારા (યથાર્થગ્રાહી) હોવાથી 'સમ્યક્' શબ્દથી વિશેષિત કરાય છે.- વિશેષ રૂપે જણાવાય છે.

આમ સૂત્રમાં જણાવેલ 'સમ્યક્' શબ્દનો ત્રણેયની સાથે આ પ્રમાણે સંબંધ કરાય છે- **दर्शनं च ज्ञानं च चारित्रं चेति - दर्शनज्ञानचारित्राणि ।** (આમ દ્વન્દ્વ-સમાસ કર્યા પછી) **सम्यक् च तानि दर्शन-ज्ञानि-चारित्राणि इति** (સમ્યક્ એવા દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે) **सम्यग्-दर्शनज्ञान-चारित्राणि** આ પ્રમાણે કર્મધારય-સમાસ થાય છે.... આ રીતે એકલાં દર્શન વગેરે પદોનું મોક્ષના કારણ તરીકે નિયમન-સંવાદિતા (અવ્યભિચાર) ન હોવાથી મોક્ષના કારણ તરીકે નિશ્ચિત કરવા માટે 'સમ્યક્' શબ્દનો દર્શન વગેરે ત્રણેયની સાથે

दर्शयति, एतावन्तिएव मुक्तेर्मार्गो नातोऽन्योऽस्ति । **एष** इत्यनेन तु इतिना इयत्ताऽवधृतस्वभाव-मन्तर्विपरिवर्तमानं स्वप्रत्यक्षं परस्मै वा सामान्येन प्रतिपादितं परप्रत्यक्षं निर्दिशति । तिस्रो विधाः प्रकारा अनन्तरप्रदर्शिता यस्य स **त्रिविधः** । **कोऽसौ** ?, **उच्यते**-सूत्रोपन्यस्तो **मोक्षमार्ग** इति ।

**मोक्ष** इति च ज्ञानावरणाद्यष्टविधकर्मक्षयलक्षणः केवलात्मस्वभावः कथ्यते स्वात्मावस्थानरूपो, न स्थानम्, यतो मोक्षस्य मार्गः शुद्धिरुच्यते, न पुनर्धाम्नः शुद्धिर्विवक्षिता, या त्वसौ कर्मणां मुच्यमानतावस्था तच्छोधनायैतानि प्रवर्तन्ते । अथवा ईषत् प्राग्भारधरणी

---

વિશેષણ રૂપે પ્રયોગ કરેલો છે, તે યોગ્ય છે - સાર્થક છે.

ભાષ્યમાં **चारित्रं इति** આમા જે **इति** શબ્દ છે, તે આટલી-અમુક ચોક્કસ સંખ્યાને (પરિમાણને) જણાવે છે. આટલો જ = સમ્યગ્દર્શનાદિ ત્રણ જ મોક્ષમાર્ગ છે. આનાથી અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી. (અર્થાત્ બીજા કોઈપણ યોગને મોક્ષ-માર્ગ રૂપે માનેલાં હશે તો પણ તેનો આ ત્રણમાં જ એક યા બીજી રીતે અવશ્ય સમાવેશ થઈ જાય છે, એમ સમજવું.)

**एष** (= આ) એવા પદથી **इति** શબ્દ વડે જેની ઈયત્તા = ચોક્કસ સંખ્યા નક્કી કરેલી એવા સ્વરૂપ (સ્વભાવ)વાળા - અને અંતરમાં = ચિત્તમાં રમતાં, અનુભવાતાં (વિપરિણમન પામતા) એવા સ્વ-આત્માને અર્થાત્ ગ્રંથકાર-મહર્ષિને પ્રત્યક્ષ એવા ત્રિવિધ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે. અથવા તો બીજા (શિષ્યાદિ) આગળ સામાન્યથી પ્રતિપાદન કરાયેલ-કહેવાઈ ગયેલ હોવાથી પર-પ્રત્યક્ષ = બીજાઓને પણ જે પ્રત્યક્ષ જણાય છે એવા મોક્ષ-માર્ગને જણાવે છે.

### ❋ મોક્ષ-શબ્દના વિવિધ અર્થો ❋

**त्रिविधः** = હમણાં જ ઉપર બતાવેલ ત્રણ પ્રકાર છે જેના તે ત્રણ પ્રકારવાળો... **પ્રશ્ન** : તે શું છે ? **જવાબ :** સૂત્રમાં સાક્ષાત્ કહેલ મોક્ષમાર્ગ છે. **तिस्रो विधा यस्य, स त्रिविधः मोक्षमार्ग इति** । એમ વિગ્રહ છે. 'મોક્ષ' પદથી જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મોના (સંપૂર્ણ) ક્ષય સ્વરૂપ - પોતાના આત્મામાં અવસ્થાન રૂપ જે કેવળ આત્મસ્વભાવ છે, તે કહેવાય છે, વિવક્ષિત છે, પરંતુ, મોક્ષ રૂપ સ્થાન (સિદ્ધશિલા) અર્થ લેવાનો નથી. કારણ કે, **'શુદ્ધિ' એ મોક્ષમાર્ગ કહેવાય છે.** આથી મોક્ષ રૂપ ધામની = સ્થાનની શુદ્ધિ

---

१. पादिषु । मानाव० मु. ।

मोक्षशब्देनाभिधातुमिष्टा यस्मात् तदुपलक्षितोपरियोजनक्रोशषड्भागो, भगवतामाकाशदेशः प्रादेशि दिव्यदृश्वभिराधारः, तस्यायं **मार्गः** पन्थाः, समस्तप्रत्यपायवियुतः पाटलिपुत्रगामिमार्गवन्मोक्षमार्ग इत्यस्य एष त्रिविध इत्येतद्विवरणम् । एवं सामान्येन सूत्रप्रकाशः प्रत्यपादि ।

**भा० तं [1]परस्ताल्लक्षणतो विधानतश्च विस्तरेणोपदेक्ष्यामः ।**

अधुना परः **प्रश्नयति**–किमेतावदेव मोक्षमार्गोपदेशनमुत विस्तरेणाप्यस्ति किञ्चिदिति ? अस्तीत्याह । यद्यस्ति किमिति नोच्यते ? आह–तं [2]**परस्तादित्यादि**[3] । **तमिति** मोक्षमार्गमनन्तरश्रुतं

વિવક્ષિત નથી - કહેવાને ઈચ્છાયેલ નથી, પરંતુ કર્મોની જે મુકાતી-મુક્ત કરાતી - ક્ષય કરાતી અવસ્થા છે, તેના શોધન માટે = તેની સંપૂર્ણપણે શુદ્ધિ કરવા માટે આ સમ્યગ્દર્શનાદિ ત્રણ સાધનો પ્રવર્તે છે, કાર્યરત બને છે...

અથવા **'ઈષત્પ્રાગ્ભાર'** નામની પૃથ્વી 'મોક્ષ' પદથી કહેવી ઈષ્ટ છે. કારણ કે, તે પૃથ્વીથી ઓળખાતો - સૂચવાતો તેની ઉપરનો જે ૧ યોજન = ૪ ગાઉ પ્રમાણ ભાગ (ક્ષેત્ર) છે, તેમાંથી ૩ ગાઉ છોડીને જે ઉપરનો શેષ = એટલે કે ૧ ગાઉ (કોશ) (બે હજાર ધનુષ્ય) પ્રમાણ ક્ષેત્ર છે, તેના છઠ્ઠા ભાગ સુધી (એટલે કે લગભગ ૩૩૩ $\frac{૧}{૩}$ ધનુષ્ય પ્રમાણ ક્ષેત્રમાં) દિવ્ય-દૃષ્ટિવાળા (કેવળજ્ઞાની) જિનેશ્વર દેવોએ સિદ્ધ ભગવાનનો આકાશ-પ્રદેશ = આધાર બતાવેલો છે. તેનો આ માર્ગ = પંથ તે મોક્ષમાર્ગ અર્થાત્ સર્વ ઉપદ્રવથી રહિત - પાટલિપુત્ર જનારા માર્ગના જેવો - મોક્ષે લઈ જનારો મોક્ષ-માર્ગ છે. આનું (મોક્ષ માર્ગનું) 'સમ્યગ્દર્શન વગેરે ત્રણ પ્રકારવાળો છે' એમ વિવરણ / વિવેચન છે. આ પ્રમાણે સામાન્યથી સૂત્રનો પ્રકાશ = સૂત્રાર્થ કહેલો છે.

હવે શિષ્યાદિ બીજા વ્યક્તિ અહીં પ્રશ્ન કરે છે **પ્રશ્ન :** શું આટલો જ મોક્ષ-માર્ગનો ઉપદેશ છે કે વિસ્તારથી પણ કંઈક છે ? **જવાબ :** વિસ્તારથી પણ છે. **પ્રશ્ન :** જો હોય તો શા માટે વિસ્તારથી જણાવતાં નથી ? આનો જવાબ ભાષ્યકાર આપે છે.

**ભાષ્ય : તેને (મોક્ષમાર્ગને) અમે (૧) લક્ષણ વડે અને (૨) વિધાન વડે વિસ્તારથી આગળ કહીશું.**

## ❋ 'લક્ષણ'નું સ્વરૂપ અને બે પ્રકારો ❋

**પ્રેમપ્રભા : જવાબ :** તેને મોક્ષમાર્ગને અમે (૧) લક્ષણ વડે અને (૨) વિધાન (ભેદ) વડે વિસ્તારથી આગળ કહેવાના જ છીએ. આ પ્રમાણે ભાષ્યનો સમુદિત-ભેગો અર્થ છે.

१. टीकानुसारेण० । पुर० मु. । २. पू. । पुर० मु. । ३. पादिषु । दित्याह० पू. ।

**निर्दिशति । परस्तादिति** अस्मात् सूत्रादुपरितनसूत्रेषु, **लक्षणत** इति, लक्ष्यतेऽनेनेति लक्षणं, तद् द्विधा [१]अन्तर्बहिर्भेदेन । रुचिपरिच्छेदानुष्ठानाख्याः पौरुषेय्यः शक्तयो जीवस्य याः समासाद्य व्यपदिश्यते सम्यग्दर्शनीत्यादि आन्तरम् । बाह्यं तु तत्प्ररूपणप्रवणसूत्रशब्दराशिः अन्तर्लक्षणोपकारितया प्रवर्तमानः "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ( १-२ )**" इत्यादि । **विधानत[२]** इति भेदतः । **ननु** च सर्वद्रव्यभावविषया रुचिरेकैव, कुतस्तस्याः प्रभेदसम्भवः? **उच्यते**-सत्यमेका रुचिः, सा तु निमित्तभेदाद् भेदमश्नुते, क्षयक्षयोपशमोपशमलक्षणं सास्वादन-

---

હવે તેના એક-એક અવયવનો-શબ્દનો અર્થ જોઈએ - **तम्** = પદથી હમણાં અનંતરમાં ઉપર સંભળાયેલ - શ્રવણગોચર થયેલ મોક્ષમાર્ગનો નિર્દેશ કરેલ છે. તે મોક્ષમાર્ગને (**परस्तात्** =) આ સૂત્રથી ઉપરના હવે પછી આવનારા સૂત્રોમાં અમે (૧) લક્ષણથી અને (૨) વિધાનથી કહીશું.... એમાં (૧) **લક્ષણ** = એટલે જેના વડે વસ્તુ જણાય-ઓળખાય તે લક્ષણ એટલે ચિહ્ન. તે બે પ્રકાર છે - (i) આંતર/આંતરિક લક્ષણ અને (ii) બાહ્ય-લક્ષણ. તેમાં **(i) આંતર લક્ષણ :** ૧. રુચિ, ૨. પરિચ્છેદ એટલે કે બોધ અને ૩. ક્રિયા (અનુષ્ઠાન) નામની જીવની ત્રણ જે પૌરુષેય-શક્તિઓ છે અર્થાત્ પુરુષ એટલે આત્મા, પુરુષ વડે પ્રયુક્ત/કરાયેલી જે શક્તિઓ અથવા પુરુષ સંબંધી એટલે કે આત્માની શક્તિઓ તે પૌરુષેય શક્તિઓ કહેવાય... જેને પ્રાપ્ત કરીને-જાણીને 'આ સમ્યગ્દર્શનવાળો છે' વગેરે વ્યવહાર કરાય છે, તે આંતર (આંતરિક) લક્ષણ છે. **(ii) બાહ્ય લક્ષણ :** આંતર-લક્ષણની પ્રરૂપણા કરવામાં ઉપયોગી બનેલ હોય એવા સૂત્રાત્મક શબ્દનો સમૂહ, જે આંતરિક લક્ષણને જાણવામાં-પ્રાપ્ત કરવામાં ઉપકારી બનતો હોય, જેમકે, '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । [ सू. १-२ ]** વગેરે... તે બાહ્ય લક્ષણ છે.

**ચંદ્રપ્રભા :** બાહ્ય લક્ષણોથી આંતરિક લક્ષણો જણાય છે. આથી તેવા લક્ષણવાળો જીવ સમ્યગ્દર્શની વગેરે છે, એમ જણાય છે. તથા સમ્યગ્દર્શની બનવા તેવા તત્ત્વાર્થ-શ્રદ્ધાન વગેરે ગુણવાળા/લક્ષણવાળા બનવાની પ્રેરણા મળે છે. આ રીતે આંતર લક્ષણોમાં બાહ્ય લક્ષણ ઉપકારક બને છે.

### ❋ એક જ રુચિના નિમિત્તભેદથી પાંચ ભેદો ❋

**પ્રેમપ્રભાઃ (૨) વિધાનથી :** વિધાન એટલે ભેદ-પ્રકાર... ભેદ વડે સમ્યગ્દર્શનાદિ ત્રણ આગળ જણાવાશે.

---

१. सर्वप्रतिषु । आन्तरब० मु. । २. जै.-शो. । धानं इति० पा.पू.लि.ला. ।

वेदकलक्षणं च । तथा चैवोत्पत्तिकारणवशादेकरूपाया अप्युपरिष्टाद् भेदो निदर्शयिष्यते । यतः कस्याश्चित् स्वभाव एव निमित्तं उत्पद्यमानायाः, कस्याश्चिच्चोपदेशो निमित्तम्, इत्यमुं च पाश्चात्यभेदमाश्रित्य भेदद्वयं विधानतो वक्ष्यति । **चकारः** समुच्चये । **विस्तरेण** इति सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमित्येष त्रिविधो मोक्षमार्ग इत्यमुं समासव्याख्याभेदमङ्गीकृत्य इहैव सूत्रे वक्ष्यमाणम् । तत्र **सम्यगिति** प्रशंसार्थो निपात इत्यादिकं सङ्क्षेपमाश्रित्य वक्ष्यमाणो विस्तीर्णोऽभिमतः, तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं इत्यादिरतो विस्तरेणेत्याह । **उपदेक्ष्याम** इति भणिष्यामः स्वपरानुग्रहार्थम् ।

---

**शंका** : સર્વ દ્રવ્ય અને સર્વ ભાવ-વિષયક (સંબંધી) શ્રદ્ધા-રુચિ એક જ હોય છે, તો તેના પેટા ભેદો શી રીતે સંભવે ?

**समाधान** : સાચી વાત છે કે, 'રુચિ એક જ છે', તો પણ તે નિમિત્તના ભેદથી/તફાવતથી ભિન્ન બને છે. જેમ કે, કોઈ રુચિનું નિમિત્ત[A] (i) ક્ષય છે, કોઈનું (ii) ક્ષયોપશમ છે તો કોઈનું (iii) ઉપશમ રૂપ નિમિત્ત છે. અર્થાત્ ક્ષય વગેરે નિમિત્તથી / કારણથી ઉત્પન્ન થનારી હોય છે. વળી કોઈનું નિમિત્ત (iv) સાસ્વાદન છે તો અન્યનું (v) વેદક એ નિમિત્ત છે. આમ રુચિ ભિન્ન-ભિન્ન નિમિત્તવાળી થાય છે. અને તે પ્રમાણે જ ઉત્પત્તિના કારણના ભેદને લઈને એક જ સ્વરૂપવાળી એવી પણ રુચિનો ભેદ આંગળ ઉપર કહેવાશે... કારણ કે (i) કોઈ રુચિની ઉત્પત્તિ થવામાં જીવનો 'સ્વભાવ' જ કારણ છે અને (ii) કોઈ રુચિની ઉત્પત્તિનું નિમિત્ત 'ઉપદેશ' છે. આ પ્રમાણે પૂર્વાવસ્થા (કારણાવસ્થા)ના બે ભેદને લઈને ઉત્તરાવસ્થા (કાર્યાવસ્થા) રૂપ રુચિના પણ-વિધાનને/ભેદને આશ્રયીને - બે ભેદ કહેવાશે... **च**-શબ્દ સમુચ્ચય = સંગ્રહ (અને) અર્થમાં છે.

**विस्तरेण इति** । "(i) સમ્યગ્દર્શન, (ii) સમ્યગ્જ્ઞાન અને (iii) સમ્યક્ચારિત્ર એમ આ ત્રિવિધ મોક્ષમાર્ગ છે" આ પ્રમાણે સમાસથી અર્થાત્ સંક્ષિપ્ત વ્યાખ્યાના ભેદની અપેક્ષાએ આ જ સૂત્રમાં વિસ્તારથી કહેવાશે કે, **तत्र सम्यगिति प्रशंसार्थो निपातः** - "સમ્યગ્દર્શન પદમાં 'સમ્યક્' એ પ્રશંસા-અર્થવાળો નિપાત (અવ્યય-શબ્દ) છે." ઈત્યાદિ વિસ્તાર કહેવાશે. વળી આ જ સંક્ષેપની અપેક્ષાએ હજી ય વધુ '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' [ १-२ ] એ પ્રમાણે વિસ્તારથી કથન માનેલું છે. આમ આગળ આગળના વિસ્તૃત અર્થની અપેક્ષાએ પૂર્વ-પૂર્વની વ્યાખ્યા સંક્ષિપ્ત સમજવી અને પૂર્વની વ્યાખ્યાની અપેક્ષાએ આગળની વ્યાખ્યા વિસ્તારથી સમજવી. આ પ્રમાણે ( **उपदेक्ष्यामः** =) અમે સ્વ

**भा० शास्त्रानुपूर्वीविन्यासार्थं तु उद्देशमात्रमिदमुच्यते ।**

यदि [1]तर्हि लक्षणविधानाभ्यामुत्तरत्रोपदेक्ष्यसि ततस्तमेव ब्रूहि किमनेनाद्यसूत्रोपन्यासेन सङ्क्षेपार्थाभिधायिनाऽनर्थकेनेति चोदितः **प्रत्याह** - **शास्त्रानुपूर्वी**त्यादि । मुख्यपुरुषार्थसाधन-साध्याव्यभिचारशासनात् **शास्त्र**मिष्टं प्रमाणप्रमेयसिद्धिनिरूपणं च, तस्य **आनुपूर्वी** क्रमः-परिपाटी, तस्या **विन्यासो** रचना, तत्प्रयोजनार्थम्, तुशब्दाल्लाभक्रमप्रदर्शनार्थं च । शुश्रूषूणां

અને પરના બોધ માટે વિસ્તારથી કહીશું...

**ચંદ્રપ્રભાઃ** ટીકામાં ભાષ્યના વિસ્તાર રૂપે **तत्त्वार्थश्रद्धानं०** એવા સૂત્રનો નિર્દેશ કરેલો છે. આથી સૂત્ર અને ભાષ્ય એ બન્નેય શાસ્ત્રોનો અભેદ છે એવો ટીકાકારનો અભિપ્રાય જણાય છે.

**શંકા :** જો તમે પૂર્વોક્ત સંક્ષિપ્ત સૂત્રને જ આગળ (i) લક્ષણ અને (ii) ભેદપૂર્વક વિસ્તારથી કહેવાના છો, તો તે વિસ્તૃત-અર્થને જ પહેલેથી કહોને ? વિસ્તાર-અર્થમાં સંક્ષિપ્ત અર્થ આવી જ જશે. આથી પહેલું સામાન્ય અર્થ જણાવનારું સૂત્ર મૂકવાની શી જરૂર છે ? આ સૂત્ર તો સંક્ષેપથી અર્થનું પ્રતિપાદન કરનારું હોવાથી અનર્થક છે. આ પ્રમાણે અન્ય વ્યક્તિ દ્વારા શંકા ઉઠાવાતા ભાષ્યકાર મહર્ષિ જવાબ આપે છે -

**ભાષ્ય : શાસ્ત્રની આનુપૂર્વી = ક્રમની રચના જણાવવા માટે ઉદ્દેશ માત્ર રૂપ આ સૂત્ર કહેવાય છે.**

**પ્રેમપ્રભા : સમાધાન :** શાસ્ત્રનો અનુક્રમ (આનુપૂર્વી) જણાવવા માટે આ ઉદ્દેશમાત્ર રૂપ સૂત્રની રચના કરેલી છે. શાસ્ત્ર કોને કહેવાય ? તે જણાવતાં ટીકાકાર બે વાત કહે છે - (૧) મુખ્ય જે પુરુષાર્થ = મોક્ષ, તેના સાધનમાં (પ્રસ્તુતમાં સમ્યગ્દર્શનાદિ ત્રણમાં) સાધ્ય સાથેના (અર્થાત્ મોક્ષ સાથેના) અવ્યભિચારનું - અવિસંવાદિતાનું શાસન/કથન કરવાથી **શાસ્ત્ર** કહેવાય - અર્થાત્ મોક્ષના પૂર્વોક્ત સમ્યગ્દર્શનાદિ રૂપ સાધનમાં જે અવશ્ય સ્વ-સાધ્યના (મોક્ષના) સાધકપણાનું પ્રતિપાદન કરે તે અહીં શાસ્ત્ર તરીકે ઈષ્ટ છે. (અથવા **शास्त्रं इष्टम्** પદોનો બીજો અર્થ આ પ્રમાણે પણ થઈ શકે - શાસ્ત્ર = એટલે ઈષ્ટ. ઈષ્ટનો અર્થ છે પોતાના મતમાં/દર્શનમાં સ્વીકારેલ સિદ્ધાંત...) (૨) શાસ્ત્રનું બીજું સ્વરૂપ કહે છે - **प्रमाण-प्रमेयसिद्धिनिरूपणं च** । જેમાં પ્રમાણ અને પ્રમેયની સિદ્ધિનુ નિરૂપણ હોય તે **શાસ્ત્ર** કહેવાય. આમ પ્રથમ સૂત્રની રચનાના કુલ ત્રણ પ્રયોજન બતાવેલાં છે.

१. सर्वप्रतिषु । तं हि० मु. ।

चादरप्रति-पादनार्थमिदमुच्यते । अविशिष्टं[1] पदार्थाभिधानं **उद्देशः**, तन्मात्रमिदं सम्यग्दर्शनादि-सूत्रमभिधीयते सङ्ग्रहप्रतिज्ञानात् । **एतत् कथयति**-आदौ सम्यग्दर्शनं लक्षणविधानाभ्यां निर्धारयिष्यामि, ततो ज्ञानं, ततश्चारित्रमित्येषा वक्ष्यमाणरचनेति प्रतिपद्यस्व । अयं च लाभक्रमः सम्यग्दर्शनादीनां, पूर्वं सम्यग्दर्शनज्ञाने, ततश्चारित्रमुत्पत्ताविति । शिष्याणां चात्र

**ચંદ્રપ્રભા** : આમાં પ્રમાણ એટલે જેનાથી પદાર્થનો યથાર્થ બોધ થાય - તે પ્રત્યક્ષ વગેરે પ્રમાણ કહેવાય...અને તે આ જ પ્રથમ-અધ્યાયના સૂત્ર-૧૦-૧૧-૧૨માં કહેવાશે. તથા પ્રમાણો વડે જેનો બોધ (નિશ્ચય) થાય તે જીવ વગેરે પદાર્થો **પ્રમેય** કહેવાય. આ બેની સિદ્ધિનો વિસંવાદ ન આવે એ રીતે - પ્રાપ્તિનું નિરૂપણ કરે તે શાસ્ત્ર કહેવાય.

## ❋ પ્રથમસૂત્રની રચનાના ત્રણ હેતુઓ ❋

**પ્રેમપ્રભા : तस्यानुपूर्वी** - (૧) આવા શાસ્ત્રની આનુપૂર્વી એટલે ક્રમ-પરિપાટી રચના (વિન્યાસ) માટે અર્થાત્ ક્રમનો ઉલ્લેખ કરવા માટે સંક્ષેપથી અર્થ જણાવનાર આ પ્રથમ સૂત્રની રચના કરેલી છે. (૨) ભાષ્યમાં મૂકેલ **तु** શબ્દથી (સમ્યગ્દર્શન આદિના) લાભનો = પ્રાપ્તિનો ક્રમ બતાવવા માટે પણ પ્રથમ સૂત્ર-રચના કરેલી છે તથા ત્રીજી વાત - (૩) શાસ્ત્રના શ્રવણની અભિલાષાવાળા શિષ્ય વગેરેને આદર કરવાનું જણાંવવા માટે અથવા આદર પેદા કરવા માટે આ પ્રથમ સૂત્રની રચના અને તેના ક્રમનું કથન કરેલું છે એમ જાણવું.

**ઉદ્દેશની વ્યાખ્યા** : કોઈપણ પદાર્થને સામાન્યથી - અવિશિષ્ટ રૂપે કહેવું તે **ઉદ્દેશ** કહેવાય. **अविशिष्ट-पदार्थाभिधानं उद्देशः** । આ પ્રથમ સમ્યગ્દર્શનાદિ સૂત્ર એ ઉદ્દેશ-માત્ર રૂપ કહેવાય છે. અર્થાત્ વસ્તુના સામાન્યથી કથનમાત્ર રૂપ છે. કારણ કે પૂર્વે સંબંધ-કારિકામાં (કા૦ ૨૨માં) પદાર્થોનો 'સંગ્રહ' કરવાની પ્રતિજ્ઞા (સ્વીકાર) કરેલી છે. પ્રથમ સૂત્રમાં તો શાનો સંગ્રહ કરવાનો છે, એટલું જ સામાન્યથી કહેલું છે. આ સૂત્રની રચના દ્વારા શાસ્ત્રકાર ભગવંતનો **કહેવાનો ભાવ** આ પ્રમાણે છે કે, (૧) "પહેલાં હું સમ્યગ્દર્શનનો લક્ષણ અને ભેદ વડે નિર્ધાર/નિશ્ચય કરીશ પછી જ્ઞાનનો અને ત્યારબાદ ચારિત્રનો - આ પ્રમાણે ક્રમથી આગળ કહેવાતાં શાસ્ત્રની રચના છે - એનો તમે ખ્યાલ કરો... ધ્યાનમાં લ્યો..." (૨) બીજી વાત છે, સમ્યગ્દર્શન વગેરેના લાભનો = પ્રાપ્તિનો ક્રમ પણ પહેલા સૂત્રમાં કહેલા ક્રમ પ્રમાણે જ થાય છે. એટલે કે પહેલાં સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે અને પછી ચારિત્રની પ્રાપ્તિ (ઉત્પત્તિ) થાય છે. (પૂર્વે

१. पादिषु । शिष्टप० मु. ।

ग्रहणादिष्वप्रवर्तमानानां न शक्यं वचनमन्तरेणाऽऽदराधानमित्यतः सकलशास्त्रसङ्ग्राहीदमादावुच्यते सूत्रम् ।

**आह परः,** उच्यतां नाम तथा, किन्तु उच्यमानेऽस्मिन् नन्वेवं भवितव्यम्- सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गा इति । अभिधानस्याप्याभिधेयमाश्रित्य वचनं प्रवर्तते, मोक्षमार्गशब्दस्य च सम्यग्दर्शनादी अभिधेयानि, तेषां च बहुत्वात् बहुवचनेनैव भवितव्यमिति ।

---

કહ્યા મુજબ અને આગળ કહેવાશે તેમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં જ પૂર્વે જે જ્ઞાન હોય તે સમ્યગ્જ્ઞાન બની જાય છે. માટે તે બેની પ્રાપ્તિ સાથે બતાવી છે.) (૩) ત્રીજી વાત - જે શિષ્યો શાસ્ત્રના ગ્રહણ આદિમાં પ્રવૃત્તિ કરનારા નથી, પ્રમાદી છે, તેઓને વિષયાદિ જણાવનાર વચન વિના શાસ્ત્ર-ગ્રહણ આદિમાં આદરનું આધાન-સંપાદન-પ્રાપ્તિ કરાવવી શક્ય નથી. આથી સકળ શાસ્ત્રનો સંગ્રહ કરનારું એવું આ સૂત્ર પહેલાં કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** જે શિષ્યો પ્રમાદાદિ કારણે શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરતાં ન હોય તેઓને શાસ્ત્રનો વિષય (અભિધેય) અને ક્રમ વગેરે જણાવવા દ્વારા તેઓને શાસ્ત્ર ઉપર આદર-રુચિ પેદા કરવામાં આવે છે. એક તો પ્રમાદી હોય અને વળી શાસ્ત્રના વિષયાદિ જ ન જણાવેલ હોવાથી વિષયાદિનું જ્ઞાન ન હોય તો સુતરાં પ્રમાદ કરશે - ઉપેક્ષા સેવશે... આથી સૌ પ્રથમ શાસ્ત્રકાર સમસ્ત શાસ્ત્રના બીજ ભૂત, સંગ્રહ કરનારું, અને વિષયાદિને જણાવનાર એવા સંક્ષિપ્ત પ્રથમ સૂત્રની રચના કરે છે... જેને જાણીને પ્રમાદી પણ શિષ્ય વિશ્વસ્ત = આસ્થાવાળો બનીને આ શાસ્ત્રના અભ્યાસ માટે પ્રેરાશે - ઉત્સાહી બનશે, એવો પણ આશય ઉક્ત પ્રથમ-સૂત્રની રચના પાછળ છે, એમ જાણવું...

### ❋ 'मोक्षमार्गः' એમ એકવચન-પ્રયોગ કરવાનું પ્રયોજન ❋

**શંકા :** ભલે તે પ્રમાણે સામાન્યથી શાસ્ત્ર-ક્રમ વગેરે જણાવનારા પ્રથમ સૂત્રને કહો, પરંતુ આ કહેવાતાં સૂત્રમાં સૂત્રની રચના '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गाः**' આ પ્રમાણે થવી જોઈએ. અર્થાત્ **मोक्षमार्गः** ને બદલે **मोक्षमार्गाः** એમ બહુવચનનો પ્રયોગ થવો જોઈએ. કારણ કે અભિધેયની = અર્થની/વિષયની સંખ્યાની અપેક્ષાએ જ અભિધાનથી = શબ્દથી એકવચન વગેરે... સંખ્યા-બોધક 'વચન'નો (અર્થાત્ વ્યાકરણમાં કહેલ પ્રત્યયનો) પ્રયોગ થાય છે... '**मोक्षमार्ग**' શબ્દનો અભિધેય = એટલે કે કહેવા યોગ્ય પદાર્થ / વિષય 'સમ્યગ્દર્શન' વગેરે ત્રણ છે. અર્થાત્ ઘણા છે. આમ અભિધેય-પદાર્થ ઘણા હોવાથી **मोक्षमार्ग** શબ્દથી 'ઘણા' અર્થને જણાવવા બહુવચન-પ્રત્યય

---

१. सर्वप्रतिषु. । दिषु प्र० मु. । २. सर्वप्रतिषु । ना. मु. ।

**उच्यते**-प्रेक्षापूर्वकारितानुमीयते सूत्रकारस्यैवमभिदधतः, यतो मोक्षमार्गा इत्युक्ते एकैकस्येतर-[1] निरपेक्षस्य मोक्षं प्रति साधनभावो गम्येत, न चैतदिष्टम्, यतः समुदितैरेव दर्शनादिभिः साध्या मुक्तिः न व्यस्तैरिति, एतदाह-**एतानि चे**त्यादिना ।

**भा० एतानि च समस्तानि मोक्षसाधनानि ।**

**एतानि**[2] इति प्राक् प्रत्यक्षीकृतानि सम्यग्दर्शनादीनि व्यपदिशति[3], **चशब्दो** हिशब्दार्थे निपातानामनेकार्थत्वात् हिशब्दश्च यस्मादर्थः। **समस्तानि** इति सर्वाणि, सम्यग्दर्शने सत्यपि यदि ज्ञानं न भवति तयोश्च सतोर्यदि क्रिया न विद्यते तत इष्टमर्थं न साधयन्ति[4],

---

(**अस्**)નો પ્રયોગ કરવો જોઈએ. આથી **मोक्षमार्गाः** એ પ્રમાણે સૂત્રની રચના થવી જોઈએ.

**સમાધાન :** (એવું નથી) આવી '**मोक्षमार्गः**' એ પ્રમાણે એકવચનના પ્રયોગ વડે સૂત્રની રચના કરનારા શાસ્ત્રકાર ભગવંત બુદ્ધિપૂર્વક કાર્ય કરનારા છે એવું અનુમાન થાય છે. કારણ કે જો **मोक्षमार्गाः** એ પ્રમાણે સૂત્ર કરાય તો સમ્યગ્દર્શનાદિ પ્રત્યેક વિભાગો/ ભેદો બીજા એટલે કે પોતાનાથી અન્ય એવા સમ્યગ્જ્ઞાન વગેરેની અપેક્ષા વિના જ - સ્વતંત્રપણે મોક્ષ પ્રત્યે કારણ (ઉપાય) હોવાનું જણાત. પણ આમ થવું ઈષ્ટ નથી. કેમ કે, સમુદાય રૂપે - એકત્રિત થયેલાં હોય એવા જ સમ્યગ્દર્શન આદિ ત્રણ વડે મુક્તિ સાધ્ય છે, સાધી શકાય છે, પણ છૂટા છૂટા એકલ-દોકલ વડે મુક્તિ સાધ્ય બનતી નથી.

આ જ વસ્તુ જણાવતાં ભાષ્યકાર કહે છે કે,

**ભાષ્ય : આ સમ્યગ્દર્શન વગેરે સમસ્ત એટલે કે, ભેગા હોય તો જ મોક્ષના સાધન (કારણ) બને છે.**

### ❋ સમ્યગ્દર્શનાદિ ત્રણેય ભેગા હોય તો જ મોક્ષમાર્ગ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં કહ્યું કે, 'આ સમ્યગ્દર્શન આદિ ત્રણ સમસ્ત હોય / ભેગાં હોય તો જ મોક્ષના સાધન (ઉપાય) બને છે. અર્થાત્ જે કારણથી સમ્યગ્દર્શન આદિ સમસ્ત જ મોક્ષના કારણ છે તે કારણથી 'મોક્ષમાર્ગઃ' એમ એકવચનનો પ્રયોગ સમુચિત જ છે, એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે. હવે ભાષ્યના એક-એક પદોનો અર્થ જોઈએ - **एतानि** પદથી આ = પૂર્વે પ્રત્યક્ષ નિર્દેશ કરાયેલાં સમ્યગ્દર્શન વગેરે કહેવાય છે... અહીં **च** શબ્દ **हि** - શબ્દના અર્થમાં છે અને **हि** નો '**यस्मात्**' 'જે કારણથી' એમ અર્થ છે. સમસ્ત

---

१. ख.पू. । कस्यैतत्परनि० मु. । २. पू. । तानि प्रा० मु. । ३. पादिषु । दिश्यन्ते० मु. । ४. पादिषु । यति० मु. ।

रोगापनयनलक्षणमारोग्यमिव रोगिणः । यथा ह्यारोग्यार्थिरोगिणः भेषजे रुचिस्तद्विषयं च परिज्ञानमिदमेवौषधमस्य व्याधेरपनयनकारि, सति चैतस्मिन् द्वये यदि सम्यग्ज्ञानपूर्विकायां पथ्याद्यभ्यवहरणक्रियायां विशेषणे[1] वा प्रवर्तेत[2], ततोऽस्य रोगाः प्रणश्यन्ति, नान्यथा । एवमिहापि त्रितयं समुदितं त्रिफलाद्युपदेशवत् सिद्धेः सकलकर्मक्षयलक्षणायाः साधनभावं बिभर्ति । अर्थापत्त्या सिद्धेऽप्याह वचसा स्पष्टं अर्थापत्तिलभ्यफलप्रदर्शनाय वा[3]- **एकतराभावेऽपी**त्यादि ।

---

= એટલે સર્વ... કહેવાનો **ભાવ** એ છે કે, સમ્યગ્દર્શન હોવા છતાં પણ જો સમ્યગ્જ્ઞાન ન હોય અને તે બંને ય હોવામાં પણ જો સમ્યક્ચારિત્ર (સમ્યક્ ક્રિયા-આચરણ) ન હોય તો ઈષ્ટ અર્થને (મોક્ષને) સાધી શકતાં નથી. દૃષ્ટાંત તરીકે રોગીના રોગનું દૂરીકરણ અર્થાત્ આરોગ્ય રૂપ કાર્ય... જેમ આરોગ્યના અર્થી એવા રોગીને ઔષધ ઉપર રુચિ-શ્રદ્ધા હોય અને ઔષધને વિષે યથાર્થ જ્ઞાન હોય કે 'આ જ ઔષધ આ મારી વ્યાધિને દૂર કરનારું છે', વળી આ બે ય હોવા છતાં ય જો ઔષધ વિશેના સમ્યગ્-સાચા જ્ઞાનપૂર્વક પથ્ય-હિતકર ભોજન કરવાની ક્રિયામાં અથવા વિશેષણ = અપથ્યાદિને દૂર કરવા માટે પ્રવૃત્તિ કરાય તો જ તેના રોગ નાશ પામે છે, નહીંતર નાશ પામતાં નથી.

આ પ્રમાણે અહીં પણ સમ્યગ્દર્શનાદિ ત્રણ સમુદિત = ભેગા હોય તો જ "ત્રિફળા" વગેરે ઔષધનો વિધાનની જેમ સર્વ કર્મના ક્ષય રૂપ સિદ્ધિના કારણ સ્વરૂપે બને છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ હરડે, આમળા અને બેહડાં એ ત્રણેય ફળનું ચૂર્ણ સરખા ભાગે મિશ્ર કરાય તો 'ત્રિફળા' ચૂર્ણ કહેવાય. આવું ચૂર્ણ જ ત્રિદોષહર (= વાત, પિત્ત અને કફનું નાશક) કહેલું છે. આમાંથી એકપણ ઓછું હોય તો મુખ્યત્વે ત્રિદોષનાશક બનતું નથી.... આથી વાતાદિ ત્રણ દોષના નાશ માટે ત્રણેય ભેગા હોવા જરૂરી છે. તેમ પ્રસ્તુતમાં પરિપૂર્ણ મોક્ષમાર્ગ માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય ભેગા/એકત્રિત હોવા જરૂરી છે. તો જ તે મોક્ષમાર્ગ બને છે, અર્થાત્ શીઘ્ર મોક્ષ પમાડનાર બને છે.

**પ્રેમપ્રભાઃ** 'આ ત્રણ સમસ્ત/ભેગાં જ મોક્ષના સાધન બને છે' આવા વાક્યથી અર્થાપત્તિથી/સામર્થ્યથી એટલે કે અર્થની સંવાદિતાના બળથી એવું સિદ્ધ થાય છે, કે "એકની પણ ન્યૂનતા હોય તો મોક્ષનું સાધન ન બને" તેમ છતાંય અર્થાપત્તિથી જણાતા - ફળીભૂત થતાં અર્થને વચન (શબ્દ) દ્વારા સ્પષ્ટ રૂપે બનાવવા માટે ભાષ્યમાં કહે છે -

---

१. पादिषु । षेण० मु. । २. पादिषु । प्रवर्तते० मु. । ३. पू. । यथा० मु. ।

**भा० एकतराभावेऽप्य-साधनानीत्यतस्त्रयाणां ग्रहणम् ।**

सम्यग्दर्शनादीनां त्रयाणां एकतरस्याप्यभावेऽलाभे, **असाधनानि**-अनिर्वर्तकानि, अस्मात् कारणात् त्रीण्यपि मोक्षमार्गशब्दः समुदितान्यभिधेयीकृत्य प्रवृत्त इत्येकत्वात् तस्य समुदायस्यैकवचनमेव न्याय्यमिति, **अतस्त्रयाणां** सम्यग्दर्शनादीनां **ग्रहणमाश्रयणं** मोक्षार्थिना कार्यमिति ।

एकतराभावेऽप्यसाधनानीत्यमुं ग्रन्थमपुनरुक्तं मन्यमाना **गुरवः** कथयन्ति एवम्-उपात्तं साध्यं मोक्षं न साधयन्ति व्यस्तानि, यत् पुनः प्रत्येकमेषां साध्यम्, तत् साधयन्त्येव, यथा

---

**ભાષ્ય : આ ત્રણમાંથી કોઈ એકનો પણ અભાવ હોવામાં તે મોક્ષના સાધનરૂપે બની શકતાં નથી. આથી જ ત્રણનું ગ્રહણ કરેલું છે.**

**પ્રેમપ્રભા :** આ સમ્યગ્દર્શનાદિ ત્રણમાંથી એકનો પણ અભાવ હોવામાં બાકીના બે ઉપાયો એ મોક્ષ પ્રત્યે સાધન બની શકતાં નથી, મોક્ષને ઉત્પન્ન કરી શકતાં નથી. આ કારણથી સમ્યગ્દર્શન આદિ ત્રણેયને ભેગા - સમુદાય રૂપે વિષય રૂપે બનાવીને **'मोक्षमार्गः'** એમ એકવચન - શબ્દનો પ્રયોગ કરેલો છે. વ્યક્તિગત રીતે સમ્યગ્દર્શન વગેરે ભલે જુદાં હોય પણ તે ત્રણેયનો સમુદાય તો એક જ છે. આથી તેને આશ્રયીને **'मोक्षमार्गः'** શબ્દથી એકવચન શબ્દનો (પ્રત્યયનો) જે પ્રયોગ કરેલો છે, તે ન્યાય્ય છે, યુક્તિ સંગત છે. આથી મોક્ષાર્થી આત્માએ સમ્યગ્દર્શન આદિ ત્રણેયનું ગ્રહણ કરવું જોઈએ, આશ્રય કરવો જોઈએ.

### ❋ સમ્યગ્દર્શનાદિ એકલાં મોક્ષ ન સાધે, વ્યક્તિગત સાધ્યને સાધે ❋

**एकतराऽभावेऽपि असाधनानि** । (સમ્યગ્દર્શન આદિ ત્રણમાંથી એકનો પણ અભાવ હોવામાં મોક્ષના સાધન બનતાં નથી, આવા વાક્યમાં પુનરુક્તિ દોષ આવે છે. કારણ કે, આ અર્થ એ **एतानि च समस्तानि** વગેરે પૂર્વના વાક્યથી જણાઈ જાય છે... આવી કોઈ શંકા કરે તો તે બરાબર નથી. કારણ કે **एकतराऽभावेऽपि०** એવું જે બીજું વાક્ય કહેલું છે તેના દ્વારા ગ્રંથકાર બીજી પણ વાત જણાવવા માગે છે - તે કહે છે -) આ વાક્ય પુનરુક્તિ - એક જ વાત ફરીથી કહેવા રૂપ-દોષવાળી નથી એવું માનનારા **ગુરુ ભગવંત** આ પ્રમાણે તે બીજા વાક્યને જણાવવાનો **આશય** પ્રગટ કરે છે - આ સમ્યગ્દર્શન આદિ ત્રણમાંથી એકનો પણ અભાવ હોવામાં અર્થાત્ છૂટાં છૂટાં હોવામાં સાધ્ય રૂપે સ્વીકારેલાં મોક્ષને જો કે સાધી શકતાં નથી, તો પણ આ સમ્યગ્દર્શનાદિ

सम्यग्दर्शनस्य देवलोकप्रापणसामर्थ्यं, ज्ञानस्य ज्ञेयपरिच्छेदः, क्रियायाः शुभाशुभकर्मादानं, देशक्षयो वा कर्मणामिति । अथवा विवरणग्रन्थेषु न गुरुलाघवं प्रत्याद्रियन्ते सूरयः, अर्थापत्त्यनभिज्ञानामप्युपदेशप्रवृत्तेः । अथवा एतानि चेत्यन्यथा ख्याप्यते, य एवं चोदयन्ति किर्मिति[1] बहु मोक्षकारणतयाऽभ्युपेयते[2] सम्यग्दर्शनादीनि, न पुनर्यथा साङ्ख्यादिभिर्ज्ञानमेव

પ્રત્યેકનું જે વ્યક્તિગત સાધ્ય (ફળ) છે, તેને તો સાધે જ છે. જેમકે, (૧) સમ્યગ્દર્શનનું વ્યક્તિગત રીતે દેવલોકની પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય છે. (૨) તથા જ્ઞાનનું જ્ઞેયવસ્તુનો બોધ કરાવવા રૂપ કાર્ય છે અને (૩) ક્રિયાનું (ચારિત્રનું) શુભ અથવા અશુભ કર્મનું ગ્રહણ કરવું અથવા દેશથી કર્મનો ક્ષય કરવો તે સાધ્ય છે... આમ **असाधनानि** કહેવા દ્વારા સમ્યગ્દર્શન આદિ છૂટા છૂટા હોય તો તેઓ મોક્ષના સાધનરૂપે હોવાનો નિષેધ કરેલો છે, પણ વ્યક્તિગત સાધ્ય તો તેઓ સાધે જ છે, આમ તે વાક્યનો કહેવાનો આશય છે. આથી વિશેષ અર્થને જણાવનારું હોવાથી પુનરુક્તિ દોષ નથી. (અહીં પુનરુક્તિ દોષ ટાળવા ભલે આ પ્રમાણે **एकतरा०... असाधनानि** વાક્યનો અર્થ કર્યો, પણ તે ક્લિષ્ટ કલ્પના રૂપ બનવા જાય છે... આમ કંઈક અસ્વરસ હોવાથી ટીકાકાર બીજી રીતે તે વાક્યોને સંગત ઠરાવે છે.)

અથવા તો વિવરણ (ટીકા વગેરે) પ્રકારના ગ્રન્થોમાં શાસ્ત્રકાર આચાર્ય ભગવંતો ગૌરવ કે લાઘવને ખાસ મહત્ત્વ આપતાં નથી. એટલે કે અર્થાપત્તિથી જણાઈ જતાં પણ અર્થને સ્પષ્ટ રૂપે જ સાક્ષાત્ જ કહી દેતાં હોય છે. (કદાચ સૂત્ર-સ્વરૂપ ગ્રંથમાં અક્ષરની માત્રાના ગૌરવ (અધિકતા) અને લાઘવ (ન્યૂનતા)ને મહત્ત્વ અપાતું હોય પણ વિવરણ ગ્રંથમાં તેવું હોતું નથી.) 'તેમાં ગ્રંથનું ગૌરવ થશે.' એ વિચારને ગૌણ કરી દે છે. એનું કારણ એ છે કે ગ્રંથને ભણનારા બધાં ય અર્થાપત્તિના જ્ઞાનવાળા નથી હોતાં. વળી અર્થાપત્તિને નહીં જાણનારા (સાધારણ ક્ષયોપશમવાળા) પણ શ્રોતાઓ - અભ્યાસકોને નજરમાં રાખીને ઉપદેશ અપાતો હોય છે.

### ❋ ફક્ત જ્ઞાન અથવા ક્રિયા મોક્ષ સાધવા અસમર્થ ❋

અથવા તો **एतानि समस्तानि** "આ સમ્યગ્દર્શન આદિ ત્રણ સમસ્ત જ = ભેગા જ મોક્ષ-માર્ગ છે" આ ભાષ્યગત પદાર્થને અન્ય રીતે જણાવાય છે... અવતારાય છે... જે લોકો **સાંખ્ય** વગેરે દર્શનવાળાને આગળ કરીને આ પ્રમાણે પ્રશ્ન ઉઠાવે છે કે -

**પ્રશ્ન** : શા માટે આ રીતે સમ્યગ્દર્શન વગેરે ઘણા બધાં મોક્ષના કારણ તરીકે

१. पू. । मर्थमिति० मु. । २. पू. । पेयन्ते० मु. ।

केवलं मुक्तिकारणमभ्युपगम्यते, यतः "पञ्चविंशतितत्त्वज्ञ" इत्यादि कथयन्ति[1] । **उच्यते**-न केवलं ज्ञानं मुक्तेः कारणं पर्याप्तं, क्रियारहितत्वात् पङ्गुवत्, न च क्रियामात्रम्, विशिष्टज्ञान-रहितत्वात् अन्धवत्, अतोऽभ्युपेहि, समस्तानि सम्यग्दर्शनादीनि मोक्षकारणानि एकतराभावेऽप्य-साधनानि, अतः कारणात् त्रयाणां ग्रहणं कृतम् । अथ यदा दर्शनादीनामेकं प्राप्तं भवति तदा परस्यावस्थानमस्ति, नास्तीत्याह-भजना कार्याऽत्र । तां दर्शयति-**एषां चे**त्यादिना[2] । एषामिति दर्शनादीनां[3] **चशब्दः** समुच्चये । **कथ**मिति **चेत्**, यथैव समस्तानां मुक्तिहेतुता प्रतिपन्ना एवमिदमपि च प्रतिपत्तव्यम् । किं तदिति **चेत्, उच्यते**-लाभनियम इति ।

**भा० एषां च पूर्वस्य लाभे भजनीयमुत्तरम् । उत्तरलाभे तु नियतः पूर्वलाभः ।**

સ્વીકારો છો ? જે રીતે સાંખ્ય વગેરે મતવાળાઓએ ફક્ત જ્ઞાનને જ મુક્તિના કારણ તરીકે સ્વીકારેલું છે; એ પ્રમાણે એક જ કારણનો શાથી સ્વીકાર કરાતો નથી ? કેમ કે તેઓ [A]"પચ્ચીસ તત્ત્વને જાણનારો જ્ઞાની મુક્તિને પામે છે" ઈત્યાદિ કહે છે - તેઓની જેમ તમે પણ કોઈ એકને જ કારણ તરીકે શા માટે સ્વીકારતાં નથી ?

**જવાબ :** ફક્ત જ્ઞાન જ મુક્તિનું કારણ હોવું એ પર્યાપ્ત નથી... એ તો અધૂરું કારણ છે. કેમ કે ક્રિયા[A]રહિત હોવાથી દેખતાં એવા પંગુ-લંગડા માણસ જેવું છે. લંગડો માણસ માર્ગને જાણવા છતાં ય ચાલતો ન હોવાથી ઈષ્ટ નગરે પહોંચી શકતો નથી. વળી ફક્ત 'ક્રિયા' એ પણ મોક્ષનું કારણ બનવાને અસમર્થ છે. તે વિશિષ્ટ જ્ઞાનથી રહિત હોવાથી (ચાલતા એવા) અંધ માણસ જેવું છે. અંધ માણસ ચાલવા છતાં ય ઈષ્ટ નગરે પહોંચાડનાર માર્ગનું જ્ઞાન ન હોવાથી માર્ગને જોઈ ન શકવાથી નગરે પહોંચવા રૂપ પોતાનું કાર્ય સાધી શકતો નથી. તેમ જ્ઞાનરહિત ક્રિયામાત્ર પણ મોક્ષ કાર્યને સાધી શકતું નથી.

આથી તમારે માનવું જોઈએ કે, સમસ્ત એવા જ સમ્યગ્દર્શન આદિ ત્રણ એ મોક્ષના કારણ છે. તેમાંથી કોઈ એકનો પણ અભાવ હોવામાં મોક્ષના સાધન બની શકવા અસમર્થ છે. આથી ત્રણેયનું કારણ તરીકે ગ્રહણ કરેલું છે.

**શંકા :** જ્યારે સમ્યગ્દર્શન આદિ ત્રણ પૈકી એકની પ્રાપ્તિ થઈ હોય ત્યારે શું બીજાની સમ્યગ્જ્ઞાનાદિની હાજરી હોય છે ? કે નથી હોતી ? (ભાષ્યમાં સમાધાન આપે છે...)

**ભાષ્ય : આ સમ્યગ્દર્શનાદિ પૈકી પૂર્વ (ગુણ)નો લાભ થયે ઉત્તરનો-જ્ઞાનાદિનો લાભ થવામાં ભજના/વિકલ્પ છે. જ્યારે ઉત્તર ગુણનો લાભ થયે પૂર્વ ગુણની નિયમથી પ્રાપ્તિ હોય છે.**

१. पादिषु । यति० पू. । २. पादिषु । त्यादि० मु. । ३. पू. । इतोऽग्रे - 'सूत्रोक्तानां' अधिकः मुद्रिते ।

**पूर्वस्य लाभ** इति सूत्रक्रममङ्गीकृत्य **पूर्वस्य**सम्यग्दर्शनस्य **लाभे** प्राप्तौ **भजनीयं** विकल्पनीयं स्यात् वा न वेति, **उत्तरं** ज्ञानं चारित्रं च । यतः देवनारकतिरश्चां मनुष्याणां च केषाञ्चिदाविर्भूतेऽपि सम्यग्दर्शने न भवति **आचारादिक**मङ्गानङ्गप्रविष्टं ज्ञानम्, न वा देशसर्वचारित्रमिति । तथा प्राप्तेऽपि ज्ञाने केनचित् न चारित्रं नियमत एव प्राप्तव्यम्, तदावरणीयकर्मोदयादिति ।

अतः **कैश्चिद्** एवं भाष्यमेतद् व्याख्यायि-परमार्थतो यस्मात् त्रीण्यपि सम्यग्दर्शनादीनि

## ❋ સમ્યગ્દર્શનાદિમાં પૂર્વનો લાભ થયે ઉત્તરનો થવામાં વિકલ્પ છે ❋

**પ્રેમપ્રભા : एषां** = એટલે સમ્યગ્દર્શનાદિનો (લાભ થયે...) **च** શબ્દનો સમુચ્ચય/ સંગ્રહ અર્થ છે. **પ્રશ્ન :** અહીં શાનો સમુચ્ચય/સંગ્રહ કરાય છે ? **જવાબ :** જેમ પૂર્વે સમસ્ત = ભેગા એવા સમ્યગ્દર્શન આદિ ત્રણ મુક્તિના સાધન બને છે, એનો સ્વીકાર કરેલો છે, તેમ આ બીજી બાબત પણ સ્વીકારવા યોગ્ય છે. **પ્રશ્ન :** કઈ છે તે બીજી વાત ? **જવાબ :** સમ્યગ્દર્શનાદિ ત્રણના લાભનો-પ્રાપ્તિનો નિયમ... એનો પણ સ્વીકાર અંગીકાર કરવા યોગ્ય છે. તે આ રીતે - **पूर्वस्य लाभे** - સૂત્રમાં કહેલાં ક્રમની અપેક્ષાએ પૂર્વ પૂર્વનો લાભ થયે ઉત્તર-ઉત્તર ગુણનો લાભ થાય કે ન પણ થાય એમ વિકલ્પ (ભજના) છે. અર્થાત્ સમ્યગ્દર્શનનો લાભ થયે, ઉત્તર ગુણની એટલે કે જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થવામાં ભજના છે - વિકલ્પ છે. એટલે કે તે બે હોય અથવા ન પણ હોય... (**પ્રશ્ન :** શા કારણથી જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ ન પણ હોય ? **જવાબ :**) કારણ કે, દેવો, નારકો અને તિર્યંચોને તથા કેટલાંક મનુષ્યોને પણ સમ્યગ્દર્શન પ્રગટ થયે છતે પણ આચારાંગ વગેરે અંગપ્રવિષ્ટ શ્રુતનું જ્ઞાન હોતું નથી, અથવા દેશવિરતિ અથવા સર્વવિરતિ રૂપ ચારિત્ર પણ હોતું નથી.

તેમજ કોઈ જીવ વડે જ્ઞાનની પ્રાપ્તિ કરાઈ હોવા છતાં ય ચારિત્રની પ્રાપ્તિ થાય એવો નિયમ નથી. અર્થાત્ હોય અથવા ન પણ હોય. આમાં તે તે ગુણના આવારક - આચ્છાદક-ઢાંકનારા કર્મોનો ઉદય-જ કારણભૂત છે. અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયે છતે પણ જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી અને ચારિત્ર મોહનીય કર્મનો ઉદય ચાલુ હોય તો સમ્યગ્દર્શન અને જ્ઞાનનો લાભ થવા છતાં પણ ચારિત્રનો લાભ થતો નથી.

---

१. सर्वप्रतिषु । मङ्गप्र० मु. ।

भिन्नानीति । कथं हि भेदः सम्यग्दर्शनस्य ज्ञानादिति चेत्, त एवं वर्णयन्ति पृष्टाः, कारण-भेदात् स्वभावभेदादित्यादिना । कारणभेदस्तावदयं, यतः सम्यग्दर्शनस्य त्रितयं कारणं समुत्पत्तौ, क्षयोपशमः क्षयः उपशमश्चेति । ज्ञानस्य तु क्षयः क्षयोपशमो वा, यदि च न तयोर्भेदः किमिति दर्शनस्य त्रिविधं कारणं इतरस्य द्विविधम् ? । तथा स्वभावभेदोऽप्यस्ति, यज्जैनेषु पदार्थेषु स्वतः परतो वा रुचिमात्रमुपं[द]पादि[1], *'तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रवेदितमुपलब्धं[2] चे'* इति । तथा विषयभेदोऽप्यस्ति, सर्वद्रव्यभावविषया रुचिः सम्यक्त्वं

### ❋ સમ્યગ્દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ હોવાનો અભિપ્રાય ❋

આ કારણથી અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયે જ્ઞાનની કે ચારિત્રની પ્રાપ્તિનો નિયમ ન હોવાથી **કેટલાંક આચાર્યો** વડે આ હમણાં કહેલાં ભાષ્યની વ્યાખ્યા આ પ્રમાણે કરેલી છે - જે કારણથી પરમાર્થથી - વાસ્તવિક રીતે વિચારીએ તો સમ્યગ્દર્શન આદિ ત્રણેય ભિન્ન છે... (આથી 'પૂર્વનો લાભ થયે ઉત્તર ગુણોનો લાભ થવામાં વિકલ્પ છે - નિયમ નથી - એવા ભાવનુ પૂર્વે કહેલું ભાષ્ય સંગત થાય છે.)

**પ્રશ્ન :** સમ્યગ્દર્શનનો (સમ્યગ્) જ્ઞાનથી ભેદ શાથી છે ? આવો પ્રશ્ન કરાતાં અન્ય આચાર્યશ્રી જવાબ આપતાં કહે છે -

**જવાબ :** (૧) કારણના ભેદથી અને (૨) સ્વભાવના ભેદથી એમ બે રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ભિન્ન છે. તેમાં પહેલાં **(૧) કારણભેદ** જોઈએ - તે આ પ્રમાણે છે - સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવામાં ત્રણ કારણો છે : (i) ક્ષયોપશમ (ii) ક્ષય અને (iii) ઉપશમ. જ્યારે જ્ઞાનની ઉત્પત્તિના બે જ કારણો છે. (i) ક્ષય અને (ii) ક્ષયોપશમ. જો આ બે વચ્ચે તફાવત ન હોય તો શા માટે સમ્યગ્દર્શનના ત્રણ પ્રકારના કારણો છે અને સમ્યગ્જ્ઞાનના બે જ પ્રકારના કારણો છે ? અર્થાત્ ભેદ ન હોય તો તેઓના કારણો પણ સરખાં જ હોવા જોઈએ. પણ તેવું નથી, આથી બન્નેય વચ્ચે ભેદ હોવાથી જ આવા કારણોની સંખ્યાનો ભેદ ઘટે છે.

**(૨) સ્વભાવ-ભેદ :** તથા સમ્યગ્દર્શન અને જ્ઞાનના સ્વભાવનો પણ ભેદ છે. તે આ રીતે "તે જ નિઃશંકપણે સત્ય છે, જે જિનેશ્વરદેવ વડે કહેલું છે અને (કેવળજ્ઞાન વડે) પ્રાપ્ત કરેલું છે, જાણેલું છે." **तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेदितं उवलद्धं च ।** [આચારાંગ૦ અ.૫, ઉ.૫, સૂ૦ ૧૬૩] આવા પ્રકારની જિનેશ્વર દેવ વડે પ્રરૂપિત પદાર્થો

१. पादिषु । उत्पादि० पू. । २. लि. । मुपलंभं० पू. ।

"**सव्वगयं सम्मत्तं**" इति वचनात्, श्रुतज्ञानं तु सकलद्रव्यगोचरं कतिपयपर्यायावलम्बि चेत्येवं किल पारमार्थिकभेदं पश्यद्भिर्भाष्यं व्याख्यातम् । **अपरे** तु, ज्ञानदर्शनयोः

ઉપર **સ્વતઃ** = સ્વભાવથી - નિસર્ગથી અથવા **પરતઃ** = પરોપદેશથી જે રુચિમાત્ર - શ્રદ્ધામાત્ર ઉત્પન્ન થઈ હોય તે **સમ્યગ્દર્શન** કહેવાય. (જ્યારે સમ્યગ્જ્ઞાન એટલે જિનેશ્વર દેવ પ્રરૂપિત પદાર્થોનો યથાર્થ બોધ... ફક્ત રુચિ નહીં...)

(૩) **વિષયભેદ :** તથા આ બે વચ્ચે વિષયનો ભેદ પણ છે. '**सव्वगयं सम्मत्तं**' (આવ. નિર્યુ.) એવા આગમવચનથી સર્વ દ્રવ્ય અને સર્વ ભાવ વિષયવાળી રુચિ એ સમ્યક્ત્વ = સમ્યગ્દર્શન છે. જ્યારે શ્રુતજ્ઞાન તો સર્વ દ્રવ્ય - વિષયક હોય છે પણ કેટલાંક જ પર્યાયોનું અવલંબન કરનારું છે - આ પ્રમાણે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે પારમાર્થિક ભેદને જોનારા આચાર્ય વડે ભાષ્યની વ્યાખ્યા કરાઈ છે.

ચંદ્રપ્રભા : **सव्वगयं सम्मतं सुए चरित्ते न पज्जवा सव्वे ।**
**देसविरइं पडुच्च दुण्हंपि पडिसेहणं कुज्जा ॥**

**[આવ. નિર્યુ. શ્લો ૩૨૧, વિશેષવશ્યક ભા.શ્લો.૨૭૫૧]**

**શ્લોકાર્થ :** કેટલાં દ્રવ્યો અને પર્યાયો વિષે (ચાર પ્રકારના) સામાયિક હોય છે? એવી જિજ્ઞાસા હોતે છતે ઉપરોક્ત ગાથામાં કહે છે કે - **૧. સમ્યક્ત્વ** સર્વગત = સર્વ દ્રવ્ય-પર્યાય રૂપ વિષયવાળું છે. કારણ કે સમ્યક્ત્વ સર્વ દ્રવ્ય અને પર્યાયની રુચિ/શ્રદ્ધા સ્વરૂપ છે. ૨. **શ્રુત સામાયિક** અને ૩. **ચારિત્ર** રૂપ સામાયિકમાં સર્વ દ્રવ્યો વિષય બને છે. પરંતુ સર્વ પર્યાયો તેના વિષય બનતાં નથી. કારણ કે શ્રુતજ્ઞાન એ અભિલાપ્ય-પદાર્થના વિષયવાળું છે. જ્યારે દ્રવ્યના પર્યાયો તો અભિલાપ્ય (કહી શકાય) અને અનભિલાપ્ય (શબ્દથી કહી ન શકાય) તેવા બન્ને ય સ્વરૂપ છે. તથા ચારિત્રના પણ **पढमम्मि सव्वजीवा** [વિશેષા૦ ગા.૨૬૩૭] એ ગાથાવડે સર્વ દ્રવ્યો અને અસર્વપર્યાયો વિષય હોવાનું જણાવેલું જ છે. ૩. **દેશવિરતિ**-સામાયિકને આશ્રયીને તો બન્નેયનો નિષેધ કરવો. અર્થાત્ તે સર્વદ્રવ્ય-વિષયવાળુ નથી અને સર્વપર્યાય-વિષયવાળુ પણ નથી. (આમાં સમાન વિષય હોવાથી બીજા, ૪થા સામાયિકનો વિષય સાથે કહેલો છે, એમ જાણવુ.)

### ❋ સમ્યગ્દર્શન અને જ્ઞાન વચ્ચે અભેદ માનનારાઓનો મત ❋

**પ્રેમપ્રભાઃ अपरे तु** - બીજા આચાર્ય સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે ભેદને નહીં જોતાં અર્થાત્ અભેદ હોવાનું માનતાં હોઈને આ પ્રમાણે વ્યાખ્યા કરે છે - **एषां च**

१. पू. । र्थिकं मे० मु. ।

समीचोर्भेदमप्रेक्षमाणाः प्रभाषन्ते, **एषां च पूर्वस्य** द्वयस्य सम्यग्दर्शनस्य सम्यग्ज्ञानस्य च **लाभे** प्राप्तौ, **भजनीयं** स्याद् वा न वेति, **उत्तरं** चारित्रम्, **उत्तरस्य तु** सूत्रक्रमोपन्यस्तस्य सम्यक्चारित्रस्य **लाभे नियतो** निश्चितः **पूर्वलाभ** इति पूर्वयोः सूत्रक्रमव्यवस्थितयोः सम्यग्दर्शनसम्यग्ज्ञानयोर्लाभः-प्राप्तिरिति, अन्यथा तत् सम्यक्चारित्रमेव न स्याद् यदि ताभ्यामनुगतं[1] न स्यादिति ।

ते[2] तु **कथं** कारणादिकं भेदं न पश्यन्ति ? । **उच्यते**-मतिज्ञानस्यैव रुचिरूपो योऽपायांशस्तत् सम्यग्दर्शनम्, न ज्ञानादृतेन्यत् सम्यग्दर्शनं समस्ति । कारणादिकस्तु[3] भेदोऽन्यथा प्रकाश्यते[4], योऽसावुपशमोऽनन्तानुबन्ध्यादीनां स तस्य सम्यग्दर्शनस्योत्पत्तौ

---

**पूर्वस्य = द्वयस्य...** આ ત્રણમાંથી પૂર્વના બેનો અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ થયે ચારિત્રનો લાભ થાય કે ન પણ થાય - વિકલ્પ છે. જ્યારે સૂત્રમાં કહેલા ક્રમથી ઉત્તરમાં - છેલ્લે મૂકેલાં **સમ્યક્ચારિત્રનો** લાભ થાય ત્યારે નિશ્ચિતપણે સૂત્રમાં ક્રમની અપેક્ષાએ પૂર્વમાં મૂકેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. નહીંતર, જો પૂર્વના બે ગુણોથી યુક્ત ન હોય તો તે ચારિત્ર સમ્યક્ચારિત્ર જ ન હોય... એમ અન્ય આચાર્ય માને છે.

**શંકા :** શા માટે આ આચાર્ય સમ્યગ્દર્શન અને જ્ઞાનના કારણ વગેરેના ભેદને જોતાં નથી ? સ્વીકારતાં નથી ? અને શા માટે તેવા કારણાદિના ભેદનો અસ્વીકાર કરીને કાર્ય રૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને અભેદ રૂપે માને છે ? **સમાધાન :** મતિજ્ઞાનનો જ જે રુચિ-રૂપ અપાયાંશ છે - અર્થાત્ મતિજ્ઞાનના જે અવગ્રહ-ઈહા-અપાય-ધારણા રૂપ ચાર ભેદો છે તેમાંથી જે ત્રીજો અપાય (નિશ્ચય) રૂપ ભેદ છે, તેમાં જે રૂચિ રૂપ અંશ છે તે **સમ્યગ્દર્શન** કહેવાય છે. આથી જ્ઞાન સિવાય અન્ય કોઈ સમ્યગ્દર્શન નથી.

**પ્રશ્ન :** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના કારણોનો ભેદ (પૂર્વે કહેલો) છે, તેનું શું ?

**જવાબ :** હવે કારણનો જે ભેદ છે, તેને જુદી રીતે પ્રકાશિત કરાય છે. તે આ પ્રમાણે - જે આ અનંતાનુબંધી ચાર કષાય વગેરે રૂપ કર્મપ્રકૃતિઓનો ઉપશમ થાય છે, તે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં નિમિત્ત બને છે અર્થાત્ અનંતાનુબંધી કષાયનો ઉપશમ થતાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અવશ્ય થાય છે. જેમ કે કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં મોહનીય કર્મનો

---

१. पादिषु । नुगते० पू. । २. पादिषु । ननु० मु. । ३. पादिषु । दिभेदस्त्वन्य० मु. । ४. पादिषु । व्याख्यायते० मु. ।

निमित्तं भवति, यथा केवलज्ञानस्योत्पत्तौ मोहनीयक्षयः, न पुनस्तदेव मोहनीयं केवलस्यावरणमिति शक्यमभ्युपगन्तुं, निमित्तं तु मोहनीयक्षयः तेनाक्षीणेन केवलस्यानुत्पत्तेः[1] । एवमिहापि यावदसावनन्तानुबन्ध्यादीनामुपशमो न भवति न तावत् सम्यग्दर्शनपर्यायस्याविर्भावः, न पुनस्तदेवानन्तानुबन्ध्याद्यावरणं सम्यग्दर्शनस्य । **किं** पुनरावरणमिति **चेत्**, ज्ञानावरणमेव, तावच्चेदं क्षयोपशमं न प्रतिपद्यते यावदनन्तानुबन्ध्यादीनां नोपशमः समजनीति ।

ક્ષય નિમિત્ત = હેતુ છે. અર્થાત્ મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ તેનો મતલબ એ નથી કે, 'મોહનીય કર્મ એ કેવળજ્ઞાનનું આવારક કર્મ છે.' આ પ્રમાણે માનવું તો શક્ય જ નથી. હા, તે મોહનીય કર્મનો ક્ષય કેવળજ્ઞાનની ઉત્પત્તિનું નિમિત્ત જરૂર બને છે, કારણ કે, જ્યાં સુધી તે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતી નથી. તેમ પ્રસ્તુતમાં પણ જ્યાં સુધી આ અનંતાનુબંધી આદિ કષાયોનો ઉપશમ થતો નથી, ત્યાં સુધી સમ્યગ્દર્શન રૂપ અવસ્થા -પર્યાય પ્રગટ થતો નથી. આમ હોવા છતાં ય તે જ અનંતાનુબંધી આદિ કષાય રૂપ કર્મ એ સમ્યગ્દર્શન ગુણનું આવરણ નથી. (આમ મોહનીય કર્મ એ પોતાનું (કેવળજ્ઞાનનું) આવારક = ઢાંકનાર કર્મ ન હોવા છતાં ય જેમ મોહનીય કર્મનો ક્ષય થવાથી જ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તેમ પોતાનું આવરણ કરનારું કર્મ ન હોવા છતાં ય અનંતાનુબંધી કષાય આદિ કર્મનો ઉપશમ થવાથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આથી અનંતાનુબંધી આદિ કષાયનો ઉપશમ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં નિમિત્ત બને છે.)

**પ્રશ્ન :** (અનંતાનુબંધી આદિ જો સમ્યગ્દર્શન ગુણનું આવારક કર્મ ન હોય) તો સમ્યગ્દર્શન ગુણનું આવરણ (= આવારક કર્મ) શું છે ? **જવાબ :** જ્ઞાનાવરણ કર્મ એ જ સમ્યગ્દર્શનનું આવરણ કરનારું કર્મ છે. અને ત્યાં સુધી આ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થતો નથી, જ્યાં સુધી અનંતાનુબંધી આદિ કર્મપ્રકૃતિનો ઉપશમ થયો નથી.

**ચંદ્રપ્રભાઃ** અહીં મૂળમાં દરેક ઠેકાણે 'અનંતાનુબંધી-આદિ' એમ કહેલું છે, તેમાં અનંતાનુબંધી શબ્દથી અનંત સંસારને ચલાવનારા એવા તીવ્રમત કષાયો = ક્રોધ, માન, માયા અને લોભનું ગ્રહણ કરવું. અને 'આદિ' શબ્દથી મિથ્યાત્વ મોહનીય વગેરે દર્શન-મોહનીય કર્મના ત્રણ ભેદો યથાયોગ્ય સમજવા. તેનુ આગળ આઠમા-અધ્યાયમાં કથન કરાશે. તેમાં અર્થાત્ અનંતાનુબંધી રૂપ ચાર કષાયો અને દર્શન-ત્રિકનું (= સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ ત્રણનું) ગ્રહણ કરવું. આમ આ ૪ + ૩ = ૭ મોહનીય કર્મની પ્રકૃતિનો

१. पादिषु । त्पत्तिः० पू. ।

अनन्तानुबन्ध्याद्युपशमे सति तदुपजायत इति उपशमसम्यग्दर्शनं भण्यते, स्वावरण-क्षयोपशममङ्गीकृत्य क्षयोपशमजमेतदुच्यते, तस्मात् परत उपशमव्यपदेशो न स्वावरणापेक्षया इति । तथा स्वभावभेदः पूर्वपक्षवादिना योऽभ्यधायि तत्राप्येवं पर्यनुयोगः कर्तव्यः- कोऽयमभिलाषो रुचितत्त्वलक्षणोऽन्यो मत्याद्यपायांशं विरहय्येति । एवं विषयभेदोऽपि

---

ઉપશમ થવાથી ઉપશમ - સમ્યક્દર્શન ઉત્પન્ન થાય છે એમ સર્વ ઠેકાણે અર્થ સમજવો.

**પ્રેમપ્રભાઃ** આથી જ અનંતાનુબંધી આદિ કર્મનો ઉપશમ થાય ત્યારે જ આ સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું હોવાથી તેને ઉપશમ - સમ્યગ્દર્શન કહેવાય છે. તથા પોતાના જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતું હોવાથી આ ક્ષયોપશમ - જન્ય (ક્ષાયોપશમિક) સમ્યગ્દર્શન કહેવાય છે. આમ સમ્યગ્દર્શનમાં જે 'ઉપશમ'નો વ્યવહાર-કથન થાય છે તે પરતઃ = (અનંતાનુબંધી આદિ) પર - કર્મપ્રકૃતિના ઉપશમને લઈને છે. અર્થાત્ ઉપચારથી છે, પરંતુ સ્વ-આવરણના ઉપશમને લઈને થતો નથી, એમ સમજવું - આ બીજા આચાર્યના મત પ્રમાણે સમજવું.)

તથા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સ્વભાવનો ભેદ જે પૂર્વપક્ષ-પ્રતિવાદી વડે કહેવાયેલો તેમાં પણ આ પ્રમાણે પ્રત્યુત્તર (અનુયોગ) આપવો.

**જવાબ :** સમ્યગ્દર્શન રૂપે માનેલ રુચિ-તત્ત્વ (સ્વભાવ) રૂપ જે આ અભિલાષ (શ્રદ્ધા) છે, તે મતિ આદિ જ્ઞાનના ત્રીજા અપાય (નિશ્ચય) અંશ (ભેદ/પ્રકાર) સિવાય બીજું શું છે ? અર્થાત્ રુચિ-તત્ત્વ રૂપ અભિલાષ એ મતિજ્ઞાન વગેરેનો અપાય રૂપ = નિશ્ચય રૂપ અંશ જ છે, તેનાથી જુદો નથી. આથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સ્વભાવનો ભેદ પણ ન હોવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે ભેદ નથી, અભેદ જ છે. તથા (૩) આ જ રીતે તે બન્નેયના વિષયોનો ભેદ હોવાનું પણ નિરાકરણ કરવું. (અર્થાત્ બન્નેય જ્યારે એક-અભિન્ન રૂપ છે ત્યારે તેઓનો વિષય પણ સમાન જ છે)

**ચંદ્રપ્રભા :** અહીં શંકા થાય કે આ રીતે જ્ઞાન અને દર્શનને એક કહેવામાં તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થતાં જ્ઞાન (અને ચારિત્ર વગેરે પણ) સમ્યગ્ બને છે એ વાત ઘટશે નહીં. આથી સમ્યગ્દર્શન પહેલાં જે જ્ઞાન હોય તે અજ્ઞાન રૂપ હોય છે એવું પણ ન રહ્યું. આથી મિથ્યા દૃષ્ટિ જીવના જ્ઞાનને પણ સમ્યગ્જ્ઞાન માનવાનો પ્રસંગ શું નહિ આવે ? અર્થાત્ આવશે જ.... આવી શંકાને દૂર કરવા જિનવચનમાં કહેલ પદાર્થો ઉપરની શ્રદ્ધા રૂપ જ્ઞાનની વિશિષ્ટ અવસ્થા એ જ સમ્યગ્દર્શન છે એમ જણાવતાં બીજા આચાર્ય કહે છે -

निराकार्य इति । तस्मात् ज्ञानस्यैव विशिष्टावस्थाऽन्यमतपरिकल्पिततत्त्वनिरासतो जिनवचनोन्नीतपदार्थश्रद्धानलक्षणा सम्यग्दर्शनव्यपदेशं प्रतिलभत इति न्याय्यम् ।

**પ્રેમપ્રભા : तस्मात्** - અન્ય-મત વડે પરિકલ્પિત (સ્વીકારેલ) જે તત્ત્વ છે, તેનો નિરાસ = નિષેધ/નિરાકરણ કરવાપૂર્વક આ પ્રમાણે નિષ્કર્ષ આવે છે - જિનેશ્વર દેવ વડે કહેલ વચનો વડે પ્રકાશિત (જીવાદિ) પદાર્થોની શ્રદ્ધા/રુચિ સ્વરૂપ જ જ્ઞાનની જે વિશિષ્ટ અવસ્થા છે તે 'સમ્યગ્દર્શન' એવા વ્યવહારને પામે છે અર્થાત્ તે જ સમ્યગ્દર્શન કહેવાય છે. અહીં પૂર્વોક્ત શ્રદ્ધાયુક્ત જ્ઞાનની જ વિશિષ્ટ અવસ્થા - એમ કહેવાથી એક તો અન્ય મતવાળા મિથ્યાદષ્ટિ જીવના જ્ઞાનને અથવા સમકિતી આત્માના જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાનો સવાલ પેદા થતો નથી. કારણ કે ત્યારે જે જ્ઞાન હોય છે તે સમ્યગ્દર્શન = શ્રદ્ધાથી યુક્તરૂપ વિશિષ્ટ અવસ્થાવાળું હોતું નથી. બીજું કે અન્ય - પરિકલ્પિત એટલે કે પૂર્વે કેટલાંક આચાર્યએ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો ભેદ માનેલો છે તેઓ વડે સ્વીકારાયેલ તત્ત્વનો નિષેધ કરવાપૂર્વક અમે 'શ્રદ્ધાયુક્ત વિશિષ્ટ જ્ઞાનાવસ્થા રૂપ સમ્યગ્દર્શન માનીએ છીએ' એવો પણ અર્થ જાણવો. (અહીં આ બીજા આચાર્યના મતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ જુદાં નથી પણ અભિન્ન જ છે - એ મતનું કથન સમાપ્ત થયું.)

**ચંદ્રપ્રભા :** આ પ્રમાણે **एषां च पूर्वस्य लाभे०** એવા ભાષ્ય-વચનની બે પ્રકારની વ્યાખ્યા ટીકાકારશ્રી સિદ્ધસેનગણિવરશ્રીએ કરી છે, એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે વાસ્તવિક ભેદનો આશ્રય કરીને કરી છે અને બીજી વ્યાખ્યા બન્નેય વચ્ચે અભેદ હોવાની અપેક્ષાએ કરી છે. જો કે, પોતે બેમાંથી કઈ વ્યાખ્યાનો સ્વીકાર કરેલો છે એનો સ્પષ્ટ નિર્દેશ કરેલો નથી, કારણ કે, પોતે સ્યાદ્વાદ-અનેકાંતવાદના વિશિષ્ટ જ્ઞાતા અને પુરસ્કર્તા હોવાથી એકાંતે કોઈપણ મતનું નિરાકરણ-ખંડન કરવું ઉચિત નહીં લાગ્યું હોય... અર્થાત્ કોઈપણ મતમાં તર્કની દૃષ્ટિએ નિશ્ચિતપણે અસંગતતા જોઈ નહીં હોય એમ લાગે છે, અનુમાન થાય છે. તો પણ તેઓશ્રીનો ઢોળાવ પ્રથમ વ્યાખ્યા તરફનો હોય તેમ અમને લાગે છે - એનું એક કારણ એ છે કે, આ વ્યાખ્યાનો તેઓશ્રીએ સ્વીકાર કરીને - તેનું પ્રતિપાદન થઈ ગયા બાદ તે **कैश्चिद्** = કેટલાંકનો મત છે - સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે ભેદ માનનારાઓનો મત છે, એમ જણાવ્યું.

વળી ભાષ્યનો જે પાઠ છે - **एषां च पूर्वस्य लाभे०** એ પણ પ્રથમ ભેદ-પક્ષની વ્યાખ્યાને એકદમ બંધબેસતો છે. કારણ કે '**पूर्वस्य**' એમ એકવચનનો પ્રયોગ કરેલો છે, તે ફક્ત

સમ્યગ્દર્શનના લાભની અપેક્ષા એ છે. જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે અભેદ પક્ષનો આશ્રય હોત તો ભાષ્યમાં **एषां च पूर्वयोः लाभे०** એમ કહ્યું હોત. વળી પ્રથમ વ્યાખ્યાના અંતે 'પારમાર્થિક ભેદને માનનારા' એમ જે કહેલું તે પણ ભેદ-પક્ષ તરફ તેઓનો ઢળાવ હોય તેમ સૂચવે છે... કારણ કે બીજા મતની વ્યાખ્યા કરવામાં 'પારમાર્થિક અભેદ' એવો શબ્દ વાપરેલો નથી... આથી એવું લાગે છે કે ભેદ-પક્ષ સ્વતઃ સિદ્ધ છે... અર્થાત્ તે અંગેની દલીલો મજબૂત છે... કારણ કે શાસ્ત્રમાં પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું બન્નેનું આવારક કર્મ જુદું જુદું માનેલું છે આથી ભેદ એ સ્વતઃ સિદ્ધ છે. જ્યારે એ બે વચ્ચે બીજો અભેદ મત ઉપપાદનીય છે - અર્થાત્ તેની દલીલો ખોળવી પડે તેમ છે.

આથી જ શાસ્ત્ર-પ્રસિદ્ધ ઉપશમ-સમ્યગ્દર્શનને તેઓએ - બીજા આચાર્ય ભગવંતે ઉપચાર કરીને સિદ્ધ કરેલ છે... ઈત્યાદિ કારણે ટીકાકારનો પ્રથમ વ્યાખ્યા તરફનો ઝોક જણાઈ આવે છે... વળી તેઓએ આગળ જે રીતે કેવળજ્ઞાનીને યુગપત્ જ્ઞાન-દર્શન હોય કે ક્રમિક હોય ? એવી ચર્ચામાં તથા જ્ઞાન અને દર્શન (સામાન્ય બોધ = અનાકાર ઉપયોગ) એ બે વચ્ચે પણ ભેદ-અભેદની આગળ આવતી ચર્ચામાં તેઓશ્રી આગમોક્ત ભેદ-પક્ષનો જ આશ્રય કરનારા બનેલા છે, આથી તેઓનો આગમવાદ તરફનો ઝોક જણાઈ જાય છે. પ્રથમ વ્યાખ્યા આગમવાદી મતને અનુસરનારા મહાત્માઓના અભિપ્રાયથી છે, જ્યારે બીજી વ્યાખ્યા તર્કાનુસારી પૂજ્ય આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ વગેરેના મતને અનુસરનારી છે એમ જણાય છે. આમ સ્વયં આગમવાદી અભિપ્રાયવાળા હોવાથી પ્રથમ વ્યાખ્યાની તરફેણવાળા જણાય છે. વળી **'अपरे तु'**, એવા બીજા મતની શરૂઆતમાં મૂકેલાં વચનોથી પણ બીજા મતના પક્ષે તેઓને કંઈક અસ્વરસ છે, એમ સૂચવેલું છે... અહીં પ્રશ્ન એ થાય કે,

**પ્રશ્ન :** તો પછી ટીકાકાર ભગવંતે પ્રથમ પક્ષને આશ્રયીને જ વ્યાખ્યા કરવી જોઈએ ને ? બીજા અભેદ-પક્ષની ફક્ત વ્યાખ્યા જણાવવાનું કારણ શું છે ? બીજા પક્ષનું નિરાકરણ-ખંડન શા માટે ન કર્યું ? એના જવાબમાં અમને આમ કહેવું ઠીક લાગે છે -

**જવાબ :** ટીકાકાર ભગવંતો શિષ્યની બુદ્ધિની વિશદતા માટે પણ આ પ્રમાણે અન્ય મતનો ઉપન્યાસ કરતાં હોય છે, માટે અહીં પણ તેવું પ્રયોજન હોઈ શકે છે. વળી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે એકાંતે ભેદ જ છે અથવા એકાંતે અભેદ જ છે એવું કહી શકાતું નથી, કારણ કે, દ્રવ્ય અને પર્યાયો વચ્ચે અને ગુણ-ગુણી વચ્ચે પણ જેમ કથંચિત્ ભેદાભેદ રૂપ પક્ષનો સ્યાદ્વાદ-દર્શની જૈનોએ સ્વીકાર કરેલો છે તે રીતે અહીં પણ કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદનો સ્વીકાર એ સિદ્ધાંત વિરુદ્ધ જણાતો નથી.

**વિશેષાવશ્યક ભાષ્ય** વગેરે ગ્રંથોમાં જેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે કથંચિત્ ભેદ અને

**भा० तत्र सम्यगिति प्रशंसार्थो निपातः, समञ्चतेर्वा । भावे[1] दर्शनमिति ।**

કથંચિત્ અભેદ હોવાનો સ્વીકાર કરેલો છે અર્થાત્ તે બેના સ્વામી, કાળ, લાભ વગેરે સમાન ધર્મો (સાધર્મ્ય)ની અપેક્ષા એ મતિ અને શ્રુત જ્ઞાન વચ્ચે અભેદ માનેલો છે અને કાર્ય-કારણભાવ, તેમજ શ્રોત્રેન્દ્રિય વિષયક શ્રુત છે જ્યારે શેષ-ઈન્દ્રિય વડે મતિની ઉપલબ્ધિ છે - ઈત્યાદિ બન્નેય વચ્ચેના ભેદની પણ ઉપપત્તિ/સંગતિ કરેલી હોવાથી એકાંત ભેદ કે એકાંતે અભેદ પક્ષનો જ આશ્રય કરેલો નથી, કિંતુ સ્યાદ્વાદથી રસાયેલ ભેદાભેદ પક્ષનો જ આશ્રય કરેલો છે, તેમ પ્રસ્તુતમાં પણ કહી શકાય છે... અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે પણ એકાંતે ભેદ જ અથવા એકાંતે અભેદ જ એવું પ્રતિપાદન ન કરીને બન્નેય પક્ષની દલીલો રજૂ કરીને છોડી દીધું... કેમ કે, કથંચિત્ ભેદાભેદ જ પ્રમાણ હોવાથી ફક્ત ભેદનયથી વિચારણા કરાય ત્યારે તે નયથી ભેદ હોવો પણ સત્ય છે અને ફક્ત અભેદનયથી વિચારણા કરાય ત્યારે અભેદ હોવો પણ અસત્ય નથી... માટે ટીકાકાર ભગવંતે-સ્વયં ભેદ નય તરફ ઝોક રાખનારા હોવા છતાં ય અભેદ નયનું પ્રતિપાદન અન્ય આચાર્યના મતે કરીને મૂકી દીધું, પરંતુ તેનું ખંડન-નિરાકરણ ન કર્યું... એમ કરવામાં એકાંતવાદનો જ આશ્રય થવાના કારણે મિથ્યાત્વનો દોષ લાગવાનો તેઓને ભય હશે... કારણ કે ભેદ કે અભેદ એવા બે નયોમાંથી કોઈ એક જ નયનો આશ્રય અને બીજા નયનું એકાંત ખંડન એ સુનયને પણ નયાભાસ = દુર્નય બનાવી દે છે, પ્રમાણતાની વાત તો દૂર રહી. આથી ખંડન ન કરવામાં તેઓની ટીકાકાર મહાશયની પાપભીરુતા જ ઉલટી અભિવ્યંજિત થાય છે. આ અમારું અનુમાન પાયા વિનાનું નિરાધાર છે, એમ ન માનવું, કારણ આ જ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં તેઓએ ઠેર ઠેર એક-નયના અવલંબનને મિથ્યાત્વ કહેલું છે અને અનેક નયના-સર્વનયના આશ્રયમાં તેઓએ સમ્યગ્દર્શન જોયેલું છે, એ હકીકત તો ટીકાનો સંપૂર્ણ અભ્યાસ કરવાથી જણાઈ જ જશે.

બાકી પ્રસ્તુતમાં પ્રથમ વ્યાખ્યાના પક્ષ તરફનો ટીકાકાર ભગવંતનો ઝોક હોવાના કારણો અને તારણો અમે આગળ કહી ચૂક્યા છીએ, માટે અધિક વિસ્તારથી સર્યું...)

**પ્રેમપ્રભાઃ** હવે સૂત્રમાં મૂકેલાં સમ્યગ્દર્શન વગેરે અવયવોના ભેદોના દરેકના પ્રવિભાગ વડે અર્થાત્ એક એક શબ્દના પેટા વિભાગ કરીને પ્રતિપાદન કરતાં ભાષ્યમા કહે છે-

**ભાષ્ય : તેમાં 'સમ્યક્' શબ્દ એ પ્રશંસા - અર્થવાળો નિપાત છે. અથવા सम् પૂર્વક + अञ्च् ધાતુનું બનેલું રૂપ છે. 'ભાવ' અર્થમાં (પ્રત્યય લાગીને બનેલો) 'दर्शन' શબ્દ दृश् ધાતુનું રૂપ છે.**

१. टीकानु० । भावो० मु. ।

इदानीं सूत्रोपन्यस्तसम्यग्दर्शनाद्यवयवानां प्रविभागतः करोति अर्थप्रतिपादनम्-**तत्र सम्यगित्यादिना** । तत्रेत्यनेन सम्यग्दर्शनशब्दे ज्ञानादिषु च यः सम्यक्शब्दः स किमर्थान्तरमुररीकृत्य प्रवृत्तः ? नामाख्यातादीनां च[2] किमेतत् पदमिति पर्यनुयोगे सत्याह-**सम्यगिति** । **इति**शब्दोऽर्थाद्व्युस्य स्वरूपे स्थापयति, सम्यक्शब्द इत्यर्थः । प्रशंसा-अविपरीतता, यथावस्थितपदार्थपरिच्छेदिता, साऽभिधेया वाच्याऽस्येति **प्रशंसार्थः**,

## ❋ અવ્યુત્પત્તિ અને વ્યુત્પત્તિ પક્ષે 'સમ્યક્' શબ્દનો અર્થ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **सम्यक्** શબ્દની વ્યાકરણની દૃષ્ટિએ સિદ્ધિ કરતાં અર્થાત્ તેની વ્યુત્પત્તિ અને અર્થ જણાવતાં ભાષ્યકાર કહે છે - **तत्र** વગેરે... અહીં ટીકામાં અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે - **પ્રશ્નઃ** તેમાં અર્થાત્ 'સમ્યગ્દર્શન' શબ્દમાં અને સમ્યગ્જ્ઞાન વગેરેમાં જે **सम्यक्** શબ્દ જોડેલો છે, તે શું કોઈ બીજા જ અર્થને આશ્રયીને મૂકેલો છે ? (કે પ્રસિદ્ધ અર્થને આશ્રયીને ?) તથા (૧) નામ અને (૨) આખ્યાત (ક્રિયાપદ) એ બે પ્રકારના પદોમાં આ કયું પદ છે ? (અહીં 'નામ' પદ એટલે ધાતુ-પ્રત્યયના અર્થની અપેક્ષા વિનાનું, **અવ્યુત્પન્ન-પદ** સમજવું. જેમાં ધાતુ વગેરેના અર્થની અપેક્ષા વિના જ - સંબંધ વિના જ રૂઢિ અર્થની પ્રધાનતા હોય તે અવ્યુત્પન્ન પદ - નામ કહેવાય અને ધાતુનો અને પ્રત્યયનો અર્થ પણ જેમાં ઘટતો હોય, તેની અપેક્ષા રખાતી હોય તે **વ્યુત્પન્ન પદ** કહેવાય. તેને અહીં 'આખ્યાત' શબ્દથી જણાવેલું છે, માટે (૧) નામપદ છે કે (૨) આખ્યાતપદ છે ? એમ ટીકામાં પ્રશ્ન કરેલો છે.) એ પ્રમાણે અન્યવડે પ્રશ્ન ઉઠાવાતાં તેનો ભાષ્યકાર જવાબ આપે છે -

**જવાબ : सम्यक्** એવું પદ પ્રશંસા-અર્થવાળો નિપાત (અવ્યય) છે. **सम्यगिति** માં જે **इति** શબ્દ મૂકેલો છે તે **सम्यक्** શબ્દના અર્થનો નિષેધ કરીને તેના સ્વરૂપમાં સ્થાપન કરે છે. એટલે કે 'સમ્યક્'નું અહીં 'સારો' એવા (પ્રશંસારૂપ) અર્થમાં તાત્પર્ય નથી, પણ 'સમ્યક્' એવા શબ્દ (અક્ષરાત્મક બાહ્ય સ્વરૂપ) અર્થમાં તાત્પર્ય છે - આ વાત **सम्यक्** શબ્દ પછી મૂકેલા **'इति'** શબ્દથી જણાય છે. (કોઈપણ શબ્દની બે પ્રકારની શક્તિ હોય છે. (૧) એક તો જે અર્થમાં વપરાતો હોય તે અર્થને જણાવવાનું તેનું સામર્થ્ય હોય છે અને (૨) બીજું પોતાના સ્વરૂપને અર્થાત્ અક્ષરાત્મક દેહને/સ્વરૂપને પણ જણાવવાની શક્તિ શબ્દમાં સ્વતઃ સિદ્ધ છે. આમ, અહીં પ્રસ્તુતમાં બીજા પ્રકારની પણ શક્તિ જે **सम्यक्** શબ્દમાં પડેલી જ છે તેને **'इति'** શબ્દથી અભિવ્યક્ત કરાય છે - સ્પષ્ટ કરાય

१. सर्वप्रतिषु । प्रति मु. । २. पू. । ना मु. ।

निपात्यतेऽर्थावद्योतकतया **निपातः** । इदं च किल निसर्गसम्यग्दर्शनाङ्गीकरणाद् व्याख्यानम-व्युत्पत्तिपक्षाश्रयं परिगृह्यते, यतस्तत्पूजिततरं स्वत एवोपजायमानत्वात् । तदितरत् तु यद्यपि तथैवाविपरीतार्थतया विषयमवच्छिनत्ति तथापि तत्र परसाहायिकमस्ति तदस्मिन् पक्षे नावश्यंतया[1] श्रितम् । एवं तावत् प्रकृतिप्रत्ययमनालोच्य सम्यक्शब्दार्थो निरूपितः,

---

છે...) આથી **सम्यक् इति** એટલે 'સમ્યક્ - શબ્દ'... આ 'સમ્યક્' એવો શબ્દ પ્રશંસા એટલે કે અવિપરીતપણું - યથાર્થપણું - યથાવસ્થિત - જે પ્રમાણે હોય તે પ્રમાણે - પદાર્થનો બોધ કરવો - આવા અર્થવાળો નિપાત છે. અર્થના દ્યોતક (= પ્રકાશક - સૂચક) તરીકે જે મૂકાય તે **'નિપાત'** કહેવાય. (**निपात्यतेऽर्थापद्योवकतया निपातः**) 'સમ્યક્' શબ્દની આ જે વ્યાખ્યા છે, તે પ્રથમ 'નિસર્ગ' - સમ્યગ્દર્શનના સ્વીકારપૂર્વક કરેલી છે અને તે **અવ્યુત્પત્તિ-પક્ષનો** આશ્રય કરીને કરેલી છે.

**ચંદ્રપ્રભા : 'नाम च धातुजमाह'** એવી ઉક્તિના બળથી સંસ્કૃતમાં કોઈપણ નામ અર્થાત્ તમામ શબ્દો ધાતુ ઉપરથી - ધાતુને પ્રત્યય લાગીને બનેલાં છે, એમ મનાય છે. તેમાં કેટલાંક શબ્દોના અર્થોમાં ધાતુ-પ્રત્યયના અર્થોનો પણ સંબંધ થાય છે - ભળે છે જ્યારે કેટલાંક શબ્દોમાં ધાતુ (= પ્રકૃતિ) અને પ્રત્યયના અર્થો ભળતાં નથી, સંબંધ પામતાં નથી. આથી કેટલાંક શબ્દો વ્યુત્પન્ન અને કેટલાંક શબ્દો અવ્યુત્પન્ન હોય છે. વળી વ્યુત્પન્ન શબ્દોમાં વ્યાકરણના નિયમો અવશ્ય લાગુ પડતા હોય છે. આમાં **વ્યુત્પત્તિ** એટલે પ્રકૃતિ (ધાતુ વગેરે) અને પ્રત્યયના અર્થને કહેવાપૂર્વક શબ્દના વિભાગનું (અવયવનું) કથન કરવું. આવું વિભાગનું કથન કરવામાં જો ધાતુ વગેરેનો અર્થ શબ્દના વાચ્ય (મુખ્ય) અર્થમાં ઘટતો હોય - સંબંધ પામતો હોય તો તે **વ્યુત્પન્ન શબ્દ** કહેવાય. તથા જો ધાતુ અને પ્રત્યયનો અર્થ તેનાથી બનેલાં શબ્દના વાચ્ય-અર્થ = મુખ્ય અર્થમાં સંબંધ (અન્વય) પામતો ન હોય તો તે **અવ્યુત્પન્ન** શબ્દ કહેવાય છે. અહીં 'સમ્યક્' શબ્દ બન્નેય પ્રકારનો મળે છે. (૧) વ્યુત્પન્ન અને (૨) અવ્યુત્પન્ન. તે બન્નેયનો આશ્રય ભાષ્યમાં કરેલો છે અને તેનું સ્પષ્ટીકરણ સિ.સે. ટીકામાં કરેલું છે.

**પ્રેમપ્રભા :** કારણ કે આ **(૧) નિસર્ગ**-સમ્યગ્દર્શન સ્વતઃ જ ઉત્પન્ન થનારું હોવાથી અધિગમ-સમ્યગ્દર્શન કરતાં વધારે પૂજ્ય-સારું છે. તેનાથી અન્ય - બીજું જે **(૨) અધિગમ** - સમ્યગ્દર્શન છે, તે જો કે તે જ રીતે - નિસર્ગ સમ્યગ્દર્શનની જેમ જ - અવિપરીતપણે - યથાર્થ રૂપે વિષયનો બોધ કરે છે, તો પણ તે બીજાની સહાયથી ઉત્પન્ન થનારું છે. આથી તેનો આ પક્ષમાં (અવ્યુત્પત્તિ પક્ષે પ્રશંસા-અર્થમાં) અવશ્ય રૂપે આશ્રય કરેલો નથી... આમ પ્રકૃતિ-પ્રત્યયના અર્થની વિચારણા કર્યા વિના (અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયને

---

१. सर्वप्रतिषु । श्य० मु. ।

व्युत्पत्तिपक्षेऽप्यर्थप्रदर्शनायाह-**समञ्चतेर्वा** । सम्पूर्वादञ्चतेः साध्यमेतद्रूपमिति, अर्थः पुनः गतिः पूजा च[1] श्रयणीयेति । तत्र पूजा पूर्वव्याख्यानेन दर्शिता, इह तु गत्यर्थो वर्ण्यते, समञ्चति गच्छति व्याप्नोति सर्वान् द्रव्यभावानिति सम्यक् ।

**कः** कर्त्रर्थ इति **चेत्**, यदेतद् दर्शनं रुचिरूपं तत् समञ्चति व्याप्नोति । एवमेते जीवादयोऽर्थाः यथा नयसामग्र्या **जैनै**राख्यायन्ते, न पुनरेकनयावलम्बि**साङ्ख्य**वत् प्रतिपद्यन्ते, नित्या एवैते, अनित्या इति वा **शाकलिकचीवरक**वत्, न सन्ति वा, **लौकायतिक**वदिति, कथञ्चित्सन्ति (क[2]थञ्चिद् न सन्ति) कथञ्चिन्नित्याः, कथञ्चिदेवानित्याः, द्रव्यपर्यायनयद्वय-

નિરપેક્ષપણે - અવ્યુત્પત્તિ પક્ષે) 'સમ્યક્' શબ્દના અર્થનું નિરૂપણ કર્યું.

હવે **વ્યુત્પત્તિ-પક્ષે** એટલે કે પ્રકૃતિ-પ્રત્યયના અર્થની સાપેક્ષ રીતે - તેની વિચારણાપૂર્વક પણ **सम्यक्** એવું રૂપ બનેલું છે. **अञ्च्** ધાતુનો (i) ગતિ કરવી અથવા (ii) પૂજા-સારુ હોવું, એ બે અર્થ લેવાનો છે. તેમાં (ii) 'પૂજા' (સારું) એવો અર્થ હમણાં ઉપર કહેલી વ્યાખ્યામાં જણાવી દીધો છે. આથી અહીં 'ગમન' (ગતિ) રૂપ અર્થ કહેવાય છે. **समञ्चति - गच्छति, व्याप्नोति सर्वान् भावान् इति सम्यक्** । જે સર્વ ભાવોને (પદાર્થોને) પ્રાપ્ત કરે, વ્યાપે તે **सम्यक्** કહેવાય.

### ※ એકનયમતમાં મિથ્યાત્વ, સર્વનયમતમાં સમ્યગ્દર્શન ※

**પ્રશ્ન :** અહીં કર્તાનો શું અર્થ છે ? અર્થાત્ 'કર્તા' = વ્યાપનાર કોણ છે ?

**જવાબ :** અહીં રુચિ રૂપ સમ્યગ્દર્શન એ વ્યાપનાર = પ્રાપ્ત કરનાર 'કર્તા' છે. તે રુચિરૂપ સમ્યગ્દર્શન જીવાદિ પદાર્થોને આ રીતે વ્યાપે છે, પ્રાપ્ત કરે છે - "**આ જીવ-અજીવ વગેરે પદાર્થો આ પ્રમાણે જ છે - યથાર્થ છે, જે રીતે જૈનો વડે સમગ્ર સર્વ નયો વડે (અથવા નયો રૂપી સામગ્રી વડે) જણાવેલાં છે...**" એમ સર્વ પદાર્થોને વ્યાપે છે. પરંતુ એક જ નયનું અવલંબન કરનારા **સાંખ્યોની** જેમ (જીવાદિ પદાર્થો) સ્વીકારાતાં નથી... જેમકે 'નિત્ય જ છે'... અથવા **શાકલિકો** એટલે શકલ ઋષિએ કહેલાં શાસ્ત્રને ભણનારાઓ અને **ચીવરકો** એટલે બૌદ્ધાદિ... તેઓ જે રીતે જીવાદિ પદાર્થો 'અનિત્ય જ છે' એમ કહે છે, એવું પણ નથી. અથવા તો લોકાયતિક = નાસ્તિકો જે રીતે (જીવાદિ પદાર્થો) 'છે જ નહીં' એમ જે માને છે, તેવું પણ નથી. કિંતુ, જીવાદિ પદાર્થો કોઈક અપેક્ષાએ (કથંચિત્-કોઈનય વિશેષથી) 'વિદ્યમાન' છે, અને (કથંચિત્ - બીજા નયથી) 'વિદ્યમાન નથી'... તેમજ જીવાદિ પદાર્થો અમુક અપેક્ષાએ નિત્ય છે અને બીજી અપેક્ષાએ-

१. पू. । वाश्रय० मु. । २. जै.-शो. । ना. अन्यत्र ।

प्रपञ्चापेक्षया इति आविष्करिष्यामः पञ्चमाध्याये । एवं च[1] यदा दृष्टिः प्रवर्तते तदा सम्यगिति कथ्यते । **वाशब्दो** अविकल्पप्रदर्शनाय । एतस्मिंश्च पक्षे किलाधिगमसम्यग्दर्शनं कथितम्, यतस्तदेव प्रायोवृत्त्या द्रव्यपर्यायनयसमालोचनेन गुरूपदेशपूर्वमितिकृत्वा यथावदवगच्छति शास्त्राद्यभ्यासादिति । एवं सम्यक्शब्दं निरूप्य सम्प्रति दर्शनशब्दार्थकथना, यतः अनेकस्मिन् कारके[2] ल्युट् सम्भाव्यते करणादिके-पश्यति स तेन तस्मिंस्तस्मादित्यादि, अतोऽविशिष्ट एव कारके भावाख्ये दृश्यत इत्याह[3]-**भावे[4] दर्शनमिति ।**

---

દૃષ્ટિકોણથી અનિત્ય છે. અર્થાત્ (૧) **દ્રવ્ય-નયથી** (દ્રવ્યાસ્તિક નયથી) નિત્ય છે અને (૨) **પર્યાય નયથી** (પર્યાયાસ્તિક નયથી) અનિત્ય છે. આ પ્રમાણે આ બે મુખ્ય નયના વિસ્તારની (ભેદની) અપેક્ષાએ **જૈન** મતે પદાર્થનું નિરૂપણ કરાય છે અને તેને અમે આગળ પાંચમાં અધ્યાયમાં પ્રગટ કરીશું.

આ પ્રમાણે જીવાદિ પદાર્થોના નિરૂપણમાં જ્યારે (અર્થાત્ નય-સાપેક્ષ રીતે - કથંચિત્, એકાંતે નહીં એ રીતે) 'દૃષ્ટિ' એટલે રુચિ પ્રવર્તે છે, ત્યારે તે રુચિ (અથવા બોધ) 'સમ્યક્' કહેવાય છે.

**वा** શબ્દ વિકલ્પ અર્થ બતાવવા માટે છે. 'સમ્યક્' શબ્દને પ્રશંસા અર્થવાળો 'નિપાત' કહો અથવા સમ્પૂર્વક **अञ्च्** ધાતુનું રૂપ કહો એમ વિકલ્પ જાણવો. આ બીચ (વ્યુત્પત્તિ) પક્ષે 'સમ્યક્' શબ્દનો **'અધિગમ-સમ્યગ્દર્શન'** અર્થ વિવક્ષિત છે. કારણ કે, આ જ સમ્યગ્દર્શન પ્રાયઃ કરીને (૧) દ્રવ્ય-નય વડે અને (૨) પર્યાય-નય વડે સર્વની વિચારણા (આલોચન) કરવા દ્વારા ગુરુના ઉપદેશપૂર્વક થાય છે. આથી શાસ્ત્ર વગેરેના અભ્યાસથી (આદિથી ગુરુકુલવાસનું આસેવન વગેરેથી) જીવાદિ વસ્તુને યથાવત્ જેવી છે તેવા સ્વરૂપે જાણે છે... (આ પ્રમાણે પૂર્વે કહેલ "જીવાદિ પદાર્થોને સમ્યગ્ રીતે પામવું, વ્યાપવું" રૂપ અર્થ અહીં અધિગમ સમ્યગ્દર્શનમાં ઘટે છે.)

### ❋ 'दर्शन' શબ્દની ભાવ (ક્રિયા) અર્થમાં સિદ્ધિ ❋

આ પ્રમાણે 'સમ્યક્' શબ્દનું નિરૂપણ કરીને, હવે '**दर्शन**' શબ્દના અર્થને કહેવાનો વારો છે - આમાં '**दृश**' ધાતુથી **ल्युट् ( अनट् )** પ્રત્યય થયો છે. આ **अनट्** પ્રત્યય જે કારણથી 'કરણ' વગેરે અનેક 'કારક'ના અર્થમાં સંભવે છે - જેમકે, **पश्यति स तेन, तस्मिन्, तस्मात्** ઈત્યાદિ... આથી 'ભાવ' રૂપ અવિશિષ્ટ-કારક અર્થમાં જ અહીં **अनट्** પ્રત્યય દેખાય છે, એ પ્રમાણે ભાષ્યમાં જણાવતાં કહે છે-

---

१. पादिषु । च तत्र० मु. । २. पू. जै. । के च० मु. । ३. सर्वप्रतिषु । इत्यादि० मु. । ४. पू.ला.लि. । भावो० मु. ।

**भा० दृशेरव्यभिचारिणी सर्वेन्द्रियानिन्द्रियार्थप्राप्तिः, एतत् सम्यग्दर्शनम् । प्रशस्तं दर्शनं सम्यग्दर्शनम् । सङ्गतं वा दर्शनं सम्यग्दर्शनम् । एवं ज्ञानचारित्रयोरपि ॥ १ ॥**

दृष्टिर्या अविपरीतार्थग्राहिणी जीवादिकं विषयमुल्लिखन्तीव प्रवृत्ता सा सम्यग्दर्शनम् । **अथ** किमर्थमन्यानि कारकाणि निरस्य भावकारकमाददर्श[1] भाष्यकारः ? **उच्यते**-ज्ञानमेव तत् तादृशं मुख्यया वृत्त्या तथाऽवस्थितं, [2]यत्तु तत्र करणादिव्यपदेशास्त उपचरिता इति कृत्वा न

---

**ભાષ્ય : દૃષ્ટિની = જ્ઞાન-પરિણતિની અર્થને અવ્યભિચારી (અવિપરીત-અર્થને ગ્રહણ કરનારી) એવી જે ઈન્દ્રિય અને અનિન્દ્રિયના અર્થની (વિષયની) પ્રાપ્તિ = ઉપલબ્ધિ થવી આ સમ્યગ્દર્શન છે.**

**પ્રશસ્ત દર્શન તે સમ્યગ્દર્શન અથવા સંગત એવું દર્શન તે સમ્યગ્દર્શન.**

**આ પ્રમાણે જ્ઞાન અને ચારિત્રના વિષયમાં પણ (सम्यक् શબ્દનો અર્થ વગેરે) જાણવું.**

**પ્રેમપ્રભા :** 'દર્શન' શબ્દની વ્યાખ્યા કરતાં ભાષ્યમાં કહે છે - ભાવ અર્થમાં પ્રત્યય લાગીને બનેલું **दर्शन** એવું રૂપ **दृश्** ધાતુનું છે. (એટલે કે **दृष्टिः दर्शनम्** । એવી વ્યુત્પત્તિ કરીને - **दृश्** + **अन** = **दर्शन** શબ્દ બનેલો છે.) જે દૃષ્ટિ જીવાદિ પદાર્થને અવિપરિતપણે ગ્રહણ કરનારી હોય અર્થાત્ જીવાદિ પદાર્થનો-વિષયનો જાણે યથાવત્ ઉલ્લેખ કરનારી હોય એમ પ્રવૃત્ત થયેલી હોય તે **સમ્યગ્દર્શન** કહેવાય.

**શંકા :** અહીં **दर्शन** શબ્દમાં અન્ય કારકોને ટાળીને ભાષ્યકાર ભગવંતે 'ભાવ' રૂપ (કારક) અર્થને જ શા માટે જણાવ્યો છે ? **સમાધાન :** તે 'દર્શન' એ બીજું કાંઈ નહીં પણ તેવા સ્વરૂપવાળું જ્ઞાન મુખ્ય રીતે તેવા પ્રકારે 'દર્શન' રૂપે અવસ્થિત છે - રહેલું છે. વળી તેમાં 'કરણ' આદિ કારકનું કથન થાય છે, (જેમ કે, **पश्यति अनेन - दर्शनम्, ज्ञायतेऽनेनेति ज्ञानम्**) તે ઉપચરિત છે... અર્થાત્ દર્શન એટલે રુચિ-શ્રદ્ધા - એ એક પ્રકારનું જ્ઞાન જ છે, જ્ઞાનનો જ અંશ છે. (હવે જ્ઞાનની વ્યુત્પત્તિ **ज्ञातिर्ज्ञानम्,** વસ્તુના સ્વરૂપનું અવધારણ-નિશ્ચય કરવો, એમ ભાવ અર્થમાં આગળ જ્ઞાન શબ્દની સિદ્ધિ કરેલી છે, માટે તેના અંશ રૂપ 'દર્શન' શબ્દની પણ 'ભાવ' અર્થમાં જ સિદ્ધિ કરેલી છે.) આ જ મુખ્ય અર્થ છે - જેના વડે દેખાય-રુચિ થાય વગેરે અર્થો તો ઉપચરિત છે માટે તેનો આશ્રય કરેલો નથી આથી મુખ્ય રૂપે જ પ્રયોગ કરવા માટે 'ભાવ' અર્થમાં 'દર્શન'

---

१. पू. । माद्दिदेश० मु. । २. पू. । ये तु० मु. ।

तेष्वादर इति भावं दर्शितवान् । **दृशेरिति** । एतत्पूर्वेण वा सम्बन्धमुपयाति दृशेर्यदेतद्दर्शनमिति रूपमेतत् **भावे** भावाभिधायि प्रतिपत्तव्यम् । अथवा परेण दृशेः प्राप्तिरुपलब्धिर्वाच्या सा चैवंरूपा, **अव्यभिचारिणी**त्यादि । व्यभिचरत्यवश्यमिति-व्यभिचारिणी, सा च एकनयमतावलम्बिनी, सामान्यमेवास्ति न विशेषाः सन्ति, विशेषमात्रं वा समस्ति न सामान्यमित्यादिका । यतः सा नयान्तरेणापक्षिप्यते, असत्यत्वात्, अतो व्यभिचारिणी, न

---

શબ્દનો પ્રયોગ કરેલો છે. (અહીં ભાવ = એટલે ધાતુનો અર્થ, ક્રિયા રૂપ અર્થ - દા.ત. **ज्ञा** ધાતુ હોય તો તેનો અર્થ 'જાણવું' છે, એ જ અર્થ (ભાવ) **अनट्** પ્રત્યય દ્વારા કહેવાય છે. **चरणं-चारित्रम्** = એટલે આચરણ. આમ અન્યત્ર પણ સમજવું.)

**दृशेः** એવું ભાષ્ય-ગત પદ છે, તે **'भावे दर्शनम्'** એવા પૂર્વ પદો સાથે સંબંધ પામે છે, આથી આવો અર્થ થાય - **दृश्** ધાતુનું જે આ **'दर्शन'** એવું રૂપ (પૂર્વે કહ્યા મુજબ) છે, તે 'ભાવ'માં થયું છે, અર્થાત્ ભાવે રૂપ અર્થનું અભિધાન (કથન) કરનારું છે એમ જાણવું.

## સમ્યગ્દર્શનનું બીજું લક્ષણ : અવિપરીત-દૃષ્ટિ (દર્શન)

અથવા તો પર-પાછળ આવનારા **अव्यभिचारिणी** વગેરે પદો સાથે **दृशि** - શબ્દનો સંબંધ થાય છે. **दृशेः** એટલે દૃષ્ટિની પ્રાપ્તિ-ઉપલબ્ધિ એમ સંબંધ કહેવો... અને આ પ્રાપ્તિ-ઉપલબ્ધિ આવા પ્રકારની છે - 'અવ્યભિચારિણી' = અવિપરીત અર્થનું યથાર્થ ગ્રહણ કરનારી... અહીં દૃષ્ટિને એટલે જ્ઞાન પરિણતિને અવિપરીત = યથાર્થ અર્થનું ગ્રહણ કરનારી એવી ઈન્દ્રિય-અનિન્દ્રિયના અર્થની (વિષયની) પ્રાપ્તિ-ઉપલબ્ધિ તે સમ્યગ્દર્શન છે. એમ સમસ્ત અર્થ છે.(હા.ભ. ટીકામાં પૂર્વના પદની સાથે જ દશિનો સંબંધ કરેલો છે જ્યારે સિદ્ધસેનીયા ટીકામાં પૂર્વોક્ત રીતે આગળ-પાછળ બન્નેય રીતે સંબંધ કરેલો છે.) હવે ભાષ્યના એક એક શબ્દનો અર્થ ટીકાના આધારે જોઈએ.

**अव्यभिचारिणी** શબ્દનો વિશિષ્ટ અર્થ જણાવતાં ટીકામાં કહે છે - **व्यभिचरति अवश्यं - व्यभिचारिणी** । જે અવશ્ય પોતાના અર્થ/પદાર્થ સાથે વ્યભિચાર પામે અર્થાત્ જે રીતે જીવાદિ પદાર્થ હોય તેનાથી અન્ય રૂપે - વિપરીત રૂપે ગ્રહણ કરે / જાણે તે વ્યભિચારિણી કહેવાય. અને તે દૃષ્ટિ કોઈ એક જ સામાન્ય, વિશેષ, 'નિત્યત્વ આદિ' મતનું અવલંબન (આશ્રય) કરનારી હોય છે. (૧) સામાન્ય અને (૨) વિશેષ એવા બે

व्यभिाचरिणी–अव्यभिचारिणी । का ? या सर्वान्नयवादान् साकल्येन परिगृह्य प्रवृत्ता, कथञ्चित् सामान्यं द्रव्यास्तिकाज्ञाच्छन्दतः सत्यं, विशेषाश्च पर्यायावलम्बनमात्रसत्या इत्यादिप्रपञ्चेनाव्यभिचारिणी । तां कथयति-**सर्वेन्द्रियाऽनिन्द्रियार्थ-प्राप्तिरिति । सर्वाणि** निरवशेषाणि, **इन्द्रियानिन्द्रियाणि,** इन्द्रस्य[१] जीवस्य लिङ्गानि श्रोत्रादीनि पञ्च, अनिन्द्रियं,

ધર્મોવાળી વસ્તુને વિષે તે સામાન્ય રૂપે જ છે, પણ તેના વિશેષો (ભેદો) નથી, એમ માને છે અથવા તે વસ્તુ વિશેષો/ભેદો રૂપે જ છે, પણ સામાન્ય (સમાન ધર્મ) રૂપે નથી - ઈત્યાદિ રૂપ એક જ મત (અપેક્ષા-નય)ને માને છે. આવી એક જ મતને (નયને) સ્વીકારનારી દૃષ્ટિ, જે કારણથી અસત્ય છે, (સર્વથા સત્ય નથી, આંશિક જ સત્ય છે) તે કારણથી બીજા નયથી આક્ષિપ્ત કરાય છે. અર્થાત્ તેનો નિષેધ-ખંડન કરાય છે. એટલે કે સામાન્યગ્રાહી નય વડે (અપેક્ષા / અભિપ્રાય વડે) વિશેષગ્રાહી નયનું ખંડન કરાય છે અને વિશેષગ્રાહી નય વડે સામાન્યગ્રાહી નયનું ખંડન કરાય છે. આથી એક જ નય-મતને માનનાર અસત્-મતવાળો બની જાય છે. (સ્યાદ્વાદનો આશ્રય કરાય તો જ બન્ને નયનો સ્વીકાર થઈ શકે પણ એકાંત-મતવાળા સ્યાદ્વાદનો આશ્રય કરતાં નથી) આથી તેઓની દૃષ્ટિ વ્યભિચારિણી-વિપરીતગ્રાહિણી-અયથાર્થગ્રાહિણી છે. જે આવી ન હોય તે **અવ્યભિચારિણી દૃષ્ટિ** કહેવાય.

**પ્રશ્ન :** એવી કઈ દૃષ્ટિ છે, જે આવી યથાર્થગ્રાહિણી કહેવાય ?

**જવાબ :** જે દૃષ્ટિ સર્વ નયવાદ (નય-સમૂહ)નો સમસ્ત રૂપે સ્વીકાર કરીને પ્રવર્તતી હોય, તે અવ્યભિચારિણી-યથાર્થગ્રાહિણી કહેવાય. **દા.ત.,** 'સામાન્ય' એ કોઈક અપેક્ષાએ (કથંચિત્) એટલે કે દ્રવ્યાસ્તિક-નયના અભિપ્રાયથી સત્ય છે અને (૨) 'વિશેષો' (ભેદો) એ ફક્ત પર્યાયના આલંબનથી - આશ્રયથી એટલે કે પર્યાયાસ્તિક નયથી સત્ય છે... આ પ્રમાણે આવી દૃષ્ટિ જુદા જુદા નયથી વિસ્તારપૂર્વક - વ્યાપકરૂપે પદાર્થનો બોધ કરનારી હોવાથી યથાર્થગ્રાહિણી-અવ્યભિચારિણી કહેવાય છે.

### ❋ 'ઇન્દ્રિય-અનિન્દ્રિયની પ્રાપ્તિ એટલે શું ?' ❋

આવી દૃષ્ટિને જણાવતાં ભાષ્યકાર કહે છે - એવી અવ્યભિચારિણી 'સર્વ' ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન + ઓઘજ્ઞાન)ના અર્થની/વિષયની પ્રાપ્તિ = ઉપલબ્ધિ, જાણવું, ગ્રહણ/બોધ તે **સમ્યગ્દર્શન** કહેવાય. આ પ્રમાણે ભાષ્યનો સમુદાય અર્થ છે. હવે તેના

१. सर्वप्रतिषु । द्रस्याजी० मु. ।

मनोवृत्तिरोघज्ञानं चेति । श्रोत्रादीनां पञ्चानां द्वयोश्चानिन्द्रिययो **अर्थः** विषयः शब्दादिः परिच्छेद्यः, श्रोत्रादिपरिच्छिन्नार्थानुसन्धायि च मनोविज्ञानं, अनुप्रवृत्तेः. ओघज्ञानमनिन्द्रियजमेव इन्द्रियानुसारिविज्ञाननिरपेक्षं, *'पृष्ठत उपसर्पन्तं सर्पं बुद्ध्यैव पश्यन्ति'* इति वचनात्, वल्ल्यादीनां नीव्राद्यभिसर्पणज्ञानं क्वचिन्मनोनिरपेक्षमिति, अतस्तेषामिन्द्रियानिन्द्रियार्थाना-मुपलब्धिः-**प्राप्तिः** स्वतः परतो वा तदर्थप्रकाशनोत्तरकालभाविनी ग्राह्या, न तु तेषां सर्वेन्द्रियाद्यर्थानां सन्निकर्षमात्र[1]प्राप्तिरभिप्रेता । न च सर्वेन्द्रियाणां स्वेन विषयेण सह्याश्लेषः

દરેક શબ્દોનો અર્થ ટીકાથી જોઈએ - અવ્યભિચારિણી શબ્દનો અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. સર્વ એટલે નિરવશેષ-સંપૂર્ણ... **इन्द्रियानिन्द्रियाणि** - આમાં **इन्द्र** એટલે જીવ... અને તેના લિંગ-ચિહ્ન તે **ઈન્દ્રિય** કહેવાય. ઈન્દ્રિયો રૂપ ચેતનાથી આત્મા જણાય છે, માટે ઈન્દ્રિયો (દ્રવ્ય પ્રાણ) એ આત્માનું ચિહ્ન છે. તે ઈન્દ્રિયો શ્રોત્ર વગેરે પાંચ પ્રકારે છે. તથા 'અનિન્દ્રિય' એટલે મનનો વ્યાપાર, મનની વૃત્તિ અને ઓઘ-જ્ઞાન, આમ બે પ્રકારે છે. આ પાંચ 'ઈન્દ્રિયોનો' અથવા બે પ્રકારની 'અનિન્દ્રિયનો' અર્થ = એટલે વિષય. અર્થાત્ શબ્દ વગેરે બોધ કરવા યોગ્ય = જ્ઞેય પદાર્થ... અનિન્દ્રિયના બે અર્થો પૈકી પ્રથમ **(૧) મનોવિજ્ઞાન** - એટલે શ્રોત્ર વગેરે. ઇન્દ્રિયોથી જણાયેલ અર્થ/વિષયનું અનુસંધાન કરનારું અર્થાત્ મન દ્વારા વિચારણા કરવાપૂર્વકતે વિષયનું સંકલન કરે તે **મનોવિજ્ઞાન** કહેવાય. કારણ કે, ઈન્દ્રિયો દ્વારા અર્થનું ગ્રહણ થયા બાદ-પછીથી તેની મન દ્વારા વિચારણાપૂર્વક મનોવિજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. **(૨) ઓઘજ્ઞાન :** આ ઓઘ-જ્ઞાન પણ અનિન્દ્રિયથી (ફક્ત મનથી = સંસ્કારથી) જ ઉત્પન્ન થનારું છે... આથી ઇન્દ્રિયને અનુસરનાર (ઈન્દ્રિય-જન્ય) જ્ઞાનની અપેક્ષા વિના જ ઉત્પન્ન થાય છે. દા.ત. "પૂંઠના ભાગે (પાછળ) પાસે સરકતાં સર્પને બુદ્ધિથી જ દેખે છે, જાણે છે." એમ લોકમાં બોલાતાં વચનથી ઉપર કહેલી હકીકત જણાય છે. તથા વેલડી વગેરેને છાપરા વગેરે તરફ સરકવાનું/ચઢવાનું જ્ઞાન ક્યારેક મનને નિરપેક્ષપણે જ થતું હોય છે - (અર્થાત્ સંસ્કાર માત્રથી થતું હોય છે.) આથી તે ઈન્દ્રિય (પાંચ) અને અનિન્દ્રિય (બે)ના વિષયોની ઉપલબ્ધિ = પ્રાપ્તિ (જ્ઞાન રૂપે પરિણતિ) છે, એ **સ્વતઃ** એટલે સ્વભાવથી - નિસર્ગથી - **સહજ ક્ષયોપશમથી** અથવા **પરતઃ** એટલે ગુરુ વગેરેના પરોપદેશ દ્વારા તેના ગ્રાહ્ય વિષયનો પ્રકાશ/બોધ થવાના ઉત્તરકાળે થનારા જ્ઞાન વિશેષ રૂપ લેવી, પણ સર્વ ઈન્દ્રિયોના વિષયોના સંનિકર્ષ-માત્ર = સંબંધ માત્ર રૂપ પ્રાપ્તિ-ઉપલબ્ધિ માનવી ઈષ્ટ

१. पादिषु । मात्रप्रा० मु. ।

समस्ति, यतश्चक्षुः स्वदेशस्थं योग्यदेशव्यवस्थितं रूपमारूपयति, नास्य गमने सामर्थ्यमस्ति, अप्राप्यकारित्वात् । श्रोत्रादीनि तु प्राप्तार्थग्राहीणि, प्राप्तकारित्वात्[1] चत्वारि, मनोविज्ञानं तु तत्पृष्ठानुसारिविकल्पकम्, अतोऽव्यभिचारिणी सर्वेन्द्रियाद्युपलब्धिः । इदमेव तत्त्वं परमार्थः शेषः परमार्थो न भवति । **एतत्सम्यग्दर्शनम्** । सम्प्रति निपाते सम्यक्शब्दे गृहीते योऽर्थस्तं भावार्थं च दर्शयति-**प्रशस्तं दर्शनं सम्यग्दर्शन**मिति । अविपरीतानां द्रव्यभावानां

નથી. વળી તમામ ઈન્દ્રિયોનો પોતાના વિષય સાથે સંબંધ પણ હોતો નથી. કારણ કે, ચક્ષુરિન્દ્રિય છે, તે પોતાના દેશમાં/સ્થાનમાં રહીને જ યોગ્ય દેશમાં/ક્ષેત્રમાં રહેલ અર્થાત્ અત્યંત નજીક પણ નહીં અને અતિશય દૂર પણ નહીં એ રીતે રહેલ રૂપને દેખે છે-જાણે છે. ચક્ષુરિન્દ્રિયનું વિષય-દેશમાં જવાનું સામર્થ્ય હોતું નથી, કેમકે તે અપ્રાપ્તકારી છે. પોતાના વિષય સાથે સંબંધ કરીને જ જ્ઞાન કરાવે તે શ્રોત વગેરે ઈન્દ્રિયને **પ્રાપ્તકારી** (પ્રાપ્યકારી) કહેવાય. આથી વિપરીત હોય તે **અપ્રાપ્તકારી** કહેવાય. શ્રોત્ર વગેરે ચાર ઈન્દ્રિયો તો પ્રાપ્ત = એટલે કે ઈન્દ્રિય સાથે સંબદ્ધ એવા જ અર્થનું/વિષયનું ગ્રહણ કરનારી છે, કારણ કે, તે ચાર પ્રાપ્તકારી છે અર્થાત્ પ્રાપ્ત = ઈન્દ્રિય સાથે સંબદ્ધ એવા વિષયનું ગ્રહણ કરનારી છે.

વળી **મનોવિજ્ઞાન** છે, તે પાંચ ઈન્દ્રિયો વડે અર્થનું જ્ઞાન કર્યા બાદ તે જ્ઞાનને અનુસરતી વિચારણા પૂર્વક થાય છે. આથી સર્વ ઈન્દ્રિય વગેરે વડે (આદિથી અનિન્દ્રિયવડે) થનારી ઉપલબ્ધિ-જ્ઞાન-વિશેષ એ અવ્યભિચારિણી/યથાર્થ બોધ કરનારી છે... અર્થાત્ ફક્ત કોઈ એક જ નય મતનું અવલંબન ન કરીને સર્વ નયોના મતનો ઉચિત આશ્રય કરનારી હોવાથી તે ઈન્દ્રિય આદિના વિષયની પ્રાપ્તિ/ઉપલબ્ધિ એ **અવ્યભિચારિણી** છે. વસ્તુનો યથાર્થપણે બોધ કરનારી છે. આ જ તત્ત્વ એ પરમાર્થ છે, આથી શેષ બીજો પરમાર્થ નથી એમ જણાવતાં ભાષ્યમાં કહે છે - **આ જ સમ્યગ્દર્શન છે.**

હવે નિપાત = અવ્યયનામ રૂપ '**सम्यक्**' શબ્દનું ગ્રહણ કરાયે છતે (અર્થાત્ ભાષ્યમાં પ્રથમ કહેલ પ્રશંસા-અર્થવાળા 'સમ્યક્' શબ્દનું ગ્રહણ કરવામાં) જે અર્થ કહેલો, તેનો **ભાવાર્થ** ભાષ્યમાં જણાવે છે - **प्रशस्तं दर्शनं - सम्यग्दर्शनम्** । જગતના નાથ શ્રી જિનેશ્વર દેવો વડે કહેલ અવિપરીત = યથાર્થ એવા દ્રવ્યો અને ભાવોનું/પર્યાયોનું આલંબન

१. सर्वप्रतिषु । प्राप्य० मु. ।

जगन्नाथाभिहितानामालम्बिका प्रवृत्तिः रुचिलक्षणा सा प्रशस्तं दर्शनमिति, प्रशस्तमुक्तिसुख-हेतुत्वात्। तथा व्युत्पत्तिपक्षाश्रितो योऽर्थस्तं कथयति-**सङ्गतं वा दर्शनं सम्यग्दर्शन**मिति। नित्यानित्यसदसत्सामान्यविशेषेषु **जैनप्रवचना**नुसारात् तस्यैव विज्ञानस्य नयद्वयसमारोपणेन च प्रवृत्तिः सा सङ्गतमिति व्यपदिष्टा । **एवं** सम्यग्दर्शनशब्दावयवान्वाख्यानं[1] कुर्वता भाष्यकृता सम्यग्ज्ञानचारित्रयोरपि काक्वा कृतम् । सम्यग्ज्ञानशब्देऽपि सम्यक्शब्दः प्रशंसार्थो निपातः समञ्चतेर्वा, ज्ञानमिति च भाव एव, एवं चारित्रमपि, स्वस्थाने च विशेषमाविष्कारिष्याम इति ॥ १ ॥

કરનારી રુચિ-સ્વરૂપ પ્રવૃત્તિ (વૃત્તિ) તે પ્રશસ્ત-દર્શન છે, અર્થાત્ **સમ્યગ્દર્શન** છે. કારણ કે, તે પ્રશસ્ત એવી મુક્તિના સુખનો હેતુ (કારણ) છે.

તથા વ્યુત્પત્તિ - પક્ષનો સ્વીકાર કરીને **सम्यक्** શબ્દનો જે બીજો અર્થ ફળીભૂત થાય છે, તેને ભાષ્યમાં જણાવે છે, **सङ्गतं वा दर्शनम्, सम्यग्दर्शनम्** । અથવા 'સંગત એવું દર્શન' તે સમ્યગ્દર્શન... જૈન = જિનેશ્વર દેવે કહેલ પ્રવચન (શાસન)ના અનુસારે નિત્ય-અનિત્ય, સત્-અસત્ તથા સામાન્ય-વિશેષ સ્વરૂપ પદાર્થોને વિષે તે જ પૂર્વોક્ત વિજ્ઞાનની-બે નયોનો = અભિપ્રાય-વિશેષનો આશ્રય કરીને-પ્રવૃત્તિ થાય છે તે 'સંગત' છે, એમ કહેલ છે, માનેલ છે.

**ચંદ્રપ્રભા :** આમાં કોઈ એક જ 'નિત્ય' વગેરે પક્ષના આશ્રય કરવામાં બીજા 'અનિત્ય' વગેરે પક્ષોની યુક્તિઓ વડે નિત્ય વગેરે પક્ષનું ખંડન થવાનો સવાલ પૈદા થતો નથી. કારણ કે બન્ને ય પક્ષનું યથાયોગ્ય અવલંબન/આશ્રયણ કરેલું છે.

**પ્રેમપ્રભા : एवं ज्ञान-चारित्रयोरपि** । આ પ્રમાણે 'સમ્યગ્દર્શન' શબ્દના અવયવોનું વ્યાખ્યાન / વિવેચન કરનારા એવા ભાષ્યકાર ભગવંત વડે અર્થાપત્તિથી 'સમ્યગ્જ્ઞાન' અને 'સમ્યક્ચારિત્ર'ની પણ વ્યાખ્યા કરેલી છે, એમ સમજવું. એટલે કે, 'સમ્યગ્જ્ઞાન' શબ્દમાં પણ '**सम्यक्**' શબ્દ (પ્રથમ અવ્યુત્પત્તિ પક્ષે) પ્રશંસા-અર્થવાળો નિપાત છે અથવા (બીજા વ્યુત્પત્તિ-પક્ષે) **सम्** પૂર્વક + **अञ्च्** ધાતુનું (**क्विप्** પ્રત્યય લાગતાં) બનેલું રૂપ છે. તથા '**ज्ञानम्**' એવું રૂપ છે, તે (**ज्ञा** ધાતુનું) 'ભાવ' અર્થમાં જ ( **अनट्** પ્રત્યય લાગીને) બનેલું રૂપ છે. આ પ્રમાણે '**चारित्र**' શબ્દની બાબતમાં પણ સમજવું અને તેના વિશેષ અર્થને અમે પોતાના નિરૂપણ કરવાના સ્થાને/અવસરે પ્રગટ કરવાના જ છીએ.

**અહીં પ્રથમ-સૂત્રની સિદ્ધસેનીયા ટીકાનો ગુર્જર ભાવાનુવાદ સમાપ્ત થયો.**

१. ख. । वयवान् व्या० पू. ।

सम्प्रति सम्यग्दर्शनादीनां यथाक्रमसन्निविष्टानामाद्यस्यैव लक्षणं *'यथोद्देशस्तथा निर्देश'* इत्यभिधातुकाम आह-"**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" ( १-२ ) । *'पदाक्षरवचनवाक्यानामभिप्रायविवरणं व्याख्या* । इति वचनात् । प्रागवाचि **वाचकमुख्येन** "लक्षणतो विधानतश्चोपदेक्ष्यामः" (१-१) इति, सत्यपि प्रमाणनयनिर्देशादिसदा[१]द्यनेकानुयोगद्वारव्याख्याविकल्पे पुनः पुनस्तत्र तत्रैतदेव द्वयमुपन्यस्यन् भाष्याभिप्रायमाविष्करोति **सूरिः**-लक्षणविधाने एवास्मिन्

**દ્વિતીય સૂત્રની ભૂમિકા :** હવે ક્રમ પ્રમાણે - '**यथोद्देशस्तथा निर्देशः**' । એટલે કે જે પ્રમાણે-જે ક્રમથી કહેવાનો ઉદ્દેશ કરેલો હોય તે પ્રમાણે શાસ્ત્રકારો નિર્દેશ કરતાં હોય છે.... આ ઉક્તિને અનુસરીને **પ્રથમ સૂત્રમાં** જે પ્રમાણે - જે ક્રમથી સમ્યગ્દર્શન વગેરે મૂકેલાં છે, તે ક્રમ પ્રમાણે તેમાં પ્રથમ મૂકેલાં 'સમ્યગ્દર્શન'ના જ લક્ષણને જણાવવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર પરમર્ષિ હવે- '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' [ १-२ ] સૂત્રની રચના કરે છે. વ્યાખ્યાની વ્યાખ્યા જણાવતાં સિ.સે. ટીકામાં કહે છે કે, જે કારણથી પદ-અક્ષર-વચન-વાક્યોના અભિપ્રાયનું વિવરણ કરવું = **સમાન અર્થવાળા અન્ય પદોથી** અર્થનું કથન કરવું તે **વ્યાખ્યા** કહેવાય.... આ પ્રમાણે 'વ્યાખ્યા' પદનો અર્થ હોવાથી પૂર્વે કહેલ '**सम्यग्दर्शनज्ञानाचारित्राणि मोक्षमार्गः**' એ ઉદ્દેશ રૂપ પ્રથમ સૂત્રમાં પ્રથમ મૂકેલ સમ્યગ્દર્શનનું વિવેચન/વ્યાખ્યા કરનાર આ બીજા સૂત્રને બીજા ક્રમથી જણાવેલ છે, તે યોગ્ય જ છે.

અહીં સૂત્રનું હાર્દ જણાવતાં ટીકામાં કહે છે કે, પૂર્વે **વાચક-મુખ્ય** ગ્રંથકર પરમર્ષિ **શ્રી ઉમાસ્વાતિજી મહારાજે** કહેલું છે કે, આગળ અમે (i) લક્ષણ અને (ii) વિધાનથી/ભેદથી ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ કહીશું. આમાં **તાત્પર્ય** એવું છે કે, પ્રમાણ, નય, નિર્દેશ આદિ (સાતમાં સૂત્રમાં કહેલ) તેમજ સત્, સંખ્યા આદિ (આઠમાં સૂત્રમાં કહેલ) જે અનેક પ્રકારના અનુયોગ દ્વારો રૂપી વ્યાખ્યાના વિકલ્પો = રસ્તાઓ હોવા છતાં ફરી ફરી તે તે ઠેકાણે આ જ બે (૧) લક્ષણ અને (૨) ભેદ (વિધાન) રૂપ વિકલ્પોને કહે છે અને આ પ્રમાણે કહેતાં એવા ગ્રંથકાર **આચાર્ય ભગવંત** પૂર્વોક્ત ભાષ્યના આવા અભિપ્રાયને જ પ્રગટ કરે છે કે - **"આ શાસ્ત્રમાં પદાર્થના (i) લક્ષણ અને (ii) વિધાન એ બે જ મુખ્ય વિષય છે."** આથી સમ્યગ્દર્શનના લક્ષણનો ઉપન્યાસ કરે છે.

१. पादिषु । निर्देशसदसदाद्यनेका० मु. ।

शास्त्रे[1] प्रधानाधिकारिके इत्यतो लक्षणमुपन्यस्यति । अत्र च[2] पर्यायनिर्भेदप्रभेदादिभिः पदाद्यभिप्रायः प्रकाशनीयः । तत्र प्रधानशब्दस्य तदर्थशब्दान्तराणि **पर्यायाः**, प्रकृतिप्रत्ययादिनिर्भेदनं[3] तथा गृहीतान्वर्थशब्दविवरणं **निर्भेदः**, तथा वाक्यान्तरेण निरूपणं **प्रभेदः**। तत्रेदं सूत्रं वाक्यान्तरनिरूपणद्वारेण प्राणायि **सूरिणा । अथवा** समुदायो मुक्तेः कारणतया निरूपित इति, न च समुदायिष्वपरिज्ञातेषु तत्परिज्ञानमस्तीति आद्यस्य लक्षणप्रचिकासयिषया सूत्रं पपाठ । **तत्त्वार्थे**त्यादि ।

## सू० तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥१-२॥

**टी०** अनेकसमासकल्पनासम्भवे यत्र सुखेन बुद्धिराधातुं शक्यते प्रतिपिपादयिषितार्थप्रवणा,

---

### ❋ વ્યાખ્યાના ત્રણ પ્રકાર ❋

વળી આમાં (i) પર્યાય, (ii) નિર્ભેદ અને (iii) પ્રભેદ આદિ વડે 'પદ' વગેરેનો અભિપ્રાય પ્રકાશિત કરવા યોગ્ય છે. (પર્યાય વગેરેની વ્યાખ્યા જણાવતાં કહે છે-) તેમાં **(i) પર્યાય :** પ્રધાન એટલે કે મુખ્ય શબ્દના જે સમાન અર્થવાળા બીજા શબ્દો હોય તે 'પર્યાય' શબ્દો કહેવાય. **(ii) નિર્ભેદ :** પ્રકૃતિ, પ્રત્યય વગેરેનો ભેદ = વિભાગ કરવો તેમજ (તેવા વિભાગથી) ગ્રહણ કરેલાં અન્વર્થ-શબ્દનું અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયનો અર્થ જે મુખ્ય અર્થમાં ઘટતો હોય તે અન્વર્થ-શબ્દ કહેવાય, તેનું વિવરણ કરવું તે 'નિર્ભેદ'... તથા **(iii) પ્રભેદ :** બીજા વાક્ય વડે વિવક્ષિત અર્થનું નિરૂપણ કરવું તે 'પ્રભેદ' કહેવાય. આ ત્રણ વ્યાખ્યાના પ્રકારો પૈકી **'અન્ય વાક્ય વડે અર્થનું નિરૂપણ કરવું'** એવા ત્રીજા પ્રકાર વડે આ બીજું સૂત્ર સૂત્રકાર સૂરિજી વડે રચાયેલું છે.

અથવા સમ્યગ્દર્શન આદિ ત્રણનો સમુદાય મુક્તિના કારણ તરીકે જણાવેલો છે... પણ જ્યાં સુધી સમુદાયિનું = એટલે કે તે સમુદાયના ભાગ રૂપે થનારા અંશનું જ્ઞાન ન થાય ત્યાં સુધી સમુદાયનું વાસ્તવિક જ્ઞાન થતું નથી. આ કારણથી સમુદાયના પ્રથમ વિભાગ રૂપે બનેલાં સમ્યગ્દર્શનનું લક્ષણ પ્રકાશિત કરવાની ઈચ્છાથી આગળનું સૂત્ર કહેલું છે, તે આ પ્રમાણે -

## तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥ १-२ ॥

**સૂત્રાર્થ :** (જીવાદિ) તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

**પ્રેમપ્રભા : तत्त्वार्थश्रद्धानं** અહીં અનેક રીતે સમાસની કલ્પના કરવાનો સંભવ હોવા

---

१. पादिषु । जै. । शास्त्रे च० मु. । २. पादिषु जै. । ना. मु. । ३. पू. । भेदेन० मु. ।

तां कल्पनामुपन्यस्यति-**तत्त्वानामर्थानामिति** ।

**भा० तत्त्वानामर्थानां श्रद्धानं, तत्त्वेन वा अर्थानां श्रद्धानं तत्त्वार्थश्रद्धानं, तत् सम्यग्दर्शनम् । तत्त्वेन भावतो निश्चितमित्यर्थः ।**

**तत्त्वानाम्** अविपरीतानाम्, के वा अविपरीताः ? ये स्याद्वादकेसरिगोचरमनतिक्रम्य स्थिताः, ये त्वेकनयकलभकविलोकितास्ते विपरीताः । **अर्थानामिति**, अर्यमाणानां स्वैः

છતાં ય જે સમાસની કલ્પના કરવામાં પ્રતિપાદન કરવાને/કહેવાને ઈષ્ટ એવા અર્થનું ગ્રહણ કરવામાં તત્પર એવી બુદ્ધિનું સુખેથી આધાન કરી શકાય અર્થાત્ તેમાં સુખેથી બુદ્ધિની ગતિ થઈ શકે, તે (સમાસને) કલ્પનાને ભાષ્યકાર ભાષ્યમાં રજૂ કરે છે.

**ભાષ્ય : (i) જીવાદિ તત્ત્વ રૂપ અર્થોની શ્રદ્ધા અથવા (ii) તત્ત્વથી અર્થોની શ્રદ્ધા તે 'તત્ત્વાર્થશ્રદ્ધાન', તે સમ્યગ્દર્શન છે. 'તત્ત્વથી' એટલે ભાવથી અર્થાત્ નિશ્ચિયપૂર્વક (જાણવું/ શ્રદ્ધા કરવી...)**

**પ્રેમપ્રભા :** મોક્ષ માર્ગના ઘટક ત્રણ ગુણો પૈકી પ્રથમ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરતાં બીજુ સૂત્ર રચેલું છે. તેનો અર્થ જીવાદિ તત્ત્વ રૂપ અર્થોની શ્રદ્ધા અથવા તત્ત્વથી અર્થોની શ્રદ્ધા તે **સમ્યગ્દર્શન** છે એમ ભાષ્યનો સમુદિત-ભેગો અર્થ છે. ટીકામાં તેના એક-એક અવયવોનો અર્થ કહે છે - **तत्त्वानां अर्थानां श्रद्धानम्** । તત્ત્વ રૂપ અર્થોની શ્રદ્ધા... આમાં તત્ત્વ એટલે અવિપરીત અર્થો...

### ❋ સ્યાદ્વાદ સિંહ છે, એકાંતવાદ અન્ય પ્રાણી... ❋

**પ્રશ્ન :** અવિપરીત અર્થો કોને કહેવાય ?

**જવાબ :** જે તત્ત્વો સ્યાદ્વાદ રૂપી સિંહના વિષયનું ઉલ્લંઘન કર્યા વિના અર્થાત્ સ્યાદ્વાદ-સિંહની મર્યાદામાં રહેલાં છે તે અવિપરીત કહેવાય. વળી જે અર્થો-પદાર્થો કોઈ એક જ નય રૂપી મદનીયા (હાથીનું બચ્ચું) વડે જોવાયેલાં છે - જાણેલા છે, તે વિપરીત અર્થો છે.

**ચંદ્રપ્રભા : कलभक** શબ્દમાં '**कलभ**' શબ્દથી સ્વાર્થમાં અથવા 'હ્રસ્વ/નાનું' એવા અર્થમાં **क** પ્રત્યય લાગેલો છે. 'કલભ' શબ્દના અનેક અર્થો છે, જેમ કે, નાનો હાથી-હાથીનું બચ્ચું, ઊંટનું બચ્ચું અથવા કોઈપણ પ્રાણીનું બચ્ચું... પણ સામાન્યથી સિંહ અને હાથી બળની અપેક્ષાએ સમોવડિયા અને સાહિત્યમાં તે બેના પરસ્પર ટકરાવની ઉપમા અનેક ઠેકાણે પ્રસિદ્ધ છે. આથી

१. पू. । कल्पक० मु. ।

स्वैर्ज्ञानविशेषैः परिच्छिद्यमानानां, **श्रद्धानं** रुचिरभिप्रीतिः सम्यग्दर्शनम्, यथाऽर्हता विगतरागद्वेषप्रपञ्चेन जगदे जगदेकबन्धुना तथेदं सत्यं जीवादिवस्तु ।

ननु च व्यभिचारे सति विशेषणविशेष्यकल्पना न्याय्या यथा नीलोत्पलादिषु, इह तु यत् तत्त्वं तन्नार्थं विहायान्यद् भवितुमर्हति अर्थो वा तत्त्वमन्तरेणेति, यदेव तत्त्वं स

---

અમે 'હાથીનું બચ્ચું' અર્થ લખેલો છે. એક નય - મતના વાદીને તેની ઉપમા આપી છે.

## ❋ 'तत्त्वार्थनी श्रद्धा' નો અર્થ ❋

**પ્રેમપ્રભા :** 'તત્ત્વ' શબ્દનો અર્થ કહીને હવે 'અર્થ' શબ્દનો અર્થ જણાવે છે. જે 'અર્યમાણ' = એટલે કે બોધ કરાતો હોય તે અર્થ કહેવાય. **પ્રશ્નઃ** કોના વડે ? **જવાબઃ** પોત-પોતાના જ્ઞાન વિશેષ વડે બોધ કરાતાં હોય તે (જીવાદિ) અર્થ કહેવાય. અર્થાત્ જ્ઞાનના વિષયભૂત પદાર્થ... શ્રદ્ધાન = એટલે રુચિ, અનુકૂળ-ઈષ્ટ એવી પ્રીતિ-અભિપ્રીતિ. આમ તત્ત્વ રૂપ (જીવાદિ) અર્થોની શ્રદ્ધા-રુચિ-પ્રીતિ તે સમ્યગ્દર્શન એટલે કે **"જગત માત્રના બંધુ, જેઓના રાગ-દ્વેષના પ્રપંચો સર્વથા ચાલી ગયા છે - નાશ પામ્યા છે, એવા અરિહંત (તીર્થંકર) વડે જે પ્રમાણે આ જીવાદિ વસ્તુ કહેલી છે, તે પ્રમાણે જ સત્ય છે, સાચી છે."** એવી જિનવચનો ઉપરની શ્રદ્ધા-પ્રીતિ વિશેષ...

**શંકા :** જ્યારે વસ્તુનો વ્યભિચાર આવતો હોય અર્થાત્ તે વસ્તુ અનિષ્ટ = અવિવક્ષિત એવા અન્ય પદાર્થ સાથે પણ સંબંધ ધરાવતી હોય ત્યારે તે વસ્તુનો નિષેધ (બાદબાકી - વ્યવચ્છેદ) કરવા માટે વિશેષણ મૂકાય છે. અર્થાત્ ત્યારે વિશેષણ-વિશેષ્યની કલ્પના કરવી ન્યાય સંગત છે, જેમ કે, **नीलोत्पलम्** - (લીલું કમળ) વગેરે... અહીં 'ઉત્પલ' = કમળ એ 'નીલ' પણ છે અને અનીલ = પીત, રક્ત, શ્વેત વગેરે રૂપે પણ છે. આથી 'લીલા કમળ' રૂપ જ વિવક્ષિત અર્થને જણાવવા માટે - અર્થાત્ પીત, રક્ત વગેરે અનિષ્ટ-અવિવક્ષિત કમળોનો નિષેધ જણાવવા માટે - 'ઉત્પલ' શબ્દનું **नीलं च तद् उत्पलं च इति 'नीलोत्पलम्'** । એમ **'नील'** એવું વિશેષણ મૂકાય છે અને તે સાર્થક છે.

પ્રસ્તુતમાં તો જે 'તત્ત્વ' છે તે 'અર્થ' (જીવાદિ પદાર્થ)ને છોડીને અન્ય રૂપે હોવું યોગ્ય નથી. અથવા **'अर्थ'** (પદાર્થ) છે, તે પણ તત્ત્વ વિના હોવું ઘટતું નથી. આથી જે તત્ત્વ છે, તે જ અર્થ છે અને જે અર્થ છે, તે જ તત્ત્વ પણ છે. આવી સ્થિતિમાં 'તત્ત્વ' અને 'અર્થ' એ બે શબ્દોમાંથી એક જ મૂકવો જોઈએ. તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એટલું

एवार्थो य एव चार्थस्तदेव तत्त्वमिति पुनरुक्तारेका। **उच्यते**-परमतापेक्षं विशेषणमित्यर्थस्य तत्त्वमुपात्तं, यतः [1]**कणभुज**मतनिरूपितो **बुद्धकपिला**द्युक्तश्चार्थो व्यभिचारी, सत्ताद्रव्यत्वादि[2]: सामान्यविशेषरूप[3]: परित्यक्तपरस्परस्वात्मा खपुष्पवदसन्नेवेष्यते, न हि विशेषाः सम्भावयितुं शक्याः अन्वयिनैकेन शून्याः, न चास्ति सामान्यं, निर्विशेषत्वात् इत्यादिदोषसंस्पर्शपरिजिहीर्षया

જ કહેવું જોઈએ. આથી 'તત્ત્વરૂપ અર્થ' એમ જે બેયનું ગ્રહણ કરેલું છે, તે પુનરુક્તિ (પુનઃ કથન)રૂપ દોષની શંકા ઉપજાવે છે...

## ❋ 'तत्त्वार्थ' શબ્દમાં સમાસની વિચારણા ❋

**સમાધાન : तत्त्वं** એવું જે **अर्थ** શબ્દનું વિશેષણ મૂકેલું છે તે પર-મતની અપેક્ષાએ અર્થાત્ જિનમતથી અન્ય મતની અપેક્ષાએ છે. એટલે કે, પર-મતનો નિષેધ સૂચવવા ઉક્ત વિશેષણનું ગ્રહણ કરેલું છે. **કણભુજ** એટલે 'કણાદ' ઋષિ વડે પ્રણીત મત (વૈશેષિક-દર્શન) વડે પ્રકાશિત કરાયેલ (નિરૂપિત) અર્થ તેમજ **બુદ્ધ, કપિલ** વગેરે વડે કહેલો અર્થ (વસ્તુ) વ્યભિચારી છે - અયથાર્થ છે. કારણ કે, સત્તા, દ્રવ્યત્વ વગેરે પદાર્થો અનુક્રમે સામાન્ય અને વિશેષ રૂપ છે, તે જો પરસ્પર એકબીજાના સ્વાત્મા-સ્વરૂપને છોડીને રહેલાં છે. અર્થાત્ જે સામાન્ય છે તે વિશેષ રૂપે (વિશેષને સાપેક્ષ) નથી અને જે વિશેષ છે તે એકાંતે વિશેષ જ છે, પણ સામાન્ય રૂપે નથી એમ માનવું એ 'આકાશના પુષ્પ'ની જેમ અમારા વડે સ્વીકારાતું નથી. 'આકાશનું ફૂલ' જેવી કોઈ વસ્તુ - દુનિયામાં નથી તેમ ફક્ત સામાન્ય સ્વરૂપ અથવા ફક્ત વિશેષ-સ્વરૂપ વસ્તુ પણ નથી. (અર્થાત્ સામાન્ય અને વિશેષ એ બેય સ્વરૂપ હોય એવો જ અર્થ/વસ્તુ સત્ છે.) કારણ કે, વિશેષ (ઘટાદિ વ્યક્તિઓ) એ જો તેના અન્વયી = અનુગમ કરનાર = એક રૂપે સાંકળનાર કોઈ એક પદાર્થ/ધર્મ વિનાના હોય તો તે વિશેષોની પોતાની જ સંભાવના હોવી શક્ય નથી. વળી અન્ય-મતે ફક્ત સામાન્ય રૂપે વસ્તુ પણ સત્-વિદ્યમાન નથી. કારણ કે તેને નિર્વિશેષ = વિશેષ રહિત સ્વીકારાય છે.

ચંદ્રપ્રભા : વસ્તુતઃ પરસ્પર સાપેક્ષ હોવાથી એકબીજાને સાપેક્ષ રૂપે સ્વીકારવું જ ઘટે છે. કારણ કે લાલ ઘડો, કાળો ઘડો, સફેદ ઘડો, વગેરે ઘટ-વ્યક્તિઓ = વિશેષ ક્યારે કહેવાય ? કોની અપેક્ષાએ વિશેષ કહેવાય ? એમ પ્રશ્ન થશે ત્યારે જવાબ અપાશે કે, સર્વ ઘડા રૂપ જે સાધારણ વસ્તુ છે, તેમાં રહેલ સાધારણ ધર્મ-ઘટત્વ, ઘટ-સામાન્યની અપેક્ષાએ લાલ ઘડો, અમદાવાદી ઘડો અથવા પાણી ભરવાનો ઘડો (દારૂ વગેરે માટેનો નહીં) એમ ઘટ-વિશેષ કહેવાય

१. पू. । काण० मु. । २. ख.पा.पू.ला. । त्वादिसा० मु. । ३. पादिषु । रूपं० मु. ।

विशेषणमाश्रीयते, तस्यानर्थ-त्वादेकनयाभिप्रायमात्रत्वादिति, अतो व्यभिचाराद् युक्तं तत्त्वशब्दोपादानम् । स्वमतमप्यङ्गी-कृत्यैकनयावलम्बनमनर्थ एवेति[1] तत्त्वशब्देन व्युदस्यते।

છે. અર્થાત્ તે દરેક વિશેષ ઘડારૂપ વ્યક્તિઓમાં એક ઘટત્વ રૂપ સામાન્ય ધર્મ પડેલો છે, જે સર્વ ઘડાઓને સાંકળનારો છે, જેના હોવાથી અનેક જુદાં જુદાં પ્રકારના ઘડા હોવા છતાં ય 'આ ઘડો, આ ઘડો, આ પણ ઘડો અને પેલો પણ ઘડો' એમ દરેક ઘડામાં 'ઘડા' તરીકેનો વ્યવહાર થાય છે. આમ જ્યાં વિશેષ (લાલ ઘડો વગેરે વ્યક્તિઓ) છે ત્યાં સામાન્ય 'ઘટ-માત્ર' (ફક્ત ઘડા) રૂપ 'સામાન્ય' ધર્મ પણ છે જ. લાલ ઘડા વગેરે રૂપ વિશેષો ભલે એકમાં જ-ઘટ-વ્યક્તિમાં જ હોય અને દરેકમાં જુદા જુદા હોય, પણ ઘટપણું (ઘટત્વ) રૂપ 'સામાન્ય' ધર્મ તો બધાંયમાં એક સરખો જ રહેલો છે. વળી જ્યાં જ્યાં 'સામાન્ય' ધર્મ છે, ત્યાં વિશેષ ધર્મ પણ હોય જ. કારણ કે સામાન્ય = સાધારણ ધર્મ છે તે કોની અપેક્ષાએ ? કયા વિશેષો / ભેદોની અપેક્ષાએ? એમ પ્રશ્ન થશે - આથી જવાબ આવશે કે, અમુક લાલ ઘડો, અમદાવાદી ઘડો અથવા પાણી માટેનો ઘડો વગેરે વિશેષની અપેક્ષાએ 'ઘડાપણું' = ઘટત્વ રૂપ સામાન્ય = સમાનધર્મ બધાંયમાં રહેલો છે. લાલ ઘડો એ લીલા ઘડા રૂપે નથી, પીળો ઘડો એ સફેદ ઘડારૂપે નથી. પણ ઘડાપણું = ઘટત્વ તો તે એકસરખું દરેક ઘડાઓમાં રહેલું જ છે, ભલે તે લાલ હોય, પીળો હોય, લીલો હોય કે સફેદ હોય... એથી જ બધાંયમાં ઘડા તરીકેનો વ્યવહાર થાય છે. આમ વસ્તુના વિશેષો = ભેદો પણ સામાન્યને છોડીને રહેલાં નથી...

હવે જો સામાન્ય અને વિશેષોને પરસ્પર એકબીજાથી સર્વથા જુદા માનવામાં આવે તો તેઓ પોતાનું જ સ્વરૂપ (અસ્તિત્વ) ગુમાવી બેસશે.... કારણ કે તે બન્ને ય ધર્મો એક-બીજાને સાપેક્ષ હોવાથી એકનો નિષેધ-અપલાપ કરવામાં બીજા ધર્મનો પણ નિષેધ થઈ જ જશે.

આથી જેમ એક જ 'અનામિકા' નામની અંગુલિ (આંગળી) કનિષ્ઠાની અપેક્ષાએ દીર્ઘ/મોટી છે અને મધ્યમાની = વચલી આંગળીની અપેક્ષાએ હ્રસ્વ/નાની છે, તેમ એક જ વસ્તુ અપેક્ષા ભેદથી સામાન્ય રૂપે પણ છે અને વિશેષ રૂપે પણ... વિશેષ હકીકત તો **વિશેષાવશ્યક ભાષ્ય, સ્યાદ્વાદમંજરી** વગેરે ગ્રંથોથી જાણવી.

**પ્રેમપ્રભા :** આમ આ પ્રમાણે એકાંતે સામાન્ય અથવા એકાંતે વિશેષ માનનારાઓના મતે જે દોષ આવે છે, તેના સંસ્પર્શનો - સંપ્રાપ્તિનો પરિત્યાગ કરવાની ઈચ્છાથી પૂર્વોક્ત 'તત્ત્વ' એવું '**અર્થ**' નું વિશેષણ કહેલું છે. અર્થાત્ '(જીવાદિ) તત્ત્વરૂપ અર્થો' એમ કહેલું છે. કારણ કે પૂર્વે કહેલાં જે પર-મતો છે, તેઓ વડે નિરૂપિત અર્થો કોઈ એક જ નયના

१. पादिषु । एव तत्त्व० मु. ।

**अथवा** किमस्माकं परमतेनैकनयावलम्बनेन वा[1] यदेव निःशङ्कं तदेवाश्रयाम इति विग्रहान्तरं दर्शयन्नाह—**तत्त्वेन वाऽर्थानां श्रद्धानमिति** । इदमप्यर्थकथनं न तु त्रिपदस्तृतीयातत्पुरुषः सम्भवति, एवं च दृश्यम्–अर्थानां श्रद्धानमर्थश्रद्धानं तत्त्वेनार्थश्रद्धानं तत्त्वार्थश्रद्धानमिति, **वाशब्दः** पक्षान्तरप्रदर्शनार्थः, अयं वा पक्ष आस्थेय इति । **तदिति** पूर्वसूत्रोक्तं निर्दिशति

અભિપ્રાય રૂપે હોયને અનર્થક છે - અયથાર્થ છે... આમ આ રીતે એકલું '**अर्थ**' એવું પદ વ્યભિચારી હોવાથી અવિવક્ષિત વસ્તુ સાથે પણ સંબંધ કરવાથી તેનો નિષેધ / બાદબાકી કરવા માટે 'અર્થ' શબ્દનું 'તત્ત્વ' એવું વિશેષણ સૂત્રમાં ગ્રહણને યોગ્ય જ છે.

પોતાના = સ્વ - મતનો = જૈનમતનો અંગીકાર કરીને પણ જો કોઈ એક જ નયનું (અપેક્ષા = અભિપ્રાય = દષ્ટિકોણનું) અવલંબન કરાય - સ્વીકાર કરાય તો તે પણ અનર્થ રૂપ જ થાય. અર્થાત્ વસ્તુના વાસ્તવિક અર્થને જણાવવા અસમર્થ જ બને, આથી તેનું પણ '**तत्त्व**' શબ્દના ગ્રહણથી નિરાકરણ (નિષેધ) થાય છે. હવે '**तत्त्वार्थश्रद्धान**' શબ્દનો બીજી રીતે વિગ્રહ કરીને અર્થ જણાવવા કહે છે

અથવા **જૈનો** કહે છે કે, "અમારે પરમતનો આશ્રય કરવાનું કોઈ પ્રયોજન નથી અથવા એકનયનો આશ્રય કરવાનો પણ (પરમતે કે સ્વમતે) સવાલ જ આવતો નથી. આથી વિશેષણ તરીકે તત્ત્વ શબ્દના ગ્રહણની જરૂર નથી, (આથી સ્વમતે અર્થો અનર્થ બની જવાની આપત્તિ પણ આવશે નહીં.) અમે તો જે પણ શંકા વિનાનું હશે તેનો જ આશ્રય કરીશું." આવા આશયથી '**तत्त्व**' શબ્દની સાર્થકતા જણાવવા માટે ભાષ્યમાં બીજી રીતે વિગ્રહ બતાવતાં કહે છે - **"અથવા તત્ત્વથી અર્થોની શ્રદ્ધા"** (તે સમ્યગ્દર્શન છે.) **तत्त्वेन वा अर्थानां श्रद्धानम्** । આ પણ સૂત્રમાં કહેલ પ્રથમ સામાસિક પદના અર્થનું કથન માત્ર છે, પણ આને સમાસનો વિગ્રહ ન સમજવો. કારણ કે આ વાક્યમાં ત્રણ પદો છે અને ત્રિપદ = ત્રણ પદવાળો 'તત્પુરુષ' સમાસ સંભવતો નથી. આથી આનો (ખંડશઃ) વિગ્રહ આ પ્રમાણે જાણવો - **अर्थानां श्रद्धानम् इति 'अर्थश्रद्धानम्'** । એમ પહેલાં (ષષ્ઠી - તત્પુરુષ) સમાસ કરીને પછી **तत्वेन अर्थश्रद्धानम् इति - 'तत्त्वार्थश्रद्धानम्'** એમ (તૃતીયા - તત્પુરુષ) સમાસ કરવો.

ભાષ્યમાં '**वा**' શબ્દ એ આ બીજા પક્ષને બતાવવા માટે છે. આથી "અથવા આ બીજા પક્ષનો (વિગ્રહનો અથવા સમાસનો) આશ્રય કરવા યોગ્ય છે" એમ અર્થ જણાવાય છે. (જે ઉપર જણાવેલો જ છે.)

१. पादिषु । च० मु. ।

**सम्यग्दर्शनमिति** लक्ष्यं [१]दर्शयति, तत्त्वेनेति कोऽर्थ इत्यत आह-**तत्त्वेन भावतो निश्चितमित्यर्थः**[२]। तत्त्वेनेत्यस्य विवरणं, **भावेने**ति चोपयुक्तस्य निश्चयनयमताल्लभ्यत इति कथयति। अथवा भावेनेति स्वप्रतिपत्त्या, नो मातापित्रादिदाक्षिण्यानुरोधात् न वा धनादिलाभापे[३]क्षं कृतकमात्रश्रद्धानम्। नि[४]श्चितं परिज्ञानं *'तदेव तथ्यं यज्जिनैर्भाषितमुपलब्धं वा'* इति। एवं

---

**तत् सम्यग्दर्शनम्। तत्** - શબ્દ પૂર્વે સૂત્રમાં કહેલનો નિર્દેશ કરે છે. 'સમ્યગ્દર્શન' પદ લક્ષ્ય રૂપ અર્થને બતાવે છે. આથી 'તે સમ્યગ્દર્શન છે' અર્થાત્ 'તત્ત્વથી (જીવાદિ) અર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે' એમ સમસ્ત અર્થ છે.

**ચંદ્રપ્રભા :** સિદ્ધસેનીયા વ્યાખ્યામાં '**तदिति पूर्वसूत्रोक्तं निर्दिशति**' એમ જે કહેલું છે, તે વિચારણીય છે. કેમ કે, **तद्** શબ્દથી અનંતર-નજીકમાં કહેલ વસ્તુનો સંબંધ થાય છે. વળી **त्वद्** શબ્દથી ઉદ્દેશ્ય વસ્તુ બતાવીને તેમાં સમ્યગ્દર્શનનું વિધાન કરવુ અહીં ઇષ્ટ છે. પૂર્વ સૂત્રમાં ઉદ્દેશ્ય રૂપે એવું કાંઈપણ કહેલું નથી, જેમાં **तत् सम्यग्दर्शनम्** એમ સમ્યગ્દર્શનનું વિધાન કરી શકાય. આથી **तत्** શબ્દથી તત્ત્વાર્થ-શ્રદ્ધાન રૂપ અનંતરમાં કહેલ લક્ષણ છે, તેનો પરામર્શ કરવો ઉચિત લાગે છે.

હારિભદ્રી ટીકામાં પણ '**यदेवंभूतं तत् सम्यग्दर्शनम्**' એમ કહીને **तद्** શબ્દથી 'તત્ત્વાર્થ-શ્રદ્ધાન' રૂપ નજીકમાં (અને સૂત્રમાં પણ) કહેલ એવા અર્થનો નિર્દેશ કરેલો છે. તત્ત્વાર્થની શ્રદ્ધા એ લક્ષણ (ઉદ્દેશ્ય) છે. સમ્યગ્દર્શન એ લક્ષ્ય(વિધેય) છે- આથી 'તત્ત્વાર્થની શ્રદ્ધા સમ્યગ્દર્શન છે' એમ અર્થ છે.

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** '**तत्त्वेन**' શબ્દનો શું અર્થ છે ? આનો જવાબ ભાષ્યમાં આપે છે-

**જવાબ : तत्वेन = भावतो निश्चितम्। तत्त्वेन** એટલે **भावेन...** ભાવથી અર્થાત્ નિશ્ચિત રૂપે... આ '**तत्त्वेन**' શબ્દની વ્યાખ્યા/વિવરણ છે. ભાવથી = એટલે ઉપયુક્ત બનેલ, અર્થાત્ નિશ્ચય-નયના મતથી જ્ઞાનોપયોગવડે ઉપયુક્ત = ઉપયોગવાળા બનેલ જીવને પ્રાપ્ત થાય છે, જણાય છે. આમ ભાવથી ઉપયોગનો વિષય બનેલ અર્થની શ્રદ્ધા તે **સમ્યગ્દર્શન** કહેવાય. અથવા '**भावेन**' = ભાવથી - એટલે પોતાની - આત્માની શ્રદ્ધાથી/ વિશ્વાસથી, માતા-પિતા વગેરેના દાક્ષિણ્યના કારણે થતી શ્રદ્ધાને અહીં અવકાશ નથી. અથવા ધન વગેરેના લાભની-પ્રાપ્તિની જ અપેક્ષાવાળી તેવા પ્રકારના કાર્યમાત્રની શ્રદ્ધાનો પણ અહીં નિષેધ થાય છે, (અર્થાત્ ધનાદિના લાભના હેતુથી / આશયથી જ જિનોક્ત ક્રિયા-અનુષ્ઠાનની શ્રદ્ધા પણ અહીં વાસ્તવિક સમ્યગ્દર્શનના લક્ષણમાં આવતી

---

१. पादिषु। लक्षति० मु.। २. पादिषु। मित्यर्थ इति० मु.। ३. पू. ला.। पेक्षकृ० मु.। ४. सर्वप्रतिषु। श्चितपरि० मु.।

समासकल्पनाद्वयं निर्दिश्यावयवार्थं[1] दर्शयन्नाह-**तत्त्वानीत्यादि** ।

**भा० तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते (१-४) । त एव चार्थाः, तेषां श्रद्धानं तेषु प्रत्ययावधारणम् ।**

**टी० तत्त्वानि** इति अविपरीत-भावव्यवस्थानियतानि[2] **जीवादीनि** इति । जीवा उपयोगलक्षणाः आदिर्येषां सूत्रक्रममाश्रित्य तानि जीवादीनि । तत्त्वार्थ-शब्दयोर्विशेषणविशेष्यकल्पनापक्ष[3][4]माश्रित्याह **त एव चार्था** इति । त एव चेति अर्थापेक्षया पुंल्लिङ्गनिर्देशः, **त एव** जीवादयः, **अर्था** अर्यमाणत्वाद् अनादिसादिपारिणामिकादिना भावेन जीवपुद्गला अनादिपारिणामिकेन

---

નથી.) કિંતુ, (પોતાના આત્મિકભાવથી) નિશ્ચિતરૂપે પરિજ્ઞાન-સંપૂર્ણ સ્વીકાર કરવો જેમ કે, **"જે જિનેશ્વરદેવે કહેલું છે અથવા જાણેલું છે, તે જ સત્ય છે."** આવા સ્વરૂપની ભાવથી જીવાદિ અર્થોની શ્રદ્ધા તે **સમ્યગ્દર્શન** છે.

આ પ્રમાણે **तत्त्वार्थश्रद्धानम्** પદના સમાસના બે વિકલ્પો-પક્ષો-પ્રકારો બનાવીને તેનો અવયવોનો/અંશોનો અર્થ દર્શાવતાં ભાષ્યમાં કહે છે.

**ભાષ્ય : તત્ત્વો જીવ આદિ છે, તે આગળ કહેવાશે. [ સૂ. ૧-૪માં ] તે (તત્ત્વો) રૂપી અર્થો (તે તત્ત્વાર્થ) છે, તેઓનું શ્રદ્ધાન એટલે તેઓ વિષે પ્રત્યય વડે (આલોચના જ્ઞાન પૂર્વક) અવધારણ ('આ આમ જ છે' એમ) નિશ્ચય કરવો.**

**પ્રેમપ્રભા :** 'તત્ત્વો' એટલે અહીં અવિપરીત ભાવે = યથાર્થ રૂપે જેઓની વ્યવસ્થા અર્થાત્ નિશ્ચય કરાયેલો છે અને તેવા નિશ્ચયને નિયત હોય = વફાદારીપૂર્વક વળગી રહેલાં હોય તે જીવાદિ પદાર્થો 'તત્ત્વ' તરીકે લેવા ઈષ્ટ છે. તે આગળ આ જ પ્રથમ અધ્યાયના ચોથા સૂત્રમાં કહેવાશે. જેઓ જ્ઞાનાદિ 'ઉપયોગ' રૂપ લક્ષણવાળા / સ્વરૂપવાળા હોય તે **'જીવો'** કહેવાય. તે 'જીવ' તત્ત્વ-સૂત્રમાં કહેલા ક્રમ પ્રમાણે જે અન્ય તત્ત્વોની આદિમાં / શરૂઆતમાં છે તે બધાં 'જીવાદિ' કહેવાય.

**'तत्त्व'** અને **'अर्थ'** શબ્દમાં વિશેષણ અને વિશેષ્યની કલ્પના (વિચારણા) રૂપ પક્ષને આશ્રયીને કહે છે કે, **'ते ( जीवादयः ) एव चार्थाः'** - એટલે તે જીવ વગેરે તત્ત્વો રૂપ અર્થો (પદાર્થો) તે 'તત્ત્વાર્થ' કહેવાય... અર્થાત્ આમાં તત્ત્વો એ વિશેષણ છે અને 'અર્થ' એ વિશેષ્ય છે. **'ते एव'** એમ જે પુલ્લિંગ નિર્દેશ છે તે પુલ્લિંગ એવા **'अर्थ'** શબ્દની અપેક્ષાએ છે. **'अर्थ'** એટલે (જીવો વડે અથવા જ્ઞાન વડે) જણાતાં (અર્યમાણ) હોવાથી

---

१. सर्वप्रतिषु । निर्दिश्या० मु. । २. पू. । स्थानि निय० मु. । ३. सर्वप्रतिषु । विशेषेण - ना. मु. । ४. ख. पू. । पक्ष- ना. मु. ।

च जीवत्वेनोपयोगस्वरूपेण सादिपारिणामिकेन च मनुष्यनारकतिर्यग्देवादिना, पुद्गला अप्यजीवत्त्वेनाऽनुपयोगस्वरूपेणानादि-पारिणामिकेन सादिपारिणामिकेन च कृष्णनीलादिना

જ્ઞાનનો વિષય બનવાથી **'અર્થ'** કહેવાય. ('**अर्यते इति, ऋंक् गतौ - उणादि** સૂત્ર ૨૨૫ થી **थ** પ્રત્યય થતાં **ऋ + थ = अर्थः**)

### ❋ અનાદિ અને સાદિ પારિણામિક-ભાવથી જીવની વિચારણા ❋

**'અર્થ'** તરીકે અહીં મુખ્યત્વે (૧) **જીવ** અને (૨) **પુદ્ગલ** રૂપ પદાર્થો અભિપ્રેત છે અને તે બે (૧) **અનાદિ** અને (૨) **સાદિ** એવા પારિણામિક વગેરે (પરિણામ = સ્વભાવ રૂપ) ભાવથી જણાય છે. ટૂંકમાં જેનો બોધ (પરિચ્છેદ) થાય તે **અર્થ/પદાર્થ** કહેવાય, એમ પૂર્વોક્ત વ્યુત્પત્તિથી ફલિત થયું. હવે જીવ, પુદ્ગલ, વગેરે દ્રવ્યો કઈ રીતે બોધનો વિષય બને છે તે વાત જણાવે છે. (૧) **પ્રથમ જીવ-પદાર્થ** બે રીતે જણાય છે, તેમાં **(i) અનાદિ-પારિણામિક-ભાવથી** = ઉપયોગ-સ્વરૂપવાળા (સાકારોપયોગ = જ્ઞાન રૂપ અથવા અનાકાર-ઉપયોગ = દર્શન રૂપ) જીવતત્ત્વ (જીવત્વ) રૂપ જે અનાદિ પારિણામિક ભાવ છે, તેનાથી જીવો જણાય છે, માટે તે 'અર્થ' છે. તેમજ **(ii) સાદિ પારિણામિક-ભાવથી** = એટલે કે (૧) મનુષ્ય (૨) નારક, (૩) તિર્યંચ અને (૪) દેવ વગેરે જીવના પર્યાયો સાદિ-પારિણામિક ભાવરૂપ છે, તેનાથી પણ જીવો જણાય છે. માટે, તે 'અર્થ' છે.

**ચંદ્રપ્રભા :** અહીં (i) **અનાદિ** એટલે જેની કોઈ આદિ = શરૂઆત નથી અને પારિણામિક એટલે સ્વભાવરૂપ... ઉપર કહેલું જીવત્વ એ જીવનો અનાદિ, શરૂઆત વિનાનો ભાવ છે. અર્થાત્ જીવ સ્વયં અનાદિ હોવાથી તેના સ્વભાવ રૂપ ઉપયોગ સ્વરૂપ જીવત્વ પણ અનાદિ ભાવ છે. અને (ii) **સાદિ** એટલે જેની આદિ = શરૂઆત હોય તે... પૂર્વે કહેલ મનુષ્ય વગેરે રૂપ જીવના પર્યાયો પણ જીવના પરિણામ રૂપ છે = સ્વભાવરૂપ ભાવ છે, પણ તે સાદિ = આદિ/શરૂઆત સહિત છે. જ્યારે જીવ અન્ય દેવાદિ ગતિમાંથી 'મનુષ્ય' રૂપ ભાવનું (અવસ્થાનુ) ગ્રહણ કરે છે, ત્યારે તે મનુષ્ય પર્યાયનું સાદિપણું એટલે કે આરંભ થાય છે. અને આયુષ્ય પૂર્ણ થતાં ફરી જ્યારે બીજી ગતિમાં જાય છે ત્યારે તે મનુષ્ય - પર્યાયનો અંત આવે છે અને અન્ય દેવાદિ ભવનુ સાદિપણું અર્થાત્ આરંભ થાય છે. આમ (i) અનાદિ અને (ii) સાદિ એમ બે રીતે જીવનો પારિણામિક-ભાવ કહ્યો છે.

### ❋ અનાદિ અને સાદિ પારિણામિક ભાવથી પુદ્ગલની વિચારણા ❋

**પ્રેમપ્રભા :** હવે બીજો (૨) **પુદ્ગલ રૂપ 'અર્થ'** પણ બે પ્રકારે જણાય છે. તેમાં **(i)**

परिच्छिद्यमानत्वात् **अर्था** इत्युच्यन्ते । धर्माधर्माकाशाख्यास्तु[1] अनादिपारिणामिकेनैव गतिस्थित्यवगाहस्वभावेन परिच्छिद्यन्ते, यतो न कदाचित् तामवस्थां अत्याक्षुस्त्यजन्ति

---

**અનાદિ પારિણામિક-ભાવથી** - પુદ્ગલો આ રીતે જણાય છે. પુદ્ગલો પણ અનુપયોગ સ્વરૂપ (અર્થાત્ જ્ઞાન-દર્શનના અભાવ રૂપ) જે અજીવત્વ = અજીવપણું - જડપણું છે, તે રૂપ જે અનાદિ પારિણામિક-ભાવ છે, તેનાથી જણાય છે, માટે અર્થ છે. તથા **(ii) સાદિ પારિણામિક-ભાવથી** - પુદ્ગલો આ રીતે જણાય છે. કૃષ્ણ (કૃષ્ણ વર્ણવાળો) નીલ વગેરે રૂપ સાદિ પારિણામિક ભાવ છે,તેનાથી પુદ્ગલ દ્રવ્ય જણાય છે, માટે તે 'અર્થ' છે.

**ચંદ્રપ્રભા :** આમાં પ્રથમ પુદ્ગલનો (i) અજીવત્વ = જડતા સ્વરૂપ 'અનાદિ પારિણામિક ભાવ' હોવાથી જ ક્યારેય કોઈપણ પુદ્ગલ = જડદ્રવ્ય એ જ્ઞાનાદિ રૂપે = જીવ રૂપે બનતું નથી. પુદ્ગલના જડરૂપ સ્વભાવને જો અનાદિ ન મનાય તો ક્યારેક તે જડમાંય ચેતના-જ્ઞાનાદિરૂપતા ઉત્પન્ન થવાની આપત્તિરૂપ દોષ આવે. તથા પુદ્ગલનાં (ii) કૃષ્ણ વર્ણવાળાપણું વગેરે જે સાદિ પારિણામિક (સ્વભાવરૂપ) ભાવો છે, તે બદલાયા કરે છે, દા.ત. માટીનો ઘડો કાચો હોય ત્યારે કૃષ્ણ વર્ણવાળો હોય છે, પછી તેને ભઠ્ઠીમાં પકાવાય ત્યારે લાલ વર્ણવાળો થાય છે. અર્થાત્ લાલ વર્ણનો આરંભ = સાદિપણું થાય છે. માટે તે પુદ્ગલનો સાદિ પારિણામિક ભાવ કહ્યો છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે જે અનાદિ હોય તેનો ક્યારેય અંત પણ ન હોય... જીવ વગેરેના જીવત્વ વગેરે પારિણામિક ભાવો અનાદિ હોવાથી તેનો અંત પણ ક્યારેય આવતો નથી. વળી જે **સાદિ** છે, તેનો ક્યારેક અંત પણ અવશ્ય આવે જ છે. દા.ત. પુદ્ગલના કૃષ્ણવર્ણ આદિ પારિણામિક ભાવો સાદિ છે, માટે તેનો અંત પણ આવે જ છે. અર્થાત્ તેમાં લાલવર્ણ આદિ રૂપ બદલાવ (Change) આવવાથી કૃષ્ણ વર્ણનો અંત થવાથી તે પારિ. ભાવ સાંત = અંત-સહિત બને છે. આ પ્રમાણે અન્યત્ર પણ વિચારવું.

## ❋ ધર્માસ્તિકાયાદિમાં અનાદિ-સાદિ પારિણામિક-ભાવની વિચારણા ❋

**પ્રેમપ્રભા :** તથા (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય અને (૩) અકાશાસ્તિકાય એ ત્રણ પદાર્થો = દ્રવ્યો તો ગતિ વગેરે સ્વભાવ રૂપે (i) અનાદિ પારિણામિક ભાવથી જ જણાય છે. પણ (ii) સાદિ પારિ. ભાવથી જણાતાં નથી. તેમાં (૧) ધર્મ = ધર્માસ્તિકાય એ ગતિ સહાયક રૂપ, (૨) અધર્મ = અધર્માસ્તિકાય એ સ્થિતિ સહાયકરૂપ અને (૩) આકાશ = આકાશાસ્તિકાય એ અવકાશ આપવાના સ્વભાવ રૂપ પારિણામિક-

---

१. पादिषु । काशास्तु० मु. ।

त्यक्ष्यन्ति वा । परतस्तु सादिपारिणामिकेनापि परिच्छिद्यन्त एव, यथोक्तमाकाशादीनां त्रयाणां परप्रत्ययो नियमत इत्यतः परिच्छिद्यमानत्वादर्था इत्युच्यन्ते ।

श्रद्धानमित्यस्यार्थं निरूपयति-**श्रद्धानं तेषु प्रत्ययावधारणमिति** । अनेन श्रद्धानमित्येतल्लक्षणं **तेषु** प्रत्ययावधारणमिति कथयति । तेषु इति जीवादिषु । **ननु** च षष्ठ्यर्थं प्राक् प्रदर्श्य सप्तम्यर्थकथनमिदानीमसाम्प्रतमिति । षष्ठीसम्तम्योः कथंचिदभेदः

---

ભાવથી જણાય છે, માટે તે 'અર્થ' છે. કારણ કે ધર્માસ્તિકાય વગેરે ત્રણેય દ્રવ્યો ક્રમશઃ ગતિ (સહાયકતા) વગેરે ત્રણ સ્વભાવને ક્યારેય ભૂતકાળમાં છોડ્યા નથી, વર્તમાનમાં છોડતા નથી અને ભવિષ્યમાં છોડવાના નથી.

**પ્રશ્ન :** શુ ધર્માસ્તિકાય વગેરે સર્વથા સાદિ = આદિ સહિત પારિણામિક-ભાવથી જણાતાં નથી ?

**જવાબ :** ના, સ્વતઃ એટલે કે પરનિમિત્તની અપેક્ષા વિના ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો સાદિ પારિણામિક-ભાવથી જણાતાં નથી. બાકી પરતઃ એટલે કે બીજી વસ્તુના નિમિત્તથી (આશ્રયથી) તો તે ધર્માસ્તિકાય વગેરેનો પણ સાદિ પારિણામિક-ભાવથી પરિચ્છેદ એટલે કે બોધ થાય જ છે માટે તે અર્થ છે. જે કારણથી કહ્યું છે કે, આકાશ વગેરે ત્રણ દ્રવ્યોનો પર-પ્રત્યયથી અર્થાત્ પર વસ્તુના નિમિત્તથી નિયમથી સાદિ - પારિણામિક-ભાવ હોવાથી તેના વડે ધર્માસ્તિકાય આદિ પણ જણાતાં હોવાથી, બોધનો વિષય બનતાં હોવાથી 'અર્થ' કહેવાય છે.

આમ જીવ આદિ પાંચેય દ્રવ્યો સાદિ-અનાદિ પારિણામિક ભાવથી જીવના જ્ઞાન વડે જણાતાં હોવાથી (અર્યમાણ હોવાથી) 'અર્થ' કહેવાય છે. હવે '**श्रद्धानम्**' એવા સૂત્રમાં કહેલાં પદનો અર્થ શું છે ? તેનું નિરૂપણ કરતાં ભાષ્યકાર કહે છે - **श्रद्धानम् तेषु प्रत्ययाव -धारणम्** । (જીવાદિ તત્ત્વોનું) શ્રદ્ધાન/શ્રદ્ધા એટલે તે જીવાદિ તત્ત્વોમાં પ્રત્યય વડે (અર્થાત્ શ્રુતની આલોચના-વિચારણાપૂર્વક) 'આ તત્ત્વ આ પ્રમાણે જ છે' એમ અવધારણ કરવું = નિશ્ચય કરવો. આ ભાષ્યમાં કહેલ લક્ષણમાં '**श्रद्धानम्**' એ લક્ષ્યરૂપ છે અને '**तेषु प्रत्ययावधारणम्**' એ તેનું લક્ષણ છે.

**શંકા :** જીવાદિ તત્ત્વ રૂપ અર્થોનું શ્રદ્ધાન (**तत्त्वानां अर्थानां श्रद्धानम्**) એમ ષષ્ઠી-વિભક્તિ વડે અર્થ બતાવીને પછી "તેઓમાં પ્રત્યયાવધારણ" એમ સપ્તમી વિભક્તિ વડે

**उच्यते-एतत् कथयति,** प्रायः षष्ठीसप्तम्योरभेद एव दृश्यते, यथा गिरेस्तरवः, गिरौ तरव इति । ये हि तस्यावयवास्ते तस्मिन् भवन्ति, एवमत्रापि यज्जीवादीनां श्रद्धानं तज्जीवादिषु विषयेषु भवतीति न दोषः । **प्रत्ययावधारणमिति** च[१] प्रत्ययेन प्रत्ययात् प्रत्यये प्रत्यय-स्यावधारणमिति । यदा तावत् प्रत्ययेनावधारणं, तदा आलोचनाज्ञानेन श्रुताद्यालोच्य एवमेतत् तत्त्वमवस्थितमित्यवधारयति । अवधारणमिति च कर्तरि भावे वा, जीवोऽवधारयति, तस्य [२]वाऽवधारणं रुचिरिति । **अथवा** प्रत्ययेनेति कारणेन निमित्तेनावधारणम् । **किं** निमित्तमिति

અર્થ કહેવો તે અસંગત છે. **સમાધાન :** આ રીતે પહેલાં ષષ્ઠી વડે કહીને પછી સપ્તમી વડે અર્થ કહેવા દ્વારા ભાષ્યકાર ભગવંત એમ જણાવે છે (જ્ઞાપન કરે) કે, ઘણુ કરીને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો અભેદ જ દેખાય છે, જેમ કે, ષષ્ઠી - **गिरेस्तरवः** । (પર્વતના વૃક્ષો છે), સપ્તમી - **गिरौ तरवः** । (પર્વત ઉપર વૃક્ષો છે.) જે જેના અવયવો હોય, તે તેમાં હોય જ છે. વૃક્ષો એ પર્વતના અવયવો છે, માટે તે પર્વત ઉપર હોય છે. એ પ્રમાણે અહીં પણ જે જીવાદિ અર્થોની શ્રદ્ધા છે, તે જીવાદિ વિષયોમાં - અર્થોમાં પણ હોય છે. આથી 'ષષ્ઠી'નો અર્થ સપ્તમી વિભક્તિ વડે કહેવામાં દોષ નથી.

**ચંદ્રપ્રભા : प्रत्ययावधारणम्** । આ સમાસ રૂપ પદનો ચાર પ્રકારે વિગ્રહ (અથવા સમાસ) થાય છે. જેમ કે, (i) તૃતીયા વડે **प्रत्ययेन अवधारणम्** = પ્રત્યય વડે અવધારણ (ii) પંચમી વડે **प्रत्ययात् अवधारणम्** = પ્રત્યયથી અવધારણ (iii) સપ્તમી વડે **प्रत्यये अवधारणम्** = પ્રત્યય હોતે છતે અવધારણ - અને (iV) ષષ્ઠી વડે **प्रत्ययस्य अवधारणम्** = પ્રત્યયનું, પ્રત્યય સંબંધી અવધારણ, તે 'પ્રત્યયાવધારણ' કહેવાય.

### ❋ 'પ્રત્યય-અવધારણ'ના વિવિધ અર્થો ❋

**પ્રેમપ્રભા :** હવે જ્યારે (૧) **प्रत्ययेन अवधारणम्** = પ્રત્યય વડે અવધારણ એમ તૃતીયા વડે વિગ્રહ કરાય ત્યારે પ્રત્યય વડે = એટલે આલોચના જ્ઞાન વડે, શ્રુત વગેરેનું આલોચન - ચિંતન - પરિશીલન કરીને 'આ પ્રમાણે આ તત્ત્વ રહેલું છે' એમ અવધારણ = નિશ્ચય કરે છે. '**अवधारण**' શબ્દ કર્તા અર્થમાં ( **अवधारयतीति** ) અથવા 'ભાવ'માં ( **अवधृतिरिति अवधार् + अन** ) પ્રત્યય લાગીને બનેલો છે. કર્તા-અર્થ પક્ષે 'જીવ (પ્રત્યય વડે) અવધારણ (= નિશ્ચય) કરે છે' એમ અર્થ છે અને 'ભાવ' રૂપ અર્થ પક્ષે તેનું = જીવનું (પ્રત્યય વડે) અવધારણ (નિશ્ચય) તે રુચિ છે, સમ્યગ્દર્શન છે.

१. पू. । ना. मु. । २. पादिषु । चाऽव० मु. ।

**चेत्**, तदावरणीयकर्मणां क्षयः क्षयोपशमो वा, तेन निमित्तेनावधारयति-एतदेव तत्त्वम् । **अथवा** उत्पत्तिकारणं प्रत्ययः, स्वभावोऽधिगमो वा, तेन प्रत्ययेन कारणेनेति, एवं तत्त्वमवस्थितमित्यवधारयति । तस्माद् वा क्षयादिकादवधारणम्। सति वा तस्मिन्नवधारयति । षष्ठीपक्षेऽपि प्रत्ययस्य विज्ञानस्यावधारणं अन्यमतपरिकल्पिततत्त्वादपास्य तद्विज्ञानं **जैन** एव तत्त्वेऽवधारयति, एतदेव तत्त्वं शेषोऽपरमार्थ इति । एवं तत्त्वार्थश्रद्धानमिति विवृतं पदं, सम्यग्दर्शनमिति तु पूर्वयोग एव विवृतं, न तद् विवृणोति ।

---

અથવા **प्रत्ययेन** એટલે કારણ વડે અથવા નિમિત્ત વડે અવધારણ-નિશ્ચય તે રુચિ કહેવાય. **પ્રશ્ન :** અહીં અવધારણનું - નિશ્ચયનું નિમિત્ત શું છે ? **જવાબ :** સમ્યગ્દર્શન (રુચિ)નું આવરણ કરનારા કર્મનો (i) ક્ષય અથવા (ii) ક્ષયોપશમ, (ઉપલક્ષણથી (iii) ઉપશમ) એ નિમિત્ત છે. તે નિમિત્ત વડે અવધારણ/નિશ્ચય કરે છે કે, 'આ જ તત્ત્વ' છે. અથવા 'પ્રત્યય' એટલે 'રુચિ'ની ઉત્પત્તિનું કારણરૂપ અર્થ લેવો અને તે (૧) સ્વભાવ અને (૨) અધિગમ રૂપ બે પ્રકારે છે. તે બે પ્રત્યયથી અર્થાત્ ઉત્પત્તિના કારણથી "આ પ્રમાણે તત્ત્વ રહેલું છે" એમ નિર્ધારણ કરે છે.

અથવા પંચમી-વિભક્તિ પક્ષે (૨) **तस्माद् प्रत्ययाद् अवधारणम्** । એમ વાક્ય કરાય ત્યારે, પ્રત્યયથી અવધારણ એટલે કે તે પૂર્વે કહેલ રુચિના આવરણ રૂપ કર્મોના ક્ષય આદિ પ્રત્યયથી = હેતુથી અવધારણ = નિર્ણય કરવો તે પ્રત્યયાવધારણ કહેવાય.

અથવા (૩) **प्रत्यये सति अवधारणम्** એમ સપ્તમી વિભક્તિ વડે વિગ્રહ કરાય ત્યારે તે પ્રત્યય = ક્ષય આદિ નિમિત્ત હોતે છતે (અથવા પ્રત્યય = એટલે વિજ્ઞાન અર્થ લઈએ તો 'વિજ્ઞાન' હોતે છતે) જે (જીવાદિ તત્ત્વનો "આ આમ જ છે" એમ) નિશ્ચય કરવો તે પ્રત્યયાવધારણ કહેવાય.

ષષ્ઠી પક્ષે પણ (૪) **प्रत्ययस्य अवधारणम्** પ્રત્યયનું એટલે કે વિજ્ઞાનનું (શ્રુત વગેરેના આલોચના જ્ઞાનનું) અવધારણ = નિશ્ચય તે પ્રત્યયાવધારણ અર્થાત્ અન્ય-મતમાં માનેલાં તત્ત્વથી જુદું પાડીને તે વિજ્ઞાનને જૈન = જિનેશ્વર દેવે કહેલ તત્ત્વમાં જ આ રીતે અવધારણ = નિશ્ચય કરે છે કે, **"આ જ તત્ત્વ છે, પરમાર્થ છે, બાકી અપરમાર્થ છે."** આવું અવધારણ = નિશ્ચય એ રુચિ = સમ્યગ્દર્શન છે એમ સર્વત્ર સમજવું.

આ પ્રમાણે '**तत्त्वार्थश्रद्धानम्**' એવા સૂત્રમાં મૂકેલાં પદનું વિવરણ કર્યું.

---

१. पादिषु । वृते० पू. ।

एतत् पुनः सम्यग्दर्शनं कथमुत्पन्नं सत् परेण [1]परिज्ञायते किं चिह्नमस्योत्पन्नस्येति ? चिह्नं दर्शयति-**तदेवमित्यादि** ।

**भा० तदेवं प्रशमसंवेगनिर्वेदानुकम्पा-स्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति ॥२॥**

**तद्** इति तत्त्वार्थश्रद्धानं निर्दिशति । एवमित्यवयव [2]प्रविभागेन निर्धारितं प्रशमादिचिह्नमवबुध्यस्व । सुपरीक्षितप्रवक्तृप्रवाच्यप्रवचनतत्त्वाभिनिवेशाद् दोषाणामुपशमात्

**'सम्यग्दर्शनम्'** એવા સૂત્રસ્થ બીજા પદનું વિવરણ તો પૂર્વ સૂત્રમાં જ અર્થાત્ તેના ભાષ્ય અને ટીકામાં કરેલું હોવાથી પુનઃ તેનું વિવરણ કરતાં નથી.

### ❋ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના પાંચ ચિહ્નો-લિંગો ❋

**પ્રશ્ન :** આ સમ્યગ્દર્શન કોઈ જીવને ઉત્પન્ન થયું હોય ત્યારે બીજી વ્યક્તિ વડે શી રીતે જાણી શકાય કે 'અમુકને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે. અથવા અમુકમાં સમ્યગ્દર્શન છે ? અર્થાત્ ઉત્પન્ન થયેલાં તે સમ્યગ્દર્શનને જાણવાનું શું ચિહ્ન = લક્ષણ છે ?

જવાબ : આનો જવાબ આપતાં ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય : આ પ્રમાણે (૧) પ્રશમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા અને (૫) આસ્તિક્ય (એ પાંચ ગુણો)ની અભિવ્યક્તિ = પ્રાગટ્ય (ઉત્પત્તિ) રૂપ લક્ષણોવાળું (જીવાદિ) તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **तदेवं** વગેરે દ્વારા સમ્યગ્દર્શનનું લક્ષણ/ચિહ્ન જણાવે છે, તેમાં **तद्** શબ્દથી 'તત્ત્વાર્થની શ્રદ્ધા' રૂપ અર્થનો નિર્દેશ કરે છે. આથી આ પ્રમાણે પ્રશમાદિ ગુણોની ઉત્પત્તિ રૂપ લક્ષણવાળુ, તત્ત્વાર્થની શ્રદ્ધા રૂપ સમ્યગ્દર્શન છે. (એમ સમસ્ત અર્થ છે. અવયવ-અર્થ આ પ્રમાણે છે.) ભાષ્યમાં મૂકેલાં **एवम्** પદનો અર્થ છે, "હમણાં જ અવયવોના વિભાગો વડે જેના અર્થનો નિશ્ચય કરેલ છે, તે પ્રશમ આદિ (પાંચ) ચિહ્નવાળા સમ્યગ્દર્શનને તમે જાણો..." તેમાં 'પ્રશમ' આદિ દરેક લક્ષણનું (ચિહ્નનું) સ્વરૂપ આ પ્રમાણે છે -

**(૧) પ્રશમ :**[A] 'પ્રશમ' લક્ષણનો બે પ્રકારે અર્થ જણાવે છે. (i) સારી રીતે પરીક્ષિત = એટલે કે (કષ છેદ અને તાપ અથવા વીતરાગ-સર્વજ્ઞ કથિત હોવા આદિ રૂપ પરીક્ષા વડે) જેઓની પરીક્ષા કરાઈ છે એવા પ્રવક્તા = તીર્થંકર ભગવાન વડે (પ્રવાચ્ય =) યથાર્થ

१. पू. । ज्ञाय० मु. । २. सर्वप्रतिषु । प्रति० मु. ।

**प्रशम** इत्युच्यते, इन्द्रियार्थपरिभोगव्यावृत्तिर्वा प्रशमः । तस्य प्रशमस्याभिव्यक्तिः-आविर्भावश्चिह्नं **लक्षणं** भवति सम्यग्दर्शनस्य । यो ह्यतत्त्वं विहायात्मना[1] तत्त्वं प्रतिपन्नः स लक्ष्यते सम्यग्दर्शनसम्पन्न इति। **संवेगः** सम्भीतिः जैनप्रवचनानुसाराद् यस्य भयं नरकादिगत्यवलोकनाद् भवति, त एव जीवाः स्वकृतकर्मोदयान्नरकेषु तिर्यक्षु मनुषेजु महद् दुःखं शारीरमानसं[2] शीतोष्णादिद्वन्द्वापात-जनितं भारारोपणाद्यनेकविधं दारिद्र्यदौर्भाग्यादि चानुभवन्ति[3] तद् यथैतन् न भविष्यति तथा यत्नं करोमिइत्यनेनापि संवेगेन लक्ष्यते, समस्ति अस्य सम्यग्दर्शनमिति । **निर्वेदो** विषयेष्वनभिष्वङ्गः[4] अर्हदुपदेशानुसरातिया यस्य भवति, यथेहलोक एव प्राणिनां

રૂપે પ્રકાશિત કરાયેલ એવા પ્રવચન-દ્વાદશાંગીમાં કહેવાયેલ જીવાદિ તત્ત્વો ઉપર અભિનિવેશ = એટલે કે રાગ, ઉત્કટ હાર્દિક બહુમાન, પક્ષપાત હોવાથી જે કષાયાદિ દોષોનો ઉપશમ થાય છે, તેને **'પ્રશમ'** કહેવાય છે. અથવા (ii) ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોના ભોગવટાથી નિવૃત્ત થવું તે 'પ્રશમ' કહેવાય. આવા પ્રશમ ગુણની અભિવ્યક્તિ = આવિર્ભાવ તે સમ્યગ્દર્શનનું ચિહ્ન/લક્ષણ છે. જે પરમત વડે કલ્પિત વસ્તુ સ્વરૂપ અથવા તો સ્વમતમાં પણ એક જ નય વડે માનેલ વસ્તુ સ્વરૂપ અતત્ત્વનો ત્યાગ કરીને પોતાના આત્મા વડે - હૈયાથી જીવાદિ તત્ત્વનો સ્વીકાર કરનારો છે, તે (પ્રશમાદિ ગુણો દ્વારા) સમ્યગ્દર્શનથી સંપન્ન છે, સમ્યગ્દશનને પામેલો છે એમ જણાય છે.

(૨) **સંવેગ :** એટલે સમ્યક્-સાચો ભય (સંભીતિ)... જિનેશ્વર દેવે પ્રરૂપેલ (જૈન) પ્રવચન અનુસારે જેને નરક વગેરે ગતિનું અવલોકન (જ્ઞાન) થવાથી સંસારથી જે ભય ઉત્પન્ન થાય છે, તે **સંવેગ** કહેવાય. એના એ જ જીવો પોતે કરેલાં કર્મોના ઉદયથી તેના ભોગવટા રૂપે અનેક પ્રકારના નરક, તિર્યંચ અને મનુષ્યના ભવોમાં મોટાં દુઃખો જેવા કે, શારીરિક તથા માનસિક દુઃખો તેમજ ઠંડી, ગરમી વગેરે દ્વન્દ્વોના (તેવા પરસ્પર વિરોધી આફતોના) આવી પડવાથી ઉત્પન્ન થયેલાં દુઃખો; વળી ભારનું આરોપણ, વેંઢારવું વગેરે અનેક પ્રકારના દુઃખો, તેમજ દરિદ્રતા અને દુર્ભાગ્ય આદિ દુઃખોને ભોગવે છે, અનુભવે છે. આથી 'જે રીતે આ દુઃખો ન થાય, ન આવે એ રીતે પ્રયત્ન કરું." (અર્થાત્ દુઃખના કારણભૂત પાપ અને દોષો ન સેવવા પડે, ઓછા થાય અને તેવા પાપમય સંસારથી ક્યારે છૂટીને શુદ્ધ રત્નત્રયીની આરાધના કરીને મુક્તિ પામુ ઈત્યાદિ વિચારણા પણ ગર્ભિત રીતે કરે.) એવો ભાવ હૃદયમાં પૈદા થાય છે. આમ આ સંવેગરૂપ ભાવથી પણ જણાય છે કે, આ જીવમાં સમ્યગ્દર્શન છે.

१. पादिषु जै. । त्मतातत्व० मु. । २. सर्वप्रतिषु । मानसशी० मु. । ३. सर्वप्रतिषु । भवति० मु. । ४. पू. । षङ्गः० मु. ।

दुरन्तकामभोगाध्यवसायोऽनेकोपद्रवफलः परलोकेऽप्यतिकटुकनरकतिर्यग्मनुष्य-जन्मफलप्रद इत्यतो न किञ्चिदनेन, उज्झितव्य एवायमतियत्नेन इत्येवंविधनिर्वेदाभिलक्ष्यं सम्यग्दर्शनमिति। **अनुकम्पा** घृणा कारुण्यं सत्त्वानामुपरि, यथा सर्व एव सत्त्वाः सुखार्थिनो दुःखप्रहाणार्थिनश्च, अतो[3] नैषाम्[4]ल्पाऽपि पीडा मया कार्येति निश्चित्य चेतसाऽऽर्द्रेण प्रवर्तते स्वहितमभिवाञ्छन्नित्यनेनापि चिह्नयते रुचिस्तत्त्वप्रवणा। **आस्तिक्यमि**ति अस्त्यात्मादिपदार्थ-कदम्बकमित्येषा मतिर्यस्य स आस्तिकः तस्य भावः तथापरिणामवृत्तिता **आस्तिक्यम्,** सन्ति खलु जैनेन्द्रप्रवचनोपदिष्टा जीवपरलोकादयः सर्वेऽर्था अतीन्द्रिया इति, एवंरूपेणा-प्यास्तिक्येन

(૩) **નિર્વેદ** : અરિહંત પ્રભુના ઉપદેશ અનુસારે વિષયો ઉપર રાગ-આસક્તિ (અભિષ્વંગ) ન હોવી તે **નિર્વેદ** કહેવાય... જેમ કે, આલોકમાં જ જીવોને જેનો ખરાબ, દુઃખરૂપ અંત આવે તેવા (દુરંત) કામભોગોનો અધ્યવસાય = અભિલાષ - સંકલ્પ - વિકલ્પ રૂપ પરિણામ થાય છે. તે અનેક પ્રકારના ઉપદ્રવ-હેરાનગતિ રૂપ ફળ આપનારો થાય છે. તથા પરલોકમાં પણ અત્યંત કડવા નરક-તિર્યંચ-મનુષ્યોના જન્મ રૂપ ફળ આપનારો બને છે. આમ આ કામ ભોગો = પાંચ ઈન્દ્રિયોના વિષયો નકામા છે, અનર્થ કરનારા છે, આથી અત્યંત પ્રયત્નપૂર્વક ફગાવી દેવા જેવા છે. આવા પ્રકારની ભાવના - સ્વરૂપ **'નિર્વેદ'** ગુણથી (તે જીવમાં રહેલું) સમ્યગ્દર્શન સારી રીતે જણાય છે.

(૪) **અનુકંપા** : એટલે જીવો ઉપર ઘૃણા (દયા), કરુણા... જેમ કે, સર્વ-તમામે તમામ જીવો સુખની ચાહનાવાળા છે અને દુઃખના નાશના અર્થી છે, આથી આ જીવોની થોડી પણ પીડા મારે ન કરવી જોઈએ. આ પ્રમાણે નિશ્ચય કરીને કરુણા-ભીના અંતઃકરણથી (મનથી) પોતાના હિતને ઝંખતો આત્મા પ્રવૃત્તિ કરે છે. (અર્થાત્ લેશ માત્ર પણ પર-પીડાનો ત્યાગ કરીને સ્વ-હિતમાં પ્રવૃત્તિ કરે છે.) આમ આ 'અનુકંપા' ગુણથી પણ (જીવાદિ) તત્ત્વોમાં પરાયણ (કુશળ, તત્પરતાવાળી) એવી રુચિનું જ્ઞાન થાય છે. (અર્થાત્ જીવોનું જ્ઞાન થયા બાદ તેઓ પ્રત્યે કરુણાદિ પ્રગટ થતાં આવું સમ્યગ્દર્શન છે એમ જણાય છે.)

(૫) **આસ્તિક્ય** : 'આત્મા વગેરે પદાર્થોના સમૂહનું અસ્તિત્વ છે' એવી જેની મતિ (બુદ્ધિ) હોય તે 'આસ્તિક' કહેવાય. તેનો = આસ્તિક (જન)નો ભાવ એટલે 'આત્મા આદિ પદાર્થો છે' એવા પરિણામમાં વર્તવું, તે (ગુણધર્મ) **'આસ્તિક્ય'** કહેવાય. **અસ્તિ**

१. ख. पू. । गाध्यवसा० मु. । २. पादिषु । प्रयत्ने० मु. । ३. ख.पू. । ना. मु. । ४. पादिषु । नैतेषा० मु. ।

ज्ञायते सम्यग्दर्शनयुक्तोऽयमिति । अत एवैषां प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यानां **अभिव्यक्तिः** उद्भवो जन्म, सैव **लक्षणं**-चिह्नमस्योत्पन्नस्येति । **मौनीन्द्र**प्रवचनानुसाराच्च यदा प्रशमादय आश्रीयन्ते तदा यदपरे चोदयन्ति-मिथ्यादृष्टेरप्येवं सम्यग्दर्शनं चिह्नयेतेति तद् दूरादपास्तं[1] भवति । न हि तेषामर्हदुपदेशानुसारात् प्रशमादयो जायन्ते, तद्विपरीतमिथ्याज्ञान-समन्वयात् तु यथाकथञ्चिदविदितपरमार्थाः प्रवर्तमानाः प्रशमादिवातेन पीड्यन्ते ।

---

**आत्मादि-पदार्थकदम्बकं इत्येषा मतिर्यस्य स आस्तिकः, तस्य भावः, आस्तिक्यम् ।** (અર્થાત્ જેને લઈને 'આ આસ્તિક છે' એમ કહેવાય છે, તે પૂર્વે કહેલ સ્વરૂપ પરિણામ = ગુણધર્મ એ આસ્તિક્ય કહેવાય) **"શ્રી જિનેશ્વરદેવ વડે પ્રણીત/પ્રરૂપિત પ્રવચનમાં કહેલાં જીવ, પરલોક વગેરે સર્વ અતીન્દ્રિય પદાર્થો સત્ છે, વિદ્યમાન છે"** આવા પ્રકારનું 'આસ્તિક્ય' છે. આવા આસ્તિક્યથી પણ જણાય છે કે, 'આ જીવ સમ્યગ્દર્શનથી યુક્ત છે.'

આથી જ - આ પ્રશમાદિ ગુણો વડે સમ્યગ્દર્શન જણાતું હોવાથી જ આ (૧) પ્રશમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા અને (૫) આસ્તિક્ય એ પાંચે ય ગુણોની અભિવ્યક્તિ એટલે ઉદ્ભવ-જન્મ-પ્રાદુર્ભાવ એ આ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું લક્ષણ છે. આમ પ્રશમાદિના પ્રાગટ્ય રૂપ લક્ષણવાળું, જીવાદિ તત્ત્વો રૂપ અર્થોની શ્રદ્ધા રૂપ સમ્યગ્દર્શન છે.

### ❋ જિનવચન અનુસારે પ્રશમાદિ વાસ્તવિક હોય ❋

અહીં બીજા કેટલાંકનો અભિપ્રાય જણાવી તેનું નિરાકરણ કરે છે -

**પૂર્વપક્ષ :** આ રીતે જો પ્રશમાદિને સમ્યગ્દર્શનનું ચિહ્ન/લક્ષણ કહેશો, તો તેવું લક્ષણ તો મિથ્યાદૃષ્ટિ-ઈતર મતવાળાઓમાં ય પ્રશમાદિ હોવાથી તેઓમાં પણ સમ્યગ્દર્શન જણાશે... (આથી તો લક્ષણની અતિવ્યાપ્તિ થશે...)

**ઉત્તરપક્ષ :** ના, અહીં અમારા વડે મુનીન્દ્ર એટલે કે તીર્થંકરો વડે પ્રકાશિત કરાયેલ પ્રવચનને અનુસરીને જ પ્રશમ આદિ લક્ષણોનો આશ્રય કરાય છે, આને આથી મિથ્યાદૃષ્ટિઓમાં પણ આવું સમ્યગ્દર્શન જણાશે એવો જે બીજાઓના મતનું છે તેનું સરાસર નિરાકરણ થાય છે. (માટે પ્રશમાદિ લક્ષણની અન્યત્ર અતિવ્યાપ્તિ નહીં આવે.)

---

१. सर्वप्रतिषु । दूरापा० मु. ।

કારણ કે, મિથ્યાદષ્ટિ અન્યદર્શની જીવોને (અથવા સ્વમતે પણ ક્વચિત્ કદાગ્રહ આદિ કારણે આભાસિક પ્રશમાદિવાળા જીવોમાં) અરિહંતના ઉપદેશના અનુસારે પ્રશમ આદિ ગુણોનો ઉદ્ભવ થતો નથી, બલ્કે જિનોક્ત વચનોથી વિપરીત એવા મિથ્યાજ્ઞાનથી યુક્ત હોવાથી, જે કોઈક રીતે-પરમાર્થને જાણ્યા વિના પ્રવૃત્તિ કરનારા હોયને પ્રશમ આદિ વાયુ વડે પીડાતા હોય છે. અર્થાત્ તેઓના પ્રશમ આદિ વાસ્તવિક (જિનવચન અનુસારે) ન હોવાથી તેવા પ્રશમ આદિથી સમ્યગ્દર્શન જણાશે નહીં. (વાયુથી પીડાતો માણસ જેમ બહારથી સાજો-સારો લાગે છે, પણ અંદરથી પીડાનો અનુભવ કરતો હોય છે તેમ બહારથી સ્વસ્થ લાગવા છતાં મિથ્યાત્વ-અવસ્થાને કારણે અંદરથી દબાયેલાં કષાયાદિથી પીડાતો હોય. આમ સમ્યગ્દર્શનના આવા વિશિષ્ટ પ્રશમાદિ લક્ષણો કહેવાથી મિથ્યાદષ્ટિ જીવોમાં સમ્યગ્દર્શન હોવાનું નિરાકરણ થાય છે.)

**ચંદ્રપ્રભા :** કહેવાનો **આશય** એ છે કે, મિથ્યાશાસ્ત્રની વાસનાથી ઉત્પન્ન થયેલ મોહગર્ભિત વૈરાગ્યવાળા મિથ્યાદષ્ટિઓના પ્રશમ આદિ વાસ્તવિક એટલે કે જિનોક્ત પ્રવચનમાં જે ઈષ્ટ છે, તેવા હોતાં નથી, તેઓનો પ્રશમ પણ કોઈ રોગી માણસના શરીરમાં દબાઈ ગયેલાં વિષમ જ્વરના અનુદ્ભવ અવ્યક્તપણા જેવો અર્થાત્ દબાયેલા જ્વર જેવો હોય છે. આ જ્વર દબાઈ જવાથી પ્રગટ ન હોવા છતાંય તેને ધારણ કરનારો અંદરથી પીડાતો જ હોય છે, પણ તંદુરસ્ત-નીરોગી માણસ જેવા આરોગ્યનો તેને અનુભવ થતો નથી. કારણ કે, બહારથી પ્રશમ દેખાતો હોવા છતાં ય ઐહિક કે પારલૌકિક ફલને હેય રૂપે નહીં સ્વીકારવાથી તેની આશંસા-નિયાણું વગેરે દોષવાળા હોય છે. આથી તેઓના કષાય આદિ જ્વર કેવળ બાહ્ય યોગોથી અથવા લોકૈષણા આદિથી દબાયેલાં જ હોય છે. નિમિત્ત મળતાં જ વિષમ જ્વરના ઉદ્ભવની જેમ તે કષાયો બહેકી ઉઠતાં હોય છે. કદાચ પ્રગટ ન થાય તો પણ તેના નિર્મૂલનનું વાસ્તવિક-જિનમતના અનુસારે લક્ષ્ય અથવા જ્ઞાન ન હોવાથી દબાયેલાં તે કષાયો ગમે ત્યારે પ્રગટ થઈ જવાની શક્યતાવાળા હોય છે. ઉલટું, તેવા અવાસ્તવિક પ્રશમવાળાઓ પોતાને કૃતકૃત્ય રૂપે જોતાં હોવાથી બીજા અનેક માયા વગેરે દોષોને પોષનારા હોય છે.

આથી મોહગર્ભિત વૈરાગ્યવાળા કુશાસ્ત્રની વાસનાથી વાસિત મિથ્યાદષ્ટિ જીવોના પ્રશમ આદિ ગુણો એ સમ્યગ્દર્શનનું લક્ષણ બનવાની આપત્તિ ન આવે તે માટે સર્વ નયમતનું અવલંબન કરનાર જિનેશ્વર દેવ વડે પ્રકાશિત પ્રવચન (જિનશાસન) અનુસારે હોય, તથા પ્રશમના લક્ષણમાં પહેલાં કહ્યું તેમ પ્રવચન ઉપર ઉત્કટ બહુમાન, રાગ આદિથી થનારા દોષોના ઉપશમથી ઉત્પન્ન

થનારા હોય, એવા પ્રશમ આદિ અહીં કહેલાં છે એમ જાણવું...

તથા જિનેશ્વર દેવના સિદ્ધાંતનો સ્વમતિથી કલ્પિત અર્થ ઉપજાવીને દુષ્કર આચરણ કરવા છતાં ય કદાગ્રહી હોવાથી જેઓ જિનવચન ઉપર રાગ બહુમાનવાળા ન હોવાથી મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે, તેઓના પણ પ્રશમ વગેરે ગુણો દબાયેલ જ્વર જેવા હોય છે. તેઓના પ્રશમ વગેરેનો પણ **'મુનીન્દ્ર-પ્રવચન-અનુસારે'** એમ ટીકામાં કહેલું હોવાથી નિષેધ થઈ જાય છે. જિનોક્ત વચનને અનુસરનાર ન હોય એવા પ્રશમ વગેરે મોહગર્ભિત વૈરાગ્યવાળાના - મિથ્યાદષ્ટિ આદિના ચિહ્ન/લક્ષણ કહી શકાય - એવા તાત્પર્યવાળો શ્લોક ઉપા.શ્રી યશોવિજયજી મહારાજ 'અધ્યાત્મસાર'માં વૈરાગ્ય ભેદાધિકારમાં જણાવતાં કહ્યું છે કે,

**अमीषां प्रशमोऽप्युच्चैर्दोषपोषाय केवलम् । अन्तर्निलीन-विषम-ज्वरानुद्भवसन्निभः ॥१॥**

[અધ્યાત્મસાર અધિ.૬/૧૧] **શ્લોકાર્થ :** આજ્ઞા-રુચિ રહિત મોહગર્ભિત વૈરાગ્યવાળાનો પ્રશમ ગુણ પણ દોષના જ પોષણ માટે થાય છે. કારણ કે તે (માયાદિના સંસ્પર્શવાળા હોવાથી) અંદરમાં દબાયેલા વિષમ-જ્વરના અનુદ્ભવ-અપ્રાદુર્ભાવ (અનુત્પત્તિ) જેવો હોય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવું કે, તત્ત્વાર્થની શ્રદ્ધા રૂપ સમ્યગ્દર્શનવાળા જીવોને પણ જિનવચન તેમજ દેવાદિ તત્ત્વો ઉપર ખૂબ વિશિષ્ટ રાગ હોવાથી તેઓનો અપલાપ કરનાર અથવા અહિત કરનારા ઉપર કષાય પણ હોવો સંભવે છે, પણ તે જિનશાસનના અનુરાગમાંથી પૈદા થયેલો હોવાથી (સ્વશાસનનાં રાગમાંથી થયેલો ન જ હોવો જોઈએ.) પ્રશસ્ત ગણાય છે. અને પ્રશમ આદિમાં બાધક બનતો નથી... (જુઓ, 'વીતરાગસ્તોત્ર પ્રકાશ-૧૫ના શ્લોકો...) એવા જીવો સરળ હોય છે, કદાગ્રહી હોતા નથી માટે, તુરત જ તે કષાય આદિને નિયંત્રિત કરનારા હોય છે, કેમ કે, તે જિનવચનના રાગથી ઉત્પન્ન થયેલો છે... આથી જ જિનવચનમાં જ કષાયોની ભયાનકતા અને દુરન્તતા, સંકલેશ અને વૈરજનકતા પણ કહેલી છે, તે તેઓના ખ્યાલમાં હોય છે, માટે જ ન છૂટકે જ કરાતો અને જિનવચનના અનુરાગ પૂર્વકનો હોવાથી પહેલાં તો કરાતો જ નથી, છતાં ય જો કરવો જ પડે, થઈ જાય તો તુરત નિયંત્રણ કરે છે. આથી જ તેઓમાં સરળતા, પાપભીરુતા, જિનવચન-અનુરાગ વગેરે ગુણો અભિવ્યંજિત થાય છે.

વળી, સમ્યગ્દર્શનની પ્રાપ્તિની ભૂમિકામાં રહેલાં માર્ગાનુસારી જીવોમાં પણ આવા કરુણા, સરળતા, પાપભીરુતા વગેરે ગુણો હોવાથી કંઈક પ્રશમાદિ ગુણો હોય છે. આથી જ તેઓને જિનભક્તિ તેમજ સદ્ગુરુનો સમાગમ વગેરે થવાથી શીઘ્ર પૂર્વોક્ત સ્વરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી સંભવે છે. અને ત્યારે જિનેશ્વર દેવની તમામ આજ્ઞાઓની રુચિ/બહુમાન ઉત્પન્ન થવાથી તે

सम्प्रति व्याख्याय रुचेर्लक्षणं निगमयति-**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमि**ति । सामानाधिकरण्यं चातः कृतवान्, न यतोऽस्त्यनयोरन्यत्वरूपो भेद इति यथाग्नेर्भिन्नरूपो धूमः । यथाऽग्निरुष्णं इत्येवं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमिति ॥२॥

एवं निर्धारिते सम्यग्दर्शनस्वरूपे आह-सर्वं ह्युत्पद्यमानं वस्तु हेतुमपेक्ष्योत्पद्यते घटादय

---

પ્રશમાદિ ગુણો ખૂબ જ બળવત્તર-પ્રકૃષ્ટ કક્ષાના અને વાસ્તવિક હોય છે... એમ જાણવું.

## ❋ તત્ત્વાર્થશ્રદ્ધા અને સમ્યગ્દર્શનનું એકાર્થપણુ ❋

**પ્રેમપ્રભા :** આમ રુચિનાં = સમ્યગ્દર્શનના લક્ષણોની વ્યાખ્યા કરીને હવે તેનું નિગમન = ઘટના કરતાં ભાષ્યમાં કહે છે, **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** । (ઉપર કહેલ પ્રશમ આદિની અભિવ્યક્તિ એ જેના લક્ષણો છે તે) જીવાદિ તત્ત્વો રૂપી અર્થોની શ્રદ્ધા-રુચિ એ **સમ્યગ્દર્શન** છે. પૂર્વે સૂત્રમાં જ આ હકીકત કહેલી હોવા છતાં જે ભાષ્યમાં આ પ્રમાણે કહ્યું, તેનાથી 'તત્ત્વાર્થશ્રદ્ધાન' અને સમ્યગ્દર્શન એ બે વચ્ચે સમાન-અધિકરણવાળાપણું (સામાનાધિકરણ્ય) કરેલું છે. અર્થાત્ તે બેયનુ અધિકરણ = અર્થ એક જ - સમાન છે. જે તત્ત્વાર્થની શ્રદ્ધા છે તે જ સમ્યગ્દર્શન છે, અને જે સમ્યગ્દર્શન છે, તે જ તત્ત્વાર્થની શ્રદ્ધા/રુચિ સ્વરૂપ છે. કારણ કે, આ બેય વચ્ચે અન્યત્વ રૂપ ભેદ નથી. અર્થાત્ જેમ અગ્નિથી તેના લક્ષણરૂપ ધૂમાડો ભિન્ન સ્વરૂપ છે, કેમ કે, અગ્નિ જમીન પર હોય તો ધૂમાડો આકાશમાં હોય છે... તેમ અહીં 'તત્ત્વાર્થશ્રદ્ધા' અને સમ્યગ્દર્શન વચ્ચે અત્યંત ભેદ નથી. કિંતુ જેમ 'અગ્નિ ઉષ્ણ છે' એમ જે અગ્નિ અને ઉષ્ણતા વચ્ચે અભેદ સંબંધ છે, (જે અગ્નિ હોય તે ઉષ્ણ હોય અને ઉષ્ણ હોય તે અગ્નિ હોય) તેમ અહીં જે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' છે, તે જ સમ્યગ્દર્શન (રુચિ) છે અને જે સમ્યગ્દર્શન છે તે જ તત્ત્વાર્થશ્રદ્ધાન છે, એમ નિગમન કરીને તાદાત્મ્ય એટલે કે બન્નેય વચ્ચે અભેદ-સંબંધ જણાવવા માટે ભાષ્યમાં **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** એમ કહેલું છે. (૧/૨)

**ત્રીજા સૂત્રની પશ્ચાદ્‌ભૂ (અવતરણિકા) :** આ પ્રમાણે પૂર્વસૂત્રમાં સમ્યગ્દર્શનના સ્વરૂપનું નિર્ધારણ કરાયે છતે અહીં શિષ્ય આદિ પ્રશ્ન કરે છે -

**પ્રશ્ન :** ઉત્પન્ન થનારી દરેક વસ્તુ પોતાના કારણને લઈને અર્થાત્ કારણની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય છે, એની મેળે-અકસ્માત્ કોઈનો ઉદ્‌ભવ થઈ જતો નથી. જેમ કે, ઘટ વગેરે વસ્તુ પણ માટી વગેરે કારણની અપેક્ષા રાખીને જ ઉત્પન્ન થાય છે. આમ આ

इव मृदादीन्[1], एवमिदं प्रागवस्थायां मिथ्यादृष्टेरप्रकटीभूतमुत्तरकालमुपजायमानं प्रशमादिना लक्ष्यते । तस्य पुनरुत्पत्तौ **को** हेतुरिति ? **उच्यते-**

## सू० तन्निसर्गादधिगमाद् वा ॥१-३॥

**भा० तद् एतत् सम्यग्दर्शनं द्विविधं भवति । निसर्गसम्यग्दर्शनं अधिगमसम्यग्दर्शनं च । निसर्गादधिगमाद् वोत्पद्यत इति द्विहेतुकं द्विविधम् ।**

**टी०** तच्छब्द एतच्छब्दार्थे मत्वेत्याह - **तदेतदि**ति । एतदित्युक्तेऽप्यनेकस्य विषयस्य प्रत्यक्षस्य एतच्छब्दवाच्यस्य सम्भवात् प्रकृतेन व्यवच्छेदं करोति-**सम्यग्दर्शनमिति ।** निमित्तद्वयेनोपजायमानत्वाद् द्विविधमित्याह, न पुनरत्र मुख्यया वृत्त्या भेदः प्रतिपादयितुमिष्टः,

---

સમ્યગ્દર્શન પણ પૂર્વ અવસ્થામાં મિથ્યાદષ્ટિ જીવને પ્રગટ/ઉત્પન્ન થયેલું ન હતું, પણ (કારણ સામગ્રીની પ્રાપ્તિ થવાથી) ઉત્તરકાળમાં તે ઉત્પન્ન થાય છે અને ત્યારે પ્રશમ વગેરે ગુણોથી/લક્ષણોથી જણાય છે. તો આ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં હેતુ (કારણ) શું છે ?

**જવાબ :** આ સમ્યગ્દર્શનના હેતુઓને જણાવવા માટે જ આ નવા સૂત્રનો આરંભ થાય છે, તે આ પ્રમાણે છે -

**तन्निसर्गादधिगमाद् वा ॥ १-३ ॥**

**સૂત્રાર્થ :** આ સમ્યગ્દર્શન (i) નિસર્ગ અને (ii) અધિગમથી ઉત્પન્ન થાય છે...

ભાષ્ય : **તે સમ્યગ્દર્શન બે પ્રકારે છે. (૧) નિસર્ગ-સમ્યગ્દર્શન અને (૨) અધિગમ-સમ્યગ્દર્શન. નિસર્ગથી અથવા અધિગમથી ઉત્પન્ન થાય છે, આથી બે હેતુથી ઉત્પન્ન થતું હોયને બે પ્રકારનું છે.**

**પ્રેમપ્રભા :** **तद्** શબ્દ **एतद्** શબ્દના અર્થમાં સ્વીકારીને ભાષ્યકાર કહે છે, **तदेतदिति।** **तद्** શબ્દ **एतद्** અર્થમાં છે. **एतद्** એટલે 'આ' નજીકની, પ્રત્યક્ષ વસ્તુ... પણ તેથી શું લેવાનું છે ? તે કહેવું જોઈએ. કારણ કે, **एतद्** = 'આ' એમ કહેવાય ત્યારે **एतद्** શબ્દના વાચ્ય અર્થ તરીકે અનેક પ્રત્યક્ષ વિષયનો/વસ્તુનો સંભવ છે. આથી **एतद्** ના અર્થ તરીકે પ્રસ્તુત (અધિકૃત) 'સમ્યગ્દર્શન'નું ગ્રહણ કરીને બીજા વિષયનો નિષેધ કરે છે. આથી 'આ સમ્યગ્દર્શન બે પ્રકારનું છે' એમ ભાષ્યનો અર્થ છે. આ સમ્યગ્દર્શન બે નિમિત્તથી (કારણથી) ઉત્પન્ન થતું હોવાથી **'द्विविधम्'** અર્થાત્ 'બે પ્રકારનું છે' એમ કહે છે. પણ અહીં મુખ્ય રીતે સમ્યગ્દર્શનના ભેદનું પ્રતિપાદન/કથન કરવું ઈષ્ટ નથી... કારણ કે, પૂછનારે

---

१. पादिषु । मृदादिना० मु. ।

कारणस्य पृष्टत्वादिति, तेनैव च[1] निमित्तद्वयेन व्यपदिशन्नाह-**निसर्गसम्यग्दर्शनं अधिगमसयग्दर्शनं** चेति । आत्मनस्तीर्थकराद्युपदेशदानमन्तरेण स्वत एव जन्तोर्यत् कर्मोपशमादिभ्यो जायते तत् **निसर्गसम्यग्दर्शनम्** । यत् पुनस्तीर्थकराद्युपदेशे सति बाह्यनिमित्तसव्यपेक्षमुपशमादितो[2] जायते तत् **अधिगमसम्यग्दर्शनमि**ति, **च**शब्दो भिन्ननिमित्तप्रदर्शनपरो निसर्गसम्यग्दर्शनस्य निसर्ग एव प्रयोजनमितरस्य त्वधिगम एव, न पुनरेकस्यैव सम्यग्दर्शनोत्पत्तौ द्वयं निमित्तं भवतीति एतदेव [3]चाऽसमासकरणे प्रयोजनं चशब्देन द्योतितमिति । इतरथा ह्येवं वक्तव्यं स्यात् निसर्गाधिगमाभ्यामिति, वाशब्दोऽपि च न कर्तव्यो भवति एकस्यैवोभयरूपस्य निमित्तस्याश्रितत्वादिति । तदेवं लघुनोपायेन सिद्धेऽर्थे यद्

સમ્યગ્દર્શનના કારણની પૃચ્છા કરી છે, ભેદની નહીં...

હવે તે જ બે નિમિત્તો (હેતુઓ) વડે સમ્યગ્દર્શનનું કથન કરતાં કહે છે, (૧) સમ્યગ્દર્શન અને (૨) અધિગમ - સમ્યગ્દર્શન. તે બન્નેયની વ્યાખ્યા કરતાં કહે છે.

**(૧) નિસર્ગ - સમ્યગ્દર્શન :** તીર્થંકર આદિના ઉપદેશ વિના જ આત્માને સ્વતઃ જ એટલે કે, સ્વભાવથી જ જીવના પોતાના (દર્શન મોહનીય આદિ) કર્મનો ઉપશમ વગેરે થવાથી જે તત્ત્વાર્થની રુચિ રૂપ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, તે **નિસર્ગ-સમ્યગ્દર્શન** કહેવાય છે. તથા **(૨) અધિગમ-સમ્યગ્દર્શન :** વળી તીર્થંકર આદિનો ઉપદેશ થયે છતે તેવા બાહ્ય નિમિત્તને સાપેક્ષ રીતે (મિથ્યાત્વ મોહનીય આદિ) કર્મોનો ઉપશમ આદિ થવાથી જે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય તે **અધિગમ-સમ્યગ્દર્શન** કહેવાય. ઉક્ત બન્નેય ભેદોને જોડતો ભાષ્યમાં કહેલો જે **च** શબ્દ છે, તે નિમિત્તના ભેદને બતાવવાના તાત્પર્યવાળો છે. નિસર્ગ-સમ્યગ્દર્શનનું 'નિસર્ગ' એજ કારણ છે, જ્યારે અધિગમ-સમ્યગ્દર્શનનું 'અધિગમ' એ જ કારણ (નિમિત્ત) છે. પણ એક જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં બે ય નિમિત્ત બને છે, એવું નથી. અને સૂત્રમાં સમાસ નહીં કરવાનું કારણ (પ્રયોજન) આ જ છે કે, બે ય હેતુઓ જુદા જુદા જ સમ્યગ્દર્શન રૂપ કાર્યને ઉત્પન્ન કરે છે, એમ જણાવવું છે. અને આ જ અર્થ ભાષ્યમાં મૂકેલ **च** શબ્દથી સૂચવાય છે, પ્રકાશિત કરાય છે. નહીંતર, જો બે ય હેતુઓ એક જ સમ્યગ્દર્શન પ્રત્યે કારણ બનતાં હોય તો સૂત્રમાં **(तद्) निसर्गाधिगमाभ्याम्** । એવો 'સમાસ' રૂપે (ભેગો) નિર્દેશ કરત... અને ત્યારે એક જ સમ્યગ્દર્શન ઉભય = બે ય નિમિત્તની અપેક્ષા રાખતો હોવાથી **वा** શબ્દ પણ મૂકવાની જરૂર ન રહે.

આમ આવા **निसर्गाधिगमाभ्याम्** રૂપ લઘુ ઉપાય વડે પૂર્વોક્ત અર્થનું કથન સિદ્ધ થઈ જતું હોવા છતાં ય જે **निसर्गाद् अधिगमाद् वा** એમ ભિન્ન વિભક્તિ વડે (સમાસ કર્યા

१. ख. पू. । ना. मु. । २. पादिषु । मादिभ्यो० मु. । ३. पू. । वा० मु. ।

भिन्नविभक्तितां शास्ति तत् कथयति-भिन्ने खल्वेते कारणे । अथ कथं तदेवं व्यपदिश्यते निसर्गसम्यग्दर्शनं, कथं वाऽधिगमव्यपदेशं प्रतिपद्यत इत्यत आह-**निसर्गादधिगमाद् वोत्पद्यत** इति । **इति** तस्मादित्यस्यार्थे, यच्छब्दस्तु यत्तदोर्नित्यसम्बन्धादेवं[1] नीयते-यस्मान्निसर्गादधिगमाच्च कारणादुपजायते तस्मात् तेनैव व्यपदिश्यते यवाङ्कुरवत् यत्तदपूर्वकरणानन्तरभाव्यनिवृत्तिकरणं तद् **निसर्ग** इति भण्यते । तस्मात् कारणात् निसर्गाख्याद्युत्पद्यते याऽसौ रुचिः सा [2]तत्कार्याख्या। तथा योऽसौ बाह्य उपदेशः स तत्र हेतुर्भवति तत उत्पद्यते या रुचिः सा तत्कार्या भवतीत्येवं कार्या रुचिः, कारणं निसर्गोऽधिगमो वेति ।

एवं च कार्यकारणभावे दर्शिते चोदक आह-यदि मुख्यया वृत्त्या हेतुः प्रतिपाद्यते

વિના) સૂત્રમાં કહેલ છે, તે એવું જણાવે છે કે, આ બેય નિમિત્તો/કારણો ભિન્ન છે.

**પ્રશ્ન :** શા માટે તે સમ્યગ્દર્શનને 'નિસર્ગ-સમ્યગ્દર્શન' એ પ્રમાણે કહેવાય છે, અથવા શા માટે 'અધિગમ-સમ્યગ્દર્શન' એવો વ્યવહાર (વ્યપદેશ-કથન) કરાય છે ?

**જવાબ :** આ સમ્યગ્દર્શન (i) નિસર્ગથી અથવા (ii) અધિગમથી ઉત્પન્ન થાય છે, આથી બે હેતુઓવાળું હોવાથી બે પ્રકારનું કહેવાય છે.

ભાષ્યમાં **इति** શબ્દ **तस्माद्** = 'તેથી' એવા અર્થમાં છે. વળી **यद्** અને **तद्** શબ્દનો નિત્ય સંબંધ હોવાથી **'तस्माद्'** અર્થને સાપેક્ષ એવો **यस्माद् = यत्** - શબ્દ આ પ્રમાણે લગાડાય/જોડાય છે. **यस्मात् =** જે કારણ થી (i) નિસર્ગથી અને (ii) અધિગમથી ઉત્પન્ન થાય છે. **तस्माद** = તે કારણથી તે વડે જ અર્થાત્ તે નામથી જ વ્યવહાર કરાય છે. **यवाङ्कुरवत्** । 'યવાંકુરની જેમ', જેમ જવના/યવના (બીજના) કારણે ઉત્પન્ન થયેલ એવા જવના અંકુરાને પણ 'યવ' (જવ) જ કહેવાય છે, એમ અહીં નિસર્ગથી ઉત્પન્ન થવાથી 'નિસર્ગ' સમ્યગ્દર્શન કહેવાય એમ સમજવું.

અહીં પણ તે નિસર્ગથી થયેલાં અપૂર્વકરણ થયા બાદ ઉત્પન્ન થનારૂં જે **અનિવૃત્તિ-કરણ** છે, (અનિવૃત્તિકરણ એટલે જેના પછી અવશ્ય સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, પાછા ફરવાનું-નિવૃત્તિ કરવાનું થતું નથી તેવા જીવના વિશુદ્ધ પરિણામ) તે પણ 'નિસર્ગ' એમ કહેવાય છે. આથી આવો **નિષ્કર્ષ** આવે છે કે, નિસર્ગ નામના કારણથી રુચિ ઉત્પન્ન થાય છે, તે તેના (નિસર્ગના) કાર્ય રૂપ છે. તેમજ જે આ બાહ્ય ઉપદેશ છે, તે પણ તેમાં હેતુ/નિમિત્ત બને છે. આથી તેનાથી જે રુચિ ઉત્પન્ન થાય છે, તે રુચિ તેના (અધિગમના) કાર્ય રૂપ હોય છે. આ પ્રમાણે 'રુચિ' એ કાર્ય છે અને (i) નિસર્ગ અથવા (ii) અધિગમ એ કારણ

१. पू. । देव० मु. । २. पादिषु, जै. । कार्या० मु. ।

सूत्रेण तथा सति किमेवं पुरस्ताद् व्यपादेशि भवता तदेतत् सम्यग्दर्शनं द्विविधमिति ? एवं तु वाच्यमासीत्-तस्य सम्यग्दर्शनस्य द्वौ हेतू इति, तावेव सूत्रप्रतिपाद्यौ हेतू प्रदर्शनीयौ, न पुनः सूत्रेणानभिसमीक्षितं द्विविधत्वमित्येवं पर्यनुयुक्त[1] आह-**द्विहेतुकं द्विविधमिति** । द्वौ निसर्गाधिगमाख्यौ प्रत्येकं असमासकरणज्ञापितौ हेतू यस्य तद् द्विहेतुकम् । स तु द्विविधमिति मया व्यपदिष्टम् । **एतत् कथयति** कारणद्वैरूप्यात् कार्यद्वित्वं न पुनर्मुख्यभेदप्रतिपादनं प्रेप्सितं, इह तु सूत्रे-**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानत** इति (१-७) विधानग्रहणात्

---

છે. ટૂંકમાં 'નિસર્ગ' રૂપ કારણથી ઉત્પન્ન થયેલ રુચિ તે નિસર્ગના કાર્ય સ્વરૂપ હોવાથી 'નિસર્ગ' કહેવાય અને 'અધિગમ' રૂપ કારણથી ઉત્પન્ન થયેલ રુચિ એ અધિગમના કાર્યરૂપ હોવાથી 'અધિગમ' તરીકે વ્યવહાર કરાય છે.

આ પ્રમાણે કાર્ય-કારણભાવ દર્શાવાયે છતે શિષ્યાદિ અન્ય વ્યક્તિ શંકા કરે છે-

**શંકા :** જો પ્રસ્તુત સૂત્રથી મુખ્ય રીતિએ હેતુનું કથન કરાય છે, તો આપે પૂર્વે ભાષ્યમાં એવું શા માટે કહ્યું કે, 'આ સમ્યગ્દર્શન' બે પ્રકારનું છે ? આને ઠેકાણે એમ કહેવું જોઈતુ હતું કે, 'આ સમ્યગ્દર્શન બે હેતુઓ છે' અર્થાત્ આ બે હેતુ જ સૂત્રથી પ્રતિપાદ્ય = કહેવા યોગ્ય પદાર્થ હોયને તે જ આપે બતાવવા યોગ્ય છે, પણ સૂત્રમાં જેની વિચારણા કે ઉલ્લેખ કરાયો નથી, તે સમ્યગ્દર્શન બે પ્રકારો જણાવવા ઉચિત નથી. આવી શંકાનું સમાધાન આપતાં ભાષ્યમાં કહે છે કે,

**સમાધાન :** આ સમ્યગ્દર્શન બે હેતુવાળું અર્થાત્ બે હેતુથી ઉત્પન્ન થનારૂં હોવાથી દ્વિવિધ = બે પ્રકારે છે... (i) નિસર્ગ અને (ii) અધિગમ નામના બે હેતુઓ કહેલાં છે અને તે બેનો સૂત્રમાં સમાસ કરવામાં લાઘવ (અલ્પ-અક્ષરો) થવા છતાં ય તેમ ન કરીને જુદાં/વ્યસ્ત કહેલાં છે, તેનાથી જ્ઞાપન કરેલું છે કે, તે બે (નિસર્ગાદિ) પ્રત્યેક સમ્યગ્દર્શનના હેતુ છે. આમ તે બે પ્રત્યેક જેના હેતુ છે, તે સમ્યગ્દર્શન પણ બે હેતુવાળું (દ્વિહેતુક) હોયને બે પ્રકારનું અમારા વડે કહેવાયું છે... (એમ ભાષ્યકારનો અભિપ્રાય છે, તેને જ વધુ સ્પષ્ટ કરતાં ટીકામાં કહે છે.)

ભાષ્યકારના કહેવાનું **તાત્પર્ય** આ છે કે, નિસર્ગાદિ કારણો બે પ્રકારના હોવાથી તેનાથી થતાં કાર્યો પણ બે પ્રકારના કહેલાં છે. અર્થાત્ કાર્ય રૂપ સમ્યગ્દર્શનના પણ બે ભેદો કહેલાં છે. પરંતુ મુખ્ય રીતે કાર્યના બે ભેદો કહેવાનો આશય નથી. મુખ્ય રીતે તો કારણના જ ભેદો જણાવવાનો અભિપ્રાય છે, ઇષ્ટ છે... આ જ પ્રથમ અધ્યાયમાં આગળ કહેવાતાં

---

१. पू. । युक्तः स्माह० मु. ।

क्षयसम्यग्दर्शनादिविधानं प्रतिपादयिष्यते ।

यदि तर्ह्युत्पत्तौ निसर्गः कारणमभ्युपेयते तथा सति वाच्यो निसर्गः किमात्मकोऽसाविति? **उच्यते-निसर्गः परिणाम** इत्यादि ।

**भा० निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तरम् ।**

निसृज्यतेऽसौ त्यज्यते कार्यनिर्वृत्तौ सत्यामिति **निसर्गः**। न हि कार्ये उत्पन्ने कारणेनापेक्षितेन किञ्चित् प्रयोजनमस्ति, उत्पन्ने हि सम्यग्दर्शने [1]अनिवर्त्तिकरणं त्यज्यते, प्रयोजनाभावात्, न चात्यन्तं तस्य त्यागमभ्युपगच्छामो, यतस्तदेव कारणं तेनाकारेण

---

**निर्देशस्वामित्वसाधनाऽधिकरणस्थितिविधानतः ॥ १-७ ॥** સૂત્રમાં **'વિધાન'** શબ્દના ગ્રહણથી ક્ષય-સમ્યગ્દર્શન આદિ ભેદોનું કથન કરાશે. (આથી મુખ્ય રીતે તો તે સૂત્રમાં જે કહેલાં છે તે જ સમ્યગ્દર્શનના વિધાન/ભેદો તરીકે અભિપ્રેત છે. અહીં નિસર્ગાદિ કારણોને લઈને બે ભેદો પડે છે તે ગૌણ રૂપે છે.

**પ્રશ્ન :** જો સમ્યગ્દર્શનની ઉત્પત્તિ પ્રત્યે 'નિસર્ગને તમે કારણ તરીકે માનો છો, તો તે વાચ્ય = કહેવાતા અર્થરૂપ નિસર્ગ એનું શું સ્વરૂપ છે ? (હવે આના જવાબમાં એનું સ્વરૂપ બતાવવા બીજા પર્યાય શબ્દોને જણાવતાં ભાષ્યકાર કહે છે - **જવાબ :**)

**ભાષ્ય : (i) નિસર્ગ (ii) પરિણામ (iii) સ્વભાવ (iv) અપરોપદેશ એ (નિસર્ગના) સમાનાર્થી (પર્યાય) શબ્દો જાણવા.**

**પ્રેમપ્રભા :** (૧) નિસર્ગનું સ્વરૂપ બતાવવા તેના પર્યાય-શબ્દોનો ભાષ્યમાં ઉલ્લેખ કરેલો છે, તેનો અર્થ જોઈએ. કાર્યની ઉત્પત્તિ = સિદ્ધિ થઈ ગયા બાદ જેનું નિસર્જન કરાય-ત્યાગ કરાય તે **'નિસર્ગ'** ( **निसृज्यते त्यज्यते इति निसर्गः ।** ) એટલે અનિવર્તિકરણ રૂપ સમ્યગ્દર્શનનું કારણ... કારણ કે, કાર્યની ઉત્પત્તિ થઈ ગયા બાદ, કાર્યની ઉત્પત્તિની પહેલાં જરૂરી-અપેક્ષિત એવા પણ કારણનું કાંઈપણ પ્રયોજન રહેતું નથી. આથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિની પહેલાં આવશ્યક એવા પણ અનિવર્તિકરણનો (અનિવૃત્તિકરણનો) સમ્યગ્દર્શનની ઉત્પત્તિ બાદ પ્રયોજન ન હોવાથી ત્યાગ કરાય છે, ઉપેક્ષા કરાય છે.

**શંકા : અનિવર્તિ** = એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવીને જ રહે; કરાવ્યા વિના પાછા ન પડે, ન ફરે, નિવૃત્તિ ન જ થાય, તેવા સ્વભાવવાળા **'કરણ'** = જીવના વિશુદ્ધ પરિણામ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી છોડી દેવાય-ત્યાગ કરાય છે એમ કહેવું ઉચિત નથી... ઉલટું બળવત્તર-પ્રકૃષ્ટ બને, એમ કહેવું યોગ્ય લાગે છે.

---

१. पू. लि. । अनिवृत्ति० मु. ।

परिणतमिति, उत्फणविफणप्रसारिताकुण्डलितभुजङ्गवत्, फणापरिणामेन[1] योऽहिरजनिष्ट स एव विगतफणो मुकुलमाधाय सन्तिष्ठते, उत्थितासीनशयितनिकुटितपुरुषवद् वा, उत्थितोऽपि पुरुषः पुरुष एव निषण्णः शयितो वा, नावस्थामात्रभेदादवस्थावतो भेदः शक्योऽभ्युपेतुम्, परिशटितपत्राङ्गारकितपुष्पितपलाशवत् परिणामस्यानेकरूपत्वात् । परिणामिनोऽन्वयिद्रव्यस्य न सर्वथा भेदस्तत्त्वात् । एवमिहाप्यनिवृत्तिरूपो निसर्गः **परिणामः** सम्यग्दर्शनाकारेण

---

**સમાધાન :** સાચી વાત છે, અમે સમ્યગ્દર્શન રૂપ કાર્ય થયા બાદ 'અનિવર્તિકરણ' રૂપ પરિણામોનો અત્યંતપણે ત્યાગ થાય છે એવું નથી સ્વીકારતાં... કારણ કે અનિવર્તિકરણ રૂપ (નિસર્ગ રૂપ) કારણ પોતે જ સમ્યગ્દર્શન રૂપે (કાર્યરૂપે) પરિણામ પામી જાય છે. આથી જ ભાષ્યમાં નિસર્ગ પછી 'પરિણામ' રૂપ સમ્યગ્દર્શનના પર્યાયને કહેલ છે. (અર્થાત્ ઘડો બની ગયા પછી જેમ માટી રૂપ કારણ સવથા નાશ પામતું નથી પણ તે ઘડા રૂપે બની જવાથી પરિવર્તન પામેલું છે. ઘડો બની ગયા પછી માટીની જરૂર હોતી નથી તેમ અહીં પણ સમજવું. અહીં ટીકાકારે સ્વયં બીજા ઉદાહરણો આપે છે.)

જેમ કે, ઊંચી ફણાવાળો, ફણા - સહિત બનેલ, પ્રસારિત-લાંબો થયેલ અથવા ગોળ કુંડાળા જેવો - ગૂંચળુંવાળીને સંકોચાઈને રહેલ સર્પ... આ બધી અવસ્થાઓમાં સર્પ એનો એ જ છે, પણ ફક્ત અવસ્થાઓ બદલાય છે. જેમ કે, ઊંચી થયેલ ફણાવાળો જે સર્પ છે, તે જ ફણારહિત બનીને - કંઈક ઉઘડેલી-ખીલેલી કળી જેવી-જરા સરખી ફણાવાળો બની જાય છે. (એ જ પ્રમાણે લાંબો થઈને રહેલો (પ્રસારિત) સર્પ જ પાછો ક્યારેક ગૂંચળું વાળીને - ગોળ કુંડળાકારે થઈને રહે છે, સંકોચાયેલો બને છે.)

અથવા ઊભા રહેલ પુરુષ, તેમજ બેસેલાં, સૂતેલાં અથવા વાંકા વળવા રૂપે રહેલ પુરુષની જમ... ઊભો રહેલો પુરુષ પણ પુરુષ જ છે, તેમ જ બેઠેલો અથવા સૂતેલો પુરુષ પણ પુરુષ જ છે... કારણ કે, ફક્ત અવસ્થાનો ભેદના કારણે અવસ્થાવાળાનો (સર્પ, પુરુષ વગેરેનો) ભેદ માનવો શક્ય નથી. કારણ કે સાવ કરમાઈ ગયેલ પત્રવાળા, લાલ રંગવાળા અથવા પુષ્પિત = પુષ્પવાળા થયેલાં એમ વિભિન્ન અવસ્થાવાળા બનેલ પલાશ (ખાખરાના) વૃક્ષની જેમ વસ્તુના (દ્રવ્યના) પરિણામ (અવસ્થાઓ) અનેક પ્રકારના હોય છે. તો પણ પરિણામી = પરિણામના આશ્રયભૂત સર્પ, પુરુષ વગેરે જે અન્વયી = અનુગત/સ્થિર દ્રવ્ય છે, તેનો પરિણામ (અવસ્થા) સાથે ભેદ હોતો નથી... કારણ કે, પરિણામ (અવસ્થા વિશેષ) એ કથંચિત્ પરિણામી દ્રવ્ય સ્વરૂપે જ છે. અર્થાત્ વસ્તુની અવસ્થા કથંચિત્ (અપેક્ષાએ) વસ્તુ સ્વરૂપે જ છે.

---

१. पादिषु । फण० मु. ।

वर्ततत्। पूर्वावस्थां विहाय परिणामः, अन्वयि जीवद्रव्यं तु ध्रुवं परिणामि चोक्तम्। सृजेः परिणामेऽप्रतीतत्वात् **स्वभाव** इत्याह । यतः परिणामो हि प्रयोगेण घटादीनां विस्रसा [1]वाऽभ्रेन्द्रधनुरादीनां दृष्ट इत्यतः वैस्रसिकपरिणामं कथयत्यनेन, नासावन्येन प्राणिना तस्य क्रियतेऽनिर्[2]वर्तिरूप[3]ः परिणाम इति, स्वेनैवात्मनाऽसौ भावो जनित इति **स्वभाव** इत्युच्यते। नार्थान्तरवृत्तित्वमस्ति व्यवहारात्, निश्चयात् तु सर्वशब्दानां भिन्नार्थत्वम् ।

स पुनरनि[4]र्वर्तिस्वरूप[5]ः परिणामः कस्य भवति कथं वा प्राप्यते ? इत्युक्ते उत्तरं

આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ 'અનિવૃત્તિ' રૂપ જે નિસર્ગ પરિણામ છે, તે (સમ્યગ્દર્શન પામ્યા પછી) સમ્યગ્દર્શનના આકારે/સ્વરૂપે વર્તે છે. એટલું કે, ત્યારે એ પોતાની પૂર્વાવસ્થાને છોડીને બીજી - ઉત્તરાવસ્થાને (સમ્યગ્દર્શન સ્વરૂપને)પામવા રૂપ પરિણામ = પરિવર્તન પામે છે. જ્યારે અન્વયી = અનુગત (સર્વ અવસ્થાઓમાં સાધારણ) એવું જીવ દ્રવ્ય તો સ્થિર અને પરિણામી કહેલું છે. અર્થાત્ જીવ દ્રવ્ય તો જીવ દ્રવ્ય રૂપ જ રહે છે, ફક્ત તેની અવસ્થા બદલાઈ ગઈ છે. પહેલાં અનિવર્તિ - પરિણામવાળો હતો, હવે તે સમ્યગ્દર્શન રૂપ અવસ્થાવાળો બને છે.

**सृज्** - ધાતુ 'પરિણામ' અર્થમાં અપ્રસિદ્ધ હોવાથી તેનો (નિસર્ગનો) 'સ્વભાવ' એમ પર્યાય-શબ્દ કહેલો છે. નિસર્ગનો 'સ્વભાવ' એવો સમાનાર્થી શબ્દ એટલાં માટે કહેલો છે કે, પરિણામ બે પ્રકારનો છે (i) **પ્રાયોગિક :** એક જીવના પ્રયોગ વડે = પ્રયત્ન વડે કરાયેલો પરિણામ, જેમ કે, ઘટ વગેરે જે પરિણામ છે તે જીવના પ્રયત્નપૂર્વક થયેલો છે. (ii) **સ્વાભાવિક :** બીજો પરિણામ જીવના પ્રયત્ન વિના જ સ્વભાવથી (વિસ્રસાથી) થતો દેખાય છે. જેમ કે, વાદળથી આચ્છાદિત આકાશમાં રચાતું ઇન્દ્ર - ધનુષ્ય વગેરે રૂપ પરિણામ સ્વાભાવિક (સ્વભાવથી રચાતો) હોય છે. આથી વિસ્રસાથી/સ્વભાવથી રચાતો વૈસ્રસિક = સ્વભાવિક પરિણામ કહેવાય છે. કારણ કે આ (સમ્યગ્દર્શનના કારણભૂત) જે અનિવર્તિ રૂપ પરિણામ છે, તે અન્ય પ્રાણિ વડે અર્થાત્ બીજા જીવના પ્રયત્નપૂર્વક કરાયેલો નથી, કિંતુ, પોતાના જ આત્મા વડે (બીજાની મદદ વિના) આ ભાવ ઉત્પન્ન કરાયો છે, આથી તે 'સ્વભાવ' એમ કહેવાય છે.

**अनर्थान्तरम्** - અન્ય અર્થવાળા શબ્દો હોય તે અર્થાન્તર કહેવાય અને તેવા ન હોય એટલે કે સમાન-અર્થવાળા હોય તે **'અનર્થાન્તર'** કહેવાય. આ જે નિસર્ગ-પરિણામ-સ્વભાવ વગેરેને અનર્થાન્તર = સમાનાર્થી શબ્દ કહેલાં છે, તે વ્યવહાર-નયની અપેક્ષાએ સમજવું... (વ્યવહારમાં ખૂબ સૂક્ષ્મતાથી અર્થ જોવાતો નથી, માટે તે શબ્દોની વ્યુત્પત્તિ વગેરે અલગ

१. पादिषु । चा० मु. । २. पादिषु । वृत्ति० मु. । ३. पू. । रूपप० । मु. । ४. पादिषु । वृत्ति० मु. । ५. पादिषु । रूपप० मु. ।

भाष्य[1] आह-**ज्ञानदर्शनेत्यादि** ।

**भा० ज्ञानदर्शनोपयोगलक्षणो जीव इति वक्ष्यते ( २-८ ) ।**

येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यते इत्येतत्पर्यन्तं यदुक्तं कस्येति ? जीवस्येति ब्रूमः। किंलक्षणो जीव इति ? । न ह्यपरिज्ञाते जीवे तस्यैष इति शक्यं प्रतिपत्तुमिति । **उच्यते**–

હોય તો પણ એક જ અર્થને જણાવનાર છે, એમ વ્યવહારનય સ્વીકારે છે.) જ્યારે 'નિશ્ચય-નય' થી તો સર્વ શબ્દો ભિન્ન ભિન્ન અર્થવાળા છે. (કારણ કે, નિશ્ચય-દષ્ટિ સૂક્ષ્મતાથી વિચાર કરે છે. આથી શબ્દ બદલાતાં તેનો અર્થ પણ બદલાય છે, એમ માને છે...)

**❋ સમ્યગ્દર્શનના કારણભૂત અનિવર્તિ-પરિણામની (નિસર્ગની) પ્રાપ્તિનો ક્રમ ❋**

(અહીં શિષ્યાદિ પ્રશ્ન કરે છે-) **પ્રશ્ન :** નિસર્ગ રૂપ જે અનિવર્તિ-પરિણામ છે, તેનું સ્વરૂપ તો જાણ્યું. પણ તે કોને અર્થાત્ કેવા જીવને ઉત્પન્ન થાય છે ? અથવા શી રીતે તેની પ્રાપ્તિ થાય છે ? (આવો પ્રશ્ન પુછાતાં ગ્રંથકાર ભગવંત ભાષ્યમાં ઉત્તર આપતાં કહે છે-) **ઉત્તર :**

**ભાષ્ય : જ્ઞાન, દર્શનના ઉપયોગ રૂપ લક્ષણ (સ્વરૂપ) વાળો જીવ છે, એમ આગળ (અ.૨,સૂ.૮માં) કહેવાશે. આવા જીવને જેની કોઈ આદિ (શરૂઆત) નથી એવા (અનાદિ) સંસારમાં પરિભ્રમણ કરતાં...**

**પ્રેમપ્રભા :** સમ્યગ્દર્શન અને તેના કારણભૂત અનિવર્તિ પરિણામ કોને-કેવી રીતે ઉત્પન્ન થાય છે, એનો વિસ્તારથી ઉત્તર ભાષ્યકાર ભાષ્યમાં આપે છે. આથી ટીકાકાર ભગવંત તે લંબાણથી આપેલા જવાબમાં પદોનો પરસ્પર સંબંધ જોડી આપવા ટીકામાં પ્રશ્ન કરે છે- **પ્રશ્ન** : ભાષ્યમાં "જેથી આને ઉપદેશ વિના સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે." એવા અર્થવાળા જે '**येनास्याऽनुपदेशात् दर्शनमुत्पद्यते**' એટલાં સુધીનો જ ભાષ્ય-ગ્રંથ કહેલો છે, તે કોના સંબંધી છે ? અર્થાત્ કોને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ? **ઉત્તર :** જીવ સંબંધી તે કહેલું છે. અર્થાત્ જીવને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન :** ભલે, પણ તે જીવનું લક્ષણ શું છે ? જ્યાં સુધી જીવ શું છે, અર્થાત્ તેનું લક્ષણ/સ્વરૂપ શું છે, તે ન જણાય ત્યાં સુધી 'તેને આ (પરિણામ આદિ) થાય છે' એમ જણાવું શક્ય નથી.

**ઉત્તર :** સારું, અમે જીવનું લક્ષણ કહીએ છીએ, જુઓ - **"જ્ઞાન વગેરે ઉપયોગ રૂપ લક્ષણવાળો જીવ છે"** અર્થાત્ જ્ઞાનનો ઉપયોગ અને દર્શનનો ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

१. पू. । ष्यमाह० मु. ।

ज्ञानाद्युपयोगलक्षण इति । ज्ञानं च दर्शनं च तावेवोपयोगौ लक्षणमस्य स ज्ञानदर्शनोपयोगलक्षण इति, ज्ञानं नाम यज्जीवादीनां पदार्थानां विशेषपरिच्छेदितया प्रवर्तते तद् **ज्ञानम्,** यत् पुनस्तेषामेव सामान्यपरिच्छेदप्रवृत्तं स्कन्धावारोपयोगवत् तद् **दर्शन**मभिधीयते । न च कश्चिदेवमात्मकः प्राणी विद्यते य आभ्यां रहित इति । येऽपि हि प्रकृष्टावरणकर्म-पटलाच्छादिता निगोदादयः पञ्चैकेन्द्रिया जीवनिकायास्तेऽपि साकारानाकारो-पयोगयुक्ता इति। यतः स्पर्शनेन्द्रियं हि तेषामस्ति, तच्च साकारानाकारोपयोगस्वरूपमतो व्यापिलक्षणम्। ज्ञानदर्शनोपयोगौ लक्षणम[1]स्येत्येतत् सूक्तमिति । **इतिशब्दः** एवकारार्थे, जीव एवोपयोगलक्षणो न परमाण्वादय इति । **वक्ष्यते** अभिधास्यते, 'उपयोगलक्षणो जीव' इत्यस्मिन् द्वितीया-

જ્ઞાન અને દર્શન, તે બે રૂપ ઉપયોગ જેનું લક્ષણ છે, તે જ્ઞાનદર્શન-રૂપ ઉપયોગ લક્ષણવાળો જીવ છે. [ટીકામાં વિગ્રહ આ પ્રમાણે છે - **ज्ञान च दर्शनं चेति ( ज्ञानदर्शने ), तौ एव उपयोगौ लक्षणमस्य स ज्ञानदर्शनोपयोगलक्षण इति ।**] તેમાં **(૧) જ્ઞાન :** જીવ વગેરે પદાર્થોનો વિશેષથી બોધ( પરિચ્છેદ) કરનાર તરીકે જે પ્રવર્તુતં હોય, તે જ્ઞાન કહેવાય. વળી **(૨) દર્શન :** એટલે તે જ જીવાદિ પદાર્થોનો સામાન્યથી બોધ કરવામાં જે પ્રવર્તમાન હોય, તે **દર્શન** કહેવાય... ટૂંકમાં જીવાદિ અર્થોનો વિશેષથી બોધ તે જ્ઞાન અને સામાન્યથી બોધ તે દર્શન કહેવાય...

જીગતમાં એવો કોઈ પ્રાણી/જીવ વિદ્યમાન નથી, જે આ બેથી-જ્ઞાન અને દર્શનથી રહિત હોય. અર્થાત્ આ બે લક્ષણો જીવમાત્રમાં સંપૂર્ણ પણે વ્યાપ્ત છે. અને જીવ સિવાય ક્યાંય રહેલાં નથી, માટે જીવનું લક્ષણ છે. આ જ હકીકતને વધુ સ્પષ્ટ કરતાં કહે છે - વળી જે જીવો પ્રકૃષ્ટપણે આવારક = ઢાંકનાર એવા કર્મના સમૂહથી આચ્છાદિત, ઢંકાયેલાં છે, એવા જે નિગોદ વગેરે પાંચ પ્રકારના (સૂક્ષ્મ) એકેન્દ્રિય જીવનિકાયના જીવો છે, તેઓ પણ સાકારોપયોગથી (જ્ઞાનથી) અને અનાકાર-ઉપયોગથી (દર્શનથી) યુક્ત હોય છે. કારણ કે, તે જીવોને એક જ સ્પર્શનેન્દ્રિય હોય છે અને તે સ્પર્શનેન્દ્રિય સાકાર-અનાકાર-ઉપયોગ રૂપ અર્થાત્ જ્ઞાન-દર્શન-ઉપયોગ રૂપ હોય છે. આથી ઉપર કહેલ જીવનું લક્ષણ એ વ્યાપક છે, અવ્યાપ્તિ-દોષથી રહિત છે. આથી (i) જ્ઞાનોપયોગ અને (ii) દર્શનોપયોગ એ બે પ્રકારના 'ઉપયોગ એ જીવનું લક્ષણ છે', એમ જે કહેલું છે, તે સાચું/યોગ્ય જ કહેલું છે.

**इति** શબ્દ **'एव'** કાર - 'જ' કાર અર્થમાં છે. આથી 'જીવ' જ ઉપયોગ રૂપ લક્ષણવાળો છે, પણ પરમાણું (પુદ્ગલ) વગેરે ઉપયોગ-લક્ષણવાળા નથી... (આમ કહેવાથી જીવ સિવાય અન્ય પદાર્થમાં જીવનું ઉપયોગ રૂપ લક્ષણ ઘટતું ન હોવાથી અલક્ષ્યમાં લક્ષણ જવા

१. सर्वप्रतिषु । मस्त्येतत्० मु. ।

ध्यायवर्तिनि सूत्रे, अतो निर्ज्ञातस्वरूपस्य जीवस्य स निसर्गरूपः परिणाम इति ।

यदप्युक्तं कथं प्राप्यत इति, तत् कथयति-**तस्यानादावित्यादिना** ।

**भा० तस्यानादौ संसारे परिभ्रमतः । कर्मत एव कर्मणः स्वकृतस्य बन्धनिकाचनोदयनिर्जरापेक्षं नारकतिर्यग्योनि-मनुष्यामरभवग्रहणेषु विविधं पुण्यपापफलमनुभवतो ज्ञानदर्शनोपयोग-स्वाभाव्यात् तानि तानि परिणामाध्यव-सायस्थानान्तराणि गच्छतोऽनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषाद् अपूर्वकरणं तादृग् भवति येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यत इत्येतत् निसर्गसम्यग्दर्शनम् ।**

तस्येति निर्धारितस्वरूपं जीवमाह। तस्य जीवस्यानुभवत इत्यनेन सहाभिसम्बन्धः।

---

રૂપ અતિવ્યાપ્તિ દોષ પણ આવતો નથી. આથી જીવનું ઉપર કહેલું લક્ષણ સર્વથા નિર્દોષ છે, એમ જણાવેલું છે.) જીવનું આ લક્ષણ ગ્રંથકાર સ્વયં આગળ '**उपयोगो लक्षणम् [२-८]**' એમ બીજા અધ્યાયમાં રહેલા ૮માં સૂત્રમાં કહેવાના છે. આથી આ પ્રમાણે જેનું સ્વરૂપ (લક્ષણ) સારી રીતે જણાઈ ગયું છે, તેવા જીવને 'નિસર્ગ' રૂપ પરિણામ હોય છે, થાય છે.

વળી તે નિસર્ગ રૂપ પરિણામની જીવને શી રીતે પ્રાપ્તિ થાય ? એમ જે પૂછેલું હતું, તેનો હવે પ્રત્યુત્તર આપતાં ભાષ્યમાં કહે છે –

**ભાષ્ય : આવા જીવને આદિ (શરૂઆત) વિનાના - અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં, કર્મના કારણે જ પોતે કરેલાં કર્મના (i) બંધ (ii) નિકાચના (iii) ઉદય અને (iv) નિર્જરાને અનુસારે, નારક તથા તિર્યંચોની યોનિ તથા મનુષ્ય અને દેવના ભવોનું ગ્રહણ થયે છતે, (અર્થાત્ તે તે ભવોમાં) વિવિધ રીતે પુણ્ય અને પાપના ફળને ભોગવતો જ્ઞાનદર્શન રૂપ ઉપયોગ સ્વભાવવાળો હોવાથી તે તે બીજા બીજા અધ્યવસાય રૂપ પરિણામને પ્રાપ્ત કરતો, અનાદિ મિથ્યાદૃષ્ટિવાળો હોવા છતાં પણ જીવને વિશિષ્ટ પરિણામ ઉત્પન્ન થવાથી તેવા પ્રકારનું અપૂર્વકરણ (અપૂર્વ પરિણામ) થાય છે, જેથી તે જીવને ઉપદેશ વિના સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, આથી આ 'નિસર્ગ-સમ્યગ્દર્શન' કહેવાય છે.**

**પ્રેમપ્રભા :** હવે ભાષ્યમાં અનિવર્તિ-પરિણામ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શી રીતે થાય એની પ્રક્રિયાનું જે વિસ્તૃત વર્ણન કરેલું છે, તે ભાષ્ય-ગ્રંથના પદોનો પરસ્પર સંબંધ શું છે ?

तथा 'स्थानान्तराणि गच्छतोऽनादिमिथ्यादृष्टेरपि सत' एतानि सर्वाणि जीवविशेषणानि । 'अनादौ संसार' इत्यस्य तु नरकादिभवग्रहणेष्वित्येतद् विशेषणम् । कर्मत एव कर्मणः स्वकृतस्येति त्रयाणां विशेषणविशेष्यता, बन्धनिकाचनोदयनिर्जरापेक्षं विविधं इत्येतद् द्वयं पुण्यपापफलमित्यस्य विशेषणम्, अनुभवत इत्यस्य तु हेतुग्रन्थौ ज्ञानदर्शनोपयोगस्वाभाव्यदिति, तानि तानीत्यादिपदद्वयं 'गच्छत' इत्यस्यव्याप्यं कर्म । एवं सम्बन्धे कथिते विवृणोति– अविद्यमान आदिरस्य सोऽयम् **अनादिः**, न खलु संसारस्यादिर्दृष्टः केवलज्योतिषाऽपि प्रकाशिते समस्तज्ञेयराशौ, अतस्तस्याभावादनुपलब्धिः, न तु ज्ञानस्याशक्तिर्ग्रहणं प्रतीति ।

---

તે સંબંધને પહેલાં જણાવતાં સિદ્ધસેન ગણિવર ટીકામાં કહે છે - **तस्य अनादौ०** ઇત્યાદિ **तस्य** - પદથી હમણાં જ ઉપર નિર્ધારિત = નિર્ણય કરાયેલ સ્વરૂપવાળો 'જીવ' લવાનો છે. આનો ('જીવ'નો) સંબંધ આગળના **अनुभवतः** = અનુભવ કરતો એવા પદ સાથે થાય છે.

તથા **स्थानान्तराणि गच्छतः** તથા **अनादिमिथ्यादृष्टेरपि सतः** આ બધા 'જીવ'ના વિશેષણો છે. (બધાંયને ષષ્ઠી-વિભક્તિ થયેલી છે) **अनदौ संसारे** એનું **नरकादिभवग्रहणेषु** એ વિશેષણ છે. વળી **कर्मत एव कर्मणः स्वकृतस्य** એ ત્રણેય પદોનો યથાયોગ્ય વિશેષણ-વિશેષ્ય ભાવ (સંબંધ) છે. તથા **बन्ध-निकाचनोदय-निर्जरापेक्षं विविधं** એ બે પદો **पुण्यपापफलं** પદનું વિશેષણ છે. **अनुभवतः** એ પદનો **ज्ञानदर्शनोपयोग-स्वाभाव्याद्** એ 'હેતુ' છે. તથા ઉપર કહેલ **तानि तानि०** ઇત્યાદિ બે પદો **गच्छतः** એવા પદનું વ્યાપ્ય (પ્રાપ્ય) રૂપ કર્મ છે.

આ પ્રમાણે ભાષ્યના પદોનો વ્યાકરણની દૃષ્ટિએ પરસ્પર સંબંધ કહીને હવે તે દરેક પદોનું ટીકામાં વિવરણ (વ્યાખ્યા) કરે છે... **अनादौ संसारे । "અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને"** એમ કહ્યું, તેમાં જેની કોઈ આદિ = શરૂઆત = આરંભ વિદ્યમાન ન હોય તે 'અનાદિ' કહેવાય. **( अवद्यमानः आदिरस्य स अनादिः ।)** સંસારની કોઈ આદિ નથી. ભલે કદાચ કેવળજ્ઞાન રૂપ જ્યોતિ વડે પણ સમસ્ત જ્ઞેય પદાર્થોની રાશિ (સમૂહ) પ્રકાશિત કરાય, તો પણ સંસારની કોઈ આદિ (આરંભ) જણાતી નથી. (અર્થાત્ બીજા જ્ઞાનોમાં સમસ્ત દ્રવ્યોના સર્વ (અનંત) ભાવો/પર્યાયો જણાતાં ન હોવાથી તેમાં કદાચ સંસારની આદિ ન જણાય, પણ ભૂત-વર્તમાન-ભવિષ્ય એમ ત્રણેય કાળના સર્વ દ્રવ્યોના સર્વ (અનંતા) પર્યાયો એક સમયમાં જણાવનાર કેવળજ્ઞાન રૂપી પ્રકાશમાં તો કોઈ પણ પદાર્થની કોઈપણ અવસ્થા (પર્યાય) અજ્ઞાત રહેતી નથી. તેમાં પણ સંસારની આદિ દેખાતી નથી. કેમ કે,

---

१. ख. पू. । थोऽयं० मु. ।

सन्धावन्ति यत्र स्वकर्मभिः प्रेर्यमाणा जन्तवः स **संसार** इति, उत्पत्तिस्थानानि नरकादीनि। निश्चयनयस्य तु सर्वं स्वप्रतिष्ठं वस्त्विति आत्मैव, त एव वा प्राणिनः सन्धावन्तस्तांस्तान् परिणामान्नारकादीन् संसार इति कथ्यते, **अनादौ संसार** इति च सृष्टिं निरस्यति । न हि कश्चिज्जगतः स्रष्टा कर्ता समस्ति पुरुषः, यथैव हि ते न केनचित् सृष्टाः प्राण्यादिमन्तस्तथाऽन्येऽपि प्राणिनः। कर्त्रन्तराभ्युपगमे चानवस्था । सति चोपकरणकलापे

---

પ્રવાહથી અનંત-અનંત કાળથી સંસાર ચાલ્યો આવે છે. આથી સંસાર અનાદિ છે એમ માનવું જ જોઈએ) આમ સંસારની 'આદિ' છે જ નહીં માટે કેવળજ્ઞાન વડે પણ જણાતી નથી, પણ તેવું જ્ઞાન કરવાની અશક્તિ હોવાથી સંસારની આદિ જણાતી નથી, એવું નથી.

**संसार** જેમાં પોતાના કરેલાં કર્મો વડે પ્રેરાયેલાં છતાં જીવો ચારે ય બાજુ દોડે છે, પરિભ્રમણ કરે છે, તે 'સંસાર' કહેવાય. **संसरन्ति सन्धावन्ति यत्र स्वकर्मभिः प्रेर्यमाणा जन्तवः, स संसारः** । એટલે કે નરક વગેરે (ચાર ગતિ રૂપ, અથવા ૮૪ લાખ યોનિ રૂપ) ઉત્પત્તિસ્થાનો... આ વ્યવહાર નયથી (દૃષ્ટિથી) "સંસાર" જાણવો, નિશ્ચય-દૃષ્ટિથી તો 'સર્વ વસ્તુઓ પોતાનામાં જ રહેલી છે' આથી આ આત્મા જ સંસાર છે. (અથવા મોક્ષ પણ છે.) અથવા તો તે તે નરક વગેરે પરિણામોને/અવસ્થાઓને પામતાં છતાં તે પ્રાણીઓ જ 'સંસાર' કહેવાય છે. (અર્થાપત્તિથી તેવા પરિણામોને પામતાં સંપૂર્ણ અટકી જાય, તેને મોક્ષ પણ કહેવાય.)

**'अनादौ संसारे'** 'અનાદિ સંસારમાં' (પરિભ્રમણ કરતાં જીવને) એમ કહેવા દ્વારા 'સંસારનું બ્રહ્માએ (ઇશ્વરે) સર્જન કરેલું છે.' એવા સંસાર સંબંધી 'સૃષ્ટિવાદ'નું નિરાકરણ/ નિષેધ કરે છે. કારણ કે, જગતનો કોઈપણ પુરુષ સર્જનહાર (સ્રષ્ટા) રૂપે કર્તા નથી. જેમ તે અન્ય પ્રાણીઓના આદિ કરનારા = સ્રષ્ટા રૂપ ઇશ્વર કોઈના વડે સર્જાયો નથી, એટલે કે અનાદિ છે, એમ તેઓ માનો છો, તેમ બીજા પણ પ્રાણીઓ કોઈનાથી બનાવાય નથી... (અહીં કોઈ બીજો વ્યક્તિ પ્રશ્ન ઉઠાવે છે-)

**પૂર્વપક્ષ :** અમે કર્તા(જગતના સ્રષ્ટા) રૂપ ઈશ્વરના પણ કર્તા તરીકે બીજા ઇશ્વરને જ માનશું, તેમાં શું વાંધો છે ?

**ઉત્તરપક્ષ :** ના, આ પ્રમાણે જો જગતના સર્જનહાર એવા ઈશ્વરના પણ સ્રષ્ટા તરીકે જો બીજા ઈશ્વરને માનશો તો 'અનવસ્થા' રૂપ દોષ આવશે.

**ચંદ્રપ્રભા :** તે આ રીતે - આ બ્રહ્મા એટલે કે ઇશ્વર - જેમણે જગતનું સર્જન કર્યું - તે ઈશ્વર નિત્ય છે કે અનિત્ય છે ? આવા પ્રશ્નના જવાબમાં જો તમે 'અનિત્ય છે' એવો વિકલ્પ સ્વીકારશો

दलिकद्रव्ये च निपुणाः कुम्भकारादयः कार्योत्पादाय यतमानाः फलेन युज्यन्ते, नान्यथा। न चाकाशादीनां कारणमुपलभ्यते किञ्चित्, नापि किञ्चित् सर्गे जगतः स्रष्टुः प्रयोजनमस्ति प्रेक्षापूर्वकारिणः । क्रीडाद्यर्थमिति चेत्, कुतः सर्गशक्तिः ? प्राकृतत्वात् । सुखितदुःखित-

તો તેવા અનિત્ય ઇશ્વરને ઉત્પન્ન કરનાર બીજા કોઈ ઇશ્વરને માનવા પડશે. કેમ કે જે અનિત્ય હોય તે ઉત્પન્ન થનારૂં હોય એવા નિયમ છે, માટે જ તો અનિત્ય કહેવાય છે. વળી જે બીજા ઈશ્વર છે, જેમનું મૂળ (સ્રષ્ટા રૂપ) ઇશ્વરના કર્તા તરીકે અનુમાન કરાય છે, તેઓ નિત્ય છે કે અનિત્ય છે ? જો પૂર્વના એટલે કે મૂળ ઇશ્વરના કર્તા તરીકે અનુમાન કરાયેલ બીજા ઈશ્વર એ જો નિત્ય જ હોય તો આમણે અર્થાત્ આ જગતના સ્રષ્ટા રૂપ મૂળ-પ્રથમ ઇશ્વરે શું અપરાધ કર્યો કે જેથી તેઓને અનિત્ય માનો છો ? (તેઓને જ નિત્ય માનો), જેથી બીજા ઇશ્વરની કલ્પના કરવી ન પડે. અને નિત્ય માનશો તો સ્થિર-એક-સ્વભાવવાળા શી રીતે સર્જન કરી શકે ? તથા બંધ-મોક્ષ વગેરે પણ શી રીતે ઘટે ? અર્થાત્ ન જ ઘટી શકે.

હવે જો ઈશ્વરને ઉત્પન્ન કરનાર કર્તા તરીકે અનુમાન કરાયેલ પૂર્વના ઇશ્વરને જો 'અનિત્ય છે' એમ કહેશો તો તે પૂર્વના બીજા ઇશ્વરના પણ ઉત્પાદક તરીકે (તેનાથી ય પૂર્વના) બીજા કોઈ ઇશ્વર માનવા પડશે. વળી તે બીજા ઇશ્વરના ઉત્પાદક તરીકે તેઓની પૂર્વે ત્રીજા ઇશ્વરને માનવા પડશે. આમ માનવામાં તો અનવસ્થા = અવિરામ રૂપ દોષ આવશે - અર્થાત્ પૂર્વ પૂર્વના ઇશ્વરની કલ્પનાનો અંત જ નહીં આવે...

**પ્રેમપ્રભા :** વળી કોઈપણ (ઘટ વગેરે) કાર્ય કરવું હોય તો તેને માટે તેના ઉપકરણોના સમૂહની = અર્થાત્ દંડ, ચક્ર વગેરે સહકારી કારણોની સામગ્રીની અને તેના (માટી વગેરે) મુખ્ય ઉપાદાન કારણ રૂપ દલિક-દ્રવ્યની (કાચા માલની) પણ હાજરી હોવી જોઈએ. આમ હોય તો જ કુશળ એવો કુંભાર વગેરે ઘડા વગેરે રૂપ કાર્યને ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરવા દ્વારા ફળની પ્રાપ્તિ કરે છે, નહીંતર, કાર્યની સિદ્ધિ રૂપ ફળને મેળવી શકતાં નથી. (આથી ઇશ્વર પણ સૃષ્ટિનું સર્જન તથા સુખ-દુઃખ પહોંચાડવું વગેરે કાર્ય તેના સહકારી બીજા કારણો હોય તો જ કરી શકે, તે વિના કરી શકતો નથી.) વળી આકાશ વગેરે દ્રવ્ય છે, તેનું કોઈ કારણ જાણાતું નથી, એ તો નિત્ય જ છે. તેથી તેના સ્રષ્ટા તરીકે કહી શકાય નહીં. વળી જગતનું સર્જન કરવામાં સ્રષ્ટા એવા ઇશ્વરને કોઈ પ્રયોજન નથી. વળી તે ઇશ્વરને પ્રેક્ષાપૂર્વકારી = એટલે કે બુદ્ધિપૂર્વક - વિચારણાપૂર્વક કાર્ય કરનાર માનવા જોઈએ અને તેથી તેઓ નિષ્પ્રયોજન સૃષ્ટિ-સર્જન વગેરે કાર્ય માટે પ્રવૃત્તિ ન જ કરે.

કદાચ તમે કહેશો કે, **પૂર્વપક્ષ :** એ તો ક્રીડા કરવા માટે ઇશ્વર જગતનું સર્જન કરે છે... **ઉત્તરપક્ષ :** ના, એમ કહેવું બરાબર નથી. ક્રીડા માટે જ જો ઇશ્વર સૃષ્ટિનું સર્જન કરતાં

देवनारकसत्त्वोत्पादने चाकस्मिकः पक्षपातो द्वेषिता चेति । एवं कार्यकारणसम्बन्धः समवायपरिणामनिमित्तनिर्वर्तकादिरूपः **सिद्धिविनिश्चय-सृष्टिपरीक्षातो** योजनीयो विशेषार्थिना दूषणद्वारेणेति ।

**कर्मत** इति पञ्चमी, ज्ञानावरणीयादिकाष्टविधादुदयप्राप्तात् क्रोधाद्याकारपरिणामहेतुकात्

---

હોય તો તેઓની સૃષ્ટિના સર્જનની શક્તિ પણ શી રીતે મનાય ? કેમ કે જો તેમને ક્રીડા-રમત કરવાની ઇચ્છા થતી હોય તો તેઓ (પ્રાકૃતત્વાત્) સામાન્ય-પ્રજા તુલ્ય જ ગણાય, તેથી વિશેષ ન ગણાય.

વળી જગતના સર્જનમાં પણ વૈવિધ્ય છે. સુખી જીવો અને દુઃખી જીવો, દેવના જીવો તથા નારકના જીવોની ઉત્પત્તિ કરવામાં તો આકસ્મિક એટલે કે કોઈપણ કારણ વિના અમુકનો પક્ષપાત અને બીજાનો દ્વેષ કરનાર માનવા પડશે.

**ચંદ્રપ્રભા :** વળી જીવોને સુખી અથવા દુઃખી, રૂપવાન અથવા વિરૂપી, બુદ્ધિમાન અથવા મંદબુદ્ધિ વગેરે જુદા જુદા રૂપે સર્જન કરવામાં તે તે જીવોના કર્મ પ્રમાણે જ ઇશ્વર સર્જન કરે છે. આથી પક્ષપાત એટલે કે રાગ અને દ્વેષ કરવાનો સવાલ આવતો નથી, એમ કહેશો, તો પણ બરાબર નથી. કારણ કે ઇશ્વરને પણ સુખી-દુઃખી વગેરે ભિન્ન ભિન્ન પ્રકારે સર્જન કરવામાં કર્મને પરાધીન રહેવું પડે છે. તેથી કર્મ જ બળવાન હોવાથી જીવોનું પોતપોતાનું કર્મ જ સર્જન કરે છે. ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂરત રહેતી નથી. કારણ કે તેમ માનવામાં બીજા વિસંવાદો આવે છે.

આ પ્રમાણે આ વિષયમાં વિશેષ જિજ્ઞાસુઓએ સમવાય-નિમિત્ત-નિર્વર્તક આદિ રૂપ કાર્ય-કારણ સંબંધ ★**સિદ્ધિ-વિનિશ્ચય સૃષ્ટિ-પરીક્ષા** નામના ગ્રંથોથી દૂષણનું ઉદ્ભાવન દ્વારા યોજવો જોઈએ.

**પ્રેમપ્રભા : कर्मतः** । ભાષ્યના આ પદમાં પંચમી અર્થમાં **तस्** પ્રત્યય થયો છે. આમ 'કર્મથી' એટલે જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મો જ્યારે ઉદયમાં આવેલાં હોવાથી તે કર્મના ઉદય જીવને ક્રોધ વગેરે સ્વરૂપ પરિણામનું (ભાવોનું/અધ્યવસયોનું) કારણ બને છે અને તેથી બીજા નવા જ્ઞાનાવરણાદિ કર્મોનો ઉપચય = સંગ્રહ = બંધ થાય છે આવા

---

१. पादिषु । नावरणादि० मु. ।

★ વર્તમાનમાં શ્રી ભટ્ટાકલંકદેવ-પ્રણીત સિદ્ધિ-વિનિશ્ચય ગ્રંથ અને તેના ઉપર શ્રી અનંતવીર્યાચાર્ય રચિત ટીકા ઉપલબ્ધ થાય છે ખરી. આમાં કુલ ૧૨ સિદ્ધિનો વિનિશ્ચય કરેલો છે. જેનાં ૭માં શાસ્ત્ર-સિદ્ધિવિનિ૦માં ઇશ્વર-કર્તૃત્વનું નિરસન કરેલું છે. જો કે આમાં સૃષ્ટિ-પરિક્ષા નામનું કોઈ અવાંતર પ્રકરણ નથી. આ. શિવસ્વામીકૃત પ્રાચીન સિદ્ધિવિનિશ્ચયનો ઉલ્લેખ પણ શાકટાયને સ્ત્રી-નિર્વાણ પ્રકરણમાં કરેલો છે. અહીં તેનો નિર્દેશ હોવો વધુ સંભવે છે.

यद्यदन्यत् कर्मोपचितं ज्ञानावरणादि तस्य कर्मणः स्वकृतस्येति । तच्च कर्मतो यदुपादायि कर्म तत् स्वेनात्मना कृतं [2]स्वकृतम्, न पुनः प्रजापतिप्रभृतिना तत् कर्म संश्लेषितमात्मसामर्थ्यात् । **एतत् स्याद्** यदाऽऽदिकर्म प्रजापतिरकरोत् सर्वप्राणिनां ततोऽन्या कर्मसन्ततिः स्वकृतेतीष्टमेव प्रसाधितमिति । **उच्यते**-एवमर्थमेव एवकारः प्रयुज्यते, कर्मत एव सर्वं कर्म बध्यते, अनादित्वात् संसृतेरादिकर्मैव नास्ति, प्रतिषिद्धश्च कर्ता । तदपि वा कर्मत

---

સ્વકૃત-પોતે જે પૂર્વમાં કરેલાં કર્મનો ઉદય થતાં - પુણ્ય - પાપ વગેરે વિવિધ ફળને અનુભવતાં-ભોગવતાં એવા જીવને... એમ સંબંધ છે. વળી પૂર્વોક્ત ઉદયમાં આવેલાં કર્મથી (અશુભ પરિણામ થવાથી) જે નવું કર્મ ગ્રહણ કર્યું, બાંધ્યુ તે (**स्वेन आत्मना कृतं, स्वकृतम् ।**) પોતાના આત્મા વડે જે કરાયેલું છે, પરંતુ **પ્રજાપતિ** (બ્રહ્મા, ઈશ્વર) વગેરે વડે પોતાના સામર્થ્યથી તે કર્મને (ઉપચય-કરનાર, બાંધનાર) આત્માની સાથે સંશ્લેષ કરાવ્યો નથી, અર્થાત્ ચોંટાડ્યું નથી. (અહીં ઈશ્વર-કર્તૃત્વની તરફેણમાં બીજા કોઈ વ્યક્તિ પ્રશ્ન ઉઠાવે છે.)

**પ્રશ્ન :** આવું બની શકે કે, સર્વજીવોનું જે પહેલું કર્મ છે, તેને પ્રજાપતિએ-બ્રહ્માએ બનાવ્યું... તેનાથી અન્ય જે કર્મની પરંપરા (સંતતિ) છે, તે જીવે પોતે તૈયાર કરી છે, રચી છે. આથી ઈષ્ટ વસ્તુની સિદ્ધિ થઈ જાય છે. એટલે પ્રથમ કર્મના કર્તા, મૂળ કર્તા, પ્રજાપતિ છે અને ત્યાર બાદ પરંપરા ચલાવનાર જીવ છે. આથી કર્મને સ્વ-કર્મકૃત એમ કહેવા દ્વારા પણ અંતે તો ઈશ્વર-કર્તૃત્વ રૂપ ઈષ્ટની જ સિદ્ધિ થાય છે.

**ઉત્તર :** આ રીતે પણ કોઈ પ્રજાપતિને કર્તા તરીકે ગોઠવી ન દે, તે માટે જ **कर्मत एव** એમ **एव** કાર = 'જ' કારનો પ્રયોગ કરેલો છે. સર્વ કર્મો કર્મથી જ બંધાય છે, પછી તે પહેલું હોય કે અન્ય... કારણ કે જીવનો કર્મ સાથેના સંબંધ રૂપ સંસાર (સંસૃતિ) છે, તે અનાદિ છે અર્થાત્ તેની કોઈ આદિ = શરૂઆત જ નથી. આથી જીવના સંસારમાં પરિભ્રમણનું = સંસરણનું (પ્રવાહની અપેક્ષાએ) કોઈ આદિ કર્મ જ નથી, કે જેના કર્તા તરીકે પ્રજાપતિની કલ્પના કરાય. વળી કર્મના બીજા કોઈ કર્તાનો (ઈશ્વર આદિનો) આમ પણ નિષેધ કરેલો જ છે. અર્થાત્ પૂર્વે ઈશ્વર સૃષ્ટિના કર્તા નથી એમ કહેલું છે, તેથી તેઓ સૃષ્ટિમાં અંતર્ગત સમાવેશ પામતાં એવા કર્મના પણ કર્તા નથી, એમ સિદ્ધ થાય છે.

અથવા તો જે કર્મની-પહેલાં કર્મ તરીકે - કલ્પના કરાય છે, તે કર્મ પણ કર્મથી જ (કર્મોદયથી જન્ય શુભાશુભ પરિણામથી જ) બંધાય છે. કેમ કે તે કર્મ છે (**कर्मत्वात्**) અત્યારે

---

१. पादिषु । चितज्ञाना० मु. । २. पू. कै. । ना. मु. ।

एव बध्यते कर्मत्वादिदानीन्तनकर्मवत् । एवंविधस्यास्योपात्तस्य कर्मणः फलमनुभवत इति।

किमपेक्षं पुनस्तत्फलम् ? आह-**बन्धनिकाचनाद्यपेक्षमिति । बन्धो** नाम यदाऽऽत्मा

બંધાતાં કર્મની જેમ...

**ચંદ્રપ્રભા :** આ પ્રમાણે અહીં અનુમાન-પ્રમાણ આપેલું છે. તેનો આકાર આ પ્રમાણે છે- 'કર્મ' (**प्रथम कर्म**) એ પક્ષ છે. કર્મથી જ બંધાય છે, (**कर्मत एव बध्यते**) એ સાધ્ય છે. 'કારણ કે તે કર્મ છે' (**कर्मत्वात्** = કર્મ હોવાથી) આ હેતુ છે. દૃષ્ટાંત - જેમ કે, અત્યારે બંધાતું કર્મ... કહેવાનો **ભાવ** એ છે કે, 'કર્મ' એ પક્ષ છે અર્થાત્ તેમાં અનુમાનથી સાધ્યની સિદ્ધ કરવાની છે. જેની સિદ્ધિ કરવાની હોય તે 'સાધ્ય' કહેવાય. સાધ્ય = 'કર્મથી જ બંધાય' - એ સાધ્ય છે. અને સાધ્યની સિદ્ધિ માટે જે કારણ દર્શાવાય તેને હેતુ કહેવાય. કર્મ હોવાથી એ હેતુ છે. જે જે કર્મ હોય, તે (મુખ્યત્વે) કર્મથી જ બંધાય એવો નિયમ (વ્યાપ્તિ) છે. દૃષ્ટાંત તરીકે 'અત્યારે બંધાતું કર્મ'... આ કર્મ પણ ઉદયમાં આવેલાં કર્મથી જ બંધાય છે. (આ અન્વય = Positive દૃષ્ટાંત જાણવું જે ટીકામાં આપેલું જ છે.) જો કર્મોનો ઉદય ન હોય તો કર્મો બંધાતા નથી, જેમ કે, સિદ્ધ ભગવંતો. તેઓને તો કોઈ કર્મ સત્તામાં જ ન હોવાથી ઉદયમાં પણ આવતું નથી. માટે નવો કર્મ-બંધ પણ થતો નથી. (આ વ્યતિરેક = ઉલટું, Negative દૃષ્ટાંત જાણવું.)

હવે પ્રસ્તુતમાં પણ આ અનુમાનથી એ સિદ્ધ થાય છે કે, જે પહેલું કર્મ ઈશ્વરે કર્યું એમ જે તેમ કહો છો, તે કર્મ પણ કર્મથી જ થયેલું છે. કારણ કે જે જે કર્મ હોય તે કર્મથી જ થાય છે, એવો નિયમ = વ્યાપ્તિ પ્રસિદ્ધ છે. વળી જો પહેલું કર્મ પણ ઈશ્વરે કર્યું, બનાવ્યું એમ કહેશો, તો ઈશ્વરને જગતના કર્તા માનવામાં જે જે દોષો - આપત્તિઓ પૂર્વે કહેલી છે તે બધી અહીં આવશે. માટે જ અહીં આ અનુમાન આપતાં પહેલાં ટીકામાં પહેલાં જ કહી દીધું કે, '**प्रतिषिद्धश्च कर्ता**' । એનાથી જ ઈશ્વર કર્તા નથી એમ સિદ્ધ થઈ જવા છતાંય, આ અનુમાન-પ્રમાણ આપ્યું તે પૂરક સમજવું. પૂર્વના અનુમાનમાં સૃષ્ટિ = જીવ, કર્મ વગેરેનું કારણ પ્રજાપતિ બ્રહ્મા નથી એમ સામાન્યથી સિદ્ધ કર્યું, જણાવ્યું... જ્યારે અહીં કર્મનું કારણ 'કર્મ જ છે' એમ વિશેષથી સિદ્ધ કરેલું છે, એટલો તફાવત છે એમ જાણવું.

**પ્રેમપ્રભા :** આમ ઉપરના અનુમાનથી 'કર્મથી જ કર્મ બંધાય છે' આ વાત નિશ્ચિત થાય છે અને **स्वकृतस्य** એમ કહેવાથી તેનો બાંધનાર કર્તા પોતાનો જીવ જ છે, પણ પ્રજાપતિ અથવા તો બીજાનો જીવ વગેરે નથી, એ પણ નક્કી થયું... અને આ પ્રમાણે પોતાના જીવ વડે ગ્રહણ કરેલ - બાંધેલ કર્મના... ફળનો અનુભવ કરતાં એવા જીવને એમ આગળના પદો સાથે સંબંધ છે...

**પ્રશ્ન :** જીવ જે ફળનો અનુભવ કરે છે, તે ફળ કોની કોની અપેક્ષા રાખે છે ? **જવાબ :** (i) બંધ, (ii) નિકાચના (iii) ઉદય અને (iv) નિર્જરા આ ચારની અપેક્ષાએ જીવ સ્વકૃત

रागद्वेषस्नेहलेशावलीढसकलात्मप्रदेशो भवति तदा येष्वेवाकाशदेशेषु अवगाढस्तेष्वेवावस्थितान् कार्मणविग्रहयोग्याननेकरूपान् पुद्गलान् स्कन्धीभूतानाहारवदात्मनि परिणमयति[1] सम्बन्धयतीति[2] ततस्तानध्यवसायविशेषाज्ज्ञानादीनां गुणानामावरणतया विभजते *हंसः क्षीरोदके यथा*। यथा वा आहारकाले परिणतिविशेषक्रमवशादाहर्ता रसखलतया परिणतिमानयत्यनाभोगवीर्यसामर्थ्यात्, एवमिहाप्यध्यवसायविशेषात् किञ्चिद् ज्ञानावरणीयतया, किञ्चिद् दर्शनाच्छादकत्वेन, अपरं

---

પુણ્ય-પાપકર્મના ફળનો અનુભવ કરે છે અને તે રીતે અનુભવ કરતાં જીવને... (આગળ કહેવાતી પ્રક્રિયાથી અપૂર્વકરણ અને (પૂર્વોક્ત) અનિવર્તિકરણની પ્રાપ્તિ થાય છે અને તે દ્વારા સમ્યગ્દર્શનની ઉત્પત્તિ/પ્રાપ્તિ થાય છે... એમ સંબંધ કરાશે. એમ ખ્યાલમાં રાખવું.) હવે 'બંધ વગેરેથી વ્યાખ્યા' કરે છે.

**(૧) બંધ :** આત્મા જ્યારે રાગ-દ્વેષ રૂપી જે સ્નેહ-ચીકાશ છે, તેના અંશથી પણ લેપાયેલા(અવલીઢ) પોતાના સર્વ આત્મ-પ્રદેશોવાળો હોય છે, ત્યારે તે જે આકાશ પ્રદેશોમાં અવગાઢ હોય છે અર્થાત્ અવગાહીને વ્યાપીને રહેલો હોય છે, ત્યારે તે આકાશ-પ્રદેશોમાં રહેલાં (અવસ્થિત) કાર્મણ (= કર્મની વર્ગણાઓ વડે બનેલાં) શરીરને યોગ્ય અનેક પ્રકારના સ્કંધ રૂપે બનેલાં જે પુદ્ગલો છે, (અર્થાત્ કર્મરૂપે બંધાવાને યોગ્ય વર્ગણા રૂપ = જથ્થા રૂપ જડ-પુદ્ગલ દ્રવ્ય છે.) તેને 'આહારની જેમ' આત્મામાં પરિણમાવે છે અર્થાત્ આત્મા તે પુદ્ગલોને પોતાની સાથે સંબંધિત કરે છે, એકમેક કરે છે, તેને **'બંધ'** કહેવાય છે. અર્થાત્ જીવ જેમ આહારના પુદ્ગલોનું ગ્રહણ કરીને તેને શરીરમાં સાત ધાતુ રૂપે પરિણમાવે છે, એકમેક કરે છે, તેમ આત્મા કર્મ વર્ગણાના પુદ્ગલોને પોતાના આત્મપ્રદેશો સાથે ક્ષીર-નીરની જેમ એકમેક કરે છે, તેને બંધ કહેવાય છે.

(આ કર્મનો 'બંધ' થતી વખતે ચાર વસ્તુ નક્કી થતી હોવાથી બંધના ચાર પ્રકાર થાય છે. (૧) પ્રકૃતિ-બંધ (૨) સ્થિતિ-બંધ (૩) રસ-બંધ અને (૪) પ્રદેશ-બંધ. તેમાં પ્રથમ પ્રકૃતિ બંધનું સ્વરૂપ જણાવતાં ટીકામાં કહે છે-)

**(૧) પ્રકૃતિ-બંધ :** કર્મ સાથે સંબંધ (સામાન્યથી બંધ) થયા પછી આત્મા અધ્યવસાય-વિશેષથી, એટલે કે વિશેષ્ટ પરિણામ (ભાવો) દ્વારા તે સંબંધિત થયેલાં, બંધાયેલાં કર્મોની જ્ઞાન આદિ ગુણોના આવરણ તરીકે વ્હેંચણી કરે છે, વિભાગ કરે છે. દા.ત. (i) જેમ હંસ દૂધનો ક્ષીર અને નીર (દૂધ અને પાણી) એમ વિભાગ કરે છે અથવા (ii) આહાર કાળે આહાર કરનારો વ્યક્તિ જેમ અમુક સમય બાદ વિશેષ પરિણતિના (પાચન આદિના) ક્રમથી આહારને પોતાના અનાભોગ-વીર્યના (અર્થાત્ જીવ પ્રયત્ન વિના જ સહજ સ્વભાવથી

---

१. पादिषु, जै. । परिणाम० मु. । २. पादिषु, जै. । यतीति स्वात्मा० अधिकः मु. ।

सुखदुःखानुभवयोग्यतया, परं च दर्शनचरणव्यामोह, कारितया अन्यद् नारकतिर्यङ्मनुष्यामरायुने अन्यद् गतिजातिशरीरराद्याकारेण, अपरमुच्चनीचगोत्रानुभावेन, अन्यद् दानाद्यन्तरायकारितया व्यवस्थापयति । एष **प्रकृतिबन्धः** । **स्थितिबन्धस्तु**, तस्यैवं प्रविभक्तस्य अध्यवसायविशेषादेव जघन्यमध्यमोत्कृष्टां स्थितिं निर्वर्तयति ज्ञानावरणादिकस्यैष स्थितिबन्धः । **अनुभावबन्धस्तु**, कृतस्थितिकस्य स्वस्मिन् काले परिपाकमितस्य याऽनुभूयमानावस्था शुभाशुभाकारेण

ઉત્પન્ન થતાં વીર્યનાં) સામર્થ્યથી રસ અને ખળ (નકામો ભાગ) રૂપે પરિણામ પમાડે છે = વિભાજિત કરે છે, તેમ અહીં પણ જીવ પોતાના વિશેષ પ્રકારના અધ્યવસાયથી (i) કેટલાંક કર્મોને જ્ઞાનાવરણીય તરીકે (= જ્ઞાનના આવરણ રૂપે) (ii) કેટલાંક કર્મને 'દર્શન' (અનાકર = સામાન્ય બોધ) ગુણનું આચ્છાદન કરનાર રૂપે, (iii) તો બીજા કર્મોને સુખ-દુઃખનો અનુભવ કરાવવાને યોગ્ય તરીકે (અર્થાત્ સાત - અસાત વેદનીય કર્મ રૂપે) ગોઠવે છે. વળી (iv) બીજા કર્મને સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર (પ્રસ્તુત મોક્ષ માર્ગના ઘટક/ભેદ સ્વરૂપ) ગુણને વિષે વ્યામોહ-મૂંઝવણ, અરુચિ-અશક્તિ પૈદા કરવાના સ્વભાવવાળા તરીકે વિભાજિત કરે છે. (v) તથા અન્ય કર્મને નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના 'આયુષ્ય' ઉત્પન્ન કરનાર તરીકે, (vi) તથા કેટલાંક કર્મને ગતિ, જાતિ, શરીર આદિ (પ્રાપ્ત કરાવનારા) રૂપે (vii) તથા બીજા કેટલાંકને ઊંચ-નીચ ગોત્ર રૂપ ફળ આપનારા રૂપે અને (viii) અન્ય કર્મને દાન વગેરેમાં અંતરાય કરવાના સ્વભાવવાળા (Nature) તરીકે વ્યવસ્થાપિત કરે છે, નક્કી કરે છે... અર્થાત્ અમુક ચોક્કસ ફળ આપવાના પ્રકૃતિ-સ્વભાવવાળા તરીકે નિયત કરે છે, આને **પ્રકૃતિ-બંધ** કહેવાય.

**ચંદ્રપ્રભા :** ઉપર કહેલ સ્વભાવવાળા કર્મોને ક્રમશઃ (i) જ્ઞાનાવરણ (ii) દર્શનાવરણ (iii) વેદનીય (iv) મોહનીય (v) આયુષ્ય (vi) નામ (vii) ગોત્ર અને (viii) અંતરાય કર્મ કહેવાય છે.

**પ્રેમપ્રભા : (૨) સ્થિતિ-બંધ :** પૂર્વે કહ્યા મુજબ વિભાજિત કરેલાં તે જ્ઞાનાવરણાદિ કર્મોની જીવ પોતાના વિશેષ પ્રકારના અધ્યવસાયથી જે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી સ્થિતિનું નિર્માણ કરે છે, આને **સ્થિતિ-બંધ** કહેવાય છે. ટૂંકમાં સ્થિતિ એટલે જઘન્ય વગેરે ભેદથી તે કર્મ કેટલો કાળ (Time/Period) આત્મા સાથે રહેશે, તે કાળનો નિશ્ચિય કરવો તે સ્થિતિ-બંધ.

**(૩) અનુભાવ(રસ)બંધ :** પૂર્વે કહ્યા પ્રમાણે નક્કી થયેલ સ્થિતિ (કાળ) પ્રમાણે આત્મા સાથે રહેલાં કર્મનો પોતાનો કાળ થયે અર્થાત્ પૂરો થતાં, પરિપાકને પામેલ એટલે કે, વિપાકને = ફળ રૂપે ભોગવવાની યોગ્યતાને પામેલ કર્મની શુભ કે અશુભ રૂપે જે

१. सर्वप्रतिषु । गतिश० मु. ।

घृतक्षीरकोशातकीरसोदाहृतिसाम्यात् सोऽनुभावः[१] । **प्रदेशबन्धस्तु**, अनन्तानन्तप्रदेशान् स्कन्धानादायैकैकस्मिन् प्रदेशे एकैकस्य कर्मणो ज्ञानावरणादिकस्य व्यवस्थापयतीत्येष प्रदेशबन्ध इति। **निकाचना** तु स्पृष्टानन्तरभाविनी, **स्पृष्टता** तु नोक्ता भाष्यकारेण पृथग्, निकाचनाभेद एवेतिकृत्वा । **कथमिति चेत्** ? **भावयामः**, **बद्धं** नामात्मप्रदेशैः सह श्लिष्टं, यथा सूचयः कलापीकृताः परस्परेण बद्धाः कथ्यन्ते, ता एवाग्नौ [२]प्रक्षिप्तास्ताडिताः समभिव्यज्यमानान्तराः

---

અનુભવાતી અવસ્થા તેને **અનુભાવ-બંધ** (રસ-બંધ = Power) કહેવાય.

અર્થાત્ ઘી, દૂધ, કોશાતકીના (= પટોલનો વેલો, જેનું ફળ મધુર - સ્વાદિષ્ટ હોય છે, તેના) રસરૂપ ઉદાહરણની સમાન આ રસ હોય છે... અર્થાત્ બાંધેલું કર્મ જ્યારે પોતાના યથાકાળે ઉદયમાં આવશે ત્યારે તેનું ફળ કેવી તીવ્રતાવાળું (Powerful) હશે ? તીવ્ર હશે, મધ્યમ હશે કે મંદ હશે વગેરે નક્કી થવું તે અનુભાવ (રસ) બંધ.

(૪) **પ્રદેશ-બંધ :** અનંતાનંત (અનંત ગુણ્યા અનંત) પ્રદેશવાળા કાર્મણ વર્ગણાના સ્કંધોને (= કર્મ-પુદ્ગલના જથ્થાઓને) ગ્રહણ કરીને આત્માના દરેક પ્રદેશમાં તે પ્રત્યેક જ્ઞાનાવરણીય આદિ કર્મને વ્યવસ્થાપિત કરવા અર્થાત્ તે કાર્મણ વર્ગણાના સ્કંધોને જ્ઞાનાવરણીય આદિ કર્મના જથ્થા તરીકે ગોઠવવા તે **પ્રદેશ-બંધ.** આમાં કર્મોનો Bulk-Quantity, જથ્થો નક્કી થાય છે.

આ પ્રમાણે ચાર પ્રકારનો કર્મના બંધની વ્યાખ્યા કહી.

હવે બંધ પછી કર્મોની નિકાચનાની અપેક્ષાએ ફળને ભોગવતો જીવ... એવા સંદર્ભથી નિકાચનાનું પ્રતિપાદન કરાય છે.

(૨) **નિકાચના :** નિકાચના એ કર્મનો આત્મ સાથે સ્પૃષ્ટતા રૂપી સંબંધ-વિશેષ થયા પછી તરત પ્રાપ્ત થતી અવસ્થા છે. (આ રીતે બંધથી નિકાચનાનો કંઈક તફાવત બતાવેલો છે.) 'સ્પૃષ્ટતા' રૂપ ભેદને ભાષ્યકારે જુદો કહેલો નથી, કેમ કે તે નિકાચનાનો પ્રકાર હોવાથી નિકાચનામાં અંતર્ભાવ પામી જશે, તેવો તેમનો આશય છે.

**પ્રશ્ન :** સ્પૃષ્ટતા વગેરે શી રીતે થાય ? **જવાબ :** આનો કંઈ વિચાર એમ અહીં ટીકામાં કરીએ છીએ-તેમાં

(i) **બદ્ધ :** ^એટલે જે કર્મ આત્મપ્રદેશો સાથે શ્લિષ્ટ-જોડાયેલ હોય, માત્ર અડીને રહેલ હોય તે બદ્ધ કહેવાય... જેમ સોઈનો સમૂહ હોય, ઢગલો હોય ત્યારે તે પરસ્પર બદ્ધ-અડીને રહેલી-શ્લિષ્ટ કહેવાય છે... તેમ અહીં પણ આત્મા કર્મનો સ્થૂળ સંબંધ માત્ર રૂપે હોવું તે

---

१. पादिषु । भावबन्धः० मु. । २. पादिषु । जै. । प्रतिक्षि० मु. ।

**स्पृष्टा** इति व्यपदिश्यन्ते, ता एव यदा पुनः[1] प्रताप्य घनं घनेन ताडिताः प्रनष्टस्वविभागा एकपिण्डतामितास्तदा **निकाचिता** इति व्यपदेशमश्नुवते, एवं कर्माप्यात्मप्रदेशेषु योजनीयम् । तस्यैवं निकाचितस्य प्रकृत्यादिबन्धरूपेणावस्थितस्य उदयावलिकाप्रविष्टस्य प्रतिक्षणमुदय-मादर्शयतो याऽवस्था शुभाशुभानुभावलक्षणा स **उदयो** विपाक इति । उदयानुभावसमनन्तर-मेवापेतस्नेहलेशं परिशटत् प्रतिसमयं कर्म **निर्जराव्यपदेशमङ्गीकरोतीति** । बन्धादयः कृतद्वन्द्वास्ता

'બદ્ધ' કહેવાય છે.

(ii) **સ્પૃષ્ટ :** આ જે સોઈના સમૂહને અગ્નિમાં નાંખીને તેને ટીપવામાં આવે ત્યારે પરસ્પર ચોંટી જાય છે એટલે કે જેમાં એક-બીજા વચ્ચેનુ અંતર જણાતું હોય - અભિવ્યક્ત થતું હોય ત્યારે તે 'સ્પૃષ્ટ' એમ કહેવાય છે. ટુંકમાં 'બદ્ધ' કરતાં સ્પૃષ્ટ એ વધુ ગાઢ મજબુત સંબંધવાળી અવસ્થા છે. તેમ કર્મોનો પણ આત્મ-પ્રદેશો સાથેનો 'બદ્ધ' કરતાં ય વધુ મજબૂત (મુશ્કેલીથી છુટા પાડી શકાય એવા) સંબંધ હોય તેને 'સ્પૃષ્ટ' કહેવાય.

(iii) **નિકાચના :** તે જ સોઈના સમૂહને ફરી ખૂબ-અત્યંત તપાવીને હથોડાથી અત્યંત ઘણુ ટીપવામાં આવતાં પોતાનો જુદો વિભાગ (સ્વતંત્ર-અસ્તિત્વ-ઓળખ) ગુમાવી દઈને બધી સોયો જ્યારે એક પિંડ રૂપે બની જાય છે, ત્યારે 'નિકાચિત' એમ કહેવાય છે. તેમ કર્મ પણ તેવા તીવ્ર અધ્યવસાય આદિના કારણે જ્યારે આત્મપ્રદેશો સાથે (ફળ રૂપે ભોગવ્યા વિના, જીવ પ્રયત્નથી) ફરી છૂટાં પાડી ન શકાય એ રીતે એકમેક થવા રૂપે સંબંધ પામે છે, ત્યારે તે 'નિકાચિત' એમ કહેવાય છે... (અર્થાત્ આવા કર્મો ભોગવ્યે જ છૂટકો... ભોગવવાથી જ નાશ પામે...)

ટીકામાં કહે છે કે, આ સોઈના પરસ્પર સંબંધનું જે દષ્ટાંત છે, તેને કર્મ અને આત્મ પ્રેદશોમાં પણ ઘટાવવું... અને તે પ્રમાણે ઉપર કહેલું જ છે...

(૩) **ઉદય :** આ પ્રમાણે જે નિકાચિત કરેલાં (અને ઉપલક્ષણથી સ્પૃષ્ટ અને બદ્ધરૂપે બાંધેલા) તેમજ પૂર્વે કહ્યા મુજબ પ્રકૃતિ વગેરે ચાર પ્રકારના બંધ રૂપે રહેલા અર્થાત્ બંધ સમયે નક્કી થયેલી અવસ્થાવાળા, વળી જેઓ (પોતાના વિપાકનો કાળ પાકવાથી) ઉદય-આવિલકામાં પ્રવેશ પામેલાં હોય, તેમજ પ્રત્યેક ક્ષણે, ઉદયને બતાવતાં હોય એવા જે જે કર્મોની શુભ કે અશુભ અનુભવ = વિપાક, ફળ ભોગવવા રૂપ અવસ્થા, તે ઉદય અથવા 'વિપાક' કહેવાય છે.

(૪) **નિર્જરા :** આમ પૂર્વોક્ત રીતે જે કર્મ ઉદય રૂપે અનુભવમાં આવ્યા પછી અર્થાત્

१. पादिषु । पुनः पुनः० मु. ।

अपेक्षत इति कर्मण्यण्, **बन्धनिकाचनोदयनिर्जरापेक्षम्** ।

किं तत् ? फलम् । **कथं** पुनस्तत्फलं बन्धाद्यपेक्षते ? **उच्यते**-यतो बन्धादिष्वसत्सु न तत्सम्भव इति । **क्व** अनुभवतः ? । **ननु** अभिहितमनादौ संसार इति । स पुनः किंभेद इति एतत् कथयति-**नारके**त्यादि । नारकतिरश्चो**र्योनिः** उत्पत्तिस्थानम्, तच्च द्वितीये वक्ष्यत इति । मनुष्याश्चामराश्च [1]मनुष्यामरास्तेषां **भवः** प्रादुर्भावस्ते भवन्ति यत्र। **ग्रहणानि** आदानानि तच्छरीरग्रहणानि इत्यर्थः । तेषु च तेषु भवेषु अनादिसंसारात्मसु, **विविध**मित्यनेक-

ભોગવ્યા પછી અનંતર = તરત જ કંઈક સ્નેહ(ચિકાશ) ના અંશથી રહિત થવાથી જે કર્મ સમયે સમયે નાશ પામતું હોય તેનો 'નિર્જરા' એ પ્રમાણે વ્યવહાર કરાય છે. અર્થાત્ ઉદયમાં આવ્યા પછી ભોગવાઈ જવાથી સ્નેહના અંશથી રહિત બનીને આત્મા ઉપરથી કર્મનું ખરી જવું, તેને 'નિર્જરા' કહેવાય છે.

હમણાં ઉપર (i) બંધ (ii) નિકાચના (iii) ઉદય અને (iv) નિર્જરા એ ચારનું સ્વરૂપ કહ્યું... આ ચારનો દ્વન્દ્વ સમાસ કરવો **बन्धश्च निकाचना च उदयश्च निर्जरा च इति बन्धनिकाचनोदयनिर्जराः** પછી **तां अपेक्षते इति** (બંધ આદિની અપેક્ષા રાખનાર એમ 'કર્તા' અર્થમાં) વિગ્રહ કરીને **कर्मणोऽण्** સિ.હે (૫-૧-૭૨) સૂત્રથી **अण्** પ્રત્યય થવાથી **बन्ध-निकाचनोदयनिर्जरापेक्षं** એવું રૂપ સિદ્ધ થાય છે. આમ આ બંધ વગેરેની અપેક્ષા રાખનાર શુભાશુભ ફળને અનુભવતો જીવ... એવા અર્થને સ્પષ્ટ કરવા બંધ આદિનું સ્વરૂપ કહ્યું.

**પ્રશ્ન :** આ બંધ વગેરેની અપેક્ષા રાખનારુ ફળ શું છે ? વળી શા માટે તે ફળ બંધ વગેરેની અપેક્ષા રાખનારુ કહેવાય છે ?

**જવાબ :** જો પૂર્વે કહેલ સ્વરૂપ કર્મોના બંધ વગેરે થયા ન હોય તો તેના ફળનો પણ સંભવ ન હોય અર્થાત્ ફળના અનુભવનો પણ સંભવ ન હોય... બાંધેલું જ કર્મ ભોગવાય છે બાંધ્યા વિના ભોગવાતું નથી. આથી ફળને કર્મના બંધ આદિની અપેક્ષાવાળું કહ્યું છે.

**પ્રશ્ન :** પૂર્વે 'અનાદિ સંસારમાં' (પરિભ્રમણ કરતાં જીવને...) એમ કહેલું... તો તે સંસાર કેટલાં ભેદવોળો છે ? તે જણાવતાં કહે છે-

**જવાબ :** નારક તથા તિર્યંચની યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન કે જેનું બીજા અધ્યાયમાં નિરૂપણ કરાશે, તે તથા મનુષ્યો અને દેવોના ભવ = એટલે જન્મ (પ્રાદુર્ભાવ) તે જેમાં હોય તેવા શરીરના ગ્રહણ એમ અર્થ છે. તેવા અનાદિ સંસાર સ્વરૂપ ભવોને વિષે 'વિવિધ'

१. पू. लि. ला-शो. । ना. मु. ।

विधम्, यतः सातसम्यक्त्वहास्यादिकाः प्रकृतयो विविधास्तासां फलमपि विविधमेवेति । तथा ज्ञानावरणाद्या अपि विविधास्तत्फलमपि विविधमुच्यते । **पुण्य**मनुग्रहकारि सातादि, **पाप**मुपघातकारि ज्ञानादिगुणानाम्, तयोः पुण्यपापयोः **फलं** स्वरसविपाकरूपं पुण्यपापफलम् । तदनुभवतो जीवस्योपभुञ्जानस्य, अनु पश्चादर्थे, पूर्वं ग्रहणं पश्चात् फलोपभोग इति । कथमनुभवत ? इत्याह-**ज्ञानर्शनोपयोगस्वाभाव्यात्,** ज्ञानदर्शने व्याख्याते तयोः स्वाभाव्यं

પુણ્ય અને પાપના ફળને જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ સ્વભાવવાળો હોવાના કારણે અનુભવ કરતા એવા જીવને... પરિણામ વિશેષથી તેવું અપૂર્વકરણ = અપૂર્વ પરિણામ-અધ્યવસાય-ભાવો ઉત્પન્ન થાય છે જેથી એને ઉપદેશ વિના જ - નિસર્ગથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સમસ્ત-ભેગો અર્થ છે. હવે ટીકાથી તેના એક એક પદનો અર્થ વિચારીએ...

નારક-તિર્યંચ રૂપે યોનિ = એટલે ઉત્પત્તિસ્થાન... તેનું નિરૂપણ બીજા અધ્યાયમાં કરાશે... તથા મનુષ્ય અને દેવોનો ભવ = જન્મ છે જેમાં તેવા શરીરો... 'ગ્રહણ' એટલે આદાન, અર્થાત્ તેઓના શરીરોનું ગ્રહણ... આનો **ભાવાર્થ** કહે છે, અનાદિ સંસાર સ્વરૂપ તે તે ભાવોમાં... 'વિવિધ' = એટલે અનેક પ્રકારના પુણ્ય અને પાપના ફળને અનુભવતો જીવ... જે કારણથી સાત-વેદનીય, સમ્યક્ત્વ (મોહનીય), હાસ્ય (નોકષાય) વગેરે પુણ્ય કર્મ-પ્રકૃતિઓ વિવિધ પ્રકારની છે, આથી તેના ફળ પણ વિવિધ પ્રકારના છે... તથા જ્ઞાનાવરણ વગેરે (પાપ) કર્મો પણ વિવિધ પ્રકારના છે, આથી તેનું ફળ પણ વિવિધ પ્રકારનું છે... (આમાં પહેલાં સાત-સમ્યક્ત્વ વગેરે પ્રકૃતિઓ કહી તે પુણ્ય-પ્રકૃતિઓનું ઉપલક્ષણ (સૂચક) છે અને જ્ઞાનાવરણ આદિ કર્મ પ્રકૃતિઓ છે તે પાપ-પ્રકૃતિઓ છે. આથી બેયને અલગથી ટીકામાં કહ્યું હોવાનું જણાય છે.)

**'પુણ્ય'** = એટલે અનુગ્રહ = ઉપકાર કરનાર સાતવેદનીય વગેરે કર્મ પ્રકૃતિ તથા **'પાપ'** = એટલે જ્ઞાનાદિ ગુણોનો ઉપઘાત = નાશ કરનારૂં કર્મ... તે પુણ્ય અને પાપના ફળને = એટલે (તીવ્ર, મંદ વગેરે રૂપ) સ્વરસના વિપાકનો (ઉદયનો) = ફળનો અનુભવ કરતાં જીવને... **અનુભવતः** એટલે ઉપભોગ કરતાં = ભોગવતાં એવા જીવને **અનુ** શબ્દ 'પશ્ચાદ્' = પછી એવા અર્થમાં છે... કર્મનું ગ્રહણ થાય અને પછી તેનો ફળ રૂપે ઉપભોગ/ભોગવટો થાય તે અનુભવ કહેવાય...

**પ્રશ્નઃ** શાથી - શા કારણથી જીવ કર્મના ફળનો ઉપભોગ કરે છે ?

**જવાબ :** જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ સ્વભાવવાળો હોવાથી જીવ કર્મના ફળનો અનુભવ કરે છે. જ્ઞાન અને દર્શન રૂપ ઉપયોગની વ્યાખ્યા પૂર્વે કહેવાઈ ગઈ છે. તે બેનો સ્વભાવ

तस्मात् ज्ञानदर्शनोपयोगस्वाभाव्यादिति । **एतदुक्तं भवति**-यदा यदोपभुङ्क्ते तदा तदा चेतयते-सुख्यहं दुःखितोऽहमित्यादि । साकारा-नाकारोपयोगद्वयसमन्वितत्वादवश्यंतया चेतयत इति, उत्तरग्रन्थेनापि सम्बन्धोऽस्य । **तानि तानी**त्यादि । ज्ञानदर्शनोपयोगस्वाभाव्यादेव तानि तानि परिणामान्तराणि याति न तु ताभ्यां रहित इति । तानि तानीति मुहूर्ताभ्यन्तरेऽपि मनसश्चलत्वाद् बहूनि गच्छति, तानि चेह शुभानि ग्राह्याणि, यतो दर्शनं सम्प्राप्नोति शुभान्याऽऽस्कन्दन्निति, तेषां बहुत्वाद् वीप्सया निर्दिशति । अथवा यान्येव पूर्वाण्यध्यवसायान्तराणि तान्येव पराध्यवसायतया वर्तन्त इत्यन्वयं दर्शयति-**परिणामश्चानेकरूपो**

(સ્વાભાવ્ય) તે જ્ઞાન-દર્શનોપયોગ-સ્વભાવ, તેનાથી... અહીં કહેવાનું **તાત્પર્ય** આ પ્રમાણે છે કે, જ્યારે જ્યારે કર્મના ફળને ભોગવે છે ત્યારે ત્યારે જીવ વિચારે છે - એવી પ્રતીતિ કરે છે કે, 'હું સુખી છું' અથવા 'હુ દુઃખી છું' વગેરે... અર્થાત્ જીવ સાકારોપયોગ = જ્ઞાનોપયોગ અને અનાકારોપયોગ = દર્શનોપયોગ એ બેથી યુક્ત હોવાથી અવશ્ય જાણે છે, અનુભવ કરે છે... આ પદોનો આગળના ભાષ્ય-ગ્રંથ સાથે પણ સંબંધ થાય છે. તે આ રીતે -

**तानि तानि** । ઇત્યાદિ જ્ઞાન, દર્શન રૂપ ઉપયોગ-સ્વભાવવાળો હોવાથી જ જીવ તે તે બીજા પરિણામોને પામે છે, પણ તેવા સ્વભાવવાળો ન હોય તો પામી શકતો નથી... આવા તે તે બીજા પરિણામ રૂપ અધ્યવસાયને પામતાં એવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને... એમ આગળ સાથે સંબંધ છે. **तानि तानि** એટલે તે તે... મનના ચંચળપણાથી એક મુહૂર્ત્તની અંદર પણ તે તે બીજા બીજા ઘણા પરિણાોને પામે છે... વળી, આ પરિણામો અહીં 'શુભ' રૂપે ગ્રહણ કરવાના છે, કારણ કે, તે તે શુભ પરિણામોને આરૂઢ થતો અર્થાત્ તેને પ્રાપ્ત કરતો એવો જીવ સમ્યગ્દર્શનને પામનારો બને છે... આ શુભ પરિણામો ઘણા હોવાથી **तानि तानि** એમ 'વીપ્સા' વડે નિર્દેશ કરેલો છે.

**ચંદ્રપ્રભા :** 'વીપ્સા' **એટલે** 'વન' વગેરે ઘણી સજાતીય વસ્તુને ક્રિયા આદિ વડે પ્રત્યેકને સમગ્રપણે/સકળપણે એક સાથે પ્રયોગ કરનારની વ્યાપવાની = પ્રાપ્ત કરવાની ઇચ્છા... જેમ કે, વૃક્ષે વૃક્ષે સિંચન કરે છે અર્થાત્ દરેક વૃક્ષને સિંચે છે. (**वृक्षं वृक्षं सिञ्चति** ।) તેને 'વીપ્સા' કહેવાય. આવા 'વીપ્સા' અર્થમાં જે હોય તે **वीप्सायाम्** (સિ.હે.૭-૪-૮૦) સૂત્રથી બેવડાય છે, બે વાર ઉચ્ચારાય છે.

**પ્રેમપ્રભા :** અથવા **तानि तानि** એમ કહેવા દ્વારા જે પૂર્વના બીજા અધ્યવસાયો છે, તે જ પર = એટલે પાછળના (ઉત્તર કાલીન) અધ્યવસાય રૂપે વર્તે છે, એ પ્રમાણે 'અન્વય' ને (અહીં 'અન્વય' એટલે કાળની અપેક્ષાએ આગળ-પાછળના અધ્યવસાયોમાં અનુસરનારો-

१. ख.पू.ला.जै.कै. । वश्यत० मु. । २. ख.पू.ला. । भाज्ञामा० मु. ।

विज्ञानादिस्वभाव चेतनाचेतनद्रव्यगतः । तत्राचेतनः परमाण्वादीनां शुक्लादिः, चेतनस्य तु विज्ञानदर्शनादिर्विषयस्वरूपपरिच्छेदात्मकः । तथा देवाद्यवस्था[1] पुद्गलात्मिका अविवक्षितचेतना-[2]स्वभावा चेतनास्वभावा चै[3]ति अतः परिणामस्य व्यभिचारे विशेषणोपादानमर्थवत्पश्यन्नुवाचेदं **परिणामोऽध्यवसायरूप** इति। तस्य **स्थानान्तराणि** मलीमसमध्यतीव्राणि, शुभे जघन्ये वर्तित्वा[4] ततो विशुद्धतरं स्थानमन्यदारोहति, ततोऽपि विशुद्धतममपरमधिगच्छतः प्राप्नुवतो

સાધારણ ધર્મ, તેને) દર્શાવે છે.

**परिणामाध्यवसायस्थानान्तराणि** । 'પરિણામ' એ 'વિજ્ઞાન' વગેરે સ્વભાવવાળો અનેક પ્રકારનો હોય છે અને તે (i) ચેતન અને (ii) અચેતન જડ એ બન્નેય પ્રકારના દ્રવ્યમાં રહેલો હોય છે. તેમાં (i) **અચેતન-ગત પરિણામ :** પરિણામ વગેરેનો શુક્લ .. સફેદ વર્ણ વગેરે પરિણામ એ અચેતન દ્રવ્યમાં હોય છે. અને (ii) **ચેતન-ગત પરિણામ :** ચેતનનો જ્ઞાન, દર્શન આદિ - વિષયના સ્વરૂપનો બોધ(પરિચ્છેદ) કરવા રૂપ પરિણામ હોય છે.

**ચંદ્રપ્રભા :** દેવ વગેરે કોઈપણ સંસારી જીવની અવસ્થા બે પ્રકારની છે. એક (૧) **પુદ્ગલાત્મક** : દા.ત. દેવના શરીરના પુદ્ગલો, શુક્લ, તેજસ્વી વગેરે છે, તે હકીકતમાં પુદ્ગલ રૂપ-જડ છે. તથા દેવની બીજી અવસ્થા (૨) **ચેતનાત્મક** છે. દા.ત. દેવના જીવનો વસ્તુને/વિષયને જાણવાનો જ્ઞાનાદિ-પરિણામ એ ચેતન રૂપ છે. આટલું સમજ્યા પછી હવે ટીકાનો અર્થ જોઈએ-

**પ્રેમપ્રભા :** તથા દેવ વગેરે રૂપ જીવની અવસ્થાઓ છે, તે જો પુદ્ગલાત્મક લઈએ તો ચેતના સ્વભાવની વિવક્ષા નથી, આથી અચેતન-ગત પરિણામ કહેવાય અને જો તે જ દેવાદિની અવસ્થાને ચેતન-સ્વભાવવાળી તરીકે મનાય, વિવક્ષા કરાય, તો તે ચેતનાગત પરિણામ કહેવાય. આમ 'પરિણામ' એ ચેતન અને અચેતન બે ય પ્રકારના દ્રવ્યમાં રહેલો હોવાથી વ્યભિચારી છે. અર્થાત્ અવિવક્ષિત અર્થનો પણ વાચક હોવાથી વિશિષ્ટ પરિણામના ગ્રહણ માટે તેનું 'અધ્યવસાય' એવું વિશેષણ મૂકવું સાર્થક છે. આવા આશયથી કહ્યું છે કે, પરિણામ = એ અધ્યવસાય રૂપ લેવાનો છે. આ 'અધ્યવસાય રૂપ પરિણામ' જીવનો જ હોય છે, અચેતનનો નહીં. આમ કહેવાથી હવે 'પરિણામ' શબ્દથી ઇષ્ટ = વિવક્ષિત અર્થનું જ ગ્રહણ થશે...

**स्थानान्तराणि** । આવા (શુભ અધ્યવસાય રૂપ પરિણામના સ્થાનાન્તરોને પામતા એવો જીવને... એમ સંબંધ છે. આવા પરિણામના જે સ્થાનાન્તરો = અન્ય અન્ય સ્થાનો અર્થાત્ પરિણામ-વિશેષ છે, જેમ કે, મલીમસ = મલીન (જઘન્ય) તથા મધ્યમ અને તીવ્ર રૂપ તે તે સ્થાનોને પામતા જીવને... એટલે કે પહેલાં જઘન્ય કક્ષાના શુભ અધ્યવસાય સ્થાનોમાં

१. सर्वप्रतिषु । वस्थाऽपु० मु. । २. सर्वप्रतिषु । नाभावाऽचे० मु. । ३. पा. पू. लि. जै. । वेति० मु. । ४. सर्वप्रतिषु । त्वात्० मु. ।

वर्धमानशुभपरिणतेरित्यर्थः, अनेन च गच्छत इति समस्तमिदं चतुर्विधसामायिकोत्पादकाण्डं सूचितं भवति ।

"**सत्तण्हं पयडीणं अब्भिन्तरओ उ कोडिकोडीए ।**
**काऊण सागराणं जइ लहइ चउण्णमेगयरं ॥**"

**[विशेषावश्यक० गा० ११९३]**

अत्र बहु वक्तव्यमित्यतः प्रकृतोपयोगि केवलमुच्यते । स खलु जीवस्तानि शुभान्यध्यवसायान्तराण्यास्कन्दन् अनाभोगनिर्वर्तितेन यथाप्रवृत्तिकरणेन तामुत्कृष्टां कर्मस्थितिमपह्रास्य[1]

રહીને પછી તેનાથી અધિક વિશુદ્ધ (વિશુદ્ધતર) અધ્યવસાય-સ્થાનોમાં ચઢે છે. ત્યારબાદ, તેથી ય અધિક અત્યંત વિશુદ્ધ-વિશુદ્ધતમ એવા બીજા અધ્યવસાય સ્થાનોને (**अधिगच्छतः**) પ્રાપ્ત કરનારા જીવને... અર્થાત્ વર્તમાન-વધતી જતી શુભ પરિણતિવાળા જીવને... પરિણામ વિશેષથી એવું અપૂર્વકરણ અને અનિવર્ત્તિકરણ પ્રાપ્ત થાય છે, જેથી તેને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે એમ આગળના પદો સાથે સંબંધ જાણવો.

**गच्छतः** (પામતાં જીવને...) પૂર્વે કહેલ તે તે અધ્યવસાય રૂપ પરિણામ સ્થાનોને **गच्छतः** પામતા = પ્રાપ્ત કરનારા જીવને... એમ કહેવાથી **'વિશેષાવશ્યક ભાષ્ય'** માં જે ચાર પ્રકારના સામાયિકની ઉત્પત્તિનું પ્રકરણ (કાંડ) કહેલું છે, તેનું સૂચન કરેલુ છે...

વિશેષાવશ્યક ભાષ્યમાં કહેલું છે કે,

"**सत्तण्हं पयडीणं अब्भिन्तरओ उ कोडीकोडीए ।**

**काउण सागराणं जइ लहइ चउण्णमेगयरं ॥**" **[વિશેષાવ૦ ગા. ૧૧૯૩]**

**ગાથાર્થ :** જો સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ અને સર્વવિરતિ એ ચાર પ્રકારના સામાયિકમાંથી જીવ કોઈ પણ સામાયિકને પ્રાપ્ત કરે છે ત્યારે પોતાને પોતાની આયુષ્ય સિવાયની શેષ સાત કર્મપ્રકૃતિઓની સ્થિતિને આશ્રયીને જે છેલ્લી ૧ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે, તેનાથી અભ્યંતર અર્થાત્ તેનાથી ન્યૂન/ઓછી સ્થિતિવાળો કરીને જ પ્રાપ્ત કરે છે, મેળવે છે, પણ બીજી રીતે નહીં... (વિશેષાવ. ગા.૧૧૯૩)

આ વિષયમાં ઘણું કહેવા યોગ્ય છે, માટે, વિસ્તારના ભયથી ફક્ત પ્રસ્તુતમાં ઉપયોગી વસ્તુ કહેવાય છે - તે જીવ (પૂર્વોક્ત રીતે અનાદિ સંસારમાં ભમતો તથા સુખ-દુઃખાદિ શુભાશુભ કર્મના ફળને ભોગવતો) ઉપર કહેલ અધિક શુભ એવા બીજા પણ અધ્યવસાયોને વિષે આરૂઢ થતો અર્થાત્ પ્રાપ્ત કરતો છતો અનાભોગ વડે (= ઉપયોગ રહિતપણે, ઇરાદા

१. पू. मव० मु. ।

कोटीकोट्याः सागरोपमानामन्तः क्षपयंस्तावत् [1]प्रयाति यावत् तस्या अपि पल्योपमासङ्ख्येयभागः क्षपितो भवति । तस्मिन् स्थाने प्राप्तस्यातिप्रकृष्टघनरागद्वेषपरिणामजनितः वज्राश्मवद् दुर्भेदः[2] कठिनरूढगूढग्रन्थि★वत् कर्मग्रन्थि★र्जायते । तत्र कश्चिद् भव्यसत्त्वस्तं भित्त्वाऽपूर्वकरणबलेन

વિના) ઉત્પન્ન થયેલાં 'યથાપ્રવૃત્ત-કરણ' રૂપ પરિણામ વડે તે ઉત્કૃષ્ટ કર્મ-સ્થિતિને (દા.ત., મોહનીય કર્મની ૭૦ કોડાકોડીની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેને) ઘટાડતો-ઓછી કરતો, ક્ષય કરતો કરતો ૧ કોડાકોડી સાગરોપમથી પણ અંદર-ઓછી થાય ત્યાં સુધી ઘટાડે છે, ક્ષય કરે છે. આ પ્રમાણે સર્વ કર્મપ્રકૃતિની સ્થિતિ ઘટાડે છે, ક્ષય કરે છે. આ પ્રમાણે ક્ષય કરતો જીવ ત્યાં સુધી પહોંચે છે કે જ્યારે તે અંતઃ-કોડાકોડી સાગરોપમની (અર્થાત્ ૧ કોડાકોડી સાગરોપમ કરતાં પણ ઓછી બનેલી) સ્થિતિમાંથી પણ એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિનો ઘટાડો થાય, ક્ષય થાય...

તે સ્થાને પહોંચેલાં તે જીવને અત્યંત પ્રકૃષ્ટ ઘન-મજબૂત-નિબિડ એવી રાગ-દ્વેષના પરિણામથી ઉત્પન્ન કરાયેલ વજ્રના બનેલાં પથ્થર જેવી દુર્ભેદ, કઠિન, રૂઢ, ગૂઢ એવી ગાંઠ જેવી કર્મરૂપી ગાંઠ છે. તેમા (i) **દુર્ભેદ** = એટલે ખૂબ જ દુઃખે ઉકેલી શકાય (ક્ષય કરી શકાય) તેવી, (ii) **કઠિન** = કઠણ અથવા કર્કશ, (iii) **રૂઢ** = શુષ્ક (ભીની નહીં), અને (iv) **ગૂઢ** = અત્યંત મજબૂત-ગાઢ સંબંધવાળી, કોઈપણ રીતે ઉકેલવી અશક્યપ્રાયઃ એવી ગ્રંથિ = ગાંઠ જેવી (રાગ-દ્વેષની કર્મરૂપી) ગાંઠ હોય છે. અર્થાત્ જેમ આવા પ્રકારની ગાંઠ એ દુર્ભેદ છે, તેવી તીવ્ર રાગ-દ્વેષના ઉદય રૂપ પરિણામ રૂપ કર્મ-ગાંઠ પણ દુર્ભેદ છે... આથી તેને ગાંઠ જેવી ગાંઠ (ગ્રંથિ) કહેલ છે.

તે સ્થાન સુધી પહોંચેલ કોઈ ભવ્ય જીવ અપૂર્વકરણના બળ વડે તે ગ્રંથિનો ભેદ કરીને આગળ વધતાં અનિવર્તિકરણને પ્રાપ્ત કરે છે અને ત્યારબાદ તત્ત્વાર્થની (તત્ત્વ રૂપ જીવાદિ અર્થોની) વિશિષ્ટ શ્રદ્ધા = રુચિ રૂપ સમ્યગ્દર્શનને પામે છે.

**ચંદ્રપ્રભા : ૧. યથાપ્રવૃત્ત-કરણ :** યથાપ્રવૃત્ત એટલે (યથા=) અનાદિથી સંસિદ્ધ = સ્વાભાવિક પ્રકારે પ્રવૃત્ત થયેલાં (કરણ=) જીવના પરિણામને યથાપ્રવૃત્ત-કરણ કહેવાય. **क्रियते कर्मक्षपणमनेनेति** - જેના વડે કર્મનો ક્ષય કરાય તે **'કરણ'** એટલે જીવના પરિણામ.

**૨. અપૂર્વ-કરણ :** અપૂર્વ = એટલે પૂર્વે ક્યારેય ભવચક્રમાં પ્રાપ્ત ન કર્યા હોય તેવા વિશિષ્ટ શુભ = વિશુદ્ધ, કરણ = એટલે જીવના પરિણામ, અધ્યવસાય, તે 'અપૂર્વકરણ' કહેવાય... અથવા પૂર્વે ક્યારેય પણ ન કર્યા હોય તેવા કર્મોના સ્થિતિઘાત, રસઘાત વગેરે અર્થોને/કાર્યોને ઉત્પન્ન કરનાર કરણ = જીવ-પરિણામ તે અપૂર્વકરણ...

१. पादिषु । प्रापय० मु. । २. ख.पू.ला. । भेदक० मु. । ३. पू.कै. । ★...★ एतच्चिह्नमध्यगतः पाठः ना. मु. ।

प्राप्तानिर्वर्त्तिकरणस्तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनमासादयति, कश्चिद् ग्रन्थिस्थानादधो निवर्तते, कश्चित् तत्रैवावतिष्ठते, न परतो नाधः प्रसर्पतीति । अत्र चोपदेष्टारमन्तरेण यत् सम्यक्त्वं तन्नैसर्गिकमाचक्षते प्रवचनवृद्धाः ।

एतमेव च विप्रकीर्णमर्थमाख्यातवान् तानि तानीत्यादिना भाष्यग्रन्थेनोत्पद्यत इत्येवमन्तेन। **अनादिमिथ्यादृष्टेरपि** । नास्यादिरस्तीति **अनादिः** । अनादिर्मिथ्यादृष्टिरस्येत्यनादिमिथ्यादृष्टिः

---

૩. **અનિવર્તિ-કરણ** = અપૂર્વકરણ દ્વારા ગ્રંથિનો ભેદ કર્યા પછી જે વિશુદ્ધ-શુભ પરિણામો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પાછા ન પડે, નિવૃત્ત ન થાય, અર્થાત્ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાવીને જ રહે, તે અનિવર્તિરૂપ કરણ = પરિણામ = 'અનિવર્તિકરણ' કહેવાય. (વિશેષાવશ્યક ભાષ્ય ગા.૧૨૦૨, પૃ.૪૫૮ ઉપર આ પ્રમાણે વ્યુત્પત્તિ કરી છે. **निवर्तनशीलं निवर्त्ति, न निवर्त्ति-अनिवर्त्ति, अनिवर्त्ति च तत् करणं, अनिवर्त्तिकरणम् । अनिवर्त्ति** શબ્દમાં વ્યાકરણના નિયમથી **त** વિકલ્પે બેવડાય છે. માટે 'અનિવર્ત્તિ' પ્રયોગ પણ સાચો છે એમ જાણવું.

**પ્રેમપ્રભા :** આમ ગ્રંથિસ્થાને આવેલાં જીવો ત્રણ પ્રકારના હોય છે. (i) કોઈ જીવ પૂર્વે કહ્યા મુજબ પ્રથમ 'યથાપ્રવૃત્તકરણ' વડે ગ્રંથિ-પ્રદેશ પાસે આવ્યા બાદ બીજા અપૂર્વકરણ વડે ગ્રંથિનો ભેદ કરીને પછી ત્રીજા અનિવર્તિકરણને પ્રાપ્ત કરીને સમ્યક્ત્વને પામે છે. (ii) તો બીજો કોઈ (ઓછા સત્ત્વવાળો) જીવ પ્રથમ યથાપ્રવૃત્તકરણ વડે ગ્રંથિ-સ્થાને આવ્યા બાદ ત્યાંથી જ પાછો ફરે છે, નિવૃત્ત થાય છે. (iii) વળી કોઈ જીવ ત્યાં જ ગ્રંથિ પ્રદેશ આગળ સ્થિર રહે છે... આગળ પણ જતો નથી અને પાછો પણ પડતો નથી. (ટૂંકમાં આ બે પ્રકારના જીવનું સત્ત્વ અને પરિણામની વિશુદ્ધિ ઓછી પડતાં ગ્રંથિભેદ કરી શકતા નથી...)

આમાં ઉપદેશક (ગુરુ વગેરે) વિના જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેને પ્રવચનને વિષે વૃદ્ધ પુરુષો '**નૈસર્ગિક**' સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) કહે છે. આટલાં જ અર્થને ભાષ્યમાં '**तानि तानि**' = તે તે અધ્યવસાયરૂપી પરિણામોને પામતો જીવ-ઇત્યાદિથી માંડીને **उत्पद्यते** - 'ઉત્પન્ન થાય છે' સુધીના છૂટા છૂટા અર્થો વડે કહેલ છે. અર્થાત્ તે તે પદો દ્વારા કયો જીવ કઈ અવસ્થાઓમાંથી પસાર થઈને અંતે કેવી અવસ્થાઓ પ્રાપ્ત થતાં 'સમકિતને પામે છે', એ જ વાતને જણાવેલી છે...

હવે એ જ વિષયમાં આગળ વધતાં ભાષ્યમાં કહે છે, **अनादिमिथ्यादृष्टेरपि सतः ।** ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાયોને પામતો 'અનાદિ મિથ્યાદૃષ્ટિવાળો એવો પણ જીવ'... (પરિણામ વિશેષથી અપૂર્વકરણાદિ દ્વારા સમ્યક્ત્વને પામે છે... એમ સંબંધ છે.) આમાં 'અનાદિ' એટલે જેની કોઈ આદિ (શરૂઆત) ન હોય તે 'અનાદિ' કહેવાય. આવી અનાદિ

---

१. सर्वप्रतिषु । निर्वृत्ति० मु. । २. पू. । एन० मु. ।

अप्राप्तपूर्वसम्यक्त्वलाभः, न चास्ति कश्चित् तादृक् कालो यस्मिन्नुपदिश्येतायं मिथ्यादर्शनं प्रतिपन्नवानिति। तथा **चागमः** *"अत्थि अणन्ता जीवा जेहिं न पत्तो तसत्तपरिणामो"*[1]। [विशेषण० गा.५३] तस्यानादिमिथ्यादृष्टेः, **अपि**शब्दात् सादिमिथ्यादृष्टेरपि । यो हि भव्यः सम्यक्त्वं प्रतिपद्य प्राक् पश्चादनन्तानुबन्धिकषायोदयाज्जातव्यलीको मनोज्ञपरमान्नवद्[2] वमति जघन्येनान्तमुहूर्तं स्थित्वोत्कर्षेणाऽपार्धपुद्गलपरावर्तं पुनः प्रतिपद्यमानः सादिमिथ्यादृष्टिर्भवति,

એવી મિથ્યાદૃષ્ટિ જેને- જે જીવને હોય તે અનાદિ-મિથ્યાદૃષ્ટિ જીવ કહેવાય... આમ અનાદિ-મિથ્યાદૃષ્ટિવાળો = એટલે જેણે પૂર્વે ક્યારેય સમ્યક્ત્વની (સમ્યગ્દૃષ્ટિની) પ્રાપ્તિ કરી નથી, તેવો જીવ... આવો જીવ ક્યારેય મિથ્યાત્વ વિનાનો ન હોવાથી, અર્થાત્ સદા ય મિથ્યાત્વના ઉદયવાળો હોવાથી, એવો કોઈ કાળ નથી કે જે કાળમાં 'આ જીવ મિથ્યાદર્શનને પામ્યો' એવું કથન કરી શકાય...

**ચંદ્રપ્રભા :** અર્થાત્ વ્યવહાર દૃષ્ટિથી તો પૂર્વે (મિથ્યાદૃષ્ટિ) ન હોય અને પામે, તો પામ્યો કહેવાય. આથી પૂર્વે સમકિતી હોય અને પછી ત્યાંથી પડીને મિથ્યાદૃષ્ટિવાળો બને તો તે મિથ્યાદૃષ્ટિને પામ્યો કહેવાય... પણ અહીં તો જીવ સમકિતી ન હોવાથી, સદા ય મિથ્યાદૃષ્ટિવાળો હોવાથી મિથ્યાદૃષ્ટિને પામ્યો એમ કહી શકાય તેમ નથી, માટે અનાદિ 'મિથ્યાદૃષ્ટિવાળો' કહેલો છે.

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે **આગમની** પણ સાક્ષી મળે છે કે, '**अत्थि अणंता जीवा जेहिं न पत्तो तसत्तपरिणामो**' । ( **तेऽवि अणंताणंता णिगोअगसं अणुवसंति । [विशेषणवति० गा. ५३] અર્થ :** "એવા અનંતા જીવો છે, જેઓ ક્યારેય પણ ત્રસપણાને (તેવા પરિણામને) પામેલા નથી." જો તે અનંતા જીવોએ ત્રસપણાની પણ પ્રાપ્તિ નથી કરી, તો ત્રસપણાની પ્રાપ્તિ પછી પણ અતિ અતિ દુર્લભ એવા સમ્યક્ત્વને નિશ્ચિતપણે પામ્યા નથી, આથી અનાદિ મિથ્યાદૃષ્ટિવાળા કહેવાય છે, એમ કહેવાનો ભાવ છે.

**मिथ्यादृष्टेरपि** = તે અનાદિ મિથ્યાદૃષ્ટિવાળા છતાં 'પણ' જીવને... આમાં **अपि** (= પણ) શબ્દથી 'સાદિ = 'આદિ'/આરંભથી સહિત, અર્થાત્ જેની કોઈ શરૂઆત છે, તે 'સાદિ' એવા મિથ્યાદૃષ્ટિનું પણ ગ્રહણ થાય છે. **'સાદિ મિથ્યાદૃષ્ટિ' :** જે ભવ્ય જીવ પહેલાં સમ્યક્ત્વને પામીને પછી અનંતાનુબંધી કષાયના ઉદયથી વિપરિતપણાનો - મિથ્યાત્વનો ઉદય થવાથી મનોજ્ઞ = સુંદર, પરમાન્ન = ખીરની જેમ સમ્યક્ત્વનું વમન કરે છે... (અર્થાત્ ખીર ખાધા બાદ પિત્તાદિના પ્રકોપથી અરુચિ થવાથી જેમ ખીરનું વમન કરે તેમ અહીં સમક્તિ પામીને પછી ઉપર કહ્યા મુજબ કર્મોદય થવાથી જીવ ખીર જેવા સમક્તિને વમી નાંખે છે... ગુમાવી દે છે...) ત્યારબાદ અર્થાત્ જઘન્યથી = ઓછામાં ઓછો = અંતર્મુહૂર્ત

१. पू. । तसाइ० मु. । २. पू. । मान्नबद्धमतिर्ज० मु. ।

तस्यापि **सतोभवतः परिणामविशेषात्**, परिणामोऽध्यवसायश्चित्तं तस्य विशेषः, स एव वा पूर्वं जघन्यमङ्गीकृत्य परः परः शुभो विशेष इत्युच्यते । परिणामविशेषश्चेह यथाप्रवृत्त[1]करण-मभिमतं, ततः परं **अपूर्वकरणं**, अप्राप्तपूर्वं **तादृशं** अध्यवसायान्तरं जीवेनेत्यपूर्वकरणमुच्यते ग्रन्थिं विदारयतः । ततश्च ग्रन्थिभेदोत्तरकालभाव्यनि[2]वर्त्तिकरणमासादयति, यतस्तावन्न निवर्तते यावत् सम्यक्त्वं न लब्धमित्यतोऽनि[3]वर्त्तिकरणं, ग्रन्थान्तरे[4] प्रसिद्धत्वात् भाष्यकारेण अनिवर्त्ति नोपात्तं करणम् । अवश्यं[5]तया वा सम्यग्दर्शनं लभमानस्तल्लभत इति काक्वाऽभ्युपेतमेव,

કાળ અને ઉત્કૃષ્ટથી વધુમાં વધુ 'અપાર્ધ પુદ્‌ગલપરાવર્ત' કાળ સુધી સમ્યક્ત્વ વિનાનો મિથ્યાદૃષ્ટિ તરીકે રહીને પછી જીવ ફરી સમ્યક્ત્વને પામે છે. આમ જ્યારે જીવ સમ્યક્ત્વને વમીને, છોડીને પૂર્વોક્ત કાળ સુધી મિથ્યાદષ્ટિપણાને પામે છે ત્યારે જીવ સાદિ મિથ્યાદષ્ટિવાળો થાય છે.

આમ ઉપર કહ્યા મુજબ ૧. અનાદિ અથવા ૨. સાદિ એવા પણ મિથ્યદષ્ટિવાળા જીવને 'પરિણામ વિશેષથી' તેવું અપૂર્વકરણ થાય છે, (જેથી ઉપદેશ વિના સમ્યગ્‌દર્શન ઉત્પન્ન થાય છે.) ..... એટલે પરિણામના વિશેષથી = ભેદથી અથવા વિશેષ પ્રકારના પરિણામથી... પરિણામ = એટલે જીવના અધ્યવસાય, ચિત્ત. તેનો વિશેષ તે પરિણામવિશેષ કહેવાય. અથવા તે જ 'પરિણામ' પહેલાં જઘન્ય (સામાન્ય) કક્ષાના લઈને પછી તેની અપેક્ષાએ બીજા બીજા આગળના અધિક શુભ હોય તે 'વિશેષ' કહેવાય. અહીં પરિણામ-વિશેષ તરીકે 'યથાપ્રવૃત્તકરણ' લેવું ઈષ્ટ છે... ત્યાર પછી ગ્રંથિને = પૂર્વ કહેલ રાગ-દ્વેષના પરિણામની-નિબિડ ગાંઠને વિદારતાં-ભેદ કરતાં એવા જીવને તેવા પ્રકારનું-એટલે કે જીવ વડે પૂર્વે ક્યારેય પ્રાપ્ત કર્યા ન હોય એવા વિશેષ પરિણામ/અધ્યવસાય રૂપ - **અપૂર્વકરણ** થાય છે... જેથી તે જીવ ગ્રંથિનો ભેદ કરીને પછીના (ઉત્તર) કાળે પ્રાપ્ત થનાર એવા **'અનિવર્તિકરણ'** ને પામે છે... અહીં ટીકામાં અપૂર્વકરણ પછી 'અનિવર્તિકરણ' ને પામે છે એમ કહ્યું... તે એટલાં માટે કે, (ગ્રંથિ ભેદ પછી) જ્યાં સુધી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેના પરિણામો પાછા ફરતાં નથી, પડતાં નથી... આથી અનિવર્તિ = પાછા નહીં હટવાના સ્વભાવવાળું કરણ = એટલે પરિણામ, તે **'અનિવર્તિકરણ'** કહેવાય...

**શંકા :** સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિની પ્રક્રિયામાં ઘટક તરીકે આવતાં 'અનિવર્તિકરણ' રૂપ કરણનો ભાષ્યમાં ઉલ્લેખ શા માટે કરેલો નથી ? **સમાધાન :** આ 'અનિવર્તિ' સ્વરૂપ 'કરણ' (પરિણામ) અર્થાત્ 'અનિવર્તિકરણ' અન્ય ગ્રંથોમાં પ્રસિદ્ધ હોવાથી ભાષ્યકાર ભગવંતે

१. सर्वप्रतिषु । प्रवृत्ति० मु. । २. सर्वप्रतिषु । अनिवृत्ति० मु. । ३. पादिषु । वृत्तिकरणं नोपात्तं० मु. । ४. पू. । न्तरप्र० मु. । ५. पादिषु । वश्यत० मु. ।

तदभावेऽभावात्, अतो न कश्चिद् विरोध इति । सम्प्रति निगमयतियदेवमुपजातमेतन्निसर्ग-सम्यग्दर्शनमिति। जीवस्य उपयोगस्वाभाव्यात् तदधिगमात् प्राप्यते ।

**को**ऽधिगम इति **चेत्**, तद् **उच्यते-अधिगमोऽभिगम** इत्यादि ।

**भा० अधिगमः अभिगम आगमो निमित्तं श्रवणं शिक्षा उपदेश इत्यनर्थान्तरम् । तदेवं परोपदेशाद् यत् तत्त्वार्थश्रद्धानं भवति तदधिगमसम्यग्दर्शनमिति ।**

गमेर्गत्यर्थत्वाज्ज्ञानार्थता, गमो ज्ञानं रुचिरिति, अधिको गमोऽधिकं ज्ञानम् । कथं वाधिक्यम्? यस्मात् परतो निमित्ताद् भवति तद्[1], तदाधिक्यादधिकमुच्यते। **अभिगमस्तु**

અહીં તેનું સાક્ષાત્ ગ્રહણ કરેલું નથી... અથવા તો સમ્યગ્દર્શનને પામતો જીવ અવશ્ય રૂપે તે 'અનિવર્તિકરણ' ને પહેલાં મેળવે જ છે, આથી સામર્થ્યથી-અર્થાપત્તિથી 'અનિવર્તિકરણ' નો સ્વીકાર કરેલો જ છે... કેમ કે, 'અનિવર્તિકરણ' ને પ્રાપ્ત ન કરે, તો સમ્યગ્દર્શનની પણ પ્રાપ્તિ થતી નથી. આથી 'અનિવર્તિકરણ' નો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો ન હોવામાં પણ કોઈ વિરોધ (દોષ) આવતો નથી...

હવે પૂર્વોક્ત સર્વ વસ્તુનું - પ્રક્રિયાનું નિગમન કરતાં, **નિષ્કર્ષ** જણાવતાં ભાષ્યકાર કહે છે. **एतद् निसर्ग-सम्यग्दर्शनम् ।** "જે આ રીતે (ગુરૂપદેશ વિના) સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું હોય, તે નિસર્ગ-સમ્યગ્દર્શન કહેવાય[A] છે."

આમ નિસર્ગ-સમ્યગ્દર્શનની પ્રાપ્તિની પ્રક્રિયાનું વિસ્તારથી કથન કરીને હવે (તેવી જ પ્રક્રિયાવાળા) બીજા અધિગમ-સમ્યગ્દર્શનને જણાવતાં કહે છે - જીવ જ્ઞાન-દર્શન રૂપ બે પ્રકારના ઉપયોગ-સ્વભાવવાળો હોવાથી 'અધિગમ' થી (અભ્યાસથી) પણ તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. **પ્રશ્ન :** આ 'અધિગમ' શું છે ? (આનો જવાબ ભાષ્યમાં આપતાં કહે છે) **જવાબ :**

**ભાષ્ય : (૧) અધિગમ (૨) અભિગમ (૩) આગમ (૪) નિમિત્ત (૫) શ્રવણ (૬) શિક્ષા (૭) ઉપદેશ આ (સાત) અનર્થાન્તર = સમાનાર્થી (પર્યાય) શબ્દો છે.**

**આ પ્રમાણે પરોપદેશથી (પર નિમિત્તથી) જે (જીવાદિ) તત્ત્વ રૂપ અર્થો ઉપર શ્રદ્ધા (રુચિ) થાય તે અધિગમ-સમ્યગ્દર્શન કહેવાય છે.**

**પ્રેમપ્રભા :** (ભાષ્યમાં 'અધિગમ' શબ્દના અર્થને જણાવવા તેના અનેક પર્યાયવાચી શબ્દો કહેલાં છે, અધિગમ, અભિગમ વગેરે... હવે ટીકામાં તેના અર્થની વ્યાખ્યા કરે છે.)

**(૧) અધિગમ : गम्** ધાતુ ગતિ = ગમન કરવું (જવું) અર્થવાળો છે. આથી **गत्यर्था**

१. पू. । ना. मु. ।

गुरुमाभिमुख्येनालम्ब्य यज्ज्ञानं सोऽभिगमः। **आगम**स्त्वागच्छति अव्यवच्छित्त्या वर्णपदवाक्यराशिराप्तप्रणीतः पूर्वापरविरोधशङ्कारहितस्तदा-लोचनात्तत्त्वरुचिः आगम उच्यते, कारणे कार्योपचारात्, *'नडवलोदकं पादरोग'* इति। **निमित्तं** तु यद् यद् बाह्यं वस्तूत्पद्यमानस्य सम्यग्दर्शनस्य प्रतिमादि तत् तत् सर्वमागृहीतं, ततो निमित्तात् प्रतिमादिकात् सम्यक्त्वं

---

**ज्ञानार्थाः** । (સર્વ ગતિ-અર્થવાળો ધાતુઓ 'જ્ઞાન'-અર્થવાળો પણ છે) એ ન્યાયથી **'गम्'** ધાતુ = એટલે જ્ઞાન, રુચિ અર્થવાળો છે. **अधिको गमः, ( अधि + गम = ) अधिगमः** એટલે અધિક જ્ઞાન. **પ્રશ્ન :** આમાં જ્ઞાનનું અધિકપણું શાથી છે ?

**જવાબ :** જે કારણથી પર = બીજા (ગુરૂપદેશ આદિથી) નિમિત્તથી તે થાય છે. આમ ગુરૂપદેશ વગેરે પર - નિમિત્તની અધિકતા-વિશિષ્ટતા હોવાથી તેના વડે થતું જ્ઞાન, રુચિ પણ અધિક કહેવાય. માટે 'અધિગમ' સમ્યગ્દર્શન કહેલું છે.

(૨) **અભિગમ :** ગુરુની અભિમુખ રહીને તેઓના આલંબનપૂર્વક (અર્થાત્ વિનયપૂર્વક ઉપાસના દ્વારા) જે જ્ઞાન મેળવાય તે 'અભિગમ' કહેવાય...

(૩) **આગમ : आगच्छति अव्यवच्छित्त्या** । જે અવ્યવચ્છિત્તિ વડે એટલે કે અવિચ્છિન્ન પરંપરાથી અથવા વ્યવચ્છિત્તિ = સ્ખલના, તેના વિના અસ્ખલિતપણે જે આવે તે 'આગમ' કહેવાય... (આ વ્યુત્પત્તિથી અર્થ કહ્યો, હવે રૂઢિ અર્થ કહે છે-) તીર્થંકર-ગણધરાદિ આપ્ત પુરુષો વડે કહેલ/રચેલ, પૂર્વાપર = આગળ-પાછળના સંદર્ભના પરસ્પર વિરોધની શંકાથી રહિત, અથવા પૂર્વાપર વિરોધ અને શંકાથી રહિત એવો જે વર્ણ-પદ-વાક્યનો સમૂહ તે આગમ કહેવાય... (હવે પ્રસ્તુતમાં ફલિત થતો અર્થ જણાવે છે) તેની આલોચનાથી અર્થાત્ સમ્યક્ રીતે પરિશીલન (ચિંતન), અનુપ્રેક્ષાની જે તત્ત્વની રુચિ ઉત્પન્ન થાય, તે **'આગમ'** કહેવાય.

અહીં કાર્ય રૂપ રુચિને જ 'આગમ' કહેલ છે, પરંતુ 'કારણમાં કાર્યનો ઉપચાર' કરવાથી રુચિના કારણભૂત આપ્ત-પુરુષો વડે રચિત વર્ણ-પદ-વાક્યનો સમૂહ રૂપ શાસ્ત્ર પણ 'આગમ' કહેવાય એમ સમજવું. જેમ 'નડ્વલ' નામની વનસ્પતિનું/ઘાસનું પાણી એ પગના રોગનું કારણ છે, તેથી કારણમાં કાર્યનો (પાદ-રોગનો) ઉપચાર કરીને, 'નડ્વલનું પાણી એ જ પાદ-રોગ (પગનો રોગ) છે' એમ કહેવાય છે, તેમ અહીં સમજવું.

(૪) **નિમિત્ત :** અહીં નિમિત્ત તરીકે પ્રતિમા વગેરે જે જે વસ્તુ, ઉત્પન્ન થતાં સમ્યગ્દર્શનનું નિમિત્ત બને છે, તે સર્વ વસ્તુનું 'નિમિત્ત' શબ્દથી ગ્રહણ કરાય છે. માટે, તે પ્રતિમા આદિ

निमित्तसम्यग्दर्शनमुच्यते । **श्रवणं** श्रुतिराकर्णनं ततो यज्जायते । **शिक्षा** पुनः पुनरभ्यासः, आप्तप्रणीतग्रन्थानुसारी ततो यद् भवति । उपदिशतीति उपदेशो गुरुरेव देववच्छब्दसंस्कारस्ततो यत् प्रादुरस्ति । एवमेते किञ्चिद् भेदं प्रतिपद्यमाना अनर्थान्तरमिति व्यपदिश्यन्ते । एवं पर्यायकथनं कृत्वा सम्पिण्ड्य कथयति-**तदेवमि**त्यादिना। **तद**धि-गमसम्यग्दर्शनम्, **एवमि**त्यनेनोक्तेन भेदनिरूपणेन यद् भवति । परोपदेशादित्यनेन तु निमित्तमात्रमाक्षिप्तं ग्राह्यम्, अन्यथोपदेशाच्छब्दाद् [1]यदिति न व्याप्तिराख्याता स्यात्, यतो न केवलं शब्दादेव

નિમિત્તથી જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તે નિમિત્ત-સમ્યગ્દર્શન કહેવાય.

(૫) **શ્રવણ :** એટલે શ્રુતિ, સાંભળવું... તેનાથી જે રુચિ થાય તે 'શ્રવણ' સમ્યગ્દર્શન કહેવાય.

(૬) **શિક્ષા :** એટલે આપ્ત પુરુષ વડે રચેલ-કહેલ ગ્રંથોને અનુસરીને પુનઃ પુનઃ (વારંવાર) અભ્યાસ... તેનાથી જે સમ્યગ્દર્શનનો લાભ થાય, તે 'શિક્ષા' સમ્યગ્દર્શન કહેવાય.

(૭) **ઉપદેશ : उपदिशतीति-उपदेशः** । જે ઉપદેશ આપે તે ઉપદેશ = એટલે અહીં 'ગુરુ' જાણવા... અહીં **देव** શબ્દની જેમ શબ્દનો સંસ્કાર (વ્યુત્પત્તિ) કરવો... જેમ કે, **दीव्यतीति देवः** । '**देव**' જે દીપે, જ પામે, ક્રીડાદિ કરે - તે 'દેવ' કહેવાય... (બન્ને ય માં **अच्** પ્રત્યય થયો છે.) તેમ અહીં પણ કર્તા-અર્થમાં વ્યુત્પત્તિ કરીને 'ઉપદેશ' શબ્દ (ઉપદેશક અર્થમાં) બનેલો છે... આવા ઉપદેશથી અર્થાત્ ઉપદેશક એવા ગુરુથી જે સમક્તિ ઉત્પન્ન થાય, તે 'ઉપદેશ' સમ્યગ્દર્શન કહેવાય...

આ પ્રમાણે ઉપર કહેલાં 'અધિગમ'ના પર્યાય-શબ્દો કંઈક ભેદવાળા છે, છતાં ય અર્થની અપેક્ષાએ અનર્થાન્તર = સમાનાર્થી છે એમ કહેવાય છે... આ પ્રમાણે 'અધિગમ' ના પર્યાય-શબ્દોનું કથન કરીને હવે પિંડિત એટલે કે સમસ્ત રૂપે ભાષ્યમાં અર્થને જણાવે છે- **तदेवं...** ઇત્યાદિ... તે (અધિગમ - સમ્યગ્દર્શન) **'આ પ્રમાણે પરોપદેશથી જે તત્ત્વાર્થોની શ્રદ્ધા થાય તે અધિગમ - સમ્યગ્દર્શન કહેવાય છે.'** હવે ટીકાથી દરેક પદોનો અર્થ જોઈએ- **तद्** = એટલે અધિગમ સમ્યગ્દર્શન. **एवम्** = એટલે આ પ્રમાણે અર્થાત્ પૂર્વે કહેલ અધિગમ-અભિગમ-આગમ વગેરે ભેદોના નિરૂપણથી જે થાય તે સઘળું ય અધિગમ સમ્યગ્દર્શન કહેવાય... **परोपदेशात्** = આ શબ્દથી ફક્ત શબ્દ રૂપ ઉપદેશ જ નહીં, પણ નિમિત્ત માત્રનું - તમામ નિમિત્તોનું ગ્રહણ કરવું... નહીંતર, જો આ પ્રમાણે અર્થ ન

१. पू. लि. । शब्दादिति व्या० मु. ।

भवति, किन्तु कस्यचिद् भव्यस्य प्रतिमाद्यालोक्य भवत्येव । अतः **परोपदेशात्** परोपष्टम्भेन यदुदेति तत्त्वार्थेषु जीवादिषु श्रद्धानं रुचि**स्तदधिगमसम्यग्दर्शन**मिति ॥ ३ ॥

सम्प्रत्युत्तरसूत्रसम्बन्धं स्वयमेव लगयन्नाह -

**भा० अत्राह तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्युक्तम् । तत्र किं तत्त्वमिति ? अत्रोच्यते ॥३॥**

લઈએ, તો 'ઉપદેશથી એટલે શબ્દથી જે સમ્યગ્દર્શન' એમ જ અર્થ થાય અને એમ કહેવામાં વ્યાપ્તિનું = વ્યાપકતાનું કથન થતું નથી. એટલે કે, જે જે કાર્યરૂપ અધિગમ સમ્યગ્દર્શન છે, તે દરેક પ્રત્યે કારણ તરીકે 'ઉપદેશ' (શબ્દ) હોય એમ કહેવામાં 'વ્યાપ્તિ' કહેવાતી નથી. કારણ કે, કેવળ શબ્દથી (ઉપદેશથી) જ સમ્યગ્દર્શન થાય છે, એવું નથી, કિંતુ, કોઈ ભવ્ય જીવને પ્રતિમા વગેરે જોઈને પણ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, 'ઉપદેશ'નો અર્થ 'શબ્દ' કરવામાં આવે તો પ્રતિમાદિના દર્શનથી જે સમ્યગ્દર્શન થાય છે, તેને અધિગમ-સમ્યગ્દર્શન નહીં કહેવાય, માટે આમાં અવ્યાપ્તિ આવશે... કારણ કે પ્રતિમા વગેરેના દર્શનથી પણ જે સમ્યગ્દર્શન થાય છે, તેને પણ અધિગમ સમ્યગ્દર્શન કહેવું ઇષ્ટ જ છે... આથી તમામ નિમિત્તોના સંગ્રહ માટે '**परोपदेशात्**' પદનો અર્થ 'શબ્દ' ન કરવો, પરંતુ પર-આલંબન (ઉપષ્ટંભ) માત્ર અર્થાત્ નિમિત્ત માત્ર = તમામ (શબ્દ-પ્રતિમા આદિ) નિમિત્તો એમ અર્થ કરવો... આથી ઉપદેશથી એટલે પર-નિમિત્ત-માત્રથી જે જીવ આદિ તત્ત્વ રૂપ અર્થો ઉપર શ્રદ્ધા = રુચિ પેદા થાય છે, તે 'અધિગમ-સમ્યગ્દર્શન' કહેવાય છે... એમ અર્થ ફલિત થવાથી ક્યાંય પણ અવ્યાપ્તિ રૂપ દોષ નહીં આવે અર્થાત્ લક્ષણની સંપૂર્ણ વ્યાપ્તિ = વ્યાપકતા કહેવાશે.

**ચંદ્રપ્રભા :** બેશક, ઉપદેશ = શબ્દ એ સમકિતનું મુખ્ય અંગ છે, એ જુદી વાત છે. ગ્રંથકારશ્રી ઉમાસ્વામિજી મહારાજને પરમાત્માની મૂર્તિના દર્શનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલ. વર્તમાનમાં કેટલાંક જીવોને દીક્ષા-પ્રસંગ નિહાળતાં શ્રદ્ધા-વિશેષ પ્રગટ થવાના ઉદાહરણો મળે છે. ધન સાર્થવાહ, નયસાર વગેરે સાધુઓને ગોચરી વહોરાવવાના ભાવથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી...(૩)

**અવતરણિકા :** હવે સ્વયં ભાષ્યકાર આગળના સૂત્રનો સંબંધ લગાડતાં-જોડતાં ભાષ્યમાં કહે છે -

**ભાષ્ય : અહીં કોઈ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : તત્ત્વ રૂપ અર્થોમાં શ્રદ્ધા (રુચિ), તે સમ્યગ્દર્શન છે, એમ કહ્યું. તેમાં 'તત્ત્વ' શું છે ? જવાબ : આ વિષયમાં (જવાબ) કહેવાય છે.**

१. ख. पू. ला.-शो. । ना. मु. ।

**टी० अत्राहेत्यादि । अत्र**-एतस्मिंस्तत्त्वार्थश्रद्धानलक्षणे सम्यग्दर्शने विषयस्वरूपोपरक्ते व्याख्याते विषयविवेकमजानानश्चोदकोऽनूनुदत्-भवता तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्येतदुक्तं, तत्र किं तत्त्वमिति, तत्रेत्यनेन तत्त्वार्थश्रद्धानशब्दे यस्तत्त्वशब्दस्तत्र किं तत्त्वं किं तस्याभिधेय-मिति । **ननु** चायुक्तोऽयं प्रश्नो, भाष्ये तत्त्वस्य पुरस्तान्निर्णयः कृत इति । तत्त्वानि जीवादीनि वक्ष्यन्ते त एव चार्था इत्यस्मिन्, अतो निर्ज्ञाते तत्त्वे प्रश्नयतो जाड्यमवसीयते । **उच्यते**-न जाड्यात् प्रश्नः, सत्यमुक्तं तत्त्वानि जीवादीनि, आदिशब्देन तु अनेकस्याक्षेप इति

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં કોઈ શિષ્યાદિ પ્રશ્ન કરે છે, **अत्र आह** - ઈત્યાદિ. આ તત્ત્વાર્થની શ્રદ્ધા રૂપ તથા વિષય અને સ્વરૂપથી યુક્ત (મિશ્રિત) એવા સમ્યગ્દર્શનની પૂર્વે વ્યાખ્યા કરાયે છતે (અર્થાત્ તેનું લક્ષણ/સ્વરૂપ જણાવાયે છતે) તેના વિષયનો વિવેક નહીં જાણતો એવો શિષ્યાદિ (પ્રશ્ન કરનાર) એવો સવાલ કરે છે કે- **પ્રશ્ન :** આપે 'તત્ત્વાર્થની શ્રદ્ધા' તે સમ્યગ્દર્શન છે, એમ કહ્યું, તેમાં 'તત્ત્વ' પદાર્થ શું છે ? તત્ર = (તેમાં) આ પદ વડે પૂર્વે કહેલ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' શબ્દમાં જે 'તત્ત્વ' શબ્દ છે, તેમાં 'તત્ત્વ' શું છે ? અર્થાત્ 'તત્ત્વ' શબ્દનો શું અભિધેય (વિષય/અર્થ) છે ?

**તટસ્થ વ્યક્તિ :** આવો પ્રશ્ન કરવો અનુચિત છે. કારણ કે, ભાષ્યમાં પૂર્વે તત્ત્વનો નિર્ણય કરેલો જ છે, જેમ કે, "જીવ આદિ તત્ત્વો છે અને તે આગળ કહેવાશે. તે જીવાદિ તત્ત્વો એ જ અર્થો છે." એમ બીજા સૂત્રના ભાષ્યમાં કહેલું જ છે. આથી 'તત્ત્વ' શબ્દનો અર્થ (વિષય) જણાઈ ગયો હોવા છતાં ય તેના વિષે પ્રશ્ન કરનારની જડતા જણાય છે...

**ટીકાકાર-સમાધાન :** ના, જડતાના કારણે ભાષ્યમાં પ્રશ્ન કરેલો નથી. એ વાત સાચી છે કે, 'જીવ આદિ તત્ત્વો છે' એમ પૂર્વે ભાષ્યમાં કહેલું છે. પણ અહીં 'આદિ' શબ્દ છે, તેનાથી અનેકનો સંગ્રહ થઈ શકે છે. આથી 'તેની ચોક્કસ સંખ્યા જણાતી નથી કે આટલાં તત્ત્વો છે. આથી ભાષ્યથી નિર્ણય કરેલો ન હોવાથી ઈયત્તા = તત્ત્વોની ચોક્કસ સંખ્યાનું જ્ઞાન કરવા માટે પ્રશ્ન કરેલા છે, માટે તે યોગ્ય જ છે..

ગ્રંથકાર આચાર્ય ભગવંત ભાષ્યમાં જવાબ આપતાં કહે છે કે -

**જવાબ : अत्र उच्यते** । અહીં એટલે ભાષ્યમાં તમે પૂછેલ 'તત્ત્વ' શબ્દને વિષે જે અભિધેય = વિષય છે, તેનું આટલી - અમુક ચોક્કસ સંખ્યા વડે સ્વરૂપ આગળના સૂત્રમાં કહેવાય છે.

१. पू. । जानंश्चो० मु. । २. पू. । त एवार्था० मु. ।

नास्तीयत्ता, तस्माद् भाष्याद् न निर्णयोऽतः इयत्तापरिज्ञानाय प्रश्नः । **सूरिराह-अत्रोच्यते।** अत्र भाष्यगते[1] भवत्प्रदर्शिते तत्त्वशब्दे यदभिधेयं तदियत्तया निर्वृत्त[2]स्वरूपमुच्यते-

**सू० जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥१-४॥**

**भा० जीवा अजीवा आस्रवा बन्धः संवरो निर्जरा मोक्ष इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम् । एते वा सप्त पदार्थास्तत्त्वानि ।**

**टी० जीवाजीवास्रवे**त्यादिना । समासपदं चैतत्, समासपदे च विग्रहमन्तरेण न सुखेन प्रतिपत्तिः परस्मै शक्या कर्तुं इत्यतो विग्रहयति - **जीवा अजीवा** इत्यादि । **जीवा** औपशमिकादिभावान्विताः साकारानाकार-प्रत्ययलाञ्छनाः शब्दादिविषयपरिच्छेदिनोऽतीतानागत-वर्तमानेषु समानकर्तृकक्रियाः तत्फलभुजः अमूर्तस्वभावाः । एभिरेव धर्मैर्वियुता **अजीवाः**

---

सूत्र- **जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥ १-४ ॥**

**सूत्रार्थ : જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ (સાત) તત્ત્વો છે.**

**પ્રેમપ્રભા : जीवाजीवास्रव०** ઈત્યાદિ.... આ સમાસ-પદ (અનેક પદોના સમૂહરૂપ પદ) છે અને સમાસ-પદ હોય, ત્યાં સમાસનો વિગ્રહ (પરચ્છેદ = પદ વિભાગ) કર્યા વિના તેના અર્થનો સુખેથી બીજાને બોધ કરાવવો શક્ય નથી... આથી ભાષ્યકાર સૂત્રસ્થ સમાસ-પદનો વિગ્રહ કરીને = સમાન અર્થવાળું વાક્ય કરીને જણાવે છે.

**ભાષ્ય : (૧) જીવ (૨) અજીવ (૩) આશ્રવ (૪) બંધ (૫) સંવર (૬) નિર્જરા અને (૭) મોક્ષ આ સાત પ્રકારનો અર્થ એ તત્ત્વ છે. અથવા આ સાત પદાર્થો તત્ત્વો છે.**

### ❋ જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ ❋

**પ્રેમપ્રભા :** જીવ, અજીવ ઈત્યાદિ ભાષ્યમાં કહ્યું, તેનું સંક્ષેપથી સ્વરૂપ બતાવતાં ટીકામાં કહે છે - **(૧) જીવતત્ત્વનું સ્વરૂપ :** જેઓ (i) ઔપશમિક (= ઉપશમ રૂપ અથવા ઉપશમ વડે થયેલ) વગેરે આગળ કહેવાતાં ભાવોથી યુક્ત હોય, તેમજ (ii) સાકાર = જ્ઞાનના અને અનાકાર = દર્શનના પ્રત્યય = ઉપયોગ રૂપ લક્ષણવાળા છે, તથા (iii) શબ્દ વગેરે ઈન્દ્રિયોના વિષયનો બોધ કરનારા છે, વળી (iv) ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળમાં જેનો એક જ સમાન કર્તા છે, તેવી ક્રિયાવાળા = ક્રિયાના કરનારા

---

१. पू. । ना. मु. । २. ख. पू. । निवृत्त० मु. ।

धर्मादयश्चत्वारोऽस्तिकायाः । आस्रूयते यैर्गृह्यते कर्म त **आस्रवाः** शुभाशुभकर्मादानहेतव इत्यर्थः । **बन्धो** नाम, तैरास्रवैर्हेतुभिरात्तस्य कर्मणः आत्मना सह संयोगः प्रकृत्यादिविशेषितः । तेषामेवास्रवाणां यो निरोधः-स्थगनं गुप्त्यादिभिः स **संवरः** । कर्मणां तु विपाकात् तपसा वा यः शाटः सा **निर्जरा** । ज्ञानशमवीर्यदर्शनात्यन्तिकैकान्तिकाऽबाधनिरुपमसुखात्मन आत्मनः स्वात्मन्यवस्थानं **मोक्षः । इति**शब्द इयत्तायाम्, एतावानेव । **एष** इति भवतः प्रत्यक्षीकृतो वचनेन । सप्तविधः[1] सप्त प्रकारा यस्य स सप्तविधः, अर्थोऽर्यमाणत्वात्, **एष**

છે અને (v) તે ક્રિયાના (તેનાથી બાંધેલાં કર્મના) ફળને ભોગવનારા છે, તેમજ (vi) અમૂર્ત્ત (અરૂપી) સ્વભાવવાળા હોય, તેઓ **'જીવ'** કહેવાય છે.

**(૨) અજીવતત્ત્વ :** આ જ ઉપર કહેલાં જીવના ધર્મોથી = સ્વભાવથી રહિત હોય તે **'અજીવ'** કહેવાય અને તે ધર્મ વગેરે ચાર પ્રકારના અસ્તિકાયો છે. અર્થાત્ ધર્માસ્તિકાય વગેરે છે.

**(૩) આશ્રવ-તત્ત્વ :** જેઓ દ્વારા જીવ વડે કર્મોનું ગ્રહણ કરાય તે **'આશ્રવ'** અર્થાત્ શુભ-અશુભ કર્મના ગ્રહણના હેતુઓ... **( आस्रूयते गृह्यते कर्म यैरिति आस्रवाः ।)**

**(૪) બંધ-તત્ત્વ :** તે પૂર્વોક્ત આશ્રવ રૂપ હેતુઓ વડે ગ્રહણ કરેલાં કર્મોનો આત્માની સાથે પ્રકૃતિ આદિ ભેદ-પૂર્વક સંયોગ થવો તે **'બંધ'** કહેવાય...

**(૫) સંવર-તત્ત્વ :** તે જ આશ્રવોનો (કર્મ ગ્રહણના હેતુઓનો) જે 'ગુપ્તિ' વગેરે વડે નિરોધ કરવો, સ્થગિત કરવું, અટકાવવું તે **'સંવર'** કહેવાય.

**(૬) નિર્જરા-તત્ત્વ :** કર્મોના વિપાકથી (ફળ રૂપે ઉદયમાં આવવાથી) અથવા તપથી તેઓનું (કર્મોનુ) જે ખરવું, ખતમ થવું તે **'નિર્જરા'** કહેવાય...

**(૭) મોક્ષ-તત્ત્વ :** જ્ઞાન, શમ = રાગ-દ્વેષાદિના અભાવ રૂપ પ્રશમ, વીર્ય (ઉત્સાહ, પરાક્રમ), સમ્યગ્દર્શન અથવા કેવળદર્શન રૂપ તથા આત્યંતિક અને ઐકાન્તિક અબાધ = બાધા-પીડાથી રહિત એવા નિરૂપમ સુખરૂપ સ્વભાવવાળા આત્માનું પોતાના જ આત્મામાં અવસ્થાન, સ્થિર થવું તે **'મોક્ષ'** કહેવાય...

ભાષ્યમાં **इति** શબ્દ **इयत्ता** = પરિમાણ (સંખ્યા) અર્થમાં છે. આટલાં જ = આટલી જ સંખ્યાવાળા (સાત) તત્ત્વો છે. **एष** એટલે વચન દ્વારા તમને પ્રત્યક્ષ રૂપે કરાયેલ -

१. ख.पू. । धा:० मु. ।

**सप्तविधोऽर्थ** इति पदत्रयं तत्त्वमित्यस्य विवरणम, तत्त्वमिति वाऽव्युत्पत्तौ तथ्यं सद्भूतं परमार्थ इत्यर्थः । व्युत्पत्तौ तु जीवादीनामर्थानां या स्वसत्ता सोच्यते, तस्याश्च सत्तायाः प्रतिभेदं प्रतिवस्तु यो भेदस्तमनादृत्यैकत्वम्, एकत्वाच्चैकवचनमुपात्तवान् ।

**अथ** एवं कश्चित् चोदयेत्-याऽसौ जीवादीनां सत्ता, सा न वैशेषिकैरिवास्माभिर्भिन्ना जीवादिभ्योऽभ्युपेयते, यतोऽभिहितम्-*"घडसत्ता घडधम्मो तत्तोऽणन्नो पडादितो भिन्नो"* **[ विशे० १७२२ ]**। तस्मात् प्रतिवस्तु सा भेत्तव्या, प्रतिवस्तु च भिद्यमाना बहुत्वं प्रतिपद्येत[1]

**सप्तविधः** સાત પ્રકારો (વિધા) છે જેના તે સપ્તવિધ = સાત પ્રકારવાળો અર્થ એ 'તત્ત્વ' છે. અર્થાત્ **एष सप्तविधोऽर्थः** આ ઉપરોક્ત ભાષ્યના ત્રણ પદો એ **'तत्त्वम्'** પદના વિવરણ રૂપ છે.

### ❋ 'तत्त्व' શબ્દનો અર્થ અને એકવચનનુ પ્રયોજન ❋

અથવા **(i) અવ્યુત્પત્તિ-પક્ષે** (એટલે કે પ્રકૃતિ-પ્રત્યયના અર્થની અપેક્ષા વિના જ 'તત્ત્વ' શબ્દના રૂઢિથી થતાં અર્થની અપેક્ષાએ) **तत्त्वम्** નો અર્થ છે - તથ્ય, સદ્‌ભૂત, પરમાર્થ વસ્તુ. તથા **(ii) વ્યુત્પત્તિ પક્ષનો** સ્વીકાર કરવામાં તો **तेषां ( जीवादीनां ) भावः इति तत् + त्व = तत्त्वम्** શબ્દથી તે જીવાદિ અર્થાનો ભાવ = પ્રવૃત્તિ - નિમિત્ત એ 'તત્ત્વ' કહેવાય... આથી તત્ત્વ શબ્દથી જીવાદિ પદાર્થોની જે સ્વસત્તા (પોતાની સત્તા-અસ્તિત્વ) છે, તે કહેવાય છે... વળી તે 'સત્તા'નો દરેક જીવાદિ ભેદોમાં અને દરેક વસ્તુમાં જે ભેદ છે, જુદાપણુ છે, તેનો અનાદર-અસ્વીકાર કરીને એકત્વનો = એક સંખ્યાનો જ સ્વીકાર કરાય છે. આ પ્રમાણે એકત્વ હોવાથી અર્થાત્ જીવાદિ સાતેય તત્ત્વોમાં રહેલી સત્તા એ અભિન્ન - એક જ હોવાથી તેને જણાવવા સૂત્રમાં **'तत्त्वम्'** એમ એકવચનનો નિર્દેશ કરેલો છે... (અર્થાત્ એકવચન-બોધક પ્રત્યયનો પ્રયોગ કરેલો છે.)

અહીં કદાચ કોઈ આ પ્રમાણે શંકા ઉઠાવે કે,

**શંકા :** જે આ જીવાદિ પદાર્થોની સત્તા છે, તે વૈશેષિક-દર્શનવાળાઓની જેમ આપણા (જૈનો) વડે જીવાદિ પદાર્થોથી જુદી માનેલી નથી,પણ એક જ અભિન્ન રૂપે માનેલી છે... કારણ કે, **વિશેષાવશ્યક** ભાષ્યમાં કહેલું છે કે,

**घडसत्ता घडधम्मो तत्तोऽणन्नो पडादितो भिन्ना । अत्थि त्ति तेण भणिए को घड एवेति नियमोऽयं ॥ [ વિશેષાવ૦ શ્લો૦૧૭૨૨ ]**

१. सर्वप्रतिषु । पद्यते० मु. ।

बहुत्वाद् बहुवचनेन भवितव्यं तत्त्वानीति । **उच्यते**-सामान्येन विवक्षिता सती सैकत्वमिव बिभर्ति, मुख्यया तु कल्पनया वस्तुधर्मत्वात् प्रतिवस्तु भेत्तव्या भवति, तदा च बहुवचनेनं[1] भवितव्यमेवेति। एतदाह-**एते वा सप्त पदार्थास्तत्त्वानी**ति। **एते** प्राक् प्रत्यक्षीकृताः । **वाशब्दो** हि प्रतिवस्तु भिद्यमानं तत्त्वं बहुत्वं प्रतिपद्यत इत्यस्य पक्षस्य संसूचकः[2] । सप्त

**અર્થ :** 'ઘડાની સત્તા એટલે કે ઘડામાં રહેલી સત્તા એ ઘટનો જ ધર્મ = સ્વભાવ છે અને તે અનન્ય છે - ઘડાથી અભિન્ન છે અને પટ વગેરે સર્વથી (અર્થાત્ પટ વગેરેની સત્તાથી) તે ભિન્ન છે, જુદી છે... (આથી **घटोऽस्ति** = 'ઘડો છે' એમ કહેવાતે છતે **घट एव** = ઘડો જ છે એવો ક્યાં નિયમ થાય છે? અર્થાત્ નથી થતો. કારણ કે પોત-પોતાની સત્તા પટ વગેરેમાં પણ હોવાથી તેઓ પણ છે જ.)

આમ આવા વચનથી દરેક વસ્તુમાં સત્તાનો ભેદ સ્વીકારવો જોઈએ અને વસ્તુએ વસ્તુએ 'સત્તા'ને જુદી માનશો એટલે તે 'સત્તા' ઘણી બધી બની જાય... આથી સત્તા ઘણી હોવાથી સૂત્રમાં '**तत्त्वम्**' ને બદલે **तत्त्वानि** એમ બહુવચનનો પ્રયોગ કરવો ઘટે છે.

**સમાધાન :** સત્તાની વિવક્ષા બે રીતે થાય છે. (i) જ્યારે સામાન્યથી વિવક્ષિત હોય ત્યારે સત્તા એક જેવી હોય છે. અને જ્યારે (ii) મુખ્ય (વિશેષ) કલ્પના કરાય ત્યારે તે વસ્તુનો ધર્મ હોવાથી દરેક વસ્તુમાં રહેલી સત્તાનો ભેદ કરવો અર્થાત્ ભિન્ન ભિન્ન સમજવી, અને ત્યારે સત્તા અનેક = ઘણી હોવાથી તેને જણાવવા '**तत्त्वानि**' એમ બહુવચનનો પ્રયોગ કરવો જ જોઈએ. આ જ વાત ભાષ્યમાં કહે છે, **एते वा सप्त पदार्थाः तत्त्वानि ।** = અથવા આ સાત પદાર્થો તત્ત્વો છે. **एते** = 'આ' એટલે કે પૂર્વે વચન દ્વારા પ્રત્યક્ષ કરાયેલાં જીવાદિ પદાર્થો એ તત્ત્વો સમજવા.... અહીં **वा** (અથવા) શબ્દ એ 'વસ્તુએ વસ્તુએ ભિન્ન પડતું તત્ત્વ (સત્તા) એ ઘણા હોવાથી બહુત્વ - સંખ્યાવાળું થાય છે' અને આથી બહુવચનનો પ્રયોગ થાય છે, એ પક્ષનું સૂચન કરનારો છે. **सप्त च ते पदार्थाश्च, सप्तपदार्थाः** સાત એવા તે પદાર્થો તે જીવાદિ 'સપ્ત - પદાર્થો' કહેવાય. (આમ અહીં કર્મધારય સમાસ છે.) અને તે જ તત્ત્વો સમજવા.

## ❋ નવતત્ત્વને બદલે સાત તત્ત્વો શાથી કહ્યાં ? ❋

**શંકા :** અન્યત્ર જીવાદિ નવ તત્ત્વો / પદાર્થો કહેલાં છે, તો અહીં સાત જ તત્ત્વો શાથી

१. पू. । वचनेनैव० मु. । २. पू. । सूच० मु. ।

च ते पदार्थाश्च **सप्तपदार्थाः** जीवादयः । **तत्त्वानि** दृश्यानि, पुण्यपापयोश्च बन्धेऽन्तर्भावान्न भेदेनोपादानम् ।

**यद्येवमास्रवादयोऽपि पञ्च तर्हि न जीवाजीवाभ्यां भिद्यन्ते । कथमिति चेत्, उच्यते**- आस्रवो हि मिथ्यादर्शनादिरूपः परिणामो जीवस्य । स च कः आत्मानं पुद्गलांश्च विरहय्य ? बन्धस्तु कर्म पुद्गलात्मकमात्मप्रदेशसंश्लिष्टम् । संवरोऽप्यास्रवनिरोधलक्षणो देशसर्वभेद आत्मनः परिणामो निवृत्तिरूपः । निर्जरा तु कर्मपरिशाटः, जीवः कर्मणां पार्थक्यमापादयति स्वशक्त्या । मोक्षोऽ[1]प्यात्मा समस्तकर्मविरहित इति । तस्मात् जीवाजीवास्तत्त्वमिति वाच्यम् । **उच्यते**-सत्यमेतदेवम्, किंतु इह शास्त्रे शिष्यः प्रवृत्तिं कारितोऽस्मात् कारणात्

---

કહ્યાં છે ?

**સમાધાન :** પુણ્ય અને પાપ એ બે તત્ત્વોનો 'બંધ' તત્ત્વમાં અંતર્ભાવ કરેલો છે, આથી તેઓનું જુદું ગ્રહણ કરેલું નથી, માટે સાત જ તત્ત્વો કહેલાં છે.

**પૂર્વપક્ષ-શંકા :** જો પુણ્ય-પાપનો બંધ-તત્ત્વમાં અંતર્ભાવ થઈ શકે છે, તો સાત તત્ત્વો પણ કહેવાની જરૂર નથી. કેમ કે, આશ્રવ વગેરે પાંચ તત્ત્વો પણ ક્યાં તો જીવ રૂપે છે, અથવા તો અજીવ રૂપે છે. અર્થાત્ જીવ અથવા અજીવથી અપેક્ષાએ અભિન્ન છે. આથી તે પાંચેયનો જીવ અથવા અજીવમાં સમાવેશ થઈ જવાથી બે જ તત્ત્વો માનવા જોઈએ.

**(તટસ્થ વ્યક્તિ) - પ્રશ્ન :** આશ્રવ આદિ પાંચ તત્ત્વો જીવ-અજીવથી અભિન્ન શી રીતે કહેવાય ?

**(પૂર્વપક્ષ) - જવાબ :** આ રીતે **૧. આશ્રવ** એ મિથ્યાદર્શન વગેરે રૂપ જીવનો પરિણામ વિશેષ જ છે અને તે આત્મા અને પુદ્ગલો સિવાય બીજો શું હોઈ શકે ? આથી જીવ-અજીવથી અભિન્ન છે. તથા **૨. બંધ** એ આત્માના પ્રદેશો સાથે ચોંટેલ-જોડાયેલ પુદ્ગલ રૂપ કર્મ હોવાથી અજીવ રૂપ છે... તથા **૩. સંવર**-તત્ત્વ પણ દેશથી (અંશથી) અથવા સર્વથા-સર્વ રીતે આશ્રવના નિરોધ (અટકાવ) રૂપ નિવૃત્તિ-સ્વરૂપ આત્માનો જ પરિણામ છે. વળી **૪. નિર્જરા** એ કર્મના નાશ-ખરી જવા રૂપ છે. જીવ પોતાની શક્તિ-સામર્થ્યથી કર્મોનો પોતાના આત્મપ્રદેશોથી વિયોગ (પૃથક્પણું) પમાડે છે, આથી જીવ-અજીવ રૂપ છે અને **૫.** સર્વ કર્મથી રહિત આત્મા એ જ **મોક્ષ** છે. માટે **जीवाजीवास्तत्त्वम्**- જીવ અને અજીવ એ બે જ તત્ત્વો છે, એમ કહેવું જોઈએ.

---

१. पादिषु । प्ययमात्मा० मु. ।

ज्ञानादिकाद्[1]ऽऽसेव्यमानाद् भवतोमोक्षावाप्तिर्भविष्यति अन्यथा संसार इति । तस्य च यदि मुक्तिसंसारकारणे न भेदेनाख्यायेते ततोऽस्य सम्यक्प्रवृत्तिरेव न स्यात् । यदा त्वेवं कथ्यते, आस्रवो बन्धश्च एतद्द्वयमपि मुख्यं तत्त्वं संसारकारणम्, संवरनिर्जरे च मुख्यं तत्त्वं मोक्षकारणमिति, तदाऽनायासात् संसारकारणानां हेयतया यतिष्यते मुक्तिकारणानां चादेयतयेति । तस्माच्छिष्यस्य हेयादेयप्रदर्शना-याऽऽस्रवादिचतुष्टयमुपात्तम् । यत् तु मुख्यं साध्यं मोक्षः यदर्थां प्रवृत्तिस्तत् कथमिव न प्रदर्श्येतेति, तस्माद् युक्तं यत् पञ्चाप्युपादीयन्त इति ।

किं पुनरेषां जीवादीनां लक्षणमग्नेरिवौष्ण्यम्? के वा भेदा जीवादीनां यथा

### ❋ બેને બદલે સાત તત્ત્વો કહેવાનું પ્રયોજન ❋

(ઉત્તર-પક્ષ) **સમાધાન** : સાચી વાત છે કે આશ્રવાદિ પાંચ તત્ત્વો એ અપેક્ષાએ જીવ અથવા અજીવથી અભિન્ન છે અર્થાત્ જીવ-અજીવ તત્ત્વોમાં જ તેઓનો સમાવેશ થઈ જાય છે,પરંતુ, આ શાસ્ત્રને વિષે શિષ્યની પ્રવૃત્તિ કરાવવી ઈષ્ટ છે. આ કારણથી તે શિષ્યને આ પ્રમાણે સમજાવાય છે કે, **'આ જ્ઞાન વગેરે કારણોના સેવનથી તમને (અથવા ભવતઃ = ભવથી)મોક્ષની પ્રાપ્તિ થશે અને જો 'જ્ઞાનાદિનું સેવન નહીં કરો તો સંસારની રખડપટ્ટી થશે.'** એ પ્રમાણે વિવેક શિષ્યમાં પૈદા કરાવવો છે. જો શિષ્યને મુક્તિ અને સંસારના કારણો જુદાં પાડીને ન કહેવાય, તો તેની સાચી-યથાર્થ પ્રવૃત્તિ જ નહીં થાય. એટલે કે, તેની યથાર્થ પ્રવૃત્તિ કરવામાં ઘણી મુશ્કેલી પડશે...

પણ જ્યારે ફોડ પાડીને આમ કહેવાય કે, **"આશ્રવ અને બંધ એ બે તત્ત્વો સંસારના મુખ્ય કારણભૂત છે, જ્યારે સંવર અને નિર્જરા એ બે તત્ત્વો મોક્ષના મુખ્ય કારણો છે,"** ત્યારે અનાયાસે-સહજ રીતે તે શિષ્ય સંસારના કારણોને વિષે હેય ત્યાજ્ય રૂપે પ્રયત્ન કરશે એટલે કે તેનાથી પાછો ફરશે અને મુક્તિના જે કારણો છે તેમાં ઉપાદેય/ગ્રાહ્ય રૂપે પ્રયત્ન કરશે. આથી શિષ્યને (i) હેય = ત્યાજ્ય અને (ii) આદેય = ઉપાદેય, ગ્રાહ્ય, આ બેનો વિવેક બતાવવા માટે આશ્રવ વગેરે ચાર તત્ત્વોનું જીવ અથવા અજીવથી જુદું ગ્રહણ કરેલું છે... વળી હેયમાં નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ કરવાનું જે મુખ્ય સાધ્ય = મોક્ષ છે કે જેને માટે સઘળી પ્રવૃત્તિ કરાય છે, તેનો કોની જેમ નિર્દેશ ન કરાય ? અર્થાત્ પ્રધાન સાધ્ય હોવાથી તેનો નિર્દેશ તો અવશ્ય કરવો જ જોઈએ. (વળી પુણ્ય અને પાપનું કથન કરવામાં અહીં આવું કોઈ વિશેષ પ્રયોજન નથી.) આ પ્રમાણે આશ્રવ વગેરે પાંચેય તત્ત્વોને જુદાં કહેલાં છે તે ઘટે છે, એકદમ સંગત છે...

१. पादिषु । कात् सेव्य० मु. ।

तस्यैवाग्नेस्तार्णपार्णादय इत्युक्ते **तान् लक्षणत** इत्याद्याह।

**भा० तान् लक्षणतो विधानतश्च पुरस्ताद् विस्तरेणोपदेक्ष्यामः ॥ ४ ॥**

**तान्** जीवादीन् **लक्षणतः** स्वचिह्नेन, **विधानतो** भेदेन। **च**शब्दाद् भेदानपि सप्रभेदान् वक्ष्यामि, क्व ? **पुरस्तात्** उपरिष्टात्, किं सङ्क्षेपेणोत विस्तरेण ? **विस्तरेणे**त्याह। **कथमिति चेत्, उच्यते**-जीवस्य लक्षणमिदम् 'उपयोगलक्षणो जीव' इति (२-८), तदेव लक्षणं विधानतः कथयिष्यते[२]-स द्विविधः, साकारोऽनाकारश्च, पुनस्तावं[३]प्यष्टचतुर्भेदाविति (२-९)। तथा संसारिणो मुक्ताश्च (२-१०), पुनर्विस्तरः-संसारिणस्त्रसाः स्थावराश्चेत्यादिना

**પ્રશ્ન :** જેમ અગ્નિનું લક્ષણ/ચિહ્ન 'ઉષ્ણતા' ગુણ છે, તેમ આ જીવાદિ તત્ત્વોનું લક્ષણ શું છે ? જેનાથી 'આ જીવ છે' એમ ઓળખી શકાય, જાણી શકાય ? અથવા અગ્નિના જેમ ભેદો છે, દા.ત. ૧. તૃણનો (ઘાસનો) અગ્નિ ૨. પર્ણનો = પાંદડાનો અગ્નિ વગેરે... તેમ જીવ વગેરે તત્ત્વોના ભેદો કયા કયા છે ? આનો જવાબ ભાષ્યમાં કહે છે - **ઉત્તર :**

**ભાષ્ય : તેને = આ સાત પદાર્થોને (૧) લક્ષણથી અને (૨) ભેદથી (વિધાનથી) આગળ અમે વિસ્તારથી કહીશું. (૧-૪)**

### ❋ ગ્રંથમાં જીવાદિ સાત તત્ત્વોમાં લક્ષણ અને ભેદની નિરૂપણ-પદ્ધતિ ❋

**પ્રેમપ્રભા :** તે જીવાદિ તત્ત્વોને લક્ષણથી અને ભેદથી અમે આગળ કહીશું, એમ ભાષ્યમાં કહ્યું... લક્ષણ એટલે સ્વચિહ્ન, પોતાને ઓળખાવનાર-જણાવનાર ચિહ્નો (વિશિષ્ટ અસાધારણ ધર્મો...) અહીં **च** શબ્દથી 'ભેદોને પણ પેટા ભેદો (પ્રભેદો) સહિત કહીશ...' એમ અર્થ જાણવો.. **પ્રશ્ન :** ક્યાં કહેશો ? **જવાબ :** આગળ કહેવાશે. તથા શું સંક્ષેપથી કહેશે કે વિસ્તારથી ? તેવા પ્રશ્નના જવાબમાં કહે છે, વિસ્તારથી કહીશું. **પ્રશ્ન:** કઈ રીતે લક્ષણથી અને વિધાનથી/ભેદથી તેમજ વિસ્તારથી કહેવાશે ? તેને ઉદાહરણથી સમજાવશો ? **જવાબ :** જુઓ, સૌથી પહેલાં જીવનું આ પ્રમાણે લક્ષણ કહેવાશે - **उपयोगलक्षणो जीवः** = જીવ 'ઉપયોગ' રૂપ લક્ષણવાળો છે. એમ સૂત્ર (૨-૮)માં કહેવાશે... પછી તે જ લક્ષણ ભેદથી = ભેદ સહિત કહેવાશે. જેમ કે, તે (ઉપયોગ) બે પ્રકારે છે (i) સાકાર ઉપયોગ અને (ii) અનાકાર ઉપયોગ... વળી તેના પેટા ભેદો કહેવાશે, જેમ કે, ૧. સાકાર-ઉપયોગના ૮ ભેદો છે અને ૨. અનાકાર ઉપયોગના ૪

१. सर्वप्रतिषु। ना. मु.। २. पादिषु। ष्यति० मु.। ३. पू.। स्तावष्ट०

(२-१२) । तथा अजीवानां[1] धर्मादीनां लक्षणं-गतिस्थित्यादि (५-१७), धर्माधर्माकाशानां त्वेकत्वान्नास्ति विधानम् (५-५), प्रदेशान् वाऽङ्गीकृत्यासङ्ख्येयाः प्रदेशाः धर्माधर्मयोः (५-७), जीवस्य च (५-८), आकाशस्यानन्ताः (५-९) इति स्यादेव विधानम्। आस्रवं लक्षणेन भणिष्यति-कायवाङ्मनःकर्म योगः (६-१) स आस्रवः (६-२) इति, पुनस्तस्य भेदं-शुभः पुण्यस्येत्यादि (६-३,४) । बन्धस्य लक्षणं भणिष्यति-सकषायत्वात् जीव इत्यादिकम् (८-२), पुनस्तस्य विधानं प्रकृतिस्थित्यादिकम् (८-४) । तथा संवरलक्षणं-

---

ભેદો છે... એમ સૂત્ર (૨-૯)માં સ્પષ્ટ કરાશે... (અહીં ટીકામાં મોટે ભાગે સૂત્રોનો અક્ષરશઃ નિર્દેશ નથી, પરંતુ અર્થ-પ્રધાન પ્રયોગ કરેલો છે, એમ સમજવું.)

તથા **જીવના** (જીવતત્ત્વના) બે ભેદો છે... (૧) સંસારી અને (૨) મુક્ત એમ **संसारिणो मुक्ताश्च** (૨-૧૦) એ સૂત્રમાં સંક્ષેપથી જીવના ભેદો કહ્યાં છે. વળી તેનો વિસ્તાર કરે છે, સંસારી જીવો બે પ્રકારે છે, (i) ત્રસ અને (ii) સ્થાવર - **संसारिणस्त्रस-स्थावराः** (૨-૧૨) ઇત્યાદિ સૂત્રમાં કહેવાશે.

તથા બીજા **(૨) અજીવ** તત્ત્વના ભેદો ધર્માસ્તિકાય વગેરે છે, તેઓનું ગતિ-સહાયકતા, સ્થિતિ-સહાયકતા આદિ લક્ષણ સૂત્ર (૫-૧૭) વગેરેમાં કહેવાશે... તથા ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ અજીવ-ભેદો 'એક રૂપે' હોવાથી તેના ભેદો નથી. સૂત્ર- (૫-૫) અથવા પ્રદેશોની અપેક્ષાએ ધર્મ-અધર્મના અસંખ્યેય પ્રદેશો છે એમ (૫-૭) સૂત્રમાં કહેવાશે તથા આકાશના અનંત પ્રદેશો છે. **आकाशस्याऽनन्ताः** સૂત્ર-(૫-૯) એ પ્રમાણે અજીવના વિધાન = ભેદો થાય જ છે.

તેમજ ત્રીજા **આશ્રવતત્ત્વને** પહેલાં લક્ષણ વડે કહેશે - **काय-वाङ्मनःकर्म योगः** (કાય વગેરેના કર્મ તે આશ્રવ છે) એમ સૂત્ર (૬-૧)માં અને **स आस्रवः** (તે આશ્રવ છે) સૂત્ર (૬-૨) માં કહેવાશે... વળી તે અશ્રવના ભેદો **शुभः पुण्यस्य** ઇત્યાદિ સૂત્ર (૬-૩,૪) માં પ્રકાશિત કરાશે...

તથા **'બંધ'** તત્ત્વનું લક્ષણ - **सकषायत्वाज्जीवः॰** ઈત્યાદિ (૮-૨) સૂત્રમાં કહેવાશે... પુનઃ તેના ભેદો **प्रकृतिस्थित्यनुभाव॰** (૮-૪) સૂત્રમાં પ્રકૃતિ વગેરે ભેદો અભિવ્યક્ત કરાશે.

---

१. ख.पू. । वादीनां॰ मु. ।

आस्रवनिरोधः संवर इति (९-१), पुनस्तस्यैव विधानं-स गुप्तिसमितिधर्मादिकम् (९-२) । निर्जराया लक्षणं वक्ष्यति-तपसा निर्जरा चेति (९-३), पुनस्तद्भेदाः-अनशनादयः (९-१९) । **मोक्षः** कृत्स्नकर्मक्षयलक्षणः (१०-३), प्रथमसमयसिद्धादि विधानम् ॥४॥

**अत्राह**-कथं पुनरमी जीवादयोऽधिगन्तव्या इति ? **उच्यते**-नामादिभिरनुयोगद्वारैस्तथा प्रत्यक्षानुमानाभ्यां (प्रमाणाभ्यां) नैगमादिभिश्च वस्त्वंशपरिच्छेदिभिर्नयैस्तथा निर्देशस्वामित्वादिभिः सत्सङ्ख्याक्षेत्रादिभिश्च । तत्र कतिभेदा जीवा इति पृष्टे चतुर्भेदताऽऽख्यानायाह-

---

તથા **સંવર-તત્ત્વનું** લક્ષણ **आस्रव-निरोधः संवरः** એમ (૯-૧) સૂત્રમાં કહેવાશે... ફરી તેના જ ભેદો '**स गुप्ति समितिधर्मानुप्रेक्षा**'૰ ઇત્યાદિ સૂત્ર (૯-૨)માં પ્રગટ કરાશે.

તથા **નિર્જરા-તત્ત્વનું** લક્ષણ **तपसा निर्जरा च** એમ (૯-૩) સૂત્રમાં જણાવાશે. ફરી તેના ભેદોનું **अनशनावमौदर्य**૰ ઇત્યાદિ (૯-૧૯) સૂત્રમાં બયાન કરાશે.

તથા **મોક્ષતત્ત્વનું** લક્ષણ - સર્વકર્મનો ક્ષય, એ **कृत्स्नकर्मक्षय**૰ (૧૦-૩) સૂત્રમાં પ્રસ્તુત કરાશે... ત્યારબાદ પ્રથમ સમયે સિદ્ધ વગેરે તેના ભેદોનું પણ નિરૂપણ કરાશે...

**ચંદ્રપ્રભા :** આ પ્રમાણે ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિવરે લક્ષણ અને વિધાનથી જે રીતે જીવાદિ તત્ત્વો કહેવાશે તેને ઉદાહરણ સહિત સંક્ષેપમાં સમજાવીને પ્રસ્તુત ગ્રંથની રચના-પદ્ધતિ અને વિષય-ક્રમને પણ વાચકોના હિત માટે સ્પષ્ટ કરેલ છે. હવે આગળના સૂત્રોની ભૂમિકા કરવા ટીકામાં પ્રશ્ન ઉઠાવે છે.

**પ્રેમપ્રભા : અવતરણિકા : પ્રશ્ન :** આ જીવ વગેરે પદાર્થોનો (તત્ત્વોનો) અધિગમ = બોધ શી રીતે થાય ? **જવાબ :** જીવ વગેરે તત્ત્વોનો અધિગમ = એટલે કે બોધ કરવાના અનેક માર્ગો/દ્વારો છે. જેમ કે, (૧) નામ, સ્થાપના વગેરે અનુયોગ-દ્વારો (વ્યાખ્યાના ઉપાયો) વડે જીવ આદિ તત્ત્વોનો બોધ થાય છે. તેમજ (૨) પ્રત્યક્ષ અને અનુમાન રૂપ બે પ્રમાણો વડે તથા (૩) (સર્વાંશવાળી) વસ્તુના એકાદ અંશનો બોધ કરનારા નૈગમ વગેરે નયો વડે = અભિપ્રાય - વિશેષો વડે, તેમજ (૪) નિર્દેશ, સ્વામિપણું વગેરે ઉપાયોથી અને (૫) સત્, સંખ્યા,ક્ષેત્ર આદિ (વ્યાખ્યાના) દ્વારો દ્વારા જીવ વગેરે તત્ત્વોનો અધિગમ = બોધ થાય છે. આમ જીવ આદિનો અધિગમ કરવાના અનેક માર્ગો = ઉપાયો છે.

તેમાં (તે ઉપરોક્ત અધિગમના = બોધના ઉપાયો પૈકી) જીવો કેટલાં ભેદવાળા

**सू० नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥१-५॥** इति ।

**टी०** अथवाऽभिधास्यति भवान्, उपयोगलक्षणो जीवः (२-८), तत्र किं सर्वो जीव उपयोगलक्षणः ? । नेत्याह-भावजीव एवोपयोगलक्षण इति । अथ किमन्योऽप्यस्ति यतो भावजीव इति विशेष्यते ? अस्तीत्याह । कतिविधं[1] इति **चेत्, उच्यते**-नामादिरिति[2], तृतीयार्थे। तसिं[3] सूत्रार्थं च कथयन्नाह -

**भा० एभिर्नामादिभिश्चतुर्भिरनुयोगद्वारैस्तेषां जीवादीनां तत्त्वानां न्यासो भवति। विस्तरेण लक्षणतो विधानतश्च अधिगमार्थं न्यासो निक्षेप इत्यर्थः ।**

**टी० एभिरित्यादि । एभिरिति** सूत्रोक्तैः, कैः ? **नामादिभिः** । नाम आदिर्येषां

છે ? એ પ્રમાણે શિષ્યાદિ વડે પ્રશ્ન પુછાયે છતે જીવાદિના નામાદિ ચાર ભેદોને જણાવવા માટે આગળનું સૂત્ર કહે છે.

સૂત્ર - **નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસઃ ॥ १-५ ॥**

**સૂત્રાર્થ :** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી તેનો (જીવાદિ અર્થોનો) ન્યાસ (નિક્ષેપ) થાય છે.

**પ્રેમપ્રભા :** અથવા આ સૂત્રના અવતરણ માટે અનુકૂળ એવી બીજી યુક્તિ આપતા કહે છે - **પ્રશ્ન :** આપ 'ઉપયોગ લક્ષણવાળા જીવ છે' એમ (૨-૮) સૂત્રમાં કહેવાના છો. તેમાં શું બધાં જ જીવો ઉપયોગ લક્ષણવાળા છે ? **જવાબ :** ના, ભાવ-જીવો જ ઉપયોગ રૂપ લક્ષણ (સ્વરૂપ)વાળા છે. **પ્રશ્ન :** શું બીજા પ્રકારના પણ જીવો છે ? જેથી તમે 'ભાવ-જીવ' એમ વિશેષથી (ભાવરૂપ વિશેષણપૂર્વક) જણાવો છો ? **ગ્રંથકાર જવાબ :** હા, જીવના બીજા પણ પ્રકારો છે. **પ્રશ્ન :** જીવના કેટલાં ભેદ છે ? **જવાબ :** આગળના સૂત્રમાં જણાવાતાં નામ આદિ ચાર ભેદો છે... આ રીતે સૂત્રની બીજી અવતરણિકા જાણવી.

હવે સૂત્રમાં કહેલ **ભાવતઃ** એમ **તસ્** પ્રત્યય તૃતીયા-વિભક્તિ અર્થમાં છે એમ જણાવતા તથા સૂત્રાર્થને કહેવા માટે ભાષ્યકાર આગળનાં ભાષ્યનું કથન કરે છે.

**ભાષ્ય : આ નામ વગેરે ચાર અનુયોગ દ્વારો વડે તે જીવાદિ તત્ત્વોનો ન્યાસ થાય છે. લક્ષણ વડે અને વિધાન (ભેદ) વડે વિસ્તારથી બોધ (અધિગમ) કરવા માટે ન્યાસ એટલે નિક્ષેપ કરાય છે.**

**પ્રેમપ્રભા : एभिः** - ઈત્યાદિ વચનો વડે ભાષ્યમાં 'નામ' આદિ ચાર અનુયોગદ્વારો વડે

१. ख.पू. । विधश्चेत्० मु. । २. सर्वप्रतिषु । नामेत्यादि० मु. । ३. पादिषु । तसिः- मु. ।

ते नामादयस्तैर्नामादिभिरिति, आदिशब्देन च नेयत्ता विवृतेत्यतश्चतुर्भिरित्याह । अत एव च विग्रहमपि न कृतवान्, चतुर्भिरित्यनेनैव समासाऽव्यक्ताभिधानस्य व्यक्तीकृतत्वादिति। **अनुयोगः** सकलगणिपिटकार्थोऽभिधीयते तस्य **द्वाराणि** तस्यार्थस्याधिगमोपाया इत्यर्थः । अतस्तैर्नामादिभिर्विरचना कार्या । विरचना च विरच्यमानविषयेत्यतस्तन्न्यास इत्याह । अस्य च विवरणं-**तेषां** इति अनन्तरसूत्रोक्तानाम् । तानेव स्पष्टयति-**जीवादीनां तत्त्वानां न्यासो भवति**-विरचना कार्येति । स किमर्थं न्यासः क्रियत इत्याह-**विस्तरेणे**त्यादि ।

---

જીવ વગેરે તત્ત્વોનો ન્યાસ થાય છે, એમ કહ્યું. ટીકામાં દરેક પદોનો અર્થ તેમજ યથાયોગ્ય સાર્થકતા જણાવતાં કહે છે કે, **एभिः** એટલે આ સૂત્રમાં કહેલાં... **પ્રશ્ન :** કોના વડે ? **જવાબ :** 'નામાદિ' વડે ન્યાસ થાય છે... 'નામ' છે આદિ-પ્રથમ જેમાં તે 'નામાદિ' કહેવાય (**नाम आदिर्येषां ते नामादयः ।**) અર્થાત્ તે નામ વગેરે વડે ન્યાસ થાય છે - આમાં **आदि** શબ્દથી બીજા કેટલાં લેવા તેની સંખ્યા ચોક્કસ કહેલી નથી આથી **चतुर्भिः** = 'ચાર વડે' એમ ભાષ્યમાં કહેલું છે. આથી જ, ચારની સંખ્યા જણાવવાથી સમાસનો વિગ્રહ પણ ભાષ્યકારે કરેલો નથી. કારણ કે, 'ચાર વડે' એમ કહેવાથી જ સમાસમાં જેનું અવ્યક્ત - અસ્પષ્ટ કથન છે, તે અભિવ્યક્ત/સ્પષ્ટ થઈ જાય છે...

**अनुयोगद्वारैः ।** અનુયોગ = એટલે સંપૂર્ણ ગણિપિટક એટલે કે બાર અંગ (દ્વાદશાંગી) નો અર્થ (વ્યાખ્યા)... તે અનુયોગના **'દ્વારો'** એટલે તે જીવાદિ અર્થોને જાણવાના ઉપાયો... આથી તે નામાદિ અનુયોગ દ્વારો વડે વિરચના (ન્યાસ) કરવા યોગ્ય છે, એમ સંબંધ છે. વિરચના (ન્યાસ) એ વિરચના (નિરૂપણ) કરાતાં અર્થ વિષયક હોય છે. અર્થાત્ જેની વિરચના કરાય તે વિરચનાના વિષયભૂત જીવાદિ પદાર્થ સંબંધી વિરચના હોય છે. આથી તેનો ન્યાસ કરાય છે, એમ કહેલું છે... આનું સ્પષ્ટ રૂપે વિવરણ આ પ્રમાણે છે - તે અનંતર-પૂર્વના સૂત્રમાં કહેલ જે જીવાદિ તત્ત્વો છે, તેઓનો ન્યાસ થાય છે અર્થાત્ જીવાદિ વિષયક વિરચના (નિક્ષેપ) કરવા યોગ્ય છે. (આમાં વિરચના, ન્યાસ, નિક્ષેપ એ એકાર્થક શબ્દો છે)

## ❋ જીવાદિ તત્ત્વોના નામાદિ-નિક્ષેપ કરવાનું પ્રયોજન ❋

**પ્રશ્ન :** તે ન્યાસ (વિરચના) શા માટે કરાય છે ? અર્થાત્ જીવાદિ તત્ત્વોનો નામાદિ અનુયોગ દ્વારો વડે જે ન્યાસ/વિરચના કરાય છે તે શા માટે કરાય છે ?

---

१. पू. । यत्ताऽवधृतेत्य० मु. । २. पादिषु । ना. मु. । ३. पादिषु । ना. मु. ।

पुरस्तात् त्विदमुक्तं 'तान् जीवादीन् विस्तरेण लक्षणतो विधानतश्चोपदेक्ष्याम' इति [१-४, भा०]। तेषु च लक्षणविधानेषु वक्ष्यमाणेषु सर्वत्रैषा नामादिका व्याख्याऽवतारणीया। किमर्थम् ? **अधिगमार्थं** प्रतिविशिष्टज्ञानोत्पत्त्यर्थमिति। कथं नाम लक्षणादिवाक्येषु सर्वत्रैवंविधा प्रतिपत्तिं कुर्यात् जिज्ञासुः ? 'उपयोगश्चतुर्भेदः, जीवश्च' इत्यादि। अतोऽधिगमार्थं न्यासः। **न्यास** इत्यस्य च प्रसिद्धतरेण शब्देन पर्यायेणार्थमाचष्टे-**निक्षेप इत्यर्थः**।

---

**જવાબ :** (i) લક્ષણ અને (ii) ભેદ વડે વિસ્તારથી બોધ કરવા માટે (જીવાદિ તત્ત્વોનો) 'ન્યાસ' કરાય છે. પૂર્વે ચોથા સૂત્રના ભાષ્યમાં કહેલું કે, **'તે જીવાદિ અર્થોને અમે (i) લક્ષણ વડે અને (ii) ભેદો વડે વિસ્તારથી આગળ કહીશું.'** અને તે લક્ષણ અને ભેદો આગળ જ્યારે કહેવાશે, ત્યારે તેમાં સર્વત્ર આ નામ, સ્થાપના આદિ વ્યાખ્યાનું (વ્યાખ્યાના દ્વારોનું) અવતરણ કરવું... **પ્રશ્ન :** શા માટે ? **જવાબ :** તેના જીવાદિ અર્થોના વિશિષ્ટ-ચોક્કસ બોધની ઉત્પત્તિ માટે નામાદિનો ન્યાસ કરવો... અર્થાત્ ચોક્કસ બોધ માટે તે જીવાદિ અર્થોની નામ વગેરે અનુયોગ દ્વારો વડે વિચારણા કરવી, એમ ભાવાર્થ છે...

**પ્રશ્ન :** જે જિજ્ઞાસુ વ્યક્તિ છે તે આગળ લક્ષણ આદિ જણાવનારા વાક્યોમાં સર્વ ઠેકાણે આવા પ્રકારની પ્રતીતિ/બોધ શી રીતે કરશે ?

**જવાબ :** તમારી આવી જિજ્ઞાસાને સંતોષવા માટે એક ઉદાહરણ જોઈએ - દા.ત. **उपयोगो लक्षणम्**। સૂત્રમાં ઉપયોગ એ જીવનું લક્ષણ છે = ઉપયોગ-લક્ષણવાળો જીવ છે, એમ કહેલું છે... ત્યાં **'उपयोगश्चतुर्भेदः, जीवश्च'** એ પ્રમાણે વ્યાખ્યાની કલ્પના કરવી... અર્થાત્ તે સૂત્રમાં જે બે અર્થો/પદાર્થો કહેલાં છે, તેનો નામાદિ વડે વિશિષ્ટ બોધ કરવા માટે ન્યાસ કરવો. જેમ કે, ઉપયોગ એ નામાદિ ચાર પ્રકારનો છે અને જીવ પણ નામ વગેરે ચાર ભેદવાળો છે.

**न्यासः निक्षेप इत्यर्थः**। અહીં 'ન્યાસ' શબ્દ ખાસ પ્રસિદ્ધ નથી આથી તેનો અર્થ વધારે પ્રસિદ્ધ એવા 'નિક્ષેપ' રૂપ પર્યાય-શબ્દથી કહેલો છે. હવે તે સૂત્રોક્ત નામાદિ નિક્ષેપાઓનું જે રીતે લક્ષ્યમાં અર્થાત્ જીવાદિ અર્થોમાં અવતર પણ થાય છે, તે પ્રમાણે ભાષ્યમાં કહે છે-

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં જીવાદિ અર્થમાં = લક્ષ્યમાં નામાદિ ભેદોને ઘટાવતાં કહે છે -

तन्नामादिचतुष्टयं यथा लक्ष्येऽवतरति तथा कथयति-**तद्यथा, नामजीव** इत्यादि ।

**भा० तद्यथा-नामजीवः स्थापनाजीवो द्रव्यजीवो भावजीव इति ।**

नामैव जीवो **नामजीवः**, योऽयं जीव इति ध्वनिः, अयं[1] यस्य कस्यचिद् वस्तुनो वाचकः स नामजीवोऽभिधीयते, वस्तुस्वरूपप्रतीतिहेतुत्वाच्च । वस्तुस्वरूपं शब्दः, तदनात्मकत्वे[2] वस्तुव्यवहारविच्छेदः, तदात्मकत्वाच्च स्तुतौ रागः स्तुत्यस्य, द्वेषश्च निन्दायां द्वेष्यस्य ।

---

**तद्यथा नामजीवः०** ઈત્યાદિ. તે ઘટના આ પ્રમાણે થાય છે -

**ભાષ્ય : તે નિક્ષેપો આ પ્રમાણે થાય છે - (૧) નામ-જીવ (૨) સ્થાપના-જીવ (૩) દ્રવ્ય-જીવ અને (૪) ભાવ-જીવ.**

**(૧) નામજીવ** - નામ એ જ જીવ તે (**नाम एव जीवः इति**) 'નામ-જીવ' જે આ 'જીવ' એવો શબ્દ છે, તે જે કોઈપણ વસ્તુનો વાચક હોય તો તે વસ્તુ **'નામ જીવ'** કહેવાય. વળી 'જીવ' એવું નામ જેનું રાખ્યું હોય, તે વસ્તુના સ્વરૂપનો બોધ કરવામાં 'જીવ' એનો શબ્દ કારણભૂત હોવાથી શબ્દ પોતે (પોતાનાથી કહેવા યોગ્ય = બોધ કરાવવા યોગ્ય) વસ્તુનું એક પ્રકારનું સ્વરૂપ જ છે.

### ❋ 'શબ્દ' (નામ) એ પણ વસ્તુનો ધર્મ (પર્યાય) છે ❋

**પૂર્વપક્ષ :** વસ્તુ અને શબ્દ એ બન્ને ય તદન જુદાં જણાય છે... આથી શબ્દ એ સ્વ-બોધ્ય વસ્તુના સ્વરૂપે શી રીતે હોઈ શકે ?

**ઉત્તરપક્ષ :** જો શબ્દને તેનાથી કહેવાતી (વાચ્ય) એવી વસ્તુ સ્વરૂપે નહિ માનો, તો શબ્દ દ્વારા વસ્તુનો જે વ્યવહાર (કથન) થાય છે, તેનો વિચ્છેદ થઈ જાય. માટે શબ્દને તેનાથી કહેવાતી (વાચ્ય) વસ્તુ રૂપે માનવો જોઈએ.

**ચંદ્રપ્રભા :** દા.ત. 'ઘટ લાવો' (**घटं आनय**) એમ બોલાય છે ત્યારે સામા વ્યક્તિને ઘડાનો બોધ થાય છે અને પછી તે ઘડો લાવવાનો જ વ્યવહાર કરે છે, પણ 'પટ'નો બોધ કે વ્યવહાર કરતો નથી. કારણ કે 'ઘટ' એવા શબ્દથી ઘડાનું જ કથન થાય છે, પટનું નહીં. આમ વાચક એવા 'ઘટ' શબ્દને ઘડા રૂપી વાચ્ય = વસ્તુ સાથે કોઈક સંબંધ છે અને તે કથંચિત્ અભેદ = તદાત્મક રૂપે છે... આવો સંબંધ સ્તુતિ અને નિંદાના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરાય છે.

**પ્રેમપ્રભા :** શબ્દ એ કથંચિત્ વાચ્ય વસ્તુ સ્વરૂપે હોવાથી અર્થાત્ તત્સ્વરૂપ હોવાથી જ જ્યારે કોઈની સ્તુતિ (પ્રશંસા) કરાય છે ત્યારે તે સ્તુત્ય વ્યક્તિને રાગ-હર્ષ થાય છે

---

१. पादिषु । अयं च० मु. अधिकः । २. ख. पू. । तदनर्थात्मकत्वे० मु. ।

स्थापनापि वस्त्वात्मा[1], तां दर्शयति-**स्थापनाजीवो** नाम जीवाकारो[2] प्रतिकृतिः सद्भावे, अन्यथाऽसद्भावे, तन्निमित्तकश्रेयोभ्युपगमात्, गन्धपुष्पादिनिमित्तार्थत्यागश्च, [3]तद्वद्भक्तिप्रवृत्तेः,

---

અને કોઈની નિંદા/દ્વેષ કરાય ત્યારે દ્વેષનો વિષય બનેલ (જેના ઉપર દ્વેષ કરાય છે તે) વ્યક્તિને દ્વેષ/દુઃખ ઉત્પન્ન થાય છે. કહેવાનો **ભાવાર્થ** એ છે કે, જો શબ્દ અને તેના અર્થ (વાચ્ય) = એ બે તદાત્મક = અભેદ રૂપે ન હોય, તો શાબ્દિક સ્તુતિ કરાયે છતે, તેના વિષય રૂપ સ્તુત્ય માણસને સ્તુતિ સાથે કંઈ લેવા દેવા ન હોવાથી રાગ/હર્ષ થવો ઘટશે નહીં. તથા નિંદા કરાય ત્યારે પણ તે નિંદાત્મક શબ્દો અને નિંદ્ય-દ્વેષ્ય વ્યક્તિ સાવ જુદાં જ હોવાથી તેને દ્વેષ પણ શું કામ થાય ? પણ રાગ-દ્વેષ થાય છે તે હકીકત છે. આથી શબ્દ અને તેના વાચ્ય-અર્થ વચ્ચે કથંચિત્ તદાત્મક-અભેદ સંબંધ હોવાથી જ અનુકૂળ શબ્દોચ્ચારથી હર્ષ અને પ્રતિકૂળ શબ્દોચ્ચારથી દ્વેષ થવો ઘટતો હોયને ઉક્ત હર્ષ-દ્વેષ દ્વારા જણાય છે, નિશ્ચય થાય છે કે, શબ્દ અને તેનાથી કહેવાતી વસ્તુ વચ્ચે/કથંચિત્ તદાત્મક - સંબંધ છે. અને આથી જે વસ્તુનું 'જીવ' વગેરે ('જીવાભાઈ' એમ) નામ રાખવામાં (સ્થાપવામાં) આવે ત્યારે વસ્તુ અને શબ્દ એ બન્ને વચ્ચે વાચ્ય-વાચક સંબંધ નક્કી થવાથી વસ્તુનો 'જીવ' વગેરે શબ્દથી બોધ થાય તે સહજ છે...

હવે (૨) સ્થાપના પણ જેની સ્થાપના કરાય છે તે વસ્તુ-સ્વરૂપ છે, તદાત્મક છે, એમ જણાવતાં ભાષ્યકાર કહે છે -

(૨) **સ્થાપના-જીવ :** જીવના આકારવાળી જે પ્રતિકૃતિ = પ્રતિમા, છબી વગેરે હોય તે સ્થાપના જીવ કહેવાય. આ સ્થાપના-જીવ બે પ્રકારે છે (૧) સદ્ભાવ સ્થાપના અને (૨) અસદ્ભાવ-સ્થાપના. તેમાં, **(i) સદ્ભાવ-સ્થાપના :** આ જીવની પ્રતિમા વગેરે પ્રતિકૃતિમાં જો જીવના આકારનો સદ્ભાવ હોય તો સદ્ભાવ **સ્થાપના-જીવ** કહેવાય અને **(ii) અસદ્ભાવ-સ્થાપના :** જો તે પ્રતિકૃતિમાં જીવનો આકાર ન હોય તો **અસદ્ભાવ** સ્થાપના - જીવ કહેવાય.

### ❋ 'સ્થાપના' પણ વસ્તુનું સ્વરૂપ (પર્યાય) છે ❋

અહીં જીવાદિ વસ્તુની સ્થાપના પણ વસ્તુ-સ્વરૂપ જ હોવાના કેટલાંક પુરાવા આપતાં ટીકામાં કહે છે, (i) આ પ્રતિમાદિ - પ્રતિકૃતિ રૂપે સ્થાપેલ (ઈષ્ટ દેવ - પરમાત્મા વગેરે) જીવાદિ અર્થ પણ વાસ્તવિક ભાવજીવ રૂપે છે અને આથી તે પરમાત્માદિ ઈષ્ટદેવની ઉપાસનાદિ કરવાથી આલંબનીય તે પ્રતિમાદિ નિમિત્તે શ્રેય / કલ્યાણ માનેલું છે. (અર્થાત્

---

१. पादिषु । त्वात्मतां० मु. । २. सर्वप्रतिषु । कारः प्रतिकृतिस० मु. । ३. ख. पू. । तद्भक्तिं० मु. ।

कुम्भवदाकारोऽर्थो वस्तुत्वात् । तथा *"जावंति चेइयाइं ति"* । **द्रव्यजीवो** नाम, योऽयमस्मिन् शरीरक आत्मा स यदा भावैर्ज्ञानादिभिर्वियुतो विवक्ष्यते स **द्रव्यजीवः** अनागतराजत्व-राजपुत्रसेवनं हि दृष्टम्, तत्र द्रव्यत्वात् शिलातलाद्युज्झितातीतयतिशरीरनमस्करणं च ।

---

જેમ સાક્ષાત્ ઈષ્ટદેવતાથી શ્રેયઃ થાય છે, તેમ પ્રતિમાદિ રૂપ સ્થાપના-સ્વરૂપ ઈષ્ટદેવતાથી-પરમાત્માથી પણ શ્રેયઃ થાય જ છે...) (ii) બીજું કે તે પ્રતિમાદિ પ્રતિકૃતિ રૂપ સ્થાપના જીવ પણ વાસ્તવિક જેવો જ હોવાથી પરમાત્માની પ્રતિમાદિની ગંધ વડે (ધૂપ) પૂજા, પુષ્પપૂજા વગેરે હેતુથી ધનનો વ્યય પણ કરાતો જોવાય છે. કેમ કે, તેમ કરવાથી જેઓની પ્રતિમાદિ છે, તે સાક્ષાત્ પરમાત્માની ભક્તિ કરાયેલી થાય છે. (iii) તથા વસ્તુનો આકાર પણ અર્થ છે = સાચાં પદાર્થ રૂપ છે, કુંભની જેમ. અર્થાત્ જેમ કુંભનો આકાર એ વાસ્તવિક કુંભ સ્વરૂપ છે, તેમ વસ્તુની દોરેલી-સ્થાપેલી આકૃતિ/આકાર પણ સાચી વસ્તુ છે, કેમ કે, તે આકાર વસ્તુ સ્વરૂપે છે. (iv) તથા વસ્તુની સ્થાપના એ વસ્તુ સરખી હોવાથી જ '**जावंति चेइआइ**' એવા સૂત્ર વડે જિનેશ્વર દેવના ચૈત્યને = પ્રતિમાને કરેલી વંદના સાર્થક છે.

**ચંદ્રપ્રભા :** સમસ્ત સૂત્ર આ પ્રમાણે છે - **जावंति चेइआइं उड्ढे अ अहे अ तिरि य लोए य । सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ सूत्रार्थ :** જેટલાં પણ ચૈત્યો = જિન પ્રતિમાઓ ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં છે, તે સર્વને અહીં રહેલો (હું) ત્યાં રહેલાંને (ચૈત્યોને) વંદન કરું છું.

### ❋ 'દ્રવ્ય' શબ્દના અનેક અર્થો ❋

**પ્રેમપ્રભા :** (૩) **દ્રવ્યજીવ**[A] : આ શરીરમાં રહેલો જે આ આત્મા છે, તે જયારે જ્ઞાનાદિ ભાવોથી વિયુક્ત = રહિત હોવાની વિવક્ષા કરાય, ત્યારે તે **દ્રવ્યજીવ** કહેવાય છે. જેમ જે હજી રાજા બન્યો નથી (અર્થાત્ રાજ્ય-સત્તા પ્રાપ્ત થઈ નથી), પણ ભવિષ્યમાં રાજા બનવાનો છે એવા રાજપુત્ર પ્રત્યે પણ (ભાવિ રાજાની કલ્પના વડે) રાજા જેવો વ્યવહાર (સેવાદિ) કરાતો દેખાય છે...કારણ કે, તેમાં રાજા બનવાની અપેક્ષાએ દ્રવ્યપણું છે, અર્થાત્ યોગ્યતા છે... આથી તે દ્રવ્ય-રાજા કહેવાય છે. (માટીના પિંડમાં ઘડો બનવાની યોગ્યતા અથવા કારણતા હોવાથી તેને દ્રવ્ય-ઘડો કહેવાય છે, તેમ અહીં સમજવું.)

એ જ પ્રમાણે વસ્તુની ભાવ-રૂપતા (ભાવત્મકતા) નષ્ટ થઈ હોય ત્યારે પણ તેને

उपयोगक्रिययोरपि ज्ञेयो, येषामर्थानां न च तदुपयोगे वर्तते स तेन भावेनाभावादतीतानागत-तद्भावापेक्षया तद्भावाप्रवृत्तोऽपि स एवासावध्यवसीयते सुसचित्रकरघृतकुम्भादिवत्, तथा

---

દ્રવ્ય-રૂપે કહેવાય છે. જેમ કે, સિદ્ધ-શિલાતલ આદિ ક્ષેત્રમાં/પ્રદેશમાં ત્યજાયેલ - છોડી દેવાયેલ અતીત = ભૂતકાલીન અર્થાત્ હાલમાં જેઓ મૃત્યુ પામેલ છે, એવા સાધુના શરીરને (કલેવરને) સાધુ માનીને નમસ્કાર કરાય છે, તે સાધુનું શરીર પણ દ્રવ્ય-સાધુ કહેવાય...

**ચંદ્રપ્રભા :** ઘડો પણ ફૂટી જાય ત્યારે તેના ઠીકરા વગેરેને દ્રવ્ય-ઘડો કહેવાય છે. આ જ અપેક્ષાએ સિદ્ધ બનેલાં તીર્થંકર/અરિહંત પરમાત્મા પણ દ્રવ્ય - તીર્થંકર કહેવાય છે. ટૂંકમાં વસ્તુની જે ભૂતકાલીન અવસ્થા છે, તેના વડે પણ વસ્તુ દ્રવ્યથી તે રૂપે કહેવાય છે. દા.ત. ભાવિ વડાપ્રધાન અથવા ભૂતપૂર્વ વડાપ્રધાન બન્ને ય દ્રવ્ય વડાપ્રધાન કહેવાય.

**પ્રેમપ્રભા :** વળી દ્રવ્ય શબ્દ **'ઉપયોગ'** અને **'ક્રિયા'** અર્થમાં પણ જાણવો... જે વસ્તુનું અસ્તિત્વ છે પણ તે વસ્તુ ઉપયોગમાં આવતી નથી, તે વસ્તુ વર્તમાનકાળે તે ભાવરૂપે નથી. (અર્થાત્ ઘડો છે, પણ તે હાલ ખાલી હોવાથી પાણી ભરવાના ઉપયોગમાં આવતો નથી.) અર્થાત્ તે વસ્તુ પોતાની અર્થક્રિયામાં (મુખ્ય ક્રિયામાં) પ્રવર્તતી નથી = ઉપયોગી બનતી નથી (વપરાશમાં નથી), પણ ભૂતકાળમાં પોતાની અર્થક્રિયામાં પ્રવર્તતી હતી = ઉપયોગી બનતી હતી, અથવા ભવિષ્યમાં ઉપયોગી બનશે, પોતાની મુખ્ય ક્રિયામાં પ્રવર્તશે, તો તેની અપેક્ષાએ તે ઘટાદિ વસ્તુમાં અર્થક્રિયાની અપ્રવૃત્તિ હોવા છતાં પણ દ્રવ્યથી તે જ રૂપે (ઘટ વગેરે રૂપે જ) વ્યવહાર કરાય છે. દા.ત. (૧) જે ચિત્રને બનાવે, દોરે, તેમાં કુશળ હોય તે **ચિત્રકાર** કહેવાય છે. કારણ કે ચિત્ર બનાવવાની ક્રિયાને લઈને તે 'ચિત્રકાર' (સંસ્કૃતમાં 'ચિત્રકર') કહેવાય છે. આથી 'ચિત્ર બનાવવું' તે ચિત્રકારનો 'ભાવ' = મુખ્ય અર્થક્રિયા કહેવાય. આમ છતાં આ ચિત્રકાર જ્યારે સૂતો હોવાથી ચિત્ર દોરવાની ક્રિયા અથવા તેમાં ઉપયોગ અટકી ગયો હોય છે ત્યારે **દ્રવ્યથી ચિત્રકાર** કહેવાય છે, કેમ કે ભૂતકાળમાં ચિત્રમાં ઉપયોગવાળો હતો અથવા ચિત્ર દોરવાની ક્રિયા કરી છે, અથવા ભવિષ્યમાં ચિત્રમાં ઉપયોગવાળો થશે અથવા ચિત્ર દોરવાનો છે, એ અપેક્ષાએ તેને (દ્રવ્યથી/વ્યવહારથી) ચિત્રકાર કહેવાય... (૨) તથા 'ઘી' ભરવાનો ઘડો વર્તમાનમાં ખાલી હોય ત્યારે ઉપયોગમાં ન હોવા છતાં ય ભૂતકાળમાં થયેલાં અને ભવિષ્યમાં થનારા ઉપયોગની અપેક્ષાએ તે ઘડો ઘૃત-ઘટ = ઘીનો ઘડો જ કહેવાય છે...

च *"जं होहिसि तित्थयरो"* *"वंदामि जिणे चउव्वीसं"* इत्यादि । एष एव हि तैर्ज्ञानादिभिर्युक्त आश्रीयमाणो **भावजीव** इति भावः, प्रमत्तदोषमर्षणादेः, तथा -

"[1]**अन्नत्थ वंजणे निवडियंमि जो खलु मणोगओ भावो ।**
**तत्थ उ मणं पमाणं न पमाणं वंजणच्छलणा ॥**" [ **विशेषाव० २५४५** ] इत्यादि।

---

આથી **जं होहिसि तित्थयरो** (જે તીર્થંકરો ભવિષ્યમાં થશે...) એવા વચનથી ભાવી તીર્થંકરોને વંદના કરી છે. અને '**वंदामि जिणे चउव्वीसं**' (ચોવીસ જિનેશ્વર દેવોને નમસ્કાર કરું છું.)

**ચંદ્રપ્રભા : ण वि ते पारिवज्जं वंदामि अहं इमं च ते जम्मं । जं होहिस तित्थयरो, अपच्छिमो तेण वंदामि ॥ [ આવ.નિર્યુ૦ શ્લો. ૪૨૮ ] અર્થ :** તમારા આ પરિવ્રાજકપણાને કે આ જન્મને વંદન કરતો નથી, પણ છેલ્લા તીર્થંકર થશો તેથી વંદન કરુ છુ.

**एवमहं आलोइअ निंदिअ गरहिअ दुगंछिअं सम्मं । तिविहेण पडिक्कंतो वंदामि जिणे चउव्वीसं ॥ वंदित्तु-सूत्र०** ગા૦ ૫૦. **શબ્દાર્થ :** આ પ્રમાણે (મારા અપરાધોની) આલોચના (પ્રકાશન) કરી, તેની આત્મસાક્ષીએ નિંદા કરી પર-સાક્ષીએ ગર્હા કરી, જુગુપ્સા કરીને સમ્યગ્ રીતે મન, વચન, કાયા એ ત્રણેય પ્રકારે પ્રતિક્રાંત થયેલો (પાછો ફરેલો) ચોવીસ જિનેશ્વરોને વંદન કરું છું. એવા વચનથી ભૂતકાલીન પણ ભાવ-તીર્થંકરોને વંદના કરી છે. કેમ કે, વર્તમાનમાં ભલે તેઓ અષ્ટ-પ્રાતિહાર્યથી પૂજાવું, તીર્થસ્થાપન, દેશનાદિ પ્રવૃત્તિમાં (પોતાની અર્થક્રિયામાં) પ્રવર્તતાં ન હોય પણ અતીત તેવી અવસ્થાની અપેક્ષાએ તેઓ વર્તમાનમાં પણ દ્રવ્યથી તીર્થંકર કહેવાય છે. કેમ કે તેઓના, આત્માઓએ ભૂતકાળમાં તીર્થંકરપણાની અનુભૂતિ કરેલી છે.

**પ્રેમપ્રભા : (૪) ભાવ-જીવ :** વળી આ જ જીવ જયારે તેઓ વડે જ્ઞાનાદિ ગુણોથી યુક્ત તરીકે સ્વીકારાય/જણાય, ત્યારે **ભાવ-જીવ** કહેવાય એમ ભાવ છે. કારણ કે ત્યારે જીવના પ્રમાદ વગેરે દોષ હોવા છતાં વિવક્ષા કરાતી નથી, ઉપેક્ષા કરાય છે. જેમ કે, (**આગમમાં** કહ્યું છે કે,) **अन्नत्थवंजणे०**

**ભાવાર્થ :** મનના ભાવ કરતાં વ્યંજન/શબ્દનું અન્ય વિષયક ઉચ્ચારણ કરાયુ હોય ત્યારે મનોગત ભાવ પ્રમાણ છે. અર્થાત્ પચ્ચક્ખાણ કરનાર વ્યક્તિ મનમાં ધારેલ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) સંબંધ અનેક સૂક્ષ્મ-વિવક્ષાથી યુક્ત જે મનોગત ભાવને સ્પર્શ્યો હોય અર્થાત્ મનમાં જે પચ્ચક્ખાણ નિશ્ચિત કરેલું હોય તે પ્રમાણ છે. આમ જીવનો પચ્ચક્ખાણ-

---

१. पादिषु । पू. मध्ये गाथेयं संपूर्णा नास्ति ।

अत्र चाद्या नामादयस्त्रयो विकल्पाः द्रव्यास्तिकस्य, तथा तथा सर्वार्थत्वात्, पाश्चात्यः पर्यायनयस्य, तथापरिणतिविज्ञानाभ्यामिति । अथवाऽस्मिन्नेव शरीरे य आत्मा तत्रैते[1] नामादयश्चत्वारो नियुज्यन्ते, योऽयमस्मिन्नात्मनि जीव इति ध्वनिः प्रवर्तते एष नामजीवः, तस्यैव यथाकारो[2] हस्ताद्यवयवसन्निवेशादिः स स्थापनाजीवस्तदेकत्व[3]परिणामात्, तस्यैव जन्तोः सकलगुणकलापरहितत्वविवक्षा बौद्धव्यवहारानुसारिणी द्रव्यजीवः, स एव ज्ञानादिगुण-

વિષયક મનોગત ભાવ પ્રમાણ છે, પણ ઉચ્ચરિત શબ્દ (વ્યંજન)ની છલના એ પ્રમાણ રૂપ નથી. કારણ કે તે ભાવને નહીં અનુસરવાથી તે શબ્દ છળમાત્ર છે, કપટ રૂપ છે. દા.ત. કોઈ જીવ તિવિહારાદિનું પચ્ચક્ખાણ કરવાનો મનમાં ભાવ રાખીને (નિશ્ચય કરીને) ચોવિહારના પચ્ચક્ખાણનું ઉચ્ચારણ કરે તો પણ તેને મનમાં ધારેલું તિવિહારના પચ્ચક્ખાણ જ પ્રમાણભૂત ગણાય. કારણ કે મનમાં તિવિહારના પચ્ચક્ખાણનો ભાવ હતો. જૈનશાસનમાં ભાવની જ મુખ્યતા છે. (અહીં મૂળમાં આપેલ શ્લોક અને વિશેષાવ૦ ભાષ્યમાં આપેલ ગાથામાં ઉત્તરાર્ધમાં તફાવત છે **नं खलु पच्चक्खाणं, न पमाणं वंजणं छलणा ॥२५४५॥** એમ વિશેષાવ૦ ભા૦માં ઉત્તરાર્ધ છે. છતાં ભાવાર્થમાં ખાસ તફાવત પડતો નથી એમ જાણવુ.)

આ નામાદિ ચાર નિક્ષેપાઓમાં પહેલાં ત્રણ વિકલ્પો/ભેદો (નામ, સ્થાપના, દ્રવ્ય) દ્રવ્યાસ્તિક-નયને સંમત છે. કારણ કે તે તે પ્રકારે (દ્રવ્યરૂપે) ઉક્ત સર્વ પદાર્થો રહેલા છે. છેલ્લો 'ભાવ' નિક્ષેપ પર્યાય-નયને ઇષ્ટ છે. કારણ કે ભાવની જ તથાવિધ પર્યાય રૂપે પરિણતિ અને જ્ઞાન થાય છે.

### ❋ જીવમાં નામાદિ ચાર નિક્ષેપાઓની વિચારણા ❋

**પ્રેમપ્રભા :** અથવા આ જ શરીરમાં જે આત્મા છે તેમાં જ આ નામ, સ્થાપના વગેરે ચાર નિક્ષેપો ઘટાવાય છે, યોજાય છે. તે આ રીતે - (૧) જે આ આત્માને વિષે 'જીવ' એવો (અક્ષરાત્મક) શબ્દ છે, તે **નામ-જીવ** છે. તથા (૨) તે જ આત્માનો પોતપોતાના આકાર મુજબ જે હાથ વગેરે અવયવોની વિશિષ્ટ રચના રૂપ આકાર છે, તે **સ્થાપના-જીવ** છે. કારણ કે જીવ સાથે તેના આકારનો એક અભિન્ન રૂપ પરિણામ (અવસ્થા) છે તથા (૩) તે જ જીવની બુદ્ધિના વ્યવહારને અનુસરનારી અર્થાત્ બૌદ્ધિક કલ્પનાથી જે સર્વગુણના સમૂહથી રહિત તરીકે વિવક્ષા કરાય ત્યારે તે **દ્રવ્ય-જીવ** કહેવાય... વળી (૪) તે જ જીવની જ્યારે જ્ઞાન વગેરે ગુણની પરિણતિ વાળા તરીકે વિવક્ષા કરાય, ત્યારે **ભાવ-**

१. पू. । त्रैव ते० मु. । २. पादिषु । यथाका० पू. । ३. पू. । तदेकप० मु. ।

परिणतिभाक्त्वेन विवक्षितो भावजीव इति । एतत् कथयति-नामजीव इत्यादिना ।

सम्प्रति नामस्थापनाद्रव्यभावानां जीवविशेषणतयोपात्तानां स्वार्थं लक्ष्ये प्रदर्शयन्नाह- **नाम संज्ञाकर्म इत्यनर्थान्तरमित्यादिना** ।

**भा० नाम संज्ञाकर्म इत्यनर्थान्तरम् । चेतनावतोऽचेतनस्य वा द्रव्यस्य जीव इति नाम क्रियते स नामजीवः ।**

नामेति किमुक्तं भवति ? **उच्यते**-संज्ञाकर्मेत्यनर्थान्तरम्, संज्ञायाः क्रिया संज्ञाक्रिया, संज्ञाकर्म नामकरणं इत्यर्थः, अनेन ध्वनिना वस्त्विदं प्रतिपाद्यत इति यावत् । तत् पुनः प्रतिपाद्यं वस्तु तस्य ध्वनेर्वाच्येनार्थेन युक्तं भवतु मा वा भूदित्येतत् कथयति-**चेतनावत**

---

જીવ કહેવાય. આ વાત ભાષ્યમા 'નામજીવ' વગેરે દ્વારા (ચાર નિક્ષેપાનું) કથન કરેલું છે.

હવે જીવના વિશેષણ તરીકે ગ્રહણ કરેલાં જે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાઓ છે તેનો જે સ્વાર્થ એટલે કે પોતાનો અભિધેય/અર્થ છે તેને લક્ષ્યમાં = જીવ રૂપ વિશેષ્યમાં ઘટાવતાં ભાષ્યકાર કહે છે -

**ભાષ્ય : નામ, સંજ્ઞા-કર્મ (સંજ્ઞા-ક્રિયા) એ સમાનાર્થી (અનર્થાન્તર) શબ્દો છે. (૧) ચેતનાવાળા અને અચેતન દ્રવ્યનું 'જીવ' એ પ્રમાણે નામ કરાય, તે નામ-જીવ કહેવાય.**

**પ્રેમપ્રભા :** 'નામ' શબ્દનો પર્યાય જણાવતાં ભાષ્યમાં કહે છે, નામ અને સંજ્ઞા-કર્મ એ અનર્થાન્તર છે, અર્થાત્ અર્થાન્તર = જુદાં અર્થવાળા નથી, પણ સમાન-અર્થવાળા શબ્દો છે.

**પ્રશ્નો :** 'નામ' શબ્દથી શું કહેવા માગો છો ? એનો ભાવાર્થ શું છે ?

**જવાબ :** નામ, સંજ્ઞા-કર્મ એ સમાનાર્થી (અનર્થાન્તર) શબ્દો છે સંજ્ઞા-કર્મ એટલે સંજ્ઞાની (નામ સ્થાપવાની) ક્રિયા તે 'સંજ્ઞાકર્મ' કહેવાય અર્થાત્ નામકરણ, નામ પાડવું... આ અમુક શબ્દ વડે આ વસ્તુ કહેવાય છે, જણાવાય છે એમ જે નક્કી કરવું, સ્થાપિત કરવું તે સંજ્ઞાકર્મ (નામકરણ) કહેવાય...

**પ્રશ્ન :** હવે વસ્તુનું નામ રખાય છે, તે વસ્તુ શું તે ધ્વનિના (શબ્દના) વાચ્ય એવા અર્થથી યુક્ત હોય છે કે નથી હોતી ? અર્થાત્ નામ રૂપ ધ્વનિનો પોતાના વાચ્ય-અર્થ (રૂઢિ અર્થ) એ જેનું નામ રખાય છે, તે વસ્તુમાં ભળે છે કે નહીં ?

इत्यादिना । **चेतना** ज्ञानं सा यस्यास्ति तच्चेतनावत्, तद्विपरीतमचेतनम्। **द्रव्यस्येति** प्रदर्शनमिदं, गुणक्रिययोरपि नामादि चतुष्टयप्रवृत्तेः । अथवा द्रव्यस्य प्राधान्यमाविष्करोति, यतस्तदेव द्रव्यं गुणक्रियाऽऽकारेण वर्तते, कोऽन्यो गुणः क्रिया वा द्रव्यमन्तरेण ? वर्णकविरचनामात्रक्रमप्राप्तनानात्वनटवद् द्रव्यमेव तथा तथा विवर्तते अतो न स्तः केचिद् गुणक्रिये द्रव्यास्तिकनयावलम्बने सतीति । अतस्तस्य द्रव्यस्य[१] कस्यचित् **नाम क्रियते** व्यवहारार्थं संज्ञा-संकेतः क्रियते । कीदृगित्यत आह-**जीव इति** । इतिना स्वरूपे जीवशब्दः

**ચંદ્રપ્રભા :** દા.ત. કોઈ પુરુષનું નામ 'જીવાભાઈ' રખાય ત્યારે તો તેમાં પ્રાણને ધારણ કરવું, અથવા ચેતનાવાળાપણું રૂપ 'જીવ' શબ્દનો વાચ્ય ખરો અર્થ ઘટે છે.... પણ કોઈ ઉપાશ્રય વગેરે મકાનનું 'જીવાભાઈ' નામ રખાય ત્યારે તો તે ઉપાશ્રય-મકાન અચેતન હોવાથી તેમાં 'જીવ' શબ્દનો અર્થ ઘટતો નથી. માટે અહીં શું તાત્પર્ય છે ? આનો જવાબ ભાષ્યમાં આપતાં કહે છે-

**પ્રેમપ્રભા : જવાબ :** ચેતન (ચેતનાયુક્ત) અથવા અચેતન એટલે અજીવ, જડ એવા દ્રવ્યનું 'જીવ' એવું જે નામ રખાય તે **'નામ-જીવ'** કહેવાય, એમ સમસ્ત **અર્થ** છે... ટીકાથી તેના દરેક અંશોનો અર્થ જોઈએ - ચેતના = એટલે જ્ઞાન, તે જેમાં હોય તે ચેતનાવાળું (ચેતનાવત્) કહેવાય... તેનાથી વિપરીત એટલે કે, ચેતનાથી રહિત હોય તેને 'અચેતન' કહેવાય. આવા ચેતન કે અચેતન એવા **द्रव्यस्य** = દ્રવ્યનું... આ દ્રવ્યનું ગ્રહણ તો પ્રદર્શન માત્ર છે, બતાવવા પૂરતું (ઉપલક્ષણ) છે, બાકી ગુણ અને ક્રિયા (કર્મ)ના પણ નામાદિ નિક્ષેપાઓ થાય છે, પ્રવર્તે છે. અથવા 'દ્રવ્ય'નું ગ્રહણ દ્રવ્યની પ્રધાનતા પ્રગટ કરે છે, કારણ કે, તે દ્રવ્ય જ ગુણ અને ક્રિયા રૂપે વર્તે છે, દ્રવ્ય સિવાય, દ્રવ્યથી અન્ય ગુણ કે ક્રિયા શું છે ? અર્થાત્ દ્રવ્ય ન હોય તો ગુણ શું અને ક્રિયા શું ? દ્રવ્ય વિના ગુણ-ક્રિયાનું સ્વતંત્ર અસ્તિત્વ હોવું સંભવતું નથી... જેમ કોઈ નટ એ જુદા જુદા વેષની રચના માત્રના ક્રમથી જુદા જુદા વિભિન્ન રૂપને પ્રાપ્ત કરે છે, તેમ દ્રવ્ય જ તે તે (ગુણ-ક્રિયાદિ) વિભિન્નરૂપે પરિવર્તન પામે છે. આથી 'દ્રવ્યાસ્તિક-નય'નું આલંબન કરવામાં ગુણ-ક્રિયા જેવી કોઈ વસ્તુ નથી. આથી દ્રવ્યની જ પ્રધાનતા હોવાથી કહ્યું છે કે, તે કોઈ દ્રવ્યનું 'જીવ' એ પ્રમાણે **नाम क्रियते** નામ કરાય છે એટલે કે વ્યવહાર માટે સંજ્ઞાનો સંકેત કરાય છે. અર્થાત્ આ નામથી આ વસ્તુનો બોધ કરવો, ઓળખવી, એમ સંકેત કરાય એટલે કે શબ્દમાં તેવી શક્તિ/સંબંધ સ્થાપિત કરાય છે...

**પ્રશ્ન :** કેવો સંકેત કરાય ? (તે કહે છે)

**જવાબ : जीव इति** 'જીવ' એ પ્રમાણે સંકેત કરાય તે 'નામજીવ' કહેવાય. **इति**[A] શબ્દ

१. द्रव्यस्य यस्य० मु. अधिकः ।

स्थाप्यते, जीव इत्ययं ध्वनिः, न त्वेतद्वाच्यार्थो नामतया नियुज्यते। **स नामजीव** इति। स इत्यनेन तत्र चेतनावत्यचेतने वा यदृच्छया यो जीवशब्दो नियुक्तस्तं व्यपदिशति, स शब्दो नामजीव इति । **एतदुक्तं भवति**-स एव शब्दो जीव इत्युच्यते तद्वस्तूपाधिक इति, *'अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेया इति'* न्यायात् ।

संप्रति स्थापनाजीवं कथयति-**यः काष्ठपुस्त** इत्यादिना ।

**भा० यः काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते जीव इति स स्थापनाजीवो**

---

વડે **'जीव'** શબ્દ 'સ્વરૂપ' અર્થમાં સ્થપાય છે... આથી **जीव** એવો જે શબ્દ/ધ્વનિ છે, તે નામજીવ છે, પણ 'જીવ' શબ્દથી તેનો જે વાચ્યરૂપ અર્થ = પ્રાણોને ધારણ કરનાર = ચેતનાવાળાપણું છે, એવા અર્થનો (પદાર્થનો) 'નામ' તરીકે સંબંધ કરાતો નથી... **स नामजीवः** । જે દ્રવ્યનું 'જીવ' એ પ્રમાણે શબ્દરૂપ નામ કરાય 'તે નામજીવ' કહેવાય... **स** (તે) શબ્દથી તે ચેતનાવાળી અથવા અચેતન = ચેતના વિનાના એવા જે દ્રવ્યમાં (પદાર્થમાં, વસ્તુમાં) સ્વેચ્છા મુજબ એટલે કે તે શબ્દના સાચાં-વાસ્તવિક રૂઢ અર્થની અપેક્ષા વિના જે **'जीव'** શબ્દ નક્કી કરાયો છે, તેને જણાવે છે. તે શબ્દ નામ-જીવ કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** કારણ કે આવું 'જીવાભાઈ' નામ તો અચેતન એવા ઉપાશ્રય વગેરે મકાનનું કે તેમાં રહેલાં 'હોલ'નું પણ રાખી શકાય. 'યદચ્છા' શબ્દથી જેમ 'ઇન્દ્ર' વગેરે નામ રખાય, તેની જેમ બીજો પ્રકાર બતાવે છે કે, જે નામનો બીજો કોઈ અર્થ ન હોય, તેવા 'ડિત્થ' 'ડવિત્થ' વગેરે નામો પણ કોઈ ગોપાલના પુત્ર વગેરેના રાખવામાં આવે તો પણ તે નામ-નિક્ષેપ કહેવાય... પ્રસ્તુતમાં 'જીવ' નામ તો અન્ય અર્થમાં વર્તતું હોવાથી પ્રથમ પ્રકારનું 'નામ' સમજવું.

**પ્રેમપ્રભા :** અહીં કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે - (પૂર્વે કહ્યા મુજબ ચેતન-અચેતન વસ્તુનું જે 'જીવ' એવું નામ નક્કી કરેલું છે) તે 'શબ્દ' જ 'જીવ' એમ કહેવાય છે કારણ કે તે 'જીવ' શબ્દ જે વસ્તુના નામ તરીકે રખાયું છે તે વસ્તુનું 'જીવ' શબ્દ એ વિશેષણ છે... આ વાત **अर्थाऽभिधान-प्रत्ययास्तुल्यनामधेयाः** એવા ન્યાયના બળથી સિદ્ધ થાય છે.

હવે ભાષ્યમાં સ્થાપના-જીવની વ્યાખ્યા કરે છે, **यः काष्ठ-पुस्त** ઇત્યાદિ વડે...

**ભાષ્ય :** (૨) જે કાષ્ઠ-કર્મ, પુસ્ત-કર્મ, ચિત્ર-કર્મ તથા અક્ષની રચના (નિક્ષેપ) આદિને

**देवता-प्रतिकृतिवदिन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति ।**

**यः** स्थाप्यते जीव इति सम्बन्धः । क्व स्थाप्यते ? **काष्ठपुस्तादिषु** इत्याह। **काष्ठं** दारु, **पुस्तं** दुहितृकादि सूत्रचीवरादिविरचितं, **चित्रं** चित्रकराद्यालिखितम्, **कर्म**शब्दः क्रियावचनः प्रत्येकमभिसम्बध्यते, काष्ठक्रियेत्यादि। **अक्षनिक्षेप** इति सामयिकी संज्ञा, चन्दनकानां निक्षेपो रचना विन्यास इति । एते काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपा आदिर्येषां रच्यमानानां ते काष्ठपुस्तचित्रकर्माक्षनिक्षेपादयः, आदिशब्द उभाभ्यां सम्बन्धनीयः, काष्ठपुस्तचित्रकर्मादयो ये सद्भावस्थापनारूपास्तथाऽक्षनिक्षेपादयोऽसद्भावस्थापनारूपा ये, तेषु बहुषु **स्थाप्यते**-य उच्यते तेषु काष्ठादिषु बहुष्वाधारेषु य एको रच्यते जीवाकारेण,

---

**વિષે 'જીવ' તરીકે સ્થાપન કરાય, તે 'સ્થાપનાજીવ' કહેવાય... દેવના બિંબને (પ્રતિમાને) ઇન્દ્ર, રુદ્ર, સ્કંદકુમાર, વિષ્ણુ એમ કહેવાય છે, તેની જેમ...**

**પ્રેમપ્રભા : (૨) સ્થાપના-જીવ :** જે કાષ્ઠ-કર્મ, પુસ્ત-કર્મ, ચિત્ર-કર્મ તથા અક્ષ-નિક્ષેપ આદિમાં 'જીવ' એ પ્રમાણે સ્થાપન કરાય, તે સ્થાપના-જીવ કહેવાય... આમ ભાષ્યનો સમુદિત = ભેગો અર્થ છે. હવે તેના એક એક પદોનો અર્થ જણાવે છે... **યઃ** = જે 'જીવ' એ પ્રમાણે 'સ્થાપિત કરાય', એમ ક્રિયાપદ સાથે સંબંધ છે.

**પ્રશ્ન :** શામાં સ્થાપિત કરાય ? તે જણાવતાં કહે છે- **જવાબ :** (i) કાષ્ઠ = લાકડું, **(ii) પુસ્ત** = સૂતર, વસ્ત્ર આદિથી રચેલ પૂતળી અર્થાત્ વ્યવહારમાં ઢીંગલી કહેવાય છે, તે વગેરે... (iii) ચિત્ર = એટલે ચિત્રકાર વગેરે દ્વારા આલેખન કરાયેલ, દોરાયેલ છબી... **કર્મ** = શબ્દ 'ક્રિયા' અર્થમાં છે અને તે કાષ્ઠ વગેરે દરેક સાથે જોડાય છે. આથી કાષ્ઠ-કર્મ, પુસ્ત-કર્મ, ચિત્ર-કર્મ એમ પદ-રચના થાય છે અને તેનો કાષ્ઠ-ક્રિયા, પુસ્ત-ક્રિયા ઇત્યાદિ અર્થ થાય છે...

તથા (iv) **અક્ષ-નિક્ષેપ** એ સામયિકી = શાસ્ત્ર (આગમ) પ્રસિદ્ધ નામ (સંજ્ઞા) છે. અક્ષ એટલે ચંદનક (અળિયા), તેઓનો નિક્ષેપ = એટલે રચના-વિશેષ, સ્થાપના... આમ આવા કાષ્ઠ-પુસ્ત-ચિત્રકર્મ-અક્ષનિક્ષેપો જેની આદિમાં હોય તે કાષ્ઠ-પુસ્ત... અક્ષ-નિક્ષેપાદિ કહેવાય... ('આદિ' શબ્દ 'વગેરે' અર્થમાં છે...) આદિ શબ્દ બન્નેય સાથે સંબંધ પામે છે... (૧) કાષ્ઠ, પુસ્ત, ચિત્ર કર્મ આદિ (વગેરે) જે સદ્ભાવ (સાકાર) સ્થાપના રૂપ છે તેમાં તથા (૨) અક્ષ-નિક્ષેપ આદિ જે અસદ્ભાવ (નિરાકાર) સ્થાપના

एतदाह-**जीव इति** । **स** जीवाकारो रचितः सन् **स्थापनाजीवो**-ऽभिधीयते । **एतदुक्तं भवति**-शरीरानुगतस्यात्मनो य आकारो दृष्टः स तत्रापि हस्तादिको दृश्यते इति कृत्वा स्थापनाजीवोऽभिधीयते । **ननु** चाक्षनिक्षेपे नास्त्यसावाकार इति । **उच्यते**-यद्यपि बहीरूपतया नास्त्यक्षे निक्षिप्यमाणेऽसावाकारः, तथापि बुद्ध्या स रचयिता तत्र विरचयति तमाकारम्। अत एव स्थापना नामद्रव्याभ्यां सुदूरं भिन्ना, यतो निक्षिप्यमाणं वस्तु न शब्दो भवति, नापि तद्भाववियुतं विवक्ष्यते, किन्त्वाकारमात्रं यत् तत्र तद् विवक्षितमिति । स्थापनाजीवं दृष्टान्तेन भावयति-**देवताप्रतिकृतिवदित्यादिना**। देव एव **देवता** तस्याः **प्रतिकृतिः** बिम्बं,

---

છે, તેવી ઘણી વસ્તુમાં જે સ્થાપના કરાય, કહેવાય અર્થાત્ તે કાષ્ઠ વગેરે ઘણા બધાં પ્રકારના આધારોમાં જે 'એક' ની જીવાકારે = જીવ સ્વરૂપે રચના કરાય... તે **સ્થાપના જીવ** કહેવાય... આ જ વાતને જણાવે છે કે, **जीव इति** । એ જીવાકારની રચના કરાય ત્યારે તે સ્થાપના-જીવ કહેવાય છે... કહેવાનું **તાત્પર્ય** એ છે કે, શરીર-યુક્ત આત્માનો જે આકાર દેખાય છે, તે હાથ વગેરે આકાર (આકૃતિ) કાષ્ઠ-કર્મ (નકશી) વગેરેમાં પણ દેખાય છે, આથી તેને **સ્થાપના-જીવ** કહેવાય છે.

**શંકા :** પણ અક્ષની રચનામાં તો દેહયુક્ત જીવનો આકાર હોતો નથી. તે શી રીતે સ્થાપના-જીવ કહેવાય ? **સમાધાન :** જો કે બાહ્ય રૂપથી અક્ષની રચના કરાયે છતે તેમાં જીવાકાર હોતો નથી, તો પણ બુદ્ધિથી અક્ષની રચના કરનારો તેમાં દેહયુક્ત જીવના આકારની રચના કરે છે. (એટલે કે બુદ્ધિથી તે જીવાકારનું આરોપણ કરે છે.) આથી તેને પણ સ્થાપના-જીવ કહેવામાં દોષ નથી...

આથી જ સ્થાપના-નિક્ષેપ એ નામ અને દ્રવ્ય એ બે નિક્ષેપથી અત્યંત જુદો છે. કારણ કે, જે વસ્તુનો કાષ્ઠ-કર્મ અથવા અક્ષ વગેરે રૂપે નિક્ષેપ કરાય છે, તે શબ્દ નથી માટે નામ જીવ નથી. વળી નિક્ષેપ કરાતી જીવ વગેરે વસ્તુ એ જ્ઞાનાદિ રૂપ ભાવથી રહિત હોવાની પણ વિવક્ષા કરાતી નથી, માટે દ્રવ્યરૂપે પણ નથી, કિંતુ, જીવાદિ વસ્તુમાં જે આકાર માત્ર છે, તેની તેમાં (સ્થાપના-નિક્ષેપમાં) વિવક્ષા કરેલી છે.

હવે સ્થાપના-જીવને ભાષ્યમાં દૃષ્ટાંતથી સમજાવે છે, **'देवताप्रतिकृतिवद् ।'** જેમ દેવોના બિંબને (પ્રતિમાને) ઇન્દ્ર, શંકર, સ્કંદ અને વિષ્ણુ વગેરે કહેવાય છે, તેમ સ્થાપના-જીવની બાબતમાં સમજવું, એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે. હવે વ્યસ્ત-છૂટકપદોનો અર્થ જોઈએ - **देव एव इति** (**देव** શબ્દને સ્વાર્થમા **ता ( तल् )** પ્રત્યય લાગીને

सा च न सैव सहस्राक्षवज्रपाणिश्वेतवासोधारिरूपा, नापि ततोऽत्यन्तं भिन्नस्वभावा, अत्यन्तभिन्नस्वभावाभ्युपगमे हि सा प्रतिकृतिरेव न स्यात् कुड्यवत्, अतोऽवश्यं कथञ्चिदसौ ततो भिद्यत इति प्रतिपत्तव्यम् । ये तस्यां मुख्यायां देवतायां सहस्रलोचनाद्यवयवा यथासंनिविष्टा दृष्टास्तेऽस्यां काष्ठमय्यां दृश्यन्त इत्येतावता सैव मुख्यदेवता इयमिति निगद्यते। ये तु तत्र ज्ञानदर्शनैश्वर्यादयो धर्मा दृष्टास्तेऽस्यां काष्ठमय्यां न दृश्यन्त इति एतावता प्रतिबिम्बमित्यभिधीयते । अतो यथेह कस्यचित् इन्द्रादेः प्रतिकृतिः स्थापिता सती इन्द्र इति व्यपदिश्यते, एवमिह जीवाकृतिः प्रतिमादिषु स्थापिता स्थापनाजीवो व्यपदिश्यते । **रुद्र** उमापतिः, **स्कन्द** इति स्कन्दकुमारः, उत्तरपदलोपात् *'सत्यभामा सत्या'* इति यथा,

---

**देव + ता =)** **'देवता'** શબ્દ બનેલો છે... આથી દેવતા = એટલે દેવ... તેની પ્રતિકૃતિ = એટલે બિંબ, પ્રતિમા... આ પ્રતિકૃતિ એ સહસ્રાક્ષ = હજાર આંખવાળી, જેના હાથમાં વજ્ર હોય, તથા શ્વેત વસ્ત્રને ધારણ કરનારી અર્થાત્ સર્વથા સાચા ઇન્દ્રાદિ દેવ સ્વરૂપ નથી. વળી, ઇન્દ્રાદિ દેવથી અત્યંત જુદા સ્વરૂપવાળી પણ નથી, કેમ કે, જો તે અત્યંત જુદા સ્વભાવવાળી મનાય તો 'ભીંત' (દિવાલ) વગેરેની જેમ, તેને પ્રતિકૃતિ - પ્રતિમા જ ન કહેવાય... આથી અવશ્ય સ્વીકારવું જોઈએ કે, કથંચિત્ = કોઈ અપેક્ષાએ ઇન્દ્રાદિની પ્રતિમા એ વાસ્તવિક-મુખ્ય ઇન્દ્રાદિ વસ્તુથી જુદી છે, પણ સર્વથા જુદી નથી. જે આ મુખ્ય દેવમાં સહસ્રાક્ષ - હજાર આંખ વગેરે અવયવો જે રીતે ગોઠવાયેલાં દેખાય છે, માનેલાં છે, તે આ કાષ્ઠની બનેલી પ્રતિમામાં પણ દેખાય છે. આવા હેતુથી આ પ્રતિકૃતિ = બિંબ એ જ મુખ્ય દેવતા રૂપે છે, એમ વ્યવહાર કરાય છે.

(**પ્રશ્ન :** આ રીતે સરખાપણું હોય તો દેવતા-પ્રતિમાને મુખ્ય દેવતા જ કેમ ન કહેવાય? **જવાબઃ,** વળી જે મુખ્ય દેવમાં જ્ઞાન, દર્શન, ઐશ્વર્ય આદિ ધર્મો દેખાય છે, તે આ કાષ્ઠની બનેલી પ્રતિમામાં દેખાતાં નથી. આવા કારણસર તેને મુખ્ય દેવ ન કહેવાય, પણ પ્રતિબિંબ કહેવાય છે.

હવે દૃષ્ટાંતનો ઉપનય જણાવતાં કહે છે, આથી જેમ અહીં કોઈ ઇન્દ્ર વગેરેની પ્રતિમા સ્થાપિત કરાઈ હોયને તે 'ઇન્દ્ર' એમ કહેવાય છે, તેમ પ્રસ્તુતમાં જીવની આકૃતિ એ પ્રતિમા વગેરેમાં સ્થાપિત કરાઈ હોય ત્યારે, તે (પ્રતિમા) 'સ્થાપના-જીવ' એમ કહેવાય છે. ઉપર દૃષ્ટાંતમાં કહેલ **રુદ્ર** = એટલે ઉમાપતિ, શંકર, મહાદેવ તથા **સ્કન્દ** = એટલે સ્કંદકુમાર (કાર્તિકસ્વામી). આમાં ઉત્તર-પદનો લોપ થવાથી 'સત્યભામા'ને

---

१. पू.जै.ला.-शो. । मुख्यदे० मु. ।

**विष्णु**रिति वासुदेवः । एषां च न शास्त्रे देवताख्या समस्ति, लोकानुवृत्त्या **भाष्यकृद्** उवाच । अत एषां रुद्रादीनां प्रतिकृती रचिता रुद्र इत्यादिव्यपदेशं लभते । एवं जीवस्य काष्ठादिषु प्रतिकृतिः कृता स्थापनाजीव इत्यभिधीयते ।

**भा० द्रव्यजीव इति गुणपर्यायवियुक्तः प्रज्ञास्थापितोऽनादिपारिणामिकभवयुक्तो जीव उच्यते ।**

**द्रव्यजीव इति** । **इतिः** प्रकारार्थः । योऽयं प्रकारः प्रागुपादायि द्रव्यजीव इति तं प्रदर्शयामि । योऽयमात्मा स उज्झिताऽशेषज्ञानादिगुणसमुदायो द्रव्यजीवोऽभिधीयते । एतदेवाह-**गुणपर्यायवियुक्त** इति । **गुणाः** सहभुवो ज्ञानदर्शनसुखादयः, **पर्यायाः** क्रमभुवो

---

'સત્યા' કહેવાય, તેમ અહીં સ્કંદકુમારને 'સ્કંદ' કહેલ છે. **વિષ્ણુ** = એટલે વાસુદેવ, કૃષ્ણ.

**પ્રશ્ન :** આ રુદ્ર આદિને જૈનદર્શને ઇષ્ટ-દેવ તરીકે ક્યાં માનેલાં છે ?

**સમાધાન :** આ પૂર્વોક્ત ઇન્દ્ર, રુદ્ર આદિની શાસ્ત્રમાં ઇષ્ટ દેવ તરીકે પ્રસિદ્ધ નથી, પણ લોક પ્રવાહને અનુસરીને ભાષ્યકારે આમ કહેલું જાણવું... (અહીં ઇન્દ્રાદિને ઇષ્ટ દેવ/આરાધ્યદેવ તરીકે માનેલા નથી, પરંતુ દેવગતિને પ્રાપ્ત કરનાર આત્માઓ તરીકે માનવામાં વાંધો પણ નથી.) આથી આ રુદ્ર = મહાદેવ વગેરેની રચેલી પ્રતિમાએ 'રુદ્ર' વગેરે રૂપે વ્યવહાર કરાય છે. આ પ્રમાણે જીવની કાષ્ઠ આદિમાં કરાયેલ પ્રતિકૃતિ = બિંબ એ પણ 'સ્થાપના-જીવ' એમ કહેવાય છે.

(૩) **દ્રવ્ય-જીવ :** હવે ભાષ્યમાં દ્રવ્ય-જીવ કોને કહેવાય ? તે બતાવતાં કહે છે-

**ભાષ્ય : તથા ગુણ અને પર્યાયથી રહિત હોય, (તે રૂપે) પ્રજ્ઞામાં સ્થાપિત = કલ્પિત હોય તથા અનાદિ એવા પારિણામિક ભાવથી યુક્ત જે જીવ, તે દ્રવ્ય-જીવ કહેવાય.**

**પ્રેમપ્રભા :** (૩) **દ્રવ્ય-જીવ :** જે જીવ ગુણ અને પર્યાયોથી વિયુક્ત/રહિત છે એ પ્રમાણે પ્રજ્ઞા વડે/બુદ્ધિ વડે સ્થાપિત/કલ્પિત હોય અને અનાદિ પારિણામિક ભાવથી સહિત હોય, તે **'દ્રવ્ય-જીવ'** એમ કહેવાય... આ પ્રમાણે ભાષ્યના પદોનો સમૂહાર્થ છે... હવે તેના પ્રત્યેક પદ વગેરેનો અર્થ વિસ્તારથી ટીકા દ્વારા જોઈએ...**द्रव्यजीव इति ।** આ **इति** શબ્દ પ્રકાર-અર્થમાં છે. જે આ દ્રવ્ય-જીવ એ પ્રમાણે પૂર્વે ગ્રહણ કરાયેલો છે, તેને હું બતાવું છું...તે આ રીતે - જે આ આત્મા જેણે જ્ઞાન આદિ સર્વ ગુણોનો સમુદાય ત્યજી દીધો છે, તે દ્રવ્ય-જીવ કહેવાય છે. આ હકીકતને જણાવતાં ભાષ્યકાર કહે છે, **'गुण-पर्याय-**

मनुष्यादयः, गुणाश्च पर्यायाश्च गुणपर्यायास्तैः **वियुक्तो** रहित इत्यर्थः । **ननु** चैवंविधोऽर्थो नास्त्येव, समस्तधर्मकदम्बकरहितत्वात् *मण्डूकजटाभारवद्* इत्युक्ते आह-**प्रज्ञास्थापितः । प्रज्ञा** बुद्धिस्तया **स्थापितो** वियत्यालिखितः कल्पित इति यावत् । **एतदुक्तं भवति**-न ते गुणपर्यायास्ततो द्रव्याद् विष्वग् भवन्ति, किं तर्हि ? बुद्ध्या तत्स्था एव विभज्यन्ते, ततश्च द्रव्यमात्रं केवलमवतिष्ठते बुद्धिपरिकल्पनागोचरतामितम्, एतदाह-**अनादिपारिणामिक**-

---

**वियुक्तः । (i) ગુણો** = એટલે જે હંમેશા દ્રવ્યની સાથે રહે તે ગુણો કહેવાય. પ્રસ્તુતમાં જ્ઞાન, દર્શન, સુખ વગેરે હંમેશા આત્મામાં રહેલાં હોવાથી ગુણો કહેવાય. તથા **(ii) પર્યાય** = એટલે જે ક્રમથી ઉત્પન્ન થનારા હોય, (આવ-જા કરનારા હોય) તે મનુષ્યપણું વગેરે અવસ્થાઓ એ પર્યાય કહેવાય... (જ્યારે દેવમાંથી મનુષ્યપણું થાય ત્યારે દેવપણું નષ્ટ થાય છે... એક સાથે ન રહેવાથી ક્રમભાવી છે.) આવા ગુણો અને પર્યાયોથી વિયુક્ત = રહિત એવો આત્મા દ્રવ્યજીવ કહેવાય છે...

**શંકા :** આવા પ્રકારનો કોઈ પદાર્થ છે જ નહીં, જે સર્વ ગુણ અને પર્યાયથી રહિત હોય... (આ સાધ્ય છે.) (કારણ કે, દ્રવ્યનું લક્ષણ જ છે કે, **गुण-पर्यायवद् द्रव्यम्** । (૫-૩૭) ગુણ-પર્યાયવાળાપણું એ દ્રવ્યનું લક્ષણ છે. કારણ કે તે સમસ્ત ધર્મના (ગુણ-પર્યાયના) સમૂહથી રહિત છે. (આ હેતુ છે.) જેમ કે, **मण्डूक** = 'દેડકાની જટાનો ભાર' (આ દૃષ્ટાંત છે.) દેડકાને જટા હોતી નથી તો તેનો ભાર = સમૂહ ક્યાંથી હોય ? જેમ દેડકાની જટાના ભાર રૂપ વસ્તુ એ સર્વ ધર્મના = ગુણ-પર્યાયના સમૂહથી રહિત હોવાથી અવસ્તુ જ છે = અસદ્ વસ્તુ જ છે, તેમ જીવ બાબતમાં પણ સમજવું...

**સમાધાન :** સાચી વાત છે, પણ ગુણાદિથી રહિત જીવ પદાર્થને અમે વાસ્તવિક રૂપે નથી કહેતાં, પણ પ્રજ્ઞા-સ્થાપિત રૂપે કહીએ છીએ. એટલે કે આકાશમાં આલેખન કરેલી વસ્તુની જેમ અર્થાત્ કલ્પના-માત્રથી (કલ્પિત) કહીએ છીએ. કહેવાનો **આશય** એ છે કે, તે ગુણ-પર્યાયોને અમે તે દ્રવ્યથી (જીવથી) જુદા નથી કહેતાં... **પ્રશ્ન :** તો કેવા માનો છો ? **જવાબ :** બુદ્ધિ વડે = કલ્પનામાત્રથી દ્રવ્યમાં રહ્યાં છતાં જ તે ગુણ-પર્યાયોને દ્રવ્યથી વિભાજિત/છૂટા કરાય છે અને આથી બુદ્ધિની પરિકલ્પના-માત્રના વિષય રૂપે બનેલ ગુણ-પર્યાયથી રહિત દ્રવ્ય-માત્ર = ફક્ત જીવ દ્રવ્ય બાકી રહે છે.

આ દ્રવ્ય કેવું હોય છે ? તે ભાષ્યમાં કહે છે-**અનાદિ પરિણામિકરૂપ ભાવથી યુક્ત...**

**भावयुक्त** इति। **भाव**शब्दो हि औदयिकादिषु वर्तमानः पारिणामिक इत्यनेन विशेषे स्थापितः । पारिणामिक-भावोऽपि सादिरस्त्यभ्रेन्द्रधनुरादीनाम्, किं तादृशोऽयं ? नेत्याह- अनादिपारिणामिकभाव इति । अनादिश्चासौ पारिणामिकभावश्चानादिपारिणामिकभावस्तेन युक्तोऽनादिपारिणामिकभावयुक्त इति। **एतदुक्तं भवति**-यत्तदनादिकालसन्ततिपतितं द्रव्यं तावन्मात्रं तदिति मैवं मंस्थाः अनादिपारिणामिकभावयुक्त इति । अत्र भावशब्दः श्रूयते इतिकृत्वाऽस्ति तत्र[1] कोऽपि भावांश इति । न खलु कश्चित् तत्र गुणः पर्यायो वाऽस्तीति द्रव्यमात्रं निरस्ताऽशेषगुणपर्यायव्रातं द्रव्यजीव इत्येवं शब्द्यते ।

**ननु** च सतां गुणपर्यायाणां बुद्ध्या नापनयः शक्यः कर्तुं, यतो न ज्ञानायत्ताऽर्थपरिणतिः, अर्थो यथा यथा विपरिणमते तथा तथा ज्ञानं प्रादुरस्तीत्यत आह-

(આવું જે બુદ્ધિથી કલ્પિત ગુણપર્યાય-રહિત જીવ-દ્રવ્ય તે 'દ્રવ્ય-જીવ' કહેવાય, એમ સંબંધ છે.) આમા 'ભાવ' શબ્દ છે તે ઔદયિક વગેરે પાંચ ભાવો રૂપ અર્થમાં વર્તતો હોવાથી તેનો નિષેધ કરવા માટે 'પારિણામિક' એવા વિશેષણ વડે ભાવ શબ્દ 'પારિણામિક-ભાવ' એમ વિશેષિત કરાયો છે, માટે તેનું જ ગ્રહણ થાય છે.

**પ્રશ્ન :** પારિણામિક-ભાવ પણ આકાશમાં થતાં ઇન્દ્રધનુષ્ય આદિ રૂપ 'સાદિ' = આદિ-સહિત પણ મળે છે, તો શું તેવો લેવાનો છે ? **જવાબ :** ના, અનાદિ એવો પારિણામિક ભાવ લેવાનો છે. અનાદિ એવો જે પારિણામિક ભાવ, તે અનાદિ-પારિણામિક ભાવ કહેવાય... તેનાથી યુક્ત હોય તે અનાદિ-પારિણામિક-ભાવયુક્ત કહેવાય. આવો જીવ દ્રવ્ય-જીવ કહેવાય.

કહેવાનું **હાર્દ** એ છે કે, જે અનાદિ-પારિણામિક ભાવ (અર્થાત્ જીવત્વ) છે, તેનાથી યુક્ત એમ કહેવાથી અનાદિકાળની પરંપરામાં રહેલું જે (જીવ) દ્રવ્ય છે, તેટલું જ વિવક્ષિત છે. માટે એવું ન માનવું કે, 'અનાદિ-પારિણામિક-ભાવ-યુક્ત' એવા વાક્યમાં 'ભાવ' શબ્દનું શ્રવણ થાય છે, આથી તેમાં જીવ-દ્રવ્યમાં કોઈ ગુણાદિ ભાવરૂપ અંશ હશે... કેમ કે તેમાં (પૂર્વોક્ત કલ્પિત જીવદ્રવ્યમાં) કોઈ જ ગુણ અથવા પર્યાય નથી. આથી સર્વ ગુણ અને પર્યાયના સમૂહથી રહિત એવું દ્રવ્યમાત્ર એ 'દ્રવ્ય-જીવ' એમ કહેવાય છે.

**શંકા :** જે ગુણ-પર્યાયો વાસ્તવિક રીતે સત્, વિદ્યમાન છે, તેને દૂર કરવા-સર્વથા જુદા કરવા શક્ય જ નથી. કેમ કે, ક્યારેય પણ જ્ઞાનને આધીન અર્થની (પદાર્થની) પરિણતિ

१. सर्वप्रतिषु । द्रव्ये० मु. ।

**भा० ( अथवा ) शून्योऽयं भङ्गः । यस्य ह्यजीवस्य सतो भव्यं जीवत्वं स्यात् स द्रव्यजीवः स्यात्, अनिष्टं चैतत् ।**

(अथवा)**शून्योऽयं भङ्गः। शून्य** इति न सम्भवति, **अयं** इति द्रव्यजीवविकल्प इति । यतो द्रव्यदेवः कः ? **उच्यते**-यो भव्यो देवत्वपर्यायस्य[1] योग्यो, न तावद् भवति, स मनुष्य एव सन् द्रव्यदेवोऽभिधीयते भविष्यति इति कृत्वा, एवमिहापि यदि अयमवधीकृतो जीवः स इदानीमजीवः सन्नायत्यां जीवोऽजनिष्यत[2] ततोऽयं विकल्पः समभविष्यत्, न चैतदस्तीत्येतदाह-**यस्य ह्यजीवस्येत्यादि। यस्य** इति वस्तुनः, **हिशब्दो** यस्मादर्थे, **अजीवस्य**

એટલે કે ફેરફાર થતો નથી. એટલે કે જેવું જ્ઞાન કરીએ એ પ્રમાણે પદાર્થમાં ફેરફાર/પરિણામ ઉત્પન્ન થઈ જાય, એવું કદાપિ બનતું નથી, બલ્કે, નિયમ એવો છે કે, જેમ જેમ પદાર્થ પરિવર્તન પામે, જેમ જેમ પદાર્થની અવસ્થા બદલાય, તે તે રીતે જ્ઞાન પ્રગટ થાય છે. આથી પદાર્થના પરિણામને/પરિવર્તનને આધીન જ્ઞાનની પરિણતિ (બોધ) છે. જેવો પદાર્થનો પરિણામ, તેવું જ્ઞાન થાય.

આથી બુદ્ધિથી સર્વ ગુણ-પર્યાયથી રહિત કલ્પના કરવા માત્રથી કોઈ જીવ/પદાર્થ એ ગુણ અને પર્યાયથી રહિત બની જતો નથી. માટે તેવી કલ્પના કરીને દ્રવ્ય-જીવનો નિક્ષેપો/ભાંગો ઘટાવવો પણ સંગત ઠરતો નથી. આવી શંકાનું સમાધાન કરતાં ભાષ્યમાં કહે છે - **સમાધાન**

**ભાષ્ય : અથવા (જીવને વિષે) આ ભાંગો ખાલી રહે છે. કારણ કે, જે અજીવ હોતે છતે તેમાં ભવ્ય = ભવિષ્યમાં થનારું જીવત્વ (ચેતનાવત્ત્વ) થાય, તે (દ્રવ્યની વ્યાખ્યા મુજબ) દ્રવ્ય-જીવ બને... પણ આમ માનવું ઈષ્ટ નથી...**

**પ્રેમપ્રભા :** અથવા આ 'દ્રવ્ય જીવ' નો ભાંગો/નિક્ષેપ શૂન્ય જાણવો. અર્થાત્ આ 'દ્રવ્યજીવ' રૂપી વિકલ્પ સંભવતો નથી. કારણ કે, દ્રવ્ય-દેવ કોને કહેવાય ? એવા પ્રશ્નના જવાબમાં તમે કહેશો કે, જે ભવ્ય હોય એટલે કે દેવના પર્યાયને યોગ્ય હોય, પણ હજી દેવ-પર્યાય (અવસ્થા)ને પામેલો નથી, તે મનુષ્ય હોતે છતે જ 'દ્રવ્યદેવ' કહેવાય, કેમ કે તે 'દેવ રૂપે' થવાનો છે... તેમ પ્રસ્તુતમાં પણ જે આ અવધિકૃત = અધિકૃત જીવ છે, તે હમણા અજીવ હોયને ભવિષ્યમાં જીવ રૂપે ઉત્પન્ન થવાનો હોત, તો આ દ્રવ્ય-જીવ રૂપ વિકલ્પ સંભવતે. પણ એવું તો કદાપિ બનતું નથી.

આ જ હકીકત ઉપર ભાષ્યમાં પ્રગટ કરાઈ છે. **यस्य ह्यजीवस्य सतः०** વગેરે દ્વારા

१. पादिषु । देवप० पू. । २. पादिषु । ष्यत्० मु. ।

चेतनारहितस्य **सतो** विद्यमानस्य अचेतनावस्थायां सम्प्रति **भव्यं** भविष्यच्चेतनावत्त्वं भवेत्, इदानीमचेतनत्वेन वर्तमानः **द्रव्यजीव** इति कारणजीवः, आगामिन्या जीवतायाः कारणमित्यर्थः, एतत् **स्यात्,** इष्यत एवायमर्थः। क्वचिद् वस्तुन्यभूतमिदानीं जीवत्वं भविष्यतीति, तन्न, अनिष्टत्वात्, यथैव ह्यसन्नसौ [१]वस्तुविशेषो जीवत्वेन सम्प्रति आगामिकाले जीवत्वं प्रतिपत्स्यत इत्यभ्युपगम्येत, एवं योऽयमिदानीं जीवतया वर्तते अयमेवायत्यामजीवत्वं यास्यतीत्यभ्युपगम्यताम्, एवं च सति सिद्धान्तविरोधः, यतो जीवत्वमनाद्यनिधनः[२] पारिणामिको भावः समय इष्यते । एतदेवाह-**अनिष्टं चैतत्** इति। **च**शब्द एवकारार्थे, अनिष्टमेव

તેનો અર્થ આ પ્રમાણે છે - જે કારણથી (ભૂતકાળમાં) ચેતનારહિત - અજીવ વસ્તુ સત્ = વિદ્યમાન હોતે છતે અર્થાત્ હમણાં અચેતન-અવસ્થામાં હોયને (ભવ્ય =) ભવિષ્યમાં ચેતનાવાળાપણું થવાનું હોય તો તે હમણા અચેતનરૂપે વર્તતો અજીવ-પદાર્થ, 'દ્રવ્ય-જીવ' કહેવો ઘટે... દ્રવ્ય-જીવ એટલે કારણ-જીવ, આગામી (ભાવીમાં થનારા) જીવત્વનું કારણ... આ પ્રમાણે દ્રવ્ય-જીવ તરીકેની વિવક્ષા કરવી ઘટે છે. આવો અર્થ અમને ઇષ્ટ જ છે.

### ❋ 'દ્રવ્ય-જીવ' ભાંગો ઘટાવવામાં આપત્તિ ❋

**પૂર્વપક્ષ :** ઉપર તેમ કહ્યા મુજબનો દ્રવ્ય-જીવરૂપી વિકલ્પ/ભાંગો ઘટી શકશે. કેમ કે, કોઈ વસ્તુમાં પૂર્વે ન હતું એવું જીવત્વ હવે ઉત્પન્ન થશે. અર્થાત્ ચેતનાદિ-ગુણાદિ રહિત અજીવ હશે તે જીવરૂપે બનશે ત્યારે ઉપરનો ભાંગો ઘટી જશે.

**ઉત્તરપક્ષ :** ના, આ પ્રમાણે માનવું અનિષ્ટ છે. (કદાચ ઘટાદિ અન્ય વસ્તુની બાબતમાં પહેલાં ઘડો (ઘટ-પર્યાય) ન હતો અને હવે ઉત્પન્ન થયો, એમ - દ્રવ્ય ઘટ હજી માની શકાય, પરંતુ) પ્રસ્તુતમાં, આ રીતે દ્રવ્ય-જીવ માનવો ઇષ્ટ નથી. કારણ કે, જેમ હમણા જે જીવરૂપે વસ્તુ-વિશેષ = અમુક વસ્તુ અસત્ = અવિદ્યમાન છે, તે આગામી કાળે જીવપણાને પ્રાપ્ત કરશે એમ જે તમારા વડે સ્વીકારાય છે; તેમ જે વસ્તુ હાલમાં જીવરૂપે વર્તે છે, આ પદાર્થ ભવિષ્યમાં અજીવપણાને - અજીવરૂપે બનશે, આ વાતનો પણ તમારે સ્વીકાર કરવો પડશે. (કારણ કે જે ઘટ વગેરે ઉત્પન્ન થાય છે, અનિત્ય છે, તેના નાશ પણ અવશ્ય થાય એવા નિયમ છે... આકાશ વગેરે ઉત્પન્ન થતાં નથી માટે નાશ પણ પામતાં નથી.) અને આ પ્રમાણે જીવને અજીવ રૂપે બનવાનું સ્વીકારશો, તેથી સિદ્ધાંત સાથે વિરોધ આવશે. કારણ કે, **શાસ્ત્રમાં** એમ કહેલું છે કે, **"જીવત્વ = જીવપણું**

१. पू. । असौ विशे० मु. । २. पादिषु । धनपा० मु. ।

सिद्धान्तविरोध्येवैतदभ्युपगमान्तरमिति। **ननु** चैवं सति नामादिचतुष्टयस्याव्यापिता प्राप्ता, द्रव्यजीवविकल्पाभावात्, अभ्युपगतं च सिद्धान्ते व्यापित्वेन नामादिचतुष्टयम्, यत एवमाह–

**"जत्थ उ जं जाणिज्जा निक्खेवं निक्खिवे निरवसेसम् ।**

**जत्थवि य न जाणेज्जा चउक्कयं निक्खिवे तत्थ ॥"** [अनुयोगद्वार० सू० ८]

तत्र चतुष्क[1]कं निक्षिपेदिति भणता व्यापिताऽभ्युपगता ? **उच्यते**–प्रायः सर्वपदार्थेष्वन्येषु

---

**એ અનાદિ-અનન્ત (અનિધન) એવો પારિણામિક (સ્વાભાવિક) ભાવ છે."** આથી જીવત્વની 'આદિ' = શરૂઆત ન હોવાથી તે ઉત્પત્તિ અને વિનાશથી રહિત છે. તેની ઉત્પત્તિ માનવામાં વિનાશ પણ માનવો પડે અને તે સિદ્ધાંત-વિરુદ્ધ છે. (જે ભાવાત્મક વસ્તુ, કાર્ય ઉત્પન્ન થાય તેનો નાશ પણ અવશ્ય હોય, આવો નિયમ હોવાથી જીવની ઉત્પત્તિ માનવામાં જીવનો વિનાશ પણ માનવો પડે અને તેમ માનવું તે સિદ્ધાંતથી વિરુદ્ધ છે.)

આવા **આશયથી** ભાષ્યમાં કહ્યું છે, **अनिष्टं चैतद्** । અહીં **च** શબ્દ **'एव'** = નિશ્ચય અર્થમાં છે. આથી આવું માનવું તે અનિષ્ટ જ છે, આ જે અજીવમાં જીવત્વની ઉત્પત્તિ રૂપ બીજો મત છે, તે સિદ્ધાંતનો વિરોધી જ છે.

### ❋ ચાર નિક્ષેપાઓ પ્રાયઃ દરેક પદાર્થના થાય છે ❋

**શંકા :** આમ હોવામાં તો નામાદિ નિક્ષેપો અવ્યાપક ગણાશે. કારણ કે, 'દ્રવ્યજીવ'નો ભાંગો (વિકલ્પ) ખાલી રહે છે. વળી સિદ્ધાંતમાં નામ વગેરે ચાર નિક્ષેપને વ્યાપકરૂપે સ્વીકારેલાં છે કારણ કે, **'અનુયોગ દ્વાર'** સૂત્રમાં કહેલું છે કે,

**जत्थ उ जं जाणिज्जा०** ઈત્યાદિ [અનુ.દ્વા.સૂ.ગા૦૧. તથા આચારાંગ નિર્યુ૦ ગા૦૪] **ગાથાર્થ :** જ્યાં પણ (જીવાદિ વસ્તુમાં) જે જે નિક્ષેપ જણાય ત્યાં તે સર્વ નિક્ષેપ કહેવા અને જ્યાં પણ બીજા નિક્ષેપ ન જણાતા હોય ત્યાં પણ (નામાદિ) ચાર નિક્ષેપ કરવા. (અર્થાત્ જ્યાં નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભવ-ભાવાદિ રૂપ ભેદો જણાય ત્યાં તે સર્વ ભેદો વડે નિક્ષેપ કરાય, પણ જ્યાં સર્વ ભેદો ન જણાય ત્યાં નામાદિ-ચતુષ્ક વડે વસ્તુને વિચારવી. કારણે કે, નામાદિ ચાર સર્વ-વ્યાપક છે.)

આમ પૂર્વોક્ત સૂત્રમાં (જ્યાં બીજા નિક્ષેપો થઈ શકતાં ન હોય) ત્યાં ચાર પ્રકારના અર્થાત્ નામાદિ નિક્ષેપાઓ યોજવા. તે તો અવશ્ય કરવા, એ પ્રમાણે કહેતાં એવા શાસ્ત્રકાર ભગવંતે ચાર નિક્ષેપની વ્યાપકતા સૂચવેલી છે.

---

१. पू. । चतुष्टयं० मु. ।

[1]सम्भवति, यद्यत्रैकस्मिन्न सम्भवति नैतावता भवत्यव्यापिता, तत्र निर्युक्तिकारेण **भद्रबाहुस्वामिना** अविशेषेण प्राणायि नामादीनि[2] । **अपरे** त्वेतद्दोषभयादेवं वर्णयन्ति-अहमेव मनुष्यजीवो द्रव्यजीवोऽभिधातव्यः उत्तरं देवत्वम[3]प्रादुर्भूतमाश्रित्य, अहं हि तस्योत्पित्सोर्देवजीवस्य कारणं भवामि[4], यतश्चाहमेव तेन देवजीवभावेन भविष्यामि, अतोऽहमधुना द्रव्यजीव इति । **एतत् कथितं** तैर्भवति-पूर्वः पूर्वो जीवः परस्य परस्योत्पित्सोः कारणमिति । अस्मिंश्च पक्षे सिद्ध एव भावजीवो नान्य इति, तस्मादिदमपि परिफल्गु विज्ञायते, एतत्पक्षसमाश्रयणेन च नाऽव्यापिता नामादिचतुष्टयस्येति । अथवा जीवशब्दार्थज्ञस्तत्रानुपयुक्तो द्रव्यजीव इति।

**સમાધાન :** સાચી વાત છે, નામાદિ ચાર નિક્ષેપો પ્રાયઃ સર્વ પદાર્થોમાં સંભવે છે, તેથી જો અહીં એક પદાર્થમાં (એકાદ વિકલ્પ) ન સંભવે એટલા માત્રથી તેઓની અવ્યાપકતા થતી નથી. આ કારણથી નિર્યુક્તિકાર આચાર્યશ્રી **ભદ્રબાહુસ્વામિજી** વડે સર્વ પદાર્થમાં સામાન્યથી, વિશેષ રૂપે કહ્યા વિના, વ્યાપક રૂપે નામાદિ ચાર નિક્ષેપો કહેલાં છે.

### ※ મતાંતરે 'દ્રવ્ય-જીવ' નિક્ષેપની સિદ્ધિ અને નિષ્કર્ષ ※

**अपरे तु ।** બીજા આચાર્ય નામાદિ ચાર નિક્ષેપની અવ્યાપકતા રૂપ દોષના ભયથી અર્થાત્ અવ્યાપકતા દોષને દૂર કરવા માટે આ પ્રમાણે પોતાના દૃષ્ટાંતથી 'દ્રવ્ય-જીવ' નિક્ષેપને ઘટાવે છે - **उत्तर** = બીજા ભવમાં દેવત્વ = દેવ તરીકે જન્મ, જે હજી પ્રગટ થયો નથી, પણ થવાનો છે તેને આશ્રયીને (તેની અપેક્ષાએ) હું જ, જે અત્યારે મનુષ્ય જીવરૂપે છું, તે 'દ્રવ્ય-જીવ' કહેવો. હું જ તે ભવિષ્યમાં ઉત્પન્ન થનારા (ઉત્પન્ન થવાને ઇચ્છાયેલ) દેવ-જીવનું કારણ છું, કારણ કે, હું જ તે દેવ-જીવ રૂપે થવાનો છું. આથી હમણાં હું મનુષ્ય જીવ રૂપે રહેલો 'દ્રવ્ય-જીવ', એમ કહેવાઉં. તે આચાર્ય ભગવંતનો કહેવાનો **ભાવ** એ છે કે, પૂર્વ પૂર્વના ભવરૂપ અવસ્થાવાળો જીવ એ બીજા-બીજા ભવમાં ઉત્પન્ન થનાર જીવની ઉત્પત્તિનું કારણ છે. આ રીતે દ્રવ્ય-જીવના પક્ષે સિદ્ધ-ભગવાનનો આત્મા જ ભાવ-જીવ છે, બીજો સંસારી જીવ નહીં. આથી આ પક્ષ/મત પણ બરોબર નથી, નિરર્થક છે. જો કે આ પક્ષનો/મતનો આશ્રય કરવામાં નામ આદિ ચાર નિક્ષેપાની અવ્યાપિતા (અવ્યાપ્તિ) રૂપ દોષ આવતો નથી.

**अथवा ।** (દ્રવ્ય-જીવ વિકલ્પને અન્ય રીતે ઘટાવતાં ટીકાકાર કહે છે -) અથવા જીવ શબ્દાર્થનો જ્ઞાતા જ્યારે 'જીવ' પદાર્થમાં ઉપયોગ રહિત હોય, ત્યારે તે 'દ્રવ્યજીવ'

१. पादिषु । वन्ति० मु. । २. सर्वप्रतिषु । मादीति० मु. । ३. पू. । वजीव० मु. । ४. सर्वप्रतिषु । वानि० मु. ।

एवं ह्युक्तं *"आगमतो जाणए अणुवउत्तो"* । जीवशब्दार्थज्ञस्य वा यच्छरीरकं जीवरहितं स द्रव्यजीवः ।

इदानीं चतुर्थं विकल्पं दर्शयति-**भावजीव** इति यः उक्तः ।

**भा० भावतो जीवा औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकभावयुक्ता उपयोगलक्षणाः संसारिणो मुक्ताश्च द्विविधा वक्ष्यन्ते ( २-१० ) ।**

ननु च भावजीव इत्येकवचनेन पूर्वं विन्यस्य व्याख्यावसरे बहुवचनान्त[१]प्रदर्शनमयुक्तं

---

કહેવાય. કેમ કે, **આગમમાં** આ પ્રમાણે કહ્યું છે કે, **आगमतो जाणए अणुवउत्तो ।** અર્થ જે જીવ આગમથી જ્ઞાયક = 'જીવ' પદાર્થનો જ્ઞાતા હોય, પણ તેમાં ઉપયોગરહિત હોય તે 'દ્રવ્યજીવ' કહેવાય. આ રીતે 'દ્રવ્ય-જીવ' ભાંગો પણ ઘટે છે.

**ચંદ્રપ્રભા : आगमतो जाणए अणुवओगो दव्वमिति वचनात्** [નિશીથ ભા૦ ગા૦ ૬૨૭૪ ચૂર્ણિ] અર્થ : આગમથી જ્ઞાતા હોય અને ઉપયોગરહિત હોય તે દ્રવ્ય કહેવાય.

દ્રવ્ય શબ્દના ભૂતકાલીન પર્યાય રૂપ અર્થને આશ્રયીને દ્રવ્યજીવ કહે છે-) **અથવા** 'જીવ' શબ્દના જ્ઞાતાનું (મૃત્યુ થયા બાદ) જે જીવરહિત શરીર છે, તે 'દ્રવ્ય-જીવ' કહેવાય.

હવે ચોથા **'ભાવ-જીવ'** રૂપ વિકલ્પને ભાષ્યમાં બતાવે છે -

**ભાષ્ય** : ભાવથી જીવો (૧) **ઔપશમિક,** (૨) **ક્ષાયિક,** (૩) **ક્ષાયોપશમિક,** (૪) **ઔદયિક અને** (૫) **પારિણામિક ભાવથી યુક્ત, ઉપયોગરૂપ લક્ષણવાળા તથા (i) સંસારી અને (ii) મુક્ત એમ બે પ્રકારના (સૂત્ર ૨-૧૦માં) કહેવાશે.**

**પ્રેમપ્રભા :** 'ભાવજીવ' એ પ્રમાણે ચોથો વિકલ્પ પૂર્વે સામાન્યથી કહેલો છે, તેની વ્યાખ્યા દર્શાવે છે. ભાવથી જીવો (i) ઔપશમિકાદિ ભાવથી યુક્ત હોય (ii) ઉપયોગ લક્ષણવાળા છે અને જેના (iii) સંસારી અને મુક્ત એમ બે ભેદવાળા કહેવાશે, એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે. હવે અવયવ-અર્થને ટીકાથી જોઈએ. **भावतो जीवाः ।**

**શંકા :** '**भावजीवः**' એમ પહેલાં એકવચનના પ્રયોગપૂર્વક નિર્દેશ કરીને જ્યારે તેની વ્યાખ્યા કરવાનો અવસર આવ્યો ત્યારે '**भावतो जीवाः**' એમ બહુવચનાન્ત શબ્દનો પ્રયોગ કરવો ઉચિત નથી.

---

१. पू. । नान्तताप्र० मु. ।

**भावतो जीवा** इति । **उच्यते**-मैवं कश्चित् ज्ञासीद् यथा एक एव भावजीवो न भूयांस इति । यथा **पुरुषकारणिन** आहुः- *"पुरुष एवेदम्"* इत्यादि, एतन्निरासाय बहुवचनमुपात्तवान्, बहव एते जीवा इत्यस्य प्रदर्शनार्थम् । **भावत** इति च तृतीयार्थे तसिः, भावैः सह ये[1] वर्तन्ते इति ते भावजीवाः । के पुनस्ते भावाः यैः सह वर्तन्ते इति ? **उच्यते**-**औपशमिकादी**-त्यादि । तत्रोपशमः पुद्गलानां सम्यक्त्वचारित्रविघातिनां करणविशेषादनुदयो भस्मपटलाच्छादिताग्निवत्, तेन निर्वृत्तः **औपशमिकः** परिणामोऽध्यवसाय इत्युच्यते । तथा

---

**સમાધાન :** 'એક જ ભાવ-જીવ છે, પણ ઘણા ભાવજીવ નથી.' એવું કોઈ સમજી ન લે તે માટે સ્પષ્ટરૂપે જણાવવા બહુવચનનો પ્રયોગ કરેલો છે. **દા.ત.** જેમ **પુરુષ-કારણવાદીઓ** કહે છે કે, **'पुरुष एव इदं'** આ જે કાંઈ જગતમાં દેખાય છે, તે પુરુષ જ છે'. પુરુષરૂપ જ છે. ઇત્યાદિ. આથી કોઈ એક જ પુરુષ માનનારાઓના મતનો નિષેધ કરવા માટે બહુવચનનું ગ્રહણ કરેલું છે. આમ 'આ જીવો ઘણાબધાં છે' એમ બતાવવા બહુવચનનો પ્રયોગ કરેલો છે, તે સમુચિત જ છે.

ચંદ્રપ્રભા : (**पुरुष एवेदं गिंन सर्वं, यद् भूतं यच्च भाव्यं, उत्ताऽमृतत्वस्य यदन्नेनातिरोहुति, यदेजति, यद् नैजति, यदु दूरे, यदू अन्तिके, यदन्तस्य सर्वस्य, यत् सर्वस्यास्य बाह्यत :** । [**વિશેષાવ૦ ગા૦૧૫૮૦**, આ. હેમચંદ્રસૂરિકૃતવૃત્તિ] **ટીકાર્થ :** જે આ પ્રત્યક્ષ ચેતન-અચેતન વગેરે સર્વ વસ્તુ દેખાય છે તે સર્વ-પુરુષ-આત્મા જ છે. જે ભૂતકાળમાં થઈ ગયું છે, અને જે ભવિષ્યમાં થશે વળી અમૃત = મોક્ષનો સ્વામી છે, જે અન્ન વડે વૃદ્ધિ પામે છે, જે કંપે છે, જે ચાલે છે એવા અશ્વાદિ, જે પર્વતાદિ સ્થિર છે, જે મેઘ વગેરે દૂર છે, જે નજીકમાં છે, સર્વ ચેતન-અચેતનની અંદર અને બહાર રહેલો છે તે સર્વ પુરુષ જ છે. ઇત્યાદિ પ્રકારે આત્માને એક જ માને છે.

પ્રેમપ્રભા : **भावतो जीवाः** । અહીં ભાવ શબ્દથી તૃતીયા-વિભક્તિના અર્થમાં **'तस्'** પ્રત્યય થયો છે. આથી **भावतः = भावैः सह वर्तन्ते, ते भावजीवाः** । ભાવ સાથે જેઓ વર્તે છે, તે 'ભાવજીવો' કહેવાય. **પ્રશ્ન :** તે ભાવો કયા છે, જેની સાથે જીવો વર્તે છે?

**જવાબ :** (૧) ઓપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક અને (૫) પારિણામિક એ પાંચ ભાવો સહિત જીવો હોય છે. તેનો ક્રમશઃ અર્થ આ પ્રમાણે છે-

### ❋ ઓપશમિક વગેરે પાંચ ભાવોનું સ્વરૂપ ❋

**(૧) ઔપશમિક ભાવ :** ઉપશમ વડે ઉત્પન્ન થાય તે ઔપશમિક કહેવાય. આમાં

---

१. पादिषु । ना. मु. ।

ज्ञानादिघातिनां पुद्गलानां य आत्यन्तिकोऽत्ययः स क्षयः, तेन निर्वृत्तोऽध्यवसायः **क्षायिक** उच्यते । तथा ज्ञानादिघातिनां पुद्गलानां क्षयोपशमौ, केचित् क्षीणा:[1] केचिदुपशान्ता इति क्षयोपशमावुच्येते, ताभ्यां निर्वृत्तोऽध्यवसायः **क्षायोपशमिक** इति । ये पुनः पुद्गला गतिकषायादिपरिणामकारिणः तेषामुदयः – अनुभूयमानता या स उदयस्तेन निर्वृत्तोऽध्यवसाय **औदयिक** इति । परिणमनं परिणामो जीवत्वाद्याकारेण यद्भवनं स **पारिणामिकः**, स्वार्थ एव प्रत्ययः । एत एव **भावा** अध्यवसायास्तैर्युक्ता:[2] **औपशमिकादिभावयुक्ता:**[3] । यथा

**'ઉપશમ'** એટલે (i) સમ્યક્ત્વ અને (ii) ચારિત્રનો વિઘાત = નાશ કરનારા કર્મ-પુદ્ગલોનો કરણ - વિશેષથી = પરિણામ - વિશેષથી અનુદય = ઉદયનો અભાવ થવો... આવા ઉપશમ વડે જે ભાવ ઉત્પન્ન થાય તે (અથવા ઉપશમરૂપ ભાવ તે) ઔપશમિક ભાવ (પરિણામ/અધ્યવસાય) કહેવાય. અને ને ભસ્મના પડળથી ઢાંકેલા અગ્નિની જેવો હોય છે અર્થાત્ કર્મોના અનુદયથી (ઉદયના વિઘાત/અભાવથી) અર્થાત્ ઉદય અટકી જતો હોવાથી બહારથી શાંત પણ અંદરથી ભરેલા અગ્નિ જેવો હોય છે. આવા પરિણામથી જે સમ્યક્ત્વ અને ચારિત્ર પ્રાપ્ત થાય તે **'ઔપશમિક'** કહેવાય.

(૨) **ક્ષાયિક :** તથા જ્ઞાનાદિ આત્મગુણોનો ઘાત કરનારા પુદ્ગલોનો (કર્મોનો) જે અત્યંતપણે (સર્વથા) નાશ થવો, તે ક્ષય કહેવાય. આવો ક્ષય થવાથી જાગૃત થયેલો જીવનો અધ્યવસાય તે **'ક્ષાયિક'** ભાવ કહેવાય.

(૩) **ક્ષાયોપશમિક :** તથા જ્ઞાન વગેરે આત્મગુણોનો ઘાત કરનારા કર્મ પુદ્ગલોનો જે ક્ષય અને ઉપશમ, અર્થાત્ કેટલાંક (ઉદયમાં આવેલાં) કર્મોનો ક્ષય કરાય અને કેટલાંક (ઉદયમાં નહીં આવેલાં) કર્મનો ઉપશમ કરાય, આવા ક્ષય અને ઉપશમથી પ્રગટ થયેલા અધ્યવસાય તે **'ક્ષાયોપશમિક'** ભાવ કહેવાય.

(૪) **ઔદયિક :** જે કર્મ પુદ્ગલો ગતિ, કષાય વગેરે પરિણામને (અવસ્થાને) ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે, તેઓનો જે ઉદય = એટલે કે ફળરૂપે અનુભવ કરાતી અવસ્થા, તેનાથી ઉત્પન્ન થયેલ પરિણામ તે **'ઔદાયિક'** ભાવ કહેવાય.

(૫) **પારિણામિક : परिणमनं परिणामः** । પરિણમવું તે પરિણામ, એટલે જીવત્વ આદિ રૂપે/આકારે થવું, તે 'પારિણામિક' કહેવાય. અહીં 'પરિણામ' શબ્દથી 'સ્વાર્થમાં' જ (**इकण्**) પ્રત્યય થયેલો છે. આથી **परिणाम एव पारिणामिकः** જીવત્ત્વ આદિ રૂપે

१. पादिषु । क्षपिताः० मु. । २-३. पादिषु । युक्तः० मु. ।

मनुष्यः कश्चित् पञ्चभिरपि संयुक्तो भवति । तत्कथमिति **चेत्** ? **उच्यते**-कस्यचित् संयतादेरुपशान्तकोपादिकषायस्य औपशमिकः, तस्यैव क्षपितानन्तानुबन्धिमिथ्यादर्शनादेः क्षायिको भावः, तस्यैव क्षीणोपशान्तमतिश्रुताद्यावरणस्य क्षायोपशमिको भावः, तस्यैव मनुष्यगतिपरिणामकारिपुद्गलोदये औदयिको भावः, तस्यैव जीवत्वभव्यत्वादिपरिणामः पारिणामिक इति, एवं देवादीनां यथासम्भवं वाच्याः[1] । **उपयोगलक्षणा** इति साकारानाकारसंविल्लक्षणा इत्यर्थः । ते च नैकरूपाः, किन्तु **संसारिण** इत्यादि । संसारश्चतुर्विध

પરિણમવું, થવું, એ જ પરિણામિક - ભાવ કહેવાય.

## ❋ પાંચે ય ભાવોની એક જ જીવમાં ઘટના ❋

આ ઔપશમિક વગેરે ઉપરોક્ત જે પાંચ ભાવો = અધ્યવસાયો છે, તેનાથી યુક્ત **ભાવ-જીવો** કહેવાય. **દા.ત.** કોઈ મનુષ્ય આ પાંચેય ભાવોથી યુક્ત હોય છે.

**પ્રશ્ન :** આ કેવી રીતે બને ?

**જવાબ :** જુઓ, (i) કોઈ (દેશથી અથવા સર્વથી) સંયત (વિરતિધર) સાધુ વગેરે આત્મા ઉપશાંત થયેલાં ક્રોધ વગેરે કષાયોવાળો હોવાથી તેને **'ઔપશમિક'** ભાવ હોય છે. (ii) વળી તે જ સંયતાદિ આત્માએ અનંતાનુબંધી કષાય અને મિથ્યાદર્શન આદિનો (પુદ્ગલોનો/કર્મનો) સર્વથા ક્ષય કરેલો હોવાથી તેને **'ક્ષાયિક'** ભાવ હોય છે. (iii) વળી તે જ આત્માએ મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણ કર્મોનો કેટલાંકનો ક્ષય અને કેટલાંકનો ઉપશમ કરેલો હોવાથી **'ક્ષાયોપશમિક'** ભાવ ઘટે છે. (iv) વળી તે જ સંયતાદિ આત્માને મનુષ્ય-ગતિ રૂપ પરિણામ પૈદા કરનાર (કર્મ) પુદ્ગલનો ઉદય હોતે છતે **ઔદયિક** ભાવ સંગત થાય છે. (v) વળી તે જ વિરતિધરઆત્માને જીવત્વ, ભવ્યત્વ વગેરે પરિણામ રૂપ **પારિણામિક** ભાવ છે. આમ એક જ મનુષ્યને પાંચેય ભાવો હોઈ શકે છે.

આ પ્રમાણે દેવ વગેરે જીવોને પણ યથાસંભવ પાંચ ભાવો જાણવા, વિચારવા. ભાવ જીવો માટે બીજુ લક્ષણ કહ્યું, **उपयोगलक्षणाः** = ઉપયોગ લક્ષણવાળા હોય છે. અર્થાત્ તેઓ સાકાર (જ્ઞાન) અને અનાકાર (દર્શન)ના સંવેદન રૂપ ઉપયોગ - લક્ષણવાળા હોય છે, એમ અર્થ છે. વળી, તે ભાવ - જીવો એક જ પ્રકારના હોતા નથી, કિંતુ કેટલાંક (૧) **સંસારી** છે. ચાર ગતિ રૂપ ચાર પ્રકારનો સંસાર છે એમ સૂત્ર - ૧/૩ ના ભાષ્યમાં કહેલું છે. આવો સંસાર જેઓને હોય તે જીવો 'સંસારી' કહેવાય. મનુષ્ય વગેરે સંસારી

१. सर्वप्रतिषु । बोध्याः० मु. ।

उक्तः (सू० १-३) स येषामस्ति ते[1] संसारिणो-मनुष्यादयः । **मुक्तास्तु** ज्ञानावरणादिकर्मभिः समस्तैर्मुक्ता एकसमयसिद्धादयः । चशब्दात् सप्रभेदा **द्विधा वक्ष्यन्ते** द्वितीयेऽध्याये (२-१०) ।

**एवं** जीवपदार्थे नामादिन्यासमुपदर्श्य एकत्र दर्शितोऽन्यत्र सुज्ञान एव भवतीत्यतिदिशति- **एवमजीवादिष्वित्यादि** ।

**भा० एवमजीवादिषु सर्वेष्वनुगन्तव्यम् ।**

**अजीवादिषु** इति चोक्तेऽपि पुनः **सर्वेषु** इत्यभिदधद् व्याप्तिं नामादिन्यासस्य दर्शयति । **अनुगन्तव्यं**-नामादिचतुष्टयं दर्शनीयमित्यर्थः । अजीव इति नाम यस्य चेतनस्याचेतनस्य

જીવો છે. બીજા પ્રકારના (૨) **મુક્ત** જીવો છે. જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મોથી મુક્ત, એક સમય વડે સિદ્ધ વગેરે જીવો 'મુક્ત' કહેવાય છે. '**मुक्ताश्च**' એમ **च** શબ્દથી પ્રભેદો = પેટાભેદો સહિત બે પ્રકારના જીવો આગળ બીજા અધ્યાયમાં (સૂત્ર૦ ૨-૧૦ વગેરેમાં) કહેવાશે.

આ પ્રમાણે 'જીવ' પદાર્થને વિષે નામ આદિ ચાર નિક્ષેપને ઉપર બતાવીને, એક ઠેકાણે બતાવેલાં તે અન્ય ઠેકાણે સહેલાઈથી જાણી જ શકાય છે, એવા અભિપ્રાયથી ભાષ્યકાર મહર્ષિ અતિદેશ (ભલામણ) કરે છે.

**ભાષ્ય : આ પ્રમાણે ('જીવ' પદાર્થની જેમ) અજીવ આદિ સર્વ પદાર્થોમાં અનુસરવા યોગ્ય છે. (નામાદિ ચાર દર્શાવવા યોગ્ય છે.)**

**પ્રેમપ્રભા : एवमजीवादिषु०** જીવ પદાર્થમાં જે પ્રમાણે નામાદિનો ન્યાસ-રચના-ઘટના બતાવી છે તેમ અજીવ વગેરે પદાર્થોમાં દર્શાવવી. 'અજીવ' આદિને વિષે એમ કહેવા છતાંય ફરી **सर्वेषु** = સર્વ પદાર્થોમાં એમ કહેતાં એવા ભાષ્યકાર નામાદિ ન્યાસની = નિક્ષપની વ્યાપ્તિ/વ્યાપકતા દર્શાવે છે. અર્થાત્ જે જે પદાર્થો છે તે બધાંયના નામાદિ નિક્ષેપો થાય છે, તેનાથી જાણી શકાય છે... આથી તે સર્વમાં નામાદિ ચાર નિક્ષેપો દર્શાવવા યોગ્ય છે, એમ અર્થ છે.

### ❋ અજીવાદિ તત્ત્વોમાં તેમજ સમ્યગ્દર્શનાદિને વિષે નામાદિ નિક્ષેપો ❋

(૨) **અજીવ તત્ત્વ:** (i) 'અજીવ' એવું નામ જે ચેતન અથવા અચેતનનું કરાય તે નામ-અજીવ. (ii) કાષ્ઠ વગેરેમાં કોતરેલ, રચેલ અજીવને સ્થાપના - અજીવ કહેવાય. (iii)

१. सर्वप्रतिषु । ना. मु. ।

वा क्रियते स नामाजीवः । स्थापनाऽजीवः काष्ठादिन्यस्तः। द्रव्याऽजीवो गुणादिवियुतो बुद्धिस्थापितः । भावाजीवो धर्मादिर्गत्याद्युपग्रहकारीति । नामाऽऽस्रवो यस्यास्रव इति नाम कृतं स नामास्रवः । स्थापनास्रवः काष्ठादिरचितः । द्रव्यास्रवस्तु आत्मसमवेताः पुद्गलाः अनुदिता रागादिपरिणामेन । भावास्रवस्तु[1] त एवोदिताः । द्रव्यबन्धो निगडादिः, भावबन्धः प्रकृत्यादिः । द्रव्यसंवरोऽपिधानं, भावसंवरो गुप्त्यादिपरिणामापन्नो जीवः । द्रव्यनिर्जरा मोक्षाधिकारशून्या व्रीह्यादीनां, भावनिर्जरा कर्मपरिशाटः सम्यग्ज्ञानाद्यु-पदेशानुष्ठानपूर्वकः। द्रव्यमोक्षो निगडादिविप्रयोगः, भावमोक्षः समस्तकर्मक्षयलाञ्छनः । तथा द्रव्यसम्यग्दर्शनं

ગુણાદિથી રહિત (ભિન્ન) તરીકે બુદ્ધિ વડે સ્થાપિત અર્થાત્ કલ્પિત જે અજીવ, તે **દ્રવ્ય-અજીવ** કહેવાય તથા (iv) ગતિ વગેરે કરવામાં ઉપકારક = સહાયક એવા ધર્માસ્તિકાય વગેરે **ભાવ-અજીવ** કહેવાય.

(૩) **આશ્રવ-તત્ત્વ :** (i) જે વસ્તુનું 'આશ્રવ' એવું નામ રાખેલું હોય તે **નામ-આશ્રવ** કહેવાય. (ii) કાષ્ઠ વગેરેમાં રચેલ હોય તે **સ્થાપના-આશ્રવ** (iii) આત્મામાં રાગાદિ પરિણામથી સમવેત = એકમેકરૂપે સંબંધ પામેલાં, ઉદયમાં નહીં આવેલાં કર્મના પુદ્ગલો તે **દ્રવ્ય-આશ્રવ** કહેવાય. (iv) તે જ આત્મગત પુદ્ગલો ઉદયમાં આવેલાં હોય ત્યારે ભાવ-આશ્રવ કહેવાય.

(૪) **બંધ-તત્ત્વ :** બંધ વગેરેના (i) નામ તથા (ii) સ્થાપના નિક્ષેપો અજીવ પ્રમાણે સર્વત્ર સમજી લેવા. (જેમ કે, 'બંધ' એવું જેનું નામ હોય તે નામ-બંધ અને કાષ્ઠ આદિમાં બંધની રચના તે સ્થાપના-બંધ. સરળ અને સમાન હોવાથી ટીકાકારે જણાવેલ નથી.) (iii) બેડી વગેરેનું બંધન તે **દ્રવ્યબંધ** કહેવાય. (iv) પ્રકૃતિ વગેરે રૂપે (ચાર પ્રકારે) કર્મનો બંધ તે **ભાવ-બંધ** કહેવાય.

(૫) **સંવર-તત્ત્વ :** ((i) નામ, (ii) સ્થાપના પૂર્વવત્) (iii) ઢાંકણ વગેરેથી ઢાંકવું તે **દ્રવ્ય-સંવર** અને (iv) ગુપ્તિ વગેરે પરિણામથી યુક્ત આત્મા તે **ભાવ-સંવર** કહેવાય.

(૬) **નિર્જરા-તત્ત્વ :** (નામ-સ્થાપના પૂર્વવત્) (iii) મોક્ષના અધિકારથી શૂન્ય ડાંગર વગેરેનું છૂટું પડવું તે **દ્રવ્ય-નિર્જરા** અને (iv) સમ્યગ્જ્ઞાન આદિ ઉપદેશ અનુસારે અનુષ્ઠાનપૂર્વક/આચરણપૂર્વક જે કર્મનું ખરવું, નાશ તે **ભાવ-નિર્જરા** કહેવાય.

(૭) **મોક્ષ-તત્ત્વ :** ((i) નામ, (ii) સ્થાપના પૂર્વવત્) (iii) બેડી વગેરેથી મુક્ત થવું, છૂટા થવું તે દ્રવ્ય મોક્ષ અને (iv) સમસ્ત કર્મનો નાશ થવો તે **ભાવ-મોક્ષ** કહેવાય.

१. सर्वप्रतिषु । स्रवास्तु० मु. ।

ये मिथ्यादर्शनपुद्गला भव्यस्य सम्यग्दर्शनतया शुद्धिं प्रतिपत्स्यन्ते तद् द्रव्यसम्यग्दर्शनम्, ते[1] एव विशुद्धा आत्मपरिणामापन्ना भावसम्यग्दर्शनम् । तथा द्रव्यज्ञानमनुपयुक्तावस्था, भावज्ञानमुपयोगपरिणतिविशेषावस्था । द्रव्यचारित्रमभव्यस्य भव्यस्य वाऽनुपयुक्तस्य, उपयुक्तस्य क्रियानुष्ठानमागमपूर्वकं भावचारित्रमिति ।

येऽपि चैषां[2] जीवादीनां सामान्यशब्दास्तेष्वपि अस्य नामादिचतुष्टयस्यावतार इति कथयन्नाह- **पर्यायान्तरेणपी**त्यादि ।

**भा० पर्यायान्तरेणापि नामद्रव्यं, स्थापनाद्रव्यं, द्रव्यद्रव्यं, भावतो द्रव्यमिति ।**

---

આમ સાતેય તત્ત્વોમાં નામાદિ નિક્ષેપની વિચારણા કરી. હવે, સમ્યગ્દર્શનાદિ ત્રણ પ્રકારના મોક્ષમાર્ગમાં નામાદિ નિક્ષેપને ઘટાવે છે.

(૧) **સમ્યગ્દર્શન :** ((i) કોઈ જીવ કે સજીવનું સમ્યગ્દર્શન અથવા સમકિત એવું નામ રાખ્યું હોય તે **નામ-સમ્યગ્દર્શન** (સમકિત) કહેવાય. તથા (ii) તેની કાષ્ઠાદિમાં રચના કરી હોય તે **સ્થાપના-સમ્યગ્દર્શન** કહેવાય.) તથા (iii) ભવ્ય (મોક્ષ-ગમનને યોગ્ય) જીવના જે મિથ્યાદર્શનના પુદ્ગલો (મિથ્યાત્વ મોહનીયકર્મો) કે જે સમ્યગ્દર્શન રૂપે શુદ્ધિને પ્રાપ્ત કરશે તે **દ્રવ્ય-સમ્યગ્દર્શન** અને (iv) આ જ પુદ્ગલો વિશુદ્ધ થયેલાં છતાં આત્માના પરિણામ રૂપે બને ત્યારે **ભાવ-સમ્યગ્દર્શન** કહેવાય.

(૨) **સમ્યગ્જ્ઞાન :** ((i) (ii) નામ-સ્થાપના પૂર્વવત્) તથા (iii) ઉપયોગ રહિત અવસ્થા તે **દ્રવ્યજ્ઞાન** અને (iv) ઉપયોગરૂપે પરિણતિની વિશેષ અવસ્થા તે **ભાવજ્ઞાન** કહેવાય.

(૩) **સમ્યગ્ચારિત્ર :** ((i) (ii) નામ-સ્થાપના પૂર્વવત્) (iii) અભવ્યનું ચારિત્ર અથવા ઉપયોગ-રહિત ભવ્યનું ચારિત્ર તે **દ્રવ્યચારિત્ર** અને (iv) ઉપયોગવાળા (ઉપયુક્ત) જીવની આગમપૂર્વકની ક્રિયા = આચરણ તે **ભાવચારિત્ર** કહેવાય. (અહીં સર્વત્ર નામ-સ્થાપના નિક્ષેપ સુગમ હોવાથી કહેલા નથી એમ જાણવું.)

## ❋ 'દ્રવ્ય' પદાર્થમાં નામાદિ નિક્ષેપનું અવતરણ ❋

હવે આ જીવ વગેરે પદાર્થોના સામાન્યથી વાચક શબ્દો છે, તેને વિષે પણ આ 'નામ' આદિ ચાર નિક્ષેપનું અવતરણ થાય છે, એમ જણાવતાં ભાષ્યકાર આગળની વાત કરે છે.

**ભાષ્ય : બીજા પર્યાય = સમાનાર્થી શબ્દો વડે પણ (આ નામાદિ ચારનો ન્યાસ કરવો.**

---

१. पादिषु । एते० मु. । २. पू. । येषां० मु. ।

**यस्य जीवस्याजीवस्य वा नाम क्रियते द्रव्यमिति तन्नामद्रव्यम् । यत् काष्ठपुस्त-चित्रकर्माक्षनिक्षेपादिषु स्थाप्यते द्रव्यमिति तत् स्थापनाद्रव्यम्, देवताप्रतिकृतिवदिन्द्रो रुद्रः स्कन्दो विष्णुरिति । द्रव्यद्रव्यं नाम गुणपर्यायवियुक्तं प्रज्ञास्थापितं धर्मादीनाम-न्यतमत्। शून्यो वा[१]ऽयं विकल्पः ।**

प्रधानशब्दस्य तदर्थशब्दान्तराणि **पर्यायाः**, पर्यायादन्यः पर्यायः पर्यायान्तरं, तेनाप्यस्य चतुष्टयस्य न्यासः कार्यः, तदाह-**नामद्रव्यं** इत्यादि । एतद् भाष्यं नामादिजीवव्याख्यानेन भावितमेव यावत् केचिदप्याहुरिति । तथाप्यशून्यार्थमुच्यते-**नामद्रव्यं** यस्य चेतनावतोऽचेतनस्य

**જેમ કે), (૧) નામદ્રવ્ય (૨) સ્થાપનાદ્રવ્ય (૩) દ્રવ્યદ્રવ્ય અને ભાવદ્રવ્ય એમ નિક્ષેપાઓ થાય છે. (તેમાં) (i) જે જીવ કે અજીવનું 'દ્રવ્ય' એવું નામ કરાય તે નામ-દ્રવ્ય કહેવાય. (ii) કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ તથા અક્ષનિક્ષેપ(રચના) આદિને વિષે જે 'દ્રવ્ય' તરીકે સ્થપાય તે સ્થાપના-દ્રવ્ય કહેવાય. દેવની પ્રતિમા (બિંબ) એ ઇન્દ્ર, રુદ્ર, સ્કંદકુમાર, વિષ્ણુ એમ કહેવાય છે, તેની જેમ... (iii) બુદ્ધિથી કલ્પિત (કલ્પના વડે) ગુણ અને પર્યાયથી રહિત, ધર્માસ્તિકાય આદિ પૈકી કોઈ પણ એક દ્રવ્ય. તે દ્રવ્ય-દ્રવ્ય કહેવાય. અથવા આ વિકલ્પને શૂન્ય/ખાલી સમજવો.**

**પ્રેમપ્રભા :** પૂર્વોક્ત 'જીવ' વગેરે શબ્દોના જે સામાન્ય-વાચક શબ્દો છે, તેમાં પણ નામ વગેરે ચાર ભેદોનો/નિક્ષેપનો અવતાર/ઘટના થાય છે, આ વાત જણાવતાં ભાષ્યમાં કહે છે - બીજા પર્યાય શબ્દના પણ નામાદિ ચાર નિક્ષેપા થાય છે. (જીવ, અજીવ, આશ્રવ વગેરે પદાર્થોનો વાચક છે 'દ્રવ્ય' શબ્દ. આથી જીવ આદિ એ વિશેષ શબ્દ છે અને 'દ્રવ્ય' એ તેઓનો સામાન્યથી વાચક પર્યાય-શબ્દ છે. જે પ્રધાન શબ્દ હોય, તેના તે જ અર્થવાળા અર્થાત્ સમાનાર્થવાળા બીજા શબ્દો હોય તે **પર્યાય-શબ્દ** કહેવાય. પર્યાયથી અન્ય જે પર્યાય, તે પર્યાયાન્તર (અન્ય પર્યાય) કહેવાય, તેના વડે પણ અર્થાત્ તેના વિષે પણ આ નામાદિ ચાર પ્રકારનો ન્યાસ/નિક્ષેપ કરવા યોગ્ય છે. પ્રસ્તુતમાં જીવાદિના પર્યાય શબ્દોથી અન્ય પર્યાય તરીકે જીવાદિ સામાન્યનો વાચક 'દ્રવ્ય' પદાર્થ છે. ભાષ્યકાર ભગવંતે તેના નામાદિ નિક્ષેપ જણાવેલ છે. **नामद्रव्यं०** ઇત્યાદિ...

આ નામદ્રવ્ય વગેરે દ્રવ્યના નિક્ષેપને જણાવતાં ભાષ્યથી માંડીને **केचिदप्याहुः** (= કેટલાંક આચાર્યો કહે છે કે) ત્યાં સુધીના ભાષ્યની વ્યાખ્યા પૂર્વે નામજીવ વગેરે નિક્ષેપની વ્યાખ્યા કરવાના અવસારે વિચારણા કરેલી જ છે. (અર્થાત્ તે પ્રમાણે જ અહીં વ્યાખ્યા કરવી.) તો પણ વ્યાખ્યાનું સ્થાન ખાલી ન રહે તે માટે અહીં (સંક્ષેપથી) વ્યાખ્યા કહેવાય છે.

१. टीकानु० । शून्योऽयं० मु. ।

वा द्रव्यमिति नाम क्रियते । यत् पुनः **स्थाप्यते** काष्ठादिषु तत् **स्थापनाद्रव्यं** विशिष्टाकारमिति । **द्रव्यद्रव्यमिति** उभाभ्यां द्रव्यशब्दाभ्यां गुणादिभ्यो निष्कृष्य द्रव्यमात्रे स्थाप्यते । एतदेवाह- **गुणपर्यायवियुक्तं** इत्यादिना । तैर्विरहितं, न च परमार्थतः शक्यन्ते तेऽपनेतुं, तत्स्वभावत्वाद्, अतः **प्रज्ञास्थापित**मित्याह । तच्चान्यस्याभावात् षष्ठस्य प्रसिद्धमेव[1] कथयति- **धर्मादीनामन्यतम**दिति । यद्यदेवं[2] विवक्षितुं इष्यते तत् तदेषां मध्ये ग्राह्यं नात्र नियम

(૧) **નામ દ્રવ્ય :** ચેતનાવાળા કે અચેતન પદાર્થનું જે 'દ્રવ્ય' એવું નામ કરાય, સ્થપાય તે 'નામ-દ્રવ્ય' કહેવાય અને (૨) **સ્થાપના-દ્રવ્ય :** કાષ્ઠ આદિમાં જે વિશિષ્ટ આકારવાળા દ્રવ્યનું સ્થાપન કરાય તે 'સ્થાપના-દ્રવ્ય' કહેવાય. (૩) **દ્રવ્ય-દ્રવ્ય :** આ બે ય 'દ્રવ્ય' શબ્દથી દ્રવ્યને ગુણ વગેરેથી છૂટાં પાડીને દ્રવ્ય માત્રમાં સ્થાપિત કરાય છે. (અર્થાત્ ગુણ-પર્યાયમય દ્રવ્યને ફક્ત દ્રવ્યમાં નિયંત્રિત કરાય છે.) આ હકીકત જણાવતાં ભાષ્યમાં કહે છે - **ગુણપર્યાયવિયુક્તં**૦ વગેરે. આમ પ્રજ્ઞા વડે (બુદ્ધિથી) કલ્પિત એવા ગુણ અને પર્યાયથી રહિત એવા ધર્માસ્તિકાય આદિ કોઈ પણ પદાર્થ = દ્રવ્ય એ દ્રવ્યથી દ્રવ્ય = 'દ્રવ્ય-દ્રવ્ય' કહેવાય છે. એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે.

આમાં ગુણપર્યાયથી રહિત એમ કહ્યું, પણ પરમાર્થથી = વાસ્તવિક રીતે તો ગુણપર્યાયોને દ્રવ્યથી જુદા કરી શકાતા નથી, કારણ કે ગુણ-પર્યાય એ દ્રવ્યનો સ્વભાવ છે. આથી **'પ્રજ્ઞા-સ્થાપિત'** = બુદ્ધિથી કલ્પિત ગુણપર્યાયથી રહિતપણું કહેલું છે. વળી તેવો (ગુણપર્યાયરૂપ) સ્વભાવ અન્ય કોઈ છઠ્ઠા દ્રવ્યનો ન હોવાથી 'ધર્માસ્તિકાય આદિ (પાંચ) દ્રવ્ય પૈકી કોઈપણ' (એ દ્રવ્યદ્રવ્ય છે) એમ કહેલું છે.

**ચંદ્રપ્રભા :** આમ તો 'કાળ' એ છઠ્ઠું દ્રવ્ય છે, માટે 'ષડ્દ્રવ્ય' કહેવાય છે. પરંતુ પ્રસ્તુત ગ્રંથના રચયિતા શ્રી ઉમાસ્વાતિ મહારાજા 'કાળ' દ્રવ્યને અન્ય પાંચ દ્રવ્યોથી અલગ માનતા નથી, પરંતુ અન્ય દ્રવ્યોમાં જ તેનો અંતર્ભાવ કરે છે, આ હકીકત પાંચમાં અધ્યાયમાં જણાવાશે. આથી જ **કાલશ્ચેત્યેકે** એ પ્રમાણે સૂત્ર [૫-૩૮]માં **एके** = અન્ય કેટલાંક આચાર્યોના મતે 'કાળ' પણ દ્રવ્ય છે' એમ મતાંતર રૂપે જણાવેલું છે.

**પ્રેમપ્રભા :** હવે ઉપર દ્રવ્ય-દ્રવ્ય ત્રીજો ભાંગો કહ્યો, તેમાં પરમાર્થથી જોઈએ તો ગુણ-પર્યાયથી રહિત દ્રવ્ય સંભવતું ન હોવાથી તેમાં અસ્વરસ જણાવતાં કહે છે, જે જે આ પ્રમાણે નામાદિ રૂપે વિવક્ષા કરવાને ઈષ્ટ હોય અર્થાત્ વિરોધ ન આવે તે રીતે કહી શકાતું હોય તે તે પદાર્થને આ નામાદિ મધ્યે ગ્રહણ કરવા, પણ દરેકના નામાદિ કરવા જ એવો

१. सर्वप्रतिषु । मेव तदेव० मु. अधिकः । २. पू. ला. लि. । देव० मु. ।

इत्येतत् कथयति-**शून्यो वाऽयं विकल्प** इति । पूर्ववत्प्रयोगतो भावना कार्या, एष तावत् तृतीयविकल्पे ग्रन्थकाराभिप्रायः ।

**अपरे** तु कथयन्ति विकल्पं तृतीयमन्यथा, तदाह-**केचिदप्याहुः** इत्यादि ।

**भा० केचिदप्याहुः-यद् द्रव्यतो द्रव्यं भवति तच्च पुद्गलद्रव्यमेवेति प्रत्येतव्यम् । अणवः स्कन्धाश्च, सङ्घातभेदेभ्य उत्पद्यन्त इति वक्ष्यामः (५-२५, २६) । भावतो द्रव्याणि धर्मादीनि सगुणपर्यायाणि प्राप्तिलक्षणानि वक्ष्यन्ते (५-३७) ।**

---

નિયમ = એકાંતે આગ્રહ નથી. આવા આશયથી ભાષ્યમાં કહે છે, **शून्यो वाऽयं विकल्पः ।** અથવા આ 'દ્રવ્ય-દ્રવ્ય' એવો વિકલ્પ/ભંગ શૂન્ય જાણવો. અર્થાત્ 'દ્રવ્ય' પદાર્થમાં તે ઘટતો નથી, એમ સમજવું.

આની પૂર્વની જેમ પ્રયોગ વડે ભાવના કરવી.

**ચંદ્રપ્રભા :** તે આ પ્રમાણે - જે વસ્તુ હમણાં ગુણ-પર્યાયથી રહિત તરીકે હોવાથી દ્રવ્ય રૂપે ન હોય અને આગામી કાળે દ્રવ્ય રૂપે બનશે અર્થાત્ દ્રવ્યપણું પ્રાપ્ત કરશે એમ સ્વીકારાય તે 'દ્રવ્ય-દ્રવ્ય' કહેવાય. પણ આમ માનવા જતાં જે અત્યારે દ્રવ્ય રૂપે વર્તે છે એ જ વસ્તુ ભવિષ્યમાં અદ્રવ્યપણાને = અભાવને પામશે એમ પણ તમારે માનવું પડશે. આમ કહેવામાં સિદ્ધાંત સાથે વિરોધ આવશે. કારણ કે સિદ્ધાંતમાં દ્રવ્યમાત્રને નિત્ય = અનાદિ-અનંત કહેલાં છે. કોઈ પણ દ્રવ્ય ક્યારેય પણ સર્વથા નાશ પામતું નથી ફક્ત તેના પર્યાયો = અવસ્થાઓ બદલાય છે, પણ ગુણપર્યાયવાળા રૂપ તેનો સ્વભાવ નષ્ટ થતો નથી. આમ ગુણ-પર્યાયથી રહિત દ્રવ્યનો સંભવ ન હોવાથી તેમ માનવાથી જ ઘટતો એવો દ્રવ્ય-દ્રવ્ય ભાંગો ખાલી છે, તેને કરવા જતાં સિદ્ધાંત સાથે વિરોધ આવવાથી તે ભાંગો ન કરવો.

**પ્રેમપ્રભા :** ત્રીજા વિકલ્પ સંબંધી આ અભિપ્રાય ગ્રંથકાર **શ્રી ઉમાસ્વાતિજી** મહારાજાનો છે.

બીજા આચાર્ય આ ત્રીજા વિકલ્પને અન્ય રીતે ઘટાવે છે -તે કહે છે - **केचिदप्याहुः ।**

**ભાષ્ય : બીજા આચાર્ય (જુદી રીતે આ ભાંગાને ઘટાવતાં) કહે છે, દ્રવ્યથી જે દ્રવ્ય થાય, તે દ્રવ્ય-દ્રવ્ય કહેવાય. અને તે પુદ્ગલદ્રવ્ય જ છે, એમ જાણવું. આ હકીકતને અમે 'अणवः स्कन्धाश्च' [સૂ. ૫/૨૫] અને सङ्घात-भेदेभ्य उत्पद्यन्ते [સૂ. ૫/૨૬] એ પ્રમાણે કહીશું.**

**ગુણ-પર્યાયથી સહિત પ્રાપ્તિ (પરિણામ) લક્ષણવાળા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો છે, તે ભાવથી દ્રવ્ય (ભાવ-દ્રવ્ય) છે અને તે આગળ કહેવાશે.**

---

१. ख. पू. । शून्योऽयं० मु. ।

केचित् पुनर्ब्रुवते यदित्यणुकादि **द्रव्यतो द्रव्यं** च[1] इति तृतीयार्थे पञ्चम्यर्थे वा तसिरुत्पाद्यः । द्रव्यैः सम्भूय यत् क्रियते, यथा बहुभिः परमाणुभिः सम्भूय स्कन्धस्त्रिप्रदेशिकादिरारभ्यते तद् **द्रव्यद्रव्यम्** । अथवा यद् द्रव्यात् तस्मादेव स्कन्धात् त्रिप्रदेशिकादेर्यदैकः परमाणुः पृथग्भूतो भवति तदा तस्माद् भिद्यमानात् त्रिप्रदेशिकात् स्कन्धात् परमाणुश्च निष्पद्यते द्विप्रदेशिकश्च स्कन्ध इति, स परमाणुरपि द्रव्यद्रव्यं द्विप्रदेशिकोऽपि द्रव्यद्रव्यं भवतीति । तच्चैतद् द्रव्यद्रव्यं **पुद्गलद्रव्य[2]मेव भवतीति प्रत्येतव्यम्**। न हि जीवादिद्रव्यमन्यैः सम्भूयारभ्यते, न चान्यस्मात् भिद्यमानात् तन्निष्पद्यत इति । परमाणवस्तु सम्भूयान्यदारभन्ते, [3]अतश्च निष्पद्यन्त इति । यतः पञ्चमेऽध्यायेऽभिधास्यते **अणवः स्कन्धाः** (५-२५) इत्यादि, **अणवः** परमाणवः, **स्कन्धाः** द्विप्रदेशिकादयः, सङ्घातात् स्कन्धा भेदादणवो निष्पद्यन्त इति । भावद्रव्यमिति चैकं विन्यस्य **भावतो द्रव्याणि** बहून्युपक्षिपतः

### ❋ દ્રવ્યમાંથી સંઘાત અને ભેદ વડે દ્રવ્ય ઉત્પન્ન થાય ❋

**પ્રેમપ્રભા :** વળી કેટલાંક **આચાર્ય** કહે છે કે **द्रव्यतो द्रव्यम्** = જે દ્રવ્ય વડે અથવા દ્રવ્યમાંથી થયેલ (અણુ વગેરે) દ્રવ્ય તે **દ્રવ્ય-દ્રવ્ય** કહેવાય. **द्रव्यतः** અહીં તૃતીયા અથવા પંચમી વિભક્તિના અર્થમાં **तस्** પ્રત્યય જાણવો. તેમાં તૃતીયાપક્ષે અર્થ જણાવે છે - ઘણા દ્રવ્યો વડે ભેગા મળીને જે દ્રવ્ય કરાય, જેમ કે, ઘણા પરમાણુઓ વડે ભેગા મળીને જે ત્રિપ્રદેશિક = ત્રણ પ્રદેશવાળા વગેરે સ્કંધો રચાય/બનાવાય છે, તે **દ્રવ્ય-દ્રવ્ય** કહેવાય. અથવા (પંચમી-પક્ષે) તે જ ત્રિપ્રદેશિક વગેરે સ્કંધમાંથી જ્યારે એક પરમાણુ છૂટો પડે છે, ત્યારે જુદાં પડેલાં તે ત્રણ પ્રદેશવાળા સ્કંધમાંથી એક પરમાણુ અને બે-પ્રદેશવાળો સ્કંધ ઉત્પન્ન થાય છે, તે પરમાણુ પણ દ્રવ્ય-દ્રવ્ય કહેવાય અને બે-પ્રદેશવાળો સ્કંધ પણ દ્રવ્ય-દ્રવ્ય કહેવાય. અને આ પ્રમાણે ઉત્પન્ન થતું 'દ્રવ્યદ્રવ્ય' એ પુદ્ગલ દ્રવ્ય જ છે એમ જાણવું, કારણ કે બીજા જીવાદિ દ્રવ્યો એ અન્ય કોઈ વસ્તુથી ભેગા મળીને કરાતાં નથી, બનતાં નથી અને અન્ય વસ્તુઓનો ભેદ થવાથી પણ ઉત્પન્ન થતાં નથી. જ્યારે, પરમાણુઓ તો ભેગાં મળીને બીજી વસ્તુને ઉત્પન્ન કરે છે અને તે જ ઉત્પન્ન થયેલ વસ્તુનો ભેદ થવાથી પાછા (પરમાણુઓ) ઉત્પન્ન થાય છે, કારણ કે, પાંચમાં અધ્યાયમાં **अणवः स्कन्धाश्च = [સૂ. ૫/૨૫]** ઇત્યાદિ સૂત્રમાં વિધાન કરાશે કે, અણુઓ = એટલે પરમાણુઓ અને સ્કંધો = એટલે દ્વિ-પ્રદેશવાળા વગેરે પુદ્ગલો, તેઓનો સંઘાત થવાથી = સમૂહ રૂપે (ભેગા)થવાથી સ્કંધો બને છે અને સ્કંધોનો ભેદ થવાથી તેમાંથી પરમાણુઓ જન્મે છે.

१. पादिषु । ना. मु. । २. पू. । द्रव्य० ना. मु. । ३. पू. । ततः० मु ।

**अयमभिप्रायः**-अन्याभिमतं यदेकं विश्वस्य जगतः कारणं **ब्रह्मादि** तदपास्यते, बहून्येतानि स्वत एव सत्तां दधतीति प्रतिपादयति । कानि च तानि ? **धर्मादीनि** पञ्च, **सगुणपर्यायाणि** इति, गत्याद्यगुरुलघुप्रभृति-पर्यायभाञ्जीति । **एतत् स्याद्,** यद्येन धर्मेण समन्वितं तं धर्मं न कदाचित् तद् जहाति, तेन सदान्वितमास्ते इति, **एतच्च न, प्राप्तिलक्षणानि**-परिणामलक्षणानीति यावत्, अन्यानयांश्च धर्मान् प्रतिपद्यन्त इति, जीवास्तावद् देवमनुजादीन्, पुद्गलाः कृष्णादीन्, धर्मादयः पुनस्त्रयः परतोऽन्यानन्यांश्च प्राप्नुवन्ति । यतोऽन्यस्मिन् गच्छति

ગુણ-પર્યાય સહિત પ્રાપ્તિ લક્ષણવાળા ધર્માસ્તિકાયાદિ એ ભાવથી દ્રવ્ય છે, એમ ભાષ્યમાં કહ્યું, તેમાં કોઈ શંકા કરે છે.

**શંકા :** '**भवतो द्रव्यम्**' એમ પૂર્વે એકવચન વડે ઉલ્લેખ કરીને પછી તેનું વિવરણ કરતી વખતે '**भावतो द्रव्याणि**' એમ ઘણા ભાવ-દ્રવ્યોનો સંગ્રહ કરતાં એવા **ભાષ્યકારનો અભિપ્રાય** આ પ્રમાણે છે કે, આ બહુવચનના પ્રયોગ વડે અન્ય દાર્શનિકો વડે સમસ્ત વિશ્વનું જે એક જ બ્રહ્માદિ કારણ માનેલું છે, તેનું નિરાકરણ/નિષેધ થાય છે. અને ઘણા દ્રવ્યો છે, તે સ્વતઃ - આપમેળે જ પોતાની સત્તાને/અસ્તિત્વને ધારણ કરે છે, એમ જણાવે છે.

**પ્રશ્ન :** એ કયા દ્રવ્યો છે ? **જવાબ :** ધર્માસ્તિકાય વગેરે પાંચ છે અને તે ગુણપર્યાયથી સહિત છે, અર્થાત્ ગતિ-સહાયકતા વગેરે ગુણોથી તથા અગુરુલઘુ વગેરે ગુણ અને પર્યાયોથી યુક્ત છે. (અહીં કોઈ શંકા ઉઠાવે છે, **एतत् स्यात्**)

**શંકા :** જે વસ્તુ (દ્રવ્ય) જે ધર્મથી યુક્ત હોય, તે દ્રવ્ય તે ધર્મને ક્યારેય પણ છોડતું નથી, પણ હંમેશાં તે ધર્મથી યુક્ત જ રહે છે.

**સમાધાન :** એવું નથી... **प्राप्तिलक्षणानि** = પ્રાપ્તિરૂપ = પરિણામરૂપ લક્ષણવાળા આ ધર્મો = ગુણ અને પર્યાયો હોય છે. (અહીં પ્રાપ્તિનો અર્થ 'પરિણામ' કરેલો છે. પરિણામ એટલે અવસ્થા અને તે બદલાતી રહે છે માટે સદા એક જ ધર્મથી યુક્ત ન કહેવાય. આ હકીકતની જ ટીકામાં સ્પષ્ટતા કરે છે.) એટલે કે તે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય બીજા બીજા ગુણ-પર્યાય રૂપે ધર્મોનો સ્વીકાર કરે છે, પ્રાપ્ત કરે છે. તે આ રીતે - (૧) જીવો દેવ, મનુષ્ય વગેરે રૂપ અન્ય અન્ય ધર્મોને પ્રાપ્ત કરે છે. (૨) પુદ્ગલો કૃષ્ણ વર્ણ વગેરે અને (૩-૪-૫) ધર્માસ્તિકાય વગેરે ત્રણ પર-નિમિત્તથી (ઉપાધિ-હેતુક) અન્ય અન્ય ધર્મોને (ગુણ-પર્યાયોને) પ્રાપ્ત કરે છે.

तिष्ठति अवगाहमाने वा जीवे पुद्गले वा गमनादिपरिणामस्तेषामुपचर्यते, अतो हि प्राप्तिलक्षणानि वक्ष्यन्ते ।

### * ઉપચારથી ધર્માસ્તિકાય વગેરેમાં પણ ગુણ-પર્યાયની ઉત્પત્તિ-વિનાશ *

ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો જો કે એક અને નિત્ય દ્રવ્ય છે, તેથી તેના (સ્વાભાવિક) ગુણ-પર્યાયો પણ નિત્ય જ છે. છતાં ઉપચારથી તેઓમાં પણ ગુણ-પર્યાયની પ્રાપ્તિ કહેવી શક્ય છે. કેમ કે આ ધર્માદિથી અન્ય દ્રવ્યો = જીવ અથવા પુદ્ગલો જ્યારે ગતિ કરે છે અથવા સ્થિર થાય, (સ્થિતિ કરે છે) અથવા (આકાશ-ક્ષેત્રમાં) અવગાહન કરે છે ત્યારે તે જીવ-પુદ્ગલ દ્રવ્યોના ગમન, સ્થિતિ અને અવગાહન રૂપ પર્યાયોનો તેમાં (ગમનાદિમાં) સહાયક બનનાર ક્રમશઃ ધર્માસ્તિકાયદિ ત્રણ દ્રવ્યોમાં હોવાનો **ઉપચાર** કરાય છે. અર્થાત્ ઉપચારથી તે ગમન-અવસ્થાન-અવગાહન રૂપ ધર્મો (પર્યાયો) ક્રમશઃ ધર્મ-અધર્મ-આકાશ રૂપ ત્રણ અસ્તિકાયોમાં છે, એવી વિવક્ષા કરાય છે. આથી ધર્માસ્તિકાયાદિ ત્રણના ધર્મો (ગુણ-પર્યાયો) પણ પ્રાપ્તિ-લક્ષણવાળા છે. અર્થાત્ નિત્ય નથી પણ ફેરફાર/બદલાવના અવકાશવાળા છે.

**ચંદ્રપ્રભા :** દા.ત. જ્યાં ઘડો પડેલો છે, તે આકાશ-પ્રદેશ કહેવાય. તે આકાશ પ્રદેશમાં ઘટને અવકાશ આપવાનો પર્યાય ઉત્પન્ન થયો, એમ કહેવાય. હવે તે ઘડાને કોઈ માણસ અન્ય ઠેકાણે લઈ જાય ત્યારે મૂળ-સ્થાનમાં ઘટને અવકાશ આપવાનો પર્યાય નષ્ટ થાય છે. પરંતુ જે અન્ય-સ્થાનમાં ઘડો લઈ જવાયો, તે આકાશ-ક્ષેત્રમાં ઘડાને અવકાશ આપવાનો નવો ગુણ પેદા થાય છે. હવે જ્યારે મૂળ સ્થાનેથી ઘડો અન્ય સ્થાને લઈ જવાયો, ત્યારે ત્યાં રહેલ ધર્માસ્તિકાય દ્રવ્યમાં ઘડા સંબંધી ગતિ-સહાયક પર્યાય ઉત્પન્ન થયો જ્યારે તે ઘડો અન્ય સ્થાને પહોંચ્યો, અર્થાત્ ગતિનો વિરામ થયો, ત્યારે ધર્માસ્તિકાયમાં તે ગતિ-સહાયક પર્યાય નાશ પામ્યો. જ્યારે તે ઘડો અન્ય સ્થાને સ્થિર થયો, ત્યારે તેમાં સહાયક બનનાર અધર્માસ્તિકાય-દ્રવ્યમાં ઘટ-સંબંધી સ્થિતિ-સહાયકતા પર્યાય પેદા થયો. અને ત્યાં રહેલ આકાશમાં વળી ઘડાને અવકાશ આપવાનો પર્યાય ઉત્પન્ન થયો. આમ પટ વગેરે સંબંધી પણ સમજવું તથા જીવ વગેરેના પણ હલન-ચલન સ્થિર થવું વગેરેમાં સહાય બનનાર તે તે ઠેકાણે રહેલ ધર્માસ્તિકાય વગેરેમાં ગતિ-સહાયકતા વગેરે પર્યાયની ઉત્પત્તિ અને ગતિ વગેરેનો વિરામ થતાં ગતિ-સહાયકતા વગેરે પર્યાયનો નાશ વગેરે થાય છે એમ ઉપચારથી કહેવું. અર્થાત્ વસ્તુતઃ તો ગતિ વગેરે જીવ અને પુદ્ગલમાં જ થાય છે, પરંતુ ઉપચારથી તેમાં સહાયક નિમિત્ત માત્ર બનનાર (ત્યાં રહેલા) ધર્માસ્તિકાયમાં પણ તે તે ગતિ-સહાયતા વગેરે પર્યાય ઉત્પન્ન થયા એમ કહેવાય છે. આ રીતે તો ધર્માસ્તિકાય વગેરે ચૌદ

अथवा भावद्रव्यमिति, द्रव्यार्थ उपयुक्तो जीवो भावद्रव्यमुच्यते, एतद् वा कथयत्यनेन भाष्येण **आगमतश्चे**त्यादिना । अथवा प्राप्तिलक्षणानीति यदुक्तं सा न स्वमनीषिका, यत आगमे आप्त एवमुपदिदेश-प्राप्तिलक्षणान्येतानि, कथमिति **चेत्** ? तदाह-**आगमतश्चे**त्यादि।

રાજલોકમાં વ્યાપ્ત હોવાથી તેમાં અનંતા જીવ અને પુદ્ગલોની પતિક્ષણ થતી ગતિ, સ્થિતિ અને અવગાહનના આધારે ધર્માસ્તિકાય વગેરે ત્રણ દ્રવ્યોમાં અનંતા પર્યાયોની ઉત્પત્તિ અને નાશ કહી શકાય છે, એમ જાણવું.

જે વસ્તુ જ્યાં હોય ત્યાં જ કહેવી તેને વાસ્તવિકતા = પરમાર્થ-દૃષ્ટિ અથવા તાત્ત્વિકતા કહેવાય. જ્યારે જે વસ્તુ વસ્તુતઃ જ્યાં ન રહી હોય ત્યાં પણ કોઈ સંબંધને લઈને કહેવી, તે **ઉપચાર** કહેવાય. વ્યવહાર નય ઉપચારને પણ માન્ય રાખે છે, દા.ત. 'પર્વત બળે છે, 'માંચડા અવાજ કરે છે.' આમાં તત્ત્વતઃ પર્વત ઉપરના વૃક્ષો બળતાં હોય તો પણ વ્યવહારમાં 'પર્વત બળે છે' એમ કહેવાય છે. તથા વસ્તુતઃ માંચડા ઉપર બેઠેલાં લોકો ઘોંઘાટ કરતાં હોય તો પણ 'માંચડા અવાજ કરે છે' એમ લોકમાં બોલાતું હોય છે. આને 'ઉપચાર' કહેવાય. અહીં વૃક્ષોનો અને બોલનારાઓનો આધાર ક્રમશઃ પર્વત છે અને માંચડો છે, માટે પર્વત માંચડા સાથે પણ વૃક્ષ અને બોલનારાઓનો સંબંધ તો છે જ. માટે તેમાં ઉપચાર કરાય છે. આને વ્યવહાર-સત્ય અથવા ઉપચાર-સત્ય કહેવાય છે.

પ્રસ્તુતમાં પણ જ્યારે જીવ અથવા પુદ્ગલો ગતિ વગેરે કરે છે ત્યારે તે ગતિ વગેરે ક્રિયાઓ જીવ-પુદ્ગલમાં રહેલી છે. છતાં ય તે ગતિ વગેરે ધમાસ્તિકાય વગેરે દ્રવ્યોના છે એમ ઉપચારથી કહેવાય છે, કારણ કે તે ગતિ વગેરે ત્રણ કરવામાં અનુક્રમે ધર્માસ્તિકાય વગેરે ત્રણ સહાયક દ્રવ્યો છે. માટે પોતાના સહાયકપણાના સંબંધથી ગતિ વગેરે ક્રિયાઓ ધર્માસ્તિકાય આદિમાં પણ રહેલા છે એમ કહેવામાં દોષ નથી. કારણ કે તેઓ વિના = ધર્માસ્તિકાય વગેરે વિના ગતિ વગેરે થવા સંભવિત નથી. માટે ગતિ વગેરેના ઉપકારક હોવાથી ગતિ વગેરે ક્રમશઃ ધર્મ-અધર્મ-આકાશ રૂપ ત્રણ અસ્તિકાય-દ્રવ્યોમાં હોવાનું ઉપચારથી કહી શકાય છે, તેમાં દોષ નથી એમ જાણવું.

**પ્રેમપ્રભા :** હવે આગળના ભાષ્યનું ઉત્થાન કરતાં ટીકાકાર કહે છે - અથવા 'ભાવદ્રવ્ય' એટલે દ્રવ્ય પદાર્થમાં ઉપયોગવાળો બનેલો જીવ તે પણ **ભાવદ્રવ્ય** કહેવાય. અથવા આ જ વાતને **आगमतश्च०** ઇત્યાદિ ભાષ્ય વડે કહે છે. અથવા 'પ્રાપ્તિ-લક્ષણવાળા' એવું જે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું વિશેષણ કહેલું છે, એ વાત પોતાની બુદ્ધિની નિપજ નથી. કેમકે આગમમાં આ હકીકતનો ભગવાને જ ઉપદેશ આપેલો છે કે, આ દ્રવ્યો પ્રાપ્તિ-લક્ષણવાળા = પરિણામ-સ્વરૂપવાળા છે. **પ્રશ્ન :** શી રીતે ? તેનો જવાબ ભાષ્યમાં આપે છે. **જવાબ : आगमतश्च०** ઇત્યાદિ.

**भा० आगमतश्च प्राभृतज्ञो द्रव्यमिति भव्यमाह । द्रव्यं च भव्ये । भव्यमिति प्राप्यमाह । भू प्राप्तावात्मनेपदी। तदेवं प्राप्यन्ते प्राप्नुवन्ति वा द्रव्याणि । एवं सर्वेषामनादीनामादिमतां च जीवादीनां भावानां मोक्षान्तानां तत्त्वाधिगमार्थं न्यासः कार्य इति ॥५॥**

तसिः सप्तम्यर्थे, **आगमत** आगमे, पूर्वाख्ये कथ्यमाने, **प्राभृतज्ञ** इति, शब्दप्राभृतं, तच्च पूर्वेऽस्ति, यत इदं व्याकरणमायातं, तत्[1] शब्दप्राभृतं यो जानाति स प्राभृतज्ञो गुरुरेवं ब्रवीति **द्रव्यमिति** । अस्यार्थं तीर्थकृत् किमाहेति **चेत्**, तद् **उच्यते-भव्यमाह**। भव्यमिति च न ज्ञायते, [2]अतः स्पष्टयति-**द्रव्यं च भव्य** इति । **अस्यायमर्थः**-द्रव्यमिति निपात्यते

---

**ભાષ્ય :** આગમમાં પ્રાભૃતના જ્ઞાતા દ્રવ્યનો અર્થ 'ભવ્ય' કહે છે. દ્રવ્ય શબ્દ 'ભવ્ય' અર્થમાં સિદ્ધ (નિપાતન) કરાય છે. (તે આ રીતે) 'ભવ્ય' શબ્દ 'પ્રાપ્ય' અર્થને જણાવે છે. ભવ્ય શબ્દમાં (ઘટક તરીકે) 'भू' એ 'પ્રાપ્તિ' અર્થવાળો આત્મનેપદી ધાતુ છે.

આ પ્રમાણે (કર્મ સાધન-પક્ષે) **प्राप्यन्ते** યાનિ જે પ્રાપ્ત કરાય તે ભવ્ય = દ્રવ્ય અથવા (કર્તા-પક્ષે) **प्राप्नुवन्ति** યાનિ જેઓ પ્રાપ્ત કરે તે ભવ્ય = એટલે દ્રવ્ય કહેવાય.

આ પ્રમાણે સર્વ અનાદિ અને આદિ - સહિત એવા જીવ વગેરે મોક્ષ સુધીના પદાર્થોના તત્ત્વનો (પરમાર્થનો = ભાવનો) અધિગમ (બોધ) કરવા માટે ન્યાસ (= નિક્ષેપ) કરવો.

### ❋ 'શબ્દપ્રાભૃત' (પૂર્વગત વ્યાકરણ-વિભાગ) માં 'દ્રવ્ય' શબ્દનો અર્થ ❋

**પ્રેમપ્રભા : आगमतः** અહીં **तस्** પ્રત્યય 'સપ્તમી'ના અર્થમાં છે. આથી આગમત એટલે આગમમાં અર્થાત્ 'પૂર્વ' નામના કહેવાતાં આગમમાં... **પ્રાભૃતજ્ઞ** = અહીં 'પ્રાભૃત' શબ્દથી શબ્દ-પ્રાભૃત સમજવાનું છે. આ શબ્દ - પ્રાભૃત 'પૂર્વ'માં કહેલું છે, જેમાંથી આ વ્યાકરણ શાસ્ત્ર આવેલું છે, ઉદ્ધૃત થયેલું છે. આવા શબ્દપ્રાભૃતને જે જાણે તે = પ્રાભૃતજ્ઞ ગુરુ '**द्रव्यम्**' આ પ્રમાણે કહે છે.

**પ્રશ્ન :** આ '**द्रव्य**' શબ્દનો અર્થ તીર્થંકર ભગવંત શું કહે છે ? **જવાબ :** તીર્થંકરો 'દ્રવ્ય'નો અર્થ 'ભવ્ય' એમ કહે છે. **પ્રશ્ન : 'भव्यम्'** પદથી શું કહેવા માગો છો તે સમજાતું નથી ? આથી તેની સ્પષ્ટતા કરતાં કહે છે... **જવાબ : 'द्रव्य'** શબ્દ 'ભવ્ય' અર્થમાં છે. આનો ભાવાર્થ એ છે કે જો ભવ્ય અર્થ જણાતો હોય તો (પ્રાપ્તિ અર્થમાં)

---

१. पादिषु । ततः० मु. । २. ख. पू. । तत्० मु. ।

भव्यं चेद् भवति । भव्यमिति सन्देहास्पदमेव केषाञ्चिदिति स्पष्टयति-[1]**भव्यमिति च प्राप्यमाह**। प्राप्तव्यं तैः स्वगतैः परिणतिविशेषैर्गत्यादिभिः व्याप्यत इत्यर्थः । अतो [2]न स्वमनीषका प्राप्तिलक्षणानीत्येषा[3] । **ननु** चायं भवतिरकर्मकः सत्ताभिधायी कथं प्राप्यमित्यनेन कर्माभिधायिना कृत्येन भव्यमित्यस्यार्थो विव्रियते ? **उच्यते**-नैवायं सत्ताभिधायकः, तर्हि? प्राप्त्यभिधायी चुरादावात्मनेपदी । तदाह-★[4]**भूऽप्राप्तावात्मनेपदी**★ । प्राप्त्यभिधायिता[5] कथ्यतेऽनेन[6],

'**द्रव्य**' શબ્દનું નિપાતન કરાય છે, અર્થાત્ તેને સાધુ-સાચા-સિદ્ધશબ્દ તરીકે સ્થાપિત કરાય છે.

**શંકા :** પણ અહીં 'ભવ્ય'નો અર્થ હજી પણ કેટલાંકને શંકાસ્પદ છે, એને સ્પષ્ટ કરાય તો 'દ્રવ્ય'ના અર્થની સ્પષ્ટતા થાય.

**સમાધાન :** 'ભવ્ય' શબ્દ 'પ્રાપ્ય' અર્થને જણાવે છે, અર્થાત્ 'પ્રાપ્ય' અર્થમાં છે. જે પોતાનામાં રહેલ ગતિ-સહાયકતા વગેરે પરિણામ-વિશેષ વડે પ્રાપ્ત કરાય, વ્યાપ્ત થાય તેવા પ્રાપ્ય અર્થમાં 'ભવ્ય' શબ્દ છે. આથી તે અર્થમાં દ્રવ્ય શબ્દ બનેલો હોવાથી દ્રવ્યો એ પ્રાપ્તિલક્ષણવાળા (સ્વરૂપવાળા) છે' એમ જે અમે ભાષ્યમાં આગળ કહ્યું છે, તે અમારી મનઘડંત વાત નથી, પણ આગમ-પ્રસિદ્ધ હકીકત છે.

**શંકા : भव्यम्** શબ્દમાં '**भू**' ધાતુ છે, તે 'સત્તા' (હોવું) અર્થને જણાવનારો અકર્મક ધાતુ છે. આથી (**भू + य = भव्य** એમ બનેલાં) **भव्य** શબ્દનું 'થવા યોગ્ય' એમ અર્થ પ્રાપ્ત થવો જોઈએ. આથી તેનો 'પ્રાપ્ય' અર્થ શી રીતે થાય ? અર્થાત્ '**भव्य**' શબ્દનો અર્થ કર્મનું અભિધાન કથન કરનાર = સકર્મક એવા 'પ્રાપ્ય' શબ્દ વડે શાથી વિવરણ કરાય છે. (ટૂંકમાં '**भव्य**' શબ્દમાં રહેલ **भू** ધાતુનો અર્થ 'હોવું' અકર્મક છે અને 'પ્રાપ્ય' શબ્દમાં **प्र + आप्** ધાતુનો અર્થ પ્રાપ્ત કરવું પામવું છે. ભવ્યનો અર્થ બીજા અર્થવાળા શબ્દ (પ્રાપ્ય) વડે શી રીતે કહી શકાય ? એમ પૂછનારનો આશય છે.)

## ❋ भू - ધાતુનો અર્થ 'પ્રાપ્તિ' પણ છે ❋

**સમાધાન :** આ '**भू**' ધાતુ 'સત્તા' અર્થને જણાવનારો નથી. **શંકા:** તો પછી કયા અર્થને જણાવનારો છે ? **સમાધાન :** આ **भू** ધાતુ 'પ્રાપ્તિ' અર્થને કહેનારો '**चुरादि**' ગણમાં રહેલો આત્મનેપદી ધાતુ છે. આ વાત ભાષ્યમાં કહે છે, **भू प्राप्तावात्मनेपदी ।** भू ધાતુ 'પ્રાપ્તિ' = પ્રાપ્ત કરવું એવા અર્થમાં છે અને તે આત્મનેપદી પ્રકારનો ધાતુ છે.

१. पादिषु । भव्यमिति च- ना. मु. । २. पादिषु । न ते स्व० मु. । ३. पादिषु । जै-शो. । षाम्० मु. । ४. ख.पू. । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठः ना. मु. । ५. पादिषु । धायिना० मु. । ६. पादिषु । कथ्यते तेन० मु. ।

**तदेवं** इति प्राप्त्यभिधायित्वे सत्ययमर्थो भव्यशब्दस्य कर्मसाधनपक्षे-प्राप्यन्ते स्वधर्मै[1]र्यानि तानि भव्यान्युच्यन्ते, कर्तृसाधनपक्षे तु प्राप्नुवन्ति तान्येव धर्मादीनीति भव्यानि द्रव्याण्युच्यन्ते इति। एतदाह-**प्राप्यन्ते प्राप्नुवन्तीति वा द्रव्याणि** । सम्प्रति जीवादीनां न्यासं प्रदर्श्य

---

આમ **भू** ધાતુ વડે પ્રાપ્તિ - અર્થ કહેવાય છે અને આથી **'भव्य'** શબ્દનો 'પ્રાપ્ય' અર્થ થાય છે. (ટૂંકમાં 'દ્રવ્ય' શબ્દ એ 'ભવ્ય' અર્થમાં છે અને 'ભવ્ય'નો અર્થ ઉપર મુજબ 'પ્રાપ્ય' હોવો પણ ઘટે છે. માટે દ્રવ્યનો અર્થ 'પ્રાપ્ય' થાય છે. અર્થાત્ દ્રવ્ય એ પોતાના ગતિ-સહાયકતા વગેરે પરિણામ વડે/ગુણો વડે પ્રાપ્ય છે = વ્યાપ્ય છે. આમ દ્રવ્ય એ પ્રાપ્તિ રૂપ (પરિણામરૂપ) લક્ષણવાળું સિદ્ધ થાય છે. આજ હકીકતને હવે નિષ્કર્ષ રૂપે ભાષ્યમાં કહે છે.)

**तदेवम्** । આ પ્રમાણે 'ભવ્ય' શબ્દએ 'પ્રાપ્તિ' અર્થનું અભિધાન કરનાર = જણાવનાર તરીકે સિદ્ધ થયે છતે 'દ્રવ્ય' શબ્દનો પ્રાપ્તિ-અર્થ સિદ્ધ થાય છે અને તે બે પ્રકારે થાય છે. તે આ પ્રમાણે - (૧) કર્મ-સાધન-પક્ષે- **प्राप्यन्ते यानि तानि भव्यानि** । જે પોતાના ધર્મો વડે પ્રાપ્ત કરાય તે 'ભવ્ય' કહેવાય. તથા (૨) કર્તા રૂપ અર્થમાં **प्राप्नुवन्ति तानि धर्मादीनि इति** જે તે જ ધર્માદિને પ્રાપ્ત કરે છે, તે 'ભવ્ય' એટલે કે દ્રવ્ય કહેવાય. (કારણ કે **प्राप्नुवन्ति** પ્રાપ્ત કરે છે અર્થાત્) દ્રવ્ય એ પોતાના ધર્મોને પ્રાપ્ત કરીને જ રહે છે, વળગીને જ રહે છે. પોતાના ધર્મો વિના દ્રવ્યનું પણ અસ્તિત્વ નથી. દા.ત. જીવ એ પોતાના જ્ઞાન, દર્શન આદિ ગુણોને પ્રાપ્ત કરીને, વળગીને રહે છે. પુદ્ગલ દ્રવ્ય એ પોતાના રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ધર્મોને પામીને વ્યાપીને રહે છે તથા ધર્માસ્તિકાય એ પોતાના ગતિસહાયતા ધર્મને વ્યાપીને રહે છે, ઇત્યાદિ જાણવું.

વળી **प्राप्यन्ते** = પ્રથમ પક્ષે દ્રવ્ય પણ (ભવ્ય = પ્રાપ્ય હોવાથી) પોતાના ધર્મો વડે પ્રાપ્ત કરાય છે. અર્થાત્ દ્રવ્યના ધર્મો (ગુણો અથવા પર્યાયો) એ દ્રવ્યને પ્રાપ્ત કરીને વળગીને રહે છે, દ્રવ્ય વિના તેના ધર્મોનું અસ્તિત્વ સંભવતું જ નથી. માટે પોતાના ધર્મો વડે દ્રવ્ય પ્રાપ્ત કરાય છે, વ્યાપીને-વળગીને રહેવાય છે. **દા.ત.** જ્ઞાન-દર્શનાદિ જીવના ધર્મો વડે જીવને પ્રાપ્ત કરીને, વળગીને જ રહેવાય છે. જીવ રૂપ દ્રવ્ય વિના તે ધર્મો સંભવતાં નથી. તેમજ રૂપ, રસ વગેરે પુદ્ગલના ધર્મો એ પુદ્ગલોમાં અવશ્ય રહે છે. તે વિના સંભવી શકતાં નથી. માટે તે રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ધર્મો વડે પુદ્ગલ - દ્રવ્ય પ્રાપ્ત કરાય છે, વળગીને, વ્યાપીને રહેવાય છે. તે જ રીતે ગતિ - સહાયતાદિ ધર્મો

---

१. पादिषु । धर्मे० मु. ।

तेषां च पर्यायस्य द्रव्यशब्दस्य अन्येषामप्येवमेव कार्य इत्यतिदिशन्नाह-**एवं सर्वेषामित्यादि**। एवं यथा जीवादीनां द्रव्यस्य[1] च तथा **सर्वेषां** गुणक्रियादिशब्दानाम्, **अनादीनां** इति भव्याभव्यादीनाम्, **आदिमतां** च मनुष्यादीनां पर्यायाणां, **जीवादीनां भावानां** जीवादिभ्योऽनन्यवृत्तीनाम्, **तत्त्वाधिगमार्थ**मिति **तत्त्वस्य** परमार्थस्य भावस्य अधिगमः [2]सर्वत्र, न तु नामस्थापनाद्रव्याणामिति, हेयत्वादेषां, [3]तत्त्वाधिगमाय तत्त्वाधिगमप्रयोजनं **न्यासो** निक्षेपो रचना कार्या बुद्धिमता मुमुक्षुणेति ॥ ५ ॥

વડે ધર્માસ્તિકાય - દ્રવ્ય પ્રાપ્ત કરાય વ્યાપીને રહેવાય છે, ઇત્યાદિ સમજવું. આ જ હકીકતને સંક્ષેપમાં ભાષ્યમાં કહે છે કે, **प्राप्यन्ते प्राप्नुवन्ति वा द्रव्याणि** । તેનો અર્થ વગેરે ઉપર કહેવાઈ ગયો છે.

## ❋ સર્વ વસ્તુના પરમાર્થનો = ભાવનો બોધ કરવા માટે નામાદિ-નિક્ષેપ ❋

હવે જીવ વગેરેના નામ આદિ ન્યાસને (નિક્ષેપને) બતાવીને તેમજ તે જીવાદિના પર્યાય રૂપ દ્રવ્ય-શબ્દનો ન્યાસ દર્શાવીને અન્ય વસ્તુના પણ આ પ્રમાણે નામાદિ ન્યાસ/નિક્ષેપ કરવાની ભલામણ કરતાં ભાષ્યકાર જણાવે છે - **एवं सर्वेषामित्यादि** । આ પ્રમાણે એટલે કે જીવાદિ તત્ત્વો અને દ્રવ્ય શબ્દની જેમ સર્વ પદાર્થોનો-પછી તે આદિ સહિત હોય કે અનાદિ એવા જીવાદિ મોક્ષ સુધીના અર્થોનો-તત્ત્વના બોધ માટે નિક્ષેપ કરવો. જીવ વગેરેની જેમ સર્વ પદાર્થનો એટલે ગુણવાચક અને ક્રિયાવાચક શબ્દોનો પણ ન્યાસ કરવો. તથા અનાદિ એટલે ભવ્ય, અભવ્ય વગેરે સ્વરૂપ તથા આદિવાળા = આરંભ સહિત મનુષ્ય વગેરે પર્યાયો સ્વરૂપ એવા 'જીવાદિ ભાવો'નો એટલે કે જીવાદિથી અનન્ય = અભેદરૂપે રહેલાં પૂર્વોક્ત (મોક્ષ સુધીના) ભાવોનો-પદાર્થોનો ન્યાસ કરવો. શા માટે ? તે કહે છે - **तत्त्वाधिगमार्थम्** તે પૂર્વોક્ત જીવાદિ સર્વ પદાર્થોના તત્ત્વનો એટલે કે પરમાર્થનો/ભાવનો બોધ (અધિગમ) થાય તે માટે સર્વત્ર ન્યાસ કરવો, પરંતુ નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણના બોધ માટે નિક્ષેપ કરવાનો નથી, કેમકે, એ ત્રણ નિક્ષેપાઓ (પ્રાયઃ) હેય છે. **तत्त्वाधिगमाय-इति** એમ વિગ્રહ કરીને **तत्त्वाधिगमार्थं** એમ સમાસ કરવો. જીવાદિ તત્ત્વના ભાવના બોધ રૂપ હેતુથી ન્યાસ = નિક્ષેપ એટલે કે નામાદિની રચના બુદ્ધિમાન મુમુક્ષુ વડે કરવા યોગ્ય છે.

**ચંદ્રપ્રભા :** અહીં કોઈને પ્રશ્ન થાય કે, **પ્રશ્ન :** જીવાદિ અર્થોના તત્ત્વનો = ભાવનો = પરમાર્થનો બોધ કરવા માટે ન્યાસ/નિક્ષેપ કરવાનું કહ્યું, તો અહીં 'ભાવ' રૂપ નિક્ષેપ જ કહેવો

१. पू. । द्रव्यशब्दस्य० मु. । २. पू. । स सर्व० मु.अधिकः । ३. ख.पू. । ना. मु. ।

જોઈએ ને ? નામ વગેરે ત્રણ શા માટે કહેલાં છે ?

**જવાબ :** સાચી વાત છે કે જીવાદિ પદાર્થોના ભાવ નિક્ષેપની જ મહત્તા હોવાથી અને તેનો જ બોધ કરવો ઇષ્ટ હોવાથી તેનો જ ન્યાસ કરવો જોઈએ. પણ ફક્ત જીવાદિના ભાવ-નિક્ષેપનો ન્યાસ કરવાથી ભાવ-જીવાદિ પદાર્થોનો વાસ્તવિક સ્પષ્ટ બોધ થતો નથી, કિંતુ નામાદિ નિક્ષેપની રચના કરાય ત્યારે જ 'ભાવ-નિક્ષેપ'નો સ્પષ્ટ બોધ થતો હોવાથી નામાદિ ત્રણ નિક્ષેપાઓ કરવા જરૂરી છે.

જેમ એકલા રાજાની કોઈ મહત્તા હોતી નથી, પણ જ્યારે તે મંત્રી, સામંત, સૈન્ય, પરિવાર, મિત્રાદિ વર્ગથી પરિવરેલો હોય ત્યારે જ તેની મહત્તા જણાય છે. જેમ મોટી લીટીની મોટાઈનો પણ ત્યારે જ ખ્યાલમાં આવે છે, જ્યારે તેની આજુબાજુમાં નાની લીટીઓ હોય. એકલી લીટી હોય તો કોનાથી મોટી અથવા નાની કહી શકાય ? આમ જિનશાસનમાં મુખ્યત્વે ભાવની મહત્તા છે છતાંય તે ભાવ-નિક્ષેપની મહત્તા ત્યારે જ જણાય છે, સમજાય છે, કે જ્યારે વિવક્ષિત જીવાદિ વસ્તુના નામ, સ્થાપના અને દ્રવ્ય રૂપ નિક્ષેપાઓ કરાય. માટે જ નામાદિ નિક્ષેપાઓ ભલે હેય/ત્યાજ્ય હોય (જીવાદિની અપેક્ષાએ), છતાંય તે ભાવ-નિક્ષેપને સારી રીતે જાણવા માટે ખૂબ જ ઉપયોગી બનવાથી તેનો શાસ્ત્રમાં નિર્દેશ કરેલો છે.

વળી વસ્તુ વિશેષે એટલે કે અમુક વસ્તુઓનો ભાવ ઉપરાંત નામ, સ્થાપના, દ્રવ્ય એ ત્રણેય નિક્ષેપનું મહત્ત્વ છે. દા.ત. તીર્થંકર, ગણધર, ગુરુ આદિ પૂજ્ય પુરુષોના ચારેય નિક્ષેપાઓનો મહિમા છે અર્થાત્ તેઓનો જેમ ભાવ-નિક્ષેપ પૂજ્ય છે, તેમ નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાઓ પણ પૂજ્ય છે, પણ ત્યાજ્ય નથી. કારણ કે, 'ભાવ'ની જેમ નામ, સ્થાપના અને દ્રવ્ય એ પણ તે તે વસ્તુના ધર્મો છે. નામ તરીકે, 'તીર્થંકર' 'અરિહંત' એવા શબ્દ રૂપ નામો સ્વભાવ-તીર્થંકરના ધર્મો છે, કારણ કે તેનાથી ભાવ-તીર્થંકરનો બોધ થઈ શકે છે. તથા સ્થાપના-તીર્થંકર એટલે કે દેવાધિદેવની પ્રતિમાદિથી પણ ભાવ-તીર્થંકર જણાય છે, યાવત્ પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે ભાવિ તીર્થંકર જે હજી કદાચ જન્મ્ય હોય, સંસારમાં હોય, તેઓના દર્શનાદિથી દેવ-મનુષ્ય આદિ શ્રદ્ધાળુ જીવોને ભાવિ ભાવ-તીર્થંકરનો ખ્યાલ આવે છે, માટે જ તેઓનો જન્મોત્સવ કરે છે, વિવિધ રીતે વિશિષ્ટ સેવા શૂશ્રૂષા, ભક્તિ દાખવે છે, દીક્ષા મહોત્સવ વગેરે દેવો પણ ઉજવે છે. આમ દ્રવ્ય તીર્થંકરાદિની પણ પૂજ્યતા અબાધિત છે. ભાવ તીર્થંકરની બાબતમાં તો પ્રશ્ન જ નથી, કારણ કે, તેઓના ૩૪ અતિશયોના વર્ણનથી તથા વાણીના ૩૫ ગુણોથી જ તેઓનું પૂજ્યપણું અને વિશિષ્ટ યોગ-મહિમા જણાઈ આવે છે.

કહેવાનો ભાવ એ છે કે, નામ વગેરે નિક્ષેપાઓ જીવ વગેરે પદાર્થોની અપેક્ષાએ ખાસ મહત્ત્વના નથી. સિવાય કે તેઓ 'ભાવ-જીવ'નો યથાર્થ બોધ કરવામાં ઉપયોગી બને છે. છતાંય

शिष्य **आह**-कथं भवता[1] तत्त्वानां जीवादीनामधिगमः कृतः? यदि च केनाप्युपायेनाधिगतानि भवन्ति ततो युक्तं कथनमन्यस्मै एतानि तत्त्वानीति? **उच्यते**-

તે નામાદિ નિક્ષેપ પણ જીવાદિ તે તે વસ્તુના ધર્મ હોવાથી અને ભાવ-વસ્તુના બોધનું અથવા પ્રાપ્તિનું કારણ બની શકવાથી તેઓની પણ ઉપર જણાવ્યા મુજબ તીર્થંકરાદિ વસ્તુ - વિશેષના વિષયમાં ઉપાદેયતા = ગ્રાહ્યપણું અસ્ખલિત છે. વળી કોઈનું નામ રમેશ કે જગદીશ પાડવામાં આવે અને પછી તે રીતે વ્યવહાર પણ કરાય છે. પછી કોઈ તે બેને ક્રમશઃ, એય રમલા ! એય જગલા ! એમ કહીને બોલાવે તો દુઃખ કોને થશે ? રમેશને અથવા જગદીશને જ ને ? શા માટે ? કારણ કે, હવે તે બે નામ પણ ક્રમશઃ રમેશ અને જગદીશના જીવના પર્યાયો = ધર્મો બની ગયા છે. એને વિકૃત કરવાથી તે નામ-ધર્મવાળા રમેશ અને જગદીશને માઠુ લાગે છે. આ રીતે કોઈના માતા-પિતાની છબિ ઉપર કોઈ પગ મૂકશે તો તે પુત્ર આદિને દુઃખ થશે, કેમ કે, સ્થાપના રૂપ માતા-પિતાદિ પણ પોતાના સાચા માતા-પિતાના ધર્મો છે. આથી જ તો રોજ એ જ તેઓના દર્શન કરીને કૃતાર્થ થતો હોય છે. વળી પોતાની છબિને પણ કોઈ બગાડશે તો દુઃખ થવાનો સંભવ છે, એ બતાવે છે કે તેવી છબિ પણ વસ્તુનો ધર્મ છે. તથા દ્રવ્ય અવસ્થામાં પણ કોઈ રાજપુત્ર હજી રાજા થયો નથી, તો પણ ભાવિ રાજા બનવાનો છે તેવા ખ્યાલથી તે રાજપુત્રની બરોબર રાજાની જેમ ખાસ સુરક્ષા, સેવા, વિનયાદિ કરાય છે. આમ દ્રવ્ય-નિક્ષેપ પણ વસ્તુનો ધર્મ છે, આ અપેક્ષાએ મહત્ત્વનો છે.

જો કે જીવાદિ વસ્તુની વ્યાખ્યા કરવાના પ્રસંગે નામ, સ્થાપના નિક્ષેપનું ખાસ મહત્ત્વ ન હોવાથી તથા સરળ હોવાથી ઘણીવાર ટીકા ગ્રંથોમાં તેની વ્યાખ્યા છોડી દેવાય છે. પ્રસ્તુત ટીકામાં પણ **શ્રી સિદ્ધસેન ગણિવરે** અજીવાદિ તત્ત્વોની વ્યાખ્યા કરતી વેળાએ બંધ વગેરે ચાર તત્ત્વોની તેમજ સમ્યગ્દર્શન આદિ ત્રણના નામ, સ્થાપના એ બે નિક્ષેપાઓ જણાવેલ નથી. વ્યાખ્યા ગ્રંથમાં દ્રવ્યની કંઈક મહત્તા ઉપયોગિતા હોય છે અને ભાવની મહત્તા - ઉપયોગિતા હોવામાં તો કોઈ પ્રશ્ન જ નથી, કેમ કે એ તો મુખ્ય અભિધેય = વિષય હોય છે.

પૂર્વે કહેલ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારેય નિક્ષેપના પરસ્પર સમાન-ધર્મો (સાધર્મ્ય), વિલક્ષણ-ધર્મો = વૈધર્મ્ય અને કાર્ય-કારણભાવ આદિ વિશેષ બોધ માટે **વિશેષાવશ્યક-ભાષ્ય** આદિ જોવું જરૂરી છે.

**પ્રેમપ્રભા : સૂત્રનું અવતરણ :** અહીં શિષ્ય પ્રશ્ન કરે છે. **પ્રશ્ન :** આપના વડે જીવાદિ તત્ત્વાનો અધિગમ/બોધ શી રીતે કરાયો ? જો આપે કોઈપણ ઉપાય વડે તત્ત્વોનો અધિગમ કરેલો હોય તો તે ઉપાયો બીજાને કહેવા યોગ્ય છે કે 'આ તત્ત્વો છે' અર્થાત્ તત્ત્વોને

१. पू. । भगवता० मु. ।

## सू० प्रमाणनयैरधिगमः ॥१-६॥

**टी०** प्रमाणनयैरिति च करणे तृतीया न कर्तरि, यतस्तत्र षष्ठ्या भवितव्यम्, 'कर्तृकर्मणोः कृति' [पाणिनिः सू० २-३-६५] इति । प्रमाणे प्रत्यक्षपरोक्षे द्वे, अवधिमनःपर्यायकेवलानि मतिश्रुते च, नैगमादयो नयाः पञ्च, प्रमाणे च नयाश्च प्रमाणनयाः, [1]अतस्तैः प्रमाणनयैः साधकतमैः ।

**भा० एषां च जीवादीनां तत्त्वानां यथोद्दिष्टानां नामादिभिर्न्यस्तानां प्रमाणनयैर्विस्तराधिगमो भवति ।**

---

જાણવાના આ અમુક ઉપાયો છે, એમ જણાવવા યોગ્ય છે. **જવાબ :** તત્ત્વોનો બોધ કરવાના ઉપાયો જણાવાય છે, તે આ પ્રમાણે-

**प्रमाण-नयैरधिगमः ॥ १-६ ॥**

**સૂત્રાર્થ :** પ્રમાણ અને નયો વડે (જીવાદિ તત્ત્વોનો) બોધ થાય છે.

### ❋ બે પ્રકારના પ્રમાણ : (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ ❋

**પ્રેમપ્રભા : प्रमाणनयैः** અહીં 'કર્તા' અર્થમાં તૃતીયા - વિભક્તિ નથી થઈ, પણ 'કરણ' અર્થમાં તૃતીયા છે. કારણ કે જો 'કર્તા' અર્થ હોત તો ત્યાં **कर्तृकर्मणोः कृति** (પા.સૂ૦ ૨-૩-૬૫) થી ષષ્ઠી - વિભક્તિ થવી જોઈએ. પ્રમાણ બે પ્રકારના છે **(૧) પ્રત્યક્ષ** અને **(૨) પરોક્ષ.** તેમાં (i) અવધિ, (ii) મનઃપર્યાય અને (iii) કેવળ એ ત્રણેય જ્ઞાનો **પ્રત્યક્ષ** પ્રમાણ છે અને (i) મતિ અને (ii) શ્રુત જ્ઞાન એ **પરોક્ષ** પ્રમાણ છે. તથા નૈગમ વગેરે પાંચ **નયો છે. प्रमाणे च नयाश्च इति प्रमाणनयाः ।** પ્રમાણો અને નયો, તે પ્રમાણનયો, તેઓ વડે...**प्रमाणनयैः ।** તૃતીયા-વિભક્તિનો અર્થ છે - સાધકતમ = એટલે (અધિગમના/બોધના) પ્રકૃષ્ટ કારણભૂત એવા પ્રમાણ અને નયો વડે જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે એટલે કે તે બે બોધના ઉપાયો છે, એમ સમસ્ત સૂત્રાર્થ છે. ભાષ્યમાં સૂત્રનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે-

**ભાષ્ય : આ જીવાદિ તત્ત્વોનો કે જેઓ પૂર્વે જે રીતે, જે ક્રમથી ઉદ્દિષ્ટ છે અર્થાત્ સામાન્યથી કહેલાં છે અને જેઓના નામ આદિ ચાર નિક્ષેપાઓ કરેલાં છે, તેઓનો પ્રમાણ અને નયો વડે વિસ્તારથી અધિગમ બોધ થાય છે.**

---

१. पादिषु । यास्तैः० मु. ।

**टी० एषां चेत्यादि । एषां** इति भवतः प्रकटीकृतानाम्, **च**शब्द एवकारार्थे, एषामेव अन्यस्याभावात् । अथवा समुच्चये, एषां **जीवादीनां**, चशब्दान्नामादीनां च । **तत्त्वानामि**ति चानेनोभयं सम्बध्यते, जीवादीनां तत्त्वानां नामादीनां च तत्त्वानाम् । **यथोद्दिष्टाना**मिति। यथा परिपाट्या जीवाजीवादिकया सामान्येनाभिहितानामुद्दिष्टनामिति । सामान्येन च जीवाजीवास्रव० [१-४] इत्यस्मिन् सूत्रेऽभिधाय पुनर्नामस्थापनादिसूत्रे **नामादिभि**र्भेदैर्न्यस्तानां, **किमर्थं** पुनर्जीवाजीवास्रवादिसूत्रे उद्घट्य ततो नामादिसूत्रे न्यस्तानि ? **उच्यते**-परिज्ञानार्थमनेको जीवशब्दवाच्योऽर्थ इत्यस्य । एतदेवाह-**न्यस्तानामि**ति । अधिगमोपायार्थमुपक्षिप्तानामित्यर्थः । अतः पूर्वमुदघट्टितानां न्यस्तानां च इह **प्रमाणनयै**र्विस्तराधिगमो भवति । **विस्तराधिगम** इति । **एकैकस्य** तत उद्घट्टनादपकृष्टस्य विस्तरेण लक्षणविधानाख्येन वक्ष्यमाणेन

**પ્રેમપ્રભા :** આ જીવાદિ તત્ત્વોનો પ્રમાણ અને નયો વડે વિસ્તારથી અધિગમ/બોધ થાય છે એમ સમસ્ત અર્થ છે... તેમાં **एषां** = એટલે આપની આગળ પ્રગટ કરાયેલાં આ જીવાદિ તત્ત્વોનો... **च** શબ્દ 'જ'કાર અર્થમાં છે. આથી આ જ જીવાદિ તત્ત્વોનો... કેમ કે જીવાદિ સિવાય અન્ય તત્ત્વોનો અભાવ છે. અથવા **च** શબ્દ સમુચ્ચય = સંગ્રહ અર્થમાં છે. આથી આ જીવાદિ તત્ત્વોનો અને નામાદિનો... **तत्त्वानाम्** - આ શબ્દ બન્ને ય સાથે જોડાય છે. આથી જીવાદિ તત્ત્વોનો અને નામાદિ તત્ત્વોનો યથોદ્દિષ્ટ એટલે જેઓ જીવ-અજીવ આદિ પરિપાટીથી = ક્રમથી પૂર્વે સામાન્યથી કહેલાં છે અને નામાદિ ભેદો વડે જેઓનો ન્યાસ છે. વળી જેઓનું સામાન્યથી **जीवाजीवाश्रव० [१-४]** એ સૂત્રમાં જીવ-અજીવ વગેરે રૂપે કથન કરીને ફરી **नाम-स्थापना० ॥ १-५ ॥** એ સૂત્રમાં, નામ વગેરે ભેદો વડે ન્યાસ કરેલો છે, તે જીવાદિ તત્ત્વોનો (અને નામાદિ નિક્ષેપોનો) વિસ્તારથી પ્રમાણ અને નયો વડે બોધ (અધિગમ) થાય છે.

**શંકા : जीवाजीवास्रव० ॥ १-४ ॥** સૂત્રમાં જીવ-અજીવ ઇત્યાદિ એમ સામાન્યથી જીવાદિ તત્ત્વોનું - ઉદ્ઘાટન/પ્રકાશન કરીને પછી **नाम-स्थापना० ॥ १-५ ॥** સૂત્રમાં નામાદિ વડે નિક્ષેપાઓ શા માટે કરેલાં છે ?

**સમાધાન :** 'જીવ' શબ્દના વાચ્ય-અર્થ અનેક છે, એનું સારી રીતે જ્ઞાન કરવા માટે નામ આદિ ભેદો વડે જીવાદિના નિક્ષેપા કરેલાં છે. **न्यस्तानाम्** = એટલે બોધના (અધિગમના) ઉપાય તરીકે (નામાદિ વડે) મૂકેલાં, રજૂ કરેલાં જીવાદિ અર્થોનો - એટલે કે પૂર્વસૂત્રમાં બતાવેલાં અને નામાદિ ભેદો વડે નિક્ષેપ કરાયેલાં એવા - જીવાદિ તત્ત્વોનો

२. सर्वप्रतिषु । घाट्य० मु. ।

[१-१०, १-३५] प्रमाणनयरूपेणाधिगमः-परिच्छेदो भवति । **एतत् कथितं**-यदा यदाधिगमस्तदा तदा न प्रमाणनयान् विरहय्येति । न चायं पर्यनुयोगः कार्यः-प्रमाणनयैः कथं भवत्यधिगम इति ? यस्माज्ज्ञानविशेषाः प्रमाणानयाः, अतः प्रकाशस्वभावत्वात् प्रदीपवदधिगमशक्तिता ।

अथ कतिविधं प्रमाणमिति सङ्ख्यानियमाय प्रश्नयति । आह-**तत्र प्रमाणं द्विविधम्** ।

---

પ્રમાણ અને નયો વડે વિસ્તારથી બોધ થાય છે.

પહેલાં દરેક જીવાદિ અર્થોનું સામાન્યથી (૧) જીવ, (૨) અજીવ ઇત્યાદિ રૂપે પ્રકાશન (ઉદ્‌ઘટ્ટન) કરાય... પછી અપકૃષ્ટ = સાધારણ એવા જીવાદિ અર્થનો આગળ કહેવાતાં (i) લક્ષણ અને (ii) વિધાનરૂપ તથા પ્રમાણ અને નયો રૂપ વિસ્તાર વડે બોધ થાય છે.

**ચંદ્રપ્રભા :** અહીં જો કે, ભાષ્યકાર મહર્ષિના વિધાનનો સીધો અનુવાદ કરીએ તો, જીવાદિ તત્ત્વોનો (૧) પ્રમાણ અને (૨) નયો વડે વિસ્તારથી બોધ થાય છે, એમ અર્થ થાય... વિસ્તારથી એટલે સામાન્ય-વિશેષાદિ સર્વ પ્રકારે અને વિશદ-અવિશદ આદિ રૂપ વિસ્તાર વડે બોધ થાય છે. આમ બે પક્ષ થાય - (૧) વિસ્તાર સ્વરૂપ પ્રમાણ અને નયો વડે બોધ થાય છે, એવો એક પક્ષ છે. જ્યારે બીજો પક્ષ છે, 'પ્રમાણ અને નયો વડે અનંતર-હમણાં કહેલ લક્ષણ અને વિધાન સ્વરૂપ વિસ્તારથી બોધ થાય છે. આમાં બીજો પક્ષ પ્રશસ્ત જણાય છે.

### ✻ પ્રમાણ અને નય વડે જ પદાર્થનો બોધ થાય ✻

**પ્રેમપ્રભા :** અહીં કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે કે, જ્યારે જ્યારે પણ અધિગમ થાય, બોધ થાય, ત્યારે ત્યારે (૧) પ્રમાણ અને (૨) નયો એ બે વિના થતો નથી.

**શંકા :** પ્રમાણ અને નયો વડે બોધ શી રીતે થાય ? બોધ તો જ્ઞાનથી થાય છે.

**સમાધાન :** ના, અહીં આવો પ્રશ્ન કરવો યોગ્ય નથી... કારણ કે પ્રમાણ અને નયો એ જ્ઞાનના જ પ્રકારો છે અર્થાત્ તેઓ એક પ્રકારના જ્ઞાન જ છે. આથી તેઓ દીવાની જેમ પ્રકાશ કરવાના સ્વભાવવાળા હોવાથી પદાર્થોનો બોધ કરવાના (પ્રકાશિત કરવાના) સામર્થ્યવાળા છે.

અહીં પ્રમાણોની સંખ્યાનું નિયમન કરવા = ચોક્કસતા કરવા પ્રશ્ન ઉઠાવે છે, **પ્રશ્ન :** પ્રમાણો કેટલાં પ્રકારના છે ? આનો જવાબ આપતાં ભાષ્યકાર ભાષ્યમાં કહે છે, **જવાબ :**

**भा० तत्र प्रमाणं द्विविधं प्रत्यक्षं परोक्षं च वक्ष्यते [ १-११, १२ ]। चतुर्विधमित्येके नयवादान्तरेण । नयाश्च नैगमादयो वक्ष्यन्ते [ १-३४ ] । किञ्चान्यत् ॥ ६ ॥**

**तत्र**ति सिद्धान्तं **नन्द्यादिकं** व्यपदिशति । **प्रमाणमि**ति च प्रमीयतेऽनेन तत्त्वमिति प्रमाणम् । अस्मिन् पक्षे आत्मा सुखादिगुणकलापोपेतस्तेनावबुध्यते साधकतमेन मत्यादिना विषयमिति प्रतिपत्तव्यम् । यदा तु *'कृत्यल्युटो बहुलम्'* (पा० सू० ३-३-११३) इति कर्तरि प्रमाणमित्येतदात्मनोऽन्यविभक्तं मत्यादिज्ञानपञ्चकम्, प्रमिणोत्यवगच्छतीति प्रमाणम्।

---

**तत्र प्रमाणम् द्विविधम् ।**

**ભાષ્ય : તેમાં (સિદ્ધાંતમાં) પ્રમાણ બે પ્રકારના કહેલાં છે. (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ. તે આગળ કહેવાશે (સૂત્ર ૧-૧૧, ૧૨માં...) વળી બીજું કે...**

**અન્ય આચાર્ય બીજા નયથી ચાર પ્રકારે પ્રમાણને જણાવે છે. નૈગમ વગેરે નયો છે અને તે પણ આગળ (સૂ. ૧-૩૪માં) કહેવાશે.**

## ❋ 'પ્રમાણ' શબ્દની વ્યુત્પત્તિ વડે અર્થ ❋

**પ્રેમપ્રભા :** તેમાં = સિદ્ધાંતમાં બે પ્રકારના પ્રમાણ કહેલાં છે, એમ ભાષ્યમાં કહ્યું. **तत्र** શબ્દ **'નંદી-સૂત્ર'** વગેરે સિદ્ધાંતને (આગમને) જણાવે છે. **प्रमाणमिति** । 'પ્રમાણ' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ જણાવે છે. જેના વડે વસ્તુનું તત્ત્વ-સ્વરૂપ-પરમાર્થ જણાય તે **'પ્રમાણ'** કહેવાય. (**प्रमीयते तत्त्वं तेन इति ( प्र + मा + अन ) = प्रमाणम्** ।) આ પ્રમાણે 'કરણ' અર્થમાં તૃતીયા વિભક્તિ વડે **'પ્રમાણ'** શબ્દ બને ત્યારે સુખ આદિ ગુણોના સમૂહથી યુક્ત આત્મા જેના વડે તત્ત્વનો બોધ કરે તે 'પ્રમાણ' કહેવાય. અહીં મતિ-આદિ જ્ઞાન એ સાધકતમ છે અર્થાત્ બોધ કરવાનું પ્રકૃષ્ટ/પ્રધાન સાધન રૂપ છે અને તેના વડે આત્મા વિષયનો બોધ કરે છે, માટે મતિ આદિ જ્ઞાનો પ્રમાણ છે, એમ માનવું જોઈએ.

હવે **પ્રમાણ** નો બીજો અર્થ જોઈએ. જ્યારે **कृत्यल्युटो बहुलम्** (પા.સૂ.૩-૩-૧૧૩)થી 'કર્તા' કારક અર્થમાં 'પ્રમાણ' શબ્દ સધાય ત્યારે **प्रमीणोति-अवगच्छति इति प्रमाणम् ।** એટલે કે જે (સ્વયં) પ્રમાણિત કરે, વસ્તુના પરમાર્થ જાણે તે **'પ્રમાણ'** કહેવાય. આ રીતે શબ્દ સધાય, ત્યારે 'પ્રમાણ' શબ્દનો અર્થ અન્ય પદાર્થોથી (જ્ઞાન સિવાયના પદાર્થોથી) વિભક્ત-જુદા એવા આત્માના શુદ્ધ 'મતિઆદિ પાંચ જ્ઞાન' એમ અર્થ થાય.

**ચંદ્રપ્રભા :** આ પક્ષમાં 'મતિ વગેરે જ્ઞાનો' કર્તા રૂપે = મુખ્ય સ્વતંત્રરૂપ પ્રમાણ છે. પણ

---

१. पू. । नोऽविभ० मु. ।

यदा त्वधिकरणे प्रमाणमित्येतत् तदा प्रमीयतेऽस्मिन् बहिरङ्गोऽर्थ इति प्रमाणम् आत्मन्येव बहिरङ्गार्थप्रतिबिम्बनात्, न हि विषयाकाराऽनारूषितं तज्ज्ञानं तस्य परिच्छेदे वर्तते । यदा तु तेन विषयाकारेण तज्ज्ञानं परिणतं भवति तदा तस्य वस्तुनः परिच्छेदः, अन्यथा नेति । **द्विविधमि**त्यनेन सङ्ख्यानियम इति द्विविधमेव न पुनस्त्रिविधादि । **कथं** द्वैविध्यमिति **चेत् ? उच्यते**-इहैवाध्याये प्रत्यक्षं परोक्षं चेति वक्ष्यते [१-११, १२] उपरिष्टात् । पराणि

---

આત્માના સાધન તરીકે જણાવેલાં નથી. અહીં'**आत्मनोऽविभक्तं**' પાઠ લઈએ તો 'આત્માથી અભિન્ન એવા મતિ-આદિ પાંચ જ્ઞાનો એ પ્રમાણ છે' એમ અર્થ જાણવો)

**પ્રેમપ્રભા :** જ્યારે 'અધિકરણ' = આધાર અર્થમાં 'પ્રમાણ' શબ્દની સિદ્ધિ કરાય, જેમ કે, **प्रमीयते अस्मिन् इति प्रमाणम् ।** જેમાં બહિરંગ અર્થ = બાહ્ય પદાર્થ જણાય તે 'પ્રમાણ' કહેવાય. બહિરંગ વસ્તુનું પ્રતિબિંબ = પ્રતીતિ આત્મામાં જ થતી હોવાથી આત્મા એ 'પ્રમાણ' છે. જે જ્ઞાનની બાહ્ય વિષયના આકારે પરિણતિ (વ્યાપ્તિ) થતી નથી તે જ્ઞાન તે વિષયનો બોધ કરતું નથી, બોધ કરવાને સમર્થ બનતું નથી. આથી જ્યારે જ્ઞેય - વિષયના આકારે તે જ્ઞાન પરિણત થયેલા હોય, ત્યારે તે વિષયનો બોધ જ્ઞાનમાં થાય છે, નહિતર બોધ થતો નથી.

**ચંદ્રપ્રભા :** અહીં 'આત્માને' પ્રમાણ કહેલ છે તે જ્ઞાનગુણથી અભિન્ન હોવાની અપેક્ષાએ કહેલ છે, એમ સમજવું. આત્માને થતું વિષયનું જ્ઞાન એ આત્માના સ્વભાવરૂપ જ હોવાથી જ્ઞાન આત્માથી અભિન્ન છે. આથી જ્ઞાનમાં વસ્તુ જણાય છે એમ કહેવું એટલે આત્મામાં વસ્તુ જણાય છે એમ કહેવા બરાબર છે. આથી આત્માથી અભિન્ન મતિઆદિ જ્ઞાન થવાથી આત્માને પ્રમાણ કહેવાય છે.

**પ્રેમપ્રભા : द्विविधम्** = પ્રમાણના બે ભેદ છે, એમ કહેવાથી સંખ્યાનો આ પ્રમાણે નિયમ કરેલો છે "બે જ પ્રમાણ છે, ત્રણ નહીં."

**પ્રશ્ન :** પ્રમાણના બે ભેદ શી રીતે થાય ?

**જવાબ :** આ જ પ્રથમ અધ્યાયમાં આગળ (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ એમ પ્રમાણના બે ભેદો કહેવાશે. [સૂ. ૧-૧૧, ૧૨] તેમાં **(૧) પરોક્ષ-પ્રમાણ :** પરોક્ષ = એટલે પરના નિમિત્તે થતું જ્ઞાન. પર = એટલે નિર્માણ નામકર્મ અને અંગોપાંગ નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ (આગળ કહેવાતાં સ્વરૂપવાળી) નિવૃત્તિરૂપ ઇન્દ્રિય અને ઉપકરણરૂપ ઇન્દ્રિય [અ.૨, સૂ. ૧૭] તથા મનોવર્ગણાના પુદ્‌ગલના પરિણામ વિશેષ

च निर्माणाङ्गोपाङ्गोदयनिवृत्त्युपकरणरूपाणीन्द्रियाणि [२-१७] मनश्च मनोवर्गणापरिणतिरूपं द्रव्येन्द्रियं परं, तेभ्यो यदुपजायते ज्ञानं तन्निमित्तजं तत् परोक्षमुच्यते धूमादग्निज्ञानवत् । प्रत्यक्षं पुनरश्नाति अश्नुते वाऽर्थानित्यक्षः-आत्मा तस्याक्षस्येन्द्रियमनांस्यनपेक्ष्य यत् स्वत एवोपजायते तत् प्रत्यक्षम् । यदि तर्हि **नन्द्यां** द्विविधमुपदिष्टं कथम**नुयोगद्वार**ग्रन्थे चतुर्विधमुपन्यस्तम्[१]? यतः केचिन् नैगमादयो नया★श्चतुर्विधमभ्युपयन्तीति★ । एतदेवाऽऽह। **चतुर्विधमित्येके नयवादान्तरेण।** एके सूरयश्चतुर्विधं प्रमाणमुशन्ति[२] नयभेदेन प्रत्यक्षानुमानोपमानागमाख्यम्, एतच्च यथा दुःस्थितं चातुर्विध्यं तथा भाष्यकार एवोत्तरत्र

(ઉપયોગમાં લેવાતાં મનના પુદ્ગલો) રૂપ મન એ (પાંચ ઇન્દ્રિય + મન = છ) દ્રવ્યેન્દ્રિયો 'પર' કહેવાય. (આત્મા 'સ્વ' છે, તેની અપેક્ષાએ સાધનરૂપ પૂર્વોક્ત ઇન્દ્રિય અને મન એ 'પર' છે.) આવા પર એવા ઇન્દ્રિય-મનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે નિમિત્ત-જન્ય હોવાથી **પરોક્ષ** (પ્રમાણ) કહેવાય. ધૂમથી થતાં અગ્નિની જેમ અર્થાત્ લોકમાં સાક્ષાત્ ન દેખાતો પર્વત પાછળ રહેલો એવો પણ અગ્નિ તેમાંથી નીકળતાં ધૂમાડારૂપ નિમિત્તથી જણાય છે. અર્થાત્ ધૂમાડાને જોઈને અગ્નિનું જ્ઞાન થાય છે, તેમ અહીં પણ સમજવું.

(૨) **પ્રત્યક્ષ-પ્રમાણ :** તથા **अश्नाति अश्नुते वा अर्थान् - इति अक्षः** । જે અર્થને/પદાર્થને વ્યાપે (જ્ઞેય રૂપે સંબંધ કરે, તે (**अश् + स** =) 'અક્ષ' એટલે આત્મા. અક્ષને એટલે કે આત્માને ઇન્દ્રિય અને મનની અપેક્ષા વિના જે સ્વતઃ જ-સ્વતંત્રપણે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે 'પ્રત્યક્ષ' પ્રમાણ કહેવાય છે.

**શંકા :** જો આ પ્રમાણે **નંદીસૂત્રમાં** પ્રમાણના બે ભેદો કહેલાં છે, તો **અનુયોગદ્વાર** ગ્રંથમાં ચાર ભેદ શાથી કહ્યાં છે ? આના સમાધાનમાં "જે કારણથી નૈગમ વગેરે કેટલાંક નયો અમુક નયથી/અપેક્ષાથી પ્રમાણને ચાર પ્રકારનું માને છે, તેથી ચાર પ્રકારનું પ્રમાણ છે," એ વાત જણાવતાં ભાષ્યમાં કહે છે-

**સમાધાન :** કેટલાંક આચાર્ય અન્ય નયની અપેક્ષાએ પ્રમાણને ચાર ભેદવાળું કહે છે, માને છે. અર્થાત્ નયભેદથી-અમુક નયથી (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) આગમ એમ ચાર પ્રમાણ માને છે. જો કે પ્રમાણના આ રીતે માનેલાં ચાર ભેદો જે રીતે ટકવા મુશ્કેલ છે એ હકીકત ભાષ્યકાર મહર્ષિ સ્વયં આ ગ્રંથમાં આગળ [સૂ. ૧-૧૨માં] કહેવાના જ છે.

१. पू. । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठो ना. मु. । २. पादिषु । उपदिशन्ति० मु. ।

(१-१२) दर्शयिष्यति । एवं प्रमाणावयवं निर्भिद्य व्युत्पत्त्यादिद्वारेण नयावयवं विभजन्नाह- **नयाश्चे**त्यादि । नयन्तीति नयाः कारकाः व्यञ्जका इति यतः कर्त्रर्थं[1] दर्शयिष्यति **भाष्यकारः**, ये ह्यनेकधर्मात्मकं वस्त्वेकेन धर्मेण निरूपयन्ति एतावदेवेदं नित्यमनित्यं वेत्यादिविकल्पयुक्तं ते **नया नैगमादयो वक्ष्यन्ते** (१-३४) ।

**ननु** च प्रमाणमपि सामान्यविशेषात्मकवस्तुपरिच्छेद्येव, नया अपि चैवंविधविषयोपनिपातिन एवेति नास्ति कश्चिद् विशेषः, ज्ञानात्मकत्वाद् हि नया न भेदेनोपादेयाः प्रमाणादिति । असत्या एव नया इति चेद्, अतो हेयतया न्याय्यमुपादानमिति । **एतदपि न**, यतो वक्ष्यति-"*न विप्रतिपत्तयोऽर्थाध्यवसायादिति*[2]" [सू० १-३५ भा०] । तथा

## ❋ 'નય' ની વ્યુત્પત્તિ અને લક્ષણ ❋

આ પ્રમાણરૂપ અવયવનું વિભાગીકરણ કરીને હવે વ્યુત્પત્તિ વગેરે દ્વારા નય રૂપ અવયવનો વિભાગ કરતાં ભાષ્યકાર કહે છે, નૈગમ વગેરે (પાંચ ભેદવાળા) નયો છે અને આગળ તેનું નિરૂપણ કરાશે. **नयन्ति इति नयाः** । જે લઈ જાય, અમુક ઈષ્ટ અર્થને પમાડે અર્થાત્ જણાવે તે 'નયો' એટલે 'કારકો' = વ્યંજકો.. આ પ્રમાણે 'કર્તા'રૂપ અર્થમાં વ્યુત્પત્તિ કરીને 'નય' શબ્દના અર્થને ભાષ્યકાર ભગવંત આગળ દર્શાવશે. સામાન્યથી નયની વ્યાખ્યા જણાવતાં ટીકાકાર કહે છે - (૨) **નય :** જે અનેક ધર્માત્મક (ધર્મમય, ધર્મ સ્વરૂપ) વસ્તુનુ કોઈ એક જ ધર્મ વડે (એક જ ધર્મને આગળ કરીને) નિરૂપણ કરે, જણાવે જેમ કે, આ વસ્તુ આ પ્રમાણે નિત્ય જ છે અથવા અનિત્ય જ છે વગેરે વિકલ્પોથી યુક્ત વસ્તુનું નિરૂપણ કરે તે 'નયો' કહેવાય અને તે નૈગમ વગેરે ભેદવાળા છે, જે આગળ આ જ પ્રથમ અધ્યાયમાં [સૂ.૧-૩૪માં] કહેવાશે.

**(પૂર્વપક્ષ) શંકા :** ઉપર કહ્યા મુજબ તો પ્રમાણ પણ સામાન્ય-વિશેષ સ્વરૂપ વસ્તુનું જ્ઞાન કરનારું જ છે અને નયો પણ આવા પ્રકારના જ વિષયને લાગુ પડે છે અર્થાત્ આવા વિષયનું જ જ્ઞાન કરનારા છે. આથી આ બે વચ્ચે કોઈ તફાવત નથી. નયો પણ જ્ઞાનવિશેષ રૂપ જ હોવાથી જ્ઞાનાત્મક પ્રમાણથી જુદા ગ્રહણ કરવા યોગ્ય નથી.

અહીં કદાચ તમે કહેશો કે, "નયો અસત્ય છે (એક જ ધર્મને આગળ કરીને બોધ કરવાથી અધૂરા-આંશિક સત્ય છે) આથી હેયરૂપે જ તેઓનું ગ્રહણ કરવું ન્યાય-સંગત છે." તો એ વાત પણ બરાબર નથી, કારણ કે, આગળ કહેવાના છે કે, 'न

१. पादिषु । सूत्रार्थं० मु. । २. सर्वप्रतिषु । वसाया० इति० मु. ।

*"निययवयणिज्जसच्चा[1]"* इत्यादि । **उच्यते**-प्रमाणनयानामयं भेदः-प्रमाणं समस्तवस्तुस्वरूप-परिच्छेदात्मकं मत्यादि, नयास्तु एकांशावलम्बिन इत्यतो भिन्नविषयता, प्रत्यक्षपरोक्षवत् । **एतदुक्तं भवति** - सर्वनयांशावलम्बि ज्ञानं **प्रमाणम्**, यत् तु ज्ञानमनेकधर्मात्मकं सद्वस्तु

---

**विप्रतिपत्तयोऽर्थाध्यवसायादिति । [सू. १-३५] અર્થઃ** "આ નયો એ અર્થના અધ્યવસાયો = અધ્યવસાય સ્થાનોની જેમ પરસ્પર વિરોધી નથી." એવા સૂત્ર (૧-૩૫) ગત ભાષ્યના વચનથી તથા '**निययवयणिज्जसच्चा०**' **અર્થઃ** નયો પોતપોતાના વક્તવ્યની બાબતમાં અર્થાત્ પોતાના અભિપ્રાયમાત્રની અપેક્ષાએ સત્ય છે... ઇત્યાદિ '**સંમતિતર્ક**' ગ્રંથમાં પણ કહેલું છે, માટે પ્રમાણ અને નય વચ્ચે કોઈ ભેદ નથી.

**ચંદ્રપ્રભા : नियय-वयणिज्जसच्चा सव्व-नया परवियालणे मोहा । ते पुण ण दिट्ठ समओ विभयइ सच्चे व अलिए वा [ सम्मति-तर्क १/२८ ] ગાથાર્થ :** સર્વે પણ નયો પોતપોતાની માનેલી માન્યતામાં વર્તે તો તે સાચા છે - પરનયે (બીજા નયે) માનેલી વિચારણામાં (નિષેધ કરવા સ્વરૂપ) માથુ મારે તો તે સર્વે પણ નયો મિથ્યા છે. આ કારણથી જ "આ નયો સાચા જ છે અથવા આ નયો ખોટાં જ છે" આવો વિભાગ જે પંડિત કરે છે તેણે જૈનસિદ્ધાંત બરોબર જોયો નથી (અથવા આવો વિભાગ જે કરતો નથી, તે જ સાચો જૈન શાસ્ત્રોનો જ્ઞાતા છે. ॥૨૮॥

### ❋ પ્રમાણ અને નય વચ્ચે તફાવત ❋

**પ્રેમપ્રભા : સમાધાન :** પ્રમાણ અને નય વચ્ચે આ પ્રમાણે તફાવત છે કે, સમસ્ત સંપૂર્ણપણે વસ્તુના સ્વરૂપના બોધરૂપ જે મતિઆદિ જ્ઞાન એ પ્રમાણ છે, જ્યારે નયો એ વસ્તુના એક અંશનું અવલંબન કરનારા હોય છે, અર્થાત્ એકાંશનું વિષયરૂપે ગ્રહણ કરનારા હોય છે. આથી બેય જુદા જુદા વિષયવાળા છે, પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનની જેમ. (અર્થાત્ પ્રમાણરૂપે એક જ ગણાતાં એવા પણ પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણોના વિષયો આદિનો ભેદ હોવાથી પરસ્પર ભિન્ન છે તેમ પ્રમાણ અને નયો પણ જ્ઞાનાત્મક હોવા છતાંય તે બન્નેયના વિષયો વચ્ચે ઘણું અંતર હોવાથી, અર્થાત્ એક વસ્તુના સર્વાંશને ગ્રહણ કરે છે અને બીજો એકાંશને ગ્રહણ કરે છે આથી બન્નેય વચ્ચે તફાવત સ્પષ્ટ જ છે. ટીકાકાર સ્વયં આ હકીકતની સ્પષ્ટતા કરતાં કહે છે.)

અહીં કહેવાનું **હાર્દ** આ પ્રમાણે છે - સર્વ નયોના અંશોનું (અથવા નયો રૂપી અંશોનું) અવલંબન કરનારા અર્થાત્ સર્વ નયોના અંશોને વિષય બનાવનારા જ્ઞાનને

---

१. सर्वप्रतिषु । सव्वा० मु. ।

एकधर्मावधारणेनावच्छिनत्ति एवमात्मकमेवैतदिति **तन्नया** इति कथ्यन्ते, अतश्च प्रमाणं सम्यग्ज्ञानं, नयास्तु मिथ्याज्ञानम्, यत आह - *"एवं सव्वेवि नया मिच्छादिट्ठी"* इत्यादि। एवं च कृत्वा प्रमाणशब्दस्याभ्यर्हितत्वात् सूत्रे पूर्वनिपात इति न चोद्यावकाशः । **अपरे** वर्णयन्ति-परस्परापेक्षा नैगमादयो **नया** इति व्यपदिश्यन्ते अध्यवसायाः, तैः परस्परापेक्षैर्यज्ज्ञानं

---

**'પ્રમાણ'** કહેવાય છે. જ્યારે જે જ્ઞાન અનેક ધર્માત્મક રૂપે રહેલી વસ્તુને તેના કોઈ એક ધર્મનો નિશ્ચય (અવધારણ) કરવાપૂર્વક 'આ વસ્તુ આવા સ્વરૂપવાળી જ છે' એમ જાણે છે, તે **'નય'** કહેવાય છે.

આથી પ્રમાણ એ સમ્યગ્જ્ઞાન છે અને નયો એ મિથ્યાજ્ઞાન છે - જેથી **'સમ્મતિ-તર્ક'** પ્રકરણમાં કહેલું છે કે - **'एवं सव्वेवि नया मिच्छादिट्ठी'** આ પ્રમાણે તમામ નયો મિથ્યાદષ્ટિ છે.'

**ચંદ્રપ્રભા : तम्हा सव्वे वि नया मिच्छद्दिट्ठी सपक्ख-पडिबद्धा । अण्णोण्ण णिस्सिया उण हवंति सम्मत्त-सम्भावा ॥ [ સંમતિ તર્ક૦ ૧/૨૧ ] ગાથાર્થ :** તેથી સર્વે પણ નયો પોત પોતાના પક્ષમાં પ્રતિબદ્ધ (આગ્રહી) હોય તો તે મિથ્યાદષ્ટિ છે. અને પરસ્પર નિશ્રાવાળા (સાપેક્ષદષ્ટિવાળા) હોય તો તે જ સર્વે પણ નયો સમ્યક્ત્વના સદ્ભાવવાળા બને છે ॥૨૧॥

**પ્રેમપ્રભા :** અને આ રીતે 'પ્રમાણ' શબ્દ એ અધિક પ્રશસ્ત (પૂજ્ય)હોવાથી તેનો પ્રસ્તુત સૂત્રમાં પૂર્વમાં નિપાત (ઉપન્યાસ) કરેલો છે અર્થાત્ મૂકેલો છે. **लघ्वाक्षराऽसखीदुत्स्वराद्यदल्पस्वर्वार्च्यमेकम्०** [સિ.હે. ૩-૨-૧૬૦] સૂત્રથી. આ રીતે પ્રમાણ અને નયો વચ્ચે સ્પષ્ટપણે ભેદ હોવાથી 'નયો અને પ્રમાણ વચ્ચે ભેદ ન હોવાથી જુદાં ન કહેવા જોઈએ' એવી પૂર્વપક્ષની દલીલનો અવકાશ રહેતો નથી.

## ❋ અપેક્ષાએ નયના બે ભેદ (૧) સુનય અને (૨) દુર્નય ❋

બીજા આચાર્ય આ પ્રમાણે પ્રમાણ અને નયનું સ્વરૂપ કહે છે,

(૧) **નય :** પરસ્પર અપેક્ષાવાળા નૈગમ વગેરે (એકાંશને ગ્રહણ કરનારા) અધ્યવસાયો જ્ઞાનવિશેષ તે **'નય'** કહેવાય.

(૨) **પ્રમાણ :** વળી આ જ પરસ્પર અપેક્ષાવાળા (સર્વ) નયો વડે સમસ્ત/સંપૂર્ણ વસ્તુના સ્વરૂપનું અવલંબન કરનારું જે જ્ઞાન ઉત્પન્ન કરાય છે, તે જ્ઞાન તેનાથી અર્થાત્

समस्तवस्तुस्वरूपावलम्बनं जन्यते तदनन्यगतवस्तुपरिच्छेदाभ्युपायत्वत्[1] **प्रमाणम्** । ये पुनर्नैगमादयो निरपेक्षाः परस्परेण ते **नयाभासा** इति ॥ ६ ॥

સમસ્ત - નયોથી અનન્યગત એટલે કે સમાન વિષયવાળી વસ્તુના બોધનો ઉપાય બનવાથી 'પ્રમાણ' કહેવાય.

(૩) **નયાભાસ :** વળી જે નૈગમ વગેરે નયો નિરપેક્ષ = એટલે કે પરસ્પરની અપેક્ષા વિનાના છે, તે **'નયાભાસ'** કહેવાય. અર્થાત્ બીજા નયની અપેક્ષા વિનાના = નિરપેક્ષ હોવાથી પોતે માનેલ વસ્તુ-અંશને જ એકાંતે સ્વીકારે છે અને અન્ય નયનો અપલાપ કરનારા હોવાથી નયાભાસ - અસદ્નય કહેવાય.

**ચંદ્રપ્રભા :** ઉપરના બન્નેય અભિપ્રાયો વચ્ચે તફાવત એટલો જ છે કે, પ્રથમ અભિપ્રાય પ્રમાણે 'પ્રમાણ' એ સમ્યગ્દષ્ટિ છે અને નયો તે મિથ્યાદષ્ટિ છે. કેમ કે વસ્તુના એક જ અંશનું ગ્રહણ કરનારા છે. આમ બે ભેદ જ કહેલાં છે. જ્યારે બીજા અભિપ્રાય અનુસારે પ્રમાણ ઉપરાંત જે નયો રૂપ ભેદ છે, તેના પણ બે પ્રકાર છે, (૧) **નય** = સુનય અને (૨) **નયાભાસ** = દુર્નય (i) જે નય વસ્તુના એક અંશનું ગ્રહણ કરનાર હોવા ઉપરાંત બીજા નયની અપેક્ષા રાખે છે અર્થાત્ અપલાપ (નિષેધ, ખંડન) કરતા નથી, તે નય = **સુનય** કહેવાય. જ્યારે (ii) જે નય વસ્તુના જે એક અંશનું ગ્રહણ કરે છે, તેને જ એકાંતે ગ્રહણ કરે છે, બીજા નયની અપેક્ષા રાખતો નથી, પણ અપલાપ કરે છે તે નય **દુર્નય** = નયાભાસ કહેવાય.

ઉદાહરણ તરીકે જોઈએ તો સામે જમીન ઉપર ઘડો પડેલો હોય ત્યારે, પ્રમાણ-વાક્ય આ પ્રમાણે થાય.

(૧) **स्याद् भूतले घटोऽस्ति ।** અમુક અપેક્ષાએ ભૂતલ ઉપર ઘડો છે. (પ્રમાણ-વાક્ય)

(૨) **स्याद् भूतले घट एवास्ति ।** " " ઘડો જ છે. આ સુનય-વાક્ય છે.

(૩) **भूतले घट एवास्ति** ભૂતલ ઉપર ઘડો જ છે. આ દુનર્ય = નયાભાસ વાક્ય છે.

પ્રથમ વાક્યમાં 'અમુક અપેક્ષાએ ભૂતલ ઉપર ઘડો છે' એવા અર્થવાળા વાક્યમાં **एव** = 'જ'કાર ન હોવાથી તે પ્રમાણ-વાક્ય કહેવાય છે. આમાં 'ભૂતલ' ઉપર ઘડો છે, એ વાત **'स्याद्'** પદથી અપેક્ષા-વિશેષથી કહેલી છે. તેનો અર્થ એ કે સર્વથા = સર્વ અપેક્ષાએ ઘડો છે, એમ નહીં, પણ અમુક અપેક્ષાએ ઘડો છે, બીજી અપેક્ષાએ (પટ વગેરે રૂપ પર-પર્યાયોથી) ઘડો નથી પણ, એમ 'સ્યાદ્' પદથી સૂચવેલું છે. આમ ઘડામાં બીજા જે જે પર્યાયો ઘટતાં નથી તેનો પણ આ વાક્યમાં ગર્ભિત રીતે સ્વીકાર પડેલો હોવાથી આવું બોલનારાનું વાક્ય અને તેનું જ્ઞાન એ

१. पू. । तदनवग० मु. ।

**किञ्चान्यदित्यनेनोत्तरसूत्रं** सम्बन्धयति, नैतावतैव विस्तराधिगमस्तत्त्वानां, यतोऽन्यदपि विस्तराधिगतौ कारणमस्ति । किं तत् ? निर्देशादि । के पुनः निर्देशादय इत्यत आह-

**सू० निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥१-७॥**

**टी० निर्देशस्वामित्वे**त्यादि । न तावन्निर्देशादीन् व्याचष्टे सम्बन्धवाक्यमेव समर्थयते-

---

'પ્રમાણ' રૂપ છે. આથી તે જ્ઞાન સમ્યક્ છે અને બોલનાર વ્યક્તિ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

બીજા વાક્યમાં **एव** = 'જ' કારનો પ્રયોગ કરેલો છે, તે નયને સૂચવે છે. પણ **स्याद्** કહેવાથી બીજા નયની અપેક્ષા છે, આમ બીજા નયને સાપેક્ષ હોવાથી 'સુનય' છે. જ્યારે ત્રીજા વાક્યમાં '**एव**' છે માટે નય-વાક્ય છે, પરંતુ **स्याद्** = 'અમુક કોઈક અપેક્ષાએ' એવું પદ મૂકેલું ન હોવાથી, 'સર્વથા ઘડો જ છે' એવો અર્થ જણાવાથી બીજા નયોની અપેક્ષા વિનાનું = નિરપેક્ષ વાક્ય હોવાથી તે નયાભાસ = દુર્નય કહેવાય અને આ મિથ્યાદૃષ્ટિ નય છે.

આ ત્રણ પ્રકારો બીજા આચાર્યના અભિપ્રાય પ્રમાણે છે અને તે પણ ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિવરને સંમત છે, કારણ કે તેનું ખંડન કરેલું નથી. પ્રથમ અભિપ્રાય અનુસારે તો (૧) **स्याद् भूतले घटोऽस्ति** એમ પ્રથમ પ્રમાણ-વાક્ય અને (૨) **भूतले घट एवाऽस्ति** એમ બે વાક્ય સમજવા. કેમકે આ અભિપ્રાયે તો સર્વનયોને 'મિથ્યાદૃષ્ટિ' કહેલાં છે અને તે એકાંત એટલે કે '**स्याद्**' (અમુક અપેક્ષાએ) એવા પદ વિના કહેવાતા હોવાથી મિથ્યાદૃષ્ટિ ગણાય માટે તે દુર્નય = નયાભાસ કહેવાય, એમ જાણવું. આમ બે જ વિભાગ હોવાથી 'પ્રમાણ' એ સમ્યગ્દૃષ્ટિ અને 'નય' એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહેલું છે. બાકી ત્રણ વિભાગ પાડવામાં આવે તો પૂર્વે કહ્યા મુજબ નયોના પણ (i) સુનય = સમ્યગ્દૃષ્ટિ અને (ii) નયાભાસ (દુર્નય) મિથ્યાદૃષ્ટિ એમ બે પ્રકાર થઈ શકે છે, એમ વિચારવું.

**પ્રેમપ્રભા : અવતરણ :** ભાષ્યમાં જે કહ્યું કે **किञ्च अन्यद्** - તેનાથી ઉત્તર સૂત્રની સાથે સંબંધ કરે છે, તે આ રીતે - ફક્ત આ પ્રમાણ અને નયથી જ વિસ્તારથી બોધ થાય છે એવું નથી, કારણ કે બીજું પણ વસ્તુનો વિસ્તારથી બોધ કરવામાં કારણ છે.

**પ્રશ્ન :** કયા છે તે કારણો ? **જવાબ :** નિર્દેશ વગેરે કારણો છે. **પ્રશ્ન :** આ નિર્દેશ વગેરે કારણો કયા કયા છે ? તેના જવાબમાં આગળનું સૂત્ર કહે છે - **જવાબ :**

**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥ १-७ ॥**

**સૂત્રાર્થ :** (૧) નિર્દેશ (૨) સ્વામિત્વ (૩) સાધન (૪) અધિકરણ, (૫) સ્થિતિ અને

**भा० एभिश्च निर्देशादिभिः षड्भिरनुयोगद्वारैः सर्वेषां भावानां जीवादीनां तत्त्वानां विकल्पशो विस्तरेणाधिगमो भवति ।**

**टी० एभिश्चे**त्यादिना । **एभिः**, चशब्दात् प्रमाणनयसदादिभिश्च[1] । एभिश्चेति सामान्यशब्दनिर्देशे न विशेषावगतिरस्ति, अतो विशेषार्थमाह-**निर्देशादिभिः** । आदिशब्देन निर्देशे सति नेयत्तापरिज्ञानमस्तीति समासे चाव्यक्ताभिधानं प्रसिद्धं, न सूत्रादपिइयत्ता सम्भाव्येत अतः **षड्भि**रित्याह । '[3]उक्तेऽपि षड्भिरिति' अस्मिन् किमेतानि व्याख्याद्वाराणि नेति या शङ्का तन्निरसनायाह-**अनुयोगद्वारैः** व्याख्याङ्गैरित्यर्थः । एषां चा[4]ऽव्यापिताऽस्ति[5]

---

વિધાન (ભેદો)થી જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે.

**પ્રેમપ્રભા :** આગળ ભાષ્યમાં સૂત્રમાં કહેલ 'નિર્દેશ' વગેરે ભેદોનું કથન ન કરતાં ફક્ત તેના સંબંધવાળા વાક્યનું સમર્થન કરે છે, પ્રગટ કરે છે.

**ભાષ્ય : આ નિર્દેશ વગેરે છ અનુયોગના (વ્યાખ્યાના) દ્વારો વડે પણ જીવાદિ તત્ત્વો રૂપી સર્વ ભાવોનો વિકલ્પ વડે - વિસ્તારથી બોધ (અધિગમ) થાય છે.**

## ❋ નિર્દેશ વગેરે છ દ્વારો વડે સર્વ વસ્તુનો વિશેષ બોધ ❋

**પ્રેમપ્રભા :** સૂત્રના અર્થને સંક્ષેપમાં જણાવવા ભાષ્યમાં **एभिश्च** વગેરે કહેલું છે. **एभिः** આ સૂત્રોક્ત નિર્દેશ વગેરે પ્રકારો વડે અને **च** શબ્દથી પ્રમાણ, નય વગેરેથી અને આગળ કહેવાતાં 'સદ્' વગેરે દ્વારો વડે પણ જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે એમ સમસ્ત અર્થ છે. હવે ટીકાથી તેના પદોનો અર્થ અને તેનું પ્રયોજન જણાવતાં કહે છે, '**एभिश्च**' એમ સામાન્ય શબ્દનો નિર્દેશ થયે છતે વિશેષ બોધ થતો નથી, આથી વિશેષ (સ્પષ્ટ) બોધ માટે કહે છે, **निर्देशादिभिः** = અર્થાત્ નિર્દેશ વગેરે વડે... (જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે.) આમાં **आदि** શબ્દથી નિર્દેશ કરેલો હોયને ચોક્કસ સંખ્યા (ઇયત્તા)નું જ્ઞાન થતું નથી. વળી સમાસમાં અવ્યક્ત = અસ્પષ્ટ કથન થાય છે, એ વાત પ્રસિદ્ધ છે. આથી સૂત્રથી પણ ચોક્કસ સંખ્યા જણાતી નથી, માટે **षड्भिः** એમ સ્પષ્ટપણે નિર્દેશ વગેરેની સંખ્યા કહે છે.

વળી **षड्भिः** એમ કહેવા છતાંય, 'શું આ નિર્દેશ વગેરે વ્યાખ્યાના દ્વારો છે કે નહીં ?' એવી જે શંકા ઉભી રહે છે, તેને દૂર કરવા કહે છે **अनुयोगद्वारैः** । આ નિર્દેશ વગેરે અનુયોગના દ્વારો એટલે કે વ્યાખ્યાના અંગો/ઉપાયો છે, એમ અર્થ છે. (તેના વડે

---

१. पादिषु । दिश्चः० पू. । २. ख.पू. । षड्भिरिति० मु. । ३. ख.पू.ला. । उक्तेऽपि षड्भिरिति० ना. मु. । ४. पू. । च व्यापिता० मु. । ५. पू. । अस्ति नास्तीति० मु. ।

इत्याशङ्काव्युदासायाह-**सर्वेषामिति** । उक्तेऽपि चैतस्मिन् अभावोऽपि सर्वशब्देनोपात्तः तन्निराचिकीर्षयाऽऽह-**भावानामिति** । अभावे हि व्यर्थत्वात् प्रयासस्य न तद्विषयमेतदिति कथयति । भावा अप्यन्यमताभिमताः सन्ति अतत्त्वरूपा इत्यतो द्वयमुपादत्ते-**जीवादीनां तत्त्वानामित्येतत्** । ते च जीवादयः किमेभिः समासेन निरूप्यन्ते उत व्यासेनेत्यत आह-**विकल्पश** इति । शसश्च कारकसामान्याद् विधानमिति तृतीयार्थ एष इत्येतत् कथयति **विस्तरेणेत्यनेन** । उक्तेऽपि चैतस्मिन् असम्पूर्णमेव वाक्यं स्याद् यदि पूर्वसूत्रादधिगम इत्येतन्नानुवर्तेत[1], इति कथयति-**अधिगम** इति । सत्तां च पदार्थो न व्यभिचरति यद्यपि

બોધ થાય છે.)

વળી આ નિર્દેશ વગેરે વ્યાખ્યા-દ્વારોની જીવાદિ સર્વ તત્ત્વો વિષે વ્યાપકતા છે કે નહીં? એવી શંકાનો નિકાલ કરવા માટે '**सर्वेषाम्**' એમ કહેલું છે. સર્વ જીવાદિ તત્ત્વોનો વ્યાખ્યાના દ્વારો વડે બોધ થાય છે. આ '**सर्व**' શબ્દ મૂકવા છતાંય તેનાથી 'અભાવ'નું પણ ગ્રહણ સંભવતું હોવાથી તેનું નિરાકરણ/નિષેધ કરવાની ઇચ્છાથી **भावानाम्** (ભાવાત્મક પદાર્થોનું) એમ કહેલું છે. અભાવને વિષે વ્યાખ્યા કરવાનો પ્રયાસ વ્યર્થ હોવાથી તેના વિષયવાળું આ સૂત્ર નથી અર્થાત્ અભાવની વ્યાખ્યા માટે સૂત્રમાં કહેલ વ્યાખ્યા-દ્વારો નથી.

વળી ભાવો = ભાવાત્મક પદાર્થો પણ અન્ય દાર્શનિકોએ માનેલાં છે અને તે અતત્ત્વ-સ્વરૂપ છે. આથી તેની બાદબાકી જણાવવા માટે **जीवादीनां तत्त्वानां** 'જીવાદિ તત્ત્વોનો' એમ બે પદોનું ગ્રહણ કરેલું છે.

તથા શું આ જીવાદિ તત્ત્વો આ નિર્દેશાદિ છ દ્વારો વડે સંક્ષેપથી નિરૂપિત કરાશે કે વિસ્તારથી ? એવી શંકાને નિર્મૂલ કરવા કહે છે, **विकल्पशः विस्तरेण** । વ્યાકરણમાં **शस्** પ્રત્યયનું સામાન્યથી કારક-માત્રમાં વિધાન કરેલું છે. આથી અહીં તૃતીયાના અર્થમાં છે. આ હકીકતને **विस्तरेण** એવા પદને મૂકવા વડે સ્પષ્ટરૂપે કહેલ છે. **વિકલ્પશ :** = એટલે વિસ્તારથી (અધિગમ થાય છે.)

આટલું કહેવા છતાં પણ જો પૂર્વસૂત્રથી '**अधिगमः**' એવા પદનું અનુવર્તન ન કરાય અર્થાત્ આ સૂત્રમાં ઉતારીને તેનો સંબંધ ન જોડાય તો વાક્ય અપૂર્ણ જ રહે છે. આથી અહીં (આ સૂત્રમાં) '**अधिगमः**' શબ્દ પૂર્વ-સૂત્રથી અનુવર્તે છે, સંબંધ પામે છે અને આથી

१. पू. । एतदग्रे - अतोऽनुवर्ततेः० मु. अधिकः ।

तथाप्यन्यस्याः क्रियाया नाध्याहारः कर्तव्यः, ततश्च **भवति** इत्याह । एवं सम्बन्धं लगयित्वा सूत्रं व्याख्यानयन्नाह-

**भा० तद्यथा । निर्देशः । को जीवः ? औपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः ।**

**टी० तद्यथे**त्यादि । यथैते भाव्यन्ते निर्देशादयः तथा कथ्यन्ते, **निर्देश** इति चोपन्यस्य उद्देशवाक्यमुच्चारयति-**को जीव** इति । **न च** प्रस्तुतोपन्यासः, **कथ**मिति **चेत्**? **उच्यते**-

---

'નિર્દેશાદિ અનુયોગ - દ્વારો વડે સર્વ જીવ વગેરે તત્ત્વોનો વિસ્તારથી બોધ થાય છે,' એમ સંપૂર્ણ વાક્ય બને છે.

કોઈપણ પદાર્થ (ભાવાત્મક વસ્તુ) 'સત્તા' (હોવું, અસ્તિત્વ)નો વ્યભિચાર કરતો નથી, એટલે કે, 'સત્તા'ને છોડીને રહેતો નથી. દરેક વિદ્યમાન વસ્તુમાં 'સત્તા' હોય જ છે. (જેના કારણે આ વસ્તુ 'છે' એમ કહેવાય છે. આથી અહીં **भवति/अस्ति** ક્રિયાપદ ન મૂકેલું હોય તો પણ સમજાય જાય છે.) તો પણ 'સત્તા' સિવાયની બીજી ક્રિયાનો (ક્રિયાપદનો) અહીં અધ્યાહાર (પૂર્તિ/શેષ) કરવા યોગ્ય નથી, એમ સૂચવવા ભાષ્યમાં '**भवति**' પદનું સાક્ષાત્ ગ્રહણ કરેલું છે, એમ સમજવું. (વ્યાકરણમાં હોવું, એમ 'સત્તા' માત્રને પણ ક્રિયા કહેલી છે, એ અપેક્ષાએ આમ કહેલું છે.) આ રીતે પૂર્વોક્ત ભાષ્યમાં મૂકેલાં દરેક પદોના પ્રયોજનનો વિચાર ટીકામાં કરેલો છે.

આ પ્રમાણે ભાષ્યમાં કહેલાં પદોનો સંબધ લગાડીને (પ્રયોજન કહીને) હવે મૂળ સૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકાર જણાવે છે-

**ભાષ્ય : તે આ પ્રમાણે – (૧) નિર્દેશ દ્વાર... (પ્રશ્નઃ) જીવ શું છે ? (જવાબઃ) ઔપશમિક આદિ (પાંચ) ભાવથી યુક્ત દ્રવ્યરૂપ જીવ છે.**

**પ્રેમપ્રભા** : ભાષ્યમાં નિર્દેશ વગેરે સૂત્રમાં કહેલાં છએ અનુયોગદ્વારોનું સ્વરૂપ બતાવવાનો આરંભ કરતાં કહે છે, '**तद्यथा**' એટલે જે પ્રમાણે આ નિર્દેશ વગેરે દ્વારો જણાય છે, વિચારાય છે, તે પ્રમાણે કહેવાય છે.

### ❋ ઉદ્દેશપૂર્વક નિર્દેશ અને તેનું સ્વરૂપ ❋

**(૧) નિર્દેશ-દ્વાર :** 'નિર્દેશ' એ પ્રમાણે પ્રથમ વ્યાખ્યા-દ્વારને જણાવનાર પદને મૂકીને 'ઉદ્દેશ' રૂપ વાક્યનો ઉચ્ચાર કરે છે, **को जीवः?** જીવ શું છે ? **શંકા** : નિર્દેશને જણાવવાને બદલે, જીવ અંગે પ્રશ્ન કરવા રૂપે ઉદ્દેશ-વાક્ય કરવું અપ્રસ્તુત છે. **સમાધાન :**

उद्देशवाक्यमन्तरेण निर्देशस्य ख्यापनमशक्यं कर्तुम् । यदि हि पूर्वं सामान्यरूपोद्देशचोदना न स्यान्निर्देशवाक्यमप्यसम्बद्धत्वाद् उन्मत्तवचोवदसङ्गतार्थं स्यात् । सामान्यार्थाभिधानम् **उद्देशः**, तद्विशेषप्रतिपिपादयिषा[1]-वचनं **निर्देशः** । पूर्वं प्रश्नवाक्यमुच्चारयति निर्दिश्[2]यमानार्थोपकारि-कीदृशः खलु मया जीवः प्रतिपत्तव्यः ? किं द्रव्यरूपो गुणरूपः क्रियास्वभाव इति ? नामादीनां वा अन्यतम इति पृष्टे निर्दिशति[3]-निश्चयेन उपयुज्यते प्रस्तुते वस्तुनि स निर्देशः। **औपशमिकादिभावेत्यादि** । औपशमिकादयोऽभिहितास्त एव

---

ના, 'જીવ શું છે ? એવું ઉદ્દેશ-વાક્ય (સામાન્ય, કથન) એ અપ્રસ્તુત નથી. શાથી ? એમ જો તમે પૂછતા હોવ, તો તેના જવાબમાં કહેશું કે, ઉદ્દેશ વાક્ય જ્યાં સુધી ન કહેવાય ત્યાં સુધી નિર્દેશ-વાક્ય જણાવવું શક્ય બનતું નથી. કારણ કે સામાન્ય અર્થ રૂપ ઉદ્દેશ અંગે પ્રશ્ન ન થાય, તો નિર્દેશ-વાક્ય પણ (આધાર વિનાનું હોયને) અસંબદ્ધ-નિરર્થક હોવાથી ઉન્મત્ત (પાગલ) માણસના વચનની જેમ અસંગત અર્થવાળું બની જાય.

કારણકે (i) સામાન્યથી અર્થનું કથન કરવું, તે **ઉદ્દેશ** કહેવાય અને (ii) ઉદ્દેશરૂપ પદાર્થના વિશેષનું (લક્ષણાદિનું) કથન કરવાની ઇચ્છાપૂર્વક જે વચન ઉચ્ચારાય, તે **નિર્દેશ** કહેવાય. આથી પહેલાં સામાન્ય જીવાદિ અર્થના કથનરૂપ ઉદ્દેશ-વાક્ય કરાયું હોય તો જ તેના સંબંધી વિશેષ અભિધાનરૂપ નિર્દેશ-વાક્ય સંગત અર્થવાળુ બનતું હોવાથી, અહીં ભાષ્યમાં પહેલાં 'જીવ શું છે ?' એમ ઉદ્દેશ વાક્ય કહેલું છે. આથી ભાષ્યમાં પહેલાં નિર્દેશ કરાતાં અર્થમાં ઉપકારક/સહાયક એવા પ્રશ્નાત્મક વાક્યનું ઉચ્ચારણ કરે છે.

**પ્રશ્ન : कः जीवः** મારે કેવો જીવ સ્વીકારવો જોઈએ ? શું તે દ્રવ્યાત્મક છે ? ગુણ-સ્વરૂપ છે કે ક્રિયા-સ્વભાવવાળો છે ? અથવા તો શું તે નામ-સ્થાપનાદિ ચાર નિક્ષેપ પૈકી કોઈ એક નિક્ષેપા રૂપ છે ? આવો પ્રશ્ન પુછાયે છતે નિર્દેશ કરે છે. (નિર્દેશ શબ્દની વ્યુત્પત્તિ કરતાં કહે છે-)

પ્રસ્તુત વસ્તુમાં અથવા વસ્તુ પ્રસ્તુત થયે છતે, જે નિશ્ચિતપણે ઉપયોગી બને તે **'નિર્દેશ'** કહેવાય. (**नि = निश्चयेन उपयुज्यते प्रस्तुते वस्तुनि स निर्देशः** ।) પ્રસ્તુતમાં ભાષ્યમાં આ પ્રમાણે નિર્દેશ વચન કહેલું છે, 'ઔપશમિક વગેરે ભાવથી યુક્ત દ્રવ્ય તે જીવ છે,' એમ સમસ્ત અર્થ છે. હવે તેના એક-એક પદોનો ભાવાર્થ કહે છે - ઔપશમિક વગેરે ભાવો પૂર્વે કહેલાં છે. જુઓ, **નામ-સ્થાપના૦** સૂત્ર (૧-૫) ની ટીકા... અહીં આત્મા તે તે રૂપે થવાથી (**भवनाद्**) 'ભાવ' એમ કહેવાય. ઔપશમિકાદિ રૂપ ભાવો તે

---

१. सर्वप्रतिषु । विषया० मु. । २. ख.पा.लि.कै. । र्देशमाना० पू. । ३. ख.पू. । निर्देश इति० मु. ।

भावास्तथाभवनादात्मनः तैर्युक्तः औपशमिकादिभावयुक्तः । **द्रव्यं जीव** इति गुणक्रियाव्युदासद्वारेण निश्चयेन तदादिष्टं द्रव्यं जीव इति । द्रव्यं जीवः स चाप्यौपशमिकादिभावयुक्त इति । ततश्च न केवलं द्रव्यं नापि केवला भावाः किन्तु उभयात्मकं जीववस्तु प्रतिपन्नं भवति । अथवा द्रव्यमेव प्रधानं यतस्तेन तेनौपशमिकादिभावेन द्रव्यमेव तथा तथा विपरिवर्तते ॥ १ ॥

स्वामित्वादयो जीवेऽभ्यूह्या अनया दिशेति न दर्शितवान्; वयं तु दर्शयामः-**स्वामी**-प्रभुः तद्भावः स्वामित्वम्, जीवो हि कस्य प्रभुः ? जीवस्य वा के स्वामिन इति ?

---

ઔપશમિકાદિ-ભાવો, તેનાથી યુક્ત એવું દ્રવ્ય... જીવ કહેવાય એમ કહ્યું. અહીં 'દ્રવ્ય' એમ કહેવાથી ગુણ અને ક્રિયાનો નિષેધ થવા દ્વારા, નિશ્ચયથી બતાવેલ છે કે (ઔપશમિક આદિ ભાવથી સહિત) તે 'જીવ' એ દ્રવ્ય-સ્વરૂપ છે. ટૂંકમાં જીવ એ દ્રવ્ય છે અને તે પણ ઔપશમિક આદિ ભાવથી સહિત છે. અને આથી જીવ એ ફક્ત દ્રવ્ય નથી કે કેવળ ઔપશમિકાદિ ભાવ રૂપ પણ નથી, કિંતુ, બેય રૂપે (ઉભયાત્મક) જીવ·વસ્તુ માનેલી છે.

અથવા આ બેમાં દ્રવ્ય જ પ્રધાન છે કારણ કે, દ્રવ્ય જ તે તે ઔપશમિક વગેરે ભાવ રૂપે પરિવર્તન/ફેરફાર પામે છે.

સ્વામિત્વ વગેરે દ્વારો જીવને વિષે આ પ્રમાણે-બતાવેલી દિશા પ્રમાણે સ્વયં વિચારી શકાય તેમ છે અથવા વિચારી લેવા, આવા આશયથી ભાષ્યમાં બતાવેલાં નથી. (અભ્યાસકોને સરળતાથી બોધ થાય તે માટે) અમે તે ટીકા દ્વારા બતાવીએ છીએ.

### ❋ સ્વામિત્વ વગેરે દ્વારોમાં થતી વસ્તુની વિચારણા ❋

(૨) **સ્વામી** : સ્વામી એટલે પ્રભુ, માલિક... તેનો ભાવ = પ્રવૃત્તિ નિમિત/ધર્મ, તે સ્વામિત્વ, સ્વામિપણું કહેવાય. અહીં પ્રશ્ન આ પ્રમાણે થાય કે, **પ્રશ્ન** : જીવ કોનો સ્વામી છે ? અથવા જીવના કોણ માલિક છે ? (આવા પ્રશ્નનો જવાબ સ્વામિત્વ-દ્વારમાં અપાય છે. તે આ પ્રમાણે-) **જવાબ** : એક જ અધિકૃત = વિવક્ષિત જીવ એ ધર્માસ્તિકાય વગેરેનો - અન્ય દ્રવ્યોનો સ્વામી છે, કારણ કે જીવ તે સર્વ પુદ્ગલાસ્તિકાયાદિ દ્રવ્યોને વિષે મુર્ચ્છા પામે છે, પ્રાપ્ત કરે છે, જાણે છે, તેનો પરિભોગ/ભોગવટો કરે છે અને શરીર તરીકે તેનું ગ્રહણ કરે છે. આમ જીવ અન્ય સર્વદ્રવ્યોનો સ્વામી છે, માલિક છે.

**उच्यते**-जीव एकोऽवधीकृतः धर्मादीनामस्तिकायानां स्वामी, यतः सर्वेषु मूर्च्छां याति, उपलभते, परिभुङ्क्ते शरीरतया चा[1]ऽऽदत्तेऽतः सर्वेषां जीवः स्वामी, जीवस्यापि जीवा अन्ये तन्मूर्च्छादिकारिणः स्वामिनो भवन्ति ॥ २ ॥ साध्यते येन तत् **साधनम्** । केन चात्मा साध्य[2]ः ? **उच्यते**-नान्येनासौ, सततं समवस्थितत्वाद्, बाह्यान् वा पुद्गलान् अपेक्ष्य देवादिजीवः साध्यत इति तैस्तत्तत्स्थानं नीयत इति यावत् ॥ ३ ॥ **अधिकरण**माधारः । कस्मिन्नात्मा? निश्चयस्य स्वात्मप्रतिष्ठत्वात् स्वात्मनि, व्यवहारस्य शरीराकाशादौ ॥ ४ ॥ **स्थिति**रात्मरूपादनपगमः । कियन्तं कालमेष जीवभावेनावतिष्ठते ? भवाननङ्गीकृत्य

વળી જીવના પણ બીજા જીવો - જેઓ તેનામાં મુર્ચ્છા કરનારા હોય છે, તેઓ સ્વામી છે.

(૩) **સાધન :** જેનાથી સધાય, સિદ્ધિ કરાય તે 'સાધન' કહેવાય. (**साध्यते येन तत् साधनम् ।**) **પ્રશ્ન :** આત્મા કોના વડે સાધ્ય છે ? આત્મ-સિદ્ધિના સાધનો શું છે ? (આવી વિચારણા આ અનુયોગદ્વારમાં પ્રવાહિત થાય છે.) **જવાબ :** જીવ બીજા વડે સધાતો નથી. અન્ય સાધનથી જીવની સિદ્ધિ થતી નથી કારણ કે, તે સતત પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહેલો છે. અથવા (વ્યવહાર નયથી) બાહ્ય (વૈક્રિયાદિ યાવત્ કાર્મણ) પુદ્ગલોની મદદથી દેવાદિ જીવ સધાય છે. (તેનું શરીર બનાવવા આદિ દ્વારા દેવાદિ જીવરૂપે કરાય છે.) અર્થાત્ આ દેવાદિ-જીવની સિદ્ધિ માટે તે પુદ્ગલો વડે તે જીવ તે તે દેવાદિના સ્થાનની પ્રાપ્તિ કરાવાય છે. આ અપેક્ષાએ પુદ્ગલો જીવના સાધનો છે.

(૪) **અધિકરણ :** એટલે આધાર. **પ્રશ્ન :** આત્મા શામાં રહે છે ? (એનું ચિંતન આ દ્વારથી થાય છે.) **જવાબ :** નિશ્ચય દૃષ્ટિથી આત્મા પોતાના આત્મામાં જ પ્રતિષ્ઠિત-સ્થિર હોવાથી આત્મા સ્વાત્મામાં જ રહે છે. વ્યવહાર - દૃષ્ટિએ જોઈએ તો આત્મા શરીર, આકાશ વગેરેમાં રહેલો છે.

(૫) **સ્થિતિ :** એટલે આત્માનું પોતાના સ્વરૂપથી દૂર ન થવું, નાશ ન પામવું. **પ્રશ્નઃ** જીવ કેટલાં કાળ સુધી જીવ રૂપે (અવસ્થામાં) રહે છે ? (આવો ઊહાપોહ આ દ્વારમાં થાય છે. તે આ રીતે-) **જવાબ :** જીવના ભવોની/જન્મોની અપેક્ષા ન રાખીએ તો સર્વકાળે આત્માની સ્થિતિ હોય છે એટલે કે, (સર્વકાળ સુધી) આત્મા સ્વરૂપથી દૂર થતો નથી અને જો દેવ વગેરેના ભાવોને આશ્રયીને વિચારીએ તો જે ભવોમાં જેટલી સ્થિતિ (આયુષ્ય) હોય, તેટલો કાળ ત્યાં ('દેવાદિરૂપે') રહે છે.

१. पा.पू.लि. । वा० मु. । २. पू. । ध्यते० मु. ।

सर्वस्मिन् काले, देवादींस्तु भवानङ्गीकृत्य यावती यत्र स्थितिस्तावन्तं कालं तत्रावतिष्ठत इति ॥ ५ ॥ **विधानं** प्रकारः, कतिप्रकारा जीवाः ? त्रसस्थावरादिभेदाः ॥ ६ ॥ एवं शेषा अपि सिद्धान्तानुसारिण्या धियाऽवलोक्य पारमर्षं प्रवचनं वाच्याः, ग्रन्थगौरवभयात् तु नादद्रे **भाष्यकारः** । तथा यदर्थं शास्त्रप्रवृत्तिस्तत्रापि योजनां निर्देशादीनां कुर्वन्नाह -

**भा० सम्यग्दर्शनपरीक्षायाम्-किं सम्यग्दर्शनं ? द्रव्यम् । सम्यग्दृष्टि[1]र्जीवोऽरूपी नोस्कन्धो नोग्रामः ।**

**टी० सम्यग्दर्शनपरीक्षायामित्यादि** । यदा सम्यग्दर्शनं परीक्ष्यते तदापि सम्यग्दर्शनं किं गुणः ? क्रिया ? द्रव्यमिति ? पृष्टे निर्देशो भवति, **उच्यते-द्रव्यम्**, ये जीवेन

(६) **વિધાન :** એટલે પ્રકાર, ભેદ. **પ્રશ્ન :** જીવો કેટલાં પ્રકારના છે ? (આનુ મંથન આ દ્વાર વડે કરાય છે - તે આ રીતે) **જવાબ :** જીવો (i) ત્રસ અને (ii) સ્થાવર આદિ ભેદવાળા છે.

આ પ્રમાણે શેષ બીજા પણ અધિગમ(બોધ)ના ઉપાયો સિદ્ધાંતને અનુસરનારી બુદ્ધિ વડે પારમર્ષ = પરમર્ષિ તીર્થંકર પરમાત્મા વડે પ્રરૂપિત પ્રવચનનું (શાસ્ત્રોનું) અવલોકન કરીને કહેવા યોગ્ય છે. **પ્રશ્ન :** અહીં તે સર્વ શાથી કહ્યા નથી ? **જવાબ :** ગ્રંથનું ગૌરવ થવાના ભયથી ભાષ્યકાર ભગવંતે તેનું કથન કરેલું નથી.

### ❋ 'સમ્યગ્દર્શન'માં નિર્દેશ વગેરે દ્વારોની ઘટના ❋

વળી સમ્યગ્દર્શન વગેરે જે મોક્ષના ઉપાયોને જણાવવા માટે આ શાસ્ત્રની પ્રવૃત્તિ કરેલી છે, તેને વિષે પણ 'નિર્દેશ' વગેરે વ્યાખ્યા-દ્વારોને ઘટાવતાં ભાષ્યકાર ભગવંત કહે છે-

**ભાષ્ય : જ્યારે સમ્યગ્દર્શનની પરીક્ષા કરાય ત્યારે પણ (ઉદ્દેશ-નિર્દેશ વાક્ય વગેરે દ્વારો થાય છે.) પ્રશ્ન : સમ્યગ્દર્શન શું છે ? જવાબ : દ્રવ્ય છે.**

**સમ્યગ્દષ્ટિ જીવ એ અરૂપી છે, આથી નોસ્કંધ છે (સ્કંધ રૂપ નથી) અને નોગ્રામ છે. (ભૂત-ગ્રામ રૂપ પણ નથી.)**

**પ્રેમપ્રભા :** જ્યારે સમ્યગ્દર્શનની પરીક્ષા કરાય છે, ત્યારે પણ આ પ્રમાણે પ્રશ્નાત્મક ઉદ્દેશ-વાક્ય કરાય છે- **પ્રશ્ન :** સમ્યગ્દર્શન એ શું ગુણ રૂપે છે ? ક્રિયા છે ? કે દ્રવ્ય રૂપે

१. टीकानु० । दृष्टिजी० मु. ।

शुभाध्यवसायविशेषेण विशोध्य पुद्गलाः प्रतिसमयमुपभुज्यन्ते अतस्ते सम्यग्दर्शनस्य निमित्तम्, तदुपष्टम्भजन्यत्वात् श्रद्धानपरिणामस्य, ततश्च कारणे कार्योपचाराद् द्रव्यं सम्यग्दर्शनम् । मुख्यया तु वृत्त्या रुचिरात्मपरिणामो ज्ञानलक्षणः श्रद्धासंवेगादिरूपः सम्यग्दर्शनं तेदाप्यात्मद्रव्यमेव द्रव्यनयस्य, पर्यायस्य तु गुणमात्रमवसेयमिति । यदि तर्हि पुद्गला द्रव्यस्वभावा रुचिमापादयन्तः सम्यग्दर्शनमिति भण्यन्ते, न तर्हि क्षीणदर्शनमोहनीयस्य छद्मस्थकेवलिसिद्धजीवस्य सम्यग्दर्शनं प्राप्नोतीत्युक्ते आह-**सम्यग्दृष्टिर्जीव** इति । सम्यक् शोभना दृष्टिर्या सत्पदार्थावलोकिनी सा

છે ? એમ પ્રશ્ન કરાતાં 'નિર્દેશ' આ પ્રમાણે થાય છે- **જવાબ :** સમ્યગ્દષ્ટિ જીવ દ્રવ્ય રૂપ છે. જે કારણથી જીવ વડે જે પુદ્ગલો વિશિષ્ટ શુભ અધ્યવસાયોથી વિશુદ્ધ કરીને પ્રત્યેક સમયે ઉપભોગ કરાય છે, આથી તે પુદ્ગલો સમ્યગ્દર્શનનું નિમિત્ત બને છે. કારણ કે, તે વિશુદ્ધ કરેલાં પુદ્ગલોના આલંબનથી એટલે કે તેનો ઉદય થવાથી જીવને શ્રદ્ધા રૂપ પરિણામ ઉત્પન્ન થાય છે. આથી કારણમાં (વિશોધિત પુદ્ગલોમાં) કાર્યનો (શ્રદ્ધા-પરિણામરૂપ સ.દ.નો) ઉપચાર કરવાથી તે વિશુદ્ધ કરેલાં પુદ્ગલોને **'સમ્યગ્દર્શન'** કહેવાય છે.

### ❋ દ્રવ્યનય અને પર્યાય નયથી સમ્યગ્દર્શન ❋

મુખ્ય રીતિએ (વાસ્તવિક રૂપે-પ્રધાનપણે) વિચારીએ તો રુચિરૂપ એવો જે જ્ઞાનાત્મક, શ્રદ્ધા-સંવેગાદિસ્વરૂપ આત્મ - પરિણામ, તે **સમ્યગ્દર્શન** છે. અને ત્યારે પણ દ્રવ્ય - નયના (દ્રવ્યાર્થિક નયના) મતે તો સમ્યગ્દર્શન આત્મદ્રવ્ય સ્વરૂપ જ છે, જ્યારે પર્યાયનયના (પર્યાયાર્થિક નયના) મતે તો ફક્ત ગુણરૂપ સમ્યગ્દર્શન છે. (આમ ભાષ્યમાં જે સમ્યગ્દર્શનને દ્રવ્ય કહેલું છે, તે દ્રવ્ય-નયથી સમજવું.)

**શંકા :** આ રીતે જો રુચિને-શ્રદ્ધાને ઉત્પન્ન કરનારા દ્રવ્યસ્વરૂપ પુદ્ગલો એ જો સમ્યગ્દર્શન કહેવાય, તો પછી જે જીવોએ દર્શન - મોહનીય કર્મનો = પુદ્ગલોનો સર્વથા ક્ષય કરેલો છે, એવા (i) છદ્મસ્થ જીવને તથા (ii) કેવળી ભગવંતોને અને (iii) સિદ્ધના જીવોને (તેવા દ્રવ્યરૂપ પુદ્ગલોનો અભાવ હોવાથી) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી ઘટશે નહીં. (આવી આપત્તિ અમને ઇષ્ટાપત્તિ રૂપ જ છે એ પ્રમાણે) આનું સમાધાન આપતાં આ દરેક અવયવને વિગતથી ભાષ્યકાર કહે છે-

**સમાધાન :** સમ્યગ્દષ્ટિ જીવ (i) અરૂપી (ii) નોસ્કંધ અને (iii) નોગ્રામ હોય છે.

१. पू.ला.-शो. । तदप्या० मु. । २. पू. । यनयस्य० मु. । ३. ख.पा.पू.जै. । दृष्टिजी० मु. ।

सम्यग्दृष्टिर्यस्य क्षीणदर्शनमोहनीयस्य स सम्यग्दृष्टिर्जीवः[1] । **एतत्कथयति**-क्षीणे दर्शनमोहनीये नैवासौ सम्यग्दर्शनी भण्यते, कस्तर्हि ? सम्यग्दृष्टिरेवासौ भण्यते, ततः सिद्धसाध्यता । स पुनः क्षीणदर्शनमोहः किं रूपी ? नेत्याह-**अरूपी** । अविद्यमानं रूपमस्येति अरूपी, सर्वधनादिषु[2] क्षेपः । नासौ रूपादिधर्मसमन्वितः अमूर्त आत्मेति । छद्मस्थकेवलिनोर्यद्यपि

---

'સમ્યક્' એટલે સારી એટલે કે સત્-પદાર્થને (સાચાં, વિદ્યમાન વસ્તુને) જોનારી એવી જે 'દૃષ્ટિ' તે સમ્યગ્દૃષ્ટિ. આવી સમ્યગ્દૃષ્ટિ જેને - જે જીવને હોય તે સમ્યગ્દૃષ્ટિ = સમ્યગ્દૃષ્ટિવાળો જીવ કહેવાય. જે જીવના દર્શન-મોહનીય કર્મ ક્ષીણ થયા છે તે **'સમ્યગ્દૃષ્ટિ'** જીવ કહેવાય.

અહીં કહેવાનું તાત્પર્ય આ છે કે, દર્શન-મોહનીય કર્મનો ક્ષય થાય ત્યારે જીવ 'સમ્યગ્દર્શની' કહેવાતો નથી. **પ્રશ્ન :** તો શું કહેવાય છે ? **જવાબ :** તે જીવ 'સમ્યગ્દૃષ્ટિ' જ કહેવાય છે.

આમ દર્શનમોહનીય કર્મપુદ્ગલના ઉદયથી થતી રુચિ/શ્રદ્ધા અહીં કહેવી ઈષ્ટ ન હોવાથી તેવી રુચિ, દર્શન-મોહનીયનો ક્ષય કરનાર જીવોને ન હોય તો તે દૂષણ નથી પણ ભૂષણ જ છે. આથી (ક્ષીણ થયેલાં દર્શન-મોહવાળા જીવોને સમ્યગ્દર્શનનો - પુદ્ગલના ઉદયથી થતી રુચિનો અભાવ) જે સિદ્ધ છે, તેને જ તમે સાધી રહ્યા છો, સાધ્યરૂપે જણાવી રહ્યા છો.... માટે તમારા કથનમાં 'સિદ્ધ-સાધ્યતા' દોષ છે.

**પ્રશ્ન :** જેમણે દર્શન-મોહનીય કર્મનો ક્ષય કરેલો છે, તે જીવો શું રૂપી છે ?

**જવાબ :** ના, તે જીવો અરૂપી છે. જેને કોઈ રૂપ વિદ્યમાન ન હોય તે **અરૂપી** કહેવાય. આ 'અરૂપી' શબ્દની સિદ્ધિ 'સર્વધનાદિ' ગણમાં ક્ષેપ કરવાથી થાય છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો ભાવ એ છે કે, 'તે (રૂપાદિ) આને અથવા આમાં છે' એવા અર્થમાં **मतु** - અર્થવાળા તદ્ધિત પ્રત્યયો નામરૂપ શબ્દથી થાય છે અને એવો અર્થ બહુવ્રીહિ-સમાસ કરવાથી પણ નીકળે છે... જેમ કે, **श्वेतं अम्बरं ( वस्त्रं ) यस्य स श्वेताम्बरः** શ્વેત-વસ્ત્રવાળો... આ રીતે બહુવ્રીહિ સમાસ કરવાથી જો 'વાળો' અર્થ કહી શકાય, તો તેના માટે **'मतु'** પ્રત્યય લગાડવો નહીં, એવો સામાન્યથી નિયમ છે. એટલે કે એવો પ્રયોગ કરવો નહીં છતાંય કેટલાંક શબ્દો એવા છે જેનો અર્થ બહુવ્રીહિથી જણાઈ જતો હોવા છતાંય ઉક્ત નિયમના અપવાદ તરીકે

---

१. ख.पा.पू.जै. । दृष्टिजी० मु. । २. पादिषु, जै. । धर्मादि० मु. ।

'મતુ' અર્થવાળા પ્રત્યયો પણ લાગે છે. આવા શબ્દોનો **सर्वधनादिषु** = વ્યાકરણ સૂત્ર વડે સૂચિત 'સર્વધન' આદિ શબ્દ-સમૂહ (ગણ)માં તેનો ક્ષેપ/સમાવેશ કરવો. કેમ કે આવા શબ્દોથી અપવાદે 'મતુ' - અર્થવાળા પ્રત્યયો થાય પણ છે. આથી **सर्वं धनं यस्य स सर्वधनः** = સર્વ-ધનવાળો... એમ બહુવ્રીહિ સમાસથી 'વાળો' અર્થ જણાય છે, તેમ છતાંય, **सर्वं च तद् धनं च, सर्वधनं** = સર્વધન...એમ (કર્મધારય સમાસ) કરીને પછી 'વાળો' અર્થ જણાવવા માટે **मतु** અર્થવાળો '**इन्**' પ્રત્યય લગાડાય છે, જેમ કે, **सर्वधनं अस्ति यस्य स** (સર્વધન છે જેની પાસે તે=) (**सवधन + इन्**) = '**सवधनी**' શબ્દ બને છે.

હવે પ્રસ્તુતમાં પણ જે **अरूपी** શબ્દ છે તેનો અર્થ છે, 'રૂપ વિનાનો.' આ અર્થ પણ બહુવ્રીહિ-સમાસ વડે કહી શકાય છે, જેમ કે, **न विद्यते रूपं यस्य स अरूपः जीवः** = રૂપ વિનાનો જીવ. એમ અર્થ કહી શકાય છે, તેમ છતાંય બહુવ્રીહિ-સમાસ ન કરીને '**मतु**' અર્થવાળો **इन्** પ્રત્યય કરેલો છે. તે આ રીતે, **न रूपं इति अरूपम्** = રૂપનો અભાવ. એમ (કર્મધારય સમાસ) કરીને ત્યારબાદ **अरूपम् अस्ति यस्य स ( अरूप + इन् = अरूपिन् + स = ) अरूपी जीवः** = રૂપના અભાવવાળો અર્થાત્ રૂપરહિત (અમૂર્ત) જીવ. આમ અહીં પણ પૂર્વોક્ત સામાન્ય-નિયમ છોડીને જે '**मतु**' અર્થવાળો પ્રત્યય લગાડેલો છે, તે અપવાદથી સિદ્ધ થાય છે. અર્થાત્ આવા અપવાદ રૂપ પ્રયોગોની સિદ્ધિ માટે વ્યાકરણમાં જે 'સર્વધનાદિ' એવા શબ્દ-સમૂહનો (ગણનો) સૂત્રમાં નિર્દેશ કરેલો છે, તેમાં આ '**अरूपी**' એવા પ્રયોગનો પણ સમાવેશ કરવાથી આ પ્રયોગની પણ સિદ્ધિ થાય છે, એમ જાણવું. આ જ અપવાદરૂપ પ્રયોગ હોવાનું સૂચન કરવા કહ્યું છે કે, '**सर्वधनादिषु क्षेपः**' 'સર્વધનાદિ' - શબ્દોમાં ક્ષેપ કરવો અર્થાત્ તે ગણમાં '**अरूप**' શબ્દને દાખલ કરવો, જેથી તેને '**इन्**' પ્રત્યય લાગી શકે.આથી ત્યાં જ ટીકામાં ત્રણ લીટી પછી **सर्वथाप्यरूपः०** તથા **अरूपत्वादेवः०** એમ મત્વર્થીય પ્રત્યય વિના જ ઓત્સર્ગિક પ્રયોગ કરેલો છે.

ટીકામાં **न अविद्यमानं रूपं अस्येति** એમ જે કહેલું છે, તે 'અરૂપી' શબ્દનું ફક્ત અર્થ કથન છે, પણ વિગ્રહ નથી. કારણ કે, જ્યારે **मतु** અર્થવાળો પ્રત્યય લાવવો હોય ત્યારે પહેલાં **न रूपं इति अरूपम्** એમ કર્મધારયસમાસ કરવો જરૂરી છે. પછી અરૂપ = રૂપનો અભાવ છે જેમાં એમ વિગ્રહ કરીને **सर्वादेरिन्** (સિ.હે. સૂ. ૭-૨-૫૯) સૂત્રથી **इन्** પ્રત્યય થવાથી **अरूपिन्** શબ્દ બને છે અને તેનો **अरूपी** = એવો પ્રયોગ થાય છે.

कर्मपटलोपरागः तथाप्यात्मा न स्वभावमुपजहाति, आगन्तुकं हि कर्मरजो मलिनयत्यात्मानम-भ्रादीव चन्द्रमसम् । सिद्धः सर्वथाप्यरूप एव । [1]स एव सम्यग्दृष्टिरिदानीमाशङ्क्यते-किं स्कन्धो ग्राम इति, तन्निरासायाह-**नोस्कन्धः** । अरूपत्वादेव न स्कन्धः, पुद्गलादिरूप[2]ः स्वप्रदेशाङ्गीकरणात् स्यात् स्कन्धः । अथवा पञ्चास्तिकायसमुदितिः स्कन्धः, नोशब्दस्य

## ❋ કર્મો આત્માના ગુણોને ઢાંકે છે, પણ નાશ કરતા નથી ❋

**પ્રેમપ્રભા :** દર્શનમોહનીયનો ક્ષય કરનારો સમ્યગ્દૃષ્ટિ જીવ એ 'રૂપ' આદિ ધર્મોથી યુક્ત નથી, કેમ કે, તે અમૂર્ત્ત આત્મા છે. જો કે, છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિ-જીવને અને કેવળી (ભવસ્થ દેહધારી સર્વજ્ઞ) ભગવંતને કર્મરૂપ પડળ (આવરણ)નો સંબંધ હોય છે, તો પણ આત્મા પોતાના (મૂળભૂત) સ્વભાવને ક્યારેય છોડતો નથી. કારણ કે ચન્દ્રને ઢાંકનાર વાદળ વગેરેની જેમ આગંતુક જ અર્થાત્ બહારથી નવી આવનારી કર્મરૂપી રજ જ આત્માને મલિન કરે છે. અર્થાત્ ચન્દ્રને ઢાંકનાર, આચ્છાદિત કરનાર વાદળ વગેરે જેમ ચંદ્રના ધર્મો નથી પણ બહારની વસ્તુ છે અને તે ફક્ત ચંદ્રના તેજનો પ્રતિબંધ કરે છે અટકાવે છે, પણ નાશ નથી કરતું, તેમ કર્મરૂપ રજ પણ આત્માના જ્ઞાન, સુખાદિ ગુણોને ફક્ત ઢાંકે છે, અટકાવે છે, પણ મૂળથી નાશ કરતાં નથી. માટે આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણોનો ક્યારેય ત્યાગ કરતો નથી અર્થાત્ તેનો નાશ થતો નથી. આમ કર્મરૂપી રજ આગંતુક વસ્તુ છે.

તે કર્મરજથી સર્વથા રહિત બનેલાં સિદ્ધ-આત્માઓ અરૂપી જ હોય છે. (**अरूप एव** એમ ટીકામાં પ્રયોગ કરેલો છે, તે પૂર્વોક્ત નિયમનો આશ્રય કરીને બહુવ્રીહિ સમાસ કરેલો છે. **अरूपः** = જેને રૂપ નથી તે અરૂપ=રૂપ વિનાના, અમૂર્ત્ત.)

સમ્યગ્દૃષ્ટિ-જીવ વિષે અહીં શંકા કરાય છે, **શંકા :** શું તે સ્કંધ રૂપ છે ? કે ગ્રામ રૂપ છે ? આનું નિરાકરણ કરતા ભાષ્યમાં કહે છે,

**સમાધાન : नोस्कन्धः** । સમ્યગ્દૃષ્ટિ જીવ અરૂપી/અમૂર્ત્ત હોવાથી જ સ્કંધરૂપ નથી (અહીં સ્કંધ એટલે પરમાણુના સંયોગથી બનેલ) પુદ્ગલાદિરૂપ સ્કંધ નથી. પણ પોતાના આત્મ-પ્રદેશોની અપેક્ષાએ તે 'સ્કંધ' જરૂર હોઈ શકે છે.

અથવા પાંચ અસ્તિકાયોનો સમુદાય તે 'સ્કંધ' કહેવાય. **નો** શબ્દ એ તેના (ઉક્ત સ્કંધના) દેશનો/એક ભાગનો વાચક હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ 'નોસ્કંધ' કહેવાય.

१. पू. । स एव-ना. मु. । २. सर्वप्रतिषु । रूपस्व० मु. ।

तद्देशवाचित्वान्नोस्कन्धः सम्यग्दृष्टिः । **एवं नोग्रामो**ऽपि वक्तव्यः । एवं सम्यग्दर्शनिनः सम्यग्दर्शनकारणत्वात् तु[1] पुद्गलानपादिक्षत् सम्यग्दर्शनं, तैर्वियुतः पुद्गलैः सम्यग्दृष्टिरिति ।

**भा० स्वामित्वम् । कस्य सम्यग्दर्शनमिति ? एतदात्मसंयोगेन परसंयोगेन उभयसंयोगेन चेति वाच्यम् । आत्मसंयोगेन जीवस्य सम्यग्दर्शनम् । परसंयोगेन जीवस्याजीवस्य,जीवयोरजीवयोः, जीवानामजीवानामिति विकल्पाः । उभयसंयोगेन जीवस्य नोजीवस्य जीवयोरजीवयोः, जीवानामजीवानामिति विकल्पा न सन्ति, शेषाः सन्ति ।**

**टी०** सम्प्रति स्वामित्वशब्दोच्चारणे **स्वामित्वम्** इत्यनेन कस्य स्वामिनः सम्यग्दर्शन-

---

આ પ્રમાણે **નોગ્રામ** પણ કહેવું. કારણ કે ચૌદ પ્રકારના ભૂતગ્રામ છે, અર્થાત્ જીવભેદો છે, તેના એક ભાગ (દેશ)રૂપ સમ્યગ્દૃષ્ટિ જીવો છે. માટે અહીં પણ **નો** શબ્દ એ ભૂતગ્રામના એક દેશનો વાચક છે.

આમ ભાષ્યકાર ભગવંતે સમ્યગ્દર્શની જીવના સમ્યગ્દર્શનના = રુચિના કારણભૂત હોવાથી સમ્યગ્દર્શનના (સમ્યક્ત્વ-મોહનીય કર્મના) પુદ્ગલોને 'સમ્યગ્દર્શન' રૂપે બતાવ્યું છે અને તે સમ્યગ્દર્શનના હેતુભૂત પુદ્ગલોથી રહિત જીવનો 'સમ્યગ્દૃષ્ટિ' તરીકે વ્યવહાર કરેલો છે એમ સમજવું.

(૨) **સ્વામિત્વ દ્વાર :** સમ્યગ્દર્શનના સ્વામી (માલિક, આધાર) કોણ ?

**ભાષ્ય : સ્વામિત્વ-દ્વાર. પ્રશ્ન : કોનું સમ્યગ્દર્શન હોય છે ? જવાબ : આ સમ્યગ્દર્શન (ત્રણ રીતે થાય છે-) (૧) આત્મ સંયોગથી (૨) પરસંયોગથી અને (૩) ઉભય સંયોગથી થાય છે.**

**(૧) આત્મ સંયોગથી જીવનું સમ્યગ્દર્શન છે. (જીવ સમ્યગ્દર્શનનો સ્વામી છે.)**

**(૨) પર સંયોગથી (i) જીવનું અને (ii) અજીવનું (iii) બે જીવોનું (iv) બે અજીવોનું તથા (v) ઘણા જીવોનું (vi) ઘણા અજીવોનું આ પ્રમાણે (છ) વિકલ્પો (ભાંગા) છે.**

**(૩) ઉભય સંયોગથી (i) જીવનું, (ii) નો જીવનું (iii) બે જીવનું (iv) બે અજીવનું (v) ઘણા જીવોનું (vi) ઘણા અજીવોનું એવા વિકલ્પો હોતા નથી, શેષ (છ વિકલ્પો) હોય છે.**

**પ્રેમપ્રભા :** હવે ભાષ્યમાં 'સ્વામિત્વ' શબ્દનું ઉચ્ચારણ કરવાથી 'સ્વામિત્વ' પદ વડે

---

१. पू. । ना. मु. ।

मित्युद्देशवाक्यमेवं कृत्वा प्रवृत्तम् । **किं** यत्समवाय्येतत् तस्यैवैतत्, उत तदुत्पत्तिनिमित्त-भूतस्यान्यस्यापि व्यवहारार्थमाश्रीयत इति ? । **उच्यते**-मुख्येन तावत् कल्पेन यद् यत्र समवेतं तत् तस्यैवेति, व्यवहारार्थं तु निमित्तभूतस्यापि[1]आश्रीयते । एतदाह-**आत्मसंयोगेनेत्यादि** । **आत्मसंयोगेन** आत्मसम्बन्धेन । यदा हि उत्पद्यमानस्य सम्यग्दर्शनस्य परतोऽपि निमित्तात्

કયા સ્વામિનું = માલિકનું સમ્યગ્દર્શન કહેવાય ? સમ્યગ્દર્શનના સ્વામી કોણ ? એ પ્રમાણે ઉદ્દેશ વાક્ય આવા = આગળ કહેવાતાં આશયથી કહેલું છે. તે આશયને જ કહે છે -

**પ્રશ્ન :** શું આ સમ્યગ્દર્શનનું જે સમવાયી છે એટલે કે આત્મારૂપી પરિણામિ-કારણ છે, તેનું આ સમ્યગ્દર્શન છે, કે પછી તેની (સમ્યગ્દર્શનની) ઉત્પત્તિના નિમિત્તભૂત અન્ય વસ્તુનું પણ સમ્યગ્દર્શન વ્યવહાર કરવા માટે આશ્રય કરાય છે ? ટૂંકમાં સમ્યગ્દર્શનનો માલિક કોણ ? આધારભૂત આત્મા પોતે જ કે બીજી પ્રતિમાદિ નિમિત્તભૂત વસ્તુ ?

### ❋ ત્રણ પ્રકારે સમ્યગ્દર્શનના સ્વામી ❋

**જવાબ :** મુખ્ય રીતે વિચારતાં જોઈએ તો સમ્યગ્દર્શનાદિ જેમાં સમવેત છે અર્થાત્ જે આત્મામાં (સમાવાય-સંબંધથી, એકમેક થઈને) રહેલ છે, તે તેનો સ્વામી કહેવાય.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ ઘડા માટે જેમ માટી સમવાયી = ઉપાદાનકારણ છે અને તેમાં ઘડો સમવેત છે, (સ્વરૂપથી રહેલો છે) તેમ આત્મા એ સમ્યગ્દર્શનનો સમવાયી છે = ઉપાદાન કારણ છે, મુખ્ય કારણ દ્રવ્યરૂપ છે. કારણ કે માટી પોતે જ ઘડારૂપે બને છે, તેમ આત્મા પોતે જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થતાં સમ્યગ્દર્શન-પર્યાયવાળો બને છે. આથી કથંચિત્ અભેદ હોવાથી ઘડો જેમ માટીમાં રહે, તેમ સમ્યગ્દર્શન આત્મામાં રહેતું હોવાથી મુખ્ય રીતે આત્માનું જ સમ્યગ્દર્શન કહેવાય છે. અર્થાત્ આત્મા જ સમ્યગ્દર્શનનો માલિક ગણાય છે.

**પ્રેમપ્રભા :** વ્યવહાર કરવા માટે તો (અર્થાત્ વ્યવહાર-દૃષ્ટિથી તો) વસ્તુના નિમિત્તભૂત પદાર્થ પણ વસ્તુના સ્વામીરૂપે સ્વીકારાય છે. આ વાતને પ્રગટ કરતાં ભાષ્યકાર ભાષ્યમાં કહે છે, આ સમ્યગ્દર્શન ત્રણ પ્રકારે થતું હોવાથી તેના સ્વામી ત્રણ પ્રકારના છે. (૧) આત્મસંયોગથી ઉત્પન્ન થતું હોવાથી આત્માએ સ્વામી છે, (૨) પર-સંયોગથી થવાથી પર-નિમિત્ત એ માલિક છે અને (૩) આત્મા અને પર-નિમિત બે યથી

१. ख.पू.ला.-शो. । भूतमप्याश्री० मु. ।

प्रतिमादिकान्नापेक्षा क्रियते प्रतिमादेः तदाऽसौ परिणाम आत्मनि समवेत इतिकृत्वा स एवात्मा तेन परिणामेन तानि तत्त्वान्येवमभिमन्यते, अतः आत्मसंयोगेन **जीवस्य** सम्यग्दर्शनम्, जीवस्य स्वामिनः **सम्यग्दर्शनं रुचिरिति । परसंयोगेने**ति । परं साधुप्रतिमादिवस्तु तन्निमित्तीकृत्य श्रद्धानपरिणाम उपजायते अतः स परिणामस्तत्कर्तृक इति तस्य व्यपदिश्यते । अत्र च परसंयोगे षड् विकल्पा भवन्ति **जीवस्ये**त्यादयः । यदाऽस्य जन्तोः परमेकं मुनिमालम्ब्य क्रियानुष्ठानयुक्तं सा रुचिरुपजायते, क्षयोपशमो हि द्रव्यादिपञ्चकमुररीकृत्य प्रादुरस्ति, अतो बहिरवस्थितस्य साधोरुत्पादयितुः सा रुचिः स्वं, कुम्भ इव कुम्भकारस्येति

---

થવાથી બન્નેય સમ્યગ્દર્શનના ધારક ગણાય. તેમાં,

**(૧) આત્મ-સંયોગથી :** એટલે આત્માના સંબંધથી. જ્યારે પ્રતિમા વગેરે પર વસ્તુના નિમિત્તથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થયુ હોવા છતાંય પ્રતિમાદિ પર નિમિત્તની અપેક્ષા કરાતી નથી અર્થાત્ તેની વિવક્ષા કરાતી નથી, ત્યારે આ સમ્યગ્દર્શન રૂપ પરિણામ આત્મામાં સમવેત હોવાથી અર્થાત્ કથંચિત્ અભેદરૂપે રહેલો હોવાથી તે જ આત્મા તે રુચિ રૂપ પરિણામ વડે (પોતાના ભાવો વડે) તે જીવાદિ તત્વોને આ પ્રમાણે (જેવા છે તેવા) જાણે છે, માને છે, સ્વીકારે છે. આથી આત્માના સંયોગથી જીવનું સમ્યગ્દર્શન ગણાય છે અર્થાત્ જીવરૂપ સ્વામીનું/માલિકનું સમ્યગ્દર્શન/રુચિ છે.

**(૨) પરસંયોગથી :** 'પર' એટલે સાધુ, જિનપ્રતિમા વગેરે વસ્તુ. તેનાં નિમિત્તથી શ્રદ્ધારૂપ પરિણામ પેદા થાય છે, આથી તે પરિણામના કર્તા નિમિત્તરૂપ સાધુ, પ્રતિમાદિ છે, માટે તેઓનું સમ્યગ્દર્શન કહેવાય છે. અર્થાત્ સાધુ, પ્રતિમાદિ સમ્યગ્દર્શનના માલિક છે, એમ વ્યવહાર કરાય છે.

### ❋ પર-સંયોગ (નિમિત્ત)થી સમ્યગ્દર્શનના સ્વામિત્વના છ ભાંગા ❋

અહીં 'પર-સંયોગ'ને વિષે જીવ વગેરે છ ભાંગા થાય છે. તે આ રીતે **૧-પ્રથમ ભાંગો (જીવનું) :** જ્યારે જીવને ક્રિયા રૂપ અનુષ્ઠાનથી યુક્ત એવા મુનિ રૂપ પર નિમિત્તના આલંબનથી રુચિ પેદા થાય છે ત્યારે **જીવનું સમ્યગ્દર્શન** કહેવાય. અહીં સાધુના નિમિત્તથી રુચિ થવાનું કારણ એ છે કે જીવને દ્રવ્યાદિ પાંચ [A]વસ્તુને (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચને) આશ્રયીને ક્ષયોપશમ પ્રગટ થાય છે. આથી પ્રસ્તુતમાં સાધુના નિમિત્તે દર્શન - મોહનીયકર્મનો ક્ષયોપશમ થવા દ્વારા રુચિ, ઉત્પન્ન થાય છે, ત્યારે (આત્માની અપેક્ષાએ) બાહ્યરૂપે રહેલ રુચિના ઉત્પાદક એવા સાધુ સંબંધી તે રુચિ કહેવાય... જેમ

एवमेकमजीवाख्यं पदार्थं प्रतिमादिकं प्रतीत्य यदा क्षयोपशमः समुपाजनि तदा तस्यैवाऽ**जीवस्य** सम्यग्दर्शनं नात्मन इति । यदा पुनर्द्वौ साधू निमित्तं क्षयोपशमस्य विवक्षितौ नात्मा तदा **जीवयोः** सम्यग्दर्शनम्। यदा पुन**रजीवौ** प्रतिमाख्यावुभौ निमित्तीकृतौ तदा तयोः स्वामित्वविवक्षायां तत् सम्यग्दर्शनमिति। यदा पुनर्बहवो **जीवाः** साधवस्तस्योत्पत्तौ निमित्तं भवन्ति तदा जीवानां सम्यग्दर्शनं न तु यत्र समवेतमिति । यदा पुनर्बह्वीः प्रतिमा भगवतां दृष्ट्वा तत्त्वार्थश्रद्धानमाविर्भवति तदा च तासामेव तत्[1], तत्कर्तृत्वान्नात्मन इति ।

---

ઘડાનો ઉત્પાદક હોવાથી ઘડો કુંભારનો કહેવાય અર્થાત્ કુંભાર ઘડાનો માલિક કહેવાય તેમ અહીં તે રુચિ ઉત્પાદક સાધુની કહેવાય.

**૨. બીજો ભાંગો (અજીવનું) :** આ પ્રમાણે એક પ્રતિમાદિ રૂપ અજીવ પદાર્થને આશ્રયીને જ્યારે ક્ષયોપશમ થયો હોય ત્યારે તે **અજીવ (પ્રતિમાદિ)**નું સમ્યગ્દર્શન કહેવાય, સમ્યગ્દર્શનનો સ્વામી અજીવ બને, આત્મા નહીં. અર્થાત્ આત્મા જ માલિક હોવા છતાં આ ભાંગોમાં વિવક્ષા નથી. આમ સર્વત્ર સમજવું.

**૩. ત્રીજા ભાંગો (બે અજીવનું) :** જ્યારે બે સાધુઓ ક્ષયોપશમના અર્થાત્ સમ્યગ્દર્શનની ઉત્પત્તિના નિમિત્ત તરીકે વિવક્ષિત હોય, પણ આત્માની વિવક્ષા ન હોય ત્યારે **બે જીવનું સમ્યગ્દર્શન** એ ભાંગો થાય છે.

**૪. ચોથો ભાંગો (બે અજીવનું) :** જ્યારે બે પ્રતિમારૂપ અજીવ ક્ષયોપશમના નિમિત્ત બનેલા હોય ત્યારે સ્વામીપણાની વિવક્ષા કરવામાં તે **બે અજીવનું સમ્યગ્દર્શન** કહેવાય. સમ્યગ્દર્શનના નાથ તે બે અજીવ કહેવાય.

**૫. પાંચમો ભાંગો (ઘણા જીવોનું) :** જ્યારે ઘણા સાધુઓ સમ્યગ્દર્શનનો જન્મ થવામાં નિમિત્તરૂપે કરેલાં હોય ત્યારે **ઘણા** (સાધુ રૂપ) **જીવોનું સમ્યગ્દર્શન** કહેવાય. અર્થાત્ ઘણા જીવો સમ્યગ્દર્શનના ધણી કહેવાય, પણ જેના આત્મામાં સમ્યગ્દર્શન સમવેત હોય, સ્વરૂપથી રહેલું હોય, તેની માલિકરૂપે વિવક્ષા કરાતી નથી. (અર્થાત્ આત્મા પણ સમ્યગ્દર્શનનો માલિક છે ખરો, પણ આ ભાંગામાં તેને માલિક કહેવાની વિવક્ષા નથી, તાત્પર્ય નથી.

**૬. છટ્ઠો ભાંગો (ઘણા અજીવોનું) :** જ્યારે પરમાત્મા જિનેશ્વર દેવની ઘણી, બધી પ્રતિમાઓનું દર્શન કરીને તત્વાર્થની (જીવ વગેરે તત્ત્વ રૂપ અર્થ વિષયક) શ્રદ્ધાનો

---

१. पादिषु । ना. मु. ।

**उभयसंयोगे**नेति । यदात्मनोऽन्तरङ्गस्य बहिरङ्गस्य च साध्वादेस्तद् विवक्ष्यते तदा उभौ तस्य सम्यग्दर्शनस्य स्वामिनौ भवत इत्युभयसंयोगोऽभिधीयते । अत्र च लाघविक आचार्यो हेयान् विकल्पान्[1]दर्शयति । आदेयाः पुनरुपात्तव्यतिरिक्ताः । अयं तावदत्र विकल्पो न सम्भवति जीवस्य सम्यग्दर्शनमिति, यतोऽनेन षष्ठ्यन्तेन सम्यग्दर्शनस्य यः समवाय्यात्मा स वा भण्यते बाह्यो वा तीर्थकरादिर्यमवलोक्य स तादृशः परिणतिविशेषः समुदभूदिति । तत्र यद्यात्मा समवायी सम्बध्यते, नास्ति तदा परस्य सम्बन्धः, उभयसंयोगेन चैतच्चिन्त्यते । अथ बाह्यस्तीर्थकरादि[2]रभिसम्बध्यते तदा नात्मादिसम्बन्धः अतस्त्याज्य एवायं विकल्पः ।

પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે તે પ્રતિમાદિ તેના કર્તારૂપ હોવાથી તેઓનું જ સમ્યગ્દર્શન કહેવાય છે અર્થાત્ તે **ઘણા અજીવો સમ્યગ્દર્શનના માલિક** કહેવાય છે. પણ ઉપાદાન કારણ રૂપ આત્માનું સમ્યગ્દર્શન ગણાતું નથી.

આ રીતે પર-નિમિત્તના સંયોગથી થતાં સમ્યગ્દર્શનના/રુચિના સ્વામીના છ વિકલ્પો થાય.

**(૩) ઉભય-સંયોગથી :** જ્યારે અંતરંગ એવા આત્માનું અને બહિરંગ = બાહ્ય એવા સાધુ વગેરેનું સમ્યગ્દર્શન હોવાની વિવક્ષા કરાય ત્યારે તે બેય સમ્યગ્દર્શનના સ્વામી થાય છે, આથી તે **ઉભય-સંયોગ** કહેવાય. અહીં લાઘવ કરવાના હેતુથી **આચાર્ય ભગવંત** પહેલાં હેય = ત્યાજ્ય વિકલ્પોને દર્શાવે છે. તથા જે આદેય = ગ્રાહ્ય વિકલ્પો છે, તે ગૃહીત (નિર્દિષ્ટ) વિકલ્પોથી ઉલટાં જાણવા. આમ ઉભયસંયોગથી જે સમ્યગ્દર્શનના સ્વામિત્વની વિવક્ષા ત્યાજ્ય છે, તેના છ વિકલ્પો જણાવે છે.

### ❋ ઉભય-સંયોગથી સમ્યગ્દર્શનના સ્વામિત્વના છ હેય (ત્યાજ્ય) ભાંગા ❋

**૧. જીવનું :** અહીં **'જીવનું સમ્યગ્દર્શન** - સમ્યગ્દર્શનનો માલિક જીવ છે, એવો વિકલ્પ સંભવતો નથી. કારણ કે, **जीवस्य** = (જીવનું) એમ ષષ્ઠી-વિભક્તિ જેના અંતે છે એવા પદથી સમ્યગ્દર્શનનું જે સમવાયી = ઉત્પાદાન-કારણ રૂપ આત્મા છે, તે અથવા બાહ્ય તીર્થંકરાદિ કે જેઓનું દર્શન કરીને તેવા પ્રકારનો સમ્યગ્દર્શન/શ્રદ્ધારૂપ પરિણામ પ્રગટ્યો છે, તે બે વસ્તુ સમ્યગ્દર્શનના માલિક થવા જાય છે. તેમાં જો આત્મારૂપ સમ્યગ્દર્શનનો સમવાયી (= ઉત્પાદનકારણ, સ્વરૂપથી આશ્રય) એ જો સમ્યગ્દર્શનના માલિક તરીકે સંબંધ કરાય તો ત્યારે બીજા તીર્થંકરાદિનો સંબંધ થતો નથી. અહીં તો

१. पादिषु । पान् दर्श० मु. । २. सर्वप्रतिषु । दिभिरभि० मु. ।

एवं **नोजीवस्येति** अजीवस्येत्यर्थः । एकस्याः प्रतिमाया विवक्षितत्वादुभयसंयोगाभाव इति हेयो विकल्पः । तथा **जीवयोः** सम्यग्दर्शनमिति न सम्भवति यस्माद् द्वावत्र समवायिनौ पुरुषौ स्वामितया विवक्षितौ मम च सम्यग्दर्शनमस्य च सम्यग्दर्शनमुत्पन्नमिति, यतस्तु तदालम्ब्योत्पन्नं [1]तस्याऽविवक्षैव स्वामितया उत्पादकनिमित्तयोश्चोभयसंयोगो विवक्षितः अतस्त्यज्यते । तथा **अजीवयोः** सम्यग्दर्शनमिति द्वयोः प्रतिमयोरालम्बनीकृतयोर्भेदेन तद् विवक्षितम्, यत्र तु समवेतं तत्राविवक्षातस्त्यज्यते अयमपि विकल्पः । तथा पञ्चमोऽपि त्याज्यः **जीवानामिति** । [2]तत्र हि बहव एव सम्यग्दर्शनसमवायिनो विवक्षिता जीवा[3] अस्य

ઉભય-સંબંધથી આ સમ્યગ્દર્શનના સ્વામીની વિચારણા થાય છે. હવે જો બાહ્ય એવા તીર્થંકરાદિની સમ્યગ્દર્શનના સ્વામી તરીકે વિવક્ષા કરાય, સંબધ કરાય, તો આત્માદિનો સ્વામી તરીકે સંબંધ થતો નથી. આથી ઉભય-સંયોગથી સમ્યગ્દર્શનનો આ વિકલ્પ ત્યાજ્ય જ છે.

**૨. નોજીવનું :** આ પ્રમાણે નોજીવનું એટલે 'અજીવનું સમ્યગ્દર્શન' એવો ભાંગો કહેવો. તે આ રીતે - સમ્યગ્દર્શનના નિમિત્તભૂત એક જ પ્રતિમાના સ્વામીપણાની વિવક્ષા કરવાથી ઉભય-સંયોગનો અભાવ છે, માટે આ ભાંગો ત્યાજ્ય છે.

**૩. બે જીવનું :** બે જીવનું સમ્યગ્દર્શન એવા ભાંગો પણ સંભવતો નથી, કારણ કે, અહીં બે સમવાયી - ઉપાદાન = કારણભૂત પુરુષો (આત્માઓ) સમ્યગ્દર્શનના સ્વામી તરીકે વિવક્ષિત છે જેમ કે આ સમ્યગ્દર્શન મને અને આને પણ ઉત્પન્ન થયું છે. વળી જેનું (પ્રતિમા, સાધુ વગેરેનું) આલંબન કરીને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તેની સ્વામી તરીકે અવિવક્ષા જ છે. આથી ઉત્પાદક (જીવ) અને નિમિત્ત એ ઉભયનો સંયોગ અહીં અવિવક્ષિત છે, પણ અહીં તેની વિવક્ષા નથી માટે આ ભાંગો પણ છોડવા યોગ્ય છે.

**૪. બે અજીવનું :** 'બે અજીવોનું સમ્યગ્દર્શન એટલે આલંબનરૂપે કરાયેલી બે પ્રતિમાઓનું ભેદ વડે - અલગ અલગ સમ્યગ્દર્શનની વિવક્ષા કરાઈ છે, પરંતુ જેમાં સમ્યગ્દર્શન સમવેત છે સ્વરૂપથી રહેલ છે, તે આત્માની સ્વામીરૂપે અવિવક્ષા હોવાથી, આ વિકલ્પનો પણ ત્યાગ કરાય છે. તથા,

**૫. ઘણા જીવોનું :** 'ઘણા જીવોનું સમ્યગ્દર્શન' આ પાંચમો વિકલ્પ પણ છોડવાલાયક છે. અહીં ઘણા જીવો સમ્યગ્દર્શનના સમવાયીરૂપે અર્થાત્ અપૃથગ્ભૂત (અભિન્ન) આશ્રયરૂપે વિવક્ષિત છે. **દા.ત.** આનું સમ્યગ્દર્શન, આનું સમ્યગ્દર્શન, આનું પણ

१. पादिषु, जै. । योत्पन्नं विव० मु. । २. ख. पू. । अत्र० मु. । ३. पू. । जीवा मम० मु. अधिकः ।

चास्य [चास्य] चेति न तु येनालम्बनेन तेषामुत्पन्नं तस्यालम्ब्यस्य तत् सम्यग्दर्शनं विवक्षितम्, तस्मादयमपि त्याज्यः । षष्ठोऽपि **अजीवानामिति** त्यज्यते, आलम्ब्यानां बहूनां प्रतिमानामेतत् सम्यग्दर्शनमिति विवक्षितं, यत्र तूत्पन्नं तत्राविवक्षितमिति त्याज्य एषे षष्ठो विकल्पः । एवमेते उभयसंयोगविवक्षायां षडपि त्यक्ताः ।

आदेया अपि षडेव, यथा जीवस्य च जीवस्य च, यस्य तदुत्पन्नं तस्य तत्परिणन्तुः यं च निमित्तीकृत्य साधुमुपजायते दर्शनं तस्य च तदिति उभयोर्विवक्षितत्वात् स्वत्वेन जीवस्य जीवस्य च विकल्पः सम्भाव्यते ॥ १ ॥ तथा यस्य तदुत्पन्नं, तस्य च विवक्षितम्,

(સમ્યગ્દર્શન) એમ ઘણા સમ્યગ્દર્શનના આધાર વિવક્ષિત છે. પણ જે આલંબન વડે તેઓને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તે આલંબનીય વસ્તુ (પ્રતિમાદિ)નું સમ્યગ્દર્શન વિવક્ષિત નથી. આથી ઉભય-સંયોગથી કહેવાનું તાત્પર્ય ન હોવાથી આ વિકલ્પ ત્યાજ્ય છે.

**૬. ઘણા અજીવોનું :** ઘણા અજીવોનું સમ્યગ્દર્શન એટલે કે આલંબનીય ઘણી બધી પ્રતિમાઓનું આ સમ્યગ્દર્શન છે, એવી વિવક્ષા છે, કિંતુ, જ્યાં (અર્થાત્ આત્મામાં) તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તેની = આત્માની સમ્યગ્દર્શનના માલિક તરીકે વિવક્ષા નથી. આમ ઉભય-સંયોગથી વિવક્ષા ન હોવાથી આ છઠ્ઠો વિકલ્પ ત્યાજ્ય છે.

આ પ્રમાણે ઉભય-સંયોગની વિવક્ષામાં આ તમામ છએ વિકલ્પો ત્યાજ્ય છે.

પૂર્વોક્ત છ ભાંગાઓમાં આત્મસંયોગ એટલે અંતરંગ-નિમિત્ત આત્માદિ અને પર-સંયોગ એટલે બહિરંગ - નિમિત્ત સાધુ, પ્રતિમા વગેરે એ બે પ્રકારના સંયોગમાંથી કોઈ એક પ્રકારની જ વિવક્ષા એક કાળે કરાતી હોવાથી ઉભય-સંયોગની અપેક્ષાએ ત્યાજ્ય છે કારણ કે ઉભયસંયોગમાં તો આત્મા અને પર એમ બન્નેય નિમિત્તની વિવક્ષા (તાત્પર્ય) હોવી જરૂર છે. હવે જે આદેય એટલે કે ઉભય-સંયોગની અપેક્ષાએ **ગ્રાહ્ય ભાંગા** છે, તે પણ છ જ છે. જેમ કે,

### ❋ ઉભય-સંયોગથી સમ્યગ્દર્શનના સ્વામીપણાના છ ગ્રાહ્ય (ઉપાદેય) ભાંગા ❋

**(૧) આધારરૂપ જીવનું અને જીવ-રૂપ નિમિત્તનુ સમ્યગ્દર્શન :** જેને તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તે સમ્યગ્દર્શન રૂપે પરિણામ પામનાર જીવનું અને જેમના નિમિત્તથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે તે સાધુ ભગવંત (રૂપ જીવ)નું તે સમ્યગ્દર્શન છે. આમ

१. इतोऽग्रे-'यत्र नोत्पन्नं तत्र विवक्षितं' - इति मु. अधिकः । ना. पू. । २. पादिषु । एव० मु. । ३. पू. । वक्षितत्वेन० मु. । ४. पू. । ना. मु. । ५. पू. । जीवस्य च० मु. अधिकः ।

याभ्यां च दृश्यमानाभ्यां साधुभ्यां तदुत्पादितं तयोश्च साधुजीवयोस्तत् सम्यग्दर्शनमुभयत्रापि स्वत्वेन विवक्षितत्वात् जीवस्य जीवयोश्च द्वितीयविकल्पः ॥ २ ॥ तथा यस्य तदुत्पन्नं तस्य विवक्षितं यैश्च दृश्यमानैः साधुभिरुत्पादितं तेषां च तत् सम्यग्दर्शनं सम्भवीति विकल्पो जीवस्य च[1] जीवानां चेति ॥ ३ ॥ तथा जीवस्य यस्य तदुत्पन्नं तस्य च विवक्षितं यया च दृश्यमानया प्रतिमया अजीवरूपयोत्पादितं तस्याश्च तदिति तदा जीवस्य च तत् तस्याश्च प्रतिमायास्तदिति सम्भाव्यते विकल्पः जीवस्याजीवस्य चेति ॥ ४ ॥ तथा जीवस्य यस्य[2] तदुत्पन्नं याभ्यां च **प्रतिमाभ्यां** दृश्यमानाभ्यां तदुत्पादितमुभयत्र विवक्षितत्वात् सम्भवी[3] अयं विकल्पो जीवस्याजीवयोश्चेति ॥ ५ ॥ तथा यस्य[4] तदुत्पन्नं याभिश्च प्रतिमाभिः

---

स्व-પર ઉભયવસ્તુના પોતાના તરીકે સમ્યગ્દર્શનની વિવક્ષા હોવાથી (આત્મસંયગથી) જીવનું અને (પર-સંયોગથી) જીવનું એવો ભાંગો સંભવે છે. અર્થાત્ આધારભૂત જીવ અને નિમિત્તભૂત સાધુ એ બે ય પ્રકારના જીવો સમ્યગ્દર્શનના માલિક બને છે.

(૨) **જીવનું અને નિમિત્તભૂત બે જીવોનું સમ્યગ્દર્શન :** જેને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તેની માલિકરૂપે વિવક્ષા કરેલી છે અને જે દશ્યમાન બે સાધુ વડે તે ઉત્પન્ન કરાયું છે તે બે સાધુ રૂપ જીવોનું પણ સમ્યગ્દર્શન છે. આમ ઉભયના/બન્નેયના પોતાના (સ્વ) તરીકે સમ્યગ્દર્શનની વિવક્ષા હોવાથી (આશ્રયભૂત) જીવનું અને (નિમિત્તરૂપ) બે (સાધુ) જીવોનું સમ્યગ્દર્શન એ પ્રમાણે બીજો વિકલ્પ થાય છે.

(૩) **જીવનું અને નિમિત્તભૂત ઘણા જીવોનું :** તથા જે જીવને તે સમ્યગ્દર્શન પેદા થયું છે તેનું અર્થાત્ તેની માલિકીનું તે સમ્યગ્દર્શન વિવક્ષિત છે અને દૃષ્ટિગોચર થતાં ઘણા સાધુઓ વડે ઉત્પન્ન કરાયું છે, તેઓનું પણ તે સમ્યગ્દર્શન સંભવે છે. આથી જીવનું અને નિમિત્તભૂત ઘણા જીવોનું સમ્યગ્દર્શન રૂપ વિકલ્પ થાય છે.

(૪) **જીવનું અને નિમિત્તભૂત એક અજીવનું સમ્યગ્દર્શન :** જે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તેનું તે વિવક્ષિત છે અને દેખાતી અજીવરૂપ પ્રતિમા વડે સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, તેનું તે સમ્યગ્દર્શન કહેવાય. આ રીતે હોય ત્યારે તે સમ્યગ્દર્શન આશ્રયરૂપ જીવનું પણ કહેવાય અને નિમિત્તભૂત પ્રતિમાનું પણ કહેવાય. આથી 'જીવનું અને અજીવનું સમ્યગ્દર્શન' રૂપ ભાંગો સંભવે છે.

(૫) **જીવનું અને બે અજીવનું સમ્યગ્દર્શન :** તથા જે જીવને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે અને દર્શનનો વિષય બનેલી જે બે પ્રતિમાથી તે સમ્યગ્દર્શન પ્રગટ કરાયું છે તે બેયમાં

---

१. ख.पू.ला.लि. । ना० मु. । २. ख.पू.ला.लि. । तस्य० मु. । ३. ख.पू. । सम्भाव्य० मु. । ४. पू.ला.लि. । तस्य० मु. ।

दृश्यमानाभिरुत्पादितं सर्वत्र विवक्षितत्वात् जीवस्याजीवानां चेति भङ्गकः सम्भाव्यते ॥ ६ ॥ एतदाह-**शेषाः सन्ति**, षडित्यर्थः । सम्प्रति तृतीयद्वारं परामृशन्नाह-

**भा० साधनम् । सम्यग्दर्शनं केन भवति ? । निसर्गादधिगमाद् वा भवतीत्युक्तम् ( १-३ ) । तत्र निसर्गः पूर्वोक्तः । अधिगमस्तु सम्यग्व्यायामः । उभयमपि तदावरणीयस्य कर्मणः क्षयेण उपशमेन क्षयोपशमाभ्यामिति ।**

**टी० साधनम्** इति । साध्यते-निर्वर्त्यते येन तत् साधनं । अत्र पृच्छ्यमानं, तदाह-**सम्यग्दर्शनं केन भवति** याऽसौ रुचिः सुविशुद्धसम्यक्त्वदलिकोपेता सा केन भवतीत्यर्थः ।

સમ્યગ્દર્શન પોતાની માલિકીનું હોવાની વિવક્ષા કરાઈ હોવાથી જીવનું અને બે અજીવનું સમ્યગ્દર્શન રૂપ વિકલ્પ ઘટે છે.

**(૬) જીવનું અને ઘણા અજીવોનું સમ્યગ્દર્શન :** તથા જે જીવને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે અને દર્શનગોચર બનેલી જે ઘણી પ્રતિમાઓ વડે ઉત્પન્ન કરાયું છે, તે સર્વ ઠેકાણે સમ્યગ્દર્શનના સ્વામી તરીકે વિવક્ષા કરેલી હોવાથી એક જીવનું અને ઘણા અજીવોનું સમ્યગ્દર્શન એવો ભંગ સંભવે છે. અર્થાત્ તે જીવમાં અને ઘણી પ્રતિમારૂપ અજીવોમાં સમ્યગ્દર્શનને વિષે માલિકીરૂપ ઉભય-સંયોગી ભાંગો ઘટે છે.

આમ સ્વામિત્વ દ્વારમાં આ છ ભાંગા સંભવતાં હોવાથી તેને જણાવતાં તેની સૂચના કરતાં ભાષ્યકાર ભગવંતે ભાષ્યમાં કહ્યું છે કે, **शेषाः सन्ति** । "શેષ (છ) વિકલ્પો (સંભવે) છે."

હવે ત્રીજા દ્વારનો પરામર્શ/સંબંધ કરતાં ભાષ્યકાર કહે છે,

**ભાષ્ય : સાધન (દ્વાર) : (પ્રશ્નઃ) સમ્યગ્દર્શન કોના વડે ઉત્પન્ન થાય છે ? (જવાબઃ) ૧. 'નિસર્ગથી અથવા ૨. અધિગમથી ઉત્પન્ન થાય છે.' એમ [ સૂ. ૧-૩માં ] કહેલું છે. તેમાં નિસર્ગનું સ્વરૂપ પૂર્વે સમજાવેલું છે.**

**અધિગમ એટલે સમ્યગ્ રીતે વ્યાયામ.. આ બે ય પ્રકારનું સમ્યગ્દર્શન તેનું આવરણ કરનાર કર્મનો (૧) ક્ષય થવાથી (૨) ઉપશમ થવાથી અને (૩) ક્ષયોપશમ થવાથી પ્રગટ થાય છે.**

**પ્રેમપ્રભા : साधनम्** । જેનાથી કાર્ય સધાય, ઉત્પન્ન કરાય તે **'સાધન'** કહેવાય. (**साध्यते येन तत् साधनम्** ।) 'અહીં જેની પૃચ્છા કરાય છે, તે ભાષ્યમાં કહે છે.

इतर आह-**निसर्गादधिगमाद् वा भवतीत्युक्तम् । एतत् कथयति**-न तावेव निसर्गाधिगमौ तादृशीं रुचिं जनयतः किन्तु निसर्गाधिगमाभ्यां क्षयोपशमादयः कर्मणां जन्यन्ते, ततः क्षयोपशमादेः सम्यग्दर्शनं सम्भवति, तावपि च निसर्गाधिगमौ कर्मणां क्षयोपशमादेरेव भवतः । ततस्ताभ्यामुत्तरोत्तरक्षयोपशमं विशुद्धं विशुद्धतरमापादयमानाभ्यां यदा प्रतिविशिष्टः क्षयोपशम आपादितो भवति तदा तस्मात् प्रतिविशिष्टात् क्षयोपशमात् सम्यग्दर्शनं भवति इति कथयति । तत्र निसर्गे बहु वक्तव्यमिति प्राक् तद् दर्शितमेव, एकेन च वाक्येन न शक्यं तत् समस्तं दर्शयितुमित्यतिदिशति-**तत्र निसर्गः पूर्वोक्तः** । अधिगमोऽल्पविचारत्वाद्, एकेन[१] च वाक्येन समस्ताधिगमोपसंहारभावादाह-**अधिगमस्तु सम्यग्व्यायाम** इति।

**પ્રશ્ન :** 'સમ્યગ્દર્શન કોના વડે થાય છે ?' અર્થાત્ જે આ સુવિશુદ્ધ (અત્યંત વિશુદ્ધ) એવા સમ્યક્ત્વના દલિકોથી યુક્ત (તેવા દલિકોના ઉદયવાળી) એવી રુચિ છે, તે કયા કારણથી ઉત્પન્ન થાય છે ?

**જવાબ :** '(૧) નિસર્ગથી અને (૨) અધિગમથી સમ્યગ્દર્શન થાય છે' એમ પૂર્વે કહેલું છે. અહીં ભાષ્યનું કહેવાનું **તાત્પર્ય** આ પ્રમાણે છે - ફક્ત તે નિસર્ગ અને અધિગમ જ તેવી રુચિને જન્માવતાં નથી, કિંતુ નિસર્ગ અને અધિગમથી કર્મોના ક્ષયોપશમ વગેરે ઉત્પન્ન કરાય છે અને તે ક્ષયોપશમ વગેરેથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વળી તે નિસર્ગ અને અધિગમ (બોધ) પણ કર્મોના ક્ષયોપશમથી જ થાય છે. વળી તે નિસર્ગ અને અધિગમ દ્વારા ઉત્તરોત્તર વિશુદ્ધ ક્ષયોપશમને અધિક વિશુદ્ધ = વિશુદ્ધતર બનાવાય છે અને તેમ કરતાં તે બે વડે જ્યારે અમુક વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ પ્રાપ્ત કરાય છે, ત્યારે તે ચોક્કસ પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એમ અહીં કહેવાનો ભાવ છે.

આ બેમાં (૧) **'નિસર્ગ'ને વિષે** ઘણુ કહેવા યોગ્ય હોવાથી પૂર્વમાં તે દર્શાવેલું જ છે. વળી એક જ વાક્યથી તે સમસ્ત વસ્તુ દર્શાવવી/કહેવી શક્ય નથી, માટે તેનો અતિદેશ (ભલામણ) કરે છે કે, 'નિસર્ગનું સ્વરૂપ પૂર્વે કહેલું છે.' (એક ઠેકાણે કહેલી વસ્તુને અન્ય ઠેકાણે પણ કહેવી તે અતિદેશ = ભલામણ... અર્થાત્ ત્યાં કહેલી બધી વાત અહીં પણ સમજવી એમ ભાવાર્થ છે.)

**અધિગમ-પદાર્થ વિષે** અલ્પ-વિચાર કરવાનો હોવાથી અને એક વાક્યથી સમસ્ત અધિગમ-પદાર્થનો ઉપસંહાર/સંક્ષેપ થઈ શકવાથી ભાષ્યમાં કહે છે, 'અધિગમ એટલે

१. पू. । केनैव० वा० मु. ।

गुर्वादिसमीपाध्यासिनः शुभा या क्रिया सम्यग्दर्शनोत्पादने[1] शक्ता सा सम्यग्व्यायाम इत्युच्यते।

**उभयमपी**त्यादि । **उभयपीति** निसर्गसम्यग्दर्शनमधिगमसम्यग्दर्शनं च, तौ च निसर्गाधिगमावुभावपि कथं भवतः ? । आह-**तदावरणीये**त्यादि । तस्य रुचिलक्षणस्य ज्ञानस्य यदावरणीयं कर्म[2] तत् तदावरणीयम्, आवरणीयशब्दाच्च निश्चीयते ज्ञानम्, तदन्यत्र हि ज्ञानदर्शनावरणीयवर्जिते कर्मणि नावरणीयव्यवहारः प्राय इति । किं पुनस्तदावरणीयम् ? मतिज्ञानाद्यावरणीयम्, अनन्तानुबन्ध्यादि च निमित्ततया आवरणीयम्, यतस्तस्मिन् [3]अनुपशान्तेऽनन्तानुबन्ध्यादिकर्मणि तत् मतिज्ञानावरणीयं न[4] क्षयोपशमावस्थां भजते एतावता तदावरणीयं न भण्यते । एतच्च पुरस्ताद् भावितमेव, अतः **तदावरणीयस्य कर्मणः क्षयेण**-

---

સમ્યગ્ વ્યાયામ. ગુરુ વગેરેની સમીપમાં રહેનાર (ઉપાસના કરનાર) શિષ્ય વગેરેની સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરવામાં સમર્થ એવી જે શુભ ક્રિયા (વિનાયદિપૂર્વક અધ્યયનાદિ) તે **'સમ્યગ્ વ્યાયામ'** કહેવાય.

### ✻ બે ય પ્રકારના સમ્યગ્દર્શનના ત્રણ કારણો (સાધન) ✻

આમ તે ઉભય એટલે કે નિસર્ગથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન અને અધિગમથી પ્રાપ્ત થતું સમ્યગ્દર્શન એ બે ય સમ્યગ્દર્શન શી રીતે ઉત્પન્ન થાય છે ? તે જણાવતાં ભાષ્યમાં કહે છે, તેના આવરણીય કર્મના એટલે કે રુચિસ્વરૂપવાળા જ્ઞાનનું આવરણ કરનાર કર્મ તે = તદાવરણીય કર્મ કહેવાય, તેના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી **સમ્યગ્દર્શન** પ્રાપ્ત થાય છે. અહીં ભાષ્યમાં **'आवरणीय'** શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી જ્ઞાનનો (જ્ઞાનાવરણીયનો) નિશ્ચય થાય છે, કારણ કે તેનાથી અન્ય ઠેકાણે અર્થાત્ જ્ઞાનવારણીય અને દર્શનાવારણીય સિવાયના કર્મને વિષે 'આવરણીય' શબ્દનો વ્યવહાર પ્રાયઃ થતો નથી.

**પ્રશ્ન :** આ તદાવરણીય કર્મ એ શું છે ?

**જવાબ :** તદાવરણીયથી[A] મતિજ્ઞાનાદિ-આવરણીય કર્મ વિવક્ષિત છે અને અનંતાનુબંધી આદિ કષાય એ તેના નિમિત્ત રૂપે હોયને તદાવરણીય કહેવાય. જે કારણથી જ્યાં સુધી અનંતાનુબંધી કષાય ઉપશાંત ન થાય, ત્યાં સુધી તે મતિજ્ઞાનાવરણીય કર્મ ક્ષયોપશમરૂપ અવસ્થાને પ્રાપ્ત કરતું નથી. આ કારણથી અનંતાનુબંધી પણ 'તદાવરણીય' કહેવાય છે. આ વાત પૂર્વે વિચારેલી જ છે. આથી તદાવરણીય (જ્ઞાનાવરણીય,

---

१. पू. । पादनश० मु. । २. पादिषु, जै. । णीयकं तत्० मु. । ३. पू.ला.-शो. । स्मिन्ननुप० मु. । ४. सर्वप्रतिषु । ना. मु. ।

उक्तलक्षणेन **उपशमेन च क्षयोपशमाभ्यामि**ति च प्राप्यत इति । **ननु** च ज्ञानावरणीयस्योपशमो नास्ति, त्वया चैतन्निरूपितं ज्ञानावरणमिति[1], तत् कथमेतत् ? । **उच्यते**-सत्यमेतदेव, किन्तु मोहनीयोपशमादस्य ज्ञानावरणस्य क्षयः क्षयोपशमो वा भवति, ततः क्षयात् क्षयोपशमाच्च सम्यग्दर्शनमिति भावितमेव किं भवता विस्मार्यते ? । सम्प्रति अधिकरणद्वारं स्पृशति-

**भा०-अधिकरणं त्रिविधमात्मसन्निधानेन परसन्निधानेन उभयसन्निधानेनेति वाच्यम् । आत्मसन्निधानमभ्यन्तरसन्निधानमित्यर्थः । परसन्निधानं बाह्यसन्निधानमित्यर्थः । उभयसन्निधानं अभ्यन्तरबाह्ययोः सन्निधानमित्यर्थः । कस्मिन् सम्यग्दर्शनम् ? आत्मसन्निधानेन[2] तावत् जीवे सम्यग्दर्शनं जीवे ज्ञानं जीवे चारित्रमित्येतदादि ।**

અનંતાનુબંધી કષાય આદિ) કર્મનો પૂર્વોક્ત સ્વરૂપ (૧) ક્ષય થવાથી (૨) ઉપશમ થવાથી અને (૩) ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

**શંકા :** જ્ઞાનાવરણીય કર્મનો 'ઉપશમ' થતો નથી. (પણ ક્ષય અને ક્ષયોપશમ જ થાય છે.) અને તમારા વડે તો ('આવરણીય' શબ્દને આશ્રયીને) 'જ્ઞાનાવરણ' એ પ્રમાણે અર્થ કહેલો છે. અર્થાત્ જ્ઞાનાવરણનું જ સમ્યગ્દર્શનના આવરણ તરીકે ટીકામાં નિરૂપણ કરાયું છે. આથી જ્ઞાનાવરણના ઉપશમથી રુચિ થાય એમ કહેવું કઈ રીતે સંગત થાય ?

**સમાધાન :** આ વાત સાચી છે કે જ્ઞાનાવરણનો ઉપશમ થતો નથી. કિંતુ, મોહનીય કર્મનો ઉપશમ થવાથી આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અથવા ક્ષયોપશમ થાય છે અને તે ક્ષય અને ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આમ આ રીતે ઉપચારથી ઉપશમથી પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જણાવી છે. આ હકીકતનો પૂર્વે વિમર્શ કરેલો જ છે, શા માટે આપના વડે આ વાત ભૂલાઈ જાય છે ? [પ્રથમ સૂત્રની ટીકામાં જણાવેલ જ્ઞાન અને દર્શનને અભેદ માનનારના મતને આશ્રયીને કહેલું છે.]

(૪) **અધિકરણ દ્વાર :** હવે ભાષ્યકાર અધિકરણ દ્વારની સ્પર્શના કરતાં કહે છે-

**ભાષ્ય : અધિકરણ દ્વાર ત્રણ પ્રકારે છે. તે (૧) આત્મ - સંનિધાનથી (૨) પર-સંનિધાનથી અને (૩) ઉભય - સંનિધાનથી એ પ્રમાણે કહેવું. તેમાં આત્મ - સંનિધાન એટલે અભ્યંતર-સંનિધાન એમ અર્થ છે. (૨) પર-સંનિધાન એટેલ બાહ્ય-સંનિધાન એમ અર્થ છે. (૩) ઉભય-સંનિધાન એટલે અભ્યંતર અને બાહ્ય સંનિધાન એમ અર્થ છે.**

**પ્રશ્ન : સમ્યગ્દર્શન શામાં (રહે) છે ? જવાબ : આત્મ-સંનિધાનથી (આત્મારૂપ**

१. पू. । ज्ञानावरणमस्यावरणमिति० मु. । २. पादिषु टीकानुसारेण जै. भाष्यपाठश्चः । धाने० मु. ।

**बाह्यसन्निधानेन[1] जीवे सम्यग्दर्शनं नोजीवे सम्यग्दर्शनमिति यथोक्ता विकल्पाः । उभयसन्निधाने[न] चाप्यभूताः सद्भूताश्च यथोक्ता भङ्गविकल्पा इति ।**

**टी० अधिकरणमिति** । अधिक्रियते यत्र तदधिकरणम्–आधार आश्रय इति । स चाधारस्त्रिविधः–आत्मा वा यत्समवेतं दर्शनं मुख्यतः, उपचारात् परत्रापि भवति, यद् वस्तु समालम्ब्य तदुपजातं तस्मिन्नपि, तदुभयविवक्षायां चोभयत्र तद् आत्मनि परत्र च। एतदेव त्रैविध्यं दर्शयन्नाह–**आत्मसन्निधानेन** आत्मन्येव स्थितमित्यर्थः, **परसन्निधानेन** परत्र

---

**આધારથી) જીવમાં સમ્યગ્દર્શન છે, જીવમાં જ્ઞાન છે, અને જીવમાં ચારિત્ર છે, વગેરે. આ રીતે બીજા ગુણોને પણ જીવમાં કહેવા.**

**બાહ્ય-સંનિધાનથી જીવમાં સમ્યગ્દર્શન છે અને નોજીવ (અજીવ)માં સમ્યગ્દર્શન છે, એ પ્રમાણે યથોક્ત વિકલ્પો જાણવા.**

**ઉભય-સંનિધાનથી પણ અભૂત (ત્યાજ્ય) અને સદ્ભૂત એવા યથોક્ત ભાંગા-વિકલ્પો થાય છે.**

## ❋ સમ્યગ્દર્શનના ત્રણ પ્રકારના આધાર (અધિકરણ) ❋

**પ્રેમપ્રભા : અધિકરણ-દ્વાર કહેવાય છે. अधिक्रियते यत्र तद् अधिकरणम् ।** જેમાં અધિકાર (આશ્રય) કરાય તે 'અધિકરણ' એટલે આધાર, આશ્રય. અને તે આધાર ત્રણ પ્રકારનો છે. (૧) **આત્મા :** એક તો આત્મા એ આધાર છે, કે જેમાં સમ્યગ્દર્શન સમવેત છે, અર્થાત્ સ્વરૂપથી છૂટું ન પડી શકે એ રીતે - અભેદ ભાવે રહેલું છે, તે મુખ્ય રીતે આધાર છે.

(૨) **પર-નિમિત્ત :** બીજો આધાર ઉપચારથી સમ્યગ્દર્શન પર વસ્તુમાં પણ રહેલું છે. અર્થાત્ જે વસ્તુ (પ્રતિમાદિ)નું સમ્યગ્ આલંબન કરીને તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે, તેમાં પણ સમ્યગ્દર્શન રહેલું છે. માટે તે પણ આધાર કહેવાય. તથા

(૩) **ઉભય :** તે ઉભયની એટલે આત્મા અને નિમિત્તભૂત પર વસ્તુ એ બેયની વિવક્ષા કરવામાં સમ્યગ્દર્શન તે બેય ઠેકાણે રહેલું છે. માટે આત્મા અને પરવસ્તુ બેય સમ્યગ્દર્શનના આધાર કહેવાય છે. આ જ ત્રણ પ્રકારો (શાસ્ત્રીય/પારિભાષિક નામના ઉલ્લેખપૂર્વક) બતાવતાં ભાષ્યમાં કહે છે - (૧) **આત્મ-સંનિધાનથી** સમ્યગ્દર્શન આત્મામાં

---

१. पूर्वपाठ० वत् ।

स्थितमिति, आत्मस्थमपि सदस्मिन् पक्षे न विवक्ष्यते, **उभयसन्निधानेन** आत्मनि परत्र चेति **वाच्यम्**-व्याख्येयमिति । आत्मसन्निधानमिति चास्यार्थं सुहृद् भूत्वा कथयति- **आत्मसन्निधानमभ्यन्तरसन्निधानमित्यर्थः** । आत्मैवाधार आत्मसन्निधानम्, प्रसिद्धतरेण शब्देनाऽभ्यन्तरसन्निधानमिति व्यपदिष्टः, आन्तर आसन्नस्तस्य सम्यग्दर्शनस्येति । **परसन्निधानमिति** चास्यार्थं विवृणोति-**बाह्यसन्निधानं**, बाह्यः[1] प्रतिमादिः[2] कल्पितरूपः इति । एवमुभयभावना कार्या ।

अधुनाऽऽधारे त्रिविधे कथिते परस्यैतदेव सन्देहकारणं जातम् । क्व तर्हि सम्यग्दर्शनमिति पृच्छति-**कस्मिन् सम्यग्दर्शनम् ?** अथवा अन्यथा प्रश्नः-सम्यग्दर्शनमित्येष गुणः, गुणस्य

જ રહેલ છે અર્થાત્ આત્મા જ સમ્યગ્દર્શનનો આધાર છે. (૨) **પર-સંનિધાનથી** સમ્યગ્દર્શન પર વસ્તુમાં રહેલું છે. આત્મામાં સમ્યગ્દર્શન રહેલું હોવા છતાંય આ બીજા પક્ષમાં(ભેદમાં) તેની વિવક્ષા કરાતી નથી. તથા (૩) **ઉભય સંનિધાનથી** : એટલે આત્મામાં અને પર (પ્રતિમાદિ) વસ્તુમાં એમ ઉભયમાં સમ્યગ્દર્શન રહેલું હોવાથી તે બે ય સમ્યગ્દર્શનના આધાર છે. ભાષ્યમાં **वाच्यम्** = વ્યાખ્યા કરવી, કહેવા. (૧) આત્મસંનિધાનથી (૨) પરસંનિધાનથી અને (૩) ઉભય સંનિધાનથી એ પ્રમાણે ત્રણ પ્રકારના અધિકરણ (આધાર) કહેવા યોગ્ય છે.

હવે મિત્ર બનીને - મિત્રતાને નાતે ભાષ્યકાર ભગવંત સ્વયં આત્મ-સંનિધાન ઇત્યાદિનો અર્થ કહે છે. (અર્થાત્ 'આત્મ-સંન્નિધાન' એટલાં પદમાત્રથી તેનો અર્થ સમજવો શિષ્યને કઠણ લાગશે એમ વિચારી મિત્રભાવે તેનો અર્થ પણ કહે છે.) (૧) **આત્મ-સંનિધાનનો** અર્થ છે, અભ્યંતર-સંન્નિધાન. આત્મા એજ આધાર તે આત્મ-સંનિધાન. આ જ અર્થને અધિક પ્રસિદ્ધ શબ્દથી અભ્યંતર-સંનિધાન એમ કહેલ છે. અર્થાત્ સમ્યગ્દર્શનનો આંતર-આંતરિક, આસન્ન એવો (સમીપવર્તી-નજીકનો) આધાર (૨) **'પરસંન્નિધાન'** પદનું વિવેચન કરે છે, બાહ્ય-સંન્નિધાન... બાહ્ય = એટલે કલ્પિત-રૂપવાળી પ્રતિમાદિ વસ્તુ, તે રૂપ આધાર તે બાહ્ય-સન્નિધાન. એ પ્રમાણે (૩) **ઉભય - સંનિધાનની** વિચારણા કરવી. આમાં બન્નેય આંતર-બાહ્યરૂપ આધાર વિવક્ષિત છે. હવે આ રીતે ત્રણ પ્રકારે આધાર કહેવાયે છતે બીજાને આ કથન જ સંદેહનું કારણ બની ગયું-

**શંકા** : આ પ્રમાણે ત્રણ આધાર હોય તો સમ્યગ્દર્શન શામાં છે ? એમ ભાષ્યમાં પ્રશ્ન કરે છે. **कस्मिन् सम्यग्दर्शनम्** ? અથવા બીજા અભિપ્રાયથી પ્રશ્ન સમજવો.

१. पू. । बाह्यं० मु. । २. ख.पू. । प्रतिमादि कल्पितरूपं० मु. ।

चावश्यमाश्रयेण भवितव्यम्, स पुनराश्रयः किमभ्यन्तर[1] आत्मा, उत बाह्यं प्रतिमादिवस्तु यदुपष्टम्भेनोपजातम् उतोभयमिति प्रश्नत आह-**आत्मसन्निधानेन[2] तावदित्यादि** । आत्माधारविवक्षायां **जीवे सम्यग्दर्शनं**, तस्यान्यत्रादर्शनात्, यथा रुचिः, एवं ज्ञानचारित्रे अपीति । एतदाह-**जीवे ज्ञानं जीवे चारित्रमिति** । न च ज्ञानदर्शनचारित्राणि विरहय्यान्यो जीवोऽस्तीति काल्पनिकमपदिशति। कथम् ? यदा तावज्जीवे सम्यग्दर्शनं तदा ज्ञानचारित्रे आधारभावं प्रतिपद्येते, ज्ञानचारित्रात्मनि जीवे सम्यग्दर्शनम् । यदा जीवे ज्ञानं तदा दर्शनचरणयोराधारता, यदा जीवे चारित्रं तदा ज्ञानदर्शनयोराधारता, चारित्रमाधेयमिति । **एतदादि** इति । एतानि ज्ञानादीनि आदिर्यस्य गुणान्तरस्य तदेतदादि, तदपि जीवे आधारे

---

સમ્યગ્દર્શન એ એક ગુણ છે અને ગુણનો અવશ્ય કોઈને કોઈ દ્રવ્યાત્મક આશ્રય હોવો જરૂરી છે (કારણ કે ગુણો અવશ્ય દ્રવ્યમાં જ રહે છે.) તો એ આશ્રય શું છે ? શું આત્મારૂપ અભ્યંતર આશ્રય છે કે પછી બાહ્ય એવી પ્રતિમાદિ વસ્તુ આશ્રય છે ? કે જેના આલંબન વડે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે ? અથવા તો તે બેય આંતર-બાહ્ય વસ્તુ આશ્રય છે ? આ પ્રમાણે પ્રશ્ન કરાયે છતે ભાષ્યમાં કહે છે - **સમાધાન : (૧) આત્મ-સંન્નિધાનથી** એટલે કે આત્મારૂપી આધારની વિવક્ષા હોવામાં જીવમાં સમ્યગ્દર્શન છે. કારણ કે અન્ય ઠેકાણે સમ્યગ્દર્શનનું અસ્તિત્વ દેખાતું નથી. જીવમાં જેમ રુચિ છે, તેમ જ્ઞાન અને ચરિત્ર પણ છે એમ જણાવતાં ભાષ્યમાં કહે છે, જીવમાં જ્ઞાન છે, જીવમાં ચારિત્ર છે.

**શંકા :** જ્ઞાન, દર્શન અને ચારિત્ર સિવાય અન્યરૂપે જીવ નથી, પણ જ્ઞાનાદિ રૂપે જ છે. આથી 'જીવમાં જ્ઞાન' એમ આધાર - આધેય (રહેનાર) સંબંધની વિચારણા એ કાલ્પનિક કથન છે.

**સમાધાન :** આમ ન કહેવું. શા માટે ? તો જુઓ - જ્યારે 'જીવમાં સમ્યગ્દર્શન' એવી વિવક્ષા હોય છે ત્યારે જ્ઞાન અને ચારિત્ર આધારરૂપે થાય છે. અર્થાત્ જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જીવમાં સમ્યગ્દર્શન છે એમ કહેવાય છે. જ્યારે 'જીવમાં જ્ઞાન' હોય ત્યારે દર્શન અને ચારિત્રમાં આધારતા હોય છે અર્થાત્ તે બે સ્વરૂપ જીવ આધાર બને છે. જ્યારે 'જીવમાં ચારિત્ર' એવું તાત્પર્ય હોય ત્યારે દર્શન અને જ્ઞાન એ આશ્રયભૂત (રાખનાર, આધાર) કહેવાય અને ચારિત્ર એ આધેય (રહેનાર) કહેવાય.

**एतदादि** આ વગેરે... એટલે કે આ દર્શાવેલ જ્ઞાનાદિ ત્રણ જેની આદિમાં છે તેવા બીજા પણ ગુણો જીવ રૂપ આધારમાં જાણવા. જેમ કે, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે. તથા

---

१. ख.पू.ला. । न्तरमात्मा० मु. । २. पादिषु । धाने० मु. ।

दृश्यं, भव्याभव्यत्वादि । **बाह्यसन्निधानेन[1] जीवे सम्यग्दर्शनमित्यादि** । **ननु** चात्मन्येवोपलभ्यत इत्युक्तं कथमिदानीं परस्मिन्नपि व्यपदिशति? **उच्यते**-न यदेव यत्राविभागेनावस्थितं तदेव तत्रेत्युच्यते, किन्तु अन्यत्रापि[2] व्यस्थितमन्यत्र अपदिश्यते, देवदत्ते धनमिति गेहस्थमेव तत्रेत्युच्यते । जीवे सम्यग्दर्शनादीत्यादयो[3] विकल्पाः पूर्वं भाविता एव, इहाप्याधारभेदं केवलमुच्चारयता सर्वं तथैव भावनीयम् । **उभयसन्निधाने[ न ] चाऽभूताः सद्भूताश्च** षडेव यथोक्ता भङ्गा एव विकल्पाः भङ्गेषु वा विकल्पा इति। स्थितिद्वारं स्पृशति[4]-

(२) **બાહ્ય સંન્નિધાનથી** એટલે બાહ્ય આધાર રૂપ 'જીવમાં સમ્યગ્દર્શન છે અને અજીવમાં સમ્યગ્દર્શન છે' એ પ્રમાણે યથોક્ત (પૂર્વે સ્વામિત્વદ્વારમાં કહ્યા મુજબ) છ ભાંગા થાય છે.

### ❋ ઉપચારથી પર-વસ્તુ પણ સમ્યગદર્શનનો આધાર ❋

**શંકા :** સમ્યગ્દર્શન વગેરે આત્મામાં જ જણાય છે, પ્રાપ્ત થાય છે એમ કહ્યું. તો હવે પર(બાહ્ય) વસ્તુમાં પણ સમ્યગ્દર્શન છે એવું શાથી કહો છો ?

**સમાધાન :** એવું નથી, અપેક્ષા ભેદથી બન્નેય વિધાન સંગત છે. જે વસ્તુ જે ઠેકાણે અવિભાગરૂપે એટલે કે (સમવેતરૂપે) છૂટું ન પડી શકે એ રીતે રહેલ છે, તે વસ્તુ ત્યાં જ રહી છે એવું એકાંતે કહેવાતું નથી, કિંતુ, અન્ય ઠેકાણે રહેલ વસ્તુ બીજે ઠેકાણે રહેલી છે એમ ઉપચારથી કહી શકાય છે. દા. ત. **देवदत्ते धनम् ।** દેવદત્તમાં ધન છે. હકીકતમાં ઘરમાં (ઘરમાં પણ તિજોરી વગેરેમાં) રહેલું ધન દેવદત્તમાં રહેલું છે એવો ઉપચાર-વ્યવહાર થાય છે. (દેવદત્ત ધનનો માલિક (સ્વામી) હોવાથી સ્વામિત્વ-સંબંધથી ધન દેવદત્તમાં રહેલું છે અર્થાત્ દેવદત્ત ધનનો આધાર કહેવાય.)

'જીવમાં સમ્યગ્દર્શન છે' વગેરે વિકલ્પોનું પૂર્વે (સ્વામિત્વ-દ્વારનું નિરૂપણ કરવાના પ્રસંગે) મંથન કરેલું જ છે. અહીં (સંબંધને બદલે) ફક્ત આધારરૂપ ભેદનું ઉચ્ચારણ કરવા વડે સર્વ વસ્તુ તે પ્રમાણે જે (બીજા સ્વામિત્વ-દ્વારમાં કહ્યા મુજબ) ભાવવી, વિચારવી.

તથા (૩) **ઉભય-સંન્નિધાન** રૂપ ત્રીજા પ્રકારના આધારમાં (અધિકરણમાં) પણ પૂર્વે કહ્યા પ્રમાણે અભૂત = અસદ્ભૂત અર્થાત્ ત્યાજ્ય એવા છ વિકલ્પો અને સદ્ભૂત એટલે કે ગ્રાહ્ય એવા પણ છ જ ભંગ-વિકલ્પો થાય છે. ભંગરૂપી વિકલ્પો અથવા ભંગોને વિષે વિકલ્પો તે ભંગ-વિકલ્પ કહેવાય એમ અર્થ જાણવો.

१. पादिषु । धाने० मु. । २. पू. लि. । न्यत्राप्यव० मु. । ३. पादिषु । दर्शनमित्या० मु. । ४. पादिषु । ना. मु. ।

**भा० स्थितिः । सम्यग्दर्शनं कियन्तं कालम् ? । सम्यग्दृष्टिर्द्विविधा । सादिः सपर्यवसाना सादिरपर्यवसाना च । सादि सपर्यवसानमेव सम्यग्दर्शनम् ।**

**ચંદ્રપ્રભા :** કહેવાનો આશય એ છે કે સ્વામિત્વ દ્વારના નિરૂપણ વખતે સમ્યગ્દર્શન કોનું કહેવાય ? એના સ્વામી કોણ કહેવાય ? એના જવાબમાં કહેલું કે, નિશ્ચય/વાસ્તવિક દૃષ્ટિથી તો સમ્યગ્દર્શન જેમાં અવિભાગ રૂપે એટલે કે એકમેક થઈને છૂટું ન પડી શકે એ રીતે રહેલું છે, તે આત્મા તેનો સ્વામી/માલિક છે. માટે આત્માનું સમ્યગ્દર્શન કહેવાય. પણ વ્યવહારનયથી અર્થાત્ ઉપચારદૃષ્ટિથી વિચારીએ તો તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થવામાં નિમિત્ત રૂપ જે જીવ = સાધુ વગેરે અથવા અજીવ = પ્રતિમાદિ છે, તે પણ તેના સ્વામી કહેવાય.

તેમ પ્રસ્તુતમાં પણ સમ્યગ્દર્શનનો આધાર કોણ ? એવી વિચારણા કરવામાં વસ્તુતઃ = નિશ્ચયથી તો સમ્યગ્દર્શનનો આધાર જીવ જ છે. આથી (૧) આત્મારૂપ સંન્નિધાનથી (આધારની અપેક્ષાએ) જીવમાં પોતાનામાં સમ્યગ્દર્શન છે - અવિભાજ્યરૂપે રહેલું છે, તે નિશ્ચયદૃષ્ટિથી સમજવું. ઔપચારિક રીતે - વ્યવહાર નયથી તો સમ્યગ્દર્શનના આધાર તરીકે બીજી વસ્તુ અર્થાત્ બાહ્ય વસ્તુ પણ કહેવાય. જેમ કે, (૨) બાહ્ય-સંનિધાનથી એટલે બાહ્ય - આધાર સ્વરૂપ સાધુરૂપ જીવમાં તે સમ્યગ્દર્શન છે અથવા બાહ્ય-સંનિધાન રૂપ અજીવ-પ્રતિમાદિને વિષે તે સમ્યગ્દર્શન છે અથવા (૩) ઉભય-સંનિધાનથી એટલે આત્મારૂપ આંતરિક (અંતરંગ) આધાર/સંનિધાન અને નિમિત્તભૂત સાધુ-પ્રતિમાદિરૂપ બાહ્ય-સંનિધાન (આધાર) એ બેયની આધાર તરીકે વિવક્ષા કરાય ત્યારે ઉભય-સંનિધાન ઉભય-આધારમાં સમ્યગ્દર્શનરૂપ ત્રીજો ભાંગો પણ ઘટે છે.

તથા ઉભય-સંનિધાન પક્ષે પૂર્વે સ્વામિત્વ દ્વારમાં કહ્યા મુજબ - આંતર અને બાહ્ય આધાર પૈકી કોઈ એક આધારની વિવક્ષા કરાય ત્યારે છ ભાંગા થાય છે તે ત્યાજ્ય છે કેમ કે ત્યારે ઉભયની વિવક્ષા નથી. પરંતુ જ્યારે આત્મારૂપ આંતરિક આધારની વિવક્ષા હોય અને નિમિત્તરૂપ સાધુ આદિ જીવની અને પ્રતિમા આદિ અજીવની - બેયની વિવક્ષા કરાય ત્યારે એક, બે કે ઘણા સાધુરૂપ જીવ અથવા એક, બે કે ઘણી પ્રતિમાદિ રૂપ અજીવ એવા વિકલ્પો થવાથી કુલ છ ભાંગા ગ્રાહ્ય થાય છે, એમ વિચારવું.

**પાંચમું સ્થિતિ-દ્વાર :** હવે સ્થિતિદ્વારનો ભાષ્યમાં પ્રસ્તાવ કરે છે.

**ભાષ્ય : સ્થિતિ-દ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન કેટલાં કાળસુધી (પ્રાપ્ત થયા બાદ) રહે છે ?**

**જવાબ : સમ્યગ્દૃષ્ટિ આત્મા બે પ્રકારે છે. (૧) સાદિ સાન્ત (સપર્યવસાન) અને (૨) સાદિ અનંત (અપર્યવસાન). સમ્યગ્દર્શન સાદિ સાંત જ હોય છે. તે જઘન્યથી**

**तज्जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि । सम्यग्दृष्टिः सादिरपर्यवसाना । सयोगः शैलेशीप्राप्तश्च केवली सिद्धश्चेति ।**

**टी०** स्थितिरित्येतद् विवृणोति **सम्यग्दर्शनं कियन्तं कालं** सम्पन्नं सदवतिष्ठते ? *"कालाध्वनोः"* (पाणिनिः सू० २-३-५) इति द्वितीया । प्रश्नयितु**रयमभिप्रायः**-प्रागभूत्वा मिथ्यादृष्टेर्दशनमाविश्चकास्ति, यच्चोत्पत्तिमत् तत् सादि सपर्यवसानं दृष्टं मनुष्यत्वादिवत्, किञ्चित् सादि अपर्यवसानं सिद्धत्वादिवत्, **आचार्यो**ऽपि प्रश्नाभिप्रायानुरूपमे**वोत्तर**माह- **सम्यग्दृष्टिर्द्विविधे**त्यादि । द्विविधेति सादिः सपर्यवसाना सादिरपर्यवसाना चेत्येवं द्विविधा शोभना दृष्टिः सम्यग्दृष्टिः । का च शोभना ? या शुद्धदलिककृता, या च दर्शनमोहनीयक्षयात्

---

**અંતર્મુહૂર્તકાળ સુધી રહે છે અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ (૬૬) સાગરોપમ કાળ સુધી રહે છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા સાદિ-અનંત (અપર્યવસાન) હોય છે. (i) સયોગી કેવળી (ii) શૈલેશી અવસ્થાને પામેલ કેવળી અને (iii) સિદ્ધાત્મા એ (સાદિ-અનંત) સમ્યગ્દૃષ્ટિ છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **स्थितिः** એવા પદના ભાવાર્થનું વિવરણ કરતાં પ્રશ્ન કરે છે. **પ્રશ્ન :** સ્થિતિ એટલે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી કેટલાં સમય સુધી રહે છે ? અહીં **कियन्तं कालं** એવા ભાષ્યના પ્રયોગમાં '**कालाध्वनोः**' (પાણિનિ, સૂ. ૨-૩-૫)થી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

પ્રશ્ન કરનારનો **આશય** આ પ્રમાણે છે - મિથ્યાદૃષ્ટિ જીવને પૂર્વમાં ન હોય પણ પછી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ઉત્પન્ન થાય છે. વળી જેની ઉત્પત્તિ હોય (તેનો અંત પણ હોવાથી) તે સાદિ સાન્ત દેખાય છે. જેમ કે, મનુષ્યપણું... મનુષ્ય પર્યાયની ઉત્પત્તિ થાય છે, તો તેનો અંત પણ આવે છે. વળી કેટલીક વસ્તુ સાદિ (ઉત્પત્તિ સહિત) હોવા ઉપરાંત અનંત હોય છે. એટલે કે, તેનો પર્યવસાન = છેડો હોતો નથી, જેમ કે, સિદ્ધપણું... સિદ્ધત્વ રૂપ અવસ્થાની આદિ = શરૂઆત (ઉત્પત્તિ) હોય છે પણ તેનો અંત હોતો નથી. અહીં આચાર્ય ભગવંત પણ પ્રશ્ન કરનારના અભિપ્રાયને અનુરૂપ જ ઉત્તર આપે છે.

**જવાબ :** સમ્યગ્દૃષ્ટિ જીવના બે પ્રકાર છે. (૧) **સાદિ** (આદિ, ઉત્પત્તિ સહિત) **સપર્યવસાન** - સાંત અને (૨) **સાદિ અપર્યવસાન** = અનંત એમ બે પ્રકારે શુભ (સદ્) દૃષ્ટિ એટલે કે સમ્યગ્દૃષ્ટિ છે.

---

१. पू. । ना. मु. ।

त्रयाणां भवति छद्मस्थस्य **श्रेणिकादेरिव**, अपरा भवस्थस्याऽपायसद्द्रव्यपरिक्षये केवलिनः, अपरा सिद्धस्येति। तत्र याऽपायसद्द्रव्यवर्तिनी **श्रेणीकादीनां** सद्द्रव्यापगमे च भवति अपायसहचारिणी सा सादिः[1] सपर्यवसाना, यस्मिन् काले **श्रेणीकादिभिर्दर्शनमोहसप्तकं** क्षपयित्वा रुचिराप्ता स आदिस्तस्याः, यदा त्वपायः-आभिनिबोधिकमपगतं भविष्यति

## ❋ સમ્યગ્દૃષ્ટિ = શુભ દૃષ્ટિના ચાર વિકલ્પો/અવસ્થાઓ ❋

**પ્રશ્ન :** શુભ (સારી) દૃષ્ટિ શું છે ?

**જવાબ :** આ શુભ દૃષ્ટિના બે ભેદ છે. (૧) એક તો શુદ્ધ કરેલાં દર્શનમોહનીય કર્મના દલિકોના ઉદયથી ઉત્પન્ન થાય છે તે શુભ દૃષ્ટિ છે. વળી (૨) બીજી જે દર્શન મોહનીય કર્મના ક્ષયથી ત્રણ પ્રકારના આત્માઓને હોય છે. તે શુભ દૃષ્ટિ છે. તે આ પ્રમાણે - (i) એક તો **શ્રેણિક** મહારાજા આદિની જેમ છદ્મસ્થ એટલે ઘાતી-કર્મથી સહિત એવા આત્માને હોય છે. (ii) બીજી શુભદૃષ્ટિ અપાય એટલે મતિજ્ઞાનનો ત્રીજો ભેદ... (ક્ષયોપશમ વિશેષરૂપ) તેનાથી સહિત જે સદ્દ્રવ્ય = એટલે સમ્યક્ત્વ-મોહનીય-કર્મના પુદ્ગલો, તેનો સર્વથા નાશ થયે છતે (ભવસ્થ-સદેહ) કેવળજ્ઞાનીને હોય છે અને (ii) અન્ય (ત્રીજી) શુભદૃષ્ટિ સિદ્ધ ભગવંતોને હોય છે. આમ શુદ્ધદલિકથી યુક્ત સમકિત એક પ્રકારનું અને તેનો ક્ષય થયે ત્રણ વિકલ્પો થવાથી કુલ ચાર અવસ્થા શુભદૃષ્ટિની ગણાય.

**ચંદ્રપ્રભા :** ઉક્ત ચારેય પ્રકારે સમ્યગ્દર્શનની અવસ્થાઓનું ગ્રહણ કરવા માટે જ 'સમ્યગ્દૃષ્ટિ' શબ્દનો અર્થ શોભના દૃષ્ટિ = શુભદૃષ્ટિ એમ કરેલો છે, અન્યથા સમ્યગ્દૃષ્ટિથી કેવલી-સિદ્ધાત્માનું ગ્રહણ થાત, પણ અપાય અને સમ્યગ્દર્શન-પુદ્ગલથી સહિત સમકિતી જીવોનું ગ્રહણ ન થાત. શોભના દૃષ્ટિ કહેવાથી વ્યાપક અર્થ જણાય છે.

**પ્રેમપ્રભા :** (૧) **સાદિ-સપર્યવસાન (સાન્ત) :** તેમાં અપાય (મતિજ્ઞાન વિશેષ)થી યુક્ત જે સદ્દ્રવ્ય = એટલે સમ્યક્ત્વ-મોહનીયના પુદ્ગલો, તેનાથી સહિત જે શુભ દૃષ્ટિ (સમ્યગ્દૃષ્ટિ) છે, તે અને શ્રેણિક વગેરે સદ્દ્રવ્યનો નાશ થયે જે અપાય માત્રથી યુક્ત (સહચારિણી) એવી શુભદૃષ્ટિ છે, તે **સાદિ-સપર્યવસાન** (સાન્ત) છે. સાદિ એટલે આદિ સહિત... જે કાળે **શ્રેણિકાદિ** વડે દર્શન મોહનીય-સપ્તક પ્રકૃતિનો (અનંતાનુબંધી ચાર કષાયો તેમજ સમકિત મોહનીય, મિથ્યાત્વ મો. અને મિશ્ર મો. એ ત્રણ પ્રકૃતિ મળીને મોહનીયની કુલ સાત પ્રકૃતિને 'દર્શન-સપ્તક' કહેવાય છે, તેનો) ક્ષય કરીને રુચિ પ્રાપ્ત

१. पू. । सादिस० मु. ।

केवलज्ञाने उत्पन्ने सोऽन्तोऽस्याः सम्यग्दृष्टेः, एतदाह-**सादिः सपर्यवासानेति** । या तु भवस्थकेवलिनो द्विविधस्य सयोगाऽयोगभेदस्य सिद्धस्य वा दर्शनमोहनीयसप्तकक्षयादपाय-सद्द्रव्यक्षयाच्चोदपादि सा **सादिरपर्यवसानेति** । यस्मिन् काले दर्शनमोहनीयं क्षपयित्वा प्राप्ता स आदिस्तस्याः । एवमेतत् तत्त्वमित्येवं विधा या रुचिः सा न कदाचित् तस्यापैष्यतीति । एवं यथाक्रममुपन्यस्य स्वयं व्याख्यानयति-सादिसपर्यवसानेति यदुक्तं तस्येदं व्याख्यानम्-**सादि सपर्यवसानमेव सम्यग्दर्शनम्** । यच्चापायसद्द्रव्यवर्ति तच्च सम्यग्दर्शनमितीह भणति । यच्च सद्द्रव्यविगमे अपायसम्भवे **श्रेणिकादीनां** तच्च भणति ।

---

કરાઈ તે કાળ તે રુચિનો આદિ અર્થાત્ આરંભ-શરૂઆત કહેવાય અને જ્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં અપાય-સ્વરૂપ મતિજ્ઞાન ચાલ્યું જશે, નાશ પામશે, તે કાળ સમ્યગ્દષ્ટિનો અંતકાળ છે. આથી ભાષ્યમાં સાદિ-સાન્ત (સપર્યવસાન) એવો વિકલ્પ કહેલ છે.

**(૨) સાદિ-અનન્ત (અપર્યવસાન)** : વળી બે પ્રકારના ભવસ્થ અર્થાત્ શરીરસ્થ કેવળી છે, એક (૧) સયોગી અને બીજા (૨) અયોગી. એ બેયને અથવા સિદ્ધના આત્માઓને દર્શન-મોહનીય સપ્તકનો ક્ષય થવાથી અને અપાયરૂપ મતિજ્ઞાનના ભેદથી સહિત સદ્દ્રવ્યનો (સમ્યક્ત્વમોહનીય કર્મનો) ક્ષય થવાથી જે રુચિ ઉત્પન્ન થઈ હોય તે, સાદિ-અનંત (અપર્યવસાન) છે. જે કાળે દર્શનમોહનીય કર્મનો ક્ષય કરીને રુચિ પ્રાપ્ત કરાઈ, તે તેનો આદિ = આરંભકાળ કહેવાય. 'આ જીવાદિ તત્ત્વ આ પ્રમાણે જ છે.' આવા પ્રકારની તેઓને જે રુચિ ઉત્પન્ન થઈ છે, તે ક્યારેય દૂર થવાની/નાશ પામવાની નથી, આથી અનંત-અંત વિનાની-અપર્યવસાન છે.

આ પ્રમાણે ભાષ્યમાં પૂર્વોક્ત ભાંગા ક્રમ પ્રમાણે મૂકીને પછી સ્વયં ભાષ્યકાર તેની વ્યાખ્યા કરતા કહે છે - સાદિ - સપર્યવસાન એ પ્રમાણે જે રુચિ કહી તેની વ્યાખ્યા આ છે કે **"સાદિ - સપર્યવસાન(સાન્ત) જ સમ્યગ્દર્શન છે."** સમ્યગ્દર્શનની બે અવસ્થાઓ છે (૧) જે અપાયથી અર્થાત્ મતિજ્ઞાન વિશેષથી સહિત એવા સદ્દ્રવ્યથી = સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલોથી સહિત વર્તતું હોય તેને અહીં 'સમ્યગ્દર્શન' શબ્દથી કહેલું છે. અને (૨) જે સદ્દ્રવ્ય (સમકિતમોહનીય)નો નાશ થયે છતે (હજી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ન હોવાથી) અપાયનો = મતિજ્ઞાનવિશેષનો સંભવ હોય ત્યારે શ્રેણિકાદિને જે સમકિત હોય તે પણ 'સમ્યગ્દર્શન' કહેવાય. આ બન્નેય અવસ્થામાં સમ્યગ્દર્શન સાદિ અને

कथं च सादीति ? सहादिना वर्तत इति सादि, यस्मिन् काले मिथ्यादर्शनपुद्गलान् विशोध्य स्थापयति सम्यग्दर्शनतया तदा सादि, यदा त्वनन्तानुबन्ध्युदयात् पुनर्मिथ्यादर्शनतया परिणाममानेष्यति क्षपयित्वा वा तान् सम्यग्दर्शनपुद्गलान् केवली भविष्यति तदा सपर्यवसानम्। सह पर्यवसानेन अन्तेन[1] यद् वर्तते तत् सपर्यवसानमेव सम्यग्दर्शनम्। यदा च दर्शनसप्तकं क्षपयित्वा प्राप्नोति **श्रेणिकादिः** स आदिस्तस्य, केवलप्राप्तावन्त इति। तत् पुनः सम्यग्दर्शनं सादिसपर्यवसानम्। शुद्धदलिकसहवर्तिनी रुचिः कियन्तं कालं भवतीति यत् पुरस्ताच्चोदितं तद् भावयन्नाह-**तज्जघन्येने**त्यादि। **तत्** सम्यग्दर्शनं **जघन्येन** अन्ततः[2] **अन्तर्मुहूर्तम्। मुहूर्तो**

સાંત હોય છે.

**પ્રશ્ન :** સમ્યગ્દર્શનને સાદિ શી રીતે કહેવાય ?

**જવાબ : सह आदिना वर्तते इति सादिः ।** જે આદિ - આરંભ, શરૂઆત સાથે વર્તે તે 'સાદિ' કહેવાય. જે કાળે જીવ મિથ્યાદર્શનના પુદ્ગલોને વિશુદ્ધ બનાવીને તેને સમ્યગ્દર્શન તરીકે સ્થાપન કરે છે, ત્યારે સમ્યગ્દર્શન 'સાદિ' કહેવાય. અને જ્યારે અનંતાનુબંધી કષાયના ઉદયથી ફરી તે વિશુદ્ધ કરેલાં પુદ્ગલોને મિથ્યાદર્શન (અશુદ્ધ) રૂપે પરિણામ પમાડશે અથવા તો વિશુદ્ધ સમ્યગ્દર્શનના પુદ્ગલોનો ક્ષય કરીને કેવળજ્ઞાની થશે, ત્યારે તે સમ્યગ્દર્શન સપર્યવસાન અર્થાત્ અંત/પર્યવસાનવાળુ બનશે. જે પર્યવસાનથી એટલે કે અંતથી સહિત વર્તે છે તે સપર્યવસાન = સાન્ત જ સમ્યગ્દર્શન છે, (પણ અનંત નથી) એમ ભાવ છે. આ પ્રથમ અવસ્થાની અપેક્ષાએ કહેલું છે. બીજી અવસ્થામાં દર્શન-સપ્તકનો ક્ષય કરીને **શ્રેણિક** વગેરેના આત્માઓ જે રુચિને પ્રાપ્ત કરે છે તે સમ્યગ્દર્શનની આદિ-શરૂઆત છે અને કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ થયે તેનો અંત આવે છે અને આથી તે સમ્યગ્દર્શન સાદિ-સાન્ત (સપર્યવસાન) કહેવાય છે.

### ❋ સમ્યગ્દર્શનની જઘન્ય સ્થિતિ; અન્તર્મુહૂર્તનો અર્થ ❋

શુદ્ધ કરેલાં સમ્યગ્દર્શન રૂપ દલિકોથી સહિત એવી જે રુચિ = સમ્યગ્દર્શન છે, તે કેટલો વખત આત્મા સાથે રહે છે ? અર્થાત્ તેની કેટલી સ્થિતિ છે ? આ પ્રમાણે પૂર્વે ભાષ્યમાં શિષ્યાદિ વડે જે પ્રશ્ન કરાયેલો, તેની વિચારણા કરતાં ભાષ્યકાર ભાષ્યમાં કહે છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ રહે છે. અર્થાત્ તે સમ્યગ્દર્શન જઘન્યથી એટલે ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત કાળ સુધી રહે છે. તેમાં મહૂર્ત = એટલે બે ઘડી (૪૮ મિનિટ) તે મુહૂર્ત્તનો જે **अन्तः** = એટલે મધ્ય ભાગ, તે **અંતર્મુહૂર્ત** કહેવાય. (મુહૂર્ત્ત એટલે બે ઘડી =

१. पादिषु । ना. मु. । २. पू. । ना. मु. ।

घटिकाद्वयं, मुहूर्तस्य मध्ये[1]-अन्तः[2], अन्तर्मुहूर्तम् । तदवतिष्ठते जघन्येनेति । 'सुप्सुपा' (पा० २-१-४) इति समासो भवति । अत्यन्तसंयोगे कालस्य द्वितीया । एतद् भवति - तथा सम्यग्दर्शनं कश्चिज्जन्तुः द्विघटिकान्तस्तत्परिणाममनुभूय मिथ्यादर्शनी भवति, केवली वा परतः ।

एवं च जघन्यां स्थितिमाख्यायोत्कृष्टां निरूपयन्नाह-**उत्कृष्टेने**त्यादि । उत्कर्षेण कियन्तं कालमास्ते ? **षट्षष्टिः सागरोपमाणि साधिकानि, तद्भावना**-इहाष्टवर्षः सम्यग्दर्शनमधिगम्य समासादितदीक्षः पूर्वकोटीं विहृत्याष्टवर्षोनां अपरिच्युतसम्यग्दर्शनो विजयादीनां चतुर्णामन्यतमस्मिन् विमाने उदपादि स्थितावुत्कृष्टायां त्रयस्त्रिंशत्सागरोपमस्थितिः । तत्क्षयाच्च

૪૮ મિનિટ, તેનો મધ્યભાગ એટલે શાસ્ત્રીય પરિભાષા મુજબ ૨ થી ૯ સમયથી માંડીને એક સમય ન્યૂન એવી બે ઘડી જેટલો વ્યાપકકાળ અંતર્મુહૂર્ત કહેવાય.) આમ, સમ્યગ્દર્શન ઓછામાં ઓછું ૨ થી ૯ સમયથી માંડીને ૧ સમય ન્યૂન બે ઘડી સુધી રહે છે. **'सुप् सुपा'** એવા (પા.સૂ૦૨-૧-૪) પાણિનીય વ્યાકરણના વિધાનથી **अन्तमुहूर्त्त** શબ્દમાં સમાસ થયેલ છે. તથા કાળનો અત્યંત (અર્થાત્ વ્યાપીને) સંયોગ અર્થ જણાવવા માટે દ્વિતીયા વિભક્તિ થઈ છે. સમ્યગ્દર્શનની જઘન્ય-સ્થિતિ આ પ્રમાણે થાય કે, જ્યારે કોઈ જીવ બે ઘડીના મધ્યકાળ (અંતર્મુહૂર્ત્ત) સુધી સમ્યગ્દર્શનનો અનુભવ કરીને પાછો મિથ્યાદર્શનથી યુક્ત બને અથવા પછીથી કેવળજ્ઞાની બની જાય ત્યારે તે કાળને જઘન્ય - સ્થિતિ કહેવાય છે.

### * સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ(કાળ)ની ઘટના *

આ પ્રમાણે જઘન્ય સ્થિતિને કહીને ભાષ્યકાર ઉત્કૃષ્ટ સ્થિતિને જણાવતાં કહે છે -

**પ્રશ્ન** : ઉત્કર્ષથી સમ્યગ્દર્શન કેટલાં કાળસુધી રહે છે ? **જવાબ** : ઉત્કૃષ્ટથી સમ્યગ્દર્શન સાધિક (કંઈક અધિક) એવા ૬૬ (છાસઠ) સાગરોપમ કાળ સુધી રહે છે. આ ઉત્કૃષ્ટસ્થિતિ શી રીતે ઘટે તેની વિચારણા આ પ્રમાણ છે- આમાં બે વિકલ્પો છે - (૧) અહીં કોઈ મનુષ્ય આઠ વર્ષની વયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિપૂર્વક જેણે દીક્ષાનો અંગીકાર કરેલો છે, તે આઠ વર્ષ ઓછા એવા એક ક્રોડ પૂર્વ વર્ષ સુધી સંયમી તરીકે વિચરીને સમ્યગ્દર્શનથી ચલિત થયા વિના 'વિજય' આદિ ચાર (અનુત્તરવિમાન) પૈકી કોઈ એક વિમાનમાં ઉત્કૃષ્ટસ્થિતિ સહિત એટલે કે ૩૩ સાગરોપમ સ્થિતિવાળા તરીકે

१. पू. । मध्यं० मु. । २. पू. ना. मु. ।

प्रच्युत्य मनुजेषु सहदर्शनः समजनि, पुनस्तेनैव प्रकारेण संयममनुष्ठाय तदेव विमानं तावत्स्थितिमनुप्रापत्, पुनः स्थितौ क्षीणायामक्षीणतत्त्वार्थश्रद्धानः संयमं प्राप्यावश्यन्तया सिद्ध्यति । एवं द्वे त्रयस्त्रिंशतौ षट्षष्टि[१] [ष्टिः] पूर्वकोटीत्रयातिरिक्ता, अच्युतकल्पे वा द्वाविंशतिसागरोपमस्थितिस्तिस्रो वाराः समुत्पद्यते, तत[२]ः परमवश्यम्भाविनी तस्य सिद्धिरिति । यदुक्तं पुरस्तात्-सम्यग्दृष्टिर्द्विविधा सादिः सपर्यवसानेति सोंऽशो भावितः । स्थितिरेव सादिरपर्यवसानेति योंऽशस्तं भावयत्यनेन-**सम्यग्दृष्टिः सादिरपर्यवसाना सयोग** इत्यादिना ।

ઉત્પન્ન થયો. તે સ્થિતિનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને (નીકળીને) મનુષ્ય ભવમાં સમ્યગ્દર્શન સહિત ઉત્પન્ન થયો. ફરીથી તે જ પ્રકારે સંયમનું પાલન કરીને તેટલી જ, ૩૩ સાગરોપમ જેટલી સ્થિતિવાળા તે જ (વિજયાદિ) વિમાનમાં જન્મની પ્રાપ્તિ કરી. ફરી તે સ્થિતિનો ક્ષય થયે છતે તત્ત્વાર્થની શ્રદ્ધાની (સમ્યગ્દર્શનની) ક્ષીણતા થયા વિનાનો તે આત્મા મનુષ્યભવ અને સંયમને પ્રાપ્ત કરીને અવશ્યપણે તે જ ભવે સિદ્ધ થાય છે. આ રીતે બેવાર (૨જા-૪થા ભવમાં) ૩૩ સાગરોપમ જેટલી સ્થિતિ સમ્યગ્દર્શન ગુમાવ્યા વિના અનુભવવાથી ૬૬ સાગરોપમ જેટલી સ્થિતિ થઈ. વળી ત્રણવાર (૧-૩-૫માં ભવમાં) મનુષ્ય તરીકે ઉત્કૃષ્ટથી એક ક્રોડ પૂર્વ વર્ષ જેટલું આયુષ્ય પણ સમ્યગ્દર્શન સહિત જ પસાર કરે છે. આટલી સ્થિતિને અધિક ગણવાથી સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક છાંસઠ (૬૬) સાગરોપમની થાય છે.

બીજા વિકલ્પમાં બારમાં અચ્યુત નામના દેવલોકમાં ૨૨ સાગરોપમની સ્થિતિવાળા તરીકે ત્રણવાર ઉત્પન્ન થવાથી ૨૨ + ૨૨ + ૨૨ = ૬૬ એમ છાંસઠ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ સમ્યગ્દર્શનને ગુમાવ્યા વિના સંભવે છે અને પછી મનુષ્ય ભવ અને સંયમનું ગ્રહણ કરીને અવશ્ય સિદ્ધિગતિને પામે છે. (અહીં પણ ૧-૩-૫-૭ એમ ચારવાર મનુષ્ય તરીકે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યને સાધિક તરીકે સમજવું.) આ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ અનુભવ્યા પછી તેની અવશ્ય સિદ્ધિ થાય છે, મુક્તિ થાય છે.

આ રીતે પૂર્વે ભાષ્યમાં જે કહેલું કે, 'સમ્યગ્દષ્ટિ' = શુભદષ્ટિ બે પ્રકારે છે, તેમાં સાદિ સપર્યવસાન = સાંત એવા અંશની વિચારણા કરી. હવે સાદિ - અનન્ત (અપર્યવસાન) એવી સ્થિતિરૂપ જ અંશ છે, તેનું નિરૂપણ કરતાં ભાષ્યકાર ભગવંત કહે છે-

१. षष्टि० इति सर्वत्राशुद्धः प्रतिभाति । २. पादिषु । अतः० मु. ।

सह योगैर्मनोवाक्कायलक्षणैः सयोगः[1] केवली, उत्पन्ने केवलज्ञाने यावच्छैलेशीं न[2] प्रतिपद्यते तावत् सयोगकेवली, शैलेशीप्रतिपत्तौ तु निरुद्धयोगत्वादयोगः । एतदेवाह-**शैलेशीप्राप्त** इति । शिलानां समूहाः शैलाः तेषामीशो मेरुस्तस्य भावः शैलेशी अचलतेति यावत् तां प्राप्तः । स चेयान् कालो ज्ञेयः-मध्यमया वृत्त्या पञ्च ह्रस्वाक्षराण्युच्चार्यन्ते यावत्, ततः परं सिद्ध्यत्येव । एष द्विविधोऽपि केवली सयोगायोगाख्यो भवस्थः साद्यपर्यवसानः सम्यग्दृष्टिरुच्यते, सिद्धश्च सर्वकर्मवियुत इति । यतः सादिरप्यसौ रुचिर्न कदाचिदपैष्यतीति । सम्यग्दृष्टिः सादिरपर्यवसानैवेत्ययं स्त्रीलिङ्गनिर्देशः भवस्थकेवलिनः सयोगस्याऽयोगस्य[3] च सिद्धस्य च

## ❋ त्रण प्रकारनो 'सम्यग्दृष्टि'; शैलेशीनो अर्थ ❋

**प्रेमप्रभा :** ભાષ્યમાં કહ્યું કે સમ્યગ્દષ્ટિ સાદિ-અનંત હોય છે અને તે સયોગ-કેવળી, અયોગ-કેવળી અને સિદ્ધ એમ ત્રણ પ્રકારે હોય છે. તેમાં જે મન-વચન-કાયા રૂપ ત્રણ યોગોથી સહિત હોય તે **'સયોગ' કેવળી** કહેવાય. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી આત્મા જ્યાં સુધી શૈલેશી અવસ્થાને પામતો નથી, ત્યાં સુધી સયોગ - કેવળી કહેવાય અને શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ થયે યોગનો નિરોધ કરી દીધો હોવાથી **'અયોગ-કેવળી'** કહેવાય. આને ભાષ્યમાં શૈલેષી પ્રાપ્ત કેવળી કહેલા છે. શિલા એટલે મોટા દૈત પત્થર. તેઓનો સમૂહ તે 'શૈલ' કહેવાય. (**शिलानां समूहाः ( शिला + अण् = शैलाः )** શૈલ એટલે પર્વત. તેઓનો પર્વતોનો ઈશ-સ્વામી (= શૈલેશ) એટલે મેરુ પર્વત. પછી તેનો ભાવ = શૈલેશનો ભાવ/ધર્મ **शैलेशस्य भावः इति शैलेशी** શૈલેશપણું એટલે મેરુ પર્વતમાં રહેલી અચળતા જેવી આત્મપ્રદેશોની અચળતા/નિશ્ચળતા = નિષ્પ્રકંપ અવસ્થા... તેને પામેલ હોય તે શૈલેશી-પ્રાપ્ત 'અયોગી' કેવળી કહેવાય. તે શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અયોગીનો આત્મા મધ્યગતિએ પાંચ હ્રસ્વાક્ષર એટલે અ-ઇ-ઉ-ઋ-લૃ, એનું ઉચ્ચારણ કરતાં જેટલો વખત લાગે તેટલો કાળ અયોગી-કેવળી રૂપ શૈલેશી અવસ્થામાં રહીને પછી નિયમથી સિદ્ધ બને છે. આ બેય પ્રકારના સયોગ-અયોગ કેવળી ભવસ્થ/દેહસ્થ હોયને સાદિ-અનંત સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

તથા સિદ્ધ એટલે કે સર્વ કર્મોથી રહિત એવા આત્મા પણ સાદિ-અનંત સમ્યગ્દષ્ટિ કહેવાય. કારણ કે, સાદિ = આરંભ સહિત એવી પણ આ રુચિ ક્યારેય પણ દૂર થવાની - નાશ પામવાની નથી.

**શંકા : सम्यगदृष्टिः सादिरपर्यवसाना** એમ સ્ત્રીલિંગ નિર્દેશ છે. જ્યારે તે સમ્યગ્ =

१. पादिषु । योगके० मु. । २. पादिषु । नो० मु. । ३. पादिषु । सयोगायो० मु. ।

तस्या रुचेरनन्यत्वख्यापनार्थो, नासौ ततोऽन्य इति । अथवा सम्यग्दृष्टिः सादिरपर्यवसाना याऽभिहिता तामनुभवति सयोगादिरिति नेयम् । सम्प्रति विधानद्वारं परामृशन्नाह–

**भा० विधानम् । हेतुत्रैविध्यात् क्षयादि त्रिविधं सम्यग्दर्शनम् । तदावरणीयस्य कर्मणो दर्शनमोहनीयस्य च क्षयादिभ्यः । तद्यथा-क्षयसम्यग्दर्शनं, उपशमसम्यग्दर्शनं, क्षयोपशमसम्यग्दर्शनमिति ।**

**टी० विधानमिति** । विधीयते तदिति विधानं भेदः प्रकार इति । **ननु च** साधनद्वारेऽभिहित एव भेदो निसर्गसम्यग्दर्शनम्, अधिगमसम्यग्दर्शनमिति च, किं पुनर्भेद

શુભ- દૃષ્ટિવાળાનો **सयोग :, शैलेशीप्राप्त :** એમ પુલ્લિંગ વડે નિર્દેશ કરેલો છે. આ સંગત જણાતું નથી. કારણ કે આવા સમ્યગ્દૃષ્ટિવાળા સયોગ કેવળી વગેરે છે, એમ જણાવવા **सादिरपर्यवसानः** એમ પુલ્લિંગ નિર્દેશ કરવો ઉચિત જણાય છે. માટે સ્ત્રીલિંગ નિર્દેશ શી રીતે ઘટે ?

**સમાધાન : सम्यग्दृष्टिः सादिरपर्यवसाना** આ પ્રમાણે જે સ્ત્રીલિંગ નિર્દેશ કરેલો છે, તે સયોગ અને અયોગ રૂપ ભવસ્થ-કેવળી અને સિદ્ધાત્મામાં તે રુચિનું અનન્યપણું-અભેદ છે, એમ જણાવવા (જ્ઞાપન કરવા) માટે છે. અર્થાત્ (સ્ત્રીલિંગ-પ્રયોગમાં વિશેષ્ય રુચિ છે આથી) રુચિ અને રુચિવાળા (સયોગ આદિ આત્માઓ) વચ્ચે અભેદ સૂચવે છે. આ આત્માઓ તે રુચિથી અન્ય/જુદાં નથી, પણ રુચિ રૂપે જ છે એમ અભેદ જણાવવા **सम्यग्दृष्टिः सादिरपर्यवसाना** એમ સ્ત્રીલિંગ અને **सयोगः** ઇત્યાદિ પુલ્લિંગ નિર્દેશ કરેલો છે. **અથવા** સાદિ-અપર્યવાસાન એવી જે સમ્યગ્દૃષ્ટિ (રૂચિ) કહી, તેને સયોગી-કેવળી વગેરે અનુભવ છે, એ રીતે અહીં લિંગના ભેદવડે કરેલ નિર્દેશને ઘટાવવું.

**(૬) વિધાન-દ્વાર :** હવે વિધાન-દ્વારનો પરામર્શ = સંબંધ કરતાં ભાષ્યમાં કહે છે.

**ભાષ્ય : વિધાન-દ્વાર કહેવાય છે. હેતુઓ ત્રણ પ્રકારના હોવાથી ક્ષય વગેરે ત્રણ પ્રકારનું સમ્યગ્દર્શન છે. તેના (સમ્યગ્દર્શનના) આવરણીય = આવરણ કરનાર કર્મનો અને દર્શન મોહનીય કર્મનો ક્ષય વગેરે થવાથી તે (ત્રણ પ્રકારના) સમ્યગ્દર્શન થાય છે. તે આ પ્રમાણે - (૧) ક્ષય-સમ્યગ્દર્શન, (૨) ઉપશમ-સમ્યગ્દર્શન અને (૩) ક્ષયોપશમ-સમ્યગ્દર્શન.**

**પ્રેમપ્રભા :** હવે ભાષ્યમાં '**विधानम्**' પદથી વિધાન-દ્વાર પ્રસ્તુત કરાય છે. **विधीयते तदिति विधानम्** । વિધાન એટલે ભેદ, પ્રકાર...

आख्यायते ? **उच्यते**-तत्र न सम्यग्दर्शनस्य भेदः प्रतिपिपादयिषितः, किन्तु निमित्तम्, तत्र क्षयादि यदुत्पत्तौ कारणतां प्रतिपद्यते तद्भेदो विवक्षितः, इह तु तेन निमित्तेन यत् कार्यमुपजनितं तस्य भेदः प्रतिपाद्यत इति । एवं च कृत्वा वक्ष्यमाणस्य सङ्ख्याद्वारस्य अस्य च विधानद्वारस्य स्पष्ट एव भेदो निदर्शितः स्यात् । विधानं सम्यग्दर्शनस्य भेदकं, क्षयसम्यग्दर्शनम् उपशमसम्यग्दर्शनं क्षयोपशमसम्यग्दर्शनमिति । सङ्ख्याद्वारे[1] तद्वतां[2] भेदः प्रतिपाद्यते, कियत् सम्यग्दर्शनम् ? कियन्तः सम्यग्दर्शनिन इत्यर्थः । निर्णयवाक्येऽपि चासङ्ख्येयानि सम्यग्दर्शनानीत्यस्मिन् असंख्येयाः सम्यग्दर्शनिन इत्यर्थः, मतुब्लोपादभेदोपचारात् अर्शआदिपाठाद् वा तस्माद्युक्त[3]स्त्रयाणां साधनविधानसङ्ख्याद्वाराणां

### ❋ સાધન, વિધાન, અને સંખ્યા દ્વાર વચ્ચે તફાવત ❋

**શંકા :** ત્રીજા સાધન-દ્વારમાં ૧. નિસર્ગ-સમ્યગ્દર્શન અને ૨. અધિગમ-સમ્યગ્દર્શન એમ ભેદ કહેલાં જ છે. આથી શા માટે ફરીથી ભેદ કહેવાય છે ?

**સમાધાન :** પહેલાં કહેલ ભેદમાં સમ્યગ્દર્શનના ભેદનું પ્રતિપાદન કરવાને ઇચ્છાયેલ નથી, કિંતુ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું નિમિત્ત કહેવાને અભિપ્રેત છે એટલે કે સમ્યગ્દર્શન પ્રત્યે જે ક્ષય વગેરે કારણરૂપે બને છે, તેનો ભેદ વિવક્ષિત છે. જ્યારે અહીં તો તે નિમિત્ત વડે જે કાર્ય (સમ્યગ્દર્શનરૂપ) ઉત્પન્ન કરાયું છે, તેના ભેદનું કથન કરાય છે.

અને આ પ્રમાણે આગળ કહેવાતાં સંખ્યા-દ્વાર અને પ્રસ્તુત વિધાન-દ્વાર વચ્ચે ભેદ પણ સ્પષ્ટપણે જ દર્શાવાઈ જાય છે. વિધાન (પ્રકાર) એ સમ્યગ્દર્શનનું ભેદક છે. જેમ કે, (૧) ક્ષય-સમ્યગ્દર્શન (૨) ઉપશમ-સમ્યગ્દર્શન અને (૩) ક્ષયોપશમ-સમ્યગ્દર્શન. જ્યારે સંખ્યાદ્વારમાં તો સંખ્યાવાળા પદાર્થનો ભેદ કહેવાય છે, જેમ કે, **कियत् सम्यग्दर्शनम् ?** સમ્યગ્દર્શન કેટલું છે ? એનો અર્થ એ થાય કે સમ્યગ્દર્શનવાળા જીવો કેટલાં છે ? આ દ્વારમાં કહેલ 'અસંખ્યેય સમ્યગ્દર્શનો છે' એવા નિર્ણય વાક્યમાં પણ "સમ્યગ્દર્શની = સમ્યગ્દર્શનવાળા જીવો અસંખ્યેય છે." એમ અર્થ કહેલો છે.

### ❋ સમ્યગ્દર્શનનો ત્રણ રીતે 'સમ્યગ્દર્શનવાળા' અર્થ થઈ શકે ❋

અહીં કોઈને શંકા થાય કે, "સમ્યગ્દર્શનનો અર્થ પૂર્વે કહ્યા મુજબ સમ્યગ્દર્શનવાળો શી રીતે થાય ? જો તેવો અર્થ થતો હોય તો સ્પષ્ટરૂપે તેવા નિર્દેશ કેમ ન કર્યો ?" આનું સમાધાન ત્રણ રીતે થઈ શકે છે. (૧) **सम्यग्दर्शन** એવા શબ્દથી લાગેલો **मतुप्** પ્રત્યય

१. सर्वप्रतिषु । द्वारेषु० मु. । २. पू. । तदतो० मु. । ३. सर्वप्रतिषु । युक्तं० मु. ।

परस्परेण भेद इति । सम्प्रति भेदकथने प्रवर्तमान एकस्याश्च भेदरूपता रुचेरयुक्तरूपेति मन्यमानः कारणोपाधिकं भेदं दर्शयन्नाह-**हेतुत्रैविध्यात् क्षयादि त्रिविधमित्यादि** । तिस्रो विधा यस्य स त्रिविधो हेतुः अन्यपदार्थः । त्रिविधस्य भावस्त्रैविध्यम्, हेतोस्त्रैविध्यं हेतुत्रैविध्यम्, तस्माद्धेतुत्रैविध्याद् वर्तमानसामीप्यादिवत् समासः ।

---

(='વાળો' અર્થમાં લાગતો પ્રત્યય)નો લોપ થવાથી તે દેખાતો નથી. તેમ છતાંય તે 'સમ્યગ્દર્શન' શબ્દ, **મતુપ્** પ્રત્યયવાળો સમજીને તેનો 'સમ્યગ્દર્શન યુક્ત (વાળો)' એમ અર્થ કરાય છે. અથવા તો (૨) સમ્યગ્દર્શન (આધેય = રહેનાર) અને સમ્યગ્દર્શનવાળા (જીવરૂપ આધાર) વચ્ચે અભેદ-ઉપચાર કરવાથી (અર્થાત્ ઉપચારથી અભેદ માનવાથી) સમ્યગ્દર્શન એટલે 'સમ્યગ્દર્શનવાળો' એમ કહી શકાય છે. અથવા (૩) વ્યાકરણના નિયમથી **अर्शस्** આદિ શબ્દોથી 'વાળો' અર્થમાં **अ** પ્રત્યય લાગે છે. આથી **अर्शस्** એટલે 'હરસનો રોગ'. આ શબ્દને **अ** લાગવાથી **अर्शः** શબ્દ બને છે, જેનો અર્થ 'હરસ-રોગવાળો' થાય છે. આ રીતે પ્રસ્તુતમાં પણ **सम्यग्दर्शन** શબ્દનો પણ **अर्श** આદિ શબ્દોમાં પાઠ સમજવાથી તેને 'વાળો' અર્થમાં **अ** પ્રત્યય લાગેલો હોવાથી તેનો અર્થ 'સમ્યગ્દર્શનવાળો' થાય છે, પણ ફક્ત 'સમ્યગ્દર્શન' નહીં.

**ચંદ્રપ્રભા :** અહીં સરળતા માટે 'વાળો' શબ્દ મૂકેલો છે. બાકી તો કોઈ બે વસ્તુ વચ્ચે સંબંધ હોય અથવા એક રહેનાર અને બીજો રાખનાર - આધાર હોય ત્યારે 'વાળો' અર્થ નીકળે છે. જેમ કે, બુદ્ધિ છે જેની પાસે, તે બુદ્ધિવાળો (શાળી) = માણસ. અથવા કેરી છે જેમાં જેના ઉપર, તે કેરીવાળું આમ્રવૃક્ષ.

આ પ્રમાણે સાધન-દ્વાર, વિધાન-દ્વાર અને સંખ્યા-દ્વાર એ ત્રણેય વચ્ચે પરસ્પર તફાવત હોવો યોગ્ય જ છે, ઘટે છે.

હાલ ભેદનું = વિધાનનું કથન ચાલતુ હોવાથી તથા "એક જ પ્રકારની રુચિ (સમ્યગ્દર્શન)ને ભેદરૂપે જણાવવી અસંગત છે." એવું માનતા ભાષ્યકાર કારણરૂપ ઉપાધિના ભેદથી કાર્યરૂપ રુચિનો ભેદ બતાવતાં ભાષ્યમાં કહે છે, "હેતુના = કારણના ત્રણ ભેદ હોવાથી કાર્યભૂત સમ્યક્દર્શન પણ ક્ષય વગેરે ત્રણ પ્રકારનું છે." એમ સમસ્ત અર્થ છે. હવે તેના દરેક પદોનો અર્થ કરે છે. ત્રણ છે વિધા = પ્રકારો જેના તે 'ત્રિવિધ' કહેવાય. આ ત્રિવિધ = ત્રણ પ્રકારવાળો. 'હેતુ' એ અન્યપદાર્થ = વિશેષ્ય છે. આમ ત્રિવિધનો ભાવ તે **त्रैविध्य** = એટલે ત્રિવિધપણું, ત્રણ પ્રકાર. આમ હેતુના એટલે કે

हेतुत्रैविध्यप्रदर्शनायाह-**क्षयादि त्रिविधं सम्यग्दर्शन**मिति। कार्यनिर्देश एषः, न च त्रिभिः सम्भूयैकं जन्यते मृदुदकगोमयैरिवोपवेशनकं, किन्तु क्षयेणान्यैव रुचिरात्यन्तिकी सकलदोषरहिताऽऽविर्भाव्यते, क्षयोपशमेनापि चान्यादृश्येव, तथोपशमेनेति, अत**स्त्रिविधं सम्यग्दर्शनं** यत्कार्यं क्षयादिहेतुभिः । **के** पुनस्ते हेतव इति ? **उच्यते**-क्षयादयः, कस्य ते क्षयादयोऽत आह-**तदावरणीयस्ये**त्यादि । तस्य सम्यग्दर्शनस्य, **आवरणीयं** आच्छादकं शशलाञ्छनस्येवाभ्रादि, तस्य चावरणीयं कर्म ज्ञानावरणीयं, मत्याद्यावरणीयमित्यर्थः । तस्य

---

સમ્યગ્દર્શનના કારણના ત્રણ પ્રકાર હોવાથી સમ્યગ્દર્શન ત્રણ પ્રકારે છે. **हेतुत्रैविध्य** માં **वर्तमानसामीप्य** વગેરે શબ્દની જેમ સમાસ થયેલો જાણવો. અર્થાત્ **वर्तमानस्य सामीप्य, वर्तमानसामीप्यम्**, એમ સમાસ થાય છે, તેમ **हेतोः त्रैविध्यं हेतुत्रैविध्यम्** એમ ષષ્ઠી-સમાસ થયો છે.

### ❋ ત્રણ પ્રકારના ક્ષયાદિ કારણથી ત્રણ પ્રકારનું ક્ષયાદિ-સમ્યગ્દર્શન ❋

હેતુના ત્રણ પ્રકારો બતાવવા માટે જ ભાષ્યમાં કહે છે, 'ક્ષયાદિ ત્રણ[A] પ્રકારનું સમ્યગ્દર્શન છે.' આ કાર્યનો નિર્દેશ કરેલો છે. આ ક્ષય-સમ્યગ્દર્શન રૂપ કાર્ય એ ક્ષય વગેરે ત્રણ હેતુઓ વડે ભેગા મળીને ઉત્પન્ન કરાતું નથી. અર્થાત્ માટી, પાણી અને છાણ વડે ભેગા મળીને એક જ બેઠક - બેસવાનું સાધન (પાળી વગેરે) બનાવાય છે, તેમ અહીં નથી. કિંતુ, અહીં તો ક્ષય દ્વારા અન્ય પ્રકારની આત્યન્તિક (સર્વથા/સંપૂર્ણ) સર્વ દોષથી રહિત એવી રુચિ ઉત્પન્ન કરાય છે. તથા ક્ષયોપશમ રૂપ હેતુથી પણ જુદા પ્રકારની તેમજ ઉપશમ-હેતુથી વળી અલગ સ્વરૂપવાળી રુચિ પેદા કરાય છે. આથી ત્રણ પ્રકારના સમ્યગ્દર્શન રૂપ જે કાર્ય થાય છે, તે ક્ષય વગેરે ત્રણ પ્રકારના હેતુઓથી ઉત્પન્ન કરાય છે.

**પ્રશ્ન :** તે હેતુઓ કયા છે કે જેનાથી ત્રિવિધ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ? **જવાબ :** ક્ષય વગેરે ત્રણ પ્રકારના હેતુઓ છે. **પ્રશ્ન :** કોના ક્ષયાદિ થવાથી રુચિ ઉત્પન્ન થાય છે ? **જવાબ :** તદાવરણીય કર્મના એટલે કે સમ્યગ્દર્શનનું આવરણીય = આચ્છાદન કરનાર - ચંદ્રનું આચ્છાદન જેમ વાદળ કરે, તેમ આચ્છાદન કરનાર જે જ્ઞાનાવરણીય રૂપ આવરણીય કર્મ અર્થાત્ મતિઆદિ જ્ઞાનાવરણીય કર્મ છે, તેનો તથા દર્શનમોહનીયનો ક્ષય વગેરે થવાથી રુચિનો પ્રાદુર્ભાવ થાય છે.

**तदावरणीयस्य कर्मणः** । तथा **दर्शनमोहनीयस्य च** इति । कस्येति **चेत् ? उच्यते**[1] – अनन्तानुबन्ध्यादिदर्शनसप्तकस्य क्षयादिभ्य इति च-क्षयउपशमक्षयोपशमेभ्यो हेतुभ्यस्त-दुपजायते, सम्यग्दर्शनावरणीयस्येति च ब्रुवता ज्ञानावरणीयमभ्युपगतम्, तदभ्युपगमे च ज्ञानत्वं सम्यग्दर्शनस्य सुप्रतिपादम्[2] । तथा दर्शनमोहनीयस्येति ब्रुवता इदमभ्युपगतम्-दर्शनमोहनीयस्य क्षयादिषु सत्सु तत्प्रादुर्भावो न पुनर्दर्शनमोहस्तदावरणमित्येतद् भावितमेव पुरस्तात् । ग्रन्थकारस्याप्ययमेवाभिप्रायः पुनरुद्घट्टित इति । **तद्यथा इति** । एभ्यो हेतुभ्यो यत् कार्यमुपजातं तत् प्रदर्श्यते-**क्षयसम्यग्दर्शनमिति** । मत्याद्यावरणीयदर्शनमोहसप्तकक्षयादुपजातं

**પ્રશ્ન :** કેવા દર્શન-મોહનીય કર્મનો ક્ષયાદિ થાય ? **જવાબ :** દર્શન-મોહનીય એટલે અનંતાનુબંધી આદિ દર્શન સપ્તકનો ક્ષયાદિ થવાથી અર્થાત્ ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ રૂપ ત્રણ હેતુઓથી તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

અહીં 'સમ્યગ્દર્શનાવરણીય કર્મનો'... એમ કહેતાં ગ્રન્થકાર પરમર્ષિ વડે જ્ઞાનાવરણીય કર્મ સ્વીકારેલું છે અને જ્ઞાનાવરણીયનો સ્વીકાર કરાયે છતે પ્રગટ થતાં સમ્યગ્દર્શનમાં જ્ઞાનત્વ અર્થાત્ જ્ઞાનાંશ હોવાનું પણ સારી રીતે કહેવાય છે. તથા '**दर्शनमोहनीयस्य**' એ પ્રમાણે જણાવતાં ભાષ્યકાર વડે આવો સ્વીકાર કરેલો જણાય છે કે, દર્શન-મોહનીય કર્મના ક્ષયાદિ થયે સમ્યગ્દર્શનનો પ્રાદુર્ભાવ થાય છે, પણ દર્શન - મોહનીય કર્મ એ તેનું - સમ્યગ્દર્શનનું આવારક કર્મ છે એવું નથી. આ વાત પૂર્વે ભાવિત કરેલી જ છે. ગ્રંથકારનો પણ આ જ અભિપ્રાય છે અને તેને ફરી પ્રગટ કરેલો છે.

**ચંદ્રપ્રભા :** ભાષ્યમાં '**तदावरणीयस्य कर्मणो दर्शनमोहनीयस्य च क्षयादिभ्यः**' એવા પાઠથી સ્પષ્ટ થાય છે કે, ભાષ્યકારના અભિપ્રાયે જ્ઞાનાવરણીય કર્મ જ સમ્યગ્દર્શનનું આવરણીય કર્મ છે. અને આથી જ્ઞાન અને સમ્યગ્દર્શન(રુચિ) બન્નેય એક જ છે. દર્શનમોહનીયના ક્ષયાદિને સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં નિમિત્ત તરીકે માનેલું છે. આ અભિપ્રાય પ્રથમસૂત્રની '**एषां च पूर्वस्य लाभे०**' વગેરેને વ્યાખ્યાના અવસરે વિસ્તારથી કહેલ જ છે. આ તર્કાનુસારી અભિપ્રાય જણાય છે.

**પ્રેમપ્રભા : तद्यथा** । આ (દર્શન મોહનીય આદિના) ક્ષયાદિ હેતુઓથી જે કાર્ય ઉત્પન્ન થાય છે, તે બતાવાય છે. તે આ પ્રમાણે - (૧) ક્ષય-સમ્યગ્દર્શન (૨) ઉપશમ-સમ્યગ્દર્શન અને (૩) ક્ષયોપશમ-સમ્યગ્દર્શન તેમાં (૧) મતિ આદિ જ્ઞાનાવરણીય અને દર્શનમોહ-સપ્તક કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલ સમ્યગ્દર્શન તે **ક્ષય-સમ્યગ્દર્શન** કહેવાય છે. (૨) તે જ કર્મનો ઉપશમ થવાથી પ્રગટ થતી રુચિને **ઉપશમ-સમ્યગ્દર્શન**

१. इतोऽग्रे - "अनन्तानुबन्ध्यादिदर्शनमोहनीयस्य चेति" - अधिकः मु. । ना. पू. लि. । २. पादिषु । पाद्यम्० मु. ।

क्षयसम्यग्दर्शनमभिधीयते, तेषामेवोपशमाज्जातं उपशमसम्यग्दर्शनमुच्यते। तेषामेव क्षयोपशमाभ्यां जातं क्षयोपशमसम्यग्दर्शनमभिदधति प्रवचनाभिज्ञाः। एषां च क्षयादीनां प्राग्भावना कृतैव, इह केवलं तदावरणीयेषु लगनीया इति।

एवं क्षयादिहेतुकं यत् कार्यमुपाजनि तत् प्रदर्श्याधुना एतत् पृच्छ्यते-**किमेकरू**पाण्येवैतानि उतास्ति कश्चित् प्रकर्ष एषामिति ? **उच्यते-अत्र चे**त्यादि।

**भा० अत्र चौपशमिकक्षायोपशमिकक्षायिकाणां परतः परतो विशुद्धिप्रकर्षः ॥७॥ किञ्चान्यत्।**

**अत्रेति** एषु क्षयादिसम्यग्दर्शनेषु, यथा कार्यभेदोऽभ्युपगतः एवं प्रकर्षभेदोऽभ्युपगन्तव्य इति कथयति एतच्चशब्दः। तं च प्रकर्षं दर्शयन्नाह-**औपशमिके**त्यादि। पूर्वं च क्षयसम्यग्दर्शनं प्रधानत्वादुपन्यस्येदानीं प्रकर्षस्य निदर्श्यत्वादन्ते तदुपन्यस्यति। उपशमेन-उदयविघातरूपेण

---

કહેવાય અને (૩) તે જ પૂર્વોક્ત કર્મોનો ક્ષયોપશમ થવાથી આવિર્ભાવ પામતી શ્રદ્ધાને **ક્ષયોપશમ-સમ્યગ્દર્શન** કહેવાય એમ પ્રવચનના કુશળ જ્ઞાતાઓ કહે છે. આ ક્ષય આદિ ભાવોનો પૂર્વે વિચાર કરેલો જ છે. અહીં ફક્ત તેના (સમ્યગ્દર્શનના) આવરણીય કર્મની સાથે ક્ષયાદિનો સંબંધ જોડવાનો છે. આ પ્રમાણે ક્ષયાદિ હેતુથી જન્ય જે કાર્ય ઉત્પન્ન થાય છે, તે દર્શાવીને અહીં આ પ્રમાણે પ્રશ્ન પૂછાય છે કે,

**પ્રશ્ન :** શું આ ત્રણ પ્રકારના સમ્યગ્દર્શન એક સરખા જ છે કે પછી આમાં કોઈ પ્રકર્ષ-અપકર્ષ, તરતમતા છે ?

આનો જવાબ આપતા ભાષ્યમાં કહે છે, **જવાબ :**

**ભાષ્ય : આ ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક આ ત્રણ (સમ્યગ્દર્શન)માં ઉત્તરોત્તર વિશુદ્ધનો પ્રકર્ષ છે. વળી બીજું કે...**

### ❋ ક્ષયાદિ સમ્યગ્દર્શનની શુદ્ધિનો પ્રકર્ષ-અપકર્ષ ❋

**પ્રેમપ્રભા : अत्र च०** । અહીં ભાષ્યમાં **अत्र** શબ્દનો અર્થ છે, 'આમાં' એટલે કે = ક્ષય વગેરે સમ્યગ્દર્શનમાં જેમ કાર્યનો ભેદ માનેલો છે, તેમ તેના પ્રકર્ષનો તફાવત પણ સ્વીકારવા યોગ્ય છે, આવો અર્થ **च** શબ્દથી જણાવાય છે. તે પ્રકર્ષને એટલે કે તરતમતાને બતાવતાં કહે છે, ઔપશમિક વગેરે ત્રણ સમ્યગ્દર્શનમાં ઉત્તરોત્તર વિશુદ્ધિનો પ્રકર્ષ છે. પ્રધાન હોવાથી ક્ષય-સમ્યગ્દર્શનનો પહેલાં ઉલ્લેખ કરીને હવે પ્રકર્ષ/ઉત્કર્ષ બતાવવાનો

निर्वृत्तमौपशमिकं, क्षयेण-[1]परिशाटरूपेणोपशमेन च निर्वृत्तं क्षायोपशमिकम्, क्षयेण निर्वृत्तं क्षायिकम् । अत **एषामौपशमिकादीनामिमां** रचनामाश्रित्य [2]परस्परस्य विशुद्धिप्रकर्षो-निर्मलता स्वच्छता तत्त्वपरिच्छेदितेत्यर्थः । औपशमिकं हि सम्यग्दर्शनं सर्वमलीमसम्, अल्पकालत्वात्, भूयश्च मिथ्यात्वगमनात्, यतोऽन्तर्हूर्तमात्रं भवद्[3] भवेत्, यदि च कालं तत्रस्थो न करोति एवं सति मिथ्यादर्शनमेव प्रतिपद्यत इत्यागमः । तस्माच्चौपशमिकात्[4]

હોવાથી (સર્વોત્કૃષ્ટ હોવાથી) તેને અંતે મૂકે છે. (૧) તેમાં 'ઉપશમ' વડે એટલે કે ઉદયના વિઘાતથી અર્થાત્ અભાવથી નિર્વૃત્ત હોય = ઉત્પન્ન થયેલ હોય તે **ઔપશમિક** કહેવાય. તથા (૨) ક્ષય એટલે કે નાશ અને ઉપશમ એ બેથી જન્મેલ હોય તે **ક્ષયોશમિક** સમ્યગ્દર્શન અને (૩) ફક્ત ક્ષય વડે = (દર્શન મોહનીયના)નાશપૂર્વક જન્ય જે સમ્યગ્દર્શન તે **'ક્ષાયિક'** કહેવાય. આથી આ ઔપશમિક આદિની આ પ્રમાણે રચનાને આશ્રયીને અર્થાત્ ભાષ્યમાં કરેલાં ઉલ્લેખના ક્રમની અપેક્ષાએ ઉત્તરોત્તર (એકબીજાની અપેક્ષાએ) વિશુદ્ધિનો પ્રકર્ષ એટલે કે નિર્મળતા, સ્વચ્છતા અર્થાત્ તત્ત્વનું જાણપણું હોય છે. એનું કારણ એ છે કે, ઔપશમિક સમ્યગ્દર્શન સૌથી વધુ મલિન છે. એટલે કે અશુદ્ધિના પ્રકર્ષ અને શુદ્ધિના અપકર્ષવાળું હોય છે. કેમ કે, તેનો કાળ અલ્પ છે અને ફરી પાછો તે જીવ (પ્રાયઃ) મિથ્યાત્વે (અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકે) જાય છે. કારણ કે ફક્ત અન્તર્મુહૂર્ત સુધી વિદ્યમાન રહે છે અને જો ઔપશમિક સમ્યગ્દર્શનમાં રહેલો જીવ કાળ ન કરે, મૃત્યુ ન પામે તો તે જીવ મિથ્યાદર્શનને (૧લાં ગુ.સ્થા.ને) જ પામે છે, એ પ્રમાણે આગમ-વચન છે આમ તે કંઈક શુદ્ધિના અપકર્ષવાળુ છે.

**ચંદ્રપ્રભા :** ઔપશમિક સમ્યગ્દર્શનમાં કાળ ન કરે તો મિથ્યાત્વને પામે. એવો આગમ છે એમ કહ્યું. આ મતાંતર જણાય છે. કર્મગ્રંથના મતે તો ઉપશમ સ.દ.ના અંતે ત્રણ પુંજ કરવાથી જો શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો ક્ષાયોપશમિક સ.દ.ને પામે અને મિશ્ર અથવા અશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો ક્રમશઃ મિશ્ર અને મિથ્યત્વ ગુણઠાણાને પામે છે. આમ ઉપશમ-સમકિત પછી તુરત ક્ષાયોપશમિક-સમકિતને પણ પામી શકે છે. ઇત્યાદિ મતાંતર જાણવો. (વિશેષાવ૦ શ્લો૦ ૧૨૧૮ ભા૦ આ. હેમચંદ્રસૂરિકૃત ટીકા)

**પ્રેમપ્રભા :** અને તે ઔપશમિક કરતાં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન વિશુદ્ધતર = અધિક વિશુદ્ધ છે, કારણ કે, તે ઘણાં લાંબા કાળ સુધી રહેનારું છે. કેમ કે, ઉત્કૃષ્ટથી જોઈએ તો સાધિક ૬૬ (છાંસઠ) સાગરોપમ કાળ સુધી તે સમ્યગ્દર્શનનું અવસ્થાન કહેલું છે. આથી

१. पादिषु, जै. । उपरि० मु. । २. पादिषु । परस्य परस्य० मु. । ३. पादिषु । ना. मु. । ४. ख.पू.ला.-शो । कतः० मु. ।

क्षायोपशमिकसम्यग्दर्शनं विशुद्धतरम्, बहुकालावस्थायित्वात्, यत उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि तदुक्तम्, अत एव च तस्य वस्तुपरिच्छेदे स्पष्टं ग्रहणसामर्थ्यमनुमातव्यमागमाच्चास्मात्, ततश्च क्षायिकं विशुद्धतमम्, सर्वकालावस्थायित्वात् स्पष्टवस्तुपरिच्छेदाच्चेति ॥७॥

**किञ्चान्यदित्युत्तरसूत्रसम्बन्धवाक्यं**, न केवलमेभिरेव, एभिश्च निश्चयः कार्य इति, कैरिति चेदित्यत आह-

**सू०-सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥१-८॥**

**टी० सत्सङ्ख्येत्यादि** । सच्छब्दं च सङ्ख्यादिविशेषणं कश्चिदाश्रयेदित्यतो निराकरणार्थं विविच्य दर्शयति-

**भा० सत्, सङ्ख्या, क्षेत्रं, स्पर्शनं, कालः, अन्तरं, भावः, अल्पबहुत्वमित्येतैश्च सद्भूतपदप्ररूपणादिभिरष्टाभिरनुयोगद्वारैः सर्वभावानां विकल्पशो विस्तराधिगमो**

પણ આ ક્ષાયોપ. સમ્યગ્દર્શનનું વસ્તુનો/પદાર્થનો બોધ કરવામાં સ્પષ્ટરૂપે ગ્રહણ કરવાનું સામર્થ્ય છે, એવું અનુમાન કરી શકાય છે. વળી આ ક્ષાયોપ. સમ્યગ્દર્શનથી ક્ષાયિક સમ્યગ્દર્શન વિશુદ્ધતમ - અત્યંત વિશુદ્ધ છે. કારણકે આ સમ્યગ્દર્શન સદા માટે રહેવાના સ્વભાવવાળું હોય છે અને સ્પષ્ટરૂપે વસ્તુનો પરિચ્છેદ = બોધ કરનારું છે. (૧-૭)

**અવતરણિકા :** હવે ભાષ્યકાર ઉત્તરસૂત્ર સાથે સંબંધ જોડતું **किञ्चान्यद्** (વળી બીજું કે...) એ પ્રમાણે વાક્ય કહે છે. એનો અર્થ એ છે કે, કેવળ આ પૂર્વે કહેલાં નિર્દેશ વગેરે અનુયોગદ્વારોથી જ નહીં, કિંતુ આ આગળ કહેવાતાં સત્, સંખ્યા વગેરે દ્વારોથી પણ જીવાદિનો નિશ્ચય કરવા યોગ્ય છે.

**પ્રશ્ન :** તે કયા દ્વારો વડે ? એના જવાબમાં ઉત્તરસૂત્ર કહે છે - **જવાબ :**

**सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥ १-८ ॥**

**સૂત્રાર્થ :** સત્, સંખ્યા વગેરે આઠ અનુયોગ દ્વારો વડે પણ જીવાદિ સર્વ પદાર્થોનો વિસ્તારથી બોધ કરવા યોગ્ય છે.

**ભાષ્ય :** (૧) [B]**સત્ (૨) સંખ્યા (૩) ક્ષેત્ર (૪) સ્પર્શ (૫) કાળ (૬) અંતર (૭) ભાવ અને (૮) અલ્પબહુત્વ આ પ્રમાણે આ સદ્ભૂત-પદની પ્રરૂપણાદિ આઠ (૮) અનુયોગ દ્વારો વડે સર્વ પદાર્થોનો વિભાગશઃ વિસ્તારથી બોધ થાય છે.**

**भवति । कथमिति चेत्, उच्यते-सत्, सम्यग्दर्शनं किमस्ति नास्ति ? अस्तीत्युच्यते । क्वास्तीति चेत्, उच्यते-अजीवेषु तावन्नास्ति, जीवेषु तु भाज्यम् ।**

**टी० सत् सङ्ख्या क्षेत्रमित्यादि** युतमेवैतद् द्वारमिति । इतिशब्द इयत्तायाम् । इयद्भिरेव, येऽन्ये तेऽत्रैवान्तर्भवन्ति, **एतैश्च सूत्रोक्तैः** । एतदेव विशेषयति-सद्भूतपद-प्ररूपणादिभिः, सद्भूतस्य-विद्यमानार्थस्य सम्यग्दर्शनपदस्य **प्ररूपणा**- [2]तत्त्वप्ररूपणा-तत्त्वकथनं, सा आदिर्येषां तानि सद्भूतपदप्ररूपणादीनि तैरिति विवेकेन फलं दर्शयति-**अष्टाभिरिति**। तेषां च व्याख्यानाङ्गतां कथयति-**अनुयोगद्वारैरिति**। **सर्वभावानाम्** इत्यनेनैषां व्यापितां कथयति-

---

**વડે સર્વ પદાર્થોનો વિભાગશઃ વિસ્તારથી બોધ થાય છે.**

**પ્રશ્ન : શી રીતે બોધ થાય છે ? જવાબ : (૧) સત્ દ્વાર જોઈએ - (તેમાં બીજો શંકા કરે છે-) શંકા : શું સમ્યગ્દર્શન વિદ્યમાન છે કે નથી ? જવાબ : સમ્યગ્દર્શન વિદ્યમાન છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન ક્યા છે ? જવાબ : અજીવ પદાર્થોમાં નથી. જ્યારે જીવોને વિષે ભજના/વિકલ્પ છે. (હોય પણ ખરું અને ન પણ હોય.)**

**પ્રેમપ્રભા : सत्सङ्ख्या०** ઇત્યાદિ **सत्** શબ્દને કોઈ સંખ્યા વગેરે દ્વારોના વિશેષણ તરીકે સમજી લે તેથી તેવી અનિષ્ટ કલ્પનાનું નિરાકરણ કરવા માટે ભાષ્યમાં સૂત્રસ્થ પદોને છૂટા પાડીને બતાવે છે - જેમ કે, **सत्, सङ्ख्या, क्षेत्रम्...** ઇત્યાદિ. આથી **सत्** એ અલગ દ્વાર રૂપે જણાઈ જાય છે. ભાષ્યમાં **इति** શબ્દથી ઇયત્તા એટલે કે ચોક્કસ પ્રમાણ-સંખ્યા જણાય છે. આટલાં આઠ જ દ્વારો વડે... (જીવાદિ અર્થોનો બોધ થાય છે.) આ સિવાય બીજા જે અનુયોગ દ્વારો છે, તે આમાં જ અંતર્ભાવ પામે છે. **एतैः** એટલે આ સૂત્રમાં કહેલ દ્વારો વડે... (વિસ્તારથી બોધ થાય છે.)

આ દ્વારોને જ વિશેષિત કરતાં = વિશેષથી જણાવતાં કહે છે કે, 'સદ્ભૂત-પદ-પ્રરૂપણાદિ વડે'... સદ્ભૂત = એટલે વિદ્યમાન છે અર્થ જેનો તેવા 'સમ્યગ્દર્શન' રૂપ પદની પ્રરૂપણા એટલે તેના તત્ત્વનું/સ્વરૂપનું કથન... આમ સદ્ભૂતપદની પ્રરૂપણા વગેરે આઠ અનુયોગ દ્વારો વડે સર્વભાવોનો વિભાગશઃ વિસ્તારથી બોધ થાય છે. એમ ભાષ્યના વાક્યનો સમસ્ત અર્થ છે. તેમાં વિવેકથી એટલે છૂટું પાડીને કહેવા વડે ફળ બતાવે છે - આઠ દ્વારો વડે... અને તેને (સત્ સંખ્યા વગેરેને) વ્યાખ્યાના અંગ (હેતુ, દ્વાર) રૂપે જણાવવા માટે 'અનુયોગ દ્વારો વડે' એમ ભાષ્યમાં કહેલું છે. તથા 'સર્વભાવોનો' એમ

---

१. पादिषु जै. युक्तमे० मु. । २. पू. । एतत्पदं ना. मु. ।

सदादीनां **विकल्पश** इत्यादि व्याख्यातमेव । **कथमिति चेदित्य**नेन पराभिप्रायमाशङ्कते- केन प्रकारेण एभिर्विस्तरेणाधिगमः क्रियत इत्येवं मन्येथाः ? **उच्यते**-यथा क्रियते विस्ताराधिगम इति, **सदित्य**नेनाद्यद्वारं परामृशति, कथं चैतस्य द्वारस्योत्थानं? यथा शङ्कते **परः**-किमस्ति नास्तीत्येवम्, अन्यथा सत्त्वे निर्ज्ञाते अयुक्तमेवैतत् कथनमिति, अत आशङ्कावाक्यं दर्शयति-**सम्यग्दर्शनं किमस्ति नास्तीति** । अस्माच्चायं संशयः, यतः शब्दोऽसत्यपि बाह्येऽर्थे शशविषाणादिकः प्रवर्तमानो दृष्टः, सति च बहिरङ्गेऽर्थे घटादौ दृष्टो घटादिः, अतः किं सत्यर्थे उताऽसति सम्यग्दर्शनशब्दः प्रवृत्तो बहिरर्थ इति प्रश्नयति । **सूरिराह- अस्तीत्युच्यते** । विद्यते सम्यग्दर्शनशब्दवाच्योऽर्थो घटादिशब्दवाच्यवत् । **कथं** चानेन

---

કહેવાથી સદ્ વગેરે વ્યાખ્યાના દ્વારોની વ્યાપકતા જણાવેલી છે. અર્થાત્ આ અનુયોગ- દ્વારો જીવાદિ સર્વ પદાર્થોને લાગુ પડે છે. તથા (આ અનુ. દ્વારો વડે સર્વ પદાર્થોનો) 'વિકલ્પશઃ' એટલે કે વિભાગથી વિસ્તારપૂર્વક બોધ થાય છે. એની વ્યાખ્યા પૂર્વે કરેલી જ છે.

ભાષ્યમાં **कथमिति चेत्** ? પદોથી બીજા વ્યક્તિના અભિપ્રાયની શંકા કરેલી છે.

**શંકા (પૂર્વપક્ષ) :** સદ્ વગેરે વ્યાખ્યાના દ્વારો વડે શી રીતે વિસ્તારથી અધિગમ (બોધ) થાય છે, એમ તમે માનો છો ?

**સમાધાન :** જે રીતે 'સદ્' વગેરે દ્વારોથી વિસ્તારથી બોધ કરાય છે, તે કહીએ છીએ. જુઓ, પહેલાં 'સત્' દ્વારને લઈએ. ભાષ્યમાં '**सत्**' શબ્દથી પ્રથમ (સત્) દ્વારનો સંબંધ કરેલો છે. હવે આ દ્વારનું ઉત્થાન એટલે કે અવતરણ શી રીતે થાય ? એનો જવાબ એ છે કે બીજો વ્યક્તિ એવી શંકા કરે છે કે શું (સમ્યગ્દર્શન) વિદ્યમાન છે કે નથી ? જો આ સમ્યગ્દર્શનનું અન્ય રીતે/ઉલટી રીતે સત્પણું = વિદ્યમાનપણું નિશ્ચિત થાય તો આ દ્વારનું કથન કરવું અયોગ્ય જ ઠરે... આથી પહેલાં (અન્ય વ્યક્તિ દ્વારા) શંકાત્મક વાક્યને (ભાષ્યમાં) બતાવે છે કે, "શું સમ્યગ્દર્શન (વિદ્યમાન) છે કે નથી ?

ભાષ્યના આ વાક્યથી આ પ્રમાણે સંદેહ કરેલો છે - જે કારણથી 'શશવિષાણ' (સસલાનું શિંગડું) વગેરે શબ્દ અસત્ (અવિદ્યમાન) એવા પણ બાહ્ય અર્થમાં પ્રવર્તતો દેખાય છે અને 'ઘટ' આદિ શબ્દ સત્ (વિદ્યમાન) એવા બહિરંગ (બાહ્ય) ઘડા વગેરે પદાર્થમાં વપરાતો જોવાય છે. આથી (પ્રસ્તુતમાં) 'સમ્યગ્દર્શન' રૂપ શબ્દ એ સત્ કે

निरचायि ? आप्तोपदेशात् प्रशमसंवेगनिर्वेदाद्यनुमानाच्च । इतरेणाव्यक्ताभिधानवत् प्रतिपद्य पुनश्चोद्यते-क्व चैतदिति । गुणो ह्ययं तेन च परतन्त्रत्वात् साधिकरणेन भवितव्यम् रसेनेवाणुव्यापिना इत्येतदाशङ्क्य पराभिप्रायमाचार्य आह-**क्वास्तीति चेत्** मन्यसे, **उच्यते**-

અસત્ એવા બાહ્ય અર્થમાં વર્તે છે ? પ્રયોગ કરાય છે ? એમ પ્રશ્નકાર પૂછે છે. આના જવાબમાં **સૂરિજી** કહે છે - સમ્યગ્દર્શન છે, વિદ્યમાન છે, એમ એમ કહીએ છીએ. અર્થાત્ 'સમ્યગ્દર્શન' શબ્દથી વાચ્ય (કહેવા યોગ્ય) અર્થ છે, વિદ્યમાન છે. જેમ કે, 'ઘટ' આદિ શબ્દથી વાચ્ય 'ઘડા' રૂપી અર્થ વિદ્યમાન છે, તેની જેમ...

### * બે રીતે સમ્યગ્દર્શનનો નિશ્ચય *

અહીં ટીકાકાર **સિદ્ધસેન ગણિવર** જ ટીકામાં પ્રશ્ન કરે છે,

**પ્રશ્ન :** આટલાથી શી રીતે સમ્યગ્દર્શનનો નિશ્ચય કરાયો ?

**જવાબ :** એકવાર 'સમ્યગ્દર્શન' શબ્દથી વાચ્ય સમ્યગ્દર્શન રૂપ અર્થ વિદ્યમાન છે એમ નક્કી થઈ ગયું, ત્યારબાદ **(૧) આપ્તપુરુષના ઉપદેશથી** સમ્યગ્દર્શનનો નિશ્ચય થઈ શકે છે. અર્થાત્ કોઈ આપ્ત-પુરુષ એટલે જેઓનું વચન વિસંવાદી - અયથાર્થ ન હોય તેવા વિશિષ્ટ જ્ઞાની પુરુષના વચનથી - અમુક જીવમાં સમ્યગ્દર્શન છે ઇત્યાદિ વચનથી સમ્યગ્દર્શનનો નિર્ણય થાય છે. આપ્તોપદેશ એ આગમ રૂપ છે અને આથી આગમ પ્રમાણથી સમ્યગ્દર્શનનો નિશ્ચય થાય છે તથા (૨) બીજી રીતે પ્રશમ, સંવેગ, નિર્વેદ વગેરે સમ્યગ્દર્શનના લક્ષણો દ્વારા **અનુમાનથી** સમ્યગ્દર્શનનો નિશ્ચય થાય છે.

અન્ય વ્યક્તિ વડે ઉપરના કથનનો અવ્યક્ત/અસ્પષ્ટ શબ્દની જેમ સ્વીકાર કરીને સ્પષ્ટતા માટે ફરી પ્રશ્ન કરાય છે.

**પ્રશ્ન :** આ સમ્યગ્દર્શન ક્યાં રહે છે ? એનો આશ્રય શું માનો છો ? આ સમ્યગ્દર્શન એ એક ગુણ છે અને આથી તે દ્રવ્યને પરતંત્ર-પરાધીન હોવાથી તેનું કોઈ અધિકરણ હોવું જોઈએ. જેમ કે, રસ એ ગુણ હોયને તે અણુ (પુદ્ગલાણુ) રૂપ આધારમાં વ્યાપીને રહેલો છે, તેની જેમ સમ્યગ્દર્શનનો પણ આધાર હોવા જોઈએ. આ પ્રમાણે બીજી વ્યક્તિના અભિપ્રાયની આશંકાથી આચાર્ય ભગવંત કહે છે કે, સમ્યગ્દર્શન ક્યાં રહે છે ? એમ જો તમે શંકા સેવતા હોવ તો તેનો જવાબ અમે આ પ્રમાણે આપીએ છીએ.

द्वये पदार्थाः-जीवाश्च[1] अजीवाश्च । तत्राऽ**जीवेषु तावन्नास्ति,** निश्चयावलम्बनेन धर्माधर्माकाशपुद्गलेषु, यतो ज्ञानाख्यश्चेतनावत्सु समवेतो गुणः स कथमन्यधर्मः सन्नन्यत्र वर्तेत[2] । यच्चोक्तं कस्येति स्वामित्वचिन्तायां अजीवस्य प्रतिमादेः सम्यग्दर्शनमिति तदुपचारात्, नत्वसौ मुख्यः कल्पः। इह तु मुख्यां वृत्तिमाशिश्रियद्[3] **वाचकमुख्यः,** अजीवेषु तावदुक्तक्रमेण नास्तीति । **अथ** जीवेषु का वार्तेत्यत आह-**जीवेषु तु भाज्यम्** । **तु**शब्द एवकारार्थे, भाज्यमेव नावश्यम्भावि। सर्वेषु भजनां च कथयति[4] **तद्यथा-गतीन्द्रिये**त्यादिना ।

**भा० तद्यथा-गतीन्द्रियकाययोगकषायवेदलेश्यासम्यक्त्वज्ञानदर्शनचारित्राहारो-**

### ❋ નિશ્ચયદૃષ્ટિથી અજીવમાં સમ્યગ્દર્શન નથી, જીવમાં ભજના ❋

**જવાબ :** જગતમાં મુખ્ય બે પદાર્થો છે. (૧) જીવ અને (૨) અજીવ. તેમાંય અજીવોમાં સમ્યગ્દર્શન નથી એટલે કે નિશ્ચયનયના આશ્રય વડે ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ રૂપ અજીવ દ્રવ્યોમાં સમ્યગ્દર્શન નથી કારણ કે સમ્યગ્દર્શન જ્ઞાનાત્મક પદાર્થ છે અને તે ચેતનાવાળા = ચેતન અર્થાત્ જીવ દ્રવ્યમાં સમવેત એટલે કે અવિભાગ વડે - અભેદ વડે રહેલો ગુણ છે. તે શી રીતે અન્ય વસ્તુનો એટલે કે જીવનો ગુણ હોયને બીજી વસ્તુમાં અર્થાત્ અજીવમાં રહી શકે ? અર્થાત્ ન જ રહી શકે. વળી પૂર્વસૂત્રમાં સ્વામિત્વદ્વારના નિરૂપણ વખતે કહેલું કે, સમ્યગ્દર્શન કોનું ? એના સ્વામી કોણ ? એવી સ્વામીપણાની વિચારણા કરતી વખતે પ્રતિમાદિ 'અજીવનું' સમ્યગ્દર્શન છે, અર્થાત્ 'પ્રતિમાદિ સમ્યગ્દર્શનના માલિક છે' એમ કહેલું, તે ઉપચારથી - વ્યવહાર નયથી કહેલું. પણ મુખ્ય રીતે, વાસ્તવિક રીતે તેવું નથી. (નિશ્ચયદૃષ્ટિથી તો જીવમાં જ સમ્યગ્દર્શન રહેલું છે.) અહીં તો વાચક મુખ્ય ગ્રંથકાર **ઉમાસ્વાતિજી મહારાજે** મુખ્ય દૃષ્ટિનો જ આશ્રય કરેલો છે. આથી મુખ્ય રીતે અજીવ પદાર્થોમાં સમ્યગ્દર્શન પૂર્વે કહ્યા મુજબ વિદ્યમાન નથી.

**પ્રશ્ન :** ભલે, પણ જીવના વિષયમાં શું વાત છે ?

**જવાબ :** જીવોને વિષે ભજના છે, વિકલ્પ છે. અર્થાત્ કેટલાંકમાં સમ્યગ્દર્શન હોય અને કેટલાંકમાં ન પણ હોય. **तु** શબ્દ **एव** (જ) કાર અર્થમાં છે. આથી બધામાં અવશ્ય હોય એવું નથી. હવે સર્વજીવોને વિષે સમ્યગ્દર્શન હોવામાં વિકલ્પને જણાવતાં ભાષ્યમાં કહે છે-

**ભાષ્ય :** તે આ પ્રમાણે - (૧) ગતિ (૨) ઇન્દ્રિય (૩) કાય (૪) યોગ (૫) કષાય

१. पादिषु । जीवा० मु. । २. पादिषु । वर्तते० मु. । ३. सर्वप्रतिषु । मशि० मु. । ४. पा.पू.ला.लि.कै. । यन्ति० मु. ।

**पयोगेषु त्रयोदशस्वनुयोगद्वारेषु यथासंभवं सद्भूतप्ररूपणा कर्तव्या ।**

गत्यादीनि चान्यत्राऽऽ**वश्यकादौ** प्रपञ्चेनोक्तानि, अशून्यार्थं तु किञ्चिद् दर्श्यते- गत्यादिषु पूर्वं प्रतिपन्नाः प्रतिपद्यमानाश्च सम्यक्त्वं चिन्त्यन्ते । तत्र नैरकप्रभृतिषु **गतिषु** चतसृष्वपि पूर्वं प्रतिपन्नाः प्रतिपद्यमानाश्च जीवाः सन्ति । नरकगतौ क्षायिकक्षायोपशमिके स्यातां, तिर्यग्गतावप्येते, मनुष्यगतौ त्रीण्यपि क्षायिकादीनि सन्ति, देवगतौ क्षायिकक्षायोपशमिके भवेताम् । **इन्द्रियाणि** सामान्येनाङ्गीकृत्य सन्ति पूर्वप्रतिपन्नाः प्रतिपद्यमानकाश्च विकल्पशः,

**(૬) વેદ (૭) લેશ્યા (૮) સમ્યક્ત્વ (૯) જ્ઞાન (૧૦) દર્શન (૧૧) ચારિત્ર (૧૨) આહાર અને (૧૩) ઉપયોગ આ તેર (૧૩) અનુયોગ દ્વારોને વિષે યથાસંભવ સદ્ભૂત પદાર્થની (પ્રસ્તુતમાં સમ્યગ્દર્શનની) પ્રરૂપણા કરવા યોગ્ય છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં ગતિ વગેરે તેર દ્વારોમાં સદ્ભૂત પદાર્થની પ્રરૂપણા કરવા કહેલું છે. તેમાં ગતિ વગેરે દ્વારો **આવશ્યક-સૂત્ર** આદિ ગ્રન્થોમાં વિસ્તારથી કહેલાં છે. અહીં વ્યાખ્યાનું સ્થાન ખાલી ન રહે તે માટે કંઈક દર્શાવાય છે. તેમાં ગતિ વગેરેને વિષે સમ્યક્ત્વને પૂર્વે પામેલાં (પૂર્વ-પ્રતિપન્ન) અને વર્તમાનમાં પામતાં (પ્રતિપદ્યમાન) એવા જીવોની વિચારણા કરાય છે

**ચંદ્રપ્રભા :** સામાન્યથી જીવોની વિચારણા કરાય ત્યારે આ પ્રમાણે જીવોના ભેદો ઉપર વિચારણા થાય- (સ્થાવર કાયના પાંચ ભેદો) (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય. (ત્રસકાયના ભેદો આ પ્રમાણે થાય) (૬) બેઈન્દ્રિય (૭) તેઈન્દ્રિય (૮) ચતુરિન્દ્રિય (૯) અસંજ્ઞિ-પંચેન્દ્રિય અને (૧૦) સંજ્ઞિ (મનવાળા) પંચેન્દ્રિય. (આમા ચારેય ગતિના જીવો આવે.)

### ❋ ગતિ વગેરે દ્વારોમાં સમ્યગ્દર્શનને પામતાં-પામેલાં જીવોની વિચારણા ❋

**પ્રેમપ્રભા :** તેમાં પ્રથમ **(૧) ગતિ-દ્વાર**[A] : ચાર ગતિ પૈકી નારકાદિ ચારેય ગતિઓમાં પૂર્વે સમ્યક્ત્વને (સમ્યગ્દર્શનને) પામેલાં અને વર્તમાનમાં પામતાં એવા જીવો વિદ્યમાન છે. નરકગતિમાં ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય, તિર્યંચગતિમાં પણ આ બે હોઈ શકે છે. મનુષ્યગતિમાં ક્ષાયિકાદિ ત્રણેય સમ્યક્ત્વ હોય છે. દેવગતિમાં ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હાઈ શકે છે.

**(૨) ઈન્દ્રિય-દ્વાર :** સામાન્યથી ઇન્દ્રિયોનો આશ્રય કરીને વિચારીએ તો તેમાં પૂર્વે

१. पू.ला. । नार० मु. ।

एकेन्द्रियेषु न पूर्वप्रतिपन्नाः न प्रतिपद्यमानकाः । द्वित्रिचतुरिन्द्रियेषु असंज्ञिपञ्चेन्द्रियेषु च पूर्वप्रतिपन्ना भाज्याः सास्वादनसम्यक्त्वं प्रति, प्रतिपद्यमानास्तु न सन्त्येव, संज्ञिपञ्चेन्द्रियेषु द्वयमप्यस्ति । **कायान्** पृथिव्यादीनाश्रित्य सामान्येन द्वयमप्यस्ति, विशेषेण धरणिजलानलानिलतरुषु द्वयं न सम्भवत्येव, द्वित्रिचतुरसंज्ञिपञ्चेन्द्रियेषु [1]त्रसेषु पूर्वप्रतिपन्नाः स्युः नाधुना प्रतिपद्यन्ते । संज्ञिपञ्चेन्द्रियत्रसकाये द्वयमपि स्यात् । **योगे** मनोवाक्कायेषु

---

સમ્યક્ત્વને પામેલાં (પૂર્વ-પ્રતિપન્ન) અને વર્તમાનમાં પામતાં એવા જીવો હોય છે. અર્થાત્ બન્નેય ઘટે છે.

બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને વિષે સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ પૂર્વ-પ્રતિપન્ન જીવો વિકલ્પનીય છે, હોય અને ન પણ હોય. તથા સાસ્વાદન સમ્યક્ત્વને પામનારા જીવો હોતાં જ નથી. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં સમ્યગ્દર્શનને પૂર્વે પામેલાં અને વર્તમાનમાં પામતાં બેય પ્રકારના જીવો સંભવે છે.

**ચંદ્રપ્રભા :** સમ્યક્ત્વને પામવાના પ્રથમ સમયે 'પ્રતિપદ્યમાનક' કહેવાય. બાકીના સમયમાં સમ્યક્ત્વ હોય ત્યાં સુધી પૂર્વ-પ્રતિપન્ન કહેવાય. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું. વિભાગથી વિચારીએ તો એકેન્દ્રિય (એક ઇન્દ્રિયવાળા) જીવોમાં પૂર્વે પામેલાં અને વર્તમાનમાં પામતાં બન્નેય પ્રકારના જીવો હોતાં નથી.

આ વાત સિદ્ધાંતના મતે સમજવી. કર્મગ્રંથના મતે બાદર પૃથ્વી, પાણી અને વનસ્પતિકાયના જીવોમાં પણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન-સમ્યક્ત્વ હોવું સંભવે છે. કારણ કે દેવાદિભવમાંથી સમ્યક્ત્વને વમના (છોડતા, પડતા) જ્યારે અહીં ઉત્પન્ન થાય ત્યારે સાસ્વાદન સમ્યક્ત્વ સંભવે છે. આમ આ મતાંતર સમજવો. વિકલેન્દ્રિયમાં તો બન્નેયના મતે પૂર્વ-પ્રતિપન્ન સાસ્વાદન-સમકિતવાળા જીવો મળે છે.

**પ્રેમપ્રભા : (૩) કાય-દ્વાર :** સામાન્યથી પૃથ્વીકાય વગેરે કાયોનો આશ્રય કરીને વિચારીએ તો સમ્યગ્દર્શનને પૂર્વે પામેલાં અને વર્તમાનમાં પામનારા બેય હોય છે. વિશેષથી જોઈએ તો પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ કાયને વિષે બેય - સમ્યગ્દર્શનને પામેલાં અને પામનારા જીવો સંભવતાં જ નથી. (અહીં પણ ઇન્દ્રિય-દ્વારમાં કહેલ મતાંતર વિચારવો એ પ્રમાણે આગળ પણ વિચારવું.) ત્રસકાયમાં બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં પૂર્વ જન્મમાં પ્રતિપન્ન જીવો હોય છે,

---

१. ख.पू. । ना. मु. ।

सामान्येन द्वयमपि, काययोगभाजां पृथिव्यादीनां तरुपर्यन्तानां न द्वयं, कायवाग्योगभाजां द्वित्रिचतुरसंज्ञिपञ्चेन्द्रियाणां पूर्वप्रतिपन्नाः स्युः न तु[1] प्रतिपद्यन्त इति । मनोवाक्काययोगानां द्वयम् । अनन्तानुबन्धिनामुदये न द्वयं, शेषकषायोदये द्वयम् । **वेदत्रय**समन्वितानां द्वयमस्ति सामान्येन ; विशेषेणापि स्त्रीवेदे द्वयं पुरुषवेदे द्वयं, नपुंसकवेद एकेन्द्रियाणां न द्वयं, विकलेन्द्रियणामसंज्ञिपञ्चेन्द्रियपर्यवसानानां पूर्वप्रतिपन्नाः केचित् सन्ति, न प्रतिपद्यमानाः[3] । संज्ञिपञ्चेन्द्रियनपुंसकेषु द्वयं नारकतिर्यङ्मनुष्याख्येषु[4] । **लेश्यासु** उपारेतनीषु द्वयम्, आद्यासु

પણ વર્તમાન ભવમાં પામનારા જીવો હોતાં નથી. સંજ્ઞિ-પંચેન્દ્રિય રૂપ ત્રસકાયમાં બેય પ્રકારના જીવો હોઈ શકે છે.

**(૪) યોગદ્વાર :** યોગ-દ્વારમાં સામાન્યથી મન-વચન-કાયા રૂપ યોગોમાં બેય પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક જીવો હોય છે. (વિશેષથી) કાય-યોગવાળા પૃથ્વીકાયથી માંડીને વનસ્પતિકાય સુધીના જીવોમાં બે ય પ્રકારના જીવો હોતાં નથી. જ્યારે કાય અને વચનરૂપ યોગવાળા બે-ત્રણ-ચાર-ઇન્દ્રિયવાળા અને અસંજ્ઞિ-પંચેન્દ્રિય જીવોમાં સમ્યક્ત્વને પૂર્વે પામેલાં જીવો હોય છે, પરંતુ તેઓ વર્તમાન ભવમાં સમ્યક્ત્વને પામતાં નથી. મન-વચન-કાય એ ત્રણેય યોગવાળા અર્થાત્ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં સમ્યક્ત્વને પૂર્વે પામેલ અને પામતાં બેય પ્રકારના જીવો હોય છે.

**(૫) કષાય-દ્વાર :** અનંતાનુબંધી કષાયોનો ઉદય હોતે છતે બે ય પ્રકારના જીવો હોતાં નથી. જ્યારે શેષ અપ્રત્યાખ્યાનીય આદિના ઉદયે બેય પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક સમ્યક્ત્વવાળા જીવો હોઈ શકે છે.

**(૬) વેદ-દ્વાર :** સામાન્યથી ત્રણેય પ્રકારના વેદવાળા જીવોમાં સમકિતને પામેલાં અને પામનારા બે ય પ્રકારના જીવો હોય. વિશેષથી વિચારણા કરવામાં સ્ત્રીવેદ અને પુરુષવેદ એ બેયના ઉદયે બેય પ્રકારના જીવો સંભવે છે. જ્યારે નપુંસકવેદનો ઉદય થયે એકેન્દ્રિય જીવોમાં બેય પ્રકારના જીવો હોતાં નથી. વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં કેટલાંક પૂર્વે સમ્યક્ત્વને પામેલાં હોય છે, પણ વર્તમાનમાં પામનારાં જીવો હોતાં નથી. સંજ્ઞી પંચેન્દ્રિય એવા નારક, તિર્યંચ અને મનુષ્યો રૂપ નપુંસક જીવોમાં બેય પ્રકારનાં જીવો હોઈ શકે છે.(**न देवाः ॥२-५१॥** દેવો નપુંસક હોતાં નથી)

**(૭) લેશ્યા-દ્વાર :** કૃષ્ણ વગેરે છ લેશ્યાઓમાં ઉપરની એટલે કે પાછળની ત્રણ

१. पू.लि. । युजां० मु. । २. पादिषु । ना. मु. । ३. पादिषु । मानकाः० मु. । ४. पादिषु, कै. । नुष्यामरेषु० मु. ।

प्रतिपन्नाः स्युः न तु प्रतिपद्यन्ते ।

किं **सम्यग्दृष्टिः** प्रतिपद्यते मिथ्यादृष्टिर्वा ?। अत्र निश्चयनयस्य सम्यग्दृष्टिः प्रतिपद्यते, अभूतं नोत्पद्यत इति शशविषाणादिवत् । व्यवहारस्य मिथ्यादृष्टिः प्रतिपद्यते, प्रतिपत्तेरभूतभावविषयत्वात्, असत् कारणे कार्यमिति दर्शनात् । एवं **ज्ञानी** निश्चयस्याज्ञानी व्यवहारनयस्य । चक्षुर्दर्शनिषु द्वयम् [1]मक्षिकाद्यसंज्ञिषु पूर्वप्रतिपन्नाः स्युर्न तु प्रतिपद्यमानकाः,

---

લેશ્યાઓ - તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણમાં પૂર્વ-પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક એ બેય જીવો હોય છે જ્યારે આદ્ય એટલે કે પહેલી ત્રણ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓમાં પૂર્વે સમ્યક્ત્વને પામેલાં જીવો હોય, પામતાં જીવો ન હોય...

### ❋ નિશ્ચયનય અને વ્યવહારનયથી કોણ સમ્યક્ત્વ પામી શકે ? ❋

(૮) **સમ્યક્ત્વ-દ્વાર :** અહીં સમ્યક્ત્વની નયભેદથી વિચારણા કરાય છે.

**પ્રશ્ન :** શું સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વને પામે છે કે મિથ્યાદૃષ્ટિ જીવ ?

**જવાબ :** અહીં નિશ્ચયનયની દૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વને પામે છે - કારણ કે આ નયના મતે શશવિષાણ = સસલાંના શિંગડાની જેમ જે વસ્તુ હોય જ નહીં તે ક્યારેય ઉત્પન્ન થતી નથી.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ નિશ્ચયનયથી તો સમ્યક્ત્વ આત્માનો ગુણ હોયને આત્મામાં પડેલો જ છે. ફક્ત તે (મિથ્યાત્વમોહનીય આદિ) કર્મના આવરણથી અપ્રગટરૂપે હોય છે. તે આવરણ હટી જતાં સમ્યક્ત્વ પ્રગટરૂપે દેખાય છે, પણ નવું ઉત્પન્ન થતું નથી. જે વસ્તુ ઉત્પન્ન થાય છે, તે વસ્તુ આવરણ આદિના કારણે અવ્યક્તરૂપે પડેલી જ હોય છે. ફક્ત આવરણાદિ હટી જવાથી તે વસ્તુ અભિવ્યક્ત થાય છે, તેને જ ઉત્પત્તિ કહે છે. આમ નિશ્ચયદૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિ આત્મા જ પોતાનામાં અવ્યક્તપણે પડેલાં સમ્યક્ત્વને - કર્મનું આવરણ ખસી જતાં-પ્રાપ્ત કરે છે.

**પ્રેમપ્રભા :** વ્યવહાર નયથી તો મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વને પામે છે. કારણ કે કોઈપણ વસ્તુની પ્રાપ્તિ/સ્વીકાર એ અભૂત-અસદ્ભૂત-અવિદ્યમાન વસ્તુના ભાવ/ઉત્પત્તિ/પ્રાદુર્ભાવ વિષયક હોય છે. (અર્થાત્ જે વસ્તુ સિદ્ધ જ હોય-વિદ્યમાન જ હોય તો તેની ઉત્પત્તિ શી ? એ તો ઉત્પન્ન જ છે માટે વ્યવહાર નય કહે છે કે, અભૂત-અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ થવાથી મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વને પામે છે, પ્રાપ્ત કરે છે.) કારણ કે વ્યવહારમાં એવું દેખાય છે કે, જે વસ્તુ વિદ્યમાન ન હોય તે વસ્તુ કરવામાં આવે ત્યારે

---

१. ख.पू. । एकाक्षाद्य० मु. ।

**संज्ञिपञ्चेन्द्रियचक्षुर्दर्शनिषु द्वयम्, अचक्षुर्दर्शनिषु पृथिव्यादिषु पञ्चसु[2] द्वयं नास्ति, शेषेषु द्वित्रिचतुरसंज्ञिष्वचक्षुर्दर्शनिषु पूर्वप्रतिपन्नाः स्युर्न तु प्रतिपद्यन्ते, संज्ञिपञ्चेन्द्रियाचक्षुर्दर्शनिषु**

---

કાર્ય બને છે. (**असत् कारणे कार्यम्** ।)અથવા જે વિદ્યમાન ન હોય તે જ વસ્તુ કારણ હાજર થતાં કાર્ય રૂપ બને છે.

(૯) **જ્ઞાન-દ્વાર :** અહીં પણ **નિશ્ચયનયના** મતે જ્ઞાની અને વ્યવહાર-નયની અપેક્ષાએ અજ્ઞાની જીવ સમ્યક્ત્વને પામે છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો ભાવ એ છે કે અહીં પણ **નિશ્ચયનયની** અપેક્ષાએ જે જ્ઞાની છે, તે જ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. આત્મામાં પહેલાં અપ્રગટ રહેલું સમ્યક્ત્વ આવરણ દૂર થતાં પ્રગટ થાય છે, એટલું વિશેષ. એને જ ઉત્પત્તિ કહેવાય છે. બાકી અભૂત/અવિદ્યમાન વસ્તુ હોય તો - આકાશના ફૂલની જેમ - કદાપિ ઉત્પન્ન થતી નથી. **વ્યવહારનયથી** તો અજ્ઞાની જીવ જ સમ્યક્ત્વને પામે છે. કેમ કે, જે પહેલાં અજ્ઞાની હતો તે જ પછીથી ગુરૂપદેશ, જિનપ્રતિમા-દર્શન આદિ કારણોથી સમ્યક્ત્વવાળો (જ્ઞાની) બને છે, એવું દેખાય છે.

**પ્રેમપ્રભા : (૧૦) દર્શન-દ્વાર :** આ દ્વારમાં (૧) ચક્ષુદર્શનવાળા અને (૨) અચક્ષુદર્શનવાળા જીવો એમ બે વિભાગપૂર્વક વિચાર કરાય છે. તેમાં (૧) સામાન્યથી ચક્ષુદર્શનવાળા (ચઉરિંદયથી ઉપરના) જીવોમાં સમ્યક્ત્વને પૂર્વ-પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનક બેય પ્રકારના જીવો હોય છે. તેમાં મક્ષિકા (માખી) વગેરે અસંજ્ઞી જીવોમાં સમ્યક્ત્વને પૂર્વે પામેલાં હોય છે, પણ પામનારા જીવો હોતાં નથી. તથા સંજ્ઞી પંચેન્દ્રિયરૂપ ચક્ષુ-દર્શનવાળા જીવોમાં સમ્યક્ત્વને પૂર્વે પામેલ અને પામતાં બેય પ્રકારના જીવો હોય છે. (૨) (સામાન્યથી અચક્ષુ-દર્શનવાળા જીવોમાં બે ય પ્રકારના જીવો હોય છે.) તેમાં પૃથ્વી વગેરે પાંચ અચક્ષુ-દર્શની જીવોમાં બેય પ્રકાર હોતાં નથી. શેષ બે-ત્રણચાર-ઇન્દ્રિયવાળા તથા અસંજ્ઞી પંચેન્દ્રિય રૂપ અચક્ષુદર્શની જીવોમાં સમકિતને પૂર્વપ્રતિપન્ન હોય પણ પામતાં જીવો ન હોય. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય એવા અચક્ષુદર્શની જીવોમાં બેય પ્રકાર ઘટે છે.

**ચંદ્રપ્રભા :** અહીં જે જીવોને ચક્ષુ-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચક્ષુ-ઇન્દ્રિય પ્રાપ્ત થઈ હોય તે મક્ષિકા વગેરે ચઉરિન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો **ચક્ષુ-દર્શની** કહેવાય. તથા જેઓને અચક્ષુ-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચક્ષુ સિવાયની શેષ ચાર ઇન્દ્રિયો પ્રાપ્ત થઈ હોય તે **અચક્ષુ-દર્શની** કહેવાય. વળી આ દર્શન-દ્વારમાં (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શનની પણ વિચારણા થઈ શકે છે. આ બન્નેય દર્શનવાળા જીવો પૂર્વ-પ્રતિપન્ન જ હોય

---

૨. पादिषु । ना. पू. ।

द्वयम् । **चारित्री** पूर्वप्रतिपन्न एव, अचारित्रः पूर्वप्रतिपन्नः प्रतिपद्यमानश्च[1] स्यात् । **आहारकेषु** द्वयम्, अनाहारकः पूर्वप्रतिपन्न न तु प्रतिपद्यमानकोऽन्तरगतौ सम्भविता । **उपयोग** इति, साकरोप[2]योगयुक्तः प्रतिपद्यते उत अनाकारोपयुक्त इति ? **उच्यते**–साकारोपयुक्तः प्रतिपद्यते पूर्वप्रतिपन्नश्च, अनाकारोप[3]योगयुक्तस्तु पूर्वप्रतिपन्नः स्यात्, न तु प्रतिपद्यमानकः, यतः *"सर्वाः किल लब्धयः साकारोपयोगोपयुक्तस्य भवन्ति"* पारमर्षवचनप्रामाण्यात् । एतेषु **त्रयोदशस्वनुयोगद्वारेषु** व्याख्यानाङ्गेषु यथासम्भवमिति यत्र सम्भवति यत्र न सम्भवति, यथा वा क्षायिकादि सम्यग्दर्शनं यत्र सम्भवति तथा वाच्यं, सद्भूतपदार्थस्य

---

છે, પણ સમકિતને નવું પામનારા હોતાં નથી... કારણ કે, સમ્યક્ત્વને પામેલાં જીવોમાં જ પછીથી અવધિદર્શન અને કેવળદર્શન પ્રગટ થાય છે, માટે તેમાં પૂર્વ-પ્રતિપન્ન જીવો જ હોય છે.

**પ્રેમપ્રભા : (૧૧) ચારિત્ર-દ્વાર :** ચારિત્રવાળો જીવ પૂર્વ-પ્રતિપન્ન જ હોય છે અને ચારિત્ર રહિત જીવ સમકિતને પૂર્વે પ્રતિપન્ન તથા વર્તમાનમાં પામનારો પણ હોઈ શકે છે.

**(૧૨) આહારક-દ્વાર :** સામાન્યથી આહારક જીવોમાં બેય પ્રકારના જીવો હોય. જ્યારે અનાહારક જીવ પૂર્વ-પ્રતિપન્ન જ હોય પણ અંતરગતિમાં એટલે કે વિગ્રહગતિમાં સમકિતને પામનારો સંભવતો નથી.

**(૧૩) ઉપયોગ-દ્વાર :** આ દ્વારમાં આ પ્રમાણે પ્રશ્ન ઉઠે છે કે, **પ્રશ્ન :** શું સાકાર-ઉપયોગથી યુક્ત જીવ સમ્યક્ત્વને પામે છે કે અનાકાર-ઉપયોગથી યુક્ત જીવ ? **જવાબ :** સાકાર-ઉપયોગથી યુક્ત જીવ સમ્યક્ત્વને પામે છે અને પૂર્વ-પ્રતિપન્ન પણ હોઈ શકે. અનાકાર-ઉપયોગવાળો જીવ પૂર્વે સમ્યક્ત્વને પામેલો હોય પણ નવું ન પામે. કારણ કે આગમમાં કહેલું છે કે, "સર્વ લબ્ધિઓ સાકાર-ઉપયોગથી યુક્ત એવા જીવને જ ઉત્પન્ન થાય છે." (અર્થાત્ અનાકાર-ઉપયોગવાળા જીવને ઉત્પન્ન થતી નથી.) (**सव्वाओ लद्धिओ जं सागरोपओगलाभाओ॰ [विशेषाव॰ ગા॰ ૩૦૮૯]** આવું પૂર્વ પરમર્ષિનું વચન આ વિષયમાં પ્રમાણરૂપ છે,

આ તેર અનુયોગ દ્વારોમાં યથાસંભવ સદ્ભૂત વસ્તુની પ્રરૂપણા કરવી એમ ભાષ્યમાં કહ્યું છે. આ તેર અનુયોગ-દ્વાર એટલે વ્યાખ્યાના અંગોમાં યથાસંભવ એટલે કે જ્યાં સંભવતું હોય અથવા જ્યાં ન સંભવતું હોય, જે અથવા જે રીતે જ્યાં વિભાગશઃ

---

१. पू. लि. । मानकश्च॰ मु. । २. ख.पू. । साकारोपयुक्तः॰ मु. । ३. पादिषु । रोपयुक्तः॰ मु. ।

सम्यग्दर्शनपदस्य **प्ररूपणा** व्याख्या **कर्तव्या** उन्नेया । **भाषकपरित्तादयस्तु** नादृता भाष्यकारेण, प्रायस्तेषामुपात्तानुयोगद्वारान्तर्गतिरिति, यतो भाषकः पञ्चेन्द्रियष्ववतरति, परित्तोऽपि कायेषु पर्याप्तस्तेष्वेव, सूक्ष्मसंज्ञिभवचरमाश्च तेष्वेव, अतो नादृता इति । द्वितीयद्वारं ब्रुवन्नाऽऽह-

**भा० सङ्ख्या । कियत् सम्यग्दर्शनम् ? । किं सङ्ख्येयमसङ्ख्येयमनन्त-मिति ? उच्यते असङ्ख्येयानि सम्यग्दर्शनानि, सम्यग्दृष्टयस्तु अनन्ताः ।**

**टी०-सङ्ख्या** इति । **सङ्ख्या** इयत्ता, सा चैका गणितव्यवहारानुवर्तिनी द्व्यादिका शीर्षप्रहेलिकान्ता गणितविषयातीता च । असंख्येया जघन्यमध्यमोत्कृष्टसंज्ञिता, अपरा

---

ક્ષાયિકાદિ સમ્યગ્દર્શન સંભવતું હોય, ત્યાં તે રીતે કહેવા યોગ્ય છે, વિચારવા યોગ્ય છે. આ રીતે સદ્ભૂત પદાર્થની-પ્રસ્તુતમાં સમ્યગ્દર્શનપદની-પ્રરૂપણા = વ્યાખ્યા કરવા યોગ્ય છે.

અહીં ભાષ્યકારે **ભાષક**[A], **પરિત્ત** આદિ દ્વારોનું ગ્રહણ કરેલું નથી. તેનું કારણ એ કે પ્રાયઃ તેઓનો પૂર્વે ગ્રહણ કરેલાં અનુયોગ-દ્વારોમાં અંતર્ભાવ/સમાવેશ થઈ જાય છે કારણ કે ભાષક (ભાષા લબ્ધિવાળો) પ્રાયઃ પંચેન્દ્રિય જીવોમાં અવતરે છે, ઘટે છે. પરિત્ત જીવ પણ કાય-દ્વારમાં અને પર્યાપ્ત જીવ તેમજ સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ્ય અને ચરમ જીવો પણ કાય-દ્વારમાં જ અંતર્ભાવ પામે છે. આથી તેને કહેલાં નથી.

બીજા દ્વારને જણાવતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : સંખ્યા દ્વાર... પ્રશ્ન : સમ્યગ્દર્શન કેટલું છે અર્થાત્ સમ્યગ્દર્શનવાળા (જીવો) કેટલાં છે ? શું સંખ્યેય છે ? અસંખ્યેય છે ? કે અનંત છે ? જવાબ : સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યગ્દર્શનવાળા (જીવો) અસંખ્યેય છે. જ્યારે સમ્યગ્દષ્ટિ (આત્માઓ) અનંત છે.**

### ❋ ત્રણ પ્રકારની સંખ્યા અંગે નિર્દેશ ❋

**પ્રેમપ્રભા :** સંખ્યા-દ્વાર કહેવાય છે. સંખ્યા એટલે આટલાપણું-અમુક ચોક્કસપણું, પરિમાણવિશેષ... ત્રણ પ્રકારની સંખ્યા છે અને તે સંખ્યા (૧) એક તો ગણિતના વ્યવહારને અનુસરનારી બેથી [A]માંડીને શીર્ષપ્રહેલિકા સુધીની (**સંખ્યેય રૂપ**) હોય છે. વળી (૨) બીજી સંખ્યા ગણિતના વિષયમાં (વ્યવહારમાં) નહીં આવનારી **અસંખ્યેય** રૂપ છે અને તે જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ એમ ત્રણ નામવાળી - ત્રણ પ્રકારની છે. તથા

---

१. पू. । गतेरि० मु. । २. पादिषु । मुपन्यस्यन्ना० मु. ।

तदतिक्रमेण व्यवस्थिता अनन्ता, साऽपि जघन्यादिभेदत्रयानुगता **अनुयोगद्वारार्थिनां**[1]-ऽधिगमनीया । **[अनुयोगद्वार० सू० ४६९-५१६]** य एते सम्यग्दर्शनसमन्विताः सत्त्वा गत्यादिषु ते कियन्त इति तद्वन्त इह पृच्छ्यन्ते । उक्तं चेदं पुरस्तात्, ततः पृच्छति-**कियत् सम्यग्दर्शनं**-किंपरिमाणास्ते सम्यग्दर्शनिन इत्यर्थः । स्वयमेवोद्घट्टयति सङ्ख्याभिज्ञः सन्-किं **सङ्ख्येयं** सम्यग्दर्शनराशिमभ्युपगच्छामः, उतासङ्ख्येयं, उतानन्तमिति ? एवं पृष्टे आह-**उच्यते-असङ्ख्येयानि सम्यग्दर्शनानि**, न सङ्ख्येया नाप्यनन्ताः, किं तर्हि ? असङ्ख्येयाः सम्यग्दर्शनिन इति । क्षयसम्यग्दृष्टीन् सिद्धान् केवलिनश्च विरहय्य शेषाः

(૩) અન્ય સંખ્યા જે અસંખ્યેય રૂપ સંખ્યાના વિષયને પણ વટાવીને/ઓળંગીને વ્યવસ્થિત/રહેલી છે તેને **'અનંત'** કહેવાય છે. તે પણ જઘન્ય આદિ ૩ ભેદથી સહિત છે. વિસ્તારથી બોધ કરવાના અભિલાષુકો વડે **'અનુયોગદ્વાર'** સૂત્ર (પૂ. પ્રવર્તક જંબૂવિજય મ.સંપાદિત અનુ૦ દ્વા૦ સૂ૦૪૯૭ થી ૫૧૯)થી આ સંખ્યા-પદાર્થ જાણવા યોગ્ય છે.

જે આ ગતિ વગેરે દ્વારોને વિષે સમ્યગ્દર્શનથી યુક્ત જીવો છે, તે કેટલાં છે ? આ પ્રમાણે સમ્યગ્દર્શનવાળા (જીવો) અંગે અહીં પ્રશ્ન પુછાય છે. આ વાત પૂર્વે એમ સિદ્ધસેનીયા ટીકામાં કહેલી જ છે. તેથી અહીં અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** સમ્યગ્દર્શન કેટલુ છે ? કેટલી સંખ્યાવાળુ છે ? તેનો અર્થ એ છે કે તે સમ્યગ્દર્શનવાળા જીવો કેટલાં પરિણામવાળા (સંખ્યાવાળા) છે ? અહીં પૂછનાર (શિષ્યાદિ) વ્યક્તિ સંખ્યાના સ્વરૂપને જાણતો હોવાથી સ્વયં તે સંખ્યા-સ્વરૂપને પ્રગટ રીતે પૂછે છે કે, શું આપણે સંખ્યેય સમ્યગ્દર્શનની રાશિને (સમૂહને) માનીએ છીએ ? કે અસંખ્યેય સમ્યગ્દર્શનની રાશિને સ્વીકારીએ છીએ કે પછી અનંત સમ્યગ્દર્શનના સમુદાયનો અંગીકાર કરીએ છીએ ? આવો પ્રશ્ન કરાતાં ભાષ્યમાં જવાબ આપે છે.

**જવાબ :** અસંખ્યેય સમ્યગ્દર્શનો છે. અર્થાત્ સંખ્યેય નથી કે અનંત પણ નથી. તો શું છે ? અસંખ્યેય છે અર્થાત્ અસંખ્યેય સમ્યગ્દર્શની જીવો છે. અહીં 'અસંખ્યેય સમ્યગ્દર્શનો છે.' એવા ભાષ્યના વિધાનથી ક્ષાયિક-સમ્યગ્દૃષ્ટિ એવા સિદ્ધાત્માઓ અને કેવળી ભગવંતોને છોડીને બાકીના સંસારમાં રહેલાં જેટલાં પણ ક્ષાયિકાદિ સમ્યગ્દર્શની જીવો છે, તેઓનો નિર્દેશ કરાય છે.

**પ્રશ્ન :** જો આમ હોય તો જેઓ (ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ એવા) સિદ્ધાત્માઓ અને કેવળી આત્માઓ છે, તેઓ કેટલાં છે ? તેનો જવાબ આપતાં કહે છે.

१. पू. । अनुयोगद्वारादेर्विस्तरार्थिनाऽधि० मु. ।

संसारवर्तिनो यावन्तः क्षयादिसम्यग्दर्शनिनस्ते निर्दिश्यन्ते असंख्येयानि सम्यग्दर्शनानीत्यनेन। ये तर्हि केवलिनः सिद्धाश्च ते सर्वे कियन्त इत्याह-**सम्यग्दृष्टयस्त्वनन्ताः** । भवस्थकेवलिनः सिद्धांश्चाङ्गीकृत्योक्तं सम्यग्दृष्टयस्त्वनन्ता इति । द्वारान्तरस्पर्शनेनाह -

**भा० क्षेत्रम् । सम्यग्दर्शनं कियति क्षेत्रे ? लोकस्याऽसंङ्ख्येयभागे ।**

**टी० क्षेत्रम्** । क्षियन्ति-निवसन्ति यत्र जीवादिद्रव्याणि तत् क्षेत्रम्-आकाशम्, य[१] एतेऽसङ्ख्येयतया निर्धारिता अनन्ततया च, एभिः पुनः कियदाकाशं व्याप्तमिति संशये सति पृच्छति-**सम्यग्दर्शनं कियति क्षेत्रे ?** । **ननु** च सम्यग्दर्शनमेतेन पृच्छ्यते निर्णयोऽपि तस्यैव, सम्यग्दृष्टयस्तु न चोद्यन्ते न निर्णीयन्त इति अ[२]युक्तमिति । **उच्यते**-इहायं सम्यग्दर्शनशब्दो

**જવાબ :** સમ્યગ્દૃષ્ટિ જીવો અનંતા છે. અહીં ભવસ્થ (દેહસ્થ) કેવળી ભગવંતો અને સિદ્ધાત્માઓની અપેક્ષાએ કહેલું છે કે, 'સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અનંતા છે.'

હવે અન્યદ્વારની અર્થાત્ ત્રીજા ક્ષેત્ર-દ્વારની સ્પર્શના કરતાં ભાષ્યકાર કહે છે કે,

**ભાષ્ય : ક્ષેત્રદ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન કેટલાં ક્ષેત્રમાં રહે છે ? જવાબ : સમ્યગ્દર્શન લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.**

**પ્રેમપ્રભા : क्षियन्ति-निवसन्ति यत्र जीवादिद्रव्याणि तत् क्षेत्रम् ।** જ્યાં જીવાદિ દ્રવ્યો નિવાસ કરે, રહે તે **ક્ષેત્ર** એટલે આકાશ. પૂર્વે સંખ્યાદ્વારમાં જે આ સમ્યગ્દર્શની જીવો અસંખ્યેયરૂપે અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અનંત સંખ્યાવાળા તરીકે નિશ્ચિત કરાયેલાં છે, આ જીવો વડે કેટલું આકાશ વ્યાપ્ત થયેલું છે ? રોકાયેલું છે ? અર્થાત્ આ જીવો કેટલાં આકાશ પ્રદેશમાં રહેલાં છે ? આવો સંશય હોતે છતે અન્ય વ્યક્તિ (શિષ્યાદિ) પૂછે છે-

**પ્રશ્ન :** સમ્યગ્દર્શન (સમ્યગ્દર્શની) કેટલાં ક્ષેત્રમાં રહેલું છે ? અહીં કોઈ અન્ય વ્યક્તિ શંકા ઉઠાવે છે.

**શંકા :** પૂર્વોક્ત ભાષ્ય વડે સમ્યગ્દર્શન (અર્થાત્ સમ્યગ્દર્શની જીવો) અંગે પ્રશ્ન પુછાય છે અને નિર્ણય પણ તેનો જ થાય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ વિષે પૃચ્છા કરાતી નથી આથી તે અંગે નિર્ણય પણ થશે નહીં. જેના વિષે પ્રશ્ન પુછાય તેનો જ નિર્ણય થાય ને ? આથી અહીં સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું ગ્રહણ ન થવાથી તેના વિષે પ્રશ્ન ન પુછાવાથી તે અંગે નિર્ણય શી રીતે થશે ?

**સમાધાન :** અહીં (ભાષ્યમાં કહેલ) આ 'સમ્યગ્દર્શન' શબ્દ ભાવ-સાધનવાળો છે -

१. ख.पू. । यत० मु. । २. पू.ला.-शो. । ना. मु. ।

भावसाधनः, सम्यग् [1]दृष्टिः सम्यग्दर्शनं, स [2]चापि उभयोर्वाचकोऽभ्युपगन्तव्यः, अपायसद्द्रव्य-सम्यग्दर्शनिनस्तद्वियुतस्य च सिद्धभवस्थकेवल्याख्यस्य । निर्णयवाक्येऽप्येवमेव दृश्यम् । अथवा सम्यग्दर्शनिषु निर्ज्ञातेषु सम्यग्दृष्टयोऽप्यनेनैव रूपेण ग्रहीष्यन्त इति सम्यग्दर्शनिनः प्रश्न्यति । अथवा एकं जीवमुद्दिश्यायं प्रावृतत् प्रश्नः, एकत्रावधृते क्षेत्रेऽन्यत्राप्यनुमानात् तत् तथा प्रतिपत्स्येऽहमिति पृच्छति-**सम्यग्दर्शनं कियति क्षेत्रे** इति । एकस्मिंश्च पृच्छ्यमाने सम्यग्दर्शने कियति क्षेत्रे इत्येकवचनमपि सुघटं भवति । सूरिराह-**लोकस्यासङ्ख्येयभागे** इति । यदैकः पृष्टः एकस्यैवोत्तरं तदा कोऽर्थः ? योऽहं सम्यग्दर्शनी सोऽहं कियति क्षेत्रेआधारे

---

'ભાવ' (ક્રિયા) અર્થમાં પ્રત્યય લાગીને બનેલો છે. આથી એની વ્યુત્પત્તિ/સિદ્ધિ આ પ્રમાણે થાય છે. **सम्यग् दृष्टिः सम्यग्दर्शनम्** । (સમ્યક્ એવી દૃષ્ટિ તે) 'સમ્યગ્દર્શન' કહેવાય. તે સમ્યગ્દર્શન શબ્દ સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિ એ બેયનો વાચક છે, જણાવનાર છે અર્થાત્ અપાય (= મતિજ્ઞાનવિશેષ)થી યુક્ત સદ્દ્રવ્યવાળા સમ્યગ્દર્શની જીવોનો તેમજ તેનાથી (અપાય-સદ્દ્રવ્યથી) રહિત એવા સિદ્ધાત્મા અને ભવસ્થ કેવળીરૂપ સમ્યગ્દૃષ્ટિ જીવનો વાચક છે, એમ માનવું જોઈએ. નિર્ણય વાક્યમાં પણ 'સમ્યગ્દર્શન' શબ્દનો ઉપર કહ્યા મુજબ જ અર્થ સમજવો. (ઉપરના સમાધાનમાં 'સમ્યગ્દૃષ્ટિ' આત્માના ગ્રહણ માટે 'સમ્યગ્દર્શન' શબ્દનો પ્રસ્તુત અર્થ અને વ્યુત્પત્તિ બદલવી પડે છે. આથી બીજું સમાધાન આપે છે.)

અથવા સમ્યગ્દર્શની જીવોને વિષે ક્ષેત્ર જણાયે છતે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ આવા રૂપે જ ('સમ્યગ્દર્શન' એવા શબ્દ વડે) ગ્રહણ કરાશે. (એક પ્રકારના જીવોને વિષે જ્ઞાન થવાથી સ્મરણમાં આવેલ બીજા પ્રકારના (સમ્યગ્દૃષ્ટિ) આત્માઓને વિષે પણ એજ પ્રમાણે ગ્રહણ/જ્ઞાન કરી શકાશે. આથી સમ્યગ્દર્શની જીવો સંબંધી પ્રશ્ન કરેલો છે.)

અથવા **सम्यग्दर्शनं कियति क्षेत्रे ?** આવો પ્રશ્ન એક જીવને ઉદ્દેશીને કરેલો છે. એક ઠેકાણે ક્ષેત્રનો નિર્ણય થયે છતે અન્યત્ર પણ અનુમાનથી તેનો = ક્ષેત્રનો તે પ્રમાણે હું સ્વીકાર કરીશ, આવા આશયથી પ્રશ્ન કરે છે કે, 'સમ્યગ્દર્શન કેટલાં ક્ષેત્રમાં રહેલું છે?' વળી એક જ સમ્યગ્દર્શન અંગે પૃચ્છા કરાયે છતે '**कियति क्षेत्रे**' એમ એકવચનનો પ્રયોગ પણ સારી રીતે ઘટે છે. આ પ્રમાણે પ્રશ્ન-વાક્યના અર્થ અંગે શંકા/સમાધાન દ્વારા નિર્ણય કરીને હવે ભાષ્યકાર સૂરિજી તેનો જવાબ આપે છે

**જવાબ :** સમ્યગ્દર્શન લોકના અસંખ્યેય ભાગમાં રહેલું છે. અહીં જ્યારે એક જ

---

१. पादिषु, जै. । दृष्टिस० मु. । २. ख.पू. लि. । दर्शनसमवायी उभ० मु. ।

स्थितः ? पृष्टे उत्तरं-लोकस्याऽसङ्ख्येयभागे, धर्माधर्मद्रव्यद्वयपरिच्छिन्नः आकाशदेशो जीवाजीवाधारक्षेत्रं लोकः, तस्यासङ्ख्येयभागे त्वं स्थितः, यतः असङ्ख्येयप्रदेशो जीवः अतोऽसङ्ख्येयभाग एवावगाहते । सर्वस्य लोकस्य, बुद्ध्या असङ्ख्येयभागखण्डकल्पितस्य य एकोऽसङ्ख्येयभागस्तत्र स्थित इति । अथापि सर्वानेवाङ्गीकृत्य प्रश्न तथाप्यसङ्ख्येयभागे पूर्वस्मादधिकतरे लोकस्य सर्वे वर्तन्त इति युक्तमुत्तरम् ।

**भा० स्पर्शनम् । सम्यग्दर्शनेन किं स्पृष्टम् ? । लोकस्यासङ्ख्येयभागः, सम्यग्दृष्टिना तु सर्वलोक इति ।**

સમ્યગ્દર્શની જીવ અંગે પ્રશ્ન કરેલો હોય અને એક સંબંધી જ ઉત્તર હોય ત્યારે આવો અર્થ થાય - 'જે હું સમ્યગ્દર્શની જીવ છું, તે હું કેટલાં ક્ષેત્રમાં - આધારમાં રહેલો છું ?' આમ પ્રશ્ન કરાતાં ઉત્તર આપે છે - લોકના અસંખ્યેય ભાગમાં તું રહેલો છે. અર્થાત્ ધર્મ અને અધર્મ રૂપ બે દ્રવ્યથી ઉપલક્ષિત - જણાતો (અર્થાત્ જેટલાં આકાશ પ્રદેશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય રૂપ દ્રવ્ય રહેલ છે તેટલો) તથા જીવ અને અજીવ દ્રવ્યના આધારભૂત આકાશનો ભાગ **'લોક'** કહેવાય - આવા લોકના અસંખ્યેયમાં ભાગમાં તું રહેલો છે. જે કારણથી જીવ અસંખ્યેય પ્રદેશવાળા છે, તે કારણથી સર્વલોકના અસંખ્યેયમાં ભાગમાં જ અવગાહન કરે છે. બુદ્ધિથી જેના અસંખ્યાતમાં ભાગ જેટલાં અસંખ્ય ખંડની/ ટુકડાંની કલ્પના કરેલી છે, એવા સમસ્ત લોકનો જે એક અસંખ્યાતમો ભાગ છે, તેમાં તું (સમ્યગ્દર્શની જીવ) રહેલો છે.

હવે જ્યારે સર્વ સમ્યગ્દર્શની જીવોને આશ્રયીને પ્રશ્ન કરાય તો પણ 'લોકના અસંખ્યાતમાં ભાગમાં એવો જ ઉત્તર આવે છે. એટલું વિશેષ કે, પૂર્વ કરતાં અધિક ઘણા વધારે એવા લોકના અસંખ્યાતમાં ભાગરૂપ ખંડોમાં સર્વ સમ્યગ્દર્શની જીવો અને સમ્યગ્દષ્ટિ આત્માઓ રહે છે. આથી અનેક યાવત્ સર્વ સમ્યગ્દર્શની જીવોની અપેક્ષાએ પણ ઉત્તર યોગ્ય જ ઠરે છે.

### ※ ચોથું સ્પર્શન-દ્વાર : ※

**ભાષ્ય : સ્પર્શન દ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન વડે (સમ્યગ્દર્શની જીવ વડે) કેટલાં આકાશ પ્રદેશો સ્પર્શાયેલ છે ? જવાબ : (એક) સમ્યગ્દર્શની જીવ વડે લોકના અસંખ્યાતમાં ભાગ જેટલા આકાશ પ્રદેશો સ્પર્શાયેલાં છે. સમ્યગ્દષ્ટિ જીવ વડે તો સર્વલોક (રૂપઆકાશ) સ્પર્શાયેલ છે.**

**टी० स्पर्शनम्** । आकाशदेशैः पर्यन्तवर्तिभिः सह यः स्पर्शस्तत् **स्पर्शनम्**, अस्मिन् द्वारे पृच्छ्यते-**सम्यग्दर्शनेन किं स्पृष्टम्** इत्यनेन । अत्रापि सम्यग्दर्शनशब्दः सामान्यवाची दृश्यः, एकं चाङ्गीकृत्य प्रवृत्त इति मन्तव्यम् । **उत्तरम्-लोकस्याऽसङ्ख्येयभागः**, स्पृष्ट इत्येकानेकप्रश्ननुरोधेन नेयम् । यः पुनः समुद्घातप्रतिपन्नः चतुर्थसमयवर्ती भवस्थकेवली तेन किं स्पृष्टं लोकस्येति ? । **उच्यते-सम्यग्दृष्टिना तु सर्वलोक इति** । यतोऽभिहितं *"लोकव्यापी चतुर्थे तु"* **[प्रशमरति० २७३]** । तुशब्दोऽवधारणे, सम्यग्दृष्टिनैव समुद्घातगतेनैव समस्तलोकः छुप्यत इति । एतस्मिन् व्याख्याने चोदकोऽचूचुदत् सम्यग्दृष्टि-

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં સ્પર્શન દ્વાર કહે છે. પર્યંતે રહેલાં એટલે કે છેડાના ભાગે રહેલાં આકાશપ્રદેશો સાથે જે સ્પર્શ થવો, તે **સ્પર્શના** કહેવાય છે. આ દ્વારમાં એવા વચનોથી **પ્રશ્ન** કરાયેલ છે કે, "સમ્યગ્દર્શન વડે શેની અર્થાત્ કેટલાં ક્ષેત્રની સ્પર્શના કરાયેલ છે ?" અહીં સમ્યગ્દર્શન શબ્દ સામાન્ય - વાચક જાણવો. એટલે પૂર્વ દ્વારમાં કહ્યા મુજબ 'ભાવ' અર્થમાં બનેલો હોવાથી સમ્યગ્દર્શની અને સમ્યગ્દષ્ટિ એ બેય પ્રકારના જીવોનો વાચક સમજવો. વળી એક જ (સમ્યગ્દર્શની) જીવને આશ્રયીને આ પ્રશ્ન કરેલો છે એમ જાણવું. આનો ઉત્તર ભાષ્યમાં કહે છે.

**જવાબ :** લોકનો અસંખ્યાતમો ભાગ સમ્યગ્દર્શની જીવ વડે સ્પર્શાયેલ છે. આ જવાબ એક સમ્યગ્દર્શની અથવા અનેક સમ્યગ્દર્શની જીવો સંબંધી પૂછાયેલ પ્રશ્નની અપેક્ષાએ જાણવો.

### ❋ કેવલી ભગવંત વડે સમસ્ત લોકની સ્પર્શના ક્યારે થાય ? ❋

**પ્રશ્ન :** ભલે, પણ જે ભવસ્થ કેવળી કે જેણે સમુદ્ઘાતનો સ્વીકાર કરેલો છે, તે આત્મા (કેવળી સમુદ્ઘાતના આઠ સમય પૈકી) ચોથા સમયે વર્તતો હોય ત્યારે તેના વડે લોકના કેટલા ભાગની સ્પર્શના કરાય છે ?

**જવાબ :** સમ્યગ્દષ્ટિ જીવ વડે સમસ્ત લોક સ્પૃષ્ટ છે, સ્પર્શાયેલ છે. કારણ કે **પ્રશમરતિ-પ્રકરણ** (શ્લો.૨૭૩)નામના ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારે જ કહેલું છે કે, **લોકવ્યાપિ ચતુર્થે તુ** । ચોથા [A]સમયે લોકવ્યાપી બની જાય છે. અહીં **તુ** શબ્દ 'જ'કાર (નિશ્ચય) અર્થમાં છે. સમ્યગ્દષ્ટિ (કેવળજ્ઞાની) અને સમુદ્ઘાતને પામેલાં (ચોથા સમયે રહેલાં) એવા જ આત્મા વડે અને સમસ્ત લોકનો સ્પર્શ કરાય છે. આ પ્રમાણે વ્યાખ્યાન/વિવરણ કરાયે

१. पू. लि. । काशप्रदे० मु. । २. पा. लि. । यतः० पू. ।

सम्यग्दर्शनशब्दयोर्व्युत्पत्तौ क्रियमाणायां भावे कारके नास्त्यर्थभेद इति, भवांश्चाह सम्यग्दर्शनेन लोकासंख्येयभागः स्पृष्टः सम्यग्दृष्टिना तु सर्वलोक इति, तन्नूनं भवता कश्चिदर्थभेदः परिकल्पित इति, अतः प्रश्नेनोपक्रमते-

**भा० अत्राह-सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः कः प्रतिविशेष इति ? उच्यते- अपायसद्द्रव्यतया सम्यग्दर्शनम्, अपायः-आभिनिबोधिकम्, तद्योगात् सम्यग्दर्शनम्। तत् केवलिनो नास्ति । तस्मात् न केवली सम्यग्दर्शनी, सम्यग्दृष्टिस्तु भवति ।**

**सम्यग्दृष्टिसम्यग्दर्शनयोः को विशेष इति** ? सूरिराह-**अत्रोच्यते-अपायसद्द्रव्येत्यादि**। **अपायो** निश्चयज्ञानं मतिज्ञानांशः, **सद्द्रव्याणि** पुनः शोभनानि प्रशस्तत्वात् विद्यमानानि

---

છતે શિષ્યાદિ ભાષ્યમાં એવો પ્રશ્ન ઉઠાવે છે કે,

**ભાષ્ય : અહીં (શિષ્યાદિ) પ્રશ્ન કરે છે. પ્રશ્ન : સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શન વચ્ચે શું તફાવત છે ?**

**જવાબ : અપાય અને સદ્દ્રવ્યપણાથી સમ્યગ્દર્શન કહેવાય છે. અપાય એ આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાનાંશ) રૂપ છે. તેના સંબંધથી સમ્યગ્દર્શન કહેવાય છે. તે (સમ્યગ્દર્શન) કેવળીને હોતું નથી. તે કારણથી કેવળી એ સમ્યગ્દર્શની નથી, પણ સમ્યગ્દષ્ટિ છે.**

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શન એ બે ય શબ્દની 'ભાવ' કારક અર્થમાં (ભાવમાં) વ્યુત્પત્તિ કરાયે તો અર્થમાં કોઈ તફાવત પડતો નથી. (પ્રત્યયના ભેદથી ફક્ત શબ્દના સ્વરૂપમાં જ ફેર પડે છે.) વળી આપ કહો છો કે, સમ્યગ્દર્શન વડે લોકનો અસંખ્યાતમો ભાગ સ્પૃષ્ટ છે અને સમ્યગ્દષ્ટિ વડે સમસ્ત લોક સ્પર્શાયેલ છે. આથી નક્કી એમ લાગે છે કે આપે આ બે શબ્દના અર્થમાં કોઈ ભેદ માનેલો છે. આવા શિષ્યાદિ પ્રશ્નકારના આશયથી ભાષ્યમાં આવો પ્રશ્ન ઉપસ્થિત કરેલો છે કે,

### * સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિ વચ્ચે વિવક્ષા વડે તફાવત *

**પ્રશ્ન :** સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શન વચ્ચે શું તફાવત છે ? આનો જવાબ આપતાં સૂરિજી કહે છે- **જવાબ :** અપાય અને સદ્દ્રવ્યપણાના લીધે સમ્યગ્દર્શન કહેવાય છે. **'અપાય'** એટલે નિશ્ચયરૂપ જ્ઞાન જે મતિજ્ઞાનનો ત્રીજા ભેદરૂપ અંશ છે અને **'સદ્દ્રવ્ય'** એટલે સત્ = પ્રશસ્ત હોવાના કારણે શુભ/પવિત્ર. અથવા સત્ = વિદ્યમાન એવા

वा द्रव्याणि मिथ्यादर्शनदलिकानि अध्यवसायविशोधितानि सम्यग्दर्शनतया आपादितपरिणामानि। अपायश्च सद्द्रव्याणि च अपायसद्द्रव्याणि तेषां भावः अपायसद्द्रव्यता, इत्थंभूतलक्षणा तृतीया, यावत् सोऽपायः सम्भवति यावद् वा तानि सम्भवन्तीत्येषाऽपायसद्द्रव्यता, तया **सम्यग्दर्शनम्** ।

अपाययुक्तानि सद्द्रव्याणीति विनाशाशङ्कानिराचिकीर्षया सुहृद् भूत्वा सूरिराचष्टे- **अपायः-आभिनिबोधिकम्**, तृतीयो भेदः आभिनिबोधिकस्य निश्चयात्मकः प्रसिद्धः तेन योगस्तद्योगः तस्मात् तेनापायेन योग इति वोच्यते । यतः सम्यग्दर्शनपुद्गलेषु सत्सु चापगतेषु

---

મિથ્યાદર્શન(કર્મ)ના દલિકો = પુદ્ગલ રૂપી દ્રવ્યો કે જેઓ જીવના વિશુદ્ધ-અધ્યવસાય વડે વિશુદ્ધ કરાયેલાં છે અને જેઓ વડે જીવમાં સમ્યગ્દર્શનરૂપે પરિણામ ઉત્પન્ન કરાયો છે તે વિશુદ્ધ કર્મ-પુદ્ગલોને **સદ્-દ્રવ્ય** કહેવાય. **अपायश्च सद्द्रव्याणि चेति अपायसद्द्रव्याणि, तेषां भावः** અપાય-સદ્દ્રવ્યનો ભાવ તે અપાય-સદ્દ્રવ્યતા(પણું) **तया अपायसद्द्रव्यतया** । અહીં ઇત્થંભૂત એટલે કોઈ પ્રકાર-ગુણાદિને પામેલ વસ્તુ. તે નું જે લક્ષણ તે ઇત્થંભૂત-લક્ષણ કહેવાય. તે અર્થમાં તૃતીયા-વિભક્તિ થઈ છે. જ્યાં સુધી તે અપાય એટલે કે નિશ્ચયરૂપ મતિજ્ઞાનનો ભેદ સંભવે છે અથવા જ્યાં સુધી તે 'સદ્દ્રવ્યો' સંભવે છે તેથી આ અપાય-સદ્દ્રવ્યપણું કહેવાય. તેના વડે ઓળખવાથી અર્થાત્ તે બેથી યુક્ત હોવાથી 'સમ્યગ્દર્શન' કહેવાય.

### ❋ 'અપાય' એટલે મતિજ્ઞાનનો ત્રીજો ભેદ-નિશ્ચય ❋

અહીં કોઈને 'અપાય-સદ્દ્રવ્ય' શબ્દમાં 'અપાયયુક્ત સદ્દ્રવ્ય' એ પ્રમાણે અપાયનો વિનાશ અર્થ હોવાની શંકા થવી સંભવે છે. આથી તેવી શંકાને દૂર કરવાની ઇચ્છાથી મિત્રભાવે સૂરિજી તે શબ્દોને છૂટા પાડીને તેનો અર્થ કહે છે, 'અપાય'નો અર્થ આભિનિબોધિક = મતિજ્ઞાન છે. મતિજ્ઞાનના જે (i) અવગ્રહ, (ii) ઇહા (iii) અપાય અને (iv) ધારણા રૂપ ૪ ભેદ છે, તેમાંથી ત્રીજો નિશ્ચયરૂપ પ્રસિદ્ધ ભેદ અહીં અપાય-શબ્દનો અર્થ છે. તે 'અપાય' (નિશ્ચય) સાથે યોગ એટલે કે સંબંધ થવાથી સમ્યગ્દર્શન થાય છે. અથવા તો (અપાયની વ્યાપકતા જણાવવા કહે છે-) અપાય/નિશ્ચય સાથે જે યોગ = સંબંધ, એ જ **સમ્યગ્દર્શન** કહેવાય. કારણ કે, સમ્યગ્દર્શનના પુદ્ગલોની હાજરીમાં પણ અપાય હોય અને તે પુદ્ગલોનો નાશ/અભાવ થયે છતે પણ અપાય/નિશ્ચયરૂપ

च भवतीति, व्यापी स इत्यर्थः । **तद्योगात् सम्यग्दर्शनम्,** एतेनापायेन यावदस्ति सम्बन्ध इति । तेन च सम्बन्धः सत्सु च सद्द्रव्येषु अक्षीणदर्शनसप्तकस्य असत्सु च सद्द्रव्येषु क्षीणदर्शनसप्तकस्य, उभय्यामप्यवस्थायां सम्यग्दर्शनं द्रष्टव्यम् । उभय्यामप्यवस्थायां सम्यग्दृष्टिव्यपदेशो नास्ति । **तत् केवलिनो नास्तीत्यादि** । **तदिति** सम्यग्दर्शनं सद्द्रव्यापाययोगजनितव्यपदेशं **केवलिनो**ऽतीन्द्रियदर्शित्वात् न समस्ति । अतो न **सम्यग्दर्शनी केवली** । कस्तर्हि ? आह-**सम्यग्दृष्टिस्तु** केवलीति । तानि च बुद्ध्या आदाय अपायसद्द्रव्याणि

---

મતિજ્ઞાનાંશ હોય છે. અર્થાત્ તે (અપાય) વ્યાપક છે. **तद्योगात् सम्यग्दर्शनम्** । આ અપાયરૂપ મતિજ્ઞાન સાથે જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન હોય છે. અને તે અપાય સાથે જીવનો સંબંધ બે રીતે હોઈ શકે છે (૧) એક તો સદ્દ્રવ્ય (સમ્યગ્દર્શન-પુદ્ગલો) હોય ત્યારે જેણે દર્શન-સપ્તક (દર્શનમોહનીય વગેરે) સાતકર્મ-પ્રકૃતિ)નો સંપૂર્ણક્ષય નથી કર્યો તેવા જીવને અને (૨) બીજું સદ્દ્રવ્યનો અભાવ (વિનાશ) થયે છતે જેણે દર્શન-સપ્તક (કર્મ-પ્રકૃતિ)નો સંપૂર્ણ ક્ષય કરેલો છે તેવા જીવને પણ અપાય સાથે સંબંધ હોય જ છે. આમ આ બન્નેય અવસ્થામાં 'સમ્યગ્દર્શન' જાણવું અર્થાત્ તે બન્નેય અવસ્થામાં સમ્યગ્દર્શનનો વ્યવહાર થાય છે. આ બન્નેય અવસ્થામાં 'સમ્યગ્દષ્ટિ'નો વ્યવહાર (વ્યપદેશ/કથન) થતો નથી.

### ❋ કેવળજ્ઞાનીનો સમ્યગ્દર્શની નહિ પણ સમ્યગ્દૃષ્ટિ તરીકે વ્યવહાર ❋

**तत् केवलिनो नास्ति** । તે એટલે કે સદ્દ્રવ્ય અને અપાયના યોગથી જેનો વ્યવહાર કરેલો છે તેવું સમ્યગ્દર્શન કેવળજ્ઞાનીને હોતું નથી. કારણ કે કેવળજ્ઞાનીઓ અતીન્દ્રિય-દર્શી હોય છે એટલે કે તેઓ ઇન્દ્રિયોની મદદ કે અપેક્ષા વિના જ જ્ઞાન કરનારા હોય છે. (પૂર્વોક્ત સમ્યગ્દર્શનમાં તો પુદ્ગલ-જનિત હોવાથી ઇન્દ્રિયાદિના સહકારની અપેક્ષા હોય છે.) આથી કેવળજ્ઞાનીઓનો 'સમ્યગ્દર્શની' તરીકે વ્યવહાર કરાતો નથી.

**પ્રશ્ન :** તો શું કહેવાય ?

**જવાબ :** કેવળજ્ઞાનીઓનો **'સમ્યગ્દષ્ટિ'** તરીકે વ્યવહાર કરાય છે. અને આ રીતે તે અપાય-સદ્દ્રવ્યોનો બુદ્ધિથી કેવળજ્ઞાનીમાં ગ્રહણ કરીને (કારણ કે કેવળજ્ઞાનીઓ પણ ભૂતકાળમાં તો સદ્દ્રવ્યોથી યુક્ત જ હતાં) તેમાં 'સમ્યગ્દર્શની' તરીકેનો (ઉપચારથી પણ) વ્યવહાર કરવાનો નિષેધ કરાય છે.

तत्र केवलिनि सम्यग्दर्शनिव्यपदेशो निषिध्यते । तैस्तु विना यदि सम्यग्दर्शनिव्यपदेशः कल्पते[1] भावसाधनोऽर्थोऽविशिष्ट इतिकृत्वा तदा नास्ति निषेध इति । तुशब्दोऽमुमेवार्थमवद्योतयति । एवं च कृत्वा पूर्वप्रश्नेष्वपि सुघटं भाष्यं भवति । द्वारान्तरं छुपति -

**भा० कालः । सम्यग्दर्शनं कियन्तं कालमिति ? । अत्रोच्यते-तदेकजीवेन नानाजीवैश्च परीक्ष्यम् । तद्यथा-एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन षट्षष्टिः सागरोपमाणि साधिकानि, नानाजीवान् प्रति सर्वाद्धा ।**

'**सम्यग्दर्शन**' એવા શબ્દને 'ભાવ' અર્થમાં સિદ્ધ કરીને ત્રીજા ક્ષેત્ર-દ્વારમાં કહ્યા મુજબ તેનો અર્થ (શોભના દૃષ્ટિ = શુભદૃષ્ટિ એમ) અવિશિષ્ટ એટલે કે સાધારણ અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્દૃષ્ટિ એ બેયના વાચક તરીકે લઈએ તો તે સદ્દ્રવ્યો રૂપી પુદ્ગલો વિના પણ કેવળી વગેરેમાં જો 'સમ્યગ્દર્શની' એવો વ્યવહાર કલ્પી શકે, થઈ શકે, તો ત્યારે સમ્યગ્દર્શન તરીકે વ્યવહાર કરવામાં નિષેધ પણ નથી એમ સમજવું. **सम्यग्दृष्टिस्तु** એમ ભાષ્યમાં **तु** શબ્દ આ જ અર્થને (અર્થાત્ બીજા પક્ષને) સૂચવે છે અને 'સમ્યગ્દર્શન'નો આવો (સાધારણ) અર્થ કરાય તો પૂર્વે ક્ષેત્ર-દ્વારની ટીકામાં સમ્યગ્દર્શનથી સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ ન થવાથી તેના ક્ષેત્રનો નિર્ણય શી રીતે થશે - ઇત્યાદિ પ્રશ્નો - શંકાઓને વિષે (અર્થાત્ તેના સમાધાનરૂપે) પણ આ ભાષ્ય સારી રીતે ઘટે છે, એમ વિચારવું. (કારણ કે **तु** શબ્દથી કેવળી વગેરેમાં પણ 'સમ્યગ્દર્શન'ના વ્યવહારની અનુમતિ આપી છે.)

**પાંચમું કાળદ્વાર :** હવે ભાષ્યમાં અન્ય દ્વારની એટલે કે પાંચમાં કાળ-દ્વારની સ્પર્શના કરે છે-

**ભાષ્ય : કાળ-દ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન કેટલાં કાળ સુધી રહે છે ?**

**જવાબ : સમ્યગ્દર્શનનો કાળ (૧) એક જીવને આશ્રયીને તેમજ (૨) અનેક જીવોને આશ્રયીને પરીક્ષણીય છે. તે આ રીતે- (i) એક જીવની અપેક્ષાએ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ (છાસઠ) સાગરોપમ સમ્યગ્દર્શનનો કાળ છે. અને (ii) અનેક જીવોને આશ્રયીને સમ્યગ્દર્શન સર્વકાળે હોય છે.**

१. सर्वप्रतिषु । कल्प्यते० मु. ।

**टी०** काल इति । यदेतत् पूर्वकैर्द्वारैर्निरूपितं तत् सम्यग्दर्शनं कियन्तं कालं भवतीति प्रश्नयति । **ननु** च स्थितिद्वारेऽप्येतदेव पृष्टमुक्तं च, किमर्थं[1] पुनः पिष्टपेषणं क्रियते इति ? **उच्यते**-न कालः स्थितिमन्तरेण कश्चिदस्तीत्यस्यार्थस्य ख्यापनार्थं, तथा च वर्तमानादीन्येव काललिङ्गानि पठन्ति । अथवा एकजीवाश्रयणेन नानाजीवसमाश्रयणेन च[2] नास्ति स्थितिद्वारे साक्षाद् विधानमिति, अतो युज्यते प्रश्नः । तथा च *"पुव्वभणियं तु जं भण्णए"* **( निशीथ-भाष्ये )** इत्यादि । अतस्तत् सम्यग्दर्शनमेकजीवाङ्गीकरणेन सर्वजीवाङ्गीकरणेन च परीक्ष्यम् ।

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં કાળ-દ્વારનું નિરૂપણ કરાય છે. તેમાં **પ્રશ્ન** કરેલ છે કે, જેનું આ પૂર્વના દ્વારોમાં નિરૂપણ કરાયેલ છે તે સમ્યગ્દર્શન કેટલાં કાળ સુધી રહે છે ? આ પ્રશ્ન બાબતમાં જ કોઈ શંકા કરે છે.

**શંકા :** પૂર્વસૂત્રમાં કહેલ સ્થિતિ-દ્વારમાં પણ આ જ પ્રશ્ન પૂછેલો હતો અને જવાબ પણ આ જ કહેલ. તો શા માટે અહીં પિષ્ટ-પેષણ કરાય છે. અર્થાત્ જેમ પીસેલાં-ચૂર્ણ કરેલાં લોટ વગેરેને પીસવું નકામું છે, તેમ એક વખત કહેવાઈ ગયેલી હકીકતને ફરી દોહરાવવી નિરર્થક છે.

### ❋ અપેક્ષાએ સ્થિતિ અને કાળ વચ્ચે તફાવત ❋

**સમાધાન :** સાચી વાત છે, 'પણ સ્થિતિ વિના કોઈ કાળનું અસ્તિત્વ હોતું નથી.' આ વાતનું જ્ઞાપન કરવા માટે સ્થિતિ કરતાં કાળ-દ્વારને જુદું કહેલું છે. તથા વર્તમાન વગેરેને જ કાળના લિંગ = ચિહ્નો અર્થાત્ ભેદો તરીકે કહેલાં છે. અથવા બીજું સમાધાન આપતાં કહે છે - સ્થિતિ-દ્વારમાં એક જીવને આશ્રયીને અને અનેક જીવોને આશ્રયીને સાક્ષાત્ (સ્થિતિનું) વિધાન કરેલું નથી. આથી એક-અનેક જીવોને આશ્રયીને કાળ જાણવા માટે પૂર્વોક્ત પ્રશ્ન કરવો યોગ્ય છે. આ વિષયમાં **નિશીથ-ભાષ્યમાં** - **'पुव्वभणियं तु जं भण्णए'** 'પૂર્વે કહેલું ફરી કહેવાય છે.' ઇત્યાદિ ગ્રંથ વડે શંકા-સમાધાન કરેલું છે. આથી સમ્યગ્દર્શનનો કાળ એક જીવની અપેક્ષાએ અને અનેક જીવની અપેક્ષાએ પરીક્ષણીય છે, વિચારણીય છે.

**ચંદ્રપ્રભા : पुव्वभणियं तु जं भण्णए तत्थ कारणं अत्थि । पडिसहो य अणुण्णा कारण विसेसोवलम्भो वा ॥** (નિ.ભા.-૧) **અર્થ :** પૂર્વ કહેલ (સંબંધ-ગાથા વગેરે) ફરી કહેવાય છે તેમાં કારણ હોય છે. દા.ત. પૂર્વે કહેલ અર્થનો નિષેધ કરવો હોય ત્યારે ફરી કહેવાય અથવા પૂર્વ પ્રતિષિદ્ધ વસ્તુનો કારણને આશ્રયીને અનુજ્ઞા કરવા માટે અથવા તો વિશેષથી બોધ કરવા માટે

१. ख.पू. । मर्थं च० मु. । २. पू.ला. । चास्ति० मु. ।

**एतदुक्तं भवति**-एकेन प्राप्तं तत् कियन्तं कालमनुपाल्यत इति, नानाजीवैश्च कियन्तं कालं धार्यत इति परीक्ष्यम् । **एकजीवं प्रती**त्यादि, पूर्वभावित एव ग्रन्थ इति स्थितिद्वारे । **नानाजीवान् प्रति सर्वाद्धा**-सर्वकालं, महाविदेहादिक्षेत्रमाश्रित्याऽव्यवच्छेदाम्नात्[1] । इयं तु स्थितिः क्षायोपशमिकस्य चिन्तिता, औपशमिकस्य तु यथासम्भवं अन्तर्मुहूर्तप्रमाणेति, क्षायिकस्य तु सर्वदावस्थानम् । अतोऽनन्तरमन्तरद्वारं स्पृशति -

**भा० अन्तरम् । सम्यग्दर्शनस्य को विरहकालः ? एकजीवं प्रति जघन्येनान्तर्मुहूर्तम्, उत्कृष्टेन उपार्धपुद्गलपरिवर्तः । नानाजीवान् प्रति नास्त्यन्तरम् ।**

---

પૂર્વ કહેલ વસ્તુ ફરી કહેવાય છે. અથવા પૂર્વે ઘણો વખત પહેલાં કહેલ વિસ્મૃત થવાથી સ્મૃતિ માટે પણ ફરી કહેવાય છે. (માટે પુનરુક્તિ દોષ નથી.)

**પ્રેમપ્રભા :** કહેવાનો **ભાવ** એ છે કે, એક જીવ વડે પ્રાપ્ત કરાયેલ સમ્યગ્દર્શનનું કેટલો વખત તેના વડે પાલન કરાય છે/રાખી શકાય છે ? અને અનેક જીવો વડે પ્રાપ્ત કરાયેલ સમ્યગ્દર્શન, તેઓ વડે કેટલો કાળ ધારણ કરી શકાય છે ? એ પ્રમાણે પરીક્ષા-વિચારણા કરવાની છે. તેમાં **એક જીવને** આશ્રયીને પૂર્વે (સ્થિતિ-દ્વારમાં) વિચારેલ જ હકીકત ફરી કહેવાય છે અર્થાત્ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ (૬૬) સાગરોપમ સુધી સમ્યગ્દર્શન રાખી શકાય છે. **અનેક જીવોને** આશ્રયીને સર્વકાળે સમ્યગ્દર્શન હોય છે. કારણકે મહાવિદેહ ક્ષેત્રને આશ્રયીને સમ્યગ્દર્શનનો અવ્યવચ્છેદ માનેલો છે, અર્થાત્ ત્યાં કોઈપણ કાળે વ્યવચ્છેદ/વિચ્છેદ થતો નથી.

ઉપરોક્ત (૬૬ સાગરો.ની ઉત્કૃ.) સ્થિતિ એક જીવની અપેક્ષાએ કહી છે, તે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનની અપેક્ષાએ વિચારેલી છે, ઔપશમિક સમ્યગ્દર્શન તો યથાસંભવ અંતર્મુહૂર્ત્ત જેટલી હોય છે. જ્યારે ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા બાદ સર્વ કાળ અવસ્થાન (સ્થિતિ) હોય છે.

**છઠ્ઠું અંતર-દ્વાર :** આ દ્વારની અનંતર હવે અંતર (વિરહ) દ્વારની સ્પર્શના-વિચારણા કરાય છે.

**ભાષ્ય : અંતરદ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શનનો વિરહકાળ/અંતરકાળ શું છે ?**

**જવાબ : એક જીવને આશ્રયીને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધ-પુદ્ગલપરાવર્ત્ત જેટલો વિરહકાળ છે. અનેક જીવોને આશ્રયીને આંતરુ (વિરહકાળ) નથી.**

---

१. पादिषु । वच्छेदात्० मु. ।

**टी० अन्तरमि**[1]त्यनेन सम्यग्दर्शनं प्राप्य पुनश्चोज्झित्वा मिथ्यात्वदलिकोदयात् पुनः कियता कालेन लप्स्यत इति पृच्छति-**सम्यग्दर्शनस्य को विरहकाल इति ?** । सम्यग्दर्शनं प्राप्य पुनश्चोज्झित्वा यावन्न पुनः सम्यग्दर्शनमासादयति स विरहकालः-सम्यग्दर्शनेन शून्यः कालः कियानिति ? औपशमिकक्षायोपशमिके निश्रि[2]त्य निर्णयवाक्यं प्रवृत्तम् । **एकजीवं प्रतीत्**यादि । एको जन्तुरौपशमिकं क्षायोपशमिकं वा प्राप्य उज्झित्वा पुनः कश्चिद् मुहूर्तस्यान्त[3]र्लभते लभते, कश्चित् तु अनन्तेन कालेन लभते, स चान[4]न्तकाल एवमाख्यायते, उत्कृष्टेनोपार्धपुद्गलपरावर्तः । **पुद्गलपरावर्तो** नाम यदा जगति यावन्तः परमाणवस्ते औदारिकादितया सर्वे परिभुक्ता भवन्ति, स पुद्गलपरावर्तः औदारिकवैक्रियतैजसभाषाप्राणापान-मनःकर्मभेदात् सप्तधा, एतत्समुदायस्यार्धं गृह्यते किञ्चिदूनम् । एतत् प्रतिपादयितुं कथं

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં અંતર-દ્વાર કહે છે. અંતર-દ્વાર વડે એવા પ્રશ્ન પુછે છે કે, સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને મિથ્યાત્વ (મોહનીયકર્મ)ના દલિકોનો ઉદય થવાથી ફરીથી ગુમાવ્યા બાદ પુનઃ કેટલાં કાળે મેળવાય છે ? આથી ભાષ્યમાં પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** સમ્યગ્દર્શનેનો વિરહકાળ/અંતરકાળ શું છે ? એટલે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને પાછું ત્યજી દીધાં બાદ જેટલાં કાળ સુધી પાછુ ન મેળવે, તેટલો કાળ **વિરહકાળ** કહેવાય. આમ આવો સમ્યગ્દર્શનથી શૂન્ય/રહિત જીવનો કાળા કેટલો છે ? એમ ફલિતાર્થ છે. ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનને આશ્રયીને (અનુલક્ષીને) નિર્ણય-વાક્ય અર્થાત્ જવાબ કહેલો છે. તે આ રીતે-

**જવાબ :** એક જીવને આશ્રયીને **જઘન્યથી** અંતર્મુહૂર્ત વિરહકાળ છે, એમ ભાષ્યમાં કહ્યું. એનો અર્થ એ છે કે, એક જીવ ઔપશમિક અથવા ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને અને પાછુ ગુમાવી દઈને ફરીથી કોઈ જીવ એક અંતર્મુહૂર્તમાં જ એટલે કે મુહૂર્ત (૨ ઘડી, ૪૮ મિનિટ)ના મધ્યવર્તી કાળમાં જ પાછુ મેળવે છે, તો કોઈ જીવ અનંતકાળે પાછુ મેળવે છે. અને તે અંતરકાળ આ પ્રમાણે કહેવાય છે -

ઉત્કૃષ્ટથી જોઈએ તો ઉપાર્ધ પુદ્ગલ-પરાવર્ત જેટલો વિરહકાળ છે. પુદ્ગલ-પરાવર્ત સ્વરૂપ આ પ્રમાણે છે - જગતમાં જેટલાં પરમાણુઓ છે, તે સર્વે જયારે ઔદારિક વગેરે રૂપે (અમુક જીવ વડે) ભોગવાઈ જાય ત્યારે તેટલાં કાળને **પુદ્ગલ-પરાવર્ત** કહેવાય છે. તે (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) તૈજસ (૪) ભાષા (૫) શ્વાસોચ્છ્વાસ (આનપ્રાણ) (૬) મન અને (૭) કર્મ એવા ભેદથી સાત પ્રકારનું છે. આ સાતના સમુદાયનો કંઈક ઓછો

१. पादिषु । न्तर इति० पू. । २. पू. । श्चित्य० मु. । ३. पादिषु । न्तरलभते० मु. । ४. ख.पू. । चान्तरका० मु. ।

शक्यत इति **चेत्**, उपार्धपुद्गलपरिवर्त इत्यनेनोच्यते *'समुदायेषु हि शब्दाः प्रवृत्ता अवयवेष्वपि वर्तन्त'* इति न्यायात् । अयं चार्धशब्दः समप्रविभागवचनः किञ्चिन्न्यूनाभिधायित्वाच्च[2] पुंल्लिङ्गः। उपगतोऽर्धः उपार्धः, किञ्चिन्न्यून इति प्रादिसमासः । **नानाजीवानिति** । सर्वजीवानाश्रित्य **नास्त्यन्तरं**, विदेहादिषु सर्वकालं समवस्थानादिति। क्षायिकस्य त्वनपगमान्नास्त्यन्तरम्[3] । द्वारान्तराभिधित्सयाऽऽह –

**भा० भावः । सम्यग्दर्शनमौपशमिकादीनां कतमो भावः ? । उच्यते- औदयिकपारिणामिकवर्जं त्रिषु भावेषु भवति ।**

---

એવો અડધો પુદ્ગપરાવર્ત અહીં ગ્રહણ કરાય છે. (આહારક શરીર ભવચક્રમાં ઉત્કૃષ્ટથી ચાર વખત જ ગ્રહણ કરાય છે. માટે તેનો ઉલ્લેખ કરેલો નથી.)

**પ્રશ્ન :** આનુ કથન શી રીતે થઈ શકે ? અર્થાત્ પુદ્ગલ-પરાવર્ત કાળ ઘણો મોટો છે. એનાથી કંઈક ન્યૂન અડધાનું ગ્રહણ શી રીતે કરવું ?

**જવાબ :** ભાષ્યમાં કહેલ 'ઉપાર્ધ-પુદ્ગલ પરિવર્ત' એવા શબ્દથી કંઈક ન્યૂન અડધો **પુદ્ગલ-પરાવર્ત** કહેવાય છે. કારણ કે "સમુદાયોને વિષે પ્રવૃત્ત થયેલાં, વપરાતાં શબ્દો તેના અવયવ રૂપ અર્થમાં પણ વર્તે છે." **(समुदायेषु हि शब्दाः प्रवृत्ता अवयवेष्वपि वर्तन्ते)** એવો ન્યાય છે. (અર્થાત્ ઔદારિક વગેરે સાતેયના સમુદાયનો પરિભોગ કરતાં જે કાળ લાગે તે **પુદ્ગલ-પરાવર્ત્ત** કહેવાય. તેનાથી કંઈક ન્યૂન અડધું પુદ્ગલ-પરાવર્ત અર્થમાં પણ ઉપાર્ધ-પુદ્ગલપરાવર્ત શબ્દનો પ્રયોગ થાય છે.) આ (ભાષ્યમાં કહેલ) અર્ધ શબ્દ હકીકતમાં 'સરખા-અડધાં વિભાગ' એવા અર્થનો વાચક છે. (માટે નપુંસકલિંગવાળો શબ્દ છે.) પણ અહીં સરખા અડધા ભાગ કરતાં કાંઈ ન્યૂન એવા અર્થને કહેવાથી પુલ્લિંગ શબ્દ છે. તે આ રીતે - **उपगतः अर्धः इति उपार्धः** । એટલે અડધા કરતાં કાંઈક ઓછું. અહીં પ્રાદિ-સમાસ થયેલો છે. [સિ.હે. સૂ.૩-૧-૪૯થી]

અનેક જીવો અર્થાત્ સર્વ જીવોને આશ્રયીને અંતરકાળ નથી, કારણ કે મહાવિદેહ આદિ ક્ષેત્રમાં સર્વકાળે સમ્યગ્દર્શનની હાજરી હોય છે. ક્ષાયિક-સમ્યગ્દર્શન સંબંધી તેને મેળવ્યા બાદ પાછું ક્યારેય ચાલ્યું જતું ન હોવાથી બિલ્કુલ અંતર/વિરહકાળ હોતો નથી.

**૭મું ભાવ-દ્વાર :** અન્ય અર્થાત્ ૭માં ભાવદ્વારને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : ભાવ-દ્વાર કહેવાય છે. પ્રશ્ન : સમ્યગ્દર્શન એ ઔપશમિક આદિ ભાવોમાંથી**

---

१. ख.पू. । परा० मु. । २. ख.पू. । त्वात् स० मु. । ३. पादिषु । इतोऽग्रे-गतमन्तरद्वारम्० मु. अधिकः ।

**टी० भाव** इति । येयं रुचिः जीवस्य जिनवचनश्रद्धायिनी सा कस्मिन् भावे औपशमिकादीनां समवतरतीति [1]प्रश्नयति-**सम्यग्दर्शनमित्यादिना** । सम्यग्दर्शनमित्यविशिष्टां रुचिं क्षयादिरूपां त्रिविधामपि जिज्ञासते-क्क का[2] इति । तथा प्रतिवचनमपि भविष्यति-त्रिषु **भावेष्विति** । औपशमिकादीनामुक्तलक्ष[3]णानां **कतमो भावः**-कतमावस्थेति यावत् । **सूरिस्तु** हेयभावनिरसिसिषया आदेयं त्रिष्वित्यनेन कथयति, औदयिकं-गतिकषायादिरूपं पारिणामिकं च भव्यत्वादिलक्षणं विहाय येऽन्ये त्रयः क्षायिकादयस्तेषु भावेषु भवति, औदयिकपारिणामिकयोर्गत्यादिभव्यत्वाद्यवधारणान्न[4] तयोः समस्ति, अनादित्वाच्च एष इति सूच्यते त्रिषु भवति, नौदयिकपारिणामिकयोरिति । द्वारान्तरं स्पृशति –

**કયા ભાવ રૂપે વર્તે છે ? જવાબ : ઔદયિક અને પારિણામિક સિવાયના (ક્ષાયિકાદિ) ત્રણ ભાવમાં વર્તે છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં ભાવ-દ્વાર કહે છે. આ દ્વારમાં આવો પ્રશ્ન કરે છે કે, જે આ જિનવચન ઉપર શ્રદ્ધા કરાવનારી રુચિ છે, તે ઔપશમિક આદિ કયા ભાવમાં સમવતાર પામે છે, ઘટે છે ? આવા આશયથી ભાષ્યમાં પ્રશ્ન કરેલો છે કે,

**પ્રશ્ન :** સમ્યગ્દર્શન ઔપશમિક આદિ કયો ભાવ રૂપ છે ? અર્થાત્ કયા ભાવે વર્તે છે ? આમાં સમ્યગ્દર્શન શબ્દ વડે સામાન્યથી ત્રણેય પ્રકારની ક્ષય વગેરે રૂપ રુચિ વિષે જિજ્ઞાસા કરે છે. અર્થાત્ કયા ભાવમાં કઈ રુચિ વર્તે છે ? આ પ્રમાણે આનો પ્રત્યુત્તર પણ આ છે. **ઉત્તર :** (પાંચ ભાવો પૈકી) ઔદયિક અને પારિણામિક ભાવને છોડીને ક્ષયાદિ ત્રણ ભાવે સમ્યગ્દર્શન હોય છે.

પ્રશ્ન કરેલો કે ઔપશમિક આદિ ભાવો કે જેનું સ્વરૂપ પૂર્વે કહેલું છે, તેમાંથી સમ્યગ્દર્શન કયા ભાવરૂપ છે એટલે કે કઈ અવસ્થા રૂપ છે ? **આચાર્ય ભગવંત** જવાબમાં હેય = ત્યાજ્ય એવા ઔદયિક આદિ ભાવોનું નિરાકરણ/વર્જન કરવાની ઇચ્છા વડે **त्रिषु भावेषु** એમ આદેય/ગ્રાહ્ય ભાવોનું કથન કરે છે. તે આ રીતે - ગતિ, કષાય આદિ રૂપ ઔદયિકભાવ અને ભવ્યત્વ વગેરે રૂપ પારિણામિકભાવને છોડીને જે બીજા ક્ષાયિક-ક્ષાયોપશમિક - ઔપશમિક રૂપ ત્રણ ભાવો છે, તેમાં સમ્યગ્દર્શન વર્તે છે. ઔદયિક ભાવમાં ગતિ, કષાય વગેરે અને પારિણામિક ભાવે ભવ્યત્વ વગેરે હોવાનો નિશ્ચય કરેલો હોવાથી, વળી તે બે ભાવો અનાદિ હોવાથી એ બે ભાવોમાં સમ્યગ્દર્શન હોતું નથી. આથી આ પ્રમાણે સૂચિત કરાય છે કે, (ક્ષયાદિ) ત્રણ ભાવમાં સમ્યગ્દર્શન વર્તે, પરંતુ

१. पादिषु । ना. पू. । २. पादिषु, कै. । क्व क्वैत्ते इति० मु. । ३. ख.पू. । लक्षणादीनां० मु. । ४. पादिषु । रणान्नानयो० मु. ।

**भा० अल्पबहुत्वम् । अत्राह-सम्यग्दर्शनानां त्रिषु भावेषु वर्तमानानां किं तुल्यसंख्यात्वमाहोस्विदल्पबहुत्वमस्तीति ? । उच्यते -**

**टी० अल्पबहुत्वमित्यनेन । अत्रै**तस्मिंस्त्रिषु भावेष्विति व्याख्याते आहाज्ञः[1]-एषां क्षायिकादीनां सम्यग्दर्शनानां त्रिषु क्षायिकादिषु परिणामेषु वर्तमानानां किं तुल्यसङ्ख्यात्वमुत नेति, आश्रयभेदेन [2]वाल्पबहुत्वचिन्ता इहाश्रिता, **अल्पबहुत्वमितिः** अल्पबहुभावः । किञ्चिदल्पमत्रास्ति किञ्चित् च[3] बह्विति कथं भावनीयम् ? । **उच्यते** -

**भा० सर्वस्तोकमौपशमिकम् । ततः क्षायिकमसङ्ख्येयगुणम् । ततोऽपि क्षायोपशमिकमसङ्ख्येयगुणम् । सम्यग्दृष्टयस्त्वनन्तगुणा इति । एवं सर्वभावानां**

---

ઔદારિક અને પારિણામિક ભાવમાં વર્તતું નથી.

**૮મું અલ્પબહુત્વ-દ્વાર :** બીજા અર્થાત્ ૮માં અલ્પબહુત્વ દ્વારને કહે છે.-

**ભાષ્ય : અલ્પ-બહુત્વ દ્વાર કહેવાય છે. અહીં (અન્ય વ્યક્તિ-શિષ્યાદિ) પ્રશ્ન કરે છે. પ્રશ્ન : (ક્ષાયિકાદિ) ત્રણ ભાવોમાં વર્તતાં એવા સમ્યગ્દર્શનો શું તુલ્ય - સંખ્યાવાળા છે ? કે પછી તેઓની સંખ્યામાં અલ્પ-બહુત્વ છે ?**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **અલ્પબહુત્વમ્** દ્વારને સ્પર્શે છે. આ રીતે ક્ષાયિકાદિ ત્રણ ભાવોમાં સમ્યગ્દર્શન વર્તે છે એમ વ્યાખ્યા કરાયે છતે અહીં ભાષ્યમાં કોઈ અજ્ઞ વ્યક્તિ જાણવાની ઇચ્છાથી પૂછે છે.

**પ્રશ્ન :** ક્ષાયિકાદિ ત્રણ પરિણામોમાં/ભાવોમાં વર્તતાં ક્ષાયિક વગેરે સમ્યગ્દર્શનોની સંખ્યા સમાન છે કે નથી ? અહીં સમ્યગ્દર્શનના આશ્રય/આધારભૂત જીવોના ભેદથી અલ્પ-બહુત્વની વિચારણા સમજવી. અલ્પબહુત્વ એટલે (અલ્પબહુનો ભાવ) અલ્પબહુપણું. આમાં કંઈક અલ્પ છે અને કંઈક બહુ છે, ઘણુ છે, એમ શી રીતે વિચારી શકાય ? એનો જવાબ ભાષ્યમાં કહે છે-

**ભાષ્ય :** જવાબ : **ઔપશમિક સમ્યગ્દર્શનની સંખ્યા સર્વથી અલ્પ છે. તેનાથી ક્ષાયિક સમ્યગ્દર્શન અસંખ્યાતગુણ (વધારે) છે. તેનાથી પણ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનની સંખ્યા અસંખ્યાતગુણ છે. જ્યારે સમ્યગ્દષ્ટિ આત્માઓ તેનાથી અનંત-ગુણ હોય છે. (અર્થાત્ કેવળી ભગવંતને આશ્રિત સમ્યગ્દર્શન અનંતગુણ છે.)**

---

१. ख.पू. । हान्यः० मु. । २. पू. । चा० मु. । ३. पादिषु । तु० मु. ।

**नामादिभिर्न्यासं कृत्वा प्रमाणादिभिरभिगमः कार्यः । उक्तं सम्यग्दर्शनम् । ज्ञानं वक्ष्यामः ॥ ८ ॥**

**टी० सर्वस्तोकमौपशमिकम्,** यत ईदृशीं परिणतिं श्रेण्यारोहादिस्वभावां न बहवस्सत्त्वाः[1] म्प्राप्नुवन्तीत्यागमात्, **ततः क्षायिकमसंख्येयगुणम्,** ततः औपशमिकात् क्षायिकमिति च । **अत्रायं विशेषः** प्रेक्ष्यः-छद्मस्थानां **श्रेणिकादीनां** यत् क्षायिकं तद् गृह्यते, अपायसद्भावात्, छद्मस्थवर्तिनश्च औपशमिकस्याऽवधितयोपात्तत्वात् तत इत्यनेनावधिमतापि तादृशेन भवितव्यम् । **तत** औपशमिकात् क्षायिकं छद्मस्थस्वामिकमसङ्ख्येयगुणमिति, योऽसावौपशमिको राशिः

**આ પ્રમાણે સર્વ ભાવોનો/પદાર્થોનો નામાદિ વડે ન્યાસ (નિક્ષેપ) કરીને તેઓનો પ્રમાણ આદિ વડે બોધ (અભિગમ) કરવો જોઈએ.**

**આ પ્રમાણે સમ્યગ્દર્શનનું નિરૂપણ સમાપ્ત થયું. હવે જ્ઞાનનું નિરૂપણ કરીશું.**

### ❋ ક્ષાયિક વગેરે સમ્યગ્દર્શનમાં અલ્પ-બહુત્વની વિચારણા ❋

**જવાબ :** (૧) સર્વથી અલ્પ ઔપશમિક-સમ્યગ્દર્શનવાળા જીવો છે. કારણ કે આવી (ઉપશમ) શ્રેણિનું આરોહણ આદિ સ્વરૂપ પરિણતિને (પરિણામને) ઘણા જીવો પ્રાપ્ત કરી શકતાં નથી, એવું **આગમવચન** છે. ઔપશમિક સમ્યગ્દર્શન કરતાં ક્ષાયિક-સમ્યગ્દર્શન અસંખ્યેય ગુણ છે. અહીં આ પ્રમાણે વિશેષતા ચિંતવવી કે, છદ્મસ્થ એવા **શ્રેણિક** આદિનું જે ક્ષાયિક-સમ્યગ્દર્શન છે, તેનું ગ્રહણ કરાય છે, કારણ કે, તેઓને અપાયનો અર્થાત્ મતિજ્ઞાનના તૃતીય ભેદનો સદ્ભાવ હોય છે.

**ચંદ્રપ્રભા :** અહીં ક્ષાયિક સમ્યગ્દર્શન બે પ્રકારનું છે (૧) છાદ્મસ્થિક એટલે શ્રેણિકાદિ છદ્મસ્થ જીવોમાં રહેલું અને બીજું (૨) કૈવલિક એટલે કે કેવળી ભગવંતોમાં રહેલું ક્ષાયિક-સમ્યગ્દર્શન. તે બેમાંથી અહીં છદ્મસ્થ જીવોનું ક્ષાયિક-સમ્યગ્દર્શન લેવાનું છે. તેનું શી રીતે ગ્રહણ થાય ? તેની યુક્તિ બતાવતાં ટીકાકાર કહે છે.

**પ્રેમપ્રભા :** અહીં છદ્મસ્થ જીવમાં રહેલ ઔપશમિક-સમ્યગ્દર્શનને અવધિ/મર્યાદા/છેડા તરીકે ગ્રહણ કરેલું છે અર્થાત્ તેની અપેક્ષાએ ક્ષાયિક સમ્યગ્દર્શનનું અલ્પબહુત્વ કહેવાનું છે. આથી **ततः** (તેનાથી) એવા પદ વડે સૂચિત અવધિવાળા બીજે છેડે રહેલું ક્ષાયિક-સમ્યગ્દર્શન પણ તેવા પ્રકારનું હોવું જોઈએ. અર્થાત્ ઔપ. સમ્યગ્દર્શન એ છદ્મસ્થ જીવોનું છે, માટે ક્ષાયિક પણ છદ્મસ્થ જીવોનું સમજવાનું છે. એટલે ઔપશમિક-

१. सर्वप्रतिषु । सत्त्वाः० ना. मु. ।

सोऽसङ्ख्येयन राशिना गुण्यते, औपशमिकाद् बहुतरमिति यावत् । ततोऽपि क्षायिकात् क्षायोपशमिकं भवत्यसङ्ख्येयगुणं, सर्वगतिषु बहुस्वाम्याधारत्वात् । असङ्ख्येयगुणमिति च योऽसौ क्षायिकराशिः सोऽसङ्ख्येन गुण्यते, अतः क्षायिकाद् बहुतमोऽस्त[1] इति यावत् । **यत् तर्हि** क्षायिकं केवल्याधारं[2] तत् कियत्? **उच्यते**-सर्वकेवलिनामानन्त्यादनन्तगुणं, केवल्याधारमेतद्[3] दृश्यमिति, अत आह[4] **सम्यग्दृष्टयस्त्वनन्ता** इति । केवलिनोऽनन्ता इत्यर्थः । ततस्तद्वर्ति अप्यनन्तमेव । इतिः[5] द्वारपरिसमाप्तिसूचकः । अथ किं सम्यग्दर्शनस्यैव निर्देशादिसदादिभिर्द्वारैरभिगमः[6] क्रियते उत ज्ञानादीनामपीति ? **उच्यते**-ज्ञानादीनामपीति[7] ।

સમ્યગ્દર્શન કરતાં છદ્મસ્થ જીવો જેના સ્વામિ છે એવું ક્ષાયિક-સમ્યગ્દર્શન અસંખ્યાત ગુણ છે. અર્થાત્ જે આ ઔપ. સમ્યગ્દર્શનની રાશિ = સંખ્યા છે, તેનો અસંખ્યાત રાશિ સાથે ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેટલાં ક્ષાયિક સમ્યગ્દર્શન છે અર્થાત્ ઔપશમિક સમ્યગ્દર્શન કરતાં ઘણી મોટી સંખ્યામાં ક્ષાયિક-સમ્યગ્દર્શન છે.

તે છદ્મસ્થ જીવોનાં ક્ષાયિક-સમ્યગ્દર્શન કરતાં પણ ક્ષાયોપશમિક-સમ્યગ્દર્શન અસંખ્યાત ગુણ છે. કારણ કે ક્ષયોપ. સમ્યગ્દર્શન સર્વ ગતિઓમાં અર્થાત્ ચારેય ગતિમાં ઘણા સ્વામિ રૂપ આધારમાં રહેલું છે. અસંખ્યાત-ગુણ એટલે જે આ પૂર્વોક્ત ક્ષાયિક સમ્યગ્દર્શનની રાશિ છે, તેને અસંખ્યેય (સંખ્યા) સાથે ગુણતાં જે સંખ્યા આવે તેટલી છે. અર્થાત્ ક્ષાયિક-રાશિ કરતાં ક્ષયોપ. રાશિ/સંખ્યા અત્યંત ઘણી વધારે છે.

**પ્રશ્ન :** ભલે, પણ જે ક્ષાયિક-સમ્યગ્દર્શન કેવળી ભગવંતરૂપ આધારમાં રહેલું છે તે કેટલું છે ?

**જવાબ :** સર્વ કેવળજ્ઞાની ભગવંતો અનંત હોવાથી (ક્ષાયોપશમિક વગેરે સમ્યગ્દર્શન કરતાં) તેઓમાં રહેલ ક્ષાયિક-સમ્યગ્દર્શન અનંતગુણ છે. આ ક્ષાયિક સમ્યગ્દર્શનનો કેવળજ્ઞાની રૂપ આધાર સમજવાનો છે. આથી ભાષ્યમાં કહે છે, - 'સમ્યગ્દષ્ટિ જીવો અનંતા છે.' એનો અર્થ એ છે કે, કેવળજ્ઞાનીઓ અનંતા છે આથી તેઓમાં રહેલ ક્ષાયિક સમ્યગ્દર્શન પણ અનંત જ હોય... **इति** શબ્દ (અલ્પબહુત્વદ્વારની અથવા સર્વદ્વારોના નિરૂપણની) પરિસમાપ્તિનો સૂચક છે.

### ❋ જ્ઞાનાદિ સર્વ પદાર્થોનો નિર્દેશાદિ દ્વારો વડે બોધ ❋

**પ્રશ્ન :** શું સમ્યગ્દર્શનનો જ નિર્દેશાદિ અને સદાદિ અનુયોગદ્વારો વડે બોધ કરાય

१. सर्वप्रतिषु । बहुतरमा० मु. । २. ख.पू. । कैव० मु. । ३. प्रादिषु । कैव० मु. । ४. सर्वप्रतिषु । ना. मु. ।
५. पू. । इति द्वा० मु. । ६. पू. । अधि० मु. । ७. पू. । मपि० मु. ।

किन्तु, एकत्र सम्यग्दर्शने योजना कृताऽन्यत्राप्येवं दृश्येत्यतिदिशति-**एवं सर्वभावानामित्यादि**[1]। **एव**मिति यथा सम्यग्दर्शनस्य तथा सर्वभावानां ज्ञानादीनां नामस्थापनादिभी रचनां कृत्वा प्रमाणनयनिर्देशादिसदादिभिः परीक्षो[2]भिगमः कार्य इति। यत् प्रस्तुतं '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' (१-१) इति तत्र यत् सम्यग्दर्शने विचार्यं तदभिहितम्, तदभिधानाच्च परिसमापितं सम्यग्दर्शनमित्येतदाह-**उक्तं सम्यग्दर्शनम्** । द्वितीयावयवव्याचिख्यासा-प्रस्तावप्रदर्शनायाह-**ज्ञानं वक्ष्यामः** ॥८॥

कीदृक् तदिति चेदुच्यते -

## सू० मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥ १-९ ॥

---

છે કે જ્ઞાનાદિનો પણ તે રીતે બોધ કરાય છે ?

**જવાબ :** જ્ઞાન આદિનો પણ આ દ્વારોથી બોધ કરાય છે. ફક્ત એટલું વિશેષ કે એક ઠેકાણે સમ્યગ્દર્શનમાં યોજના - એટલે કે નિર્દેશાદિ - સદાદિ દ્વારોની ઘટના કરી બતાવી. એ પ્રમાણે અન્ય વસ્તુમાં પણ આ રીતે ઉક્ત દ્વારો દ્વારા વિચારણા કરવી એમ ભાષ્યમાં અતિદેશ (ભલામણ કરે છે - ભળાવે છે કે ત્યાં કહ્યાં મુજબ અહીં પણ યથાયોગ્ય કહેવું...) કરતાં કહે છે, 'આ પ્રમાણે સર્વ ભાવોનો/પદાર્થોનો... ઇત્યાદિ... તેનો અર્થ આ પ્રમાણે છે - જેમ સમ્યગ્દર્શનની વિચારણા કરી, તેમ જ્ઞાન વગેરે સર્વ ભાવોનો/પદાર્થોનો નામ-સ્થાપનાદિ વડે ન્યાસ = રચના કરીને પ્રમાણ-નય-નિર્દેશાદિ અને સદાદિ અનુયોગ-દ્વારો વડે પરીક્ષા/વિચારણા કરીને બોધ (અધિગમ) કરવા યોગ્ય છે.

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** ॥ १-१ ॥ એમ જે પ્રસ્તુત અર્થાત્ મૂળ સૂત્ર હતું, તેમાં સમ્યગ્દર્શનને વિષે જે વિચારણીય વસ્તુ હતી, તે કહેવાઈ ગઈ અને તેને કહેવાથી સમ્યગ્દર્શનનું કથન પૂરું થવાથી ભાષ્યમાં કહે છે - **उक्तं सम्यग्दर्शनम्।** સમ્યગ્દર્શનનું કથન પૂરું થયું.

હવે ત્રણ પ્રકારના મોક્ષ-માર્ગ પૈકી બીજા ભેદની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી પ્રસ્તાવના કરતાં ભાષ્યકાર પરમર્ષિ કહે છે - **"હવે અમે જ્ઞાન વિષે કહીશું."**

**પ્રશ્ન :** તે જ્ઞાન કેવું છે ? એનો જવાબ નવા સૂત્રમાં આપે છે. **જવાબ :**

**मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥ १-९ ॥**

---

१. सर्वप्रतिषु । भावानाम्० मु. । २. पादिषु । परीक्ष्याभि० मु. ।

**टी०** मतिश्च श्रुतं चावधिश्च मनःपर्यायश्च केवलं च मतिश्रुतावधिमनःपर्यायकेवलानि, ज्ञानमिति चानेन पञ्चाप्येतानि एकं[1] ज्ञानमिति नैवं ग्राह्यम्, यथा सम्यग्दर्शनादीनि त्रीण्यपि एको मोक्षमार्ग इति, किन्तु ऐकैकमत्र ज्ञानमिति । यद्येवं ज्ञानानि[2] इति भवितव्यम्, ज्ञानबहुत्वात् **उच्यते**–सत्यमेवं, **प्रतिज्ञा[3]तरूपं तु प्रतिवचनं भवतीति** कृत्वा एकवचनं कृतं, प्रतिज्ञातं[4] चानेन ज्ञानं वक्ष्याम इति, अतस्तदनुरोधेनैकवचनं चकार आचार्यः । एकैकस्य ज्ञानतां ख्या[5]पयन्नाह–

**भा० मतिज्ञानं श्रुतज्ञानं अवधिज्ञानं मनःपर्यायज्ञानं केवलज्ञानमित्येतत् मूलविधानतः पञ्चविधं ज्ञानम् । प्रभेदास्त्वस्य परस्ता[6]द् वक्ष्यन्ते ॥ ९ ॥**

---

**સૂત્રાર્થ :** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ એ પાંચ જ્ઞાન છે.

**પ્રેમપ્રભા :** સૂત્રમાં **मतिश्रुतावधि** એ પદમાં **मतिश्च श्रुतं च अवधिश्च मनःपर्यायश्च केवलं च इति मतिश्रुतावधिमनःपर्यायकेवलानि** એમ દ્વન્દ્વ સમાસ અને બહુવચન કરેલું છે તથા **ज्ञानम्** એવા પદથી જેમ સમ્યગ્દર્શન આદિ ત્રણેય એક મોક્ષમાર્ગ છે, એમ અર્થ કરેલો, તેની જેમ આ પાંચેય (મતિ વગેરે) એક જ જ્ઞાન છે, એમ ન સમજવું, કિંતુ અહીં આ મતિ, શ્રુત વગેરે પ્રત્યેક જ્ઞાન છે, એમ અર્થ લેવો.

**પ્રશ્ન :** જો આ પ્રમાણે મતિ વગેરે પ્રત્યેકને જ્ઞાન કહેવું ઈષ્ટ હોય તો જ્ઞાન ઘણા હોવાથી સૂત્રમાં **ज्ञानानि** એમ બહુવચનનો પ્રયોગ કરવો ઉચિત છે.

**જવાબ :** આ તમારી વાત સાચી છે, પણ જે પ્રમાણે પ્રતિજ્ઞા (કહેવાનો સ્વીકાર) કરેલી હોય તે પ્રમાણે પ્રતિવચન અર્થાત્ કથન/પ્રરૂપણા કરાય છે. (**प्रतिज्ञातरूपं तु प्रतिवचनं भवति**) એવી ઉક્તિથી એકવચન કરેલું છે. અર્થાત્ પૂર્વે ભાષ્યમાં પ્રતિજ્ઞા કરી છે કે, **ज्ञानं वक्ष्यामः** । અમે જ્ઞાનને કહીશું. આમ **ज्ञानम्** એમ એકવચન વડે જ્ઞાનનો નિર્દેશ કરેલો હોવાથી તેના અનુરોધથી/બળથી/સામર્થ્યથી આચાર્ય ભગવંતે સૂત્રમાં એકવચન કરેલું સમજવું. આ મતિ વગેરે પ્રત્યેક જ્ઞાન છે, એમ જણાવતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. મનઃપર્યાયજ્ઞાન અને ૫. કેવળજ્ઞાન આ પ્રમાણે મૂળ ભેદોની અપેક્ષાએ પાંચ પ્રકારનું જ્ઞાન છે. આના (જ્ઞાનના) પેટા**

---

१. पादिषु । एकज्ञा० मु. । २. पादिषु । नादीनि० पू. । ३. पू. । ज्ञारूप० मु. । ४. लि.कै.जै. प्रतिज्ञातं व० पू. । ५. पादिषु । प्रख्या० मु. । ६. टीकानु० । पुर० मु. ।

**टी० मतिज्ञानं श्रुतज्ञानमित्यादि** । मननं मतिः परिच्छेद इत्यर्थः । शेषकारकेष्वपि यथासम्भवं नेया[1], ज्ञातिर्ज्ञानं[2] वस्तुस्वरूपावधारणमित्यर्थः । **मतिज्ञानं**, मतेर्ज्ञानमिति समासो नैवं[3] कार्यः, मतेर्ज्ञानं किं ? येन सा गृह्यते, सा च गृह्यते केवलादिना, ततश्चोत्तरपदार्थप्राधान्यात् तत्पुरुषस्य तन्मात्रग्रहणं स्यात्, न तु इन्द्रियानिन्द्रियनिमित्तमिति, तस्मात् ज्ञानशब्दो व्यभिचारी सामान्यज्ञानवाचकः सन्निन्द्रियानिन्द्रियनिमित्तोपजातया मत्या समानाधिकरणतया विशेष्यते, मतिश्च सा ज्ञानं च **मतिज्ञानम्** । तच्च श्रोत्रेन्द्रियव्यतिरिक्तं[4] चक्षुरादीन्द्रिया-

ભેદો આગળ કહેવાશે.

## ❋ મતિ વગેરે જ્ઞાનોની વ્યત્પત્તિ/શબ્દાર્થ ❋

**પ્રેમપ્રભા : मननं मतिः**[A] મનન કરવું તે 'મતિ' એટલે બોધ કરવો/જાણવું. આ પ્રમાણે 'ભાવ'માં વ્યુત્પત્તિ કરી, તેમ કર્તા-કરણાદિ શેષ કારકોમાં પણ યથાસંભવ વ્યુત્પત્તિ કરવી. (જેમ કે, **मन्यते इति, मन्यतेऽनेनेति वा मतिः** । જે જાણે તે મતિ અથવા જેનાથી જણાય તે 'મતિ' એમ કર્તા-કરણાદિ અર્થમાં પણ વ્યુત્પત્તિ થઈ શકે છે.) તથા **ज्ञातिर्ज्ञानम्** । જાણવું તે 'જ્ઞાન' એટલે કે વસ્તુના સ્વરૂપનો નિશ્ચય/નિર્ણય કરવો. (અહીં પણ **जानाति इति** અથવા **ज्ञायतेऽनेन इति ज्ञानम्** એમ કર્તા-કરણાદિમાં પણ 'જ્ઞાન' શબ્દની વ્યુત્પત્તિ થઈ શકે છે, એમ સમજવું.)

**मतिज्ञान** એવા શબ્દમાં **मतेर्ज्ञानम्** = મતિનું જ્ઞાન એ પ્રમાણે વિગ્રહ કરીને સમાસ ન કરવો, કારણ કે તેમ કરવામાં 'મતિનું જ્ઞાન' શું હોઈ શકે ? મતિનું જ્ઞાન એટલે મતિ સંબંધી (વિષયક) જ્ઞાન અર્થાત્ જે જ્ઞાનથી મતિ જણાય. તે તો કેવળજ્ઞાનાદિ વડે જણાવાથી તેનું પણ ગ્રહણ થાય. આમ તત્પુરુષ-સમાસ એ ઉત્તરપદની પ્રધાનતાવાળો હોવાથી પૂર્વોક્ત રીતે ષષ્ઠીથી (મતિનું જ્ઞાન એમ) વિગ્રહ કરવામાં તો જ્ઞાનમાં ફક્ત મતિનું જ (અર્થાત્ ઇન્દ્રિય - અનિન્દ્રિય રૂપ મતિનું અથવા મતિ-જ્ઞાન રૂપ મતિનું જ) ગ્રહણ/બોધ થવાની આપત્તિ આવે. પણ પાંચ ઇન્દ્રિય તથા અનિન્દ્રિયના (મનના) નિમિત્તે થતું બીજી અનેક (જીવ/અજીવ આદિ) વસ્તુનું ગ્રહણ જે મતિ-જ્ઞાનમાં થાય છે, તેનું ગ્રહણ ન થઈ શકત.

આમ 'જ્ઞાન' શબ્દ એ સમાન્યથી (કેવળજ્ઞાનાદિ) સર્વ જ્ઞાનનો વાચક હોવાથી વ્યભિચારી છે અર્થાત્ ઇષ્ટ એવા મતિ-જ્ઞાનનો વાચક છે, તેમ પ્રસ્તુતમાં અવિષય રૂપ

१. पू. । ज्ञे० मु. । २. पादिषु, जै. ला.-शो. । ज्ञप्ति० मु. । ३. पू. लि. जै. । नै० मु. । ४. सर्वप्रतिषु । रिक्तं० मु.।

नक्षरोपलब्धिर्या तन्मतिज्ञानम् । **श्रुतज्ञानमिति** । श्रूयते तदिति, अस्मिन् पक्षे शब्दमात्रं गृह्यते, श्रुतिः श्रवणमित्यस्मिन् पक्षे ज्ञानविशेष उच्यते, स एव च ग्राह्यः श्रुतमित्यनेन। कीदृशः स इति **चेत्** ? **उच्यते**-शब्दमाकर्णयतो भाषमाणस्य पुस्तकादिन्यस्तं वा चक्षुषा पश्यतः घ्राणादिभिर्वा अक्षराणि उपलभमानस्य यद् विज्ञानं तत् सर्वं[1] श्रुतमुच्यते, तेन ज्ञानं विशेष्यते, श्रुतं च तज्ज्ञानं चेति श्रुतज्ञानम् । **अवधिज्ञानमिति** । अवशब्दोऽधःशब्दार्थः, अवधानादवधिः, ज्ञानं[2] परिच्छेदः । **एतदुक्तं भवति**-अधोऽधोविस्तृतविषयमनुत्तरोपपातिकादीनां[3][4]

કેવળજ્ઞાનાદિનો પણ વાચક છે. આથી ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ નિમિત્તથી ઉત્પન્ન થતી 'મતિ' સાથે સમાનાધિકરણરૂપે (અર્થાત્ સમાન અર્થના વાચકરૂપે) વિશેષિત કરાય છે. જેમ કે, **मतिश्च सा ज्ञानं च इति मतिज्ञानम्** । (આમ મતિ રૂપ જ જ્ઞાન લેવું, પણ અન્ય શ્રુતાદિ જ્ઞાન ન લેવું એમ વિશેષિત કરાય છે.) મતિરૂપ જ જ્ઞાન તે 'મતિજ્ઞાન' કહેવાય. અને તે શ્રોત્રેન્દ્રિય સિવાયની ચક્ષુ વગેરે ચાર ઇન્દ્રય (અને મન)વડે જે અનક્ષર રૂપ (અક્ષર સિવાયના) વિષયનું ગ્રહણ (ઉપલબ્ધિ/જ્ઞાન) તે **મતિજ્ઞાન** કહેવાય છે.

(૨) **શ્રુતજ્ઞાન : श्रूयते तदिति** 'જે સંભળાય તે શ્રુત' આ પ્રમાણે કર્મકારક અર્થમાં વ્યુત્પત્તિ કરવામાં માત્ર શબ્દનું શ્રુતજ્ઞાનમાં ગ્રહણ થાય છે. જ્યારે **श्रुतिः श्रवणम्** એમ ભાવ અર્થમાં વ્યુત્પત્તિ કરાય ત્યારે જ્ઞાન-વિશેષ અર્થાત્ (શ્રુતરૂપ) વિશિષ્ટ પ્રકારના જ્ઞાનરૂપ અર્થ **श्रुत** શબ્દ વડે કહેવાય છે. અને એ જ અર્થ **श्रुत** શબ્દ વડે ગ્રહણ કરાય છે. **પ્રશ્ન** : તે જ્ઞાનવિશેષ અર્થાત્ શ્રુતજ્ઞાન કેવું છે ?

**જવાબ** : શબ્દ વડે થતું જ્ઞાન મુખ્યત્વે **શ્રુતજ્ઞાન** કહેવાય છે. આથી શબ્દને સાંભળનારને અથવા શબ્દને બોલનારને થતું અથવા પુસ્તક વગેરેમાં લખેલાં શબ્દોને ચક્ષુરિન્દ્રિયથી જોવાથી જોનારને થતું અથવા ઘ્રાણેન્દ્રિય-આદિ શેષ ઇન્દ્રિયોથી અક્ષરોને જાણનાર એવા જીવને (શબ્દ વડે) થતું જે વિજ્ઞાન તે 'શ્રુત' કહેવાય છે. તે શ્રુત (વિશેષણ) વડે 'જ્ઞાન' પદ વિશેષિત કરાય છે. અર્થાત્ કેવું જ્ઞાન ? તો શ્રુતરૂપ જ્ઞાન તે **શ્રુતજ્ઞાન. श्रुतं च तद् ज्ञानं च इति श्रुतज्ञानम्** ।

(૩) **અવધિજ્ઞાન : अव + धा = अवधि** શબ્દમાં શબ્દ **अव**[A] એ અધઃ-શબ્દના અર્થવાળો છે અર્થાત્ 'નીચું' અર્થમાં છે. **अवधानाद् अवधिः** નીચે રહેલાં વિષયને ધારણ કરવાથી - જાણવાથી 'અવધિ' કહેવાય. 'જ્ઞાન' એટલે બોધ. કહેવાનો **ભાવ** આ પ્રમાણે

१. पादिषु । ना. मु. । २. पादिषु । धानं० पू. । ३. पादिषु । अधोवि० मु. । ४. पादिषु । पादिक० मु. ।

ज्ञानमवधिज्ञानम्, यतो बहुत्वं च विषयस्योररीकृत्यैवं व्युत्पत्तिः, अन्यथा तिर्यगूर्ध्वं वा विषयं परिच्छिन्दानस्यावधिव्यपदेशो न स्यात् । अथवा अवधिः-मर्यादा, अमूर्तद्रव्यपरिहारेण [1]मूर्तनिबन्धनत्वादेव तस्यावधिज्ञानत्वम् । तच्च चतसृष्वपि गतिषु जन्तूनां वर्तमानाना-मिन्द्रियनिरपेक्षं मनःप्रणिधानवीर्यकं प्रतिविशिष्टक्षयोपशमनिमित्तं पुद्गलपरिच्छेदि देवमनुष्य-तिर्यङ्नारकस्वामिकमवधिज्ञानमिति । अवधिश्च स [2]ज्ञानं च तदित्यवधिज्ञानम् ।

**मनःपर्यायज्ञानमिति**। मनो द्विविधं-द्रव्यमनो भावमनश्च । तत्र द्रव्यमनो मनोवर्गणा, भावमनस्तु ता एव वर्गणा जीवेन गृहीताः सत्यो मन्यमानाश्चिन्त्यमाना भावमनोऽभिधीयते ।

---

છે - નીચે નીચે જતાં વિસ્તૃત વિષયવાળું એવું અનુત્તરવાસી દેવ વગેરેનું જ્ઞાન તે **અવધિજ્ઞાન** કહેવાય. કારણ કે આ જ્ઞાનનો વિષય ઘણો છે એમ માનીને આવી વ્યુત્પત્તિ કરેલી છે. અન્યથા, જો અધઃસ્થિત વસ્તુનો જ બોધ કરતું હોય તો તિર્ચ્છું રહેલ કે ઊંચે રહેલ વિષયનો બોધ કરનારા જ્ઞાનનો અવધિ-જ્ઞાન તરીકે વ્યવહાર ન થાત. (અર્થાત્ ઉપર ઉપરના દેવલોકના દેવો યાવત્ અનુત્તરવાસી દેવો નીચે નીચે રહેલ (અધઃસ્થિત) વિષયોને જ ઘણા મોટા પ્રમાણમાં જોતાં હોવાથી ઉપર કહ્યા મુજબ વ્યુત્પત્તિ કરેલી છે, બાકી ઉપર અને તિર્ચ્છા રહેલ પદાર્થોને પણ જાણી શકે છે.)

અથવા 'અવધિ' એટલે મર્યાદા. અમૂર્ત્ત પદાર્થો/દ્રવ્યોને છોડીને મૂર્તિ એટલે રૂપી પદાર્થોને આશ્રયીને થતું હોવાથી (મર્યાદાપૂર્વક બોધ કરવાથી) 'અવધિજ્ઞાન' કહેવાય છે. આનું સ્વરૂપ બતાવતાં ટીકાકાર કહે છે, આ અવધિજ્ઞાન (૧) ચારેય ગતિઓમાં વર્તતાં જીવોને (૨) ઇન્દ્રિયની અપેક્ષા વિના મનના પ્રણિધાન = એકાગ્રતાથી જન્ય (ઉત્પન્ન થતાં) વીર્ય (પરાક્રમ)વાળું (૩) અત્યંત વિશિષ્ટ ક્ષયોપશમ રૂપ નિમિત્તથી થનારુ (૪) પુદ્ગલ (રૂપી) દ્રવ્યોનો બોધ કરનારું અને (૫) દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરકના જીવો જેના સ્વામી/માલિક/ધારક છે એવું **અવધિજ્ઞાન** છે. **અવધિશ્ચ સ, જ્ઞાનં ચ તદિતિ** અવધિ એવું જ્ઞાન તે 'અવધિજ્ઞાન'.

**(૪) મનઃપર્યાય જ્ઞાન** : મન બે પ્રકારનું છે. **(૧) દ્રવ્ય-મન** અને બીજું (૨) ભાવ-મન. તેમાં **(૧) દ્રવ્યમન** તે મનોવર્ગણાના પુદ્ગલો અને **(૨) ભાવમન** એટલે તે જ વર્ગણાઓ - જીવે ગ્રહણ કરીને તેને મન રૂપે પરિણમાવી હોય અર્થાત્ ચિંતન-મનન કરવામાં ઉપયોગમાં લેવાઈ હોય ત્યારે તે ભાવ-મન કહેવાય. આ બેમાં અહીં ભાવ-મનનું ગ્રહણ કરાય છે. તે ભાવ મનના પર્યાયો = એટલે ભેદો. તે ભેદો આ પ્રકારે હોય.

---

१. पू. । मूर्ति० मु. । २. ख.पू.लि.ला. । तज्ज्ञा० मु. । अवधिश्च ज्ञानं० पू. ।

तत्रेह भावमनः परिगृह्यते, तस्य भावमनसः पर्यायाः[1]-भेदाः मनःपर्यायास्ते चैवंविधाः- यदा कश्चिदेवं चिन्तयेत् किंस्वभाव आत्मा ? ज्ञानस्वभावोऽमूर्तः कर्ता सुखादीनामनुभविता इत्यादयो ज्ञेयविषयाध्यवसायाः परगतास्तेषु यज्ज्ञानं तेषां वा यज्ज्ञानं तन्मनःपर्यायज्ञानम्। तानेव मनःपर्यायान् परमार्थतः समवबुध्यते, बाह्यांस्त्वनुमानादेवैति[2] असौ तन्मनःपर्यायज्ञानम्। **केवलज्ञानमिति**। केवलं-सम्पूर्णज्ञेयं तस्य तस्मिन् वा सकलज्ञेये यज्ज्ञानं तत् केवलज्ञानम्, सर्वद्रव्यभावपरिच्छेदीति यावत्। अथवा केवलं एकं मत्यादिज्ञानरहितमात्यन्तिकज्ञानावरण-क्षयप्रभवं केवलज्ञानं अविद्यमानस्वप्रभेदम्। विशुद्धिप्रकर्षापेक्षा चैषामानुपूर्वीविन्यासविरचना[3]। **इतिरियत्तायां**, एतावदेव नान्यदस्तीति। **एतत्** इत्यवयवप्रविभागेन यदाख्यातं, **मूलम्** आद्यं

---

દા.ત. જ્યારે કોઈ જીવ આ પ્રમાણે ચિંતન કરે, **"આત્માનો સ્વભાવ કેવો છે ? (પછી તે વિચારે છે) આત્મા જ્ઞાનરૂપ સ્વભાવવાળો છે. અમૂર્ત (અરૂપી) છે, કર્તા છે, સુખ વગેરેનો અનુભવ કરનારો છે..."** આવા જે ભાવ-મનના પર્યાયો/ભેદો એટલે કે બીજા જીવમાં રહેલાં જ્ઞેય વસ્તુ સંબંધી જે અધ્યવસાયો છે, તેઓ વિષે જે જ્ઞાન અથવા તેના સંબંધી જે જ્ઞાન, તે **મનઃપર્યાય-જ્ઞાન** કહેવાય. તે અન્ય જીવના ભાવ-મનના પર્યાયોને અર્થાત્ અધ્યવસાયોને/ભેદોને જ પરમાર્થથી સમ્યગ્ રીતે (સાક્ષાત્) જાણે છે. જ્યારે (ઘટ, પટ, ગાય, ઘોડો, આત્મા વગેરે) બાહ્ય પદાર્થોને તો અનુમાનથી જ જાણે છે, આથી તે મનઃપર્યાયજ્ઞાન કહેવાય.

**ચંદ્રપ્રભા** : ટૂંકમાં ચિંતન/મનન કરવામાં ઉપયોગી બનેલાં/વપરાતાં મનોવર્ગણાના (દ્રવ્યમનના) પુદ્ગલોને તે સાક્ષાત્ જાણે છે અને તેના તેવા પુદ્ગલોની રચનાના આધારે અનુમાન કરીને અમુક જીવે ઘટ, પટ વગેરે ચિંતવેલું છે, એમ મનઃપર્યાય-જ્ઞાની જીવ જાણે છે.

**પ્રેમપ્રભા : (૫) કેવળજ્ઞાન :** 'કેવળ' એટલે સંપૂર્ણ જે જ્ઞેય વસ્તુ, તેના સંબંધી અથવા તેના વિષે જે જ્ઞાન, તે **કેવળજ્ઞાન** કહેવાય. અર્થાત્ સર્વદ્રવ્યો અને તેના સર્વ ભાવોનો (પર્યાયોનો) બોધ કરનારું જ્ઞાન અથવા 'કેવળ' એટલે એક (૧) મતિઆદિ જ્ઞાનથી રહિત તથા (૨) જ્ઞાનાવરણીય કર્મનો અત્યંતપણે (સંપૂર્ણ) ક્ષય થવાથી ઉત્પન્ન થતું જ્ઞાન. ટૂંકમાં જેનો કોઈ પેટાભેદ (પ્રભેદ) નથી એવું એકમાત્ર જ્ઞાન તે કેવળજ્ઞાન કહેવાય.

આ પાંચ જ્ઞાનોનો જે ક્રમ (આનુપૂર્વી) ગોઠવાયેલો છે તે તેઓની વિશુદ્ધિના પ્રકર્ષ/ઉત્કર્ષની અપેક્ષાએ છે એટલે કે ઉત્તરોત્તર આ જ્ઞાનો અધિક અધિક વિશુદ્ધિના કારણે

---

१. पा.पू.ला.लि. । मनसः पर्यायास्ते च० मु. । २. पादिषु । नादेवेत्य० मु. । ३. पू. । चनेति० मु. ।

**विधानं** भेदः, मूलं च तद्विधानं च **मूलविधानं**, तेन[1] मूलविधानेन-मूलविधानतः, पञ्चविधं मत्यादिज्ञेयपरिच्छेदि ज्ञानम् । **एतदुक्तं भवति**-मौलान् भेदानङ्गीकृत्य पञ्चविधमेव भवति । **अथ** किमन्ये एषां पञ्चानां प्रभेदाः सन्ति उत नेति ? । सन्तीत्युच्यते-**प्रभेदास्त्वस्ये**त्यादि । **प्रभेदाः** अंशा अवयवाः **अस्य** पञ्चविधस्योपरिष्टाद् वक्ष्यन्ते, मूलभेदास्तु न, कथितत्वादिति । मतिज्ञानस्यावग्रहादयः श्रुतस्याङ्गानङ्गप्रविष्टादयः, अवधिज्ञानस्य भवप्रत्ययादयः, मनःपर्यायज्ञानस्य ऋजुमत्यादयः, केवलज्ञानस्य तु न सन्त्येव ॥९॥

अथ पुरस्तात् प्रमाणनयैरधिगम इत्युक्तं, तत्र[2] न ज्ञायते किं प्रमाणमित्यत आह-**तत् प्रमाणे** इति । अथवाऽन्यैरनेकधा प्रमाणमभ्युपेतं, तद्[3]यथा-**कापिलैस्त्रिधा**

---

થાય છે. **इति** શબ્દ ઇયત્તા/ચોક્કસતા જણાવે છે - આટલાં જ જ્ઞાન છે, આ સિવાય બીજા નથી. **एतत्...** એટલે જે આ અવયવના (અંશોના/ભેદોના) વિભાગ વડે ઉપર કહ્યું, તે મૂળ એટલે કે પ્રાથમિક ભેદથી પાંચ પ્રકારનું જ્ઞેય વસ્તુનો બોધ કરનારું 'જ્ઞાન' છે. **मूलविधानतः ।** મૂળ = પ્રથમ/આદ્ય અને વિધાન = ભેદ. મૂળ એવું વિધાન તે મૂળવિધાન, તેના વડે જ્ઞેયવસ્તુનો બોધ કરનારું, મતિઆદિ પાંચ પ્રકારવાળું જ્ઞાન છે. કહેવાનું **તાત્પર્ય** એ છે કે, મૂળ ભેદોને આશ્રયીને પાંચ પ્રકારનું જ જ્ઞાન છે.

**શંકા :** શું આ પાંચ જ્ઞાનોના બીજા પ્રભેદો = પેટાભેદો છે કે નથી ?

**સમાધાન :** હા છે. આ પાંચ પ્રકારના જ્ઞાનના પ્રભેદો = પેટાભેદો/અંશો/અવયવો આગળ કહેવાશે, પણ મૂળ-ભેદો અહીં કહેવાઈ ગયા હોવાથી આગળ નહીં કહેવાય. દા.ત. (૧) મતિજ્ઞાનના અવગ્રહ આદિ ભેદો, (૨) શ્રુતજ્ઞાનના અંગપ્રવિષ્ટ, અનંગપ્રવિષ્ટ વગેરે (૩) અવધિજ્ઞાનના ભવ-પ્રત્યય આદિ (૪) મનઃપર્યાયજ્ઞાનના ઋજુમતિ વગેરે ભેદો કહેવાશે અને (૫) કેવળજ્ઞાનના તો પેટા ભેદો જ નથી. (૧-૯).

**અવતરણિકા : પ્રશ્ન :** પૂર્વે પ્રમાણ અને નયો વડે જીવાદિ પદાર્થોનો વિસ્તારથી અધિગમ/બોધ થાય છે એમ કહેલું. તેમાં પ્રમાણ શું છે ? એ જણાતું નથી. આના જવાબમાં આગળનું સૂત્ર કહે છે.

### ※ જુદાં જુદાં દર્શનોમાં સ્વીકારેલાં પ્રમાણોની સંખ્યા ※

અથવા (આગળના સૂત્રનું બીજી રીતે અવતરણ કરતાં ટીકાકાર કહે છે-) અન્ય

---

१. ख.पू.ला.-शो. । ना. मु. । २. ख.पा.ला.-शो.लि. । ना. मु. । ३. सर्वप्रतिषु । ना. मु. ।

प्रत्यक्षानुमानागमभेदात्, **अक्षपादेन** चत्वारि सहोपमानेन, **मीमांसकैः** षड्अर्थापत्त्यभावाभ्यां सह, **मायासूनवीयैर्द्वे** प्रत्यक्षानुमाने **काणभुजैश्च** द्वे त्रीणि वा दर्शनभेदात्, भवतां कथमित्यत आह- [१]तत् प्रमाणे ।

## सू० तत् प्रमाणे ॥ १-१० ॥

**भा० तदेतत् पञ्चविधमपि ज्ञानं द्वे प्रमाणे भवतः परोक्षं प्रत्यक्षं च ॥१०॥**

**टी०** तच्छब्द एतदित्यस्यार्थे, पञ्चविधमपि मत्यादिज्ञानं द्वे प्रमाणे भवत इत्येतदत्र विधीयमानं, द्वे एव प्रमाणे भवतः, नान्यत् प्रमाणमस्ति । **ननु** चान्यैरनेकधा कल्पितं,

---

મતવાળાઓએ (દર્શનવાળાઓએ) અનેક પ્રકારે પ્રમાણ સ્વીકારેલું છે. તે આ પ્રમાણે - (૧) **કાપિલ** એટલે કપિલ ઋષિ પ્રણીત મતવાળાઓ વડે ત્રણ પ્રકારનું પ્રમાણ માનેલું છે, પ્રત્યક્ષ, અનુમાન અને આગમ. (૨) **અક્ષપાદ** એટલે ન્યાયદર્શનના પ્રણેતા ગૌતમ મુનિ. તેઓ વડે ઉપમાન સહિત પૂર્વોક્ત ત્રણ એમ ચાર પ્રમાણો સ્વીકારાયા છે. (૩) **મીમાંસકો** અર્થાપત્તિ અને અભાવ સહિત પૂર્વોક્ત ચાર, એમ કુલ છ પ્રમાણનો સ્વીકાર કરે છે. (૪) **માયાસૂનુ** એટલે બુદ્ધ... તેઓના અનુયાયીઓએ પ્રત્યક્ષ અને અનુમાન એમ બે જ પ્રમાણો માનેલાં છે. જ્યારે (૫) **કણભુજ** એટલે કણાદ ઋષિ, તેઓના મતવાળા અર્થાત્ વૈશેષિક દર્શનવાળાઓએ પૂર્વોક્ત બે અથવા આગમ (પ્રમાણ) સહિત પૂર્વોક્ત બે, એમ ત્રણ પ્રમાણો અંગીકાર કરેલાં છે. આમ જુદાં જુદાં દર્શનવાળાઓએ જુદી જુદી રીતે પ્રમાણો માનેલાં છે. આથી આપના મતે શું છે ? કેટલાં પ્રમાણો છે ? એવા પ્રશ્નના જવાબમાં નવું સૂત્ર ઉપસ્થિત કરે છે. **જવાબ :**

### तत् प्रमाणे ॥ १-१० ॥

**સૂત્રાર્થ :** તે (પાંચ પ્રકારનું જ્ઞાન) બે પ્રકારનું પ્રમાણ છે.

**ભાષ્ય : આ પાંચેય પ્રકારનું જ્ઞાન એ બે પ્રકારનું પ્રમાણ છે. એક (૧) પરોક્ષ અને બીજું (૨) પ્રત્યક્ષ. (૧૦)**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **तद्** શબ્દ **एतद्** શબ્દના અર્થમાં છે. આ પાંચેય પ્રકારનું મતિ આદિ જ્ઞાન એ બે પ્રકારનું પ્રમાણ થાય છે, એમ આ સૂત્રમાં વિધાન કરાય છે. આથી આ ૧. પરોક્ષ અને ૨. પ્રત્યક્ષ એમ બે જ પ્રમાણો છે, એ સિવાય બીજું પ્રમાણ નથી.

**શંકા :** અન્ય દાર્શનિકો વડે અનેક પ્રકારના પ્રમાણોની કલ્પના કરેલી છે. તો 'બે જ

---

१. पू. । पदद्वयं ना. मु. ।

कथं पुनरवध्रियते द्वे एवेति ? । **उच्यते**-अन्येषामत्रैवान्तर्भावात् प्रमाणान्तरत्वं निवार्यते, न प्रमाणत्वम् । कानिचिद्वा नैव प्रमाणानि, एतच्च द्वयमुत्तरत्र भाष्यकार एव दर्शयिष्यति। अथ द्वे प्रत्यक्षानुमाने इत्येवं द्वयं ग्राह्यमुतान्यथेत्याह-एवं चान्यथेति च दर्शयति, '**परोक्षं प्रत्यक्षं** च इति । प्रत्यक्षमित्येवं परोक्षमिति च अन्यथा, परोक्षं चास्माद् अनुमानमिति नोक्तं, सिद्धान्ते परोक्षमित्युपन्यासात् । *"तं समासओ दुविहं पन्नत्तं, तंजहा-पच्चक्खं परोक्खं च"* [**नन्दीसूत्रे सू०२**] इति । परैः इन्द्रियैरुक्षा-सम्बन्धनं यस्य ज्ञानस्य तत् परोक्षं ज्ञानम्। **एतदुक्तं भवति**-इन्द्रियैर्निमित्तैः सद्भिर्यज्ज्ञानमात्मनि सम्बन्धमनुयाति तत् परोक्षं मतिश्रुतरूपम् ।

પ્રમાણો છે' એવો નિશ્ચય આપ શાથી કરો છો ?

**સમાધાન :** અન્ય પ્રમાણોનો આ બે જ પ્રમાણોમાં અંતર્ભાવ/સમાવેશ થઈ જતો હોવાથી તેનો અલગ પ્રમાણ તરીકે નિષેધ/નિવારણ કરાય છે. અર્થાત્ (આ અપેક્ષાએ) તેને અલગ પ્રમાણ તરીકે સ્વીકારેલાં નથી. અથવા અન્ય વડે સ્વીકૃત પ્રમાણોમાંથી કેટલાંક તો પ્રમાણ જ નથી. આ બન્નેય વસ્તુ અહીં આગળ ભાષ્યકાર પોતે જ બતાવશે.

**પ્રશ્ન :** બે પ્રમાણો કઈ રીતે લેવાના છે ? દર્શન-શાસ્ત્રોમાં પ્રસિદ્ધ ૧. પ્રત્યક્ષ અને ૨. અનુમાન એ પ્રમાણે બે પ્રકારો ગ્રહણ કરવાના છે કે બીજી રીતે ?

## ❋ જૈનદર્શનમાં બે પ્રકારના પ્રમાણો ❋

**જવાબ :** આ પ્રમાણે (પ્રત્યક્ષ-અનુમાન એમ) પણ બે પ્રકારો લેવાના અને બીજી રીતે પણ બે પ્રકારો ગ્રહણ કરવા યોગ્ય છે. એમ જણાવતાં ભાષ્યમાં કહે છે કે, **परोक्षं प्रत्यक्षं च** । (૧) પરોક્ષ અને (૨) પ્રત્યક્ષ એમ બે પ્રમાણો છે. આમાં 'પ્રત્યક્ષ' અંશ તમે કહ્યા મુજબ ગ્રહણ કરાય છે. અને બીજો 'પરોક્ષ' ભેદ એ જુદા સ્વરૂપે ગ્રહણ કરાય છે. અહીં પ્રત્યક્ષની અપેક્ષાએ અનુમાન એ 'પરોક્ષ' છે માટે તેનું કથન કરેલું નથી, કારણ કે સિદ્ધાંતમાં 'પરોક્ષ' એ પ્રમાણે તેનો ઉલ્લેખ કરેલો છે. અર્થાત્ 'અનુમાન'ને ઠેકાણે 'પરોક્ષ'ને પ્રમાણરૂપે કહેલ છે.

**નંદીસૂત્રમાં** કહ્યું છે કે, **तं समासओ दुविहं पन्नतं, तं जहा - पच्चक्खं परोक्खं च।** (સૂ૦ ૨) **સૂત્રાર્થ :** તે પ્રમાણ સંક્ષેપથી બે પ્રકારે કહેલું છે. તે આ રીતે - ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ. તેમાં **(૧) પરોક્ષ:** પર = એટલે ઇન્દ્રિયો, તેઓની સાથે **उक्षा** એટલે સંબંધ, જે જ્ઞાનનો હોય તે 'પરોક્ષ' જ્ઞાન કહેવાય. કહેવાનો **આશય** એ છે કે વિદ્યમાન એવી

१. ख.पू.ला. । चिच्च० मु. । २. सर्वप्रतिषु । संबन्धो० मु. ।

यत् पुनरिन्द्रियादिनिर्[1]मित्तनिरपेक्षमात्मन एवोपजायते तत् प्रत्यक्षम् । द्विविधेऽपि परोक्ष[2]प्रत्यक्षे ज्ञाने यः साकारांशः स प्रमाणव्यपदेशमश्नुते, यथाभिहितम् –

**"साकारः प्रत्ययः सर्वो, विमुक्तः संशयादिना ।**
**साकारार्थपरिच्छेदात्, प्रमाणं तन्मनीषिणाम् ॥"**

इति साकारांशस्य प्रमाणताऽवसेयेति । प्रमीयतेऽनेनेति **प्रमाणम्**, मीयतेऽनेनेति [3]वा मानं, परिनिष्पन्नेन मानशब्देन सह प्रशब्दस्योपपदसमासः, प्रगतं प्रकृष्टं वा[4] मानं प्रमाणम्, प्रमेयपरिच्छेदार्थिनः प्रमातुस्तत्परिच्छेदसिद्धिप्रधानाङ्गमतिशयोपकारित्वात्, प्रकृष्टं मानं प्रमाणम् । वाक्यज्ञानद्वैविध्यात् द्विविधं, प्रत्यक्षपरोक्षभेदाद् वा । अथवा सर्वमेव ज्ञानं प्रत्यक्षं

---

નિમિત્તભૂત ઇન્દ્રિયો વડે જે જ્ઞાન આત્મામાં સંબંધ પામે (અર્થાત્ ઉત્પન્ન થાય) તે **પરોક્ષ** જ્ઞાન કહેવાય અને તે ૧. મતિજ્ઞાન અને ૨. શ્રુતજ્ઞાન રૂપ છે. (૨) **પ્રત્યક્ષ :** વળી જે ઇન્દ્રિય વગેરે નિમિત્તની અપેક્ષા વિના જ સીધું આત્મામાં ઉત્પન્ન થાય છે તે **પ્રત્યક્ષ** જ્ઞાન કહેવાય છે. (શેષ અવધિ વગેરે ત્રણ જ્ઞાનો પ્રત્યક્ષ છે.)

ઉપર કહેલાં બન્નેય પ્રકારના પરોક્ષ અને પ્રત્યક્ષરૂપ જ્ઞાનમાં જે સાકાર-અંશ એટલે કે વિશેષ-બોધરૂપ અંશ છે, તે 'પ્રમાણ' તરીકે વ્યવહાર પામે છે. જે કારણથી કહ્યું છે કે, **साकारः प्रत्ययः सर्वो, विमुक्तः संशयादिना । साकारार्थ-परिच्छेदात्, प्रमाणं तन्मनीषिणाम् ॥ १ ॥ અર્થ :** સંશય આદિથી રહિત એવો સર્વ પ્રત્યય = પ્રતીતિ એ સાકાર (વિશેષબોધ) રૂપ હોય છે. તથા સાકાર = આકારસહિત વિશેષરૂપ અર્થનો બોધ કરવાથી પંડિતોના મતે તે સાકાર-બોધ પ્રમાણ છે. આ પ્રમાણે, આવા વચનથી જ્ઞાનનો સાકાર-અંશ પ્રમાણ છે, એમ જાણવું.

'પ્રમાણ' શબ્દની વ્યુત્પત્તિ કરતાં ટીકાકાર કહે છે, **प्रमीयतेऽनेन इति प्रमाणम् ।** જેના વડે પ્રમાત્મક/નિશ્ચયાત્મક જ્ઞાન કરાય તે **'પ્રમાણ'** કહેવાય અથવા જેના વડે મપાય તે માન. **मीयतेऽनेन मानम् ।** આ પ્રમાણે નિષ્પન્ન થયેલાં **માન** શબ્દની સાથે **પ્ર** શબ્દનો ઉપપદ-સમાસ થાય છે. **प्रगतं, प्रकृष्टं वा मानं इति ( प्र + मान ) प्रमाणम् ।** પ્રકર્ષને પામેલું અથવા પ્રકૃષ્ટ એવું જે માન(માપવાનું/જાણવાનું સાધન) તે **પ્રમાણ** કહેવાય. **પ્રમેય** એટલે જીવાદિ વસ્તુનો બોધ કરવાને ઇચ્છુક એવા **પ્રમાતા** = જ્ઞાન કરનાર આત્માને જીવાદિ પ્રમેય વસ્તુના બોધની સિદ્ધિમાં જે પ્રધાન/મુખ્ય સાધન(અંગ) હોય. અર્થાત્

---

१. पादिषु । यादिनिर० मु. । २. पादिषु । प्रत्यक्ष परो० मु. । ३. पादिषु । ना. मु. । ४. ख. पू. । ना. मु. ।

मनइन्द्रियजीवेषु अक्षशब्दस्य रूढत्वात्, सावरणानावरणविशेषात् तु भिद्यते । सावरणानां तावत् त्रितयाभिमुख्येना-स्मदादीनां प्रत्यक्षमेव ज्ञानम्, तद्यथा-आत्माभिमुख्येन स्वप्ने भयहर्षन[1]भोगमनराज्यलाभादि । मनआभिमुख्येन स्मरणप्रत्यभिज्ञानवितर्कविपर्ययनिर्धारणादि, इन्द्रियाभिमुख्याच्चक्षुरादिविषय[2]रूपादिवत्, निरावरणानामात्माभिमुख्येनैव, अभ्यात्मं तु स्वयंदृशां प्रत्यक्षज्ञानिनां, विशुद्धशब्दनयाभिप्रायेण चेदमेकमेव प्रत्यक्षं प्रमाणमिति । **आचार्य-सिद्धसेनो**ऽप्याह-

---

અતિશય ઉપકારક હોવાથી પ્રકૃષ્ટ એવું માન (જ્ઞાનનું સાધન) હોય તે 'પ્રમાણ' કહેવાય. આ પ્રમાણે '**प्रमाण**' શબ્દની વ્યુત્પત્તિ કરવામાં બે પ્રકારના વાક્ય વડે કરાતા જ્ઞાનના બે પ્રકાર હોવાથી પ્રમાણ બે પ્રકારે છે. અથવા ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ એવો ભેદો વડે 'પ્રમાણ' બે પ્રકારે છે.

### ❋ વિશુદ્ધ શબ્દનયથી એક જ પ્રમાણ : પ્રત્યક્ષ ❋

અથવા તો **अक्ष** શબ્દ ૧. મન, ૨. ઇન્દ્રિય અને ૩. જીવ એ ત્રણેય અર્થમાં રૂઢ હોવાથી સર્વ પ્રકારનું જ્ઞાન '**प्रत्यक्ष**' રૂપે છે. આથી મન આદિથી થતું જ્ઞાન પણ 'પ્રત્યક્ષ' કહેવાય. ફક્ત **૧. સાવરણ** અને **૨. અનાવરણ** એ બે તફાવતના લીધે તેના બે ભેદ પડે છે. **(૧) સાવરણ** એટલે (કર્મરૂપી) આવરણ સહિત આપણા જેવા છદ્મસ્થ જીવોને મન આદિ ત્રણેય પ્રકારની વસ્તુની અભિમુખતા થવાથી એક 'પ્રત્યક્ષ' જ જ્ઞાન થાય છે. તે આ રીતે - **(૧) આત્માની અભિમુખતા** થવાથી સ્વપ્નમાં ભય, હર્ષ, ભોગ, ગમન (જવું), રાજ્યનો લાભ આદિ જ્ઞાન થાય છે. તથા **(૨) મનની અભિમુખતાથી** સ્મરણ, પ્રત્યભિજ્ઞા, વિતર્ક, વિપર્યય, નિર્ધારણ (નિશ્ચય) આદિ રૂપ જ્ઞાન થાય છે. તથા **(૩) ઇન્દ્રિયોની અભિમુખતા** વડે ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના વિષયભૂત રૂપ આદિ વિષયક જ્ઞાન થાય છે. આ બધાં સાવરણ જીવોને થતાં પ્રત્યક્ષ જ્ઞાન છે.

તથા જેઓ **૨. નિવારણ** છે, એટલે કે (ઘાતી કર્મોરૂપ આવરણથી રહિત) કેવળજ્ઞાની આત્માઓ છે, તેઓને ફક્ત આત્માની અભિમુખતા વડે અર્થાત્ આત્મા વડે જ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. સ્વયંદૃગ્ (સ્વયં જોનારા/દૃષ્ટિવાળા) એટલે કે પ્રત્યક્ષ-જ્ઞાની આત્માઓને આત્માની અભિમુખતા વડે જ્ઞાન થાય છે. અર્થાત્ ફક્ત આત્મા વડે જ જ્ઞાન થાય છે.

વિશુદ્ધ એવા **શબ્દ-નયના** અભિપ્રાય વડે આ એક જ પ્રત્યક્ષ પ્રમાણ છે. એ વિષયમાં

---

१. ख.पू.ला.-शो. । रोगग- मु. । २. पू. । विषयं रूपा० मु. ।

**"अभित्रि मादृशां भाज्यमभ्यात्मं तु स्वयंदृशाम् ।**

**एकं प्रमाणमर्थैक्यादैक्यं तल्लक्षणैक्यतः ॥"** [प्रमाण-द्वात्रिंशिकायाम् ? ]

अर्थैक्यं कुतः ? । तल्लक्षणैकत्वात् अर्यते-गम्यते परिच्छिद्यत इति । अथवा प्रमातव्यं प्रमेयं-प्रमातुः[१] प्रमातुमीप्सिततमं प्रमाणार्हं वा कर्मसाधनत्वानतिक्रमादेकलक्षणत्वम् ॥१०॥

તાર્કિકશિરોમણિ આચાર્યશ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજ પણ કહે છે- **अभित्रि मादृशां भाज्यमभ्यात्मं तु स्वयंदृशाम् । एकं प्रमाणमर्थैक्यादैक्यं तल्लक्षणैक्यतः ॥१॥ [પ્રમાણ-દ્વાત્રિંશિકા ?]**

**અર્થ :** મારા જેવા છદ્મસ્થ (સાવરણ) જીવના વિષયમાં ત્રણ વસ્તુ (આત્મા, મન અને ઇન્દ્રિય)ની અભિમુખતાએ જ્ઞાન થવામાં ભજના છે, વિકલ્પ છે. જ્યારે કેવળજ્ઞાનીઓને ફક્ત આત્માની અભિમુખતાએ જ્ઞાન થાય છે. આમ હોવાથી (વિશુદ્ધ શબ્દનયના અભિપ્રાયથી) (પ્રત્યક્ષરૂપ) એક જ પ્રમાણ છે. કારણ કે, (પ્રત્યક્ષ પ્રમાણના) અર્થનો અભેદ છે.

**પ્રશ્ન :** અર્થનો અભેદ/એકતા શાથી છે ?

**જવાબ :** અર્થના લક્ષણનો અભેદ હોવાથી અર્થનો/પદાર્થનો અભેદ છે. તે આ રીતે- **अर्यते-गम्यते** - જે જણાય તે 'અર્થ' કહેવાય. આવું અર્થનું લક્ષણ પૂર્વોક્ત પ્રત્યક્ષ પ્રમાણથી જણાતાં તમામ પદાર્થોમાં ઘટતું હોવાથી અર્થનું ઐક્ય છે, અભેદ છે. (અને અર્થનું ઐક્ય હોવાથી પ્રમાણ પણ એક જ છે.) **અથવા** પ્રમાતવ્ય એટલે પ્રમેય એનો અર્થ છે - પ્રમાતા = એટલે પ્રમાજ્ઞાનના કરનાર આત્મા વડે પ્રમા = નિશ્ચય રૂપ જ્ઞાન કરવાને ઇપ્સિતતમ = અત્યંત ઇષ્ટ વસ્તુ, અથવા પ્રમાણાર્હ = પ્રમાણ વડે જાણાવાને યોગ્ય, અર્થાત્ જ્ઞેય વસ્તુ. આ બધાંય અર્થના (પદાર્થના) ના વાચક પ્રયોગો એ વ્યાકરણની દષ્ટિએ કર્મ-કારક અર્થમાં જ બનેલાં છે, પણ કર્મ (કારક/સાધન) અર્થનું ઉલ્લંઘન થતું ન હોવાથી તે અર્થોનું એકલક્ષણત્વ = એક લક્ષણવાળાપણું છે. (અહીં 'કર્મ' અર્થમાં જ પ્રત્યય લાગવાથી 'કર્મ'રૂપ એક લક્ષણને લઈને સૂત્રની પ્રવૃત્તિ થઈ છે, માટે એક (સમાન) લક્ષણ કહેવાય.) (૧/૧૦)

**અવતરણિકા :** આ પૂર્વોક્ત સૂત્રમાં એવા વિવેકનો (પૃથક્કરણ = વિભાગનો) નિશ્ચય કહેલો નથી કે પાંચ પ્રકારના જ્ઞાનમાં કયું જ્ઞાન પરોક્ષ છે અથવા પ્રત્યક્ષ છે ? આથી

१. ख. पू. । ना. मु. ।

अयमिदानीं विवेको नावधृतः[1] पञ्चविधस्य मध्ये-किं परोक्षं किं वा प्रत्यक्षमिति, तद्विवेकावधारणाय आह -

## सू० आद्ये परोक्षम् ॥ १-११ ॥

**भा० आदौ भवमाद्यम् । आद्ये[2] सूत्रक्रमप्रामाण्यात् प्रथमद्वितीये शास्ति, तदेवमाद्ये-मतिज्ञानश्रुतज्ञाने परोक्षं प्रमाणं भवतः ।**

**टी०** सूत्रोपात्ताऽऽद्यशब्दार्थोऽन्यथाऽवगमयितुं न शक्यते परस्मायित्यतो व्युत्पत्त्या[3]- **आदौ भवमाद्यम्**, यस्मात् परमस्ति न पूर्वमादिः सः विवक्षावशात्, तत्र भवं, दिगादित्वाद्यत् । आद्यं चाद्यं चेत्याद्ये इति, प्रतिविशिष्टेन च क्रमेण व्यवस्थितानां आद्यव्यपदेशो दृश्यते, तद्यथा-अयं यतिरेषां विशिष्टक्रमभाजामाद्य इति । एवमत्रामूर्तानां ज्ञानानां क्रमसन्निवेशो

આવા વિવેકનો નિશ્ચય કરવા માટે આગળનું સૂત્ર કહે છે-

## आद्ये परोक्षम् ॥ १-११ ॥

**સૂત્રાર્થ :** પહેલાં બે (મતિ અને શ્રુત) જ્ઞાન પરોક્ષ છે.

**ભાષ્ય : આદિમાં થનારું હોય તે 'આદ્ય' કહેવાય. आद्ये શબ્દ સૂત્રમાં કહેલા ક્રમના હિસાબે પહેલાં અને બીજા જ્ઞાનને જણાવે છે. આથી આ પ્રમાણે, અર્થ થાય - आद्ये = પહેલાં બે (૧) મતિજ્ઞાન અને (૨) શ્રુતજ્ઞાન એ 'પરોક્ષ' પ્રમાણ છે.**

**પ્રેમપ્રભા :** સૂત્રમાં મૂકેલાં જે **आद्य** શબ્દ છે, તેનો અર્થ અન્ય રીતે બીજાને બોધ કરાવવો શક્ય ન હોવાથી તેની વ્યુત્પત્તિ કરવા વડે ભાષ્યમાં કહે છે- **आदो भवं, आद्यम्** । જે આદિમાં = શરૂઆતમાં થયેલ (મૂકેલ) હોય તે 'આદ્ય' કહેવાય. અર્થાત્ જેની પરમાં/પાછળ કંઈક હોય પણ પૂર્વમાં કાંઈપણ ન હોય તે વિવક્ષાના વશથી (તાત્પર્યના બળથી) 'આદિ' કહેવાય. **तत्र भवं** તેમાં થનારું હોય તે **( आदि + य ) 'आद्य'** કહેવાય. આ શબ્દ વ્યાકરણના **दिगादि** ગણમાં હોવાથી [**'दिगादिदेहांशाद् यः**, સિ. હે. સૂ૦ ૬-૩-૧૨૪થી'] **य** પ્રત્યય લાગેલો છે. પછી **आद्यं च आद्यं चेति** [A]**आद्ये** એમ [દ્વન્દ્વ-એકશેષ સમાસ] થાય છે. અમુક વિશિષ્ટ ચોક્કસક્રમે રહેલ વસ્તુનો 'આદ્ય' તરીકે વ્યવહાર થતો દેખાય છે. જેમ કે, આ યતિ/સાધુ આ વિશિષ્ટ-ક્રમવાળા વ્યક્તિઓમાં આદ્ય છે, પ્રથમ છે. કિન્તુ, આ પ્રમાણે અહીં અમૂર્ત્ત એવા જ્ઞાનના ક્રમની રચના/ગોઠવણ કરવી દુર્ઘટ

१. ख.पा.ला.लि. । नाधिकृतः० पू. । २. लि.-भा. । टीकानु० । ना. मु. । ३. सर्वप्रतिषु । पत्त्याह० मु. ।

दुरुपपाद इति मत्त्वा ब्रवीति-**आद्ये** इति, **सूत्रक्रमप्रामाण्यात्,** सूत्रं चासन्नमप्यनन्तरं त्यज्यते तत् प्रमाणे (१-१०) इति सन्निवेशाभावात्, तस्मात् परमेव मतिश्रुतादि ग्राह्यम् । तत्र क्रमः परिपाटी, सूत्रे क्रमः **सूत्रक्रमः,** तस्य **प्रामाण्यम्** आश्रयणं तस्मात् । **प्रथमद्वितीये** मतिश्रुते, **शास्ती**ति च ग्रन्थकार एव द्विधा आत्मानं विभज्य सूत्र[1]भाष्यकाराकरेणैवमाह- **शास्ती**ति, सूत्रकार इति शेषः । अथवा पर्यायभेदात् पर्यायिणो भेद इति अन्यः सूत्रकारपर्यायोऽन्यश्च भाष्यकारपर्याय इत्यतः सूत्रकारपर्यायः शास्तीति । तदेवमाद्यव्यपदेशे सिद्धे सुखेन वक्तुं शक्यते, किमिति **चेत्, उच्यते-मतिज्ञानश्रुतज्ञाने** द्वे अपि **परोक्षं प्रमाणं भवतः ।** शेषमनूद्य परोक्षप्रमाणता विधीयते । **कुत** इति[2] प्रश्नयितु**रयमभिप्रायः**-यमयं

---

છે, દુઃશક્ય છે, એમ માનીને ભાષ્યકાર કહે છે, **आद्ये** = પહેલાં બે. આ શબ્દ સૂત્રના ક્રમના આશ્રયથી (પ્રમાણથી) પહેલાં બે જ્ઞાનને કહે છે, એમ સમૂહાર્થ છે. અહીં જો કે **तत् प्रमाणे ( १-१० )** સૂત્ર સૌથી નજીક છે, તો પણ તેમાં પાંચ જ્ઞાનના ક્રમની રચના ન હોવાથી તેને છોડી દઈને તેની પૂર્વમાં રહેલું **मतिश्रुतावधि० ॥ १-९ ॥** સૂત્રનું ગ્રહણ કરવું. તેમાં ક્રમ = એટલે પરિપાટી. સૂત્રને વિષે ક્રમ છે તે સૂત્રક્રમ. તેના પ્રામાણ્યથી = એટલે કે આશ્રય કરવાથી **आद्ये** શબ્દ પ્રથમ-દ્વિતીય એવા મતિ અને શ્રુત જ્ઞાનને કહે છે.

અહીં **शास्ति** = એટલે કહે છે. સૂત્રકાર અને ભાષ્યકાર એક જ છે. આથી ગ્રંથકાર પોતે જ પોતાને સૂત્રકાર રૂપે અને ભાષ્યકાર તરીકે વિભક્ત કરીને, જુદાં પાડીને ભાષ્યમાં આ પ્રમાણે કહે છે **शास्ति** । એટલે કે, 'સૂત્રકાર કહે છે' એમ અર્થ છે. ('સૂત્રકાર' શબ્દ ઉમેરવાનો છે, શેષ છે.) અથવા (સ્યાદ્વાદના આશ્રય વડે ભેદની વિવક્ષા કરાય તો) પર્યાયના/અવસ્થાના ભેદથી પર્યાયવાળાનો/પર્યાયીનો (દ્રવ્યનો) પણ ભેદ પડવાથી સૂત્રકારરૂપ પર્યાયવાળા ગ્રંથકાર જુદા છે અને ભાષ્યકાર-અવસ્થાવાળા ગ્રંથકાર જુદાં છે. આથી **शास्ति** નો 'સૂત્રકાર પર્યાયવાળા ગ્રંથકારશ્રી (ઉમાસ્વાતિજી મહારાજા) કહે છે,' એમ અર્થ છે.

**तदेवम्** - આમ આ પ્રમાણે **आद्य** શબ્દનો વિવક્ષિત અર્થ નિશ્ચિત થવાથી હવે સુખેથી કહી શકાય છે. **પ્રશ્ન :** શું સુખેથી કહી શકાય છે ? **જવાબ :** (૧) મતિજ્ઞાન અને (૨) શ્રુતજ્ઞાન એ બેય **પરોક્ષ પ્રમાણ** છે. અહીં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે પૂર્વે કહેવાઈ ગયા

---

१. ला.जै.कै. । सूत्रकारभा० मु. । सूत्रभाष्याकारेण० पू. लि.। २. पू. । इति च० मु. ।

हेतुमुपन्यसिष्यति वक्ष्यमाणं तत्रास्य व्यभिचारं दर्शयिष्यामीति । इतरोऽपि सविशेषणं हेतुं बुद्धौ न्यस्याह-**निमित्तापेक्षत्वादिति** ।

**भा० कुतः ? निमित्तापेक्षत्वात् अपायसदद्रव्य-तयामतिज्ञानम् । तदिन्द्रियानिन्द्रिय-निमित्तमिति वक्ष्यते । तत्पूर्वकत्वात् परोपदेशजत्वाच्च श्रुतज्ञानम् ॥ ११ ॥**

धूमादग्निज्ञानं परोक्षमुपजायते निमित्तापेक्षं, तद्वन्मतिश्रुते, इन्द्रियानिन्द्रियनिमित्तता[१] स्पष्टा मतेः, श्रुतस्य च । न च निमित्तापेक्षिता अनैकान्तिकी । **कथं** तर्ह्यवधिज्ञानादित्रयं

છે, તેનો અનુવાદ (પુનરુચ્ચાર) કરીને આ સૂત્ર વડે તેમાં પરોક્ષ-પ્રમાણતાનું વિધાન કરાય છે, નવું કથન કરાય છે.

**ભાષ્ય : પ્રશ્ન : શાથી (મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે) ? જવાબ : કારણ કે (તે બે જ્ઞાન) નિમિત્તની અપેક્ષાવાળા છે. અપાય અને સદ્દ્રવ્યપણાથી મતિજ્ઞાન છે. તે મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તથી થાય છે, એમ આગળ કહેવાશે. (આથી પરોક્ષ પ્રમાણ છે.)**

**(ઇન્દ્રિય અનિન્દ્રિય ઉપરાંત) મતિજ્ઞાનપૂર્વક હોવાથી અને પરોપદેશથી ઉત્પન્ન થનારું હોવાથી શ્રુતજ્ઞાન એ પરોક્ષ પ્રમાણ છે. (૧૧)**

### ❋ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ હોવાનું કારણ ❋

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** મતિ-શ્રુત એ બે જ્ઞાન શાથી પરોક્ષ પ્રમાણ કહેવાય છે ? અહીં પ્રશ્ન કરનારનો આવો **અભિપ્રાય** છે કે, આ ગ્રંથકાર આગળ કહેવાતાં જે હેતુને રજૂ કરશે, તેમાં તેઓને વ્યભિચાર-દોષ બતાવીશ. એટલે કે મતિ-શ્રુતજ્ઞાનની જે પરોક્ષ-પ્રમાણતા બતાડી છે તે બીજે પણ અવધિજ્ઞાનાદિમાં લાગુ પડે છે, એવા અનિષ્ટ સ્થળે સંબંધરૂપ વ્યભિચાર દોષ બતાવીશ એવા આશયથી પ્રશ્ન કરેલો છે.

પરંતુ આવા પૂર્વપક્ષના આશયથી વાકેફ હોવાથી ભાષ્યકાર પણ વ્યભિચાર-દોષ ન આવે તે માટે દોષ-નિવારક વિશેષણસહિત હેતુને બુદ્ધિમાં ગોઠવીને કહે છે, "નિમિત્તની અપેક્ષાવાળા હોવાથી મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ છે." જેમ ધૂમ(ધૂમાડા)રૂપ નિમિત્તથી/હેતુથી (પર્વતાદિ પાછળ રહેલ) અગ્નિનું જ્ઞાન થાય છે અને તે નિમિત્તની અપેક્ષાવાળું હોવાથી પરોક્ષ કહેવાય છે, તે પ્રમાણે મતિ અને શ્રુત જ્ઞાનો પણ પરોક્ષ જાણવા. વળી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થવામાં ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન)રૂપ નિમિત્ત હોવાનું સ્પષ્ટ જ છે.

१. पू.ला.-शो. । मित्तभावः स्पष्टः० मु. ।

निमित्तमपेक्षते ? यतोऽवधिरान्तरं[1] निमित्तं क्षयोपशममालम्ब्य बहिरङ्गं च विषयमुत्पद्यते, तथा मनःपर्यायज्ञानमपि, केवलज्ञानमपि कर्मणां ज्ञानावृतां समस्तक्षयमाश्रित्य विषयं चोत्पद्यत इति ? । **उच्यते**-इतरः सविशेषणोऽयं हेतुरित्याह-**अपायसद्द्रव्ये**त्यादि । अनेन च प्रतिज्ञार्थं विशे[2]ष्यापायसद्द्रव्येत्यादिना, ततो हेतुं सविशेषणं करिष्यति **तदिन्द्रियानी**त्यादिना ।

---

વળી નિમિત્તની અપેક્ષા હોવી તે અનૈકાન્તિકી એટલે કે વ્યભિચારી અર્થાત્ અન્યત્ર અનિષ્ટ સ્થળે પણ લાગુ પડનારી છે, એવું નથી, કિંતુ મતિ-શ્રુત રૂપ બે જ્ઞાન પૂરતી જ નિમિત્તની અપેક્ષા મર્યાદિત છે, નિયત છે. અર્થાત્ તેમાં જ ઇન્દ્રિયાદિ-નિમિત્તની આવશ્યકતા છે. અહીં પૂર્વે પ્રશ્ન કરનારે જે વ્યભિચાર-દોષને બતાવવાના ઇરાદાથી પ્રશ્ન ઉઠાવેલો, તેને રજુ કરતાં પૂર્વપક્ષ ટીકામાં પ્રશ્ન કરે છે -

**પૂર્વપક્ષ :** જો બાહ્ય નિમિત્તની અપેક્ષા હોવી તે મતિ અને શ્રુતજ્ઞાન પૂરતું સીમિત હોય, મર્યાદિત જ હોય તો પછી અવધિજ્ઞાન આદિ ત્રણ જ્ઞાનો શા માટે નિમિત્તની અપેક્ષા રાખે છે ? કેમ કે, અવધિજ્ઞાન ક્ષયોપશમ રૂપી આંતર નિમિત્તના આલંબનથી અને વિષયરૂપ બાહ્ય નિમિત્તને લઈને ઉત્પન્ન થાય છે.

આ જ રીતે મનઃપર્યાય જ્ઞાનની બાબતમાં પણ સમજવું. તેમજ કેવળજ્ઞાન પણ તે તે જ્ઞાનાવરણીય કર્મનાં સંપૂર્ણ ક્ષયને આશ્રયીને અને બહિરંગ વિષયના નિમિત્તથી ઉત્પન્ન થાય છે. આમ નિમિત્તની અપેક્ષા રૂપ હેતુ અવધિજ્ઞાનાદિમાં પણ સંબંધ પામતો હોવાથી તેને પણ પરોક્ષ માનવાની આપત્તિ આવશે.

**ચંદ્રપ્રભા :** બે પ્રકારના નિમિત્તો છે (૧) બાહ્ય અને (૨) આંતરિક (આંતર). વિષય, ઇન્દ્રિય વગેરે બાહ્ય નિમિત્ત છે અને 'ક્ષયોપશમ' એ આંતરિક નિમિત્ત છે. આ પૈકી અવધિજ્ઞાન બેયની અપેક્ષા તો રાખે જ છે. બાહ્ય વિષયની અને આંતરિક ક્ષયોપશમની. બાહ્ય વિષય ન હોય તો અવધિજ્ઞાન શાનું થાય ? એમ પ્રશ્ન કરનારનો આશય છે.

**પ્રેમપ્રભા : ઉત્તરપક્ષ :** ફક્ત 'નિમિત્તની અપેક્ષાવાળા હોવું' એટલો જ હેતુ નથી પણ વિશેષણ સહિત તે હેતુ પરોક્ષપણામાં કારણભૂત છે. આ માટે ભાષ્યમાં **अपायसद्द्रव्यतया** વગેરે કહેલ છે. આ પદો દ્વારા પ્રતિજ્ઞારૂપ અર્થાત્ કહેવાને ઇચ્છાયેલ અર્થને **अपायसद्द्रव्य०** ઇત્યાદિ વડે વિશેષિત કરીને પછી હેતુને **तदिन्द्रियाऽनीन्द्रियनिमित्तम्** ઇત્યાદિ વડે (તે મતિજ્ઞાન ઇન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તવાળું છે

---

१. सर्वप्रतिषु । तरनि० मु. । २. सर्वप्रतिषु । विशि० मु. ।

यन्मतिज्ञानं धर्मितयोपात्तं तत् कीदृशं, परोक्षं प्रमाणं[1] साध्यते ? **उच्यते**- **अपायसद्द्रव्यतया मतिज्ञानं** धर्मित्वेनोपन्यस्तम्, अपायो निश्चय ईहानन्तरवर्ती । **सद्द्रव्यमिति**, शोभनानि द्रव्याणि-सम्यक्त्वदलिकानि, अपायश्च सद्द्रव्याणि च तेषां भावः-स्वरूपादप्रच्युतिः, तयेत्थंभूतया मतिज्ञानं धर्मि । **एतदुक्तं भवति**-मतिज्ञानस्याऽवग्रहादिभेदस्य मध्ये योऽपायोंऽशस्तन्मतिज्ञानं परोक्षं प्रमाणमिति । अवग्रहेहयोरनिश्चितत्वान्न समस्ति प्रामाण्यम्[2] । स चापायः सद्द्रव्यानुगतो यदि[3] भवति न[4] मिथ्यादृष्टेरिवाशुद्धदलिककलुषितः । अतो

એમ) વિશેષિત કરાશે. અહીં પ્રશ્ન થાય કે,

**પ્રશ્ન :** જે મતિજ્ઞાનનું ધર્મી તરીકે અર્થાત્ વિશેષ્ય રૂપે ગ્રહણ કરેલું છે, તે કેવા પરોક્ષ પ્રમાણ તરીકે સધાય છે ?

### ❋ 'अपायसद्द्रव्यतया' નો વિશિષ્ટ અર્થ ❋

**જવાબ :** 'અપાય-સદ્દ્રવ્ય રૂપે' મતિજ્ઞાનનો ધર્મી તરીકે ઉપન્યાસ કહેલો છે. તેમાં 'અપાય' એટલે 'નિશ્ચય'રૂપ મતિજ્ઞાનનો ત્રીજો ભેદ, જે 'ઇહા' થયા પછી અનંતર-તરત ઉત્પન્ન થાય છે. તથા 'સદ્દ્રવ્ય' એટલે શુભ દ્રવ્યો અર્થાત્ સમ્યક્ત્વના દલિકો... **अपायश्च सद्द्रव्याणि च, अपाय-सद्द्रव्याणि । तेषां भावः, अपायसद्द्रव्यता** । અપાય અને સદ્દ્રવ્યનો ભાવ અર્થાત્ સ્વરૂપમાં રહેવું તે અપાય-સદ્દ્રવ્યતા. આવા પ્રકારના અપાય અને સદ્દ્રવ્યપણા વડે મતિજ્ઞાન એ ધર્મી (વિશેષ્ય) તરીકે છે. (એટલે કે મતિજ્ઞાન અપાય નિશ્ચય રૂપ અને સદ્દ્રવ્ય સમ્યક્ત્વના દલિકો રૂપે છે.) કહેવાનું **હાર્દ** આ પ્રમાણે છે કે, મતિજ્ઞાનના અવગ્રહાદિ ભેદોમાં જે ત્રીજો અપાય (નિશ્ચય) રૂપ અંશ/ભેદ છે, તે મતિજ્ઞાન **'પરોક્ષ'** પ્રમાણ છે.

### ❋ અવગ્રહ-ઇહા-અપાયમાં પ્રમાણની વિચારણા ❋

'અવગ્રહ' અને 'ઇહા' રૂપ મતિજ્ઞાનના પહેલાં બે ભેદો નિશ્ચયાત્મક ન હોવાથી 'પ્રમાણ'રૂપ નથી. વળી તે અપાયરૂપ મતિ-ભેદ એ જો સદ્દ્રવ્ય એટલે કે સમ્યક્ત્વના દલિકોથી સહિત હોય, પણ મિથ્યાદૃષ્ટિ જીવની જેમ (મિથ્યાત્વ મોહનીયરૂપ) અશુદ્ધ દલિકોથી કલુષિત/મલીન ન હોય તો તે અપાયરૂપ મતિભેદ **'પ્રમાણ'** ગણાય. આથી **નિષ્કર્ષ** એ આવ્યો કે, જે અપાય સ્વરૂપ મતિજ્ઞાનનો ભેદ/પ્રકાર સદ્દ્રવ્યથી અનુગત હોય,

१. पादिषु, जै. । माणं वा० मु. । २. ख.पू. । प्रमाणम्० मु. । ३. पादिषु । यदि न० मु. । ४. ख. ला-शो. तन्मिथ्या० मु. । भवमिथ्या पू. ।

योऽपायोंऽशः[1] सद्द्रव्यानुवर्ती स प्रमाणं मतिभेदः । **यदा तर्हि** दर्शनसप्तकं क्षीणं भवति तदा सद्द्रव्याभावे कथं प्रमाणता श्रेणिकाद्यपायांशस्य ? **उच्यते**-सद्द्रव्यतया इत्यनेनार्थत इदं कथ्यते-सम्यग्दृष्टेर्योऽपायांश इति । भवति चासौ सम्यग्दृष्टेरपायः । अथवा एकशेषोऽत्र

---

યુક્ત હોય તે **'અપાય'** (અર્થાત્ વિશિષ્ટ અપાય) પ્રમાણ રૂપે સમજવો.

**શંકા :** જો આ રીતે સદ્દ્રવ્યથી યુક્ત જ અપાય-અંશ રૂપ મતિજ્ઞાન એ પ્રમાણ હોય તો જ્યારે દર્શનસપ્તક (દર્શનમોહનીય આદિ ૭ પ્રકૃતિઓ)નો સંપૂર્ણપણે ક્ષય થઈ જવાથી સદ્દ્રવ્યનો અભાવ થયે છતે **શ્રેણિક** વગેરેના ક્ષાયિક સમકિતીના અપાય (નિશ્ચય)રૂપ મતિજ્ઞાનના અંશને/ભેદને પ્રમાણ શી રીતે કહેવાશે ? તે સદ્દ્રવ્યથી યુક્ત તો નથી જ ને ?

**સમાધાન :** (સાચી વાત છે, પણ) 'સદ્દ્રવ્યતયા' એમ જ મતિજ્ઞાનનું વિશેષણ ભાષ્યમાં કહ્યું છે, તેના વડે અર્થાપત્તિથી/તાત્પર્યથી તો 'સમ્યગ્દષ્ટિનો જે અપાય-અંશ' એ પ્રમાણે જ અર્થ કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ સમ્યગ્દષ્ટિ આત્માને જ સદ્દ્રવ્યનો ઉદય હોય, આથી 'સદ્દ્રવ્ય' એમ કહેવાથી સમ્યગ્દષ્ટિ આત્મા સૂચિત છે અને તેનો અપાય-અંશ વિવક્ષિત છે. **શ્રેણિક** વગેરે ક્ષીણ-દર્શનસપ્તકવાળા જીવનો જે અપાયાંશ છે એ સમ્યગ્દષ્ટિ જીવ સંબંધી જ અપાય છે. માટે તેને સદ્દ્રવ્યનો અભાવ હોવામાં પણ પ્રમાણ કહેવામાં બાધ નહીં આવે. કહેવાનો **આશય** એ છે કે, 'અપાય' રૂપ મતિભેદ સાથે જો 'સદ્દ્રવ્ય' વિશેષણ ન કહીએ તો અસદ્દ્રવ્યથી યુક્ત એવા મિથ્યાદષ્ટિ જીવના અપાય-અંશરૂપ મતિજ્ઞાનને પ્રમાણ કહેવાની આપત્તિ આવતી હતી. તેને દૂર કરવા 'સદ્દ્રવ્યરૂપ' એમ અપાય-રૂપ મતિજ્ઞાનનું વિશેષણ કહેલું છે. આથી સદ્દ્રવ્ય રૂપ અર્થાત્ 'સદ્દ્રવ્ય' સહિત એવા અપાય-અંશરૂપ મતિજ્ઞાન લેવાનું હોવાથી તે સમ્યગ્દષ્ટિ જીવ સંબંધી અપાયરૂપ મતિજ્ઞાનનું ગ્રહણ થશે. તેને જ પ્રમાણ કહેવાશે. આ પ્રમાણે 'સદ્દ્રવ્ય' શબ્દ દ્વાર સમ્યગ્દષ્ટિ જીવના જ અપાય-અંશના ગ્રહણનું તાત્પર્ય હોવાથી જેમણે દર્શન-સપ્તકનો ક્ષય કરેલો છે એવા શ્રેણિક વગેરે જીવોના અપાય-અંશ રૂપ મતિજ્ઞાન એ સમ્યગ્દષ્ટિ જીવ સંબંધી જ અપાય-અંશ હોવાથી તેનું પણ ગ્રહણ થશે અને આથી તે પ્રમાણ કહી શકાશે.

ટૂંકમાં સમ્યગ્દષ્ટિ જીવો બે પ્રકારે છે. (૧) સદ્દ્રવ્યથી સહિત અને (૨) સદ્દ્રવ્યથી રહિત શ્રેણિકાદિ. હવે જ્યારે 'સદ્દ્રવ્ય રૂપ મતિજ્ઞાન'નો અર્થ સમ્યગ્દષ્ટિ જીવનો અપાય-અંશ રૂપ

---

१. पू. । पायः० मु. ।

द्रष्टव्यः, अपायश्चापायश्चापायौ सद्द्रव्यं च सद्द्रव्यं च सद्द्रव्ये, अपायौ च सद्द्रव्ये चापायसद्द्रव्याणि तेषां भावस्तयेति । **इदमुक्तं भवति**-अपायः[1] सद्द्रव्यानुगतो यः अक्षीणदर्शनसप्तकस्य स परिगृहीतः एकेन अपायसद्द्रव्यशब्देन । तथा द्वितीयेनापायो यः सद्द्रव्यं शोभनं द्रव्यं, कश्चापायः सद्द्रव्यम् ? यः क्षीणदर्शनसप्तकस्य भवति । **एतेनैतदुक्तं भवति**-सम्यग्दर्शनिनः क्षीणाक्षीणदर्शनसप्तकस्य योऽपायो मतिज्ञानं तत् परोक्षं प्रमाणम् ।

મતિજ્ઞાન એમ અર્થ લેવાનો છે ત્યારે બન્નેય પ્રકારના સમ્યગ્દૃષ્ટિ જીવના અપાય-અંશરૂપ મતિજ્ઞાનની પ્રમાણતા સિદ્ધ થઈ જશે.

અહીં ટીકામાં કહેલ 'સમ્યગ્દૃષ્ટિ' એવા પ્રયોગ વડે **सत्संख्या० [१-८]** સૂત્રના ભાષ્યમાં કહેલ 'કેવલજ્ઞાની રૂપ' અર્થ ન લેવો. પણ સામાન્યથી સમ્યગ્દર્શનથી યુક્ત જીવ તે 'સમ્યગ્દૃષ્ટિ' એમ અર્થ કરવો. આથી **શ્રેણિકાદિ** અકેવળી સંબંધી પૂછેલાં પ્રશ્નના જવાબમાં 'સમ્યગ્દૃષ્ટિ' શબ્દનો પ્રયોગ કરવામાં પણ વિસંવાદિતા આવશે નહીં. વળી અહીં 'અપાય-અંશરૂપ' મતિજ્ઞાનવાળા જીવો લેવાના હોવાથી અહીં સમ્યગ્દૃષ્ટિ તરીકે કેવળજ્ઞાનીનું ગ્રહણ પણ અપ્રસ્તુત છે એમ જાણવું.

**પ્રેમપ્રભા : શંકા :** ઉપરોક્ત સમાધાનમાં 'સદ્દ્રવ્ય' એવા મૂળ શબ્દની 'સમ્યગ્દૃષ્ટિ સંબંધી' એવા અર્થમાં લક્ષણા કરવી પડે છે... અર્થાત્ શબ્દથી સીધો અર્થ (શક્યાર્થ) પ્રાપ્ત થતો નથી. જે ગૌરવરૂપ છે. આથી અસ્વરસ હોવાથી 'અથવા' કહીને બીજો શબ્દાર્થાનુસારી અર્થ જણાવે છે.

**સમાધાન :** અથવા '**अपायसद्द्रव्यतया**' અહીં 'એકશેષ' સમાસ થયેલો સમજવો. તે આ રીતે - **अपायश्च अपायश्च इति अपायौ । सद्द्रव्यं च सद्द्रव्यं चेति सद्द्रव्ये ।** આમ એકશેષ કરીને પછી દ્વન્દ્વસમાસ કરાય. **अपायौ च सद्द्रव्ये चेति अपाय-सद्द्रव्याणि । तेषां भावः अपायसद्द्रव्यता तया इति ।**

અહીં કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે. પૂર્વે કહેલ વિગ્રહમાં બે 'અપાય સદ્દ્રવ્ય' શબ્દો છે. તેમાંથી એક અપાય-સદ્દ્રવ્ય શબ્દથી જેણે દર્શન-સપ્તકનો ક્ષય કરેલો નથી એવા જીવનો જે સદ્દ્રવ્યથી અનુગત/યુક્ત અપાય છે, તેનો પરિગ્રહ કરેલો છે. તથા બીજા 'અપાય-સદ્દ્રવ્ય' શબ્દથી આવો અર્થ લેવાનો છે- જે અપાય રૂપ સદ્દ્રવ્ય = શુભદ્રવ્ય, એટલે કે અપાય (નિશ્ચયાત્મક મતિજ્ઞાન) રૂપે પરિણામ પામેલ જે આત્મારૂપી શુભદ્રવ્ય, તેનું ગ્રહણ થાય છે. **પ્રશ્ન :** કયો અપાય એ સદ્દ્રવ્યરૂપ છે ? અર્થાત્ શુભ આત્મદ્રવ્ય

१. पू. । पायस० मु. ।

सविकल्पमिति निमित्तापेक्षत्वाद् धूमादग्निज्ञानवदिति । एवं श्रुतेज्ञानस्यापि अपायांशः प्रमाणयितव्यः ।

सम्प्रति निमित्तापेक्षत्वादित्यस्य यो व्यभिचार[१]: पुरस्तादवाचि तत्परिजिहीर्षयेदमाह- **तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति वक्ष्यते** इत्यनेन । तदिति मतिज्ञानम्, इन्द्रियाणि-श्रोत्रा-

---

રૂપ છે ? **જવાબ :** જેઓનું દર્શન-સપ્તક (સાત કર્મપ્રકૃતિ) ક્ષીણ થઈ ગયેલ છે એવા (શ્રેણિકાદિ) આત્માઓનો અપાય (નિશ્ચય) એ સદ્દ્રવ્યરૂપ છે. (અને તે પરોક્ષપ્રમાણ છે.)

આ બધી વાતનો **સાર** આટલો જ છે કે, જેઓની દર્શન-સપ્તક રૂપ સાત કર્મપ્રકૃતિઓ ક્ષીણ થયેલી હોય તેવા (શ્રેણિકાદિ) અથવા ક્ષીણ ન થયેલી હોય તેવા કોઈપણ સમ્યગ્દર્શની (સામાન્યથી છદ્મસ્થ સમકિતી) જીવોનો જે અપાય (નિશ્ચય) - અંશરૂપ મતિજ્ઞાન છે, તે **પરોક્ષપ્રમાણ** છે. આ મતિજ્ઞાન સવિકલ્પ છે અર્થાત્ વિકલ્પસહિત હોય છે, નિર્વિકલ્પ નથી. (નિર્વિકલ્પ મતિજ્ઞાન તો નિશ્ચયરૂપ ન હોવાથી અપ્રમાણ છે.) અહીં સવિકલ્પ એટલે વિકલ્પપૂર્વક = વિચારપૂર્વક. કેમ કે તે ઇન્દ્રિય આદિ નિમિત્તની અપેક્ષાવાળું છે. જેમ કે, ધૂમાડારૂપ નિમિત્તથી થતું અગ્નિનું જ્ઞાન. અર્થાત્ આ રીતે નિમિત્તથી થતું અગ્નિનું જ્ઞાન જેમ સવિકલ્પ છે, તેમ મતિજ્ઞાન પણ સવિકલ્પ હોય છે. (અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે **मतिज्ञानं सविकल्पम्, निमित्तापेक्षत्वाद्, धूमाद् अग्निज्ञानवदिति ।**)

આ પ્રમાણે શ્રુતજ્ઞાનના પણ અપાયરૂપ અંશને પ્રમાણિત કરવો. અર્થાત્ તે અપાય (નિશ્ચય) રૂપ અંશને પરોક્ષ પ્રમાણરૂપે કહેવો.

**ચંદ્રપ્રભા :** આ શ્રુતજ્ઞાનનો અપાય (નિશ્ચયાત્મક) અંશ એ પદાર્થ (પદથી થતી અર્થની ઉપસ્થિતિ) અને મહાવાક્યાર્થના અનુસંધાન પછી ઉત્પન્ન થતાં મહાવાક્યાર્થના પરમાર્શરૂપ અથવા ઐદમ્પર્યાર્થના પરામર્શરૂપ છે, એમ અમારું તારણ છે અને આ વાતનો વિસ્તાર અમે 'જ્ઞાનબિંદુ' ગ્રંથમાં કરેલો છે. ઉપા. યશોવિજયજી કૃત ટીકા.

### ❋ 'निमित्तापेक्षत्वाद्' હેતુમાં વ્યભિચાર-દોષનું દૂરીકરણ ❋

**પ્રેમપ્રભા :** હવે **निमित्तापेक्षत्वाद्** એવા હેતુનો જે અવધિજ્ઞાનાદિ ત્રણ જ્ઞાનમાં વ્યભિચાર દોષ પૂર્વે પૂર્વપક્ષે કહેલો તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી ભાષ્યમાં કહે છે,

---

१. पू. । चारः पुनः० मु. अधिकः ।

दीनि **अनिन्द्रियं** मनः, ओघज्ञानं च तानि **निमित्तं** कारणं यस्य ज्ञानस्य तदिन्द्रियानिन्द्रियनिमित्तम् । न हीन्द्रियाणि अनिन्द्रियं च विरहय्य तस्य ज्ञानस्य सम्भवोऽस्तीति, ततश्च हेतुरेवंविधो [1]जातः-इन्द्रियानिन्द्रियनिमित्तत्वादिति । विशिष्टमेव निमित्तमिन्द्रियानिन्द्रियाख्य-मुररीकृत्य निमित्तापेक्षत्वादिति मया प्रागभ्यधायि, नास्त्यतो व्यभिचारः ।

श्रुतज्ञानस्यापि इन्द्रियानिन्द्रियनिमित्ततैव, किंतु अन्यथापि निमित्तं कथ्यते, तदाह-**तत्पूर्वकत्वात्** । **तदि**ति मतिज्ञानं **पूर्वं** पूरकं पालकं यस्य तत् तत्पूर्वकं तद्भावस्तत्पूर्वकत्वं तस्मात् तत्पूर्वकत्वात्, यावन्मतिस्तावत् तद् भवति । न तु ईत्वीदृश्यवस्थाऽस्ति यत्र तन्मतिज्ञानेन विना प्रादुःष्यात्, अतस्तन्मतिज्ञानं श्रुतज्ञानस्य पालकं भवतीति कृत्वा मतिज्ञानमेव तस्यात्मलाभनिमित्तं भवति, तस्मिन् सति तस्य भवनात् । अतः श्रुतं मतिं

---

**तदिन्द्रियानिन्द्रियनिमित्तम्** । તે મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન)ના નિમિત્તે થાય છે, એમ આગળ કહેવાશે. **तद्** એટલે મતિજ્ઞાન **इन्द्रिय** એટલે શ્રોત્ર વગેરે ઇન્દ્રિયો અને **अनिन्द्रिय** એટલે મન અને ઓઘજ્ઞાન. આ બધા નિમિત્તોવાળું અર્થાત્ આ કારણો વડે ઉત્પન્ન થનારું મતિજ્ઞાન છે. કારણ કે ઉપરોક્ત ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ કારણો વિના તે જ્ઞાનનો સંભવ નથી. આથી હેતુ આ પ્રમાણે ફલિત થાય છે કે, ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ નિમિત્તવાળું હોવાથી... (મતિજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.) આ રીતે ઇન્દ્રિય-અનિન્દ્રિય રૂપ વિશિષ્ટ જ નિમિત્તને/હેતુને મનમાં રાખીને સામાન્યથી 'નિમિત્તની અપેક્ષાવાળું હોવાથી' એવો હેતુ પૂર્વે મારા વડે કહેવાયેલ માટે હે પૂર્વપક્ષી ! અહીં હેતુમાં અનિષ્ટ (અવધિજ્ઞાનાદિ) સાથે સંબંધ રૂપ વ્યભિચાર દોષનો અવકાશ નથી.

હવે શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ નિમિત્તથી જ ઉત્પન્ન થનારું છે. કિંતુ, બીજી રીતે પણ તેના નિમિત્તો કહેવાય છે "તત્પૂર્વક (મતિજ્ઞાનપૂર્વક) અને પરોપદેશજન્ય હોવાથી શ્રુતજ્ઞાન એ પ્રમાણ છે." **तद्** = એટલે મતિજ્ઞાન છે પૂર્વમાં જેની તેવું શ્રુતજ્ઞાન છે, માટે **मतिपूर्वक** કહેવાય. મતિજ્ઞાન એ શ્રુતજ્ઞાનની પૂર્વમાં છે અર્થાત્ 'પૂરક' એટલે પોષક-જનક છે અને 'પાલક' એટલે રક્ષક છે. તે કારણથી મતિપૂર્વક શ્રુતજ્ઞાન છે. જ્યાં સુધી મતિજ્ઞાન હોય ત્યાં સુધી શ્રુતજ્ઞાન હોય છે. એવી કોઈ અવસ્થા નથી જેમાં મતિજ્ઞાન વિના શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતું હોય. આથી મતિજ્ઞાન એ શ્રુતજ્ઞાનનું પાલક છે. આ કારણથી મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાનના આત્મલાભમાં અર્થાત્ ઉત્પાદમાં કારણભૂત છે. કેમ કે મતિજ્ઞાન હોય તો શ્રુતજ્ઞાન થાય છે. આમ શ્રુતજ્ઞાન એ

---

१. पू. । ज्ञातः० मु. ।

निमित्तीकृत्य प्रवर्तमानमिन्द्रियानिन्द्रियानिमित्तं सत् कथं प्रत्यक्षव्यपदेशं लभेत[1] ? तथा **परोपदेशजत्वाच्च श्रुतज्ञानं** परोक्षं । परः तीर्थकरादिस्तस्योपदेशः, उपदिश्यते उच्चार्यते इति **उपदेशः** शब्दस्तस्मात् परोपदेशात् तीर्थकरादिशब्दश्रवणादुपजायते यत् तदिन्द्रियानिन्द्रिय-[2]निमित्तं श्रुतज्ञानं, तत्पूर्वकत्वात् परोपदेशादिति च । अनेन निमित्तभूयस्त्वं ख्यापितम् । यतः श्रुतज्ञानमुपजायमानं स्वतः प्रत्येकबुद्धादीनां मनसि सति मतिज्ञाने च सति समस्ति, अतो निमित्तद्वयमाश्रितं भवति। तथा यस्यापूर्वमेवेदानीं प्रादुरस्ति तस्य सति परोपदेशे सत्यां मतौ सत्सु चेन्द्रियानिन्द्रियेषु उदेति, *[3]अतो निमित्तभूयस्त्वापेक्षं तदिति* । अतो निमित्तभूयस्त्वापेक्षत्वात् परोक्षं तद् भण्यते ।

---

મતિજ્ઞાનને નિમિત્ત બનાવીને જ પ્રવર્તતું હોવાથી શ્રુતજ્ઞાન પણ પરંપરાએ ઇન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તથી જ થતું હોયને તેનો શી રીતે પ્રત્યક્ષજ્ઞાન (પ્રમાણ) તરીકે વ્યવહાર થઈ શકે ? અર્થાત્ ઇન્દ્રિયાદિ પરનિમિત્તક હોવાથી શ્રુતજ્ઞાનને પરોક્ષ જ કહેવું ઉચિત છે.

**परोपदेशजत्वाच्च** । તથા પરોપદેશથી ઉત્પન્ન થનારું હોવાથી શ્રુતજ્ઞાન પરોક્ષ છે. પર = એટલે તીર્થંકર આદિ. તેઓનો ઉપદેશ તે પરોપદેશ. અહીં જે ઉપદેશાય - ઉચ્ચારાય તે **'ઉપદેશ'** એટલે શબ્દ. (**उपदिश्यते इति उपदेशः - शब्दः । तस्मात् ।**) આમ પરોપદેશથી એટલે તીર્થંકરાદિ આપ્ત ભગવંતોના શબ્દના શ્રવણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ નિમિત્તવાળું **'શ્રુતજ્ઞાન'** છે. **तत्पूर्वकत्वात्** = 'મતિજ્ઞાનપૂર્વક થવાથી અને પરોપદેશથી ઉત્પન્ન થવાથી' એમ કહેવા દ્વારા શ્રુતજ્ઞાન થવામાં ઘણા નિમિત્તો છે, એમ જ્ઞાપન કરેલું છે. જે કારણથી **પ્રત્યેક બુદ્ધ** આદિ જીવને સ્વતઃ જ ઉત્પન્ન થતું શ્રુતજ્ઞાન એ મન હોતે છતે અને મતિજ્ઞાન હોતે છતે ઉત્પન્ન થાય છે. (તેઓને સંધ્યાના રંગ અથવા વૃદ્ધ બળદ આદિને જોઈને જાતિસ્મરણ જ્ઞાન થવાથી સ્વતઃ જ પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ શ્રુતજ્ઞાનના સંસ્કારો જાગૃત થવાથી તેનું મનન કરતાં શ્રુતજ્ઞાન થાય છે.) જ્યારે જે જીવને હાલમાં અપૂર્વ = નવું જ શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે, તેઓને પરોપદેશ હોતે છતે, મતિજ્ઞાન હોતે છતે અને ઇન્દ્રિય-અનિન્દ્રિય હોતે છતે શ્રુતજ્ઞાન ઉદય પામે છે - ઉત્પન્ન થાય છે. આથી આવું શ્રુતજ્ઞાન એ ઘણા નિમિત્તોની અપેક્ષાવાળું છે. આથી ઘણા-નિમિત્તોની અપેક્ષાવાળું હોવાથી તે પરોક્ષ કહેવાય છે.

---

१. ख.पा.ला.लि. । लभते० पू. । २. ख.पा.ला.लि. । तदिन्द्रियनि० पू. । ३. सर्वप्रतिषु । *...* एतच्चिह्नान्तर्गतः पाठो ना. मु. ।

ननु चेन्द्रियोपष्टम्भेनोपजायमानस्य ज्ञानस्य प्रत्यक्षत्वं लोके प्रथितं, तदपाकरणप्रवृत्तस्य लोकविरोधः । तथा इदं रूपं प्रत्यक्षमिति योऽयं प्रत्ययो नायं परोक्षे दृष्टः । न हि धूमादग्निमवगच्छतोऽयमग्निरिति संप्रत्ययो भवति, ततश्च स्वप्रतीतेरपि विरोध इति । **उच्यते**-इदं रूपं प्रत्यक्षमिति न तत्र मुख्यया वृत्त्या रूपं प्रत्यक्षं, ज्ञानमेव तु प्रत्यक्षं, तेन प्रत्यक्षेण ज्ञानेनावच्छिन्नोऽर्थः प्रत्यक्ष इत्युच्यते, तस्यै ज्ञानस्य प्रत्यक्षता निषिद्धा[२] । यतः सर्वथा तं विषयं न परिच्छेत्तुमलं, चक्षू रूपं गृह्णात्याराद्भागवर्ति, न परमध्यभागावस्थितम्,

*** બે પ્રકારના પ્રત્યક્ષ - ૧. નિશ્ચય-પ્રત્યક્ષ અને ૨. વ્યવહાર-પ્રત્યક્ષ. ***

**શંકા :** (ચક્ષુ વગેરે) ઇન્દ્રિયોના આલંબનથી/મદદથી ઉત્પન્ન થતું જ્ઞાન એ 'પ્રત્યક્ષ' હોવાનું લોકમાં પ્રસિદ્ધ છે. આથી તેને પરોક્ષ કહેવા દ્વારા તેના પ્રત્યક્ષપણાનું નિરાકરણ/નિષેધ કરવામાં પ્રવૃત્ત થયેલાં તમને લોક સાથે વિરોધ આવે છે. વળી 'આ રૂપ પ્રત્યક્ષ છે' એ પ્રમાણે જે પ્રત્યય/પ્રતીતિ/બોધ થાય છે, તે પરોક્ષ એવા અનુમાન વગેરે જ્ઞાનમાં થતો નથી. કારણ કે ધૂમ રૂપ હેતુથી (પર્વતાદિ પાછળ રહેલ પરોક્ષ એવા) અગ્નિનું જ્ઞાન કરનારને 'આ અગ્નિ છે' એવો પ્રત્યય/બોધ/અનુભવ થતો નથી. આમ પોતાને થતાં અનુભવ(પ્રતીતિ) સાથે પણ વિરોધ આવે છે. માટે ઇન્દ્રિયથી થતાં જ્ઞાનને પ્રત્યક્ષ કહેવું જોઈએ.

**સમાધાન :** '**इदं रूपं प्रत्यक्षम्** । આ રૂપ પ્રત્યક્ષ છે' એવા આકારના જ્ઞાનમાં મુખ્ય રીતિએ 'રૂપ' એ પ્રત્યક્ષ નથી, કિંતુ જ્ઞાન જ (આત્માને) પ્રત્યક્ષ છે. ફક્ત પ્રત્યક્ષ એવા તે જ્ઞાનથી જણાયેલો (રૂપાદિ) અર્થ એ 'પ્રત્યક્ષ' એમ કહેવાય છે. તે જ્ઞાનની પ્રત્યક્ષતાનો નિષેધ કરાયો છે કારણ કે ઇન્દ્રિયથી થતું રૂપાદિનું જ્ઞાન એ સર્વથા તે (ઘટાદિ) વિષયનો બોધ કરવાને સમર્થ બનતું નથી. **દા.ત.** બે ચક્ષુઓ નજીકના - આગળના બાહ્ય ભાગમાં રહેલ વસ્તુના રૂપનું ગ્રહણ કરે છે, પણ પાછળના અને મધ્યભાગમાં રહેલ રૂપનું ગ્રહણ = જ્ઞાન કરી શકતાં નથી. એ જ રીતે શ્રોત્ર વગેરે માટે પણ કહેવું. (અર્થાત્ તે પણ ઇન્દ્રિય સાથે સંબદ્ધ થયેલાં જ શબ્દાદિનું ગ્રહણ કરે છે, ઇત્યાદિ જાણવું.)

*** બે પ્રકારના પ્રત્યક્ષ અંગે નંદી-સૂત્રની સાક્ષી ***

જ્યારે અવધિ વગેરે ત્રણ જ્ઞાન તો વસ્તુને = રૂપાદિ વિષયને સર્વ રીતે અર્થાત્ આગળના-નજીકના ભાગમાં હોય કે પાછળના અથવા દૂરના ભાગમાં અથવા મધ્ય

१. इतोऽग्रे- युक्ता प्रत्यक्षता । किंच - न सर्वथेन्द्रियनिमित्तस्य० इति अधिकः मु. । २. पादिषु । निषेधात्० मु. ।

तथा श्रोत्रादि वाच्यम् । अवध्यादित्रयं पुनः सर्वात्मनाऽवगच्छति, अतस्तस्यैव युक्ता प्रत्यक्षता । किञ्च न सर्वथेन्द्रियनिमित्तस्य ज्ञानस्य प्रत्यक्षव्यपदेशो निषिध्यते, यतोऽयं निश्चयमङ्गीकृत्य भाष्यकृता प्रत्यक्षव्यपदेशो निषिध्यते, व्यवहारात्त्विष्यत एव । यतोऽभिहितं **नन्द्याम्** (सू० २-३) *"तं समासओ दुविहं पण्णत्तं, (तं० पच्चक्खं च परोक्खं च । से किं तं पच्चक्खं ? पच्चक्खं दुविहं पण्णत्तं) तं०-इन्दियपच्चक्खं नोइन्दियपच्चक्खं च"* इन्द्रियप्रत्यक्षमिति ब्रुवता व्यवहारप्रत्यक्षता[१]ऽभ्युपेता भवति । भाष्यकारस्यापि योगविभागात्

ભાગમાં રહેલ હોય - સર્વથા વસ્તુને જાણે છે. આથી (ઇન્દ્રિય વગેરેની મદદ વિના જ થવાથી) તે અવધિ આદિ જ્ઞાનનું જ **પ્રત્યક્ષપણું** કહેવું ઉચિત છે. બીજું કે સર્વથા એકાંતે ઇન્દ્રિયના નિમિત્તથી થતાં જ્ઞાનનો પ્રત્યક્ષ તરીકે વ્યવહારનો નિષેધ કરાતો નથી, કારણ કે **નિશ્ચયનયનો** આશ્રય કરીને જ **ભાષ્યકાર** વડે આ પ્રત્યક્ષ તરીકેના વ્યવહારનો નિષેધ કરાયો છે. બાકી **વ્યવહારનયની** અપેક્ષાએ તો ઇન્દ્રિય-નિમિત્તથી થતાં જ્ઞાનને 'પ્રત્યક્ષ' કહેવું ઈષ્ટ જ છે. જે કારણથી આ વિષયમાં **નંદીસૂત્ર** રૂપ આગમમાં પણ કહેલું છે કે, **"તે (જ્ઞાન) સંક્ષેપથી બે પ્રકારનું કહેલું છે. તે આ રીતે - (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ. પ્રશ્ન : તે પ્રત્યક્ષ જ્ઞાન કેવું છે ? કેટલાં પ્રકારનું છે ? જવાબ : તે પ્રત્યક્ષ બે પ્રકારનું કહેલું છે. તે આ પ્રમાણે - (૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ અને (૨) નોઇન્દ્રિય પ્રત્યક્ષ."** નંદીસૂત્ર મૂલ - **"तं समासओ दुविहं पण्णत्तंजहा- ( तं पच्चक्खं च परोक्खं च । से किं तं पच्चक्खं ? पच्चक्खं दुविहं पण्णत्तं ) तंजहा- इन्द्रियपच्चक्खं नोइन्द्रियपच्चक्खं च ।"** [नन्दी-सूत्र. **सू० २, ३**] આમાં 'ઇન્દ્રિયપ્રત્યક્ષ' એમ કહેનાર શાસ્ત્રકાર વડે (ઇન્દ્રિય-જન્ય જ્ઞાનની) વ્યવહાર-પ્રત્યક્ષતાનો સ્વીકાર કરેલો છે.

### ❋ સૂત્ર(યોગ)વિભાગ દ્વારા બન્ને પ્રત્યક્ષનું ગ્રહણ ❋

તથા ભાષ્યકારના મતે પણે યોગ-વિભાગ કરવાથી અર્થાત્ **आद्ये परोक्षं** (૧-૧૧), **प्रत्यक्षमन्यत्** (૧-૧૨) એવા બે સૂત્રોને જુદાં કરવાથી તે ઇન્દ્રિય-જન્ય જ્ઞાનં પ્રત્યક્ષ હોવું સિદ્ધ જ છે. તે સૂત્રોનો વિભાગ આ પ્રમાણે કરવો - **आद्ये परोक्षं निश्चयतः** । પહેલાં બે જ્ઞાન નિશ્ચયનયથી પરોક્ષ છે. (આમાં **निश्चयतः** પદ શેષ સમજવું.) પછી બારમાં સૂત્રનું **'प्रत्यक्ष'** પદ લઈને **आद्ये** સાથે જોડવું **प्रत्यक्षं च आद्ये व्यवहारतः** । પહેલાં બે જ્ઞાન

१. ख.पू.ला.-शो. । क्षता भव० मु. ।

तस्येन्द्रियजस्य ज्ञानस्य सिद्धा प्रत्यक्षता, स चैवं योगो विभजनीयः-**आद्ये परोक्षं** निश्चयतः, ततः **प्रत्यक्षं**, प्रत्यक्षं चाद्ये व्यवहारत[१]:, ततोऽ**न्यत्** अवध्यादि एकान्तेनैव प्रत्यक्षमिति ॥ ११ ॥

एवं परोक्षं प्रदर्श्य प्राक् प्रतिज्ञातं प्रत्यक्षं प्रमाणं कथयन्नाह -

## सू० प्रत्यक्षमन्यत् ॥ १-१२ ॥

**टी०** अन्यदिति चोक्ते जायते विचारणा-कुतोऽन्यदिति ? अवधीकृतमेव विच्छेदकारणं ख्यापयन् ब्रूते -

**भा० मतिश्रुताभ्यां यदन्यत् त्रिविधं ज्ञानं तत् प्रत्यक्षं प्रमाणं भवति । कुतः ?**

---

પ્રત્યક્ષ પણ છે - વ્યવહારનયથી. (આ પ્રમાણે ચક્ષુ વગેરે ઇન્દ્રિયોથી થતાં જ્ઞાનને પ્રત્યક્ષ પણ હોવાનું જણાવાય છે.) પછી ફક્ત **अन्यत्** પદ બાકી રહ્યું, તેની સાથે પૂર્વે છૂટું પાડેલ **प्रत्यक्षम्** પદ જોડીને તેનો અર્થ આ પ્રમાણે કરવો. - **अन्यत् अवध्यादि एकान्तेनैव प्रत्यक्षम् ।** અર્થાત્ પહેલાં બે જ્ઞાનો કરતાં અવધિ આદિ જ્ઞાન અન્ય છે, જુદા છે. અર્થાત્ એકાન્તે સર્વથા (નિશ્ચય-વ્યવહાર બેયથી) પ્રત્યક્ષ છે.

**ચંદ્રપ્રભા :** પહેલાં બે જ્ઞાન તો એક અપેક્ષાએ પરોક્ષ અને બીજી અપેક્ષાએ પ્રત્યક્ષ હતાં. જ્યારે અવધિ વગેરે ત્રણ જ્ઞાન તો એકાંતે સર્વ રીતે પ્રત્યક્ષ જ છે. માટે **अन्यत्** = પૂર્વ કરતાં જુદાં છે. અહીં **सूचनात् सूत्रम् ।** એ ન્યાયથી સૂત્ર તો કેવળ અર્થનું સૂચન કરે છે, સંક્ષિપ્ત હોય છે. માટે ઉપરોક્ત રીતે યોગ્ય પદોને જોડીને સંપૂર્ણ અર્થ કરવામાં દોષ નથી એમ જાણવું.

**અવતરણિકા :** આ પ્રમાણે પરોક્ષ પ્રમાણને બતાવીને હવે પૂર્વે જેને કહેવાની પ્રતિજ્ઞા કરી છે તે પ્રત્યક્ષ પ્રમાણને કહેવા માટે સૂત્રકાર કહે છે -

**प्रत्यक्षमन्यत् ॥ १-१२ ॥**

**સૂત્રાર્થ :** (પહેલાં બે જ્ઞાન સિવાયના) અન્ય અવધિ વગેરે જ્ઞાન પ્રત્યક્ષ છે.

**પ્રેમપ્રભા :** સૂત્રમાં **अन्यत्** એમ કહેવાથી - શાથી અન્ય ? એવો વિચાર પ્રગટે છે. અવધિ એટલે મર્યાદારૂપે કરેલી (જેનાથી જુદાં પડવાનું છે તે) વસ્તુને જ વિચ્છેદના કારણ તરીકે જણાવતાં ભાષ્યકાર કહે છે-

---

१. ख.पू.ला. । वहारः० मु. ।

**अतीन्द्रियत्वात् । प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानि ।**

**टी० मतिश्रुताभ्यामि**ति । मतिज्ञानश्रुतज्ञानाभ्यां यदन्यत्, तस्य चैकैकस्य प्रत्यक्षतां प्रकाशयन्नाह-**त्रिविधमिति ।** उक्तेऽपि चैतस्मिन् किं तत् त्रिविधमित्याह-**ज्ञानं, प्रत्यक्षं प्रमाणं भवती**ति । प्रत्यक्षं भवतीत्येतद् विधीयतेऽत्र, शेषस्यानुवाद इति । कुत इति च प्रश्नयितुरभिप्रायोऽयम्-यद्यान्तरं[1] निमित्तं क्षयोपशमः प्रत्यक्षतायाः कारणभावं प्रतिपद्यते स सर्वेषां मत्यादीनां साधारणः क्षयोपशमः कारणमस्तीति सर्वप्रत्यक्षत्वप्रसङ्ग । अथ प्रत्यक्षतायाः पृथग् निमित्तं तदुच्यतामिति, इतरस्तु असाधारणं त्रयाणां प्रत्यक्षतायाः प्रकटीकुर्वन् निमित्तमाह-**अतीन्द्रियत्वाद**िति । अतिकान्तमिन्द्रियाणि अतीन्द्रियं ज्ञानं

---

**ભાષ્ય : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી અન્ય જે ત્રણ પ્રકારનું જ્ઞાન છે, તે પ્રત્યક્ષ - પ્રમાણ છે. પ્રશ્ન : શાથી (પ્રત્યક્ષ છે) ? જવાબ : કારણ કે તે અતીન્દ્રય છે (ઇન્દ્રિય વગેરેની અપેક્ષા વિના જ થાય છે.)**

**જેઓ વડે અર્થો (જીવાદિ પદાર્થો નિશ્ચિતરૂપે) જણાય તે પ્રમાણ કહેવાય.**

**પ્રેમપ્રભા :** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જે અન્ય ત્રિવિધ જ્ઞાન છે, તે પ્રત્યક્ષ-પ્રમાણ છે. અહીં અવધિ આદિ જે અન્ય જ્ઞાન છે, તે પ્રત્યેકને પ્રત્યક્ષરૂપે જણાવતાં ભાષ્યકારે 'ત્રિવિધ' એમ કહેલું છે - અને તેમ કહેવા છતાંય 'તે ત્રિવિધ શું છે ?' એની સ્પષ્ટતા કરવા ભાષ્યમાં 'જ્ઞાન' એમ કહેલું છે. ત્રિવિધ જ્ઞાન એ પ્રત્યક્ષ-પ્રમાણ છે, એમ સમસ્ત અર્થ છે. આમાં '**प्रत्यक्षं भवति**' 'પ્રત્યક્ષ છે' એટલાં અર્થનું વિધાન કરાય છે. અને બાકીના પદોનો અનુવાદ કરાય છે. અર્થાત્ અવધિ આદિ ત્રિવિધ જ્ઞાન તો સિદ્ધ હોઈને તેનું ઉદ્દેશ્ય રૂપે કથન કરાય છે અને 'તે પ્રત્યક્ષ છે' એમ સૂત્રમાં નવું વિધાન કરાય છે.

**પ્રશ્ન :** પૂર્વોક્ત ત્રિવિધ જ્ઞાન શાથી પ્રત્યક્ષ છે ? એવો પ્રશ્ન કરનારનો (પૂર્વપક્ષનો) **આશય** આ પ્રમાણે છે - જો તમે ક્ષયોપશમ રૂપ આંતર-નિમિત્તને પ્રત્યક્ષ હોવાના કારણરૂપ માનતા હોવ તો એ ક્ષયોપ. રૂપ કારણ તો મતિજ્ઞાનાદિ સર્વજ્ઞાનોનું સાધારણ કારણ છે. આથી (મતિ આદિ) સર્વજ્ઞાનોને પ્રત્યક્ષ માનવાનો પ્રસંગ આવશે. વળી જો અવધિ આદિ જ્ઞાનના પ્રત્યક્ષપણાનું જુદું કોઈ નિમિત્ત/કારણ હોય તો તે અમને જણાવવું જોઈએ. આવા પ્રશ્નના જવાબમાં ભાષ્યકાર (ઉત્તરપક્ષ) ત્રણેય જ્ઞાનની પ્રત્યક્ષતાના અસાધારણ/વિશિષ્ટ નિમિત્તને પ્રગટ કરતાં કહે છે.

---

१. पादिषु । तरनि० मु. ।

तद्भावोऽतीन्द्रियत्वं तस्मादिति, यत् प्राणिनां ज्ञानदर्शनावरणक्षयोपशमात्, क्षयाच्च इन्द्रियानिन्द्रियद्वारनिरपेक्षमात्मानमेव केवलमभिमुखीकुर्वदुदेति तत् प्रत्यक्षं-अवध्यादि ।

एवं तत् प्रमाणे (१-१०) इति द्वित्वसङ्ख्यायाः परोक्षप्रत्यक्षाख्यो यो विषयस्तमुपदर्श्य प्रमाणशब्दार्थकथने प्रावृतद् **भाष्यकारः-प्रमीयन्तेऽर्थास्तैरिति प्रमाणानी**ति । (प्रमीयन्ते-) परिच्छिद्यन्ते-यथावन्निश्चीयन्ते सदसन्नित्यानित्यादिभेदेन **अर्था**-जीवादयस्तैरिति प्रमाणानि, करणे ल्युट् । करणं ज्ञानमात्मनः, आहितप्रधानकारणस्य स्वतन्त्रस्य कर्तुरनेककारकशक्तियुक्तस्य साधकतमत्वविवक्षावशादवच्छेदिका शक्तिरर्थस्य करणव्यपदेशमश्नुते, तया करणभूतया परिच्छिनत्ति-अवबुद्धयते ज्ञानपरिणतिरूपयाऽऽत्मैव । **तैरि**ति । प्रमाणद्वयेऽभ्युपगते

**જવાબ :** અતીન્દ્રિય હોવાથી અવધિ આદિ ત્રણેય જ્ઞાન પ્રત્યક્ષ છે. જે ઈન્દ્રિયોને ઓળંગી ગયા હોય અર્થાત્ ઈન્દ્રિયને નિરપેક્ષ હોય તે **'અતીન્દ્રિય'** જ્ઞાન કહેવાય. (**अतिक्रान्तमिन्द्रियाणि इति अतीन्द्रयम् । तस्य भाव अतीन्द्रियत्वं, तस्माद्** ।) અતીન્દ્રિયપણાથી અવધિ-આદિ જ્ઞાન પ્રત્યક્ષ છે. આનો **ફલિતાર્થ** આ પ્રમાણે છે - જીવોને જે જ્ઞાન જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી અને ક્ષયથી, ઈન્દ્રિય અને અનિન્દ્રિય (મન) રૂપ દ્વાર (માધ્યમ-સાધન)ની અપેક્ષા વિના ફક્ત આત્માને જ અભિમુખ કરવાપૂર્વક ઉદયમાં આવે છે પ્રગટ થાય છે, તે અવધિ વગેરે જ્ઞાન પ્રત્યક્ષ-પ્રમાણ છે.

## ❋ 'કરણ' (પ્રકૃષ્ટ-સાધન) અર્થમાં 'પ્રમાણ' શબ્દની સિદ્ધિ ❋

આમ **तत् प्रमाणे ॥ १-१० ॥** એ સૂત્રમાં કહેલ દ્વિત્વ સંખ્યાનો પરોક્ષ અને પ્રત્યક્ષ રૂપ જે વિષય છે, તેને બતાવીને **પ્રમાણ** શબ્દનો અર્થ કહેવા માટે પ્રવૃત્ત થયેલ ભાષ્યકાર કહે છે - **प्रमीयन्ते अर्थाः तैरिति प्रमाणानि** । જેના વડે સત્-અસત્, નિત્ય-અનિત્ય વગેરે ભેદથી જીવ વગેરે અર્થો જણાય, યથાવત્ = યથાર્થ રીતે નિશ્ચિત કરાય તે **પ્રમાણ** કહેવાય છે. અહીં 'કરણ' કારક અર્થમાં લ્યુટ્ ( **अनट्** ) પ્રત્યય લાગતાં ( **प्र + मा + अन** ) **પ્રમાણ** શબ્દ બનેલ છે. અહીં જાણનાર આત્માનું જ્ઞાન એ કરણભૂત છે. પદાર્થને જાણવામાં પ્રકૃષ્ટ સાધનરૂપ છે. **પ્રશ્ન :** (વ્યાકરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ) કરણ કોને કહેવાય ? તેની સ્પષ્ટતા કરતાં સ્વયં ટીકાકાર કહે છે - **જવાબ :** પદાર્થમાં રહેલી અમુક ખાસ શક્તિને 'કરણ' કહેવાય છે. **પ્રશ્ન :** કેવા પદાર્થમાં રહેલી શક્તિ ? **જવાબ :** (ક્રિયા-સિદ્ધિના) પ્રધાન-કારણ તરીકે હોય તથા બીજા પણ અનેક કારક જે (ક્રિયાના સાધક) રૂપ શક્તિથી

१. ख.पू.लि. । दसन्नित्यादि० पू. । २. पादिषु । तमवि० पू. ।

बहुवचनमयुक्तमिति **चेत्**, **न** व्यक्तिपक्षसमाश्रयणादिति, यतो मत्यादिकाः पञ्च व्यक्तयः, तासां बहुत्वात् समीचीनमेव बहुवचनमिति ।

યુક્ત હોય એવા જ સ્વતંત્ર કર્તા સંબંધી - જ્યારે સાધકતમત્વ એટલે કે પ્રકૃષ્ટ (પ્રધાન) સાધક તરીકેની વિવક્ષા કરાય ત્યારે તેના બળથી (અવચ્છેદિકા =) ઓળખાવનારી/નિયામક એવી તેમાં રહેલી જે શક્તિ એ 'કરણ' તરીકે કહેવાય છે. (**દા.ત.** રસોઈ પકવવા પ્રત્યે અગ્નિએ પ્રધાન કારણરૂપ શક્તિવાળો હોયને તે 'કરણ' રૂપ કહેવાય છે.) પ્રસ્તુતમાં આત્મામાં રહેલ જ્ઞાનની પરિણતિ એ 'કરણ' રૂપ શક્તિ છે અને તેના વડે આત્મા જ વસ્તુનો બોધ કરે છે.

**ચંદ્રપ્રભા :** ટૂંકમાં રાંધવું = પકાવવું રૂપી ક્રિયા કરવામાં જેમ રસોઈઓ, અગ્નિ, પાણી, તપેલી વગેરે અનેક કારક-શક્તિઓ ઉપયોગી-આવશ્યક બનતી હોય છે. આ દરેકમાં સ્વતંત્ર રીતે પાક-ક્રિયા કરવાની શક્તિ રહેલી છે. માટે સ્વતંત્ર કર્તા છે. પણ જ્યારે કોઈમાં સાધકતમત્વ = પ્રકૃષ્ટ સાધન તરીકેની વિવક્ષા કરાય ત્યારે તે શક્તિ 'કરણ' તરીકે ઓળખાય છે. પાક-ક્રિયામાં હજી તપેલીના બદલે કડાઈ હોય તો ચાલે પણ અગ્નિ વિના તો ન જ ચાલે. માટે તે પ્રકૃષ્ટ = પ્રધાન કારણ (સાધન) અર્થાત્ 'કરણ' છે, ઇત્યાદિ વ્યાકરણ-પ્રસિદ્ધ ચર્ચાનો નિર્દેશ છે, એમ જાણવું.

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે આત્મા પ્રધાન સાધનભૂત જે જ્ઞાન-પરિણતિથી જાણે છે, તે પ્રમાણ કહેવાય.

**શંકા** : તમે પ્રમાણ બે જ માનેલાં છે. આથી **तैः** એ પ્રમાણે (વ્યુત્પત્તિ-વાક્યમાં) બહુવચન કરેલું છે, તે અનુચિત છે.

**સમાધાન :** એવું નથી. અહીં વ્યક્તિ-રૂપ પક્ષનો સ્વીકાર કરેલો છે, પણ જાતિ-પક્ષ માનેલો નથી. આથી જે કારણથી મતિજ્ઞાન આદિ વ્યક્તિઓ પાંચ છે, તે કારણથી તે ઘણા હોવાથી તેને જણાવવા કરેલો બહુવચનનો પ્રયોગ સમુચિત જ છે. (જ્યારે પ્રત્યક્ષત્વ અને પરોક્ષત્વ રૂપ જાતિની વિવક્ષા કરાય - જાતિ-પક્ષનો સ્વીકાર કરાય ત્યારે બે જ જાતિઓ હોવાથી દ્વિવચનનો પ્રયોગ જ થાય, એમ સમજવું.)

હવે "(૧) પરોક્ષ અને (૨) પ્રત્યક્ષ એ બે પ્રમાણ છે." એ પ્રમાણે જણાવાયે છતે ભાષ્યમાં પૂર્વપક્ષ શંકા ઉઠાવે છે - **अत्राह** ઇત્યાદિ.

**भा० अत्राह-इह अवधारितं-द्वे एव प्रमाणे प्रत्यक्षपरोक्षे इति । अनुमानोपमा[1]-ऽऽगमार्थापत्तिसम्भवाभावान्यपि प्रमाणानि इति केचित् मन्यन्ते । तत् कथमेतदिति ? अत्रोच्यते -**

एवं द्वे परोक्षप्रत्यक्षे प्रमाणे भवत इति ख्यापिते चोदयति-**इह** शास्त्रे **निर्धारितमे**तद् - **द्वे एव प्रमाणे**, अन्यथा 'तत् प्रमाणे' (१-१०) इत्यत्र या द्वित्वसङ्ख्या सा व्यर्थैव स्यात्, यद्यवधारणतया नाश्रीयेत, तस्मादवश्यंतया तद्वचनं नियमकारि प्रतिपत्तव्यम्-द्वे एव प्रमाणे । के[2] ? **प्रत्यक्षपरोक्षे** इति, ततश्चान्येषामप्रमाणता आपन्ना, न च न सन्त्येवान्यानि, यतोऽनुमानादीनि प्रमाणानि मन्यन्ते **साङ्ख्याः** प्रत्यक्षानुमानागमाख्यानि त्रीणि, **नैयायिकाः** प्रत्यक्षानुमानोपमाऽऽगमाख्यानि, प्रत्यक्षानुमानशाब्दोपमा[3]ऽर्थापत्त्यभावा इति **जैमिनीयाः** । एतदाह-

---

**ભાષ્ય : પૂર્વપક્ષ : અહીં એ પ્રમાણે અવધારણ/નિશ્ચય કરેલો છે કે, બે જ પ્રમાણો છે -(૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ. કેટલાંક (અન્ય દર્શનકારો) (i) અનુમાન, (ii) ઉપમાન, (iii) આગમ, (iv) અર્થાપત્તિ, (v) સંભવ, (vi) અભાવરૂપ પણ પ્રમાણો માને છે. તેથી આ (બે જ પ્રમાણો છે એ વાત) શી રીતે ઘટે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં પૂર્વપક્ષ આ પ્રમાણે શંકા ઉઠાવે છે. **શંકા :** આ શાસ્ત્રમાં આ પ્રમાણે નિશ્ચય કરેલો છે કે 'બે જ પ્રમાણો છે' જો આવો નિશ્ચિત (અવધારણ) રૂપે સ્વીકાર ન કરાય તો '**तत् प्रमाणे**' એવા સૂત્રમાં જે દ્વિત્વ (બેરૂપ) સંખ્યા છે, તે ફોગટ જ બની જાય. તેથી અવશ્યરૂપે, તે વચન નિયમ કરનારું છે કે 'બે જ પ્રમાણો છે' એમ સ્વીકારવું જોઈએ. **પ્રશ્ન :** કયા બે ? **જવાબ :** પ્રત્યક્ષ અને પરોક્ષ. આ વાત સ્થિર થવાથી અન્ય જે પ્રમાણો છે, તે અપ્રમાણ રૂપે જ ઠરશે. વળી 'અન્ય પ્રમાણો જ નથી' એવું તમે કહી શકતાં નથી. કારણ કે કેટલાંક અનુમાન વગેરેને પણ પ્રમાણ માને છે. જેમ કે, **સાંખ્યો** પ્રત્યક્ષ-અનુમાન-આગમ (શબ્દ) એ ત્રણ પ્રમાણો માને છે. **નૈયાયિકો** પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ નામના ચાર પ્રમાણો સ્વીકારે છે. જ્યારે **જૈમિનીય** = જૈમિનિના અનુયાયીઓએ (મીમાંસકોએ) પ્રત્યક્ષાદિ પૂર્વોક્ત ચાર ઉપરાંત અર્થાપત્તિ અને અભાવ સહિત છ પ્રમાણ છે એમ અંગીકાર કરેલો છે.

આ જ હકીકત જણાવતાં ભાષ્યમાં કહેલ છે કે, (૧) અનુમાન (૨) ઉપમાન

---

१. टीकानु० । उपमान० मु. । २. पादिषु । के च० मु. । ३. सर्वप्रतिषु । पमानार्थ० मु. ।

**टी० अनुमानोपमेत्यादि** । तत्रानुमानं तावत् [1]तत्पक्षधर्मान्वयव्यतिरेकजनितं ज्ञानं, प्रसिद्धसाधर्म्यात् साध्यासाधन**मुपमानं**, यथा गौस्तथा गवयः । "**प्रसिद्धेन हि साधर्म्यात्,**

(૩) આગમ વગેરે પણ પ્રમાણ છે એમ કેટલાંક આચાર્યો માને છે. તો તેઓ આવું શાથી માને છે ?

## ❋ અનુમાનાદિ પ્રમાણોનું સંક્ષિપ્ત સ્વરૂપ ❋

ભાષ્યમાં કહેલ અનુમાન વગેરે અન્યને સંમત છ પ્રમાણોનું સ્વરૂપ બતાવતાં ટીકાકાર કહે છે - (૧) અનુમાન એટલે તત્પક્ષ-ધર્મના અન્વય અને વ્યતિરેક જનિત જ્ઞાન **(तत्पक्षधर्मान्वय-व्यतिरेकजनितं ज्ञानम् अनुमानम् ।)**

**ચંદ્રપ્રભા :** તત્પક્ષ એટલે તે નિશ્ચત થયેલ પક્ષ (પર્વતાદિ)નો ધર્મ તે હેતુ-ધૂમ વગેરે. આમાં પક્ષ એટલે જેમાં સાધ્ય (અગ્નિ આદિ)નું જ્ઞાન કરવાનું હોય તે (પર્વતાદિ) **'પક્ષ'** કહેવાય. તેનો ધર્મ એટલે તેમાં (પર્વતાદિમાં) રહેલો હેતુ (ધૂમ વગેરે). તેના અન્વય અને વ્યતિરેકથી ઉત્પન્ન થતું જ્ઞાન **અનુમાન** કહેવાય. **અન્વય** એટલે જ્યાં જ્યાં હેતુ (ધૂમાદિ) રહેલો હોય ત્યાં ત્યાં સાધ્ય (અગ્નિ વગેરે)નું રહેવું તે અન્વય (Positive) વ્યાપ્તિ (નિયમ) અને **વ્યતિરેક** એટલે જ્યાં જ્યાં સાધ્યનો (અગ્નિ આદિનો) અભાવ હોય ત્યાં ત્યાં હેતુ (ધૂમાદિ)નો પણ અભાવ હોવો તે વ્યતિરેક (Negative) વ્યાપ્તિ (નિયમ) કહેવાય. આવી બન્નેય પ્રકારની વ્યાપ્તિ હેતુમાં (ધૂમ વગેરેમાં) રહેલી હોય અને તે ધૂમ પર્વતાદિમાં રહેલો હોય ત્યારે તેનાથી થતું (અગ્નિ વગેરેનું) જ્ઞાન 'અનુમાન' કહેવાય.

**દા.ત.** પર્વતરૂપ પક્ષમાં (પર્વત પાછળ રહેલ) અગ્નિનું (સાધ્યનું) જ્ઞાન કરવું છે. તો જ્યાં જ્યાં ધૂમ ત્યાં ત્યાં અગ્નિ રૂપ અન્વય અને જ્યાં જ્યાં અગ્નિનો અભાવ ત્યાં ત્યાં ધૂમાડાનો અભાવ એમ વ્યતિરેક વ્યાપ્તિ સહિત જે ધૂમ હેતુ છે, તેની પક્ષધર્મતાનું જ્ઞાન થવાથી એટલે કે ધૂમ એ પર્વત (રૂપ પક્ષ)માં રહેલો છે એમ જ્ઞાન થતાં પૂર્વોક્ત અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિ (નિયમ)ના આધારે પર્વત ઉપર પાછળના ભાગમાં અગ્નિ રહેલો છે અર્થાત્ 'પર્વત અગ્નિવાળો છે.' એવું (પરોક્ષ પણ) જ્ઞાન થાય છે, તે 'અનુમાન' (અનુમિતિ) કહેવાય. એમ ઉક્ત અનુમાનના સંક્ષિપ્ત સ્વરૂપ (લક્ષણ)નો ભાવાર્થ છે.

**પ્રેમપ્રભા :** તથા **(૨) ઉપમાન :** પ્રસિદ્ધ પદાર્થના સાધર્મ્યથી = સરખાપણાથી સાધ્યને સાધવું - જાણવું તેને 'ઉપમાન' પ્રમાણ કહેવાય છે. જેમ કે, જેવી ગાય તેવા ગવય (રોઝ) નામના પ્રાણી હોય છે. આ વિષયમાં ટીકાગત જે શ્લોકનો **અર્થ** : પ્રસિદ્ધ એવા સાધર્મ્યથી

१. सर्वप्रतिषु । ना. मु. ।

**साध्यसाधनमिष्यते । उपमानं परैस्तच्च, यथा गौर्गवयस्तथा ॥"**

तथा आप्तोपदेश **आगमस्**तदनुसारि ज्ञानमागम उच्यते प्रमाणं वर्णपदवाक्यात्मकः । तथाऽ**र्थापत्ति**र्द्विधा शब्दार्थापत्तिरर्थार्थापत्तिश्चेति । तत्र **शब्दार्थापत्ति**र्देवदत्तो दिवा न भुङ्क्तेऽनुपहतेन्द्रियशरीरश्चेति, रात्रौ तर्हि भुङ्क्ते इति । तथा **अर्थार्थापत्ति**रपि नीलं पश्यतो यदिन्द्रियानुमानं–समस्ति तत् किमपीन्द्रियं येनैतन्नीलं परिच्छिन्नमिति । **सम्भवो**ऽपि प्रमाणं–प्रस्थे कुडवः समस्ति, अस्मिन् प्रस्थाख्ये आधारे कुडव आधेयः सम्भवतीति एष सम्भवः ।

= સમાનધર્મથી જે સાધ્યની સિદ્ધિ માનેલી છે તેને બીજાઓ વડે 'ઉપમાન' (પ્રમાણ) કહેવાય છે અને તે 'જેવી ગાય છે તેવા રોઝ (ગવય) છે' એવા આકારનું છે.

**ચંદ્રપ્રભા :** આનો ભાવાર્થ આ પ્રમાણે છે. કોઈ કારણસર શહેરમાં આવેલાં કોઈ વનવાસી માણસે શહેરી માણસને કહ્યું કે, અમારે ત્યાં વનમાં 'ગાય જેવા ગવય' નામના પ્રાણી હોય છે. ત્યારબાદ પ્રયોજનવશાત્ વનમાં ગયેલાં તે શહેરી માણસે ગાય સરખા ગવય (રોઝ) જોયા. ત્યારે તેને પૂર્વે સાંભળેલાં 'ગાય જેવા ગવય હોય છે' એવા ઉપમાન-વાક્યનું સ્મરણ થયું અને આ દેખાતાં પ્રાણીઓ ગાય જેવા જ છે એમ વિચાર કરતાં નિશ્ચય થયો કે 'આ ગવય છે', આ રીતે થતાં જ્ઞાનને ઉપમાન (ઉપમિતિ) કહેવાય છે.

**પ્રેમપ્રભા :** તથા (૩) **આગમ :** આપ્તપુરુષનો ઉપદેશ તે **આગમ** કહેવાય. તેને અનુસરનારું જ્ઞાન એ 'આગમ' પ્રમાણ કહેવાય છે. અહીં આગમ-પ્રમાણના કારણભૂત વર્ણ-પદ-વાક્યાત્મક જે ઉપદેશ છે તે પણ (ઉપચારથી) આગમ-પ્રમાણ કહવાય.

(૪) **અર્થાપત્તિ :** બે પ્રકારે છે. (૧) શબ્દ-અર્થઆપત્તિ અને (૨) અર્થ - અર્થાપત્તિ. તેમાં (i) **શબ્દ-અર્થાપત્તિ** આ પ્રમાણે છે - 'દેવદત્ત દિવસે જમતો નથી અને વળી તેની ઇન્દ્રિય અને શરીર જરા પણ ક્ષીણ (ઉપહત) થયા નથી. (સતેજ-હૃષ્ટપુષ્ટ છે)' આવા શબ્દોનો ઉચ્ચાર કરાયે છતે જે જ્ઞાન થાય છે તેનાથી એવો નિશ્ચય થાય છે કે, 'તો પછી નક્કી (દેવદત્ત) રાત્રે જમે છે.' કારણ કે રાત્રે જમતો ન હોય તો દિવસે નિશ્ચિતપણે નહીં જમતાં એવા તેનું શરીર વગેરે અક્ષીણ-હૃષ્ટપુષ્ટ રહી શકે નહીં. તેમ હોવું ઘટે નહીં. તથા (ii) **અર્થ-અર્થાપત્તિઃ** (શબ્દ વિના જ) કોઈ નીલ વસ્તુને જોતા વ્યક્તિને એવું જે ઇન્દ્રિયનું અનુમાન થાય છે, જેમ કે, 'તેવી કોઈ ઇન્દ્રિય છે જેનાથી આ નીલ (રૂપવાળી) વસ્તુનું (અથવા નીલરૂપનું) જ્ઞાન થયું.' આને અર્થ-અર્થાપત્તિ કહેવાય છે.

(૫) **સંભવ :** સંભવ પણ પ્રમાણ છે. પ્રસ્થમાં (૧ શેરમાં) ૪ કુડવ (પા શેર) હોય

तथाऽभावोऽपि प्रमाणाभावविषयः, यत्र विषये प्रत्यक्षादिप्रमाणानामप्रवृत्तिरसावभावस्तद्विषयमपि ज्ञानमभाव इति व्यपदिश्यते । अत [१]एतानि अनुमानादीनि केचिदाचार्याः प्रमाणानीति मन्यन्ते, तत् कथमित्येवं मन्यन्ते, ? किमेषां तानि न सन्ति प्रमाणत्वेन ? उत प्रमाणान्तराणि न भवन्तीति ? **अत्रोच्यते** मया -

**भा० सर्वाणि एतानि मतिश्रुतयोरन्तर्भूतानि, इन्द्रियार्थसन्निकर्षनिमित्तत्वात् । किञ्चान्यत् । अप्रमाणान्येव वा । कुतः ? । मिथ्यादर्शनपरिग्रहात्, विपरीतोपदेशाच्च ।**

**टी० सर्वाणि** इत्यादि । **सर्वाणि** समस्तानि **एतानि** अनुमानादीनि मतिज्ञान-श्रुतज्ञानयोरेव **अन्तर्भूतानि** प्रविष्टानि । कयोपपत्त्येति **चेत्** तामुपपत्तिमाह-**इन्द्रियार्थे**त्यादि ।

---

છે. અર્થાત્ આ પ્રસ્થરૂપી આધારમાં (૪) કુડવ એ આધેય (રહેનાર) સંભવે છે - ઘટે છે. આ રીતે કુડવ આદિનું જ્ઞાન થવું તે સંભવ-પ્રમાણ કહેવાય.

**(૬) અભાવ :** તથા પ્રમાણના અભાવ વિષયવાળો અભાવ પણ પ્રમાણ છે. અર્થાત્ જે વિષયમાં પ્રત્યક્ષ આદિ પ્રમાણોની અપ્રવૃત્તિ છે = અર્થાત્ પ્રવૃત્તિ થતી નથી, તે અભાવ કહેવાય અને તેના સંબંધી જ્ઞાન પણ 'અભાવ' એમ કહેવાય છે.

આમ આ બધાં પ્રમાણ હોવાથી જ કેટલાંક આચાર્યો ઉપરોક્ત અનુમાન વગેરેને પ્રમાણ માને છે. તો તેઓ શાથી આ બધાને પ્રમાણે તરીકે માને છે ? શું એમણે માનેલં આ અનુમાન વગેરે પ્રમાણ રૂપે નથી ? કે પછી તે જુદા પ્રમાણ રૂપે નથી ? આનો જવાબ આપતાં ઉત્તરપક્ષ - ભાષ્યકાર જણાવે છે -

**ભાષ્ય : જવાબ : આ સર્વ (અનુમાન વગેરે) પ્રમાણો ઇન્દ્રિય અને વિષયના સંબંધથી (સંનિકર્ષથી) થતાં હોવાથી તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં અંતર્ભૂત થાય છે, સમાઈ જાય છે. બીજી વાત એ કે, અથવા આ (પૂર્વોક્ત અનુમાન આદિ) પ્રમાણ જ નથી. પ્રશ્ન : શાથી પ્રમાણ નથી ? જવાબ : મિથ્યાદર્શન (એકાંત માન્યતા) વડે ગ્રહણ કરાયેલાં હોવાથી અને વિપરીતનું કથન કરેલું હોવાથી (તે પ્રમાણરૂપ નથી.)**

### ❋ અનુમાનાદિ પ્રમાણોનો મતિશ્રુત રૂપ પરોક્ષ-પ્રમાણમાં અંતર્ભાવ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં પૂર્વે ઉઠાવેલ વિસ્તૃત શંકાનું સમાધાન આપે છે

**સમાધાન :** આ સમસ્ત અનુમાન આદિ પ્રમાણો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં જ

---

१. पादिषु । एव तानि० मु. ।

**इन्द्रियाणि** चक्षुरादीनि तेषां **अर्था** रूपादयः इन्द्रियाणि चार्थाश्च इन्द्रियार्थास्तेषां **सन्निकर्षः** सम्बन्धः स इन्द्रियार्थसन्निकर्षो निमित्तं यस्य अनुमानादे**स्तदिन्द्रियार्थसन्निकर्षनिमित्तं**-अनुमानादि। **कथं** पुनरिन्द्रियार्थसन्निकर्षः कारणमनुमानादेः ? **उच्यते-अनुमानं** तावच्चक्षुरादीन्द्रियधूमाद्यर्थसन्निकर्षजम्, अन्यथा तस्यासम्भवात्, इन्द्रियो[1]ऽनिन्द्रियनिमित्तत्वात् स्व[2]परार्थस्यानुमानस्येति। **उपमान**मपि चक्षुरादीन्द्रियगवाद्यर्थसन्निकर्षजम्। **आगमाख्य**मपि श्रोत्रेन्द्रियस्य अनिन्द्रियस्य वा आप्तवचनार्थस्य सन्निकर्षे सति प्रादुरस्ति। **शब्दार्थापत्ति**रप्येवमेव। **अर्थार्थापत्ति**स्तु चक्षुरादेरिन्द्रियस्य नीलादे रूपस्य च सन्निकर्ष एवोपजायते। **सम्भवो**ऽपि

---

અંતર્ભૂત છે, પ્રવિષ્ટ છે અર્થાત્ સમાઈ જાય છે.

**પ્રશ્ન :** કઈ ઉપપત્તિથી/યુક્તિથી અંતર્ભૂત છે ? આ યુક્તિને જણાવતાં કહે છે.

**જવાબ :** ચક્ષુ વગેરે ઇન્દ્રિયો અને તેના રૂપ આદિ વિષયોનો સંબંધ (= ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ) રૂપ નિમિત્તવાળા અનુમાન આદિ હોવાથી અર્થાત્ ઇન્દ્રિય અને અર્થ (રૂપાદિ)ના સંબંધરૂપ નિમિત્તથી ઉત્પન્ન થનારા હોવાથી અનુમાન આદિ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનમાં જ સમાઈ જાય છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનું તાત્પર્ય એ છે કે મતિ-શ્રુતજ્ઞાન એ બન્નેય ઇન્દ્રિય અને અર્થ (વિષય)ના સંબંધથી ઉત્પન્ન થનારા પૂર્વે કહેલાં છે અને આ અનુમાન વગેરે પ્રમાણો પણ ઇન્દ્રિય અને અર્થના સંબંધથી જ ઉત્પન્ન થનારા છે. આમ સમાન નિમિત્ત હોવાના કારણે અનુમાન વગેરે પ્રમાણો મતિ-શ્રુત જ્ઞાનમાં અંતર્ભાવ પામી જાય છે.

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** ઇન્દ્રિય અને અર્થનો/વિષયનો સંબંધ એ અનુમાનનું કારણ શી રીતે બને ?

**જવાબ : (૧) અનુમાન** એ ચક્ષુ વગેરે ઇન્દ્રિય અને ધૂમ વગેરે વિષયના સંબંધ (સંનિકર્ષ)થી ઉત્પન્ન થાય છે. કારણ કે બીજી રીતે અર્થાત્ આવો સંબંધ ન થાય તો અનુમાન થવું સંભવતું નથી. કારણ કે સ્વાર્થ (પોતાને માટે થતું) અનુમાન અને પરાર્થ (બીજાને કરાવાતું) અનુમાન બે ય ઇન્દ્રિય અને અનિન્દ્રિય રૂપ નિમિત્તથી ઉત્પન્ન થનારા છે. **(૨) ઉપમાન** પ્રમાણ પણ ચક્ષુ વગેરે ઇન્દ્રિય અને ગાય વગેરે અર્થના સંબંધથી જન્ય છે. **(૩) આગમરૂપ** પ્રમાણ પણ શ્રોત્રેન્દ્રિયનો અથવા મન (અનિન્દ્રિય)નો અને આપ્તપુરુષના વચન રૂપ વસ્તુનો/વિષયનો સંબંધ થયે છતે પ્રગટ થાય છે. **(૪) અર્થાપત્તિ**

---

१. पादिषु । इन्द्रियनि० मु. । २. पू. । सपरा० मु. ।

प्रस्थमर्थं दृष्ट्वा श्रुत्वा वा प्रादुरस्ति, अंतः[1] चक्षुःश्रोत्रयोः प्रस्थार्थप्रस्थशब्दयोः सन्निकर्षे सति तदुदेति । अभावोऽपि प्रमाणं प्रमेयाभावविषयः, मनसा विकल्पार्थमुत्तरत्र[2] स एव विषयीभवति विकल्पितोऽर्थो, नानुमानादसौ भिद्यत इति एवमिन्द्रियार्थसन्निकर्षनिमित्तान्येतानि मतिश्रुतयोरन्तर्भावं यान्तीति ।

**किञ्चान्यदिति** पक्षान्तरमाश्रयति । **अप्रमाणान्येव वा** । नैवानुमानादीनि प्रमाणानि, मिथ्यादर्शनसमन्वितत्वात्, अयथार्थोपदेशव्यापृतत्वात् उन्मत्तकवाक्यविज्ञानवत् । एतदेवाह–

प्रमाणमां **(i) શબ્દ-અર્થાપત્તિ** પ્રમાણ પણ આ રીતે જ થાય છે. જ્યારે **(ii) અર્થ-અર્થાપત્તિ** એ ચક્ષુ આદિ ઇન્દ્રિયનો અને નીલ વગેરે રૂપનો સન્નિકર્ષ (સંબંધ) થયે છતે જ ઉત્પન્ન થાય છે. **(૫) સંભવ** પ્રમાણ પણ પ્રસ્થ રૂપ કોઈ પદાર્થને દેખીને અથવા સાંભળીને પ્રગટ થાય છે. આથી ચક્ષુ અને શ્રોત્ર રૂપ ઇન્દ્રિયનો અને ક્રમશઃ પ્રસ્થ પ્રમાણ પદાર્થનો અને પ્રસ્થ-શબ્દનો સંબંધ થયે છતે સંભવ પ્રમાણ ઉદય પામે છે, જણાય છે. **(૬) અભાવ** રૂપ પ્રમાણ પણ પ્રમેય (પ્રમાણ વડે નિશ્ચય કરવા યોગ્ય) વસ્તુના અભાવ રૂપ વિષયવાળો છે. મનથી વિકલ્પ કરાતો (વિચારાતો) અર્થ/પદાર્થ ઉત્તરકાળે તે જ વિકલ્પિત = વિચારાયેલ અર્થ વિષય બને છે. (અર્થાત્ આ જમીન ઉપર જો ઘડો હોય તો દેખાય. કારણ કે, પ્રકાશ છે, ચક્ષુ ઇન્દ્રિયનો સંબંધ પણ છે એમ વિચાર કર્યા બાદ પણ ઉત્તરકાળે દેખાતો નથી. માટે જમીન ઉપર 'ઘડાનો અભાવ છે' એવું ઉત્તરકાળે જ્ઞાન થાય છે.) આથી અનુમાન પ્રમાણ કરતાં આ અભાવનું જ્ઞાન અર્થાત્ અભાવરૂપ પ્રમાણ જુદું નથી.

આ પ્રમાણે આ ઉપર કહેલાં અનુમાન વગેરે પ્રમાણો ઇન્દ્રિય અને વિષયના સંનિકર્ષ (સંબંધ)રૂપ નિમિત્તથી ઉત્પન્ન થનારા હોયને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં જ અંતર્ભાવ/સમાવેશ પામે છે.

### ❋ અપેક્ષાએ અનુમાનાદિ અપ્રમાણ હોવાનું કારણ ❋

પૂર્વે ઉઠાવેલી શંકાના સમાધાનમાં 'વળી બીજી વાત એ કે' એમ બીજા પક્ષને/સમાધાનને જણાવતાં **ભાષ્યકાર** કહે છે કે, "અથવા આ અનુમાન અપ્રમાણ જ છે." અર્થાત્ આ અનુમાન આદિ પ્રમાણ જ નથી, અહીં ટીકામાં અનુમાન પ્રયોગ આપેલો છે, તે આ પ્રમાણે છે, **अनुमानादीनि अप्रमाणानि, मिथ्यादर्शनसमन्वितत्वात्, अयथार्थोपदेशाच्च उन्मत्तकवाक्यविज्ञानवत्** । **અર્થ** : મિથ્યાદર્શનથી સહિત હોવાના

१. पू. । एवं० मु. । २. सर्वप्रतिषु । कल्प्यार्थं० मु. ।

**मिथ्यादर्शने**त्यादि । **मिथ्यादर्शनम्** एकनयाश्रयणं तेनाऽऽगृहीतं[1] मिथ्यादर्शनपरिग्रहो भण्यते, यत एव च मिथ्यादर्शनपरिग्रहोऽत एव **विपरीतोपदेश**[2] **इति । विपरीतम्** अन्यथावस्थितं नानाधर्मकदम्बकं[3] सद्वस्तु एकधर्मकमाश्रितं विपरीतं भण्यते, तस्य **उपदेशः** कथनं विपरीतोपदेशस्तस्मात्, यत एतान्येकनयावलम्बीन्यनुमानादीनि विपरीतमेकान्तपक्षाश्रितं वस्तु विच्छिन्दन्ति तस्मादप्रमाणानि परपरिकल्पितानीति[4] । न च मिथ्यादृष्टिपरिगृहीतं[5] कदाचिदपि ज्ञानं भण्यते, किन्त्वज्ञानमेव, संसारहेतुत्वात्, एतच्चोत्तरत्र निदर्शयिष्यत्येव । यत आह -

કારણે અને અયથાર્થ = વિપરીત અર્થનું/પદાર્થનું કથન કરવામાં પ્રવૃત્ત થયેલ હોવાથી (આ બે હેતુથી) અનુમાન આદિ અપ્રમાણ છે (પ્રમાણરૂપ નથી.) ઉન્મત્ત માણસના વાક્યથી થતાં વિજ્ઞાનની જેમ, એ દૃષ્ટાંત છે. જેમ ઉન્મત્તમાણસ મિથ્યાદર્શનથી (ખોટી માન્યતાઓથી) સહિત હોવાથી અને અયથાર્થ (જેમતેમ...હેલફેલ) વચનો બોલવાથી લોકમાં તેના વચનોથી થતું જ્ઞાન એ પ્રમાણભૂત - વિશ્વાસપાત્ર - આદરણીય બનતું નથી, તે જ પ્રમાણે બીજાઓએ માનેલાં અનુમાન વગેરે પ્રમાણો બાબતમાં સમજવું. અર્થાત્ મિથ્યાદર્શન વડે અર્થનું ગ્રહણ કરવાથી અને વિપરીત-ઉપદેશ કરવાથી અપ્રમાણ છે. આનો અર્થ સ્પષ્ટ કરતાં ટીકાકાર કહે છે - **મિથ્યાદર્શન એટલે એક જ નયનો આશ્રય/સ્વીકાર.** તેના વડે જે વસ્તુનું ગ્રહણ કરેલું હોય તે મિથ્યાદર્શન-પરિગ્રહ કહેવાય. જે કારણથી મિથ્યાદર્શન-પરિગ્રહ એટલે કે એક નય/દૃષ્ટિકોણ વડે જ વસ્તુનું ગ્રહણ કરેલું હોય છે, આથી જ 'વિપરીત' ઉપદેશ/કથન થવાથી **विपरीतोपदेशात्** એમ કહેલું છે. વિપરીત એટલે (હકીકત કરતાં) અન્ય સ્વરૂપે રહેલી વસ્તુ. અનેકધર્મના સમૂહાત્મક સદ્ = વિદ્યમાન = સાચી વસ્તુનો જ્યારે એક જ નય વડે આશ્રય કરાય, સ્વીકારાય ત્યારે તે **'વિપરીત'** કહેવાય છે. તેવી વિપરીત વસ્તુનું કથન કરવાથી મિથ્યાદર્શનવાળાના મતિ-શ્રુતજ્ઞાન અપ્રમાણ કહેવાય.

**સારાંશ** કે જે કારણથી આ અનુમાન વગેરે (કહેવાતાં પ્રમાણો) એ અનેકનયના આશ્રયભૂત/વિષયભૂત વસ્તુને વિપરીત રૂપે એટલે કે એકાંત પક્ષનો આશ્રય કરનારી રૂપે જાણે છે, તે કારણથી બીજાઓ વડે પરિકલ્પિત/માનેલ અનુમાન આદિ અપ્રમાણ છે. વળી મિથ્યાદૃષ્ટિ જીવ વડે (મિથ્યાદર્શનપૂર્વક) પરિગૃહીત એટલે કે સ્વીકારાયેલ મતિ-શ્રુત એ ક્યારેય પણ 'જ્ઞાન' કહેવાતું નથી, કિંતુ 'અજ્ઞાન' જ કહેવાય છે, કારણ કે તે

१. सर्वप्रतिषु । तेन गृ० मु. । २. ख.पू. कै.जै. । पदेशादि० मु. । ३. सर्वप्रतिषु । धर्मकं० मु. । ४. ख.पू.ला.-शो. । परिक० मु. । ५. ख.पू. । दृष्टि गृ० मु. ।

**भा० मिथ्यादृष्टेर्हि मतिश्रुतावधयो नियतमज्ञानमेवेति वक्ष्यते (१-३२)। नयवादान्तरेण तु यथा मतिश्रुतविकल्पजानि भवन्ति तथा [1]परस्ताद् (१-३५) वक्ष्यामः ॥१२॥**

**टी० मिथ्यादृष्टेर्हीत्यादि**। यस्मान्मिथ्यादृष्टेर्जन्तोर्मतिश्रुतावधयस्त्रयोऽपि निश्चयेन कुत्सितमेव ज्ञानमज्ञानमिति भणिष्यते। **यद्येवं** कथं तर्हि मतिश्रुतयोरन्तर्भूतानीत्युक्तम् ? **उच्यते**- नयवादमाश्रित्यैतदुक्तम् । केन तर्हि नयवादान्तरेण मतिश्रुतान्तर्गतानीत्याह-**नयवादान्तरेण तु इत्यादि । नया** नैगमादयः तेषां **वादः** स्वरुचितार्थप्रकाशनं नयवादः, तस्य **अन्तरं** भेदो नयवादान्तरं तेन नयवादभेदेनैव । [2]मतिश्च श्रुतं च मतिश्रुते तयोर्**विकल्पा** भेदास्तेभ्यो जायन्त इति **मतिश्रुतविकल्पजानि भवन्ति[3] तथा प[4]रस्तात्** नयविचारणायां वक्ष्यामः

---

સંસારનો/ભવભ્રમણનો હેતુ બને છે. આ વાતનો આગળ ગ્રંથકાર સ્વયં નિર્દેશ કરવાના જ છે. જેથી ભાષ્યમાં કહે છે -

**ભાષ્ય : કેમ કે, 'મિથ્યાદૃષ્ટિ જીવના મતિ, શ્રુત અને અવધિ એ (ત્રણેય) નિયમથી અજ્ઞાન રૂપ જ હોય છે' એ પ્રમાણે (સૂ૦ ૧/૩૨માં) આગળ કહેવાશે. બીજા નયથી તો જે રીતે મતિ અને શ્રુત (જ્ઞાન)ના ભેદોથી ઉત્પન્ન થનારા (અર્થાત્ જ્ઞાનરૂપ) હોય છે, તે પ્રમાણે આગળ (સૂ૦૧-૧૨માં)અમે કહીશું.**

**પ્રેમપ્રભા :** જે કારણથી મિથ્યાદૃષ્ટિ જીવના મતિ, શ્રુત અને અવધિ એ ત્રણેય જ્ઞાન નિશ્ચયનયથી કુત્સિત (ખોટાં) જ જ્ઞાન હોય છે અને તે 'અજ્ઞાન' છે એમ આગળ કહેવાશે, માટે મિથ્યાદૃષ્ટિના કોઈપણ જ્ઞાન 'અજ્ઞાન' જ છે. **શંકા :** જો મિથ્યાદૃષ્ટિ જીવોના મતિ આદિ એ અજ્ઞાનરૂપ જ હોય તો તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનમાં અંતર્ભૂત છે એમ શાથી કહ્યું ? **સમાધાન :** નયવાદનો આશ્રય કરીને કહેલું છે કે સર્વ અનુમાનાદિ પ્રમાણો મતિ-શ્રુતજ્ઞાનમાં અંતર્ભૂત (સમાવિષ્ટ) થાય છે. **પ્રશ્ન :** કયા નયવાદના ભેદથી તે મતિ-શ્રુતજ્ઞાનમાં અંતર્ભૂત થયેલાં છે ?

**જવાબ :** નયવાદના ભેદથી (અર્થાત્ અમુક નયના મતે) જે રીતે અનુમાન આદિ પ્રમાણો મતિ-શ્રુતજ્ઞાનના વિકલ્પોથી/ભેદોથી થાય છે તે રીતે આગળ કહેવાશે. અહીં નૈગમ વગેરે 'નય' છે. તેઓનો વાદ એટલે કે, પોતાને રુચિત - ઇષ્ટ અર્થનું પ્રકાશન. તેઓનો અંતર = ભેદ. આમ આવા નૈગમ વગેરે નયવાદના ભેદથી જ અર્થાત્ અમુક

---

१. टीकानु० पुर० मु. । २. पू. । यथा मति० मु. । ३. पू. । भवन्ति यथा० मु. अधिक० । ४. पू. ख. लि. । पुर० मु. ।

(१-३५) इति । [1]शब्दनयस्य हि मिथ्यादृष्टिरज्ञो वा नास्तीति वक्ष्यति तन्मतेन तु प्रमाणानीति ॥ १२ ॥

**भा० अत्राह-उक्तं भवता मत्यादीनि ज्ञानानि उद्दिश्य-तानि विधानतो लक्षणतश्च परस्ताद् विस्तरेण वक्ष्याम इति । तदुच्यतामिति । अत्रोच्यते -**

**अत्रेति** । एतस्मिन् ज्ञानपञ्चके कथिते सामान्येन प्रमाणद्वये च-प्रत्यक्षपरोक्षरूपे विहिते, परोऽवोचत्-**उक्तं** प्रतिपादितं त्वया, किमिति **चेत्, उच्यते-मत्यादीनि** पञ्च **ज्ञानानि**-मतिश्रुतावधिमनःपर्यायकेवलानि [2]**एवमुद्दिश्य**, तत इदमभिहितं, कि[3]म् तद् ? **उच्यते** -

નયના અભિપ્રાયથી જ જે રીતે (અન્ય વડે કહેલ અનુમાન આદિ પ્રમાણો એ) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વિકલ્પથી/ભેદથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ મતિ આદિ જ્ઞાનરૂપે બને છે) તે વાત અમે નયોની વિચારણા કરવાના પ્રસંગે (સૂ૦ ૧-૩૫માં) કહીશું.

### ❋ નયવિશેષથી કોઇ અજ્ઞાની નથી ❋

ભાષ્યકારે 'આગળ કહેવાશે' એમ જે વાતની ભલામણ કરી છે તે વાતનો અહીં જ સંક્ષેપમાં ખુલાસો કરતાં ટીકાકાર કહે છે કે, શબ્દ-નયના મતે કોઈપણ જીવ મિથ્યાદૃષ્ટિ કે અજ્ઞ (અજ્ઞાની) નથી. તે નયના મતે બીજાઓ વડે માનેલાં અનુમાન આદિ એ 'પ્રમાણો' છે. (ટૂંકમાં જે જ્ઞાન હોય તે જ પ્રમાણ બને, અજ્ઞાનને તો જૈનદર્શનમાં અપ્રમાણ કહેલું છે. હવે શબ્દ-નય તો બધાં જ જીવોને જ્ઞાની કહે છે માટે તે જીવોના અનુમાન વગેરે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ પામી જાય છે. આમ આ નયથી પૂર્વે કહેલાં પ્રમાણે પણ સાર્થક થાય છે.) (૧-૧૨)

અહીં ભાષ્યકાર ભગવંત અગ્રિમ સૂત્રના **અવતરણ** માટે ભૂમિકા રચે છે-

**ભાષ્ય : અહીં (શિષ્યાદિ) બીજા વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : મતિ આદિ જ્ઞાનોને ઉદ્દેશીને આપે કહેલું કે, તેને વિધાનથી (ભેદથી) અને લક્ષણથી આગળ અમે વિસ્તારથી કહીશું. તો હવે તે કહેવા યોગ્ય છે. જવાબ : આના જવાબમાં (આગળનું સૂત્ર) કહેવાય છે.**

**પ્રેમપ્રભા : અવતરણિકા :** આ મતિ આદિ પાંચ જ્ઞાનનું કથન કરાયે છતે અને સામાન્યથી ૧. પ્રત્યક્ષ તેમજ ૨. પરોક્ષ રૂપ બે પ્રમાણ કહેવાયે છતે અન્ય શિષ્યાદિ વ્યક્તિ કહે છે કે, **પ્રશ્ન :** આપે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ એ પાંચ

१. पू. । इतिशब्देन यस्य० मु. । २. सर्वप्रतिषु । लान्येव उद्दि० मु. । ३. पू. । ना. मु. ।

**तानि विधानतो लक्षणतश्च** [1]**परस्ताद् विस्तरेण वक्ष्याम** इत्येतत् ।

**ननु** च नैवंविधं तत्र सूत्रे भाष्यमस्ति-विधानतो लक्षणतश्चेति, कथमयमध्यारोपः क्रियते गुरोरिति ? **उच्यते**-सत्यमेवंविधं भाष्यं नास्तीति, एवं पुनः समस्ति-प्रभेदास्त्वस्य [2]परस्ताद् वक्ष्यन्त इति (१-१) । अतः **प्रभेदा** [3]इत्यनेन विधानलक्षणरूपाः प्रतिपाद्यन्ते तत्र भाष्ये, अतो नाध्यारोप इति । **विधानं** भेदः, मतिज्ञानं सभेदकं वक्ष्यामीति प्रतिज्ञातम्, तथा लक्षणं असाधारणं यच्चिह्नं मत्यादेस्तच्च वक्ष्यामीति प्रत्यज्ञायीति[4], तदुच्यतां विधानं लक्षणं चेति, एवं पर्यनुयुक्त आह **अत्रोच्यत** इति ।

अत्रैतस्मिंश्चोदिते उच्यते मया लक्षणम्, अल्पविचारत्वात्, अनेन सूत्रेण **मतिःस्मृत्यादिना** । अथवा नैव मतिज्ञानस्यानेन सूत्रेण लक्षणं कथयति, प्रतीतत्वात्, प्रतीतं हि लोके इन्द्रियानिन्द्रियजं ज्ञानं, यच्च प्रतीतं न तस्य लक्षणमाचक्षते विचक्षणाः, न हि

---

જ્ઞાનને ઉદ્દેશીને પછી એમ કહેલું **ઉત્તરપક્ષ** : તે શું કહેલું ? **પ્રશ્નકાર** : 'તે જ્ઞાનોને વિધાન અને લક્ષણ વડે આગળ વિસ્તારથી અમે કહીશું' એમ કહેલું.

**ઉત્તરપક્ષ** : આવા પ્રકારનું તે સૂત્રમાં ભાષ્ય છે જ નહીં કે વિધાન અને લક્ષણ વડે **( विधानतः लक्षणतश्च )** અમે કહીશું. તો પછી શા માટે અકથિત વચનનો આ પ્રમાણે ગુરુ ઉપર અધ્યારોપ/આરોપણ તમારા વડે કરાય છે ?

**પૂર્વપક્ષ** : સાચી વાત છે કે આવા પ્રકારનું ભાષ્ય-વચન નથી. પણ આવા આકારનું ભાષ્ય તો છે જ કે, **प्रभेदास्त्वस्य परस्ताद् वक्ष्यन्ते इति ( सू० १-९ )** (મતિજ્ઞાન આદિના પ્રભેદો આગળ કહેવાશે.) આથી પ્રભેદ-શબ્દ વડે વિધાન(ભેદ) અને લક્ષણ રૂપ જ ત્યાં કહેલાં ભાષ્યમાં કહેવાય છે. આથી અધ્યારોપ/આક્ષેપ કરાતો નથી પણ વાસ્તવિક જ વસ્તુ કહેલી છે. આમ વિધાન એટલે ભેદ, 'ભેદસહિત મતિજ્ઞાનને કહીશ' એમ પ્રતિજ્ઞા કરી છે, અને મતિજ્ઞાનનું લક્ષણ = અસાધારણ ચિહ્ન તેને કહીશ એ પ્રમાણે પણ પૂર્વે પ્રતિજ્ઞા કરી છે, સ્વીકારેલું છે. માટે તે વિધાન અને લક્ષણ હવે કહેવા જોઈએ.આ પ્રમાણે અન્ય વ્યક્તિ વડે પ્રશ્ન ઉઠાવાતો ભાષ્યકાર તેનો જવાબ આપતાં કહે છે -

જવાબ (ઉ.પ.) : **अत्र उच्यते** । (આ પ્રમાણે પ્રશ્ન ઉઠાવાતાં) આ બાબતમાં મારા વડે પહેલાં લક્ષણ કહેવાય છે કારણ કે લક્ષણમાં અલ્પવિચારની અપેક્ષા છે અને તે **मतिः स्मृतिः० ॥१-१३॥** વગેરે સૂત્ર વડે કહેવાય છે.

---

१. ख. पू. । पुर० मु. । २. ख.पू. । पुर० मु. । ३. पू. । प्रभेदा मतिज्ञाने० मु. अधिकः । ४. पू. ज्ञायि० मु. ।

हुताशनस्योष्णतालाञ्छनमत्यन्तप्रतीतत्वादभिदधते विद्वांसः । **किं तर्हि** सूत्रेण प्रतिपादयति ? **उच्यते**-लक्षणं द्विविधं तत्स्थमतत्स्थं चेति, तत्स्थमग्नेरौष्ण्यवत्, अतत्स्थं वारिणो बलाकादिवत्, मतिज्ञानस्य लक्षणं यत्तत्स्थं न पुनस्ततो ज्ञानाद् भिन्नमित्येतदादर्शयति सूत्रेण ।

**सू० मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १-१३ ॥**

**टी० मतिः स्मृतिः संज्ञेत्यादि** । अत एव च ज्ञानशब्दं प्रत्येकं लगयति-

### ❋ લક્ષણના બે પ્રકાર : (૧) તત્સ્થ અને (૨) અતત્સ્થ ❋

(બીજી રીતે આગળના તેરમા સૂત્રનો વિષય જણાવતાં ટીકાકાર કહે છે-) અથવા આ **મતિઃ સ્મૃતિઃ૦** એ સૂત્ર વડે મતિજ્ઞાનનું લક્ષણ નથી કહેતાં, કારણ કે એ તો પ્રતીત જ છે, સૌના ખ્યાલમાં જ છે, કેમ કે, લોકમાં આ વાત પ્રસિદ્ધ જ છે કે મતિજ્ઞાન એ ઇન્દ્રિય અને અનિન્દ્રિયથી ઉત્પન્ન થતું જ્ઞાન છે. અને વિચક્ષણ પુરુષો જે વાત પ્રસિદ્ધ હોય, તેનું લક્ષણ કહેતાં નથી, કેમ કે, અગ્નિનું 'ઉષ્ણતા'રૂપ લક્ષણ એ અત્યન્ત પ્રસિદ્ધ હોવાથી વિદ્વાન પુરુષો તે જણાવતાં નથી.

**પ્રશ્ન :** તો પછી તે સૂત્રથી શાનું કથન કરે છે ?

**જવાબ :** જુઓ, લક્ષણ બે પ્રકારે હોય છે. (જેનાથી વસ્તુ જણાય-ઓળખાય તે લક્ષણ કહેવાય.) (૧) **તત્સ્થ** (તેમાં = લક્ષ્યમાં જ રહેલું) અને બીજું (૨) **અતત્સ્થ** (લક્ષ્યમાં નહીં રહેલું.) **દા.ત.** (i) અગ્નિમાં રહેલી ઉષ્ણતા (ઉષ્ણ-સ્પર્શ)રૂપ લક્ષણની જેમ તત્સ્થ-લક્ષણ હોય છે. અર્થાત્ અગ્નિ વગેરે રૂપ લક્ષ્યમાં જ તે લક્ષણ રહેલું હોય છે અને બીજું (ii) પાણીનું (સરોવર વગેરેનું) લક્ષણ બગલા વગેરેની જેમ અતત્સ્થ-લક્ષણ છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ તે લક્ષણ પાણીમાં જ એકમેક થઈને રહેલું હોતું નથી પણ તેથી જુદું પણ પડે છે. દૂરથી જમીન ઉપર ઉડતાં બગલાં જોઈને પાણીનું અનુમાન થઈ શકે છે. તે બે વચ્ચે માત્ર સમીપતા અથવા સંયોગ સંબંધ છે. માટે અતત્સ્થ લક્ષણ છે.

પ્રસ્તુતમાં મતિજ્ઞાનનું જે તત્સ્થ-લક્ષણ છે, તે મતિજ્ઞાનથી ભિન્ન/જુદું નથી, આ વાત આગળના તેરમા સૂત્ર વડે ગ્રંથકાર બતાવે છે-

**મતિઃ સ્મૃતિઃ संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १-१३ ॥**

**સૂત્રાર્થ : ૧. મતિજ્ઞાન, ૨. સ્મૃતિજ્ઞાન, ૩. સંજ્ઞા, ૪. ચિંતા અને ૫. અભિનિબોધ એ**

**भा० मतिज्ञानं स्मृतिज्ञानं संज्ञाज्ञानं चिन्ताज्ञानं आभिनिबोधिकज्ञानमिति अनर्थान्तरम् ॥ १३ ॥**

**टी० मतिज्ञानं स्मृतिज्ञानमि**त्यादि । येयं मतिः सैव ज्ञानमित्यस्य ख्यापनार्थं मननं मतिस्तदेव ज्ञानं मतिज्ञानमिति। **मतिज्ञानं** नाम यदिन्द्रियानिन्द्रियनिमित्तं । वर्तमानकाल-विषयपरिच्छेदि । स्मरणं स्मृतिः सैव ज्ञानं **स्मृतिज्ञानं**, तैरेवेन्द्रियैर्यः परिच्छिन्नो विषयो रूपादिस्तं यत् कालान्तरेण विनष्टमपि स्मरति तत् **स्मृतिज्ञानम्**, अतीतवस्त्वालम्बन-मेककर्तृकं चैतन्यपरिणतिस्वभावं मनोज्ञानमिति यावत् । **संज्ञाज्ञानं** नाम यत्तैरेवेन्द्रियैरनुभूतमर्थं

---

**(પાંચ) અનર્થાન્તર છે અર્થાત્ સમાનાર્થી પર્યાય-શબ્દો છે. (૧૩)**

**પ્રેમપ્રભા :** આથી જ = મતિજ્ઞાનનું જ્ઞાનાત્મક તત્સ્થ-લક્ષણ સૂત્ર વડે જણાવાતું હોવાથી જ 'જ્ઞાન' શબ્દને સૂત્રસ્થ પ્રત્યેક નામ સાથે લગાડીને ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : ૧. મતિજ્ઞાન ૨. સ્મૃતિજ્ઞાન ૩. સંજ્ઞાજ્ઞાન ૪. ચિંતાજ્ઞાન ૫. આભિનિબોધિચિજ્ઞાન એ (પાંચ) અર્થાન્તર = અન્યપદાર્થ નથી. (અર્થાત્ સમાનાર્થી પર્યાય-શબ્દો છે.)**

### ❋ મતિ, સ્મૃતિ વગેરેનો વિશેષાર્થ ❋

**પ્રેમપ્રભા :** (આગળ ૯માં સૂત્રની ટીકામાં કહ્યા પ્રમાણે સમાનાધિકરણ રૂપ કર્મધારય - સમાસ જણાવતાં ટીકાકાર કહે છે) **૧. મતિજ્ઞાન :** જે આ મતિ છે, એ જ જ્ઞાન છે એ પ્રમાણે અર્થને જણાવવા માટે પહેલાં **मननं मतिः** - મનન કરવું - જાણવું તે 'મતિ.' એમ વ્યુત્પત્તિ કરીને પછી 'મતિ રૂપ જે જ્ઞાન' (**मतिरेव ज्ञानं इति**) તે **'મતિજ્ઞાન'** કહેવાય. જે ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન)થી ઉત્પન્ન થનારું હોય અને વર્તમાન-કાલિક વિષયનો બોધ કરનારું છે, તે **મતિજ્ઞાન** કહેવાય. **૨. સ્મૃતિજ્ઞાન : स्मरणं स्मृतिः** । સ્મરણ કરવું તે 'સ્મૃતિ'... તે રૂપી જ્ઞાન તે સ્મૃતિ-જ્ઞાન કહેવાય. તે જ ઉપર કહેલ ઇન્દ્રિયોથી જ જાણેલ જે રૂપાદિ વિષય છે, તે કાળાન્તરે અર્થાત્ અન્યકાળે વિનિષ્ટ થઈ જવા છતાં-ઉપયોગમાંથી નીકળી જવા છતાંય જીવ તેનું સ્મરણ કરે છે તે **સ્મૃતિ-જ્ઞાન** કહેવાય. અર્થાત્ (i) જે ભૂતકાલીન વસ્તુ-વિષયક હોય વળી (ii) જેના (તે ભૂતકાલીન અને વર્તમાનકાલીન બન્નેય જ્ઞાનના) એક-સમાન કર્તા હોય અને (iii) જે ચૈતન્યના પરિણામ-સ્વરૂપ છે એવું (iv) મનોવિજ્ઞાન = માનસજ્ઞાન રૂપ આ સ્મૃતિ-જ્ઞાન છે. (૩) **સંજ્ઞા-જ્ઞાન :** તે જ ઇન્દ્રિયો

प्राक् पुनर्विलोक्य स एवायं यमहमद्राक्षं पूर्वाह्न इति संज्ञाज्ञानमेतत् । **चिन्ताज्ञान**मागामिनो वस्तुन एवं निष्पत्तिर्भवति अन्यथा नेति, यथैवं ज्ञानादित्रयसमन्विते[1] ऽत्रैव परमसुखावाप्तिरन्यथा नेत्येतच्चिन्ताज्ञानं मनोज्ञानमेव । **आभिनिबोधिकम्** अभिमुखो निश्चितो यो विषयपरिच्छेदः सर्वैरेवैभिः प्रकारैस्तदाभिनिबोधिकमिति । **यदा** चैतल्लक्षणसूत्रं तदा **इति**शब्द एवमित्यस्यार्थे, एवंलक्षणमेभिः पर्यायैर्निरूपितं मतिज्ञानं ज्ञेयमिति । एवमेतत् कियताऽप्यंशेन भेदं प्रतिपद्यमानमनर्थान्तरमिति व्यपदिशति । नैषां मतिज्ञानविरहितोऽर्थो [2]कल्पनीय इति । **अपरे तु** सर्वे पर्यायशब्दा एवैते शतक्रतुशक्रादिशब्दवदिति मन्यन्ते, नात्र भेदेनार्थः कल्पनीय

---

વડે પૂર્વે અનુભવેલ/જાણેલ પદાર્થને ફરી જોઈને 'આ તે જ પદાર્થ છે, જેને મેં દિવસના પૂર્વના ભાગમાં (મધ્યાહ્નના પૂર્વ કાળમાં) દેખેલ.' આવા આકારવાળું આ **સંજ્ઞા-જ્ઞાન** હોય છે. **(૪) ચિંતાજ્ઞાન :** આગામી ભવિષ્યકાળ સંબંધી વસ્તુની આ પ્રમાણે સિદ્ધિ (નિષ્પત્તિ) થશે, બીજી રીતે નહીં થાય, એવું જ્ઞાન. **દા.ત.** આવા (સમ્યગ્) જ્ઞાનાદિ ત્રણથી (આદિથી દર્શન, ચારિત્ર) યુક્ત થવાશે ત્યારે અહીં આ લોકમાં જ પરમસુખની પ્રાપ્તિ થશે, બીજી રીતે નહીં થાય, આવું ચિંતવવું તે ચિંતાજ્ઞાન કહેવાય અને તે મનોજ્ઞાનરૂપ જ છે. **(૫) આભિનિબોધિક જ્ઞાન : अभि** = (ઇન્દ્રિય વગેરેને) અભિમુખ અને **नि** = નિશ્ચિત એવો જે ઉપર કહેલાં સર્વ પ્રકારે વિષયનો બોધ તે આભિનિબોધિકજ્ઞાન કહેવાય.

જ્યારે આ સૂત્રને લક્ષણ-સૂત્ર મનાય, ત્યારે સૂત્રસ્થ **इति** શબ્દ **एवम्** = 'આ પ્રમાણે' એવા અર્થમાં છે. આવા લક્ષણવાળું/સ્વરૂપવાળું અર્થાત્ ઉપરોક્ત પર્યાયો વડે નિરૂપિત જ્ઞાન એ મતિજ્ઞાન જાણવું. આ પ્રમાણે આ મતિ વગેરે લક્ષણ કેટલાંક અંશથી ભેદને કહેતું હોવા છતાં પણ અનર્થાન્તર છે, એટલે કે અર્થાન્તર (જુદુ) નથી, સમાન જ છે, એવો વ્યવહાર કરવાનું કહે છે. આ બધાંય શબ્દોનો મતિજ્ઞાન સિવાયનો અર્થ વિચારવા યોગ્ય નથી, પણ મતિજ્ઞાન રૂપ જ અર્થ છે એમ તાત્પર્ય છે.

**બીજા આચાર્ય** એવું માને છે કે, આ સૂત્રોક્ત સર્વ શબ્દો એ ઇન્દ્રના શતક્રતુ, શક્ર આદિ શબ્દોની જેમ પર્યાય-શબ્દો જ છે. આથી અહીં ભેદ વડે અર્થની કલ્પના (વિચારણા) કરવી નહીં. આથી આ સૂત્રના પૂર્વપક્ષને અન્ય રીતે રજૂ કરે છે. તે આ રીતે

---

१. सर्वप्रतिषु । विते तत्रै० मु. । २. ख. पू. । विक० मु. ।

इति । तथा चास्य सूत्रस्य **पूर्वपक्ष**मन्यथा रचयन्ति एवं-लोके स्मृतिज्ञानं अतीतार्थपरिच्छेदि सिद्धम्, संज्ञाज्ञानं वर्तमानार्थग्राहि, चिन्ताज्ञानमागामिकालविषयमिति, इह तु सिद्धान्ते आभिनिबोधिकज्ञानमेवोच्यते, स्मृत्यादीनि तु नोच्यन्ते, तत्रानभिधाने प्रयोजनं वाच्यम् । **उच्यते**-आभिनिबोधिकज्ञानस्यैव त्रिकालविषयस्यैते पर्याया नार्थान्तरतेति मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यस्यानर्थान्तरमेतदिति ॥ १३ ॥

इह हि प्रतिक्षणं प्राणिनामन्यदन्यच्च ज्ञानमुदेति, घटालम्बनज्ञानापगतौ पटालम्बनज्ञानाविर्भावः, यच्चोत्पद्यते तत्कारणायत्तजन्म वदन्ति सन्तः, यथा घटः पुरुषमृत्तिकादण्डाद्यपेक्ष्य कारणमाविरस्ति, एवमस्य ज्ञानस्य समुपजायमानस्य किं निमित्तमिति ? उच्यते -

## सू० तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥ १-१४ ॥ [१]इति

**પૂર્વપક્ષ :** લોકમાં સ્મૃતિજ્ઞાન એ ભૂતકાલીન અર્થનો બોધ કરનારા તરીકે સિદ્ધ છે. સંજ્ઞાજ્ઞાન એ વર્તમાન અર્થને ગ્રહણ કરનારું છે અને ચિંતાજ્ઞાન એ ભવિષ્યકાળ વિષયક હોય છે. જ્યારે અહીં સિદ્ધાંતમાં તો એક આભિનિબોધિક-જ્ઞાન જ કહેવાય છે, પણ સ્મૃતિ વગેરે જ્ઞાનો કહેવાતાં નથી. તો તેમાં સ્મૃતિજ્ઞાન આદિ નહીં કહેવાનું પ્રયોજન શું છે ? તે કહેવું જોઈએ. (આવા પૂર્વપક્ષની સામે ઉત્તરપક્ષ રૂપે સૂત્ર રજૂ કરતાં કહે છે )

**ઉત્તરપક્ષ :** ત્રિકાળ-વિષયક આભિનિબોધિક જ્ઞાનના જ આ (સ્મૃતિ વગેરે) પર્યાયો છે, પણ તેનાથી અર્થાન્તરપણુ = ભિન્ન અર્થરૂપ નથી. આથી સૂત્રમાં કહે છે કે, મતિ-સ્મૃતિ-સંજ્ઞા-ચિંતા-અભિનિબોધ એ અનર્થાન્તર (સમાનાર્થી = પર્યાય) શબ્દો છે. (૧૩)

**અવતરણ : પ્રશ્ન :** જગતમાં એવું જોવા મળે છે કે, પ્રત્યેક ક્ષણે જીવોને જુદું જુદું જ્ઞાન થાય છે. ઘટને આલંબન કરનારા જ્ઞાનનો નાશ થયે પટવિષયક જ્ઞાન પ્રગટ થાય છે. વળી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે પોતાના કારણોને લઈને ઉત્પત્તિ (જન્મ)વાળું છે, એમ જ્ઞાનીઓ કહે છે. **દા.ત.** ઘટ (ઘડો) એ પુરુષ (કુંભાર), માટી, દંડ વગેરે કારણોની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય છે. તેમ ઉત્પન્ન થતાં આ પ્રસ્તુત જ્ઞાનનું શું નિમિત્ત છે? આવા પ્રશ્નના જવાબમાં આગળનું સૂત્ર જણાવતાં ગ્રંથકાર કહે છે. **જવાબ :**

**तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥ १-१४ ॥ इति ।**

१. पादिषु । ना. मु. ।

**भा० तदेतत् मतिज्ञानं द्विविधं भवति-इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च ।**

**टी० तदेत**दित्यनन्तरलक्षणोपेतं **मतिज्ञानं** किंनिमित्तमिति ? । **उच्यते**-हेतोर्द्वैविध्यात् **द्विविधं** भवति, तेनैव हेतुना द्विविधेन तत्कार्यमादर्शयति-**इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च** । तत्रेन्द्रियाणि स्पर्शनादीनि पञ्च निमित्तं यस्य तदिन्द्रियनिमित्तम्, न हि श्रोत्रेन्द्रियमन्तरेणायं प्रत्ययो भवति-शब्दोऽयमिति, न च स्पर्शनमन्तरेणायं प्रत्यय[1]: समुपद्यते-शीतोऽयमुष्णो वा, एवं शेषेष्वपि वाच्यम् । तथाऽ**निन्द्रियनिमित्तमि**ति इन्द्रियादन्यदनिन्द्रियं-मनः ओघश्चेति तद् निमित्तमस्य[2] तदनिन्द्रियनिमित्तमिति, स्मृतिज्ञानहेतुर्मनः । एवं चैतद् द्रष्टव्यम्-

---

**सूत्रार्थ :** તે મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન) રૂપ નિમિત્તવાળું છે.

**ભાષ્ય : તે આ મતિજ્ઞાન બે પ્રકારે છે. (૧) ઇન્દ્રિય-નિમિત્તવાળું અને (૨) અનિન્દ્રિય-નિમિત્તવાળું.**

**પ્રેમપ્રભા : तदेतद्** નો અર્થ છે - આ અનંતર હમણા જ ઉપર કહેલ લક્ષણથી યુક્ત મતિજ્ઞાન. **પ્રશ્ન :** તે મતિજ્ઞાનનું નિમિત્ત (કારણ) શું છે ? **જવાબ :** મતિજ્ઞાનના હેતુઓ બે પ્રકારના હોવાથી તે (મતિજ્ઞાન) બે પ્રકારનું છે. તે બે પ્રકારના હેતુ વડે જ તેના કાર્યને ભાષ્યમાં બતાવે છે. મતિજ્ઞાન (૧) ઇન્દ્રિય-નિમિત્તવાળું અને (૨) અનિન્દ્રિય-નિમિત્તવાળું એમ બે ભેદવાળું છે.

### મતિજ્ઞાનના બે પ્રકાર

તેમાં પ્રથમ ભેદ (૧) ઇન્દ્રિયો એટલે સ્પર્શન વગેરે પાંચ, તે જેમાં નિમિત્ત હોય તે **ઇન્દ્રિય-નિમિત્તવાળું** મતિજ્ઞાન કહેવાય. (પાંચેય ઇન્દ્રિયો પોતપોતાના વિષયનો જ બોધ કરવામાં નિમિત્ત બને છે) કેમ કે શ્રોત્રેન્દ્રિય વિના એવી પ્રતીતિ (પ્રત્યય) થતી નથી કે, 'આ શબ્દ છે' તેમજ સ્પર્શેન્દ્રિય વિના આ શીત(ઠંડુ) છે અથવા ઉષ્ણ (ગરમ) છે એવો બોધ થતો નથી. આ રીતે શેષ ઇન્દ્રયોની બાબતમાં પણ કહેવું - (આમ પાંચેય ઇન્દ્રિયો મતિજ્ઞાનના કારણભૂત છે.) તથા બીજો ભેદ (૨) અનિન્દ્રિય-નિમિત્ત છે. તેમાં ઇન્દ્રિયોથી અન્ય/જુદું તે 'અનિન્દ્રિય' એટલે મન અને ઓઘ... એ બે જેના નિમિત્ત છે તે **અનિન્દ્રિય-નિમિત્તવાળું** મતિજ્ઞાન કહેવાય. સ્મૃતિજ્ઞાનરૂપ મતિજ્ઞાનનો હેતુ મન છે.

આ ઉપરથી આ પ્રમાણે મતિજ્ઞાનનું વિભાગીકરણ કરવું. (૧) એક ઇન્દ્રિય-

---

१. पादिषु । यमु० पू. । २. पू. । मस्य मतिज्ञानस्य० मु. अधिकः ।

इन्द्रियनिमित्तमेकम्, अपरमनिन्द्रियनिमित्तम्, अन्यदिन्द्रियानिन्द्रियनिमित्तमिति त्रिधा, तत्रैकमिन्द्रियनिमित्तमेव ज्ञानं मत्याख्यम्, यथाऽवनिवारिदहनपवनवनस्पतीनामेकेन्द्रियाणां द्वित्रिचतुरिन्द्रियाणामसंज्ञिनां च पञ्चेन्द्रियाणां, मनसोऽभावात्, तथाऽनिन्द्रियनिमित्तं स्मृतिज्ञानम्, [१]एतच्चेन्द्रियनिरपेक्षं चक्षुरादिव्यापाराभावात्, तथा इन्द्रियानिन्द्रियनिमित्तं जाग्रदवस्थायां, स्पर्शनेन मनसोपयुक्तः स्पृशत्युष्णमिदं शीतं चेति, इन्द्रियं मनश्चोभयं तस्योत्पत्तौ निमित्तं भवति इति। तदेतत् सर्वमेकशेषाल्लभ्यत इति । इन्द्रियं चानिन्द्रियं च इन्द्रियानिन्द्रिये इन्द्रियानिन्द्रिये च [२]इन्द्रियानिन्द्रियाणि[३] तानि निमित्तं यस्य तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति। एतदेवाह- इन्द्रियनिमित्तमनिन्द्रियनिमितम्[४], चशब्दादुभयनिमित्तं चेति । अपेक्षाकारणं चाङ्गीकृत्य

નિમિત્તક, (૨) બીજું અનિન્દ્રિય (મન) નિમિત્તક અને (૩) ત્રીજું ઇન્દ્રિય-અનિન્દ્રિય-નિમિત્તક એમ ત્રણ પ્રકારે મતિજ્ઞાન સમજવું. તેમાં એક (પ્રથમ) (૧) ઇન્દ્રિયરૂપ **નિમિત્તવાળું** જ મતિજ્ઞાન હોય છે. જેમ કે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિય તથા બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને મનનો અભાવ હોવાથી ઇન્દ્રિય-નિમિત્તવાળું જ મતિજ્ઞાન હોય છે. તથા બીજું (૨) અનિન્દ્રિય-**નિમિત્તવાળું** મતિજ્ઞાન એ સ્મૃતિજ્ઞાન રૂપ હોય છે. અને આ જ્ઞાન ચક્ષુ વગેરે ઇન્દ્રિયના વ્યાપાર (ઉપયોગ) વિના જ થતું હોવાથી ઇન્દ્રિયોની અપેક્ષા વિના જ થાય છે. તથા ત્રીજું (૩) **ઇન્દ્રિય-અનિન્દ્રિય (ઉભય) નિમિત્તવાળું** જ્ઞાન એ જાગ્રત અવસ્થામાં સ્પર્શનેન્દ્રિય વડે મનથી ઉપયુક્ત (ઉપયોગવાળો) થયેલ જીવ સ્પર્શ કરે છે ત્યારે 'આ ઉષ્ણ છે અને આ ઠંડુ/શીત છે' એવા આકારના મતિજ્ઞાનને કરે છે. આની ઉત્પત્તિમાં ઇન્દ્રિય અને મન એ બેય (ઉભય) નિમિત્ત બને છે.

આમ આ સમસ્ત અર્થ 'એકશેષ' સમાસ કરવાથી પ્રાપ્ત થાય છે. તે આ રીતે - પહેલાં **इन्द्रियं य अनिन्द्रियं चेति इन्द्रियानिन्द्रिये** । એ પ્રથમ બે પ્રકારના નિમિત્તોનો સમાસ કરીને પછી ત્રીજા ઉભયનિમિત્ત રૂપ પ્રકાર સાથે આ પ્રમાણે 'એકશેષ' કરવો **इन्द्रियानिन्द्रिये च इन्द्रियानिन्द्रिये इति 'इन्द्रियानिन्द्रियाणि'** એમ એકશેષ કરવો. આવા એકશેષ સમાસના પેટાળમાં ૧. ઇન્દ્રિય, ૨. અનિન્દ્રિય અને ૩. ઇન્દ્રિયાનિન્દ્રિય એમ ત્રણેય નિમિત્તોનો સંગ્રહ થઈ જાય છે. પછી બહુવ્રીહિ કરવો. **(तानि ( इन्द्रियानिन्द्रियाणि )निमित्तं यस्य तदिन्द्रियानिन्द्रिय-निमित्तम् ।)** તે ઇન્દ્રિયાનિન્દ્રિય જેમાં નિમિત્ત બને તે ઇન્દ્રિયાનિન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન કહેવાય.

१. पू. । इतरेन्द्रि० मु. । २. ख.पू.पा. । एतत्पदद्वयं ना. मु. । ३. पादिषु । याणि च० मु. अधिकः । ४. पादिषु । मित्तं च० मु. अधिकः ।

सूत्रं पपाठ **आचार्यः** तदिन्द्रियानिन्द्रियनिमित्तमिति । अपेक्षाकारणं चालोकविषयेन्द्रियाणि, सति प्रकाशे विषये च चक्षुरादिषु च सत्सु ज्ञानस्योद्भवो दृष्टः, तेषामपि मध्येऽन्तरङ्गमपेक्षाकारणं [1]इन्द्रियानिन्द्रियाणि पठितम्, पारमार्थिकं तु कारणं क्षयोपशमो मतिज्ञानावरणपुद्गलानाम्, न हि तदावरणक्षयोपशममनपेक्ष्य, ज्ञानस्योत्पत्तिरिष्यते । **यदि** तर्हि आन्तरं निमित्तं क्षयोपशमः स एवोपादेयः किं बाह्येनेन्द्रियानिन्द्रियनिमित्तेनाधीतेनेति ? **उच्यते**–स क्षयोपशमः सर्वसाधारण इतिकृत्वा न पठितः, चशब्देन वा स[2] गृहीतो द्रष्टव्यः, इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च,

## ❋ બાહ્ય-અંતરંગ નિમિત્તકારણ અને પારમાર્થિક કારણ ❋

આ જ હકીકત ભાષ્યમાં કહે છે - (૧) ઇન્દ્રિય-નિમિત્તવાળું અને (૨) અનિન્દ્રિય-નિમિત્તવાળું. ભાષ્યમાં આ બે ભેદ સાક્ષાત્ કહેલાં છે અને તેમાં કહેલ **च** શબ્દથી ઉભય-નિમિત્તવાળું (ઇન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્ત વાળું) રૂપ ત્રીજા ભેદનો સંગ્રહ કરવો. વળી આચાર્ય ભગવંતે અપેક્ષા-કારણોને પણ આશ્રયીને **तदिन्द्रियाऽनिन्द्रियनिमित्तम्** એવું સૂત્રને કહેલું છે. તે આ રીતે - (૧) આલોક એટલે કે પ્રકાશ, (૨) વિષય (અર્થ) અને (૩) ઇન્દ્રિય એ ત્રણ **અપેક્ષા-કારણો** છે. કારણ કે, જો પ્રકાશ હોય, (ઘડો વગેરે) વિષય હોય અને ચક્ષુ વગેરે ઇન્દ્રિયો (અર્થાત્ ઇન્દ્રિયોનો વિષય સાથે સંબંધ) હોય ત્યારે જ્ઞાનનો ઉદ્ભવ થતો દેખાય છે. આ ત્રણેય અપેક્ષાકારણો પૈકી **અંતરંગ - કારણ** તરીકે સૂત્રમાં ઇન્દ્રિય-અનિન્દ્રિય કહેલી છે. જ્યારે **પારમાર્થિક - કારણ** તો મતિજ્ઞાનાવરણ કર્મ-પુદ્ગલોનો ક્ષયોપશમ જ છે. કારણ કે, તેના આવરણભૂત કર્મના ક્ષયોપશમની અપેક્ષા વિના જ્ઞાનની ઉત્પત્તિ ઇષ્ટ નથી.

**પ્રશ્ન :** જો જ્ઞાનની ઉત્પત્તિનું આંતરિક - કારણ ક્ષયોપશમ જ હોય તો પછી તેનું જ ગ્રહણ કરવું જોઈએ. હમણા ઉપર કહેલ ઇન્દ્રિય-અનિન્દ્રિય રૂપ બાહ્ય-નિમિત્તની શી જરૂર છે ? અર્થાત્ કોઈ જરૂર નથી.

**જવાબ :** તે ક્ષયોપશમ રૂપ કારણ એ સર્વજ્ઞાન પ્રત્યે સાધારણ કારણ છે, આથી કહેલ નથી. અથવા **च** શબ્દથી તેનું ગ્રહણ કરેલું સમજવું. તે આ રીતે - **૧. ઇન્દ્રિયનિમિત્ત ૨. અનિન્દ્રિય-નિમિત્ત** અને તેની પછી મૂકેલ **च** શબ્દથી **ક્ષયોપશમ-નિમિત્તવાળું** છે. અથવા તો **च** શબ્દથી ક્ષયોપશમનું ગ્રહણ ન કરવું, કારણ કે તે ભાવેન્દ્રિય રૂપ ક્ષયોપશમ એ તદ્રૂપ નથી અર્થાત્ ઇન્દ્રિયાદિ બાહ્યનિમિત્તરૂપ નથી.

१. पादिषु । पू. इन्द्रियाणि० । २. पादिषु । स० ना. मु. ।

चशब्दात् क्षयोपशमनिमित्तमिति, न वा, भावेन्द्रियस्याऽतद्रूपत्वात् इति । तत्रेन्द्रियनिमित्तं स्वयमेव भावयति-

**भा० तत्रेन्द्रियनिमित्तं स्पर्शनादीनां पञ्चानां स्पर्शादिषु पञ्चस्वेव स्वविषयेषु । अनिन्द्रियनिमित्तं मनोवृत्तिरोघज्ञानं च ॥ १४ ॥**

**टी० तत्रेन्द्रियेत्**यादिना । **तत्र** तेषां त्रयाणां मध्ये **इन्द्रियनिमित्तं** तावद् भण्यते- **स्पर्शनादीनामिति** । स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणां पञ्चानामेव **पञ्चस्वेव** इत्यन्यस्याभावान्नियमयति, **स्वे** आत्मीया विषया येषु प्राणिनः सक्तिं भजन्ते तेषु **स्वेषु विषयेषु,** तद्यथा-स्पर्शनस्य स्पर्शे, रसनस्य रसे, घ्राणस्य गन्धे, चक्षुषो रूपे, श्रोत्रस्य शब्दे, अत एषां स्पर्शनादीनां स्वविषयेषु प्रवर्तमानानां ग्राहितया यदुपजायते ज्ञानं तत् तानीन्द्रियाणि

**ચંદ્રપ્રભા :** કેમ કે **च** શબ્દથી સમાન વસ્તુનું જ ગ્રહણ થાય. પણ ભાવેન્દ્રિય રૂપ ક્ષયોપશમ એ ભિન્ન-પ્રકારનું કારણ હોવાથી **च** થી તેનું ગ્રહણ ન થાય. અહીં પૂર્વે **च** શબ્દથી ઉભય-નિમિત્તવાળા મતિજ્ઞાનનું ગ્રહણ કરેલું છે. વળી પાછુ **च** થી ક્ષયોપશમનું ગ્રહણ કરવું ઉચિત નથી. ઇત્યાદિ કોઈપણ કારણે અસ્વરસથી **नवा** એમ કહી **च** થી ક્ષયોપશમના ગ્રહણનો નિષેધ કરેલા છે એમ જણાય છે.

આમાં (૧) ઇન્દ્રિયનિમિત્તવાળું (મતિજ્ઞાન)રૂપ પ્રથમ ભેદનો ભાષ્યકાર સ્વયં વિચાર કરે છે-

**ભાષ્ય : સ્પર્શ વગેરે પાંચ જ સ્વ (પોતપોતાના) વિષયોમાં પ્રવર્તતી સ્પર્શન આદિ પાંચ ઇન્દ્રિયોના નિમિત્તથી થતું (મતિ) જ્ઞાન તે ઇન્દ્રિય-નિમિત્તવાળું કહેવાય. તથા મનોવૃત્તિ (એટલે મનનું વિષયનો બોધ કરનારરૂપે વર્તવું તે) અને ઓઘજ્ઞાન એ અનિન્દ્રિય-નિમિત્તવાળું (મતિજ્ઞાન) છે. (૧૪)**

**પ્રેમપ્રભા :** તત્ર = પૂર્વોક્ત ત્રણ પ્રકારના મતિજ્ઞાન પૈકી (૧) **ઇન્દ્રિય-નિમિત્તવાળું** મતિજ્ઞાન ભાષ્યમાં કહેવાય છે. સ્પર્શનાદિ એટલે સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ જ ઇન્દ્રિયોનો સ્પર્શ આદિ પોતાના જ વિષયોમાં... સ્વ = એટલે પોતાના વિષયો કે જેમાં પ્રાણીઓ આસક્તિ કરે છે, તેવા સ્વ-વિષયમાં પ્રવર્તનારી અર્થાત્ સ્પર્શને વિષે સ્પર્શનેન્દ્રિય, રસમાં રસનેન્દ્રિય, ગંધને વિષે ઘ્રાણેન્દ્રિય, રૂપને વિષે ચક્ષુરિન્દ્રિય અને શબ્દ વિષે સ્પર્શનેન્દ્રિય. આ પ્રમાણે સ્વ = એટલે પોતાના વિષયોમાં પ્રવર્તતી એવી

१. सर्वप्रतिषु । यस्य तद्रू० मु. ।

आलम्ब्योत्पद्यमानमिन्द्रियनिमित्तमिति भण्यते । इदानीमनिन्द्रियनिमित्तमाचष्टे-**अनिन्द्रियं** मनस्तन्निमित्तं यस्य **तदनिन्द्रियनिमित्तम्** । कीदृक् तदित्याह-**मनोवृत्तिर्मनो**विज्ञानमिति । मनसो भावाख्यस्य वर्तनं-विषयपरिच्छेदितया परिणतिर्मनोवृत्तिः, **ओघज्ञानं चे**ति । **ओघः** सामान्यं अप्रविभक्तरूपं यत्र न स्पर्शनादीनीन्द्रियाणि [1]नापि मनोनिमित्तमाश्रीयन्ते, केवलं मत्यावरणीयक्षयोपशम एव तस्य ज्ञानस्योत्पत्तौ निमित्तम्, यथा वल्ल्यादीनां नीव्राद्यभिसर्पणज्ञानं न स्पर्शननिमित्तं न मनोनिमित्तमिति, तस्मात् तत्र मत्यज्ञानावरणक्षयोपशम एव केवलो

---

ઇન્દ્રિયોને ગ્રાહિપણાથી અર્થાત્ ગ્રાહિતા સંબંધથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાન - તે તે ઇન્દ્રિયોનું આલંબન કરીને ઉત્પન્ન થતું હોયને ઇન્દ્રિય-નિમિત્તક જ્ઞાન કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** પાંચ ઇન્દ્રિયો એ વિષયોનું ગ્રહણ કરનાર = ગ્રાહી છે. આથી તેમાં ગ્રાહિતા છે. **ग्राहितया =** ગ્રાહિતા - સંબંધથી જ્ઞાન ઇન્દ્રિયોને થાય છે, એમ કહેવાય છે. વસ્તુતઃ આત્મામાં જ્ઞાન થાય છે. ઇન્દ્રિય તેમાં નિમિત્ત છે. આથી ઇન્દ્રિયોનું આલંબન કરીને (આશ્રયણ કરીને-નિમિત્તભાવે મદદ લઈને) આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી ઇન્દ્રિય-નિમિત્તવાળું જ્ઞાન કહેવાય એમ ભાષ્યકારનો આશય ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિવરે સ્પષ્ટ કરેલો છે, એમ જાણવું.

**પ્રેમપ્રભા :** હવે બીજા (૨) **અનિન્દ્રિય-નિમિત્તક** જ્ઞાનને કહે છે - અનિન્દ્રિય એટલે મન. તે જેનું (મતિજ્ઞાનનું) નિમિત્ત હોય તે અનિન્દ્રિય-નિમિત્તક જ્ઞાન ૧. મનોવૃત્તિ અને ૨. ઓઘજ્ઞાન એમ બે પ્રકારે કહેલું છે. તે અંગે ટીકામાં પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** તે અનિન્દ્રિય-નિમિત્તક મતિજ્ઞાન કેવું છે ?

**જવાબ :** બે પ્રકારે છે. (૧) **મનોવૃત્તિ** એટલે કે મનોવિજ્ઞાન રૂપ છે. **मनसः** = ભાવાત્મક મનનું **वर्तनं (वृत्तिः)** = વિષયનો બોધ કરવા રૂપે પરિણમન (પરિણમવું/પરિણામ) તે 'મનોવૃત્તિ' રૂપ જ્ઞાન કહેવાય. અને બીજું (૨) **ઓઘજ્ઞાન** રૂપ છે. ઓઘ = એટલે સામાન્ય રૂપ અર્થાત્ વિશેષવિભાગ વિનાનું... જેમાં સ્પર્શન આદિ ઇન્દ્રિયો ઉપયોગી બનતી નથી કે નથી મનરૂપ નિમિત્તનો પણ આશ્રય કરાતો. ફક્ત મતિ-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ તે જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્ત બને છે. જેમ કે, વેલડી આદિનું નીવ્ર = છત/છાપરું વગેરે તરફ સરકવાનું/ઉપર ચઢવાનું જ્ઞાન એ સ્પર્શનેન્દ્રિય-નિમિત્તવાળું નથી કે મન-નિમિત્તવાળું પણ નથી. તે કારણથી ત્યાં ફક્ત

---

१. ख.पू. । तानि० मु. ।

निमित्तीक्रियते ओघज्ञानस्य ॥१४॥

तत् पुनरिन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं वा ज्ञानं किमेकरूपम्, उतास्ति कश्चिद् भेदकलापः ? अस्तीत्याह । यद्यस्ति ततो भण्यताम् । **उच्यते** –

**सू० अवग्रहेहापायधारणाः ॥ १-१५ ॥** इति[1]

**भा० तदेतत् मतिज्ञानमुभयनिमित्तमप्येकशश्चतुर्विधं भवति । तद्यथा-अवग्रह ईहा अपायो धारणा चेति ।**

**टी० तदेतत् मतिज्ञानं** लक्षणविधानाभ्यां यदुक्तम् **उभयनिमित्तम**पि[2] इन्द्रियनिमित्तम-निन्द्रियनिमित्तम् **अपि**शब्दादिन्द्रियानिन्द्रियनिमित्तम्[3] । **अथे**न्द्रियानिन्द्रियनिमित्तसमुदायरूपेण

મતિઅજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને જ ઓઘ-જ્ઞાનના નિમિત્ત તરીકે બનાવાય છે, સ્વીકારાય છે. (૧/૧૪)

**અવતરણ : પ્રશ્ન :** તે ઇન્દ્રિય-નિમિત્તવાળું અથવા અનિન્દ્રિય-નિમિત્તવાળું જ્ઞાન એ શું એક જ રૂપે છે કે પછી તેના પણ ભેદોની વણઝાર હોય છે ? **જવાબ :** તેના પણ ભેદોનો સમૂહ હોય છે.

**શિષ્ય :** જો તેના ભેદો હોય તો તે આપે કહેવા યોગ્ય છે - તેના જવાબમાં આગળનું સૂત્ર કહે છે. **જવાબ :**

**अवग्रहेहापायधारणाः ॥ १-१५ ॥**

**સૂત્રાર્થ :** (મતિજ્ઞાનના ચાર ભેદ છે-) (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય અને ધારણા.

**ભાષ્ય : તે આ મતિજ્ઞાન ઉભય-નિમિત્તવાળું હોયને પણ પ્રત્યેક ચાર ભેદવાળું છે. તે આ પ્રમાણે - (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય અને (૪) ધારણા.**

**પ્રેમપ્રભા :** તે આ મતિજ્ઞાન કે જે હમણા લક્ષણ અને ભેદ વડે ઉપર કહેવાયું, તે ઉભય-નિમિત્તવાળું એટલે કે (૧) ઇન્દ્રિય-નિમિત્તવાળું અને (૨) અનિન્દ્રિય-નિમિત્તવાળું. **अपि** શબ્દથી ઇન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તવાળું મતિજ્ઞાન રૂપ ભેદનું પણ ગ્રહણ કરવું.

१. पादिषु । ना. मु. । २. पू. । अपि-ना. मु. । ३. पू. मित्तमपि० मु. ।

स्थितं चतुर्विधं किं ग्राह्यम्?। नेत्याह-**एकशः**, एकैकं स्पर्शनेन्द्रियनिमित्तं चतुर्विधं, रसनेन्द्रियनिमत्तं चतुर्विधं, घ्राणेन्द्रियनिमित्तं चतुर्विधम्, चक्षुरिन्द्रियनिमित्तं चतुर्विधं, श्रोत्रेन्द्रियनिमित्तं चतुर्विध, मनोनिमित्तं चतुर्विधमिति। चतस्रो विधा यस्य तच्चतुर्विधम्। कास्ताश्चतस्रो विधा इत्याह-**अवग्रह ईहा अपायो धारणेति**। स्पर्शनावग्रहः स्पर्शनेहा स्पर्शनापायः स्पर्शनधारणेति, एवं सर्वत्र दृश्यं यावन्मनोधारणेति। **पर** आह-निर्ज्ञातं चातुर्विध्यमेकैकस्य, इदं तु न विज्ञातं किंस्वरूपा अवग्रहादय इत्यतः स्वरूपमवग्रहादीनां ब्रूहि, एवमुक्ते सूरिः स्वरूपप्रचिकाशयिषयाऽऽह अवग्रहादीनाम्-

## ❋ મતિજ્ઞાનના ૨૪ ભેદો ❋

**પ્રશ્ન** : ઇન્દ્રિય-અનિન્દ્રિય-નિમિત્ત એવા સમુદાય રૂપે રહેલ મતિજ્ઞાન એ શું ચાર પ્રકારનું લેવાનું છે ?

**જવાબ** : ના, **एकशः** = પ્રત્યેક ઇન્દ્રિય-નિમિત્તવાળું અને અનિન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન એ ચતુર્વિધ = ચાર ભેદવાળું છે. જેમ કે, (૧) સ્પર્શનેન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. (૨) રસનેન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. (૩) ઘ્રાણેન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. (૪) ચક્ષુરિન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. (૫) શ્રોત્રેન્દ્રિય-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. (૬) મન(અનિન્દ્રિય)-નિમિત્તવાળું મતિજ્ઞાન ચાર ભેદવાળું છે.

જેના ચાર ભેદ હોય તે **ચતુર્વિધ** કહેવાય.

**પ્રશ્ન** : તે ચાર ભેદો કયા છે ? **જવાબ** : (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય અને (૪) ધારણા. તેમાં સ્પર્શનેન્દ્રિયના ચાર ભેદ આ રીતે કહેવાય. (i) સ્પર્શનાવગ્રહ (સ્પર્શનેન્દ્રિય-અવગ્રહ) (ii) સ્પર્શન-ઇહા (iii) સ્પર્શન-અપાય અને (iv) સ્પર્શન-ધારણા. (અહીં સ્પર્શન એટલે સ્પર્શનેન્દ્રિય સમજવું. તેના નિમિત્તથી થતું અર્થાત્ તેનાથી ઉત્પન્ન થતું જે અવગ્રહરૂપ મતિજ્ઞાન તે સ્પર્શનાવગ્રહ - મતિજ્ઞાન ભેદ કહેવાય. એમ આગળ પણ સર્વત્ર સમજવું.) આ પ્રમાણે સર્વત્ર સમજવું. અર્થાત્ સ્પર્શનાવગ્રહ વગેરે ભેદોની જેમ રસનેન્દ્રિય આદિ ઇન્દ્રિયોના યાવત્ મન સુધીના ૪-૪ ભેદો કહેતાં છેલ્લો ભેદ 'મનોધારણા'રૂપ સમજવો. આમ કુલ છ ઇન્દ્રિય-અનિન્દ્રિયના પ્રત્યેકના ૪-૪ ભેદો ગણતાં મતિજ્ઞાનના ૬ × ૪ = ૨૪ (ચોવીશ) ભેદો થયા.

**भा० तत्राव्यक्तं यथास्वमिन्द्रियैर्विषयाणामालोचनावधारणमवग्रहः । अवग्रहो ग्रहो ग्रहणमालोचनमवधारणमित्यनर्थान्तरम् ।**

**टी० तत्राव्यक्तमि**त्यादिना । **तत्रे**ति चतुर्ष्ववग्रहादिषु प्रकान्तेषु अवग्रहोऽभिधीयते। अवग्रहणमवग्रहः सामान्यार्थपरिच्छेद इत्यर्थः । यद् विज्ञानं स्पर्शनादीन्द्रियजं व्यञ्जनावग्रहादनन्तरक्षणे सामान्यस्यानिर्देश्यस्य स्वरूपकल्पनारहितस्य नामादिकल्पनारहितस्य च वस्तुनः परिच्छेदकं सोऽवग्रहः अव्यक्तं ज्ञानमिति यावत् । [1]तदाह-**अव्यक्तम्** अस्फुटम् अवधारणमित्यनेन सम्बन्धः । अव्यक्तं यदवधारणम्-अव्यक्त[2]ः परिच्छेद इत्यर्थः । **कस्याव्यक्तं**

**પૂર્વપક્ષ :** પ્રત્યેક ઇન્દ્રિયાદિના ૪-૪ ભેદો નિશ્ચિતરૂપે જાણ્યા. પણ એ નથી જણાતું કે અવગ્રહ આદિનું સ્વરૂપ શું છે ? આથી આપે અવગ્રહ આદિનું સ્વરૂપ જણાવવા યોગ્ય છે. આ પ્રમાણે બીજા વડે પ્રશ્ન કરાતાં **સૂરિજી** અવગ્રહાદિ ભેદોનું સ્વરૂપ પ્રકાશિત કરવાની ઇચ્છાથી ભાષ્યમાં કહે છે - **જવાબ (ઉત્તરપક્ષ) :**

**ભાષ્ય : તેમાં ઇન્દ્રિયો વડે યથાયોગ્ય (પોતપોતાના) વિષયોનું અવ્યક્ત (અસ્પષ્ટ) આલોચના રૂપ જે અવધારણ તે 'અવગ્રહ' કહેવાય.**

**(૧) અવગ્રહ (૨) ગ્રહ (૩) ગ્રહણ (૪) આલોચના અને (૫) અવધારણા એ અનર્થાન્તર એટલે કે અભિન્ન-અર્થવાળા પર્યાય-શબ્દો છે.**

### ❋ 'અવગ્રહ'નું સ્વરૂપ અને પર્યાય-શબ્દો ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં કહેલ **तत्र** (તેમાં) શબ્દનો અર્થ છે કે, અવગ્રહ આદિ ચાર ભેદો પ્રસ્તુત હોતે છતે હવે તે પૈકી અવગ્રહનું સ્વરૂપ કહેવાય છે. **अवग्रहणं इति अवग्रहः ।** (વસ્તુનું) અવગ્રહણ તે અવગ્રહ એટલે વસ્તુના સામાન્ય-અર્થનો બોધ. **ભાવાર્થ** એ છે કે, જે વિજ્ઞાન સ્પર્શન આદિ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારું હોય અને (વિષય અને ઇન્દ્રિયના સંબંધમાત્ર રૂપ) વ્યંજનાવગ્રહ થયા પછી અનન્તર (તરત/બીજી) ક્ષણે જેનો નિર્દેશ કરી શકાય નહીં, જેના સ્વરૂપની કલ્પના થઈ શકે નહીં અને જેના નામાદિની પણ કલ્પના કરી શકાય નહીં એવી-સામાન્યરૂપ વસ્તુનો બોધ કરનારું હોય તે **'અવગ્રહ'** કહેવાય. અર્થાત્ અવ્યક્ત જ્ઞાન તે અવગ્રહ કહેવાય. આ જ વાત ભાષ્યમાં કહે છે - **अव्यक्तं** = અવ્યક્ત એટલે અસ્પષ્ટ. આ પદનો **'अवधारणं'** પદ સાથે સંબંધ થાય છે. આથી

१. पू. । यदा० मु. । २. पू. । क्तो यः० मु. ।

कैर्वा तदव्यक्तिमिति ? **उच्यते-यथास्वमि**त्यादि। यथाशब्दो वीप्सायां, यो य इति, स्वशब्द आत्मीयवचनो, यो य आत्मीय इत्यर्थः । यथास्वं विषयोऽभिसम्बन्ध्यते, योऽयमात्मीयो विषयस्तस्यात्मीयस्य विषयस्य **इन्द्रियैः** स्पर्शनादिभिः करणभूतैर्ये विषयाः परिच्छेद्यन्ते तेषां **विषयाणां** स्पर्शादीनां अव्यक्तमवधारणम्, कीदृशमत आह- **आलोचनावधारणम्** । आङ् मर्यादायाम्, [1]लोचनं दर्शनं, परिच्छेदो मर्यादया यः [2]सा आलोचना । यथोक्तं पुरस्ताद् वस्तुसामान्यस्याऽनिर्दे[3]श्यस्वरूपनामजात्यादिकल्पनावियुतस्य

અવ્યક્ત એવું જે અવધારણ એટલે કે ('કંઈક છે' એવા આકારનો) અવ્યક્ત = અસ્પષ્ટ બોધ તે 'અવગ્રહ' કહેવાય.

**પ્રશ્ન :** કોનો અવ્યક્ત બોધ અથવા કોના વડે અવ્યક્ત બોધ થાય છે ? એના જવાબમાં ભાષ્યકાર કહે છે-

**જવાબ : यथास्वम्** - યથાયોગ્ય વિષયોનો ઇન્દ્રિયો વડે થતો અવ્યક્ત બોધ લેવાનો છે. આમાં **यथास्वम्** માં **यथा** શબ્દ 'વીપ્સા' અર્થમાં છે. (એક એક કરતાં દરેક વિષયને વ્યાપવાની-સંબંધ કરવાની ઇચ્છા તે 'વીપ્સા' કહેવાય. અર્થાત્ 'પ્રત્યેક' અર્થમાં છે.) **यथा** એટલે જે જે... હોય તે દરેક... અને **स्व** શબ્દ 'આત્મીય = પોતાનો' એવા અર્થમાં છે. **यथास्वं** શબ્દ 'વિષય' સાથે સંબંધ કરાય છે.

આમ '**यथास्वं**' એટલે જે જે પોતાનો વિષય હોય, તે તે પોતાના વિષય સંબંધી જ્ઞાન કરવામાં મુખ્ય સાધનભૂત (કરણભૂત) સ્પર્શનેન્દ્રિય આદિ ઇન્દ્રિયો વડે જે વિષયોનો બોધ કરાય છે, તે સ્પર્શ આદિ રૂપ વિષયોનું અવ્યક્ત રૂપે જે અવધારણ (બોધ). **પ્રશ્ન :** કેવું અવધારણ થાય છે ? **જવાબ :** આલોચના રૂપ અવ્યક્ત અવધારણ (નિશ્ચય) તે **અવગ્રહ** કહેવાય.

'આલોચના-અવધારણ' પદોનો અર્થ સ્પષ્ટ કરતાં ટીકામાં કહે છે, **आङ्** શબ્દ 'મર્યાદા' અર્થમાં છે. **लोचन** = એટલે દર્શન, બોધ... મર્યાદા વડે જે સામાન્ય બોધ/પરિચ્છેદ તે 'આલોચના' કહેવાય. પૂર્વે કહ્યા મુજબ અનિર્દેશ્ય, સ્વરૂપ-નામ-જાતિ આદિની કલ્પનાથી રહિત, વસ્તુગત સામાન્ય ('કંઈ છે' એવો) અર્થનો જે બોધ તે મર્યાદાપૂર્વકની 'આલોચના' કહેવાય. આવી આલોચના રૂપ અવધારણ, તે

१. पू. । आलो० मु. । २. पू. । स० मु. । ३. पादिषु । र्देश्यस्य स्व० मु. ।

यः परिच्छेदः सा आलोचना मर्यादया भवति । आलोचना च सा अवधारणं च तदालोचनावधारणम् ।

अत **एतदुक्तं भवति**-अव्यक्तमालोचनावधारणं स्पर्शादिभिरिन्द्रियैः स्पर्शनादीनामात्मीयानां विषयाणामात्मनो यद् भवति सोऽवग्रहः । **किं** पुनः कारणमाद्ये क्षणे तं विषयं परिच्छेत्तुं यथावन्न शक्नोति परतश्च यथावच्छक्ष्यतीति[3] ? **उच्यते**-मतिज्ञानावरणीयकर्मणः स तादृशः क्षयोपशमो येनादौ तं विषयं सामान्येन परिच्छिनत्ति, ईहायां चान्यादृशः क्षयोपशमो यतस्तमेव स्फुटतरमीहिष्यते, अपाये चान्यादृशः क्षयोपशमो येन तमेव विषयं स्फुटतरमवच्छिनत्तीति, धारणायामप्यन्यादृशो येनावधारयिष्यतीति, तस्मान्मलीमसत्वात् क्षयोपशमस्यादावव्यक्तमवधारणं यत् सो**ऽवग्रह** इत्युच्यते । एवं स्वचिह्नतोऽवग्रहं निरूप्य पर्यायशब्दैस्तमेव कथयति- **अव( ग्रहो ग्रहो ) ग्रहणमालोचना**वग्रहोऽभिधीयते अवधारणं चेति, योऽसौ सामान्यपरिच्छेदः

---

આલોચનાવધારણ કહેવાય. આથી અહીં કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે- આત્માને સ્પર્શન આદિ ઇન્દ્રિયો વડે સ્પર્શ વગેરે પોતાના વિષય સંબંધી જે (ઉપર કહ્યા પ્રમાણે) અવ્યક્ત આલોચનાવધારણ (બોધ) થાય છે, તે **અવગ્રહ** કહેવાય.

## ❋ અવગ્રહાદિ ૪ ભેદો ઉત્તરોત્તર વિશુદ્ધ હોવાનુ કારણ ❋

**શંકા :** પ્રથમ ક્ષણે તે (વિવક્ષિત) વિષયને યથાવત્ જાણવાને સમર્થ થતો નથી અને પછીની - બીજી વગેરે ક્ષણોમાં તે વિષયને યથાર્થરૂપે જાણવા માટે શક્તિમાન બનશે, એનું શું કારણ છે ?

**સમાધાન :** પ્રથમ ક્ષણે (અવગ્રહકાળે) મતિજ્ઞાનવરણીય-કર્મનો તેવા પ્રકારનો (અતિઅલ્પ) ક્ષયોપશમ થાય છે, જેથી શરૂઆતમાં/પહેલીક્ષણે તે વિષયને ('કંઈક છે' એમ) સામાન્યથી જાણે છે. જ્યારે **'ઈહા'** રૂપ બીજા (મતિજ્ઞાનના) ભેદમાં અન્ય પ્રકારનો જ મતિ-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપ. થાય છે, જેથી તે જ વિષયને અધિક સ્પષ્ટરૂપે ('આ શું હશે ? દરડું કે આપ ? દોરડું હોય તેમ લાગે છે, સાપ લાગતો નથી' એમ) જાણે છે. **'અપાય'** રૂપ ત્રીજા ભેદમાં જુદો જ ક્ષયોપશમ થાય છે, જેથી તે જ વિષયને અધિક સ્પષ્ટરૂપે ('આ દોરડું જ છે, સાપ નથી' એમ નિશ્ચિતરૂપે) બોધ કરે છે. તથા ચોથા **'ધારણા'** રૂપ ભેદમાં પણ અન્ય પ્રકારનો (વિશિષ્ટ) ક્ષયોપશમ થાય છે, જેના કારણે તે

---

१. ख. पू. । उक्तमा० मु. । २. पू. । स्पर्शनादी० मु. । ३. सर्वप्रतिषु । क्ष्यति० मु. ।

स एभिः शब्दैरर्थतो नानात्वमप्रतिपद्यमानैरभिधीयते । एवमवग्रहं कथयित्वा ईहायाः स्वरूपमाचिख्यासुराह –

**भा० अवगृहीतम् । विषयार्थैकदेशाच्छेषानुगमनम् । निश्चयविशेषजिज्ञासा ईहा । ईहा चेष्टा ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासेत्यनर्थान्तरम् ।**

**टी० अवगृहीतमित्यादि** । अवगृहीतमित्यनेन क्रमं दर्शयति–सामान्येन गृहीते ईहा प्रवर्तते न पूर्वमेवेहेति, यदा हि सामान्येन स्पर्शनेन्द्रियेण स्पर्शसामान्यमाऽऽगृहीतमनिर्देश्यादिरूपं

---

જાણેલ વિષયને લાંબા વખત સુધી ધારણ કરી રાખશે. આથી શરૂઆતમાં - પ્રારંભિક ક્ષણે મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એ ખૂબ મલિન = અર્થાત્ અતિ અલ્પવિશુદ્ધ હોવાથી જે અવ્યક્ત અવધારણ (બોધ) થાય છે તે 'અવગ્રહ' કહેવાય છે.

આ પ્રમાણે પોતાના ચિહ્નો/લક્ષણો વડે અવગ્રહનું નિરૂપણ કરીને હવે તેના **પર્યાય-શબ્દો** વડે તે જ અવગ્રહને કહે છે. (૧) અવગ્રહ (૨) ગ્રહ (૩) ગ્રહણ (૪) આલોચના અને (૫) અવધારણ એ પણ અવગ્રહ કહેવાય છે. (અર્થાત્ અનર્થાન્તર = પર્યાય શબ્દો છે, અર્થાન્તર = ભિન્ન અર્થવાળા શબ્દો નથી.) અર્થાત્ પૂર્વોક્ત સ્વરૂપ જે (અવગ્રહરૂપ) સામાન્યબોધ છે, તે અર્થની અપેક્ષાએ અભિન્ન અર્થાત્ સમાન અર્થને કહેનારા આ (ભાષ્યોક્ત પાંચ) શબ્દો વડે કહેવાય છે. ટૂંકમાં આ પાંચ શબ્દો સામાન્ય-બોધરૂપ સરખા અર્થને જણાવે છે.

આ પ્રમાણે અવગ્રહભેદને કહીને હવે **'ઈહા'** રૂપ મતિજ્ઞાનના ભેદનું સ્વરૂપ કહેવાની ઈચ્છાવાળા ભાષ્યકાર ભગવંત કહે છે-

**ભાષ્ય : (વિષયનો) અવગ્રહ કરાયો. વિષય રૂપ અર્થના (જાણેલાં) એક ભાગ(દેશ) કરતાં જે શેષની = વિશેષની વિચારણા કરવી, (અર્થાત્) નિશ્ચિત = નિશ્ચયાત્મક વિશેષની (ભેદની) જિજ્ઞાસા કરવી તે 'ઈહા' કહેવાય.**

**(૧) ઈહા (૨) ચેષ્ટા (૩) ઊહા (૪) તર્ક (૫) પરીક્ષા (૬) વિચારણા અને (૭) જિજ્ઞાસા એ અનર્થાન્તર અર્થાત્ પર્યાય-શબ્દો છે.**

**પ્રેમપ્રભા : 'अवगृहीतम्'** એટલે વિષયનો અવગ્રહ કરાયો છે. આ કથન દ્વારા ભાષ્યકાર ક્રમને દર્શાવે છે. કે પદાર્થ/વિષય જ્યારે સામાન્યથી ગ્રહણ કરાયેલ - જાણેલ

ततः उत्तरं स्पर्शभेदविचारणा ईहाभिधीयत इति । एतदाह-**विषयार्थैके**त्यादि । **विषयः** स्पर्शादिः स एव परिच्छेदकालेऽर्यमाणत्वात्-परिच्छिद्यमानत्वादर्थ इत्युच्यते, विषयश्चासावर्थश्च विषयार्थः तस्यैकदेशः सामान्यमनिर्देश्यादिरूपं तस्मात् **विषयार्थैकदेशात्** परिच्छिन्नादनन्तरं यत् **शेषानुगमनं, शेषस्य** भेदस्य[1] विशेषस्येत्यर्थः । **अनुगमनं** विचारणं, शेषस्यानुगमनं विशेषविचारणमित्यर्थः । किमयं मृणालीस्पर्शः उताहो सर्पस्पर्श इति । न चैतत् संशयविज्ञानमिति युज्यते **वक्तुम्**, यतः संशयविज्ञानमेवंरूपं भवति यदो[2]ऽनेकार्थावलम्बनमूर्ध्वतासामान्यं पश्यतः किमयं स्थाणुरुत पुरुष इति नैकस्यापि परिच्छेदं शक्तं कर्तुमिति तत् संशयविज्ञानमभिधीयते ।

હોય ત્યારબાદ તેને વિષે 'ઈહા' પ્રવર્તે છે, પણ (અવગ્રહરૂપે જાણ્યા) પહેલાં જ ઈહા થતી નથી. કારણ કે, જ્યારે સામાન્યથી સ્પર્શનેન્દ્રિય વડે અનિર્દેશ્ય (અવ્યક્ત) આદિરૂપ સ્પર્શ-વિષયના સામાન્યનું ગ્રહણ કરેલું હોય, ત્યારબાદ ઉત્તરકાળે સ્પર્શવિષયના ભેદની (વિશેષની) વિચારણા થાય છે, તે **'ઈહા'** કહેવાય છે. આ જ વાત ભાષ્યમાં જણાવે છે - 'વિષયરૂપ' અર્થના (જાણેલ) એક ભાગ કરતાં શેષની/વિશેષની વિચારણા (= અનુગમન) તે **ઈહા** કહેવાય.

ટીકાથી અર્થ જોઈએ - વિષય એટલે સ્પર્શ વગેરે. તે જ જ્ઞાન કરવાના કાળે બોધ કરાતો, જણાતો હોવાથી ( **अर्यमाणत्वाद् - ऋ + थ = अर्थः** ) 'અર્થ' કહેવાય. વિષયરૂપ જે અર્થ, તે વિષયાર્થ, તેનો એક ભાગ તે સામાન્ય અનિર્દેશ્ય આદિ રૂપ ભાગ, તેનો અવગ્રહરૂપે બોધ થયા પછી તરત જે શેષ ભેદનું/વિશેષનું વિચારવું (અનુગમન) તે 'ઈહા' કહેવાય. જેમ કે, 'શું આ કમળના દાંડાનો/નાળનો સ્પર્શ છે કે સર્પનો સ્પર્શ છે ?' અહીં જો કોઈ કહે કે, 'આ સંશયાત્મક વિજ્ઞાન છે' તો તેમ કહેવું બરોબર નથી, કારણ કે સંશય-વિજ્ઞાન આવા પ્રકારનું હોય છે કે, જ્યારે અનેક પદાર્થનું અવલંબન કરનાર-વિષય બનાવનાર એવા ઊર્ધ્વતા-સામાન્યને જોતાં એવા પુરુષને - 'શું આ સ્થાણુ (ઠુંઠું) છે કે પુરુષ છે ?' એ પ્રમાણે એક પણ પદાર્થનો બોધ નિશ્ચય કરવાને સમર્થ બનાતું નથી, ત્યારે તે **સંશય-વિજ્ઞાન** કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** અહીં પૂર્વ અને પછીની (અપર) અવસ્થામાં (વસ્તુના પર્યાયમાં) જે સાધારણ/સમાનરૂપે રહેલ દ્રવ્યને **ઊર્ધ્વતા-સામાન્ય** કહેવાય. **દા.ત.** સોનાના કટકને (કડાને) ભાંગીને તેને કંકણ (બંગડી અથવા મુગટ)રૂપે કરાય ત્યારે કટક એ પૂર્વની અવસ્થા છે અને કંકણ એ ઉત્તર-અવસ્થા છે અને તે બેય પર્યાયમાં અનુગત = સાધારણ રૂપ જે સુવર્ણ દ્રવ્ય છે તે

१. पादिषु । भेदवि० मु. । २. पू. । यदने० मु. ।

ईहा पुनरेवंविधलक्षणविपरीता, यतः स्पर्शसामान्य उपलब्धे तदुत्तरकालं मृणालस्पर्श[1]-सद्भूतविशेषाऽऽदानप्रवृत्ता, असद्भूतविशेषपरित्यागप्रवृत्ता चेहेत्यभिधीयते । अमी पूर्वं मृणालस्पर्शे मया सद्भूता विशेषा अनुभता इत्यर्थतस्तदभिमुखाऽसौ[2], अमी च नानुभूता इति तत्परित्यागाभिमुखा, अतो न संशयविज्ञानेनास्याः साम्यमस्तीत्येतदाह–**निश्चयविशेषजिज्ञासा ईहा ।** निश्चीयतेऽसाविति निश्चयः । कोऽसौ ? विशेष इत्याह, विशिष्यते-भिद्यतेऽन्यस्मादिति विशेषः । निश्चयश्चासौ विशेषश्च निश्चयविशेषः निश्चितो विशेष इत्यर्थः, तस्य ज्ञातुमिच्छा या सा जिज्ञासा, विद्यमानाविद्यमानविशेषाऽऽदानपरित्यागाभिमुखेत्यर्थः । सैवंविधा

'ઊર્ધ્વતા-સામાન્ય' કહેવાય. પ્રસ્તુતમાં મૃણાલી = કમળના ડાંડાનો પૂર્વ અને પશ્ચાત્ બન્નેય અવસ્થામાં સાધારણ દ્રવ્ય (મૃણાલી)ને જોઈને પણ નિશ્ચય થતો નથી કે, 'શું આ મૃણાલીસ્પર્શ છે કે સર્પનો સ્પર્શ છે' માટે સંશય-વિજ્ઞાન છે.

### ❋ સંશય અને ઇહા વચ્ચે તફાવત ❋

**પ્રેમપ્રભા :** જ્યારે 'ઈહા' તો આવા ઉપર કહેલ લક્ષણથી જુદાં-ઉલટાં પ્રકારની છે કારણ કે સ્પર્શનું સામાન્યથી જ્ઞાન થયે છતે તેના ઉત્તરકાળમાં મૃણાલના સ્પર્શના સદ્ભૂત (સાચા) એવા વિશેષનું = ભેદનું ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થયેલી અને તેના અસદ્ભૂત વિશેષનો (પ્રકારનો) પરિત્યાગ કરવામાં તત્પર બનેલી એવી વિચારણા તે **'ઈહા'** કહેવાય. પૂર્વે મૃણાલનો સ્પર્શ કરતી વખતે મેં આ સદ્ભૂત/સાચાં વિશેષો/ધર્મો/પ્રકારો અનુભવેલ છે. આથી આ 'ઈહા' મૃણાલના નિશ્ચયને અભિમુખ હોય છે. વળી તે ઇહા 'આ અમુક વિશેષો/ભેદો (અસદ્ભૂત ધર્મો) પૂર્વે અનુભવેલ નથી, આથી તેનો ત્યાગ કરવામાં તત્પર હોય છે. આથી સંશયરૂપ વિજ્ઞાન સાથે આ 'ઈહા'ની સમાનતા નથી. આ વાત જણાવતાં ભાષ્યકાર કહે છે - **'નિશ્ચયરૂપ' વિશેષને જાણવાની ઈચ્છા (= જિજ્ઞાસા) તે 'ઈહા'** કહેવાય. (આમ સંશયરૂપ અવસ્થાને ઓળંગી જવાથી અને 'અપાય'રૂપ નિશ્ચયજ્ઞાનને અભિમુખ હોવાથી સંશયજ્ઞાન કરતાં 'ઈહા' જ્ઞાન જુદાં પ્રકારનું છે.)

ટીકાથી આનો અર્થ જોઈએ. જેનો નિશ્ચય કરાય તે **'નિશ્ચય'** કહેવાય.( **निश्चीयतेऽसौ इति निश्चयः ।**) **પ્રશ્ન :** તે શું છે ? **જવાબ :** વિશેષ છે. **विशिष्यते भिद्यतेऽन्यस्माद्** જે બીજાથી વિશેષિત કરાય જુદું કરાય તે **'વિશેષ'** કહેવાય. નિશ્ચયરૂપ વિશેષ અર્થાત્ નિશ્ચિત એવો વિશેષ = ભેદ (પર્યાય/ધર્મ) તેનું જ્ઞાન કરવાની જે ઈચ્છા તે જિજ્ઞાસા રૂપ 'ઈહા' છે. કેવી હોય તે જિજ્ઞાસા ? તે કહે છે - વસ્તુના વિદ્યમાન એટલે સત્ =

१. ख.पू. । स्पर्शे स० मु. । २. पू. । इत्यतः० मु. ।

ईहाऽभिधीयते । एवं स्वचिह्नेन ईहां निरूप्य पर्यायशब्दैरर्थतो नानात्वमप्रतिपद्यमानैरसम्मोहार्थं तामेवाचष्टे-**ईहा [चेष्टा] ऊहा** इत्यादि । यत्तद्विशेषविचारणं सा तदीहा इत्यैवं अभिधीयते। **चेष्टा ऊहा तर्कः परीक्षा विचारणा जिज्ञासे**त्येवं वा[2] नास्त्यर्थभेद एषां शब्दानाम् । सत्यपि चार्थभेदेऽन्यत्र इहाऽनै[3]र्थान्तरभूता एवैते, एकरूपत्वात् ।

ईहायाः स्वरूपमाख्याय अपायस्य तदनन्तरवर्तिनः स्वरूपं दिदर्शयिषुराह-

**भा० अवगृहीते विषये सम्यगसम्यगिति गुणदोषविचारणयां[4] अध्यवसाया-ऽपनोदोऽपायः । अपायोऽपगमः, अपनोदः अपव्याधः, अपेतमपगतमपविद्ध-**

---

વાસ્તવિક એવા વિશેષનું/ભેદનું ગ્રહણ કરવામાં અને અવિદ્યમાન = અસત્/અવાસ્તવિક વિશેષનો/ભેદનો ત્યાગ કરવામાં અભિમુખ બનેલી હોય આવા પ્રકારની જિજ્ઞાસા તે 'ઇહા' કહેવાય છે.

આ પ્રમાણે પોતાના ચિહ્નો/લક્ષણો વડે 'ઇહા' ભેદનું નિરૂપણ કરીને અર્થની દૃષ્ટિએ અભિન્ન એવા **પર્યાય (સમાનાર્થી) શબ્દો** વડે અસંમોહ માટે એટલે કે મૂંઝવણ ઊભી ન થાય તે માટે ઇહાને જ જણાવતાં ભાષ્યકાર કહે છે - (૧) ઇહા (૨) ઊહા વગેરે સાત શબ્દો એ અનર્થાન્તર છે, સમાન-અર્થવાળા પર્યાય-શબ્દો છે. તે આ રીતે-જે આ ઉપર કહ્યા મુજબ વિશેષનો/ભેદોનો વિચાર કરવો તે (૧) 'ઇહા' એ પ્રમાણે કહેવાય અથવા તો (૨) ચેષ્ટા (૩) ઊહા (૪) તર્ક (૫) પરીક્ષા (૬) વિચારણા (૭) જિજ્ઞાસા એમ પણ કહેવાય. આ શબ્દોમાં અર્થની અપેક્ષાએ કોઈ તફાવત નથી.

ટૂંકમાં અન્ય સ્થળે આ શબ્દોના અર્થોનો ભેદ હોવા છતાંય અહીં આ શાસ્ત્રમાં સમાનાર્થી છે - અભિન્નઅર્થવાળા જ છે, કારણ કે ('ઇહા' રૂપ અર્થને જ કહેનારા હોવાથી) એક સ્વરૂપવાળા છે.

આ પ્રમાણે 'ઇહા'નું સ્વરૂપ જણાવીને તેની પછી અનંતર આવતા 'અપાય' રૂપ ત્રીજા મતિજ્ઞાનના ભેદના સ્વરૂપને દર્શાવવાની ઇચ્છાવાળા ભાષ્યકાર ભગવંત કહે છે-

**ભાષ્ય : (પૂર્વોક્ત રીતે) અવગ્રહ રૂપે જાણેલ વિષયમાં સમ્યગ્ (સાચો-વિદ્યમાન ધર્મ) અને અસમ્યગ્ (ખોટો-અવિદ્યમાન-ધર્મ) એ પ્રમાણે ગુણ અને દોષની વિચારણા (રૂપ 'ઇહા') પૂર્વક જે અપનોદ (અસત્ ધર્મના નિરાકરણપૂર્વક સત્ધર્મના નિર્ણયરૂપ) અધ્યવસાય તે 'અપાય' કહેવાય.**

---

१. पादिषु । हेत्येवात्राभि० मु. । २. पा. पू. । ना. मु. । ३. पू. । त्रेहा ना० मु. । ४. टीकानु० । रणा० मु. ।

मपनुत्तमित्यनर्थान्तरम् ।

**टी० अवगृहीते** इत्यादि । अनेनापि क्रममाचष्टे, सामान्येनावगृहीते[1] स्पर्शसामान्ये[2] विषये अनिर्देश्यादिरूपे तत उत्तरकालमीहायां प्रवृत्तायां, **कथमिति चेत्** ? **उच्यते-सम्यगसम्यगित्येवं** मृणाल[3]स्पर्शोऽयं[4] उताहिस्पर्श इति। मृणाल[5]स्पर्श इत्येवमादानाभिमुखत्वात् सम्यक्, न अहिस्पर्शोऽयमित्येवं परित्यागाभिमुखत्वादसम्यगिति । तत उत्तरकालं अ[6]पायः प्रवर्तते, न त्वसत्येतस्मिन् द्वय इति । स पुनः किंरूपोऽपाय इति ? **उच्यते-गुणदोषेत्यादि** । गुण इति यस्तस्मिन् साधारणो धर्मो मृणाले स गुणः, दोषस्तु यस्तत्र न सम्भवति धर्मः स दोषः, गुणश्च दोषश्च गुणदोषौ तयो**र्विचारणा**[7] गुणदोषविचारणा तया **गुणदोषविचारणया** यः प्रवर्ततेऽ**ध्यवसायः** चित्तं । कीदृशम् ? **अपनोद** इत्येवंरूपम्[8], अपनुदतीत्यपनोदः

(૧) અપાય (૨) અપગમ (૩) અપનોદ (૪) અપવ્યાધ (૫) અપેત (૬) અપગત (૭) અપવિદ્ધ અને (૮) અપનુત્ત[A] એ અભિન્ન અર્થવાળા (પર્યાય) શબ્દો છે.

## ❋ અપાયનું લક્ષણ અને પર્યાય-શબ્દો ❋

**પ્રેમપ્રભા :** આ **अवगृहीते** વગેરે ભાષ્યમાં કહેલ વચનોથી પણ ક્રમ જણાવે છે. તે આ રીતે-સામાન્યથી અનિર્દેશ્ય (અવ્યક્ત) આદિ રૂપ સ્પર્શ-સામાન્યરૂપ વિષય અવગૃહીત એટલે કે જાણેલ હોતે છતે તેની ઉત્તરકાળે 'ઇહા' થાય છે. **પ્રશ્ન :** કેવી રીતે ? **જવાબઃ** સમ્યગ્-અસમ્યગ્ એ પ્રમાણે અર્થાત્ 'આ મૃણાલનો (કમળની નાળનો) સ્પર્શ છે કે સર્પનો સ્પર્શ છે ?' એવી વિચારણારૂપ 'ઇહા' પ્રવર્તે છે. આ વિચારણામાં 'આ મૃણાલનો સ્પર્શ છે' એમ (સદ્ભૂતગુણના) ગ્રહણની અભિમુખતા હોવાથી સમ્યગ્ છે અને 'આ સર્પનો સ્પર્શ નથી' એ પ્રમાણે (અસત્પ્રકારના) પરિત્યાગની અભિમુખતા હોવાથી અસમ્યગ્ છે. આવા આકારની 'ઇહા' પ્રવર્ત્યા બાદ ઉત્તરકાળે 'આ મૃણાલનો જ સ્પર્શ છે' એમ **'અપાય'** પ્રવર્તે છે, પણ આ બે અવગ્રહ અને ઇહા થયેલ ન હોય તો અપાય રૂપ મતિજ્ઞાન થતું નથી.

**પ્રશ્ન :** તે અપાય રૂપ મતિજ્ઞાનના ભેદનું સ્વરૂપ શું છે ?

**જવાબ :** ગુણ-દોષની વિચારણા વડે જે અપનોદ રૂપ અધ્યવસાય = ચિત્ત તે 'અપાય' કહેવાય છે. તેમાં ગુણ એટલે કે તે મૃણાલમાં જે સાધારણ (અર્થાત્ વિદ્યમાન) ધર્મ છે તે ગુણ કહેવાય અને જે ધર્મ તેમાં સંભવતો ન હોય તે દોષ કહેવાય. આ ગુણ

१. ख.पा.ला.लि. । मान्ये विषये० पू. । २. पादिषु । मान्यवि० मु. । ३. ख.पू. । णाली० मु. । ४. ख.पू. । स्पर्शः किमु० मु. । ५. पादिषु । णाली० मु. । ६. पादिषु । सम्यगित्यपा० मु. । ७. रणा मार्गणा० इति मु. अधिकः । पू. । ८. पू. कै. । रूपः० मु. ।

सोऽध्यवसायोऽपनुदति तत्रासन्निहितधर्ममिति मृणालस्येवायं स्पर्शः अत्यन्तशीतादिगुण-समन्वितत्वादिति अस्यैवायमिति यः प्रत्ययोऽन्यस्य न भवतीति सः **अपायः** । संप्र एतिवं लक्षणतो निर्धारितस्वरूपं पर्यायशब्दैस्तमेव व्यपदिशत्यनर्थान्तरभूतैः **अपायोऽपगम** इत्यादिभिः । अपैतीत्यपायः, निश्चयेन परिच्छिनत्तीत्यर्थः । अपगच्छति, अपनुदति अपविध्यतीत्यर्थः । पुनश्चापाय इत्यस्य भावार्थमुररीकृत्य भावाभिधायिभिरेव कथयति-**अपेतमपगतमि**त्यादिभिः । मृणालस्यैवायं स्पर्श इति येयं फलरूपा परिच्छितिस्वभावता ज्ञानस्येति सा भावामिधायिभिरेभिरुच्यते, **अपेतमपगतं** परिच्छिन्नमेतन्मया एवमेतन्नान्यथेत्यर्थः ।

---

અને દોષની જે વિચારણા, તેના વડે જે અપનોદ રૂપ ચિત્ત/અધ્યવસાય તે **અપાય** કહેવાય. આ અપનોદ રૂપ અધ્યવસાય કેવા હોય ? તે જણાવતાં કહે છે-

**अपनुदतीति अपनोदः** । જે અપનોદ કરે, દૂર કરે તે અપનોદ રૂપ અધ્યવસાય... શું દૂર કરે ? તો જે તેમાં એટલે કે (મૃણાલ વગેરે) વિવક્ષિત વસ્તુમાં રહેલો ન હોય એવા ધર્મને દૂર કરીને જાણે છે. જેમ કે, આ મૃણાલનો (કમળની નાળનો) જ સ્પર્શ છે, કેમ કે તે અત્યંત શીત આદિ ગુણથી સહિત છે. આવા અનુમાનથી 'આનો જ (મૃણાલનો જ) આ (સ્પર્શ) છે, અન્યનો નથી' એ પ્રમાણે જે બોધ/નિશ્ચય થાય છે તે 'અપાય' કહેવાય છે.

હવે આ રીતે લક્ષણથી જેનું સ્વરૂપ નિર્ધારિત (નિર્ણિત) કરેલું છે એવા તે અપાયને જ તેના અભિન્ન-અર્થવાળા (આઠ) **પર્યાય-શબ્દો** વડે જણાવે છે, અપાય, અપગમ... ઇત્યાદિ ભાષ્ય વડે. તેમાં પ્રથમ (૧) **अपैति इति अपायः** । નિશ્ચયથી જાણે તે 'અપાય' એટલે નિશ્ચિત બોધ કરનારું એ પ્રમાણે **अपगच्छति अपनुदति, अपविध्यति** એમ 'કર્તા' અર્થમાં વ્યુત્પત્તિ કરીને તેનો અર્થ 'નિશ્ચયથી જાણનાર' એમ કરીને (૨) અપગમ (૩) અપનોદ અને (૪) અપવ્યાધ શબ્દો બનેલાં છે એમ સમજવું. ફરી **अपायः** શબ્દના 'ભાવરૂપ' અર્થને સ્વીકારીને 'ભાવ' રૂપ અર્થને જણાવનારા પર્યાય (સમાનાર્થી)શબ્દો વડે જ અપાયને રજુ કરે છે - (૫) અપેત (૬) અપગત (૭) અપવિદ્ધ અને (૮) અપનુત્ત - 'ભાવ' (ક્રિયા)રૂપ અર્થનું કથન કરનારા આ શબ્દો વડે 'આ મૃણાલનો જ સ્પર્શ છે' એ પ્રમાણે જ્ઞાનનો જે ફળ-સ્વરૂપ બોધ (પરિચ્છેદ) કરવાનો સ્વભાવ છે, તે અર્થ કહેવાય

एवं निश्चितस्यार्थस्योत्तरकालं यदविस्मरणं अधुना, यदा [1]वान्यत्रार्थे उपयुक्तो भवति तदाऽपि या वासना लब्धिरूपा यद् वाऽन्यस्मिन् कालान्तरेऽनुस्मरणमेवमेतन्मया[2] प्रागासेवितमित्येषा त्रिरूपा धारणाऽभिधीयते तां दर्शयति –

**भा० धारणा प्रतिपत्तिर्यथास्वं मत्यवस्थानमवधारणं च । धारणा प्रतिपत्तिरवधारणमवस्थानं[3] निश्चयः अवगमः अवबोध इत्यनर्थान्तरम् ॥ १५ ॥**

**टी० धारणा प्रतिपत्तिरि**त्यादिना । धारणेति लक्ष्यम्, प्रतिपत्तिर्यथास्वमित्यनेनाद्यं भेदमादर्शयति, अस्मिन् काले निश्चितस्यार्थस्य यावदन्यत्र नोपयोगं याति तावत् तस्या[4]ऽर्थस्य यद् दर्शनमप्रच्युतिः सा **प्रतिपत्तिः यथास्वमि**त्युच्यते । **प्रतिपत्तिः** अप्रच्युतिः **यथास्वं**

છે. [A]**अपेतं, अपगतं** - એટલે 'આ મારા વડે જણાયું. અર્થાત્ આ પદાર્થ આ પ્રમાણે જ છે, બીજી રીતે નથી' એમ નિશ્ચયાત્મક બોધ રૂપ અર્થ છે.

### ❋ ત્રણ પ્રકારની ધારણા ❋

આ રીતે નિશ્ચિત કરેલાં અર્થની (વિષયની) ત્રણ પ્રકારે **ધારણા** થાય છે. (૧) નિશ્ચિત કરેલાં અર્થનું ઉત્તરકાળે એટલે કે નિશ્ચય કર્યા પછી જે હમણા **અવિસ્મરણ** (અવિચ્યુતિ) રૂપ ધારણા. અથવા તો (૨) જ્યારે અન્ય પદાર્થને વિષે ઉપયોગવાળો થાય છે ત્યારે પણ જે તે વ્યક્તિમાં **લબ્ધિરૂપ** = શક્તિરૂપ વાસના (સંસ્કાર) હોય છે તે રૂપ ધારણા. અથવા (૩) અન્યકાળે (અમુક કાળના આંતરા પછી) પૂર્વે જાણેલ અર્થનું અનુસ્મરણ થાય કે 'આ પ્રમાણે આ પદાર્થ મારા વડે આસેવિત છે, અભ્યાસ કરાયેલ છે, અનુભવાયેલ છે' એમ પાછળથી સ્મરણ થવું તે **અનુસ્મરણ** રૂપ ધારણા કહેવાય. આમ આ ત્રણ પ્રકારે ધારણા કહેવાય છે. તેને બતાવતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : ધારણા એ યથાવિષય (જાણેલ વિષયને અનુસારે) પ્રતિપત્તિ (અપ્રચ્યુતિ) રૂપ છે, તથા (૨) (લબ્ધિરૂપે) મતિના અવસ્થાન રૂપ છે અને (૩) અવધારણા (સ્મરણ) રૂપ છે.**

**(૧) ધારણા (૨) પ્રતિપત્તિ (૩) અવધારણ (૪) અવસ્થાન (૫) નિશ્ચય (૬) અવગમ અને (૭) અવબોધ આ સમાનાર્થી - પર્યાય શબ્દો છે.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં કહેલ **'ધારણા'** શબ્દ લક્ષ્ય છે અર્થાત્ તેના સ્વરૂપને જણાવવું પ્રસ્તુત છે. **यथास्वं प्रतिपत्तिः** આ શબ્દોથી પહેલો ભેદ બતાવે છે. (૧) આ (વર્તમાન)

१. पू. ला. । चा० मु. । २. सर्वप्रतिषु । णमेवतन्म० पू. । रणमेतन्म० मु. । ३. टीकानु० धारणाव० मु. । ४. सर्वप्रतिषु । तावदर्थ० मु. ।

यथाविषयं यो यः स्पर्शादिर्विषय आगृहीतः तस्याऽनाश इत्यर्थः । **मत्यवस्थानमि**त्यनेन द्वितीयां लब्धिरूपां धारणां कथयति । यदा अपायं स्पर्शादेर्विषयस्य कृत्वाऽन्यत्रोपयुक्तो भवति तदाऽप्यसौ लब्धिरूपा धारणा समस्ति, अतो मत्यवस्थानमिति ब्रूते । मतेः धारणाख्याया अवस्थानं शक्तिरूपं **मत्यवस्थानं** भण्यते । **अवधारणं** चेत्यनेन तृतीयभेदं कथयति । यदा कालान्तरे तमेव प्रागनुभूतं विषयमालम्ब्य ज्ञानमुदेति तदा तदे[1]वधारणमिति भण्यते यस्मादवधारयति कालान्तरानुभूतमर्थमेवमेतन्मया सेवितमिति । सम्प्रति पर्यायशब्दैस्तामेव त्रिप्रकारामाचष्टे–धारयत्यर्थं त्रिभिरप्येभिः प्रकारैः सा **धारणा । प्रतिपत्ति**र्नाम परिच्छिन्नेऽर्थे

કાળે નિશ્ચિત કરેલાં અર્થનો જ્યાં સુધી નિશ્ચય કરનાર જીવનો બીજા પદાર્થમાં ઉપયોગ ન જાય ત્યાં સુધી તે જ અર્થનું જે દર્શન એટલે કે બોધ તે **અપ્રચ્યુતિ** છે અને તે અહીં 'યથાસ્વ પ્રતિપત્તિ' એમ કહેવાય છે. પ્રતિપત્તિ = એટલે અપ્રચ્યુતિ (અનાશ) અને **યથાસ્વં** = એટલે યથાવિષય. એટલે કે જે જે (સ્પર્શનાદિ ઇન્દ્રિય વડે) સ્પર્શ વગેરે પોતપોતાના વિષયનું યથાવત્ ગ્રહણ કરેલું છે, તેનો અનાશ = નાશ ન થવો તે પ્રથમ ભેદનો અર્થ છે. (૨) **મતિ-અવસ્થાન** શબ્દ વડે લબ્ધિરૂપ ધારણાના બીજા ભેદને કહે છે. જ્યારે જીવ અમુક સ્પર્શ આદિ વિષયનો અપાય/નિશ્ચય કરીને પછી અન્ય વિષયના ઉપયોગવાળો થયો હોય ત્યારે પણ (પૂર્વે જાણેલ વિષય સંબંધી) લબ્ધિરૂપ/શક્તિરૂપ ધારણા હોય છે. (અર્થાત્ જીવમાં તે વિષયને જાણવાની શક્તિ તો પડેલી જ હોય છે.) આથી તે **'મતિ-અવસ્થાન'** એમ કહેવાય છે. આમ ધારણારૂપ મતિનું શક્તિરૂપે અવસ્થાન તે મતિ-અવસ્થાન કહેવાય. (વ્યવહારમાં તેની 'વાસના' અથવા 'સંસ્કાર' શબ્દથી પ્રસિદ્ધિ છે.)

(૩) **અવધારણ :** આ શબ્દથી ધારણાના ત્રીજા ભેદને કહે છે. જ્યારે કાળાન્તરે એટલે કે નિશ્ચિત વિષયનો ઉપયોગ અન્ય પદાર્થમાં ચાલી ગયા બાદ તે જ પૂર્વે અનુભવેલ વિષયનું આલંબન કરીને જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે તે 'અવધારણ' એમ કહેવાય છે. જે કારણથી તે જીવ કાળાન્તરે અનુભવેલ અર્થને વિષે 'આ પ્રમાણે (પૂર્વે) આ અર્થ/વિષય મારા વડે સેવન કરાયેલ છે' એમ અવધારણ એટલે કે નિશ્ચય કરે છે, તેથી તે **અવધારણ** (સ્મરણ)રૂપ ધારણા કહેવાય છે.

હવે **પર્યાય-શબ્દો** વડે તે જ ત્રણ પ્રકારની ધારણાને જણાવે છે - (૧) **ધારણા :** પૂર્વોક્ત ત્રણેય પ્રકારો વડે અર્થને ધારણ કરે - ધારી રાખે તે ધારણા કહેવાય. (૨) **પ્રતિપત્તિ :** અમુક અર્થ પરિચ્છન્ન એટલે કે નિશ્ચિત કરાયે છતે જ્યાં સુધી જીવનો

१. पादिषु । तदेवाव० मु. ।

यावदन्यत्रोपयोगं न याति तावदनाशस्तस्यार्थस्य तस्मिन् विज्ञान इति । **अवधारणं** पुनः कालान्तरानुस्मरणमागृहीतम् । **अवस्थान**मित्यनेन तु अन्यत्र पदार्थे उपयुक्तस्य या लब्धिरूपा धारणा सा गृहीता । पुनरेषामन्ये त्रयो यथासङ्ख्यकेन भेदा निर्दिश्यन्ते-**निश्चयोऽवगमोऽवबोध** इति । निश्चय इत्ययं प्रतिपत्तिरित्यस्य पर्यायः, अवगम इत्ययं तु *कालान्तरानुस्मरण-रूपस्याऽवधारणस्य पर्यायः । अवबोध इत्ययं तु* मत्यवस्थानस्य लब्धिरूपस्येति । अथवा अविशिष्टधारणायाः सर्व एते पर्याया **इत्यनर्थान्तरमि**त्याह । **भावना** चैवं कार्या-अपवरकाद्यन्धकारस्थितेन पुंसा यदा स्पर्शनेन्द्रियेणोपलब्धमाद्यक्षणे सामान्यमनिर्देश्यमशेष-कल्पनारहितं सोऽवग्रहः । यदा पुनस्तमेव विचारयति किमयं मृणालस्पर्श उताहिस्पर्श

ઉપયોગ અન્ય અર્થમાં/વિષયમાં જાય નહીં, ત્યાં સુધી તે જ્ઞાનમાં તે અર્થનો વિષય રૂપે અનાશ - નાશ ન થવો (અર્થાત્ તે જ સ્પર્શાદિ વિષયમાં જ્ઞાનનો ઉપયોગ સતત ચાલુ રહેવો) તે પ્રતિપત્તિ કહેવાય. (૩) **અવધારણ** : અમુક વિષય જાણ્યા પછી અન્ય કાળે ફરી તે જ વિષયનું (પાછળથી) સ્મરણ થવું તે અનુસ્મરણ માનેલું છે. **(૪) અવસ્થાન** : આ શબ્દથી અન્ય પદાર્થમાં ઉપયોગવાળા બનેલાં જીવની જે (પૂર્વે નિશ્ચિત કરેલ વિષયને જાણવાની) લબ્ધિરૂપ ધારણા છે, તેનું ગ્રહણ કરેલું છે.

પુનઃ આ ઉપર કહેલાં ત્રણ પ્રકારોના જ અનુક્રમે ત્રણ ભેદોનો ભાષ્યમાં નિર્દેશ કરાય છે - જેમ કે (૫) નિશ્ચય, (૬) અવગમ અને (૭) અવબોધ. તેમાં **(i) 'નિશ્ચય'** એ 'પ્રતિપત્તિ'નો પર્યાય છે. જ્યારે **(ii) 'અવગમ'** એ નિશ્ચય થયા બાદ અન્યકાળે અનુસ્મરણ રૂપ અવધારણનો (સ્મરણનો) પર્યાય છે. જ્યારે **(iii) 'અવબોધ'** એ લબ્ધિરૂપ મતિના અવસ્થાનનો ભેદ છે. અથવા આવા વિશિષ્ટ ધારણાના પર્યાયોની કલ્પનાની જરૂર નથી. કિંતુ સામાન્યથી જે ધારણા છે, તેના જ આ સર્વ પર્યાય-શબ્દો છે, આથી આ શબ્દો 'અનર્થાન્તર' છે એટલે કે (ધારણારૂપ) અભિન્ન-અર્થવાળા/સમાનાર્થી છે, એમ ભાષ્યમાં કહેલું છે.

### ❋ અવગ્રહાદિ ભેદોની ઉદાહરણ વડે વિચારણા ❋

ઉક્ત અવગ્રહ વગેરે મતિજ્ઞાનના ભેદોની ભાવના = વિચારણા આ પ્રમાણે કરવી (૧) ઘરના ઓરડા વગેરે અંધારી જગ્યાએ રહેલ પુરુષ વડે જ્યારે સ્પર્શનેન્દ્રિય વડે પ્રથમ ક્ષણે સામાન્ય એટલે કે અનિર્દેશ્ય, સર્વ કલ્પના (વિચાર)થી રહિત વસ્તુનું જ્ઞાન/ગ્રહણ

१. पू. । निदर्श्य० मु. । २. सर्वप्रतिषु । *...* एतच्चिह्नान्तर्गतः पाठः ना. मु. ।

इति सेहा । यदाऽस्य निश्चितं भवति मृणालस्यैवायं नाहेरिति सोऽपायः । यदा तु निश्चितं सन्तमविच्युतिरूपेण धारयति लब्धिरूपेण वा कालान्तरानुस्मरणेन[1] वा सा धारणा । एवं रसादिभिः रसादीनां योपलब्धिः सैकैका चतुर्विधा भावनीयेति ॥ १५ ॥

अत्राह-एते ह्यवग्रहादयो ज्ञानविशेषाः क्षयोपशमवैचित्र्यात् स्पर्शादिकमर्थमन्यथा[2] च अन्यथा निश्चिन्वन्तस्तथाव्यपदेशभाज इत्युक्तम् । **अथैषां** स्वस्थाने क्षयोपशमवैचित्र्यमस्ति नास्तीति ? । **उच्यते**-अस्ति, यतोऽवग्रहः क्षयोपशमोत्कर्षापकर्षापेक्षोऽनेकधा बह्वदेरर्थस्य परिच्छेदकः, एवमीहादयोऽपीति, एतदनेन प्रतिपादयति सूत्रेण -

કરેલું હોય તે **અવગ્રહ** કહેવાય. (૨) વળી તે જ વસ્તુ સંબંધી જ્યારે તે વિચાર કરે છે કે, 'શું આ મૃણાલનો સ્પર્શ છે કે સર્પનો સ્પર્શ છે ?' તે **'ઇહા'** કહેવાય. (૩) જ્યારે તેને એવો નિશ્ચય થાય છે કે 'આ મૃણાલનો જ સ્પર્શ છે, પણ સર્પનો સ્પર્શ નથી' તે (નિશ્ચયને) **અપાય** કહેવાય. (૪) અને જ્યારે નિશ્ચિત થયેલ અર્થને અવિચ્યુતિ રૂપે અથવા લબ્ધિરૂપે અથવા કાળાન્તરે અનુસ્મરણ થવા વડે જે ધારણા કરી રાખે છે તે **'ધારણા'** કહેવાય. આ રીતે સ્પર્શનેન્દ્રિયથી (અવગ્રહ આદિરૂપે) ચાર પ્રકારનું મતિજ્ઞાન થાય છે. આ પ્રમાણે રસનેન્દ્રિય આદિ વડે રસાદિ વિષયની જે ઉપલબ્ધિ થાય છે તે પ્રત્યેકના ૪-૪ ભેદો સમજવા/વિચારવા. (૧-૧૫)

**અવતરણિકા :** અહીં અન્ય વ્યક્તિ શંકા કરે છે.

**શંકા :** આ અવગ્રહ વગેરે જ્ઞાન-વિશેષ અર્થાત્ જ્ઞાનના ભેદો એ ક્ષયોપશમના વિચિત્રપણાથી (વિભિન્નતાથી) સ્પર્શ આદિ વિષયને અન્ય અન્ય રીતે નિશ્ચિત કરતાં હોયને તે તે પ્રકારે અલગ અલગ વ્યવહારના ભાગી બને છે, એમ પૂર્વે કહેલું છે. હવે સ્વ-સ્થાનમાં આ ચાર ભેદોના ક્ષયોપશમની વિચિત્રતા/જુદાપણું છે કે નહીં ? અર્થાત્ અવગ્રહ-અવગ્રહ વચ્ચે પરસ્પર ભેદ છે કે પછી બધાં સમાન જ છે ?

**સમાધાન :** અવગ્રહાદિનો સ્વસ્થાનમાં એટલે કે પરસ્પર પણ ક્ષયોપશમનું વૈવિધ્ય હોય છે, કારણ કે, અવગ્રહ એ ક્ષયોપશમના ઉત્કર્ષ અને અપકર્ષની અપેક્ષાએ અનેક પ્રકારનો હોયને બહુ, બહુવિધ વગેરે રૂપ પદાર્થનો બોધ કરે છે. આ પ્રમાણે 'ઇહા' વગેરે બાબતમાં પણ સમજવું. આ હકીકતને આ આગળના સૂત્ર વડે ગ્રંથકારશ્રી જણાવે છે-

१. ख.पू.कै. । रणे० मु. । २. पा.पू.ला.लि. । मन्यथा वान्यथा० मु. ।

**सू० बहुबहुविधक्षिप्रानिश्रितासन्दिग्धध्रुवाणां सेतराणाम् ॥ १-१६ ॥**

**टी० बहुबहुविधे**त्यादिना । श्रुतानुमितैश्च पदैः प्रायो व्याख्या सूत्राणामिष्टा[1], इति अनुमीयमानैरवग्रहादिभिर्बह्वादीनां सम्बन्धं लगयन्नाह -

**भा० अवग्रहादयश्चत्वारो मतिज्ञानविभागाः एषां बह्वादीनामर्थानां सेतराणां भवन्त्येकशः । सेतराणामिति-सप्रतिपक्षाणामित्यर्थः ।**

**टी० अवग्रहादयश्चत्वार** इत्यादि । अवग्रहादयः प्राक्, [2]सूत्रे (१-१५) निरूपितस्वरूपाः

**बहुबहुविधक्षिप्राऽनिश्रिताऽसंदिग्धध्रुवाणां सेतराणाम् ॥ १-१६ ॥**

**સૂત્રાર્થ :** પોતાનાથી ઇતર = પ્રતિપક્ષ (વિરોધી)થી સહિત એવા (૧) બહુ (૨) બહુવિધ (૩) ક્ષિપ્ર (૪) અનિશ્રિત (૫) અસંદિગ્ધ અને (૬) ધ્રુવના પ્રત્યેકના અવગ્રહ આદિ ચાર ભેદો થાય છે.

**પ્રેમપ્રભા :** 'શ્રુત અને અનુમિત એવા પદોથી પ્રાયઃ કરીને સૂત્રોની વ્યાખ્યા કરવી ઇષ્ટ છે' આવા ન્યાયથી પ્રસ્તુત સૂત્રમાં સાક્ષાત્ કહેલાં 'બહુ' વગેરે શબ્દોનો અનુમિત (પૂર્વ સૂત્રથી અનુવર્તતાં-સંબંધ કરાતાં) એવા 'અવગ્રહ' વગેરે પદો સાથે સંબંધ જોડીને ભાષ્યકાર કહે છે-

**ચંદ્રપ્રભા : શ્રુત** એટલે શ્રવણનો વિષય બનેલાં સાક્ષાત્ સૂત્રમાં કહેલ શબ્દો અને **અનુમિત** એટલે ઇષ્ટ અર્થને જણાવવા જે બીજા ખૂટતાં જરૂરી બીજા સૂત્રોમાં કહેલ પદોના સંબંધની કલ્પના કરાય તે 'અનુમિત'... સૂત્ર એ ઇષ્ટ અર્થની સૂચનામાત્ર કરનારું હોવાથી તેના અર્થને સંગત અને સંપૂર્ણ કરવા જે બીજા પદોનું પૂર્વસૂત્રથી અનુવર્તન કરાય અથવા નવા જ શેષ-અધ્યાહૃત પદોને જોડાય તે અનુમિત-પદો કહેવાય. આમ સૂત્રમાં સાક્ષાત્ કહેલાં અને બીજા અનુવૃત્ત, અધ્યાહૃત પદો વડે સૂત્રના અર્થની વ્યાખ્યા કરાય છે, એવો ન્યાય છે.)

**ભાષ્ય : અવગ્રહ આદિ મતિજ્ઞાનના ચાર વિભાગો (ભેદો) પોતાના ઇતર = વિરોધીથી સહિત એવા 'બહુ' વગેરે પ્રત્યેક અર્થોનું ગ્રહણ કરનારા છે. 'સેતર'નો અર્થ છે સપ્રતિપક્ષ = પ્રતિપક્ષ સહિત...**

### ❋ અવગ્રહાદિ ૪ ભેદોના 'બહુ' વગેરે ૧૨ ભેદો ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં 'અવગ્રહ આદિ ચાર મતિજ્ઞાનના ભેદો પ્રતિપક્ષ-સહિત 'બહુ'

१. पादिषु, जै. । इष्टेऽपि० मु. । २. पादिषु । प्रागत्र० मु. ।

मूलभेदतश्चत्वार इति, क्षयोपशमवैचित्र्यात् तु नानाभेदास्त एव भवन्तीति मत्वा चत्वार इत्याह । मतिज्ञानस्य च प्रकृतत्वात् तद्भेदा एत इति मतिज्ञानविभागा **इत्याह-अवग्रहादयः** । एतेऽवग्रहादयः **एषां** सूत्रोपन्यस्तानां[1] षण्णाम् **अर्थानाम्** अर्यमाणानामित्यर्थः । बह्वादीनां[2] सेतराणां च तेऽवग्रहादयो ग्राहका[3] इत्याह-**सेतराणां भवन्तीति** । **एकश** इति च । एकैकस्य बह्वादेरर्थकलापस्य सेतरस्य ग्राहका इति एकैकोऽवग्रहादिरेकशः । सेतर इत्यस्य चार्थो नैवं ग्राह्यः-बहोरर्थस्य क्षिप्रार्थ इतर इति शक्यं वक्तुम्, एवं बह्वादीनामनिश्रितादिरितर इति, एतन्निरासायाह-**सेतराणाम्, सप्रतिपक्षाणामित्यर्थः । एतत् कथयति**-इतरशब्दस्य

---

વગેરે છ પદાર્થોના થાય છે' એમ જે કહ્યું, તેમાં અવગ્રહાદિ એટલે કે આ જ ગ્રંથમાં **अवग्रहेहा०** (૧-૧૫) એ પૂર્વ સૂત્રમાં જેના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે તે લેવા. અને તે મૂળ-ભેદથી ચાર પ્રકારે છે. હવે ટીકામાં પ્રસંગતઃ ભાષ્યના પદોનું પ્રયોજન કહે છે. (**પ્રશ્ન** : અવગ્રહ આદિ ચાર જ ભેદો પૂર્વે કહેલ છે. માટે તેને ફરી ભાષ્યમાં કહેવાની શી જરૂર છે ? **જવાબ** : સાચી વાત છે, પણ) ક્ષયોપશમના ભેદથી/તફાવતથી તે જ અવગ્રહ વગેરે ચારના જુદા જુદા ભેદો થાય છે, એમ માનીને '**चत्वारः**' 'ચાર ભેદ' એમ ભાષ્યમાં કહેલું છે. તથા મતિજ્ઞાનનું નિરૂપણ પ્રસ્તુત હોવાથી આ કહેવાતા ભેદો મતિજ્ઞાનના છે એમ જણાવવા માટે આ અવગ્રહ આદિ 'મતિજ્ઞાન-વિભાગો' એમ કહેલું છે.

આ અવગ્રહાદિ ૪ મતિજ્ઞાનના ભેદો આ સૂત્રમાં કહેલાં 'બહુ' વગેરે છ (અર્યમાણ એટલે જ્ઞાન વડે જણાતાં) અર્થોના/વિષયોના થાય છે. તે અવગ્રહ આદિ મતિજ્ઞાન-ભેદો બહુ વગેરે અર્થોના અને સેતર = એટલે પ્રતિપક્ષ રૂપ 'અબહુ' વગેરે (છ) પદાર્થોના ગ્રાહક છે - ગ્રહણ કરનારા છે, તે જણાવવા **सतेराणां भवन्ति** એમ કહેલું છે. **एकैकः इति एकशः** । એકશઃ = એટલે દરેક અને ઇતરથી (= પ્રતિપક્ષથી) સહિત તે 'સેતર' કહેવાય. પોતાના ઇતરથી/પ્રતિપક્ષથી સહિત એવા પ્રત્યેક 'બહુ' વગેરે અર્થ-સમૂહના અવગ્રહ આદિ ગ્રાહક છે. (**एकशः** = 'પ્રત્યેક'. આ શબ્દ બન્નેય ઠેકાણે જોડવાનો છે) આથી પ્રત્યેક અવગ્રહ આદિ દરેક 'બહુ' વગેરેનો ગ્રાહક છે. આમ અહીં કોઈ શંકા કરે કે, 'બહુ' રૂપ અર્થનો 'ક્ષિપ્ર' રૂપ ઇતર છે, જુદો છે એમ કહેવું શક્ય છે. તથા 'બહુ' વગેરેનો અનિશ્રિત વગેરે અર્થ ઇતર છે. આ પ્રમાણે પણ કોઈ 'સેતર' શબ્દનો અર્થ કહી શકે છે. પણ 'સેતર' શબ્દનો આવો અર્થ લેવાનો નથી. આથી તેનો નિષેધ કરવા માટે

---

१. पू. । अत्र-बह्वादीनां-अधिकः मु. । २. पादिषु । अत्र षण्णामर्थानां० मु. अधिकः । ३. पू. । अत्र-इत्यर्थ अधिकः मु. ।

विरोधी योऽर्थः स वाच्यो भवति, बह्वर्थस्य च स्तोकार्थो विरोधी प्रतिपक्षः, इत्येवं शेषाणां प्रतिपक्षता [1]उन्नेया । एवं सम्बन्धं लगयित्वाऽर्थं कथयति -

**भा० बहु अवगृति अल्पमवगृति । बहुविधमवगृह्णाति एकविधमवगृह्णाति । क्षिप्रमवगृति चिरेणावगृति । निश्रितमवगृह्णाति अनिश्रितमवगृह्णाति । असन्दिग्धमवगृह्णाति सन्दिग्धमवगृह्णाति । ध्रुवमवगृह्णाति अध्रुवमवगृह्णाति । इत्येवमीहादीनामपि विद्यात् ॥ १६ ॥**

**टी० बह्ववगृह्णाति**, इत्यादिना । **ननु** चावग्रहादयः प्रथमान्ताः श्रुताः पूर्वसूत्रे (१-१५), बह्वादयश्चेह षष्ठ्यन्ता इति तत्रैवमर्थकथनं युक्तं-बहोरर्थस्यावग्रहः अल्पो[2]र्थस्यावग्रह

ભાષ્યમાં 'સેતર' શબ્દનો અર્થ કહે છે - સેતર = એટલે સપ્રતિપક્ષ = પ્રતિપક્ષસહિત. એવા 'બહુ' વગેરે અર્થના અવગ્રહાદિ ભેદો થાય છે. આમ અહીં કહેવાનું **તાત્પર્ય** એ છે કે, **इतर** શબ્દથી વિરોધી એવો જે અર્થ/વિષય છે, તે વાચ્ય છે, કહેવાય છે. **દા.ત.** 'બહુ' રૂપ અર્થનો સ્તોક/અલ્પ રૂપ અર્થ એ વિરોધી છે, પ્રતિપક્ષ રૂપ છે. માટે તે અર્થનું ગ્રહણ કરવું. આ પ્રમાણે બાકીના 'બહુવિધ' વગેરે અર્થોના પણ વિરોધી અર્થો વિચારવા-જાણવા. આ રીતે સૂત્રોક્ત પદોનો સંબંધ લગાડીને હવે તેના ફલિતાર્થને ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય :** **(૧) બહુનો (ઘણા અર્થનો) અવગ્રહ કરે છે (બહુનો અવગ્રહ) (૨) અલ્પનો અવગ્રહ કરે છે. (અલ્પ-અવગ્રહ) (૩) બહુવિધનો અવગ્રહ કરે છે. (૪) એકવિધનો અવગ્રહ કરે છે. (૫) ક્ષિપ્ર (શીઘ્રપણે) અવગ્રહ કરે છે. (૬) ચિરકાળે અવગ્રહ કરે છે. (૭) નિશ્રિતનો અવગ્રહ કરે છે. (૮) અનિશ્રિતનો અવગ્રહ કરે છે. (૯) અસંદિગ્ધનો અવગ્રહ કરે છે. (૧૦) સંદિગ્ધનો અવગ્રહ કરે છે. (૧૧) ધ્રુવપણે અવગ્રહ કરે છે. (૧૨) અધ્રુવપણે અવગ્રહ કરે છે. (આમ અવગ્રહના બાર ભેદ કહ્યા.)**

**આ પ્રમાણે 'ઈહા' વગેરે (ત્રણ) ભેદોના પણ ('બહુ' વગેરે) પ્રકારો જાણવા.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **बहु अवगृह्णाति** વગેરે પ્રયોગમાં ક્રિયાપદ વડે નિર્દેશ છે, તે અંગે સંભવિત શંકા અને સમાધાન ટીકામાં જણાવે છે.

**શંકા :** પૂર્વસૂત્ર **अवग्रहेहा०** (૧-૧૫)માં અવગ્રહ વગેરે શબ્દો પ્રથમા-વિભક્તિ-અંતવાળા તરીકે શ્રુત છે, નિર્દિષ્ટ છે અને પ્રસ્તુત સૂત્રમાં **बहु** વગેરે શબ્દો ષષ્ઠી-અંતવાળા

१. पू. । क्षता ज्ञेया० मु. । २. ख.पू. । अल्पस्यार्थस्य० मु. ।

इति ? **उच्यते**-अल्पोऽयं[1] दोषः, यतोऽवग्रहादयः कर्तृसाधनाः तत्रोऽऽश्रिताः[2], अवगृह्णातीत्यवग्रहः, ईहत इति ईहा, अपैतीत्यपायः, धारयतीति धारणा, यश्चासौ ज्ञानांशोऽवगृह्णातीत्यादि-रूपस्तस्यावश्यं कर्मणा भवितव्यम् । तच्चेह बह्वादिभेदं सूत्रेण विषयात्मकं भण्यते, अतो नास्त्यर्थभेदो बहोरवग्रहः बहुमवगृह्णातीति, अनयोः एक एवार्थः, केवलं तु शब्दभेद उच्यते ।

કહેલાં છે. આથી ત્યાં આ પ્રમાણે અર્થનું કથન કરવું ઉચિત છે કે, બહુ-અર્થનો અવગ્રહ, અલ્પ-અર્થનો અવગ્રહ... વગેરે.

### ❋ अवगृह्णाति અને अवग्रह માં અર્થભેદ નથી ❋

**समाधान :** સાચી વાત છે, પણ આ અલ્પ નજીવો દોષ છે અર્થાત્ વસ્તુતઃ દોષરૂપ નથી. (આલ્પ શબ્દનો ક્યારેક નિષેધ અર્થમાં પણ પ્રયોગ થાય છે. માટે અહીં અલ્પ-શબ્દથી દોષરૂપ નથી એમ અર્થ જાણવો.) તે આ રીતે-કારણ કે 'અવગ્રહ' વગેરે શબ્દો પૂર્વ સૂત્રમાં 'કર્તા' રૂપ કારક અર્થમાં બનેલાં છે એમ ત્યાં આશ્રય કરાયો છે, સ્વીકારેલું છે. જેમ કે, **अवगृह्णातीति अवग्रहः** । જે અવગ્રહણ કરે તે 'અવગ્રહ'... **ईहते इति ईहा** । (જે નિશ્ચયાભિમુખ વિચારણા કરે તે 'ઇહા' કહેવાય. **अपैति इति अपायः** । જે નિશ્ચય કરે તે 'અપાય' કહેવાય. અને **धारयतीति धारणा** । જે અર્થને ધારણ કરી રાખે તે 'ધારણા'. વળી 'અવગ્રહ કરે છે' ( **अवगृह्णाति** ) ઇત્યાદિરૂપે (અર્થાત્ 'અવગ્રહાદિ' રૂપ) જે જ્ઞાનાંશ છે, તેનું અવશ્ય કોઈ કર્મ હોવું જોઈએ. (અર્થાત્ અવગ્રહણાદિ કરે છે, પણ તે કોનો અવગ્રહાદિ કરે છે ? એવી આકાંક્ષા ઉભી હોવાથી તેનું અવશ્ય કોઈ કર્મ હોવું જોઈએ.) અને તે (અવગ્રહાદિ) જ્ઞાનના વિષયભૂત 'બહુ' વગેરે ભેદ(પ્રકાર)વાળું કર્મ પ્રસ્તુત સૂત્ર વડે જણાવાય છે. આથી 'બહુ (વિષય)નો અવગ્રહ' = અવગ્રહ કરનાર કહો અથવા 'બહુ' - વિષયનો અવગ્રહ કરે છે' એમ કહો તો પણ બન્નેયના અર્થમાં કોઈ તફાવત પડતો નથી. (કારણ કે 'કર્તા' અર્થમાં સાધિત હોવાથી '**अवग्रह**' શબ્દનો પણ અર્થ અવગ્રહણ કરનાર ( **अवगृह्णाति** ) એમ જ થાય છે.) આ બેય પ્રયોગનો અર્થ એક જ છે, ફક્ત શબ્દથી ભેદ કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ સૂત્રમાં અવગ્રહાદિના **बहु** વગેરે કર્મરૂપ ષષ્ઠી-અંતવાળા જે શબ્દો છે, તે શબ્દો ભાષ્યમાં ક્રિયાપદના કર્મ તરીકે દ્વિતીયા વિભક્તિ-અંતવાળા રૂપે અને **अवग्रह** આદિનો ક્રિયાપદ રૂપે પ્રયોગ કરાય છે, એટલે શબ્દ-ભેદ થાય છે, તે અલ્પ-ભેદ છે. આથી ભાષ્યમાં જે

१. पादिषु । नायं दो० मु. । २. पू. । तत्र श्रुताः० मु. ।

स्पर्शनावग्रहस्तावदेवं बहुमवगृह्णाति-शय्यायामुपविशन् पुमान् तत्स्थयोषित्पुष्पचन्दनवस्त्रादिस्पर्शं बहुं सन्तमेकैकं भेदेनावबुध्यते, अयं योषित्स्पर्शोऽयं च तल्लग्नपुष्पस्पर्शोऽयं च तद्गात्रानुलग्न-चन्दनस्पर्शोऽयं चैतत्परिहितवस्त्रस्पर्शः अयमेतद्बद्धरसनास्पर्श इति, अतो बहुं स्पर्शं भिन्नजातीयमवगृह्णातीति ।

**ननु** चावग्रह एकसामयिकः शास्त्रे निरूपितो न चैकस्मिन् समये विवेकावग्रह एवंविधो युक्तोऽल्पकालत्वादिति । **उच्यते**-सत्यमेवमेतत्, किंतु अवग्रहो द्विविधो-नैश्चयिको व्यावहारिकश्च । नैश्चयिको नाम सामान्यपरिच्छेदः, स चैकसामयिकः शास्त्रेऽभिहितः, ततो नैश्चयिकादनन्तर-मीहैवमात्मिका प्रवर्तते-किमेष स्पर्श उतास्पर्श इति, तस्याश्चानन्तरोऽपायः स्पर्शोऽयमिति,

---

કહ્યું કે '**बहु अवगृह्णाति**' વગેરે, તેમાં તાત્ત્વિક રીતે કોઈ દોષનો અવશેષ નથી.

## ❋ 'બહુ' વગેરેના 'અવગ્રહ'ની વિચારણા ❋

સૌ પ્રથમ સ્પર્શનેન્દ્રિયના અવગ્રહના 'બહુ' વગેરે ભેદોની સમજ આપતાં ટીકામાં કહે છે - **(૧) સ્પર્શનાવગ્રહ** આ પ્રમાણે થાય છે - **बहु अवगृह्णाति** । ઘણા (અર્થ)નો અવગ્રહણ કરે છે. **દા.ત.** શય્યામાં બેઠેલો પુરુષ તત્સ્થ સ્ત્રી, પુષ્પ, ચંદન, વસ્ત્ર આદિના સ્પર્શ ઘણા હોયને તે દરેકને ભેદથી જાણે છે. આ સ્ત્રીનો સ્પર્શ, આ તેને લાગેલ પુષ્પનો સ્પર્શ છે, આ તેના શરીરસ્થ ચંદનનો સ્પર્શ અને આ પરિધાન કરેલાં વસ્ત્રનો સ્પર્શ છે અને આ એની સાથે બાંધેલ કટિમેખલા (કટિસૂત્ર)નો સ્પર્શ છે. આથી ભિન્ન-જાતીય ઘણા સ્પર્શનો અવગ્રહ કરે છે.

**શંકા :** શાસ્ત્રમાં અવગ્રહનો કાળ એક સમય બતાવેલો છે. પણ એક જ સમયમાં આવા પ્રકારના વિવેક વડે (અથવા વિવેકરૂપ) જુદા જુદા પ્રકારનો અવગ્રહ થવો યોગ્ય નથી. કારણ કે એક સમય એ ઘણો અલ્પ કાળ છે.

## ❋ નિશ્ચય-અવગ્રહ અને વ્યાવહારિક-અવગ્રહ ❋

**સમાધાન :** સાચી વાત છે કે એક સમયમાં આવો અવગ્રહ થવો ઘટતો નથી. પરંતુ અવગ્રહ બે પ્રકારે છે. (૧) **નૈશ્ચિયિક**-નિશ્ચિયદૃષ્ટિથી અને બીજે (૨) **વ્યવહારિક** - વ્યવહારદૃષ્ટિથી થયેલ. તેમાં (૧) **નૈશ્ચયિક અવગ્રહ** એટલે સામાન્યથી (અથવા સામાન્યનો) બોધ અને તે શાસ્ત્રમાં એક સમયવાળો કહેલો છે. આવો નૈશ્ચયિક-અવગ્રહ થયા પછી આ પ્રકારની 'ઈહા' પ્રવર્તે છે કે, 'શું આ સ્પર્શ છે કે અસ્પર્શ છે ?' ત્યારબાદ

---

१. पू. । तदाब० मु. । २. पू. । चैवैका० मु. । ३. पू. । विधा० मु. । ४. पू. । तत्र नै० इति मु. ।

अयं चापाय: अवग्रह इत्युपचर्यते, आगामिनो भेदानङ्गीकृत्य यस्मादेतेन सामान्यमवच्छिद्यते। यत: पुनरेतस्मादीहा प्रवर्तिष्यते कस्यायं स्पर्श: ? पुनश्चापायो भविष्यति अस्यायमिति, अयमपि चापाय: पुनरवग्रह इत्युपचर्यते, अतोऽनन्तरवर्तिनीमीहामपायं चाश्रित्य एवं यावदस्यान्ते निश्चय उपजातो भवति, यत्रापरं विशेषं नाकाङ्क्षतीत्यर्थ: । अपाय एव भवति न तत्रोपचार इति । अतो य एष औपचारिकोऽवग्रहस्तमङ्गीकृत्य बहु अवगृह्णातीत्येतदुच्यते, न त्वेकसमयवर्तिनं नैश्चयिकमिति, एवं बहुविधादिषु सर्वत्रोपचारिकाश्रयणाद् व्याख्येयमिति।

---

'આ સ્પર્શ જ છે' એવો અપાય/નિશ્ચય થાય છે. હવે આ જે અપાય થયો છે તેનો આગામી - નવા - બીજા - આગળના ભેદને આશ્રયીને 'અવગ્રહ' તરીકે ઉપચાર કરાય છે. કારણ કે આગામી-આગળના ભેદની અપેક્ષાએ 'આ સ્પર્શ છે' એવા બોધ વડે સામાન્ય જ જણાય છે. કારણકે વળી આવા ઉપચરિત અવગ્રહ પછી આવી 'ઇહા' પ્રવર્તશે કે 'આ કોનો સ્પર્શ છે ?' અને ફરી એવો અપાય (નિશ્ચય) થશે કે 'આનો (અમુકનો) આ સ્પર્શ છે.' વળી આ અપાયનો - એના પછી થનારી 'ઇહા'ને અને અપાયને આશ્રયીને - અવગ્રહ તરીકે ઉપચાર કરાશે. (અર્થાત્ વસ્તુત: પૂર્વજ્ઞાનની અપેક્ષાએ અપાય/નિશ્ચય જ છે, પરંતુ આગામી બીજા-મોટા-અધિક જ્ઞાનની અપેક્ષાએ તે ઉપચારથી/વ્યવહારથી 'અવગ્રહ' કહેવાય છે.) આ પ્રમાણે જ્યાં સુધી છેલ્લે અંતિમ નિશ્ચય થાય અર્થાત્ જ્યારે બીજા વિશેષની (ભેદની) આકાંક્ષા ન રહે ત્યાં સુધી આગામી (ઉત્તર) ઇહાની અપેક્ષાએ પૂર્વ-પૂર્વના અપાયનો અવગ્રહરૂપે ઉપચાર કરાય છે. પણ જેવો અંતિમ નિશ્ચય થાય 'આ આનો જ સ્પર્શ છે' ઇત્યાદિ રૂપે નિરાકાંક્ષ, અન્ય - વિશેષની આકાંક્ષા-રહિત બોધ થાય છે, ત્યારે તે 'અપાય' જ બને છે પણ તેમાં અવગ્રહનો ઉપચાર કરાતો નથી.

આથી જે આ ઔપચારિક (= અપાયમાં ઉપચાર કરવા દ્વારા થતો) અવગ્રહ છે, તેને આશ્રયીને '**बहु अवगृह्णाति**' અર્થાત્ ઘણા ભેદને/વિશેષને જાણે છે' એમ કહેલું છે, પણ એક સમય સુધી જ રહેનાર નૈશ્ચયિક અવગ્રહની અપેક્ષાએ કહેલું નથી. આથી એક સમયમાં 'બહુ' અર્થ શી રીતે જણાય એવી શંકાને સ્થાન રહેતું નથી. આ પ્રમાણે 'બહુવિધ' વગેરેના અવગ્રહ આદિ ભેદો કહેલાં છે, ત્યાં પણ સર્વત્ર ઔપચારિક અવગ્રહનો જ આશ્રય કરવાથી અવગ્રહ રૂપ ભેદ ઘટે છે, એમ વ્યાખ્યા કરવી.

હવે 'બહુ' (ઘણા) એવા ભેદના પ્રતિપક્ષને = વિરોધી અર્થને ભાષ્યમાં કહે છે,

सम्प्रति बहु इत्यस्य प्रतिपक्षं कथयति-**अल्पमवगृह्णातीत्यनेन**, यदा तेषामेव योषिदादिस्पर्शानां यं कञ्चिदेकं[1] स्पर्शमवगृह्णाति अन्यान् सतोऽपि क्षयोपशमापकर्षात् न गृह्णाति तदाल्पम्-एकमेव[2] गृह्णणातीत्युच्यते । **बहुविधमवगृह्णातीति** । बह्व्यो विधा यस्य स बहुविधः तमवगृह्णाति । बहुविधो नाम स एव योषिदादिस्पर्श एकैकः शीतस्निग्धमृदुकठिनादिरूपो यदाऽवगृह्यते तदा बहुविधं गुणैर्भिन्नं स्पर्शं परिच्छिन्दत् तज्ज्ञानं बहुविधमवगृह्णातीत्युच्यते । यदा तु योषिदादिस्पर्शमेवैकगुणसमन्वितं शीतोऽयमिति वा स्निग्धोऽयमिति वा मृदुरयमिति वेत्येवमवच्छिनत्ति तदा **एकविधमवगृह्णातीत्युच्यते** । तमेव च[3] भूयो योषिदादिस्पर्शमाशु स्वेनात्मना यदाऽवच्छिनत्ति तदा **क्षिप्रमवगृह्णाती**ति भण्यते । यदा तु तमेव योषिदादिस्पर्श स्वेनात्मनाऽवच्छिनत्ति बहुना कालेन तदा **चिरेणावगृह्णातीत्युच्यते** । चिरेणेति बहुना

(૨) **અલ્પાવગ્રહ : 'अल्पं अवगृह्णाति'** વગેરે. જ્યારે તે જ સ્ત્રી આદિના ઘણા સ્પર્શો પૈકી જે કોઈ એક જ સ્પર્શનો અવગ્રહ કરે છે, અને અન્ય સ્પર્શો હોવા છતાંય ક્ષયોપશમના અપકર્ષથી અર્થાત્ અલ્પ-ક્ષયોપશમથી તેનું ગ્રહણ કરતો નથી, ત્યારે અલ્પનો અર્થાત્ એક જ (સ્પર્શાદિ) વિષયનો અવગ્રહ કરે છે (અર્થાત્ અલ્પાવગ્રહ છે) એમ કહેવાય છે.

(૩) **બહુવિધ-અવગ્રહ : बहुविधमवगृह्णाति** જેના ઘણા વિધા = પ્રકારો હોય તે 'બહુવિધ' કહેવાય. તેનું અવગ્રહણ કરે તે બહુવિધ-અવગ્રહ... **દા.ત.** બહુવિધ એટલે તે જ સ્ત્રી વગેરેના સ્પર્શનો જ્યારે શીત, સ્નિગ્ધ, મૃ દુ, કઠિન વગેરે એમ પ્રત્યેક રૂપે અવગ્રહ કરાય, ત્યારે તે બહુવિધ કહેવાય અર્થાત્ ગુણો વડે ભિન્ન ભિન્ન સ્પર્શનો બોધ કરવો તે (અવગ્રહરૂપ) જ્ઞાન એ બહુવિધ-અવગ્રહ (= બહુવિધના અવગ્રહને કરનારું) છે એમ કહેવાય.

(૪) **એકવિધાવગ્રહ :** એટલે કોઈ એક પ્રકારે જ શીતાદિ સ્પર્શનો અવગ્રહ કરનારું જ્ઞાન. **દા.ત.** જ્યારે તે સ્ત્રી વગેરેના સ્પર્શને જ 'આ શીત છે' અથવા 'આ સ્નિગ્ધ છે' અથવા 'આ મૃદુ છે' એ પ્રમાણે એક ગુણથી યુક્તરૂપે જાણે છે, ત્યારે તે એકવિધનો અવગ્રહ કરે છે = એકવિધાવગ્રહ છે એમ કહેવાય છે.

(૫) **ક્ષિપ્રાવગ્રહ :** એટલે શીઘ્ર-ઝડપથી થતો અવગ્રહ... **દા.ત.** વળી તે જ સ્ત્રી આદિ સ્પર્શને આશુ = શીઘ્રપણે પોતાના આત્મા વડે = સ્વયં જાણે છે, ત્યારે ક્ષિપ્ર અવગ્રહણ કરનાર 'ક્ષિપ્રાવગ્રહ' એમ કહેવાય છે.

१. ख.पा.पू.लि. । किंचि० मु. । २. पा.पू.लि.जै.ख. । दाल्पमेकमव० मु. । ३. पू.कै. । ना. मु. ।

कालेन । **अनिश्रितमवगृह्णातीति** निश्रितो लिङ्गप्रमितोऽभिधीयते, यथा यूथिकाकुसुमानामत्यन्तशीतमृदुस्निग्धादिरूपः प्राक् स्पर्शोऽनुभूतस्तेनानुमानेन लिङ्गेन तं विषयं न यदा परिच्छिन्दत् तज्ज्ञानं प्रवर्तते तदा अनिश्रितं अलिङ्गमवगृह्णातीत्युच्यते । यदा त्वेतस्माल्लिङ्गात्[2] परिच्छिनत्ति निश्रितं तदा सलिङ्गमवगृह्णातीति भण्यते । उक्तमवगृह्णातीत्ययं तु विकल्पः श्रोत्रावग्रहविषय एव न सर्वव्यापीति । यत उक्तमुच्यते शब्दः स चाप्यक्षरात्मकः तमवगृह्णातीति । अनुक्तस्तूक्तादन्यो *"नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथाह्यर्थ(गतिः)"*

(६) **ચિર-અવગ્રહ :** એટલે ઘણાકાળે થતો અવગ્રહ. **દા.ત.** તે જ સ્ત્રી આદિના સ્પર્શને પોતાની મેળે - સ્વયં જ્યારે ઘણા કાળે (લાંબાગાળે) જાણે છે, ત્યારે **चिरेण** = એટલે કે ઘણાકાળે અવગ્રહણ કરે છે અર્થાત્ ચિરાવગ્રહ એમ કહેવાય છે.

(૭) **અનિશ્રિતાવગ્રહ :** નિશ્રિત એટલે લિંગ વડે (= હેતુ, ચિહ્ન વડે) નિશ્ચિત કરેલો અર્થ નિશ્રિત કહેવાય. (હેતુભૂત અન્ય વસ્તુની નિશ્રા વડે = આશ્રય વડે થતું જ્ઞાન તે નિશ્રિત કહેવાય.) લિંગ/ચિહ્ન વિના જે જ્ઞાન થાય તે અનિશ્રિત કહેવાય. જેમ કે, જુઈના પુષ્પનો અત્યંત શીત, કોમળ, સ્નિગ્ધ આદિ રૂપ જે સ્પર્શ પહેલાં અનુભવેલ હોય, તેના આધારે જુઈનું ફૂલ જોઈને તેના શીત આદિ સ્પર્શનું અનુમાન થઈ શકે છે. પરંતુ, તે અનુમાન રૂપ લિંગ વડે/હેતુ વડે તે (જુઈના શીતાદિ સ્પર્શ) વિષયનો બોધ કરનારું જ્ઞાન થતું નથી, ત્યારે અનિશ્રિતરૂપે અર્થાત્ લિંગ (નિશ્રા) વિના અવગ્રહ કરે છે, અનિશ્રિત - અવગ્રહ છે, એમ કહેવાય છે.

(૮) **નિશ્રિતાવગ્રહ :** જ્યારે અમુક લિંગને આશ્રયીને અનુમાનથી નિશ્ચિત વસ્તુનો બોધ કરે છે, ત્યારે તે નિશ્રિતનો અર્થાત્ લિંગ/હેતુ પૂર્વક અવગ્રહ કરે છે, નિશ્રિતાવગ્રહ છે, એમ કહેવાય છે.

અહીં કેટલાંક 'ઉક્ત'નો અવગ્રહ કરનાર = ઉક્તાવગ્રહ એવા વિકલ્પ/ભેદને કહે છે, પણ આ વિકલ્પ શ્રોત્રેન્દ્રિય-અવગ્રહનો જ વિષય બને છે, કિંતુ સર્વ-વ્યાપી નથી, એટલે કે સર્વ ઇન્દ્રિયોથી થતાં અવગ્રહનો વિષય બનતો નથી. કારણ કે 'ઉક્ત'નો અર્થ શબ્દ થાય અને તે અક્ષરાત્મક છે. તેનો અવગ્રહ કરનારો ઉક્તાવગ્રહ કહેવાય. 'અનુક્ત' એટલે ઉક્તથી ભિન્ન. 'ઉક્ત'થી ભિન્ન વસ્તુ કઈ લેવી ? ઉક્ત (શબ્દ)ની સદૃશ વસ્તુ લેવી કે અસદૃશ ? આના નિર્ણય માટે **પરિભાષેન્દુશેખર** નામના વ્યાકરણ-પરિભાષાના ગ્રંથમાં

१. पा.ला.लि.ख. । पृथि० पू. । २. पू. । तस्मादाख्याताल्लि० मु. ।

[परिभाषेन्दुशेखर प० ७४] इति अनया कल्पनया शब्द एवानक्षरात्मकोऽभिधीयते तमवगृह्णाति अनुक्तमवगृह्णातीति भण्यते । अव्याप्तिदोषभीत्या चापरैरिमं विकल्पं प्रोज्झ्य अयं विकल्प उपन्यस्तः । निश्चितमवगृह्णातीति, निश्चितं सकलसंशयादिदोषरहितमिति, यथा तमेव योषिदादिस्पर्शमवगृह्णत् ज्ञानं योषित एव पुष्पाणामेव चन्दनस्यैवेत्येवं यदा प्रवर्तते तदा निश्चितमवगृह्णातीत्युपदिश्यते । अनिश्चितमवगृह्णातीति च कदा व्यपदिश्यते ? । यदा तमेव स्पर्शं संशयापन्नः परिच्छिनत्ति स्पर्शोऽयं भवति एवं तु न निश्चिनोति-योषित एवायं, विलोमधर्मादेरपीदृशो भवति स्पर्श इति संशयप्रादुर्भावात् । **ध्रुवमवगृह्णातीति** । ध्रुवमत्यन्तं

---

કહેલ પરિભાષા (ન્યાય) બતાવે છે - **नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थगतिः । પરિ૦ ૭૪)** આ ન્યાયથી/પરિભાષાથી (**नञ्** સાથે જે પદ હોય અર્થાત્ **नञ् ( न )** દ્વારા જેનો નિષેધ કરેલો હોય તેની સદૃશ/સમાન એવા જ બીજા પદનું ગ્રહણ થાય છે. આથી) અહીં **न उक्तम् - अनुक्तम् ।** એમ **नञ्** દ્વારા ઉક્તનો = શબ્દનો નિષેધ કરેલો છે. આથી અનુક્ત પદથી અનક્ષરાત્મક શબ્દનું જ ગ્રહણ થાય અને તેનો અવગ્રહ તે અનુક્તનો અવગ્રહ કરે છે, અનુક્તાવગ્રહ છે, એમ કહેવાય. આમ શબ્દમાત્રનો અવગ્રહ કરનાર હોવાથી ઉક્તાવગ્રહ એ ફક્ત શ્રોત્રાવગ્રહવિષયવાળો હોયને (ચક્ષુઅવગ્રહ વગેરેમાં) અવ્યાપ્તિ આવવાના ભયથી બીજા આચાર્યોએ આ ઉક્તાવગ્રહ-વિકલ્પને છોડીને આ નિશ્રિત એવા વિકલ્પને/ભેદને મૂકેલો છે.

(૯) **નિશ્ચિત (અસંદિગ્ધ) અવગ્રહ :** 'નિશ્ચિત' એટલે સર્વ સંશય આદિ દોષથી રહિત નિશ્ચિતરૂપે બોધ કરે છે તે નિશ્ચિત અવગ્રહ કરે છે, નિશ્ચિતાવગ્રહ છે,એમ કહેવાય છે. **દા.ત.** તે જ સ્ત્રી આદિના સ્પર્શનો અવગ્રહ કરનારું, જાણનારું - 'આ સ્ત્રીનો જ - પુષ્પોનો જ, ચંદનનો જ સ્પર્શ છે' એવું જ્ઞાન જ્યારે પ્રવર્તે છે, ત્યારે તે નિશ્ચિતનો (નિશ્ચિતપણે) અવગ્રહ કરે છે, નિશ્ચિતાવગ્રહ છે, એમ કહેવાય છે.

**(૧૦) અનિશ્ચિતાવગ્રહ : પ્રશ્ન :** અનિશ્ચિતનો અવગ્રહ કરે છે એમ ક્યારે કહેવાય ? **જવાબ :** જ્યારે તે જ સ્પર્શ-વિષયને સંશયવાળો વ્યક્તિ જાણે છે. એટલે કે 'આ સ્પર્શ છે' એવું જાણે છે, પણ એવો નિશ્ચય કરતો નથી કે 'સ્ત્રીનો જ છે'. કારણ કે ત્યારે વિરોધી ધર્મવાળા પદાર્થ આદિનો પણ આવો સ્પર્શ હોય છે એવો સંશય પેદા થયો હોય છે.

**(૧૧) ધ્રુવ-અવગ્રહ :** ધ્રુવપણે એટલે અત્યંત-સર્વકાળે જાણે તે ધ્રુવાવગ્રહ કહેવાય. **દા.ત.** જ્યારે જ્યારે તે વ્યક્તિને તે તે સ્ત્રી વગેરે સંબંધી સ્પર્શ સાથે સંબંધ થાય, ત્યારે તે

सर्वदेत्यर्थः । यदा यदा[1]स्य तेन तेन[2] स्पर्शेन योगो भवति योषिदादिना तदा[3] तमर्थमवच्छिनत्तीत्यर्थः । **एतदुक्तं भवति**-स[4]तीन्द्रिये सति चोपयोगे यदाऽसौ विषयः स्पर्शाख्यः स्पृष्टो भवति तदा तमवगृह्णाति । एवम् **अध्रुवमवगृह्णातीति** । सतीन्द्रिये सति चोपयोगे सति च विषयसम्बन्धे कदाचित् तं विषयं तथा परिच्छिनत्ति कदाचिन्नेत्येतदध्रुवमवगृह्णातीत्य[5]पदिश्यते । एवमित्यनेन **एतत् कथयति**-यथा विषयस्य बह्वादेर्भेदाद् द्वादशप्रकारोऽवग्रहोऽभिहितः क्षयोपशमोत्कर्षापकर्षाद्, **एवम् ईहादीनामपि** ईहापायधारणानामपि जानीयाद्, बह्वीहते [6]अल्पमीहते बहुविधमीहते एकविधमीहते क्षिप्रमीहते चिरेणेहते अनिश्रितमीहते निश्रितमीहते उक्तमीहते अनुक्तमीहते, द्वितीयविकल्पे निश्चितमीहते अ[7]निश्चितमीहते ध्रुवमीहते अध्रुवमीहते।

અર્થને જાણે છે. કહેવાનું **તાત્પર્ય** એ છે કે ઇન્દ્રિય હોતે છતે અને ઉપયોગની પણ હાજરીમાં જ્યારે તે સ્પર્શ રૂપ વિષયનો સંબંધ થયો હોય, ત્યારે તે વિષયને/સ્પર્શને અવશ્ય જાણે છે. આથી ધ્રુવાવગ્રહ કહેવાય.

**(૧૨) અધ્રુવ-અવગ્રહ :** આ પ્રમાણે અધ્રુવપણે અવગ્રહ કરે છે, અધ્રુવાવગ્રહ છે એમ સમજવું. અર્થાત્ ઇન્દ્રિય હોય, ઉપયોગ પણ હોય અને સ્પર્શાદિ વિષયનો સંબંધ પણ હોતે છતે ક્યારેક તે વિષયને સ્પર્શાદિ રૂપે જાણે છે અને ક્યારેક જાણતો નથી. આથી આને અધ્રુવપણે અવગ્રહ કરે છે, અધ્રુવ-અવગ્રહ છે, એમ કહેવાય.

**एवम्** - ભાષ્યમાં ('અવગ્રહ' પ્રમાણે 'ઇહા' વગેરેના પણ ભેદોનું સૂચન કરતાં) કહ્યું છે કે, જેમ 'બહુ' વગેરે વિષયના ભેદથી બાર પ્રકારનો (૧) અવગ્રહ કહ્યો અને તેમાં ક્ષયોપશમનો ઉત્કર્ષ અને અપકર્ષ એ કારણભૂત છે, તેમ આ જ કારણથી (૨) ઇહા (૩) અપાય અને (૪) ધારણા રૂપ મતિજ્ઞાનના ભેદ સંબંધી પણ જાણવું. અર્થાત્ તે દરેકના પણ ૧૨-૧૨ ભેદો થાય છે એમ, સમજવું. જેમ કે, (૧) **बहु ईहते** - બહુ અર્થની ઇહા-વિચારણા કરે છે તે **બહુ-ઇહા** એમ કહેવાય. (૨) અલ્પ અર્થને વિચારે છે, તે **અલ્પ ઇહા** કહેવાય. (૩) બહુવિધ અર્થની ઇહા = નિશ્ચયાભિમુખ વિચારણા કરે છે તે **બહુવિધ ઇહા** કહેવાય. (૪) એકવિધ-અર્થની ઇહા કરે છે તે **એકવિધ-ઇહા** (૫) ક્ષિપ્ર-**શીઘ્ર ઇહા** કરે છે તે **શીઘ્ર-ઇહા** (૬) લાંબા સમયે ઇહા કરે તે **ચિર-ઇહા** (૭) અનિશ્રિત = લિંગ વિના ઇહા કરે તે **અનિશ્રિત-ઇહા** (૮) નિશ્રિતપણે (લિંગને/હેતુને આશ્રયીને) ઇહા કરે તે **નિશ્રિત-ઇહા** (૯) ઉક્તની (શબ્દની) ઇહા કરે છે તે **ઉક્તાવગ્રહ** (૧૦)

१. यदा तस्य० मु. । २. पू. । ना. मु. । ३. पू. । तदा तदा० मु. । ४. ख.पू. । ना. मु. । ४. पादिषु । त्युप० मु. ।
६. अल्पैकविधाऽनिश्चतानां त्रयाणां ईहावर्णनं नास्ति पू. मध्ये । ७. पू. । संदिग्धमीहते० मु. ।

एवमपायेऽपि बह्वपैतीत्यादयो द्वादश विकल्पाः, धारणायां च बहु धारयतीत्यादयो द्वादशैव ॥ १६ ॥

एवमवग्रहादीनां स्वस्थाने द्वादशविधं[1] ग्राह्यभेदाद् भेदं प्रतिपाद्येदानीमेषामेवावग्रहादीनां विषयं निर्धारयन्नाह-

## सू० अर्थस्य ॥ १-१७ ॥

**भा० अवग्रहादयो मतिज्ञानविकल्पा अर्थस्य भवन्ति ॥ १७ ॥**

**टी० अर्थस्येति ।** कस्य विषयस्य ग्राहका अवग्रहादय इति मन्येथास्त्वम् ? अर्थस्येति

---

અનુક્તની (અનક્ષરરૂપ શબ્દની) ઈહા કરે છે તે **અનુક્ત-ઈહા.** આ સ્થાનમાં જે બીજો વિકલ્પ છે તે લઈએ તો (૯) નિશ્ચિત વસ્તુની અથવા નિશ્ચિતરૂપે ઈહા કરે તે **નિશ્ચિત-ઈહા** અને (૧૦) અનિશ્ચિત વસ્તુની ઈહા કરે તે **અનિશ્ચિત-ઈહા.** (૧૧) ધ્રુવ-હંમેશા ઈહા કરે તે **ધ્રુવ-ઈહા** (૧૨) અધ્રુવ-ક્યારેક ઈહા કરે એ **અધ્રુવ-ઈહા** કહેવાય.

આ પ્રમાણે (૩) **बहु अपैति** 'અપાય'ના પણ 'બહુ' અર્થનો અપાય/નિશ્ચય કરે છે, બહુ-અપાય વગેરે બાર વિકલ્પો જાણવા તથા (૪) **बहु धारयति** 'ધારણા'ના પણ 'બહુ' અર્થની ધારણા કરે છે - બહુ-ધારણા વગેરે બાર જ ભેદો થાય છે, એમ સમજવું. (૧-૧૬)

**અવતરણિકા :** આ પ્રમાણે અવગ્રહ આદિના સ્વસ્થાનમાં બાર ભેદો કે જે ગ્રાહ્ય વસ્તુના ભેદને લઈ પડેલાં છે, તે ભેદોનું પ્રતિપાદન/કથન કરીને હવે આ જ અવગ્રહ આદિના વિષયનો નિર્ણય કરતાં સૂત્રકાર આ પ્રમાણે સૂત્ર કહે છે-

## अर्थस्य ॥ १-१७ ॥

**સૂત્રાર્થ :** ભાષ્યાર્થ પ્રમાણે જાણવો.

**ભાષ્ય : અવગ્રહ આદિ મતિજ્ઞાનના ભેદો અર્થના થાય છે (એટલે કે અર્થ એ મતિજ્ઞાનનો-અવગ્રહાદિનો વિષય બને છે.)**

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** અવગ્રહ આદિ મતિજ્ઞાન-ભેદોને તમે કયા વિષયનું ગ્રહણ કરનાર

---

१. सर्वप्रतिषु । विधत्वम्० मु. ।

ब्रूमः । अर्थश्च स्पर्शरसगन्धवर्णशब्दात्मकः तस्य स्पर्शादेरर्थस्य **अवग्रहादयो**ऽवच्छेदका **मतिज्ञानविकल्पाः** मतिज्ञानस्येन्द्रियादिभेदेनाऽविभक्तस्य **विकल्पाः** अंशा इत्यर्थः । तदेव[1] विभज्यमानमेभिर्भेदैरवतिष्ठत इति । **यदि तर्हि** स्पर्शादेर्विषयस्य ग्राहकाः अवग्रहादयोऽभ्युपगम्यन्ते न तर्हि द्रव्यस्य ज्ञानं चक्षुरादिजं किञ्चिद् ग्राहकं समस्ति छाद्मस्थिकम् ? **उच्यते**- स्पर्शादयो द्रव्यपर्यायाः, पर्यायग्रहणे[2] च द्रव्यमवच्छिन्नमेवावसातव्यं, तेन रूपेण द्रव्यस्यैव भवनात्, यतोऽपि[3] न द्रव्यवियुताः पर्यायाः, पर्यायविरहितं वा द्रव्यम्, अन्यतरानुपलब्धा-वन्यतरस्यानुपलब्धेः । प्रतीन्द्रियप्राप्त्या द्रव्यस्यैव रूपादिविशेषणभाक्त्वात्, विवक्षावशाच्च

---

તરીકે માનો છો ?

**જવાબ :** અવગ્રહ આદિ 'અર્થ'ના ગ્રાહક છે એમ અમે માનીએ છીએ. અર્થ એ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ સ્વરૂપ છે. તે સ્પર્શાદિ અર્થના અવગ્રહ આદિ મતિજ્ઞાનના ભેદો ગ્રાહક (અવચ્છેદક) છે, બોધ કરનારા છે. મતિજ્ઞાનના વિકલ્પો એટલે ઇન્દ્રિય વગેરેના ભેદથી વિભાગ નહીં કરેલાં - અવિભક્ત એવા મતિજ્ઞાનના વિકલ્પો = અંશો ? અને તેનો જ વિભાગ કરાય છે ત્યારે તે અવગ્રહ વગેરે ભેદવાળું થાય છે.

**શંકા :** (સ્પર્શ વગેરે દ્રવ્યના પર્યાયો (ગુણો) છે.) હવે જો અવગ્રહ આદિ ભેદોને સ્પર્શાદિ વિષયના ગ્રાહક (ગ્રહણ કરનાર) તરીકે સ્વીકારાય, તો છદ્મસ્થ જીવોને ચક્ષુ આદિ ઇન્દ્રિયથી થનારું, દ્રવ્યનું ગ્રાહક કોઈ પણ જ્ઞાન નહીં રહે. (અર્થાત્ દ્રવ્યનું ઇન્દ્રિયજન્ય જ્ઞાન (મતિજ્ઞાન) નહીં થવાની આપત્તિ આવશે.)

### ❋ દ્રવ્ય અને સ્પર્શાદિ ગુણો વચ્ચે પરસ્પર સાપેક્ષતા ❋

**સમાધાન :** સ્પર્શ વગેરે દ્રવ્યના જ પર્યાયો = ધર્મ-વિશેષ છે અને પર્યાયનું ગ્રહણ થયે છતે દ્રવ્ય પણ જાણેલું જ સમજવું. કારણ કે દ્રવ્ય જ તે રૂપે અર્થાત્ પર્યાયરૂપે થાય છે. અને બીજું કારણ એ કે, પર્યાયો દ્રવ્યથી વિયુક્ત = છૂટા હોવા સંભવતાં નથી અને દ્રવ્ય પણ પર્યાયોથી રહિત હોતું નથી. જો તે બેમાંથી એકની ઉપલબ્ધિ = પ્રાપ્તિ ન હોય તો બીજાની પણ પ્રાપ્તિ ન જ હોય. અર્થાત્ બેયનું અસ્તિત્વ એકબીજાને આધારે હોવાથી એકના ગ્રહણમાં બીજાનું ગ્રહણ થઈ જ જાય. વળી પ્રત્યેક[A] ઇન્દ્રિયથી દ્રવ્યની પ્રાપ્તિ થતી હોવાને લીધે દ્રવ્ય જ રૂપાદિ વિશેષણવાળું થાય છે અર્થાત્ દ્રવ્ય વિશેષ્ય ગણાય છે અને

---

१. सर्वप्रतिषु । तदेवं० मु. । २. पादिषु । णाच्च० मु. । ३. पू. । यतो न० मु. ।

प्रधानगुणभावाभ्युपगमः प्रतिपद्यते जैनैः । अतः स्पर्शादिग्रहणे द्रव्यग्रहणमवश्यंभावि द्रव्यग्रहणे वा स्पर्शादिग्रहणम्, अन्योन्यानुगमात् । अर्थस्य स्पर्शादेः सामान्यानिर्देश्यस्वरूपस्य नामादिकल्पनारहितस्य अवग्रहो ग्राहकः, तस्यैव स्पर्शादेः किमयं स्पर्श उतास्पर्श इत्येवं परिच्छेदिका ईहा, तस्यैव स्पर्शोऽयमित्येवं परिच्छेदकोऽपायः, तस्यैव स्पर्शादेरर्थस्य परिच्छिन्नस्योत्तरकालमविस्मृतिर्या सा धारणा । एवं रसादिष्वपि प्रत्येकमवग्रहादयो योज्याः । इदं च सावधारणमवगम्यम्–अवग्रहादय एवार्थस्य मतिज्ञानविकल्पा ग्राहकाः नान्यो मतिज्ञानांश

રૂપ વગેરે તેના વિશેષણ છે.

**શંકા :** તો પછી જુદા જુદા જ્ઞાનોમાં રૂપનું ગ્રહણ થયું, રસનું ગ્રહણ થયું એમ શાથી કહેવાય છે ? રૂપ આદિવાળા દ્રવ્યનું ગ્રહણ થયું અથવા દ્રવ્યાશ્રિત રૂપ આદિનું ગ્રહણ થયું એમ શાથી કહેવાતું નથી ?

**સમાધાન :** વિવક્ષાના વશથી એટલે કે વક્તાની કહેવાની ઇચ્છાના/અભિપ્રાયના બળથી એક જ વસ્તુ ક્યારેક પ્રધાન હોય છે તો ક્યારેક ગૌણ બને છે એમ જૈનોએ (જૈનદર્શનના અનુયાયીઓએ) માનેલું છે. આથી જ્યારે સ્પર્શ વગેરેનું મુખ્યપણે ગ્રહણ થાય છે ત્યારે દ્રવ્યનું પણ ગૌણપણે ગ્રહણ અવશ્ય થાય છે અને દ્રવ્યનું (મુખ્યતયા) ગ્રહણ થયે સ્પર્શ વગેરેનું પણ (ગૌણરૂપે) ગ્રહણ થાય છે. કારણ કે દ્રવ્ય અને સ્પર્શ વગેરે પર્યાયો એ પરસ્પર એકબીજામાં મળેલાં છે, એકમેક થયેલાં છે, એકબીજા વિના સંભવી શકતાં નથી.

આ સ્પર્શાદિ અર્થના અવગ્રહાદિ આ રીતે ગ્રાહક થાય છે - સામાન્ય અને અનિર્દેશ્ય સ્વરૂપ અને નામાદિ કલ્પનાથી રહિત એવા સ્પર્શ વગેરે અર્થનો ગ્રાહક = બોધક **અવગ્રહ** કહેવાય છે. (૨) તે જ સ્પર્શાદિ અર્થ સંબંધી 'શું આ સ્પર્શ છે કે અસ્પર્શ છે ?' એ પ્રમાણે બોધ કરનારી **'ઇહા'** કહેવાય છે. (૩) તે જ સ્પર્શાદિ અર્થનો 'આ સ્પર્શ જ છે' એ પ્રમાણે બોધ કરનાર (પરિચ્છેદક) **અપાય** કહેવાય છે. તે જ નિશ્ચયાત્મક બોધ કરાયેલ સ્પર્શાદિ અર્થનો નિશ્ચય થયાના ઉત્તરકાળે અવિસ્મૃતિ (વિસ્મૃતિ ન થવી) તે **ધારણા** કહેવાય છે. આ પ્રમાણે રસાદિ અર્થને વિષે પણ અવગ્રહ વગેરે પ્રત્યેક ભેદો ઘટાવવા.

આ વાત અવધારણપૂર્વક અર્થાત્ નિશ્ચિતરૂપે જાણવી કે, અવગ્રહ આદિ જ

१. पू. । साधा० मु. ।

इति ॥ १७ ॥

**अथ** किमन्योऽप्यस्ति कश्चिन्मतिज्ञानांशो योऽर्थस्य ग्राहको न भवतीति नियमेनापास्यते ? **उच्यते**–अस्ति, यः सामान्यमात्रग्राहिणोऽप्यवग्रहादुक्तस्वरूपादत्यन्तमलीमसरूपोऽवग्रह इति। स तर्हि कस्य ग्राहक इति ? । उच्यते –

---

મતિજ્ઞાનના ભેદો અર્થના ગ્રાહક છે, પણ બીજો કોઈ મતિજ્ઞાનનો ભેદ અર્થનો ગ્રાહક નથી. (૧-૧૭)

**અવતરણિકા : શંકા :** શું બીજો પણ કોઈ મતિજ્ઞાનનો ભેદ છે કે જે અર્થનો ગ્રાહક નથી એ પ્રમાણે (જેનો **अर्थस्य** એમ પૂર્વસૂત્રમાં કરેલાં) નિયમ વડે નિષેધ (બાદબાકી) કરાય છે ?

**ચંદ્રપ્રભા :** કહેવાનો આશય એ છે કે, **सिद्धे सति आरम्भो नियमार्थः** । એવા ન્યાયથી જે હકીકત સિદ્ધ જ હોય તેના વિધાન માટે સૂત્ર કરવું તે બીજી રીતે ઘટતું ન હોયને તે સૂત્ર નિયમ કરવા માટે હોવાનું સમજવાનું છે. જો આમ ન માનીએ તો સિદ્ધ વસ્તુ માટે કરાતું વિધાન નિરર્થક બનવાનો પ્રસંગ આવે. પ્રસ્તુતમાં પણ અવગ્રહાદિ મતિજ્ઞાનના ભેદો અર્થનો અવચ્છેદક, બોધ કરનાર હોવાનું લોક-પ્રસિદ્ધ જ છે. કારણ કે અવગ્રહ વગેરે જ્ઞાન-વિશેષ છે અને જ્ઞાન હંમેશા કોઈપણ અર્થને/વિષયને સાપેક્ષ હોય છે. અર્થનું જ જ્ઞાન હોય, અર્થ વિનાનું જ્ઞાન હોવું સંભવિત નથી. માટે **अर्थस्य** (૧-૧૭) સૂત્ર દ્વારા અવગ્રહાદિ અર્થના થાય છે એવું વિધાન કરવાની જરૂર નથી. છતાંય ઉપરોક્ત ન્યાયથી આ સૂત્ર નિયમ કરવા માટે હોયને સાર્થક છે. નિયમ આ પ્રમાણે કરે છે - "અવગ્રહ આદિ જ મતિજ્ઞાનના ભેદો અર્થના ગ્રાહક છે, પણ બીજા ભેદો અર્થના ગ્રાહક નથી".

આમ આવો નિયમ કરેલો છે, તેથી શિષ્યાદિ શંકા કરે છે કે, સામાન્યથી જ્ઞાન એ અર્થનું ગ્રાહક/બોધક હોય છે. પણ ઉક્ત નિયમ કરવાથી એવું ફલિત થાય છે કે, અર્થનો ગ્રાહક ન હોય એવો પણ મતિજ્ઞાનનો ભેદ હોવો જોઈએ. તો શું અન્ય પણ મતિજ્ઞાનનો ભેદ છે કે જે અર્થનો ગ્રાહક ન હોય ? જો હોય તો અમને જણાવો.

**સમાધાન :** હા, અર્થનું ગ્રાહક ન હોય એવો પણ મતિજ્ઞાનનો ભેદ છે, જે સામાન્યમાત્રનું ગ્રહણ કરનાર પૂર્વોક્ત-સ્વરૂપવાળા અવગ્રહ કરતાં પણ અત્યંત મલીનરૂપ અવગ્રહ છે. **પ્રશ્ન :** જો અર્થનો ગ્રાહક ન હોય તો તે કોનો ગ્રાહક છે ? **જવાબ :**

**सू० व्यञ्जनस्यावग्रहः ॥ १-१८ ॥**

**भा० व्यञ्जनस्यावग्रह एव भवति नेहादयः । एवं द्विविधोऽवग्रहो व्यञ्जनस्यार्थस्य च । ईहादयस्त्वर्थस्यैव ॥१८॥**

**टी० व्यञ्जनस्यावग्रह इति ।** तत्र व्यज्यतेऽनेनार्थ इति व्यञ्जनं सन्तमसाऽवस्थित-घटरूपप्रदीपादिवत् । तत् पुनर्व्यञ्जनं संश्लेषरूपं यदिन्द्रियाणां स्पर्शनादीनामुपकरणाख्यानां स्पर्शाद्याकारेण परिणतानां पुद्गलद्रव्याणां च यः परस्परं संश्लेषस्तद्व्यञ्जनं, तस्य व्यञ्जनस्यावग्रह एवैको भवति ग्राहकः । **का** भावनेति **चेत्** ? **उच्यते**-यदोपकरणेन्द्रियस्य स्पर्शनादेः पुद्गलैः स्पर्शाद्याकारपरिणतैः सम्बन्ध उपजातो भवति न च किमप्येतदिति गृह्णाति किन्त्वव्यक्तविज्ञानोऽसौ, सुप्तमत्तादिसूक्ष्मावबोधसहितपुरुषवदिति तदा तैः पुद्गलैः

---

**व्यञ्जनस्याऽवग्रहः ॥ १-१८ ॥**

**સૂત્રાર્થ :** વ્યંજનનો અવગ્રહ (જ) થાય છે.

**ભાષ્ય : વ્યંજનનો અવગ્રહ (રૂપ મતિજ્ઞાનનો ભેદ) જ થાય છે, પણ 'ઇહા' વગેરે થતાં નથી. આ પ્રમાણે બે પ્રકારનો અવગ્રહ થાય છે. (૧) વ્યંજનનો અવગ્રહ અને (૨) અર્થનો અવગ્રહ. ઇહા વગેરે તો અર્થના જ થાય છે. (વ્યંજનના થતાં નથી.)**

**પ્રેમપ્રભા :** જેનાથી અર્થની અભિવ્યક્તિ થાય તે **વ્યંજન** કહેવાય. ( **व्यज्यतेऽनेन अर्थः इति व्यञ्जनम्** ।) ગાઢ અંધકારમાં રહેલાં ઘડાને અભિવ્યક્ત કરનાર - જણાવનાર પ્રદીપની જેમ 'વ્યંજન'થી અર્થની અભિવ્યક્તિ થાય છે. આ વ્યંજન એ સંશ્લેષરૂપ એટલે કે સંબંધ-વિશેષરૂપ છે, કેમ કે, ઉપકરણરૂપ (તે નામની) સ્પર્શનાદિ ઇન્દ્રિયોનો અને સ્પર્શ વગેરે વિષયાકારે પરિણામ પામેલ પુદ્ગલ દ્રવ્યોનો પરસ્પર એકબીજા સાથે જે સંશ્લેષ = સંબંધ થવો, તે **વ્યંજન**[A] કહેવાય. તે વ્યંજનનો ફક્ત એક અવગ્રહ રૂપ ભેદ જ ગ્રાહક બને છે.

**પ્રશ્ન :** અહીં તમારો કહેવાનો ભાવાર્થ શું છે ? જરા વિસ્તારથી કહો તો સારું.

**❋ વ્યંજનાવગ્રહ પણ જ્ઞાનરૂપ ❋**

**જવાબ :** (અહીં 'સ્પર્શન' વગેરે શબ્દથી તે તે 'ઇન્દ્રિય' અર્થ લેવાનો છે અને 'સ્પર્શ' વગેરે શબ્દનો અર્થ તે તે સ્પર્શાદિ વિષય એમ સમજવો.) જ્યારે સ્પર્શન વગેરે ઉપકરણ-

स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टैर्या च यावती च ज्ञानशक्तिराविरस्ति सैवंविधा ज्ञानशक्तिरवग्रहाख्या, तस्य स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टस्पर्शाद्याकारपरिणतपुद्गलराशेर्व्यञ्जना-ख्यस्य ग्राहिकाऽवग्रह इति भण्यते[2]। तेन **एतदुक्तं भवति**-स्पर्शनाद्युपकरणेन्द्रियसंश्लिष्टाः स्पर्शाद्याकारपरिणताः पुद्गलाः व्यञ्जनं भण्यन्ते, विशिष्टार्थावग्रहकारित्वात्, तस्य व्यञ्जनस्य परिच्छेदकोऽव्यक्तोऽवग्रहो भण्यते, अपरोऽपि तस्मान्मनाक् निश्चिततरः किमप्येतदित्येवंविधसामान्यपरिच्छेदोऽवग्रहो भण्यते, ततः परमीहादयः प्रवर्तन्ते, अतः सूक्तं **व्यञ्जनस्यावग्रह एव** अत्यन्तमलीमसपरिच्छेदक इति, **नेहादयः**, ईहापायधारणास्तस्य व्यञ्जनस्य ग्राहिका न भवन्ति, स्वांशे भेदमार्गणनिश्चयधारणाख्ये तासां नियतत्वात् । एवं उक्तेन प्रकारेण, सूत्रद्वयाभिहितेनेत्यर्थः ।

---

ઇન્દ્રિયનો સ્પર્શ આદિ આકારે (સ્વરૂપે) પરિણમેલ (=પરિણત થયલે) સ્પર્શાદિ વિષયના પુદ્ગલો સાથે સંબંધ ઉત્પન્ન થયો હોય, છતાં પણ ત્યારે 'આ કંઈક છે' એ પ્રમાણે વિષયનું ગ્રહણ કરતો નથી. કિંતુ, સૂતેલાં અથવા પાગલ અથવા દારૂના નશામાં ગળાબૂડ ડૂબેલાં વગેરે પુરુષના જેવા સૂક્ષ્મ બોધવાળા પુરુષની જેમ અવ્યક્ત-અસ્પષ્ટ વિજ્ઞાનવાળો હોય છે. અને ત્યારે સ્પર્શન આદિ ઉપકરણ-ઇન્દ્રિયો સાથે સંબદ્ધ થયેલ તે પુદ્ગલો વડે જે અને જેટલી વિજ્ઞાનરૂપી શક્તિ પ્રગટ થાય છે, તે આવા પ્રકારની અવગ્રહરૂપી [A]જ્ઞાનશક્તિ કહેવાય છે. અને તે સ્પર્શન વગેરે ઉપકરણ-ઇન્દ્રિય સાથે સંશ્લિષ્ટ = સંબંધ થયેલ એવા સ્પર્શ આદિ રૂપે પરિણમેલ વ્યંજન નામની પુદ્ગલ-રાશિ, તેને ગ્રહણ કરનારી જ્ઞાન-શક્તિ **અવગ્રહ** એમ કહેવાય છે.

આના દ્વારા આવો અર્થ ફલિત થાય છે કે - સ્પર્શન આદિ ઉપકરણેન્દ્રિય સાથે સંબંદ્ધ થયેલ અને સ્પર્શ આદિરૂપે પરિણત થયેલાં પુદ્ગલો 'વ્યંજન' કહેવાય છે, કારણ કે તે વિશિષ્ટ એવા અર્થાવગ્રહને ઉત્પન્ન કરનાર છે અને તે વ્યંજનનો પરિચ્છેદક = બોધ કરનાર અવ્યક્ત અવગ્રહ = **વ્યંજનાવગ્રહ** કહેવાય છે. (ત્યારબાદ) બીજો પણ અવગ્રહ છે જે તેનાથી પૂર્વ (વ્યંજનાવગ્રહ) કરતાં જરા વધુ નિશ્ચિત રૂપ 'આ કંઈક છે' એવા પ્રકારે વસ્તુના સામાન્યનો બોધ કરનારો અવગ્રહ = **અર્થાવગ્રહ** કહેવાય છે. ત્યારપછી 'ઇહા' વગેરે મતિજ્ઞાનના ભેદો પ્રવર્તે છે. આથી ભાષ્યમાં સાચું = યથાર્થ જ કહેલું છે કે, વ્યંજનનો અવગ્રહ જ થાય છે. કેમ કે, તે અત્યંત મલીન બોધ કરનારો છે, પણ તેના 'ઇહા' વગેરે ભેદો થતાં નથી. અર્થાત્ ઇહા, અપાય અને ધારણા રૂપ ભેદો તે વ્યંજનનું ગ્રહણ કરનારા નથી, કારણ કે, તેઓ પોતાનો જે અંશ = વિષય = વિભાગ છે, જેમ કે,

१. सर्वप्रतिषु । विज्ञा० मु. । २. सर्वप्रतिषु । यन्ते० मु. । ३. ख.पू. । र्शनाद्या० मु. । ४. सर्वप्रतिषु । विधः सा० मु. ।

**द्विविध** इति च । विषयस्य द्विरूपत्वात् द्विविध इत्युक्तम् । एतदेवाह-**व्यञ्जनस्यार्थस्य च** परिच्छेदे प्रवर्तमानो द्विविध उच्यते, ईहादयस्त्वर्थस्य स्पर्शादेरेव विशेषका भवन्ति, नेहापायधारणास्ववग्रहस्य द्वैरूप्यमस्तीति ॥ १८ ॥

**अथ** किं स्पर्शनादीनामिन्द्रियाणां सर्वेषां व्यञ्जनावग्रहः समस्ति, उत कस्यचिन्नेति ? **उच्यते**-कस्यचिन्न सम्भवर्त्यपि[1]। एतद् दर्शयति -

## सू० न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १-१९ ॥

**भा० चक्षुषा नोइन्द्रियेण च व्यञ्जनस्यावग्रहो[2] न भवति, चतुर्भिरिन्द्रियैः शेषैर्भवति । एवमेतत् मतिज्ञानं द्विविधं, चतुर्विधमष्टाविंशतिविधमष्टषष्ट्युत्तरशतविधं,**

ઈહાનો વિષય વસ્તુના ભેદની = પ્રકારની વિચારણા, અપાયનો વિષય વસ્તુનો નિશ્ચય કરવા રૂપ અને ધારણાનો વિષય નિશ્ચિત કરેલ અર્થને ધારણ કરી રાખવા રૂપ પોતપોતાનો વિભાગ છે, તેમાં તે ઈહા વગેરે ભેદો નિયત છે, નક્કી કરેલાં વિષયવાળા છે. અર્થાત્ તેઓ સ્વ-વિભાગથી અન્યનો બોધ કરનારા માનેલાં નથી.

**एवम्** = આ પ્રમાણે ઉક્ત પ્રકારે એટલે કે પૂર્વોક્ત બે સૂત્રથી કહેલ અવગ્રહ બે પ્રકારે થાય છે. વિષય બે પ્રકારના હોવાથી તેનો અવગ્રહ પણ 'બે પ્રકારનો છે' એમ કહેલું છે. આ જ વાત ભાષ્યમાં કહે છે - (૧) વ્યંજનનો અવગ્રહ અને (૨) અર્થનો અવગ્રહ. અર્થાત્ ૧. વ્યંજનનો અને ૨. અર્થનો એ બેનો બોધ કરવામાં પ્રવર્તતો હોવાથી અવગ્રહ બે પ્રકારનો કહેવાય છે. જ્યારે ઈહા વગેરે તો સ્પર્શાદિ અર્થના જ (બોધ કરનારા) ભેદો છે. આથી ઈહા, અપાય અને ધારણારૂપ ભેદોમાં અવગ્રહના જેવા બે રૂપો થતાં નથી. (૧-૧૮)

**અવતરણિકા : પ્રશ્ન :** શું સ્પર્શન આદિ તમામ ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ હોય છે કે પછી કોઈ ઈન્દ્રિયનો વ્યંજનાવગ્રહ નથી પણ હોતો ? **જવાબ :** કોઈ ઈન્દ્રિયનો વ્યંજનાવગ્રહ નથી પણ થતો. આ હકીકતને જણાવતાં ગ્રંથકાર કહે છે-

### न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १-१९ ॥

**સૂત્રાર્થ :** ચક્ષુ અને મન એ બે ઈન્દ્રિય સાથે વ્યંજનાવગ્રહ થતો નથી.

**ભાષ્ય : ચક્ષુ અને નોઈન્દ્રિય (મન + ઓઘજ્ઞાન) એ બે સાથે વ્યંજનાવગ્રહ થતો નથી.**

१. ख.पू. । भवतीत्यपि० मु. । २. टीकानु० । ञ्जनाव० मु. ।

**षट्त्रिंशत्त्रिशतविधं च भवति ॥१९॥**

**टी०** करणे सहार्थे वैषा तृतीया, **चक्षुषा** उपकरणेन्द्रियाख्येन सह **नोइन्द्रियेण** वा मनओघज्ञानरूपेण सह ते रूपाकारपरिणताः पुद्गलाश्चिन्त्यमानाश्च[१] वस्तुविशेषाः संश्लेषं न यान्ति, अतो व्यञ्जनम् चक्षुरुपकरणेन्द्रियनोइन्द्रिययो रूपाद्याकारपरिणत[२]पुद्गलानां च यत् संश्लेषरूपं तद्व्यञ्जनमेवंविधं नास्ति, तदभावाच्च तदवग्रहोऽपि नास्ति । एतदाह- **व्यञ्जनस्यावग्रहो न भवति । एतदुक्तं भवति**-ये ते दृश्यमानाश्चिन्त्यमाना वा[३] वस्तुविशेषाः न ते चक्षुरिन्द्रियेणोपकरणरूपेण [४]नोइन्द्रियेण च सह संश्लेषमिताः परिच्छिद्यन्ते, यतो

**બાકીની ચાર ઇન્દ્રિય સાથે વ્યંજનાવગ્રહ થાય છે.**

**આ પ્રમાણે આ મતિજ્ઞાન (૧) બે ભેદવાળું (૨) ચાર પ્રકારનું (૩) અઠ્ઠાવીસ ભેદવાળું (૪) એકસો અડસઠ (૧૬૮) ભેદવાળું અને (૫) ત્રણસોને છત્રીસ (૩૩૬) ભેદવાળું થાય છે. (૧-૧૯)**

**પ્રેમપ્રભા :** સૂત્રમાં તેમજ ભાષ્યમાં 'કરણ' (પ્રધાન કારણ) અર્થમાં અથવા સહ 'સાથે' એવા અર્થમાં તૃતીયા-વિભક્તિ થયેલી છે. આથી આ પ્રમાણે અર્થ થાય. ઉપકરણ-ઇન્દ્રિયરૂપ ચક્ષુ ઇન્દ્રિય સાથે અથવા મન અને ઓઘજ્ઞાન રૂપ નોઇન્દ્રિય સાથે ક્રમશઃ રૂપાકારે પરિણમેલાં પુદ્‌ગલો અને ચિંતનનો વિષય બનેલ વસ્તુ-વિશેષ એ સંશ્લેષ = સંબંધ પામતાં નથી. અર્થાત્ ચક્ષુ સાથે રૂપાકારવાળા પુદ્‌ગલોનો અને નોઇન્દ્રિય સાથે ચિંતન કરાતી વસ્તુનો સંબંધ થતો નથી. (સંબંધ વિના જ તે વસ્તુનો બોધ કરે છે.) આથી વ્યંજન કે જે ચક્ષુ રૂપ ઉપકરણ-ઇન્દ્રિય અને નોઇન્દ્રિય એ બેનો અને રૂપાદિ આકારે પરિણત થયેલાં પુદ્‌ગલોનો જે સંશ્લેષ = પરસ્પર સંબંધરૂપ છે, તે આવા પ્રકારનો વ્યંજન થતો નથી અને તેનો અભાવ હોવાથી તેનો અવગ્રહ એટલે કે વ્યંજનાવગ્રહ પણ થતો નથી. આ જ વાત ભાષ્યમાં કહી છે કે, (ચક્ષુ વગેરે ઇન્દ્રિય સાથે) વ્યંજનનો અવગ્રહ થતો નથી.

### ❋ ચક્ષુ અને મન અપ્રાપ્ત-વિષયનું ગ્રહણ કરે છે ❋

કહેવાનું હાર્દ એ છે કે, જે કોઈ દશ્યમાન-દેખાતી અથવા ચિંતનનો વિષય બનેલી વિભિન્ન વસ્તુઓ છે, તે ઉપકરણરૂપ ચક્ષુરિન્દ્રિય સાથે અને નોઇન્દ્રિય સાથે સંબંધ(સંશ્લેષ) પામીને જણાતી નથી. જે કારણથી ચક્ષુરિન્દ્રિય એ શરીરમાં રહીને જ

१. पादिषु । माना:० मु. । २. पादिषु । णति० मु. । ३. पू. । मानाश्च वस्तु० मु. । ४. पादिषु । नोइन्द्रियेण च० ना. पू. ।

योग्यदेशावस्थितं वस्तु चक्षुः शरीरस्थमेव सत् परिच्छिनत्ति, न गत्वा विषयपरिच्छेदे व्याप्रियते, न वा विषयमागतं धान्यमसूरकाकृतिके इन्द्रियदेशेऽवगच्छति, अतश्च लोचनमप्राप्तविषयग्राहि । न खलु ग्राह्येण तस्यानुग्रहोपघातानुभवो दृष्टः, स्वान्तस्येव, नापि धान्यमसूराकृतीन्द्रियदेशवर्तिविषयपरिच्छेदि विलोचनं, यदि स्यात् ततस्तद्गतमञ्जनादि परिच्छिन्द्यात्, न च परिच्छिनत्ति, अतो निश्चीयतेऽनागतं विषयमवबुध्यते तत्, न वा गत्वा विषयदेशमित्यतो न व्यञ्जनावग्रहस्तस्य । मनसोऽप्येवमेव, न चिन्त्यमानं विषयं प्राप्य मनः चिन्तयति, न वा आगतं स्वात्मन्यवस्थितं विषयं मनः पर्यालोचयति । यदि च संश्लिष्य विषयं परिच्छिन्द्यात् मनस्ततो ज्ञेयकृतमनुग्रहं विक्लेदादिरूपमनुभवेद् उपघातं वा दाहादिरूपमिति । अथामूर्तत्वान्न दह्यत इति, तदप्ययुक्तम्, आर्हतस्य हि पुद्गलात्मकत्वात्

યોગ્ય દેશમાં રહેલ વસ્તુને જાણે છે, પણ જાણવા યોગ્ય વસ્તુના ભાગમાં જઈને (વિષય સાથે સંબંધ પામીને) વિષયનો બોધ કરવામાં પ્રવર્તતી નથી. અથવા મસૂર રૂપ ધાન્ય જેવી આકૃતિવાળા ઇન્દ્રિય ભાગ (દેશ)માં આવેલ વિષયને જાણતી નથી અને આથી લોચન/ચક્ષુ એ અપ્રાપ્ત એવા વિષયનું ગ્રહણ કરનારી કહેવાય છે. વળી મનની જેમ ગ્રાહ્ય વસ્તુથી ચક્ષુરિન્દ્રિયને પણ અનુગ્રહ (ઉપકાર) કે ઉપઘાત (નુકસાન)નો અનુભવ થતો દેખાતો નથી. વળી મસૂર રૂપ ધાન્યની આકૃતિવાળા ચક્ષુરિન્દ્રિયના ભાગમાં રહેલ વિષયનો બોધ કરનાર ચક્ષુ નથી. જો ચક્ષુ ઇન્દ્રિયદેશમાં રહેલ વિષયનો બોધ કરતી હોત તો તેમાં રહેલ અંજન(કાજળ) આદિનો બોધ કરત. પણ તેનો બોધ કરતી નથી. આથી એવો નિર્ણય થાય છે કે ચક્ષુ એ ઇન્દ્રિય-દેશમાં નહીં આવેલાં (અપ્રાપ્ત) વિષયને જાણે છે. વળી વિષયના દેશમાં જઈને પણ વિષયનો બોધ કરતી નથી. (ટૂંકમાં જે વિષયને જાણે છે તેની સાથે સંબંધ નથી અને જેની સાથે સંબંધ છે તે વિષયને ચક્ષુ જાણી શકતી નથી.) આથી ચક્ષુરિન્દ્રિયનો (વિષય સાથે સંબંધ ન થવાથી) વ્યંજનાવગ્રહ હોતો નથી.

મનના વિષયમાં પણ આ પ્રમાણે જ છે. મન એ ચિંતન કરાતાં વિષયને પ્રાપ્ત કરીને (અર્થાત્ તે ભાગમાં જઈને) ચિંતન કરતું નથી. અથવા તો આવેલાં એટલે કે પોતાના આત્મામાં (શરીરમાં) રહેલ વિષયને પણ મન વિચારતું નથી. જો મન વિષય સાથે સંશ્લેષ = સંબંધ કરીને વિચાર કરતું હોત તો (પાણી, અગ્નિ વગેરે) જ્ઞેય જાણવા યોગ્ય વસ્તુથી વિક્લેદ = ભીંજાવું, નરમ પડવું, પોચું થવું વગેરે રૂપ ઉપકારનો અથવા બાળવા વગેરે રૂપ ઉપઘાતનો અનુભવ કરત. પણ એવો અનુભવ ન થવાથી મનને પણ અપ્રાપ્યકારી જ

मूर्तता मनस्यसिध्यत्, शरीरस्थं वा मनो विषयं निश्चिनोति, यथा हि स्पर्शनं करणमगत्वेति न वा शरीरात् तस्य निःसरणं, स्पर्शनं हि करणं सन्न निस्सरद्दृष्टम्, अतो मनश्चिन्त्यमानैर्वस्तुभिः सह न श्लिष्यतीति व्यञ्जनावग्रहाभाव आख्यायते ।

**चतुर्भिरि**ति चक्षुर्मनोव्यतिरिक्तानि चत्वार्येवेति, अन्यानि **सांख्या**भिमतानि निरस्यति- चतुर्भिरेव नातो व्यतिरिक्तैरिन्द्रियैरिति, स्पर्शनरसनघ्राणश्रोत्रैः **शेषैरि**ति, उपर्युक्तवर्जैः **भवति** व्यञ्जनावग्रहः सम्भवतीति यावत् । किमिति ? यतः[1] एतानि चत्वार्यप्युपकरणेन्द्रियेण सह श्लिष्टं स्पर्शादिकं विषयमवच्छिन्दते नान्यथेति अतः प्राप्तविषयग्राहित्वादेषां सम्भवति

---

માનવું જોઈએ.

**શંકા :** મન એ અમૂર્ત્ત = અરૂપી હોવાથી અગ્નિ આદિથી બાળી શકાતું નથી.

**સમાધાન :** આ વાત પણ યોગ્ય નથી, કારણ કે આર્હત એટલે કે જૈનદર્શનમાં મન એ પુદ્ગલસ્વરૂપ હોવાથી તેનું મૂર્ત્તપણુ સિદ્ધ થયેલું છે. અથવા શરીરમાં જ રહ્યું છતાં, મન વિષયનો નિશ્ચય કરે છે. જે રીતે સ્પર્શન-ઇન્દ્રિય એ વિષય-દેશમાં ગયા વિના શરીરમાં રહીને જ વિષયનો બોધ કરે છે તેમ મન-સંબંધી પણ સમજવું. વળી શરીરમાંથી સ્પર્શનેન્દ્રિય નીકળવું પણ જણાતું નથી, કેમ કે, સ્પર્શન એ ઇન્દ્રિય હોયને તે શરીરમાંથી નીકળતી દેખાતી/અનુભવાતી નથી. આથી મન એ ચિંતનનો વિષય બનનારી વસ્તુ સાથે સંબંધ પામતું નથી. આથી તેના વ્યંજન-અવગ્રહનો અભાવ કહેવાય છે.

ભાષ્યમાં કહ્યું કે, **चतुर्भिः** = શેષ ચાર ઇન્દ્રિયો સાથે વિષયો સંબંધ પામે છે માટે તેઓનો વ્યંજનાવગ્રહ થાય છે અને તે ચક્ષુ અને મન સિવાયની ચાર જ ઇન્દ્રિયો છે. આથી **સાંખ્ય**-મતવાળાઓએ મનેલી અન્ય ઇન્દ્રિયોનો નિરાસ-નિષેધ થાય છે. આથી **चतुर्भिः** = પૂર્વોક્ત બે સિવાયની ચાર જ ઇન્દ્રિયો સાથે વિષયનો સંબંધ થાય છે. એ સિવાયની ઇન્દ્રિયો સાથે નહીં. અને તે શેષ એટલે કે ઉપર કહેલ (ચક્ષુ અને મન) સિવાયની સ્પર્શન-રસન-ઘ્રાણ-શ્રોત્ર એ ચાર જ ઇન્દ્રિય સાથે (અથવા ઇન્દ્રિયો વડે) વ્યંજનાવગ્રહ સંભવે છે, એમ કહેવાનો ભાવ છે.

**પ્રશ્ન :** શાથી આ પ્રમાણે છે ?

**જવાબ :** જે કારણથી આ ચારેય ઇન્દ્રિયોએ ઉપકરણ-ઇન્દ્રિયો સાથે સંબંધ થયેલ જ

---

१. ख.पू. । यदि० मु. ।

व्यञ्जनावग्रह इति । **एवमेतदिति** लक्षणविधानाभ्यां यन्निरूपितं **मतिज्ञानं** तस्य पुनः सम्पिण्ड्य भेदान् कथयति **द्विविधमित्यादिना** । **द्विविधमिति**, इन्द्रियनिमित्तमनिन्द्रियनिमित्तं च । **चतुर्विधमवग्रहादिभेदतः** । **अष्टाविंशतिविधमिति**, स्पर्शनादीनां मनःपर्यवसानानां षण्णामेकैकस्य चत्वारो भेदा अवग्रहादयस्ते समुदिताः सर्वेऽपि चतुर्विंशतिरुपजाताः, ततोऽन्यः[1] चक्षुर्मनोवर्जः[2] स्पर्शादीनां[3] यो व्यञ्जनावग्रहः चतुर्भेदः स प्रक्षिप्तः, ततोऽष्टाविंशतिभेदं[4] नाम[5] भवति । **अष्टषष्ट्युत्तरशतविधमिति** । तस्या एवाष्टाविंशतेरेकैको **भेदः** षड्विधो भवति बह्वादिभेदेन, अत अष्टषष्ट्युत्तरशतविधं भवतीति[6] । तस्या एवाष्टाविंशतेरेकैको भेदो द्वादशधा भवति सेतरबह्वादिद्वादशकेन, अतः **षट्त्रिंशत्त्रिशतविधमिति**[7] ॥ १९ ॥

**भा० अत्राह-गृह्णीमस्तावन्मतिज्ञानम् । अथ श्रुतज्ञानं किमिति ? अत्रोच्यते ।**

સ્પર્શાદિ વિષયનો બોધ કરે છે, બીજી રીતે બોધ કરતી નથી આથી પ્રાપ્ત (સંબદ્ધ) વિષયનું ગ્રહણ (બોધ) કરનારી હોવાથી આ ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ સંભવે છે.

### ❋ જુદી જુદી અપેક્ષાએ મતિજ્ઞાનના ભેદો ❋

**एवम्** = આ પ્રમાણે લક્ષણ અને ભેદ (વિધાન) વડે જે આ મતિજ્ઞાનનું નિરૂપણ કરાયુ, તેના ફરીથી ભેગાં (એકઠાં) કરીને ભેદો ભાષ્યમાં કહે છે - આ રીતે આ મતિજ્ઞાન ૨-૪-૨૮-૧૬૮ અને ૩૩૬ ભેદવાળું છે. તેમાં (૧) **બે ભેદ :** આ પ્રમાણે થાય છે (i) ઇન્દ્રિય-નિમિત્તવાળું અને (ii) અનિન્દ્રિય નિમિત્તવાળું તથા (૨) **ચાર ભેદ :** અવગ્રહ આદિ ભેદથી ચાર પ્રકારનું થાય છે. (૩) **અઠ્ઠાવીસ ભેદો :** સ્પર્શનથી માંડીને મન સુધીની (સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર અને મન એ) છ ઇન્દ્રિયોના પ્રત્યેકના અવગ્રહ વગેરે ચાર ભેદો ગણતા તે સર્વે (ભેગા મળીને ૬ × ૪ = ૨૪) ચોવીસ ભેદો થયા. પછી તેનાથી(અર્થાવગ્રહથી) અન્ય જે ચક્ષુ અને મન સિવાયનો-સ્પર્શ આદિ વિષયનો જે ચાર ભેદવાળો વ્યંજનાવગ્રહ છે, તેને ઉમેરતાં ૨૪ + ૪ = ૨૮ ભેદવાળું મતિજ્ઞાન થાય છે. (૪) **૧૬૮ ભેદો :** તે જ અઠ્ઠાવીસ ભેદો પૈકી પ્રત્યેક ભેદ 'બહુ' વગેરે ભેદથી છ પ્રકારનો થાય છે. આથી કુલ ૨૮ × ૬ = ૧૬૮ ભેદ થાય છે. (૫) **૩૩૬ ભેદો :** વળી તે જ ૨૮ મતિજ્ઞાનના ભેદોનો પ્રત્યેક ભેદ એ ઇતર = વિરોધી/પ્રતિપક્ષ (અબહુ વગેરે) સહિત 'બહુ' વગેરે ૧૨ ભેદો વડે બાર પ્રકારનો થાય છે. આથી મતિજ્ઞાનના કુલ ૨૮ × ૧૨ = ૩૩૬ (ત્રણસોને છત્રીસ) ભેદો થાય છે. (૧-૧૯)

१. पू. । न्यत्० मु. । २. पू. । र्जस्य० मु. । ३. पा.पू.लि.कै.ख. । र्शनादी० मु. । ४. पादिषु । ज्ञनावग्र० मु. । ५. ख.पू. । विधं० मु. । ६. पा.ख.पू. । ना० मु. । ७. पू. । भेदं० मु. ।

**अत्र**-अस्मिन्नवकाशे चोदकः **आह-गृह्णीमो** जानीमस्तावत् क्रमेण पूर्वमुद्घट्टितं लक्षणविधानरूपं **मतिज्ञानं**, तदनन्तरं तु यच्छ्रुतज्ञानमुक्तं तन्न विद्म इत्यतः पृच्छ्यते मया-**अथ श्रुतज्ञानं** किंलक्षणमिति ? अस्मिन् चोदिते गुरुराह-**उच्यते** मयेति -

## सू० श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥ १-२० ॥ इति[1]

**टी०** श्रुतमिति[2] लक्ष्यं, मतिपूर्वमिति लक्षणं, द्व्यादि विधानम्, श्रुतमिति च श्रूयते स्म श्रुतम् । एवंविधायां च कल्पनायां शब्दोऽभिधीयते, अतः[3] श्रुतं श्रवणमिति भावसाधनतामभ्युपैति[4] । प्रकृतेन ज्ञानग्रहणेन श्रुतमिति ज्ञानं ग्राह्यं, न शब्दः, ज्ञानविचारप्रस्तावात् ।

---

**ભાષ્ય : અહીં પ્રશ્ન કરે છે. પ્રશ્ન : મતિજ્ઞાનની અમે સમજ મેળવી. હવે શ્રુતજ્ઞાન શું છે ? જવાબ : આ વિષયમાં મારા વડે (ઉત્તર) કહેવાય છે.**

**પ્રેમપ્રભા : (અવતરણિકા :) अत्र** = અહીં એટલે કે આ અવસરે શિષ્ય વગેરે અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** પૂર્વે ક્રમથી પ્રકાશિત કરાયેલ લક્ષણ અને ભેદ સ્વરૂપ મતિજ્ઞાનને અમે જાણ્યું. પણ તેની પછી તરત જે શ્રુતજ્ઞાન કહેલું, તેને અમે જાણતાં નથી. આથી મારા વડે પુછાય છે કે, શ્રુતજ્ઞાન કેવા સ્વરૂપવાળું છે ? આ રીતે શિષ્ય વડે (આગળના સૂત્રમાં) પ્રશ્ન કરાયે છતે ગુરુ કહે છે, મારા વડે ઉત્તર કહેવાય છે. **જવાબ :**

## श्रुतं मतिपूर्वं द्व्यनेक-द्वादशभेदम् ॥ १-२० ॥

**સૂત્રાર્થ :** શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે અને તે બે પ્રકારે છે. (૧) અનેક પ્રકારે = અંગબાહ્યરૂપે થાય છે અને (૨) બાર પ્રકારે = અંગપ્રવિષ્ટ (૧૨ અંગ) રૂપે થાય છે.

**પ્રેમપ્રભા :** સૂત્રમાં લક્ષ્ય, લક્ષણ અને ભેદ ત્રણ વસ્તુ બતાવી છે. 'શ્રુત' એ લક્ષ્ય છે. 'મતિપૂર્વક' એ લક્ષણ છે. (શ્રુતને ઓળખાવનારું ચિહ્ન છે.) અને ત્યાર પછીના **द्व्यनेक** વગેરે પદોથી તેના ભેદો કહેલાં છે. **श्रूयते स्म इति श्रुतम् ।** આ પ્રમાણે 'શ્રુત' શબ્દની વ્યુત્પત્તિ થાય છે. જે શ્રવણ-ગોચર થાય તે **શ્રુત.** આવી કલ્પના અર્થાત્ વ્યુત્પત્તિની વિચારણા કરાય ત્યારે 'શ્રુત' શબ્દનો અર્થ 'શબ્દ' થાય છે. આથી **श्रुतं श्रवणम् ।** એમ 'ભાવ' અર્થમાં વ્યુત્પન્ન કરાતો = સધાતો નથી. મૂળમાં જ્ઞાનનું ગ્રહણ કરેલું હોવાથી અર્થાત્ જ્ઞાનનો પ્રસ્તાવ હોવાથી 'શ્રુત' શબ્દથી જ્ઞાનનું જ ગ્રહણ કરવા

---

१. पा.पू.लि.ख. । ना. मु. । २. ख.जै. । ना. पू. । ३. पू. । धीयते न श्रुतिः० इति मु. अशुद्धः अधिकः । ४. ख.पू. । भवा० मु. ।

यदि तु श्रुतज्ञानस्यान्तर्वर्तिनः स शब्दो निमित्ततां प्रतिपद्यमानः श्रुतव्यपदेशमश्नुते न कश्चिद् दोषः, उपचारस्य व्यवहाराङ्गत्वात् । मुख्यया तु वृत्त्या श्रुतमित्यनेन ज्ञानमुच्यते, एतदाह –

**भा० श्रुतज्ञानं मतिज्ञानपूर्वकं भवति । श्रुतमाप्तवचनं आगमः उपदेश ऐतिह्यमाम्नायः प्रवचनं जिनवचनमित्यनर्थान्तरम् ।**

**टी० श्रुतज्ञानमिति** । मतिपूर्वमित्यस्यार्थं विवृणोति–**मतिज्ञानपूर्वकं** भवतीत्यनेन । मत्या [1]प्रकृतया ज्ञानं विशेषयति–**मतिज्ञानमिति** । तन्मतिज्ञानं पूर्वं यस्य तन्मतिपूर्वं भण्यते, अपेक्षाकारणं चेह **पूर्वमित्यनेनोच्यते**, यथा घटस्योत्पत्तावपेक्षाकारणं व्योमाद्यपेक्ष्यते, तेन

---

યોગ્ય છે, શબ્દનું નહીં. માટે 'ભાવ' અર્થમાં જ '**श्रवणं श्रुतं**' એમ વ્યુત્પત્તિ કરવી ઉચિત છે.

**પ્રશ્ન** : તો શું **श्रूयते इति श्रुतम्** એ પ્રમાણે 'શ્રુત'નો 'શબ્દ'રૂપ અર્થ થાય છે, તેને કોઈપણ રીતે શ્રુત ન જ કહેવાય ?

**જવાબ** : શ્રુતજ્ઞાનનું કારણ શબ્દ છે, કેમ કે, પહેલાં શબ્દનું જ્ઞાન થાય પછી શ્રુતજ્ઞાન પ્રવર્તે છે. હવે જો શ્રુતજ્ઞાનમાં અંતર્વર્તી એવો તે શબ્દ શ્રુતજ્ઞાનના નિમિત્તપણાને/કારણપણાને પામતો છતો "કારણમાં કાર્યનો ઉપચાર" ન્યાયથી 'શ્રુત' રૂપે કથનને/વ્યવહારને પ્રાપ્ત કરતો હોય તો તેમાં કોઈ દોષ નથી. કારણ કે, ઉપચાર/અધ્યારોપ પણ વ્યવહારનું અંગ છે, નિમિત્ત છે. હા, મુખ્ય રીતિએ તો 'શ્રુત' શબ્દ વડે 'જ્ઞાન' અર્થ કહેવાય છે. સૂત્રના આવા આશયને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે–

**ભાષ્ય : શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાનપૂર્વક થાય છે.**

**(૧) શ્રુત (૨) આપ્તવચન (૩) આગમ (૪) ઉપદેશ (૫) ઐતિહ્ય (૬) આમ્નાય (૭) પ્રવચન અને (૮) જિનવચન અનર્થાન્તર છે, સમાનાર્થી = પર્યાયશબ્દો છે.**

**પ્રેમપ્રભા** : ભાષ્યમાં શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે એમ કહ્યું. સૂત્રમાં કહેલ એવા **मतिपूर्वम्** શબ્દનું ભાષ્યમાં વિવરણ કરે છે, '(શ્રુતજ્ઞાન) મતિજ્ઞાનપૂર્વક થાય છે.' પ્રકૃત = મૂળભૂત એવા 'મતિ' શબ્દ વડે 'જ્ઞાન'ને '**मतिज्ञान**' (મતિરૂપ જ્ઞાન) એમ વિશેષિત કરે છે. આ મતિજ્ઞાન જેની પૂર્વમાં હોય તે (શ્રુતજ્ઞાન) મતિપૂર્વક કહેવાય. **पूर्वम्** (પૂર્વમાં

---

१. ख.पू. । कृतया० मु. ।

विना तदभावात्, एवमिह सति मतिज्ञाने लब्धिरूपे ततः श्रुतज्ञानस्योत्पत्तिर्दृष्टा[1] न मतिज्ञानाभावे। **किं** पुनः कारणं तदेव मतिज्ञानं न श्रुतज्ञानीभवतीति मृत्तिकावद् घटरूपेण ? **उच्यते**-

હોવું) શબ્દથી અપેક્ષાકારણ (નિમિત્તકારણ) જણાવાય છે. જેમ ઘડાની ઉત્પત્તિમાં આકાશ વગેરે અપેક્ષાકારણની અપેક્ષા રખાય છે. કેમ કે, તે વિના ઘડાની ઉત્પત્તિનો પણ અભાવ થાય છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં પૂર્વમાં લબ્ધિ (શક્તિ)રૂપ મતિજ્ઞાન હોતે છતે શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ ઇષ્ટ છે, માનેલી છે, પણ મતિજ્ઞાનના અભાવમાં શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ સ્વીકારેલી નથી.

**ચંદ્રપ્રભા :** અહીં એટલું સમજવું કે કારણ બે પ્રકારના છે. (૧) ઉપાદાનકારણ અને ન્યાયદર્શનની પરિભાષામાં સમવાયિકારણ કહેવાય છે. (૨) નિમિત્તકારણ. પ્રસ્તુતમાં મતિજ્ઞાનને જે અપેક્ષાકારણ રૂપે કહ્યું છે તે નિમિત્તકારણ સમજવું. ૧. **ઉપાદાનકારણ** તેને કહેવાય કે જે કારણ પોતે જ કાર્યરૂપે બની જતું હોય. આથી કાર્ય ઉત્પન્ન થયે પોતાનો (ઉપાદાનકારણનો) પર્યાય/અવસ્થા નાશ પામી જાય છે. દા.ત. માટી પોતે જ ઘડારૂપે બની જાય છે તેથી તેને ઘડાનું ઉપાદાનકારણ કહેવાય છે. જ્યારે ૨. **નિમિત્તકારણ** પોતે કાર્યરૂપે બનતું નથી. આથી કાર્ય ઉત્પન્ન થયા પછી નાશ પામી જતું નથી. પણ કાર્ય ઉત્પન્ન થવામાં ઉપયોગી - સહાયક જરૂર બને છે. **દા.ત.** ઘડો બનાવવામાં કુંભાર, ચક્ર, ચીવર (વસ્ત્ર), દંડ વગેરે ઘડારૂપે બનતાં નથી, પણ ઘડો બનાવવામાં સહાયક જરૂર બને છે. કેમ કે તેના વિના ઘડો બની શકતો નથી.

હવે નિમિત્તકારણના પણ બે વિભાગ થાય છે. (૧) સાધારણ નિમિત્તકારણ અને (૨) અસાધારણ નિમિત્તકારણ. **(૧) સાધારણ-નિમિત્તકારણ :** જે નિમિત્તકારણ સર્વકાર્યો પ્રત્યે હેતુ બને છે તે સાધારણ-નિમિત્તકારણ કહેવાય. જેમ કે, આકાશ, કાળ, કર્મ, પુરુષાર્થ, સ્વભાવ વગેરે સર્વકાર્યો પ્રત્યે સાધારણ નિમિત્ત-કારણો છે. તથા **(૨) અસાધારણ નિમિત્તકારણ :** જે સર્વ કાર્યો પ્રત્યે નિમિત્ત બનતાં ન હોય, કિંતુ, અમુક જ વિશેષ કાર્ય પ્રત્યે નિમિત્તકારણ બનતાં હોય તે અસાધારણ નિમિત્તકારણ કહેવાય. **દા.ત.** ઘડા રૂપ કાર્ય પ્રત્યે કુંભાર, દંડ વગેરે અને પટ (વસ્ત્ર) પ્રત્યે વણકર, વેમ વગેરે અસાધારણ નિમિત્તકારણ છે.

આ રીતે પ્રસ્તુતમાં વ્યોમ = આકાશ આદિને અપેક્ષાકારણ કહ્યું છે તે સાધારણ અપેક્ષા (નિમિત્ત) કારણની અપેક્ષાએ કહેલું છે. અહીં ટીકામાં **व्योमादि** કહ્યું, એમાં આદિ શબ્દથી કુંભાર વગેરે અસાધારણ નિમિત્તકારણ પણ લેવા યોગ્ય છે.

**પ્રેમપ્રભા : શંકા :** અહીં તે જ મતિજ્ઞાન રૂપ કારણ શ્રુતજ્ઞાનરૂપે શાથી બનતું નથી ?

१. पा.पू.लि.ख. । त्तिष्टा० मु. ।

एवं सति श्रुतज्ञाने प्रादुर्भूते मतिज्ञानस्य नाशः स्यात्, न चैतदिष्यते । यत आह- "*जत्थ मई तत्थ सुअं, जत्थ सुअं तत्थ मई* । [नन्दी०सू०२४ ।] तस्मादपेक्षाकारणमेव मतिज्ञानं तस्योत्पत्तौ लब्धिरूपं भवति, न पुनः समवायिकारणमिति । एतच्च लक्षणमुक्तमेव, यतो मतिज्ञानस्य[१] भावे लक्ष्यते श्रुतमिति ।

[२]तच्च श्रुतज्ञानमेवमात्मकमिन्द्रियमनोनिमित्तं ग्रन्थानुसारि विज्ञानम्[३], तं च ग्रन्थं दर्शयतिः बहुभिः पर्यायशब्दैः **श्रुतमाप्तवचन**मित्यादिभिः । श्रूयते तदिति **श्रुतम्**, अस्मिन्

માટીરૂપ કારણ જ જેમ ઘડા (કાર્ય)રૂપે બને છે તેમ અહીં શાથી બનતું નથી ?

**સમાધાન :** આ રીતે મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાનરૂપે બનતું નથી, કારણ કે, તેમ થવામાં શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયે છતે મતિજ્ઞાનનો નાશ થવાની આપત્તિ આવે. અર્થાત્ માટી જ જેમ ઘડારૂપે બની જાય છે, પછી માટીનો (માટી રૂપે) નાશ થઈ જાય છે, તેમ મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાન રૂપે બને છે એમ માનીએ તો મતિજ્ઞાનનો નાશ થઈ જવાનો પ્રસંગ આવે. પણ આમ થવું ઈષ્ટ નથી. કારણ કે **નંદીસૂત્ર** - આગમમાં કહ્યું છે કે, **"જ્યાં મતિજ્ઞાન હોય છે ત્યાં શ્રુતજ્ઞાન હોય છે અને જ્યાં શ્રુતજ્ઞાન હોય છે ત્યાં મતિજ્ઞાન હોય છે." [जत्थ मई (आभिनिबोहिअं) तत्थ सुअं, जत्थ सुअं तत्थ मई (आभिनिबोहिअं) । नन्दी सू० २४]** અર્થાત્ શ્રુતજ્ઞાનની હાજરીમાં મતિજ્ઞાન પણ હોય જ છે, એમ ફલિત થાય છે. આથી શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં શક્તિ (લબ્ધિ)રૂપ મતિજ્ઞાન એ અપેક્ષાકારણ રૂપે જ છે, પણ તે સમવાયિકારણ એટલે કે ઉપાદાન-કારણ રૂપે બનતું નથી. વળી આ શ્રુતજ્ઞાનનું લક્ષણ છે, એમ કહેલું જ છે કારણ કે, મતિજ્ઞાનનો સદ્ભાવ = હાજરી હોય ત્યારે જ 'શ્રુત-જ્ઞાન છે' એમ જણાય છે.

અને આમ આ શ્રુતજ્ઞાન આવા પ્રકારનું અર્થાત્ (i) મતિજ્ઞાનપૂર્વક હોય છે (ii) તેમજ ઇન્દ્રિય અને મનરૂપ નિમિત્ત વડે થનારું, (iii) તેમજ ગ્રંથાનુસારી = (શબ્દાત્મક) ગ્રંથને અનુસરનારું વિજ્ઞાનરૂપ હોય છે. અને તે (શ્રુતજ્ઞાનમાં પ્રધાન કારણભૂત) ગ્રંથને ઘણા (આઠ) **પર્યાય-શબ્દો** વડે ભાષ્યમાં જણાવે છે, **श्रुतम्, आप्तवचनम्** વગેરે વચનો દ્વારા... તે દરેક પર્યાયોનો અર્થ ટીકાકાર બતાવે છે.

**(૧) શ્રુત : श्रूयते तदिति** । જે શ્રવણગોચર થાય તે શ્રુત. આ રીતે વ્યુત્પત્તિ કરવામાં શ્રુત એટલે 'શબ્દ' એમ અર્થ થાય. **तस्य शब्दस्य श्रुतज्ञानं** = તે શબ્દ શ્રુતનું જ્ઞાન =

१. ख.पू. । ज्ञानभा० मु. । २. पू. । एत० मु. । ३. पू. । नं यदिति० मु. अधिकः ।

पक्षे शब्दोऽभिधीयते, तस्य शब्दस्य श्रुतज्ञानं परिच्छेदकारि श्रुतज्ञानमिति गृह्यते । एवं सर्वेष्वाप्तवचनादिषु षष्ठीसमास आश्रयणीयः, आप्तवचनस्य ज्ञानं यत् परिच्छेदकारि इत्येवम् । आप्तो रागादिवियुतः तस्य वचनमिति । **ननु** चार्थमेव कथयति तीर्थकृत्, न सूत्रं ग्रथ्नाति, गणधरास्तु सूत्रसन्दर्भेण व्याप्रियन्ते, कथं तर्हि इदमुच्यते-आप्तस्य तीर्थकृतो वचनं द्वादशाङ्गं-गणिपिटकमिति ? **उच्यते**-गौणीकल्पनामाश्रित्योक्तमाप्तस्य वचनमित्येतत् । कथम् ? यदा हि भगवान् जीवादिकमर्थं केवलज्ञानभास्वत्प्रभावप्रकाशितं गणधरेभ्य आचष्टे तदाऽसौ जीवादिरर्थस्तस्मिन् केवलज्ञानदर्शनात्मके तीर्थकृति समारूढ इव लक्ष्यते प्रतिबिम्बाकारेणोप[1]-जातत्वात् अतोऽसावप्यर्थ आप्तो भवति, तदध्यारोहात्[2], तस्याप्तस्यार्थस्य तद्गणधरवचनं प्रतिपादकमित्याप्तवचनं भण्यते । यद्वा गणधरवचनमेवा[3]प्तनिश्रयोपजायमानत्वात् आप्तवचनमुच्यते ।

બોધ કરનારું હોય તે શ્રુતજ્ઞાન કહેવાય. આ પ્રમાણે આપ્તવચનાદિ સર્વ ઠેકાણે ષષ્ઠી-સમાસ કરવો.

**(૨) આપ્ત વચન : आप्तवचनस्य ज्ञानम्** - આપ્તવચનનું જે જ્ઞાન = બોધ કરનારું તે આપ્તવચન-જ્ઞાન એ પ્રમાણે સર્વત્ર કહેવું. આપ્ત એટલે રાગદ્વેષાદિ દોષોથી રહિત. તેમનું વચન તે આપ્તવચન કહેવાય.

**શંકા :** તીર્થંકર ભગવંતો અર્થનું જ કથન કરે છે, પણ સૂત્રની ગૂંથણી કરતાં નથી. જ્યારે ગણધર ભગવંતો સૂત્રની રચના કરવાની પ્રવૃત્તિ કરે છે. તો પછી આમ શાથી કહેવાય છે કે, દ્વાદશાંગ રૂપ ગણિપિટક એ આપ્તનું = તીર્થંકરનું વચન છે ?

**સમાધાન :** ગૌણ કલ્પનાને આશ્રયીને અર્થાત્ ઉપચારથી આપ્તનું વચન છે, એમ કહેલું છે. શી રીતે ? તો જુઓ. જ્યારે ભગવાન કેવળજ્ઞાનરૂપી સૂર્યના પ્રભાવથી પ્રકાશિત કરેલ જીવાદિક અર્થ ગણધરોને કહે છે, ત્યારે આ જીવાદિક અર્થ એ કેવળજ્ઞાન-કેવળદર્શન સ્વરૂપ એવા તે તીર્થંકર ભગવંતને વિષે સમારૂઢ થયેલો હોય એમ જણાય છે, કેમ કે, તે જીવાદિ અર્થ તેઓમાં પ્રતિબિંબરૂપે ઉત્પન્ન થાય છે. આથી આપ્ત એવા તીર્થંકરને વિષે અધ્યારોહ પામવાથી (આરૂઢ થવાથી) અર્થાત્ તેઓના આત્મામાં (અથવા મુખે) ચઢી જવાથી જીવાદિ અર્થ પણ 'આપ્ત' કહેવાય. અને તે આપ્ત એવા (જીવાદિ) અર્થોનું તે ગણધરોનું વચન એ પ્રતિપાદક છે, જણાવનારું છે, આથી તે આપ્તવચન કહેવાય. **અથવા** આપ્ત એવા તીર્થંકર ભગવંતની નિશ્રામાં ઉત્પન્ન થનારું હોવાથી

१. पा.पू.लि.ख. । जायमानत्वात्० मु. । २. पू. । रोपान्० मु. । ३. ख.पू.जै.कै. । मेवाप्तवचनम्, निश्र० मु. ।

एवमागमादिष्वपि घटमानमायोज्यमिति । आगच्छत्याचार्यपरम्परया वासनाद्वारेणेति **आगमः** । उपदिश्यते-उच्चार्यते इति **उपदेशः** । **ऐतिह्यमे**वमेतद् वृद्धाः स्मरन्तीति । आम्नायते-अभ्यस्यते निर्जरार्थिभिरिति आम्नायः । प्रकर्षेण नामादिनयप्रमाणनिर्देशादिभिश्च यत्र जीवादयो व्याख्यातास्तत् **प्रवचनम्,** जिना रागादिसन्तानविजितास्तेषामिदं वचनमिति । एवमेभिरनर्थान्तरवर्तिभिः एकोऽर्थः प्रतिपाद्यते द्वादशाङ्गं गणिपिटकमिति यावत्, स **चावश्यकादिराचारादिश्च** । एवं लक्षणतः पर्यायतश्चाभिधाय [२]विधानं दर्शयति -

**भा० तद् द्विविधमङ्गबाह्यमङ्गप्रविष्टं च । तत् पुनरनेकविधं द्वादशविधं च**

ગણધરોના વચનને જ આપ્તવચન કહેવાય. આ પ્રમાણે આગમ આદિ પર્યાય-શબ્દોમાં પણ જે રીતે ઘટતું હોય તેનું કથન કરવું.

(૩) **આગમ : आगच्छति इति आगमः ।** આચાર્યોની પરંપરા વડે સંસ્કાર (વાસના) દ્વારા જે આવે, પ્રાપ્ત થાય તે આગમ કહેવાય. (૪) **ઉપદેશ : उपदिश्यते-उच्चार्यते ।** જે ઉપદેશાય, (વાણી રૂપે) ઉચ્ચાર કરાય તે ઉપદેશ. **(૫) ઐતિહ્ય :** વૃદ્ધપુરુષો આ અમુક વસ્તુને આ પ્રમાણે સ્મરે છે, માને છે, એમ જે વૃદ્ધ-પુરુષોનું વચન તે ઐતિહ્ય કહેવાય. (૬) **આમ્નાય :** નિર્જરાના (કર્મક્ષયના) અર્થી જીવો વડે જે આમ્નાય અર્થાત્ અભ્યાસ કરાય તે આમ્નાય કહેવાય. (૭) **પ્રવચન :** પ્રકર્ષે કરીને એટલે કે નામાદિ નય, નિક્ષેપો, પ્રમાણ અને નિર્દેશ આદિ (અનુયોગ દ્વારો) વડે જેમાં જીવ વગેરે પદાર્થોની વ્યાખ્યા કરેલી છે તે પ્રવચન કહેવાય. (૮) **જિનવચન :** રાગાદિની પરંપરાને વિજિત, વિશેષે કરીને (સર્વથા = ફરી ઉત્પન્ન ન થાય એ રીતે) જય પામેલાં હોય તે જિન કહેવાય. તેવા જિનનું વચન તે જિનવચન કહેવાય.

આ પ્રમાણે આ અભિન્ન-અર્થવાળા = સમાનાર્થી શબ્દો વડે એક સમાન જ અર્થ કહેવાય છે અર્થાત્ દ્વાદશાંગ (બારઅંગ) = ગણિપિટક રૂપ અર્થ જણાવાય છે. અને તે (શબ્દાત્મક) શ્રુત બે પ્રકારે છે. **(૧) આવશ્યક** આદિ (અંગબાહ્ય) અને **(૨) આચારાંગ** આદિ (અંગપ્રવિષ્ટ).

આ રીતે લક્ષણથી અને પર્યાય શબ્દો વડે શ્રુતનું કથન કરીને હવે તેના વિધાનને એટલે કે ભેદોને ભાષ્યમાં બતાવે છે.

१. ख.पा.लि.ला. । तेषामिति० पू. । २. सर्वप्रतिषु । धायाभिधा० मु. ।

**यथासङ्ख्यम् । अङ्गबाह्यमनेकविधम् । तद्यथा-सामायिकं, चतुर्विंशस्तवः, वन्दनं, प्रतिक्रमणं, कायव्युत्सर्गः, प्रत्याख्यानं, दशवैकालिकं, उत्तराध्यनानिः, दशाः, कल्पव्यवहारौ, निशीथमृषिभाषितानीत्येवमादि ।**

**टी० तद् द्विविधमि**त्यादिना । द्वौ चानेकश्च द्वादश च द्वयनेकद्वादश, ते भेदा यस्य तद् द्वयनेकद्वादशभेदम् । तच्छ्रुतं द्विविधमिति, परोपाधिकं द्विविधत्वमिति वक्ष्यति । **अङ्गबाह्यमि**ति । **अङ्गानि** अवयवा **आचारादयस्ते**भ्यो बाह्यमिति अङ्गबाह्यम् । अङ्गेष्वाचारादिषु **प्रविष्टम्** अन्तर्गतम् **अङ्गप्रविष्टम्** । अङ्गबाह्यमङ्गप्रविष्टम् च **पुनरन्ये**न भेदेन भेद्यम्- **अनेकविधम्** अनेकप्रकारं अङ्गबाह्यं, **द्वादशविधं** द्वादशभेदं अङ्गप्रविष्टमेवं **यथासङ्ख्यं** यथोपन्यस्तमिति यावत् । अङ्गबाह्यमनेकविधं सामायिकादि । समभावो यत्राध्ययने वर्ण्यते

**ભાષ્ય : તે શ્રુતના બે પ્રકાર છે. (૧) અંગબાહ્ય અને (૨) અંગપ્રવિષ્ટ. વળી આ બે શ્રુત અનુક્રમે (૧) અનેક ભેદવાળું અને (૨) બાર ભેદવાળું છે.**

**તેમાં અંગબાહ્ય અનેક પ્રકારનું છે. તે આ રીતે (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિ-સ્તવ (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાયવ્યુત્સર્ગ (૬) પ્રત્યાખ્યાન (૭) દશવૈકાલિક (૮) ઉત્તરાધ્યયન (૯) દશા (૧૦)(૧૧) કલ્પ અને વ્યવહાર (૧૨) નિશીથ (૧૩) ઋષિભાષિત વગેરે.**

**પ્રેમપ્રભા :** સૂત્રમાં **દ્વ્યનેક-દ્વાદશભેદમ્ ।** કહ્યું, તેની વ્યુત્પત્તિ આ રીતે થાય છે. બે, અનેક અને બાર (દ્વાદશ) તે '**દ્વ્ય**/નેકદ્વાદશ' (એમ દ્વન્દ્વ સમાસ કરીને પછી) તે ભેદો છે જેના તે દ્વિ-અનેક-દ્વાદશ-ભેદવાળું (શ્રુત) કહેવાય. (**દ્વૌ ચાનેકશ્ચ દ્વાદશ તે દ્વ્યનેકદ્વાદશ, તે ભેદા યસ્ય તદ્ દ્વ્યનેકદ્વાદશભદમ્ ।**) આમ દ્વન્દ્વસમાસ કરીને પછી બહુવ્રીહિ-સમાસ કરવો.) તે શ્રુત બે પ્રકારવાળું છે. આ બે પ્રકારો/ભેદો અન્ય ઉપાધિને (વિશેષ-હેતુને) લઈને થાય છે, (બાકી વસ્તુતઃ એક જ છે) એમ આગળ કહેવાશે.

(૧) **અંગબાહ્ય : અંગો** એટલે અવયવો અને તે આચાર વગેરે છે. તેઓથી બાહ્ય (અન્ય) હોય તે 'અંગબાહ્ય' શ્રુત કહેવાય. તથા (૨) **અંગપ્રવિષ્ટ :** એટલે આચાર આદિ અંગોને વિષે પ્રવેશ પામેલું હોય અર્થાત્ તેમાં અંતર્ગત હોય તે 'અંગપ્રવિષ્ટ' શ્રુત કહેવાય. વળી તે અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ શ્રુતનો (ક્રમશઃ) અન્ય ભેદ વડે વિભાગ કરવો. યથાસંખ્ય એટલે જે ક્રમથી ભાષ્યમાં બે પ્રકારવાળું શ્રુત કહ્યું, તેના ક્રમ મુજબ. તે આ રીતે - ૧. અંગબાહ્ય શ્રુત અનેકભેદવાળું છે અને (૨) અંગ પ્રવિષ્ટ શ્રુત ૧૨ (બાર)

१. टीकानु० । शतिस्त० मु. । २. पादिषु । स्तेन० मु. ।

तत्तेन वर्ण्यमानेनार्थेन निर्दिशति-**सामायिकमिति** । एवं सर्वेषु वक्ष्यमाणेषु अर्थसम्बन्धाद् व्यपदेशो दृश्यः । चतुर्विंशतीनां पूरणस्यारादुपकारिणो यत्र स्तवः शेषाणां च तीर्थकृतां वर्ण्यते स **चतुर्विंशस्तव**[1] इति । वन्दनम्-प्रणामः स कस्मै कार्यः कस्मै च नेति यत्र वर्ण्यते तत् **वन्दनम्** । असंयमस्थानं प्राप्तस्य यतेस्तस्मात् प्रतिनिवर्तनं यत्र वर्ण्यते तत् **प्रतिक्रमणम्** । कृतस्य पापस्य यत्र कायपरित्यागेन क्रियमाणेन विशुद्धिराख्यायते स **कायव्युत्सर्गः** । प्रत्याख्यानं यत्र मूलगुणा उत्तरगुणाश्च [2]धरणीया इत्ययमर्थः ख्याप्यते तत् **प्रत्याख्यानम्** । दश विकाले पुत्रहिताय स्थापितान्यध्ययनानि **दशवैकालिकम्** । आचारात् परतः पूर्वकाले यस्मादेतानि पठितवन्तो यतयस्तेन **उत्तराध्ययनानि** । पूर्वेभ्य आनीय

ભેદવાળું છે. તેમાં અંગબાહ્ય-શ્રુત સામાયિક વગેરે અનેક ભેદવાળું છે. સામાયિક આદિ કેટલાંક શ્રુતની વ્યાખ્યા કરતાં ટીકામાં કહે છે-

(૧) **સામાયિક :** જે અધ્યયનમાં સમભાવનું વર્ણન કરાય તે 'સામાયિક' કહેવાય. અહીં ગ્રંથમાં જે અર્થનું/વિષયનું વર્ણન કરાતું હોય તે અર્થને/વિષયને અનુસરીને નામનો નિર્દેશ કરેલો છે. અર્થાત્ 'સમભાવ' (સામાયિક)નું વર્ણન કરાતું હોવાથી તે અધ્યયનનું (ગ્રંથવિશેષનું) 'સામાયિક' નામ કહેલું છે. આ પ્રમાણે આગળ કહેવાતા દરેક શ્રુત-ગ્રંથોમાં વર્ણન કરાતા અર્થના/વિષયના સંબંધથી તેવા પ્રકારનો વ્યવહાર અર્થાત્ નામાભિધાન કરેલું સમજવો.

(૨) **ચતુર્વિંશતિસ્તવ :** ચોવીસ સંખ્યાના પૂરનાર અર્થાત્ ચોવીસમાં આસન્ન (નજીકના) ઉપકારી એવા તીર્થંકર (ભગવાન મહાવીરદેવ)ની અને શેષ (ત્રેવીસ) તીર્થંકરોની જેમાં સ્તુતિ કરેલી છે, તે 'ચતુર્વિંશતિસ્તવ' (લોગસ્સસૂત્ર) કહેવાય. (૩) **વંદન :** વંદન એટલે પ્રણામ/નમસ્કાર. તે કોને કરવા યોગ્ય છે, કોને કરવા યોગ્ય નથી એનું જેમાં વર્ણન કરાય તે 'વંદન' સૂત્ર કહેવાય. (૪) **પ્રતિક્રમણ :** અસંયમના સ્થાનમાં ગયેલ સાધુને તે સ્થાનથી **પ્રતિ** = પાછા **ક્રમણ** = ફરવાનું-આવવાનું જેમાં વિધાન કરેલું છે, તે પ્રતિક્રમણ-શ્રુત કહેવાય. (૫) **કાય-વ્યુત્સર્ગ** = કાયોત્સર્ગ - કરેલાં પાપોની (સ્થાન, મૌન અને ધ્યાન વડે) કાયાનો પરિત્યાગ કરવાપૂર્વક વિશુદ્ધિનું જેમાં બયાન છે, તે કાય-વ્યુત્સર્ગ શ્રુત કહેવાય. (૬) **પ્રત્યાખ્યાન :** 'મૂળ ગુણો (મહાવ્રતાદિ) અને ઉત્તરગુણો (પ્રતિલેખન, ભિક્ષા આદિ) ધારણ કરવા યોગ્ય છે' એવો અર્થ જેમાં જણાવાય છે તે પ્રત્યાખ્યાન - શ્રુત કહેવાય. (૭) **દશવૈકાલિક :** 'વિકાલ'માં એટલે કે સંધ્યાકાળે 'મનક'

१. पादिषु । शतिस्त० मु. । २. पू. । धार० मु. ।

सङ्घसन्ततिहिताय स्थापितान्यध्ययनानि दशा उच्यन्ते । दशा इति चावस्थावचनः[1] शब्दः, काचित् प्रतिविशिष्टावस्था यतीनां यासु वर्ण्यते ता **दशा** इति । **कल्पव्यवहारौ** कल्प्यन्ते-भिद्यन्ते मूलादिगुणा यत्र स **कल्पः**, व्यवह्रियते प्रायश्चित्ताभवद्व्यवहारतयेति **व्यवहारः**। **निशीथम्** अप्रकाशं सूत्रार्थाभ्याम् । यद् **ऋषिभि र्भाषितानि** प्रत्येकबुद्धादिभिः कापिलीयादीनि । **एवमादि** सर्वमङ्गबाह्यं द्रश्यम् ।

**भा० अङ्गप्रविष्टं द्वादशविधम् । तद्यथा-आचारः, सूत्रकृतं, स्थानं, समवायः, व्याख्याप्रज्ञप्तिः, ज्ञातधर्मकथाः, उपासकाध्ययनदशाः, अन्तकृद्दशाः अनुत्तरोपपातिकदशाः, प्रश्नव्याकरणं, विपाकसूत्रं, दृष्टिपात इति ।**

**अत्राह-मतिज्ञानश्रुतज्ञानयोः कः प्रतिविशेष इति ? । अत्रोच्यते-**

નામના પુત્ર-મુનિના હિત માટે સ્થાપિત કરેલાં અર્થાત્ રચેલાં દશ-અધ્યયનો જેમાં છે તે 'દશવૈકાલિક' શ્રુત કહેવાય. (૮) **ઉત્તરાધ્યયન :** જે કારણથી પૂર્વના કાળમાં સાધુઓ આચારાંગ સૂત્રની પછી = ઉત્તરમાં આ અધ્યયનો ભણતાં હતાં તેથી તે ઉત્તરાધ્યયન શ્રુત કહેવાય. (૯) **દશા :** પૂર્વ-ગત શ્રુતમાંથી ઉદ્ધાર કરીને સંઘની પરંપરાના કલ્યાણ માટે સ્થાપિત કરેલાં, રચેલાં અધ્યાયનો 'દશા' કહેવાય. 'દશા' એ અવસ્થા-વાચક શબ્દ છે. સાધુઓની કેટલીક ખાસ વિશિષ્ટ અવસ્થાઓનું જેમાં વર્ણન કરાય છે તે 'દશા' શ્રુત કહેવાય. (૧૦) **કલ્પ :** જેમાં મૂલ આદિ ગુણોની કલ્પના (વિકલ્પ) કરાય એટલે કે ભેદ વડે કહેવાય તે 'કલ્પ' શ્રુત અને (૧૧) **વ્યવહાર :** જેમાં પ્રાયશ્ચિત અને આભવદ્ (આભાવ્ય) વ્યવહારરૂપે વ્યવહાર કરાય તે વ્યવહાર શ્રુત કહેવાય. (૧૨) **નિશીથ :** એટલે અપ્રકાશ. સૂત્ર અને અર્થ વડે જે અપ્રગટરૂપે હોય. (અર્થાત્ વિશિષ્ટ યોગ્ય જીવોને જ જે ભણાવાય છે.) (૧૩) **ઋષિ-ભાષિત :** જે પ્રત્યેકબુદ્ધ વગેરે ભાષિત હોય, કહેલ/રચેલ હોય તે કાપિલીય આદિ શ્રુત 'ઋષિભાષિત' કહેવાય. આવા પ્રકારનું તમામ શ્રુત અંગ-બાહ્ય સમજવું.

**ભાષ્ય : અંગ-પ્રવિષ્ટ (શ્રુત) બાર ભેદવાળું છે. તે આ પ્રમાણે - (૧) આચાર (૨) સૂત્રકૃત (૩) સ્થાન (૪) સમવાય (૫) વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ (૬) જ્ઞાતધર્મકથા (૭) ઉપાસકાધ્યયન-દશા (૮) અંતકૃતદશા (૯) અનુત્તરોપપાતિકદશા (૧૦) પ્રશ્ન- વ્યાકરણ (૧૧) વિપાકશ્રુત (૧૨) દૃષ્ટિપાત. અહીં (શિષ્યાદિ) અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે - પ્રશ્ન : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે શું તફાવત છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે- જવાબ :**

१. पू. । व्यव० मु. ।

**टी० अङ्गप्रविष्टं द्वादशविधं** भण्यते । **तद्यथा**, आचारो ज्ञानादिर्यत्र कथ्यते स **आचारः** । सूत्रीकृता अज्ञानिकादयो यत्र वादिनस्तत् **सूत्रकृतम्** । यत्रैकादीनि पर्यायान्तराणि वर्ण्यन्ते तत् **स्थानम्** । सम्यगवायनं वर्षधरनद्यादिपर्वतानां यत्र स **समवायः** । व्याख्याया[1] जीवादिगतीया[2] यत्र नयद्वारेण प्ररूपणा[3] क्रियते[4] सा **व्याख्याप्रज्ञप्तिः** । **ज्ञाता** दृष्टान्तास्तानुपादाय धर्मो यत्र कथ्यते ताः **ज्ञातधर्मकथाः** । **उपासकैः** श्रावकैरेवं स्थातव्यमिति येष्वध्ययनेषु दशसु वर्ण्यते ता **उपासकदशाः** । **अन्तकृतः** सिद्धास्ते यत्र ख्याप्यन्ते[5] वर्धमानस्वामिनस्तीर्थे

**પ્રેમપ્રભા :** અંગ-પ્રવિષ્ટ એટલે કે અંગમાં જેનો અંતર્ભાવ/સમાવેશ થાય છે એવું શ્રુત ૧૨ પ્રકારનુ છે. તે આ પ્રમાણે (૧) **આચાર (આચારાંગ) :** જ્ઞાન વગેરે આચારો જેમાં કહેવાય છે તે 'આચાર' શ્રુત કહેવાય. (૨) **સૂત્રકૃત્ :** જેમાં અજ્ઞાનિક વગેરે વાદીઓ સૂત્રસ્થ કરેલાં છે અર્થાત્ વર્ણવેલાં છે તે 'સૂત્રકૃત્' શ્રુત કહેવાય.

**ચંદ્રપ્રભા :** આ 'આચાર' એ શ્રુતનું નામ છે અને તે અંગ રૂપ હોવાથી 'આચારાંગ' પણ કહેવાય છે. આ પ્રમાણે અન્યત્ર સૂત્રકૃતાંગ વગેરેમાં પણ સમજવાનું છે.)

તથા **कुत्सितं ज्ञानं अज्ञानम्, तदेषामस्तीत्यज्ञानिका :** । **अतोऽनेकस्वरात्** [સિ.હે. સૂ.૭/૨] થી મત્વર્થીય **इक** પ્રત્યય થયો છે. અથવા **अज्ञानेन चरन्ति इति अज्ञानिकाः** । જેઓ પાસે કુત્સિત (મિથ્યાત્વ-સહિત હોવાથી) જ્ઞાન છે તેઓ અથવા અજ્ઞાન વડે આચરે, જીવે તે અજ્ઞાનિક કહેવાય. વિચાર્ય વિના કરેલા કર્મોની નિષ્ફળતા વગેરેનો સ્વીકારવાળા/શ્રદ્ધાવાળા સાકલ્ય-સત્યમુગ્રિ-મૌદયિક-પિપ્પલાદ-બાદરાયણ - જૈમિનિ - વસુ વગેરે. [**षड्दर्शन - સમુચ્ચય ગા.૧, ટીકા**]

**પ્રેમપ્રભા : (૩) સ્થાન :** જેમાં વસ્તુના એક વગેરે જુદા જુદા પર્યાયોનું વર્ણન કરાય છે તે 'સ્થાન' શ્રુત કહેવાય. (૪) **સમવાય :** જેમાં વર્ષધર, નદી વગેરે પર્વતોનું સમ્યગ્ રીતે અવાયન = નિરૂપણ કરેલું છે તે સમવાય શ્રુત કહેવાય. (૫) **વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ :** જીવાદિ વસ્તુઓ સંબંધી ગતિઓની વ્યાખ્યાની જેમાં નયો દ્વારા પ્રરૂપણા કરાય, તે 'વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ-અંગ' (ભગવતી) રૂપ શ્રુત કહેવાય. (૬) **જ્ઞાતધર્મકથા :** જ્ઞાત એટલે દૃષ્ટાંતો, તે ગ્રહણ કરીને જેમાં ધર્મ કહેવાય છે, સમજાવાય છે તે 'જ્ઞાતધર્મકથા' કહેવાય. (૭) **ઉપાસક-દશા :** ઉપાસકો એટલે શ્રાવકોએ 'આ પ્રમાણે અમુક રીતે રહેવું જોઈએ' એવી જે દસ અધ્યયનોમાં છણાવટ કરેલી છે તે ઉપાસક-દશા શ્રુત કહેવાય. (૮) **અંતકૃદ્દશા :** અંતકૃત્ એટલે સિદ્ધો... તે જેમાં જણાવાય. દા.તં. 'વર્ધમાનસ્વામીના

१. पादिषु । ख्यायन्ते० मु. । २. पादिषु । गतयो० मु. । ३. पादिषु । कै. । पणाः० मु. । ४. ख.पू.कै. । यन्ते० मु. ।
५. सर्वप्रतिषु । ख्याय० मु. ।

एतावन्त इत्येवं सर्वतीर्थकृतां[1] ताः **अन्तकृद्दशाः**। अनुत्तरोपपादिका देवा येषु ख्याप्यन्ते ताः **अनुत्तरोपपादिकाः[2] दशाः** । प्रश्नितस्य जीवादेर्यत्र प्रतिवचनं भगवता दत्तं तत् **प्रश्नव्याकरणम्। विपाकः** कर्मणामनुभावस्[3]तं सूत्रयति-दर्शयति यत्[4], तद् **विपाकसूत्रम्।** दृष्टीनाम् अज्ञानिकादीनां यत्र प्ररूपणा कृता स **दृष्टिवादः**, तासां वा तत्र **पातः** ।

**अत्रावसरे** चोदक **आह**-उक्तं लक्षणं विधानं च श्रुतस्य, किन्तु यथाऽयं विषयं निरूपयिष्यति[5] तथा न[6] कश्चिद् भेदोऽस्तीति पृच्छति मतिश्रुतयोः को भेद इति ? । भण्यते-

**भा० उत्पन्नाविनष्टार्थग्राहकं साम्प्रतकालविषयं मतिज्ञानम्, श्रुतज्ञानं तु त्रिकालविषयम्, उत्पन्नविनष्टानुत्पन्नार्थग्राहकमिति । अत्राह-गृह्णीमो मतिश्रुतयोर्नानात्वम् ।**

तीर्थमां આટલાં સિદ્ધ થયા. એ પ્રમાણે સર્વ તીર્થંકરો સંબંધી જેમાં કહેવાય તે 'અંતકૃદ્દશા' કહેવાય. (૯) **અનુત્તરોપપાદિક-દશા :** અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા દેવો અંગે જેમાં વિવેચન કરેલું છે તે 'અનુત્તરોપપાદિકદશા' શ્રુત કહેવાય. (૧૦) **પ્રશ્ન-વ્યાકરણ :** જેમાં જીવાદિ વિષયમાં કરાયેલ પ્રશ્નનો પ્રત્યુત્તર ભગવાન વડે અપાયેલ છે, તે 'પ્રશ્ન-વ્યાકરણ' શ્રુત કહેવાય. (૧૧) **વિપાકસૂત્ર :** વિપાક એટલે કર્મોનું ફળ, તેનો અનુભાવ... તેને જે સૂત્રિત કરે અર્થાત્ દર્શાવે, તે 'વિપાક-સૂત્ર' કહેવાય. (૧૨) **દૃષ્ટિવાદ (અથવા દૃષ્ટિપાત)** : અજ્ઞાનિક વગેરે દૃષ્ટિઓની જેમાં પ્રરૂપણા કરેલી છે, તે 'દૃષ્ટિવાદ' શ્રુત કહેવાય. અથવા દૃષ્ટિઓનો પાત જેમાં હોય તે દૃષ્ટિપાત કહેવાય.

આ અવસરે શિષ્ય પ્રશ્ન કરે છે કે, શ્રુતજ્ઞાનનું લક્ષણ અને તેના ભેદો આપે કહ્યા, કિંતુ જે રીતે આ વિષયનું આગળ વર્ણન કરાશે, તે જોતાં લાગે છે કે મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે કોઈ ભેદ જણાતો નથી. આવા આશયથી શિષ્ય પૂછે છે કે,

**પ્રશ્ન :** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે શું ભેદ/તફાવત છે ? (અર્થાત્ શ્રુતજ્ઞાન એ મતિ-વિશેષ અર્થાત્ વિશેષપ્રકારનું મતિજ્ઞાન જ છે એમ કેમ ન કહેવાય ?) આનો ઉત્તર ભાષ્યકાર આપે છે. **જવાબ :**

**ભાષ્ય : ઉત્પન્ન થયેલ અને નાશ પામેલો ન હોય, એવા અર્થનું ગ્રાહક હોયને મતિજ્ઞાન એ સાંપ્રત = વર્તમાનકાલીન વિષયનું હોય છે, જ્યારે શ્રુતજ્ઞાન એ ત્રણેય (ભૂત, વર્તમાન, ભાવી) કાળના વિષયનું થાય છે. અર્થાત્ ઉત્પન્ન થયેલાં, નાશ પામેલ અને હજી ઉત્પન્ન નહીં થયેલ = ઉત્પન્ન થનારા વિષયનુ ગ્રાહક છે.**

१. सर्वप्रतिषु । सर्वकृतान्ताः० मु. । २. सर्वप्रतिषु । दिकदशाः० मु. । ३. पू. । भवः० मु. । ४. ख.पू. । ना. मु. । ५. ख. पू. । ष्यते० मु. । ६. पादिषु । ना. पू. ।

**अथ श्रुतज्ञानस्य द्विविधमनेकं द्वादशविधमिति किंकृतः प्रतिविशेष इति ? । अत्रोच्यते –**

**टी० उत्पन्ने**त्यादिना । **उत्पन्नः** स्वेन रूपेण जातः स्पर्शादिरर्थो घटादिगतः, स चोत्पन्नो यदि तेन रूपेण सन्तिष्ठते न तु कापालाद्यवस्थां प्राप्तस्तदा स्पर्शनमतिज्ञानमेवं परिच्छिनत्ति-घटस्यायं स्पर्श इति । स चाप्युत्पन्नाविनष्टो यदि योग्यदेशस्थो भवति तदा परिच्छिनत्ति, न तु विप्रकृष्टदेशस्थमित्येतदाह-**साम्प्रतकालविषयमि**ति । अनेन वर्तमानकालविषयतां मतिज्ञानस्यावेदयते । **श्रुतज्ञानं तु,** तुशब्दः भेदप्रदर्शनपर इति । तं भेदमाह-**त्रिकालविषयम्** । पुनश्चेदमेव[1] पदं व्याख्यानयति-**उत्पन्नो**[2]दिना । **उत्पन्नो** वर्तमानस्तमपि नोइन्द्रियं मनआख्यं

**પ્રશ્ન : મતિ અને શ્રુત એ બે જ્ઞાન વચ્ચેનો તફાવત જાણ્યો હવે શ્રુતજ્ઞાનના જે (i) બે પ્રકાર, (ii) અનેક પ્રકાર અને (iii) બાર પ્રકાર એવા ભેદો કહેલાં છે, તે શા કારણોથી છે ? જવાબ : આ વિષયમાં (ઉત્તર) કહેવાય છે.**

## ❋ મતિજ્ઞાન વર્તમાન-કાળ વિષયક છે ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે ભેદ જણાવતાં કહે છે- મતિજ્ઞાન ઉત્પન્ન થયેલ અને નાશ નહિ પામેલ અર્થનું ગ્રાહક છે. 'ઉત્પન્ન' એટલે પોતાના રૂપે થયેલો. આવો જે ઉત્પન્ન થયેલ ઘડા વગેરે સંબંધી સ્પર્શ આદિ અર્થ છે, તે જો ઉત્પન્ન થયા બાદ તે જ રૂપે વિદ્યમાન હોય, પણ કપાલ/ઠીકરું વગેરે અવસ્થાને પામેલો નથી, ત્યારે સ્પર્શનેન્દ્રિયથી થતું મતિજ્ઞાન = સ્પર્શન-મતિજ્ઞાન આ પ્રમાણે વિષયનો બોધ કરે છે કે, 'આ ઘડાનો સ્પર્શ છે'. વળી તે ઉત્પન્ન થયેલ અને વિનાશ નહિ પામેલ (ઘડા વગેરેના સ્પર્શાદિરૂપ) પદાર્થ જો યોગ્ય દેશમાં/સ્થાનમાં રહેલો હોય ત્યારે તે વિષયને જાણે છે, પણ દૂરના પ્રદેશમાં રહેલો હોય તો જાણી શકાતો નથી. આ હીકકત ભાષ્યમાં જણાવે છે - "મતિજ્ઞાન સાંપ્રતકાળ = વર્તમાનકાળ સંબંધી હોય છે." આ વિધાન વડે 'મતિજ્ઞાન એ વર્તમાનકાળ સંબંધી વિષયનું થાય છે' એ હકીકતને જણાવેલ છે. (આ પ્રમાણે સંબદ્ધ = ઇન્દ્રિય સાથે સંયુક્ત એવા વર્તમાનકાલીન માત્ર વિષયનું ગ્રાહક મતિજ્ઞાન હોય છે. તેનામાં રહેલી જાતિ એ શ્રુતજ્ઞાન કે જે ત્રિકાળ-વિષયનું હોય છે, તેમાં નથી રહી આથી તેનાથી મતિજ્ઞાન ભિન્ન છે, એમ ભાવાર્થ છે.)

**श्रुतज्ञानं तु** । જ્યારે શ્રુતજ્ઞાન તો ત્રણેય કાળમાં રહેલાં વિષયોનું થાય છે. આમાં **तु** શબ્દ એ ભેદ/તફાવત બતાવવા માટે છે. તે ભેદને ભાષ્યમાં કહે છે, (શ્રુતજ્ઞાન એ)

१. पू. । चैदंपर्य० मु. । २. सर्वप्रतिषु । पन्नेत्यादिना० मु. ।

परिचिन्तयति-कीदृशोऽयं शर्करास्पर्श इति, **विनष्टम**प्यन्यत्र लग्नं शर्करास्पर्शमतीतं चिन्तयति-अस्याः प्राक् शर्करायाः मया स्पर्शोऽनुभूत इति । **अनुत्पन्नम्** आगामिनमेवंविध एषां क्षीरगुडादीनां प्रतिविशिष्टात् संस्कारात् स्पर्श उपयास्यतीति, अत उत्पन्नादिग्राहकम् । पुनश्चोदयति-अवगतो विशेष एतयोर्मतिश्रुतयोः, अथ श्रुतज्ञानस्य द्विविधादिभेदः किं क्रियत इति ? सर्वं तद् द्रव्यश्रुतं भावश्रुतस्य निमित्तमिति शक्यं वक्तुम् । एवमुक्ते सूरिराह - **उच्यते** -

**भा० वक्तृविशेषाद् द्वैविध्यम् । यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिस्तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थकरनामकर्मणो-**

---

ત્રણેય કાળના વિષયોનું થાય છે. ફરી આ જ પદની વ્યાખ્યા કરતાં એ કહે છે કે, 'શ્રુતજ્ઞાન એ ઉત્પન્ન, વિનષ્ટ અને અનુત્પન્ન (ભાવિ) એવા અર્થનું ગ્રાહક છે (૧) **ઉત્પન્ન** એટલે વર્તમાન = વિદ્યમાન પદાર્થ. તેને વિષે પણ મન-રૂપી નોઇન્દ્રિય ચિંતન કરે છે કે, 'આ શર્કરા-સ્પર્શ કેવો છે ? (૨) **વિનષ્ટ** એટલે નાશ પામેલ - અવિદ્યમાન. દા.ત. હાલમાં અન્ય ઠેકાણે લાગેલ ભૂતકાલીન એવા શર્કરા-સ્પર્શનો કોઈ વિચાર કરે છે કે, 'આ શર્કરાનો સ્પર્શ પહેલાં મેં અનુભવ કરેલ છે.' (૩) **અનુત્પન્ન** : એટલે આગામી = ભવિષ્યમાં થનારી વસ્તુનું આ પ્રમાણે ચિંતન કરે કે, 'આ દૂધ, ગોળ વગેરે પદાર્થોના અમુક વિશિષ્ટ પ્રકારનો સંસ્કાર કરવાથી તેઓનો આવા પ્રકારનો સ્પર્શ બનશે.' આથી શ્રુતજ્ઞાન એ ઉત્પન્ન વગેરે ત્રણ પ્રકારના અર્થનું ગ્રાહક છે - બોધ કરનારું છે. માટે મતિજ્ઞાનથી જુદું છે.

ભાષ્યમાં શિષ્ય આદિ અન્ય વ્યક્તિ ફરી પ્રશ્ન કરે છે -

**પ્રશ્ન :** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેનો ભેદ જાણ્યો. હવે શ્રુતજ્ઞાનનાં બે પ્રકાર વગેરે ભેદો કહેલાં છે તે શા કારણથી છે ? તે તમામ દ્રવ્ય-શ્રુત રૂપ હોયને ભાવ-શ્રુતનું કારણ (નિમિત્ત) બને છે, એમ સામાન્યથી કહેવું શક્ય છે તો પછી આવા ભેદો પાડવાની જરૂર શી છે ? આ પ્રમાણે પ્રશ્ન ઉઠાવાતાં તેનો જવાબ ભાષ્યમાં **સૂરિજી** આપે છે-

### ❋ વક્તાના ભેદથી શ્રુતના બે ભેદ ❋

**ભાષ્ય : (જવાબ :) વક્તાના ભેદથી શ્રુતના બે પ્રકાર થાય છે. (૧. અંગ પ્રવિષ્ટ અને ૨. અંગ-બાહ્ય ભેદો આ પ્રમાણે થાય છે.) જે સર્વજ્ઞ અને સર્વદર્શી એવા પરમર્ષિ ભગવાન શ્રી અરિહંત વડે પોતાના તેવા સ્વભાવથી પરમપવિત્ર (શુભ) અને પ્રવચનનું (તીર્થનું)**

---

१. ख.पू. । कर्कर० मु. । २. ख.पू. । ना. मु. । ३. पू. । किंकृतः० मु. । ४. सर्वप्रतिषु । ना. मु. ।

**ऽनुभावादुक्तं भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धि-सम्पन्नैर्गणधरैर्दृब्धं तदङ्गप्रविष्टम् । गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्टवाङ्मतिशक्तिभिराचार्यैः कालसंहननायुर्दोषादल्पशक्तीनां शिष्याणामनुग्रहाय यत् प्रोक्तं तदङ्गबाह्यमिति ।**

**टी० वक्तृविशेषादित्यादि**[१] । **वक्तारः** तस्य ग्रन्थराशेर्निबन्धकास्तेषां **विशेषो** भेदस्तस्माद् **द्वैविध्यं** द्विविधत्वं-द्विभेदताऽनुमातव्या । **यद्भगवद्भिरित्यादेः**[२] **अयं पिण्डार्थः**- तीर्थकृद्भिरर्थः कथितः स गणधरैर्गणधरशिष्यादिभिश्च रचित इति गणधरास्तद्वंशवर्तिनश्च द्वये वक्तारस्तद्भेदाद् द्विविधमिति । एतदाह-यद् उक्तं तैर्भगवद्भिरैश्वर्यादिगुणान्वितैः, सर्वद्रव्यपर्यायान् जानानैर्विशेषतः[३] **सर्वज्ञैः**, तानेव सामान्यतः पश्यद्भिः **सर्वदर्शिभिरि**ति । सामान्यकेवलिनो हि प्रधानभावं बिभ्रति ऋषयः प्रधानतरास्तीर्थकराः **परमर्षिभिः** इत्याह । पूजां

**(પ્રતિષ્ઠાપન/રચના)રૂપ જેનું ફળ છે એવા તીર્થંકર નામ-કર્મના અનુભાવથી/વિપાકોદયથી જે (વચન) કહેલું છે અને ભગવાનના શિષ્યો કે જેઓ અતિશયવાળા છે, ઉત્તમ અતિશય, વાણી, બુદ્ધિ વડે સંપન્ન છે એવા ગણધરો વડે ગૂંથેલું છે તે 'અંગ-પ્રવિષ્ટ' શ્રુત કહેવાય.**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં વક્તાના ભેદથી શ્રુતના બે ભેદ કહ્યા છે. તેમાં વક્તા એટલે તે ગ્રંથના સમૂહની રચના કરનારાઓ, ગૂંથનારાઓ. તેઓના ભેદથી શ્રુતના બે ભેદોનું અનુમાન કરાય છે. ભાષ્યમાં કહેલ **યદ્ ભગવદ્ભિઃ** વગેરે શબ્દોનો સમસ્ત/ભેગો અર્થ આ પ્રમાણે છે-

જે અર્થ તીર્થંકરો વડે કહેવાયો હોય, તે અર્થ ગણધરો દ્વારા અને તેઓના શિષ્યો દ્વારા ગ્રંથરૂપે ગૂંથેલો છે, રચેલો છે. આથી બે પ્રકારના વક્તાઓ છે, (૧) **ગણધરો** અને (૨) **ગણધરોના શિષ્યો** અર્થાત્ ગણધરોની પરંપરામાં થયેલાં આચાર્યાદિ. આવા બે પ્રકારના વક્તાઓના ભેદથી તેમણે રચેલ શ્રુતના બે ભેદો પડે છે. આ હકીકતને વિશેષ સ્પષ્ટરૂપે ભાષ્યમાં કહે છે- અરિહંત ભગવાન વડે કહેલ-ઉપદેશાયેલ વચન ગણધરો વડે ગૂંથાય છે, એમ સંબંધ છે. ભાષ્યમાં અરિહંતના ચાર વિશેષણો કહેલ છે. (૧) **ભગવદ્ભિઃ** । ભગવાન્ એટલે ઐશ્વર્ય વગેરે ગુણોથી યુક્ત. (૨) **સર્વજ્ઞ** = સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયોને વિશેષથી = સંપૂર્ણપણે જાણનાર સર્વજ્ઞ કહેવાય. (૩) **સર્વદર્શી** તે જ પૂર્વોક્ત અર્થોને સામાન્યથી જાણનાર તે સર્વદર્શી કહેવાય. (૪) **પરમર્ષિ** (પરમ ઋષિ) : સામાન્ય

१. पादिषु । दिना० मु. । २. पादिषु । त्यादि० अयं० मु. । ३. ख.पू. । जानर्ति० मु. ।

त्रिदशादीनामर्हद्भिरित्यतोऽर्हद्भिः (सं० का० ७) । **किमर्थं** कृतकृत्या अर्हन्तो गणधरेभ्यः कथयन्त्यर्थमिति ? **उच्यते**-तत्स्वाभाव्यादिति । तेषामेष एव स्वभावस्तीर्थकृतां यतः उत्पन्नदिव्यज्ञानैर्गणधरादिभ्यः प्रकाशनीयः सोऽर्थ इति । न च स्वभावेऽस्ति पर्यनुयोगो, भास्करप्रकाशवत्, किमर्थमयमंशुमाली जगत् प्रकाशयतीति न कश्चित् प्रश्न्यति । अथवा अकृतार्थ एव तदा भगवान्, किमिति ? कर्मोदयभाक्त्वात् । **कस्य** कर्मण इति **चेत् ? उच्यते**-तीर्थकरनामाख्यस्य । तस्य[1] द्वयं विशेषणमुपक्षिपति-**परमशुभस्येत्**यादि । परमं च

કેવળજ્ઞાની રૂપી ઋષિઓ (અન્ય છદ્મસ્થ મુનિઓ કરતાં) પ્રધાનપણાને ધારણ કરે છે. અર્થાત્ બીજા મુનિઓ કરતાં પ્રધાન છે. જ્યારે તીર્થંકરો એ પ્રધાનતર છે અર્થાત્ સામાન્ય કેવળજ્ઞાની ઋષિઓ કરતાં અધિક પ્રધાન હોયને પરમ + ઋષિ = પરમર્ષિ કહેવાય છે. આ ચારેય વિશેષણોથી વિશિષ્ટ અરિહંત (અર્હદ્) છે. અર્હદ્ = દેવો વગેરે વડે પૂજાને અર્હ = યોગ્ય હોય તે અર્હત્ = અરિહંત કહેવાય. આવા અરિહંતો વડે કહેલાં વચનને ગણધરો ગૂંથે છે.

### ❋ પરમાત્માને દેશના આપવાનું પ્રયોજન ❋

**પ્રશ્ન :** સ્વયં કૃતકૃત્ય થઈ ગયેલાં અરિહંતો ગણધરોને અર્થની દેશના શા માટે આપે છે ? અર્થાત્ તેઓના સર્વથા સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયેલાં હોવાથી અર્થ-કથનની પ્રવૃત્તિ પણ શા માટે કરે ?

**જવાબ :** તત્સ્વાભાવ્યથી = અરિહંતોનો તેવો સ્વભાવ હોવાથી. તે તીર્થંકરોનો આવો જ સ્વભાવ છે કે તેઓને દિવ્યજ્ઞાન = કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં તેઓ વડે ગણધર આદિ ભવ્યાત્માઓ આગળ તે (કેવળજ્ઞાનથી જાણેલ) અર્થનું પ્રકાશન કરવું જોઈએ. અને જ્યારે આમાં સ્વભાવ જ કારણભૂત છે, માટે તેમાં પ્રશ્ન કે દલીલને અવકાશ નથી. ભાસ્કર = સૂર્યના પ્રકાશની જેમ. 'આ સૂર્ય શા માટે જગત્‌ને પ્રકાશિત કરે છે ? એવો પ્રશ્ન કોઈ કરતું નથી. કેમ કે જગતને પ્રકાશિત કરવું તે એનો સ્વભાવ જ છે. (ઉપરોક્ત પ્રશ્નનું બીજી રીતે સમાધાન આપે છે.)

અથવા જવા દો. ત્યારે પણ ભગવાન્ અકૃતાર્થ જ છે. **પ્રશ્ન :** શાથી અકૃતાર્થ છે. **જવાબ :** કારણ કે હજી પણ તેઓના (અઘાતી) કર્મનો ઉદય ચાલુ જ છે. **પ્રશ્ન :** કયા (અઘાતી) કર્મનો ઉદય હોય છે ? **જવાબ :** તીર્થંકરનામરૂપી કર્મનો ઉદય ચાલુ હોય છે

१. पू. । तद्वयविशे० मु. ।

तच्छुभं च परमशुभं, तस्य । **कथं** परमशुभतेति **चेद्** यतस्तस्मिन्नुदितेऽन्या असातादिकाः प्रकृतय उदिता अपि न स्वविपाकं प्रकटं दर्शयितुं शक्ताः, क्षीरद्रव्यापूरितकुम्भे पिचुमन्दरसबिन्दुवदिति । एवं [1]तस्य परमशुभस्य, **प्रवचनं** द्वादशाङ्गं [2]गणिपिटकं, ततोऽनन्यवृत्तिर्वा सङ्घस्तस्य प्रवचनस्य **प्रतिष्ठापनं**-निर्वर्तनं फ[3]लं प्रयोजनमस्य तत्**प्रवचनप्रतिष्ठापनफलं** तस्य, तीर्थं तदेव गणिपिटकं, सङ्घः, सम्यग्दर्शनादित्रयं वा तत् कुर्वन्ति-उपदि[4]शन्ति ये ते **तीर्थकराः**, तान् नामयति-करोति यत् तत् **तीर्थकरनाम** । तस्यै[5]तदेवार्हदादिपूजाकरणाद्धेतोः क्रियमाणं **कर्मे**त्यभिधीयते **तस्यानुभावात्**, पश्चाद्

અને તેના ઉદયથી તે શુભ પુણ્યકર્મને ભોગવીને ખલાસ કરવા માટે તેઓ દેશના આપે છે. ભાષ્યકાર આ તીર્થંકર નામકર્મના બે વિશેષણો મૂકે છે. (૧) **પરમશુભ :** પરમ (એટલે ઉત્કૃષ્ટ) એવું શુભ - તે પરમશુભ. **પ્રશ્ન :** શાથી આ પરમશુભ છે ?

**જવાબ :** જે કારણથી તીર્થંકર નામકર્મનો ઉદય થયે અન્ય અસાતાવેદનીય વગેરે કર્મપ્રકૃતિઓ ઉદયમાં આવવા છતાં પોતાના વિપાકને (ફળને-અનુભાવને) પ્રગટરૂપે બતાવવા સમર્થ બનતી નથી. કેમ કે, દૂધ રૂપ દ્રવ્યથી છલોછલ ભરેલાં કુંભમાં કોઈ લીમડાના રસનું એકાદ ટીપું નાંખે, તો તેની કોઈ અસર દૂધના આસ્વાદમાં પડતી નથી. અર્થાત્ લીમડાના રસના સ્વાદનો અનુભવ થતો નથી, તેમ અહીં સમજવું.

બીજું વિશેષણ - વળી આ તીર્થંકર નામકર્મ પ્રવચનના પ્રતિષ્ઠાપન = રચના નિર્માણ રૂપ ફળવાળું છે.) આ પ્રમાણે તે પરમશુભ તેમજ પ્રવચન એટલે બાર અંગ (દ્વાદશાંગ) રૂપ શ્રુત અથવા તેનાથી અનન્યરૂપે = અભેદરૂપે રહેનાર **સંઘ.** તે પ્રવચનનું પ્રતિષ્ઠાપન એટલે નિર્માણ/રચના રૂપ ફળ છે જેનું તેવું **(પ્રવચન-પ્રતિષ્ઠાપન ફળવાળું) તીર્થંકર નામકર્મ** છે. **તીર્થ** = એટલે તે જ ગણિપિટક = ૧૨ અંગ અથવા સંઘ. અથવા તીર્થ એટલે સમ્યગ્દર્શન આદિ રત્નત્રયી. તેને કરે = તેનો ઉપદેશ આપે તે 'તીર્થંકર' કહેવાય. **( तीर्थं कुर्वन्ति ये ते तीर्थकराः ।)** આવા, તીર્થંકરોને જે નમાવે અર્થાત્ બનાવે તે કર્મ 'તીર્થંકર-નામ' કહેવાય. તેના સંબધી કર્મને તીર્થંકરનામ-કર્મ. તે આ જ અરિહંત આદિની પૂજા-આરાધના કરવા રૂપ હેતુથી કરાતું હોયને 'કર્મ' કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** પોતાના હેતુઓ વડે જે કરાય છે, માટે તે **'કર્મ'** કહેવાય. આવી 'કર્મ'ની વ્યાખ્યા કર્મગ્રંથમાં કરેલી છે. આ તીર્થંકરનામ-કર્મ પણ પોતાના કારણભૂત જે 'વરબોધિ' એટલે

१. पू. । ना० मु. । २. पादिषु । ना. मु. । ३. ख.पू. । ना. पू. । ४. पादिषु । देशयन्ति० मु. । ५. पू. तस्य तदे० मु. ।

विपाकादित्यर्थः । अतस्तस्मादनुभावाद् **यदुक्तं**-प्रतिपादितं तीर्थकृद्भिः तदेव तीर्थकरप्रतिपादितमर्थजातम्-*'उत्पन्नमिति वा विनष्टमिति वा ध्रुवमिति वा इति'* एवं तद् गृहीत्वा गणधरैः तेषां त्रितयं विशेषणमुपक्षिपति -

**भगवच्छिष्यै**रित्यादिना स्वयं गृहीतलिङ्गतां निरस्यति । पुनश्च सामान्यपुरुषा न भवन्तीति [१]एतद् दर्शयति-**अतिशयवद्भि**रिति । **अतिशयाः** विशिष्टाः शक्तयः । यथा-

કે અત્યંત વિશુદ્ધ સમ્યગ્દર્શનની હાજરીમાં 'સવિ જીવ કરું શાસન રસી'ની પરમ ઉદાત્ત અને કરુણારસથી ભરપૂર એવી ભાવનાપૂર્વક, અરિહંત આદિ વિશસ્થાનકો પૈકી બધાં જ અથવા તો કોઈ એક અથવા બે-ત્રણ-ચાર વગેરે અનેક સ્થાનોની/પદોની આરાધનાથી તીર્થંકરોના આત્માઓને બંધાય છે, આ વાત ધાર્મિકજનોમાં સુવિદિત છે. આ ગ્રંથમાં પણ આગળ [અ-૬/સૂ. ૨૩માં] કહેવાશે.

## ❋ ગણધરોને ત્રિપદીના પ્રદાન દ્વારા બાર અંગનું જ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** આમ આવા પરમશુભ અને તીર્થની સ્થાપના રૂપ ફળવાળા તીર્થંકર **નામકર્મના** અનુભાવથી = એટલે કે બંધ થયા પછી કાલાન્તરે (અંતિમ ભવમાં) વિપાકરૂપે = ફળનો અનુભવ કરવારૂપે ઉદયમાં આવવાથી તીર્થંકરો વડે જે અર્થસમૂહનું પ્રતિપાદન કરાયું હોય. દા.ત. ('હે ભગવંત ! તત્ત્વ શું છે ? એવા ગણધરોના પ્રશ્નના જવાબરૂપે પ્રભુએ ઉપદેશ આપ્યો હોય કે...) તત્ત્વ એ છે કે (i) વસ્તુ ક્યાં તો ઉત્પન્ન રૂપ છે (અર્થાત્ ઉત્પન્ન થાય છે) **( उप्पनेइ वा )** અથવા તો (ii) વસ્તુ વિનષ્ટ રૂપ છે = વિનાશ પામે છે. **( विगमेइ वा )** અથવા તો (iii) વસ્તુ ધ્રુવાત્મક = નિત્ય/સ્થિરરૂપ છે **( धुवेइ वा )** ઇત્યાદિ અર્થના સમૂહને તીર્થંકર ભગવાન પાસેથી ગ્રહણ કરીને ગણધરો વડે... (જે ગ્રંથરૂપે રચના કરાઈ હોય તે અંગપ્રવિષ્ટ કહેવાય એમ સંબંધ છે.)

## ❋ ગણધરોની વિશિષ્ટતા ❋

આ ગણધરોના ત્રણ પ્રકારના વિશેષણો ભાષ્યકાર મૂકે છે- **(૧) ભગવત્-શિષ્ય :** આ ગણધરો ભગવાનના શિષ્યો છે એવું વિશેષણ કહેવા દ્વારા 'તેઓ સ્વયં-પોતાની મેળે સાધુ વેષનું ગ્રહણ કરનારા છે' આ વાતનો નિષેધ કરેલો છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ તેઓ ભગવાનના શિષ્ય હોયને ભગવાને તેઓને સાધુ-વેષ (દીક્ષા) અર્પણ કરેલો છે એ હકીકત જણાવાથી તેઓ સ્વતંત્ર નથી પણ પ્રભુને આધીન-પરતંત્ર હોયને પ્રમાણભૂત છે, અનુસરણીય છે, એવો ભાવ જણાવેલો છે.

१. पू. । ना. मु. ।

*"पहू णं चउद्दसपुव्वी घडादो घडसहस्सं पडातो पडसहस्सं"* [भगवती० इत्येवमादयः, ते येषां सन्ति तेऽतिशयवन्तस्तैरिति । तथा **उत्तमातिशये**त्यादिना कुण्ठतां निरस्यति, यत **उत्तमा अतिशयाः** [1]अप्रमादादयः, **वाग्** विक्षितार्थप्रतिपादिका, **बुद्धिः** बीजको[2]ष्ठेदि, यावद् भण्यते तत् सर्वमसौ गृह्णाति न किञ्चित् [3]नैश्यति तिलतुषमात्रमपीत्यर्थः । आभिरुत्त[4]मैतिशय-

---

**પ્રેમપ્રભા :** (૨) **અતિશયવાળા :** ગણધરો 'અતિશયવાળા' છે. તેઓ સામાન્ય પુરુષો નથી એમ જણાવતા 'અતિશયવાળા છે' એવું વિશેષણ કહેલું છે. અતિશય = એટલે વિશિષ્ટ શક્તિઓ. જેમ કે [ભગવતી સૂત્ર - ૫-૪-૨૦૦] કહેલું છે કે, 'ચૌદ પૂર્વધરો એક ઘડામાંથી હજાર ઘડાઓ અને એક વસ્ત્ર (પટ)માંથી હજાર વસ્ત્ર ઉત્પન્ન કરવાને સમર્થ છે.'

**ચંદ્રપ્રભા :** (એ પ્રમાણે કટ, રથ, છત્ર, દંડ સંબંધી પણ જાણવું) **મૂળસૂત્ર : पहू णं चोदसपुव्वी घडाओ घडसहस्सं कडाओ कडसहस्सं रहाओ रहसहस्सं छत्ताओ छत्तसहस्सं दंडाओ दंडसहस्सं अभिनिव्वट्टेत्ता० [भग० सू० श० ५. उ० ४. सू० २००]**

**પ્રેમપ્રભા :** આમ આવા પ્રકારના જે અતિશયો/વિશિષ્ટ શક્તિઓ હોય છે તે જેઓ પાસે છે - તે અતિશયવંત ગણધરો હોય છે. (૩) **ઉત્તમ-અતિશય-વાણી-બુદ્ધિથી સંપન્ન :** આ ગણધરો ઉત્તમ એવા અતિશય, વાણી અને બુદ્ધિથી સંપન્ન = યુક્ત હોય છે. આવા વિશેષણથી ગણધરોના કુંઠિતપણાનું નિરાકરણ કરેલું છે. કારણ કે ઉપરોક્ત વિશેષણનો અર્થ આ પ્રમાણે છે - ઉત્તમ એવા અતિશય આદિ ત્રણથી યુક્ત હોય છે. તેમાં **(૧) ઉત્તમ અતિશય** એટલે 'અપ્રમાદ' વગેરે. ગણધરા ભગવંતો શ્રેષ્ઠ કોટિના અપ્રમાદ વગેરે અતિશયોથી સંપન્ન હોય છે.

**ચંદ્રપ્રભા :** પૂર્વે 'અતિશયવાન્' એવા વિશેષણ દ્વારા ગણધરોની ભૌતિક શક્તિઓ - લબ્ધિઓનો પરિચય આપેલો છે. આથી ફરી 'ઉત્તમ અતિશયોથી સંપન્ન' એમ જે કહ્યું, તે આધ્યાત્મિક = સાધનાના ક્ષેત્રના ઉત્કર્ષને જણાવે છે. તેઓ પ્રાયઃ 'અપ્રમત્ત સંયત' નામના ૭માં ગુણસ્થાનકની સ્પર્શના કરનાર હોયને વિશિષ્ટ અપ્રમાદ રૂપ આત્મિક શક્તિથી યુક્ત હોય છે. અહીં 'અતિશય' શબ્દનો ભૌતિક શક્તિ રૂપ અર્થ કરવો નિરર્થક હોયને અનુચિત છે. કારણ કે તે પહેલાં કહેવાઈ ગયો છે. માટે આત્મિક = આધ્યાત્મિક ઉત્કર્ષના સૂચક 'અપ્રમાદ' વગેરે શક્તિઓનું ગ્રહણ કરવું ઉચિત છે. 'અપ્રમાદ' એટલે વિષય + કષાયથી રહિત વિશિષ્ટ સમભાવને આત્મસાત્ કરનારા. આથી જ **प्रसादादयः** એવા પાઠાન્તરને ઠેકાણે મળેલો

---

१. पू. । प्रसादादयः० मु. । २. ख. पू. । ष्ठकादि० मु. । ३. पादिषु । न पश्यति० मु. । ४. पू. । रुत्तमाः अति० मु.।

वाग्बुद्धिभिः **सम्पन्ना** अन्वितास्तैः साधुवृन्दोपदेशनप्रवृत्तैर्गणधारिभिर्यत् **दृब्धं** रचितं **तदङ्गप्रविष्टमा**चारादि भण्यते । अङ्गबाह्यं सम्प्रतितनैः कृतमिति तदुच्यते । गणधरा **इन्द्रभूत्यादयः** तेषामनन्तरे ये साधवस्तेऽनन्तर्याः, तेषां शिष्या इत्यर्थः । ते गणधरानन्तर्याः

**अप्रमादादयः** = એવો પાઠ વધુ ઉચિત લાગે છે એમ જાણવું.

**પ્રેમપ્રભા : (૨) ઉત્તમ વાગ્(વાણી) :** તેઓની વાણી વિવક્ષિત એટલે કે કહેવાને ઇષ્ટ એવા અર્થનું (સંપૂર્ણ, યથાર્થ) પ્રતિપાદન કરવામાં સમર્થ હોય છે માટે ઉત્તમ વાણીથી સંપન્ન હોય છે. તથા (૩) **ઉત્તમ બુદ્ધિ :** બીજબુદ્ધિ-કોષ્ઠબુદ્ધિ આદિ છે. અર્થાત્ કોઠીમાં રહેલ ધાન્ય જેમ એકદમ સુરક્ષિત રહે તેમ સૂત્ર અને અર્થ જેઓને અવિસ્મૃત હોવાથી દીર્ઘ કાળ સુધી સ્થિર રહે તે **કોષ્ઠ-બુદ્ધિ** રૂપ લબ્ધિવાળા કહેવાય. જેટલું પણ તીર્થંકરાદિ વડે કહેવાય તે તમામ વચનને/અર્થને ગણધરો ગ્રહણ કરે છે, તેમાંથી કાંઈપણ તલના ફોતરાં જેટલું પણ નાશ પામતું નથી અર્થાત્ ગ્રહણ કરવામાં છૂટી જતું નથી એમ તાત્પર્ય છે. (**બીજબુદ્ધિ :** એટલે જેમ ખેડૂત સારી રીતે ખેડેલી જમીનમાં વર્ષા કે સિંચાઈના જળ, સૂર્યની ધૂપ, હવા આદિ સંયોગથી એક 'બીજ' વાવીને અનેક બીજ પ્રાપ્ત કરી લે છે તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોના અતિશય ક્ષયોપશમથી એક (**'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' [तत्त्वार्थ० सू० ५/२९]** વગેરે) અર્થપદરૂપ બીજનું શ્રવણ કરીને અનેક અર્થને પ્રાપ્ત કરે છે, જાણે છે, તે બીજ-બુદ્ધિ લબ્ધિ કહેવાય.)

આમ આવા ઉત્તમ એવા અતિશય, વાણી અને બુદ્ધિથી સંપન્ન ગણધરો હોય છે અને સાધુઓના વૃંદને ઉપદેશ આપવામાં પ્રવૃત્ત થયેલાં એવા તે ગણધારિઓ વડે જે ગૂંથાયું હોય = રચાયું હોય તે 'આચાર' આદિ શ્રુતને **અંગ-પ્રવિષ્ટ** શ્રુત કહેવાય.

જ્યારે વર્તમાનમાં થયેલાં અર્થાત્ ગણધરોની પરંપરામાં થયેલાં તમામ આચાર્યો વડે (ઉપલક્ષણથી ઉપાધ્યાય, પ્રત્યેકબુદ્ધ, સ્થવિર આદિ વડે) રચાયેલ હોય તે **અંગ-બાહ્ય** શ્રુત કહેવાય. આ હકીકતને ભાષ્યકાર સ્પષ્ટરૂપે જણાવતાં કહે છે કે,

ગણધર ભગવંતોની અનંતરમાં થયેલાં વગેરે અર્થાત્ તેઓની પરંપરામાં થયેલ આચાર્યો વડે પડતો કાળ વગેરે દોષના કારણે અલ્પશક્તિવાળા શિષ્યોના ઉપકાર માટે જે શ્રુત કહેલું હોય તે **અંગ-બાહ્ય** કહેવાય એમ ભાષ્યનો સંક્ષિપ્ત અર્થ છે. હવે તે આચાર્યોના ત્રણ વિશેષણો ભાષ્યમાં કહેલાં છે - **(૧) ગણધરોની અનંતરાદિ થનારા :**

१. पू. । तर्याः शि० मु. ।

**जम्बूनामादयः** आदिर्येषां प्रभवादीनां ते **गणधरानन्तर्यादयः, तैरत्यन्तनिर्मलागमैः परमप्रकृष्ट वाङ्मति[1]शक्तयो** येषां तैरिति । [2]तत्र **वाग्**-भाषा स्पष्टवर्णा सकलदोषरहिता,**मतिः** बुद्धिश्चतुर्विधा, **शक्तिः** वादलब्ध्यादि । एवंविधैरपि नोज्झितचारित्रैरित्येतदाह-**आचार्यैः** ज्ञानाद्याचारा-नुष्ठायिभिरिति । **किमर्थं** तैस्तत एव प्रवचनादुद्धृत्य दशवैकालिकादि रचितम् ? **उच्यते**-अल्पशक्तीनामनुग्रहार्थम् । **कस्मादल्पशक्तय इति चेत् ? उच्यते-कालसंहननेत्यादि** । कालदोषात् कालस्य दु[3]ःषमाभिधानस्य स्वभावात् पुरुषा अल्पशक्तयो भवन्ति, संह[4]ननं छेदवर्ति स एव दोषस्तद्वाऽल्पसामर्थ्यम्, **आयुः** जीवितं तद[5]प्यल्पं यः सर्वचिरं जीवेत

ગણધરો ઇન્દ્રભૂતિ વગેરે છે. તેઓ પછી અનંતર થયેલાં સાધુઓ અર્થાત્ શિષ્યો હોય તે જંબૂસ્વામી વગેરે ગણધર-આનન્તર્ય કહેવાય. તેઓ જેઓની આદિમાં છે તે **પ્રભવસ્વામી** વગેરે આદિ શબ્દથી ગ્રહણ કરાય છે. આમ ગણધર સિવાયના-તેઓની પાટ પરંપરામાં થયેલાં તમામ આચાર્યોનું ગ્રહણ થાય છે. (૨) **અત્યંત-વિશુદ્ધ-આગમવાળા** : તે આચાર્યો અત્યંત નિર્મળ આગમવાળા = આગમના બોધવાળા હોય છે તથા (૩) **પરમ-પ્રકૃષ્ટ વાણી-મતિ-બુદ્ધિ-શક્તિવાળા** : પરમપ્રકૃષ્ટ એવી વાણી વગેરે ચાર જેઓ પાસે છે તેઓ વડે... તેમા 'વાણી' = એટલે ભાષા, તે સ્પષ્ટ વર્ણ/વાણી હોય છે.'બુદ્ધિ' = તે ચાર પ્રકારની (ઔત્પાતિકી વગેરે) હોય છે. 'મતિ' = સકળ દોષથી રહિત હોય છે. 'શક્તિ' = વાદલબ્ધિ વગેરે રૂપ હોય છે. આવા પ્રકારની શક્તિવાળા છતાં પણ ચારિત્ર = આચારનો ત્યાગ કરનાર નથી હોતાં, કિંતુ આચારમાં પ્રવીણ હોય છે, માટે (**આચારે સાધુઃ ઇતિ આચાર્યઃ**) 'આચાર્યો વડે' એવું વિશેષ્ય પદ મૂકેલું છે. આચાર્ય એટલે જ્ઞાનાદિ આચારોનું પાલન કરનાર અને કરાવનારા... તેઓ વડે રચેલ શ્રુત અંગબાહ્ય કહેવાય.

### ✻ આચાર્યાદિ વડે અંગ-બાહ્ય શ્રુતની રચનાનું પ્રયોજન ✻

**પ્રશ્ન** : શા માટે તે આચાર્યો વડે તે પ્રવચનમાંથી ઉદ્ધાર કરીને 'દશવૈકાલિક' આદિ શ્રુતની રચના કરેલી છે ? **જવાબ** : અલ્પ-શક્તિવાળા સાધુઓ ઉપર ઉપકાર કરવા માટે...

**શંકા** : શાથી તેઓને અલ્પ-શક્તિવાળા કહો છો ?

**સમાધાન** : ૧. કાળ, ૨. સંઘયણ અને ૩. આયુષ્યના દોષથી સાધુઓ મંદ શક્તિવાળા હોય છે. તેમાં (૧) **કાળદોષથી** એટલે 'દુઃષમ' નામના (પંચમ આરારૂપ)

१. सर्वप्रतिषु । मतिबुद्धि० मु. । अधिकः । २. पादिषु जैः । ना. मु. । ३. पादिषु । दुःख० मु. । ४. पादिषु । ननच्छेद० म. । ५. ख.पू. । तदल्पं० मु. ।

स वर्षशतमिति, अत एतस्मात् कालादिदोषादल्पशक्तयः पुमांसो भविष्यन्तीत्येवं मन्यमानैर्गणधर[1]-वंशजैः सूरिभिः **शिष्याणां अनुग्रहाय**-उपकारायाल्पेनैव ग्रन्थेन सुबहुमर्थमूहिष्यन्त इति मन्यमानैर्यत् **प्रोक्तं** दशवैकालिकादि **तदङ्गबाह्यमि**ति । अत एव च[2] द्विविधकरणात्[3] मतेः सकाशात् महाविषयता सिद्धा, एतदाह -

**भा० सर्वज्ञप्रणीतत्वादानन्त्याच्च ज्ञेयस्य श्रुतज्ञानं मतिज्ञानान्महाविषयम् । तस्य महाविषयत्वात् तांस्तानर्थानधिकृत्य प्रकरणसमाप्त्यपेक्षमङ्गोपाङ्गनानात्वम् । किञ्चान्यत् । सुखग्रहणविज्ञानापोहप्रयोगार्थं च ।**

કાળના સ્વભાવરૂપ દોષથી અલ્પ-શક્તિવાળા પુરુષો હોય છે. તથા (૨) **સંઘયણઃ** છેલ્લું છેદવર્તિ = છેવટ્ઠ/છેદસ્પૃષ્ટ રૂપ સંઘયણ (શરીરના હાડકાનો બાંધો) હોય છે. તે રૂપ દોષ અથવા તે રૂપ અલ્પ-સામર્થ્ય હોય છે. (૩) **આયુષ્ય :** એટલે જીવિત/જીવન. તે ઘણું અલ્પ હોય છે. જે વ્યક્તિ સૌથી લાંબુ જીવે તે સો વર્ષનો હોય. (આ આયુષ્યની મર્યાદા પ્રાયિક = ઘણું કરીને સમજવી. આથી કોઈ લાંબુ જીવે તો દોષ રૂપ નથી.) આથી કાળ વગેરે દોષથી અલ્પશક્તિવાળા પુરુષો થશે એવું માનનારા ગણધરોની વંશપરંપરામાં થયેલાં આચાર્યો વડે શિષ્યોના ઉપકાર માટે એટલે કે 'અલ્પ = નાના એવા ગ્રંથ વડે જ ઘણા મોટા અર્થનો બોધ/વિચાર કરી શકશે (અર્થાત્ અલ્પ-શક્તિના કારણે દ્વાદશાંગ = ૧૨ અંગ વગેરે રૂપ શ્રુતનો બોધ તો કારિકામાં કહ્યા પ્રમાણે સમુદ્રને બે ભુજા વડે તરવા જેવું અશક્ય-પ્રાયઃ બની જાય. માટે તેઓની શક્તિને અનુરૂપ કદમાં નાનો છતાં અર્થમાં વિશાળ એવા ગ્રંથો વડે જ શિષ્યોનો સાચો ઉપકાર થઈ શકશે.) એવું માનતા હોવાથી જે દશવૈકાલિક આદિ શ્રુતની રચના કરી તે અંગ-બાહ્ય શ્રુત કહેવાય છે.

આથી જ પૂર્વે કહ્યા મુજબ શ્રુતજ્ઞાનને કહેનારા વક્તાઓના બે પ્રકારને લઈને જ શ્રુતજ્ઞાનના બે પ્રકારો થતાં હોવાના કારણે મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન મહાન વિષયવાળું છે, એ વાત સિદ્ધ થાય છે. આ હકીકતને જણાવતાં ભાષ્યકાર કહે છે—

**ભાષ્ય : સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલ હોવાથી અને જ્ઞેય-પદાર્થો અનંત હોવાથી શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાન કરતાં મહા-વિષયવાળું છે અને તે મોટા વિષયવાળું હોવાથી તે તે અર્થોને/વિષયને આશ્રયીને સમાપ્ત થતાં પ્રકરણની અપેક્ષાએ તેના અંગ, ઉપાંગ રૂપ જુદા જુદા પ્રકારો થાય છે.**

**બીજું કે, (શ્રુતજ્ઞાનનું) સુખેથી ૧. ગ્રહણ, ૨. બોધ, ૩. નિશ્ચય અને ૪. પ્રયોગ થઈ શકે તે માટે... (તેના અંગ-ઉપાંગ રૂપ જુદાં જુદાં ભદો કહેલાં છે.)**

१. पू. । धरैर्वंश० मु. । २. पू. । ना. मु. । ३. ख. पू. । कार० मु. ।

**टी० सर्वज्ञप्रणीतत्वादित्यादि । सर्वज्ञैस्तीर्थकृद्भिः प्रणीतत्वादु**पदिष्टत्वात् **महाविषयं** श्रुतम्, यतः सङ्ख्यामतिक्रान्तानपि भावानाख्यातुं शक्तोऽनन्तान् श्रुतज्ञानानुसारेण पदार्थान्, किञ्च **आनन्त्याच्च**[1] **ज्ञेयस्य**, अनन्तं हि ज्ञेयमनेन निरूपयितुं शक्यते सामान्यतः, [2]न तु मत्या सम्प्रतितनार्थग्राहिकया । [3]अतः **श्रुतज्ञानं** ग्रन्थानुसारि **मतिज्ञानादिन्द्रियसमुत्थात्** महाविषयमनेका[4]र्थपरिच्छेदीत्यर्थः । **तस्य** श्रुतज्ञानस्य **महाविषयत्वाद्**-बह्वर्थविषयत्वात् **तांस्तान्** जीवादीनर्यमाणानाश्रित्य । **एतदुक्तं भवति**-तत्र ग्रन्थे गणिपिटके ये विप्रकीर्णा संकुलतया अर्थास्तान् स्थितान् पश्यद्भिस्तैर्गणधरैस्तच्छिष्यादिभिश्च क[5]ञ्चिदर्थमेतावति ग्रन्थे

## ❋ મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન મહા-વિષયવાળું હોવાના બે કારણો ❋

**પ્રેમપ્રભા :** મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન મહાન અર્થવાળું હોવાના બે કારણો ભાષ્યકાર કહે છે. (૧) સર્વજ્ઞો વડે અર્થાત્ તીર્થંકરો વડે કહેલું/પ્રરૂપેલું હોવાથી શ્રુતજ્ઞાન મહા-વિષયવાળું છે, કારણ કે શ્રુતજ્ઞાની ભગવંત સંખ્યાને ઉલ્લંઘીને પણ અર્થાત્ જેની સંખ્યા ન થઈ શકે એવા અનંત ભાવોને/પદાર્થોને પણ શ્રુત-જ્ઞાનને અનુસરવા દ્વારા કહેવાને સમર્થ છે. વળી (૨) (શ્રુતજ્ઞાન વડે) જ્ઞેય પદાર્થો અનંત હોવાથી પણ શ્રુતજ્ઞાન એ મ.જ્ઞા. કરતાં મોટા વિષયવાળું છે. કેમ કે, આ શ્રુતજ્ઞાન વડે સામાન્યથી અનંત જ્ઞેય પદાર્થોનું નિરૂપણ કરવાને શક્ય છે, પણ વર્તમાન-કાળમાં રહેલાં પદાર્થોનું ગ્રહણ કરનાર મતિજ્ઞાન વડે અનંત જ્ઞેયનું ગ્રહણ થતું નથી. કહેવાનો **ભાવાર્થ** એ છે કે, શ્રુતજ્ઞાન એ ગ્રંથાનુસારી છે. શબ્દાત્મક ગ્રંથને અનુસરીને થાય છે. આથી ઇન્દ્રિયોના માધ્યમથી થતાં મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન મહા-વિષયવાળું છે અર્થાત્ અનેક અર્થનો બોધ કરનારું છે.

**ચંદ્રપ્રભા :** ટૂંકમાં શ્રુતજ્ઞાન એ ગ્રંથને (શબ્દને અનુસરીને થાય છે અને શબ્દો તો અનેક વિષયવાળા હોય - અર્થાત્ પ્રત્યક્ષની જેમ પરોક્ષ-અતીન્દ્રિય તેમજ ભૂત વગેરે ત્રણેય કાળના વિષયવાળા પણ હોય માટે તે બહોળા વિષય (અર્થ)વાળું છે. જ્યારે ઇન્દ્રિયો તો વર્તમાન-કાલીન અને સંબંધમાં આવેલ સમીપવર્તી એવા મર્યાદિત જ વિષયને ગ્રહણ કરનારી હોયને તેના દ્વારા થતું મતિજ્ઞાન એ અલ્પ-વિષયવાળું છે.

**પ્રેમપ્રભા :** વળી તે શ્રુતજ્ઞાન મોટા વિષયવાળું હોવાથી અર્થાત્ ઘણા અર્થો રૂપ વિષયવાળું હોવાથી... તે તે જીવાદિ જણાતાં (અર્યમાણ) એવા પદાર્થોને આશ્રયીને થતી પ્રકરણની સમાપ્તિની અપેક્ષાએ જુદા જુદા અંગ-ઉપાંગરૂપ ભેદો પાડેલાં છે. કહેવાનું **તાત્પર્ય** આ છે કે તે ગણિપિટક = એટલે કે દ્વાદશાંગ રૂપ ગ્રંથમાં જે છૂટા છૂટા એટલે કે

१. पादिषु । नन्त्याञ्ज्ञे० मु. । २. सर्वप्रतिषु । मन्तुः० मु. । ३. ख. पू. । ना. मु. । ४. पादिषु । अनेकार्थः० पू. । ५. पू. । पादिषु । कथन्त्विदमे० मु. ।

परिसमाप्यत इति **मन्यामानैरिदमङ्गमाचारादि**, इदं च तदुपाङ्गमिति स्थापितम् । एतदाह- **प्रकरणे**त्यादि । प्रकरणं यत्र विवक्षित आचार इत्यादिरूपोऽर्थो निष्ठां याति तद् भण्यते तस्य समाप्तिः तामपेक्षते यत् तत् **प्रकरणपरिसमाप्त्यपेक्षम्** । किं तद् ? **अङ्गोपाङ्गनानात्वमिति** । **किञ्चान्यत्** इतश्च कारणादङ्गोपाङ्गनानात्वमिति । **सुखग्रहणे**त्यादि । सुखेन-अनायासेनापूर्वस्य **ग्रहणं** करिष्यन्ति अङ्गानङ्गानां, सुखेन च गृहीतं धारयिष्यन्ति बुद्ध्या, सुखेन **विज्ञानं** तस्मिन्नर्थे शृण्वत उत्पादयिष्यन्तीति, सुखेन **अपोहं** निश्चयं करिष्यन्ति इति एवमेषोऽर्थः स्थित इति, **सुखेन** च **प्रयोगं**[1] व्यापारं करिष्यन्ति प्रत्यवेक्षणादि काले तेन विदितेनेति ।

જુદાં જુદાં વિષયવાળા અર્થો હતાં તે સમૂહરૂપે ભેગા હતાં. આ જોઈને તે ગણધરોએ તેમજ તેઓના શિષ્ય-આદિએ તે બાર-અંગ રૂપ ગ્રંથ પૈકી, કોઈ અર્થ (વિષય)ને 'આટલાં (અમુક પ્રમાણવાળા) ગ્રંથમાં સંપૂર્ણ થઈ જાય છે' એમ જાણ્યું. પછી તેઓએ તેટલાં અર્થને/વિષયને 'આ 'આચાર' આદિ અંગ છે' અને આ તેનું 'ઉપાંગ' છે એ પ્રમાણે વિભાગ કરીને સ્થાપિત કર્યું. (આને 'પ્રકરણ' કહેવાય.) આ જ વાત ભાષ્યમાં કહે છે કે, તે તે પ્રકરણની પરિસમાપ્તિ = પરિપૂર્ણતાની અપેક્ષાએ આચારાદિ અંગ-ઉપાંગ રૂપ જુદાં જુદાં વિભાગ કરેલાં છે. આમાં પ્રકરણ એટલે જ્યાં વિવક્ષિત = કહેવાને ઇચ્છાયેલ 'આચાર' આદિ રૂપ પદાર્થ પૂરો થાય તેને **પ્રકરણ** (પ્રસ્તાવ) કહેવાય. તેની સમાપ્તિની અપેક્ષાએ એટલે કે તે પ્રકરણ જ્યાં પૂરું થતું હોય ત્યાં તેટલાં વિભાગને આચારાદિ અંગ રૂપે અને તેવા બીજા વિષયને તેના ઉપાંગરૂપે ગોઠવણ કરેલી છે.

## ❋ શ્રુતના વિભાગીકરણના બીજા પણ ચાર હેતુઓ ❋

હવે અંગ-ઉપાંગ રૂપ વિભાગ કરવાનું બીજું કારણ કહે છે; **किञ्चान्यत्** । આ બીજા કહેવાતા કારણથી પણ અંગ-ઉપાંગ વગેરે રૂપ વિભાગ કરેલાં છે. અર્થાત્ સુખેથી અર્થનું ગ્રહણાદિ થાય તે માટે પણ ઉક્ત વિભાગ કરેલો છે. તેમાં (૧) **ગ્રહણ** : શિષ્યો સુખેથી - અનાયાસે અલ્પ પ્રયાસે અપૂર્વ એટલે નવા અંગ-અનંગ (અંગબાહ્ય) રૂપ શ્રુતનું ગ્રહણ કરશે અને સુખેથી ગ્રહણ કરેલ શ્રુતની બુદ્ધિ વડે ધારણા કરી શકશે. (૨) **વિજ્ઞાન** : તે અર્થનું શ્રવણ કરનારાઓ સુખેથી વિજ્ઞાન એટલે બોધ પ્રાપ્ત કરશે. (૩) **અપોહ** : એટલે નિશ્ચય 'આ અમુક અર્થ આ પ્રમાણે છે.' એમ સુખેથી નિશ્ચય કરશે. તથા (૪) **પ્રયોગ** : એટલે વ્યાપાર... (વિભાગશઃ) જાણેલાં તે શ્રુતવડે શિષ્યો પડિલેહણ આદિ કાળે સુખેથી

१. पादिषु । योगव्या० मु. ।

**भा० अन्यथा ह्यनिबद्धमङ्गोपाङ्गशः समुद्रप्रतरणवद् दुरध्यवसानं स्यात् । एतेन पूर्वाणि वस्तूनि प्राभृतानि प्राभृतप्राभृतानि अध्ययनान्युद्देशाश्च व्याख्याताः ।**

**टी० अन्यथेत्यादि । अन्यथेति** भेदेन रचनाया अभावे हि यस्मादनिबद्धमरचितं, कथमिति चेत्, **अङ्गोपाङ्गशः**, अङ्गानि **आचारादीनि**, उपाङ्गानि **राजप्रसेनकीयौपपातिकादीनि**, ताभ्यामङ्गोपाङ्गाभ्यां परिमि[2]तविशिष्टार्थाभिधायिभ्यामङ्गोपाङ्गशः, अल्पार्थात् शस् [3]दृश्यः । समुद्रस्य प्रतरणम्-उत्तरण तेन समुद्रप्रतरणेन तुल्यं वर्तते **समुद्रप्रतरणवत्, दुरध्यवसानं स्यादिति** । दुःखेनाध्यवसीयते दुरध्यवसानं [4]भवेदिति । एतदुक्तं भवति-

---

પ્રયોગ અર્થાત્ વ્યાપાર/પ્રવૃત્તિ કરી શકશે. આમ આવું પણ પ્રયોજન રહેલું છે. અર્થાત્ પૂર્વે કહ્યું તેમ કાળ વગેરે દોષથી અલ્પ-શક્તિવાળા શિષ્યો સુખેથી શ્રુતનું ગ્રહણ આદિ કરી શકે તે માટે અંગ-ઉપાંગોનું જુદાપણું (ભેદ) કહેલું છે એમ સમજવું.

(ઉપર કહેલી હકીકતને જ ઉલટી રીતે (વ્યતિરેકથી) ભાષ્યમાં કહે છે.)

**ભાષ્ય : અન્યથા એટલે કે અંગ અને ઉપાંગના ભેદ વડે શ્રુતની રચના ન કરાય તો (બે હાથ વડે) સમુદ્રને તરી જવાની જેમ તે શ્રુત દુઃખેથી ભણી શકાય તેવું બની જાય.**

**આનાથી (ઉક્ત પ્રયોજન કહેવાથી) (૧) પૂર્વ (૨) વસ્તુ (૩) પ્રાભૃત (૪) પ્રાભૃત-પ્રાભૃત (૫) અધ્યયન અને (૬) ઉદ્દેશની (તે રૂપ શ્રુતના ભેદોની) પણ વ્યાખ્યા થઈ જાય છે.**

### ❋ શ્રુતનું વિભાગીકરણ ન કરવામાં સંભવિત દોષ ❋

**પ્રેમપ્રભા :** અન્યથા એટલે ભેદ વડે શ્રુતની રચના ન કરાય તો કેવી રીતે ? તો અંગ અને ઉપાંગ એવા વિભાગ વડે શ્રુતની રચના ન કરેલી હોય તો (બે હાથ વડે) સમુદ્રને તરવા જેવું થાય એટલે કે શ્રુતજ્ઞાન અત્યંત દુઃખે કરીને ભણવા યોગ્ય બની જાય. અર્થાત્ તેમાં શિષ્યની પ્રવૃત્તિ અશક્ય બની જાત. ટીકામાં ભાષ્યનો અર્થ વિશેષથી જણાવતાં કહે છે (૧) **અંગ** : એટલે આચારાદિ ગ્રંથો અને (૨) **ઉપાંગ** : એટલે રાજપ્રસેનકીય, ઔપપાતિક વગેરે સમજવા. આ બે અંગ અને ઉપાંગ શ્રુત એ પરિમિત એટલે મર્યાદિત અને વિશિષ્ટ એવા અર્થનું કથન કરનારા હોવાથી 'અંગોપાંગશઃ' એમ કહેલું છે. અહીં વ્યાકરણના નિયમથી 'અલ્પ' અર્થમાં **शस्** પ્રત્યય લાગેલો છે. [**बह्वल्पार्थात् कारकाद् इष्टानिष्टे प्शस् ( सू. ७-२-१५)**] આ પ્રમાણે શ્રુત જો અંગ અને ઉપાંગ રૂપે જુદુ પાડીને

---

१. ख.पू. । रङ्गादी० मु. । २. सर्वप्रतिषु । मितावि० गमु. । ३. पू. । ना. मु. । ४. पू. । यावद्० मु. ।

यद्येतच्छ्रुतज्ञानमङ्गोपाङ्गादिभेदेन न रच्येत एवं सत्यर्थानन्त्याद् ग्रन्थस्य चातिबहुत्वाद् दुःखेन शिष्यस्तत्र रतिं बध्नीयात् । यथा महार्णवं पश्यतः पुंसो न भवति चेतोवृत्तिर्बाहुभ्यां प्रतरामीति, प्रतरणप्रवृत्तोऽपि चान्तराल एव रसभङ्गं प्रतिपद्येत[1], एवमिहापि यदा पुनरङ्गोपाङ्गादि-कल्पनया रचनया प्रविभक्तो भवति स महान् ग्रन्थराशिस्तदाऽदभ्रनदीतडागतरणवत् सुगमो भविष्यतीत्यतोऽङ्गोपाङ्गनानात्वमिति । **अथ** पूर्वादिरचना किमर्था इत्येवमाशङ्क्येत ? । **उच्यते**-तत्रापि नान्यत् करणे प्रयोजनं [2]समस्ति, किन्त्वेतदेव, तदाह-**एतेने**त्यादि । **एतेना**ङ्गोपाङ्गभेदप्रयोजनेन सुखग्रहणादिना **पूर्वाणि** दृष्टिपातान्तःपातीनि पू[3]र्वप्रणयनात्, **वस्तूनि**

ન કહેવાય તો સમુદ્રને પાર ઉતરવા જેવું અર્થાત્ દુઃખેથી ભણી શકાય તેવું બને. કહેવાનું **તાત્પર્ય** આ પ્રમાણે છે - જો આ શ્રુતજ્ઞાનની અંગ-ઉપાંગ આદિ ભેદ વડે રચના ન કરાય તો શ્રુતજ્ઞાન વડે કહેવાતાં અર્થો = પદાર્થો અનંત હોવાથી અને સમસ્ત શ્રુતના સમૂહરૂપ ગ્રંથ અત્યંત મોટો બની જવાથી શિષ્ય તેને ભણવાની રુચિ (રતિ) મહામુસીબતે કરશે. જેમ મોટા સમુદ્રને જોતાં એવા પુરુષને એવા ભાવો = અરમાનો મનમાં થતાં નથી કે, 'હું બે બાહુ વડે સમુદ્રને તરી જાઉં.' કદાચ વધુ પડતી હિંમત એકઠી કરીને કે ઉત્સાહ-વિશેષથી સમુદ્ર તરવાને ઝંપલાવી દે, તો પણ અધવચ્ચે જ રસ તૂટી જશે - ઉત્સાહ મરી જશે. આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ તે મહાન ગ્રંથના સમૂહરૂપ શ્રુત (ગણિપિટક) એ જ્યારે અંગ-ઉપાંગ આદિની કલ્પનાપૂર્વક રચના કરવા વડે વિભાજિત કરાય છે, ત્યારે મોટી નદી, તળાવ વગેરેને તરવાની જેમ સુગમ = સરળતાથી ગ્રાહ્ય બની જશે (આથી ઉત્સાહ-ભંગ થવાનો પ્રશ્ન આવતો નથી.) આથી અંગ અને ઉપાંગ રૂપ ભેદ વડે રચના કરેલી છે.

**શંકા :** ભલે, પણ 'પૂર્વ' વગેરે શ્રુતજ્ઞાનના વિભાગોની રચના શા માટે કરેલી છે?

**સમાધાન :** પૂર્વ, વસ્તુ વગેરે વિભાગો કરવા પાછળ પણ આ ઉપર કહ્યા સિવાય બીજું કોઈ કારણ નથી, કિંતુ, આ જ કારણ છે. આ જ હકીકત ભાષ્યમાં જણાવે છે **एतेन०** । - આ અંગ-ઉપાંગ આદિ શ્રુતજ્ઞાનના ભેદો કરવાનું પ્રયોજન કહેવા દ્વારા આ પૂર્વ, વસ્તુ વગેરે છ શ્રુતજ્ઞાન ભેદોના કરવાનું પણ પ્રયોજન કહેવાઈ જાય છે. અર્થાત્ સુખેથી ગ્રહણ વગેરે રૂપ જે અંગ-ઉપાંગ રૂપ શ્રુતના ભેદો કરવાનું પ્રયોજન છે, તે જ પ્રયોજનથી અહીં 'પૂર્વ' આદિ છ ભેદો પણ કહેલાં છે.

१. पादिषु । पद्यते- मु. । २. ख.पू. । नमस्ति० मु. । ३. पादिषु । पूर्वं प्रण० मु. ।

पूर्वस्यैवांशोऽल्पः वस्तुनः **प्राभृत**मल्पतरं, प्राभृतात् **प्राभृतप्राभृत**मल्पतरं, ततो**ऽध्ययनं** ग्रन्थतोऽल्पतरं, तत **उद्देशको**ऽल्पतर इति । **व्याख्याता** **इति** । सुखग्रहणादि यदेवाङ्गो-पाङ्गादिकरणे फलं तदेवात्रापीति ।

**भा० अत्राह मतिश्रुतयोस्तुल्यविषयत्वं, वक्ष्यति द्रव्येष्वसर्वपर्यायेषु ( १-२७ ) इति । तस्मादेकत्वमेव भवतु इति । अत्रोच्यते -**

**टी०** सम्प्रत्येवं मन्यते **परः**-श्रुतज्ञानस्य द्विविधादिकरणे सूक्तमनेन प्रयोजनं, यदुक्तं

### ❋ પૂર્વાદિ શ્રુત-ભેદોનું સ્વરૂપ ❋

'પૂર્વ' આદિ ભેદોનું સ્વરૂપ આ પ્રમાણે છે. (૧) **પૂર્વ :** પૂર્વે = પહેલાં (સૌથી મોટા અંશરૂપે) રચેલાં હોવાથી 'પૂર્વ' કહેવાય અને તે દૃષ્ટિવાદ નામના ૧૨માં અંગમાં હોય છે. (૨) **વસ્તુ :** પૂર્વનો જ એક અંશ - પૂર્વ કરતાં નાનો હોય તે વસ્તુ કહેવાય. (૩) **પ્રાભૃત :** વસ્તુનો જ વધુ નાનો અંશ/ભેદ તે પ્રાભૃત કહેવાય. (૪) **પ્રાભૃત-પ્રાભૃત :** પ્રાભૃત શ્રુત કરતાં નાનો શ્રુતનો અંશ તે પ્રાભૃત-પ્રાભૃત કહેવાય. (૫) **અધ્યયન :** પ્રાભૃત-પ્રાભૃત રૂપ શ્રુત કરતાં ગ્રંથની અપેક્ષાએ વધારે અલ્પ-અંશ તે અધ્યયન. (૬) **ઉદ્દેશ :** અધ્યયન-શ્રુત કરતાં નાનો અંશ તે ઉદ્દેશ કહેવાય.

આમ આ છએ શ્રુતના ભેદો પાડવાનું પણ પ્રયોજન અંગ-ઉપાંગ રૂપ ભેદોનું પ્રયોજન કહેવા દ્વારા કહેવાઈ જાય છે. અર્થાત્ સુખેથી શ્રુતનું ગ્રહણ વગેરે રૂપ જે ફળ, પ્રયોજન અંગ-ઉપાંગ વગેરે શ્રુતજ્ઞાનના ભેદો કરવા બાબતમાં કહેલું તે જ ફળ અહીં પણ કહેવું એમ ભાવ છે.

(હવે અન્ય વ્યક્તિ મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે અભેદ હોવાની શંકા ભાષ્યમાં ઉઠાવે છે.)

**ભાષ્ય : અહીં બીજો વ્યક્તિ પૂછે છે, પ્રશ્ન : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સરખાં વિષયવાળા છે. આગળ કહેવાના છે કે, 'મતિ અને શ્રુતનો વિષય સર્વ દ્રવ્યો છે પણ સર્વ પર્યાયો નથી.' આથી આ બે જ્ઞાનને એક જ = અભિન્ન કહેવા જોઈએ. અહીં (જવાબ :) કહેવાય છે-**

### ❋ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે અભેદ હોવાની શંકા ❋

**પ્રેમપ્રભા :** અહીં બીજો વ્યક્તિ આ પ્રમાણે માને છે - વિચારે છે કે, 'શ્રુતજ્ઞાનને બે

१. पू. । तानीति० मु. ।

मया-कः पुनर्मतिज्ञानश्रुतज्ञानयोर्विशेष इति, तत्रानेन सांप्रतार्थग्राहि मतिज्ञानं त्रिकालविषयं तु श्रुतज्ञानमित्ययं विशेषो दर्शितः । तत्रैतावता[1] अपरितुष्यन् विषयकृतं च साम्यमुभयोरस्तीति मन्यमानः **अत्रावसरे** ब्रवीति-**मतिश्रुतयो**रुक्तस्वरूपयो**स्तुल्यविषयत्वम**भिन्न[2]ग्राह्यता, सा च वक्ष्यते इहैवोत्तरत्र, तस्य च[3] वक्ष्यमाणस्य सूत्रस्यैकदेशमुपन्यस्यति-**द्रव्येष्वसर्वपर्यायेषु** इति । सर्वेषु धर्मादिद्रव्येषु असर्वपर्यायेषु मतिश्रुतयोः प्रवृत्तिनिबन्ध इति । **तस्माद्** विषयादेकरूपात् **एकत्वमेव** मतिश्रुतयोर्**भवतु**, न भेद इति, **अत्रोच्यते** -

**भा० उक्तमेतत् साम्प्रतकालविषयं मतिज्ञानं, श्रुतज्ञानं तु त्रिकालविषयं, विशुद्धतरं च । किञ्चान्यत् । मतिज्ञानमिन्द्रियानिन्द्रियनिमित्तम् आत्मनो[4] ज्ञस्वाभाव्यात् पारिणामिकं,**

ભેદવાળું વગેરે કરવાનું પ્રયોજન/ફળ પૂર્વે કહેલ ભાષ્ય વગેરેમાં સારી રીતે કહેલું છે. તથા મેં જે આપને પૂછેલું કે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે શું તફાવત છે ? ત્યારે 'ભાષ્યકાર વડે કહેવાયેલું કે,' મતિજ્ઞાન એ ફક્ત વર્તમાન અર્થનું ગ્રાહક છે જ્યારે શ્રુતજ્ઞાન એ ત્રણેય કાળના વિષયનો બોધ કરનારું છે' એમ તફાવત બતાવેલો. આમ છતાં આટલા જવાબથી પણ આ વિષયમાં સંતોષ નહીં પામનારો તેમજ મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે વિષયની અપેક્ષાએ સમાનતા છે એવું માનનારો બીજો વ્યક્તિ આ અવસરે કહે છે કે, પૂર્વે કહેલ સ્વરૂપવાળા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે તુલ્ય-વિષયવાળા છે અર્થાત્ તેઓનો ગ્રાહ્ય વિષય અભિન્ન એક જ છે, અને તે અહીં જ આગળ કહેવાશે. અને તે આગળ કહેવાતાં સૂત્રના એક અંશનો ઉલ્લેખ કરતાં ભાષ્યમાં કહે છે, **( सर्व ) द्रव्येषु असर्वपर्यायेषु** । મતિ અને શ્રુત જ્ઞાનનો વિષય (પ્રવૃત્તિ-નિબંધ) સર્વ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને વિષે છે, પરંતુ સર્વ-પર્યાયો એ વિષય બનતાં નથી, કિંતુ, અમુક જ પર્યાયો વિષય બને છે. આમ તે અભિન્ન વિષયને લઈને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે એકત્વ = અભેદ જ કહેવો જોઈએ, પણ ભેદ ન કહેવો જોઈએ.

આ વિષયમાં જવાબ (ભાષ્યમાં) કહેવાય છે-

**ભાષ્ય : જવાબ : આ વાત (પૂર્વે) કહેલી છે કે, મતિજ્ઞાન એ વર્તમાનકાળના વિષયવાળુ છે જ્યારે શ્રુતજ્ઞાન એ ત્રણેય કાળના વિષયનું થાય છે અને અધિક (અત્યંત) વિશુદ્ધ છે.**

**બીજું કે, મતિજ્ઞાન એ ઇન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તથી થાય છે અને આત્માનો**

१. पादिषु, जै. । ताऽप्यपरि० मु. । २. ख.पू. । मभिजग्राह, नासावाचक्ष्यते० मु. । ३. पादिषु । ना. मु. । ४. जै.-भा. टीकानु० च । त्मने० मु. ।

**श्रुतज्ञानं तु तत्पूर्वकमाप्तोपदेशाद् भवतीति ॥२०॥**

**अत्राह-उक्तं श्रुतज्ञानम् । अथावाधिज्ञानं किंलक्षणम्[1] ? । अत्रोच्यते -**

**टी० उक्तमेतदिति** भेदे[2] प्रयोजनं पुरस्तात्, तदेवोद्घट्टयति[3]-[4]सांप्रतेत्यादिना । वर्तमानकालविषयं-वर्तमानमर्थमालम्बते **मतिज्ञानम्, श्रुतज्ञानं पुनस्त्रिकालविषयं**-त्रैकालिकमर्थमालम्बते, **विशुद्धतरं च,** व्यवहितविप्रकृष्टानेकसूक्ष्माद्यर्थग्राहित्वाद् विशुद्धतरमित्युच्यते । **किञ्चान्यदिति** । तथा अयमपरस्तयोर्विशेषः-**मतिज्ञानमिन्द्रियाणि** स्पर्शनादीनि, **अनिन्द्रियं** मन ओघज्ञानं च **निमित्त**मुररीकृत्य प्रवर्तते, **आत्मनो** जीवस्य **ज्ञस्वाभाव्यादिति** । जानातीति ज्ञः, ज्ञत्वमेव स्वाभाव्यं ज्ञस्वाभाव्यमात्मरूपता, तस्मात् ज्ञस्वाभाव्यादिति । **पारिणामिकमिति** सर्वकालवर्ति, न कदाचित् संसारे पर्यटत एतद् भ्रष्टम्, यतो निगोदजीवानामपि *'अक्षरस्यानन्तभागो नित्योद्घाट'* इत्या**गमः** [नन्दीसूत्र० सू०४२]

---

**સ્વભાવ હોવાથી પારિણામિક છે. જ્યારે શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાનપૂર્વક થાય છે અને આપ્તપુરુષના ઉપદેશથી થાય છે. અહીં શિષ્ય આદિ પ્રશ્ન કરે છે-**

**પ્રશ્ન : શ્રુતજ્ઞાન આપે કહ્યું. હવે અવધિજ્ઞાન કેવા લક્ષણ (સ્વરૂપ)વાળું છે ? આ વિષયમાં કહેવાય છે. (જવાબ :)**

**પ્રેમપ્રભા :** મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે ભેદનો હેતુ પૂર્વે કહ્યો છે. તે જ ભેદના હેતુને પ્રગટ કરતાં ભાષ્યમાં કહે છે કે, મતિજ્ઞાન વર્તમાનકાળમાં રહેલ વિષયનું/અર્થનું આલંબન કરનારું છે, જ્યારે, શ્રુતજ્ઞાન એ ત્રિકાળ-વિષયક છે - ત્રણેય કાળમાં રહેલાં અર્થનું આલંબન કરનારું છે. વળી શ્રુતજ્ઞાન વિશુદ્ધતર છે અર્થાત્ વ્યવહિત = આંતરાવાળા (પરોક્ષ) તેમજ દૂર રહેલાં અનેક સૂક્ષ્મ વગેરે અર્થોને ગ્રહણ કરનારું હોવાથી મતિજ્ઞાન કરતાં અધિક વિશુદ્ધ છે એમ કહેવાય છે. વળી બીજું કે - આ બીજો પણ તફાવત તે બે જ્ઞાનો વચ્ચે છે. મતિજ્ઞાન એ ઇન્દ્રિયો = એટલે સ્પર્શન વગેરે પાંચ ઇન્દ્રિય અને અનિન્દ્રિય = એટલે મન અને ઓઘજ્ઞાન રૂપ નિમિત્તને આશ્રયીને પ્રવર્તે છે. તથા આત્માનો જ્ઞ-સ્વભાવ હોવાથી... (મતિજ્ઞાન પારિણામિક છે) **જાનાતીતિ જ્ઞઃ** । જે જાણે છે તે 'જ્ઞ' કહેવાય. (અહીં ભાવ-પ્રધાન નિર્દેશ હોવાથી) જ્ઞત્વ = જાણનારપણું = જાણવું રૂપસ્વભાવ (સ્વાભાવ્ય) તે જ્ઞ-સ્વભાવ એટલે આત્મસ્વરૂપપણું... આમ આત્માનો જ્ઞત્વ = જાણવારૂપ સ્વભાવ હોવાથી મતિજ્ઞાન એ પારિણામિક છે એટલે કે સર્વકાળે વર્તનારું છે.

---

१. टीकानुसारेण । किमिति० मु. । २. पादिषु । भेदपू० मु. । ३. सर्वप्रतिषु । घट० मु. । ४. सर्वप्रतिषु । ना. मु. ।

अतः पारिणामिकम् । **श्रुतज्ञानं** पुनर्नैव सर्वदा जीवस्य भवति, यतस्**तत्पूर्वकम्,** मतिज्ञाने सति भवति नासतीत्यर्थः । तत्पूर्वकत्वेऽपि च सति उपदेशमपेक्षते, यत **आप्तोपदेशाद् भवतीति । आप्ताः** रागादिविवर्जिताः अर्हदादयः तेभ्य **उपदेशो** वचनं तद्वचनमपेक्ष्य ग्रन्थानुसारि श्रुतज्ञानमुदेतीत्यर्थः । तस्मादेकं नित्यमपरं चानित्यमिति स्थापितम् ॥ २० ॥

**अत्रावसरे** चोदक **आह-प्रतिपादितं श्रुतज्ञानं** भवद्भिः, अथा[1]स्मादनन्तरं **यदवधिज्ञानं** पुरस्तान्निरदिक्षद् भवान् किंलक्षणं किंस्वरूपं तदित्याह -

## सू० द्विविधोऽवधिः ॥ १-२१ ॥

સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને આ મતિજ્ઞાન ક્યારેય નાશ પામ્યું નથી, કારણ કે, નિગોદના જીવોને પણ **'અક્ષરના અનંતમાં ભાગ જેટલું જ્ઞાન હંમેશા ઉઘાડું હોય છે, પ્રવર્તે છે.'** એ પ્રમાણ **આગમવચન** છે.

**ચંદ્રપ્રભા : सव्वजीवाणं पि य णं अक्खरस्य अणंतभागो निच्चुग्घाडिओ चिट्ठइ जति पुण सो वि आवरिज्जिज्जा जीवो अजीवत्तणं पावेज्जा ॥ [नन्दीसूत्र०]** આથી મતિજ્ઞાન પારિણામિક છે. જ્યારે શ્રુતજ્ઞાન આ પ્રમાણે જીવને સર્વકાળે હોતું નથી. કેમ કે શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાનપૂર્વક થાય છે - મતિજ્ઞાન હોય તો શ્રુતજ્ઞાન થાય, ન હોય તો ન થાય. વળી મતિપૂર્વક થતું હોવા છતાં પણ શ્રુતજ્ઞાન ઉપદેશની અપેક્ષા રાખે છે-કારણ કે, તે આપ્તપુરુષના ઉપદેશથી થાય છે. 'આપ્ત' એટલે રાગાદિ દોષોથી રહિત અરિહંત આદિ (સર્વજ્ઞ) ભગવંતો, તેઓનો ઉપદેશ = એટલે વચન. તે વચનને આશ્રયીને ગ્રંથાનુસારી = ગ્રંથને અનુસરનારું શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે, એમ ભાવાર્થ છે. આ કારણથી એક (મતિજ્ઞાન) નિત્ય છે અને બીજું (શ્રુતજ્ઞાન) અનિત્ય છે એ પ્રમાણે ભેદ સ્થાપિત/પ્રકાશિત કરેલો છે. (૧-૨૦)

**અવતરણિકા :** આ સમયે પ્રશ્નકાર (શિષ્ય આદિ) કહે છે - **પ્રશ્ન :** આપે શ્રુતજ્ઞાનનું પ્રતિપાદન (કથન) કર્યું. આના પછી આપે અવધિજ્ઞાનનો જે પૂર્વે નિર્દેશ કરેલો છે, તેનું શું લક્ષણ છે ? અર્થાત્ તે કેવા સ્વરૂપવાળું છે ? આના જવાબમાં આગળનું સૂત્ર કહે છે - **જવાબ :**

**द्विविधोऽवधिः ॥ १-२१ ॥**

**સૂત્રાર્થ :** અવધિજ્ઞાન બે પ્રકારનું છે.

१. सर्वप्रतिषु । अथ-नास्ति मु. ।

**टी० द्विविधोऽवधिः**, द्वे विधे-द्वौ भेदौ यस्य स द्विविधः । तावेव द्वौ भेदौ दर्शयति -

**भा० भवप्रत्ययः क्षयोपशमनिमित्तश्च ॥ २१ ॥**

**टी० भवप्रत्यय** इत्यादिना । **ननु** च लक्षणे पृष्टे भेदकथनमन्याय्यम्, आम्रप्रश्ने कोविदारकथनवदप्रस्तावापास्तमिति ? **उच्यते**-तदेव लक्षणं भेदद्वयकथनेन निरूप्यते इति न किञ्चिद् दुष्यति, भवेन-देवनारकाख्येन तल्लक्ष्यतेऽतो भवो लक्षणं ज्ञानं पुनर्लक्ष्यं भवतीति, तथा क्षयोपशमो लक्षणं ज्ञानं तु लक्ष्यम् । **एतदुक्तं भवति**-भवक्षयोपशमाभ्यां लक्ष्यमाणो द्विविधोऽवधिरिति नान्यत् किञ्चन कथ्यते, भवन्ति-वर्तन्ते कर्मव[१]शवर्तिनो जन्तव इत्यस्मिन् भवो देवात्मतया यत्र स्थाने शरीरमाददते जीवाः स भवः नारकात्मतया च । **प्रत्ययो**

**પ્રેમપ્રભા :** બે વિધા = ભેદ/પ્રકાર છે જેના તે દ્વિવિધ = બે પ્રકારવાળું અવધિજ્ઞાન છે તે જ બે ભેદોને ભાષ્યકાર જણાવે છે-

**ભાષ્ય : (૧) ભવ-પ્રત્યય (ભવનિમિત્તક) અને (૨) ક્ષયોપશમ - નિમિત્તક (એમ બે ભેદવાળું અવધિજ્ઞાન છે.)**

## ❋ બે હેતુથી બે પ્રકારનું અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં અવધિજ્ઞાનના બે ભેદો કહ્યાં છે તેના સંબંધી ટીકામાં કોઈ પ્રશ્ન ઊઠાવે છે. **પ્રશ્ન :** લક્ષણ અંગે પૃચ્છા કરાયે છતે ભેદનું કથન કરવું તે અસંગત છે. આમ્ર (કેરી)ના વૃક્ષ સંબંધી પ્રશ્ન પુછાતાં જવાબમાં કોવિદાર (રક્ત કાંચનાર નામના) વૃક્ષના કથનની જેમ તમારો જવાબ અપ્રસ્તાવરૂપ દોષથી દૂષિત છે.

**જવાબ :** અવધિજ્ઞાનના બે ભેદોનું કથન કરવા દ્વારા તેના લક્ષણનું નિરૂપણ કરાય છે આથી કોઈ દોષ નથી. જુઓ, (૧) ભવપ્રત્યય કહ્યું, તેમાં ભવ દેવ-નારક રૂપ છે, તેના વડે (અવધિજ્ઞાન) લક્ષિત થાય છે, જણાય છે - આથી 'ભવ' એ લક્ષણ છે અને અવધિજ્ઞાન એ લક્ષ્ય છે. તે જ પ્રમાણે (૨) ક્ષયોપશમ એ લક્ષણ છે અને અવધિજ્ઞાન એ લક્ષ્ય છે. કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે. **(૧) ભવ અને (૨) ક્ષયોપશમ** એ બે નિમિત્તથી જણાતું બે ભેદવાળું અવધિજ્ઞાન છે. આમ અવધિજ્ઞાન જ કહેવાય છે, બીજું કાંઈ કહેવાતું નથી. **ભવન્તિ કર્મવશવર્તિનો જન્તવઃ ( યત્ર ) इति भवः** । જેમાં કર્મને વશ થયેલાં જીવો હોય તે **'ભવ'** કહેવાય. અર્થાત્ દેવાત્મા રૂપે અને નરકાત્મારૂપે જીવો જે

१. पू. । कर्मवर्ति० मु. ।

निमित्तं कारणमिति, भवः प्रत्ययो यस्य स **भवप्रत्ययः** । अवश्यं ह्युत्पन्नमात्रस्यैव देवस्य नारकस्य वाऽसाववधिरुद्भवति, एतावता स भवप्रत्यय इत्यभिधीयते, तद्भावे भावात् तदभावे चाभावादिति । मुख्यं तु कारणं तस्याप्यवधेः क्षयोपशम एव, न ह्यवधिज्ञानदर्शनावरणीयस्य कर्मणः क्षयोपशममपहाय देवनारकाणामवधेरुत्पत्तिरस्तीति, तस्यैव तु क्षयोपशमस्य स भवो निमित्ततां बिभर्ति, कारणकारणत्वात्, देवनारकावधिर्निमित्ती, तस्य कारणं क्षयोपशमः, क्षयोपशमस्य कारणं भव इति । अशुद्धनयमतेन च कारणकारणमपि कारणं भण्यते । एवं भवस्य प्रत्ययता क्षयोपशमनिमित्तश्चेति । यदा अवधिज्ञानदर्शनावरणीयकर्मणां **क्षयः** परिशाटः संजातो भवतिदितानामनुदितानां **चोपशमः** उदयविघातलक्षणः संवृत्तो भवति स उपशमस्ताभ्यां क्षयोपशमाभ्यां कारणभूताभ्यां य उदेति स **क्षयोपशमनिमित्त** इति मनुष्याणां तिरश्चां चेति ॥ २१ ॥

---

સ્થાનમાં શરીરને ગ્રહણ કરે છે તે 'ભવ' કહેવાય. (ઉપરની અને નીચેની ગતિ કહેવાથી 'મનુષ્ય અને તિર્યંચ રૂપે' એમ પણ સમજી લેવું.) 'પ્રત્યય' એટલે નિમિત્ત/કારણ. 'ભવ' છે પ્રત્યય નિમિત્ત જેનું તે **(૧) ભવપ્રત્યયવાળું** અવધિજ્ઞાન કહેવાય. દેવનો કે નારકનો ભવ ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ કારણથી 'ભવપ્રત્યય' (ભવ-નિમિત્તવાળું) એમ કહેવાય છે. અર્થાત્ તે દેવાદિનો ભવ મળતાં જ ઉત્પન્ન થાય છે અને તે ભવનો અભાવ થતાં જ અવધિ નાશ પામે છે માટે 'ભવ' એ અવધિજ્ઞાનનું નિમિત્ત કહેવાય છે.

ભવ એ નિમિત્ત છે. બાકી આ અવધિજ્ઞાનનું પણ મુખ્ય કારણ તો ક્ષયોપશમ જ છે, કારણ કે, અવધિજ્ઞાન-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ વિના દેવ અને નારક જીવોને અવધિજ્ઞાન ઉત્પન્ન થતું નથી. અને તે જ ક્ષયોપશમ થવામાં તે 'ભવ' કારણ બને છે, કેમ કે, તે કારણનું કારણ છે. અર્થાત્ દેવ અને નારક જીવોને થતું અવધિજ્ઞાન એ નિમિત્તી = કાર્ય છે. તેનું કારણ ક્ષયોપશમ છે અને તે ક્ષયોપશમનું કારણ 'ભવ' છે. આમે 'ભવ' એ કારણનું કારણ છે. વળી અશુદ્ધ-નયના (વ્યવહાર નયના) મતે તો કારણનું કારણ પણ કારણ કહેવાય છે. આ પ્રમાણે અવધિજ્ઞાન પ્રત્યે ભવની નિમિત્તતા જાણવી.

હવે **(૨) 'ક્ષયોપશમ-નિમિત્તવાળું'** રૂપ બીજા પ્રકારને જણાવે છે. **ક્ષયોપશમથી** એટલે ક્ષય અને ઉપશમથી થતું જ્ઞાન. જ્યારે ઉદયમાં આવેલ અવધિ-જ્ઞાન-દર્શનાવરણીય કર્મનો

---

१. पू. । वाऽसोऽवधि० मु. । २. पादिषु । कारणत्वात्० मु. । ३. ख.पा.पू.ला. । मित्तता च० मु. ।

## सू० तत्र भवप्रत्ययो नारकदेवानाम् ॥ १-२२ ॥

**टी०** तत्रेति तयोरुद्घट्टितयोर्द्वयोराद्यस्तावदुच्यते, तमाह-**भवप्रत्ययो**ऽवधिः **नारकदेवानाम्** । नारकदेवानामित्यमुमवयवं विवृणोति -

**भा० नारकाणां देवानां च यथास्वं भवप्रत्ययमवधिज्ञानं भवति । भवप्रत्ययं भवहेतुकं भवनिमित्तमित्यर्थः । तेषां हि भवोत्पत्तिरेव तस्य हेतुर्भवति, पक्षिणामाकाशगमनवत्, न शिक्षा न तप इति ॥२२॥**

**टी० नारकाणामित्यादिना** । [1]नरकाः [2]रत्नशर्करादिसन्निविष्टा [3]उष्ट्रिकाकृतयः, तेषु भवाः अतिप्रकृष्टदुःखोपेताः प्राणिनो नारकाः । देवाः भवनपत्यादयः शुभकर्मफलभुजः, तेषाम् ।

---

ક્ષય = નાશ થયેલો હોય અને ઉદયમાં નહીં આવેલ કર્મનો ઉપશમ એટલે કે ઉદયમાં આવવાનો વિઘાત/અટકાવ થયેલો હોય તે 'ઉપશમ' કહેવાય. તે કારણભૂત એવા ક્ષય અને ઉપશમ (ક્ષયોપશમ) વડે જે અવધિજ્ઞાન ઉદયમાં આવે તે **ક્ષયોપશમ-નિમિત્તવાળું** કહેવાય અને તે મનુષ્ય અને તિર્યંચ જીવોને હોઈ શકે છે. (૧-૨૧)

(**અવતરણિકા :** ભવ-પ્રત્યયવાળુ અવધિજ્ઞાન કોને હોય તે જણાવવા કહે છે-)

**તત્ર ભવ-પ્રત્યયો નારક-દેવાનામ્** ॥ ૧-૨૨ ॥

**સૂત્રાર્થ :** તેમાં (તે બેમાં) ભવ-પ્રત્યયવાળું અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે.

**પ્રેમપ્રભા : तत्र** એટલે પૂર્વે બતાવેલ તે બે પ્રકારના અવધિજ્ઞાન પૈકી પહેલું કહેવાય છે. ભવ-પ્રત્યય = ભવનિમિત્તક અવધિજ્ઞાન નારક અને દેવના જીવોને હોય છે. **नारकदेवानां** એવા સૂત્રાંશનું વિવરણ કરતા ભાષ્યમાં કહે છે-

**ભાષ્ય : નારક અને દેવોને યથાયોગ્ય ભવ-પ્રત્યયવાળુ અવધિજ્ઞાન હોય છે. ભવ-પ્રત્યય એટલે ભવ-હેતુક. અર્થાત્ ભવરૂપ નિમિત્તથી થનારું. કારણ કે, તે જીવોને ભવની ઉત્પત્તિ એ જ તેનો (અવધિજ્ઞાનનો) હેતુ બને છે. પક્ષીઓને આકાશમાં ગમનની જેમ તેમાં (ભવ જ હેતુ છે, પણ) શિક્ષા કે તપ એ હેતુ નથી (તેમ અહીં સમજવું.)**

**પ્રેમપ્રભા :** નરક એટલે રત્ન, શર્કરા (કાંકરા) આદિ તે જેના ઉપર પાથરેલાં છે એવી (અથવા તેના વડે બનેલી) ઊંટડીની આકૃતિ (આકાર)વાળી પૃથ્વીઓ. તે **નરક** કહેવાય.

---

१. पादिषु । नार० मु. । २. पू. । काः शर्करासं० मु. । ३. पू. । निविष्टोष्ट्रिका० ४. पादिषु । फल० ना. मु. ।

**यथास्वमि**ति। यस्य यस्यात्मीयं यद्यदित्यर्थः । तद् यथा-रत्नप्रभापृथिवीनरकनिवासिनां ये सर्वोपरि तेषां अन्यादृशम्, ये तु तेभ्योऽधस्तात् तेषां तस्यामेवावनावन्यादृक् प्रस्तरापेक्षयेति। एवं सर्वपृथिवीनारकाणां यथास्वमित्येतन्नेयम् । देवानामपि यद् यस्य सम्भवति तच्च यथा-स्वमिति विज्ञेयम्, **भवप्रत्ययं** भवकारणं अधोऽधो विस्तृतविषयमवधिज्ञानं भवति । प्रत्ययशब्दश्च विज्ञाने प्रसिद्ध इत्यतोऽर्थान्तरवृत्तितां दर्शयति-**भवप्रत्ययं भवहेतुकं । भवनिमित्तमि**ति, भवः प्रत्ययो-हेतुर्निमित्तमस्य तद्भवप्रत्ययमिति ॥ **ननु** च क्षयोपशमनिमित्ततां ज्ञानाज्ञानादिसूत्रे कथयिष्यति भवानवधेः[2], कथमौदयिको भवोऽस्य निमित्तमिति ? **उच्यते**-तस्मिन्[3] भवे

(આવી સાત નરકો છે.) **तेषु भवाः इति नारकाः** । તે નરકોમાં ઉત્પન્ન થનારા - અત્યંત પ્રકૃષ્ટ દુઃખથી યુક્ત એવા પ્રાણીઓ તે **'નારક'** કહેવાય. તથા શુભ(પુણ્ય) કર્મને ભોગવનારા એવા ભવનપતિ વગેરે **'દેવો'** કહેવાય. આવા નારક અને દેવોનું યથાયોગ્ય ભવ-પ્રત્યયવાળું અવધિજ્ઞાન હોય છે. **યથાસ્વ** = એટલે જેનું જેનું (દેવાદિ જીવોનું) આત્મીય = પોતીકું જે જે હોય તે **યથાસ્વ** કહેવાય. તે આ રીતે - રત્નપ્રભા નામની પ્રથમ પૃથ્વીરૂપી નરકમાં નિવાસ કરનારા નારકોમાં જે સૌથી ઉપર રહેલાં હોય, તે જીવોનું અન્ય પ્રકારનું અવધિજ્ઞાન હોય. વળી જે નારક-જીવો તે જ પૃથ્વીમાં પ્રતરની અપેક્ષાએ નીચે રહેનારા હોય તેઓનું અવધિજ્ઞાન જુદા પ્રકારનું હોય છે. (અર્થાત્ રત્નપ્રભા રૂપ પ્રથમ પૃથ્વીમાં ૧૩ પ્રતરો (મકાનમાં જુદા જુદા માળ હોય તેવા ઉપર-નીચે પડતાં વિભાગો) છે. તેમાં પહેલી પ્રતરના નારકો કરતાં બીજી પ્રતરના નારકોનું અવધિજ્ઞાન જુદા જ પ્રકારનું હોય છે. આ પ્રમાણે સર્વ (સાતેય) પૃથ્વીના નારકોનું યથાયોગ્ય = પોતપોતાને ઉચિત અવધિજ્ઞાન હોય છે એમ વિચારવું.

આ પ્રમાણે દેવો સંબંધી પણ જે જેને સંભવતું હોય તે અવધિજ્ઞાન તે દેવોનું કહેવું તે યથાસ્વ = યથાયોગ્ય જાણવું. **ભવ-પ્રત્યય** એટલે ભવ (જન્મ)રૂપ કારણવાળું-નીચે નીચેના વિસ્તૃત વિષયવાળું અવધિજ્ઞાન ઉપર ઉપરના દેવોને હોય છે. 'પ્રત્યય' શબ્દ એ વિજ્ઞાન = પ્રતીતિ એવા અર્થમાં પ્રસિદ્ધ છે આથી અહીં બીજા અર્થમાં છે એમ બતાવતાં ભાષ્યમાં કહે છે - ભવપ્રત્યય, એટલે ભવહેતુક, ભવનિમિત્તક... 'ભવ' જેનો પ્રત્યય = હેતુ, નિમિત્ત હોય તે અવધિજ્ઞાન **'ભવ-પ્રત્યય'** કહેવાય.

**શંકા : ज्ञानाज्ञानदर्शनदानादि०** (૨-૫) સૂત્રમાં અવધિજ્ઞાન એ ક્ષયોપશમ-નિમિત્તવાળું છે એમ આપ કહેવાના છો. તો પછી ઔદયિકભાવરૂપ 'ભવ' એ આનુ

१. पादिषु । जै. । तुकं भवति० मु. अधिकः । २. पादिषु । भवावधेः० मु. । ३. पादिषु, कै. । मिन्नेव० मु. ।

क्षयोपशमलब्धेरवश्यंभावादित्युक्तं किं विस्मर्यते[1] भवता ? एतदाह-**तेषामित्यादिना । तेषां** नारकदेवानां यस्मान्नारकदेवभवोत्पत्तिलाभ एव[2] तस्य अवधिज्ञानस्य हेतुः-कारणं भवतीति । भवोत्पत्तिरेवेति च नियम [3]एवं दृश्यो - विद्यमानमपि क्षयोपशममनङ्गीकृत्य यदेव क्षयोपशमस्य कारणमसाधारणं तत्रैवादरमादधान एवमुक्तवान् भवोत्पत्तिरेवेति, न पुनर्भव एवास्य निमित्तमिति, क्षयोपशमस्याप्याश्रितत्वादिति । यद् वाऽन्यत्रापि भव एव केवलो निमित्तं भवति कस्यचित् कार्यविशेषस्य तथा दर्शयति-**पक्षिणामित्यादिना । पक्षिणां** मयूरशुकसारिकादीनां यथा **आकाशगमनशक्तिः** प्रादुर्भवति, **शिक्षां** अन्योपदेशरूपां **तपश्च** अनशनादिरूपमन्तरेण तद्वन्नारकदेवानां शिक्षां तपश्चान्तरेण तदवधिज्ञानं प्रादुरस्तीति ॥ २२ ॥

નિમિત્ત શી રીતે બને ? **સમાધાન :** તે ભવ પ્રાપ્ત થયે છતે ક્ષયોપશમ રૂપ લબ્ધિ (શક્તિ) અવશ્ય ઉત્પન્ન થતી હોવાથી ભવ એ અવધિજ્ઞાનનું નિમિત્ત છે, એમ પૂર્વે કહેલું છે, તે આપના વડે કેમ ભૂલી જવાય છે ? (અર્થાત્ પૂર્વોક્ત વાતને યાદ કરશો તો જરૂર સમાધાન થઈ જશે, પ્રશ્ન જ નહીં ઉઠે.)

આ હકીકતને સ્પષ્ટ કરતાં ભાષ્યકાર કહે છે - "તેઓને ભવોત્પત્તિ જ અવધિજ્ઞાનનું કારણ બને છે." અર્થાત્ તે નારક અને દેવોને જે કારણથી નારક અથવા દેવરૂપ ભવની ઉત્પત્તિ રૂપ લાભ/પ્રાપ્તિ જ તે અવધિજ્ઞાનનું કારણ બને છે, માટે ભવ-પ્રત્યય કહેવાય. 'ભવોત્પતિ જ (હેતુ છે)' એ પ્રમાણે **एव** = જકાર વડે જે નિયમ કરેલો છે તે આ પ્રમાણે સમજવો, 'ક્ષયોપશમરૂપી કારણ વિદ્યમાન હોવા છતાં પણ તેનો અંગીકાર/સ્વીકાર ન કરીને ક્ષયોપશમનું જે (ભવોત્પત્તિરૂપ) અસાધારણ કારણ છે, તેમાં જ આદર રાખતાં ભાષ્યકારે 'ભવોત્પત્તિ જ' **( भवोत्पत्तिरेव )** એમ કહેલું છે. બાકી તો 'ભવ' જ કારણ છે એવું નથી. કેમ કે, (ભવના નિમિત્તે થતાં) ક્ષયોપશમનો પણ અવધિજ્ઞાનના કારણ તરીકે આશ્રય કરેલો છે.

અથવા અન્ય ઠેકાણે પણ જે રીતે કોઈ કાર્ય-વિશેષનું કારણ ફક્ત 'ભવ' જ બને છે, તે પ્રમાણે દૃષ્ટાંતથી બતાવતાં ભાષ્યકાર કહે છે 'પક્ષીઓના આકાશ-ગમન = આકાશમાં ઉડવાની શક્તિની જેમ... અર્થાત્ મોર, પોપટ, મેના વગેરે પક્ષીઓની આકાશમાં ગમન કરવાની (ઉડવાની) શક્તિ જેમ તે તે ભવના નિમિત્તથી જ પ્રગટ થાય છે, પણ તેમાં શિક્ષા એટલે કે બીજાનો ઉપદેશ અથવા અનશન (ઉપવાસ) આદિ રૂપ તપ કારણ બનતો નથી, તેમ પ્રસ્તુતમાં પણ નારક અને દેવોને ઉપદેશ (શિક્ષણ) અથવા તપશ્ચર્યા વિના

१. पादिषु । स्मार्य० मु. । २. सर्वप्रतिषु । एवं० मु. । ३. सर्वप्रतिषु । एव० मु. ।

द्विविधोऽवधिरित्युक्तम्, तत्रैकं भेदं प्रतिपाद्यं द्वितीयं[1] भेदं दर्शयन्नाह-**यथोक्तमि**त्यादि। अथवा देवनारकावधिर्यथा भवं क्षयोपशमं चोभयमपेक्षते एवं किं क्षयोपशमजोऽपि[2] अवश्यं मनुष्यादिभवे प्राप्ते भवत्येव उत नेति ? । **उच्यते**-न तत्र भवः सन्नपि कारणतयाऽभ्युपेयते, तद्भावेऽप्यभावादवधेः, किन्तु क्षयोपशम एव प्राधान्येन निरूप्यते-

## सू० यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥ १-२३ ॥

(તે તે ભવ લેવા માત્રથી) અવધિજ્ઞાન પ્રગટ થાય છે અર્થાત્ તેમાં 'ભવ' જ મુખ્ય કારણ માનેલું છે. એમ જાણવું. (૧-૨૨)

**ચંદ્રપ્રભા :** તે ભવનું ગ્રહણ કર્યા પછી ક્ષયોપશમ થાય છે અને તેના દ્વારા અવધિજ્ઞાન પ્રગટ થાય છે. જેમ "દાનથી ભોગ (સુખસામગ્રી) મેળવે છે." (**दानेन भोगानाप्नोति ।**) એમ કહેવાતાં 'દાન એ ભોગનું મુખ્ય કારણ છે' એમ જ કહેવાનો આશય છે. પણ સીધેસીધું દાન એ ભોગની પ્રાપ્તિ કરાવતું નથી. કિંતુ, પુણ્ય = શુભકર્મનો બંધ કરાવવા દ્વારા તે ફળ આપે છે. આથી દાનથી પુણ્ય અને પુણ્યથી ભોગસુખ એમ કહેવું ઉચિત હોવા છતાંય દાન એ મુખ્ય કારણ (કરણ) હોવાથી 'દાનથી ભોગ મેળવે છે' એમ કહેવાય છે. બાકી વચ્ચે માધ્યમ = વ્યાપાર = દ્વાર તરીકે ભાગ ભજવતો પુણ્યબંધ પણ તેમાં નિમિત્તભૂત છે જ. તેમ પ્રસ્તુતમાં પણ અવધિજ્ઞાન થવામાં ક્ષયોપશમ એ કારણ તરીકે હોવા છતાંય 'ભવ'ની મુખ્યતા હોવાથી તેને કારણ કહેલું છે, એમ સમજવું.

**અવતરણિકા :** 'બે પ્રકારનું અવધિજ્ઞાન છે, એમ કહ્યું. તે બે ભેદ પૈકી એક ભેદનું કથન કરીને હવે બીજા ભેદને બતાવતાં સૂત્રકારશ્રી **ઉમાસ્વાતિજી મહારાજ** નવું સૂત્ર કહે છે - **यथोक्तनिमित्तः०** વગેરે. **અથવા પ્રશ્ન :** દેવ અને નારક જીવોનું અવધિજ્ઞાન એ જેમ ૧. ભવ અને ૨. ક્ષયોપશમ એ બેની અપેક્ષા રાખે છે એ પ્રમાણે જે ક્ષયોપશમથી થનારું અવધિજ્ઞાન છે, એ પણ શું મનુષ્ય આદિ ભવની પ્રાપ્તિ થયે છતે અવશ્ય પ્રગટ થાય છે કે નથી થતું ?

**જવાબ :** ના, ક્ષયોપશમ-જન્ય અવધિજ્ઞાન થવામાં મનુષ્ય આદિ ભવ હોવા છતાં પણ તેનો કારણ તરીકે સ્વીકાર કરાતો નથી. કારણ કે મનુષ્ય આદિ ભવ પામવા છતાંય અવધિજ્ઞાનનો અભાવ હોય છે. (આમ અનિયત હોવાથી 'ભવ'ને કારણ મનાતું નથી.) કિંતુ, ક્ષયોપશમ જ પ્રધાનપણે તેના કારણ તરીકે કહેવાય છે. આ વાત જણાવતાં સૂત્રમાં કહે છે-

## यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥ १-२३ ॥

१. पादिषु । द्वितीयभे० मु. । २. पादिषु । शमोऽपि० मु. ।

**टी० यथोक्तनिमित्त** इत्यादिना । **यथा**-येन प्रकारेण **उक्तं**-उदितं **निमित्तं**-हेतुरस्य स **यथोक्तनिमित्तः** । **ननु** भवोऽपि उदितं निमित्तं तस्येत्याशङ्क्य स्वयमेनं यथोक्त[1]-निमित्तशब्दमुच्चार्यार्थं कथयति -

**भा० यथोक्तनिमित्तः, क्षयोपशमनिमित्त इत्यर्थः । तदेतदवधिज्ञानं क्षयोपशमनिमित्तं षड्विधं भवति । शेषाणामिति नारकदेवेभ्यः शेषाणां तिर्यग्योनिजानां मनुष्याणां च । ज्ञानावरणीयस्य कर्मणः क्षयोपशमाभ्यां भवति षड्विधम् । तद् यथा-**

**टी० यथोक्तनिमित्त** इति । **क** उक्त एवं बुद्धिर्भवेत् ? **उच्यते**- [2]एवं **क्षयोपशमनिमित्त इत्यर्थः**, क्षयश्चोपशमश्च क्षयोपशमौ तौ निमित्तमस्य अत एवमभिधीयते क्षयोपशमनिमित्त इति, यथा सम्यग्दर्शनादि क्षयोपशमनिमित्तं तद्वदेष इति । **षडिति** सङ्ख्येयप्रधान-

---

**સૂત્રાર્થ :** જે પ્રમાણે કહેલું છે તે પ્રમાણે નિમિત્તવાળું = ક્ષયોપશમ રૂપ નિમિત્તવાળું છ પ્રકારનું અવધિજ્ઞાન શેષ (મનુષ્યાદિ) જીવોને હોય છે.

**પ્રેમપ્રભા : યથા** = જે પ્રકારે કહેલું છે નિમિત્ત જેનું તે યથોક્ત-નિમિત્તવાળું અવધિજ્ઞાન છે. **શંકા :** 'ભવ'ને પણ તે અવધિજ્ઞાનના નિમિત્તરૂપે કહેલું છે ? (તો શું તેનું ગ્રહણ કરવાનું છે ?) આવી શંકા ઉઠાવીને ભાષ્યકાર ભગવંત સ્વયં આ 'યથોક્ત-નિમિત્ત' શબ્દનો ઉચ્ચાર કરીને તેનો અર્થ કહે છે-

**ભાષ્ય : યથોક્ત-નિમિત્તવાળું એટલે ક્ષયોપશમ-નિમિત્તવાળું. આમ આ અવધિજ્ઞાન ક્ષયોપશમ નિમિત્તવાળું છ પ્રકારનું છે. શેષાણામ્ એટલે નારક અને દેવો સિવાયના શેષ તિર્યંચયોનિમાં ઉત્પન્ન થનારા અને મનુષ્ય જીવોને હોય છે.**

**(અવધિ) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી છ પ્રકારનું હોય છે. તે આ પ્રમાણે-**

### ✻ ક્ષયોપશમના ભેદથી છ પ્રકારનું અવધિજ્ઞાન ✻

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** એવું શું કહેલુ છે જેના વિષે આવી (યથોક્તનિમિત્તરૂપ) બુદ્ધિ થાય છે ? **જવાબ :** 'યથોક્ત-નિમિત્તવાળુ'નો અર્થ ક્ષયોપશમ-નિમિત્તવાળું એમ થાય છે. ક્ષય અને ઉપશમ એ બે આના (અવધિજ્ઞાનના) નિમિત્ત છે, આથી તે ક્ષયોપશમ-નિમિત્ત(વાળું) અવધિજ્ઞાન કહેવાય છે. જેમ સમ્યગ્દર્શન વગેરે ક્ષયોપશમ રૂપ નિમિત્તવાળા છે, તેમ આ અવધિજ્ઞાન પણ તેવું સમજવું.

---

१. पादिषु । थोक्तं नि० मु. । २. पादिषु । ते एवं० पू. ।

सङ्ख्याभिधायी, विकल्प इत्यनेकरूपं यत् कल्पनं या[1]ऽवस्थानेकरूपेत्यर्थः। षड् विकल्पा यस्य स षड्विकल्प इत्यवधिसम्बन्धे षड्विकल्पोऽवधिः पुल्लिङ्गता[2] । यदा त्ववधिशब्दः प्रकृतस्य ज्ञानस्य विशेषणं भवति तदा नपुंसकलिङ्गता षड्विधमिति। एतदाह-**तदेतदित्यादि**[3] । **तदिति** पुरस्ताद् यदुक्तं, **एतदिति** भवतः प्रत्यक्षं, हृदि विपरिवर्तमानत्वात्, अवधिज्ञानं क्षयोपशमजं, नेतरत्, षड्विधं भवति, षड्विधक्षयोपशमसद्भावादित्यर्थः । केषां षोढा ? अत आह-**शेषाणाम्** । अस्य चार्थं विवृणोति-**शेषाणामित्यादिना** । शेषाणामुपर्युक्त[4]वर्जितानाम्, ते के चोपर्युक्ताः[5] ? देवनारकाः, तेभ्यो[6] शेषाणाम्, तद्वर्जाश्च नान्ये तिर्यङ्मनुष्यान् अन्तरेण सन्तीत्यत आह-**तिर्यग्योनिजानां मनुष्याणां च,** तिरश्चां गवादीनां योनिः-उत्पत्तिस्थानं

---

**षड्विकल्पः** માં **षड्** (=છ) શબ્દ એ સંખ્યેય (=જેની સંખ્યા કરવાની છે તે સંખ્યાવાળી વસ્તુ) રૂપ અર્થની પ્રધાનતાવાળો હોયને સંખ્યાને જણાવનારો શબ્દ છે. 'વિકલ્પ' એટલે અનેકરૂપે જે કલ્પવું, (ભેદ પાડવો.) અર્થાત્ વસ્તુની અનેક પ્રકારની જે અવસ્થા તે વિકલ્પ કહેવાય. છ વિકલ્પ (ભેદ-અવસ્થા) છે જેના તે છ-વિકલ્પવાળો અવધિ છે. 'અવધિ' શબ્દ એ પુલ્લિગ છે. આથી 'અવધિ' શબ્દ સાથે સંબંધ થવાથી **षड्विकल्पः अवधिः** એમ પુલ્લિંગપણું થયું છે અને જ્યારે 'અવધિ' શબ્દ પ્રકૃત = મૂળભૂત 'જ્ઞાન' શબ્દનું વિશેષણ બને છે ત્યારે 'અવધિજ્ઞાન' એમ 'જ્ઞાન' શબ્દની અપેક્ષાએ '**षड्विधम्**' એમ નપુસંકલિંગપણું થાય છે.

આ જ વાત સમસ્ત સૂત્રાર્થરૂપે ભાષ્યમાં કહે છે - તે આ ક્ષયોપશમ-નિમિત્તવાળું છ-પ્રકારવાળું અવધિજ્ઞાન શેષ = મનુષ્યાદિને હોય છે. **तद्** = એટલે પૂર્વે જે (અવધિજ્ઞાન) કહેલું છે તે એટલે 'આ આપના હૃદયમાં વિચારાતું હોવાથી પ્રત્યક્ષ એવું અવધિજ્ઞાન કે જે ક્ષયોપશમથી ઉત્પન્ન થનારું છે તે લેવું, બીજું નહીં.' તે છ પ્રકારનું છે, કારણ કે ક્ષયોપશમ છ પ્રકારના છે.

**પ્રશ્ન :** છ પ્રકારનું અવધિજ્ઞાન કોને હોય છે ? **જવાબ :** શેષ જીવોને હોય છે. **शेषाणाम्** પદનો અર્થ જણાવતાં ભાષ્યમાં કહે છે - ઉપયુક્ત એટલે કે પૂર્વે કહેવાયેલાં સિવાયના શેષ છે. **પ્રશ્ન :** પૂર્વે કોણ કહેવાયેલાં ? **જવાબ :** દેવ અને નારકો પૂર્વે કહેવાયેલાં છે - તે સિવાયના જીવો તિર્યંચ અને મનુષ્ય સિવાય અન્ય કોઈ નથી અર્થાત્ તિર્યંચ અને મનુષ્ય જ શેષ જીવો છે. આથી કહે છે કે, તિર્યંચ યોનિજ અને મનુષ્યો હોય

---

१. ख.पू. । यावत् स्थानै रूपैरित्यर्थः० मु. । २. पादिषु । ङ्गता० पू. । ३. पादिषु त्यादिषु० पू. । ४-५. सर्वप्रतिषु । पर्यु० मु. । ६. पू. । तेभ्यो देव नारकेभ्य. मु. अधिकः ।

गर्भादि तत्र [1]जायन्त इति तिर्यग्योनिजाः पञ्चेन्द्रियाः पर्याप्ताः संज्ञिनो ग्राह्याः, तेषामेव तेन योगात्, असंज्ञिपञ्चेन्द्रियादीनां तु तदभावः, अतस्तेषां, मनुष्याणां च गर्भजादिविशिष्टानां, न तु संमूर्च्छ[2]नजानामिति । **कथं** पुनरेकं सत् षड्विधमिति व्यपदिश्यते ? । **आह**- उपाधिभेदात् । स चोपाधिः क्षयोपशमोऽनेकरूपः ज्ञानावरणीयकर्मण इत्येतद् दर्शयति- **ज्ञानमवधिस्तस्य आवरणीयम्**-आच्छादकं भास्करस्येवाभ्रादि तस्य ज्ञानावरणीयस्य कालान्तरकृतस्य **कर्मणः क्षयोपशमाभ्यां** उक्तस्वरूपाभ्यां **षड्विधं भवति** । द्विवचनं चास्मात् क्षयोपशमाभ्यामित्येतत् क्रियते-यत उभावपि तस्य समुदितौ सन्तौ निमित्तं भवतः,

---

છે. તેમાં તિર્યંચ એટલે ગાય વગેરેની યોનિ = ઉત્પત્તિસ્થાન, ગર્ભ આદિ... તેમાં ઉત્પન્ન થનારા તિર્યંચ યોનિજ અર્થાત્ તિર્યંચ કે જેઓ પાંચ-ઇન્દ્રિયવાળા = પંચેન્દ્રિય, પર્યાપ્ત અને સંજ્ઞી હોય તે લેવા.

**ચંદ્રપ્રભા :** છ પ્રકારની પર્યાપ્તિઓને અવશ્ય પૂરી કરીને જ મૃત્યુ પામનારા જીવો 'પર્યાપ્ત' કહેવાય. 'પર્યાપ્ત' એટલે જીવને પુદ્ગલની સહાયથી જીવવા માટેની એક પ્રકારની શક્તિ. તે છ છે. (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોચ્છ્વાસ (૫) ભાષા અને (૬) મન. આનું વિશેષ સ્વરૂપ જીવવિચાર આદિ ગ્રંથોથી જાણવું. કેમ કે તેઓને જ અવધિજ્ઞાનનો સંબંધ (યોગ) થાય છે. પણ બીજા અસંજ્ઞી પંચેન્દ્રિય આદિ જીવોને અવધિજ્ઞાન સાથે સંબંધનો અભાવ હોય છે. આથી પૂર્વોક્ત શેષ જીવોનું જ ગ્રહણ કરવું. મનુષ્યોમાં પણ ગર્ભજ આદિ વિશિષ્ટ મનુષ્યોનું ગ્રહણ કરવું પણ, સંમુર્ચ્છનજ = સંમુચ્છિમ મનુષ્યોનું ગ્રહણ ન કરવું.

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** એક જ અવધિજ્ઞાન હોવા છતાં છ પ્રકારનું શાથી કહેવાય છે ?

**જવાબ :** ઉપાધિના એટલે કે હેતુના ભેદથી (કાર્યનો = ઉપધેયનો ભેદ પડે છે.) અને તે ઉપાધિ = હેતુ પ્રસ્તુતમાં જ્ઞાનાવરણીય કર્મનો અનેક પ્રકારનો ક્ષયોપશમ છે. આ હકીકતને બતાવતાં ભાષ્યકાર કહે છે - 'જ્ઞાનાવરણીય કર્મના (અનેક પ્રકારના) ક્ષયોપશમથી છ પ્રકારનું અવધિજ્ઞાન છે.' જ્ઞાન એટલે અવધિજ્ઞાન તેનું આવરણીય એટલે વાદળ વગેરે સૂર્યને આચ્છાદિત કરે, તેની જેમ આચ્છદન કરનારું તે (અવધિ) જ્ઞાનાવરણીય કર્મ કે જે પૂર્વે અન્ય કાળે બાંધેલું હતું, તેનો પૂર્વે કહ્યા મુજબ (જુદા જુદા પ્રકારે) ક્ષયોપશમ થવાથી છ ભેદવાળું થાય છે. (અર્થાત્ કારણભૂત ક્ષયોપશમના છ ભેદો થવાથી તેનાથી થતું અવધિજ્ઞાન રૂપ કાર્ય પણ છ ભેદવાળું થાય છે એમ કહેવાનો

---

१. पादिषु । जन्यन्ते० मु. । २. ख.पू. । मूर्च्छजा० मु. ।

नैकैक इति । यतो न क्षायिकं किञ्चिदवधिज्ञानं, नाप्यौपशमिकं सिद्धान्ते पठितं, उभय[1]निमित्तं तूक्तम् । तत् षड्विधं यैः प्रकारैर्व्यवस्थितं तथोपन्यस्यती[2]ति -

**भा० अनानुगामिकं, आनुगामिकं, हीयमानकं, वर्धमानकं, अनवस्थितं, अवस्थितमिति । तत्रानानुगामिकं यत्र क्षेत्रे स्थितस्योत्पन्नं ततोऽप[3]क्रान्तस्य प्रतिपतति, प्रश्नादेशपुरुषज्ञानवत् ।**

**टी० अनानुगामिकम**ित्यादिना । उपन्यस्य चार्थं कथयति-तत्र तेषु षट्सु **अनानुगामिकं** अनुगच्छत्यवश्यमनुगामि तदेवानुगामिकमाङ्पूर्वम्, अनुगमप्रयोजनं वा आनुगामिकं, तस्य

ભાવ છે.)

ભાષ્યમાં **क्षयोपशमाभ्याम्** - એમ 'ક્ષયોપશમ' શબ્દથી દ્વિ-વચનનો પ્રયોગ કરેલો છે. કારણ કે, (અવધિ-જ્ઞાનાવ. કર્મનો) 'ક્ષય' અને 'ઉપશમ' એ બેય ભેગા હોય તો જ અવધિજ્ઞાનનું નિમિત્ત બને છે, પણ પ્રત્યેક છૂટા છૂટા હોય તો કારણ બનતાં નથી. કારણ કે સિદ્ધાંતમાં (આગમમાં) અવધિજ્ઞાનને ક્ષયથી ઉત્પન્ન થનારું ક્ષાયિક કહેલું નથી કે ઔપશમિક = ઉપશમ વડે થનારું પણ કહેલું નથી, કિંતુ ઉભય-નિમિત્તવાળું કહેલું છે. અર્થાત્ ક્ષય અને ઉપશમ એ બેય ભેગા જ અવધિજ્ઞાનના નિમિત્ત બને છે. **तत् यथा** - તે છ પ્રકારનું અવધિજ્ઞાન જે પ્રકારે છે, વ્યવસ્થિત રહેલું છે, તે પ્રમાણે તેને ભાષ્યમાં કહે છે-

**ભાષ્ય : (૧) અનાનુગામિક (૨) આનુગામિક (૩) હીયમાનક (૪) વર્ધમાનક (૫) અનવસ્થિત (૬) અવસ્થિત (એમ છ પ્રકારે અવધિજ્ઞાન છે.)**

**તેમાં (૧) અનાનુગામિક : એટલે જે ક્ષેત્રમાં રહેલાંને ઉત્પન્ન થાય ત્યાંથી ખસીને અન્ય ઠેકાણે જતા પડી જાય તે અનાનુગામિક અવધિજ્ઞાન કહેવાય. તે પ્રશ્નનો આદેશ કરનાર પુરુષના જ્ઞાન જેવું હોય છે.**

### ❋ દ્રષ્ટાંત સહિત અનાનુગામિક અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં અવધિજ્ઞાનના અનાનુગામિક વગેરે છ પ્રકાર કહીને તેનો અર્થ જણાવતાં ભાષ્યકાર કહે છે - તેમાં એટલે કે તે છ ભેદો પૈકી પહેલું અનાનુગામિક અવધિજ્ઞાન કહેવાય છે. તેની વ્યુત્પત્તિ-અર્થ આ પ્રમાણે છે - **अनुगच्छति अवश्यम्** -

१. ख.पू. । उभय ना. मु. । २. पादिषु । स्यति- मु. । ३. टाकानु० । प्रच्युतस्य० मु. ।

प्रतिषेधोऽनानुगामिकमिति । अर्थमस्य भावयति-**यत्रे**त्यादिना । **यत्र क्षेत्रे** प्रतिश्रयस्थानादौ **स्थितस्येति** कायोत्सर्गक्रियादिपरिणतस्य **उत्पन्नम्** उद्भूतं भवति तेन चोत्पन्नेन यावत् तस्मात् स्थानान्न निर्याति तावज्जानात्[1]त्यर्थम् । **ततोऽपक्रान्तस्य** स्थानान्तरवर्तिनः **प्रतिपतति** नश्यति । कथमिव ? **उच्यते-प्रश्नादेशपुरुषज्ञानवत्** । **प्रश्नः** [2]प्रच्छनं जीवधातुमूलानां तं प्रश्नमादिशतीति प्रश्नादेशः, प्रश्नादेशश्चासौ पुरुषश्चेति प्रश्नादेशपुरुषः, तस्य ज्ञानं तेन तुल्यमेतद् दृश्यम्, पुरुषप्रश्नादेशज्ञानवदित्येवं गमकत्वम्, अथवा प्रश्नादे[3]शप्रधानपुरुषस्तन्निष्ठः तत्परायणस्तस्य ज्ञानं तद्वदिति । का पुनर्भावना ? यथा नैमित्तिकः कश्चिदादिशन् कस्मिंश्चिदेव स्थाने शक्नोति

જે અવશ્ય પાછળ જાય તે 'અનુગામી'. આ જ શબ્દને **आ ( आङ्)** શબ્દપૂર્વક કહીએ તો **( आ + अनुगामी ) 'आनुगामिक'** શબ્દ બને. ( **क** પ્રત્યય સ્વાર્થમાં લાગેલો જાણવો. ) અથવા બીજી રીતે - 'અનુગમ છે પ્રયોજન જેનું તે અનુગમ-પ્રયોજનવાળું **'આનુગામિક'** કહેવાય. (**अनुगमः प्रयोजनं यस्य, अनुगम + इकण्** પ્રત્યય લાગવાથી બનેલો છે.) તેનો પ્રતિષેધ તે (**न आनुगामिकः इति**) 'અનાનુગામિક' કહેવાય. શબ્દનો વિચાર કરીને હવે આનો અર્થનો વિચાર કરતાં ભાષ્યમાં કહે છે - જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાંથી ખસીને બીજે જાય તો પડી જાય. જે ક્ષેત્ર એટલે ઉપાશ્રય વગેરે સ્થાનોમાં રહેલા અર્થાત્ કાર્યોત્સર્ગની ક્રિયા વગેરે અવસ્થામાં રહેલ વ્યક્તિને ઉત્પન્ન થયું હોય, તે વ્યક્તિ ઉત્પન્ન થયેલાં તે અવધિજ્ઞાન વડે જયાં સુધી તે સ્થાનથી બહાર નીકળતો નથી ત્યાં સુધી જાણે છે, એમ અર્થ છે. તે સ્થાનથી નીકળી ગયેલ અર્થાત્ અન્ય સ્થાનમાં રહેલો હોય તો અવધિજ્ઞાન પડી જાય છે, નાશ પામે છે.

**પ્રશ્ન** : કોની જેમ નાશ પામે છે ? આમાં દૃષ્ટાંત શું છે ?

**જવાબ : પ્રશ્નાદેશપુરુષજ્ઞાનવત્** અર્થાત્ જીવ, ધાતુ, મૂળ વગેરે સંબંધી જે પ્રશ્ન (પૃચ્છા) કરેલ હોય, તેનો આદેશ કરે, જણાવે, ભવિષ્ય-કથન કરે તે (પ્રશ્નાદેશ રૂપ પુરુષ =) **પ્રશ્નાદેશપુરુષ** કહેવાય. તેનું જે જ્ઞાન, તેના તુલ્ય/સમાન આ અવધિજ્ઞાન હોય છે. આનો સીધો અન્વયપૂર્વકનો અર્થ છે - પુરુષના પ્રશ્નાદેશ કરનારું જે જ્ઞાન, તેના સરખુ આ અનાનુગામિક-અવધિજ્ઞાન હોય છે. અથવા પ્રશ્નાદેશ કરવામાં પ્રધાન પુરુષ એટલે કે પ્રશ્નાદેશમાં = ભવિષ્યનું કથન કરવામાં તત્પર હોય, કુશળ હોય તેવો પુરુષ... તેનું જે જ્ઞાન, તેના સરખુ અનાનુગામી અવધિજ્ઞાન હોય છે. કહેવાનો **ભાવ** આ છે કે,

१. ख.पू. । नातीत्यर्थः० मु. । २. पादिषु । पृच्छ० मु. । ३. पादिषु । कै. । देशः पुरु० मु. ।

संवादयितुं न सर्वत्र पृच्छ्यमानमर्थम्, एवं तदप्यवधिज्ञानं यत्र स्थितस्योपजातं तत्रस्थ एवोपलभते तेन नान्यत्रेति ।

**भा० आनुगामिकं यत्र क्वचिदुत्पन्नं क्षेत्रान्तरगतस्यापि न प्रतिपतति, भास्करप्रकाशवत् घटरक्तभाववच्च ।**

**टी० आनुगामिक**मेतद्विपरीतमिति । **यत्र क्वचिदा**श्रयादावुत्पन्नं तस्मात् **क्षेत्रान्तरगतस्यापि न प्रच्यवते, भास्करप्रकाशवत्,** यथाऽऽदित्यमण्डलभवः प्रकाशः प्राच्यां दिशि प्रकाशनीयं प्राचीकशत् तथा प्रतीचीमुखचुम्बिनोऽपि सवितुस्तावत् तमवकाशमुद्द्योतयति, प्रकाशो मनागपि न क्षीयते, **कुम्भरक्ततावद्** वा भावनीयम्, न हि घटस्य[1] पाकादुद्धृतस्य गृहतडाकादिनी[2]तस्य[3] रक्तता भ्रंशमश्नुते तद्वदानुगामिकमवधिज्ञानमिति ।

જેમ કોઈ નૈમિત્તિક એટલે કે નિમિત્તના આધારે ભવિષ્ય કહેનાર વ્યક્તિ તેને પુછાયેલ અર્થ સંબંધી જવાબ આપતાં અર્થાત્ ભવિષ્યનું કથન કરતાં કોઈક જ સ્થાને રહ્યો છતો સંવાદ = યથાર્થ કથન કરવાને સમર્થ થાય છે, પણ સર્વ ઠેકાણે પુછાયેલાં અર્થને વિષે સંવાદી કથન કરવાને સમર્થ બનતો નથી, એ પ્રમાણે આ અવધિજ્ઞાન પણ જે સ્થાનમાં રહ્યા છતાં ઉત્પન્ન થયું હોય તે સ્થાનમાં તે વ્યક્તિ રહ્યો હોય ત્યારે જ તેના વડે જાણે છે પણ અન્ય સ્થાનમાં ગયો હોય તો જાણી શકતો નથી.

**ભાષ્ય : જે કોઈ સ્થાનમાં ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન તેનાથી અન્ય ક્ષેત્રમાં તેનો માલિક જાય છતાં પણ નાશ પામતું નથી, તે આનુગામિક અવધિજ્ઞાન કહેવાય. દા.ત. સૂર્યનો પ્રકાશ અને ઘડાનો રક્ત વર્ણ...**

## ❋ દ્રષ્ટાંત-સહિત આનુગામિક અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** આ આનુગામિક અવધિજ્ઞાન પૂર્વના ભેદ કરતાં વિપરીત છે. જે કોઈ આશ્રય = ઉપાશ્રય વગેરે સ્થાનમાં ઉત્પન્ન થયું હોય ત્યાંથી અન્ય સ્થાને તેનો માલિક જાય તો પણ સૂર્યના પ્રકાશની જેમ પડતું નથી.

સૂર્ય-મંડળમાંથી ઉત્પન્ન થનારો પ્રકાશ જેમ પૂર્વ દિશામાં પ્રકાશિત કરવા યોગ્ય વસ્તુને પ્રકાશિત કરે છે તેમ પશ્ચિમ દિશાના મુખને ચુંબતા/સ્પર્શતા એવા પણ સૂર્યનો પ્રકાશ તેટલાં જ તે આકાશને (દિશા-વિભાગને) પ્રકાશિત કરે છે, કિંતુ જરા પણ ઓછો પ્રકાશિત કરતો નથી. અથવા તો કુંભની = ઘડાના લાલવર્ણની જેમ આ ભેદનો વિચાર

१. पू. । स्यापा० मु. । २. ख.पू. । गृह० ना. मु. । ३. दिना तस्य० मु. ।

पूर्वदृष्टान्ते च परोक्षः प्रकाशस्तावत्त्वेन क्षेत्रान्तरप्राप्तस्य सवितुः संदिग्धः अतः प्रत्यक्षं **घटरक्तताद**ृष्टान्तमुपादिताचार्यः ।

**भा० हीयमानकम्, असङ्ख्येयेषु द्वीपेषु समुद्रेषु पृथिवीषु विमानेषु तिर्यगूर्ध्वमधो वा यदुत्पन्नं क्रमशः [1]परिसंक्षिप्यमाणं प्रतिपतति आ अङ्गुलासङ्ख्येयभागात्, प्रतिपतत्येव वा परिच्छिन्नेन्धनोपादानसन्तत्यग्निशिखावत् ।**

**टी० हीयमानकं** हीयते क्रमेणाल्पीभवति यत् तद् हीयमानकम्, **असङ्ख्येयेषु** अतिक्रान्तशीर्षप्रहेलिकागणितेष्विति यावत्। **द्वीपा** जम्बूद्वीपादयः **समुद्रा** लवणादयः तेषु

કરવો. જેમ કુંભારના નિભાડામાંથી ઘડાને બરાબર પકાવીને બહાર નીકાળેલા હોય પછી ઘરે અથવા તળાવે લઈ જવાય ત્યારે અર્થાત્ તળાવના પાણીમાં ઝબોળાય તો પણ તે ઘડાની લાલાશ (લાલરંગ) નાશ પામતો નથી, તેમ આનુગામિક અવધિજ્ઞાન સમજવું. અર્થાત્ તે પણ અન્ય ક્ષેત્રમાં જનારનું નાશ પામતું નથી.

**શંકા :** એક જ વાત સમજવા બે દૃષ્ટાંત આપવાની શી જરૂર છે ?

**સમાધાન :** પહેલાં સૂર્ય-પ્રકાશના ઉદાહરણમાં બીજા ક્ષેત્રમાં ગયેલાં સૂર્યનો પ્રકાશ આપણે માટે પરોક્ષ હોયને તેટલો જ છે કે કેમ ? એ વાત સંદિગ્ધ = શંકાસ્પદ છે, આથી આચાર્ય ભગવંતે પ્રત્યક્ષ એવા ઘડાના લાલ વર્ણનું બીજું દૃષ્ટાંત આપેલું છે.

**ભાષ્ય : (૩) હીયમાનક : અસંખ્યાત દ્વીપો, સમુદ્રો, પૃથ્વીઓ, વિમાનોને, વિષે, તિર્ચ્છું, ઊર્ધ્વ અથવા અધઃ (નીચે તરફ) ઉત્પન્ન થયેલું જે અવધિજ્ઞાન ક્રમે કરીને (ધીમે ધીમે) સંક્ષેપ પામતું છતું અંગુલના અસંખ્યાતમાં ભાગ સુધી પડી જાય છે અથવા તો જેમાં ઇંધનના ગ્રહણની (પ્રક્ષેપની) પરંપરાનો સદંતર છેદ/નાશ થયો છે એવી અગ્નિની શિખાની જેમ સંપૂર્ણ પડી જાય છે નાશ પામે છે, તે હીયમાનક-અવધિજ્ઞાન કહેવાય છે.**

### ❋ દ્રષ્ટાંત સહિત હીયમાન અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે. **हीयते** - જે ક્રમશઃ હીન થાય, ઘટતું જાય તે 'હીયમાનક' કહેવાય. (**क** પ્રત્યય સ્વાર્થમાં લાગેલો છે.) શીર્ષપ્રહેલિકા નામના અંતિમ સંખ્યેય (સંખ્યાત) વિભાગના ગણિતને ઉલ્લંઘી જનારી સંખ્યા તે **'અસંખ્યેય'** કહેવાય. દ્વીપ તે જંબૂદ્વીપ વગેરે જાણવા. સમુદ્ર = તે લવણ સમુદ્ર વગેરે સમજવા. પૃથ્વી

१. टीकानु० । परि० ना. मु. ।

**पृथिवीषु** रत्नप्रभादिकासु, **विमानेषु** ज्योतिर्विमानादिषु, **तिर्यग्** द्वीपसमुद्रेषु, **ऊर्ध्वं** विमानेषु, **अधः** पृथिवीषु **यदवधिज्ञानमुत्पन्नं** भवति तत्[1] **क्रमशः परिसंक्षिप्यमाणं**-हीयमानं **प्रतिपतति** [2]नश्यति । यस्माद् यद्द्वीपानपश्यत्[3] तेषामेकं क्रोशं पुनर्न प्रेक्षते शेषं पश्यति, पुनरर्धयोजनं न पश्यति, एवं हीयमानं तावद्धीयते यावदङ्गुलाङ्ख्येयभागः शेषः, एतदाह-**आ अङ्गुलस्यासंख्येयभागात्** अ[4]ङ्गुलपरिमाणस्य क्षेत्रस्य असंख्येयानि खण्डानि कृतस्य एकस्मिन् असंख्येयभागे यावन्ति द्रव्याणि समवस्थितानि तानि पश्यतीत्यर्थः । ततः कदाचिदवतिष्ठते कदाचित् **प्रतिपतत्येव**, तान्यपि न पश्यतीत्यर्थः । अङ्गुलशब्दश्च परिभाषितार्थो द्रष्टव्यः, अन्यथा अङ्गुलासंख्येय-भागादिति भवितव्यम्, अन्येषां त्वेवंविधमेव भाष्यमिति । **कथं** हीयत इति **चेद्** ?

તે રત્નપ્રભા વગેરે. અને 'વિમાન' એટલે જ્યોતિષ-વિમાન વગેરે. આમ અસંખ્યાત એવા દ્વીપો, સમુદ્રો, પૃથ્વીઓ અને વિમાનોને વિષે દ્વીપ-સમુદ્રોની અપેક્ષાએ તિર્ચ્છું વિમાનોને આશ્રયીને ઉપર (ઊર્ધ્વ) અને પૃથ્વીઓની અપેક્ષાએ અધઃ-નીચેના ક્ષેત્રને વિષે જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય, તે ક્રમશઃ (ધીમે ધીમે) સર્વ બાજુએથી સંક્ષિપ્ત થતું થતું (ઘટતું જતું) પડી જાય છે, નાશ પામે છે. કેમ કે, પહેલાં તે અવધિજ્ઞાની પુરુષ જે દ્વીપોને જોતો હતો, તેમાંથી ૧ ક્રોશને જોતો નથી એટલું ન્યૂન જુએ છે, શેષ ક્ષેત્રને પૂર્વવત્ જુએ છે. વળી તેમાંથી ઘટતાં અડધા યોજન પ્રમાણ ક્ષેત્રને જોતો નથી. (શેષ જુએ છે.) આમ ઘટતાં ઘટતાં ત્યાં સુધી ઘટે છે જ્યારે અંગલના અસંખ્યાતમાં ભાગ જેટલું બાકી રહે. આ જ વાત ભાષ્યકાર કહે છે કે, અવધિજ્ઞાન ઘટતું ઘટતું ત્યાં સુધી ઘટે છે, જ્યારે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું ક્ષેત્ર બાકી રહે, અર્થાત્ અંગુલ (૧ આંગળ) જેટલાં પરિમાણવાળા ક્ષેત્રના અસંખ્યાત ખંડ/ટુકડા કરીને તેનો એક ભાગ એટલે અસંખ્યાતમો ભાગ. તેમાં જેટલાં દ્રવ્યો રહેલાં હોય તેને જુએ છે. પછી ક્યારેક અવસ્થિત સ્થિર રહે છે, ઘટતું નથી. અથવા તો ક્યારેક સંપૂર્ણ પડી જાય, નાશ પામે છે અર્થાત્ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલાં પણ દ્રવ્યોને જોતો નથી. આમાં 'અંગુલ' શબ્દ પારિભાષિક અર્થવાળો જાણવો. નહીંતર તો '**अङ्गुल्यसंख्येयभागात्**' એવું ભાષ્ય-વચન હોવું ઘટે. બીજાઓના મતે તો આવા પ્રકારનો જ ભાષ્યગત પાઠ છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો ભાવ એ છે કે, **अङ्गुल** શબ્દના બે અર્થ છે, (૧) આંગળી અને (૨) માપ વિશેષ. અહીં 'અંગુલ' શબ્દ પરિભાષિત-અર્થવાળો છે અર્થાત્ જૈન શાસ્ત્રોમાં 'અંગુલ' મોટે ભાગે પ્રમાણ-વિશેષ અર્થમાં વપરાય છે. તેનો પારિભાષિક અર્થ છે -૮ જવ એટલે ૧ આંગળ (અંગુલ) અથવા વેંતનો ૧૨મો ભાગ તે 'અંગુલ' કહેવાય. અહીં જો 'અંગુલ' શબ્દનો

१. ख.पू. । ततः० मु. । २. ख.पू. । ना. मु. । ३. ख. । अदर्शत् तेषां पू. । श्यत् तत् ते० मु. । ४. ख.पा.ला.लि. । ङ्गुले० पू. ।

दृष्टान्तमुपन्यस्यति-**परिच्छिन्नेत्यादि** । परितः सर्वासु दिक्षु छिन्ना [1]परिच्छिन्ना, **इन्धनं** पलालादि तस्य **उपादानं**-प्रक्षेपः तस्य **सन्ततिर्नै**रन्तर्येण प्रक्षेपः, सा विशेष्यते परिच्छिन्नेति, नातः परमिन्धनप्रक्षेपः अतः परिच्छिन्ना इन्धनोपादानसन्ततिः, एतदुभयं पुनरपि शिखाया विशेषणम्, परिच्छिन्ना इन्धनोपादानसन्ततिर्यस्यामग्निशिखायां सा परिच्छिन्नेन्धनोपादानसन्ततिः, अग्नेः शिखा **अग्निशिखा,** *[2]परिच्छिन्नेन्धनोपादानसन्ततिश्चासौ अग्निशिखा च* **परिच्छिन्नेन्धनो-पादानसन्तत्यग्निशिखा** तया तुल्यमेतद्धीयमानमवधिज्ञानम्, यथाऽपनी-तेन्धनाऽग्निज्वाला नाशमाशु प्रतिपद्यते तद्वदेतदपीति ।

'આંગળી' અર્થ અભિપ્રત હોત તો 'અંગુલિ' શબ્દનો પ્રયોગ કરત. આથી જ ટીકાકારે **'अङ्गुलस्यासंख्येयभागात्'** એવો પ્રયોગ કરેલો છે. જો 'આંગળી' રૂપ અર્થ ઈષ્ટ હોત તો **अङ्गुल्यसंख्येयभागात्** એવો શબ્દ-પ્રયોગ કરત. બીજાઓએ કેટલાંકોએ ભાષ્યમાં એવો જ (**अङ्गुलि** શબ્દનો) પ્રયોગ કરેલો છે. તેમ ટીકાકારશ્રીને અસ્વરસ હોવાથી આવો ખુલાસો કરેલો છે એમ જણાય છે.

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** આ અવધિજ્ઞાન કોની જેમ હીન થતું જાય છે ?

**જવાબ :** આ પ્રશ્નના જવાબમાં દૃષ્ટાંત રજૂ કરીએ છીએ. દૃષ્ટાંત છે, સર્વથા નષ્ટ થયેલી ઈંધનના પ્રક્ષેપની પરંપરાવાળી અગ્નિશિખા. પરિચ્છન્ન એટલે સર્વ બાજુએથી (દિશાઓમાં) છેદ/નાશ થઈ જવો... ઈંધન = એટલે પરાળ, ડાંગર વગેરે અનાજનું ધાન્ય વિનાનું ઘાસ/ડૂંડુ વગેરે. આવા ઈંધનનું ઉપાદાન એટલે પ્રક્ષેપ કરવાની સંતિતિ = એટલે નિરંતર પ્રક્ષેપ કરવો. આ જ અર્થ (સંતતિ) પરિચ્છિન્ન-શબ્દ વડે વિશેષિત કરાય છે. આથી હવે પછી અગ્નિશિખામાં ઈંધનનો પ્રક્ષેપ કરાતો નથી. આ બન્ને ય પરિચ્છિન્ન અને ઈન્ધનોપાદનસંતતિ 'શબ્દો' અગ્નિ-શિખાના વિશેષણ બને છે. અગ્નિની શિખા તે અગ્નિશિખા. આથી પરિચ્છિન્ન થયેલ છે ઈન્ધનના ઉપાદાન (પ્રક્ષેપ)ની સંતતિ (પંરપરા) વાળી જે અગ્નિ-શિખા તે પરિચ્છિન્ન-ઈન્ધન-ઉપાદાન-સંતિતિ (વાળી) અગ્નિશિખા કહેવાય. આમ પરિચ્છન્ન = સર્વથા અટકી ગયેલ છે ઈંધનના ગ્રહણની = પ્રેક્ષપની પરંપરા જેમાં તેવી અગ્નીની શિખા (જ્વાળા)ના સરખુ આ હીયમાન અવધિજ્ઞાન હોય છે. અર્થાત્ જેમાં નવા ઈંધનનું ગ્રહણ (પ્રક્ષેપ) બંધ કરી દેવામાં આવ્યું હોય એવી અગ્નિની જ્વાળા જેમ શીઘ્ર નાશ પામે છે, તેમ આ અવધિજ્ઞાન પણ ઝડપથી ક્રમશઃ નાશ પામે છે. (ઉક્ત સમાસનો સંપૂર્ણ વિગ્રહ ટીકામાં છે, ત્યાંથી જોઈ લેવો)

१. पू. । ना. मु । २. पादिषु । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठः ना. मु. ।

**भा० वर्धमानकं यदङ्गुलस्याऽसंख्येयभागादिषूत्पन्नं वर्धते आसर्वलोकात् । अधरोत्तरारणिनिर्मथ[1]ननिष्पन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निवत् ।**

**टी० वर्धमानकं यदङ्गुलासङ्ख्येयभागादिषु ।** अङ्गुलस्यासंख्येयभागमात्रे क्षेत्रे ततोऽङ्गुलमात्रे ततोऽरत्निमात्रे इत्यादिषु **उत्पन्नं** तावद् **वर्धते** यावत् [2]सर्वो लोको धर्माधर्मद्रव्यद्वयपरिच्छिन्नो व्याप्तो भवति तदा **आसर्वलोकात्** । कथमिव वर्धते अत आह– **अधरोत्तरेत्यादि** । **अधरः** अधोवर्ती **उत्तरः** उपरिवर्ती तावेवारणी ताभ्या**मधरोत्तरारणिभ्यां निर्मथनं** संघर्षणं तेन **निष्पन्नः** उद्भूतः, तदेवमुत्पन्नो [3]वह्निर्वृद्धिं **गच्छति** यथा तथाह– **उपात्ते**त्यादिना । **उपात्तं** प्रक्षिप्तं **शुष्क**मार्द्रं न भवति करीषादि तेनोपात्तेन शुष्केण

**ભાષ્ય : (૪) વર્ધમાનક : જે અંગુલના અસંખ્યાતમાં ભાગ આદિ ક્ષેત્ર વિષે ઉત્પન્ન થઈને સર્વલોક (૧૪ રાજલોક) સુધી વધે છે તે વર્ધમાનક-અવધિજ્ઞાન કહેવાય. નીચે અને ઉપર રહેલ બે અરણી વડે પરસ્પર ઘર્ષણ કરવાથી ઉત્પન્ન થયેલ અને જેમાં શુષ્ક (કરીષ વગેરે)ના પ્રક્ષેપ વડે વૃદ્ધિ પામતા અને (પરાળ વગેરે બીજાપણ) ઈંધનના સમૂહનું જેમાં વારંવાર આધાન કરાય છે એવા અગ્નિની જેમ (ક્રમશઃ વધતું જતું) વર્ધમાનક અવધિજ્ઞાન હોય છે.**

### ❋ દ્રષ્ટાંત-સહિત વર્ધમાન અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** જે અંગુલના અસંખ્યાતમાં ભાગ વગેરે ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સર્વલોક સુધી વૃદ્ધિને પામે અર્થાત્ સર્વલોકને જાણે તે વર્ધમાનક-અવધિજ્ઞાન કહેવાય. શરૂઆતમાં અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલાં ક્ષેત્રમાં, પછી અંગુલ-પ્રમાણ ક્ષેત્રમાં, પછી રત્નિ = એટલે એક હાથ (કોણીથી મુઠ્ઠી જેટલાં) ઇત્યાદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન વધતું જતું ધર્મ-અધર્મ (ધર્મ-અધર્માસ્તિકાય) રૂપ બે દ્રવ્યથી ઓળખાતો-જણાતો એવો સમસ્ત લોક વ્યાપ્ત થાય ત્યાં સુધી વધે છે.

**પ્રશ્ન :** કોની જેમ વૃદ્ધિ પામે છે ? આમાં શું દષ્ટાંત છે ?

**જવાબ :** ત્રણ વિશેષણોથી વિશિષ્ટ એવા અગ્નિની જેમ વધે છે. તે આ પ્રમાણે - અરણિ એટલે અગ્નિ પ્રગટાવનારું એક પ્રકારનું કાષ્ઠ. (અથવા ચકમકનો પત્થર) તેવા નીચે અને ઉપર રહેલ જે બે અરણિ તેના વડે પરસ્પર ઘર્ષણ (નિર્મથન) કરવા વડે ઉત્પન્ન થયેલ. (અગ્નિની જેમ એમ સંબંધ છે.) આમ આ રીતે ઉત્પન્ન થયેલો અગ્નિ જે રીતે

१. टीकानुसारेण । मथनासन्नोपा० मु. । २. सर्वप्रतिषु । सर्वलो० मु. । ३. पू. । पन्नोऽवधि० मु. ।

**उपचीयमानः** वृद्धिं गच्छन्नित्यर्थः, **आधीयमानः** प्रक्षिप्यमाणोऽन्योऽपि पुनः पुनः इन्धनानां पलालादीनां **राशिः** समूहो यत्राग्नौ स **अधरोत्तरारणिनिर्मथनोत्पन्नोपात्तशुष्कोपचीयमाना-धीयमानेन्धनराश्यग्निः**, तेन तुल्यमेतदिति, यथाऽग्निः प्रयत्नादुपजातः सन् पुनरिन्धनलाभाद् विवृद्धिमुपगच्छत्येवं परमशुभाध्यवसायलाभादसौ पूर्वोत्पन्नो वर्धत इत्यर्थः ।

**भा० अनवस्थितं हीयते वर्धते वर्धते हीयते च । प्रतिपतति चोत्पद्यते चेति। पुनः पुनरूर्मिवत् ।**

**टी० अनवस्थितमिति** । नावतिष्ठते **क्वचि**देकस्मिन् वस्तुनि शुभाशुभानेकसंयम-स्थानलाभात्, यत आह-**हीयते** योजनं दृष्ट्वा तस्यैवार्धमवगच्छति तस्याप्यर्धं [२]एवमादि।

---

વૃદ્ધિ પામે છે તે જણાવતાં કહે છે કે, જેમાં શુષ્ક એટલે ભીની ન હોય તેવું કરીષ = સૂકાયેલું છાણ (અડાયુ), તે નાંખેલું હોવાથી વૃદ્ધિને પામતો તેમજ બીજા પણ પરાળ વગેરે ઈંધનના સમૂહ (રાશિ)નો જેમાં વારંવાર પ્રક્ષેપ કરાતો હોય તેવો જે અગ્નિ - (એ અધરોત્તરનિર્મથનનિષ્પન્ન-ઉપાત્તશુષ્કોપચીયમાન-આધીયમાનેન્ધનરાશિવાળો કહેવાય.) તેના સરખું આ અવધિજ્ઞાન હોય છે. **ભાવાર્થ** એ કે જેમ અગ્નિ પ્રયત્નપૂર્વક ઉત્પન્ન થયેલો છતો ફરી ફરી ઈંધન (બળતણ) મળવાથી જેમ વિશેષ વૃદ્ધિને પામે છે, તેમ પરમશુભ અધ્યવસાયનો લાભ થવાથી આ પૂર્વે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન પણ ક્રમશઃ વધતું જાય છે.

**ભાષ્ય : (૫) અનવસ્થિત : એટલે જે ઘટે, વધે તેમજ વધે અને ઘટે (બન્નેય પામે) તે અનવસ્થિત-અવધિજ્ઞાન કહેવાય. અથવા વારંવાર પડી જાય અને ફરી પાછુ ઉત્પન્ન થાય. (ફરી ફરી = વારંવાર નાશ અને ઉત્પન્ન થનારા) ઉર્મિઓ/તરંગોના જેવું હોય છે.**

### ❋ દ્રષ્ટાંત-સહિત અનવસ્થિત અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** શુભ અથવા અશુભ એવા અનેક પ્રકારના સંયમ-સ્થાનોની પ્રાપ્તિ થવાથી જે કોઈ એક વિષયમાં અવસ્થિત = એટલે કે સ્થિર ન રહે તે અનવસ્થિત-અવધિજ્ઞાન કહેવાય. અર્થાત્ શુભ સંયમસ્થાનની પ્રાપ્તિ અથવા વૃદ્ધિ થવાથી વધે અને શુભ સંયમ-સ્થાનની હાનિ થવાથી, (અશુભની વૃદ્ધિ થવાથી) જે ઘટે તે અનવસ્થિત-અવધિજ્ઞાન કહેવાય. આ હકીકત ભાષ્યમાં જણાવે છે. જે કારણથી **હીયતે** - એટલે હાનિ પામે છે - ઘટે છે અર્થાત્ એક યોજન પ્રમાણવાળા ક્ષેત્રને જોઈને (જાણીને) પછી તેનાથી અડધા

---

१. ख.पू.ला. । वृद्धि० मु. । २. पू. । र्धमेवादि० मु. ।

**वर्धते** चार्धकोशं दृष्ट्वा क्रोशमवैति अर्धयोजनं योजनमेवमादि, कदाचिदुभयीमवस्थामनुभवति **वर्धते हीयते च**। तस्यैव क्रोशस्यैकस्यां दिश्यपरक्रोशो वृद्धः[१], अन्यस्यां तस्य क्रोशस्यार्धं हीनमिति। अथवा **प्रतिपतति चोत्पद्यते चेति** क्वचित् कालान्तर उदितं पुनर्नश्यति पुनश्चोदेति, क्षयोपशमवैचित्र्यात्, **पुनः पुनर्नाशोत्पादस्वभावमूर्मिवत्** यथा महति सरसि स्वच्छवारिभारिणि पूर्णे प्रबलानिलवेग[२]परिक्षिप्यमाणजलेऽदभ्रोर्मयः समुपजाताः समासादित रोधसः शनैः [३]शमं भजन्ते, पुनश्चाभिघातविशेषात् प्रादुःष्यन्ति, अतो यथोर्मयोऽनवस्थिता एवमवधिज्ञानमपि[४]।

ક્ષેત્રને (અડધા યોજનને, ૨ ક્રોશને) જાણે છે પછી તેના પણ અડધા એટલે કે ૧ ક્રોશ (ગાઉ) જેટલાં ક્ષેત્રને જાણે છે, એ પ્રમાણે ઘટતું જાય છે. પછી **वर्धते** એટલે વધતુ જાય. દા.ત. અડધા ક્રોશ જેટલાં ક્ષેત્રને જોઈને પછી ૧ ક્રોશ જેટલાં ક્ષેત્રને જુએ છે - ત્યારપછી અડધા યોજનને જુએ, વળી પાછું વધવાથી ૧ યોજન પ્રમાણ ક્ષેત્રને જુએ છે. આ પ્રમાણે વધતું જાય છે.

ક્યારેક વધતી અને ઘટતી બન્નેય અવસ્થાને અનુભવે છે. માટે કહે છે - **वर्धते, हीयते च**। અર્થાત્ એક બાજુ વધે છે અને બીજી બાજુ ઘટે છે - તે એક કોશ પ્રમાણવાળા અવધિજ્ઞાનના વિષયમાં એક દિશામાં બીજો એક ક્રોશ વધ્યો હોય અને બીજી દિશામાં તે કોશનો અડધો ભાગ હીન થયો હોય ઘટ્યો હોય... આમ વૃદ્ધિ-હાનિ એક સાથે થાય છે. અથવા ક્યારેક પડી જાય છે, અને પાછુ ઉત્પન્ન થાય છે, એ રીતે અનવસ્થિત હોય છે. અર્થાત્ કોઈ ઠેકાણે અન્યકાળે ઉદય પામેલું અવધિજ્ઞાન ફરી નાશ પામે છે અને ફરી ઉદયમાં આવે છે, ઉત્પન્ન થાય છે. આમાં ક્ષયોપશમની વિચિત્રતા એટલે કે વિભિન્નતા/તફાવત જ કારણભૂત છે. આમ વારંવાર નાશ અને ઉત્પન્ન થવાના સ્વભાવવાળું આ અવધિજ્ઞાન ઊર્મિઓ = તરંગોના જેવું (અસ્થિર) હોય છે. જેમ સ્વચ્છ પાણીને ધારણ કરતું અને જળથી પૂર્ણ ભરેલું એવું મોટું સરોવર હોય તે સરોવરમાં પ્રબળ પવનના વેગથી (અથડાવા દ્વારા) જળને વિક્ષેપ/ક્ષોભ પમાડાતો હોય ત્યારે અત્યંત મોટા તરંગો ઉત્પન્ન થાય છે અને તે આગળ વધતાં કિનારા સુધી પહોંચે છે ત્યારે ધીમે રહીને શાંત થઈ જાય છે. ફરી પાછો પૂર્વે કહ્યા પ્રમાણે અભિઘાત વિશેષ થવાથી અર્થાત્ પવન અથડાવાથી તરંગો પેદા થાય છે. (આવું અનેકવાર વારંવાર થતું હોય છે.) આથી જેમ સરોવરાદિના તરંગો અનવસ્થિત-અસ્થિર છે, ચંચળ છે, તેમ આ અવધિજ્ઞાન પણ

१. पादिषु। वृद्धिः० मु.। २. पू.। विक्षि० मु.। ३. पा.पू.ला.लि.। शमं शनैः शनैर्भ० मु.। ४. पादिषु। मपीति० मु.।

**भा० अवस्थितं यावति क्षेत्रे उत्पन्नं भवति ततो न प्रतिपतति आ केवलप्राप्तेरवतिष्ठते, आ भवक्षयाद् वा जात्यन्तरस्थायि वा[1] भवति लिङ्गवत् ॥ २३ ॥**

**उक्तमवधिज्ञानम् । मनःपर्यायज्ञानं वक्ष्यामः ।**

**टी० अवस्थितमिति** । अवतिष्ठते स्म अवस्थितं, यया मात्रयोत्पन्नं तां मात्रां न जहातीतियावत्, एतदाह-**यावति क्षेत्र** इत्यादि । **यावति** यत्परिमाणे **क्षेत्रे**ऽङ्गुला[2]-सङ्ख्येयभागादावुत्पन्नमा सर्वलोकात् **तत** इति तस्मात् क्षेत्रान्न **प्रतिपतति**-न नश्यति, सर्वकालमास्ते, कुतोऽवधि[3]र्यावदास्त इति ? **उच्यते-आ केवलप्राप्तेः**, आङ् मर्यादायाम् । केव[4]लं ज्ञानं (केवलज्ञानं) तस्य **प्राप्तिः** लाभः आ केवलप्राप्तेर्यावत् केव[5]लं ज्ञानं न प्राप्नोति, प्राप्ते तु केवले छाद्मस्थिक[6]ज्ञानं व्यावर्तते । अथवा आ[7] मरणात् तदाह-**आ भवक्षयात्,**

અસ્થિર હોય છે.

**ભાષ્ય : (૬) અવસ્થિત : જેટલાં ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયું હોય તેનાથી નીચે પડતું નથી (ઘટતું નથી) પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અવસ્થિત જ રહે છે. અથવા (મનુષ્યાદિ) ભવનો ક્ષય ન થાય ત્યાં સુધી અવસ્થિત રહે છે. અથવા (પુરુષવેદ આદિ) લિંગની જેમ અન્ય જાતિ (જન્મ)માં પણ આ અવધિજ્ઞાન (જીવની) સાથે રહે છે. અવધિજ્ઞાન કહ્યું હવે મનઃપર્યાયજ્ઞાનને કહીશું.**

### ❋ દ્રષ્ટાંત-સહિત અવસ્થિત અવધિજ્ઞાન ❋

**પ્રેમપ્રભા : अवतिष्ठते स्म** - જે સ્થિર રહેલું હોય તે 'અવસ્થિત' કહેવાય. જે માત્રામાં અર્થાત્ જેટલાં ક્ષેત્ર વિષે ઉત્પન્ન થયું હોય તે માત્રાને છોડતું નથી ઘટાડતું નથી. આ અર્થને ભાષ્યમાં જણાવે છે. યાવત્ = જેટલાં પરિણામવાળા ક્ષેત્રમાં એટલે કે અંગુલના અસંખ્યાતમાં ભાગથી માંડીને સમસ્ત લોક પર્યંત ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયું હોય, તે ક્ષેત્રથી પડતું નથી, નાશ પામતું નથી અર્થાત્ સર્વકાળ સુધી રહે છે.

**પ્રશ્ન :** કેટલા કાળસુધી આ અવધિજ્ઞાન રહે છે ?

**જવાબ :** જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી રહે છે. **आ केवलप्राप्तेः**। અહીં **आ ( आङ् )** શબ્દ મર્યાદા અર્થમાં છે. કેવળ એટલે કેવળજ્ઞાન, તેની પ્રાપ્તિ સુધી. અર્થાત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એમ મર્યાદા જણાવે છે. કેવળજ્ઞાનની

१. टीकानु० । ना. मु. । २. पादिषु । ङ्गुलभागा० पू. । ३. पू. । धेर्या० मु. । ४-५. पू. । केवलज्ञा० मु. । ६. पू. । स्थिकं ज्ञा० मु. । ७. सर्वप्रतिषु । ना. मु. ।

**भवो** मनुष्यादिजन्म यावत् तत्र जीवति तावद् भवति ततः परं न, आ[1] तस्माद् भवक्षयात्, ततः परं नश्यति । अथवा **जात्यन्तरमपि** गच्छन्तं जीवं **न मुञ्चति** तदवधिज्ञानं, तेनान्वित एव गच्छति, **लिङ्गवज्जात्यन्तरा[2]वस्थायि वा भवतीत्ये**तदाह-जातेरन्या जातिः **जात्यन्तरं** तत्रावतिष्ठते[3] तच्छीलं च, कथमिव तदादाय गच्छति ? आह-**लिङ्गवत्** पुरुषवेदादि लिङ्गं त्रिधा तेन तुल्यं वर्तत इति लिङ्गवत्, यथा इह जन्मन्युपादाय पुरुषवेदं जन्तुर्जात्यन्तरमाधावति एवमवधिमपि ॥ १-२३ ॥

प्रस्तुतवस्तुपरिसमाप्तिं सूचयति - **उक्तमवधिज्ञानमि**त्यनेन उक्तं लक्षणतो विधानत[4]श्च न पुनर्वाच्यमिति, तदनन्तरानुसारि **मनःपर्यायज्ञानं वक्ष्यामः**-

---

પ્રાપ્તિ થયા પછી તો છાદ્મસ્થિક-જ્ઞાન ચાલ્યુ જાય છે, નિવૃત્ત થાય છે. અથવા મરણ પામે નહીં ત્યાં સુધી અવધિજ્ઞાન રહે છે એમ બીજી મર્યાદા ભાષ્યમાં બતાવે છે **આ भवक्षयात् ।** ભવ એટલે મનુષ્ય આદિ જન્મ... તેમાં જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી અવધિજ્ઞાન હોય છે, ત્યારબાદ હોતું નથી. આથી તે મનુષ્ય આદિ ભવનો ક્ષય થાય ત્યાં સુધી હોય, ભવનો ક્ષય થયા પછી નાશ પામી જાય છે. **અથવા** ત્રીજો વિકલ્પ (મર્યાદા) જણાવતાં કહે છે - અન્ય જન્મ (જાતિ)માં પણ જતાં એવા જીવને તે અવધિજ્ઞાન મૂકતું નથી. અર્થાત્ તેનાથી સહિત જ જીવ અન્ય જાતિમાં જાય છે. આ હકીકત જણાવતાં ભાષ્યકાર કહે છે, અથવા લિંગની જેમ જાત્યંતરમાં સ્થિર રહેનારુ હોય છે. વર્તમાન જાતિ/જન્મથી અન્ય જાતિ તે જાત્યન્તર કહેવાય. તેમાં રહેવાના સ્વભાવવાળું હોય છે.

**પ્રશ્ન :** કોની જેમ જીવ અવધિજ્ઞાનને સાથે લઈને અન્ય ભવમાં જાય છે ?

**જવાબ :** લિંગવત્. અર્થાત્ પુરુષવેદ આદિ ત્રણ પ્રકારના લિંગ છે, તેની સાથે તુલ્ય વર્તે છે માટે લિંગવત્ કહેવાય. જેમ આ જન્મમાં જીવ પુરુષવેદને ગ્રહણ કરીને અન્ય જન્મમાં જાય છે, તેમ અવધિજ્ઞાનને પણ લઈને જીવ બીજા જન્મમાં જાય છે. (૧-૨૩)

**અવતરણિકા :** પ્રસ્તુત વિષયની સમાપ્તિને સૂચવતાં ભાષ્યકાર કહે છે, અવધિજ્ઞાન કહ્યું. અર્થાત્ લક્ષણ અને વિધાન (ભેદ)થી અવધિજ્ઞાન કહેવાઈ ગયું. હવે તે વિષે કહેવાનું રહેતું નથી. હવે તો તેના પછી ક્રમથી આવતા મનઃપર્યયજ્ઞાનને (આગળના સૂત્રમાં) કહીશું.

---

१. ख. पू. । तस्मा० मु. । २. पादिषु, जै. । जात्यन्तन्तरं० मु. । ३. पादिषु, जै. । ष्ठति० मु. । ४. ख. पू. । नतश्च अवधिज्ञानं० मु. अधिकः ।

## सू० ऋजुविपुलमती मनःपर्यायः ॥ १-२४ ॥

**भा० मनःपर्यायज्ञानं द्विविधम्-ऋजुमतिमनःपर्यायज्ञानम्, विपुलमतिमनः-पर्यायज्ञानं च ॥२४॥**

**अत्राह-कोऽनयोः प्रतिविशेष इति ? । अत्रोच्यते -**

**टी० ऋजुविपुलेत्यादि।** ऋजुश्च विपुला च ऋजुविपुले ते[1] एव **मती ऋजुविपुलमती,** ऋज्वी मतिर्विपुला च मतिरिति। **ननु** च मतिरित्यनेन ज्ञानमभिधीयते, ज्ञानस्य च ऋजुत्वं विपुलत्वं चायुक्तं, **'निर्गुणा गुणा' [सू० ५-४०]** इति वक्ष्यमाणत्वात्, मूर्तेषु चैष व्यवहारः, ऋज्वी विपुला चाङ्गुरिति, ज्ञाने त्वमूर्ते ऋजुत्वविपुलत्वकल्पना न साधीयसीति। **उच्यते-**

**ऋजुविपुलमती मनःपर्यायः ॥ १-२४ ॥**

**सूत्रार्थ :** (१) ઋજુમતિ અને (૨) વિપુલમતિ એમ મનઃપર્યાયજ્ઞાનના બે પ્રકાર છે...

**ભાષ્ય : મનઃપર્યાયજ્ઞાન બે પ્રકારનું છે (૧) ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન અને (૨) વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન (૧-૨૪)**

**અહીં બીજો વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : આ બે જ્ઞાનમાં શું તફાવત છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે (જવાબ :)**

**પ્રેમપ્રભા :** સૂત્રમાં કહેલ વચનોનો શબ્દાર્થ કરતાં ટીકામાં કહે છે, ઋજુ અને વિપુલ તે ઋજુવિપુલ, તે રૂપ મતિ તે ઋજુ-વિપુલમતી કહેવાય. ( **ऋजुश्च विपुला चेति ऋजुविपुले। ते एव मती ऋजुविपुलमती** ) અર્થાત્ (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ... આ બે પ્રકારવાળું મનઃપર્યાયજ્ઞાન છે.

### ❋ મનઃપર્યાય જ્ઞાનની ઋજુતા-વિપુલતા વિષયને આશ્રયીને છે ❋

**શંકા :** 'મતિ' એવા શબ્દથી જ્ઞાન કહેવાય છે અને તે જ્ઞાનમાં ઋજુત્વ = ઋજુતા (સરળતા) અને વિપુલત્વ = વિપુલતા રૂપ ગુણ હોવા યોગ્ય નથી. કેમ કે આ જ શાસ્ત્રમાં આગળ **द्रव्याश्रयाः निर्गुणा गुणाः** (૫-૪૦) સૂત્રમાં ગુણો (દ્રવ્યનો આશ્રય કરનારા અને) ગુણરહિત હોય છે, એમ ગ્રંથકાર કહેવાના છે. મૂર્ત્ત એટલે કે રૂપી દ્રવ્યોને વિષે

१. ख.पू. । एते च० मु. ।

ऋजुता विपुलता वा ग्राह्यविषया समस्ति, ऋजुमति-विपुलमत्योः स्वरूपम् तया ज्ञानस्योपदेशो भविष्यति, या मतिः सामान्यं गृह्णाति तया ज्ञानस्याऽपदेशो भविष्यति । या मतिः सामान्यं गह्णाति सा ऋज्वीत्यपदिश्यते । या पुनर्विशेषग्राहिणी सा विपुलेत्यपदिश्यते, ऋजु सामान्यमेक-रूपत्वात्, विशेषास्तु विविक्तत्वात् बहवः । यदि सामान्यग्राहिणी ऋजुमतिर्मनःपर्यायज्ञानं प्राप्तं तर्हि मनःपर्यायदर्शनमपि, यस्मात् सामान्यग्राहि दर्शनमिष्यते, न चाराधितराद्धान्तैर्मनःपर्याय-दर्शनमप्यगायि । आह-यद्यप्येवमुच्यते सामान्यग्राहिणी ऋजुमतिरिति तथाऽप्यसौ सामान्यं

ગુણવાળા હોવાનો વ્યવહાર થાય છે, જેમ કે **ऋज्वी विपुला चाङ्गुलिः** । ઋજુ (સરળ,સીધી) અને વિપુલ = વિશાળ, મોટી અંગુલિ (આંગળી) છે. જ્યારે જ્ઞાન એ અમૂર્ત = અરૂપી હોયને તેમાં ઋજુતા અને વિપુલતા રૂપ ગુણ હોવાની કલ્પના કરવી બરાબર નથી. અર્થાત્ ઋજુ અને વિપુલ એવું જ્ઞાન (મતિ) એમ કહેવું યોગ્ય નથી.

**સમાધાન :** અહીં ઋજુતા અને વિપુલતા રૂપ ગુણ છે તે ગ્રાહ્ય વિષય સંબંધી છે (પણ જ્ઞાનનો નથી.) આવા જ્ઞાન વડે ગ્રાહ્ય એવા વિષયની ઋજુતા અને વિપુલતા કે જે વાસ્તવિક રીતે ઘટે છે, તેને લઈને ઉપચારથી જ્ઞાનમાં ઋજુતા અને વિપુલતાનો વ્યવહાર/કથન થાય છે. આથી જે મતિ (જ્ઞાન) સામાન્ય (ઋજુ) વિષયનું ગ્રહણ કરે છે, તે 'ઋજુ' એમ વ્યવહાર કરાય છે અને જે મતિ વસ્તુના વિશેષનું = ભેદોનું ગ્રહણ કરનારી છે તે 'વિપુલ' એમ કહેવાય છે. ઋજુ એટલે સામાન્ય, કારણ કે તે એક રૂપે જ હોય છે. (અર્થાત્ એક જ ધર્મનું ગ્રહણ કરાય છે, જેમ કે, આ વ્યક્તિએ ઘડો ચિંતવ્યો છે.) જ્યારે વિશેષો = ભેદો એ વિવિક્ત = જુદાં જુદાં અનેક હોવાથી ઘણા હોય છે. તેનું ગ્રહણ કરવાથી મનઃપર્યાયજ્ઞાન પણ વિપુલમતિ કહેવાય.

**શંકા :** સામાન્ય અર્થનું ગ્રહણ કરનારી ઋજુમતિ એ જો મનઃપર્યાયજ્ઞાન છે એમ અર્થ પ્રાપ્ત થતો હોય તો મનઃપર્યાયદર્શન પણ માનવું જોઈએ. કારણ કે, જે સામાન્યનું ગ્રહણ કરનારું હોય તે દર્શન કહેવાય છે. પણ સિદ્ધાંતના પારગામી શાસ્ત્રકાર ભગવંતોએ મનઃપર્યાયદર્શન પણ કહેલું નથી. અર્થાત્ બીજા જ્ઞાનોના દર્શન કહેલાં છે તેમ મનઃપર્યાયજ્ઞાનનું દર્શન કહેલું નથી.

**સમાધાન :** જો કે ઋજુમતિ એ સામાન્યનું ગ્રહણ કરનારી છે, એમ કહેવાય છે, તો પણ સામાન્યને ભેદરૂપે જ જાણે છે. (**પ્રશ્ન :** જો ભેદ (વિશેષ) રૂપે જ સામાન્યનું ગ્રહણ કરે છે તો સામાન્ય-ગ્રાહિણી શાથી કહેવાય છે ? **જવાબ :**) જે કારણથી ઋજુમતિ એ ભેદનું

१. पादिषु । स्योप० मु. । २-३. पू. । त्युप० मु. । ४. पू. । वविक्ता० मु. । ५. पू. । अध्यगायि० मु. । ६. पादिषु, कै । मान्यभे० मु. ।

भेदरूपमेव परिच्छिनत्ति, यतस्तद्बहून्[1] भेदान् न शक्नोति परिच्छेत्तुम्, अतः सामान्यग्राहिणी, परमार्थतस्त्वसौ विशेषमेकं द्वौ त्रीन् वा गृह्णती प्रवर्तते, अतः स्तोकाभिधायी सामान्यशब्दार्थः, [2][ब्दोऽत्र] या तु विशेषान् बहून् गृह्णाति सा विपुलमतिः । **केचित्** तु मन्यन्ते **प्रज्ञापनायां** मनःपर्यायज्ञाने[3]-दर्शनता पठ्यते, तत्सम्भवे सामान्यग्राहिणी न घटत[4] एव । अतः ऋजुमतिर्विपुलमतिश्च, किम् ? **मनःपर्यायः**, मन इति च मनोवर्गणा जीवेन मन्यमाना द्रव्यविशेषा उच्यन्ते, तस्य मनसः पर्यायाः-परिणामविशेषाः मनःपर्यायाः, मनसि वा पर्यायाः तेषु मनःपर्यायेषु यज्ज्ञानं तन्मनःपर्यायज्ञानमिति । इह साधोः सकलप्रमादरहितस्य मनःपर्यायज्ञानावरणीय[5]क्षयोपशमात् प्रतिविशिष्टं ज्ञानमुदयते, येन ज्ञानेन मनःपर्याप्तिभाजां प्राणिनां पञ्चेन्द्रियाणां मनुष्यलोकवर्तिनां मनसः पर्यायानालम्बते-जानाति मुख्यतः, ये तु

ગ્રહણ કરે છે, પણ ઘણા ભેદોનો બોધ કરવાને સમર્થ બનતી નથી, આથી સામાન્યગ્રાહિણી = સામાન્યનું ગ્રહણ કરનારી કહેવાય છે. બાકી પરમાર્થથી (વાસ્તવિક રીતે) ખરેખર જોઈએ તો એક, બે કે ત્રણ વિશેષોનું/ભેદોનું પણ ગ્રહણ કરતી હોય છે. આથી 'સામાન્ય' શબ્દ અહીં સ્તોક = અલ્પ અર્થને જણાવનારો સમજવો. વળી જે ઘણા બધાં ભેદોને ગ્રહણ કરે છે તે વિપુલમતિ મનઃપર્યયિજ્ઞાન સમજવું. આમ મનઃપર્યયિદર્શન માનવાની આવશ્યકતા રહેતી નથી.

કેટલાંક આચાર્ય એવું માને છે કે **પ્રજ્ઞાપના-સૂત્ર** નામના આગમમાં મનઃપર્યયિજ્ઞાનમાં દર્શનપણું એટલે કે સામાન્યમાત્ર વિષયનું ગ્રાહકપણું કહેલું છે. જો તેનો સંભવ હોય તો સામાન્યનું ગ્રહણ કરનારી મતિ ઘટે જ છે. આથી (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ **પ્રશ્ન :** એવું શું છે ? **જવાબ :** મનઃપર્યયિજ્ઞાન છે. આમ બે પ્રકારનું મનઃપર્યયિજ્ઞાન ઘટે છે. આમ મન = એટલે મનોવર્ગણાના પુદ્ગલો = મનોદ્રવ્ય અર્થાત્ દ્રવ્ય મન લેવું. જીવ વડે ચિંતન કરવામાં ઉપયોગમાં લેવાતાં (મનરૂપે પરિણમાવીને વિસર્જન કરાતાં) દ્રવ્ય-વિશેષ તે **મનોવર્ગણા** કહેવાય. તે 'મન'ના પર્યાયો એટલે કે પરિણામ-વિશેષ ખાસ અવસ્થા અથવા મનને વિષે પર્યાયો તે મનઃપર્યાય કહેવાય અને તે મનઃપર્યાયોને વિષે જે જ્ઞાન થાય તે **મનઃપર્યાય જ્ઞાન** કહેવાય. કહેવાનો **ભાવાર્થ** આ પ્રમાણે છે. અહીં (અઢી દ્વીપગત કર્મભૂમિમાં રહેલાં) સર્વ પ્રકારના પ્રમાદથી રહિત એવા સાધુને (સર્વવિરતિધરને) મનઃપર્યાય-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી ખાસ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પ્રગટ

१. पू. । यतो बहू० मु. । २. सर्वप्रतिदिषु । शब्दोऽत्र० मु. । ३. पू. । ज्ञाने दर्श० मु. । ४. पू. । घटितपदा० मु. । ५. पू. । णीयकर्म० मु. ।

चिन्त्यमानाः स्तम्भकुम्भादयस्ताननुमानेनावगच्छति[१]। **कथम्** ? **उच्यते**-अस्यैतानि मनोद्रव्याणि अनेनाकारेण परिणितानि लक्ष्यन्ते अतः स्तम्भादिश्चिन्तितः, तस्य परिणामस्य स्तम्भाद्यविनाभावात्, न पुनः साक्षाद् बहिर्द्रव्याणि जानीते इति, क्षयोपशमवैचित्र्यात्, कस्यचित् तदेवं[२] मनःपर्यायज्ञानं भवति येन सामान्यं घटमात्रं चिन्तितमवगच्छति तच्च ऋजुमतिर्मनःपर्यायज्ञानम् । अपरस्य तु तदावरणीयकर्मक्षयोपशमोत्कर्षापेक्षयैवंविधं भवति तद् विपुलमतिर्मनःपर्यायज्ञानम्, उभयमपीन्द्रियानिन्द्रियनिरपेक्षम्, घटमात्रावच्छेदि प्रथमम्,

થાય છે કે જે જ્ઞાન વડે તે સાધુ મનુષ્યલોકમાં (અઢી દ્વીપમાં) રહેલાં મનઃપર્યાપ્તિવાળા અર્થાત્ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના પર્યાયોનું આલંબન કરે છે એટલે કે મુખ્યરૂપે (સાક્ષાત્) જાણે છે. જ્યારે ચિંતનનો વિષય બનેલાં અર્થાત્ જીવ જેનું ચિંતન કરે છે તે સ્તંભ-થાંભલો, કુંભ-ઘડો વગેરે પદાર્થો છે, તેને અનુમાનથી જાણે છે.

### ❋ મનઃપર્યાયજ્ઞાની શી રીતે બાહ્ય-વિષયને જાણે ? ❋

**પ્રશ્ન :** શી રીતે જાણે છે ? **જવાબ :** જુઓ, મનઃપર્યાયજ્ઞાની મહાત્મા આ પ્રમાણે અનુમાન કરે છે કે, આ મનન કરનાર જીવના મનો-દ્રવ્ય આવા આકારે પરિણમેલાં જણાય છે, આથી આના વડે સ્તંભ વગેરે વસ્તુ વિચારાઈ છે. કારણ કે, આના મનોદ્રવ્યના પરિણામ એટલે અમુક ચોક્કસ આકાર રૂપ અવસ્થા એ સ્તંભ વગેરે વસ્તુને અવિનાભાવી છે અર્થાત્ સ્તંભાદિ વસ્તુને છોડીને સંભવી શકતી નથી. અર્થાત્ જ્યારે સ્તંભ વગેરે પદાર્થોનું ચિંતન કરાય છે, ત્યારે જ મનોવર્ગણાના = મનોદ્રવ્યના આવા અમુક ચોક્કસ પરિણામ = આકાર થાય છે. આમ મનોદ્રવ્યના પરિણામ = આકાર વિશેષ એ સ્તંભ આદિના પદાર્થનું ચિંતન કરાયે છતે જ ઘટે છે, માટે તે મનોદ્રવ્યના પરિણામને મનઃપર્યાયજ્ઞાન વડે સાક્ષાત્ જોઈને મનઃપર્યાય જ્ઞાની મહાત્મા 'અમુક જીવે સ્તંભ, કુંભ આદિનું ચિંતવન કરેલું છે.' એમ અનુમાનથી જાણે છે. પરંતુ સાક્ષાત્ સ્તંભ વગેરે બાહ્ય દ્રવ્યોને = પદાર્થોને જાણતા નથી.

વળી મનઃપર્યાય-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિચિત્રતા-વિભિન્નતાના કારણે કોઈ જીવને એવું મનઃપર્યાય જ્ઞાન થાય છે કે જેના વડે તેઓ બીજાએ ચિંતવેલ ફક્ત ઘડા રૂપ સામાન્ય અર્થને જાણે છે અને તે **ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન** કહેવાય છે. જ્યારે બીજા મહાત્માને મનઃપર્યાય-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઉત્કર્ષવાળો (ઉત્કૃષ્ટ) થવાના કારણે

१. सर्वप्रतिषु । च्छन्ति० मु. । २. पादिषु, जै. । देवंविधं० मु. ।

द्वितीयं तु पर्यायशतैर्मृण्मयरक्तशुक्लादिप्रमाणादिभिर्विचिन्तितं घटमवबुद्ध्यते, अत ऐवं क्षयोपशमद्वैविध्यात्, प्रकृतेन च ज्ञानग्रहणेन मनःपर्यायं सम्बध्नन् भाष्यकृदाह-**मनःपर्यायज्ञानं द्विविधम्** । मनःपर्यायस्य तेषु वा ज्ञानं मनःपर्यायज्ञानं, द्वे विधे यस्य तद् द्विविधम्, ते द्वे विधे दर्शयति-**ऋजुमतिर्मनःपर्यायज्ञानम्,** ऋजुमतिरेव मनःपर्यायज्ञानं, घटादिमात्रचिन्तितपरिज्ञानमिति, **विपुलमतिरेव मनःपर्यायज्ञानं,** प्रसङ्गतः पर्यायशतैः परिज्ञानमिति ॥ २४ ॥

एवं द्वैविध्ये दर्शिते चोदकोऽभिधत्ते-मनःपर्यायाणामुभयत्र दर्शनम् अतीन्द्रियत्वं

---

આવા પ્રકારનું અર્થાત્ ઘડા વગેરે પદાર્થના (લાલ, અમદાવાદી વગેરે) ઘણા ભેદવાળું જે જ્ઞાન થાય છે તે **વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન** કહેવાય છે. આ બેય પ્રકારનું મનઃપર્યાય જ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિય (મન) એ બેયની અપેક્ષા વિના થાય છે અર્થાત્ આત્માને સીધુ થાય છે માટે આત્મ-પ્રત્યક્ષ છે. પહેલું મનઃપર્યાય જ્ઞાન ફક્ત ઘડાનો બોધ કરનારું છે, જ્યારે બીજા મનઃપર્યાય જ્ઞાનમાં માટીનો છે - લાલ છે - સફેદ છે વગેરે તેમજ પ્રમાણ આદિ રૂપ સેંકડો પર્યાયો/અવસ્થાઓ વડે વિશેષથી ચિંતવેલો ઘડો જણાય છે.

આ પ્રમાણે ટીકાકારે વિસ્તારથી સૂત્રાર્થનો વિચાર કરીને હવે ભાષ્યનું અવતરણ કરતાં કહે છે - આ પ્રમાણે આ ક્ષયોપશમના બે પ્રકાર હોવાથી અને પ્રકૃત = મૂળભૂત (૧૦માં સૂત્રમાં કહેલ) જ્ઞાન શબ્દ સાથે 'મનઃપર્યાય' શબ્દનો સંબંધ કરતાં ભાષ્યકાર જણાવે છે, **મનઃપર્યાયજ્ઞાનં દ્વિવિધમ્** । મનના પર્યાયોનું અથવા મનના પર્યાયો વિષે જે જ્ઞાન તે મનઃપર્યાય-જ્ઞાન કહેવાય. બે પ્રકાર છે જેના તે દ્વિવિધ = બે પ્રકારવાળું મનઃપર્યાય જ્ઞાન છે. તે બે પ્રકારોને બતાવતાં ભાષ્યમાં કહે છે. **(૧) ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન :** ઋજુમતિ રૂપ મનઃપર્યાય જ્ઞાન તે ઋજુમતિ-મનઃપર્યાયજ્ઞાન અર્થાત્ જીવે ચિંતવેલ ફક્ત ઘડા વગેરેનું જ્ઞાન. (૨) **વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન :** વિપુલમતિ રૂપ મનઃપર્યાયજ્ઞાન તે વિપુલમતિ-મનઃપર્યાયજ્ઞાન અર્થાત્ તેવા પ્રસંગને આશ્રયીને ઘડા વગેરેના ચિંતવેલા સેંકડો પર્યાયોનું જ્ઞાન તે વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન... (૧-૨૪)

**અવતરણિકા :** આ પ્રમાણે મનઃપર્યાયજ્ઞાનના બે પ્રકારો બતાવાયે છતે શિષ્યાદિ અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે. **પ્રશ્ન :** બન્નેય ઋજુમતિ-વિપુલમતિ રૂપ મનઃપર્યાયજ્ઞાનોના મનઃપર્યાયોનું અર્થાત્ પૂર્વોક્ત મનોદ્રવ્યનું દર્શન (પ્રત્યક્ષ) થાય છે અને બન્નેય જ્ઞાનોનું

---

१. सर्वप्रतिषु । एव० मु. ।

चोभयोः ऋजुविपुलमत्योः समानम्, अतः विकृतं नानात्वमिति प्रश्नयति-**कोऽनयोः प्रतिविशेषः ?** क इत्यसम्भावने, नैव कश्चित् सम्भाव्यते, अनयोरिति ऋजुविपुलमत्योः प्रतिविशेषः-स्वगतो भेद इति, **उच्यते** गुरुणा-

**सू० विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥ १-२५ ॥**

**भा० विशुद्धिकृतश्च अप्रतिपातकृतश्चानयोः प्रतिविशेषः । तद्यथा-ऋजुमतिमनःपर्यायज्ञानाद् विपुलमतिमनःपर्यायज्ञानं विशुद्धतरम् । किञ्चान्यत् ।**

**टी० विशुद्ध्यप्रती**त्यादि । विशुद्धेः कारणात् तयोः ऋजुविपुलमत्योर्विशेषः **अप्रतिपाताच्च, विशुद्धया** बहुतरपर्यायज्ञानरूपया **कृतो** जनितः विशुद्धिकृतः । **चशब्दः** समुच्चये, अप्रतिपातेन-अच्यवनरूपेण कृतः **अप्रतिपातकृतश्चानयोः** ऋजुविपुलमत्योः

---

અતીન્દ્રિયપણું સમાન છે. આથી આ બે જ્ઞાન વચ્ચે શા કારણથી જુદાપણુ છે ? આવો પ્રશ્ન ઉઠાવતાં ભાષ્યમાં કહે છે - આ બે જ્ઞાનોમાં શું તફાવત છે ? આમાં **कः** શબ્દ છે તે અસંભાવના અર્થમાં છે. (જિજ્ઞાસા વગેરે અર્થમાં નથી.) અર્થાત્ આ બે ઋજુમતિ અને વિપુલમતિ જ્ઞાન વચ્ચે કોઈ પ્રતિવિશેષ = સ્વગત ભેદ = પોતાનામાં રહેલ વિશેષતા/તફાવત સંભવતો નથી. આ વિષયમાં ગુરુ વડે (જવાબ) કહેવાય છે.જવાબ :

**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥ १-२५ ॥**

**સૂત્રાર્થ :** વિશુદ્ધિ અને અપ્રતિપાત = ફરી નહીં પડવાની અપેક્ષાએ તે બે પ્રકારના મનઃપર્યાયજ્ઞાન વચ્ચે તફાવત/ભેદ પડે છે.

**ભાષ્ય : વિશુદ્ધિ વડે અને અપ્રતિપાત (નહીં પડવા) વડે આ બે પ્રકારના મનઃપર્યાય જ્ઞાન વચ્ચે ભેદ/તફાવત પડેલો છે. તે આ રીતે-ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનથી વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન અધિક વિશુદ્ધ છે. વળી બીજું કે...**

### ❋ ઋજુમતિ-વિપુલમતિ વચ્ચે બે રીતે તફાવત ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં સૂત્રાર્થને સ્પષ્ટ કરતાં કહે છે - વિશુદ્ધિના કારણે અને અપ્રતિપાત = ફરી નહીં પડવાના કારણે ઋજુમતિ અને વિપુલમતિ એ બે મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદ/તફાવત છે. આમ બે પ્રકારે ભેદ પડે છે. (૧) **વિશુદ્ધિકૃત :** વિશુદ્ધિ એટલે અત્યંત ઘણા પર્યાયોનું જ્ઞાન. તેના વડે કરાયેલ ભેદ તે વિશુદ્ધિ-કૃત ભેદ. **च** શબ્દ

**प्रतिविशेषो** नानात्वं बोद्धव्यम् । तत्र विशुद्धिकृतं तावद् भेदं दर्शयति-**ऋजुमतिमनःपर्यायज्ञानात्** सामान्यग्राहिणः **विपुलमतिमनःपर्यायज्ञानं** नानाविधविशेषग्राहि विशुद्धतरमिति, यद् द्रव्यं यावद्भिः पर्यायैरवच्छिनत्ति ऋजुमतिस्तदेव द्रव्यं बहुतरैः पर्यायैर्विपुलमतिरवगच्छति, यथा घटे चिन्तिते ऋजुमतिमनःपर्यायज्ञानेनैतावद् व्यज्ञायि-घटोऽनेन चिन्तितः, विपुलमतिमनःपर्यायज्ञानं पुनस्तमेव घटं पार्थिवत्वरक्तत्वप्रमाणादि-भिर्बहुभिर्भेदैरवबुद्ध्यते, अतो विशुद्धतरमुच्यते । **किञ्चान्यदिति** भेदस्य उपपत्त्यन्तरसम्भावना-द्वारेण प्रयुज्यते, इहान्योऽपि नानात्वकारी अस्ति हेतुरिति, तमाह -

**भा० ऋजुमतिमनःपर्यायज्ञानं प्रतिपतति अपि भूयः, विपुलमतिमनः पर्यायज्ञानं तु न प्रतिपततीति ॥ २५ ॥**

---

સમુચ્ચય/સંગ્રહના અર્થમાં છે. તથા (૨) **अप्रतिपातकृत** : અપ્રતિપાત એટલે અચ્યવન ચ્યવનનો/પતનનો અભાવ. તેના કારણે થયેલો ભેદ તે અપ્રતિપાતકૃત તફાવત કહેવાય. આમ આ બે કારણે ઋજુમતિ અને વિપુલમતિ વચ્ચે જુદાપણું (ભેદ) જાણવું.

આમાં વિશુદ્ધિકૃત ભેદ જણાવતાં ભાષ્યકાર કહે છે- વસ્તુના સામાન્ય ભેદોનું ગ્રહણ કરનાર એવા ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કરતાં અનેક પ્રકારના વિશેષોનું/ભેદોનું ગ્રહણ કરનાર હોયને વિપુલમતિ-મનપર્યાયજ્ઞાન એ વિશુદ્ધતર = અધિક (અત્યંત) વિશુદ્ધ છે. અર્થાત્ જે દ્રવ્યને ઋજુમતિ-મનપર્યાયજ્ઞાન જેટલાં પર્યાયો વડે જાણે છે તે જ દ્રવ્યને વિપુલમતિ મનપર્યાયજ્ઞાન અત્યંત ઘણા પર્યાયો વડે જાણે છે. **દા.ત.** કોઈ જીવે ઘડો ચિંતવ્યો હોય ત્યારે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન દ્વારા 'આ જીવ વડે ઘડાનો વિચાર કરેલો છે' એટલું જ્ઞાન કરાય છે. જ્યારે વિપુલમતિ-મનપર્યાયજ્ઞાન (અર્થાત્ તે જ્ઞાનના ધારક મુનિવર) તે જ ઘડાને-તે માટીનો બનેલા (પાર્થિવ) રૂપે, લાલ રૂપે અને પ્રમાણ વગેરે વડે એમ ઘણા ભેદો વડે જાણે છે. આથી તે વિશુદ્ધતર = અત્યંત વિશુદ્ધ કહેવાય છે.

**किञ्चान्यत्** એવું ભાષ્યનું કથન એ ઉપર કહેલ બે જ્ઞાનો વચ્ચે ભેદ સંબંધી બીજી પણ યુક્તિની/હેતુની સંભાવના દ્વારા "અહીં બીજો પણ ભેદ/તફાવત કરનારો હેતુ છે." એમ જણાવવા માટે પ્રયોગ કરાય છે. તે ભેદના હેતુને ભાષ્યમાં કહે છે-

**ભાષ્ય : ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન પુનઃ પડી પણ જાય છે. જ્યારે વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન પડતું નથી. (એમ તફાવત જાણવો.) (૧-૨૫)**

**अत्राह अथावधिमनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति ? अत्रोच्यते -**

**टी० ऋजुमतिमनःपर्यायज्ञानं** प्राप्तमप्यप्रमत्तसंयतेन[१] प्रतिपतति-प्रच्यवते, अपिशब्दात्, कदाचिन्न प्रतिपतति अपि, **भूयः** पुनः **विपुलमतीत्यादि**, यस्य पुनर्विपुलमतिमनःपर्यायज्ञानं समजनि तस्य नैव प्रतिपतति आ केवलप्राप्तेरिति ॥ २५ ॥

एवं भेदे ऋजुविपुलमत्योः प्रतिपादिते अवधेर्मनःपर्यायज्ञानस्य चातीन्द्रियत्वे समाने रूपिद्रव्यनिबन्धनत्वे च विशेषमपश्यन् ब्रूते-**अथावधिमनःपर्यायज्ञानयोः कः प्रतिविशेष इति ?** स चैवं पूर्वपक्षवादी चोदयति-कुतः प्रतिविशेष इति हेत्वभावं मन्यमानः, उत्तरपक्षवादी तु हेतून् विशुद्ध्यादीन् पश्यन्नेवमाह - **अत्रोच्यते -**

---

**અહીં અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે શું તફાવત છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે (જવાબ :)**

**પ્રેમપ્રભા :** અપ્રમત્ત-સંયતાત્મા વડે પ્રાપ્ત કરેલું પણ ઋજુમતિ-મનઃપર્યાયજ્ઞાન પાછું પડી જાય છે, નાશ પામે છે. **अपि** (પણ) શબ્દથી ક્યારેક ન પડે એવું પણ બને. જ્યારે વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાન તો તે જેને ઉત્પન્ન થયું હોય તે મહાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પડતું જ નથી. અર્થાત્ આ જ્ઞાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી અવશ્ય રહે છે. (અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયે તો આ છદ્મસ્થપણાના જ્ઞાનોનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી.)

આ પ્રમાણે ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદનું કથન કરાયે છતે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે અતીન્દ્રિયપણું (ઇન્દ્રિય-નિરપેક્ષતા) હોવા રૂપે સમાનતા હોવાથી અને બે ય જ્ઞાનો રૂપી દ્રવ્યરૂપ વિષયવાળા હોવારૂપે સમાન હોતે છતે અન્ય વ્યક્તિ બન્ને વચ્ચે તફાવત (વિશેષ)ને નહીં જોવાના કારણ આ પ્રમાણે ભાષ્યમાં પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** 'અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે શું ભેદ છે ?' આના અર્થની સ્પષ્ટતા કરતાં ટીકાકાર કહે છે કે, પૂર્વપક્ષવાદી અન્ય વ્યક્તિ આ પ્રમાણે પૂર્વોક્ત બે જ્ઞાન વચ્ચે ભેદના કારણને નહીં જાણવાથી પ્રશ્ન ઉઠાવે છે કે, 'આ બે જ્ઞાન વચ્ચે કયા કારણથી ભેદ પડે છે ?' અર્થાત્ અમને તો પૂર્વે કહેલ યુક્તિથી સમાનતા દેખાય છે પણ ભેદ જણાતો નથી.

---

१. पादिषु । संयतो न० पू. ।

**सू० विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्याययोः ॥ १-२६ ॥**

**भा० विशुद्धिकृतः, क्षेत्रकृतः, स्वामिकृतः, विषयकृतश्चानयोर्विशेषो भवति अवधिमनःपर्यायज्ञानयोः । तद्यथा -**

**टी० विशुद्धीत्यादि** । **विशुद्धिः** बहुतरपर्यायपरिज्ञानकारणत्वं, **क्षेत्रं** आकाशं दृश्यमानादृश्यमानरूप्यरूपिद्रव्याधारः, **स्वामी** ज्ञानस्योत्पादयिता, **विषयो** ज्ञानगम्यः पदार्थः, एभ्यो हेतुभ्योऽवधिमनःपर्यायज्ञानयोर्विशेषोऽवगन्तव्यः । पञ्चम्यर्थं च कृतशब्देनाचष्टे, विशुद्ध्या कृतो **विशुद्धिकृतः**[1] क्षेत्रेण कृतः **क्षेत्रकृतः**[2] स्वामिना कृतः **स्वामिकृतः**[3] विषयेण कृतः **विषयकृत** इति । **अनयोरि** अवधिमनःपर्याययोः[4] **प्रतिविशेषो** भेदोऽवधिमनःपर्यायज्ञानयोरिति,

---

જ્યારે ઉત્તરપક્ષવાદી શાસ્ત્રકાર પરમર્ષિ તો ઉક્ત બન્નેય જ્ઞાનો વચ્ચે વિશુદ્ધિ વગેરે ભેદના કારણો જાણતાં હોવાથી આ પ્રમાણે (જવાબરૂપે આગળના સૂત્રને) કહે છે - આ વિષયમાં (જવાબ) કહેવાય છે. **(જવાબઃ)**

**विशुद्धि-क्षेत्र-स्वामि-विषयेभ्योऽवधिमनःपर्याययोः ॥ १-२६ ॥**

**सूत्रार्थ** : વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષય એ ચાર હેતુથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે તફાવત પડે છે.

**ભાષ્ય : આ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે (૧) વિશુદ્ધિકૃત (૨) ક્ષેત્રકૃત (૩) સ્વામિકૃત અને (૪) વિષયકૃત ભેદ પડે છે. તે આ પ્રમાણે -**

### ❋ અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન વચ્ચે ચાર પ્રકારે ભેદ ❋

**પ્રેમપ્રભા : (૧) વિશુદ્ધિ :** વસ્તુના અત્યંત ઘણા પર્યાયોના જ્ઞાનનું (મુખ્ય) કારણ હોવા રૂપ વિશુદ્ધિ. **(૨) ક્ષેત્ર :** દેખાતાં એવા રૂપી અને નહીં દેખાતાં એવા અરૂપી દ્રવ્યોના આધારભૂત તે આકાશ જે ક્ષેત્ર કહેવાય. **(૩) સ્વામી :** જ્ઞાનને ઉત્પન્ન કરાનાર અર્થાત્ જ્ઞાનના ધારક, માલિક તે સ્વામી કહેવાય. **(૪) વિષય :** જ્ઞાન વડે જાણવા યોગ્ય પદાર્થ તે વિષય કહેવાય. આ હેતુઓથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદ/તફાવત જાણવો. ભાષ્યમાં 'કૃત' શબ્દ વડે પંચમી વિભક્તિના અર્થને (અપાદાન = ભેદ, છૂટા પડવું) જણાવે છે. વિશુદ્ધિ વડે કરેલો ભેદ તે વિશુદ્ધિકૃત તેમજ ક્ષેત્રકૃત એટલે ક્ષેત્ર વડે કરેલો, સ્વામીના કારણે કરેલો ભેદ તે સ્વામીકૃત તથા વિષય વડે કરેલો તે

---

१. पादिषु । ना. पू. । २-३. पू. । ना. मु. । ४. पादिषु । यज्ञानयो० मु. ।

**तद्यथा**-एते यथा घटन्ते तथा कथ्यन्ते -

**भा० अवधिज्ञानात् मनःपर्यायज्ञानं विशुद्धतरम् । यावन्ति हि रूपीणि द्रव्याणि अवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानी विशुद्धतराणि मनोगतानि जानीते। किञ्चान्यत् ।**

**टी० अवधिज्ञानाद्**उक्तलक्षणात् **मनःपर्यायज्ञानं विशुद्धतरम्**, कथं विशुद्धतरम[1] ? स्वयमेव भाष्यकृदाह-**यावन्ति** यत्परिमाणानि नियमादनन्तानि, **हि**रेव इत्यस्यार्थे, यावन्त्येव, रूपमेषामस्ति **रूपीणि**, प्रदर्शनं चैतद्रूपरसगन्धस्पर्शशब्दवन्ति, **द्रव्याणि** गुणसद्भावात्मकानि[2] **अवधिज्ञानी जानीते**, पश्यति चेति दृश्यम्, तेषामवधिज्ञानिनोपलब्धानां[3] रूपिद्रव्याणां यावन्ति मनःपर्यायज्ञानिनो विषयभूयमास्कन्दन्ति **तानि** असौ **मनःपर्यायज्ञानी विशुद्धतराणि**-

વિષયકૃત. એમ ચાર પ્રકારનો અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદ (પ્રતિવિશેષ) છે. **तद्यथा** તે આ પ્રમાણે - અર્થાત્ આ ચાર ભેદો જે રીતે ઘટે છે તે પ્રમાણે ભાષ્યકાર વડે કહેવાય છે.

**ભાષ્ય : અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર છે. કારણ કે જેટલાં રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે તેમાંથી મનોગત (મનોવર્ગણાના) દ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની અત્યંત વિશુદ્ધ રૂપે જાણે છે. વળી બીજું કે-**

### ❋ ૧. વિશુદ્ધિના કારણે તફાવત ❋

**પ્રેમપ્રભા :** પૂર્વોક્ત સ્વરૂપ અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાયજ્ઞાન વિશુદ્ધતર = અધિક વિશુદ્ધ રૂપે જાણે છે. **પ્રશ્ન :** શાથી મનઃપર્યાયજ્ઞાનનું વિશુદ્ધતરપણું છે ? **જવાબ :** આ વાતને ભાષ્યકાર પોતે જ જણાવે છે. જેટલાં રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે, તેનાથી મનઃપર્યાયજ્ઞાની અધિક વિશુદ્ધરૂપે જાણે છે. **यावन्ति** એટલે જેટલાં પરિમાણ (સંખ્યા)વાળા દ્રવ્યો અને તે નિયમથી અનંત લેવાના છે. **हि** શબ્દનો અર્થ 'જ'કાર છે. તથા જેમાં રૂપ હોય તે 'રૂપી' કહેવાય. આ ઉપલક્ષણ છે. આથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દવાળા **'રૂપી'** દ્રવ્યો કહેવાય. **દ્રવ્યો** એ ગુણના સદ્ભાવ સ્વરૂપ હોય છે. અર્થાત્ ગુણ વિનાના દ્રવ્યો ન હોય. આમ આવા જેટલાં અર્થાત્ અનંત જ રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જીવ જાણે છે અને **च** શબ્દથી જુએ પણ છે. તે અવધિજ્ઞાની વડે જાણેલાં રૂપી દ્રવ્યોમાંથી જેટલાં મનઃપર્યાયજ્ઞાની મહાત્માના મનઃપર્યાયજ્ઞાનનો વિષય બને છે તેટલાં દ્રવ્યોને

१. ख.पू. । तरतां० मु. । २. पू. । सङ्खातात्म० मु. । ३. पू. । ज्ञानेनो० मु. ।

बहुतरपर्यायाणि जानीते इत्यर्थः । तान्यपि च **मनोगतानी**ति मनोव्यापारभाञ्जीत्यर्थः, असञ्चिन्त्यमानानि तु नैव **जानीते** साक्षात् । **किञ्चान्यदि**ति, अयं चापरो भेदहेतुरिति ।

**भा० क्षेत्रकृतश्चानयोः प्रतिविशेषः अवधिज्ञानमङ्गुलस्यासङ्ख्येयभागादिषूत्पन्नं भवति आ सर्वलोकात्, मनःपर्यायज्ञानं तु मानुषक्षेत्र एव भवति, नान्यत्र[१] इति । किञ्चान्यत् ।**

**टी० क्षेत्रकृतश्चानयो**रवधिमनःपर्याययोः **प्रतिविशेषो** भेदो दृश्यः, एतद् भावयति-**अवधिज्ञानमङ्गुलेत्यादि** । अङ्गुलस्यासङ्ख्येयानि खण्डानि कृतानि, तत्रैकस्मिन् असङ्ख्येयभागमात्रे क्षेत्रे यावन्ति रूपिद्रव्याणि समवगाढानि सर्वस्तोकानि यः पश्यति, ततः स एव वर्धमानेन तेन बहूनि बहुतराणि च द्रव्याणि अवगच्छति यावत् सर्वलोकावस्थितानि [२]द्रव्याणि पश्यति, शुभाध्यवसायविशेषादिति, एतदाह-**अङ्गुलस्यासङ्ख्येयभागादिषूत्पन्नं**

મનઃપર્યાયજ્ઞાની વિશુદ્ધતર એટલે કે અત્યંત ઘણા પર્યાયવાળા રૂપે જાણે છે. કયા રૂપીદ્રવ્યો મનઃપર્યાયજ્ઞાનીના વિષય બને છે ? તે કહે છે - તે મનોગત અર્થાત્ મનના વ્યાપારમાં = ઉપયોગમાં આવેલાં દ્રવ્યોને મ.પ. જ્ઞાની વિશુદ્ધતર રૂપે જાણે છે. પણ જે ચિંતનમાં = ઉપયોગમાં આવતાં નથી એવા મનોગત (મનોવર્ગણાના) પુદ્ગલોને (દ્રવ્યોને) તો સાક્ષાત્ જાણતા નથી જ.

**किञ्चान्यत्** - વળી આ બે જ્ઞાન વચ્ચે તફાવતનું બીજું પણ કારણ છે.

**ભાષ્ય : આ બે જ્ઞાન વચ્ચે ક્ષેત્રકૃત ભેદ પણ છે. અવધિજ્ઞાન એ અંગુલના અસંખ્યાતમાં ભાગ આદિ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલું સમસ્ત લોક સુધી હોય છે, જ્યારે મનઃપર્યાયજ્ઞાન તો મનુષ્યક્ષેત્રને વિષે જ થાય છે, અન્ય ક્ષેત્ર વિષે થતું નથી. વળી બીજું કે,**

### ❋ ૨. ક્ષેત્રના નિમિત્તથી તફાવત ❋

**પ્રેમપ્રભા :** અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ક્ષેત્રકૃત = ક્ષેત્રની અપેક્ષાએ પણ ભેદ જાણવો. આ ભેદને જણાવતાં ભાષ્યમાં કહે છે - અંગુલના અસંખ્યાતમાં ભાગ આદિમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ઇત્યાદિ તેનો અર્થ આ પ્રમાણે છે - એક અંગુલના અસંખ્યાત ટુકડા (= ખંડો) કરેલાં હોય, તેમાંથી એક-અસંખ્યાતમાં ભાગ પ્રમાણ ક્ષેત્રમાં (આકાશમાં) જેટલાં પણ રૂપી દ્રવ્યો રહેલાં હોય તેટલાં અર્થાત્ સૌથી અલ્પ દ્રવ્યોને જે અવધિજ્ઞાની જીવ જુએ છે (જાણે છે) ત્યારપછી તે જ વ્યક્તિ વિશિષ્ટ શુભઅધ્યવસાયના

१. सर्वटीकानु० । नान्यक्षेत्र इति० मु. । २. पादिषु, कै. । रूपिद्र० मु. अधिकः ।

**भवति आ सर्वलोकादिति** । मनःपर्यायज्ञानस्य तु नैतावत् क्षेत्रमस्ति, यतो **मनःपर्यायज्ञानं मानुषेत्यादि, मानुषक्षेत्रे** अर्धतृतीयेषु द्वीपसमुद्रेष्वित्यर्थः, **नान्यत्रेति** न वैमानिकेषु[2] न शर्कराप्रभादिनरकेष्विति ।

**भा० स्वामिकृतश्चानयोः प्रतिविशेषः । अवधिज्ञानं संयतस्य, असंयतस्य वा सर्वगतिषु भवति, मनःपर्यायज्ञानं तु मनुष्यसंयतस्यैव भवति, नान्यस्य । किञ्चान्यत् ।**

**टी० स्वामिकृत** इत्यादि । **अवधिज्ञानं संयतस्य** साधोर्विरतस्येत्यर्थः । **असंयतस्य** अविरतस्य, **वा**शब्दात् संयतासंयतस्य वा, **सर्वगतिषु** नारकादिकासु चतसृष्वपि भवति[3],

કારણે વધતાં જતાં તે અવધિજ્ઞાન વડે ઘણા, અત્યંત ઘણા દ્રવ્યોને દેખે છે, છેક સર્વલોકમાં = ૧૪ રાજલોકમાં રહેલાં દ્રવ્યોને જુએ છે. (અર્થાત્ જેમ જેમ શુભઅધ્યવસાયો વધતાં જાય તેમ અવધિજ્ઞાન પણ વધતું જાય અને વિશુદ્ધ બનતું જાય) આ જ હકીકત ભાષ્યમાં કહેલી છે કે, અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતમા ભાગ આદિમાં ઉત્પન્ન થઈને વધતું છતું સર્વલોક સુધી અર્થાત્ તેમાં રહેલ રૂપીદ્રવ્યોને જાણનારું બને છે.

જ્યારે મનઃપર્યાય જ્ઞાનનું તો આટલું (મોટું) ક્ષેત્ર હોતું નથી કારણ કે તે મનુષ્યક્ષેત્ર એટલે કે અઢી દ્વીપસમુદ્રોને વિષે જ (રહેલાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ચિંતનમાં ઉપયોગી બનેલાં મનોદ્રવ્યને વિષે જ) થાય છે, પરંતુ વૈમાનિક દેવલોકને વિષે તેમજ શર્કરાપ્રભા વગેરે નરકોને વિષે અર્થાત્ તે ક્ષેત્રમાં રહેલાં પંચેન્દ્રિય જીવોના મનોગત દ્રવ્યોને વિષે મનઃપર્યાયજ્ઞાન થતું નથી.

**ભાષ્ય : આ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે તેના સ્વામીના કારણે પણ ભેદ પડે છે. અવધિજ્ઞાન એ સંયતને અથવા અસંયત જીવને સર્વગતિઓમાં ઉત્પન્ન થાય છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન તો મનુષ્યને અને તેમાં પણ સંયત સાધુને પ્રગટ થાય છે, બીજાને નહિ. વળી બીજું કે-**

### ❋ ૩. સ્વામી ભેદથી તફાવત ❋

**પ્રેમપ્રભા :** સ્વામી એટલે તેના ધારક માલિકના નિમિત્તથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદ પડે છે. આ અવધિજ્ઞાન સંયતને એટલે કે સાધુને = સર્વવિરતિ-ધરને તથા અસંયત એટલે અવિરત-સમ્યગ્દૃષ્ટિ જીવને અને **વા** શબ્દથી સંયતાસંયતને અર્થાત્ દેશવિરતિધર શ્રાવકને સર્વગતિઓમાં = નારકાદિ ચારેય ગતિઓમાં હોય છે.

१. सर्वप्रतिषु । नान्यक्षेत्र इति० मु. । २. सर्वप्रतिषु । वैमानिकेषु न० मु. नास्ति । ३. ख.पू. । भवेत्० मु. ।

यतो नारकादीनां सर्वेषामवधिज्ञानमुत्पद्यते, **मनःपर्यायज्ञानं पुनर्मनुष्यसंयतस्यैव भवति**, मनुष्यग्रहणात् नारकादिव्युदासः, संयतग्रहणात् मिथ्यादृष्ट्यादीनां प्रमत्तान्तानां षण्णां व्युदासः, **एव**कारेण नियमयति-मनुष्यसंयतस्यैव ।फलं नियमस्य दर्शयति-**नान्यस्येति**, देवादेर्नैतदुत्पद्यत इत्यर्थः । किञ्चान्यत्[1] -

કારણ કે, નારકાદિ સર્વગતિના જીવોને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન તો મનુષ્ય અને સંયતને જ થાય છે. 'મનુષ્ય'નું ગ્રહણ કરવાથી નારકાદિ જીવોનો નિષેધ થાય છે. અર્થાત્ તેઓને ન હોય. આમ છતાં મનુષ્ય પણ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનકવાળો સંભવે છે. આથી 'સંયત' શબ્દના ગ્રહણથી મિથ્યાદૃષ્ટિ આદિ પ્રમત્ત સંયત સુધીના છ ગુણસ્થાનકોનો પ્રતિષેધ થાય છે. આમ સંયતનો અર્થ અપ્રમત્ત- સંયત = ૭મા ગુણસ્થાનકે રહેલ જીવ સમજવાનો છે. **एवकार** ('જ'કાર) વડે નિયમ કરે છે કે, મનુષ્ય-સંયતને જ મનઃપર્યાયજ્ઞાન હોય છે. આ નિયમનું ફળ બતાવતાં કહે છે - બીજા જીવોને અર્થાત્ દેવ વગેરે જીવોને આ મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

**ચંદ્રપ્રભા :** અહીં જો કે સંયત, અસંયત અને સંયતાસંયત જીવોને ચારેય ગતિમાં અવધિજ્ઞાન હોય છે એમ સામાન્યથી કહેલું છે, તો પણ વિશેષથી એમ સમજવાનું છે કે, સંયતનું ગ્રહણ મનુષ્યગતિની અપેક્ષાએ જ છે, કારણ કે, અન્ય ગતિઓમાં સંયત = સાધુઓ હોતાં નથી. તથા તિર્યંચગતિમાં સંયતાસંયત = દેશવિરતિ ૫મું ગુણસ્થાનક હોઈ શકે છે. જ્યારે અસંયત = અવિરત સમકિતી જીવો તો ચારેય ગતિમાં હોય છે. અર્થાત્ દેવ-નારક ગતિમાં પણ હોય છે. આમ મનુષ્યગતિમાં ત્રણેય પ્રકારના અવધિજ્ઞાની જીવો હોય, તિર્યંચ ગતિમાં બે પ્રકારના અને દેવ-નારકરૂપ બે ગતિઓમાં તો ફક્ત અવિરત સમ્યક્દૃષ્ટિ રૂપ જ અવધિજ્ઞાની જીવો હોય છે એમ વિષય-વિભાગ વિચારવા યોગ્ય છે. વળી ટીકામાં **नारकादीनां सर्वेषां** - નારક વગેરે સર્વજીવોને અવધિજ્ઞાન હોય તેમ કહેલું છે પણ તે તેનો અર્થ 'સર્વ ગતિઓમાં' અવધિજ્ઞાન હોય છે તેમ સમજવું. પણ સર્વજીવોને અવધિજ્ઞાન હોતું નથી. કેમ કે મનુષ્ય-તિર્યંચ ગતિમાં પંચેન્દ્રિય વિશિષ્ટલબ્ધિવંત જીવોને જ અવધિજ્ઞાન સંભવે છે, શેષ જીવોને હોતું નથી. તથા દેવ-નારક ગતિના જીવોને સર્વને જો કે અવધિજ્ઞાન હોય છે કેમ કે તેઓને ભવ-પ્રત્યયિક = ભવના નિમિત્તે જ અવધિજ્ઞાન પ્રગટ થાય છે. તો પણ તેમાં સમ્યગ્દૃષ્ટિ (સમકિતની) જીવોને જ અવધિજ્ઞાન કહેવાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવોને જે અવધિ ઉત્પન્ન થાય છે તે અવધિ-અજ્ઞાન અથવા વિભંગજ્ઞાન કહેવાય છે. જો કે આ શાસ્ત્રમાં પૂર્વે અવધિજ્ઞાનનું નિરૂપણ કરેલું છે તે અવધિજ્ઞાન વિભંગજ્ઞાન બેયને સાધારણ રૂપે નિરૂપણ કરેલું છે. આથી દેવ અને નારક-ગતિના સર્વ જીવોને

१. सर्वप्रतिषु । ना. मु. ।

**भा० विषयकृतश्चानयोः प्रतिविशेषः । रूपिद्रव्येषु असर्वपर्यायेष्ववधेर्विषय-निबन्धो भवति । तदनन्तभागे मनःपर्यायस्येति ।**

**टी० विषयकृत** इत्यादि । **रूपिषु** परमाणुषु[1] द्रव्येषु, सर्वेषु[2] **असर्वपर्यायेषु इति** । सर्वे सम्पूर्णाः **पर्याया** उत्पादादयो येषां तानि सर्वपर्यायाणि न सर्वपर्यायाणि असर्वपर्यायाणि तेषु, तानि हि रूपिद्रव्याणि अवधिज्ञानी सर्वाणि जानाति न तु तेषां सर्वान् पर्यायानिति, एकैकस्य तु परमाणोः कदाचिदसङ्ख्येयान् पर्यायान् जानाति कदाचित् सङ्ख्येयान्, [3]कदाचित् जघन्येन चतुरो रूपरसगन्धस्पर्शानिति, न पुनरेकैकस्य परमाणोरनन्तान् ज्ञातुं प्रत्यलः[4] स्यात् पर्यायानिति, यदि च सर्वानेव जानीयत् केवल्येवासौ स्यात् । *"जो[5] एगं जाणति सो[6] सव्वं जाणति"* इति **[आचाराङ्ग० सू० १२२]** आगमात् । अतो**ऽसर्वपर्यायेषु अवधेः**

પણ અવધિજ્ઞાન કહેવું ઘટે છે એમ જાણવું.

**ભાષ્ય : આ બે જ્ઞાન વચ્ચે વિષયને લઈને પણ ભેદ છે. અસર્વ-પર્યાયવાળા રૂપી દ્રવ્યોને વિષે અવધિજ્ઞાનનો વિષય - સંબંધ છે. જ્યારે તેના અનંતમાં ભાગમાં મનઃપર્યાયજ્ઞાનનો વિષય સંબંધ હોય છે.**

### ❋ ૪. વિષયના ભેદથી ભિન્નતા ❋

**પ્રેમપ્રભા :** વિષય-કૃત ભેદને જણાવતાં ભાષ્યમાં કહે છે કે, અસર્વપર્યાયવાળા રૂપી દ્રવ્યોને વિષે અવધિજ્ઞાનનો વિષય છે. રૂપી એટલે પરમાણુ દ્રવ્યો - સર્વે લેવાના છે. પણ તે દ્રવ્યો સર્વ પર્યાયવાળા લેવાના નથી. સર્વ એટલે સંપૂર્ણ છે પર્યાયો = ઉત્પાદ વગેરે ધર્મો જેઓના તે દ્રવ્યો સર્વ-પર્યાયવાળા કહેવાય. આવા ન હોય તે અસર્વપર્યાયવાળા દ્રવ્યો કહેવાય. તેને વિષે અવધિજ્ઞાનનો વિષય-નિબંધ (વિષય) હોય છે કારણ કે અવધિજ્ઞાની જીવ તે સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે, પરંતુ તે દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણતો નથી. દરેક પરમાણુના (દ્રવ્યોના) ક્યારેક અસંખ્યાત પર્યાયોને જાણે છે તો ક્યારેક સંખ્યાત પર્યાયોને જાણે છે અને ક્યારેક જઘન્યથી = ઓછામાં ઓછું તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચાર પર્યાયોને જાણે છે. પરંતુ, દરેક પરમાણુના અનંત પર્યાયોને જાણવાને સમર્થ બનતો નથી. અને જો તે સર્વપર્યાયોને જાણે તો તે કેવળજ્ઞાની જ બની જાય. કારણ કે એવું **આગમવચન** છે કે, **'जो[A] एगं जाणति सो सव्वं जाणति' [આચારાંગ અ० ૩ ઉ० ૪ સૂ० ૧૨૩]** અર્થાત્ જે એકને (પરિપૂર્ણ રીતે) જાણે છે તે સર્વને જાણે છે અને જે સર્વને

१. पू. । माणुद्र० मु. । २. पू. । ना. मु. । ३. पू. । ना. मु. । ४. पादिषु । त्यलं० मु. । ५-६. पू. जै. । जे..... से० मु. ।

अवधिज्ञानस्य **विषयनिबन्धः** विषयो[1] गोचर इति । मनःपर्यायज्ञानस्य तु रूपिद्रव्याणि न सर्वाणि विषयः, यतस्तेषामवधिज्ञातानां[2] द्रव्याणामनन्तभागीकृतानां य एको**ऽनन्तभाग**स्तस्मिन् मनःपर्यायज्ञानस्य विषयनिबन्धः । तस्मादतीन्द्रियत्वे तुल्येऽपि विशुद्ध्यादे- र्भेदोऽवधिमनः-पर्याययोरिति ।

**भा० अत्राह-उक्तं मनःपर्यायज्ञानम् । अथ केवलज्ञानं किमिति ? । अत्रोच्यते-केवलज्ञानं दशमेऽध्याये वक्ष्यते-मोहक्षयात् ज्ञानदर्शनावरणीयान्तरायक्षयाच्च[3] केवलमिति (१०-१) ॥ २६ ॥**

**अत्राह-एषां मतिज्ञानादीनां ज्ञानानां कः कस्य विषयनिबन्ध इति ? । अत्रोच्यते -**

**टी० अत्रावकाशे** ब्रवीति-प्रतिपादितं **मनःपर्यायज्ञानं**, तदनन्तरं केवलज्ञानमुद्दिष्टं,

જાણે છે તે જ એક વસ્તુને સંપૂર્ણ રીતે જાણે છે. આમ અસર્વપર્યાયવાળા જ સર્વ દ્રવ્યોને વિષે અવધિજ્ઞાનનો વિષય-ગોચર હોય છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાનના તો સર્વ રૂપી દ્રવ્યો વિષય બનતા નથી. (પણ અમુક જ મનોદ્રવ્ય જ વિષય બને છે.) કારણ કે અવધિજ્ઞાન વડે જાણેલાં તે (સર્વ) દ્રવ્યોના જે અનંત ભાગ કરાય, તેમાંથી જે એક અનંતમો ભાગ હોય, તેને વિષે મનઃપર્યાયજ્ઞાનનો વિષય હોય છે. આ કારણથી અતીન્દ્રિય (પ્રત્યક્ષ) રૂપે સમાન હોવા છતાં પણ વિશુદ્ધિ આદિ કારણથી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે ભેદ/તફાવત હોય છે.

**ભાષ્ય : અહીં અન્ય વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : મનઃપર્યાયજ્ઞાન આપે કહ્યું. હવે કેવળજ્ઞાનનું સ્વરૂપ શું છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે. જવાબ : કેવળજ્ઞાન દશમા અધ્યાયમાં કહેવાશે - તે આ પ્રમાણે - 'મોહનીય કર્મનો ક્ષય થવાથી અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષય (અત્યંતપણે નાશ) થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે.**

**અહીં બીજો વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : આ મતિજ્ઞાન આદિ જ્ઞાનોમાં કોનો શું વિષય વ્યાપાર છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે. (જવાબઃ) (૧-૨૯)**

**પ્રેમપ્રભા :** અહીં અવકાશ હોવાથી અવસર હોવાથી શિષ્યાદિ પ્રશ્ન કરે છે કે,

**પ્રશ્ન :** 'આપે મનઃપર્યાયજ્ઞાનનું પ્રતિપાદન/કથન કર્યું. તેના પછી કેવળજ્ઞાન કહેવાને ઉદ્દિષ્ટ છે અર્થાત્ પૂર્વે તેને કહેવાનો સ્વીકાર (પ્રતિજ્ઞા) કરેલો છે. તો હવે તે કેવળજ્ઞાનનું

१. पू. विषयगो० मु. । २. ख. पू. । धिज्ञानानां० मु. । ३. कै.-भा, टीकानुसारेण च । वरणान्त० मु. ।

तत् किंस्वरूपमिति प्रश्नयति-**केवलज्ञानं** किंस्वरूपमिति । **उच्यते**-क्रमागतमपीह न भण्यते, यस्मात् केवलज्ञानस्योत्पत्तिः ज्ञानावरणादीनां घातिकर्मणामात्यन्तिकात्[1] क्षयात्, स चात्यन्तिकक्षणः[2] संवरेण प्राप्यते, संवरश्च नवमेऽध्याये वक्ष्यते, तत्समनन्तरं **केवलज्ञानं दशमेऽध्याये**ऽभिधास्यते, दशमाध्यायादिसूत्रं च तस्य प्रदर्शकं[3] पठति-**मोहक्षयादित्यादि** । मोहनं मोहः-मोहनीयं दर्शनमोहादिभेदमष्टाविंशतिविधं तस्य क्षयो-नाशस्तस्मात् मोहक्षयादात्यन्तिकात् **ज्ञानं** मत्यादि, **दर्शनं** चक्षुर्दर्शनादि, तयोर्ज्ञानदर्शनयो**रावरणीयं** आच्छादकं, **अन्तरायं** दानलब्ध्यादिविघाति, अत 'एषां च ज्ञानदर्शनावरणीयान्तरायाणां **क्षयात्** शाटादात्यन्तिकात् **केवलज्ञानं** प्रादुरस्ति *स[4]कलज्ञानं प्रादुरस्ति* सकलद्रव्यभेदसंग्राहीति ॥ २६ ॥

---

સ્વરૂપ શું છે ? એ પ્રમાણે ભાષ્યમાં પ્રશ્ન કરે છે.

### ❋ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્તકારણ ❋

**જવાબ :** ક્રમથી અહીં કહેવાનો અવસર હોવા છતાં પણ કેવળજ્ઞાનનું સ્વરૂપ અહીં કહેવાતું નથી. એનું કારણ આ છે કે, કેવળજ્ઞાનની ઉત્પત્તિ જ્ઞાનાવરણ આદિ ઘાતીકર્મનો આત્યંતિક સર્વથા નાશ થવાથી થાય છે. આ ઘાતીકર્મોનો સર્વથા ક્ષય સંવર-ધર્મ દ્વારા પ્રાપ્ત થાય છે અને આ સંવરતત્ત્વ નવમા અધ્યાયમાં કહેવાશે. તે પછી તુરત દશમા અધ્યાયમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ કહેવાશે. અને તે કેવળજ્ઞાનને બતાવતા દશમા અધ્યાયના આદિ સૂત્રને આ પ્રમાણે ભાષ્યમાં કહે છે - **मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥ १०-१ ॥** સૂત્રાર્થને સંક્ષેપથી જણાવતાં ટીકામાં કહે છે, **मोहनं मोहः** । મોહિત કરવું - મુંઝવવું તે **મોહ** એટલે મોહનીય = દર્શનમોહ વગેરે ભેદવાળું અઠ્ઠાવીસ (૨૮) પ્રકારનું મોહનીય કર્મ. તેનો ક્ષય એટલે આત્યંતિક=સર્વથા નાશ. તથા **જ્ઞાન** એટલે મતિ વગેરે ચાર (છદ્મસ્થપણાનું)જ્ઞાન. તથા **દર્શન** એટલે ચક્ષુદર્શન વગેરે. તે બેનુ આવરણીય = એટલે આચ્છાદન કરનારૂ કર્મ તથા **અંતરાય** એટલે દાનની લબ્ધિ વગેરેનો નાશ કરનારું કર્મ. આમ પ્રથમ મોહનીયકર્મનો તેમજ પછી આ ત્રણેય જ્ઞાન-દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષય એટલે કે આત્યંતિક સર્વથા નાશ થવાથી કેવળજ્ઞાન = સકળજ્ઞાન ઉત્પન્ન થયા છે અર્થાત્ સર્વ દ્રવ્યો અને સર્વ ભેદોને (પર્યાયોને) ગ્રહણ કરનારું કેવળજ્ઞાન પ્રગટ થાય છે. (૧-૨૬)

---

१. पादिषु । वरणीया० मु. । २. पादिषु । न्तिकक्ष० मु. । ३. ख.पू. । कै. । प्रदेशकं० मु. । ४. पादिषु । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठः ना. मु. ।

एवं मतिज्ञानादीनां पञ्चानामपि ज्ञानानां स्वरूपेऽवधृते [1]यस्य मत्यादेर्यो विषयस्तमजानन् पृच्छति-एषां पूर्वोदितानां **मतिज्ञानादीनां को विषयनिबन्धः कस्य** ज्ञानस्येति । **उच्यते-**

**सू० मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥ १-२७ ॥**

**भा० मतिज्ञानश्रुतज्ञानयोर्विषयनिबन्धो भवति सर्वद्रव्येषु असर्वपर्यायेषु । ताभ्यां हि सर्वाणि द्रव्याणि जानीते, न तु सर्वान्[2] पर्यायान् ॥ २७ ॥**

**टी० मतिश्रुतयोर्निबन्ध** इत्यादि । प्रकृतेन ज्ञानेन मतिश्रुते विशेषयन्नेवमुक्तवान्- **मतिज्ञानश्रुतज्ञानयोर्विषयनिबन्ध** इति विषयव्यापारो-विषयगोचरो **भवतीति, सर्वद्रव्येषु** सर्वाणि च तानि द्रव्याणि च सर्वद्रव्याणि तेषु धर्माधर्माकाशपुद्गलजीवास्तिकायाख्येषु । **असर्वपर्यायेष्विति** सर्वे निरवशेषा उत्पादादयः पर्याया येषां तानि सर्वपर्यायाणि, न

**અવતરણિકા :** આ પ્રમાણે મતિજ્ઞાન વગેરે પાંચેય જ્ઞાનોના સ્વરૂપનો નિશ્ચય (અવધારણ) કરાયે છતે મતિ આદિ જ્ઞાનનો જે વિષય છે, તેને નહીં જાણતો શિષ્ય પુછે છે કે, આ પૂર્વે કહેલાં મતિ વગેરે જ્ઞાનો પૈકી કયા જ્ઞાનનો શું વિષય છે ? આનો જવાબ આપતાં ગ્રંથકાર આગળનું સૂત્ર કહે છે - (જવાબઃ)

**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥ १-२७ ॥**

**સૂત્રાર્થ :** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો છે, પણ તેના સર્વ પર્યાયો વિષય નથી.

**ભાષ્ય : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય-નિબંધ સર્વદ્રવ્યો છે, પણ સર્વપર્યાયો નથી કારણ કે તે બે જ્ઞાન વડે જીવ સર્વદ્રવ્યોને જાણે છે, પણ (તેના) સર્વપર્યાયોને જાણતો નથી. (૧-૨૭)**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં મૂળસૂત્રમાં (૧૦માં) કહેલ 'જ્ઞાન' શબ્દ વડે મતિ અને શ્રુત એ બે શબ્દને વિશેષિત કરતાં આ પ્રમાણે કહેલું છે કે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય-નિબંધ એટલે વિષય-વ્યાપાર અર્થાત્ વિષય સર્વદ્રવ્યોને વિષે છે. અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય રૂપ સર્વદ્રવ્યોને વિષે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય-વ્યાપાર છે. પણ તે સર્વદ્રવ્યોના સર્વપર્યાયોને જાણે કે નહીં ? તે જણાવતાં કહે છે **असर्वपर्यायेषु** । સર્વ એટલે ઉત્પાદ (ઉત્પત્તિ) વગેરે અશેષ/સમસ્ત પર્યાયો છે જેના તે સવપર્યાયવાળા કહેવાય. તેવા ન હોય તે

१. पादिषु । तस्य० मु. । २. टीकानु० । सर्वैः पर्यायैः० मु. ।

सर्वपर्यायाणि असर्वपर्यायाणि तेषु । एतदेव भावयति-**ताभ्यां हीत्यादि, हि**र्यस्मादर्थे **ताभ्यां** मतिश्रुताभ्यां **सर्वाणि द्रव्याणि**-धर्मादीनि **जानाति, न तु** तेषां **सर्वान् पर्याया**नुत्पादादीनिति । कथं पुनस्ताभ्यां सर्वद्रव्यविषयोऽवबोधः ? मतिज्ञानी तावत् श्रुतज्ञानेनोपलब्धेष्वर्थेषु यदाऽक्षरपरिपाटीमन्तरेण स्वभ्यस्तविद्यो द्रव्याणि ध्यायति तदा मतिज्ञानविषयः सर्वद्रव्याणि, न तु सर्वान् पर्यायान् अल्पकालत्वान्मनसश्चाशक्तेरिति, तथा श्रुतग्रन्थानुसारेण सर्वाणि धर्मादीनि जानाति, न तु तेषां सर्वपर्यायानिति ॥ २७ ॥

सम्प्रत्यवधिज्ञानस्य विषयनिबन्धनं कथयति -

## सू० रूपिष्ववधेः ॥ १-२८ ॥

અસર્વપર્યાયવાળા દ્રવ્યો કહેવાય. તેને વિષે મતિ-શ્રુત જ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે. આ જ વાતની સ્પષ્ટતા કરતાં ભાષ્યકાર કહે છે - જે કારણથી મતિ-શ્રુતજ્ઞાનવાળો જીવ તે મતિ અને શ્રુત એ બે જ્ઞાન દ્વારા ધર્માસ્તિકાય વગેરે સર્વદ્રવ્યોને જાણે છે, પણ તેના ઉત્પાદ વગેરે સર્વપર્યાયોને જાણતો નથી **हि** = જે કારણથી, (માટે અસર્વ-પર્યાયવાળા સર્વદ્રવ્યોને જાણે છે.)

### ❋ મતિ-શ્રુતજ્ઞાની સર્વ-દ્રવ્યોને શી રીતે જાણે ? ❋

**પ્રશ્ન :** મતિ અને શ્રુત એ બે જ્ઞાન વડે સર્વદ્રવ્યનો બોધ શી રીતે થાય છે ?

**જવાબ :** મતિજ્ઞાનવાળો જીવ શ્રુતજ્ઞાન વડે જણાયેલાં અર્થોને/પદાર્થોને વિષે જ્યારે અક્ષરની પરિપાટી = એટલે કે ક્રમ વિના જ અર્થાત્ અક્ષરને નિરપેક્ષપણે સારી રીતે (અત્યંત) વિદ્યાનો અભ્યાસવાળો હોવાથી દ્રવ્યોનું ધ્યાન/ચિંતન કરે છે ત્યારે સર્વદ્રવ્યો મતિજ્ઞાનનો વિષય બને છે. અર્થાત્ સર્વદ્રવ્યોને મતિજ્ઞાની જાણે છે, પણ સર્વપર્યાયોને જાણતો નથી. તેના બે કારણ છે. (૧) તે મતિજ્ઞાનનો કાળ અત્યંત અલ્પ હોય છે અને (૨) બીજું કે જે મનથી મતિજ્ઞાન થાય છે તે મનની સર્વપર્યાયોને જાણવાની શક્તિ જ હોતી નથી. તેમજ શ્રુત-ગ્રંથોને અનુસારે થતાં જ્ઞાન વડે શ્રુતજ્ઞાની જીવ પણ સર્વ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને જાણે છે, પરંતુ તેના સર્વપર્યાયોને જાણતો નથી. (૧-૨૭)

**અવતરણિકા :** હવે (મતિ-શ્રુતજ્ઞાનનો વિષય જણાવીને ક્રમથી આવતાં) અવધિ-જ્ઞાનના વિષય-વ્યાપારને અર્થાત્ વિષય-મર્યાદાને જણાવવા આગળનું સૂત્ર કહે છે

१. सर्वप्रतिषु । हि-यस्मात् मु. ।

**भा० रूपिष्वेव द्रव्येष्ववधिज्ञानस्य विषयनिबन्धो भवति, असर्वपर्यायेषु । सुविशुद्धेनाप्यवधिज्ञानेन रूपीण्येव द्रव्याण्यवधिज्ञानी जानीते, तान्यपि न सर्वैः पर्यायैरिति ॥ २८ ॥**

**टी० रूपिष्ववधेरिति । रूपिष्वेव**-पुद्गलद्रव्येषु एव **अवधेः** अतीन्द्रियस्य **विषयनिबन्धो भवति** सर्वेषु, **असर्वपर्यायेषु** । किं योऽपि परमावधिरत्यन्त[1]विशुद्धस्तेनापि रूपीणि एव, नारूपीणि जानाति ? इत्यारेकित आह-**सुविशुद्धेनापि** परमप्रकर्षप्राप्तेनापि, योऽपि[2] ह्यलोके लोकप्रमाणान्यसंख्येयानि खण्डानि पश्यति तेनाप्यवधिना पुद्गलद्रव्याण्येवावसीयन्ते, न धर्मादीनि चत्वारि । [3]अथ तानि किं सर्वपर्यायैः ? नेत्याह-**तान्यपि न सर्वैरित्यादि । तानि अपि**-रूपिद्रव्याणि **न सर्वैः** अतीतानागतवर्तमानै[4]रुदयव्ययध्रौव्यादिभिरनन्तैः **पर्यायैरिति** ॥ २८ ॥

---

**रूपिष्ववधेः ॥ १-२८ ॥**

**सूत्रार्थ** : રૂપી દ્રવ્યોને વિષે અવધિજ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે.

**ભાષ્ય : અસર્વપર્યાયવાળા રૂપી દ્રવ્યોને વિષે જ અવધિજ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે. અર્થાત્ અવધિજ્ઞાની જીવ અત્યંત વિશુદ્ધ એવા અવધિજ્ઞાન વડે રૂપી દ્રવ્યોને જ જાણે છે, તે રૂપી દ્રવ્યોને પણ સર્વપર્યાયોથી જાણતો નથી. (૧-૨૮)**

### ❋ અવધિજ્ઞાનનો વિષય : રૂપી દ્રવ્યો ❋

**પ્રેમપ્રભા** : અતીન્દ્રિય એટલે કે ઇન્દ્રિયની મદદ વિના થતાં પ્રત્યક્ષ એવા અવધિજ્ઞાનનો રૂપી એટલે કે પુદ્ગલ દ્રવ્યોને વિષે જ વિષય-નિબંધ છે, વિષયવ્યાપાર છે. અર્થાત્ સર્વ રૂપી દ્રવ્યો જ તેના વિષય બની શકે છે. પરંતુ તે સર્વરૂપી દ્રવ્યોના સર્વપર્યાયોને વિષે તેના વિષયની પ્રવૃત્તિ હોતી નથી. **શંકા** : શું જે અત્યંત વિશુદ્ધ એવું 'પરમાવધિ' નામનું અવધિજ્ઞાન છે, તેના વડે પણ અવધિજ્ઞાની જીવ રૂપી દ્રવ્યોને જ જાણે છે ? અરૂપી દ્રવ્યોને જાણતો નથી ? આવી શંકા કરાતાં ભાષ્યકાર કહે છે- **સમાધાન** : સુવિશુદ્ધ એટલે પરમ પકર્ષને = ઉત્કૃષ્ટપણાને પામેલ અવધિજ્ઞાન - જે સમસ્ત લોકના રૂપી દ્રવ્યોને જાણીને પછી અલોકમાં પણ લોકના પ્રમાણવાળા અર્થાત્ ૧૪ રાજલોક જેટલાં અસંખ્ય ખંડોને દેખે છે તેને 'પરમાવધિ' કહેવાય છે. આવા પરમ વિશુદ્ધ એવા પણ અવધિજ્ઞાન વડે પુદ્ગલ (રૂપી) દ્રવ્યો જ જણાય છે, પણ ધર્માસ્તિકાય આદિ શેષ ચાર (અરૂપી) દ્રવ્યો જણાતાં નથી. **પ્રશ્ન** : શું તે પુદ્ગલ દ્રવ્યોને સર્વપર્યાયો સહિત જાણે

---

१. पादिषु, जै. । ज्ञानवि० मु. । २. ख.पू. । यो हि० मु. । ३. पू. । अथ तानि० ना. मु. । ४. पादिषु । रुत्पाद- मु.।

मनःपर्यायज्ञानस्याधुना विषयनिबन्धनमाचिख्यासुराह–

**सू० तदनन्तभागे मनःपर्यायस्य ॥ १-२९ ॥**

**भा० यानि रूपीणि द्रव्याण्यवधिज्ञानी जानीते ततोऽनन्तभागे मनःपर्यायस्य विषयनिबन्धो भवति । अवधिज्ञानविषयस्यानन्तभागं मनःपर्यायज्ञानी जानीते, रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मनुष्य[1]क्षेत्रपर्यापन्नानि विशुद्धतराणि चेति ॥ २९ ॥**

**टी० तदनन्तभागे मनःपर्यायस्य** । तेषामवधिज्ञानविषयीकृतरूपिद्रव्याणामनन्तभागस्[2]तस्मिन् मनःपर्यायज्ञानस्य विषयनिबन्धः । एतद् विवृणोति-**यानि** शुक्लादिगुणोपेतानि

છે ? તેના જવાબમાં નિષેધ કરતાં કહે છે. **જવાબ :** ના, તે રૂપી દ્રવ્યોને પણ અવધિજ્ઞાની જીવ અતીત = ભૂતકાલીન, અનાગત = ભાવી અને વર્તમાનરૂપ તેમજ, ઉદય = ઉત્પત્તિ, વ્યય = નાશ અને ધ્રૌવ્ય સ્થિરતા આદિરૂપ અનંત પર્યાયો સહિત જાણતો નથી. (પણ અસંખ્ય પર્યાયોને જ જાણે છે.) (૧-૨૮)

**અવતરણિકા :** હવે મનઃપર્યાય જ્ઞાનના વિષયને કહેવાની ઈચ્છાવાળા શાસ્ત્રકાર આગળનું સૂત્ર કહે છે.

**तदनन्तभागे मनःपर्यायस्य ॥ १-२९ ॥**

**સૂત્રાર્થ :** અવધિજ્ઞાનના વિષયભૂત રૂપી દ્રવ્યો કરતાં અનંતમાં ભાગે મનઃપર્યાય જ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે.

**ભાષ્ય : જે રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે તેના અનંતમાં ભાગે મનઃપર્યાય જ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે. અવધિજ્ઞાનનો જે વિષય છે, તેના અનંતમા ભાગ જેટલાં વિષયને મનઃપર્યાયજ્ઞાની જાણે છે અને તે પણ (અનંતમા ભાગરૂપ વિષય તરીકે) રૂપી દ્રવ્યોને જાણે છે. વળી અને તે રૂપી દ્રવ્યોને પણ દ્રવ્યમન રૂપ રહસ્યને (અંતરને) વિષે વિચારણામાં પ્રવેશેલાં = ઉપયોગમાં આવેલાં તથા મનુષ્યક્ષેત્રમાં રહેલાં તેમજ (અવધિજ્ઞાન કરતાં) ઘણા વિશુદ્ધ (વિશુદ્ધતર) રૂપે જાણે છે. (૧-૨૯)**

**❋ મનઃપર્યાયજ્ઞાની અવધિજ્ઞાનીનો અનંતમો ભાગ શી રીતે જાણે ? ❋**

**પ્રેમપ્રભા : तद्** એટલે તે અવધિજ્ઞાનના વિષયરૂપે બનાવેલ રૂપી દ્રવ્યો. તેનો જે

१. टीकानु० । मानुष० मु. । २. पू. । भागस्तदनन्तभागस्त० मु. ।

**रूपीणि द्रव्याणि जानाति अवधिज्ञानी** तेषामवधिज्ञानदृष्टानाम**नन्तभागो** यस्तस्मिन्ननन्तभागे एकस्मिन् **मनःपर्यायस्य विषयनिबन्धो** दृश्यः । तदित्यनेन अवधिज्ञानविषयोऽभिसंबध्यते । **तस्यावधिज्ञानविषयस्य** सर्वरूपिद्रव्यात्मकस्य योऽ**नन्तभागः** एकस्तं **मनःपर्यायज्ञानी जानीते** । एतदाह-**अवधिज्ञानविषये**त्यादिना । तान्यपि चावधिविषयानन्तभागवर्तीनि **रूपीणि** अवगच्छति-रूपरसा[1]द्युपेतानि [2]अतः एवंगुणसंद्रा[3]वात्मकानि **द्रव्याणि**, तान्यपि न कुड्यद्याकार-व्यवस्थितानि जानाति, किन्तु **मनोरहस्यविचारगतानि मनः** अनिन्द्रियं प्रतिविशिष्टपुद्गलप्रचितं चेतस्तदेव च **रहस्यम्** अप्रकाशस्वरूपं अन्तर्वर्तमानं मनोरहस्ये विचारो-विचारणा अन्वेषणा, कथमयं पदार्थोऽवस्थित इत्येवंरूपा, तत्र मनोरहस्यविचारणायां **गतानि** प्रविष्टानि चिन्त्यमानानि जीवेनेति यावत्, तान्यपि न सर्वलोकवर्तीनि, किन्तु **मनुष्यक्षेत्रम्** आ मानुषोत्तरात्, तस्मिन्

---

અનંતમો ભાગ તેના વિષે મનઃપર્યાયજ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે, એમ સૂત્રાર્થ છે. આ સૂત્રસ્થ પદોનું વિવેચન કરતાં ભાષ્યકાર કહે છે કે, શુક્લ = સફેદ વગેરે ગુણોથી સહિત એવા જે રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે, તે અવધિજ્ઞાન વડે જાણેલાં રૂપી દ્રવ્યોનો જે અનંતમો ભાગ છે, તે એક અનંતમાં ભાગમાં મનઃપર્યાયજ્ઞાનનો વિષય હોય છે એમ જાણવું. **तद्** શબ્દથી અવધિજ્ઞાનના વિષયનો સંબંધ થાય છે. આથી તેનો એટલે કે સર્વરૂપી દ્રવ્યરૂપ અવધિજ્ઞાનના વિષયનો જે એક અનંતમો ભાગ, તેને મનઃપર્યાયજ્ઞાની જાણે છે. આ જે અવધિજ્ઞાનના વિષયના અનંતમો ભાગને જાણે છે, તે એક અનંતમો ભાગરૂપ વિષય કેવો હોય છે ? તે ૪ વિશેષણો વડે જણાવતાં ભાષ્યમાં કહે છે - (૧) **રૂપી દ્રવ્ય :** તે અવધિજ્ઞાનના વિષયના અનંતમા ભાગે રહેલ 'રૂપી દ્રવ્યને' (તે રૂપ વિષયને) જાણે છે - રૂપ, રસ આદિ ગુણોથી યુક્ત હોય.તે 'રૂપી' કહેવાય અને આવા પ્રકારના રૂપાદિ ગુણોના સમુદાય રૂપ 'દ્રવ્યો' હોય છે. તે રૂપી દ્રવ્યોને પણ ભીંત વગેરે આકારે ગોઠવાયેલા નથી જાણતો, કિંતુ (૨) **મનો-રહસ્ય વિચાર-ગત** રૂપે જાણે છે. અર્થાત્ મન એટલે અનિન્દ્રિય અમુક ચોક્કસ (મનોવર્ગણાના) પુદ્‌ગલોના સમુદાય રૂપ દ્રવ્ય-મન એટલે ચિત્ત. તે રૂપી 'રહસ્ય' એટલે અપ્રગટ - સ્વરૂપ (અપ્રકાશ રૂપ) અંતરમાં વર્તતું હોય તે અર્થાત્ અંતરમાં પ્રવર્તતું દ્રવ્ય-મન. તેમાં જે વિચાર એટલે વિચારણા ચાલતી હોય. દા.ત. 'આ અમુક-પદાર્થ કેવા સ્વરૂપે રહેલો છે ? ઇત્યાદિ રૂપ જીવ વડે વિચારણા કરવામાં પ્રવેશ પામેલાં અર્થાત્ ચિંતન કરાતાં - ચિંતનમાં ઉપયોગમાં લેવાયેલાં - હોય તે મનો-રહસ્ય-વિચાર-ગત રૂપી દ્રવ્યો કહેવાય. તેને મનઃપર્યાયજ્ઞાની જાણે છે. વળી તેને પણ સમસ્ત લોક રૂપ ક્ષેત્રમાં રહેલાંને ન જાણે, કિંતુ, (૩) **મનુષ્યક્ષેત્ર-પર્યાપન્ન** = મનુષ્ય

---

१. पादिषु । रसाद्युपे० पू. । २. ख. पू. । ना. मु. । ३. ख. पू. । संप्राप्तात्म० मु. ।

मनुष्यक्षेत्रे **पर्यापन्नानि** व्यवस्थितानीति यावत्, अवधिज्ञानिनश्च सकाशाद् **विशुद्धतराणि** बहुतरपर्यायाणि जानीत इति यावत् ॥ २९ ॥

सम्प्रति केवलज्ञानस्य विषयमाचष्टे-

## सू० सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥ १-३० ॥

**भा० सर्वद्रव्येषु सर्वपर्यायेषु च केवलज्ञानस्य विषयनिबन्धो भवति । तद्धि सर्वभावग्राहकं सम्भिन्नलोकालोकविषयम् । नातः परं ज्ञानमस्ति । न च केवलज्ञान-विषयात् परमन्यत् किञ्चिज्ज्ञेयमस्ति ।**

**टी० सर्वद्रव्येत्यादि । सर्वद्रव्येषु** धर्मादिषु **सर्वपर्यायेषु** उत्पादादिषु, धर्मादीनां च त्रयाणां परत उत्पादविगमौ, पुद्गलानां च[1] जीवानां च स्वतः परतश्च, यथा शुक्लतया

ક્ષેત્રમાં રહેલાને જ જાણે - અર્થાત્ માનુષોત્તર પર્વત સુધીનું જે મનુષ્ય-ક્ષેત્ર છે, તેમાં રહેલાં (વ્યવસ્થિત) રૂપી દ્રવ્યોને જાણે છે અને તે પણ અવધિજ્ઞાનીની અપેક્ષાએ (૪) **વિશુદ્ધતર** = અત્યંત વિશુદ્ધરૂપે અર્થાત્ અત્યંત ઘણા પર્યાયો સહિત રૂપી દ્રવ્યોને જાણે છે. આમ ચાર વિશેષણો = મુદ્દાઓ વડે અવધિજ્ઞાનના વિષય કરતાં અનંતમાં ભાગે વર્તતાં મનઃપર્યયજ્ઞાનના વિષયને જણાવેલું છે એમ જાણવું. (૧-૨૯)

**અવતરણિકા :** હવે ક્રમથી આવતાં કેવળજ્ઞાનના વિષયને ગ્રંથકાર કહે છે-

**सर्वद्रव्य-पर्यायेषु केवलस्य ॥ १-३० ॥**

**સૂત્રાર્થ :** કેવળજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયોને વિષે હોય છે.

**ભાષ્ય : સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયોને વિષે કેવળજ્ઞાનનો વિષય-વ્યાપાર હોય છે. કારણ કે, તે કેવળજ્ઞાન સર્વભાવોનું ગ્રાહક હોય છે. આથી સંપૂર્ણ/સમસ્ત લોકાલોક વિષયવાળું હોય છે. આનાથી પર ઉત્કૃષ્ટ = બીજું કોઈ જ્ઞાન નથી, કારણ કે કેવળજ્ઞાનના વિષય કરતાં બીજી કોઈ જ્ઞેયવસ્તુ નથી.**

### ❋ કેવળજ્ઞાની સર્વ-દ્રવ્ય અને પર્યાયોને શી રીતે જાણે ? ❋

**પ્રેમપ્રભા :** પૂર્વે કહેલાં ક્રમ પ્રમાણે હવે ગ્રંથકાર કેવળજ્ઞાનનો વિષય જણાવે છે. ધર્માસ્તિકાય આદિ સર્વદ્રવ્યોને વિષે અને ઉત્પાદ (ઉત્પત્તિ) વગેરે સર્વપર્યાયોને વિષે કેવળજ્ઞાનનો વિષય હોય છે. આમાં ૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય અને

१. पादिषु । ना. मु. ।

विगच्छन्नीलतयोपजायमानः पुद्गल इत्यवतिष्ठते, जीवोऽपि सुरतयोत्पद्यते मनुष्यतया विगच्छति जीवत्वेन[1] सदावस्थित इति, अतः सर्वेषु पर्यायेषु एवमात्मकेषु **केवलज्ञानस्य विषयनिबन्धो** गोचरो **भवति ।** कथं पुनः केवलस्य सर्वाणि द्रव्याणि सर्वे पर्यायाश्च गोचरीभवन्ति ? **उच्यते**-तत् केवलज्ञानं यस्मात् **सर्वभावग्राहकं** सर्वेषां भावानां **ग्राहकं** द्रव्यक्षेत्र-कालभावविशिष्टानां तत् परिच्छेदकं-अवभासकम्, अत एव **संभिन्नलोकालोकविषयं लोको**-धर्माधर्मद्रव्यद्वयाविच्छिन्नमाकाशं, यत्र त्वाकाशे तौ धर्माधर्मौ न स्तः सो**ऽलोकः**, लोकश्चालोकश्च लोकालोकौ सम्भिन्नौ च तौ लोकालोकौ च सम्भिन्नलोकालोकौ विषयो-गोचरो यस्य तत् सम्भिन्नलोकालोकविषयम् । **एतदुक्तं भवति** [2]यदिह लोके अलोके [3]चाऽस्ति

૩. આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યોની ઉત્પત્તિ અને નાશ એ પરતઃ = પરદ્રવ્યના નિમિત્તથી અર્થાત્ જીવ-અજીવ દ્રવ્યની અપેક્ષાએ હોય છે. (કારણકે ધર્મ આદિ દ્રવ્યો પોતે તો નિત્ય દ્રવ્ય છે તેમાં સ્વતઃ = સ્વનિમિત્તથી ઉત્પાદ-નાશનો સંભવ નથી.) તથા ૪. પુદ્ગલ અને ૫. જીવ એ બે દ્રવ્યના ઉત્પાદ અને નાશ એ સ્વતઃ = સ્વ-નિમિત્તથી અને પરતઃ = પર નિમિત્તથી એમ બે રીતે થાય છે. **દા.ત.** શુક્લ = સફેદ રૂપે નાશ પામતો અને શ્યામરૂપે ઉત્પન્ન થતો કોઈ પદાર્થ પુદ્ગલ રૂપે અવસ્થિત-સ્થિર-નિત્ય રહે છે. જીવ પણ દેવ-પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને મનુષ્ય-પર્યાયરૂપે નાશ પામતો છતાં 'જીવ' રૂપે સદા સ્થિર-અવસ્થિત રહે છે. આમ આવા (સર્વદ્રવ્યોના) સર્વપર્યાયોને વિષે કેવળજ્ઞાનનો વિષય હોય છે.

**પ્રશ્ન :** સર્વદ્રવ્યો અને સર્વપર્યાયો કેવળજ્ઞાનનો વિષય શી રીતે બને છે ?

**જવાબ :** જે કારણથી તે કેવળજ્ઞાન સર્વભાવોનું ગ્રાહક છે, અર્થાત્ સર્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિશિષ્ટ એવા સર્વ પદાર્થોનો (ભાવોનો) બોધ કરનારું છે, આથી જ સમસ્ત (સંભિન્ન) લોકાલોક રૂપ વિષયવાળુ છે. લોકાલોક એટલે લોક અને અલોક. તેમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય રૂપ બે દ્રવ્યોથી વિશિષ્ટ એવું આકાશ તે **'લોક'** કહેવાય. અને જે આકાશમાં ધર્મ-અધર્મ રૂપ બે દ્રવ્યો ન હોય તે **'અલોક'** કહેવાય છે. લોક અને અલોક તે 'લોકાલોક' કહેવાય. સંભિન્ન = સમસ્ત એવા લોકાલોક છે વિષય જેના તે સંભિન્નલોકાલોક રૂપ વિષયવાળું કેવળજ્ઞાન છે. (**संभिन्नौ लोकालोकौ इति संभिन्न लोकालोकौ, तौ विषयो यस्य तत् संभन्न-लोकालोक-विषयं केवलज्ञानमिति**)

१. पादिषु । त्वेन च० मु. । २. ख.पा.ला.लि. । यदलोके च० पू. । ३. ख.पू.कै. । वा० मु. ।

किञ्चिज्ज्ञेयं तद् यथा बहिः पश्यत्येवमन्तः, एवं सम्भिन्नलोकालोकविषयं, सम्भिन्नमिति सम्पूर्णम्, अथवा सर्वैः पर्यायैरथवा यथात्मानं तथा परम्, अथवा स्वपर्यायैः परपर्यायैश्च। **अथ** किमेतस्माज्ज्ञानात् प्रकृष्टतरमन्यत् किञ्चिज्ज्ञानमस्तीति ? **उच्यते-नातः परं ज्ञानमस्ति** अस्मात् केवलात् **परं** प्रधानतरं, प्रकृष्टतरं[1] **ज्ञानं** ज्ञेयपरिच्छेदि नास्ति किञ्चित् । **एतत्**[2] **स्याद्** यद्यपि ज्ञानं न प्रधानतरमस्ति विषयस्तर्हि अप्रकाशितोऽस्ति तेन केवलज्ञानेनेति, **तन्न**, यतः-**न च केवले**त्यादि । **केवलज्ञानस्य** विषयः सर्वद्रव्याणि सर्वपर्यायाश्च, एतस्माद् **विषयात् परमन्यत् किञ्चिज्ज्ञेयं नास्ति** यदप्रकाशितं केवलेनेति । एवं विषयमाख्याय

---

### ❋ સંભિન્ન-શબ્દના ચાર અર્થ ❋

(i) કહેવાનું **તાત્પર્ય** આ પ્રમાણે છે કે, અહીં લોકમાં અને અલોકમાં જે કાંઈ જ્ઞેય = જાણવા યોગ્ય વસ્તુ છે, તેને જેમ બહારથી જુએ છે તે પ્રમાણે અંદરથી પણ દેખે છે - જાણે છે. આ રીતે સંભિન્ન-લોકાલોક-વિષયવાળું કેવળજ્ઞાન છે. આમા 'સંભિન્ન' એટલે સંપૂર્ણ એમ અર્થ જાણવો. (ii) અથવા **સંભિન્ન** એટલે સર્વપર્યાયોથી સહિત જાણે છે અથવા (iii) સંભિન્ન એટલે જે રીતે પોતાને જાણે છે તે પ્રમાણે બીજા પદાર્થોને પણ જાણે છે. (અર્થાત્ બીજા પદાર્થોને પણ સ્પષ્ટરૂપે - પ્રત્યક્ષથી સંપૂર્ણપણે જાણે છે.) (iv) અથવા સંભિન્ન એટલે સ્વ-પર્યાયો વડે અને પર-પર્યાયો વડે (અભાવાત્મક પર વસ્તુના ધર્મો વડે) લોકાલોકને જાણે છે. આમ 'સંભિન્ન' શબ્દ કે જેનો અર્થ 'સંપૂર્ણ' થાય છે, તેના જુદી જુદી રીતે ચાર અર્થ ટીકામાં કરી બતાવ્યા છે. દરેકમાં 'સંપૂર્ણ' એવા અર્થને બતાવેલો છે.

**શંકા :** શું આ કેવળજ્ઞાન કરતાં ય પ્રકૃષ્ટતર = અધિક મોટું બીજું કોઈ જ્ઞાન છે ખરું ?

**સમાધાન :** આના કરતાં શ્રેષ્ઠ જ્ઞાન નથી અર્થાત્ આ કેવળજ્ઞાન કરતાં પર = એટલે અધિક પ્રધાન = અધિક મોટું બીજું કોઈ કોઈ જ્ઞાન = જ્ઞેય વસ્તુને જાણનારું નથી.

**પૂર્વપક્ષ :** એવું બને કે, જો કે કેવળજ્ઞાન કરતાં અધિક શ્રેષ્ઠ/પ્રધાન બીજું જ્ઞાન નથી, તો પણ તે કેવળજ્ઞાન વડે પ્રકાશિત કરાયો ન હોય અર્થાત્ જણાયો ન હોય એવો કોઈ વિષય તો હોઈ શકે ને ?

**ઉત્તરપક્ષ :** એવું નથી, કેવળજ્ઞાનના વિષય કરતાં બીજું કોઈ જ્ઞેય નથી. અર્થાત્

---

१. पू. । ना. मु. । २. पादिषु । एतस्मात्० मु. ।

केवलस्य तस्यैव पर्यायकथनं करोति –

**भा० केवलं परिपूर्णं समग्रमसाधारणं निरपेक्षं विशुद्धं सर्वभावज्ञापकं लोकालोकविषयमनन्तपर्यायमित्यर्थः ॥ ३० ॥**

**टी० केवलं परिपूर्णं** भण्यते, सकलं द्रव्यभावजालं परिच्छिन्दत् परिपूर्णमिति, यथैकं जीवपदार्थं तथा परमपि परिच्छिन्दत् **समग्रमिति** व्यपदिश्यते, **असाधारणं** मत्यादिज्ञानैर-तुल्यत्वात्, निर्गता आलोकेन्द्रियादिरूपा अपेक्षा यत्र **तन्निरपेक्षं**, ग्राह्यं मुक्त्वा नेन्द्रियादीन्यपेक्षत इति यावत् । **विशुद्धं** अशेषज्ञानदर्शनावरणमलविलयनात् **सर्वभावज्ञापकमिति** सर्वेषां

સર્વદ્રવ્યો અને તેના સર્વ પર્યાયો કેવળજ્ઞાનનો વિષય બને છે અને આના કરતા બીજો કોઈ જ્ઞેય = જાણવા યોગ્ય વિષય/પદાર્થ નથી, જે કેવળજ્ઞાન વડે પ્રકાશિત કરાયેલ ન હોય.

આ પ્રમાણે વિષયને જણાવીને ભાષ્યમાં તે જ કેવળજ્ઞાનના પર્યાયોનું = સમાનાર્થી શબ્દોનું કથન કરે છે-

**ભાષ્ય : કેવળ એટલે (૧) પરિપૂર્ણ (૨) સમગ્ર (૩) અસાધારણ (૪) નિરપેક્ષ (૫) વિશુદ્ધ (૬) સર્વભાવજ્ઞાપક (૭) લોકાલોકવિષયવાળું કારણ કે અનંત-પર્યાયવાળું છે.** (૧-૩૦)

### ❋ કેવળજ્ઞાનના સાત પર્યાયો ❋

**પ્રેમપ્રભા :** 'કેવળ' શબ્દના પર્યાયશબ્દો જણાવતાં ભાષ્યકાર કહે છે- **(૧) પરિપૂર્ણ :** કેવળ શબ્દથી 'પરિપૂર્ણ' અર્થ કહેવાય છે. આથી પરિપૂર્ણ એ કેવળનો પર્યાય = સમાનાર્થી શબ્દ છે. સકળ દ્રવ્ય અને ભાવોને = પર્યાયોને જાણનારું હોય તે 'પરિપૂર્ણ' જ્ઞાન કહેવાય. **(૨) સમગ્ર :** જેમ એક જીવ પદાર્થને જાણતું હોય તેમ બીજા પણ (અજીવ આદિ) પદાર્થનો બોધ કરતું હોય (આમ એક-એક કરતાં) સર્વને જાણે તે 'સમગ્ર' કહેવાય. (૩) **અસાધારણ :** મતિ વગેરે ચાર જ્ઞાનો સાથે તુલ્ય = સમાન ન હોવાથી અતુલ્ય = અસાધારણ છે. (૪) **નિરપેક્ષ :** જે જ્ઞાન કરવામાં આલોક = એટલે પ્રકાશ, ઇન્દ્રિયો આદિની અપેક્ષા નીકળી ગઈ છે - રહી નથી તે નિરપેક્ષ કહેવાય. અર્થાત્ પોતાને ગ્રાહ્ય વિષય = જ્ઞેય વસ્તુ સિવાય ઇન્દ્રિય, પ્રકાશ વગેરે બાહ્ય નિમિત્તોની અપેક્ષા ન હોવાથી કેવળજ્ઞાન 'નિરપેક્ષ' છે.

जीवादीनां भावानां **ज्ञापकं** प्ररूपकम् । **ननु** च मूकं तत् केवलज्ञानं सत्[1] कथं प्ररूपकं भण्यते ? शब्दो हि ज्ञापको मतः, **उच्यते**-उपचारात् ज्ञापकं, यतः केवलज्ञानेन सर्वद्रव्यभावान् दृष्टान् शब्दः प्रकाशयति, ततः केवलज्ञानमेव प्रकाशकं ज्ञापकं[2] भण्यते । लोकालोकौ

**ચંદ્રપ્રભા :** મતિ વગેરે જ્ઞાનો છદ્મસ્થ ન હોય છે તેમજ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી ઉત્પન્ન થાય છે જ્યારે આ કેવળજ્ઞાન છદ્મસ્થપણું નાશ પામવાથી થાય છે. તેમજ મોહનીયનો સર્વથા ક્ષય થયા પછી જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ = ફરી બિલ્કુલ ન બંધાય એ રીતે સર્વથા ક્ષય થવાથી જ ઉત્પન્ન થાય છે. આમ અતિ વિશુદ્ધ હોવાથી અસાધારણ છે.

તથા કોઈપણ જ્ઞાન ઉત્પન્ન થવામાં વિષયની અપેક્ષા તો અનિવાર્ય છે કારણ કે નિર્વિષયક જ્ઞાન સંભવિત નથી. જ્ઞાન થયુ, તો તરત પ્રશ્ન થશે. શાનું જ્ઞાન ? **જવાબ :** ઘટનું, પટનું... વગેરે. જો જ્ઞાનનો કોઈ વિષય જ ન હોય તો જ્ઞાન પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે. આમ કોઈપણ જ્ઞાનને વિષયની અપેક્ષા અનિવાર્ય હોવાથી વિષય સિવાયના ઇન્દ્રિય આદિની અપેક્ષા ન હોય તે 'નિરપેક્ષ' એમ કહેલું છે.

**પ્રેમપ્રભા : (૫) વિશુદ્ધ :** અશેષ એટલે સંપૂર્ણપણે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ રૂપ મળનો નાશ થવાથી ઉત્પન્ન થતુ હોવાથી કેવળજ્ઞાન વિશુદ્ધ કહેવાય. **(૬) સર્વભાવજ્ઞાપક :** જીવ આદિ સર્વભાવોનું 'જ્ઞાપક' છે, પ્રરૂપક છે.

**શંકા :** કેવળજ્ઞાન તો મૂક છે, મૂંગુ છે, બોલતુ નથી આવું હોયને તે શાથી પ્રરૂપક કહેવાય છે ? ખરેખર તો શબ્દને જ્ઞાપક = પ્રરૂપક માનેલો છે. કેવળજ્ઞાન શી રીતે જ્ઞાપક કહેવાય ?

**સમાધાન :** ઉપચારથી અહીં કેવળજ્ઞાનને જ્ઞાપક કહેલું છે, વાસ્તવિક રીતે નહીં. (ઉપચાર બતાવતાં ટીકાકાર કહે છે) જે કારણથી કેવળજ્ઞાન વડે જોયેલાં/જાણેલાં સર્વદ્રવ્યો અને ભાવોને/પર્યાયોને 'શબ્દ' જ પ્રકાશિત કરે છે. તેથી કેવળજ્ઞાન જ પ્રકાશક અર્થાત્ જ્ઞાપક કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો **ભાવ** એ છે કે કેવળજ્ઞાન એ સર્વ દ્રવ્યો અને ભાવોને જોનારું છે અને તેના વડે જોયેલાં અર્થોને શબ્દ = એટલે કે શ્રુતજ્ઞાન પ્રકાશિત કરે છે. કારણ કે શ્રુતજ્ઞાન સિવાયના ચારેય મતિ આદિ જ્ઞાનોને મૂક = મૂંગા કહેલાં છે. શબ્દ એટલે કે શ્રુતજ્ઞાન વિના શેષ મતિ આદિ ચાર જ્ઞાન પોતાનું સ્વરૂપ જણાવવાને પણ સમર્થ થતાં નથી. આમ બીજા જ્ઞાનો પ્રકાશક જ છે જ્યારે શ્રુતજ્ઞાન પ્રકાશક અને જ્ઞાપક પણ છે. આથી કેવળજ્ઞાનને જ્ઞાપક શી રીતે

१. ख. पू. । तत्० मु. । २. पू. । ना. मु. ।

विषयोऽस्य तत् **लोकालोकविषयम् । कथमिति चेत्**, यतः अनन्ताः **पर्यायाः** परिणामाः यस्य तत् **अनन्तपर्यायं,** ज्ञेयं चा¹ऽनन्तपर्यायमितिकृत्वा तदप्यनन्तपर्यायमभिहितं, ज्ञेयानुरोधेन ॥ ३० ॥

**भा० अत्राह-एषां मतिज्ञानादीनां युगपदेकस्मिन् जीवे कति भवन्तीति ? अत्रोच्यते-**

કહેવાય ? અર્થાત્ વસ્તુતઃ ભલે ન કહેવાય પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી કેવળજ્ઞાનને પણ જ્ઞાપક કહી શકાય. જુઓ,

કેવળજ્ઞાન વડે સર્વદ્રવ્યો અને ભાવોને જાણીને કેવળી ભગવંત શબ્દ વડે = શ્રુતજ્ઞાન વડે તેની પ્રરૂપણા કરે છે. આમ કેવળજ્ઞાન વડે દ્રવ્ય-ભાવરૂપ અર્થને જાણવું એ કારણ છે અને તે દ્રવ્ય = ભાવ રૂપ અર્થોનું શબ્દ વડે જ્ઞાપન કરવું - પ્રરૂપણા કરવી તે કાર્ય છે. આમ કેવળજ્ઞાન એ કારણ છે, શબ્દ = શ્રુતજ્ઞાન એ કાર્ય છે. આથી કેવળજ્ઞાનરૂપ કારણમાં જ્ઞાપક એવા શ્રુત રૂપ કાર્યનો ઉપચાર કરવા દ્વારા કેવળજ્ઞાનને જ્ઞાપક/પ્રરૂપક કહેવાય છે. **आयुर्घृतम्** અહીં આયુષ્યના કારણભૂત ઘી છે, માટે ઘી આયુષ્ય છે. અથવા જીવનના કારણરૂપ પાણીને જેમ 'પાણી જ જીવન છે' એમ કારણમાં કાર્યનો ઉપચાર કરીને બોલાય છે, તેમ અહીં પણ કેવળજ્ઞાનને જ્ઞાપક = પ્રરૂપક કહેલું છે, એમ સમજવું. ઉપચાર-સત્ય અને વાસ્તવ (નિશ્ચય) સત્ય એમ બેય પ્રકારના સત્ય જૈનમતે સ્વીકાર્ય હોવાથી અપેક્ષા વિશેષથી ઉપરોક્ત વિધાનમાં કોઈ દોષ નથી એમ જાણવું.

**પ્રેમપ્રભા : (૭) લોકાલોકવિષયવાળુ :** લોક અને અલોક એ વિષય છે જેના તે લોકાલોક-વિષયવાળુ કહેવાય.

**પ્રશ્ન :** આવું શી રીતે કહેવાય ? **જવાબ :** અનંતા પર્યાયો એટલે કે પરિણામો છે જેના તે અનંતપર્યાયવાળુ. જે કારણથી અનંત-પર્યાયવાળુ છે, તે કારણથી કેવળજ્ઞાન લોકાલોક વિષયવાળુ છે. (અહીં પણ કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન તો એક જ છે છતાંય અનંતપર્યાયવાળુ શાથી કહ્યું ? તેને સ્પષ્ટ કરતાં કહે છે) જ્ઞેય એટલે જાણવા યોગ્ય વસ્તુ અનંત-પર્યાયવાળા છે, આ કારણથી જ્ઞેય અનંતા પદાર્થો હોવાના અનુરોધથી-બળથી તેને જાણનારું જ્ઞાન પણ અનંત-પર્યાયવાળુ છે.

**અવતરણિકા :** આ પ્રમાણે મતિ આદિ સર્વજ્ઞાનોનો વિષય પ્રકાશિત કરાયે છતે અહીં અવકાશ હોવાથી અર્થાત્ પ્રસંગ-અવસર હોવાથી અંતેવાસી = શિષ્ય પૂછે છે-

**ભાષ્ય : (અહીં શિષ્યાદિ પ્રશ્ન કરે છે.) પ્રશ્ન : આ મતિજ્ઞાન આદિ (પાંચ) જ્ઞાનોમાંથી**

१. पादिषु । वा० मु. ।

एवं सर्वेषां मत्यादीनां विषये प्रकाशितेऽत्रावकाशे ब्रूते अन्तेवासी-एषामनन्तर-प्रपञ्चख्यापितानां **मतिज्ञानादीनां युगपद्** एकस्मिन् काले **एकस्मिन् जीवे** कति भवन्त्याधेयानि ? किमेकं द्वे त्रीणि चत्वारि पञ्च ? सर्वाणि तावन्न सङ्गच्छन्ते सर्वप्राणिनाम्, एवं सति समता स्यात्, सर्वेषां च सर्वज्ञता भवेत्, विरोधश्च स्यात् क्षायिकक्षायोपशमिकानां परस्परेण, तस्माद् यथैते दोषा न सन्ति तथा वाच्यम्, **उच्यते** अत्र -

---

**એક કાળે એક જીવમાં કેટલાં જ્ઞાનો હોય છે ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે. જવાબ :**

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** આ હમણા જ ઉપર વિસ્તારથી જણાવાયેલ મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોમાંથી એક જીવમાં એક સાથે, એક કાળે કેટલાં જ્ઞાનો આધેય રૂપ છે અર્થાત્ રહે છે ? સમકાળે એક જીવમાં એક જ જ્ઞાન હોય કે બે, ત્રણ, ચાર કે પાંચ પણ હોય ? જો કે આમાં સર્વ = પાંચેય જ્ઞાનો એક જીવમાં સમકાળે હોવા સંગત થતાં નથી. (કારણ કે કેવળજ્ઞાન થાય ત્યારે બીજા જ્ઞાનોનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારેલું નથી, ત્યારે એક જ કેવળજ્ઞાન હોય છે) વળી (૧) જો પાંચેય જ્ઞાનો એક સાથે માનીએ તો તે સર્વજ્ઞાનોનું સમપણું = સમાનતા થઈ જાય. (કારણ કે જો પાંચેય જ્ઞાનો હંમેશા સાથે એક જીવમાં હોય તો તેમાં કેવળજ્ઞાન પણ આવી જાય અને બધાંયને એકસરખું જ્ઞાન (કેવળજ્ઞાન) હોવાનો પ્રસંગ અને આવા સંજોગોમાં પાંચ જ્ઞાનો વચ્ચે વાસ્તવિક તફાવત ન રહે પણ નામ માત્રથી જ ભેદ/તફાવત રહે.)

(૨) વળી પાંચ જ્ઞાનોમાં કેવળજ્ઞાન આવી જાય અને તે હોય એટલે બધાં જીવોને - મતિ આદિ જ્ઞાનવાળા જીવોને પણ સર્વજ્ઞપણું માનવું પડે. (૩) વળી ક્ષાયિક જ્ઞાન (કેવળજ્ઞાન) અને ક્ષાયોપશમિક જ્ઞાનને એક કાળે એક જીવમાં માનવાથી પરસ્પર વિરોધ પણ આવે. (પહેલાં ૪ જ્ઞાન ક્ષાયોપશમિક છે અને કેવળજ્ઞાન ક્ષાયિક છે. આમ પાંચેય જ્ઞાનોને એક જીવમાં એક કાળે માનવામાં ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ બે વિરોધી ભાવોને એકસાથે માનવા રૂપ આપત્તિ આવે.)

આથી જે રીતે આ બધાં દોષો ન આવે એ રીતે કહેવું જોઈએ.

**જવાબ :** આ વિષયમાં જવાબ રૂપે આગળનું સૂત્ર કહેવાય છે.

---

१. पू. । नन्तरख्या० मु. । २. पू. । पञ्चापि० मु. ।

**सू० एकादीनि भाज्यानि युगपदेकस्मिन्ना चतुर्भ्यः ॥ १-३१ ॥**

**भा० एषां मत्यादीनां ज्ञानानामादित एकादीनि भाज्यानि युगपदेकस्मिन् जीवे आ चतुर्भ्यः । तद्यथा-कस्मिंश्चिज्जीवे मत्यादीनामेकं भवति । कस्मिंश्चिज्जीवे द्वे भवतः । कस्मिंश्चित् त्रीणि भवन्ति । कस्मिंश्चिच्चत्वारि भवन्ति ।**

**टी० एकादीत्यादि** । एकशब्दः प्राथम्ये वर्तते, **एकः** प्रथम आदिरेषां तान्येकादीनि-प्रथमादीनि **भाज्यानि** विकल्प्यानि स्युर्न वा, **युगपद्** एकस्मिन् कालेऽवधीकृते **एकस्मिन्** प्राणिनि, **आ चतुर्भ्य** इति आङभिविधौ न मर्यादायाम्, यत्रास्य मर्यादाऽभिप्रेता **सूरेः**

**एकादीनि भाज्यानि युगपदेकस्मिन्ना चतुर्भ्यः ॥ १-३१ ॥**

**સૂત્રાર્થ :** (આ મતિ વગેરે જ્ઞાનોમાંથી) એક જીવમાં એક કાળે એક (પ્રથમ) વગેરે ચાર જ્ઞાન સુધી વિકલ્પો હોય છે.

**ભાષ્ય : આ મતિ વગેરે જ્ઞાનોમાં શરૂઆતથી = પ્રથમથી માંડીને એક જીવમાં એક વગેરે ચાર જ્ઞાન સુધીના વિકલ્પો એક કાળે કરવા. તે આ પ્રમાણે - કોઈ જીવમાં મતિ આદિ જ્ઞાનોમાંથી એક (પ્રથમ) જ્ઞાન હોય છે. કોઈ જીવમાં બે જ્ઞાન હોય છે. કોઈ જીવમાં ત્રણ જ્ઞાન હોય છે અને કોઈ જીવમાં ચાર જ્ઞાન હોય છે.**

**પ્રેમપ્રભા : एषां** વગેરે ભાષ્યાર્થ સ્પષ્ટ હોવાથી ટીકાકાર સૂત્રાર્થ કરીને સંતોષ માને છે. આ મતિ વગેરે પાંચ જ્ઞાનો પૈકી આદિથી = અર્થાત્ પ્રથમથી માંડીને એક આદિ વિકલ્પો કરવા. આમાં **एक** શબ્દ 'પ્રથમ' એવા અર્થમાં છે.

એક = પ્રથમ જેની આદિમાં = શરૂઆતમાં છે તે એકાદિ = પ્રથમ વગેરે વિકલ્પો કરવા યોગ્ય છે. યુગપદ્ = એટલે એક કાળે/સમકાળે. આમ સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થાય કે, એક જીવમાં મર્યાદિત કરેલ અમુક ચોક્કસ એક કાળે મતિ આદિ જ્ઞાનમાંથી પ્રથમથી માંડીને પ્રથમ વગેરે ચાર જ્ઞાન સુધી વિકલ્પ = વિભાગ કરવા. અર્થાત્ ક્યારેક એક (પ્રથમ), ક્યારેક બે (પ્રથમ-દ્વિતીય), ક્યારેક ત્રણ એ પ્રમાણે જ્ઞાન હોય છે. **आ चतुर्भ्यः** । (ચાર સુધી) એવા પ્રયોગમાં **आ** શબ્દ 'અભિવિધિ' અર્થમાં છે. પણ 'મર્યાદા' અર્થમાં નથી.

**ચંદ્રપ્રભા :** કહેવાનો આશય એ છે કે, 'અવધિ' બે પ્રકારનો છે. (૧) મર્યાદા અને (૨)

१. ख. प्यादीनि० पू. ।

तत्र प्राग्ग्रहणं करोति, **'विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः' ( सू० २-२९ )** तथा **'प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात्' ( सू० २-३९ )** तस्मादिहाभिविधावाङ्, आ चतुर्भ्यो ज्ञानेभ्यः एकस्मिन् जीवे सम्भव इति, चत्वारि एकत्र जीवे सम्भवन्तीति । भजनां च दर्शयति **कस्मिंश्चिदित्यादिना । कस्मिंश्चिन्**मनुष्यादिके **जीवे मत्यादीनां** पञ्चानां ज्ञानानामेकं सम्भवति, कथं ? येन निसर्गसम्यग्दर्शनं प्राप्तं तस्य मतिज्ञानमाद्यमेवैकं समस्ति, न श्रुतं,

અભિવિધિ. તેમાં (૧) જ્યારે અવધિવાળા અર્થાત્ = સીમારૂપ પદાર્થ સાથે વિવક્ષિત અમુક વસ્તુનો સંબંધ થતો ન હોય ત્યારે **'મર્યાદા'** કહેવાય. દા.ત. **आ पाटलीपुत्राद् वृष्टो मेघः** । પાટલીપુત્ર(નગર) સુધી મેઘ વરસ્યો. અર્થાત્ પાટલીપુત્ર રૂપ સીમાને/અવધિને છોડીને પૂર્વ ભાગમાં મેઘ વરસ્યો. તથા (૨) **અભિવિધિ** એટલે અભિવ્યાપ્તિ. જ્યારે અવધિ (સીમા)રૂપ પદાર્થનો પણ જે સંબંધ કરે અર્થાત્ અવધિરૂપ પદાર્થ સાથે પણ વિવક્ષિત વસ્તુનો સંબંધ હોય ત્યારે તેને **અભિવિધિ** કહેવાય. દા.ત. **आ कुमारेभ्यो यशो गतं गौतमस्य** । કુમારો સુધી ગૌતમસ્વામીનો યશ ફેલાઈ ગયો. અર્થાત્ કુમારોને પણ સાંકળીને તેને પણ વ્યાપીને યશ ફેલાયો, કુમારોને છોડીને નહીં...

**પ્રેમપ્રભા :** આમ પ્રસ્તુતમાં **आ ( आङ्)** શબ્દ 'અભિવિધિ' અર્થમાં છે. જ્યાં પણ ગ્રંથકાર સૂરિજીને 'મર્યાદા' અર્થ લેવો ઈષ્ટ હોય છે, ત્યાં તેઓ સૂત્રમાં **प्राक्**શબ્દનું ગ્રહણ કરે છે. દા.ત. **विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः** (સૂ. ૨/૨૯) તથા **प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात्** (સૂ. ૨/૩૯) [આમાં પહેલાં સૂત્રમાં '**प्राक् चतुर्भ्यः**' નો અર્થ ચારની પૂર્વે અર્થાત્ ચોથા સમયને છોડીને ત્રણ સમય સુધી સંસારી જીવને વિગ્રહવાળી ગતિ હોય છે ઇત્યાદિ મર્યાદા અર્થ જાણવો.

આમ અહીં **प्राक्** શબ્દનું ગ્રહણ કરેલું ન હોવાથી **आङ्** શબ્દ 'અભિવિધિ' અર્થમાં છે, મર્યાદા અર્થમાં નથી. આથી એકથી માંડીને ચાર જ્ઞાન સુધી સમકાળે એક જીવમાં સંભવ છે અર્થાત્ ચાર જ્ઞાન પણ એક જીવમાં સંભવે છે.

હવે વિકલ્પોને બતાવે છે (૧) કોઈ મનુષ્ય આદિ એક જીવમાં મતિ આદિ પાંચ જ્ઞાનોમાંથી એક જ્ઞાન સંભવે છે.

### ❋ એક જીવમાં એકથી માંડીને ચાર જ્ઞાન કઇ રીતે હોય ? ❋

**પ્રશ્ન :** શી રીતે એક જ્ઞાન સંભવે છે ?

**જવાબ :** જુઓ, જે જીવવડે નિસર્ગ-સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાયું હોય તેને પહેલું

यतस्तल्लब्धा सामायिकादिश्रुतं न पठति, अन्तरेणापि च श्रुतज्ञानमष्टौ प्रवचनमातरः संगृह्यन्ते तेन, अतस्तस्य ग्रन्थानुसारि विज्ञानं श्रुताख्यं न सम्भवति, **एकं** प्रथमं मतिज्ञानमेव । **कस्मिंश्चिज्जीवे द्वे भवतः** सम्यग्दर्शनसमन्वितस्य श्रोत्रेन्द्रियोपलब्धिः श्रुतं द्वादशाङ्गं, शेषेन्द्रियोपलब्धिर्मतिज्ञानम् । **कस्मिंश्चित् प्राणिनि त्रीणि**, द्वे मतिश्रुते तृतीयं चावधिज्ञानं यस्योत्पन्नम् । **कस्मिंश्चिच्चत्वारि**, एतानि त्रीणि चतुर्थं मनःपर्यायज्ञानम्, प्रतिपन्नचारित्रस्य तीर्थकृत इव । **अथ** यस्मिन् श्रुतज्ञानमेकं क्वचित् प्राणिनि स किं न प्रदर्श्यते ? यतो मतिरेवैका प्रदर्श्यते ? **उच्यते**-यत्र श्रुतज्ञानं तत्रावश्यं[1]भावि मतिज्ञानम्, यत्र मतिज्ञानं तत्र श्रुतं स्याद् वा न वेति, तस्मान्मतिज्ञानमेवैकं क्वचिन्निदर्श्यते, एतदाह -

**भा० श्रुतज्ञानस्य तु मतिज्ञानेन नियतः सहभावस्तत्पूर्वकत्वात् । यस्य श्रुतज्ञानं**

મતિજ્ઞાન એક જ હોય છે, શ્રુતજ્ઞાન હોતું નથી. કારણ કે તે નિસર્ગ-સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને તે જીવ હજી સામાયિક આદિ શ્રુતનો પાઠ કરતો નથી. શ્રુતજ્ઞાન વિના પણ તેના વડે આઠ પ્રવચન માતાનું ગ્રહણ કરાય છે. આથી તે જીવને શ્રુત નામનું ગ્રંથને અનુસરનારું જ્ઞાન સંભવતું નથી, પણ એક મતિજ્ઞાન જ હોય છે. (૨) કોઈ જીવમાં બે જ્ઞાન હોય છે. સમ્યગ્દર્શનથી સહિત જીવને શ્રોત્રેન્દ્રિય વડે જેની ઉપલબ્ધિ = પ્રાપ્તિ થાય છે તેવું શ્રુતજ્ઞાન બાર અંગ રૂપ સંભવે છે અને શેષ ચક્ષુ વગેરે ઇન્દ્રિય વડે જેની પ્રાપ્તિ થાય છે તે મતિજ્ઞાન પણ હોય છે. વળી (૩) કોઈ જીવમાં ત્રણ જ્ઞાન હોય છે. મતિ અને શ્રુત એ બે જ્ઞાન અને તે ઉપરાંત જેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેને અવધિજ્ઞાન પણ હોય છે. આમ ત્રણ જ્ઞાન હોય છે. (૪) કોઈ જીવમાં ચાર જ્ઞાન હોય છે. પૂર્વોક્ત ત્રણ જ્ઞાન અને ચોથું મનઃપર્યાયજ્ઞાન હોય છે. જેમ કે, ચારિત્રનો સ્વીકાર કરતાં જ તીર્થંકરોને ચોથું જ્ઞાન થાય છે, તેની જેમ.

**શંકા :** જે જીવમાં ક્યારેક એક શ્રુતજ્ઞાન હોય છે, તે જીવને આપ પ્રથમ ભાંગામાં શાથી દર્શાવતા નથી ? જેથી ફક્ત મતિજ્ઞાન જ બતાવાય છે ?

**સમાધાન :** જ્યાં શ્રુતજ્ઞાન હોય છે ત્યાં મતિજ્ઞાન અવશ્ય હોવાનું છે, પણ જ્યાં મતિજ્ઞાન હોય છે ત્યાં શ્રુતજ્ઞાન હોય અથવા ન પણ હોય. માટે એક જ્ઞાન હોવાના પ્રથમ વિકલ્પમાં કોઈ જીવમાં એક મતિજ્ઞાન જ હોવાનું કહેલું છે, શ્રુતજ્ઞાન હોવાનું નહીં... આ જ વાતને જણાવતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : શ્રુતજ્ઞાનને મતિજ્ઞાન સાથે નિયત/નિશ્ચિતપણે સહભાવ છે કારણ કે તત્પૂર્વક**

१. पू. । श्यं मति० मु. ।

**तस्य नियतं मतिज्ञानम् । यस्य तु मतिज्ञानं तस्य श्रुतज्ञानं स्याद् वा न वेति । अत्राह- अथ केवलज्ञानस्य पूर्वैर्मतिज्ञानादिभिः किं सहभावो भवति नेति ? । अत्रोच्यते-**

**टी० श्रुतज्ञाने**त्यादि । **श्रुतज्ञानस्य** एव[1] ग्रन्थानुसारिणो **मतिज्ञानेन** इन्द्रियानिन्द्रियनिमित्तेन **नियतो** निश्चितः **सहभावः** एकत्रवृत्तिरूपः, किं कारणम् ? तत आह-**तत्पूर्वकत्वात्** मतिज्ञानपूर्वकत्वात् श्रुतस्य, सति हि मतिज्ञाने श्रुतज्ञानसम्भव इति, अतो **यस्य** जन्तोः **श्रुतज्ञानं** ग्रन्थानुसारि अस्ति **तस्य** जन्तो**र्नियत**मिन्द्रियानिन्द्रियनिमित्तं **मतिज्ञानं** सम्भवति । तस्मात् श्रुतज्ञानं यत्र प्राणिनि तत्र द्वे मतिश्रुते अवश्यं दृश्ये, **यस्य तु** जीवस्य **मतिज्ञानं** केवलं निसर्गसम्यग्दर्शनकालेऽनवाप्ताक्षरश्रुतस्य **तस्य श्रुतज्ञानं स्याद्** उत्तरकालं पठतो, **न वा**ऽनधीयानस्येति, तस्माद् यत्रैकं दर्श्यते तत्र मतिज्ञानं निदर्श्यते, श्रुताभावेऽपि भावादिति ।

---

**= મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે. આથી જેને શ્રુતજ્ઞાન હોય તેને નિયમથી મતિજ્ઞાન હોય છે. વળી જેને મતિજ્ઞાન હોય તેને શ્રુતજ્ઞાન હોય અથવા ન પણ હોય.**

### ❋ શ્રુતજ્ઞાન ત્યાં મતિજ્ઞાન હોય જ, મતિ ત્યાં શ્રુત હોવામાં ભજના ❋

**પ્રેમપ્રભા :** શ્રુતજ્ઞાન કે જે ગ્રંથને (શબ્દને) અનુસરનારું છે, તેનો જ ઇન્દ્રિય અને મન (અનિન્દ્રિય)ના નિમિત્તથી થનારા મતિજ્ઞાન સાથે નિયત = એટલે કે નિશ્ચિતપણે સદ્ભાવ = એટલે એક ઠેકાણે અર્થાત્ એક જીવમાં રહેવું સંભવે છે. (ટીકામાં **एव** = 'જ'કાર શબ્દથી મતિજ્ઞાનના શ્રુતજ્ઞાન સાથે નિયત-સહભાવનો નિષેધ થાય છે.

**પ્રશ્ન :** આવો નિશ્ચિત સહભાવ હોવાનું શું કારણ છે ?

**જવાબ :** શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થતું હોવાથી આવો સહ્ભાવ છે. કેમ કે, જો પૂર્વમાં મતિજ્ઞાન હોય તો જ શ્રુતજ્ઞાનનો સંભવ છે, નહિતર શ્રુતજ્ઞાન હોતું નથી. આથી જે જીવને ગ્રંથને અનુસરનારું શ્રુતજ્ઞાન હોય છે, તે જીવને નિયમથી ઇન્દ્રિય-અનિન્દ્રિય નિમિત્તવાળું મતિજ્ઞાન હોય છે. તેથી જે જીવમાં શ્રુતજ્ઞાન હોય તે જીવમાં અવશ્ય મતિ-શ્રુત રૂપ બે જ્ઞાન જાણવા. વળી જે જીવે નિસર્ગ-સમ્યગ્દર્શનની અવસ્થામાં હજી સુધી અક્ષર-શ્રુતજ્ઞાન મેળવ્યું નથી આથી જેને ફક્ત મતિજ્ઞાન જ થયું છે, તે જીવને ત્યારબાદ (ઉત્તરકાળે) ભણવાથી શ્રુતજ્ઞાન હોય અથવા જો તે જીવ અધ્યયન ન કરે તો શ્રુતજ્ઞાન ન પણ થાય. આથી જ્યાં એક જ્ઞાન હોવાનો વિકલ્પ દેખાડાય છે ત્યાં મતિજ્ઞાન બતાવાય

---

१. सर्वप्रतिषु । एवं० मु. । २. सर्वत्र । धीयमान० पू. ।

एवं भजनायां निदर्शितायां चोदयत्यत्रावसरे-**अथ केवलज्ञानस्य** सकलज्ञेयग्राहिण: **पूर्वैः** पूर्वकालप्राप्यै: पूर्वैर्वा सन्निवेशमङ्गीकृत्याभिधीयते **मतिज्ञानादिभिश्चतुर्भिः सह किं सहभावः** सहावस्थानं **भवति नेति ? उच्यते**-अन्यमतप्रचिकटयिषयाऽऽह -

**भा० केचिदाचार्या व्याचक्षते-नाभावः, किन्तु तदभिभूतत्वादकिञ्चित्कराणि भवन्तीन्द्रियवद् । यथा वा व्यभ्रे नभसि आदित्य उदिते भूरितेजस्त्वादादित्येनाभि-भूतान्यन्यतेजांसि ज्वलनमणिचन्द्रनक्षत्रप्रभृतीनि प्रकाशनं प्रति अकिञ्चित्कराणि भवन्ति तद्वदिति ।**

**टी० केचिदित्यादि** । मत्तोऽन्ये **व्याचक्षते** सूरयः, **नाभाव** [1]सहभाव एवास्ति, कथं हि सतो वस्तुनः आत्यन्तिको नाशः स्यात् ? यदि च स्यात् ततो यथैव केवलभास्वति

છે, કારણ કે, તે શ્રુતજ્ઞાનના અભાવમાં પણ થાય છે.

**ભાષ્ય : અહીં શિષ્યાદિ પ્રશ્ન કરે છે.**

**પ્રશ્ન : કેવળજ્ઞાનનો મતિજ્ઞાન આદિ પૂર્વ જ્ઞાનો સાથે સહભાવ હોય છે કે નહીં ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે.**

જવાબ : **કેટલાંક આચાર્યો કહે છે (કેવળજ્ઞાન થયે છતે મતિ આદિ પૂર્વના જ્ઞાનોનો) અભાવ થતો નથી, કિંતુ કેવળજ્ઞાન વડે અભિભૂત થવાથી (દબાઈ જવાથી) તે જ્ઞાનો ઇન્દ્રિયોની જેમ અકિંચિત્કર = નિરર્થક બની જાય છે. અથવા વાદળ રહિત (સ્વચ્છ) આકાશમાં સૂર્યનો ઉદય થયે છતે ઘણા તેજવાળો હોવાથી સૂર્ય વડે અગ્નિ-મણિ-ચંદ્ર-નક્ષત્ર વગેરે અન્યના તેજો અભિભૂત થવાથી વસ્તુઓને પ્રકાશિત કરવા માટે અકિંચિત્કર/ અસમર્થ બની જાય છે, તેની જેમ (કેવળજ્ઞાન થતાં મતિ આદિ ચાર જ્ઞાનો હોવા છતાં પણ અભિભૂત થવાથી પદાર્થનો બોધ/પ્રકાશ કરવાને અસમર્થ બની જાય છે.)**

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે ચાર વિકલ્પો દર્શાવાતાં આ અવસરે અન્ય શિષ્યાદિ પૂછે છે **પ્રશ્ન :** સમસ્ત જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થોનો બોધ કરવાને સમર્થ એવા કેવળજ્ઞાનનો પૂર્વ = એટલે કે પૂર્વકાળે પ્રાપ્ત થવા યોગ્ય અથવા પૂર્વ એટલે સૂત્રમાં કરેલ રચના = ગોઠવણના ક્રમની અપેક્ષાએ જે પૂર્વીય (પૂર્વના) છે એવા મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનો સાથે શું સહભાવ = એટલે કે સહ અવસ્થાન, એક જીવમાં સમકાળે રહેવાપણું હોય છે કે નહીં ? અન્ય આચાર્યોના મતને પ્રગટ કરવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે - આ

१. पू. ना. मु. ।

जाते ज्ञानचतुष्टयमेवमन्येऽपि शमवीर्यदर्शनसुखितत्वादयो नश्यन्तु, न च तेषां नाशोऽभ्युपेयते, तस्मात् सहावस्थानमस्त्येव । **यदि** तर्हिअस्ति सहावस्थानं मत्यादिज्ञानचतुष्टयस्य केवलेन सह ततः किमिति स्वमर्थं न प्रकाशयन्ति ? **उच्यते**-अभिभवात्, तदाह-**किन्त्वभिभूतत्वात्** ति[१]रस्कृतत्वात् हतप्रभावत्वात् **अकिञ्चित्कराणि** न किञ्चिदपि कर्तुं प्रकाशनं प्रभवन्ति। तत्र दृष्टान्तमाह-[२]**इन्द्रियवत्** यथा हि केवलिनः सदपि चक्षुरादीन्द्रियं न व्याप्रियते विषयग्रहणं प्रति, प्रकाशितत्वात् केवलज्ञानेन, एवं मत्यादिचतुष्टयमपि अकिञ्चित्करं, तदीयस्य ज्ञेयस्य केवलभास्वता प्रकाशितत्वात् । अथैतदपि सन्दिह्यते भगवतः केवलिनो यन्नेत्रं तद् विषयग्रहणं

વિષયમાં (જવાબ) કહેવાય છે-

### ❋ કેવળજ્ઞાન હોય ત્યાં મતિ આદિ જ્ઞાનો હોય એવો મતાંતર ❋

**જવાબ :** મારાથી અન્ય **કેટલાંક આચાર્યો** કહે છે કે, કેવળજ્ઞાન થતાં મતિજ્ઞાન આદિનો અભાવ થતો નથી, કિંતુ, સહભાવ અર્થાત્ તેઓનું એકત્ર સહ-અસ્તિત્વ જ હોય છે. કારણ કે, જે સત્ = વિદ્યમાન વસ્તુ હોય તેનો આત્યન્તિક નાશ શી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. અને તેમ છતાં જો સત્ વસ્તુનો સર્વથા નાશ થાય તો જેમ કેવળજ્ઞાન થયે છતે મતિ આદિ ચાર જ્ઞાનોની જેમ બીજા પણ શમ, વીર્ય (ઉત્સાહ, પરાક્રમ), સમ્યગ્દર્શન, સુખીપણું વગેરે સત્ ગુણો પણ નાશ પામે એમ માનવું પડે. પણ તે ગુણોનો નાશ મનાતો નથી. આથી કેવળજ્ઞાનનું મતિ આદિ ચાર જ્ઞાન સાથે સહ-અવસ્થાન છે જ.

**શંકા :** જો મતિ આદિ ચાર જ્ઞાનનો કેવળજ્ઞાન સાથે સહભાવ = સાથે રહેવાપણું હોય છે તો તે જ્ઞાનો શા માટે પોતાના અર્થને/વિષયને પ્રકાશિત કરતાં નથી અર્થાત્ સ્વવિષયનો બોધ કરતાં નથી ?

**સમાધાન :** કેવળજ્ઞાન વડે અભિભવ થવાથી અર્થાત્ પોતાનો પ્રભાવ/સામર્થ્ય હણાઈ જવાથી મતિ આદિ જ્ઞાન અકિંચિત્કર બને છે, કોઈ પણ વસ્તુને પ્રકાશિત કરવાને સમર્થ બનતાં નથી. આ વિષયમાં દૃષ્ટાંત આપે છે - ઇન્દ્રિયવત્ = ઇન્દ્રિયોની જેમ. જેમ કેવળજ્ઞાનીને ચક્ષુ વગેરે ઇન્દ્રિયો વિદ્યમાન હોવા છતાંય વિષયનો બોધ કરવા માટે વ્યાપારિત કરાતી નથી અર્થાત્ ઉપયોગમાં લેવાતી નથી કારણ કે ઇન્દ્રિયો વડે થનારો બોધ કેવળજ્ઞાન વડે જ થઈ જાય છે. તેમ (કેવળજ્ઞાનની હાજરીમાં) મતિ આદિ ચાર જ્ઞાન

१. पू. । ना. मु. । २. पू. । ना. मु. ।

प्रति अकिञ्चित्करमिति, एवं सति असन्देहरूपं दृष्टान्तं दर्शयामः– **यथा वा व्यभ्र** इत्यादि, येन वा[1] प्रकारेणैतत् स्थितं लोके, विगतान्यभ्राणि यत्र तत् व्यभ्रं तस्मिन् व्यभ्रे **नभसि** वियति **आदित्ये** किरणमालिनि **उदिते** प्रकटीभूते ज्वलनादीनि प्रकाशनं प्रत्यसमर्थानि भवन्ति, किमिति ? **भूरितेजस्त्वाद्** बहुतेजस्त्वात्, [**आदित्येन**] सवित्रा **अभिभूतानि**-तिरोहितस्वसामर्थ्यानि अन्येषां तेजांसि अन्यतेजांसि, अन्यानि वा तेजआत्मकानि ज्वलनादीनि, **ज्वलनो**ऽग्निः **मणिः** सूर्यकान्तादिः **चन्द्रः** शशी **नक्षत्रम्** अश्विन्यादि, एतानि ज्वलनादीनि **प्रभृतिः** आदिर्येषां तेजसां तानि **ज्वलनमणिचन्द्रनक्षत्रप्रभृतीनि तेजांसि** तेजोमयानि **प्रकाशनम्** उद्द्योतनं **प्रति अकिञ्चित्कराणि भवन्ति** न किञ्चिद् बहिरवस्थितं कुड्यादिविषयं प्रकाशयन्ति, हतप्रभावत्वात्, **तद्वदिति** तेन प्रकारेण केवलभास्वता भूरितेजसाऽऽक्रान्तानि न विषयप्रकाशनं प्रति व्याप्रियन्ते ।

---

વડે જાણવા યોગ્ય (જ્ઞેય) વિષય પણ કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે જ પ્રકાશિત થઈ જવાથી મતિ આદિ જ્ઞાન અકિંચિત્કર-નિરર્થક બની જાય છે.

**પૂર્વપક્ષ :** કેવળી ભગવંતનું નેત્ર એ વિષયનું ગ્રહણ કરવા પ્રત્યે અકિંચિત્કર - નિરર્થક છે આ બાબતમાં પણ અમને શંકા પડે છે.

**ઉત્તરપક્ષ :** ભલે, તો અમે બિલ્કુલ સંદેહ વિનાનું દૃષ્ટાંત આપીએ છીએ. અથવા જે પ્રકારે લોકમાં એવું દેખાય છે કે બિલ્કુલ વાદળ વિનાના સ્વચ્છ આકાશમાં સૂર્યનો ઉદય થયે છતે અગ્નિ-મણિ-ચંદ્ર-નક્ષત્ર વગેરે વસ્તુને પ્રકાશિત કરવામાં અસમર્થ બની જાય છે.

**પ્રશ્ન :** શાથી આવું બને છે ?

**જવાબ :** અત્યંત ઘણો તેજવાળો હોવાથી આદિત્ય (સૂર્ય) વડે અગ્નિ વગેરે અન્યના તેજ અથવા અગ્નિ આદિ અન્ય તેજોમય દ્રવ્યો અભિભૂત થાય છે અર્થાત્ તેઓનું પોતાનું પદાર્થને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ઢંકાઈ જાય છે, દબાઈ જાય છે. તેમાં જ્વલન = અગ્નિ, મણિ તરીકે સૂર્યકાંત વગેરે જાણવા. ચંદ્ર = શશી, તેમજ નક્ષત્ર એટલે અશ્વિની વગેરે ૨૭ છે. આ વગેરે પદાર્થોનું તેજ અથવા આ તેજોમય દ્રવ્યો અભિભૂત થઈ જવાથી વસ્તુનું પ્રકાશન કરવા માટે અકિંચિત્કર = નિરર્થક બની જાય છે. અર્થાત્ પોતાનો પ્રભાવ હણાઈ જવાથી બાહ્ય ભીંત વગેરે કોઈપણ વિષયને પ્રકાશિત કરતાં નથી, તે રીતે ઘણા તેજવાળા કેવળજ્ઞાન રૂપી આદિત્ય વડે આક્રાંત થયેલાં અર્થાત્ વ્યાપ્ત બનવાથી પ્રભાવ

---

१. पादिषु । ना. मु. ।

सम्प्रति पराभिप्रायेणैव मत्यादिज्ञानचतुष्टयस्य केवलेन सहानवस्थानं दर्शयति -

**भा० केचिदप्याहु:-अपायसद्‌द्रव्यतया मतिज्ञानं, तत्पूर्वकं श्रुतज्ञानम्, अवधिज्ञानमनःपर्यायज्ञाने च रूपिद्रव्यविषये, तस्मान्नैतानि केवलिनः सन्तीति ।**

**टी० केचिदप्याहुरित्यादि । केचित्** पुनर्ब्रुवते-नैतानि मत्यादीनि केवलिनः सन्ति, यस्मान्**मतिज्ञानं अपायसद्‌द्रव्यतया** भवति, अपायो नाम श्रोत्रादीन्द्रियोपलब्धस्येहितस्यार्थस्य निश्चयः । न [1]चैवंविधोऽपायः केवलिनोऽस्ति, यावच्च शोभनानि सम्यक्त्व[2]दलिकानि सन्ति तावन्मतिज्ञानं, तदेतद् द्वयमपि दूरोत्सारितं केवलिन इति नास्ति मतिज्ञानं केवलिनः । मतिज्ञानाभावे च मतिपूर्वस्य श्रुतस्य सुतरामभाव इत्यतः श्रुतमपि नास्ति, **अवधिमनःपर्यायज्ञाने**

રહિત બનેલાં મતિ આદિ ચાર જ્ઞાનો પોતાના વિષયને પ્રકાશિત કરવામાં પ્રવૃત્તિ કરતાં નથી.

હવે ભાષ્યકાર પરમર્ષિ બીજા આચાર્યના જ અભિપ્રાય વડે મતિ આદિ ચાર જ્ઞાનનું કેવળજ્ઞાન સાથે અવસ્થાન = રહેવું ન હોવાનું દર્શાવે છે.

**ભાષ્ય : કેટલાંક આચાર્ય કહે છે - અપાય (નિશ્ચય) અને સદ્‌દ્રવ્યપણા વડે મતિજ્ઞાન થાય છે, અને મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે. અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન એ બે રૂપી દ્રવ્ય વિષયવાળા કહેલાં છે. તેથી આ ચાર જ્ઞાન કેવળજ્ઞાનીને હોતા નથી.**

### ❋ કેવળજ્ઞાન સાથે મતિ આદિ ચાર જ્ઞાનો ન હોવાનો અભિપ્રાય ❋

**પ્રેમપ્રભા :** વળી બીજા કેટલાંક **આચાર્ય** કહે છે - આ મતિ આદિ જ્ઞાનો કેવળજ્ઞાનીને હોતાં નથી. કારણ કે, મતિજ્ઞાન અપાય અને સદ્‌દ્રવ્યપણાથી થાય છે. **અપાય** એટલે શ્રોત્રેન્દ્રિય દ્વારા કરાયેલ 'ઇહા' વડે જણાયેલ અર્થનો નિશ્ચિય અર્થાત્ મતિજ્ઞાનનો ત્રીજો પ્રકાર. આવા પ્રકારનો અપાય કેવળી ભગવંતને હોતો નથી. વળી જ્યાં સુધી સદ્‌દ્રવ્ય એટલે શોભન = શુદ્ધ સમ્યક્ત્વના દલિકો હોય ત્યાં સુધી મતિજ્ઞાન હોય છે, (અર્થાત્ તે દલિકો અશુદ્ધ થાય અથવા અશુદ્ધ દલિકો ઉદયમાં આવે તો સમ્યક્ત્વ ન હોવાથી મતિજ્ઞાન ન રહે.) આ બન્ને વસ્તુ કેવળજ્ઞાનીથી દૂર થયેલી છે. આથી કેવળી ભગવંતને મતિજ્ઞાન હોતું નથી. તેમજ મતિજ્ઞાનનો અભાવ હોતે છતે મતિજ્ઞાનપૂર્વક જ થતાં શ્રુતજ્ઞાનનો પણ સુતરાં, અવશ્ય અભાવ હોય છે. (અર્થાત્ કારણનો અભાવ હોવાથી કાર્યરૂપ શ્રુતજ્ઞાન પણ શી રીતે સંભવે ? અર્થાત્ ન જ સંભવે) આથી શ્રુતજ્ઞાન પણ હોતું

१. ख.पू. । नैवंवि० मु. । २. पादिषु । सम्यग्द० मु. ।

**च रूपिद्रव्यविषये** गदिते, न चैवंविधोऽस्ति विषयः केवलिनः, सम्भिन्नलोकालोकग्राहित्वात्, तस्मात् ते अपि न स्त इति, तस्मादुपपत्तिबलादेतानि चत्वारि केवलिनो दिव्यदृश्वनो न सन्ति ।

**भा० किञ्चान्यत् । मतिज्ञानादिषु चतुर्षु पर्यायेणोपयोगो भवति, न युगपत् । सम्भिन्नज्ञानदर्शनस्य तु भगवतः केवलिनो युगपत् सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने केवलदर्शने चानुसमयमुपयोगो भवति । किञ्चान्यत् ।**

**टी० किञ्चान्यदि**त्यादिना स्वाभिप्रायद्वयं प्रकाशयन्ति-**मतिज्ञानादिषु चतुर्षु** मतिश्रुतावधिमनःपर्यायज्ञानेषु **पर्यायेण** क्रमेण **उपयोगः** [1]स्वविषयग्राहिता **भवति न युगपत्**, [2]एकस्मिन् काले न [3]स्वविषये एषां व्यापारः । यदा मतिज्ञानी मतिज्ञानेनोपयुक्तो

નથી. વળી અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન એ બે જ્ઞાનો રૂપી દ્રવ્ય રૂપ વિષયવાળા કહેલાં છે. કેવળજ્ઞાનીના જ્ઞાનનો વિષય આવા પ્રકારનો નથી. અર્થાત્ રૂપી દ્રવ્યરૂપ મર્યાદિત વિષયવાળો નથી. કારણ કે, કેવળજ્ઞાન તો સમસ્ત/સંપૂર્ણ લોકાલોકને ગ્રહણ (બોધ) કરનારું છે. આથી આ બે જ્ઞાન પણ કેવળજ્ઞાનીને ન હોય. આથી આવી યુક્તિના બળથી આ ચાર જ્ઞાનો દિવ્યદૃષ્ટિવાળા કેવળી ભગવંતોને હોતાં નથી. (હવે પોતાનો અભિપ્રાય જણાવતાં ભાષ્યકાર કહે છે-)

**ભાષ્ય : વળી બીજું એ કે મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનને વિષે પર્યાય વડે = ક્રમથી ઉપયોગ હોય છે, યુગપત્ = સમકાળે ઉપયોગ હોતો નથી. જ્યારે સંભિન્ન એટલે કે સંપૂર્ણ/સર્વ (દ્રવ્યપર્યાય)નું ગ્રહણ કરનારા જ્ઞાન અને દર્શનવાળા કેવળી ભગવાનને સમકાળે (એક જ સમયમાં) સર્વ ભવોનું ગ્રહણ કરનાર, તેમજ (ઈન્દ્રિય આદિને) નિરપેક્ષ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને વિષે દરેક સમયે ઉપયોગ હોય છે.**

**વળી બીજું કે (બીજી યુક્તિ આ પ્રમાણે છે.)**

### ✻ મતિઆદિ જ્ઞાનોમાં ક્રમથી ઉપયોગ, કેવળજ્ઞાનમાં સમકાળે ઉપયોગ ✻

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **किञ्चान्यत्** પદો દ્વારા ભાષ્યકાર પોતાના બે અભિપ્રાયોને પ્રગટ કરે છે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય એ ચાર જ્ઞાનો વિષે પર્યાયથી - ક્રમથી (વારાફરતી) ઉપયોગ એટલે કે પોતપોતાના વિષયનું ગ્રહણ હોય છે પણ યુગપત્ - એક કાળે પોતાના વિષયમાં આ ચાર જ્ઞાનોનો ઉપયોગ હોતો નથી. જ્યારે મતિજ્ઞાની જીવ મતિજ્ઞાનને વિષે

१. ख.पू. । स्वीय० मु. । २. पादिषु । कस्मि० मु. । ३. पू. । स्वस्वदि० मु. ।

न तदा श्रुतादीनामन्यतमेन केनचित्, यदा च श्रुतज्ञानेनोपयुक्तो न तदा मत्यादीनामन्यतमेनेति, केवलिनस्तु न क्रमेणैतज्ज्ञानगतोऽस्त्युपयोगः, यतः **सम्भिन्न** इत्यादि । **ज्ञानं** विशेषग्राहि, **दर्शनं** सामान्यग्राहि, ज्ञानं च दर्शनं च ज्ञानदर्शने, **सम्भिन्ने** सर्वद्रव्यपर्यायग्राहके ज्ञानदर्शने यस्य स **सम्भिन्नज्ञानदर्शनः** तस्य, एवं माहात्म्यादिगुणान्वितस्य **भगवतः**, **केवलं**-सर्वार्थग्राहि ज्ञानं यस्यास्ति तस्य **केवलिनः**, **युगपत्** एकस्मिन् समये, केवले[१] ज्ञाने अनुसमयमुपयोगो भवति दर्शने च । कीदृशि केवले[२] ज्ञाने दर्शने च[३] ? **उच्यते**-**सर्वभावग्राहके** । सर्वे भावाः-पञ्चास्तिकायास्तेषां ग्राहकं, विशेषेण परिच्छेदकमित्यर्थः ।

ઉપયોગવાળો હોય છે ત્યારે શેષ શ્રુતજ્ઞાન આદિમાંથી કોઈપણ જ્ઞાનમાં ઉપયોગવાળો હોતો નથી અને જ્યારે શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાળો હોય છે ત્યારે મતિ આદિ શેષજ્ઞાનો પૈકી કોઈપણ જ્ઞાનના ઉપોયગવાળો હોતો નથી. જ્યારે કેવળજ્ઞાનીને તો આ જ્ઞાનના વિષયનો ઉપયોગ ક્રમથી હોતો નથી.

(કહેવાનો ભાવ એ છે કે મતિ આદિ ચાર જ્ઞાનનો જે વિષય છે, તે વિષય કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન વડે પણ જણાય છે પરંતુ મતિજ્ઞાની આદિ છદ્મસ્થ જીવોની જેમ ક્રમે કરીને - વારાફરતી ઉપયોગ હોતો નથી. કિંતુ એક સમયમાં જ તે જ્ઞાનના વિષયનો ઉપયોગ હોય છે.) આનું કારણ જણાવતાં ભાષ્યમાં કહે છે. **સભિન્ન** ઇત્યાદિ. સંભિન્ન એટલે સંપૂર્ણ- સર્વદ્રવ્ય અને પર્યાયનું ગ્રહણ(જ્ઞાન) કરનાર - જાણનાર. **જ્ઞાન** એટલે વિશેષથી વિષયનું ગ્રહણ કરનાર અને **દર્શન** એટલે સામાન્ય વિષયનું ગ્રહણ કરનાર. આવા સંભિન્ન = સંપૂર્ણ જ્ઞાનદર્શન છે જને તે સંભિજ્ઞાન-દર્શનવાળા કહેવાય. **'કેવળ'** એટલે સર્વ અર્થોને ગ્રહણ કરનારું જ્ઞાન. તે જેઓ પાસે હોય તે 'કેવળી' કહેવાય. આમ સમસ્ત અર્થ આ પ્રમાણે છે - જે કારણથી સંભિન્ન = સંપૂર્ણ-સર્વદ્રવ્ય પર્યાયોને ગ્રહણ કરનારા જ્ઞાન અને દર્શનવાળા અને આથી આવા માહાત્મ્ય આદિ ગુણથી યુક્ત હોવાથી ભગવાન (ભગ = જ્ઞાનાદિ ઐશ્વર્ય... તે જેઓમાં હોય તે ભગવાન્ કહેવાય.) કેવળી = કેવળજ્ઞાની = સર્વજ્ઞને એક સમયમાં કેવળ (સર્વ અર્થના ગ્રાહક) એવા જ્ઞાન વિષે અને દર્શનને વિષે અનુસમય એટલે દરેક સમયે - આંતરા વિના ઉપયોગ હોય છે.

### ❋ આગમવાદીમત : કેવળજ્ઞાન-કેવળદર્શનનો સમયાન્તરે ઉપયોગ ❋

**પ્રશ્ન :** કેવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને વિષે ઉપયોગ હોય છે ?

१. पू. । लज्ञा० मु. । २. पादिषु । लज्ञा० मु. । ३. ख.पू. । वा० मु. ।

**निरपेक्षे** । निर्गता अपेक्षा ज्ञेयं मुक्त्वाऽन्यत्र इन्द्रियादौ यस्य तन्निरपेक्षं तस्मिन्निरपेक्षे **केवलज्ञाने** विशेषग्राहिणि **दर्शने च** सर्वभावग्राहके निरपेक्षे सामान्यग्राहिणि । **अनुसमयमुपयोगो भवती**ति । अनुगतः-अव्यवहितः समयः-अत्यन्ताविभागः कालो यत्र कालसन्ताने स कालसन्तानोऽनुसमयस्तमनुसमयं कालसन्तानमुपयोगो भवति । *"कालाध्वनोरत्यन्तसंयोगे"* [**पा० सू० २-३-५**] इति द्वितीया, *"अव्ययीभावो वा विभक्त्यादिषु"* [**पा० सू० २-१-६**] वारंवारेणोपयोगो भवतीति यावत्। एकस्मिन् समये केवलज्ञानोपयोगे वृत्ते ततोऽन्यस्मिन् केवलदर्शनोपयोग इति, एवं सर्वकालमवसेयम् ।

**यद्यपि** केचित् पण्डितम्मन्याः सूत्राण्यन्यथाकारमर्थमाचक्षते तर्कबलानुविद्धबुद्धयो

---

**જવાબ :** (૧) સર્વભાવ-ગ્રાહક અને (૨) નિરપેક્ષ... સર્વ જે પંચાસ્તિકાય રૂપ ભાવો = અર્થો છે, તેઓનું ગ્રાહક એટલે વિશેષથી બોધ કરનારું કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે. વળી (૨) નિરપેક્ષ એટલે જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થને છોડીને જેને અન્ય કોઈપણ ઇન્દ્રિય આદિ પદાર્થને વિષે અપેક્ષા રહી નથી, નીકળી ગઈ છે તેવું નિરપેક્ષ જે કેવળજ્ઞાન એટલે વિશેષગ્રાહી અને કેવળદર્શન એટલે સામાન્યગ્રાહી, તેને વિષે અનુસમય = સમયે સમયે કેવળજ્ઞાની ભગવાનને ઉપયોગ હોય છે. 'અનુ' એટલે અનુગત, અવ્યવહિત - સતત... **સમય** એટલે અત્યંતપણે વિભાગ રહિત અર્થાત્ જેનો (કેવળજ્ઞાનીની દૃષ્ટિએ પણ) વિભાગ થઈ ન શકે તેવો સૂક્ષ્મતમ કાળ. આવો અનુગત = સતત સમય જેમાં અર્થાત્ જે કાળ-સંતાન (= કાળ-પ્રવાહ, કાળ-પરંપરા)ને વિષે હોય તે કાળ-પ્રવાહ અનુસમયવાળો કહેવાય. આવા અનુસમય કાળ-પ્રવાહમાં કેવળજ્ઞાન-દર્શનનો ઉપયોગ હોય છે. **तं अनुसमयं** આ પ્રમાણે જે દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ કરેલો છે તેમાં **कालाध्वनोरत्यन्तसंयोगे (પા. સૂત્ર-૨-૩-૫)** સૂત્રથી દ્વિતીય-વિભક્તિ થયેલી છે. અથવા **अव्ययीभावो वा विभक्त्यादिषु (પા. સૂત્ર-૨-૧-૬)**થી વિભક્તિના અર્થમાં અવ્યયીભાવ સમાસ થયેલો છે. સતત વારંવાર વારાફરતી ઉપયોગ હોય છે, એમ તેનો અર્થ છે. એક (પ્રથમ) સમયે કેવળજ્ઞાનનો ઉપયોગ થયે છતે તેના પછીના બીજા સમયે કેવળદર્શનનો ઉપયોગ હોય છે. આ પ્રમાણે ઉપયોગોનું સમયાંતરે પરાવર્તન-સર્વકાળ માટે સમજવું.

### ❋ કેવળજ્ઞાન-દર્શનનો એક સમયે ઉપયોગવાદી તર્કાનુસારી-મત-ખંડન ❋

જો કે કેટલાંક આચાર્ય પોતાને પંડિત માનનારા તેમજ તર્કના બળથી જેમની બુદ્ધિ

वारंवारेणोपयोगो नास्ति, तत् तु न प्रमाणयामः, यत आम्नाये भूयांसि सूत्राणि वारंवारेणोपयोगं प्रतिपादयन्ति, *"णाणम्मि[1] दंसणम्मि य एतो एगतरम्मि उवउत्ता"* तथा *'सव्वस्स केवलिस्सवि जुगवं दो नत्थि उपयोगा'* [ **विशेषाव० गा० ३०९६**] इत्यादीनि । अथैवं मन्यथाः सूत्रणामेषामन्य एवार्थोऽन्य एवाव्युत्पन्नबुद्धिभिराख्यायत इति, एतदपि[2] दुःश्रद्धानम्, यतः सर्वसूत्राणि अन्धपुरुषस्थानीयानि सुधिया गृहीतानि शक्नुवन्त्यर्थं ख्यापयितुं, यथा श्वेतो धावतीत्यादि एवंविधेषु च सूत्रेषु अवश्यमाप्तसम्प्रदाय एवान्वेणीयो भवति, स

એકમેક-એકરસ થયેલી છે તેઓ સૂત્રોને અન્ય રૂપે કરીને તેનો અર્થ આવો કહે છે કે,

**પૂર્વપક્ષ :** "કેવળી ભગવંતને આ પ્રમાણે વારંવારે - વારાફરતી અર્થાત્ સમયાંતરે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ હોતો નથી. પરંતુ એક જ સમયે બન્ને ઉપયોગ હોય છે." આ પ્રમાણે પૂર્વપક્ષના મત(પક્ષ)ને જણાવીને તેનો નિષેધ કરતાં સિદ્ધસેન ગણિવર કહે છે કે - **ઉત્તરપક્ષ :** કિન્તુ, અમે તેઓના મતને પ્રમાણભૂત માનતાં નથી. (પ્રમાણિત કરતાં નથી) કારણ કે, શાસ્ત્રની પરંપરામાં એવા ઘણાં બધાં સૂત્રો છે જે વારંવાર જ્ઞાન-દર્શનનો ઉપયોગ હોવાનું પ્રતિપાદન કરે છે. **દા.ત. આગમમાં** કહ્યું છે કે, **णाणम्मि दंसणम्मि य एत्तो एगतरम्मि उवउत्ता । [ વિશેષવ૦ શ્લો૦ ૩૦૩૯ પૂર્વાર્ધ ] અર્થ :** જ્ઞાન અને દર્શન એ બેમાંથી એકને વિષે (એક સમયમાં) ઉપયોગવાળા હોય છે. **તથા વિશેષાવશ્યક ભાષ્યમાં** કહ્યું છે કે **"सव्वस्स केवलिस्सवि जुगवं दो नत्थि उपयोगा" [ વિશેષાવ૦ શ્લો૦ ૩૦૯૬ ] અર્થ :** સર્વ કેવળજ્ઞાનીઓને યુગપત્-એકકાળે બે ઉપયોગ હોતાં નથી. ઇત્યાદિ અનેક સૂત્રો કેવળજ્ઞાનીને વારંવાર જ્ઞાન-દર્શન વિષે ઉપયોગને જણાવનારા છે.

**પૂર્વપક્ષ :** આ સૂત્રોનો જુદો અર્થ છે અને તે અવ્યુત્પન્ન = અકુશળ, અપરિકર્મિત બુદ્ધિવાળાઓ વડે અન્ય રૂપે જ અર્થ કહેવાય છે.

**ઉત્તરપક્ષ :** આવું તમે માનતા હોવ તો પણ તેની શ્રદ્ધા બેસવી મુશ્કેલ છે. કારણ કે સર્વ સૂત્રો અંધ-પુરુષ જેવા છે. (પોતે પોતાનો અર્થ જણાવવા સમર્થ નથી) આથી ઉત્તમ બુદ્ધિવાળા પુરુષ વડે જ્યારે તે સૂત્રોનું જ્ઞાન (ગ્રહણ) કરાય છે ત્યારે જ તે સૂત્રો પોતાનો અર્થ જણાવવાને સમર્થ બને છે. દા.ત. **श्वेतो धावति** । વગેરે (આમાં **श्वेतः** એટલે 'સફેદ કોઈ પ્રાણી દોડે છે' એમ અર્થ થાય અને **श्वा इतः धावति** એમ પદચ્છેદ કરવાથી કૂતરો

१. पादिषु । नाण० मु. । २. पादिषु । दपि तु० मु. अधिकः ।

चाविच्छेदेन अर्थसम्प्रदायः समस्तश्रुतधरादधिकारिणः परिप्लवमानो मुनिपरम्परया यावदद्येत्यागमद्[1] अविगानेन वारंवारेणोपयोग इति, कुतः पुनरयमर्थागमोऽकस्मात्[2] [3]युगपदुपयोगवादिनः ? स्वत एव चेत् प्रेक्षितः, स्वमनीषिका सिद्धान्तविरोधिनी न प्रमाणमित्यभ्युपेयते । **अथागमात्**, प्रदर्शनीयः तर्ह्यसौ, तस्माद् यत्किञ्चिदेतदिति । **अथ** मन्यसे साकारोऽनाकार इति शब्दभेदः केवलमत्र केवलिनि अर्थस्त्वभिन्न एव, यतः सर्वमेव

અહીંથી અથવા આ તરફ દોડે છે એમ પણ અર્થ થાય છે. આવા સૂત્રોનો અર્થ બુદ્ધિ દ્વારા યથોચિત થઈ શકે છે.)

પરંતુ, આવા પ્રકારના (ગુરુ-પરંપરાથી આવેલાં) સૂત્રોને વિષે તો તેના અર્થનો નિર્ણય કરવા માટે અવશ્ય આપ્ત-પુરુષોની પરંપરા (સંપ્રદાય)નો જ આશ્રય કરવા યોગ્ય છે અને તે અર્થનો સંપ્રદાય (પરંપરા) અધિકૃત એવા સંપૂર્ણ શ્રુતને ધારણ કરનારા અર્થાત્ બાર અંગના ધારણ કરનારા મહાત્માઓ પાસેથી તેઓની પરંપરામાં થયેલા મુનિઓની પરંપરા વડે પસાર થતો થતો આજ સુધી અવિચ્છિન્નપણે - નિરાબાધપણે આવેલો છે કે 'વારંવારે અર્થાત્ દરેક સમયે વારાફરતી કેવળીઓને જ્ઞાન-દર્શનનો ઉપયોગ હોય છે.' આમ સૂત્રનો અર્થ પણ પરંપરાથી જ ચાલી આવે છે. આથી કેવળીઓને યુગપત્-એક સમયે જ જ્ઞાન-દર્શન બેયનો ઉપયોગ કહેનારાઓ પાસે આવો અર્થ-આગમ અકસ્માત્ (આપ્ત-પરંપરા વિના) ક્યાંથી આવ્યો ? (આવા સૂત્રમાં તો આપ્ત-પરંપરા જ પ્રમાણભૂત હોયને તેવા પ્રકારની અર્થ-પરંપરા તો મળતી નથી ?)

**પૂર્વપક્ષ** : આવો સૂત્રાર્થ સ્વતઃ જ-પોતાની બુદ્ધિથી જ વિચારેલો છે.

**ઉત્તરપક્ષ** : સિદ્ધાંતની સાથે વિરોધ આવે એવી પોતાની બુદ્ધિ (સ્વ-મનીષિકા) પ્રમાણભૂત નથી એમ અમે માનીએ છીએ. વળી 'આગમને આશ્રયીને આ વાત અમે કહીએ છીએ.' એમ જો તમે કહેતાં હોવ તો તે આગમ-પાઠ તમારે બતાવવો જોઈએ. પણ આગમ-પાઠ બતાવવા તમે લાચાર છો. આથી આ રીતે વારંવાર = વારાફરતી ઉપયોગનો નિષેધ કરવો નિરર્થક છે.

**પૂર્વપક્ષ** : કેવળજ્ઞાનીને વિષે સાકાર = જ્ઞાન અને અનાકાર એટલે દર્શન એમ ફક્ત શબ્દનો (વ્યવહારનો) ભેદ છે પણ આનો અર્થ તો એક-અભિન્ન જ છે. કારણ કે કેવળજ્ઞાનીને વિષે સર્વ વિશેષ (ભેદો)નો બોધ કરનારું જ્ઞાન જ હોય છે, પણ દર્શન હોતું

१. पू. । त्यागमाद्० २. ख.पू. । पुनरर्था० मु. । ३. पू. । युगपद्० ना. मु. ।

विशेषपरिच्छेदकं ज्ञानं केवलिनि समस्ति न दर्शनमिति, इदमपि न जाघट्यते, ज्ञानावरणं भगवतः क्षीणं दर्शनावरणीयं च निरवशेषं, तत्रैकत्वे सति कोऽयमावरणभेदाभिमानो निष्प्रयोजनः ? तथा साकारोपयोगोऽष्टधा दर्शनोपयोगश्चतुर्धेति, तथा ज्ञानं पञ्चधा दर्शनं चतुर्धेति, एकत्वे सति कुत इदमपि घटमानकं ? न चातीवाभिनिवेशोऽस्माकं युगपदुपयोगो मा भूदिति, वचनं न पश्यामस्तादृशम्, क्रमोपयोगार्थप्रतिपादने तु भूरि वचनमुपलभामहे, न चान्यथा जिनवचनं कर्तुं शक्यते सुविदुषाऽपीति, प्रकृतमनुस्त्रियते। एतस्मात् केवलज्ञानोपयोगात् केवलदर्शनोपयोगाच्च विनाऽन्यस्य उपयोगस्य अभावात् केवलिनि मत्यादिज्ञानचतुष्टया[1]ऽसहभावो

નથી. માટે કેવળજ્ઞાનીને એક જ પ્રકારનો ઉપયોગ સર્વકાળે હોય છે.

**ઉત્તરપક્ષ :** આ પ્રમાણે તમે માનતા હોવ તો તે પણ અત્યંત ઘટતું નથી, અસંગત છે. કારણ કે, કેવળી ભગવંતનું જ્ઞાનાવરણ કર્મ ક્ષીણ થયું હોય છે તેમ દર્શનાવરણીય કર્મ પણ સંપૂર્ણ નષ્ટ થયેલું હોય છે. હવે જો આ જ્ઞાન (સાકાર) અને દર્શન (નિરાકાર) એ બે એક જ હોય તો નિષ્પ્રયોજન/નિરર્થક એવો આ તેના દર્શનના આવરણ(આવરક) કર્મના ભેદનું અભિમાન = અભિપ્રાય, આગ્રહ રૂપ શા માટે રાખવો જોઈએ ? અર્થાત્ જ્ઞાન-દર્શન એક જ હોય તો તેના આવરણરૂપ કર્મને પણ એક જ સમાન જ કહેવું જોઈએ. તેમજ સાકારોપયોગ (જ્ઞાનોપયોગ) એ આઠ પ્રકારનો છે અને દર્શનોપયોગ (અનાકારોપયોગ) એ ચાર પ્રકારનો છે. તથા જ્ઞાનના પાંચ પ્રકાર છે અને દર્શનના ચાર પ્રકાર છે. જો જ્ઞાન અને દર્શન એ બે એક જ હોય તો આવો તેના પ્રકારોનો ભેદ પણ શી રીતે ઘટમાન થાય ? અર્થાત્ પ્રકારનો ભેદ પણ સંગત ન થાય.

આવી અમારી રજુઆતથી/દલીલથી તમે એમ નહીં માનશો કે 'યુગપત્ = એક કાળે જ્ઞાન-દર્શન રૂપ બે ય ઉપયોગ ન જ હોય આ પ્રમાણે અમને અત્યંત અભિનિવેશ (કદાગ્રહ) છે. પણ એવું કોઈ આગમ-વચન અમને જોવા મળતું નથી. આથી તે ઉપરોક્ત વસ્તુ સ્વીકારવા અમને લાચાર બનાવે છે. એની સામે 'ક્રમથી જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ હોય' એવા અર્થને જણાવનારા ઘણા આગમ-વચનો પ્રાપ્ત થાય છે. આથી એની જ પુષ્ટિ કરવામાં અમારો ઝોક રહે છે. વળી અત્યંત બુદ્ધિમાન-વિદ્વાન પુરુષ વડે પણ જિનેશ્વરદેવના વચનને અન્યથા કરી શકાય નહીં, અર્થાત્ ઉલટી રજૂઆત દ્વારા તેના અર્થને મચડી શકાય નહીં. હવે આ વિષયથી સર્યું, મૂળ વાત ઉપર આવીએ[A].

આ કેવળજ્ઞાન-ઉપયોગ અને કેવળદર્શન-ઉપયોગ સિવાય બીજા કોઈ ઉપયોગનો

१. पू. । ष्टयसह० मु. ।

[1]गम्यते । किञ्चान्यादित्युपपत्त्यन्तरमालम्बते –

**भा० क्षयोपशमजानि चत्वारि ज्ञानानि पूर्वाणि, क्षयादेव केवलम् । तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि** [2]**सन्ति ॥ ३१ ॥**

**टी०** मत्यादीनि **चत्वारि** मनः[3]पर्यवपर्यवसानानि **ज्ञानानि** मतिश्रुतावधि मनःपर्यायावरणीयकर्मणां **क्षयोपशमा**वुररीकृत्य प्रवर्तन्ते, तदावरणीयकर्मक्षयोपशमनिमित्तानि, **केवलं** पुनः क्षयकारणमेव, **तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि** [4]सन्ति । अन्येषां तु ग्रन्थः– ज्ञानदर्शनावरणयोस्तु कृत्स्नक्षयात् केवलज्ञानदर्शने भवतः [5]इति तस्मान्न केवलिनः शेष[6]ज्ञानानि[7]।

---

અભાવ હોવાથી કેવળજ્ઞાની ભગવાનમાં મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનનો અસહભાવ એટલે કે સહ અવસ્થાનનો (અસ્તિત્વનો) અભાવ જણાય છે.

**किं चान्यत्** - (વળી બીજું કે...) એવા ભાષ્યગત પદથી (પૂર્વોક્ત વિષયમાં) બીજી યુક્તિનો આશ્રય કરે છે-

**ભાષ્ય : પૂર્વના ચાર જ્ઞાનો ક્ષયોપશમથી ઉત્પન્ન થનારા છે, જ્યારે કેવળજ્ઞાન ક્ષયથી જ પ્રગટ થાય છે. આથી કેવળજ્ઞાનીને શેષ જ્ઞાનો હોતા નથી. (૧-૩૧)**

### ❋ કેવળજ્ઞાનીને શેષ જ્ઞાનો ન હોવાનું કારણ ❋

**પ્રેમપ્રભા :** મતિ આદિ મનઃપર્યવજ્ઞાન સુધીના ચાર જ્ઞાનો એ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય-આવરણીય (આવારક) કર્મના ક્ષયોપશમને અર્થાત્ ક્ષય અને ઉપશમ એ સહિયારા બે ભાવને આશ્રયીને પ્રવર્તે છે. અર્થાત્ તે તે મતિજ્ઞાન આદિના આવરણીય = આચ્છાદક કર્મના ક્ષયોપશમરૂપ નિમિત્તથી ઉત્પન્ન થનારા છે. જ્યારે કેવળજ્ઞાન એ તો કેવલજ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાના કારણે જ ઉત્પન્ન થાય છે. તેથી કેવળજ્ઞાનીને શેષ જ્ઞાનો હોતાં નથી.

બીજાઓના મતે અહીં ભાષ્યનો પાઠ જરા જુદો છે - તેનો અર્થ આ પ્રમાણે છે - જ્ઞાન એટલે વિશેષનું ગ્રાહક અને દર્શન એટલે સામાન્યનું ગ્રાહક. તે બેના આવરણભૂત જે કર્મો છે તેનો સંપૂર્ણ નાશ થવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉત્પન્ન થાય છે. તેથી કેવળજ્ઞાનીને શેષ જ્ઞાનો હોતાં નથી. આથી મતિ આદિ ચાર જ્ઞાનો ક્ષયોપશમ - નિમિત્તવાળા છે અને એક કેવળજ્ઞાન (આવરણભૂત જ્ઞાનાવરણ કર્મનો) સંપૂર્ણ ક્ષય

---

१. पू. । न गम्य० मु. । २. टीकानु० । भवन्तीति० मु. । ३. पू. । पर्याय० मु. । ४. पादिषु । न्तीति० मु. । ५. पू. । ना. मु. । ६. पू. । षाणि ज्ञा० मु. । ७. पू. । सन्ति० मु. अधिकः ।

ज्ञानदर्शनयोर्विशेषसामान्यग्राहकयोर्ये **आवरणे** आच्छादने तयोरेव कृत्स्नक्षयात् केवले ज्ञानदर्शने विशेषसामान्यग्राहके उत्पद्येते, अतश्चत्वारि क्षयोपशमनिमित्तानि एकं क्षयादेव केवलं कथं पुनरत्र सहावस्थायिता घटेत ? ॥ ३१ ॥

एवं मत्यादि ज्ञानपञ्चकं प्रमाणं प्रदर्श्य प्रमाणाभासाविश्चकीर्षया आह -

**सू० मतिश्रुतावधयो विपर्ययश्च ॥ १-३२ ॥**

**भा० मतिज्ञानं, श्रुतज्ञानं, अवधिज्ञानमिति विपर्ययश्च भवति, अज्ञानं चेत्यर्थः। ज्ञानस्य विपर्ययोऽज्ञानमिति । अत्राह-तदेव ज्ञानं तदेवाऽज्ञानमिति, ननु छायातपवत् शीतोष्णवच्च तदत्यन्तविरुद्धमिति । अत्रोच्यते-**

થવાથી જ ઉત્પન્ન થાય છે. આથી શી રીતે કેવળજ્ઞાન અને શેષ ચાર જ્ઞાનોનું સહ-અવસ્થાન = એકકાળે સાથે રહેવું ઘટે ? અર્થાત્ ન જ ઘટે. (૧-૩૧)

**અવતરણિકા :** આ પ્રમાણે મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન રૂપ પ્રમાણને બતાવીને હવે પ્રમાણાભાસ એટલે કે અસત્ ખોટાં પ્રમાણને બતાવવાની ઇચ્છાથી ગ્રંથકાર આગળનું સૂત્ર કહે છે -

**मति श्रुतावधयो विपर्ययश्च ॥ १-३२ ॥**

**સૂત્રાર્થ :** મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનો વિપરીત = ઉલટાં, અજ્ઞાન રૂપ પણ હોય છે.

**ભાષ્ય : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ વિપર્યય = ઉલટા અર્થાત્ અજ્ઞાનરૂપ પણ હોય છે. જ્ઞાનનો વિપર્યય એટલે અજ્ઞાન.**

**અહીં બીજા વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : તે જ જ્ઞાન છે અને તેને જ તમે અજ્ઞાન કહો છો. ખરેખર આ વાત તો (એક જ વસ્તુમાં) છાયા અને આતપ (તાપ-તડકો) અને શીત (ઠંડી) અને ઉષ્ણની જેમ અત્યંત વિરોધી છે.**

**આ વિષયમાં (જવાબ) કહેવાય છે. જવાબ :**

*** મતિ-શ્રુત-અવધિજ્ઞાન વિપરીત (અજ્ઞાન) પણ હોય ***

**પ્રેમપ્રભા :** પૂર્વે કહેલ સ્વરૂપવાળા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણેય

**टी० मतिश्रुतावधयो विपर्ययश्च ।** यथोक्तलक्षणा मतिश्रुतावधयस्त्रयोऽपि विपर्ययश्च भवत्यज्ञानं चेत्यर्थः । ज्ञानाधिकारस्य प्रकृतत्वात् **ज्ञानस्य विपर्ययो** विपरीतता **अज्ञानं,** प्रमाणाभास इति यावत् । यदा यथार्थपरिच्छेदि तदा ज्ञानं, यदा त्वयथार्थं प्रवर्तते तदा ज्ञानाभासम् । एवमुक्ते **पर आह**-एकस्य विरुद्धधर्मद्वयसमारोपो न युक्त इति, **तदेव** मत्यादित्रयं प्रमाणं **तदेव चाप्रमाण**मिति छायातपवद् विरोधित्वादेकत्रासाम्प्रतम्, एतदाह-**ननु छयातपवद्** विरुद्धमेतत्, यो हि छायायामेवातपं मन्यते आतपे वा छायां **तदत्यन्तविरुद्धं** स्यात् । प्रतीतिविरोधश्च तथा । यो हि शीतमुष्णं ब्रूयात् उष्णं च शीतमिति प्रत्यक्षविरुद्धं च जायेत[1]। **अत्रोच्यते**-न ब्रूम एकत्राधारे एतत्त्रयं ज्ञानमज्ञानं च, किन्त्वन्यत्र ज्ञानमन्यत्र

---

જ્ઞાન વિપરીત (વિપર્યય) પણ હોય છે અર્થાત્ અજ્ઞાનરૂપ પણ હોય છે. અહીં સૂત્રમાં ‘જ્ઞાન’ શબ્દ લખેલ નથી. આથી પ્રશ્ન થાય કે કોનાથી વિપરીતપણું સમજવાનું છે ? એની સ્પષ્ટતા કરતાં કહે છે - મૂળમાં ‘જ્ઞાન’નો અધિકાર = પ્રકરણ ચાલુ હોવાથી જ્ઞાનનો વિપર્યય લેવાનો છે. વિપર્યય = એટલે ઉલટાપણું-વિપરીતતા અર્થાત્ અજ્ઞાન... એને ‘પ્રમાણાભાસ’ પણ કહેવાય છે. જ્યારે આ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ વિષયનું યથાર્થ રૂપે ગ્રહણ કરે છે અર્થાત્ જે પ્રમાણે વિષય/અર્થ હોય એ પ્રમાણે જ બોધ કરનારા હોય છે ત્યારે તે ‘જ્ઞાન’ કહેવાય છે. અને જ્યારે વિષયને અયથાર્થ રૂપે અર્થાત્ વિષય જેવો છે તેનાથી જુદા/ઉલટા રૂપે બોધ કરે છે ત્યારે તે મતિ વગેરે ત્રણ ‘જ્ઞાનાભાસ’ = અજ્ઞાન કહેવાય. આ પ્રમાણે કહેવાતે છતે બીજો વ્યક્તિ પ્રશ્ન ઉઠાવે છે-

**પ્રશ્ન :** એક જ વસ્તુમાં વિરોધી બે ધર્મોનો સમારોપ = આરોપણ કરવું તે યોગ્ય નથી. તે જ મતિ આદિ ત્રણ પ્રમાણ છે અને તે જ મતિ આદિ અપ્રમાણ છે આમ કહેવું તે છાયા અને આતપ/તડકોની જેમ વિરોધી હોવાથી એક જ ઠેકાણે હોવું તે અસંબદ્ધ છે, અસંગત છે. આ જ વાત ભાષ્યમાં કહે છે - **ननु** ઈત્યાદિ. તેનો અર્થ આ પ્રમાણે છે કે, છાયા અને તાપ/તડકાની જેમ અને શીત/ઠંડુ અને ઉષ્ણની જેમ આ બેનું એક ઠેકાણે હોવું વિરુદ્ધ છે. કેમકે જે છાયામાં જ આતપ માને છે અથવા આતપમાં/તડકામાં છાયા માને છે તે અત્યંત વિરુદ્ધ છે. વળી અનુભવ (પ્રતીતિ) સાથે પણ વિરોધ આવે છે. (છાયામાં ટાઢકનો અનુભવ થાય છે પણ તડકાનો અનુભવ થતો નથી. ઈત્યાદિ.) તેમજ જે શીત વસ્તુને ઉષ્ણ કહે અને ઉષ્ણ વસ્તુને શીત કહે તો તે પણ પ્રત્યક્ષ સાથે વિરોધી બને. (અને અનુભવથી પણ વિરોધી બને છે.)

---

१. ख.पू. । जायते० मु. ।

चाज्ञानमिति । क्व तर्हि ज्ञानम् ? सम्यग्दृष्टौ योऽवबोधस्तज्ज्ञानम्, आधारान्तरे मिथ्यादृष्टौ योऽवबोधस्तदज्ञानम् । एतदाह –

**भा० मिथ्यादर्शनपरिग्रहाद् विपरीतग्राहकत्वमेतेषाम् । तस्मादज्ञानानि भवन्ति, तद् यथा-मत्यज्ञानं, श्रुताज्ञानं, विभङ्गज्ञानमिति । अवधिर्विपरीतो विभङ्ग इत्युच्यते ।**

**टी० मिथ्यादर्शने**त्यादि । **मिथ्यादर्शनेन**-तत्त्वार्थाश्रद्धानरूपेण **परिग्रहो** यदा मत्यादित्रयस्य तदा **विपरीतग्राहकत्वं**-अयथावस्तुपरिच्छेदित्वम् **एतेषामिति** मतिश्रुतावधीनां **तस्मात्** कारणात् **अज्ञानानि** कुत्सितानि [१]अयथापरिच्छेदीनि **भवन्ति** मत्यादीनि । मिथ्यादृष्टिपरिगृहीता मति**र्मत्यज्ञानं**, मिथ्यादृष्टिपरिगृहीतं श्रुतं **श्रुताज्ञानं**, मिथ्यादृष्टि-

---

**જવાબ :** અમે એવું નથી કહેતાં કે એક જ આધારભૂત જીવમાં આ ત્રણેય પ્રકારનું જ્ઞાન અને અજ્ઞાન હોય છે, કિન્તુ, એક ઠેકાણે (જીવમાં) જ્ઞાન હોય છે અને અન્ય ઠેકાણે (બીજા જીવમાં) અજ્ઞાન હોય છે.

### ❋ કોના મતિ આદિ જ્ઞાન અને કોના અજ્ઞાન કહેવાય ? ❋

**પ્રશ્ન :** જો આમ હોય તો કહો જોઈએ કે આ મતિ આદિ જ્ઞાન ક્યાં હોય છે ?

**જવાબ :** સમ્યગ્દૃષ્ટિ (સમ્યગ્દર્શનથી યુક્ત) આત્મામાં જે બોધ હોય છે તે જ્ઞાન કહેવાય અને બીજા આધારમાં એટલે કે મિથ્યાદૃષ્ટિ (મિથ્યાદર્શનવાળા) જીવમાં જે બોધ હોય તેને અમે અજ્ઞાન કહીએ છીએ. આ જ વાતને ભાષ્યમાં જણાવતાં કહે છે-

**ભાષ્ય : મિથ્યાદર્શન વડે પરિગ્રહ (સ્વીકાર) થવાથી આ મતિ આદિ જ્ઞાનો વિપરીત અર્થના ગ્રાહક હોય છે. તે કારણથી મતિ આદિ ત્રણ જ્ઞાનો અજ્ઞાનરૂપ છે. તે આ રીતે- (૧) મતિ-અજ્ઞાન (૨) શ્રુત-અજ્ઞાન અને (૩) વિભંગજ્ઞાન. વિપરીત એવો અવધિ (જ્ઞાન) તે વિભંગ (જ્ઞાન) એમ કહેવાય છે.**

**પ્રેમપ્રભા :** તત્ત્વરૂપ અર્થની અશ્રદ્ધા અથવા તત્ત્વ વડે અર્થની અશ્રદ્ધા સ્વરૂપ જે મિથ્યાદર્શન છે તેના વડે જ્યારે મતિ આદિ ત્રણ જ્ઞાનનો પરિગ્રહ (ગ્રહણ) કરાય છે ત્યારે આ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનો વિપરીતપણે ગ્રાહક હોય છે અર્થાત્ અયથાર્થપણે વસ્તુનો બોધ કરનારા હોય છે. આ કારણથી મતિ વગેરે ત્રણ જ્ઞાનો અજ્ઞાનરૂપ છે અર્થાત્ કુત્સિત = ખોટા છે, અયથાર્થપણે બોધ કરનારા છે. તેથી તેનો

---

१. पादिषु । यथार्थ० मु. ।

परिगृहीतोऽवधिर्विभङ्ग इति । विभङ्ग इत्यस्य चार्थं प्रकाशयति–अवधिर्भवक्षयोपशमनिमित्तो **विपरीतो**ऽन्यथावस्तुपरिच्छेदी **विभङ्ग इति**, यथावस्थितवस्तुपरिच्छेदि च प्रमाणमिष्टं, न चैतत् तथेत्यतः अप्रामाण्यं मिथ्यादृष्टिपरिगृहीतानामिति । अत्राप्रामाण्ये ख्यापिते मिथ्यादृष्टिपरिगृहीतस्य मत्यादित्रयस्य चोदक आह –

**भा० अत्राह-उक्तं भवता सम्यग्दर्शनपरिगृहीतं मत्यादि ज्ञानं भवत्यन्यथाऽज्ञान-मेवेति । मिथ्यादृष्टयोऽपि च भव्याश्चाभव्याश्चेन्द्रियनिमित्तं अविपरीतान् स्पर्शादीनुपलभन्ते, उपदिशन्ति च स्पर्शं स्पर्श इति रसं रस इति, एवं शेषान्, तत् कथमेतदिति ?**

આ પ્રમાણે વ્યવહાર થાય છે - (૧) મિથ્યાદૃષ્ટિ જીવ વડે અથવા મિથ્યાદૃષ્ટિ એટલે મિથ્યાદર્શન વડે પરિગૃહીત = સ્વીકૃત, ગ્રહણ કરાયેલી જે મતિ તે **મતિ-અજ્ઞાન** કહેવાય. આ રીતે (૨) મિથ્યાદૃષ્ટિ વડે ગ્રહણ કરાયેલ શ્રુત તે **શ્રુત-અજ્ઞાન** કહેવાય અને (૩) મિથ્યાદૃષ્ટિ વડે પરિગ્રહ કરાયેલ અવધિ તેને **'વિભંગ'** જ્ઞાન કહેવાય છે. 'વિભંગ' શબ્દનો અર્થ પ્રકાશિત કરતાં ભાષ્યકાર કહે છે - ભવ અને ક્ષયોપશમ રૂપ નિમિત્તથી ઉત્પન્ન થતો 'અવધિ' કે જે વિપરીત હોય અર્થાત્ વસ્તુ જેવી હોય તેના કરતાં જુદા સ્વરૂપે/ઉલટી રીતે વસ્તુનું ગ્રહણ કરનારો હોય તે 'વિભંગ' કહેવાય છે.

વળી યથાવસ્થિત એટલે કે વસ્તુસ્થિતિ જે રીતે હોય તે રીતે વસ્તુનો બોધ (પરિચ્છેદ) કરનારું જ્ઞાન 'પ્રમાણ' તરીકે ઈષ્ટ છે, માનેલું છે, પરંતુ આ મતિ-અજ્ઞાન આદિ ત્રણ તેવા પ્રકારના નથી. માટે મિથ્યાદૃષ્ટિ વડે પરિગૃહીત = સ્વીકારેલા = ધારણ કરેલાં આ મતિ-અજ્ઞાન આદિ જ્ઞાનો અપ્રમાણ છે.

આ અવસરે એટલે કે મિથ્યાદૃષ્ટિ દ્વારા પરિગૃહીત મતિ આદિ ત્રણ જ્ઞાનો અપ્રમાણ હોવાનું જણાવાયે છતે શિષ્યાદિ અન્ય વ્યક્તિ ભાષ્યમાં પ્રશ્ન કરે છે-

**ભાષ્ય : અહીં બીજો વ્યક્તિ પૂછે છે - પ્રશ્ન : આપે કહ્યું કે મતિ આદિ ત્રણ એ જો સમ્યગ્દૃષ્ટિ વડે સ્વીકાર (ગ્રહણ) કરાયેલ હોય તો જ્ઞાન કહેવાય નહીંતર (મિથ્યાદૃષ્ટિ વડે સ્વીકૃત હોય તો) અજ્ઞાન કહેવાય. હવે મિથ્યાદૃષ્ટિવાળા જીવો પણ (૧) ભવ્ય અને (૨) અભવ્ય એમ બે પ્રકારે હોય છે અને તેઓ ઇન્દ્રિયરૂપ નિમિત્ત વડે અવિપરીત = યથાર્થ એવા સ્પર્શ આદિ વિષયોનું જ્ઞાન કરે છે અને ઉપદેશ = બીજાઓને કથન પણ યથાર્થરૂપે**

१. टीकानु० मित्तान्० मु. ।

**अत्रोच्यते-तेषां हि विपरीतमेतद् भवति ॥ ३२ ॥**

**टी० उक्तं भवता**-प्रतिपादितं त्वया **सम्यग्दर्शनेन** जीवादितत्त्वश्रद्धानरूपेण **परिगृहीतं मत्यादि ज्ञानं भवति** । यथावद् वस्तुपरिच्छेदीति यावत् । **अन्यथा** तु मिथ्यादृष्टिना परिगृहीतं मत्यादि एव त्रयं कुत्सितं ज्ञान**मज्ञानमेवेति** । तदेतन्न मृष्यते, यतः एवं **मिथ्येत्यादि** । **मिथ्यादृष्टयो**ऽभिगृहीतमिथ्यादर्शनाः **शाक्यादयः**, अनभिगृहीतमिथ्यादर्शनाः, प्रवचनार्थसन्देहिनश्च त्रिविधा इति । **अपिः** सम्भावने, **चः** समुच्चये । ते मिथ्यादृष्टयो द्विधा **भव्याश्चाभव्याश्च**, सेत्स्यन् भव्यः, नैव कदाचित् सेत्स्यति यः सोऽभव्यः । ते मिथ्यादृष्टयो द्विविधा अपि,

---

**કરે છે, જેમ કે, સ્પર્શને સ્પર્શરૂપે અને રસને રસરૂપે એ પ્રમાણે શેષ વિષયોની બાબતમાં પણ યથાર્થરૂપે કહે છે. તો આ શી રીતે ઘટે ? અર્થાત્ મિથ્યાદૃષ્ટિનું મતિઆદિ જ્ઞાન એ અજ્ઞાન શી રીતે કહેવાય ?**

**આ વિષયમાં (જવાબ) કહેવાય છે**

**જવાબ : તે મિથ્યાદૃષ્ટિવાળા જીવોને આ જ્ઞાન વિપરીત જ હોય છે. (૧-૩૨)**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં શિષ્યાદિ પ્રશ્ન કરે છે-

**પ્રશ્ન :** આપે હમણાં કહ્યું કે, જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શન વડે પરિગ્રહણ કરાયેલ - સ્વીકાર કરાયેલ મતિ આદિ એ 'જ્ઞાન' કહેવાય છે.

જ્ઞાન એટલે યથાવત્ - જે પ્રકારે હોય તે પ્રકારે વસ્તુનો બોધ કરનારું. અન્યથા એટલે કે જો મિથ્યાદૃષ્ટિ જીવ વડે પરિગ્રહ = સ્વીકાર કરાયેલ હોય તો તે મતિ આદિ જ ત્રણેય કુત્સિત = ખરાબ/મલિન જ્ઞાન એટલે કે 'અજ્ઞાન' જ બને. તેથી આ આગળ કહેવાતી વાત અમને ગળે ઉતરતી નથી, સમજાતી નથી. કેમ કે મિથ્યાદૃષ્ટિવાળા જીવો કેટલાંક **શાક્ય** વગેરે (૧) **અભિગૃહીત** મિથ્યા-દર્શનવાળા[A] હોય છે, કેટલાંક (૨) **અનભિગૃહીત** મિથ્યાદર્શનવાળા અને કેટલાંક (૩) પ્રવચનમાં = જિનવચનમાં કહેલ અર્થોમાં/પદાર્થોમાં સંદેહ રાખનારા એમ ત્રણ પ્રકારના હોય છે. **अपि** શબ્દ સંભાવના અર્થમાં છે અને **च** શબ્દ સમુચ્ચય-સંગ્રહ અર્થમાં છે. આવા મિથ્યાદૃષ્ટિવાળા જીવો બે પ્રકારના હોય છે (૧) ભવ્ય અને (૨) અભવ્ય. તેમાં (૧) જેઓ સિદ્ધ થશે અર્થાત્ સિદ્ધિ ગતિને પામવાને યોગ્ય હોય તે **ભવ્ય** કહેવાય અને (૨) જેઓ ક્યારેય સિદ્ધ થવાના નથી અર્થાત્

---

१. पू. । ना. मु. ।

**इन्द्रियनिमित्तमिति**[1] । इन्द्रियाणि श्रोत्रादीनि तानि **निमित्तं** कारणमाश्रित्य **अविपरीतान्** यथावस्थितान् **स्पर्शादीनिति** स्पर्शरसगन्धरूपशब्दान् **उपलभन्ते** आत्मना, **उपदिशन्ति च** अन्येभ्यः । कथमुपलभन्ते कथं चोपदिशन्ति ? अवैपरीत्येन, तच्चावैपरीत्यं दर्शयति- **स्पर्शं** शीतादिकं **स्पर्शमिति** अविपरीततामाचष्टे, **रसं** मधुरादिकं **रसमिति** एवमविपरीतमेवं **शेषान्** गन्धरूपशब्दानवैपरीत्येन[2] । **तत् कथमेतदिति**, बाधके हि प्रत्यये सत्ययथार्थता प्रत्ययान्तरस्य आश्रयितुं शक्या, यथा शुक्तिकाबुद्ध्यां[3] रजतबुद्धिर्बाधिकया शुक्तिका बुद्ध्या निवर्त्यते, नैवमत्र बाधकं कञ्चित् प्रत्ययं पश्यामो यद्बलान्मिथ्यादृष्टीनां तदयथार्थं ज्ञानं

સિદ્ધિગતિને પામવાની યોગ્યતા વિનાના હોય તે **અભવ્ય** કહેવાય. તે બે ય પ્રકારના મિથ્યાદૃષ્ટિ જીવો શ્રોત્ર વગેરે ઇન્દ્રિયના નિમિત્તનો (કારણનો) આશ્રય લઈને અવિપરીત એટલે યથાર્થ, જેવા છે તેવા રૂપે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દરૂપ વિષયને પોતે પોતાના આત્મા વડે જાણે છે અને બીજાઓ આગળ તેનું કથન પણ કરે છે.

## ❋ મિથ્યાદૃષ્ટિનું વ્યવહારિક-જ્ઞાન યથાર્થ છતાં અજ્ઞાનરૂપ ❋

**તટસ્થ વ્યક્તિ :** તેઓ પોતે શી રીતે જાણે છે અને શી રીતે બીજા આગળ કહે છે ?

**પ્રશ્નકાર :** અવિરીતપણે = યથાર્થરૂપે જાણે છે અને કહે છે અને તે અવિપરીતપણાને બતાવતાં ભાષ્યકાર કહે છે- શીત વગેરે સ્પર્શને 'આ સ્પર્શ છે' એમ અવિપરીતરૂપે જાણે છે કહે છે તથા મધુરાદિ રસને 'આ રસ છે' એમ અવિપરીતપણે જાણે છે, કહે છે. આ પ્રમાણે શેષ - ગંધ, રૂપ અને શબ્દને પણ યથાર્થરૂપે - સાચારૂપે જેવા છે તેવા જાણે છે અને કહે છે તો આને વિપરીત-અયથાર્થ જ્ઞાન શાથી કહો છો ? કહેવાનો **આશય** એ છે કે, કોઈ બાધક = પ્રતિબંધક = નિષેધક પ્રત્યય (નિશ્ચય) થયેલો હોતે છતે જ બીજા પ્રત્યયને/જ્ઞાનને અયથાર્થ-ખોટા તરીકે સ્વીકાર કરવો શક્ય બને. **દા.ત.** માર્ગમાં ક્યાંક શુક્તિ (છીપલું) પડેલ હોય અને દૂરથી જોનારને (પ્રકાશ આદિ કારણે) તેમાં રજત (ચાંદી)ની (**इदं रजतम्** એ પ્રમાણે) બુદ્ધિ (ભ્રમ) થયા બાદ પાસે જતાં એમાં છીપલાંની (**इयं शुक्तिः, न रजतम्** એ પ્રમાણે) નિશ્ચયાત્મક બુદ્ધિ થાય છે ત્યારે આ શુક્તિ તરીકેની બુદ્ધિ વડે પહેલાં થયેલ રજત-બુદ્ધિનો નિષેધ-નિવૃત્તિ કરાય છે - પણ અહીં તો આવી કોઈ બાધક પ્રતીતિને/બુદ્ધિને અમે જોતાં નથી કે જેના બળથી મિથ્યાદૃષ્ટિ જીવોના તે

१. पू. । मित्तानि० मु. । २. पादिषु । शब्दरूपानवै० मु. । ३. पादिषु । काबुद्धया० मु. ।

मन्येमहीति ? **अत्रोच्यते-तेषां** मिथ्यादृष्टीनां यस्मात् तद् विज्ञानं **विपरीतमे**वेति, अयथार्थपरिच्छेदित्वात् ॥ ३२ ॥ कुतः ?

**सू० सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥ १-३३ ॥**

**टी० सदसतोरित्यादि । सद्** विद्यमानं **असद्** अविद्यमानं तयोः **सदसतोः** विद्यमानाविद्यमानयोः **अविशेषाद्** यथावदवबोधाभावाद्, विद्यमाने हि पदार्थे उत्पादादिरूपेणान्यथावबोधे एकनयाश्रयेणेति, अविद्यमानेऽपि ललाटदेशाध्यास्यात्मा सामास्त्येन

---

(સ્પર્શને સ્પર્શ રૂપે જાણવું વગેરે) જ્ઞાનનો અયથાર્થ = વિપરીતરૂપે અમે સ્વીકાર કરીએ. માટે આનો ખુલાસો આપે કરવો યોગ્ય છે.

**જવાબ :** આ વિષયમાં અમારો જવાબ આ પ્રમાણે છે - તે મિથ્યાદૃષ્ટિવાળા જીવોનું તે જ્ઞાન એ યથાર્થપણે વિષયનો બોધ કરનારું ન હોવાથી વિપરીત જ હોય છે. (૧-૩૨)

**અવતરણિકા : પ્રશ્ન :** મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન અયથાર્થ/વિપરીત શા કારણથી કહો છો ? આના જવાબમાં ગ્રંથકાર આગળનું સૂત્ર કહે છે - **જવાબ :**

**सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥ १-३३ ॥**

**સૂત્રાર્થ :** સત્ અને અસત્ પદાર્થને વિષે અવિશેષથી = બોધ ન હોવાથી અને સ્વેચ્છાએ અર્થની વિચારણા વિના જ્ઞાન કરવાથી ઉન્મત્ત (પાગલ)ની જેમ (મિથ્યાદૃષ્ટિઓનું જ્ઞાન અજ્ઞાનરૂપ છે.)

### ❋ મિથ્યાદૃષ્ટિનું સ્પર્શાદિનું યથાર્થજ્ઞાન પણ અજ્ઞાન હોવાના બે કારણો ❋

**પ્રેમપ્રભા :** બે કારણથી મિથ્યાદૃષ્ટિ જીવોનું સ્પર્શાદિને સ્પર્શાદિરૂપે યથાવત્ જાણતા હોવા છતાં તે જ્ઞાન વિપરીત છે, અજ્ઞાનરૂપ છે. ભાષ્યમાં સૂત્રના પૂર્વ પદોનો અર્થ કરેલો નથી, તેથી ટીકાથી અર્થ જોઈએ (૧) સત્ અને અસત્ વચ્ચે અવિશેષથી - વિપરીતપણે ગ્રહણ કરવાથી અજ્ઞાનરૂપ હોય છે. તેમાં સત્ = એટલે વિદ્યમાન પદાર્થ અને અસત્ = એટલે અવિદ્યમાન પદાર્થ. આ બેયને વિષે અવિશેષથી અર્થાત્ યથાવત્ - જે પ્રમાણે પદાર્થ હોય તે પ્રમાણે બોધ નહીં કરવાથી મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન અજ્ઞાન રૂપ હોય છે. કેમ કે, સત્ એટલે કે ઉત્પાદ (ઉત્પત્તિ) આદિ રૂપે વિદ્યમાન એવા કોઈપણ પદાર્થને

हृदयाधिष्ठानो वा, एवं सदसतोरविशेषादयथावबोधात् तदज्ञानं, *[1]यच्चार्थपरिज्ञानं तद्* **यदृच्छोपलब्धेरिति** अनालोचिता अर्थोपलब्धिस्तस्या यदृच्छोपलब्धेः स्पर्शादिपरिज्ञानं भवति,

વિષે કોઈ એક નય/દૃષ્ટિકોણ/અપેક્ષાનો આશ્રય કરવાથી (અર્થાત્ (૧) ઉત્પાદ (૨) વ્યય (નાશ) અને (૩) ધ્રુવતા = સ્થિરતા આ ત્રણેય ધર્મો/ગુણો/પર્યાયો દરેક વસ્તુમાં રહેલાં હોવા છતાંય એક જ ઉત્પાદ આદિને જ એકાંતે સત્ માને, સ્વીકાર કરે બીજી નાશ અથવા ધ્રુવતારૂપ અપેક્ષાને ન સ્વીકારે. આમ ઉત્પાદ વગેરે ત્રણ ગુણવાળા દ્રવ્યમાં એક જ નયનો/અપેક્ષાનો આશ્રય કરવાથી) વસ્તુનો વિપરીત - અન્યથા - અયથાર્થ બોધ હોય છે. અથવા સમસ્તરૂપે નહીં રહેલો હોવા છતાંય આત્મા સમસ્તરૂપે લલાટના ભાગમાં રહેલો છે એમ કેટલાંકો કહે છે. (આત્મા લલાટના ભાગમાં અથવા હૃદયના ભાગમાં રહેલો છે ખરો, પણ સમસ્તરૂપે (એકાંતે) ત્યાં રહેલો નથી. જો સમસ્તરૂપે રહેલો હોય તો અન્ય ભાગમાં બિલ્કુલ ન હોય પણ એવું નથી. અન્ય ભાગોમાં પણ રહેલો હોવાનો અનુભવ થાય છે.) આમ સત્ અને અસત્ વસ્તુ વચ્ચે અવિશેષથી = યથાવત્ બોધ નહીં કરવાથી ઉક્ત મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન રૂપ છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો આશય એ છે કે ઘટાદિ કોઈપણ સદ્ (વિદ્યમાન) વસ્તુ પોતાના ઉત્પાદ આદિ સ્વરૂપે જ સત્ છે અને પટ રૂપે (પટ વસ્તુના ઉત્પાદ આદિ રૂપે) અસત્ અવિદ્યમાન છે. જો સ્વરૂપે જ સત્ એવી વસ્તુને એકાંતે - કોઈપણ અપેક્ષાએ (નયથી) સત્/વિદ્યમાન જ કહે તો જ્યારે પર રૂપે (પરની અપેક્ષાએ) વિચારણા કરાય ત્યારે પણ 'સત્' જ કહેવાશે. આમ ઘટ આદિ વસ્તુ પટ વગેરે પર વસ્તુરૂપે પણ સત્ છે એમ કહેવું પડે. પણ આ વસ્તુસ્થિતિ નથી કારણ કે, પરરૂપે એટલે કે પટાદિરૂપે તો 'ઘટ' અસત્ જ છે, સત્ નથી. આમ એક જ નયનો આશ્રય કરીને વસ્તુને જાણવાથી વસ્તુ 'સત્' તરીકે જ જણાશે. 'અસત્' તરીકે જણાશે નહીં. જ્યારે હકીકત તો એ છે કે કોઈપણ ઘટાદિ વસ્તુ પરરૂપે અસત્ છે. આમ એક જ નયનો આશ્રય કરવાથી મિથ્યાદૃષ્ટિ જીવ ઘટાદિ વસ્તુને સ્વરૂપે અને પરરૂપે એવા બે નયભેદ/અપેક્ષાભેદ વડે નહીં સ્વીકારવાથી 'સત્' રૂપે જ કહેશે અને આથી (ઘટાદિ વસ્તુને) પર રૂપે (પટાદિરૂપે) પણ (અર્થાત્ એકાંતે) સત્ કહેવાથી 'સત્' અને 'અસત્' વચ્ચે વિશેષતા = તફાવત નહીં પડે. આથી સ્વરૂપે (ઘટાદિ રૂપે) સત્ અને પરરૂપે (પટાદિ રૂપે) અસત્ એવી વસ્તુને એક જ નયનો સ્વીકાર કરવાથી કોઈપણ રીતે 'સત્' જ છે એમ કહેનાર મિથ્યાદૃષ્ટિ જીવનું જ્ઞાન એ મિથ્યા છે, વિપરીત છે, અજ્ઞાનરૂપ છે.

**પ્રેમપ્રભા :** વળી (૨) જે મિથ્યાદૃષ્ટિવાળા જીવને અર્થનું જ્ઞાન થાય છે તે યદચ્છા વડે ઉપલબ્ધિ થવાના કારણે મિથ્યાદૃષ્ટિવાળા જીવનું જ્ઞાન એ અજ્ઞાન રૂપ છે. અર્થાત્ ઉન્મત્ત

१. पू. । ★...★ एतच्चिह्नान्तर्गतः पाठो ना. मु. ।

उन्मत्तस्येव ।

**भा० यथोन्मत्तः कर्मोदयादुपहतेन्द्रियमतिर्विपरीतग्राही भवति । सोऽश्वं गौरित्यध्यवस्यति गां चाश्व इति लोष्टं सुवर्णमिति सुवर्णं लोष्ट इति लोष्टं वा लोष्ट इति सुवर्णं सुवर्णमिति तस्यै वमविशेषेण लोष्टं सुवर्णं सुवर्णं लोष्टमिति विपरीतमध्यवस्यतो नियतमज्ञानमेव भवति । तद्वन्मिथ्यादर्शनोपहतेन्द्रियमते-र्मतिश्रुतावधयस्त्रयो[1]ऽप्यज्ञानं भवन्ति ॥३३॥**

**टी यथोन्मत्तो** वायुपिशाचादिगृहीतः **कर्मोदयात्** कर्मणां पुराकृतानां विपाकाद् यदा **उपहतेन्द्रियमतिः** उप[2]हतेन्द्रिय उपहतमनाश्च संवृत्तो भवति तदा **विपरीतग्राही**-अन्यथावस्थितवस्तुपरिच्छेदी **भवति,** यतः **स** उन्मत्तः **अश्वं** सन्तं **गौ**रयमित्येवमध्यवस्यति

= પાગલ માણસની જેમ યદચ્છા એટલે અનાલોચિત = વિચાર્યા વિના જ પોતાને મન ફાવે તેમ અર્થનું ગ્રહણ (ઉપલબ્ધિ) તે યદચ્છા-ઉપલબ્ધિ કહેવાય. તેનાથી મિથ્યા-દષ્ટિવાળા જીવને સ્પર્શ વગેરેનું જ્ઞાન થાય છે. તેથી અજ્ઞાન રૂપ છે.

**ભાષ્ય : જેમ કોઈ ઉન્મત્ત પુરુષ એ કર્મોદયના કારણે ઉપઘાત પામેલ ઇન્દ્રિય અને મતિ(બુદ્ધિ)વાળો હોવાથી વસ્તુનો વિપરીતપણે બોધ કરે છે. આવો માણસ 'અશ્વ'ને 'ગાય' તરીકે જાણે છે અને 'ગાય'નો 'અશ્વ' તરીકે નિશ્ચય કરે છે. વળી લોષ્ટ = ઢેફાને સુવર્ણ તરીકે જાણે છે અને સુવર્ણને ઢેફા રૂપે જાણે છે. વળી (ક્યારેક) ઢેફાને ઢેફારૂપે અને સુવર્ણને સુવર્ણરૂપે જાણે છે. આ પ્રમાણે અવિશેષથી (સમાનરૂપે) ઢેફાને સુવર્ણ અને સુવર્ણને ઢેફું એ પ્રમાણે વિપરીત રૂપે જાણતાં એવા તે ઉન્મત્ત માણસને નિયમથી અજ્ઞાન જ હોય છે.**

**તેની જેમ મિથ્યાદર્શન વડે જેની ઇન્દ્રિય અને મતિ ઉપઘાત પામેલી છે તેવા જીવના મતિ, શ્રુત અને અવધિ એ ત્રયેણ અજ્ઞાનરૂપ હોય છે. (૧-૩૩)**

### ❋ મિથ્યાદષ્ટિનું જ્ઞાન ઉન્મત્ત માણસ જેવું હોવાથી અજ્ઞાન ❋

**પ્રેમપ્રભા :** જે કોઈ ઉન્મત્ત એટલે કે વાયુથી અથવા પિશાચાદિથી ગ્રસ્ત-વળગાડવાળો જીવ પૂર્વે કરેલાં કર્મોના ઉદયથી જ્યારે ઉપઘાત પામેલ ઇન્દ્રિયવાળો અને હણાયેલ મનવાળો થયો હોય છે ત્યારે વિપરીતગ્રાહી બને છે એટલે કે વસ્તુનો અન્યથા (ઉલટ) હોવા રૂપે બોધ કરનારો થાય છે. કારણ કે તે ઉન્મત્ત પુરુષ સત્ = વિદ્યમાન એવા પણ 'અશ્વ'ને 'આ બળદ છે' એ પ્રમાણે જ સ્વીકાર કરે છે અને બીજા આગળ કહે પણ છે.

१. टीकानु० । तावधयोऽप्य० मु. । २. पादिषु । ना. पू. ।

एवं गृह्णात्युपदिशति च, **गां** च सन्तं[1] **अश्वो**ऽयमित्यध्यवस्यति स्वयमन्येभ्यश्चोपदिशति अश्वोऽयमिति । सर्वपदार्थेष्वेव चोन्मत्तस्य यदृच्छयोपलब्धिर्न कतिपयेष्वित्येतदुदाहरणभूयस्त्वेन कथयति-**लोष्टं सुवर्णमि**त्यादिना । **लोष्टं** पृथिवीपरिणामं सन्तं मृदात्मकं **सुवर्णमि**त्यध्यवस्यति, **सुवर्णं** वा[3] **लोष्टमि**त्यध्यवस्यति, कदाचिच्च **लोष्टं लोष्टमे**वाध्यवस्यति, कदाचिद् **वा सुवर्णं सुवर्ण**मित्येव, तस्योन्मत्तस्यैवमुक्तेनाविशेषेण अयथावदवबोधेन **लोष्टं सुवर्ण**मित्येवं **विपरीतमध्यवस्यतः नियतं** निश्चित**मज्ञानमेव,** कुत्सितमेव तज्ज्ञानं **भवती**ति । सम्प्रति

તેમજ સત્ એવા બળદને 'આ ઘોડો છે' એ પ્રમાણે સ્વયં જાણે છે અને બીજા આગળ કહે પણ છે કે 'આ ઘોડો છે.'

ઉન્મત્ત માણસને કેટલાંક જ પદાર્થો વિષે નહીં, કિંતુ સર્વ પદાર્થો વિષે યદચ્છા વડે = વિચાર્યા વિના જ, મનફાવે તેમ બોધ થાય છે. આ વાતને ઘણા ઉદાહરણો આપવા દ્વારા જણાવે છે - લોષ્ટ એટલે પૃથ્વીમાંથી બનેલ (પૃથ્વીના પરિણામ રૂપ - પાર્થિવ) માટી સ્વરૂપ પદાર્થ અર્થાત્ ઢેફું... તેને 'સુવર્ણ (સોનુ) છે' એમ જાણે છે અથવા સોનાને ઢેફા રૂપે જાણે છે. વળી ક્યારેક ઢેફાને ઢેફા તરીકે જ જાણે છે અથવા ક્યારેક સોનાનો સોનારૂપે જ બોધ કરે છે. તે ઉન્મત્ત વ્યક્તિને પૂર્વે કહ્યું તેમ અવિશેષથી સમાનરૂપે અર્થાત્ ભેદ પાડ્યા વિના યથાવત્ બોધ નહીં થવાથી ઢેફાને 'આ સુવર્ણ છે' એમ વિપરીતે રૂપે જાણતો હોવાથી તેને નિયમથી = નિશ્ચિતરૂપે અજ્ઞાન જ હોય છે અર્થાત્ કુત્સિત = વિપરીત/મલિન જ જ્ઞાન હોય છે.

હવે દૃષ્ટાંતને તેના વડે ફળીભૂત થતાં અર્થમાં - દાર્ષ્ટાંતિકમાં ઘટાવતાં ભાષ્યકાર કહે છે- આવા 'ઉન્મત્ત માણસની જેમ મિથ્યાદર્શન વડે જેના ઇન્દ્રિય અને મન ઉપઘાત પામેલાં છે હણાયેલાં છે એવા જીવના મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ અજ્ઞાન (વિપરીત) રૂપ જ હોય છે. કારણ કે, એક નય (અભિપ્રાય/અપેક્ષા)નો જ આશ્રય કરવામાં સર્વ વસ્તુનો એટલે કે સર્વ રીતે વસ્તુનો બોધ થતો નથી. (અર્થાત્ ઘડા વગેરે વસ્તુને 'ઘડો છે' એમ એકરૂપે જ જાણવાથી તેનો સંપૂર્ણ બોધ થતો નથી.) કેમ કે તે વસ્તુ તેટલી જ, તેવા જ રૂપે નથી, કેમ કે, બીજા નયના (અભિપ્રાયના) મતે તે વસ્તુનો અન્ય રૂપે પણ બોધ થાય છે. આ કારણથી મિથ્યાદર્શન વડે સ્વીકારાયેલ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણેય અજ્ઞાનરૂપ છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ ઘડાનો 'આ ઘડો છે' એટલો જ બોધ પર્યાપ્ત નથી. પણ 'પટ' રૂપે નથી,

१. पादिषु । सतीं० मु. । २. पादिषु । दिश्य० मु. । ३. पादिषु । च० मु. ।

दार्ष्टान्तिके योजयति-**तद्वन्मिथ्यादर्शनेनोपहतेन्द्रियमनस्कस्य मतिश्रुतावधयस्त्रयोऽप्यज्ञानमेव भवन्ति,** एकनयमतसमाश्रयणे तु न सर्ववस्तुपरिच्छेदः, न च तावन्मात्रं तद् वस्तु, नयमतान्तरेणान्यथापि परिच्छेदात्, अतः अज्ञानता त्रयाणाम्, सर्वनयसामग्रीप्रत्यये-नैकैकनयावलम्बी प्रत्ययो निवर्त्यत इति विद्यते हि [1]सर्वनयसामग्रीप्रत्ययो बाधक इति ॥ ३३ ॥ प्रकृतांशं[2]परिसमाप्तिं सूचयति –

પુસ્તક રૂપે નથી ઇત્યાદિ ધર્મો પણ તેમાં હોવાથી તે જાણવાથી જ તેનો સંપૂર્ણ બોધ થઈ શકે છે. આમ એક અપેક્ષાએ 'ઘડો છે' પણ બીજી અપેક્ષાએ 'ઘડો નથી' પણ... આ બન્નેય અપેક્ષાઓનો બોધ થવાથી ઘડાનો વાસ્તવિક/સાચો બોધ થાય છે.

**પ્રેમપ્રભા : પ્રશ્ન :** તેમ છતાં 'અગ્નિ ઠંડો છે' એવા જ્ઞાનને પ્રત્યક્ષથી જણાયેલ 'અગ્નિ ઉષ્ણ છે' એવા બાધક/વિરોધી જ્ઞાન વડે જેમ ખોટું ઠરાવાય છે - અને તેને અજ્ઞાનરૂપે નિશ્ચિત કરી શકાય છે તેમ પ્રસ્તુતમાં બાધક = પ્રતિબંધક/વિરોધી એવા જ્ઞાન વિના એક નયમતના આધારે થયેલ વસ્તુના જ્ઞાનને ખોટું શી રીતે ઠરાવી શકાય ? અર્થાત્ કોઈ બાધક જ્ઞાન હોય તો જ તે જ્ઞાનને ખોટું અજ્ઞાનરૂપે ગણાવી શકાય.

**જવાબ :** સર્વ જે નયો છે તેના બોધની સામગ્રી (સાધનો) વડે જે પ્રત્યય = બોધ/નિશ્ચિય થાય છે, તેના વડે એક જ નયમતના આલંબન દ્વારા થયેલ બોધની નિવૃત્તિ = નિષેધ/બાધ કરાય છે. આ રીતે સર્વપ્રકારના નયની સામગ્રી વડે ઉત્પન્ન થતાં બોધ = નિશ્ચયરૂપ બાધક જ્ઞાન હાજર છે અને તેથી તેના વડે એક નયના આશ્રયથી થતું જ્ઞાન બાધિત થાય છે, અટકાવાય છે, ખોટું ઠરાવાય છે. આથી તે અજ્ઞાન રૂપ છે. (૧-૩૩)

**ચંદ્રપ્રભા :** અર્થાત્ 'ઘડો છે' આટલું જ જ્ઞાન એક નયના આલંબન/સ્વીકાર દ્વારા થાય છે. એનો અર્થ એ કે 'સર્વથા ઘડો છે, ઘડો જ છે' એમ એક નય મતનો આશ્રય કરનારાઓ દ્વારા બોધ કરાય છે, પણ તે બરોબર નથી. કેમ કે, સ્વરૂપની અપેક્ષાએ જ 'ઘડો છે' એ સાચુ છે. તે જો કોઈપણ અપેક્ષાએ હોય તો પર રૂપે એટલે કે પટ (વસ્ત્ર), પુસ્તક આદિ રૂપે પણ 'ઘડો છે' એમ કહેવું પડે અને તે બોધ વસ્તુસ્થિતિથી વિપરીત-અયથાર્થ છે, કારણ કે પટ વગેરે રૂપે તો ઘડો નથી જ. પણ જ્યારે સર્વ નયોનો આશ્રય કરાય ત્યારે તો પટ, પુસ્તકાદિ પર દ્રવ્યાદિ રૂપે 'ઘડો નથી' એવો પણ બોધ થવાથી તે યથાર્થ બોધ છે અને તે 'એકાંતે ઘડો જ છે' એવા એક નયમતના આલંબનથી થતાં જ્ઞાનનો બાધ/પ્રતિબંધ કરે છે.

१. पादिषु । समग्र० मु. । २. पू. । कृतपरि० मु. ।

**भा० उक्तं ज्ञानम् । चारित्रं नवमेऽध्याये वक्ष्यामः । प्रमाणे चोक्ते । नयान् वक्ष्यामः । तद्यथा –**

**टी० उक्तं ज्ञानम्**, सम्यग्दर्शनज्ञानचारित्राणीत्यत्र यत्प्रक्षिप्तं[1] त्रयमिति, सम्प्रत्यवसरप्राप्तं चारित्रं, तच्चेह लब्धावकाशमपि नाभिधीयते, यत इहाभिधायापि पुनः संवरप्रस्तावे **'आश्रवनिरोधः संवरः', 'स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः'** (सू० ९-१,२) इत्यत्र चारित्रद्वारे संवरप्ररूपकेऽभिधातव्यमेवातो ग्रन्थस्य लाघवमिच्छता तत्रैव नवमेऽभिधास्यते इत्याह-**चारित्रं नवमेऽध्याये वक्ष्यामः । 'प्रमाणनयैरधिगमः'** (सू० १-६) इति च यदुक्तं तत्र प्रमाणमेव[2] पञ्चविधं सम्यग्दृष्टिपरिगृहीतं ज्ञानं, तदाह-**प्रमाणे च** प्रत्यक्षपरोक्षे **उक्ते,**

હવે પ્રકૃત = એટલે ચાલુ (અધિકૃત) અંશની/વિષયની સમાપ્તિ (ઉપસંહાર) અને આગળના સૂત્રના/વિષયનો નિર્દેશ કરતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : (અવતરણિકા :) જ્ઞાન (મોક્ષમાર્ગનો ઘટક-અંશ) કહ્યું. ત્રીજા ચારિત્રને અમે નવમા અધ્યાયમાં કહીશું. વળી બે પ્રમાણો પણ કહેવાઈ ગયા. હવે અમે નયોને કહીશું. તે આ પ્રમાણે છે.**

**પ્રેમપ્રભા :** હવે પ્રકૃત એટલે મૂળ - ચાલુ જે જ્ઞાન રૂપ અંશ = મોક્ષમાર્ગનો ભેદ છે, તેની પરિસમાપ્તિ/ઉપસંહારને સૂચવતાં ભાષ્યકાર કહે છે - જ્ઞાન કહ્યું... અર્થાત્ **सम्यग्दर्शनज्ञानचारित्राणि** આ પ્રમાણે પ્રથમ સૂત્રમાં જે ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ મૂકેલો છે, નિર્દેશ કરાયેલ છે, તેમાંથી બીજા પ્રકારનો મોક્ષમાર્ગના ઘટક રૂપ જ્ઞાન-અંશ અહીં કહેવાઈ જાય છે.

હવે ચારિત્રને કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે, પણ, તેને કહેવાનો અહીં અવકાશ હોવા છતાંય અહીં તે કહેવાતું નથી. કારણ કે અહીં કહીને પણ પાછું સંવર-તત્ત્વના પ્રકરણમાં **आश्रवनिरोधः संवरः ॥ ९-२ ॥ स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥ ९-२ ॥** એ પ્રમાણે સંવર-તત્ત્વનું નિરૂપણ કરનાર અર્થાત્ સંવરના ભેદ/સ્વરૂપ ચારિત્ર-દ્વારમાં ચારિત્રનું કથન કરવાનું જ છે. આથી ગ્રંથના લાઘવને ઇચ્છતા શાસ્ત્રકાર વડે ત્યાં જ નવમા અધ્યાયમાં કહેવાશે એમ જણાવતાં ભાષ્યમાં કહે છે - "ચારિત્ર-અંશને અમે નવમા અધ્યાયમાં કહીશું."

તથા **प्रमाणनयैरधिगमः ॥ १-६ ॥** સૂત્રમાં જે કહેલું કે, 'પ્રમાણ (અને નયો) દ્વારા

१. पू. णीत्युपक्षि० मु. । २. पू. । माणमेतदेव० मु. ।

नयास्तु पूर्वं नोक्ता इत्यतो **नयान् वक्ष्यामः**, ते च **यथा** स्वरूपतो व्यवस्थितास्तथा निर्दिश्यन्ते -

**सू० नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥ १-३४ ॥**

**भा० नैगमः, सङ्ग्रहः, व्यवहारः, ऋजुसूत्रः, शब्द इत्येते पञ्च नया भवन्ति ॥३४॥**

**टी० नैगम**[१] इत्यादि । कृतद्वन्द्वसमासानां पञ्चानामपि प्रथमाबहुवचनान्तता । **नया** इति च अनेकधर्मकदम्बकोपेतस्य वस्तुन एकेन धर्मेणोन्नयनमवधारणात्मकं नित्य एवानित्य

---

વસ્તુનો બોધ થાય છે,' તેમાં સમ્યગ્દષ્ટિવાળા જીવો વડે પરિગૃહીત = સ્વીકારાયેલ પાંચ પ્રકારનું જ્ઞાન એ જ પ્રમાણ છે... તે જણાવતાં ભાષ્યમાં કહે છે - પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ જે બે પ્રમાણો છે, તે પણ કહેવાઈ ગયા છે, પરંતુ નયો કહેલાં નથી. આથી હવે 'નયોને અમે કહીશું...' **तद् यथा** = તે નયો સ્વરૂપથી જે રીતે વ્યવસ્થિત છે, રહેલાં છે, તે પ્રમાણે આગળના સૂત્રમાં અમારા વડે નિર્દેશ કરાય છે, જણાવાય છે.

**नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥ १-३४ ॥**

**સૂત્રાર્થ :** ભાષ્યવત્ સૂત્રાર્થ જાણવો.

**ભાષ્ય : (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર અને (૫) શબ્દ આ પાંચ નયો છે. (૧-૩૪)**

### ❋ પાંચ (અપેક્ષાએ સાત) નયોનું નિરૂપણ ❋

**પ્રેમપ્રભા :** પ્રમાણ અને નયો એ જીવાદિ અર્થોનો અધિગમ = બોધ કરવાના ઉપાયો છે. તેમાં બે પ્રકારના પ્રમાણનું નિરૂપણ આગળ થઈ ગયું છે. હવે બાકી રહેલ નયનું સ્વરૂપ આ અધ્યાયના સૂત્રમાં જણાવતાં ગ્રંથકારે નૈગમ વગેરે પાંચ નયોનો નિર્દેશ કરેલો છે. સૂત્રમાં નૈગમ આદિ પાંચ નયોનો દ્વન્દ્વ-સમાસ કરેલો છે અને પછી પ્રથમા-વિભક્તિના બહુવચન પ્રત્યયનો પ્રયોગ કરેલો છે. આથી, (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર અને (૫) શબ્દ એ પાંચ **નયો** છે, એમ ભાષ્યમાં સૂત્રાર્થ કરેલો છે.

**નયની વ્યાખ્યા** કરતાં ટીકામાં જણાવે છે- **નય :** જૈનદર્શનમાં દરેક વસ્તુ અનેક ધર્મના

---

१. सर्वप्रतिषु । गमेत्या० मु. ।

एवेत्येवंविधं नयव्यपदेशमास्कन्दति, स चाध्यवसायविशेष इति । निगम्यन्ते-परिच्छिद्यन्ते इति **निगमाः** लौकिका अर्थाः, तेषु निगमेषु भवो योऽध्यवसायो ज्ञानाख्यः स **नैगमः** । स च सामान्येनापि व्यवहरति सामान्यबुद्धिहेतुना सामान्यवचनहेतुना च, अत्यन्तं भेदेभ्योऽन्यत्वरूपेण सत्तामात्रेण, तथा विशेषेणापि विशेषबुद्धिहेतुना विशेषवचनहेतुना च

---

સમૂહવાળી કહેલી છે. આવી વસ્તુને કોઈ એક જ ધર્મ વડે જાણવું. **દા.ત.** 'આ (જીવ વગેરે પદાર્થ) નિત્ય જ છે' અથવા 'આ અનિત્ય જ છે' એ પ્રમાણે નિશ્ચયાત્મક વિચાર કરવો - જ્ઞાન કરવું, તે **'નય'** તરીકે વ્યવહાર કરાય છે અને તે જીવના અધ્યવસાય-વિશેષ રૂપ છે અર્થાત્ વિશેષ પ્રકારના બોધ રૂપ છે. હવે ટીકાકાર આ પાંચેય નયોના સ્વરૂપની/અભિપ્રાયની (અર્થાત્ તેના શબ્દાર્થ, વ્યુત્પત્તિ-અર્થ અને ભાવાર્થની) સંક્ષેપથી વિચારણા રજૂ કરે છે, તે જોઈએ.

## ❋ ત્રણ પ્રકારના નૈગમ-નયનો શબ્દાર્થ અને અભિપ્રાય ❋

(૧) **નૈગમ-નય :** જે નિગમ કરાય - બોધ કરાય તે 'નિગમ' કહેવાય. ( **निगम्यन्ते परिच्छिद्यन्ते इति निगमाः** ।) નિગમ = એટલે લૌકિક અર્થો - લોકમાં પ્રસિદ્ધ પદાર્થો. તે નિગમોને વિષે = લૌકિક અર્થોને વિષે, જે જ્ઞાનાત્મક અધ્યવસાય/બોધ થાય તે **'નૈગમ'** કહેવાય. ( **निगमेषु भवः इति नैगमः** ।) આ શબ્દને આશ્રયીને અર્થ કરેલો છે. હવે તેનો ભાવાર્થ - મુખ્ય આશય/અભિપ્રાય જણાવાય છે.

આ નૈગમ-નય ત્રણ પ્રકારે વસ્તુનો વ્યવહાર કરે છે - બોધ કરે છે. (i) સામાન્યથી, (ii) વિશેષથી અને (iii) સામાન્ય-વિશેષ (ઉભય) બન્નેય રીતે. તેમાં પ્રથમ પ્રકાર જોઈએ. **(૧) સામાન્યગ્રાહી નૈગમ :** આ નૈગમ-નય એક રીતે સામાન્ય વડે વ્યવહાર કરે છે અર્થાત્ વસ્તુમાં રહેલ સામાન્ય ધર્મનો બોધ કરે છે કે જે સામાન્ય એ વસ્તુમાં થતી સામાન્યની = સમાનપણાની બુદ્ધિનું કારણ છે અને વસ્તુને વિષે થતાં સામાન્ય રૂપ વચનનો/શબ્દનો/વ્યવહારનો હેતુ છે. વળી આ સામાન્ય એ ભેદોથી = વસ્તુમાં રહેલ વિશેષ ધર્મોથી અત્યંત જુદો છે અને તે સત્તા-માત્ર રૂપ છે. આવા સામાન્ય ધર્મનો ગ્રાહક સામાન્યગ્રાહી નૈગમ-નય છે.

**ચંદ્રપ્રભા : દા.ત.** અનેક 'ઘડા' પડેલાં હોય ત્યાં 'આ ઘડો' 'આ ઘડો' એવી સમાનતાની બુદ્ધિ/પ્રતીતિ થાય છે, તેનું કારણ તે ઘડાઓમાં રહેલ સામાન્ય = સમાનભાવ = સમાનતારૂપ

अत्यन्तं सामान्यादन्यत्वरूपेण व्यवहरति परमाणुनिष्ठितेन । तथा सामान्यविशेषेणापि गवादिना सर्वगोपिण्डेष्वनुवृत्त्यात्मकेन अश्वादिव्यावृत्त्यात्मकेन च व्यवहरति, यथा लोको व्यवहरति तथाऽनेन व्यवहर्तव्यमिति, लोकश्चोपदिष्टैः प्रकारैः समस्तैर्व्यवरहति । **प्रवचने** च वसतिप्रस्थकनिदर्शनद्वयेन विभावितः **काणभुजराद्धान्तहेतुरवगन्तव्यः** ।

---

સાધારણ ધર્મ છે. આ ધર્મનો જે બોધ કરે તે સામાન્યગ્રાહી નૈગમ કહેવાય.

**પ્રેમપ્રભા :** તથા (૨) **વિશેષગ્રાહી નૈગમ :** વસ્તુમાં થતી વિશેષની (ભેદની) બુદ્ધિના કારણભૂત અને 'વિશેષ' એવા વચનના/વ્યવહારના હેતુભૂત છે. તેમજ વસ્તુમાં રહેલ સામાન્ય-ધર્મથી જે અત્યંત ભિન્ન જુદો એવો જે વિશેષ-ધર્મ છે, તેના વડે આ બીજા પ્રકારનો નૈગમ-નય વ્યવહાર કરે છે- અર્થાત્ વસ્તુમાં રહેલ તે વિશેષ-ધર્મનો બોધ કરે છે તે વિશેષગ્રાહી - નૈગમ કહેવાય. આ વિશેષનો/ભેદનો પરમાણુમાં નિષ્ઠા = અંત આવે છે. અર્થાત્ દ્રવ્યનો ભેદ કરતાં જઈએ (અનંત-અસંખ્ય-સંખ્યાત પરમાણુવાળા એમ દ્રવ્યનો વિશેષ/ભેદ કરતાં જઈએ) તો છેલ્લો વિશેષ પરમાણુ બને છે. એનો કોઈ અધિક વિશેષ = ભેદ થઈ શકતો નથી. (૩) **સામાન્ય-વિશેષ-ગ્રાહી નૈગમ :** તથા સામાન્ય-વિશેષ (ઉભય)રૂપે પણ નૈગમ નય વ્યવહાર (બોધ) કરે છે. જેમ કે, ગાય (**गो**) વગેરે અર્થ એ તમામ ગાયોમાં (અથવા બળદમાં) અનુવૃત્તિ-આત્મક હોયને સામાન્ય રૂપે છે અને અશ્વ વગેરે અર્થથી વ્યાવૃત્તિ-આત્મક અર્થાત્ વ્યવચ્છેદરૂપ/નિષેધરૂપ/બાદબાકીરૂપ હોવાથી 'વિશેષ'રૂપ પણ છે. અર્થાત્ ગોત્વ રૂપ ધર્મ એ તમામ ગાયોમાં અનુસરવાથી - રહેવાથી સામાન્યાત્મક અર્થ છે અને અશ્વ આદિમાં બિલ્કુલ નહીં અનુસરવાથી - નહીં રહેવાથી વિશેષાત્મક અર્થ પણ છે. આમ વસ્તુના સામાન્ય-વિશેષ રૂપ બન્નેય ધર્મ વડે નૈગમ-નય વ્યવહાર કરે છે - નિશ્ચય કરે છે. જે રીતે લોકો વસ્તુનો વ્યવહાર બોધ કરે છે, તે પ્રમાણે આ નૈગમનય વડે બોધ કરવો. વળી લોકમાં ઉક્ત સમસ્ત પ્રકારો વડે વ્યવહાર કરાય છે. **પ્રવચનમાં** = આગમમાં (૧) [A]**વસતિ** અને (૨) **પ્રસ્થક** એ બે દૃષ્ટાંતો વડે આ નૈગમ નયની સારી રીતે વિચારણા કરાઈ છે અને આ નયમાંથી જ કાણાદ (કાણભુજ) એટલે કે **કણાદ ઋષિ** વડે પ્રણીત **વૈશેષિક દર્શન** રૂપ મત અસ્તિત્વમાં આવેલો છે.

આમ નૈગમ-નયનું સ્વરૂપ અને તેના ત્રણ પ્રકારો જણાવવા દ્વારા આ નયનું વક્તવ્ય પૂરું થાય છે.

---

१. पादिषु । श्चोप० मु. ।

अभेदेन सङ्ग्रहणात्[1] सर्वस्य सङ्गृह्णाति इति **सङ्ग्रहः** । यदि भवनाभिसम्बद्धस्यैव भावस्य भावत्वमभ्युपगम्यते ततः परिसमापितात्मस्वरूपत्वाद्[2] भावस्य भ्रान्तिसमुपनिबन्धन-घटादिविकल्पप्रकल्पनानर्थक्यम् । यदि घटादि वस्त्वपि भवनप्रवृत्तितन्त्रमेवेत्येवं सति भाव

**ચંદ્રપ્રભા :** બીજી રીતે કહીએ તો લોકમાં પ્રવર્તતો જે કણાદ-ઋષિનો વૈશેષિક સિદ્ધાંત છે તે આ ત્રીજા પ્રકારના નૈગમ નયને મળતો આવે છે. અર્થાત્ વૈશેષિક મતમાં વસ્તુને સામાન્ય અને વિશેષાત્મક માનેલી હોવાથી આ નયમાં તે મતનો અંતર્ભાવ/સમાવેશ થાય છે.

## * સંગ્રહનયની વ્યુત્પત્તિ અને અભિપ્રાય *

(૨) **સંગ્રહ-નય :** હવે સંગ્રહ-નયનો શબ્દાર્થ જોઈએ. આ નય અભેદ વડે સર્વ વસ્તુનો સંગ્રહ કરનારો હોવાથી 'સંગ્રહ' કહેવાય છે. આમ **सङ्गृह्णाति इति सङ्ग्रहः** । જે (અભેદથી સર્વ પદાર્થોનો) સંગ્રહ કરે તે **'સંગ્રહ'** કહેવાય. આ શબ્દાર્થ થયો. **ભાવાર્થ** એટલે કે સર્વ વસ્તુનો અભેદ વડે સ્વીકાર કરવા પાછળ આ સંગ્રહનયનો આશય આ પ્રમાણે છે - **'भवन'** એટલે વસ્તુનું હોવાપણું, થવું, વિદ્યમાનતા. **ભાવ** એટલે વસ્તુ = પદાર્થ. જો કોઈ પણ ભાવ/પદાર્થ એ ભવન = હોવાપણું રૂપ ધર્મથી સંબંધ = યુક્ત હોવાથી જ તેનું ભાવપણું (ભાવત્વ) સ્વીકારાય છે. (**भवतीति भावः** જે વિદ્યમાન-સત્ હોય તે 'ભાવ' કહેવાય. આમ દરેક વિદ્યમાન પદાર્થમાં ભવન ક્રિયા (હોવું, થવું) રહેલ છે.) તો પછી 'ભવન' (વિદ્યમાનતા/થવું) રૂપ ધર્મના સંબંધથી જ કોઈપણ ભાવાત્મક વસ્તુ એ પોતાના ભાવાત્મક સ્વરૂપને પરિસમાપ્ત = સંપૂર્ણ કરી દેવાથી તે ભાવરૂપ વસ્તુમાં ઘટ, પટ આદિ વિકલ્પો (વિભાગો/ભેદો)ની કલ્પના કરવી તે નિરર્થક છે. કારણ કે આવી કલ્પનાઓ કરવી ભ્રાંતિનું કારણ બને છે.

(**પ્રશ્ન :** ઘટ, પટ વગેરે વસ્તુઓ જુદી જુદી દેખાય છે તેને એક જ રૂપે શી રીતે કહેવાય ? **જવાબ :**) જો ઘટ, પટ વગેરે વસ્તુઓ પણ ભવન (હોવું, થવું, સત્તા, વિદ્યમાનતા) રૂપ પ્રવૃત્તિ-નિમિત્તવાળા જ છે આથી તે 'ભાવ' (પદાર્થ) રૂપ જ છે. તેથી તે ઘટાદિ રૂપે કલ્પના કરાતી વસ્તુ પણ 'ભવન' (હોવું, થવું) રૂપ પર્યાયવાળી હોવાના કારણે 'ભાવ' રૂપ જ છે, પણ તેનાથી જુદી નથી. જેમ કે તેનું પોતાનું સ્વરૂપ... અર્થાત્ જેમ ઘટાદિ વસ્તુ પોતે તેના પોતાના સ્વરૂપથી જુદી ચીજ નથી, તેમ દરેક ઘટ, પટ આદિ વસ્તુ 'ભવન' (સત્તા) રૂપ પર્યાય(ધર્મ)વાળી હોયને ભાવરૂપે જ છે. આથી તેના બીજા ઘટાદિ પર્યાયની કલ્પના કરવી નકામી છે.

१. सर्वप्रतिषु । ग्रहात्० मु. । २. ख.पू. । रूपि० मु. ।

एव, तदनर्थान्तरत्वात् तत्स्वात्मवत्, भवनार्थान्तरत्वे वा व्योमोत्पलादिवदसत्त्वं विकल्पानां रासभविषाणादिसत्त्वं वा घटादिवद्, भवनार्थान्तरत्वात् । एतद्दर्शनपुरस्सरा एव च सर्वनित्यत्वैकत्वकारणमात्रत्वादिवादाः कालपुरुषस्वभावदैवादयश्चेति[१] ।

**चंद्रप्रभा :** અનુમાન-પ્રયોગ આ પ્રમાણે થાય - **घटादि वस्तु** (પક્ષ) **भाव एव,** (સાધ્ય), **भवन-प्रवृत्तितन्त्रत्वाद्, तदनर्थान्तरत्वाद् वा** (હેતુ) આવા અનુમાનથી ઘટાદિ વસ્તુ પણ ભાવરૂપે જ સાબિત થાય છે. હવે ઘટ, પટ વગેરે વસ્તુઓ પણ 'ભવન' રૂપ પર્યાયવાળી હોવાથી જ્યારે 'ભાવ' સ્વરૂપ જ છે ત્યારે દરેક વસ્તુ - વસ્તુમાત્ર એ ભાવરૂપે અન્ય દરેક વસ્તુથી અભિન્ન જ છે, માટે વસ્તુમાત્રને 'ભાવ'રૂપે જ માનવાથી ચાલી જતું હોવાથી તેનું ઘટ, પટ આદિ રૂપે વિભાગીકરણ કરવું નિરર્થક છે, એમ સંગ્રહ-નયનું માનવું છે.

**પ્રેમપ્રભા :** હવે જો ઘટાદિ વસ્તુને 'ભવન' (સત્ત્વ, વિદ્યમાનતા) રૂપ પર્યાયથી અસંબદ્ધ/અયુક્ત માનીને ભાવાત્મક નહીં માનશો તો બે દોષ આવશે. (૧) એક તો ઘટાદિ સત્ = વિદ્યમાન વસ્તુને અસત્ માનવી પડશે. અર્થાત્ ઘટ, પટ વગેરે જે વિકલ્પો = ભેદો છે, એનું (ભવન = સત્તા, વિદ્યમાનતારૂપ પર્યાયથી જુદો માનવામાં) આકાશના કમળની જેમ અસત્પણું પ્રાપ્ત થશે. એટલે કે ઘટ વગેરે ભેદોને આકાશ-કમળની જેમ અસત્-અવિદ્યમાન-ખોટા માનવા પડશે. અર્થાત્ જેમ 'ભવન' પર્યાયથી રહિત હોવાથી 'આકાશનું કમળ' વગેરે 'ભાવ' રૂપ વસ્તુ નથી અને આથી અસત્ મનાય છે, તેમ ઘટ વગેરે વસ્તુને = વિકલ્પોને પણ 'ભવન' પર્યાયથી રહિત માનીને ભાવ રૂપ નહીં માનશો તો અસત્ માનવી પડશે. (૨) અથવા બીજો દોષ એ કે, અસત્ વસ્તુને સત્ માનવી પડશે. અર્થાત્ 'ભવન' (સત્તા-વિદ્યમાનતા) રૂપ પર્યાયથી રહિત હોવા છતાંય જો ઘટાદિમાં સત્પણુ (સત્ત્વ-વિદ્યમાનતા) માનશો એટલે કે ઘટાદિ વસ્તુને સત્/વિદ્યમાન તરીકે સ્વીકારશો તો ગદર્ભ-શૃંગ = ગધેડાના શીંગડા આદિ વસ્તુઓ કે જે 'ભવન' પર્યાયથી રહિત હોયને ભાવરૂપ નથી, તેને પણ 'સત્' માનવી પડશે.

વળી આ સંગ્રહનયને આગળ કરીને જ કેટલાંક મતો/દર્શનો પ્રવર્તે છે. જેમકે (૧) સર્વ વસ્તુ નિત્ય છે, (૨) સર્વ એક જ છે, (૩) સર્વ કારણરૂપ જ છે વગેરે વાદો/માન્યતાઓ પ્રવર્તે છે. તથા બીજા કેટલાંક વાદીઓ જુદાં જુદાં પદાર્થને કારણ માને છે. **દા.ત.** કેટલાંક વાદીઓ (૧) કાળને જ તો કેટલાંક, (૨) પુરુષાર્થને જ, (૩) કેટલાંક સ્વભાવને, તો (૪) કેટલાંક દૈવ/ભાગ્યને (કર્મને) જ કારણ તરીકે માનનારા છે. અર્થાત્

१. पा. पू. । श्चेति भावः मु. ।

सङ्ग्रृहीतानां विधिपूर्वकमवहरणं **व्यवहारः** । यदि घटादिभेदश्रुत्या स्वसामान्यानुबद्धस्य

જગતમાં જે કાંઈ કાર્ય બને છે તેમાં કાળ વગેરેને જ મુખ્ય કારણ તરીકે સ્વીકારે છે. સર્વ સાધારણ-કારણ તરીકે માને છે. આ બધાં વાદો સંગ્રહ-નયને આભારી છે. અર્થાત્ સર્વવસ્તુનો અભેદરૂપે ગ્રહણ કરનાર એવા સંગ્રહનયને આશ્રયીને પ્રવર્તે છે, એમ કહેવાનો ભાવ છે.

**ચંદ્રપ્રભા :** સર્વ વસ્તુ નિત્ય જ છે, એક છે, વગેરે માનનારા કેટલાંક વાદો આ સંગ્રહ-નયમાંથી ઉદ્ભવેલાં છે એમ કહ્યું. આ નય સર્વ વસ્તુનો અભેદરૂપે - એક રૂપે સંગ્રહ કરનારો છે અને 'સર્વ નિત્ય છે, એક જ છે.' વગેરે વાદો પણ વસ્તુનો અભેદરૂપે સંગ્રહ ગ્રહણ કરનારા હોવાથી તે વાદોની પ્રવૃત્તિ આ સંગ્રહ નયમાંથી થઈ છે. બીજી રીતે કહીએ તો આ સર્વ-નિત્યત્વાદિને કહેનારા વાદોનો = મતોનો આ સંગ્રહ-નયમાં સમાવેશ-સમન્વય થાય છે. આમ 'સર્વ વસ્તુ નિત્ય જ છે.' વગેરે વાદોનો/મતોનો સંગ્રહ-નયથી જૈનદર્શનમાં પણ અંતર્ભાવ થઈ જાય છે.

**પ્રશ્ન :** જો સર્વને નિત્ય, એક વગેરે માનનારા વાદોનો જૈનદર્શનમાં અંતર્ભાવ થાય છે તો તે બીજાઓએ માનેલાં વાદોને મિથ્યા શાથી કહેવાય છે ?

**જવાબ :** તે વાદોએ સર્વ વસ્તુ સંબંધી પોતાના મતનો એકાંતે = 'જ'કારપૂર્વક સ્વીકાર કરેલો છે. દા.ત. કેટલાંકો વસ્તુને 'નિત્ય' માને છે પણ "વસ્તુઓ બીજી અપેક્ષાએ અનિત્ય પણ છે" એવા બીજા નયના અભિપ્રાયનો સ્વીકાર નહીં કરવાથી એક જ નય-મતના સ્વીકારને જૈનશાસનમાં મિથ્યા કહેલો છે. કારણ કે જિનશાસનમાં સર્વ નયોનો સ્યાદ્વાદના (અનેકાંતવાદના) સિદ્ધાંત વડે સ્વીકાર કરેલો છે. આ વાત ૩૩માં સૂત્રની ટીકાના અંતે પણ કહેવાઈ ગઈ છે.

આ જ વાત કાળ, પુરુષાર્થ વગેરેને કારણ માનનારા મતો સંબંધી પણ સમજવી. જૈનદર્શન તો (૧) કાળ (૨) પુરુષાર્થ (૩) સ્વભાવ (૪) ભાગ્ય (કર્મ) અને (૫) નિયતિ/ભવિતવ્યતા રૂપ પાંચ - પાંચ પદાર્થોને ભેગા દરેક કાર્ય પ્રત્યે સાધારણ કારણ તરીકે માનેલ છે. (ક્યારેક કોઈ કાર્યવસ્તુ પ્રત્યે અમુક કારણની પ્રધાનતા/બીજાની ગૌણતા હોય એ જુદી વાત છે.) તેમાંથી કોઈ મત કાળને જ અથવા પુરુષાર્થને જ કારણ માને છે. આવા મતો આ સંગ્રહનયમાંથી નીકળેલાં છે અને તેનો સંગ્રહ-નયથી જૈનશાસનમાં સંગ્રહ = સમન્વય થઈ શકે છે. કારણ કે તે કાળ-પુરુષાર્થ વગેરે વાદો-મતો અપેક્ષાએ સાચાં છે. પણ જો તે કાળ વગેરેને એકાંતે કારણ માને અને બીજા કારણોનો સ્વીકાર ન કરાય તો વળી એકાંતવાદ આવવાથી તે મિથ્યાવાદ કહેવાય. આમ અમુક નયથી/દૃષ્ટિકોણથી સર્વવસ્તુનું નિત્યપણું વગેરે હોવાની બીજાઓની માન્યતાઓ સાચી છે,

૧. પૂ. । निश्चयासाद् गृही० मु. अधिकः ।

निरस्तसामान्यान्तरसम्बन्धस्य श्रूयमाणरूपानुगुणमेव[1] ग्रहणं न स्यात्, किन्तु सर्वव्यपदेश-विशेषाभिव्यङ्ग्यो भाव एव तेन तेन रूपेणाभिव्यज्यते, ततो घटाद्यन्यतरभेदश्रुतौ सर्वरूपभेद-भावप्रतीति-प्रसङ्गस्ततश्च घटपटोदकादिरूपव्यतिरकरभावान्निश्चयाभावप्रसङ्गः, उपदेशक्रियोप-

પણ બીજાઓ એકાંતે/એક જ નયથી વસ્તુની વિચારણા કરતાં હોવાથી વસ્તુનો યથાવસ્થિત બોધ નહીં કરવાથી તેઓનો બોધ મિથ્યારૂપે ગણના પામે છે. આ પ્રમાણે અન્ય નયોમાંથી નીકળતાં/ઉદ્ભવતાં મતો(વાદો)ની બાબતમાં પણ સમજવું.

સારાંશ એ કે સર્વપ્રકારના દર્શનોનો/મતોનો/વાદોનો ઉદ્ભવ જૈન-દર્શનમાંથી થયો છે. એ શાસ્ત્રોક્તિ વડે પણ પૂર્વોક્ત વિધાનો યથાર્થ ઠરે છે. જેટલાં પણ જૈનદર્શનમાં નયવાદો છે તેટલાં દુનિયામાં મતો છે એવું શાસ્ત્રવચન પણ ઉપરની વાતને પુષ્ટિ આપે છે. કહ્યું છે કે, **जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया । जावईया नयवाया तावइया चेव परसमया ॥१॥ [સંમતિતર્ક પ્રકરણ૦ ગા૦ ૫/૪૭] અર્થ :** જેટલાં જેટલાં વચન-પથો = મતવિશેષ છે તેટલાં તેટલાં નયવાદો = નયો છે અને જેટલાં જેટલાં (એકાંતતાવાળા) નયવાદો છે તેટલાં જ પરસમય = પર મતો = અન્ય દર્શનો છે. ફરક એટલો જ કે જૈનશાસનમાં નયવાદોનો એકાંતે સ્વીકાર કરેલો ન હોવાથી તે તે નય પણ સમ્યક્/સાચાં રૂપે સ્વીકારાય છે.

### ❋ વ્યવહારનયનો શબ્દાર્થ અને વક્તવ્ય ❋

**પ્રેમપ્રભા : (૩) વ્યવહાર-નય :** વ્યવહાર-નયનો શબ્દાર્થ-વ્યુત્પત્તિ જણાવતાં ટીકામાં કહે છે - (સંગ્રહ નય વડે) સંગ્રહ કરાયેલાં પદાર્થોનું વિધિપૂર્વક ભેદપૂર્વક કથન કરવું તે 'વ્યવહાર' નય કહેવાય. આ શબ્દાર્થ થયો. હવે ભાવાર્થ કહે છે અર્થાત્ અહીં વ્યવહારનય કેવી યુક્તિના પીઠબળથી ખડો થયો છે તે સમજાવતાં ટીકાકાર કહે છે - જ્યારે **'घटोऽस्ति'** = 'ઘડો છે' એ પ્રમાણે બોલાય, ત્યારે ઘડા વગેરે ભેદોનું = વિશેષોનું શ્રવણ થવાથી ઘટાદિ વસ્તુના પોતાના ઘટત્વાદિરૂપ સામાન્ય સાથે અનુબદ્ધ = સંબદ્ધ હોય એવા અને પોતાનાથી અન્ય એવા પટત્વ વગેરે રૂપ સામાન્ય સાથેના સંબંધનો જેમાં નિષેધ/વ્યવચ્છેદ થયો છે એવા ઘટ વગેરે પદાર્થનો શ્રૂયમાણ = શ્રવણનો વિષય બનેલ સ્વરૂપને અનુકૂળ રીતે **ग्रहण** થવું જોઈએ. તેમ છતાં જો તે રીતે જ ગ્રહણ અર્થાત્ બોધ ન થાય, અર્થાત્ **'घटोऽस्ति'** 'ઘડો છે' એવા વાક્યના શ્રવણ દ્વારા ઘટત્વરૂપ સામાન્યથી યુક્ત એવા ઘડાનો જ બોધ થતો ન હોય, કિંતુ સર્વ પ્રકારના વ્યપદેશ = એટલે કે વ્યવહાર/કથન દ્વારા સામાન્યથી અભિવ્યક્ત થતો એવો 'ભાવ' જ અર્થાત્ આ 'સત્ છે,

१. ख. पू. । णत्वानु० मु. ।

भोगापवर्ग-व्यवस्थादीनां चाभावात् सर्वसंव्यवहारोच्छेदः, सर्वविशेषव्याकरणे च निर्निबन्धनभवनाभावाद् भावाभाव एव, अविशेषत्वाभेदत्वानिरूप्यत्वादितश्च नैवासौ भावः खरविषाणादिवत् । तस्माद् व्यवहारोपनिपतितसामान्योपनिबन्धनं तु यदेव [2]यदा द्रव्यं

વિદ્યમાન છે' એવા આકારનો વસ્તુ-માત્ર રૂપ જ અર્થ જો તે તે રૂપે અભિવ્યક્ત થતો હોય તો પછી સર્વ વસ્તુમાં રહેલ (તત્સ્વરૂપ) અને ઘટ, પટ, જલ વગેરે સર્વ ભેદ (વિશેષ)રૂપ વસ્તુ સાથે સંબંદ્ધ એવો જે 'ભાવ' (સત્તા, વિદ્યમાનતા) છે, તેની જ પ્રતીતિ (બુદ્ધિ) થવાનો પ્રસંગ આવશે. અર્થાત્ ઘટ, પટ વગેરે કાંઈપણ કહેવાય, ઉચ્ચારાય ત્યારે તેના શ્રવણથી 'ભાવ'નો જ 'આ સત્ છે વિદ્યમાન છે' એટલો જ બોધ થવાની આપત્તિ આવશે. કોઈપણ ઘડા વગેરે વિશેષ વસ્તુનો બોધ થશે નહીં. અને તેથી 'ઘડો છે' ઇત્યાદિ બોલાય ત્યારે (ભાવ-માત્રનો બોધ થવાથી) ઘટ, પટ, ઉદક (પાણી) વગેરેના સત્તા-માત્ર રૂપ ભાવનો જ સંબંધ થવાથી 'ઘડો જ છે' એવો નિશ્ચય નહીં થાય. અર્થાત્ કોઈપણ પદના શ્રવણ વડે ઘટાદિ-વિશેષના નિશ્ચયાત્મક બોધનો અભાવ થવાનો પ્રસંગ આવશે.

વળી (ઘટાદિ) વસ્તુનો નિશ્ચય જ નહીં થાય તેથી તેના ઉપદેશની, ('આ ઘડો છે', ઈત્યાદિ કથન/વ્યવહારનો) તેમજ ઘટ લાવવો, લઈ જવો વગેરે ક્રિયાની, તેમજ તે તે વસ્તુના ઉપભોગની, તેમજ અપવર્ગની = મુક્તિની/મોક્ષની વ્યવસ્થાનો અભાવ થવાથી સર્વ પ્રકારના સમ્યગ્ વ્યવહારનો ઉચ્છેદ થશે.

**પ્રશ્ન :** તો શું ઘટાદિ સર્વ વસ્તુને એકાંતે વિશેષ રૂપે જ માનવી જોઈએ ? **જવાબ :** ના, ઘટ, પટ, મઠ વગેરે સર્વ વસ્તુઓનું ફક્ત વિશેષરૂપે જ કથન/પ્રતિપાદન કરાય તો તે તે વસ્તુને કારણ વિના જ ઉત્પન્ન થયેલી માનવી પડે - કારણકે આગળ-પાછળની અવસ્થા સાથે સંબંધ ન રહેવાથી કારણ વિના જ ઉત્પન્ન થયેલી માનવી પડે. પરંતુ કોઈપણ વસ્તુનું હોવું - અસ્તિત્વ એ નિર્નિબંધન = એટલે કે કોઈપણ કારણ વિના હોવું સંભવિત નથી. આથી કોઈપણ વસ્તુને કેવળ વિશેષરૂપે = ભેદરૂપે જ માનવામાં દરેક વસ્તુના અસ્તિત્વનો - હોવાપણાનો જ અભાવ થઈ જાય જે દોષ રૂપ છે. (આમ કેવળ વિશેષ/ભેદરૂપે વસ્તુ સંભવતી નથી. તો શું કેવળ સામાન્યરૂપે વસ્તુ સંભવી શકે છે ? આવી શંકાનો દૂર કરવા કહે છે કે, (**अविशेषत्वा-भेदत्व०**) ગધેડાના શીંગડાની જેમ અવિશેષરૂપે (નિર્વિશેષ એટલે કે 'વસ્તુ છે' એમ ફક્ત સામાન્યરૂપે), તેમજ અભેદત્વ = ભેદરહિત પણે અને અનિરુપ્ય આદિ રૂપે 'ભાવ' (વસ્તુ) ન જ હોઈ શકે. અર્થાત્

१. पादिषु । तमश्च० मु. । २. ख.पू. । यद् यदा० मु. ।

पृथिवीघटादि व्यवपदिश्यते तदेव तत् तदा त्रैकाला[१]विभिन्नरूपं[२]सततसम[३]वस्थितापरित्यक्तात्मसामान्यं महासामान्यप्रतिक्षेपेण व्य[४]वहारमार्गमास्कन्दतीति ।

ગધેડાના શીંગડાની જેમ વિશેષ-રહિત, ભેદ-રહિત-અખંડ એક જ સામાન્યમાત્ર રૂપ અને જેનું નિરૂપણ કરી ન શકાય એવી અનિરૂપ્યરૂપે વસ્તુ ન હોઈ શકે. (અર્થાત્ જેમ પૃથ્વીના ભેદો તરીકે માટીનો ઘડો, તપેલી, કુંજો વગેરે હોય છે તેમ દરેક સદ્‌ભૂત વસ્તુના વિશેષો માનવા જ જોઈએ.) જો વિશેષરહિત - સામાન્યમાત્રરૂપ અને અનિરૂપ્ય એવો જો ભાવ માનવા જઈએ તો તે ગધેડાના શીંગડાની જેમ અસત્ માનવો પડે. કેમ કે, કેવળ અવિશેષ = સામાન્ય માત્રરૂપ ભાવ પણ સંભવતો નથી. માટે કેવળ = વિશેષ-રહિત 'ભાવ' ન હોઈ શકે. સામાન્ય અને વિશેષ એક બીજા સાથે જોડાયેલાં હોય તો જ તે બન્નેય ઘટી શકે છે, પરસ્પર સાપેક્ષ હોવાથી-એકના અભાવમાં બીજાનો અભાવ થઈ જાય. માટે સામાન્ય (અભેદ-અખંડ સત્તામાત્ર) અને વિશેષ (ભેદો) બન્નેય માનવાથી જ ખરેખર વસ્તુમાત્રનો ભાવ = સત્તા, વિદ્યમાનતા ઘટે છે. આ જ વાત જણાવતાં ટીકામાં આગળ કહે છે-

**तस्मात् व्यवहारोपनिपतित०** આથી નિષ્કર્ષ આ છે કે,(પૃથ્વી-ઘટ વગેરેનો) વ્યવહાર કરવામાં ઉપયોગી બનેલ એવું (પૃથ્વત્વ, ઘટત્વ વગેરે) સમાન્ય જેનાં કારણ છે એવા જે પૃથ્વી, ઘટ, વગેરે દ્રવ્યોનો જ્યારે વ્યવહાર કરાય છે,

ત્યારે તે જે વસ્તુ (૧) ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ ત્રણેય કાળમાં અભિન્ન (એક)રૂપ અને (૨) સતત - અવિરતપણે - જેણે પોતાનું એટલે સ્વગત - આત્મ-સામાન્ય - (ઘટ વસ્તુની અપેક્ષાએ ઘટત્વરૂપ) ત્યજેલું નથી અર્થાત્ ઘટત્વાદિ રૂપ પોતાના સામાન્ય સાથેનો સંબંધ છોડ્યા વિના જ સત્તા માત્રરૂપ જે મહાસામાન્ય છે, તેનો (પ્રતિક્ષેપ) બાધ/નિષેધ કરવાપૂર્વક (પૃથ્વી-ઘટાદિ વસ્તુ) સમ્યગ્ રીતે વ્યવહાર-માર્ગમાં આવે છે, વ્યવહાર કરાય છે.

**ચંદ્રપ્રભા :** ઘટ, પટ, વગેરે (વિશેષ) વસ્તુની અપેક્ષાએ પૃથ્વીત્વ એ સામાન્ય છે અને ઘટ, પટ વ્યક્તિઓની અપેક્ષાએ ઘટત્વ પટત્વ એ સામાન્ય = સમાન ધર્મ છે. તથા પૃથ્વી, પાણી વગેરે વિશેષો/ભેદોની અપેક્ષાએ દ્રવ્યત્વ એ સામાન્ય = સમાનધર્મ છે. કેમ કે, પૃથ્વી, પાણી વગેરે દ્રવ્યોમાં દ્રવ્યત્વરૂપ સામાન્ય ધર્મ રહેલો છે. આ બધાં ધર્મો અવાંતર-સામાન્ય = ગૌણ સામાન્ય છે. અર્થાત્ તમામ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં = વસ્તુ માત્રમાં રહેલ જે મહાસામાન્ય છે, તેની

१. ख.पू. । त्रैलोक्या० मु. । २. पू. । रूपं० मु. । ३. ख.पू. । सततमव० मु. । ४. पू. । संव्य० मु. ।

एवंविधवस्तूपनिबन्धनैव च वर्णाऽऽश्रम-प्रतिनियतरूपा यमनियमगम्यागम्य-भक्ष्याभक्ष्यादिव्यवस्था, कुम्भकारादेश्च मृदानयनाव-मर्दनशिवकस्थासकादिकरणप्रवृतौ वेतनकादिदानस्य साफल्यम्, अव्यवहार्यत्वाच्च शेषमवस्तु, व्योमेन्दीवरादिवदिति ।

અપેક્ષાએ અવાંતર-ન્યૂન-સામાન્ય છે. સામાન્ય એટલે અનેક વસ્તુમાં રહેલ સમાન-ધર્મ આ ઘટ, આ ઘટ, પેલો ઘટ એમ જે અનેક ઘટાદિ વસ્તુમાં સમાનતાની પ્રતીતિ થાય છે તેના કારણભૂત ઘટમાત્રમાં રહેલ ઘટ-સામાન્ય = અર્થાત્ ઘટત્વ (જાતિ) છે. તેમ જ દરેક પટમાં પટત્વરૂપ સામાન્ય રહેલું છે. વસ્તુમાત્રમાં આ સત્ (વિદ્યમાન) છે, તે સત્ છે. ઇત્યાદિ પ્રતીતિના કારણભૂત 'સત્તા' રૂપ સામાન્ય રહેલું છે અને તેજ **મહા-સામાન્ય** કહેવાય છે.

જો કે **अयं घटः** આ ઘડો છે વગેરે વ્યવહારમાં ઘડા વગેરે વસ્તુનો પોતાના સામાન્ય-ઘટત્વના સંબંધપૂર્વક બોધ થાય છે તેવી જ રીતે 'આ સત્ છે' એવી મહાસામાન્ય - સત્તામાત્રના સંબંધની પણ પ્રતીતિ ગૌણપણે થાય છે. પણ એટલાં માત્રથી વસ્તુનો નિશ્ચય થતો નથી. કેમ કે તે મહા-સામાન્ય તો પટ, ટેબલ, તપેલી વગેરે દરેક ચીજમાં રહેલું છે આથી જ્યારે 'આ ઘડો છે' એમાં જ્યારે ઘટત્વ રૂપ અવાંતર (ન્યૂન) સામાન્યથી અન્વિત એવા ઘડાનો બોધ થાય છે ત્યારે **(विशेषेण सामान्यो बाध्यते, न तु सामान्येन विशेषः । એવા ન્યાયથી)** વિશેષ વિધાન વડે/વિશેષ અર્થ વડે સત્તા-માત્રરૂપ સાધારણ અર્થનો બાધ થવાથી 'ઘડા' રૂપ અર્થ જ જણાય છે. જો કે ત્યારે પણ સત્તા-માત્ર રૂપ મહાસામાન્ય 'આ સત્ છે, વિદ્યમાન છે' એવો અર્થ પણ ગૌણ રૂપે જણાય છે, પણ તે 'ઘડા'રૂપ વિશેષ અર્થ વડે દબાઈ જાય છે. ત્યારે ઘટ-સત્તા, પટ-સત્તા વગેરે રૂપે સત્તાનો ભેદ કરવા પૂર્વક અવાંતર-સત્તા જણાય છે. આથી **महासामान्य-प्रतिक्षेपेण** એનો અર્થ મહાસામાન્યનો બાધ કરીને એમ કરેલો છે.

**પ્રેમપ્રભા : एवंविधवस्तूपनिबन्धनैव-** વળી આ પ્રકારે વસ્તુનો સ્વીકાર કરવાના પીઠબળ ઉપર જ વર્ણાશ્રમને આશ્રિત અર્થાત્ તે તે બ્રાહ્મણ-ક્ષત્રિયાદિ ચાર વર્ણોને ઉચિતપણે નિશ્ચિત થયેલી - અહિંસાદિ [A]યમ, નિયમ, ગમ્ય-અગમ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય આદિ વ્યવસ્થા ઉભી થયેલી છે. જો ઉપરોક્ત સ્વરૂપ વ્યવહાર-નયનો સ્વીકાર ન કરાય તો આવી વ્યવસ્થાઓ ઘટે નહીં. તેમજ કુંભાર વગેરે સંબંધી માટી લાવવી, માટીનું મર્દન કરવું, પીસવું અને તેમાંથી શિવક, સ્થાસક આદિ બનાવવાની પ્રવૃત્તિ કરાયે છતે તેને વેતન આદિ આપવું સફળ થાય છે. આ સિવાયની શેષ બાબત (અર્થાત્ ફક્ત વિશેષની કલ્પના અથવા ફક્ત સામાન્યની કલ્પના) એ અવ્યવહાર્ય હોવાથી = વ્યવહાર કરવાને યોગ્ય/શક્ય ન હોવાથી - આકાશના નીલ-કમલની જેમ અવસ્તુ છે.

ऋजु सममकुटिलं [1]ऋजुसूत्रम् । **सूत्रयति** ऋजु वा श्रुतम् आगमोऽस्येति सूत्रपातनवद् वा **ऋजुसूत्रः**, यस्मादतीतानागतवक्रपरित्यागेन वर्तमानपदवीमनुधावति, अतः साम्प्रतकालावरुद्धपदार्थत्वात् **ऋजुसूत्रः**, एष च भावविषयप्रकारातीतानागतविषयवचनवि[2]च्छेदे प्रवृत्तः सर्वविकल्पातीतातिसम्प्रमुग्ध-सङ्ग्रहग्रा[3]हाविशिष्टत्वाद् व्यवहारस्यायथार्थतां मन्यमानः अचरणपुरुषगरुडवेग-व्यपदेशवद् वर्तमानक्षणसमवस्थितिपरमा[4]र्थं वस्तु व्यवस्थापयति, अतीतानागताभ्युपगमस्तु खरविषाणास्तित्वाभ्युपगमान्न भिद्यते, दग्धमृतापध्वस्तविषयश्चानाश्वासो

### ❋ ઋજુસૂત્ર-નયની વ્યુત્પત્તિ અને સ્વમતનું સમર્થન ❋

**પ્રેમપ્રભા : ઋજુસૂત્ર-નય :** ઋજુ એટલે સમ = સરળ-સીધુ, કુટિલતા વિના અકુટિલ રૂપે જે વસ્તુને જાણે, કહે તે **ઋજુસૂત્ર** નય કહેવાય. **ऋजु - समं अकुटिलं सूत्रयति इति ऋजुसूत्रम्** । અથવા ઋજુ એટલે સરળ શ્રુત-આગમ જેના પાસે હોય તે ઋજુસૂત્ર આ શબ્દાર્થ થયો. **ભાવાર્થ** આ પ્રમાણે છે. જે કારણથી અતીત = ભૂતકાળ અને અનાગત = ભવિષ્યકાળ રૂપ વક્રતાનો ત્યાગ કરીને જે વર્તમાન-પદવીને (અવસ્થાને) અનુસરે છે, આથી (ઋજુ) વર્તમાનકાળ વડે અવરુદ્ધ = સંબદ્ધ એવા પદાર્થનો બોધ કરનારો હોયને ઋજુસૂત્ર કહેવાય છે.

આ નય પોતાનું મુખ્ય વક્તવ્ય એટલે કે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે રજુ કરે છે. **एष च भावविषय०** આ ઋજુસૂત્ર નય 'ભાવ' એટલે કે પર્યાયરૂપ વિષયવાળો છે. અર્થાત્ દ્રવ્ય અને પર્યાયરૂપ વિષયવાળા પદાર્થમાંથી ભાવ-વિષયનું ગ્રહણ કરે છે. બીજું કે આ નય પ્રકાર તેમજ અતીત = ભૂતકાળ અને ભવિષ્યકાળના વિષયવાળા વચનનો નિષેધ (વિચ્છેદ) કરવામાં પ્રવૃત્ત થનારો છે. અર્થાત્ વસ્તુના પ્રકાર અને અતીત-અનાગત પર્યાયોનો સ્વીકાર કરતો નથી, તેમજ તેનો બોધ પણ કરતો નથી.

**सर्वविकल्पातीत०** આથી સર્વ અન્ય વિકલ્પોથી/ભેદોથી રહિત અત્યંત મુગ્ધ/જડ એવા (સત્તામાત્રનું ગ્રહણ કરનારા) સંગ્રહનયના અભિપ્રાયથી (ગ્રાહથી) વિશિષ્ટ ન હોવાથી અર્થાત્ સંગ્રહ-નયની જેમ વિકલ્પ રહિત વસ્તુના ગ્રહણની તરફેણવાળો હોવાથી ભેદને કહેવામાં તત્પર એવા વ્યવહારનયને અયથાર્થ માને છે અર્થાત્ સ્વીકારતો નથી. (વળી કોના જેવો છે ? તે કહે છે) આથી ચરણ (પગ) વિનાના અર્થાત્ લંગડા પુરુષને ગરુડના જેવા વેગવાળો કહેવો એ કથન જેમ પરસ્પર અસંબદ્ધ-વિરોધી જણાય છે તેમ આ નય ફક્ત વર્તમાન ક્ષણમાં રહેવા રૂપ જ પરમાર્થવાળી વસ્તનું વ્યવસ્થાપન કરે છે, જણાવે છે.

१. सर्वप्रतिषु । ना. मु. । २. ख.पू. । परिच्छे० मु. । ३. सर्वप्रतिषु । ग्रह० मु. । ४. पादिषु, कै. । मार्थव० मु. ।

न कस्यचिदपि स्यात्, अघटादिलक्षणमृदाद्यनर्थान्तरत्वाच्च घटादिकालेऽपि घटादिर्नैव स्यात्, **न च** तदेव तदेकं मृद् द्रव्यमन्यथा वर्तते, **किं तर्हि** ? अन्यदेव, अन्यप्रत्ययवशाद् अन्यथोत्पद्यत इति । न च पिण्डादिक्रियाकाले कुम्भकारव्यपदेशः, यदि चान्यदपि कुर्वन्नन्यस्य

વસ્તુના અતીત અને અનાગત = ભવિષ્ય પર્યાયનો સ્વીકાર એ તો ગદર્ભના શિંગડાનો સ્વીકાર કરવા તુલ્ય છે. અર્થાત્ અવસ્તુના = અસદ્-વસ્તુના સ્વીકાર બરાબર છે.

અતીત-પર્યાયને નહીં માનવા બાબત કહે છે કે, **दग्धमृता०** કોઈપણ વસ્તુ દગ્ધ = બળી ગઈ હોય અથવા મૃત = મૃત્યુ પામેલ હોય અથવાં ભાંગી ગયેલ હોય તો તે વિષય વિશ્વાસનું સ્થાન બનતું નથી અને આવી અવસ્થા કોઈપણ વસ્તુની હોઈ શકે નહીં.

**ચંદ્રપ્રભા :** દા.ત. કપડું બળી ગયું હોય તો તે કપડું જ ન કહેવાય. બળી ગયેલ કપડું, મરી ગયેલ માણસ વગેરે તેમજ ભાંગી ગયેલ, ફૂટી ગયેલ ઘડો વગેરે વસ્તુ એ કોઈ પહેરવા વગેરેના કામમાં આવતી નથી. માટે એ વિશ્વસનીય-આશ્રયનીય બનતી નથી. માટે ભૂતકાળની અવસ્થાને લઈને પણ તેને કપડું વગેરે રૂપે ન જ કહેવાય. તેવી જ રીતે દરેક વસ્તુની ભૂતકાળની અવસ્થા વર્તમાનમાં કોઈ કામમાં આવતી નથી. માટે તેનો સ્વીકાર કરવો નિરર્થક છે એમ આ નય માને છે.

**પ્રેમપ્રભા :** આ જ પ્રમાણે ભાવિ અવસ્થાનો પણ નિષેધ કરવા માટે કહે છે - **अघटादिलक्षण०** ઘડો બનાવવા માટે જે માટી હોય છે તે અઘટસ્વરૂપ અર્થાત્ ઘડાથી ભિન્ન સ્વરૂપ છે. તેમાંથી ઘડો તૈયાર થાય છે ત્યારે તેની જુદી અવસ્થા થવાથી એ જુદી જ વસ્તુ બને છે. હવે જો તમે (વ્યવહાર નયને આગળ કરીને) ઘડો બનાવવા માટે જે માટી છે, તેને પણ ઉપચારથી (ભાવિ-પર્યાયની અપેક્ષાએ) ઘડો કહેશો, તો ઘડો વગેરે બની ગયા પછી અર્થાત્ ઘડા વગેરેની ઉત્પત્તિના કાળે પણ તે ઘડો વગેરે નહીં કહી શકાય, કારણ કે તે ઘડો પણ માટી કે જે ઘડારૂપે નથી, તેનાથી (અનર્થાન્તર છે) અભિન્ન છે, જુદી નથી. આમ ભવિષ્યમાં ઘડો બનવાનો હોવાથી જ જો અઘટસ્વરૂપ (ઘડા રૂપે હજી નહીં બનેલ) એવી પણ માટીને ઘડારૂપે કહેશો તો ઘડો બની ગયા પછી પણ તેને માટી કહેવાનો વખત આવશે. આમ (ઘડા વગેરે) ભાવિ-પર્યાયનો પણ વર્તમાનમાં (માટી વગેરે અવસ્થામાં) સ્વીકાર કરવો ઉચિત નથી.

**શંકા :** ઘડો બની ગયો હોય ત્યારે પણ તેને માટી કહેવામાં શું વાંધો છે ? અર્થાત્ કોઈ દોષ નથી. કારણ કે તે એક જ - અભિન્ન જ માટી રૂપ દ્રવ્ય એ ઘટાદિ બનવાના

१. सर्वत्र.। क्षणं० पू. । २. पू. । दादिनै० मु. । ३. पू. । चाऽन्य० मु. । ४. सर्वप्रतिषु । ना. मु. ।

कर्तेत्युच्यते[1] पटादिकरणप्रवृत्तोऽपि प्रत्याख्यातविज्ञानान्तरसम्बन्धः स्यादेव कुम्भकारः, ततश्चाशेषलोके[2] व्यवहारोपरोध इत्यतः पूर्वापरभागवियुतः सर्ववस्तुगतो वर्तमानक्षण एव

કાળે અન્ય રૂપે વર્તે છે. અર્થાત્ માટી જ ઘડો બનેલ છે - ફક્ત અવસ્થા બદલાઈ છે. આથી તેમાં માટીપણું હોવાથી - માટીરૂપે કહેવામાં પણ દોષ નથી. **સમાધાન :** ના, એવું નથી. **પ્રશ્ન :** તો શું છે ? **જવાબ :** ઘડો બનવાના કાળે માટીરૂપ દ્રવ્ય નથી, પણ બીજું જ (ઘડારૂપ) દ્રવ્ય છે. કારણ કે ઘડો બની જવાના સમયે તે 'માટી છે' એવી પ્રતીતિ થતી નથી, પણ 'ઘડો છે' આ પ્રમાણે જ બોધ (પ્રત્યય) થાય છે. આથી ભિન્ન પ્રતીતિ થવાથી માટી કરતાં જુદાં પ્રકારનું જ દ્રવ્ય ઘડો બનવાના કાળે હોય છે.

આથી જ્યારે માટીના પિંડા વગેરે સંબંધી મર્દન-મસળવું વગેરે ક્રિયા થતી હોય, તે કાળે (અમારા મતે/ઋજુસૂત્ર નયથી) મર્દનાદિ કરનારનો કુંભકાર (કુંભને કરે તે કુંભકાર = કુંભાર) તરીકે વ્યવહાર થતો નથી, કેમ કે, તે વખતે તે માણસ કુંભની/ઘડાની પૂર્વની અવસ્થાને - અર્થાત્ માટીના પિંડાને નરમ કરવું વગેરે ક્રિયાને કરી રહ્યો છે. હજી તો તે માટીમાંથી શિવક, સ્થાસક કપાલ વગેરે બીજી ઘણી અવસ્થાઓમાંથી પસાર થઈ કુંભ બનવાનો છે. કુંભને તો જ્યારે અંતિમ ક્રિયા કરશે, કે જેની બીજી જ ક્ષણે કુંભ તૈયાર થઈ જશે, ત્યારે કુંભને બનાવનારો હોવાથી કુંભાર (કુંભકાર) કહેવાશે. જો માટીના પિંડા વગેરે સંબંધી (મર્દન વગેરેની) બીજી ક્રિયાના કરનારને પણ જો અન્ય/જુદી ક્રિયાના કરનાર તરીકે અર્થાત્ કુંભાદિની ક્રિયાના કર્તા તરીકે વ્યવહાર કરાય, તો જે માણસ (વણકર) પટ(વસ્ત્ર) વગેરેને બનાવવામાં પ્રવૃત્તિવાળો થયેલ છે, કે જેની પાસે વસ્ત્ર બનાવવા સિવાય બીજા કોઈ પણ વિજ્ઞાનનો અભાવ છે, તેવો પણ પુરુષ કુંભકાર કહેવાશે જ. અર્થાત્ પ્રતિક્ષિપ્ત વિજ્ઞાનાન્તર સંબંધ એટલે જે વ્યક્તિ પટ બનાવતી વખતે ઘટ બનાવવાના ઉપયોગવાળો નથી તેવા પટ બનાવનારને પણ કુંભાર કહેવાશે. જો વસ્ત્ર બનાવતી વખતે પણ તે ઘડો બનાવવાના ઉપયોગવાળો થાય તો તે અપેક્ષાએ ભાવથી કુંભાર કહેવાય. માટે 'પ્રતિક્ષિપ્ત વિજ્ઞાનન્તર સંબંધવાળો' એમ કહેલું છે. આમ વસ્ત્ર બનાવનારને પણ જો કુંભાર કહેવાય તો અને તેમ થવામાં તો સઘળાં ય લોકમાં જે સમ્યક્વ્યવહાર થાય છે, તેનો અટકાવ - વ્યાઘાત (ઉપરોધ) થવાનો પ્રસંગ આવશે, જે બરોબર નથી. આથી પૂર્વભાગ એટલે ભૂત-પર્યાય અને અપરભાગ એટલે ભવિષ્ય-પર્યાય (અવસ્થા) આવા પૂર્વાપર - વિભાગથી રહિત અને સર્વવસ્તુમાં રહેલ જે વર્તમાન ક્ષણ

१. पादिषु । च्यन्ते० पू. । २. पू. । लोकव्य० मु. ।

सत्यः, नातीतमनागतं [1]वास्तीति, एतद्दर्शननिबन्धनं चैतद[2]पदिश्यते, "च[3]र खाद च" इत्यादि "एतावानेष पुरुषः" इत्यादि वेति ।

**शब्दनयः** शब्द एव, सोऽर्थकृतवस्तुविशेषप्रत्याख्यानेन शब्दकृतमेवार्थविशेषं मन्यते, यद्यर्थाधीनो विशेषः स्यात् न शब्दकृतः, तेन घटवर्तमानकाले घट एव निर्विशेषः स्यात् कर्मकरणसम्प्रदानापादानस्व[4]-स्वाम्यादिविशेषान् नाप्नुयात्, ततश्च घटं पश्यति एवमादि[5]ः

= વર્તમાનપર્યાય છે, એ જ સત્ય છે, સાચો છે. પણ અતીત-અવસ્થા અથવા ભાવિ-અવસ્થા જેવી વસ્તુ સત્ય નથી.

આ પ્રમાણે ઋજુસૂત્રનયે પોતાનો અભિપ્રાય જણાવ્યો. આ દર્શનના (મતના/અભિપ્રાયના) કારણે જ લોકમાં આ પ્રમાણે કહેવાય છે કે, **चर खाद च** । તુ ફર અને તુ ખા - ભોજન કર.) અથવા **एतावानेष पुरुषः** । આ પુરુષ આવો છે, આવા પ્રકારનો છે, વગેરે. આવા ઉલ્લેખો = કથનો વર્તમાનકાળની અવસ્થાને ઉદ્દેશીને જ કરાયા છે. આથી આવા પ્રકારના કથનો અને તેના દ્વારા જે બોધ થાય છે તે ઋજુસૂત્ર-નયને આભારી છે.

(હવે શબ્દ-નય પોતાના મતનું સ્થાપન કરવા આગળ આવે છે.)

## ✱ શબ્દ-નયનો અભિપ્રાય : શબ્દાધીન અર્થ-વ્યવસ્થા ✱

(૫) **શબ્દ-નય :** શબ્દ જ પ્રધાન છે, એમ શબ્દનય માને છે. શબ્દ એ અર્થ વડે વસ્તુના વિશેષનો = ભેદોનો નિષેધ કરવાપૂર્વક શબ્દકૃત એટલે કે શબ્દના કારણે અર્થના ભેદને/તફાવતને માને છે. જો (ઘટ વગેરે) અર્થને/પદાર્થને આધીન જ વસ્તુનો ભેદ (વિશેષ) પડતો હોય, પણ શબ્દકૃત ભેદ પડતો ન હોય તો ઘડાના વર્તમાનકાળે ઘડો પોતે જ નિર્વિશેષ બની જશે અર્થાત્ ઘડો કોઈપણ વિશેષથી/ભેદથી રહિત છે એમ માનવાની આપત્તિ આવશે. પણ કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન તથા સ્વ-સ્વામી વગેરે સંબંધ આદિ (આદિથી આધાર વગેરે) રૂપ વિશેષોને/ભેદોને પ્રાપ્ત નહીં કરે. (કારણ કે આવા કર્મ, કરણ વગેરે ભેદો તો શબ્દને લઈને જ પડે એમ શબ્દ-નય માને છે.) અને આથી **घटं पश्यति** 'તે ઘડાને દેખે છે.' આવા પ્રકારના કર્મ વગેરે 'કારક' ને લઈને કરાયેલ જે વ્યવહાર છે, તેનો છેદ ઉડી જશે.

**ચંદ્રપ્રભા :** કારણ કે નિર્વિશેષ એટલે સામાન્ય-માત્ર... 'આ ઘડો છે' એવા કર્મ આદિ

१. ख.पू. । चा० मु. । २. पादिषु । तदुप० मु. । ३. पादिषु । पिब च खा० मु. । ४. पादिषु, जै. । स्व० ना. मु. । ५. ख.पू. । दि. मु. ।

कारककृतो व्यवहारो: [1]विच्छिद्येत, समानलिङ्गादिशब्दसमुद्भावितमेव वस्त्वभ्युपैति नेतरत्, न हि पुरुषः स्त्री, यदीष्येत वचनार्थहानिः स्यात्, भेदार्थं हि वचनम् । अतः स्वातिः तारा नक्षत्रमिति लिङ्गतः, निम्बाम्रकदम्बा वनमिति वचनतः, स पचति त्वं पचसि अहं पचामि पचावः पचामः इति पुरुषतः । एवमादि सर्वं परस्परविशेषव्याघातादवस्तु ।

---

કારકથી રહિત ફક્ત ઘડાને જણાવવા/બોધ કરાવવા માટે તો **घटोऽस्ति** ઇત્યાદિ રૂપ વર્તમાન-કાલીન અને પ્રકાર વિશેષથી રહિત જ વ્યવહાર થશે. **घटं पश्यति** અથવા **घटेन जलं नयति** (ઘડા વડે પાણી લઈ જાય છે.) ઇત્યાદિ વ્યવહારો/પ્રયોગો વડે તો ઘડાના કર્મ, કરણ વગેરે રૂપ પ્રકારો/ભેદો/વિશેષો પણ જણાવાય છે. હવે જો અર્થાધીન બોધ કરવામાં નિર્વિશેષ એટલે કે ઘડા-માત્રનો બોધ થતો હોય તો ઉપરોક્ત કર્મ, કરણાદિથી વિશિષ્ટ એવા ઘડાનો બોધ કરાવનારા વ્યવહારોનો વિચ્છેદ જ થઈ જાય એમ શબ્દનયનો આશય છે.

### ✻ શબ્દનય સમાન લિંગ-સંખ્યાદિ વડે કહેવાયેલ અર્થ જ માને ✻

**પ્રેમપ્રભા** : આથી શબ્દનય તો અર્થની સાથે સમાન એવા લિંગ આદિવાળા ('આદિ'થી સમાન-સંખ્યા, વચન, પુરુષ વગેરેથી સહિત) શબ્દ દ્વારા સારી રીતે બોધ કરાવાયેલ એવા જ ઘટાદિ પદાર્થનો સ્વીકાર કરે છે, પણ અન્ય રીતે અર્થાત્ અસમાન લિંગ, વચન આદિ વડે જણાવાયેલ અર્થનો સ્વીકાર કરતો નથી. કારણ કે 'પુરુષ' એ કોઈ સ્ત્રી નથી. (કે જેથી પુરુષ માટે સ્ત્રી-શબ્દનો પ્રયોગ/વ્યવહાર કરવો ઉચિત ગણાય.) અર્થાત્ પુરુષ એ જુદી વસ્તુ હોવાથી તેને માટે સ્ત્રીલિંગનો વ્યવહાર કરવો સંગત નથી. આ બે શબ્દો વચ્ચે તદ્દન ભેદ છે. જો 'પુરુષ' શબ્દથી (અર્થાત્ પુલ્લિંગ શબ્દથી) સ્ત્રી અર્થનો બોધ થાય એવું મનાય તો વચનના = શબ્દના અર્થની હાનિ થાય. અર્થાત્ જે શબ્દથી જેવો અર્થ થતો હોય તેવો અર્થ ન થવાના કારણે શબ્દના અર્થનો વ્યાઘાત થાય. કારણ કે, સ્ત્રીલિંગ, પુલ્લિંગ વગેરે જે શબ્દનો ભેદ છે, તે અર્થનો ભેદ જણાવવા માટે જ છે. (૧) **લિંગ-ભેદ** : આથી **स्वातिः** (પુલ્લિંગ), **ताराः** (સ્ત્રીલિંગ), **नक्षत्रम्** (નપુંસકલિંગ) આ ત્રણેયમાં (નક્ષત્રવાચક શબ્દો હોવા છતાંય તેમાં) લિંગને આશ્રયીને ભેદ છે. તથા (૨) **વચન-ભેદ** : **निम्बाम्रकदम्बा वनम्** । (લીમડો, આમ્રવૃક્ષનો સમૂહ એ વન છે.) અહીં વચનથી શબ્દ ભેદ છે. **निम्बाम्रकदम्बाः** એ બહુવચન-પ્રયોગ છે, જ્યારે **वनम्** એ એકવચન છે. (૩) **પુરુષ-ભેદ** : તથા પુરુષથી ભેદ - **स पचति । त्वं पचसि । अहं पचामि । पचावः । पचामः** । અહીં પુરુષની અપેક્ષાએ શબ્દ-ભેદ છે.

---

१. पादिषु । छिद्येत० मु. ।

परस्परव्याघाताच्चैवमादि अवस्तु प्रतिपत्तव्यम्, यथा शिशिरो ज्वलनः । तथा विरुद्धविशेषत्वात् तटस्तटी तटमित्यवस्तु, रक्तं[1] नीलमिति यथा, यद् वस्तु तदविरुद्धविशेषमभ्युपयन्ति सन्तः यथा घटः कुटः कुम्भ इति । तथा चोच्यते-*यत्र ह्यर्थो वाचं न व्यभिचरत्यभिधानं तत्,*

---

અર્થાત્ ત્રીજો-પુરુષ વગેરે ૩ પ્રકારના પુરુષોને જુદા જુદા પ્રયોગથી જણાવેલ છે. (તથા **पचावः पचामः** એમાં દ્વિવચન-બહુવચન - એમ સંખ્યાવડે પણ ભેદ છે.) આમ ઉપર કહ્યા મુજબ લિંગ, વચન, પુરુષ વગેરેની અપેક્ષાએ શબ્દનો ભેદ પડે છે અને શબ્દના ભેદના કારણે વસ્તુના વિશેષનો/ભેદનો સ્વીકાર કરવો જોઈએ. જો તેમ ન કરાય તો સર્વવસ્તુઓના વિશેષનો એકબીજા વડે પરસ્પરનો = એકબીજાનો વ્યાઘાત થવાથી અવસ્તુ = એટલે કે અસદ્‌વસ્તુ બની જશે. અને આ રીતે (વસ્તુના ભેદોનો પરસ્પર વ્યાઘાત થવાથી) વસ્તુઓનો પણ પરસ્પર વ્યાઘાત થવાથી આવા પ્રકારની સર્વવસ્તુ અવસ્તુ = અસદ્‌વસ્તુ સ્વીકારવી પડશે - તેવું માનવાની આપત્તિ આવશે. જેમ કે, **शिशिरो ज्वलनः** । શિશિર-ઋતુ અગ્નિ છે - બાળનાર છે. જો શિશિર-ઋતુ છે તો તે બાળનાર શી રીતે અને બાળે છે તો શિશિર ઋતુ શી રીતે કહેવાય ? (બાળે તો છે ગ્રીષ્મ ઋતુ. શિશિર ઋતુ તો ઠંડક આપે છે.) અહીં **शिशिर** શબ્દ અને **ज्वलन** શબ્દ વડે એકબીજાનો વ્યાઘાત કરાય છે - અર્થાત્ વિરોધી હોવાથી એકબીજાના અર્થનો પ્રતિબંધ/અટકાવ કરાય છે.

તેમજ જે શબ્દો વિરુદ્ધ વિશેષવાળા હોય એટલે કે જેઓના વિશેષો = ભેદો વિરોધી હોય તે પણ અવસ્તુ એટલે કે અસદ્‌વસ્તુ બની જાય. જેમ કે, **तटः तटी, तटम्** । અહીં જો કે ત્રણેયનો સામાન્ય અર્થ એક જ છે. તટ = કિનારો... કિંતુ એક પુલ્લિંગ, બીજો સ્ત્રીલિંગ, ત્રીજો નપુસંક લિંગ. હવે જો પુલ્લિગ હોય તો સ્ત્રીલિંગ શી રીતે ? જ્યારે પુલ્લિગ હોય ત્યારે સ્ત્રીલિંગનો નિષેધ જ હોય. સ્ત્રીલિંગ હોય ત્યારે નપુંસક-લિંગનો અભાવ જ હોય, કેમ કે તેઓ પરસ્પર વિરોધી છે. આમ એકબીજાના અર્થનો વ્યાઘાત = અટકાવ થવાથી આ પણ અવસ્તુ-અવિદ્યમાન વસ્તુ બની જાય. દા.ત. **रक्तं नीलम्** । 'લાલ એ શ્યામ છે' જો લાલ છે તો કાળુ શી રીતે ? આમ આ વાત જેમ અવસ્તુ છે તેમ ઉપરની વાત પણ અવસ્તુ બની જશે. (આથી જ શબ્દનય વડે કહ્યા પ્રમાણે શબ્દ-ભેદે અર્થનો ભેદ માનવો જોઈએ. ઉપરોક્ત દોષોને ટાળવા શબ્દાધીન અર્થ મનવો જોઈએ, પણ અર્થાધીન શબ્દ-પ્રયોગ છે એમ ન માનવું જોઈએ. અને શબ્દ-ભેદે અર્થ-ભેદ પણ સ્વીકારવો જોઈએ.)

---

१. सर्वप्रतिषु । रक्तनी० मु. ।

एवमयं समानलिङ्गसङ्ख्यापुरुषवचनः शब्दः । एतद्दर्शनानुगृहीतं चोच्यते- *"अर्थप्रवृत्तितत्त्वानां शब्द एव निबन्धनम्"* (वा० प० १३) इति । एवमेते मूलनयाः पञ्च नैगमादयः ।

બુદ્ધિમાન-સજ્જન પુરુષો તો જે કોઈ સદ્‌વસ્તુ હોય તેને અવિરુદ્ધ વિશેષવાળી માને છે. અર્થાત્ દરેક વસ્તુ એ પોતાના જે વિશેષો એટલે કે ભેદો છે તેમાં વિરોધ ન હોય એવી માને છે. **દા.ત. घटः कुटः कुम्भः ।** આ ત્રણેય શબ્દો જુદા છે. આથી તેનો શબ્દના ભેદને લઈને અર્થનો ભેદ માનીએ તો પણ તે વિરોધી નથી.

ચંદ્રપ્રભા : જયારે **घटः** બોલાય ત્યારે **घट्** ધાતુનો 'ચેષ્ટા કરવી' અર્થ છે. આથી **घटते इति घटः ।** જે જલાહરણાદિ એટલે કે જળને લાવવું, લઈ જવું, ધારણ કરવું વગેરે 'ચેષ્ટા કરે' તે ઘટ/ઘડો કહેવાય. તથા **कुटति** કુટિલતા/વક્રતા ધારણ કરે તે **कुटः** કહેવાય. તથા **कुम्भः** આ ત્રણેય શબ્દો દ્વારા કહેવાતા ઘડાના વિશેષો = ભેદો = ધર્મો એ વિરુદ્ધ નથી, એકબીજા સાથે વિરોધ વિના રહી શકે છે. માટે ઘટાદિ એ અવસ્તુ નથી પણ સદ્‌વસ્તુ છે.)

**પ્રેમપ્રભા :** આ વિષયમાં વૃદ્ધો વડે કહેવાયું છે કે, **'यत्र ह्यर्थो व्राचं न व्यभिचरति, अभिधानं तत् ।'** જે ઠેકાણે અર્થ/પદાર્થ એ વચનનો (શબ્દનો) વ્યભિચાર-વિસંવાદ કરતો નથી અર્થાત્ શબ્દથી જે અર્થ વાચ્ય હોય તે જ અર્થ પ્રાપ્ત થતો હોય પણ વાચ્ય સિવાયનો અર્થ પ્રાપ્ત થતો ન હોય તે **'અભિધાન'** (વચન/શબ્દ) કહેવાય. આ પ્રમાણે ઉપરોક્ત વાતનો સાર એટલો છે કે શબ્દ એ અર્થની સાથે (૧) સમાન લિંગવાળો (૨) સમાન સંખ્યાવાળો (૩) સમાન પુરુષવાળો અને (૪) સમાન વચનવાળો હોય છે. આનો વિચાર ઉપર સંક્ષેપથી ઉદાહરણો સહિત કરેલો છે.

આ 'શબ્દ'રૂપી દર્શન/મત/નય વડે અનુગૃહીત-સમર્થિત હોવાના કારણે અન્યત્ર (ભર્તૃહરિ-કૃત 'વાક્યપદીયમ્'માં કહેલું છે કે, **अर्थ-प्रवृत्ति-तत्त्वानां शब्द एव निबन्धनम् । અર્થ :** અર્થ (પદાર્થ) સંબંધી પ્રવૃત્તિના તત્ત્વોનો - રહસ્યોનો તાગ પામવામાં શબ્દો જ કારણભૂત છે.

**ચંદ્રપ્રભા :** શ્લોકનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે - **तत्त्वावबोधः शब्दानां नास्ति व्याकरणं विना ॥** [વા. પ. શ્લો. ૧૩] અને શબ્દોના સ્વરૂપનો-તત્ત્વનો-રહસ્યનો યથાર્થ બોધ વ્યાકરણ વિના થઈ શકતો નથી. શબ્દ-મૂલક જ અર્થની પ્રતીતિ થાય છે. આ વિષે અમે રચેલ ન્યાયસંગ્રહ-ગુર્જરાનુવાદમાં ટાંકેલ 'વાક્યપદીયમ્' ગ્રંથના અન્ય શ્લોકો પણ જોવા યોગ્ય છે.

अत्र चाद्याश्चत्वारोऽर्थनया: अर्थ प्रधानत्वादर्थतन्त्रत्वात् । शब्दनय: पुनरर्थोपसर्जन: शब्दप्रधान: शब्दतन्त्र इति ॥ ३४ ॥

अधुनैषां यथासम्भवं भेदप्रतिपिपादयिषयाऽऽह -

## सू० आद्यशब्दौ द्वित्रिभेदौ ॥ १-३५ ॥

**टी० आद्यशब्दावित्यादि** । तत्र नैगमादिषु पञ्चसु यौ **आद्यशब्दौ** यथासङ्ख्यं

### ❋ પાંચ નયોમાં અર્થનય અને શબ્દ-નયનો વિભાગ ❋

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે આ નૈગમ વગેરે પાંચ મૂળ નયો છે. આમાં પહેલાં ચાર નય – ૧. નૈગમ ૨. સંગ્રહ ૩. વ્યવહાર અને ૪. ઋજુસૂત્ર એ અર્થતંત્ર હોવાથી એટલે કે અર્થને આધીનપણે બોધ કરનાર હોવાથી અર્થ-પ્રધાન છે. આથી 'અર્થ-નય કહેવાય છે. જ્યારે પાંચમો શબ્દનય એ અર્થની ગૌણતાવાળો છે અને શબ્દને આધીન જ બોધ થતો હોવાનુ માને છે માટે શબ્દ-પ્રધાન નય છે.

**ચંદ્રપ્રભા :** કેમ કે આમાં શબ્દ અનુસારે અર્થનું નિયમન થાય છે. આ નયમાં અર્થ એ શબ્દને આધીન હોય છે. ઉપલક્ષણથી બીજી વાત પણ જણાવવાની કે, પ્રથમ ત્રણ નયો-નૈગમ, સંગ્રહ, વ્યવહાર એ દ્રવ્યાસ્તિક નયો છે અર્થાત્ દ્રવ્યને પ્રધાન માનનારા છે. જ્યારે શેષ ઋજુસૂત્ર અને ત્રણ પ્રકારનો શબ્દનય એમ કુલ ચાર નયો એ પર્યાયને (ભાવને) મુખ્ય તરીકે સ્વીકારનારા છે. તેમાં પણ શુદ્ધ-દ્રવ્યાર્થિક-નયથી 'સંગ્રહ' એ દ્રવ્ય-પ્રધાન નય છે. જ્યારે અશુદ્ધ-દ્રવ્યાર્થિકનયથી નૈગમ અને વ્યવહાર પણ દ્રવ્યપ્રધાન નય છે.) (૧-૩૪)

**અવતરણિકા :** હવે આ જે પૂર્વસૂત્રમાં નયો કહ્યાં, તેઓનો યથાસંભવ - જે પ્રમાણે સંભવતાં હોય તે પ્રમાણે ભેદોને કહેવાની ઇચ્છાથી ગ્રંથકાર આગળનું સૂત્ર રજુ કરે છે.

**आद्य-शब्दौ द्वित्रिभेदौ ॥ १-३५ ॥**

**સૂત્રાર્થ :** (પૂર્વ-સૂત્રમાં કહેલ પાંચ નયોમાં) પહેલો નૈગમ-નય બે ભેદવાળો છે અને શબ્દ-નય ત્રણ ભેદવાળો છે.

**પ્રેમપ્રભા :** તે નૈગમ વગેરે પાંચ નયોમાં જે આદ્ય = પહેલો અર્થાત્ નૈગમ-નય અને શબ્દ-નય છે, તે અનુક્રમે બે અને ત્રણ પ્રકારવાળા છે. અર્થાત્ નૈગમનયના બે પ્રકાર છે અને શબ્દનયના ત્રણ પ્રકાર છે. સૂત્રમાં મૂકેલાં **आद्यशब्दौ** એવા પ્રયોગમાં **आद्यौ**

१. ख.पू. । रोऽर्थप्र० मु. । २. सर्वप्रतिषु । तत्र आद्य० मु. ।

**द्वित्रिभेदौ** भवतः, आद्यौ च तौ शब्दौ चेति समानाधिकरणसमासाशङ्कायामाह -

**भा० आद्य इति सूत्रक्रमप्रामाण्यान्नैगममाह । स द्विभेदो-देशपरिक्षेपी सर्वपरिक्षेपी चेति । शब्दस्त्रिभेदः-साम्प्रतः, समभिरूढः, एवम्भूत इति ।**

**टी० आद्य इति सूत्रक्रम** इत्यादि । आदौ भव आद्यः इत्यनेन सूत्रकारः कमाह ? **उच्यते-नैगमं**, कुत इति **चेत् ? सूत्रक्रमप्रामाण्यात्** अर्थसूचनात् **सूत्रं** नैगमादि । **क्रमः** परिपाटी तस्य **प्रामाण्यमे**वमाश्रयणं तस्मा**न्नैगमनयं** ब्रवीति, **स** आद्यौ नैगमो **द्विभेदो** द्वौ भेदावस्येति द्विभेदः । तौ च भेदावाचष्टे-**देशपरिक्षेपी सर्वपरिक्षेपी च** । देशो विशेषः परमाण्वादिगतस्तं परिक्षेप्तुं शीलमस्य **देशपरिक्षेपी**, विशेषग्राहीत्यर्थः । **सर्वपरिक्षेपी सर्वं**

---

**च तौ शब्दौ च इति** (આદ્ય એવા બે શબ્દો) એ પ્રમાણે સમાનાધિકરણ (કર્મધારય) સમાસની શંકા કરીને ભાષ્યકાર સમાધાન આપે છે-

**ભાષ્ય : 'आद्य' શબ્દ એ (પૂર્વ) સૂત્રના ક્રમનો આશ્રય કરવાથી 'નૈગમ' નયને જણાવે છે. તે નૈગમ-નય બે ભેદવાળો છે. (૧) દેશ-પરિક્ષેપી (ગ્રાહી) અને (૨) સર્વ-પરિક્ષેપી. શબ્દનયના ત્રણ ભેદો છે. (૧) સાંપ્રત, (૨) સમભિરૂઢ અને (૩) એવંભૂત.**

**પ્રેમપ્રભા :** ભાષ્યના અર્થને સ્પષ્ટ કરવાં ટીકામાં પ્રશ્ન ઉઠાવે છે-

**પ્રશ્ન :** જે 'આદિ'માં થનારો હોય તે 'આદ્ય' કહેવાય. (**आदौ भवः इति ( आदि + य = ) आद्यः । सि.हे. सू० दिगादिदेहांशाद् यः ॥ ६-३-१२४ ॥** સૂત્રથી **य** પ્રત્યય થયો છે.) આવા 'આદ્ય' શબ્દ દ્વારા સૂત્રકાર શું કહેવા માંગે છે ? **જવાબ : आद्य** શબ્દથી 'નૈગમ' નયને જણાવે છે. **પ્રશ્ન :** આવું શાથી કહો છો ? **જવાબ :** સૂત્રમાં મૂકેલાં ક્રમની અપેક્ષાએ આમ કહેવાય છે. જે ઇષ્ટ અર્થનું સૂચન કરે તે **'સૂત્ર'** કહેવાય. સૂત્રથી અહીં **नैगम-संग्रह०** (૧-૩૪) એ પૂર્વસૂત્ર સમજવાનું છે. ક્રમ એટલે પરિપાટી. નૈગમાદિ પૂર્વસૂત્રમાં કહેલ ક્રમના પ્રામાણ્યથી અર્થાત્ ક્રમનો આશ્રય કરવાથી 'આદ્ય' શબ્દ એ નૈગમ-નયને કહે છે.

### ❋ નૈગમ-નયના બે પ્રકાર ❋

તે પ્રથમ - નૈગમ નય બે ભેદવાળો છે. (બે ભેદો જેના છે તે 'દ્વિભેદ' કહેવાય.) તે બે ભેદોને જણાવતાં ભાષ્યમાં કહે છે - (૧) દેશ-પરિક્ષેપી નૈગમ અને (૨) સર્વ-

---

१. सर्वप्रतिषु । क्रमे० मु. । २. पादिषु । स्येति० मु. ।

सामान्यं एकं नित्यं निरवयवादिरूपं तत् परिक्षेप्तुं शीलमस्य स सर्वपरिक्षेपी, सामान्यग्राहीति यावत् । सामान्यविशेषरूपस्तु नोक्तः, अनुवृत्तिलक्षणश्चेत् सामान्यं, व्यावृत्तिलक्षणश्चेत् विशेषः, ततोऽन्यस्याभावात् । अथवा *'आद्यन्तयोर्ग्रहणात् तन्मध्यगतस्यापि ग्रहणम्'* । **शब्दस्त्रिभेद**

પરિક્ષેપી નૈગમ. તેનો સામાન્ય-અર્થ આ પ્રમાણે છે. (૧) **દેશ-પરિક્ષેપી :** દેશ એટલે વિશેષ કે જે પરમાણુ વગેરેમાં રહેલા હોય છે. આવા દેશનો = વિશેષનો પરિક્ષેપ (=ગ્રહણ/બોધ) કરવાનાં સ્વભાવવાળો હોય તે 'દેશ-પરિક્ષેપી' અર્થાત્ વિશેષ-ગ્રાહી = વિશેષનો બોધ કરનારો નૈગમ કહેવાય. (૨) **સર્વ-પરિક્ષેપી :** સર્વ એટલે સામાન્ય કે જે એક છે, નિત્ય છે, નિરવયવ એટલે કે અવયવ રહિત ઇત્યાદિ રૂપ છે, તેનો પરિક્ષેપ (ગ્રહણ) કરવાનો સ્વભાવ જેનો હોય તે સર્વ-પરિક્ષેપી અર્થાત્ 'સામાન્ય-ગ્રાહી' નૈગમ કહેવાય.

અહીં સામાન્ય-વિશેષ (ઉભય) રૂપ નૈગમ-ભેદ કહેલો નથી. કારણ કે, જો કોઈ ધર્મ/પર્યાય એ અનુવૃત્તિ રૂપ હોય અર્થાત્ બીજા અનેક દ્રવ્યોમાં અનુસરનારો હોય તો તે **'સામાન્ય'** રૂપે કહેવાય. સામાન્યમાં અંતર્ભાવ પામી જાય. (કારણ કે સામાન્ય એ અનુવૃત્તિ રૂપ ધર્મ છે.) અને જો કોઈ ધર્મ/પર્યાય એ વ્યાવૃત્તિરૂપ હોય અર્થાત્ બીજી વસ્તુમાં અનુવર્તનારો/રહેનારો ન હોય તો તે **વિશેષરૂપે** કહેવાય અર્થાત્ વિશેષમાં અંતર્ભાવ પામી જાય. (કારણ કે વિશેષ એ વ્યાવૃત્તિરૂપ ધર્મ છે.) આથી આ બેથી (સામાન્ય-વિશેષથી) અન્ય નૈગમ-નયના ભેદનો અભાવ છે.

**પ્રશ્ન :** અન્યત્ર સામાન્ય-વિશેષ ઉભયરૂપ નૈગમનો ભેદ પણ મળે છે અને પૂર્વ સૂત્રની ટીકામાં આપે જ નૈગમના ત્રણ ભેદો કહ્યાં છે, તેનું શું ?

**જવાબ :** અથવા **આદ્યન્તયોર્ગ્રહણાત્ તન્મધ્યગતસ્યાપિ ગ્રહણમ્'** અર્થાત્ વસ્તુના આદિ અને અંતનું ગ્રહણ કરવાથી તેના મધ્યમાં રહેલ વસ્તુનું પણ ગ્રહણ થઈ જાય છે. આ ન્યાયથી/ઉક્તિથી સામાન્ય-વિશેષ ઉભય રૂપ ભેદનું પણ ગ્રહણ કરવું. આ રીતે ન્યૂનતા આવવાનો સવાલ નહીં રહે. (અથવા ભાષ્યમાં કહેલ **च** શબ્દથી આ ત્રીજા ભેદનો સમુચ્ચય કરવો.)

## ❋ શબ્દ-નયના ત્રણ ભેદો ❋

શબ્દ-નય એ ત્રણ ભેદવાળો = અંશવાળો છે. શબ્દ-નયના ભેદો જણાવતાં

इति शब्दनयस्त्रिभेदः त्र्यंश इति, तानाह-**साम्प्रत** इत्यादिना । **साम्प्रतं** वर्तमानं भावाख्यमेव वस्त्वाश्रयति यतोऽतः **साम्प्रतः**, सम्प्रतिकाले यद् वस्तु भवं तत् साम्प्रतं तद्वस्त्वाश्रयन् साम्प्रतोऽभिधीयते । **ननु च** *'कालाट्ठञ्'* (पा० ४/३/११) इति साम्प्रतिक इति भवितव्यम्, **नैष दोषः**, वर्तमानक्षणवर्तिवस्तुविषयोऽध्यवसायस्तद्भवः शब्दः साम्प्रतः, स्वार्थिको वा प्रज्ञादित्वात् । एष च मौलशब्दनयाभिप्रायाविशिष्ट इति न पृथगुदाहरणैर्विभावितः ।

ભાષ્યકાર કહે છે- (૧) સાંપ્રત (૨) સમભિરૂઢ અને (૩) એવંભૂત એ ત્રણ શબ્દનયના પ્રકારો છે. તેમાં **(૧) સાંપ્રત-શબ્દનય :** જે કારણથી આ નય સાંપ્રત = એટલે કે વર્તમાન એવા ભાવ સ્વરૂપ જ વસ્તુનો આશ્રય/સ્વીકાર કરે છે ( પણ નામાદિ રૂપ વસ્તુનો નહિ) આથી **સાંપ્રત** શબ્દ-નય કહેવાય છે. સાંપ્રત-શબ્દની વ્યુત્પત્તિ જણાવતાં કહે છે, સંપ્રતિ-કાળે (વર્તમાન-કાળે) જે વસ્તુ થનારી હોય તે **સાંપ્રત** કહેવાય. (અહીં **तत्र भवः** [સિ.હે.સૂ૦૬-૩-૧૨૩] સૂત્રથી **अण्** પ્રત્યય લાગેલો જાણવો.) તેવી સાંપ્રત વસ્તુનો આશ્રય કરનારો નય પણ (અભેદ ઉપચારથી) 'સાંપ્રત' નય કહેવાય.

**શંકા :** 'સંપ્રતિ' (વર્તમાનકાળ) શબ્દ એ કાળવાચક શબ્દ છે અને કાળવાચક શબ્દોથી વ્યાકરણના નિયમ પ્રમાણે **कालाट्ठञ्** (પા૦ ૪-૩-૧૧) સૂત્રથી **ठञ् (इकण्)** પ્રત્યય લાગીને **साम्प्रतिक** શબ્દ બનવો જોઈએ. આથી **सांप्रत** રૂપ યોગ્ય નથી. (પાણિની વ્યાકરણમાં **इकण्** પ્રત્યયની **ठञ्** સંજ્ઞા કરેલી છે. આથી **ठञ्** થી **इकण्** પ્રત્યયનું ગ્રહણ થાય છે.)

**સમાધાન :** ના, આ રીતે કરેલ **साम्प्रत** શબ્દનો પ્રયોગ પણ દોષ રૂપ નથી. જુઓ, **संप्रति** શબ્દનો અર્થ છે વર્તમાન ક્ષણમાં (કાળમાં) થનારી/વર્તનારી વસ્તુ - વિષયક અધ્યવસાય/બોધવિશેષ/અભિપ્રાય. એ પ્રમાણે સંપ્રતિ-શબ્દનો (લાક્ષણિક-ઔપચારિક) અર્થ અમે કરીએ છીએ. આ અર્થમાં **संप्रति** શબ્દ કાળ-અર્થમાં નથી પણ બોધ અર્થમાં છે, માટે **इकण्** પ્રત્યય નહીં લાગે. આથી **तत्र भवः** = તેમાં થનાર શબ્દ એવા અર્થમાં **अण्** લાગવાથી 'સાંપ્રત' કહેવાય.

**શંકા :** 'સંપ્રતિ' શબ્દનો અર્થ છે- વર્તમાન ક્ષણે વર્તનારી વસ્તુ સંબંધી અધ્યવસાય. તે શબ્દને '**तत्र भवः**' (તેમાં થનાર) એવા અર્થમાં **अण्** લગાડીને 'સાંપ્રત'રૂપ બનાવો છો પણ તે ઠીક નથી. કારણ કે તેમ કરવામાં 'વર્તમાનક્ષણે વર્તનારી વસ્તુ સંબંધી અધ્યવસાય/બોધ-વિશેષમાં થનાર (શબ્દ)' એવા અધિક અર્થનો 'સાંપ્રત' શબ્દથી

१. सर्वप्रतिषु । भवत्० मु. ।

यां यां संज्ञामभिधत्ते तां तां समभिरोहतीति **समभिरूढः**, सोऽभिदधाति–यदि लिङ्गमात्रभिन्नमवस्तु, विसंवादित्वात् रक्तनीलतादिवत्, एवं सति मूलत एव भिन्नशब्दं कथं वस्तु स्यात् ? शब्देन ह्यर्थो निरुक्तीक्रियते एतस्मान्निरुक्तादेष इति, यत्र तद्भेदस्तद्भिन्नमेव,

બોધ થશે.

**સમાધાન** : વારુ, અમે કહીશું કે, વર્તમાન ક્ષણવર્તી વસ્તુ સંબંધી જે બોધવિશેષ (અધ્યવસાય) એવા અર્થવાળો 'સંપ્રતિ' શબ્દ છે, તેનાથી સ્વાર્થમાં જ 'સંપ્રતિ એ જ સાંપ્રત' એમ **अण्** પ્રત્યય લાગશે. આથી ઇષ્ટ-અર્થથી અધિક અર્થની પ્રાપ્તિ થવાનો પ્રસંગ નહીં આવે. આવા અભિપ્રાયથી 'અથવા કહીને ટીકામાં બીજો વિકલ્પ આપે છે.)

અથવા **सम्प्रत्ति एव** 'સંપ્રતિ એ જ' '**सांप्रत**' કહેવાય. આ પ્રમાણે **प्रज्ञादिभ्योऽण्** [સિ.હે. (૭-૨-૧૬૫)] સૂત્રથી પ્રજ્ઞાદિ-ગણના શબ્દ તરીકે **अण्** પ્રત્યય લાગતાં ( **संप्रति** + **अण्**= ) 'સાંપ્રત' શબ્દ બને છે. આ પ્રમાણે 'સાંપ્રત' એવું રૂપ કરવામાં કોઈ બાધ આવતો નથી.

આ સાંપ્રત-નય રૂપ પેટા ભેદ એ તેના મૂળભૂત શબ્દનયના અભિપ્રાયથી વિશિષ્ટ અર્થાત્ જુદો નથી. (શબ્દનયની જેમ આ સાંપ્રતનય શબ્દના લિંગાદિ ભેદ વડે અર્થનો ભેદ માને છે, પણ પર્યાય-શબ્દનો અર્થ જુદો માનતો નથી) શબ્દ-નયનો સંપૂર્ણ અભિપ્રાય આને લાગુ પડે છે. આથી આ નયને જુદા ઉદાહરણો વડે સમજાવેલો નથી. શબ્દનય પ્રમાણે જ આના ઉદાહરણો સમજી લેવા.

### ✻ શબ્દ (નિરુક્તિ) ભેદે અર્થભેદ : સમભિરૂઢનય ✻

(૨) **સમભિરૂઢ-શબ્દનય** : જે જે સંજ્ઞા/નામ/શબ્દ કહેવાય તે દરેકને વિષે સમભિરોહ કરે - અર્થાત્ તે દરેક શબ્દે શબ્દે જુદા જુદા અર્થનો સ્વીકાર કરે તે 'સમભિરૂઢ' ( **समभिरोहति इति समभिरूढः** ) શબ્દ-નય કહેવાય. આ સમભિરૂઢ-નય આ પ્રમાણે પોતાનો મત કહે છે - જો (પુલ્લિંગ વગેરે) લિંગ-માત્રથી ભિન્ન એવું વચન (શબ્દ) જેનું હોય તે અવસ્તુ = અસદ્વસ્તુ છે એમ શબ્દનય કહે છે. કારણ કે વિસંવાદ આવે છે. જેમ કે રક્ત વસ્તુની નીલતા = શ્યામપણું. જેમ લાલવસ્તુને શ્યામ (નીલ) કહેવું તે વિસંવાદી વચન છે, તેમ શબ્દની અપેક્ષાએ લિંગમાત્રથી જુદો પદાર્થ એ પણ (એક માનવામાં) વિસંવાદ આવવાથી અવસ્તુ/અસદ્વસ્તુ છે એમ શબ્દ-નય માને છે. (જે

यथा तु पूर्वनयेनैकं कृत्वोच्यते इन्द्रशक्रादि तथा [१]तदवस्तु, घटज्वलनादिवद् भिन्ननिमित्तत्वात्, अनयोरेकत्वेनावस्तुता । एवं घटकुटयोरपि चेष्टाकौटिल्यनिमित्तभेदात् पृथक्ता, तथा

પ્રમાણે શબ્દ-પ્રયોગ હોય તે પ્રમાણે જો વસ્તુ પ્રાપ્ત ન થાય તો તે વિસંવાદ કહેવાય.) આ વાત પૂર્વે શબ્દ-નયમાં કહેવાઈ ગઈ છે. હવે જ્યારે ફક્ત લિંગથી જુદા શબ્દના અર્થને પણ (એકાર્થ માનવામાં) અવસ્તુ કહેતા હોવ તો મૂળથી જ જે વસ્તુ માટે જુદો શબ્દ પ્રયોજાયો હોય, વાપરેલો હોય તે વસ્તુ શી રીતે સદ્‌વસ્તુ હોઈ શકે ? અર્થાત્ ન જ હોય. શબ્દ વડે જ તો અર્થ નિરુક્ત કરાય છે - એટલે કે આ અમુક શબ્દની આ નિરુક્તિ (વ્યુત્પત્તિ = પ્રકૃતિ-પ્રત્યય આદિ વિભાગ વડે અર્થનું કથન) કરવા વડે, આ અમુક શબ્દનો આ અર્થ છે. એમ નક્કી કરાય છે. આથી જે ઠેકાણે શબ્દનો ભેદ હોય ત્યાં તેની નિરુક્તિનો (વ્યુત્પત્તિનો) પણ ભેદ હોવાને લીધે અર્થનો પણ ભેદ પડશે જ. આથી જે રીતે પૂર્વનય વડે અર્થાત્ સાંપ્રત નય વડે ઇન્દ્ર, શક્ર વગેરે (પર્યાય-સમાનાર્થી) શબ્દોને એક સમાન રૂપે કરીને કહેવાય છે, તે રીતે તે અવસ્તુ છે, ઘટ-જ્વલન (અગ્નિ) આદિની જેમ. જેમ ઘડો અને અગ્નિ બે વસ્તુના શબ્દોની વ્યુત્પત્તિ (નિરુક્તિ)ના નિમિત્ત જુદા જુદા છે આથી તે બે વસ્તુને જો એક વસ્તુ કહેવાય તો એવી વસ્તુ અવસ્તુ છે. સંભવી ન શકે. તેમ ભિન્ન ભિન્ન નિમિત્તવાળા શબ્દોથી કહેવાતાં હોવાથી ઇન્દ્ર, શક્ર વગેરે શબ્દો પણ જુદા અર્થને જણાવે છે. આમ ઘડો અને અગ્નિ એ જેમ ભિન્ન-નિમિત્તવાળા શબ્દોથી વાચ્ય હોવાથી તેને એક માનવા તે અવસ્તુરૂપે બને છે તેમ ઇન્દ્ર, શક્ર વગેરે જુદા જુદા શબ્દથી વાચ્ય એવા અર્થને પણ એક કહેવામાં તે પદાર્થો અવસ્તુ જ બની જશે, એમ સમભિરૂઢ-નય કહે છે.

**ચંદ્રપ્રભા : घटते - चेष्टते इति घटः ।**) જે જલ-ધારણ વગેરે ચેષ્ટા કરે તે ઘટ = ઘડો કહેવાય. અને **ज्वलति - दहति इति ( ज्वल् + अन ) ज्वलनः** । જે બળે અથવા બાળે તે જ્વલન = અગ્નિ કહેવાય. આ પ્રમાણે આ બે શબ્દોની વ્યુત્પત્તિ = નિરુક્તિ જુદી જુદી હોવાથી તે બે જેમ જુદા જ અર્થને જણાવે છે, તેમ **इन्द्र, शक्र** વગેરે પર્યાય શબ્દો સંબંધી પણ સમજવું. પર્યાય = સમાનાર્થી ગણાતા શબ્દોમાં ય નિરુક્તિનો ભેદ હોવાથી અર્થ ભેદ પડે છે એમ સમભિરૂઢ નય માને છે. આ અંગેનું બીજું ઉદાહરણ આપતાં ટીકામાં કહે છે.

**પ્રેમપ્રભા : एवं घटकुटयोरपि०** આ પ્રમાણે **घटः** (ઘડો), **कुटः** । એ બે શબ્દોની પણ નિરુક્તિના = વ્યુત્પત્તિના નિમિત્તનો ભેદ હોવાથી તે બેના અર્થનો ભેદ છે. 'ઘટ'નું

१. पादिषु, जै. । यद० मु. ।

प्रकृतिप्रत्ययोपात्तनिमित्तभेदाद् भिन्नौ शक्रेन्द्रशब्दावेकार्थौ न भवतः, विविक्तनिमित्तावबद्धत्वात् गवाश्वशब्दवत् । अथापि प्रतीतत्वादसंप्रमोहाल्लोके चैवं निरूढत्वात् इन्द्रशब्दस्य पुरन्दरादयः पर्याया इत्येतदनुपपन्नम्, एवं हि सामान्यविशेषयोरपि पर्यायशब्दत्वं स्यादेव, यतः प्लक्ष

---

નિમિત્ત ચેષ્ટા છે - (**घटते चेष्टते इति घटः** જે ચેષ્ટા કરે તે ઘટ.) અને **कुटति इति कुटः** । જે કૌટિલ્ય ધારણ કરે તે કુટ કહેવાય. (કારણ કે **कुट्** ધાતુનો 'કુટિલતા કરવી' અર્થ છે.) આમ 'ઘટ'નું 'ચેષ્ટા' અને 'કુટ'નું 'કૌટિલ્ય' રૂપ નિમિત્ત જુદા હોવાથી તે બે વડે વાચ્ય અર્થો પણ જુદા છે. આ ઘટ, કુટ શબ્દોની જેમ ક્રિયાના ભેદથી તથા પ્રકૃતિ અને પ્રત્યય વડે પ્રાપ્ત (ઉપાત્ત) થતાં નિમિત્તના ભેદને લઈને પણ **शक्र** અને **इन्द्र** એ બે (પર્યાય) શબ્દો ભિન્ન છે અને આથી સમભિરૂઢ નયના મતે તે એક (સમાન) અર્થવાળા શબ્દો નથી. **शक्नोति इति ( शक् + र ) शक्रः** । અને **इन्दति इति इन्द्रः** । 'શક્ર' શબ્દમાં 'શક્' ધાતુ પ્રકૃતિ રૂપે છે અને **इन्द्र** શબ્દમાં **इन्द्** ધાતુ પ્રકૃતિરૂપે છે. આમ બેય શબ્દોની પ્રકૃતિ રૂપ નિમિત્તનો ભેદ હોવાથી ભિન્ન શબ્દો છે. આથી ભિન્ન અર્થને જણાવે છે.) કારણ કે જુદા જુદા ધાતુ રૂપ પ્રકૃતિ વગેરે નિમિત્તને આધીન તે તે 'શક્ર' વગેરે શબ્દોનો પ્રયોગ થાય છે. જેના પ્રકૃતિ વગેરે નિમિત્તો જુદા હોય તે શબ્દનો અર્થ પણ જુદો જ હોય... જેમ કે, **गो**, **अश्व** વગેરે શબ્દો...

**ચંદ્રપ્રભા :** આમાં **गच्छति इति गौः** । અહીં **गम्** ધાતુરૂપ પ્રકૃતિ વડે **गो** શબ્દ બનેલો છે અને **अश्नुतेऽध्वानं इति ( अश् + व =) अश्वः** । અહીં પણ પ્રકૃતિ જુદી છે માટે **गो** અને **अश्व** શબ્દનો અર્થ પણ જુદો જ હોય, એક ન હોઈ શકે. આમ **गो, अश्व** શબ્દો એ જેમ જુદા નિમિત્તને લઈને પ્રયોજાતાં હોયને જુદા અર્થને જણાવે છે તેમ 'ઇન્દ્ર', 'શક્ર' વગેરે શબ્દ સંબંધી પણ સમજવું. અનુમાન - પ્રયોગ આ પ્રમાણે થાય **शक्रेन्द्र-शब्दौ (પક્ષ) एकार्थौ न (સાધ્ય)**, **विविक्तनिमित्तावबद्धत्वात् (હેતુ), गवाश्वशब्दवत् (દૃષ્ટાંત)**. આની વિચારણા ઉપર કરેલી જ છે.

### ❋ સમ્યભિરૂઢ નય વડે પર્યાય-શબ્દો પણ ભિન્ન-અર્થવાળા હોવાનુ સમર્થન ❋

**પ્રેમપ્રભા : શંકા :** ભલે, આ રીતે ઇન્દ્ર, શક્ર આદિ શબ્દોને જુદા અર્થના વાચક તરીકે કહો. તો પણ બેયનો એક જ અર્થ હોવાનું પ્રતીત છે. સારી રીતે જણાઈ જાય છે. વળી કોઈને મુંઝવણ કે શંકા પણ પડતી નથી. ઇન્દ્ર શબ્દ બોલતાં શક્ર અર્થ જણાવામાં કોઈ મુંઝવણ અનુભવાતી નથી. અને લોકમાં પણ એ પ્રમાણે અત્યંત રૂઢ થયેલું છે કે ઇન્દ્ર

इत्युक्ते द्राग्[1] वृक्षेऽस्ति सम्प्रत्ययः । अस्तित्वे[2] असम्प्रमोहे च संज्ञान्तरकल्पनायामिहापि तर्ह्युक्तादनुक्तप्रतिपत्तौ सत्यां पर्यायत्वप्रसङ्गः प्रविश, पिण्डीं, भक्षयेत्यस्य गमात्, तथाऽस्तिर्भवन्तीपरः प्रथमपुरुषेऽप्रयुज्यमानोऽप्यस्तीति गम्यते, वृक्षः प्लक्षोऽस्तीति गम्यते

---

અને શક્ર શબ્દ બે એક જ અર્થને જણાવે છે. આથી પુરન્દર (શક્ર) વગેરે શબ્દોને 'ઇન્દ્ર' શબ્દના પર્યાય-શબ્દો એટલે કે સમાન-અર્થના વાચક શબ્દો કહેવા જોઈએ. (આ પ્રમાણે ઇન્દ્ર, શક્ર વગેરેને પર્યાય = એકઅર્થવાળા શબ્દો માનનારા સાંપ્રત-નયવાદીએ પ્રશ્ન ઉઠાવતાં સમભિરૂઢ નયવાદી જવાબ આપે છે.)

**સમાધાન :** તમારી આ વાત પણ બરાબર નથી. જો પ્રતીત હોવાથી, સંમોહ/મુંઝવણ ન થવા માત્રથી અને લોકમાં પ્રસિદ્ધ હોવાથી ભિન્ન શબ્દો દ્વારા પણ એક જ વસ્તુનો બોધ થઈ શકતો હોય તો બીજા અનેક દોષો આવશે. જુઓ, પ્રતીત હોવાથી જ જો ભિન્ન શબ્દો વડે એકાર્થનો બોધ માનશો તો સામાન્ય(વાચક) અને વિશેષ(વાચક) શબ્દો વચ્ચે પણ પર્યાયપણુ અર્થાત્ સમાનાર્થ વાચકપણુ માનવાનો પ્રસંગ આવશે જ. કારણ કે, **प्लक्षः** (પીપળો) એ પ્રમાણે કહેવાતે છતે તુરત 'વૃક્ષ' અર્થનો બોધ થાય છે. અહીં '**प्लक्षः**' એ વિશેષવાચક છે. 'પ્લક્ષ' બોલવાથી 'વૃક્ષ'ની પ્રતીતિ થતી હોવાથી વિશેષ (પ્લક્ષ) અને સામાન્ય (વૃક્ષ) એ બેના વાચક પ્લક્ષ, વૃક્ષ (તથા આંબો, વૃક્ષ) વગેરેને પણ પર્યાય-શબ્દ માનવાની આપત્તિ આવશે.

અહીં પણ પ્લક્ષ, વૃક્ષ વગેરેમાં અસ્તિત્વની બાબતમાં કોઈ મુંઝવણ કે અસમંજસતા ન હોવાથી પ્લક્ષની 'વૃક્ષ' એવી બીજી સંજ્ઞા (નામ)ની કલ્પના કરાશે એમ જો તમે કહેશો તો અહીં પણ આગળ કહેવાતી બીજી વાતમાં દોષ આવશે. અર્થાત્ ઉક્ત (ઉચ્ચારેલ) શબ્દ દ્વારા અનુક્ત - (જેનો ઉલ્લેખ કરાયો નથી તે) અનુલ્લિખિત વસ્તુનો બોધ થયે છતે તેને પણ પર્યાય (એકાર્થક) માનવાનો પ્રસંગ આવશે. દા.ત. કોઈ વ્યક્તિ બીજાને કહે, **प्रविश** (પ્રવેશ કર, અંદર આવ.) અહીં **गृहं** = 'ઘરમાં' વગેરે અર્થ અનુક્ત છતાં સમજાઈ જાય છે. **पिण्डीम्...** અહીં આટલું વાક્ય બોલાતાં જ **भक्षय** (ભોજન કર) એવા પદનો ઉલ્લેખ/ઉચ્ચારણ નથી છતાં સામા વ્યક્તિને તે જણાઈ જાય છે કે 'પેંડો ખા...' આવો અર્થ પદના ઉચ્ચારણ વિના પણ કરવામાં કોઈને મુંઝવણ અનુભવાતી ન હોવાથી **भक्षय** ને પર્યાય (એક-અર્થવાળો) માનવાની આપત્તિ રૂપ દોષ આવશે. (આ રીતે મનાય તો તે ઘણું અસમંજસ - બેધાધંદુ અનર્થ રૂપ બની જાય.)

---

१. पादिषु, जै.कै. । द्राक्ष० पू. । २. सर्वप्रतिषु । त्वासं० मु. ।

न्यायादस्तिः पर्यायः प्राप्तः । तस्माद् भेदः साधीयान् दन्तिहस्तिनोश्चैकत्वाद् दन्तहस्तैकत्वप्रसङ्ग इति ।

વળી બીજું પણ દોષ આવવાનું ઉદાહરણ આ પ્રમાણે છે. જ્યાં જે વાક્યમાં ક્રિયાપદનો પ્રયોગ/ઉલ્લેખ કરેલો ન હોય, તે ઠેકાણે **भवन्ती** એટલે કે વર્તમાના વિભક્તિ (પ્રત્યય) જેની પરમાં છે એવા **अस्** (ધાતુના) પ્રથમ પુરુષનું (વ્યવહારમાં ત્રીજો પુરુષ એકવચનનું) રૂપ અર્થાત્ **'अस्ति'** એવું પદ ઉચ્ચારેલું ન હોય તો પણ જણાઈ જાય છે. આથી **वृक्षः प्लक्षः** એટલું જ બોલાય ત્યારે **अस्ति** (છે) એવું ક્રિયાપદ જણાઈ જાય છે. આ ન્યાયથી **( यत्र अन्यत्क्रियापदं न श्रूयते तत्र अस्तिर्भवन्तीपरः प्रयुज्यते । ન્યાયસંગ્રહ વક્ષસ્કાર -** ૨ ન્યાયસૂત્ર ૬૫ એ ન્યાયથી ) **अस्ति** પદ જણાઈ જાય છે. આથી **'अस्ति'** પદ પણ પર્યાયરૂપે પ્રાપ્ત થશે અર્થાત્ તેમ માનવાની આપત્તિ આવશે. આથી પર્યાય- શબ્દોના અર્થનો ભેદ માનવો જ ઉચિત છે. આ પ્રમાણે આવી બધી અસંગત-બેધાધંટુ માન્યતાઓ સ્વીકારવાની આપત્તિ આવવાથી શબ્દના ભેદે અર્થનો ભેદ સ્વીકારવો એ જ બહેતર છે. હજી તમને ઓછી દલીલ જણાતી હોય તો અમે કહીશું કે, આ રીતે બે જુદા શબ્દો વડે એક જ વસ્તુનો/અર્થનો બોધ માનશો તો તમારે મતે આ બીજી તકલીફ ઉભી થશે. જુઓ, **दन्ती** (વિશાળ દાંતવાળો) એટલે હાથી અને **हस्ती** (મોટા હાથવાળો) એટલે પણ હાથી જ અર્થ તમે કહેશો. આથી **दंत** = દાંત અને **हस्त** = હાથ એ બેને અભિન્ન - એક જ માનવાનો પ્રસંગ આવશે. **'दंत'** અને **हस्त** રૂપ બે જુદા નિમિત્તોને લઈને (જેને દાંત હોય તે દંતી = હાથી અને **हस्तः अस्ति यस्य स हस्ती** જેને હાથ (સૂંઢ) હોય તે પણ હાથી. આમ દંત અને હસ્ત એ બે જુદાં નિમિત્તોને લઈને) સંસ્કૃતમાં **दन्ती** અને **हस्ती** શબ્દો બનેલાં હોવા છતાં પણ તે બેનો એક જ અર્થ તમે માનશો તો 'દંત' અને 'હસ્ત' વચ્ચે કોઈ તફાવત નહીં રહે. જ્યારે દંત અને હસ્ત વચ્ચે તદ્દન ભેદ છે એ વાત તો આબાળ-ગોપાળને વિષે પણ પ્રસિદ્ધ છે. અમારા (સમભિરૂઢ શબ્દનયના) મતે તો દંતી શબ્દનો અને હસ્તી શબ્દનો અર્થ જુદો હોવાથી દંત અને હસ્ત રૂપ નિમિત્તોને એક/અભિન્ન માનવાનો પ્રસંગ નહીં આવે.

આ પ્રમાણે સંજ્ઞાના કથન દ્વારા બીજી સંજ્ઞાના (નામના) અર્થનું કથન (અભિધાન) માનવું તે અવસ્તુ છે - અસદ્વસ્તુ છે. દરેક શબ્દ પોતાનો જ વાચ્ય અર્થ જણાવે છે બીજા શબ્દનો અર્થ જણાવવા તે સમર્થ નથી. કેમ કે, શબ્દે શબ્દે અર્થનો ભેદ છે. એ પ્રમાણે

एवं संज्ञान्तरोक्तेः संज्ञान्तराभिधानमवस्त्विति प्रतिपादिते **एवम्भूतनय** आह-निमित्तं क्रियां कृत्वा शब्दाः प्रवर्तन्ते, न हि यदृच्छाशब्दोऽस्ति, अतो घटमान एव घटः, कुटंश्च कुटो भवति, पूर्दारणप्रवृत्त एव पुरन्दरः, यथा दण्डसम्बन्धानुभवनप्रवृत्त[1]स्यैव दण्डित्वम्, अन्यथा व्यवहारलोपप्रसङ्गः । न चासौ तदर्थः, अनिमित्तत्वाद् यथा बहुषु[2] एकवचनम्,

સમભિરૂઢ-નય વડે પોતાના મતનું કથન કરાયે છતે હવે એવંભૂત-નય પોતાનો અભિપ્રાય પ્રગટ કરવા તત્પર બને છે.

## ❋ એવંભૂત નય : વ્યુત્પત્તિ-અર્થની હાજરીમાં જ વસ્તુ સત્ ❋

(૩) **એવંભૂત શબ્દનય** : આ નય કહે છે કે દરેક શબ્દો કોઈને કોઈ ક્રિયાને નિમિત્ત બનાવીને પ્રવર્તે છે, અર્થાત્ પ્રયોજાય છે - અર્થને જણાવે છે. કોઈપણ શબ્દ યદચ્છા એટલે એમને એમ મનફાવે તેમ પ્રયોગ કરાતો નથી. એવા શબ્દો એ શબ્દો જ નથી. આથી જે વસ્તુ પોતાના (અભિધાનના/શબ્દના) નિમિત્ત રૂપ ક્રિયાને કરતી હોય ત્યારે જ તે તે વસ્તુ સત્ કહેવાય. **દા.ત.** જે ઘડો ઘટમાન હોય - જલ-ધારણ આદિ ચેષ્ટા કરતો હોય તે જ **(घटते चेष्टते इति)** 'ઘટ' કહેવાય. અને **कुटन् कुटः** । એટલે કે કુટિલતા-વક્રતા ધારણ કરતો હોય ત્યારે જે તે 'કુટ' કહેવાય તથા શત્રુના નગરને બાળવામાં પ્રવૃત્ત થયેલો હોય ત્યારે જ શક્ર એ **(पुरं दारयतीति पुरन्दरः)** પુરંદર કહેવાય. (શાથી આવું માને છે ? તે કહે છે) જેમ 'દંડ'ના સંબંધનો અનુભવ કરવામાં પ્રવર્તતા પુરુષમાં જ **दण्डित्व** (દંડવાળાપણુ) ઘટે છે અર્થાત્ આવો પુરુષ જ તે **दण्डी** (દંડવાળો) કહેવાય. **दण्डोऽस्ति यस्य**- જેની પાસે દંડ છે તે **(दण्ड् + इन्) दण्डी** કહેવાય. આ રીતે દંડી શબ્દની પ્રવૃત્તિ દંડના સંબંધને લઈને થયેલી છે માટે દંડવાળો હોય ત્યારે જ તે પુરુષ 'દંડી' કહેવાય. જો આમ ન માનીએ તો વ્યવહારનો લોપ થવાનો પ્રસંગ આવે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ લોકમાં દંડવાળા પુરુષને જ 'દંડી' કહેવાય છે અને તેવા વ્યવહારનું કારણ પુરુષ સાથે દંડનો સંબંધ જ છે. જો દંડના સંબંધ વિના પણ દંડી કહેવાય તો પછી બધાંય પુરુષને દંડી કહેવા પડે. આમ થવાથી વ્યવહાર લોપાય - દૂષિત થાય છે. કારણ કે 'દંડી' શબ્દની પ્રવૃત્તિનું જે નિમિત્ત - દંડનો સંબંધ (સંયોગ) એ પુરુષમાં નથી માટે આવો દંડના સંયોગ વિનાનો પુરુષ એ કાંઈ 'દંડી' શબ્દનો અર્થ નથી, માટે દંડ-સંબંધવાળાને જ દંડી કહેવો ઉચિત છે, તેમ સર્વ ઠેકાણે શબ્દની પ્રવૃત્તિના નિમિત્ત રૂપ (પૂર્વોક્ત) ક્રિયાની હાજરી હોય ત્યારે જ તે તે શબ્દ વડે તે તે અર્થ જણાવાય છે.

१. पादिषु । वृत्तदास० मु. । अधिकः । २. ख.पू. । हुत्वैक० मु. ।

इति समुच्चये परिसमाप्तौ वा[1] ।

**भा० अत्राह-किमेषां लक्षणमिति ? । अत्रोच्यते-**

**टी० अत्राहेत्यादि** । अस्मिन्वसरे नैगमादीनामध्यवसायविशेषाणां लक्षणजिज्ञासया विविक्तचिह्नपरिज्ञानाभिप्रायेणाह-**किं लक्षणमेषामिति** । **अत्रोच्यते**-लक्षणम्-

**भा० निगमेषु येऽभिहिताः शब्दास्तेषामर्थः, शब्दार्थपरिज्ञानं वा[2] देशसमग्रग्राही**

**પ્રેમપ્રભા :** વળી બીજુ ઉદાહરણ એ કે જેમ ઘણી વસ્તુ હોય તો તેને વિષે એકવચનનો પ્રયોગ એ યથાર્થ - યોગ્ય નથી. ઘણી વસ્તુને જણાવવા માટે 'બહુવચન' શબ્દનો પ્રયોગ જ કરવો ઉચિત છે. કેમ કે 'બહુવચન' પ્રયોગ વડે જ બહુત્વ સંખ્યા જણાવાય છે, એકવચન શબ્દ વડે નહીં. એકવચન શબ્દ વડે તો એકત્વ-સંખ્યા જ કહેવાય છે. આમ સર્વત્ર વસ્તુ જેવી હોય તેવો જ શબ્દપ્રયોગ કરાય છે અને શબ્દ વડે પણ તેનું નિમિત્ત જેવું હોય તે પ્રમાણે જ અર્થ જણાવાય છે - કહેવાય છે. અર્થાત્ ક્રિયા વગેરે નિમિત્તને લઈને જ સર્વ શબ્દોની પ્રવૃત્તિ થતી હોવાથી તે નિમિત્તની હાજરી જે વસ્તુમાં હોય તે જ વસ્તુ તે તે શબ્દના પ્રયોગ વડે અભિહિત થાય છે, કહેવાય છે એમ એવંભૂત-શબ્દનયનો અભિપ્રાય છે.

ભાષ્યમાં છેલ્લે જે **इति** શબ્દ મૂકેલો છે તેનો અર્થ સમુચ્ચય છે અથવા તો પરિસમાપ્તિ અર્થ છે, એમ જાણવું. હવે ભાષ્યમાં શિષ્યાદિ આ નયોના જ લક્ષણ અંગે પ્રશ્ન કરે છે.

**ભાષ્ય : અહીં શિષ્યાદિ પૂછે છે. પ્રશ્ન : આ નયોનું લક્ષણ શું છે ? જવાબ : આ વિષયમાં (જવાબ) કહેવાય છે-**

## ✵ નૈગમાદિ નયોના લક્ષણો ✵

**પ્રેમપ્રભા :** આ અવસરે શિષ્યાદિ અન્ય વ્યક્તિ નૈગમ આદિ નયો કે જે અધ્યવસાય = બોધ વિશેષ સ્વરૂપ છે, તેના લક્ષણોને જાણવાની ઈચ્છા વડે એટલે કે તે તે નયોના જુદા જુદા ચિહ્નોનું (લક્ષણોનું) જ્ઞાન કરવાના આશયથી આ પ્રમાણે પૂછે છે - **પ્રશ્ન :** આ નૈગમાદિ નયોનું લક્ષણ શું છે ? ભાષ્યકાર જવાબ આપતાં કહે છે- આના જવાબમાં નૈગમાદિ નયોનું લક્ષણ કહેવાય છે. **જવાબ :**

१. ख.पू. । च० मु. । २. टीकानु० । च० मु. ।

**नैगमः ।**

**टी० निगमेष्वित्यादि** । न चैतानि सूत्राणि अवृत्तित्वात्, कैश्चित् पुनर्भ्रान्त्या सूत्राणीति प्रतिपन्नम्, तत्र नैगम इत्यस्यावयवप्रविभागेन व्याख्यानं-निश्चयेन गम्यन्ते-उच्चार्यन्ते-प्रयुज्यन्ते येषु शब्दास्ते निगमा जनपदाः तेषु **निगमेषु** जनपदेषु ये इत्यक्षरात्मकानां ध्वनीनां सामान्यनिर्देशः **अभिहिता** उच्चारिताः **शब्दा घटादयस्तेषामर्थो**-जलधारणाहरणादिसमर्थः, **शब्दार्थपरिज्ञानं वेत्ति**[2] शब्दस्य घटादेरर्थोऽभिधेयस्तस्य[3] **परिज्ञानम्** अवबोधः, घट इत्यनेनायमर्थ

**ભાષ્ય : નિગમ એટલે જનપદ (રાષ્ટ્ર)ને વિષે જે (ઘટ વગેરે) શબ્દો કહેલાં છે, તેઓનો અર્થ અથવા શબ્દાર્થનું જ્ઞાન (બોધ) કરવું તે નૈગમનય છે અને તે દેશ - (વિશેષ)ગ્રાહી અને સમગ્ર - (સામાન્ય)ગ્રાહી (એમ બે પ્રકારે) છે.**

**પ્રેમપ્રભા :** શિષ્યે પૂછેલાં પ્રશ્નના જવાબ રૂપે જે ભાષ્ય છે, તે સૂત્રો રૂપે નથી, કારણ કે અસમાસ (અવૃત્તિ)રૂપે છે. સામાન્યતઃ સૂત્રોમાં સંક્ષેપમાં જણાવવાના આશયથી સમાસ-પ્રયોગને પ્રધાનતા અપાય છે. જ્યારે આ જે ભાષ્ય છે, તેમાં અસમાસરૂપે પદો મૂકેલાં છે, માટે ભાષ્ય જ છે, પણ સૂત્રો નથી. કિંતુ, કેટલાંકો વડે 'સંક્ષિપ્ત વાક્યો' હોવા વગેરે કોઈ કારણથી ભ્રમ થવાથી આ સૂત્રો છે એમ માનેલું છે.

### ❋ બે પ્રકારનો નૈગમ-નય ❋

હવે આમાં 'નૈગમ' એ પ્રથમ નયના અવયવનો વિભાગ કરીને અર્થાત્ વ્યુત્પત્તિ કરવાપૂર્વક તેની વ્યાખ્યા કરાય છે. **नि** = નિશ્ચયથી જેમાં શબ્દો ( **गम = गम्यन्ते** ) જણાય - ઉચ્ચારાય - પ્રયોગ કરાય તે (**नि = निश्चयेन गम्यन्ते येषु इति नि + गम** =) 'નિગમ' કહેવાય. નિગમ એટલે જનપદ/રાષ્ટ્ર. **निगमेषु** = જનપદ/રાષ્ટ્રોને વિષે જે 'ઘટ' વગેરે શબ્દો અભિહિત હોય એટલે કે ઉચ્ચારાયેલાં હોય તેઓનો જે જલધારણ, જલાહરણ (જળને ધારણ કરવું, લાવવું) વગેરે રૂપ અર્થ છે, તેના સંબંધી જીવને અધ્યવસાય = બોધવિશેષ તે **નૈગમ** કહેવાય. અહીં **ये शब्दाः** = 'જે શબ્દો' એમ કહેવાથી અક્ષરાત્મક ધ્વનિનો = શબ્દોનો સામાન્યથી નિર્દેશ કરેલો જાણવો. આથી તમામ પ્રકારના શબ્દોનું ગ્રહણ કરવું. અથવા શબ્દનો જે પૂર્વોક્ત અર્થ તેનું પરિજ્ઞાન તે નૈગમનય.. એટલે કે 'ઘટ' વગેરે શબ્દના અર્થનો બોધ કરવો. જેમ કે, **घटः** એવા શબ્દ વડે આવો (કુંબગ્રીવાદિવાળો, તુંબુડાકારવાળો આદિ રૂપ) અર્થ કહેવાય છે. અને આવા ઘડા રૂપ

१. ख.पू. । चे० मु. । २. पादिषु । दि० मु. । ३. पादिषु । तत्प० मु. ।

उच्यते अस्य चार्थस्य अयं वाचक इति, यदेवंविधमध्यवसायान्तरं स **नैगमः**, स च[1] सामान्यविशेषोऽऽलम्बीत्येतद् दर्शयति-**देशसमग्रग्राही**ति । यदा हि स्वरूपतो घटमयं निरूपयति तदा सामान्यघटं सर्वसमानव्यक्त्याश्रितं घट इत्यभिधानप्रत्यर्ययोर्हेतुमाश्रयत्यतः समग्रग्राहीति । तथा विशेषमपि सौवर्णो मृण्मयो राजतः श्वेत इत्यादिकं विशेषं निरूपयत्यतो देशग्राहीति भण्यते **नैगमनयः** ।

सम्प्रति सङ्ग्रहस्य लक्षणमाह -

**भा० अर्थानां सर्वैकदेशसंग्रहणं सङ्ग्रहः ।**

---

અર્થનો આવો **ઘટઃ** વગેરે રૂપ શબ્દ એ વાચક છે, જણાવનાર છે' આવા પ્રકારનો જે અધ્યવસાય - જ્ઞાનાત્મક અભિપ્રાય તે પણ **નૈગમ** નય કહેવાય.

આ નૈગમ-નય એ બે પ્રકારનો છે અર્થાત્ સામાન્ય અને વિશેષ એવા પદાર્થનું અવલંબન કરનારો (બોધક) છે એમ બતાવતાં ભાષ્યકાર કહે છે - એક નૈગમનય (૧) **દેશનો** = વિશેષઅર્થનો ગ્રાહી (ગ્રહણ કરનારો) છે અને બીજો નૈગમ નય (૨) **સમગ્રનો** = સામાન્યઅર્થનો ગ્રાહી છે.

સમગ્ર (સામાન્ય)ગ્રાહી નૈગમ ક્યારે હોય ? તે કહે છે **દા.ત.** જ્યારે આ નૈગમનય સ્વરૂપથી ઘટનું નિરૂપણ કરે છે ત્યારે તે સામાન્ય ઘટનો આશ્રય કરે છે, બોધ કરે છે. **પ્રશ્ન** : કેવા સામાન્યઘટનો બોધ કરે છે ? **જવાબ** : તે ઘડા સાથે સર્વ સમાન ઘડા રૂપ વ્યક્તિનો આશ્રય કરનારા - સાંકળનારા, **ઘટઃ** (આ ઘડો છે) એવા પ્રકારના કથન (અભિધાન) અને બોધ (પ્રત્યય)ના કારણભૂત એવા સામાન્યઘટનો બોધ કરે છે. ટૂંકમાં સામાન્યથી સર્વપ્રકારના ઘડાને - ઘડા માત્રને સાંકળીને ઘડાનો બોધ કરે છે. માટે આ **સમગ્ર-ગ્રાહી નૈગમ** કહેવાય છે. તથા આ નૈગમ-નય વસ્તુમાં રહેલ વિશેષોનો = ભેદોનો પણ બોધ કરે છે. દા.ત. આ ઘડો તો ખરો પણ વિશેષથી - સુવર્ણનો બનેલો છે, માટીનો બનેલો છે, ચાંદીનો બનેલો છે અથવા સફેદ છે ઇત્યાદિ વિશેષ ધર્મોનું નિરૂપણ કરે છે. આથી આ નૈગમનય **દેશગ્રાહી** (= વિશેષગ્રાહી) એમ કહેવાય છે. હવે ભાષ્યમાં સંગ્રહનયના લક્ષણને કહે છે –

**ભાષ્ય : અર્થોના સર્વનું = સામાન્યનું અને એક દેશનું = વિશેષનું એકરૂપે ગ્રહણ કરવું તે સંગ્રહ-નય કહેવાય છે.**

---

१. पादिषु । ना. मु. । २. पादिषु । षाव० मु. । ३. पू. । त्ययहे० मु. । ४. टीकानु० । देशग्र० मु. ।

**टी० अर्थानामित्यादि । अर्थानां** घटादीनां **सर्वैकदेशसंग्रहणमिति सर्वं** सामान्यं **देशो** विशेषः तयोः सर्वैकदेशयोः सामान्यविशेषात्मकयोरेकीभावेन ग्रहणम्-आश्रयणमेवं-विधोऽध्यवसायः **सङ्ग्रहो** भण्यते । एकीभावेन च[3] ग्रहणमेवं द्रष्टव्यम्-यौ हि सामान्यविशेषौ नैगमाभिमतौ तौ सम्पिण्ड्य सङ्ग्रहनयः सामान्यमेव केवलं स्थापयति सत्तास्वभावम्, यतः सत्तातो न व्यतिरिच्यते विशेषः ।

व्यवहारलक्षणाभिधित्सयाऽऽह -

**भा० लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः ।**

**टी० लौकिकेत्यादि ।** लोके मनुष्यादिस्वभावे विदिताः **लौकिकाः** पुरुषास्तै **समः** तुल्यः, यथा लौकिका विशेषैरेव घटादिभिर्व्यवहरन्ति तथाऽयमपीत्यतस्तत्समः । **उपचारप्राय**

**❋ સંગ્રહનયના બે ભેદ ❋**

**પ્રેમપ્રભા :** ઘટ વગેરે અર્થોના/વિષયોના સર્વ = એટલે કે સામાન્ય અને દેશ = એટલે વિશેષ. તે બે યનું અર્થાત્ સર્વ અને એકદેશ કે જે ક્રમશઃ સામાન્ય અને વિશેષ સ્વરૂપ છે તેનું **( सम्= )** એક રૂપે અર્થાત્ સમસ્તરૂપે 'ગ્રહણ' કરવું, આશ્રય/કરવો આવા પ્રકારનો જે અધ્યવસાય છે તે **'સંગ્રહ'** કહેવાય છે. સામાન્ય અને વિશેષનું એકીભાવે = એટલે કે એક = સમગ્રરૂપે ગ્રહણ આ પ્રમાણે સમજવું - નૈગમ-નયને અભિમત-સંમત જે સામાન્ય અને વિશેષ છે તે બેને ભેગા કરીને સંગ્રહનય ફક્ત સત્તા (વિદ્યમાનતા) રૂપ સ્વભાવવાળા 'સામાન્ય'ની જ સ્થાપના = સિદ્ધિ - પ્રતિપાદન કરે છે. કારણ કે વિશેષ એ સત્તારૂપ સામાન્યથી ભિન્ન નથી પણ સત્તારૂપ જ છે. હવે ત્રીજા 'વ્યવહાર' નયના લક્ષણને કહેવાની ઈચ્છાવાળા ભાષ્યકાર આ પ્રમાણે કહે છે-

**ભાષ્ય : લૌકિક પુરુષો જેવો, ઉપચારની બહુલતાવાળો તેમજ વિસ્તૃત - અર્થવાળો (અધ્યવસાય રૂપ) વ્યવહારનય છે.**

**❋ વ્યવહાર નયનુ લક્ષણ ❋**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં વ્યવહાર નયનું લક્ષણ બતાવતાં ત્રણ વાત કરે છે. વ્યવહાર નય (૧) લૌકિક સમ, (૨) ઉપચાર-પ્રાયઃ અને (૩) વિસ્તૃત - અર્થવાળો છે. (૧) **લૌકિકસમ :** તેમાં મનુષ્ય આદિ સ્વરૂપ લોકમાં જે વિદિત હોય = જણાતા હોય - પ્રસિદ્ધ

१. पादिषु । शग्र० मु. । २. पादिषु । एकदे० मु. । ३. पू. । ना. मु. ।

इति । **उपचारो** नाम अन्यत्र सिद्धस्यार्थस्यान्यत्राध्यारोपो यः, यथा कुण्डिका स्रवति, पन्था गच्छति, उदके कुण्डिकास्थे स्रवति कुण्डिका स्रवतीत्युच्यते, पुरुषे च गच्छति पन्था गच्छतीति । एव**मुपचारप्राय** उपचारबहुल इत्यर्थः । **विस्तृतो** विस्तीर्णोऽनेकोऽर्थो ज्ञेयो यस्य स **विस्तृतार्थः** अध्यवसायविशेषो **व्यवहार** इति निगद्यते ।

ऋजुसूत्रलक्षणा[1]ऽऽचिख्यासया आह –

---

હોય તે 'લૌકિક' કહેવાય. આવા લૌકિક પુરુષો સાથે તુલ્ય-સમાન વ્યવહાર નય છે. અર્થાત્ જેમ લૌકિક પુરુષો ઘટ આદિ વિશેષો વડે/ભેદો વડે જ વ્યવહાર કરે છે, તેમ આ વ્યવહારનય પણ વિશેષો વડે જ વ્યવહાર કરે છે, વસ્તુનો બોધ કરે છે. આથી તેને લૌકિક-પુરુષસમ કહેલ છે. તથા (૨) **ઉપચાર-પ્રાયઃ** હોય છે. **ઉપચાર** એટલે અન્ય ઠેકાણે સિદ્ધ થયેલ અર્થાત્ હકીકતમાં અન્યત્ર રહેલ વસ્તુનો અન્ય ઠેકાણે હોવાનો જે અધ્યારોપ/ સમારોપણ કરાય તે ઉપચાર કહેવાય. **દા.ત.** કુંડિકા = કુંડીમાંથી પાણી ઝરતુ હોય, ટપકતું હોય ત્યારે ઉપચારથી કહેવાય છે કે **कुण्डिका स्रवति** = કુંડી ઝરે છે. અહીં હકીકતમાં કુંડિકામાં રહેલ પાણી ઝરે છે છતાંય 'કુંડી ઝરે છે' એમ ઉપચારથી બોલાય છે. (અહીં 'પાણી' એ આધેય = રહેનાર છે અને કુંડિકા એ આધાર = રાખનાર છે. આથી આધેય રૂપ પાણીનો આધારભૂત કુંડિકામાં અભેદરૂપે ઉપચાર કરવાથી 'કુંડિકા ઝરે છે' એમ કહેવાય છે. તથા **पन्थाः गच्छति** । માર્ગ જાય છે. અહીં ખરેખર માર્ગ જતો નથી, કિંતુ, માર્ગ ઉપર રહેલ પુરુષ જાય છે. છતાંય જનાર એવા પુરુષનો તેના આધારભૂત માર્ગમાં અભેદરૂપ ઉપચાર કરીને 'માર્ગ જાય છે' એમ ઉપચારથી કહેવાય છે. વ્યવહારનય આવા પ્રકારના ઉપચારવાળા પ્રયોગોનો પણ સાચા તરીકે સ્વીકાર કરે છે માટે તે ઉપચાર-પ્રાયઃ = ઉપચાર બહુલ કહેવાય છે. (જૈનશાસ્ત્રોમાં કહેલાં દસ પ્રકારના સત્યો પૈકી જે ઉપચાર-સત્ય કહેલું છે તેનો આ નયમાં અંતર્ભાવ થાય છે.) તથા (૩) **વિસ્તૃત અર્થવાળો** વ્યવહાર નય છે. વિસ્તૃત એટલે વિશાળ અનેક અર્થો રૂપ જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થો જેમાં છે તે વિસ્તૃત-અર્થવાળો કહેવાય. આવા પ્રકારનો જે અધ્યવસાય-વિશેષ (બોધ-પ્રકાર) એ 'વ્યવહાર'નય એમ કહેવાય છે.

### ✻ ઋજુસૂત્ર નયનુ સ્વરૂપ ✻

હવે ચોથા ઋજુસૂત્ર નયના લક્ષણની વ્યાખ્યા કરવાની ઈચ્છાથી ભાષ્યકાર કહે છે–

---

१. पादिषु । व्याचि० मु. ।

**भा० सतां साम्प्रतानामर्थानामभिधानपरिज्ञानमृजुसूत्रः ।**

**टी० सतामित्यादि । सतां** विद्यमानानां, न खपुष्पादीनामसतां, तेषामपि **साम्प्रतानां** वर्तमानानामिति यावत् **अर्थानां** घटादीनां **अभिधानं** शब्दः **परिज्ञानम्** अवबोधो विज्ञानमिति यावत्, अभिधानं च परिज्ञानं चा**भिधानपरिज्ञानं** यत् स भवति **ऋजुसूत्रः । एतदुक्तं भवति**-तानेव व्यवहारनयाभिमतान् विशेषानाश्रयन् विद्यमानान् वर्तमानक्षणवर्तिनोऽ-भ्युपगच्छन्नभिधानमपि वर्तमानमेवाभ्युपैति नातीतानागते, तेनानभिधीयमानत्वात् कस्यचिदर्थस्य । तथा परिज्ञानमपि वर्तमानमेवाश्रयति, नातीतमागामि वा, तत्स्वभावानवधारणात्, अतो वस्त्वभिधानं विज्ञानं चात्मीयं वर्तमानमेवान्विच्छन् अध्यवसायः स **ऋजुसूत्र** इति ।

---

**ભાષ્ય : સત્ = એટલે વિદ્યમાન એવા સાંપ્રત = વર્તમાન અર્થો સંબંધી જે અભિધાન (શબ્દ) અને બોધ તે ઋજુસૂત્ર નય કહેવાય.**

**પ્રેમપ્રભા :** સત્ એટલે જે વિદ્યમાન હોય, પણ આકાશના કુસુમની જેમ અસત્-અવિદ્યમાન ન હોય. તથા સાંપ્રત એટલે વર્તમાન = વર્તતાં, વર્તમાનકાલીન... આમ વર્તમાન એવા જે સત્ = વિદ્યમાન ઘટ વગેરે પદાર્થો છે, તેના સંબંધી અભિધાન એટલે કે શબ્દ અને પરિજ્ઞાન એટલે બોધ થવો તે **ઋજુસૂત્ર-નય** કહેવાય એમ શબ્દાર્થ છે. આનો **ભાવાર્થ** આ પ્રમાણે છે - તે જ પૂર્વે કહેલ વ્યવહારનયને સંમત/ઇષ્ટ એવા વસ્તુના વિશેષોને/ભેદોને આશ્રય કરતો છતાં, તેમાં પણ સત્ = વિદ્યમાન અને વર્તમાન ક્ષણે વર્તનારા એવા જ પદાર્થોનો સ્વીકાર કરનારો અભિપ્રાય-વિશેષરૂપ **ઋજુસૂત્રનય** છે. વળી અભિધાન એટલે કે શબ્દ પણ જે વર્તમાન હોય તેનો જ અંગીકાર કરે છે પણ ભૂતકાળના અને અનાગત = ભવિષ્યકાળના શબ્દોનો સ્વીકાર કરતો નથી. કારણ કે, તેના વડે કોઈપણ અર્થનું અભિધાન = કથન થઈ શકતું નથી એમ માને છે. તથા પરિજ્ઞાન એટલે કે બોધ પણ જે વર્તમાન હોય, વર્તમાન ક્ષણે વર્તતો હોય તેનો જ સ્વીકાર કરે છે. પણ ભૂતકાળમાં થયેલ અથવા ભવિષ્યમાં થનાર એવા જ્ઞાનનો સ્વીકાર કરતો નથી. કારણ કે, અતીત અને આગામી જે જ્ઞાન/બોધ છે, તેના સ્વભાવનો (સ્વરૂપનો) નિશ્ચય (અવધારણ) થતો નથી. આથી વસ્તુનું/પદાર્થનું અભિધાન = કથન અને તેનો બોધ પણ વર્તમાનકાલીન હોય અને પોતાનો હોય (બીજી વ્યક્તિનો નહીં) તેને જ ઇચ્છતો -સ્વીકારતો એવો જે અધ્યવસાય-અભિપ્રાયવિશેષ તે ઋજુસૂત્રનય કહેવાય છે.

शब्दनयस्य त्रिभेदस्य लक्षणप्रचिकाशयिषया आह –

**भा० यथार्थाभिधानं शब्दः ।**

**टी० यथे**ति । येन प्रकारेण[1] भावरूपेण नामस्थापनाद्रव्यवियुतेनार्थो घटादिर्यथार्थः तस्याभिधानं शब्दः **यथार्थाभिधानं**, तदाश्रयी योऽध्यवसायः स **शब्दन**[2]योऽभिधीयते। वर्तमानमात्मीयं विद्यमानं भावघटमेवाश्रयति नेतरानिति ।

इदानीमस्य शब्दनयस्य यत् पुरस्तात् त्रैविध्यं दर्शितं 'शब्दस्त्रिभेदः साम्प्रतः, समभिरूढ एवम्भूत' इति, अस्याद्यभेदलक्षणोद्विभावयिषया आह –

**भा० नामादिषु प्रसिद्धपूर्वात् शब्दादर्थे प्रत्ययः साम्प्रतः ।**

---

પાંચમો **શબ્દ-નય** કે જેના ત્રણ ભેદો/પ્રકારો છે, તેના લક્ષણને પ્રકાશિત કરવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય : યથાર્થ વસ્તુનું અભિધાન-શબ્દ (અર્થાત્ તેને આશ્રયી જે અધ્યવસાય) તે શબ્દ-નય કહેવાય.**

## ❋ શબ્દનય અને તેના ત્રણ ભેદો ❋

**પ્રેમપ્રભા : યથા** એટલે જે પ્રકારે અર્થાત્ નામ, સ્થાપના અને દ્રવ્યને છોડીને ફક્ત ભાવરૂપે જે ઘટ આદિ અર્થ/પદાર્થ રહેલો હોય તે **'યથાર્થ'** કહેવાય. તેવા યથાર્થ પદાર્થ સંબંધી જે અભિધાન - શબ્દ તે યથાર્થ અભિધાન કહેવાય. આવા યથાર્થ અભિધાન (કથન) ને આશ્રય કરનારો જીવનો જે અધ્યવસાય-બોધવિશેષ, તે **શબ્દનય** કહેવાય. આ શબ્દનય એ વર્તમાન (સાંપ્રત-વર્તમાન પર્યાયવાળા) તેમજ પોતાના અને વિદ્યમાન એવા ભાવ-ઘટનો જ સ્વીકાર કરે છે પણ બીજા એટલે કે ભૂતકાલીન અને ભાવી, તેમજ બીજાના જ્ઞાનના વિષયભૂત, તેમજ દ્રવ્ય વગેરે રૂપ ઘટ આદિ અર્થનો સ્વીકાર કરતો નથી.

હવે આ શબ્દનયના પૂર્વે જે ત્રણ ભેદો બતાવેલાં જેમ કે, (૧) સાંપ્રત, (૨) સમભિરૂઢ અને (૩) એવંભૂત... આ ત્રણ પૈકી પહેલાં ભેદનું લક્ષણ પ્રગટ કરવાની ભાવનાથી ભાષ્યકાર આ પ્રમાણે કહે છે-

**ભાષ્ય : નામ આદિને (ચાર નિક્ષેપોને) વિષે પ્રસિદ્ધપૂર્વક (જેના વાચ્ય-વાચક સંબંધનું**

---

१. पादिषु । कारणेन० मु. । २. पू. । नयतया० मु. ।

**टी० नामेत्यादि** । नामस्थापनाद्रव्यभावेषु नम्यमाने वस्तुनि घटादौ स्थाप्यमाने वाऽऽकारात्मना द्रव्ये च गुणसंद्रावात्मके भावे च प्रतिविशिष्टपर्यायरूपे **प्रसिद्धपूर्वात्** **प्रसिद्धो** निर्ज्ञातः **पूर्वमिति** संज्ञासम्बन्धकाले[१] प्रसिद्धोऽसौ घटादिशब्दोऽभिधानतया, तेषां नामादीनामस्य घटादेरर्थस्यायं वाचक इत्येवं प्रसिद्धपूर्वाद् वाच्यवाचकलक्षणसम्बन्धसङ्केतनाद् योग्यतालक्षणसम्बन्धावगतेर्वा । **शब्दादिति,** अभिधानात् नाम्न इति यावत् **अर्थे** अभिधेये यः **प्रत्ययो** विज्ञानं स **साम्प्रतो** नयः । **एतदुक्तं भवति**–नामादिषु प्रतिविशिष्टवर्तमानपर्यायापन्नेषु एव प्रसिद्धो वाचकतया यः शब्दस्तस्माच्छब्दात् भावाभिधायिनः तद्वाच्येऽर्थे भावरूपे

---

**જ્ઞાન પૂર્વે થયેલું છે એવા) શબ્દથી અર્થને વિષે બોધ થવો તે સાંપ્રતનય કહેવાય છે.**

### ❋ સાંપ્રત-શબ્દનયનું સ્વરૂપ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં સાંપ્રત-શબ્દનયનું લક્ષણ કહે છે. નામાદિ વિષે એટલે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિષે... જેનું ('ઘટ' વગેરે રૂપ) નામ કરાય તે નામરૂપ ઘટાદિ વસ્તુ. તેમજ આકારરૂપે સ્થાપિત કરાય તે સ્થાપના રૂપ ઘટ વગેરે વસ્તુ, તેમજ (રૂપ વગેરે) ગુણોના સમુદાય રૂપ (અથવા ગુણના આશ્રયરૂપ) દ્રવ્ય-ઘટાદિ વસ્તુ અને ચોક્કસ વિશિષ્ટ પર્યાયરૂપ ભાવ ઘટાદિ વસ્તુ છે. આવા નામાદિ રૂપ ઘટાદિ વસ્તુને વિષે પ્રસિદ્ધપૂર્વ એવા શબ્દથી અર્થનું જ્ઞાન તે **સાંપ્રત-નય** કહેવાય એમ સમસ્ત અર્થ છે. પ્રસિદ્ધપૂર્વ એટલે જે પૂર્વમાં પ્રસિદ્ધ = નિર્જ્ઞાત હોય, જણાયેલ હોય. પૂર્વમાં એટલે સંજ્ઞાનો સંબંધ (નામકરણ) કરવાના કાળે આ ઘટાદિ શબ્દ એ અભિધાનપણે - તે તે અર્થના બોધક શબ્દરૂપે પ્રસિદ્ધ થયેલો છે... અર્થાત્ તે નામ-સ્થાપના આદિ રૂપ ઘટાદિ વસ્તુ પૈકી અમુક પ્રકારનો 'જે ઘટ આદિ અર્થ છે, તેનો આ (ઘટાદિ શબ્દ) વાચક છે' એ પ્રમાણે ઠરાવવું, નક્કી કરવું તે પ્રસિદ્ધપૂર્વ કહેવાય છે. આમ આવા વાચ્ય (ઘટાદિ પદાર્થ) અને વાચક ('ઘટ' શબ્દ) રૂપ સંબંધનો સંકેત કરવાથી અથવા (અમુક પદનો બીજા પદમાં સંબંધ થવાની) યોગ્યતારૂપ સંબંધનો જેને વિષે અવબોધ થયો છે એવા શબ્દથી એટલે કે અભિધાનથી/નામથી જે ઘડા વગેરે અર્થને વિષે (વાચ્ય પદાર્થને વિષે) પ્રત્યય = જ્ઞાન થવું તે સાંપ્રતનય કહેવાય.

અહીં કહેવાનો **ભાવ** આ પ્રમાણે છે - નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ એ ચાર પ્રકારના અર્થ પૈકી અમુક ખાસ વિશિષ્ટ એવા વર્તમાન પર્યાયને પામેલાં એવા જ ઘટાદિ

---

१. ख.पू. । संज्ञासंज्ञिसं० मु. ।

प्रवृत्तोऽध्यवसायः साम्प्रताख्यामासादयति । यतो भाव एव शब्दाभिधेयो भवति, तेनाशेषाभिलषितकार्यकरणादिति ।

अधुना समभिरूढलक्षणं दर्शयन्नाह -

**भा० सत्सु अर्थेष्वसङ्क्रमः समभिरूढः ।**

**टी० सत्सु अर्थेषु** इत्यादि । **सत्सु** विद्यमानेषु वर्तमानपर्यायापन्नेष्वित्यर्थः । **अर्थेषु** घटादिषु **असङ्क्रम** इत्यन्यत्रागमनं शब्दस्य यत् सोऽसङ्क्रमः । यथा घट इत्यस्य शब्दस्य

---

અર્થને વિષે અર્થાત્ ભાવ-ઘટને વિષે જે શબ્દ વાચક રૂપે પ્રસિદ્ધ થયેલો હોય તે 'ભાવ' રૂપ અર્થનું અભિધાન/કથન કરનાર એવા શબ્દનો તેના વડે વાચ્ય ભાવ રૂપ (ઘટાદિ) અર્થને વિષે પ્રવૃત્ત થયેલ જે અધ્યવસાય તે 'સાંપ્રત' એવા નામાભિધાનને પામે છે - અર્થાત્ તેને 'સાંપ્રત' કહે છે. કારણ કે વસ્તુના ચોક્કસ પર્યાયરૂપ 'ભાવ' એ જ શબ્દનો અભિધેય છે, અર્થ છે, વાચ્ય છે. કારણ કે ભાવરૂપ અર્થથી જ સર્વપ્રકારના ઇષ્ટ કાર્યો કરાય છે. (પણ નામ-સ્થાપન - દ્રવ્ય રૂપ ઘટાદિ અર્થ વડે અભિલષિત કાર્ય કરાતું નથી.)

**ચંદ્રપ્રભા :** કહેવાનો **ભાવ** એ છે કે 'ઘડો' એવું નામ માત્ર એ પણ ઘડો કહેવાય. એ ઘડાનું ચિત્ર વગેરે દોરેલું હોય તે પણ સ્થાપના રૂપ ઘડો જ કહેવાય અને તે ઘડો બનાવવાની સામગ્રી માટી વગેરે પણ દ્રવ્ય ઘડો કહેવાય. પણ આ ત્રણેય પ્રકારના ઘડા એ પાણીને ધારણ કરવાના અથવા લાવવા-લઈ જવાના કામમાં આવતાં નથી. અર્થાત્ આ ત્રણેયમાં ઘડા-રૂપ અર્થનું મુખ્ય કાર્ય છે, તે કરવાનું સામર્થ્ય નથી. જ્યારે કુંભાર વડે માટીમાંથી બનાવેલો અને ભઠ્ઠામાં તપાવીને બહાર કાઢેલો પાકો ઘડો એ ભાવ-ઘડો છે. એ પાણી ભરવા વગેરે ઘડાની સર્વ પ્રકારની મુખ્ય ક્રિયા (કાર્ય) કરવાને સમર્થ છે માટે આવો ભાવ ઘડો જ 'શબ્દ' વડે કહેવાય છે, વાચ્ય છે. શબ્દના અર્થરૂપે પ્રસિદ્ધ પામેલો છે. આમ દરેક વસ્તુમાં 'ભાવ'રૂપ = ભાવ-પર્યાયવાળો પદાર્થ જ શબ્દ વડે અભિધેય છે, કહેવાય છે એમ જાણવું.

હવે શબ્દનયના બીજા પ્રકાર સ્વરૂપ (૨) **સમભિરૂઢ-નયનું લક્ષણ** દર્શાવતાં ભાષ્યકાર કહે છે -

**ભાષ્ય : સત્ = વિદ્યમાન (વર્તમાન પર્યાયવાળા) એવા (ઘટ આદિ) અર્થને વિષે શબ્દનો અસંક્રમ - અન્યત્ર અગમન (રૂપ અધ્યવસાય) તે સમભિરૂઢ નય કહેવાય છે.**

**પ્રેમપ્રભા : સત્** એટલે વિદ્યમાન અર્થાત્ વર્તમાન પર્યાયથી યુક્ત, વર્તમાનકાલીન.

विद्यमानं घटं चेष्टात्मकं विरहय्य नान्यत्र कुटाद्यर्थेऽभिधानसामर्थ्यमस्ति, अनभिधेयत्वात्, यदि चास्य घटशब्दस्य कुटादिरर्थोऽभिधेयो भवेदेवं सति यथोक्ताः सर्वसङ्करैकत्वादयो दोषा उपजायेरन्, इत्यतो न शब्दान्तराभिधेयोऽर्थोऽन्यशब्दस्याभिधेयो भवति, एवमसङ्क्रमगवेषणपरोऽध्यवसायः **समभिरूढः** ।

एवम्भूतनयलक्षणोन्निनीषया आह -

આવા સત્ એવા ઘટાદિ પદાર્થોને વિષે અસંક્રમ એટલે કે શબ્દનું અન્ય ઠેકાણે-અન્ય પદાર્થમાં જે અગમન - નહીં જવું તે અર્થાત્ સત્ = વિદ્યમાન-વર્તમાન એવા જ અસંક્રમ રૂપ સમભિરૂઢ-નય છે. **દા.ત. घटः** = એવા શબ્દનું વિદ્યમાન અર્થાત્ વર્તમાન જલધારણ આદિ ચેષ્ટાવાળા સ્વરૂપ ઘડાને છોડીને અન્ય અર્થને વિષે એટલે કે **कुट** વગેરે શબ્દના અર્થને વિષે 'ઘટ' શબ્દનું અભિધાન (કથન) કરવાનું સામાર્થ્ય નથી, કારણ કે 'ઘટ' શબ્દનો તે 'કુટ' વગેરે રૂપ અર્થ એ અભિધેય-વાચ્ય-કહેવા યોગ્ય અર્થ જ નથી.

**ચંદ્રપ્રભા :** કારણ કે ઘટ શબ્દ ચેષ્ટાત્મક ઘડાને જણાવે છે, જ્યારે 'કુટ' શબ્દ એ કૌટિલ્ય-પર્યાયથી યુક્ત ઘડાને જણાવે છે. આથી 'ઘટ' શબ્દનો અસંક્રમ હોવાથી તે 'કુટ' શબ્દના અર્થ રૂપ ઘડાને જણાવી શકતો નથી. આમ 'ઘટ' શબ્દથી જણાતો 'ઘડા' રૂપ અર્થ જુદો છે અને 'કુટ' શબ્દથી કહેવાતો 'ઘડા' રૂપ અર્થ જુદો છે એમ આ નય માને છે.

**પ્રેમપ્રભા :** અને જો આ 'ઘટ' રૂપ શબ્દનો 'કુટ' વગેરે રૂપ પદાર્થ એ અભિધેય-વાચ્ય હોય તો આ રીતે તો સર્વ વસ્તુના (વાચ્ય-વાચક રૂપ સંબંધમાં) સાંકર્ય અને એકત્વ = એકતા/અભેદ વગેરે યથોક્ત - જે પ્રમાણે કહેલાં છે તે બધાં દોષો ઉભા થશે. અર્થાત્ અનભિધેય - અવાચ્ય એવા પણ અર્થનો જો શબ્દ એ વાચક બનશે તો સર્વ શબ્દ સર્વ વસ્તુનું અભિધન (કથન) કરનાર બનવાથી સાંકર્ષ - દોષ આવશે. તથા બધાં જ શબ્દોથી જો અવાચ્ય એવા અર્થ જણાવાતા હોય તો બધાં જ શબ્દો અને અર્થો એક-અભેદ બનવા રૂપ દોષ આવશે. આમ આવા બધા દોષ આવવાથી અન્ય શબ્દથી અભિધેય = વાચ્ય-કહેવાતો અર્થ એ અન્ય શબ્દનો અભિધેય-વાચ્ય-અર્થ બની શકતો નથી. આ પ્રમાણે અસંક્રમ એટલે 'પોતાના વાચ્ય એવા સત્ = વિદ્યમાન અર્થ સિવાયના અન્ય અર્થમાં અગમન' રૂપ સિદ્ધાંતને શોધવામાં તત્પર અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં પ્રવીણ એવો જે અધ્યવસાય - અભિપ્રાય વિશેષ તે સમભિરૂઢ-નય કહેવાય છે.

હવે શબ્દનયનો જે ત્રીજા ભેદ (૩) **એવંભૂત નય** છે, તેના લક્ષણને જણાવવાની

१. पादिषु । घटाभि० मु. । २. पादिषु । ङ्करत्वा० मु. । ३. पू. । न्यस्य श० मु. । ४. पू. । परोऽध्य० मु. ।

**भा० व्यञ्जनार्थयोरेवम्भूत इति ।**

**टी० व्यञ्जनेत्यादि । व्यञ्जनं** शब्दस्तस्यार्थः अभिधेयो वाच्यः[1], **तयोर्व्यञ्जनार्थयोरेवं** संघटनं करोति घट इति यदिदमभिधानं तच्चेष्टाप्रवृत्तस्यैव जलधारणाहरणसमर्थस्य वाचकं, चेष्टां च जलाद्यानयनरूपां कुर्वाणो घटो मतः, न पुनः क्रियातो निवृत्तः । इत्थं यथार्थतां प्रतिपद्यमानोऽध्यवसाय **एवम्भूतो**ऽभिधीयते इति ।

---

અભિલાષાવાળા ભાષ્યકાર આ પ્રમાણે કહે છે -

## * એવંભૂત નયનું લક્ષણ *

**ભાષ્ય : વ્યંજન અને અર્થનો વિશેષક હોય તે એવંભૂત નય કહેવાય.**

**પ્રેમપ્રભા :** વ્યંજન એટલે શબ્દ અને તેનો 'અર્થ' એટલે અભિધેય = વાચ્ય રૂપ પદાર્થ... એવંભૂત-નય આ બે વ્યંજન અને અર્થનું આ પ્રમાણે સંઘટન - સંયોજન કરે છે કે, **ઘટઃ** એવો જે આ શબ્દ છે તે ચેષ્ટા કરવામાં પ્રવર્તતો હોય એટલે કે પોતાની અર્થ-ક્રિયા જલધારણ કરવામાં, લઈ જવામાં સમર્થ બનેલો હોય, એવા જ ઘડા રૂપ અર્થનો વાચક છે. (પણ ખાલી પડી રહેલો હોય તેવા ઘડાનો વાચક નથી) કારણ કે આ નય વડે જલ આદિને લાવવા (આનયન) વગેરે રૂપ ચેષ્ટાને કરતા એવા જ ઘડાને ઘડા તરીકે માનેલો છે. પણ ચેષ્ટા વગેરે પોતાની અર્થક્રિયાથી નિવૃત્ત થયેલો અર્થાત્ જલધારણ કે જલ-આનયન વગેરે રૂપ ચેષ્ટાથી રહિત હોય તેને આ નય ઘડા તરીકે સ્વીકારતો નથી. આ પ્રમાણે દરેક વસ્તુની યથાર્થતાનો એટલે કે અત્યંત વાસ્તવિક અર્થનો સ્વીકાર કરનારો જે અધ્યવસાય - બોધવિશેષ તે એવંભૂત નય કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** આ ત્રણેય નયો જો કે શબ્દનયના જ ભેદો-પ્રકારો છે, છતાંય તે ઉત્તરોત્તર સૂક્ષ્મ-સૂક્ષ્મતર અર્થનો સ્વીકાર કરનારા છે. દા.ત. પ્રથમ સાંપ્રત નય એ ઘટ, કુટ, કુંભ વગેરે પર્યાય (સમાનાર્થી) શબ્દોનો એક જ ઘડા રૂપ અર્થ માને છે. તેમાં વ્યુત્પત્તિ - એટલે કે ધાતુ પ્રત્યય વગેરે નિમિત્તના તફાવતને કારણે અર્થનો તફાવત સ્વીકારતો નથી. જ્યારે બીજો સમભિરૂઢ રૂપ શબ્દનય એ શબ્દ બદલાતાં અર્થ પણ બદલાય છે એમ માને છે, કેમ કે દરેક શબ્દ કોઈને કોઈ ધાતુ-પ્રત્યય વગેરે નિમિત્તને લઈને બનેલો છે. આથી તેની વ્યુત્પત્તિ જુદી હોવાથી એટલે કે નિરુક્તાર્થ જુદો હોવાને લીધે વાચ્ય-અભિધેય રૂપ અર્થ પણ જુદો જ હોય. **ઘટઃ** શબ્દથી જે ઘડો કહેવાય છે તે જ **કુટઃ** કે **કુમ્ભઃ** શબ્દથી નથી કહેવાતો. પણ જુદો જ અર્થ કહેવાય છે. તે જ

---

१. पादिषु । च्यम्० मु. ।

**भा० अत्राह-उद्दिष्टा भवता नैगमादयो नयाः । तन्नया इति कः पदार्थ इति ? अत्रोच्यते-नयाः प्रापकाः कारकाः साधका निर्वर्तका निर्भासका उपलम्भका व्यञ्जका इत्यनर्थान्तरम् ।**

**टी०** अत्रावकाशे चोदकः प्रश्नयति-**उद्दिष्टाः** अभिहिताः लक्षणतस्त्वया **नैगमादयः**

પ્રમાણે ઈન્દ્ર, શક્ર, પુરન્દર અને રાજન્, નૃપ, નૃપતિ વગેરે શબ્દો સંબંધી પણ સમજવું. આમ દરેક શબ્દની નિરુક્તિ-વ્યુત્પત્તિ જુદી હોવાથી અર્થ જુદો પડે છે તેને લઈને પર્યાયવાચક શબ્દોનો પણ અર્થ પરસ્પર જુદો હોય છે એમ આ સમભિરૂઢ નય માને છે. સાંપ્રત શબ્દનય પર્યાય શબ્દોનો એક જ અર્થ માનતો હતો. જ્યારે આ નય પર્યાય શબ્દોનો પણ અર્થ પરસ્પર જુદો માને છે. શબ્દે શબ્દે જુદો અર્થ માને છે. આમ સાંપ્રતનય કરતાં આ સમભિરૂઢ નય વધારે સૂક્ષ્મ છે.

સમભિરૂઢ નય કરતાં પણ ત્રીજો એવંભૂત નયરૂપ શબ્દનય વધુ સૂક્ષ્મ અર્થનો સ્વીકાર કરે છે. સમભિરૂઢ નય તો ચેષ્ટા વગેરે ક્રિયા રૂપ શબ્દનું નિમિત્ત બદલાતાં શબ્દનો અર્થ જુદો પડે છે એમ માને છે. જ્યારે એવંભૂત નય તો કહે છે કે તે શબ્દના નિમિત્તભૂત ચેષ્ટા પણ પ્રવર્તતી હોય ત્યારે જ તે યથાર્થ કહેવાય. અર્થાત્ જે ઘડો જલને ધારણ કરવાની અથવા લાવવા વગેરે પોતાની ચેષ્ટારૂપ ક્રિયાને કરતો હોય ત્યારે જ તે 'ઘડો' કહેવાય. પરંતુ ઉક્ત ચેષ્ટારૂપ ક્રિયા ન કરતો હોય ત્યારે તે ઘડો ન કહેવાય. પુરને-શત્રુઓના નગરને હણવાની ક્રિયા કરતો હોય ત્યારે જ ઈન્દ્ર એ પુરંદર કહેવાય. પણ એ સિવાય ઐશ્વર્ય આદિ ભોગવતો હોય ત્યારે (**इन्दते इति इन्द्रः**) ઈન્દ્ર કહેવાય પણ પુરંદર ન કહેવાય. રાજા પણ મનુષ્યોનું - પ્રજાનું રક્ષણ કરે ત્યારે જ (**नॄन् पाति इति नृ + प = नृपः**) 'નૃપ' કહેવાય પણ સૂતો હોય ત્યારે 'નૃપ' ન કહેવાય એમ આ નય કહે છે. આમ દરેક અર્થ સંબંધી સમજવું. આમ આ ત્રણેય પ્રકારના શબ્દનયો ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ અર્થનો સ્વીકાર કરનારા છે એમ સારાંશ છે. નૈગમાદિ જો કે, સાને ય નયો ઉત્તરોત્તર સૂક્ષ્મ અર્થનો બોધ કરનારા છે, તે અન્ય ગ્રંથોથી જાણી લેવું.

**ભાષ્ય : અહીં શિષ્ય પ્રશ્ન કરે છે. પ્રશ્ન : આપે નૈગમ વગેરે નયો કહ્યાં. તેમાં 'નયો' એ શું પદાર્થ છે ?**

**જવાબ :** આ વિષયમાં કહેવાય છે- ૧. નયો ૨. પ્રાપક ૩. કારક ૪. સાધક ૫. નિર્વર્તક ૬. નિર્ભાસક ૭. ઉપલંભક અને ૮. વ્યંજક એ અનર્થાન્તર છે અર્થાત્ સમાનાર્થી-પર્યાય શબ્દો છે.

**પ્રેમપ્રભા :** અહીં અવકાશ/અવસર હોવાથી ભાષ્યમાં શિષ્ય પ્રશ્ન કરે છે-

१. टीकानु० । तत्र न० मु. ।

पञ्च । अतो नैगमादिसूत्रे । नया इति यदभिधानं तस्यानेककारकसन्निधाने सति कः प्रत्ययार्थो ग्राह्य इति संशयानः पृच्छति-**तन्नया इति कः पदार्थः ?** । तदित्यनेन बहुवचनान्तमभिधानं नया इत्येतन्निर्दिशति, नया इति तु **इतिशब्दः** नया इत्यस्य पदार्थविपर्यासकृत्, नया इत्यस्य शब्दस्य कः पदार्थः । **ननु** च कोऽर्थ इतीयता सिद्धम् ? तत्र पदार्थ इति पदग्रहणमतिरिच्यते ? **उच्यते**-शब्दस्य हि द्विविधोऽर्थो वाच्यो गम्यश्च, यथा गुड इत्युक्ते द्रव्यं वाच्यम्, माधुर्यादयस्तु गम्याः, एवमिहापि वाच्योऽर्थो यः कश्चित् कर्त्रादिरूपः शेषस्तु गम्य इति, तत्रेह वाच्यमर्थं

**પ્રશ્ન :** આપના વડે નૈગમ આદિ પાંચ નયો લક્ષણથી કહેવાયા. આથી **નૈગમસંગ્રહ૦** (૧-૩૪) સૂત્રમાં જે '**नयाः**' એ પ્રમાણે અભિધાન છે, શબ્દ છે, તેમાં અનેક કારકોનું સંનિધાન = સમીપતા હોતે છતે તેના પ્રત્યયનો કયો અર્થ લેવા યોગ્ય છે ? આ પ્રમાણે શંકા કરતો એવો શિષ્ય ભાષ્યમાં પ્રશ્ન ઉઠાવે છે કે, '**नयाः**' નયો એ શું પદાર્થ છે ? આ સમૂહાર્થ છે. ટીકાકાર અવયવ-અર્થ જણાવે છે. **तद्** શબ્દથી ભાષ્યકાર બહુવચનાન્ત **नयाः** એવા પદનો નિર્દેશ કરે છે. **नया इति** એવા પ્રયોગમાં **इति** શબ્દ એ **नयाः** એવા પદાર્થને બદલનારો છે. આથી '**नयाः** એવા શબ્દનો શું પદાર્થ છે ?' એવો અર્થ પ્રાપ્ત થાય છે. અર્થાત્ **इति** દ્વારા **नयाः** એ પદનો શબ્દ-પરક અર્થ કરાય છે અને ષષ્ઠી-વિભક્તિરૂપે ફેરફાર કરાય છે.

### ❋ ભાષ્યમાં 'અર્થ'ને બદલે 'પદાર્થ' કહેવાનું પ્રયોજન ❋

**શંકા :** ભાષ્યમાં જે પ્રશ્ન-વાક્ય છે, તેમાં (**नयाः इति**) **कोऽर्थः** (શું અર્થ છે ?) એટલું જ કહેવાથી ચાલી જાય છે. આથી **कः पदार्थः** એમ કહેવાની જરૂર નથી. આમાં **पद** શબ્દનું ગ્રહણ અધિક/વધારાનું જણાય છે.

**સમાધાન :** એવું નથી, '**પદ**' - શબ્દના ગ્રહણ પાછળ આવો આશય રહેલો છે - શબ્દનો અર્થ બે પ્રકારનો હોય છે. (૧) વાચ્ય અને (૨) ગમ્ય.. જ્યારે **गुडः** (ગોળ) એમ કહેવાય ત્યારે (ગોળ રૂપી) 'દ્રવ્ય' એ વાચ્ય - અર્થ છે. અને તેની મિઠાશ-મધુરતા વગેરે અર્થ એ ગમ્ય છે, અનુમેય છે. (અર્થાત્ સીધો અર્થ ગોળ છે. પણ 'મિઠાશ' રૂપ અર્થ એ અર્થાપત્તિથી/સામર્થ્યથી જણાઈ જાય છે. મિઠાશ વિનાનો ગોળ હોતો નથી. માટે 'ગોળ' કહેવાતા મિઠાશનું પણ અનુમાન થાય છે.) આ બે અર્થો પૈકી અહીં પણ જે કોઈ 'કર્તા' આદિ રૂપ અર્થ એ 'વાચ્ય' અર્થ છે અને શેષ અર્થ એ ગમ્ય છે - અનુમેય છે.

१. पू. । तत्र० मु. । २. पादिषु । इयता० मु. । ३. सर्वप्रतिषु । द्धः० मु. । ४. पू. । सिद्धोऽ० मु. ।

पदग्रहणेन प्रश्नयति, पदस्यार्थो वाच्यः क इति, न तु गम्यमानम्, सूरिराह-**अत्रोच्यते-नयाः प्रापका** इत्यादिना, कर्त्रर्थः प्रदर्श्यते-नयन्त इति **नयाः**, सामान्यादिरूपेणार्थं प्रकाशयन्तीत्यर्थः । प्रापका इत्यनेन नयतेरन्तर्णीतण्यर्थता ख्यायते, प्रापयन्ति आत्मनि तं तमर्थं स्वाभिमताभिरुपपत्तिभिरिति । कुर्वन्तीत्यादिभिस्तु नयतेरर्थान्तरतापि शक्या कल्पयितुमित्येतद् दर्शयति-कुर्वन्ति तद् तद् विज्ञानमात्मन इति **कारकाः**, अपूर्वं प्रादुर्भावयन्ति

આમાં '**पद**' શબ્દના ગ્રહણથી ભાષ્યમાં 'વાચ્ય' અર્થ સંબંધી પ્રશ્ન કરે છે કે, 'પદ'નો 'વાચ્ય' અર્થ શું છે ? પણ ગમ્યમાન - અધ્યાહાર રૂપે જણાઈ જતાં અર્થ સંબંધી પ્રશ્ન કરાતો નથી. આમ 'પદ'ના ગ્રહણ દ્વારા 'પદ'થી જણાતા એવા વાચ્ય અર્થ સંબંધી પ્રશ્ન છે એમ સૂચવવા માટે **कोऽर्थः** । એમ કહેવાને બદલે '**कः पदार्थः** ।' એમ ભાષ્યમાં કહેલું છે.

### ❋ 'નય'ના પર્યાય શબ્દો ❋

હવે મૂળ પ્રશ્નનો જવાબ આપતાં સૂરિજી કહે છે -

**જવાબ :** આ વિષયમાં જવાબ કહેવાય છે કે, **नयाः प्रापकाः** વગેરે ૮ શબ્દો એ અનર્થાન્તર અર્થાત્ અભિન્ન-અર્થવાળા પર્યાયશબ્દો છે. આ આઠેય પર્યાયશબ્દોની વ્યુત્પત્તિ વડે અર્થ જણાવાય છે. તેમાં 'કર્તા'રૂપ કારક અર્થમાં આ શબ્દોની વ્યુત્પત્તિ બતાવાય છે. (૧) **નય : नयन्ते इति ( नी + अच् ) नयाः** । જે 'સામાન્ય' આદિ (આદિથી વિશેષ વગેરે) રૂપે અર્થને પ્રાપ્ત કરાવે - જણાવે - પ્રકાશિત કરે તે નય કહેવાય. આમ નય એટલે બોધ-વિશેષ અભિપ્રાય - વિશેષ (આમ સર્વત્ર વાચ્ય અર્થ સમજવો.) (૨) **પ્રાપક :** 'પ્રાપક' શબ્દ એ 'પ્રેરક' અર્થવાળો છે. (પ્રાપ્ત કરવું નહીં, પણ પ્રાપ્ત કરાવવું.) આ શબ્દ દ્વારા પૂર્વના 'નય' શબ્દમાં જે **नी** ધાતુ છે, તે અંતર્ભૂત **णि** પ્રત્યયના પ્રેરક/પ્રયોજક-કર્તારૂપ અર્થવાળો છે, એમ જણાવાય છે, સૂચવાય છે. અહીં **प्रापयन्ति** - એટલે કે આત્મામાં પોતાને અભિમત/ઇષ્ટ એવી યુક્તિઓ-તર્કો દ્વારા તે તે અર્થને જે પ્રાપ્ત કરાવે, સમજાવે તે '**પ્રાપક**' કહેવાય. (૩) **કારક : कुर्वन्ति** વગેરે આગળના પ્રયોગો વડે/પર્યાયો વડે તો '**नी**' ધાતુ કે જેના ઉપરથી **नय** શબ્દ બનેલો છે, તેના અન્ય અર્થની પણ કલ્પના કરવાને શક્ય છે. આ વાત 'કારક' શબ્દની વ્યુત્પત્તિ દ્વારા દર્શાવે છે. **कुर्वन्ति तद् तद् विज्ञानमात्मनः इति ( कृ + अक ) कारकाः** । આત્માને

विज्ञानमिति यावत् । तथा [2]संसिद्धिवचनोऽप्ययं, साधयन्ति शोभनानि अन्यो[3]न्यं व्यावृत्त्यात्मिकां विज्ञप्तिं जनयन्त्यतः **साधकाः** । तथा वर्तनार्थो[4]ऽपि निर्वर्तका इति निश्चितेन स्वेनाभिप्रायेणोत्पन्नाः तेऽध्यवसायविशेषा नाशमनासादयन्तो **निर्वर्तका** इति । तथा दीप्त्यर्थोऽप्ययम् । **निर्भासकाः** वस्त्वंशज्ञापनपरत्वात् । तथोपलब्ध्यर्थताऽप्यस्य उपलम्भका इति दर्शयत्यनेन, प्रतिविशिष्ट-क्षयोपशमापेक्षत्वात् तांस्तानर्थविशेषानत्यन्तसूक्ष्मानवगाहमानाः **उपलम्भका** इति । व्यञ्जनार्थोऽप्ययं **व्यञ्जका** इत्यनेन कथयति, व्यञ्जयन्ति-स्पष्टयन्ति-स्फुटीकुर्वन्ति स्वाभिप्रायेण वस्तु, यथाऽऽत्मस्वभावे स्थापयन्तीत्यर्थः । एतमेते किञ्चिद् भेदं प्रतिपन्ना अपि शब्दा

તે તે પ્રકારના વિજ્ઞાનને = જ્ઞાનવિશેષને કરાવે તે 'કારક' કહેવાય. અર્થાત્ આ 'કારક' એ આત્મામાં અપૂર્વ નવા જ જ્ઞાનને પ્રગટ કરે છે એમ ભાવ છે. (૪) **સાધક** : આ (**नय** શબ્દ એ) સંસિદ્ધિરૂપ અર્થવાળો પણ છે. આથી **साधयन्ति इति साधकाः** । એ પ્રમાણે પર્યાય-શબ્દની વ્યુત્પત્તિ થાય છે- પરસ્પર એકબીજાથી ભિન્ન = (વ્યાવૃત્તિરૂપ) અલગ તથા શોભન - સારી - પ્રશસ્ત એવી વિશિષ્ટ જ્ઞપ્તિ = વિજ્ઞપ્તિ/બોધ વિશેષને સાધે, ઉત્પન્ન કરે છે આથી 'સાધક' કહેવાય. (૫) **નિર્વર્તક** : તથા 'વર્તના' અર્થવાળો પણ (**नय** શબ્દ) છે. (**निर्वर्तयन्ति इति**) **निर्वर्तकाः** । **नि** = નિશ્ચિત થયેલાં પોતાના અભિપ્રાય વડે ઉત્પન્ન થયેલ તે અધ્યવસાય (બોધ) વિશેષ જેઓ નાશને નહિ પામતાં છતાં 'નિર્વિર્તક' કહેવાય છે. (૬) **નિર્ભાસક** : તથા '**नय**' શબ્દમાં **नी** ધાતુ 'દીપ્તિ' અર્થવાળો પણ છે. આથી વસ્તુના અંશનું જ્ઞાપન કરવામાં/જણાવવામાં તત્પર હોવાથી '**નિર્ભાસક**' કહેવાય છે. (૭) **ઉપલમ્ભક** : તેમજ (**नय** સંબંધી **नी** ધાતુ) 'ઉપલબ્ધિ' રૂપ અર્થવાળો પણ છે, એમ ઉપલંભક એવા પર્યાયશબ્દ દ્વારા બતાવે છે. (**उपलम्भयन्ति इति उपलम्भकाः**) અમુક ચોક્કસ વિશિષ્ટ (જ્ઞાનાવરણાદિ કર્મોના) ક્ષયોપશમની અપેક્ષા રાખતો હોવાથી તે તે અત્યંતસૂક્ષ્મ અર્થના વિશેષોનું/ભેદોનું/પ્રકારોનું જે અવગાહન કરે, બોધ કરે તે 'ઉપલંભક' કહેવાય છે. (૮) **વ્યંજક** : ઉક્ત **नी** ધાતુ વ્યંજન-ક્રિયારૂપ અર્થવાળો પણ છે, એમ 'વ્યંજક' એવા પર્યાયશબ્દથી કહે છે. **व्यञ्जयन्ति - इति व्यञ्जकाः** । જે પોતાના અભિપ્રાય વડે વસ્તુને અભિવ્યક્ત કરે, સ્પષ્ટ કરે, પ્રગટ કરે તે 'વ્યંજક' કહેવાય. અર્થાત્ વસ્તુનો જેવો પોતાનો સ્વભાવ હોય તેવા રૂપે સ્થાપિત કરે છે, સિદ્ધ કરે છે.

**ચંદ્રપ્રભા** : અહીં 'નય' શબ્દના પર્યાય શબ્દોની વ્યુત્પત્તિ કરતાં 'નય' શબ્દમાં રહેલ **नी** ધાતુના જુદાં જુદાં અનેક અર્થો પણ છે એ **धातूनां अनेकार्थाः** ધાતુઓના (પ્રસિદ્ધ અર્થ ઉપરાંત)

१. पू. । सिद्धि० मु. । २. सर्वप्रतिषु । चनोपायं० मु. । ३. पू. । न्यन्या० ४. पू. । वर्तमाना० मु. ।

भाष्यकारेणानर्थान्तरमिति व्यपदिष्टा **इत्यनर्थान्तरमिति**।

सकर्मकाणां प्राप्येण कर्मणा भवितव्यमिति दर्शयति -

**भा० जीवादीन् पदार्थान् नयन्ति प्राप्नुवन्ति कारयन्ति साधयन्ति निर्वर्तयन्ति निर्भासयन्ति उपलम्भयन्ति व्यञ्जयन्तीति नयाः ।**

**टी० जीवादीन् पदार्थान् नयन्तीत्यादि** । अत्र च णीञ्[1]-प्रयोगो नयतेरर्थ इति **जीवादीन्** शास्त्रप्रतिपाद्यान् सप्त **पदार्थानि**त्यनेन वाच्यान् व्यपदिशति, न गम्यानिति[2], **तान्**

---

અનેક અર્થો હોઈ શકે છે એ ન્યાયથી સિદ્ધ થાય છે.)

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે આ આઠ શબ્દો એ કંઈક ભેદથી/તફાવતથી યુક્ત હોવા છતાંય ભાષ્યકાર વડે અનર્થાન્તર (અભિન્ન-અર્થવાળા/સમાનાર્થી) તરીકે કહેલાં છે, આથી અનર્થાન્તર = પર્યાયશબ્દો જાણવા. (અર્થાત્ જુદી જુદી વ્યુત્પત્તિ વડે અર્થ કંઈક જુદાં પડવા છતાંય છેવટે એક જ અર્થને જણાવનારા હોવાથી અભિન્ન-અર્થવાળા સમજવા.)

**'नय'** વગેરે શબ્દોમાં રહેલ **नी** વગેરે ધાતુઓ/ક્રિયાઓ એ સકર્મક છે. કર્મ-સહિત છે આથી તે દરેકનું કોઈને કોઈ 'પ્રાપ્ય' એવું કર્મ હોવું જોઈએ. (દા.ત. **नयन्ते** = લઈ જાય છે, **प्राप्नुवन्ति** = પ્રાપ્ત કરે છે. તો અહીં કોને લઈ જાય છે ? પ્રાપ્ત કરે છે ? એમ પ્રાપ્ય કર્મની અપેક્ષા રહે છે.) આથી ભાષ્યમાં તે બતાવે છે.

**ભાષ્ય : (जीवादीन् पदार्थान् नयन्ते ઇત્યાદિ) જીવ આદિ પદાર્થોને પ્રકાશિત કરે, (જણાવે) તે નય. તેમજ (સામાન્ય આદિ રૂપે) પ્રાપ્ત કરાવે, બોધ કરાવે, સાધે, ઉત્પન્ન કરે, નિર્ભાસન (પ્રકાશન) કરે, ઉપલંભન કરે, વ્યંજન/અભિવ્યક્તિ કરે તે 'નયો' કહેવાય. (ઉક્ત દરેક ક્રિયાપદો સકર્મક છે અને 'જીવાદિ પદાર્થો' એ તેનું 'કર્મ' છે.)**

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **जीवादीन् पदार्थान् नयन्ति इति नयाः** ઇત્યાદિ અન્વય છે. અહીં **नी** ધાતુનો અર્થ **णीञ्** ના પ્રયોગોરૂપ છે અર્થાત્ 'પ્રેરક' અર્થ છે. (અર્થાત્ પ્રાપ્ત કરે એમ નહીં પણ જીવાદિ અર્થને પ્રાપ્ત કરાવે, જણાવે (તે **'नय'**) એમ અર્થ સમજવાનો છે.) અહીં 'જીવાદિ પદાર્થોને' પ્રકાશિત કરે તે 'નય'. એમાં જીવાદિ એટલે શાસ્ત્ર વડે પ્રતિપાદ્ય = કહેવાતા એવા જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ (પૂર્વે કહેલાં) સાત પદાર્થો લેવાના છે. 'અર્થો' એમ કહેવાને બદલે 'પદાર્થો' એમ કહેવાથી

---

१. पू. । ञः० मु. । २. ख.पू. । म्यान्० मु. ।

**नयन्त**[1] **इति नयाः** । नयन्तीत्यादिना च यः कर्ता दर्शितस्तमेवानन्यं क्रियातो दर्शयति, यतो नयाः नयन्त इत्यनेन कर्तुः प्राधान्यं क्रियाया[2] गुणभाव इति कैश्चित् प्रतिपन्नं क्रियायाः प्राधान्यं कर्तुगुणभाव इति । इह तथा नात्यन्तिकः कर्तृक्रिययोर्भेदोऽस्तीति, यतः स एव पदार्थः कर्तेत्यैवं व्यपदिश्यते स्वतन्त्रत्वात्, तथा स एव च साध्यात्मना वर्तमानः क्रियेत्याख्यायते, अतः कर्तृक्रिययोरनेनात्यन्तिकं भेदं निरस्यति-**नयन्त**[4] इत्यादिना ।

'વાચ્ય' રૂપ અર્થ લેવાના છે, પણ 'ગમ્ય' રૂપ અર્થ લેવાના નથી એમ સમજવાનું છે. આમ તે જીવાદિ અર્થોને **नयन्ति इति नयाः** । વળી **नयन्ति** (પ્રાપ્નુવન્તિ) ઇત્યાદિ ક્રિયાપદો વડે જે 'કર્તા' બતાવેલો છે, તેને જ ક્રિયાપદથી અનન્ય-અભિન્ન રૂપે બતાવે છે. પણ 'કર્તા'ને ક્રિયાથી ભિન્ન રૂપે દર્શાવતાં નથી. કારણકે **नयाः नयन्ते** અહીં **नयाः** એ કર્તા છે અને તેની પ્રધાનતા છે. જ્યારે **नयन्ति** એવા ક્રિયાપદની ગૌણતા છે. એમ કેટલાંકોએ માનેલું છે. વળી બીજા કેટલાંકો વડે (**ભટ્ટોજી દીક્ષિત** આદિ વૈયાકરણો વડે) ક્રિયા(પદ)ની પ્રધાનતા અને કર્તાનું ગૌણપણું કહેલું છે. પણ અહીં તે પ્રમાણે કર્તા અને ક્રિયાપદ વચ્ચે આત્યંતિક ભેદ નથી કારણ કે તે જ પદાર્થ સ્વતંત્રપણાથી 'કર્તા' એ પ્રમાણે કહેવાય છે અને તે જ પદાર્થ (કર્તારૂપ) એ સાધ્યરૂપ વર્તતો હોવાથી 'ક્રિયા' એ પ્રમાણે કહેવાય છે. આથી 'કર્તા' અને 'ક્રિયા' વચ્ચે કેટલાંકો વડે જે આત્યંતિક ભેદ/તફાવત માનેલો છે તેનું **नयन्ति** (**नयन्ते**) વગેરે ક્રિયાપદોનો પ્રયોગ કરવા દ્વારા નિરાકરણ (નિષેધ) કરે છે.

**ચંદ્રપ્રભા** : કહેવાનો આશય એ છે કે, '**नय**' શબ્દના પર્યાય શબ્દો કહેવાના હતાં ત્યાં **नयाः प्रापकाः कारकाः** ઇત્યાદિ શબ્દો કહ્યા. તથા તેના 'કર્મ'ને જણાવવાનો પ્રસંગ આવ્યો ત્યારે **जीवादीन् पदार्थान् नयन्ति प्राप्नुवन्ति** ઇત્યાદિ રૂપ ક્રિયાપદનો પ્રયોગ કરેલો છે. કારણ કે જો **नयाः प्रापकाः** એવા પદો જ કહેવાય તો **जीवादीनां पदार्थानां नयाः, प्रापकाः** એમ કર્મને ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ થાય. આથી કોઈને શંકા થાય કે, **जीवादीनां** એમાં કર્મમાં કે સંબંધ અર્થમાં ષષ્ઠી છે ? આવી શંકા ન થાય તે માટે **जीवादीन् पदार्थान्** એમ કર્મથી થનારી, દ્વિતીયા, વિભક્તિવાળો પ્રયોગ અકબંધ-અખંડ રાખવો જરૂરી છે. આ રીતે **जीवादीन्** પદ એ કર્મ જ છે એમ સ્પષ્ટ ખ્યાલ આવે છે. હવે જો **जीवादीन् पदार्थान्** એમ દ્વિતીયા વિભક્તિવાળો પ્રયોગ કરવો હોય તો **नयन्ति, प्राप्नुवन्ति** વગેરે ક્રિયાપદોનો જ પ્રયોગ કરવો પડે કારણ કે તેવા ક્રિયાપદોના યોગમાં/સંબંધમાં જ જીવાદિ પદાર્થોને **जीवादीन्** એમ સ્પષ્ટ દ્વિતીયાવિભક્તિવાળો નિર્દેશ થઈ શકે. આથી ભાષ્યમાં **जीवादीन् पदार्थान् नयन्ति, प्राप्नुवन्ति व्यञ्जयन्ति** એમ ક્રિયાપદો સહિત પ્રયોગ કરેલો છે.

१. सर्वप्रतिषु । यन्ति० मु. । २. पादिषु, कै. । यायां० मु. । ३. पादिषु, कै. । व० मु. । ४. सर्वप्रतिषु । नयन्ति० मु.।

नयशब्दार्थे निरूपिते चोदकोऽचूचुदत् -

**भा० अत्राह-किमेते तन्त्रान्तरीया वादिन आहोस्विद् स्वतन्त्रा एव चोदकपक्षग्राहिणो मतिभेदेन विप्रधाविता इति ? । अत्रोच्यते-नैते तन्त्रान्तरीयाः, नापि स्वतन्त्राः मतिभेदेन**

**❋ नयाः અને नयन्ति નો અપેક્ષાએ અભિન્ન અર્થ છે ❋**

**પ્રેમપ્રભા :** એમ જણાય છે.હવે **जीवादीन् पदार्थान् नयन्ति ये ( ते नयाः )** જે જીવાદિ પદાર્થોને (અંશતઃ) પ્રકાશિત કરે તે **નયો** કહેવાય. આમ જે = એટલે નયો. આથી **नयाः नयन्ते** = નયો એ જીવાદિ અર્થોને સામાન્યાદિ રૂપે જણાવે છે. આ પ્રયોગમાં **नयाः** એ કર્તા છે અને **नयन्ते** એ ક્રિયા(પદ) છે. આ બન્નેયમાં મુખ્ય કોણ અને ગૌણ કોણ ? કર્તા કે ક્રિયાપદ ? આ અંગે કેટલાંકોના જુદા જુદા મત છે. કોઈ કર્તાને (**नयाः** ને) અને કોઈ ક્રિયાપદને (**नयन्ते** ને) મુખ્ય કહે છે, બીજાને ગૌણ કહે છે. આથી આવા મતોનું નિરાકરણ/ખંડન કરતાં ટીકાકાર જણાવે છે કે, **नयाः नयन्ति** વગેરે પ્રયોગોમાં **नयन्ति** એ પદ વડે કર્તા કહેવાય છે, અભિહિત થાય છે. આથી તેવા ક્રિયાપદો વડે જે '**नयाः**' એવું 'કર્તા'રૂપ પદ બતાવેલું છે, તે ક્રિયાપદથી અભિન્ન છે, જુદુ નથી. અર્થાત્ **नयाः** પદનો જે અર્થ છે તે જ **नयन्ति** પદનો પણ અર્થ છે. 'નયો (જીવાદિ પદાર્થોનો) બોધ કરાવે છે' એમ તેનો અર્થ છે. આમા 'જે નયો છે તે જ બોધ કરાવે છે અને જે બોધ કરાવે છે તે જ નયો છે.' આમ બન્નેય 'કર્તા' અને 'ક્રિયા' વચ્ચે અભેદ છે.

**ચંદ્રપ્રભા :** ફક્ત એટલો તફાવત છે કે, એક **नयाः** વગેરે (કર્તા)એ દ્રવ્યરૂપે પ્રકાશે છે માટે તેને નામ-વિભક્તિના પ્રત્યયો લાગે છે અને બીજુ (**नयन्ति** વગેરે) ક્રિયાપદ એ ક્રિયા-પ્રધાન શબ્દપ્રયોગ છે અને આથી તેને **ति** વગેરે ધાતુને લગતાં વિભક્તિના પ્રત્યયો લાગે છે. બન્નેય વ્યાકરણની દૃષ્ટિએ સમાનાધિકરણ = સમાન-અર્થના વાચક છે. આથી બન્નેય વચ્ચે અભેદ છે પરંતુ, એકાંતે **नयाः** વગેરે 'કર્તા'ની પ્રધાનતા કે ગૌણતા નથી તેમજ **नयन्ति** વગેરે ક્રિયાની પણ પ્રધાનતા કે ગૌણતા-ઉક્ત પ્રયોગમાં નથી, એમ ટીકાકારનો કહેવાનો ભાવ-સારાંશ જણાય છે.

**नय** શબ્દના અર્થનું નિરૂપણ કરાયે છતે શિષ્યાદિ અન્ય વ્યક્તિ ભાષ્યમાં પ્રશ્ન ઉઠાવે છે.

**ભાષ્ય : અહીં શિષ્યાદિ પૂછે છે - પ્રશ્ન : શું આ નયો એ (જૈનશાસ્ત્રથી) અન્ય-શાસ્ત્રમાં**

विप्रधाविताः । ज्ञेयस्य त्वर्थस्याध्यवसायान्तराण्येतानि ।

टी० य एते नैगमादयो वस्त्वंशपरिच्छेदव्यापृता नयाः **किमेते तन्त्रान्तरीया** इत्यादि । तन्यन्ते-विस्तार्यन्तेऽस्मिन्ननेन वा जीवादयः पदार्थाः **तन्त्रं** जैनं[1] प्रवचनं तस्मादन्यत् **काणभुजादिशास्त्रं** तन्त्रान्तरं तस्मिन् भवाः कुशला वा **तन्त्रान्तरीयाः** । [2]गहादित्वात् शः [पा० ४-२-१३८] स्वशास्त्रसिद्धानर्थानवश्यं वदन्तीति **वादिनः** । [3]अतः किं वैशेषिकादयो वादिनो नया भण्यन्ते? **आहोस्वित्** 'उत' इत्यस्य पक्षान्तरसूचकस्य निपातस्यार्थे प्रयुक्तः ।

(દર્શનમાં) થયેલાં વાદીઓ છે ? કે પછી સ્વતંત્ર જ હોયને (દુરુક્ત આદિ દોષના સૂચક) પૂર્વપક્ષના વિષયનું ગ્રહણ કરનારા બુદ્ધિભેદથી વસ્તુનું અયથાર્થરૂપે નિરૂપણ કરનારા છે ? આ વિષયમાં જવાબ અપાય છે -

જવાબ : આ નયો અન્ય શાસ્ત્રોમાં કહેલાં નથી કે સ્વતંત્ર પોતાની બુદ્ધિના ભેદ વડે અયથાર્થરૂપે નિરૂપણ કરનારા પણ નથી. કિંતુ, જ્ઞેય પદાર્થના અધ્યવસાય (વિજ્ઞાન) વિશેષ રૂપ છે.

### ❋ 'तन्त्रान्तरीय' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં પૂર્વપક્ષ પ્રશ્ન ઉઠાવે છે -

**પૂર્વપક્ષ :** જે આ નૈગમ વગેરે વસ્તુના અંશનો પરિચ્છેદ = બોધ કરવામાં વ્યાપૃત થયેલાં = પ્રવૃત્ત થયેલાં નયો છે, શું તે તંત્રાન્તરીય વાદી છે ? તંત્ર શબ્દનો અર્થ આ પ્રમાણે છે **तन्यन्ते अस्मिन् अनेन वा इति तन्त्रम्** જેમાં અથવા જેના વડે જીવ વગેરે પદાર્થો તણાય - વિસ્તારાય તે 'તંત્ર' એટલે જૈનપ્રવચન = જૈનશાસ્ત્રો. તેનાથી અન્ય જે કાણભુજ = કાણાદ (એટલે કણાદ ઋષિ વડે પ્રણિત દર્શનશાસ્ત્રને કાણાદ કહેવાય.) અર્થાત્ વૈશેષિક આદિ શાસ્ત્ર એ 'તન્ત્રાન્તર' કહેવાય અને તેમાં થયેલ અથવા તેમાં કુશળ હોય તે તન્ત્રાન્તરીય કહેવાય અર્થાત્ અન્ય દર્શન-શાસ્ત્રમાં થયેલ. વ્યાકરણમાં 'ગહાદિ' શબ્દ-ગણમાં પાઠ કરવાથી [**गहादिभ्यश्च** પા. સૂત્ર૦ ૪-૨-૧૩૮ સિ. હે. **गहादिभ्यः** (૬-૩-૬૩)] **शः (ईय)** પ્રત્યય થયો છે. 'વાદી' એટલે જેઓ પોતાના શાસ્ત્રમાં સિદ્ધ થયેલ અર્થોનો અવશ્ય વાદ કરે, પ્રતિપાદન કરે - તે પ્રસ્તુતમાં વાદી કહેવાય. આમ તંત્રાન્તરીય વાદીઓ એટલે જૈન-પ્રવચનથી અન્ય એવા દર્શનમાં/શાસ્ત્રોમાં થયેલાં અથવા તેમાં કુશળ એવા વૈશેષિક વગેરે વાદીઓ કહેવાય. આથી શું વૈશેષિક વગેરે વાદીઓ કે જેઓ જૈન

१. पादिषु । नप्र० मु. । २. ख. ? लि । गे० पू. । ३. पादिषु । तत्० मु. । ४. पू. । अथवेत्य० मु. ।

**स्वतन्त्रा एवेति** । **स्वं** आत्मीयं **तन्त्रं** शास्त्रं येषां ते स्वतन्त्राः, स्वप्रधानाः जिनवचनमेव स्वबुद्धया विभजन्त एवमाहुः । **चोदकपक्षग्राहिण** इति । चोदको दुरुक्तानुक्तादिसूचकस्तस्य पक्षो विषयः तं चोदकपक्षं ग्रहीतुं शीलमेषामिति चोदकपक्षग्राहिणः । **मतिभेदो** बुद्धिभेदस्तेन **विप्रधाविताः**, अयथार्थनिरूपका इतियावत् । एवं चोदयतोऽयमभिप्रायः-यद्ययं[1] तन्त्रान्तरीयत्वमेषां दर्शयिष्यति नास्य वक्ष्यमाणो विप्रतिपत्तिदोष आपत्स्यते, अथ स्वतन्त्रा

પ્રવચનથી અન્ય છે એ શું નયો કહેવાય છે ? કે પછી ( **विप्रधाविताः** ) આ નયો એ સ્વતંત્ર જૈનશાસનમાં જ રહેલ પોતાની મતિભેદથી અર્થાત્ બુદ્ધિ વડે વસ્તુનું અયથાર્થરૂપે નિરૂપણ કરનાર છે ? આ પ્રમાણે પ્રશ્ન વાક્યનો સમૂહ-અર્થ થયો. તેના એક એક અવયવનો અર્થ ટીકામાં કહે છે.

ભાષ્યમાં **आहोस्वित्** શબ્દ છે તે **'उत'** એવા પક્ષાન્તર = અન્ય પક્ષને સૂચવનારાં નિપાતના અર્થમાં પ્રયોજેલો છે. એટલે કે 'અથવા' એવા અર્થમાં છે. **स्वतंत्रा एव** । અહીં સ્વતંત્ર એટલે સ્વ = પોતાનું, આત્મીય, તંત્ર = એટલે શાસ્ત્ર, એ છે જેઓનું તે સ્વતંત્ર કહેવાય. અર્થાત્ સ્વ-પ્રધાન = પોતાના જ અભિપ્રાયને મહત્ત્વ આપનારા કેટલાંક વ્યક્તિઓ જિનવચનને જ પોતાની બુદ્ધિ વડે વિભાજિત કરે છે, વિશ્લેષણ કરે છે. તેઓ આવા 'સ્વતંત્ર' કહેવાય છે. વળી આવા સ્વતંત્ર હોયને ચોદક પક્ષગ્રાહી હોય તેમાં ચોદક એટલે વિવક્ષિત અમુક ગ્રંથમાં જે દુરુક્ત, અનુક્ત આદિ દોષો હોય તેને.સૂચવનારા... જે અર્થ ખોટો હોય - અયથાર્થ હોય તે **દુરુક્ત** કહેવાય અને કહેવા યોગ્ય જે વસ્તુને યથાસ્થાને ન કહી હોય તે 'અનુક્ત' કહેવાય. આવા દોષને સૂચવનારનો જે પક્ષ = વિષય તેનું ગ્રહણ કરનારા = ગ્રહણ કરવાના સ્વભાવવાળા હોવા ઉપરાંત મતિભેદ વડે = બુદ્ધિ-ભેદ વડે વિપ્રધાવિત છે = એટલે કે અયથાર્થ વસ્તુનું નિરૂપણ કરનારા આ નયો છે ? આમ પક્ષાન્તરમાં પ્રશ્ન કરનારે ત્રણ વાત રજુ કરી. આ નયો એ શું (૧) સ્વતંત્ર જ છે (૨) ચોદકપક્ષગ્રાહી = અનુક્ત આદિ દોષને સૂચવનારના પક્ષને ગ્રહણ કરનારા અર્થાત્ દોષોનું - ઉદ્‌ભાવન કરનારા અથવા (૩) પોતાની બુદ્ધિ વડે અયથાર્થ વસ્તુનું નિરૂપણ કરનારા છે ?

આ રીતે પ્રશ્ન ઉઠાવનાર - પૂર્વપક્ષનો **આશય** આ પ્રમાણે છે - જો આ ગ્રંથકાર આ નયોને તંત્રાન્તરીય એટલે કે જૈનશાસ્ત્રથી સિવાય અન્ય - શાસ્ત્રમાં થયેલાં છે એમ બતાવશે/કહેશે તો આગળ કહેવાતો વિપ્રતિપત્તિ = વિરુદ્ધ/વિપરીત-સ્વીકાર રૂપ દોષ

१. पादिषु । यथा यत्० पू. ।

एवेति निश्चेष्यति तथा सति नैव स्वेच्छा स्वतन्त्राणामभ्युनुज्ञाता[1], वस्त्वंशोऽभ्युपेयो वस्तुभागश्च प्रोज्झ्यः, यस्मादेकस्यापि पदस्यारोचनान्मिथ्यादर्शनमिति एवंविधदोषोपचिक्षिप्सया चोदयति। **अथ** पक्षान्तरमाश्रयिष्यति तत्राप्यस्य सुखेन विप्रतिपत्तिदोषं चोदयिष्यामीति मत्वा प्रश्नयति, **सूरिस्तूभयमप्येतत्** परित्यजन् पक्षान्तरमाश्रयते **अत्रोच्यते** इति । **नैते तन्त्रान्तरीयाः, नापि स्वतन्त्राः**, किं तर्हि ? तदाह-**ज्ञेयस्येत्यादि** । विज्ञानगम्यस्य जीवादेः स्वसंवेद्यस्य बाह्यस्य[2] चार्थस्य घटपटादेः **अध्यवसायान्तराणि** विज्ञानभेदाः, आधिक्येनावसीयन्ते-परिच्छिद्यन्ते

આવશે નહીં. (આથી આગળ જે વિપ્રતિપત્તિ રૂપ દોષ અને તેનું સમાધાન આપવાના છે તે નિરર્થક બની જશે.) અને જો આ નયો એ સ્વતંત્ર જ છે અર્થાત્ જિનવચનનો જ પોતાની બુદ્ધિ વડે વિભાગ (વિવેચન) કરનારા છે એવો નિશ્ચય કરશો તો સ્વતંત્ર લોકોની અથવા નયોની સ્વેચ્છાને જૈનપ્રવચનમાં સંમતિ-અનુજ્ઞા આપેલી નથી. વસ્તુનો કોઈ એક અંશ/ભાગ સ્વીકાર્ય છે અને વસ્તુનો બીજા ભાગ એ ત્યાજ્ય છે, અસ્વીકાર્ય છે આવા પ્રકારની સ્વેચ્છા બરાબર નથી, કારણ કે જિનવચનના કોઈ એક પણ પદની અરુચિ-અશ્રદ્ધા થાય તો મિથ્યાદર્શન - મિથ્યાત્વ મનાય. **ખરેખર તો જિનવચનના પ્રત્યેક પદની રુચિ/શ્રદ્ધા હોવી ઘટે.** એ જ સમ્યગ્દર્શન કહેવાય. આવા પ્રકારના દોષનો આક્ષેપ કરવાની ઇચ્છાથી પૂર્વપક્ષ દોષનું સૂચન(ઉદ્ભાવન) કરે છે.

અને જો પક્ષાંતરનો એટલે કે બીજા પક્ષનો આશ્રય કરશે તો તેમાં પણ આ ગ્રંથકારને સુખેથી વિપ્રતિપત્તિ = વિરુદ્ધ માન્યતા/સ્વીકાર રૂપ દોષનું હું સૂચન કરીશ એમ માનીને પૂર્વપક્ષે પ્રશ્ન કરેલો છે. ગ્રંથકાર આચાર્ય ભગવંત પૂર્વપક્ષે કહેલાં આ બેય પક્ષોને છોડી દઈને અન્ય - ત્રીજા જ પક્ષનો આશ્રય કરે છે - આ વિષયમાં જવાબ કહેવાય છે-

**જવાબ :** આ નૈગમ આદિ નયો એ તન્ત્રાન્તરીય એટલે કે જૈનશાસ્ત્રથી અન્ય શાસ્ત્રોમાં થયેલ વાદીરૂપ નથી. વળી સ્વતંત્ર એટલે જિનવચનનો જ સ્વબુદ્ધિથી વિભાગ/વિવેચન કરનારા અને સ્વબુદ્ધિ વડે અયથાર્થ વસ્તુના નિરૂપક પણ નથી.

**પ્રશ્ન :** તો આ નયો શું છે ?

**જવાબ :** આ નૈગમ આદિ પાંચ નયો એ જ્ઞેય એવા અર્થના/વિષયના અધ્યવસાય વિશેષ રૂપ છે એમ સમસ્ત અર્થ છે. અવયવ-અર્થ આ પ્રમાણે છે. જ્ઞેય એટલે વિજ્ઞાન વડે/બોધ વડે ગમ્ય = જાણવા યોગ્ય અને પોતાને આત્મા વડે સંવેદન કરાતાં/અનુભવાતાં

१. सर्वप्रतिषु । ज्ञातो० मु. । २. ख.पू. । बाह्यस्यार्थ० मु. ।

ततो येन सोऽध्यवसायः-प्रत्ययो विज्ञानम् अन्तराणीति भेदाख्यानम् । **एतानी**ति नैगमादीनि पञ्च । **एतत् कथितं भवति**-वस्त्वेवानेकधर्मात्मकमनेकाऽऽकृतिना ज्ञानेन निरूप्यत इत्यतः स्वशास्त्रनिरूपणमेवेदम्, एवं च दर्शयति -

**भा० तद्यथा-घट इत्युक्ते योऽसौ चेष्टा[2]निर्वृत्त ऊर्ध्वकुण्डलौष्ठायतवृत्त-ग्रीवोऽधस्तात् परिमण्डलो जलादीनामाहरणधारणसमर्थ उत्तरगुणनिर्वर्तनानिर्वृत्तो द्रव्यविशेषस्तस्मिन्नेकस्मिन् विशेषवति तज्जातीयेषु वा सर्वे[1]ष्वविशेषात् परिज्ञानं नैगमनयः ।**

એવા જીવાદિ પદાર્થો સંબંધી તેમજ બાહ્ય એવા ઘટ, પટ વગેરે પદાર્થોના અધ્યવસાયભેદો એટલે કે વિજ્ઞાન-પ્રકારો રૂપ નયો છે. 'અધ્યવસાય' શબ્દની વ્યુત્પત્તિ જણાવે છે - અધિકતાએ જેના વડે જણાય તે **અધ્યવસાય** કહેવાય. (**आधिक्येन अवसीयते येन सोऽध्यवसायः**) અધ્યવસાય એટલે પ્રત્યય = વિજ્ઞાન = બોધવિશેષ. **अन्तराणि** - શબ્દનો 'ભેદ' અર્થ છે. **एतानि** શબ્દથી નૈગમ આદિ પાંચ નયો જણાવાય છે. અહીં કહેવાનો **સારાંશ** આ છે કે, દરેક વસ્તુ પોતે જ અનેક ધર્માત્મક છે. વસ્તુમાત્રમાં અનેક ધર્મો રહેલાં છે. આથી તે તે ધર્મની પ્રધાનતાની અપેક્ષાએ (અર્થાત્ તે તે ધર્મને મુખ્ય કરીને - આગળ કરીને) વસ્તુનું અનેક આકારવાળું જ્ઞાન થાય છે અને તે જ્ઞાન દ્વારા વસ્તુનું નિરૂપણ કરાય છે. આ અનેક આકારવાળું = પ્રકારવાળું જુદું જુદું જ્ઞાન એ જ (વસ્તુના એક અંશને જાણનારું હોવાથી) **નય** તરીકે કહેવાય છે. આમ આ નય-વાદ એ સ્વ-શાસ્ત્રનું જ નિરૂપણ છે, અન્ય-શાસ્ત્રનું નહીં.

આ જ વાત હવે ભાષ્યકાર બતાવે છે. અર્થાત્ નયો એ અનેકધર્મવાળી વસ્તુના એકાંશનું શી રીતે જ્ઞાન કરે છે, તે ભાષ્યમાં બતાવે છે.

**ભાષ્ય : તે આ પ્રમાણે ઘટ એમ કહેવાતાં (નૈગમ-નય આ પ્રમાણે જાણે છે) 'જે આ ચેષ્ટા વડે બનેલો, તથા ઉપર ગોળાકારે બે ઓષ્ઠ (હોઠ) જેના છે અને દીર્ઘ તેમજ ગોળ જેની ગ્રીવા (ડોક, ગળાનો ભાગ) છે, અને નીચેના ભાગમાં સર્વ બાજુએ ગોળ છે, તેમજ જલ આદિને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં (હેરફેર કરવામાં) અને ધારણ કરવામાં સમર્થ હોય તથા ઉત્તર-ગુણોની પરિસમાપ્તિ થવાથી નિષ્પન્ન = તૈયાર થયેલ જે દ્રવ્યવિશેષ છે, તેવા વિશેષવાળા/ભેદોવાળા એક ઘટ વસ્તુમાં અથવા તેવા (પૂર્વોક્ત) પ્રકારવાળા સર્વ ઘટોમાં અવિશેષથી (સામાન્યથી) જે પરિજ્ઞાન (નિશ્ચયાત્મક જ્ઞાન) કરવું તે 'નૈગમનય' કહેવાય.**

१. सर्वप्रतिषु । एतच्च० मु. । २. टीकानु० । ष्टाभि० मु. ।

**टी० तद्यथे**त्यादिना । यथा ह्येते एकवस्तुविषया विज्ञानविशेषास्तथोदाहरणेन भावयति- **घट इत्युक्ते** नैगम[1]व्यवसाय एवं मन्यते-**योऽसाविति** लोकसिद्धः, **चेष्टा[2]निर्वृत्त** इति धात्वर्थानुगतिमाविष्करोति, कुम्भकारचेष्टा[3]निर्वृत्तोऽर्थो निष्पन्नः । किमाकार इति **चेद्** ? अत आह-**ऊर्ध्वे[4]**त्यादि । **ऊर्ध्व**मुपरि **कुण्डलौ** वृत्ता**वोष्ठौ** यस्य, **आयता** दीर्घा **वृत्ता** समपरिधिः ग्रीवा यस्य ऊर्ध्वकुण्डलौष्ठश्चासावायतवृत्तग्रीवश्चेति समानाधिकरणः, उपरि तावदेवमाकारः । अथ **अधस्तात्** किमाकार इत्यत आह-अधोभागे **परिमण्डलः**, समन्ताद् वृत्त इत्यर्थः । कस्य पुनः कार्यस्यासौ क्षम इत्याह-**जलादीनामि**त्यादि । जलघृतक्षीरादीना**माहरणे**- देशाद् देशान्तरसञ्चारणे **समर्थः** शक्तः आनीतानां च धारणे प्रत्यलः । **उत्तरे**त्यादि ।

## ❋ 'ઘટ' પદાર્થની સાતે ય નયો વડે વિચારણા ; પ્રથમ નૈગમનય ❋

**પ્રેમપ્રભા :** જે રીતે આ નૈગમ આદિ નયો એ કોઈ એક જ(ઘટાદિ) વસ્તુ સંબંધી વિજ્ઞાન-વિશેષ રૂપ છે, તે પ્રમાણે ઉદાહરણ વડે વિચારણા કરતાં ભાષ્યકાર કહે છે **'ઘટઃ'** । એ પ્રમાણે કહેવાતાં નૈગમ - વ્યવસાય = અભિપ્રાય આ પ્રમાણે માને છે - જે આ લોકમાં પ્રસિદ્ધ અને ચેષ્ટા વડે બનેલો એટલે કે કુંભારની ચેષ્ટા વડે તૈયાર થયેલો પદાર્થ-ઘડો છે. અહીં 'ચેષ્ટાથી બનેલો' એમ કહેવાથી **घट्** શબ્દ એ **घटिष् चेष्टायाम्** - એ 'ચેષ્ટા' અર્થવાળા **घट** ધાતુના અર્થની અનુગતિ/અનુસરણ જણાવે છે. આ રીતે ઘટને વિષે પોતાનો અભિપ્રાય જણાવતાં નૈગમનય (અધ્યવસાય) આગળ વધે છે.

**પ્રશ્ન :** કેવા આકારવાળો આ ઘડો છે ? એના જવાબમાં કહે છે –

**જવાબ :** ઊર્ધ્વ = એટલે ઉપરના ભાગમાં કુંડલ = ગોળાકાર બે ઓષ્ઠ (હોઠ)વાળો છે અને દીર્ઘ અને વૃત્ત = એટલે સમાન પરિધિવાળી ગ્રીવાવાળો/ડોકવાળો છે. અહીં **ऊर्ध्वं कुण्डलौ ओष्ठौ यस्य (घटस्य) से ऊर्ध्वकुण्डलौष्ठः** તથા **आयता (दीर्घा) वृत्ता ग्रीवा यस्य स आयतवृत्तग्रीवः** । આ પ્રમાણે અનેક પદવાળો બહુવ્રીહિ-સમાસ કરીને પછી - **ऊर्ध्वकुण्डलौष्ठश्चासौ आयतग्रीवश्च इति ऊर्ध्वकुण्डलौष्ठाऽऽयतवृत्तग्रीवः** । એ પ્રમાણે સમાનાધિકરણ કર્મધારય - સમાસ થયેલો છે. આમ ઉપરના ભાગમાં આવા આકારવાળો છે.

**પ્રશ્ન :** હવે નીચેના ભાગમાં કેવા આકારવાળો છે ? **જવાબ :** નીચેનો ભાગ પરિમંડળ એટલે કે સર્વબાજુથી ગોળાકારવાળો છે. **પ્રશ્ન :** ઘડો કયુ કાર્ય કરવામાં સમર્થ

१. पू. । गमाध्य० मु. । २. सर्वप्रतिषु । ष्टाभिनि० मु. । ३. सर्वप्रतिषु । ष्टाभिनि० मु. । ४. पू. । र्ध्वमि० मु. ।

पाकजरक्तादिगुणपरिसमाप्त्या निष्पन्नः[1] **द्रव्यविशेष** इति । न द्रव्यं सामान्यमात्रं, किं तर्हि? **द्रव्यविशेषः**, परमार्थे सति, वाचा[2] न संवृति[3] सतीति, **तस्मिन्** एवमात्मके **एकस्मिन् विशेषाः** शुक्लपीतादयः कनकरजतादयः खण्डहुण्डादयो वा तद्वति **तज्जातीयाः** तत्प्रकाराः व्यावर्णितघटप्रकाराः **तेषु च सर्वेषु** लोकप्रसिद्धेषु अविशेषात् अभेदेन **परिज्ञानं** निश्चितावबोधः **नैगमः** देशसमग्रग्राही नैगम इति । पूर्वाभिहितलक्षणप्रपञ्चोऽयं सामान्यविशेषवैचित्र्यप्रदर्शनार्थः।

છે ? **જવાબ :** જલ, ઘી, દૂધ વગેરેનું આહરણ = એટલે કે એક દેશમાંથી/સ્થાનમાંથી = બીજા સ્થાનમાં સંચરણ - હેરફેર કરવામાં-લાવવામાં સમર્થ છે અને લાવેલાં તે પદાર્થોનું ધારણ કરી રાખવામાં સક્ષમ છે. વળી આ ઘડાના જે ઉત્તર ગુણો છે - જેમ કે, પાક (અગ્નિસંયોગ)થી ઉત્પન્ન થનાર જે લાલ વર્ણ આદિ (આદિથી કઠિનતા વગેરે) ગુણો છે તેની (નિર્વર્તના=) પરિસમાપ્તિ થવાથી હવે નવો કોઈપણ ગુણ પ્રાપ્ત કરવાનો બાકી નથી અને આથી (નિર્વૃત્ત =) નિષ્પન્ન = સિદ્ધ થયેલ દ્રવ્ય-વિશેષ એ સંપૂર્ણ તૈયાર થયેલા ઘડારૂપ હોય છે.

વળી આ કોઈ સામાન્યમાત્ર દ્રવ્ય નથી. **પ્રશ્ન :** તો શું છે ?

**જવાબ :** આ તો (ઉક્ત સ્વરૂપ ચોક્કસ પ્રક્રિયાથી બનેલ) દ્રવ્ય-વિશેષ છે, વિશેષ દ્રવ્ય છે. તે પણ પરમાર્થથી ઘડો દ્રવ્ય-વિશેષ છે, પણ વાણીવડે કહેવામાત્રથી ઉપર ઉપરથી - દેખાવમાત્રથી ઘડો દ્રવ્ય-વિશેષ નથી.

આવા વિશેષવાળા/ભેદોવાળાં તે એક ઘડાને વિશે જ્ઞાન થવું તે નૈગમનય કહેવાય. વિશેષ એટલે ભેદો/પ્રકારો. દા.ત. કોઈ ઘડો શુકલ/સફેદ હોય, કોઈ પીત-પીળો હોય વગેરે. તથા કોઈ ઘડો કનક-સોનાનો, કોઈ રજતનો બનેલો હોય તથા કેટલાંક ઘડા ખંડિત હોય તો કેટલાંક હુંડ - બેડોળ - નિયમિત પદ્ધતિ વિનાના હોય. આવા જે વિશેષો (પ્રકારો) છે તેનાથી વિશિષ્ટ/યુક્ત કોઈ એક ઘડાને વિષે અથવા પૂર્વોક્ત સ્વરૂપ ઘડાના પ્રકારવાળા (તજ્જાતીય) સર્વ લોકપ્રસિદ્ધ ઘડાઓને વિષે અવિશેષથી એટલે કે અભેદ વડે સમાનરૂપે જે પરિજ્ઞાન એટલે કે નિશ્ચયાત્મક બોધ (જ્ઞાન, અધ્યવસાય) થાય છે, તે ક્રમશઃ દેશગ્રાહી અને સમગ્રગ્રાહી **નૈગમનય** છે. અર્થાત્ એક ઘડાનો બોધ થાય ત્યારે **દેશગ્રાહી** નૈગમનય કહેવાય અને સર્વ ઘડાને વિષે બોધ થાય ત્યારે **સમગ્રગ્રાહી** નૈગમ નય કહેવાય છે.

१. ख.पू.पा. । पन्नद्र० मु. । २. पादिषु । वा न० पू. । ३. पादिषु । त्ति० मु. ।

अथ सङ्ग्रहः कथं घटमिच्छतीत्याह -

**भा० एकस्मिन् वा बहुषु वा नामादिविशेषितेषु साम्प्रतातीतानागतेषु घटेषु सम्प्रत्ययः सङ्ग्रहः ।**

**टी० एकस्मिन्नित्यादि** । **एकस्मिन्** घटे **बहुषु वा** घटेषु **नामादिविशेषितेष्विति** नामस्थापनाद्रव्यभावघटेष्वित्यर्थः । **साम्प्रतेषु** वर्तमानेषु **अतीतेषु** अतिक्रान्तेषु **अनागतेषु** आगामिषु **घटेषु** यः **सम्प्रत्ययः** सामान्यं घटो घट इति परिज्ञानं स **सङ्ग्रहः**, यस्मात् सामान्यमेव घटादिरूपेण निर्भासते, न सामान्यादन्ये विशेषाः सन्ति ।

व्यवहाराभिप्रायप्रकटनायाह -

---

**શંકા :** પૂર્વે દેશગ્રાહી અને સમગ્રગ્રાહી નૈગમનયનું લક્ષણ કહેલું જ છે તો ફરી અહીં તે શાથી કહ્યું છે ? ફરી કહેવામાં પુનરુક્તિ દોષ આવે છે.

**સમાધાન :** પૂર્વે કહેલ નૈગમનયના લક્ષણના વિસ્તારરૂપ આ સમસ્ત ગ્રંથ = ભાષ્યવચન છે અને તે સામાન્ય અને વિશેષનું વિચિત્રપણું = વિવિધતા = વિભિન્નતા બતાવવા રૂપે પૂર્વે કહેલ લક્ષણનો વિસ્તાર કરેલો છે. અહીં નૈગમનયથી ઉદાહરણરૂપે ઘડાની વિચારણા કરી છે અને તેમાં સામાન્ય અને વિશેષરૂપ ઘડાનો બોધ કરવા વડે બેય પ્રકારના નૈગમનયની વિચારણા કરાઈ છે એમ જાણવું. હવે **સંગ્રહ-નય ઘટઃ** એમ ઉચ્ચારણ કરાતાં કેવા પ્રકારના ઘડાને ઇચ્છે છે/માને છે તે ભાષ્યમાં જણાવે છે.

**ભાષ્ય : એક ઘડામાં અથવા નામાદિ વડે વિશેષિત કરાયેલ સાંપ્રત (વર્તમાન), અતીત અને અનાગત એવા અનેક ઘડાઓને વિષે જે સંપ્રત્યય - પરિજ્ઞાન તે સંગ્રહનય છે.**

**પ્રેમપ્રભા : ઘટઃ** એમ કહેવાતાં સંગ્રહનય આ પ્રમાણે બોધ કરે છે. એક ઘડામાં અથવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ અને વર્તમાન, અતીત-ભૂતકાલીન અને આગામી-ભવિષ્યકાલીન ઘડાઓને વિષે જે સંપ્રત્યય એટલે કે **ઘટઃ, ઘટઃ**, - આ ઘડો, આ ઘડો એમ સામાન્યથી પરિજ્ઞાન (નિશ્ચયાત્મક બોધ) થાય છે તે સંગ્રહ-નય છે. આમ **ઘટઃ** કહેવાતાં સંગ્રહ-નયનો આવો અભિપ્રાય હોય છે. કારણ કે સર્વ ઘડાઓમાં રહેલ એક સામાન્ય = સમાનધર્મ એ જ ઘડા વગેરે રૂપે ભાસે છે, પણ સામાન્યથી ભિન્ન વિશેષો (ભેદો) હોતાં નથી.

**भा० तेष्वेव लौकिकपरीक्षकग्राह्येषु उपचारगम्येषु यथास्थूलेषु[१] सम्प्रत्ययो व्यवहारः ।**

**टी० तेष्वेवे**त्यादि । एकबहुत्वनामादिरूपेषु[३] लोके विदिता लौकिकाः परीक्षकत्वेन ज्ञाताः **लौकिकपरीक्षकाः** पर्यालोचकाः तेषां **ग्राह्याः** आदेयाः जलाद्याहरणार्थं ये घटास्तेषु, **उपचारगम्येष्वि**ति लोकेक्रियाधारेषु, **यथास्थूलेष्वि**[४]ति सूक्ष्मसामान्योपसर्जनेषु, यतोऽस्य विशेषैरेव व्यवहारो भूयसा, न सामान्येनेति ।

ऋजुसूत्रनयमतं विवृणोति -

---

હવે ઘટ-પદાર્થને વિષે **વ્યવહાર-નયનો** અભિપ્રાય પ્રગટ કરવા ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : લૌકિક પરીક્ષકો વડે ગ્રાહ્ય - ગ્રહણ કરવા યોગ્ય, ઉપચારથી ગમ્ય-જણાતાં અને સ્થૂલ અર્થવાળા તે જ (પૂર્વે કહેલ સ્વરૂપવાળા) ઘડાઓને વિષે જે સંપ્રત્યય = બોધવિશેષ થાય તે વ્યવહારનય કહેવાય.**

### ❋ 'ઘટ' પદાર્થ અંગે વ્યવહાર નયનો અભિપ્રાય ❋

**પ્રેમપ્રભા : ઘટઃ** એમ કહેવાતાં વ્યવહારનય પોતાનો મત ત્રણ મુદ્દા વડે ભાષ્યમાં રજૂ કરે છે. એકત્વ, બહુત્વ રૂપ સંખ્યાથી વિશિષ્ટ અર્થાત્ એક અથવા ઘણા એવા નામ, સ્થાપનાદિ સ્વરૂપ ઘડાનો બોધ કરે છે. કેવા ઘડા રૂપ અર્થનો બોધ કરે છે ? તે જણાવતાં કહે છે - (૧) **લૌકિક-પરીક્ષક ગ્રાહ્ય** = એટલે કે લોકમાં વિદિત = પ્રસિદ્ધ હોય તે લૌકિક. લૌકિક એવા પરીક્ષક રૂપે ખ્યાતિ પામેલા જે પરીક્ષકો = એટલે કે પર્યાલોચક પુરુષો છે, તેઓ વડે જલ વગેરેના આહરણ માટે = લાવવા માટે જે ઘડાઓ છે, તેના વિષે... વળી તે ઘડારૂપ અર્થ (૨) **ઉપચાર-ગમ્ય** હોય એટલે કે લૌકિક-પુરુષોની જે ક્રિયા ઘડો લઈ જવો, લાવવો, પાણી ભરવું વગેરે રૂપ છે, તેના આધારભૂત છે. આથી તેવા લૌકિક વ્યવહારથી જાણી શકાય એવો ઘડાઓ વિષે તથા (૩) **યથાસ્થૂલ** એટલે કે સૂક્ષ્મ એવું સામાન્ય રૂપ અર્થ જેમાં ગૌણ થઈ ગયો છે, એવા સ્થૂલ ઘડારૂપ પદાર્થને વિષે બોધવિશેષ (સંપ્રત્યય/પરિજ્ઞાન) તે **વ્યવહારનય** કહેવાય છે. કારણ કે આ વ્યવહારનયના મતે વિશેષો = ભેદો વડે જ ઘણુ કરીને વ્યવહાર થાય છે, પરંતુ સામાન્ય-ધર્મ વડે વ્યવહાર થતો નથી. હવે **ઘટઃ** એમ ઉચ્ચારાતાં ચોથા **ઋજુ-સૂત્ર** નયના મતનું ભાષ્યમાં વિવરણ કરે છે-

---

१. टीकानु० । स्थूलार्थेषु० मु. । २. सर्वप्रतिषु । ष्वित्या० मु. । ३. पू. । एकद्विब० मु. । ४. सर्वप्रतिषु । लार्थेषु० मु. ।

**भा० तेष्वेव सत्सु साम्प्रतेषु सम्प्रत्ययः ऋजुसूत्रः ।**

**टी० तेष्वेवे**त्यादि । घटेसु **सत्सु** विद्यमानेषु [साम्प्रतेषु] वर्तमानसमयावधिकेषु **सम्प्रत्ययः ऋजुसूत्र** इति ।

अधुना साम्प्रताभिप्रायं निरूपयति -

**भा० तेष्वेव साम्प्रतेषु नामादीनामन्यतमग्राहिषु प्रसिद्धपूर्वकेषु घटेषु सम्प्रत्ययः साम्प्रतः शब्दः ।**

**टी० तेष्वेवे**त्यादि । ऋजुसूत्राभिप्रेतेषु वर्तमानकालावधिकेषु नामस्थापनाद्रव्यभावघटानां ये वाचकाः शब्दास्ते चान्यतमग्राहिणः, यस्माद् यस्य शब्दस्य नम्यमान[1]पदार्थो वाच्यो न तस्य स्थापना, यस्य च[2] स्थापना न तस्य द्रव्यं[3], न तस्य भावः इत्यतो **नामादीनां** घटानां

---

**ભાષ્ય : તે જ સત્ - વિદ્યમાન એવા વર્તમાનકાળે વર્તતાં ઘડાઓ વિષે બોધ-વિશેષ થાય છે તે ઋજુસૂત્ર નય છે.**

### ❋ ઋજુસૂત્ર અને સાંપ્રત નયના અભિપ્રાયે ઘટ-પદાર્થ ❋

**પ્રેમપ્રભા :** ઋજુસૂત્ર નય આ પ્રમાણે કહે છે કે, વર્તમાન-સમયની મર્યાદાવાળા અર્થાત્ (અતીત-અનાગત-કાલીન છોડીને) વર્તમાનકાલીન સત્ = એટલે કે વિદ્યમાન ઘડાઓને વિષે જે બોધ-વિશેષ થાય છે, તે ઋજુસૂત્ર-નય કહેવાય છે. હવે 'ઘટ' પદાર્થને વિષે **'સાંપ્રત'** નયનો અભિપ્રાય જણાવે છે -

**ભાષ્ય : તે જ વર્તમાનકાલીન તથા નામ આદિ (ચાર નિક્ષેપ) પૈકી કોઈ એકનું ગ્રહણ કરનાર અને પ્રસિદ્ધપૂર્વક એટલે જે શબ્દનો અર્થ સાથેનો સંબંધ (વાચ્ય-વાચકભાવ) પૂર્વે જાણેલો છે એવા ઘટરૂપ અર્થનો બોધ-વિશેષ થાય છે એમ સાંપ્રત શબ્દનય કહે છે.**

**પ્રેમપ્રભા :** સાંપ્રત-નય કહે છે કે, **ઘટઃ** એવો ઉચ્ચાર કરાતાં આવો બોધ થાય છે, તે જ એટલે કે ઋજુસૂત્ર-નય વડે માનેલ જે (૧) **સાંપ્રત** = વર્તમાનકાળ રૂપ અવધિ (મર્યાદા)વાળા અર્થાત્ વર્તમાનકાલીન ઘડા વિષે (૨) [A]**નામાદિઅન્યતમગ્રાહી** = તેમજ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર પ્રકારના ઘડાઓના વાચક (અભિધાન કરનારા) જે શબ્દો છે તે નામાદિરૂપ ઘડાઓ પૈકી કોઈપણ એકના (અન્યતમના) ગ્રાહક = બોધ કરનારા છે. કારણ કે જે શબ્દ વડે નમ્યમાન = નામ રૂપ અથવા નામ કરાયેલ પદાર્થ એ

---

१. पू. । मानः० मु. । २. पू. । वा० मु. । ३. पू. । अत्र-यस्य द्रव्यं० इति मु. अधिकः ।

ये शब्दाः अन्यतमं नामस्थापनादिकं गृह्णन्ति **तेऽन्यतमग्राहिणस्तेषु** शब्देषु उच्चरितेष्वन्यतमग्राहिषु यद् विज्ञानं स साम्प्रतः, ते च शब्दा यदि प्रसिद्धाः पूर्वं भवन्ति-निर्ज्ञाताभिधेयसम्बन्धाः अस्येदं वाच्यमित्यनेन रूपेण । तथा गमका इत्येतदाह-**प्रसिद्धपूर्वकेषु**, प्रसिद्धः पूर्वो येषां प्रथमः सङ्केतस्ते प्रसिद्धपूर्वकास्तेषु नामादीनामन्यतमवाचकेषु **सम्प्रत्यय** इति ।

समभिरूढमतोद्दिभावयिषया आह - -

એ વાચ્ય હોય, તે શબ્દ વડે સ્થાપના રૂપ પદાર્થ વાચ્ય નથી. અને જે શબ્દ વડે સ્થાપના રૂપ અર્થ વાચ્ય હોય, તેના વડે દ્રવ્ય રૂપ અથવા ભાવરૂપ અર્થ એ વાચ્ય હોતો નથી. અર્થાત્ એક વખત ઉચ્ચારાયેલ શબ્દ વડે નામાદિ ચાર પ્રકાર પૈકી કોઈ એક જ વિવક્ષિત/ચોક્કસ અર્થ કહેવાય છે. આથી નામ આદિ રૂપ ઘડાઓના વાચક જે શબ્દો છે તે નામ, સ્થાપના વગેરે રૂપ ઘડાઓ પૈકી (અન્યતમનું) કોઈ એકનું ગ્રહણ કરનારા છે. આથી અન્યતમ-ગ્રાહી કહેવાય છે. આમ આવા અન્યતમગ્રાહી 'ઘટ' રૂપ શબ્દોનો ઉચ્ચાર કરાયે છતે જે વિજ્ઞાન = બોધ થાય છે, તે **સાંપ્રત** કહેવાય છે. આમ **ઘટः** શબ્દનું ઉચ્ચારણ થતાં આવો બોધ સાંપ્રત-નય માને છે.

વળી અહીં એટલું વિશેષ કે તે ઉચ્ચારેલો **ઘટ** શબ્દ એ (૩) **પ્રસિદ્ધિપૂર્વક** હોવો જોઈએ. 'પ્રસિદ્ધપૂર્વક' એટલે પૂર્વમાં (પૂર્વકાળે) જે શબ્દનો અર્થ સાથેનો સંબંધ જણાઈ ગયો હોય એટલે કે 'આ 'ઘટ' વગેરે શબ્દનો આ (પૂર્વે કહેલ સ્વરૂપવાળો) 'ઘડા' વગેરે વસ્તુ એ વાચ્ય છે - કહેવા યોગ્ય છે' આવા પ્રકારનો સંબંધ પ્રસિદ્ધ થયો હોય અર્થાત્ તેવા પ્રકારના અર્થનો ગમક = એટલે બોધક હોય, અભિધાયક હોય. આજ વાત **प्रसिद्धपूर्वकेषु** પદથી જણાવે છે. **प्रसिद्धः पूर्वः प्रथमः सङ्केतः येषां ते प्रसिद्धपूर्वकाः ।** અર્થાત્ જેઓનો પૂર્વ = પહેલો સંકેત એટલે કે પૂર્વોક્ત વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધ - પ્રસિદ્ધ થયો છે, જણાઈ ગયો છે તે **प्रसिद्धपूर्व** કહેવાય. (પછી સ્વાર્થમાં બહુવ્રીહિ સમાસનો **क** પ્રત્યય લાગતાં **प्रसिद्धिपूर्वक** શબ્દ બને છે.) આમ **'ઘટ'** શબ્દનો ઉચ્ચાર કરાતાં આવા પ્રસિદ્ધપૂર્વક એટલે કે નામ, સ્થાપના વગેરે રૂપ ચાર પ્રકારના ઘડાઓ પૈકી અન્યતમ અર્થાત્ કોઈપણ એક પ્રકારના ઘડાના વાચક શબ્દો જેના પ્રસિદ્ધ થયા છે, એવા (ઉપરાંત પૂર્વોક્ત બન્નેય વિશેષણો વડે વિશિષ્ટ એવા) ઘડાઓ વિષે જે સંપ્રત્યય એટલે કે પરિજ્ઞાન/બોધવિશેષ થાય છે, તે સાંપ્રત-શબ્દનય કહેવાય છે.

હવે ઘટ પદાર્થને વિષે (શબ્દનયના બીજા ભેદરૂપ) સમભિરૂઢ-નયના મતનો

१. सर्वप्रतिषु । उच्चा० मु. । २. ख. पू. । ना. मु. । ३. पू. लि. । थमं० मु. ।

**भा० तेषामेव साम्प्रतानामध्यवसायाऽसङ्क्रमो वितर्कध्यानवत् समभिरूढः ।**

**टी० तेषामेव** घटानां सतां-विद्यमानानां वर्तमानकालावधिकानां सम्बन्धी योऽध्यवसायासङ्क्रमः स समभिरूढः । अध्यवसायो विज्ञानं तस्य विज्ञानस्योत्पादकत्वाद[1]-भिधानमपि अध्यवसायस्तस्या**सङ्क्रमः** अन्यत्र वाच्ये[2]ऽप्रवृत्तिः, न हि घट इत्यस्याभिधानस्य कुटो वाच्यः, कुट इत्यस्य वा घट इति । अध्यवसायासङ्क्रमं च दृष्टान्तेन भावयति-**वितर्कध्यानवदि**ति । अन्यतमैकयोगानामेकत्[3]ववितर्कमिति वक्ष्यति नवमेऽध्याये (सू०४१), 'वितर्कः श्रुतं', वितर्कप्रधानं ध्यानं वितर्कध्यानं तद्वत् । **नन्वाद्ये**ऽपि शुक्लभेदे वितर्कप्रधानता

પર્દાફાશ કરવાની ઈચ્છાવાળા ભાષ્યકાર આ પ્રમાણે જણાવે છે-

**ભાષ્ય : તે જ સત્ = વિદ્યમાન એવા વર્તમાનકાલીન ઘડાઓ સંબંધી જે અધ્યવસાયનો (= શબ્દનો) વિતર્ક ધ્યાનની જેમ અસંક્રમ, તે સમભિરૂઢ-નય કહેવાય.**

### ❋ સમભિરૂઢ નયથી ઘટ-પદાર્થ ❋

**પ્રેમપ્રભા :** હવે સમભિરૂઢ નય પોતાનો દૃષ્ટિકોણ જણાવે છે - તે જ એટલે કે સત્/વિદ્યમાન અને વર્તમાનકાળ રૂપ મર્યાદાવાળા અર્થાત્ વર્તમાનસમયે રહેલાં ઘડાઓ સંબંધી અધ્યવસાયનો અસંક્રમ હોય તે સમભિરૂઢ નય છે. વર્તમાન-ઘડાઓ સંબંધી અધ્યવસાય એટલે વિજ્ઞાન, બોધવિશેષ. તે જ્ઞાનનો ઉત્પાદક = ઉત્પન્ન કરનાર હોવાથી શબ્દ એ પણ (કારણમાં કાર્યનો ઉપચાર કરવાના ન્યાયથી) અધ્યવસાય કહેવાય. આવા અધ્યવસાયનો અસંક્રમ. અસંક્રમ એટલે અન્ય (પોતાના સિવાયના) વાચ્ય પદાર્થમાં અપ્રવૃત્તિ, **ઘટઃ** એવા શબ્દનો 'કુટ' એ વાચ્ય અર્થ નથી અને 'કુટ' શબ્દનો વાચ્ય અર્થ ઘડો પણ નથી. (કારણ કે બન્નેય શબ્દના પ્રવૃત્તિનિમિત્ત-વ્યુત્પત્તિનિમિત્ત એ ભિન્ન છે. આથી જુદા જુદા અર્થને જણાવે છે.)

આ અધ્યવસાયનો અર્થાત્ શબ્દનો (અભિધાનનો) જે **અસંક્રમ** = એટલે કે પોતાના સિવાય અન્ય વાચ્ય-અર્થમાં અગમન છે, તેનો દૃષ્ટાંત દ્વારા વિચાર કરે છે - **વિતર્કધ્યાનવત્** - વિતર્ક-ધ્યાનની જેમ અસંક્રમ હોય છે. અર્થાત્ મન, વચન અને કાયા રૂપી ત્રણ યોગ પૈકી ધ્યાન કરનારને = ધ્યાતાને એકત્વ - વિતર્ક - અવિચાર નામના શુકલધ્યાનનાં બીજા ભેદરૂપ ધ્યાન કરવામાં ઉપયોગમાં/વપરાશમાં આવે એવું કોઈ એક જ મન અથવા વચન અથવા કાયારૂપ એક યોગવાળું ધ્યાન એ એકત્વ સહિત સવિતર્ક

१. पू. । टीकानु० त्वाभि० मु. । २. पू. । च्येष्व० मु. । ३. सर्वप्रतिषु । त्वं वि० मु. ।

समस्ति ? **नैवम्**, तत्र सङ्क्रमाभ्युपगमात् **'अविचारं द्वितीयम्'** **( सू० ९-४४ )** इति वचनात् एकत्ववितर्कपरिग्रह इति ।

एवम्भूताभिप्रायमाविष्करोति -

**भा० तेषामेव व्यञ्जनार्थयोरन्योन्यापेक्षार्थग्राहित्वमेवम्भूत इति ।**

**टी० तेषामेवेत्यादि । तेषामेवा**नन्तरनयपरिगृहीतघटानां यौ **व्यञ्जनार्थौ** तयो**रन्योन्या-**

---

એટલે કે વિતર્ક સહિતનું ધ્યાન કહેવાય. **वितर्कः श्रुतम्** (સૂ. ૯/૪૬) વિતર્ક એટલે શ્રુત એમ આગળ ૯માં અધ્યાયમાં કહેવાશે. જે વિતર્ક-પ્રધાન ધ્યાન હોય અર્થાત્ શ્રુતાનુસારી હોય તે વિતર્ક-ધ્યાન કહેવાય. ['મયૂરવ્યંસકાદિ' નામના વ્યાકરણ-શાસ્ત્રોક્ત ગણપાઠથી અહીં મધ્યમ પદ (પ્રધાન)નો લોપ થયો છે. સિ.હે. સૂ. (૩-૧-૧૧૬)] આવા વિતર્ક (શ્રુત) પ્રધાન ધ્યાનની જેમ અહીં અધ્યવસાયનો (અર્થાત્ શબ્દનો) અસંક્રમ હોય છે.

**શંકા :** પૃથક્ત્વ-વિતર્ક નામના શુક્લધ્યાનના પ્રથમ ભેદમાં પણ વિતર્કની પ્રધાનતા છે. તો તે પ્રથમ ભેદની જેમ પણ આ નયને કહેવો જોઈએ ને ?

**સમાધાન :** એવું નથી. શુક્લ-ધ્યાનના પ્રથમભેદમાં સંક્રમનો સ્વીકાર કરેલો છે. જ્યારે એકત્વ-વિતર્ક નામના બીજા શુકલધ્યાનમાં **अविचारं द्वितीयम् ॥ ९-४५ ॥** એવા (પ્રસ્તુત શાસ્ત્રના નવમા અધ્યાયના) સૂત્રમાં વિચારનો નિષેધ કરેલો છે. **વિચાર** એટલે અર્થ અને વ્યંજન (શબ્દ) અને યોગોને વિષે એકમાંથી બીજામાં જવા રૂપ સંક્રમણ/સંક્રાંતિ-બીજું શુક્લધ્યાન આવા વિચારથી રહિત હોવાથી આવું સંક્રમણ તેમાં નથી. આથી એકત્વ-વિતર્કરૂપ બીજા શુક્લધ્યાનનું ગ્રહણ કરીને તેની જ ઉપમા અહીં આપી છે, તે યથાર્થ છે. હવે **घटः** શબ્દનો ઉચ્ચાર થતાં કેવો બોધ થાય છે એ વિષે 'એવંભૂત' (શબ્દનયનો ત્રીજો ભેદ) નયનો અભિપ્રાય પ્રગટ કરતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : તે જ ઘટ વગેરેના વાચક શબ્દ અને અર્થ વચ્ચે પરસ્પર સાપેક્ષ રીતે અર્થનું ગ્રહણ કરવાપણું તે એવંભૂત-નય છે.**

### ❋ એવંભૂત નયનો ઘટ-પદાર્થ અંગે અભિપ્રાય ❋

**પ્રેમપ્રભા : ઘટ** શબ્દનો ઉલ્લેખ કરાતાં કેવો બોધ થાય છે એ અંગે એવંભૂત-નયનો

**पेक्षार्थग्राही** योऽध्यवसायः स **एवम्भूतः** परमार्थः **व्यञ्जनं** वाचकः शब्दः, **अर्थोऽभिधेयो** वाच्यः । अथ का पुनरन्योन्यापेक्षा ? यदि यथा व्यञ्जनं तथार्थो यथा [1]वार्थस्तथा व्यञ्जनम्, एवं हि सति वाच्यवाचकसम्बन्धो घटते अन्यथा न, योग्यक्रियावि[2]ष्टमेव वस्तुस्वरूपं प्रतिपद्यत इति ।

एवं भाविते नयानामभिप्राये चोदकः स्वाभिप्रायमभिव्यनक्ति -

મત આવો છે - અનંતર એટલે કે હમણાં જ પૂર્વમાં કહેલ સમભિરૂઢ અને સાંપ્રત એ બે નયવડે સ્વીકારાયેલ, ગ્રહણ કરાયેલ ઘટ-પદાર્થ સંબંધી જે વ્યંજન (શબ્દ) અને અર્થ છે, એ બેનો પરસ્પર એકબીજાની અપેક્ષાવાળા (ઘડારૂપ) અર્થનું ગ્રહણ કરનારો જે અધ્યવસાય/બોધ વિશેષ તે એવંભૂત/પરમાર્થ નય કહેવાય છે. અર્થાત્ પરમાર્થનો ગ્રાહક હોયને 'એવંભૂત' કહેવાય છે. વ્યંજન = એટલે વાચક, શબ્દ... અને 'અર્થ' = એટલે અભિધેય, વાચ્ય...

**શંકા :** વ્યંજન અને અર્થ વચ્ચે જે પરસ્પર અપેક્ષા એટલે કે સાપેક્ષપણુ છે, તે શું છે ? **સમાધાન :** વ્યંજન અને અર્થ વચ્ચે પરસ્પર અપેક્ષા = સાપેક્ષતા ત્યારે હોય કે જ્યારે જેવો વ્યંજન એટલે કે શબ્દ હોય તેવો જ અર્થ પ્રાપ્ત થાય અને જેવો અર્થ (વાચ્ય, પદાર્થ) હોય, તેવો જ વ્યંજન/શબ્દ તેને જણાવવા માટે વપરાય. આ પ્રમાણે હોય તો જ શબ્દ અને અર્થ વચ્ચે વાચ્ય-વાચકસંબંધ ઘટે છે, બીજી રીતે ઘટતો નથી. કારણ કે આ રીતે જ શબ્દની પ્રવૃત્તિના (અથવા વ્યુત્પત્તિના) નિમિત્તભૂત જે ક્રિયા છે, તેનું શબ્દ દ્વારા કહેવાતા અર્થમાં જોડાણ-સંબંધ ઘટે છે.

એવંભૂત-નયના નિષ્કર્ષને જણાવતાં ટીકાકાર કહે છે - યોગ્ય ક્રિયાથી આવિષ્ટ = યુક્ત એવી જ વસ્તુ/પદાર્થ એ જ પોતાના વસ્તુસ્વરૂપને પામે છે અર્થાત્ વાસ્તવિક સ્વરૂપને પામે છે. આથી આવો અધ્યવસાય/બોધવિશેષ એ **એવંભૂત-નય** કહેવાય છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો **આશય** એ છે કે એવંભૂત-નય એ 'ઘટ' વગેરે શબ્દનો અત્યંત સૂક્ષ્મ (વિશિષ્ટ) અર્થનો સ્વીકાર કરે છે. આ સૂક્ષ્મ અર્થ કેવો હોય છે ? એનો **જવાબ** એ છે કે, **ઘટ** શબ્દ બોલાતાં સર્વ ઘડાઓના બોધ થતો નથી, પણ 'ઘટ' શબ્દમાં જે ક્રિયારૂપ નિમિત્ત છે, તે ક્રિયા-રૂપ અર્થથી વિશિષ્ટ એવા જ ઘડાનો બોધ થાય છે. અર્થાત્ **ઘટઃ** જે ચેષ્ટા કરે તે 'ઘટ' કહેવાય. કઈ ચેષ્ટા ? તો જલને ધારણ કરવાની, લાવવાની (આહરણ) વગેરે ઘટને યોગ્ય જે

१. पू. । चा० मु. । २. पादिषु । विशि० मु. ।

ચેષ્ટાઓ છે તેને કરે તે 'ઘટ' કહેવાય. આ રીતે **'घट'** શબ્દની પ્રવૃત્તિના નિમિત્ત રૂપ જે 'ચેષ્ટા'રૂપ ક્રિયા છે, તેને કરતો હોય તેને જ 'ઘટ' = ઘડો કહેવો ઉચિત છે. પણ જે જલ-ધારણાદિ ચેષ્ટા કરતો ન હોય, પણ ખાલી પડી રહેલો હોય તેને ઘડો કહેવાય નહિ. કારણ કે **'घट'** શબ્દનો અર્થ ફક્ત અમુક આકારવાળો અર્થાત્ પૂર્વે નૈગમ વગેરે નયો દ્વારા કહેવાયેલ (ઊર્ધ્વ-કુણ્ડલ-ઓષ્ઠ અથવા કમ્બુગ્રીવાદિમાન્ અથવા તુંબડાકારવાળો વગેરે રૂપ) અર્થ એ 'ઘટ' શબ્દનો અર્થ નથી. સાંપ્રત-નય તેમજ સમભિરૂઢ-નય વડે કહેલ અર્થ સ્થૂળ છે. અર્થાત્ તેઓ તો ખાલી પડેલા જલ-ધારણ વગેરે પોતાની અર્થક્રિયાને નહીં કરનારા ઘડાને પણ ઘડો કહેવા તૈયાર છે. પણ એવંભૂત-નય તો એથી ય વધુ સૂક્ષ્મ અર્થને માને છે. એ કહે છે **'घट'** શબ્દની પ્રવૃત્તિ જે 'ચેષ્ટા' અર્થવાળા **घट्** ધાતુને/ક્રિયાને લઈને થઈ છે, એ 'ચેષ્ટા'રૂપ ક્રિયા-અર્થ જ જેમાં ન હોય તેવા ઘડારૂપ અર્થનો **घट**-શબ્દ વાચક શી રીતે બને ? **घट** શબ્દ તો 'ચેષ્ટા'રૂપ ક્રિયાથી યુક્ત 'ઘડા' રૂપ અર્થનો વાચક છે, બીજા ખાલી પડેલાં વગેરે ઘડાઓનો વાચક નથી. આથી જો **घट्** ધાતુથી સૂચિત જલ-ધારણ વગેરે 'ચેષ્ટા'રૂપ ક્રિયાથી વિશિષ્ટ ઘડો-અર્થ સ્વીકારાય તો જ **घट्** શબ્દ અને 'ઘડા' રૂપ પદાર્થ વચ્ચે વાચ્યવાચક સંબંધ ઘટી શકે છે. નહિતર તો **घटः** એમ બોલાતાં તેવો જ (ક્રિયા-વિશિષ્ટ) અર્થ જો પ્રાપ્ત ન થાય તો **'घट'** બોલતાં 'પટ' અર્થની પણ પ્રાપ્તિ થવાની આપત્તિ કેમ ન આવે ?

આથી જલ-ધારણ, આહરણ વગેરે પોતાની અર્થ-ક્રિયા કરનાર જ ઘડારૂપ અર્થ **घट** શબ્દ વડે કહેવાય છે અને આથી શબ્દ અને અર્થ વચ્ચે વાસ્તવિક વાચ્ય-વાચકરૂપ સંબંધ પણ ઘટી શકે છે. તથા કેવળજ્ઞાન પામ્યા બાદ **तीर्थं करोति इति तीर्थंकरः** । જે 'તીર્થ'ને કરે, સ્થાપે તે તીર્થંકર કહેવાય. અહીં પણ ચતુર્વિધ સંઘ રૂપ અથવા દ્વાદશાંગીરૂપ તીર્થની સ્થાપના કરતાં હોય ત્યારે જ તીર્થંકર કહેવાય એમ એવંભૂત-નય માને છે. બાકીના સમયે-તીર્થ સ્થાપના કરી દીધા પછી તો તેઓ તીર્થંકર ન કહેવાય. (પણ અરિહંત કહી શકાય છે કારણ કે 'અરિહંત' શબ્દની પ્રવૃત્તિના નિમિત્તભૂત ક્રિયા ત્યારે પણ વિદ્યમાન છે.) આમ દરેક (ઘડા, વસ્ત્ર વગેરે) પદાર્થની બાબતમાં પોતાનો વાચક જે શબ્દ છે, તેની પ્રવૃત્તિના નિમિત્ત રૂપ જે (જલધારણ, શરીરાચ્છાદન વગેરે) ક્રિયા છે, એ જો તે (ઘડા વગેરે) વાચ્ય અર્થમાં વિદ્યમાન હોય તો જ વાસ્તવિક વાચ્ય-વાચક સંબંધ ઘટે છે. આથી તેવો જ (જલધારણ રૂપ ચેષ્ટાને કરતો ઘડો વગેરે) અર્થ તે (**घट** વગેરે) શબ્દ વડે કહેવાય છે, પણ બીજો અર્થ (ખાલી પડેલ ચેષ્ટા વિનાનો ઘડો વગેરે અર્થ) જણાવાતો નથી એમ એવંભૂત શબ્દનય માને છે, એમ સારાંશ છે. આમ એવંભૂત-નય શબ્દને આશ્રયીને અત્યંત સૂક્ષ્મ અર્થનો સ્વીકાર કરે છે.

**भा०** अत्राह-**एवमिदानीमेकस्मिन्नर्थेऽध्यवसायनानात्वात् ननु विप्रतिपत्तिप्रसङ्ग इति । अत्रोच्यते** -

**टी०** **एवमिदानीमेकस्मिन्नि**त्यादिना भाष्येण । **एवमिति** यथा प्रतिपादितैरेकवस्तुनि परस्परविलक्षणैर्भेदैः, **इदानीमि**त्येतत् पूर्वाभिहितनयवादकालापेक्षया प्रयुज्यते, एवमवस्थिते नयप्रस्थानेऽधुना इदमापनीपद्यते-**एकस्मिन्नर्थे** घटवस्तुनि, बहुष्वर्थेषु न दोषाशङ्काऽस्ति, प्रतिवस्तु नयप्रवृत्तेः । एकस्मिन् पुनर**ध्यवसायनानात्वाद्** विज्ञानभेदात्, **ननुशब्दो** मीमांसायां,

---

(અહીં એટલું સમજવું કે પૂર્વોક્ત સ્વરૂપ જીવનો જે અધ્યવસાય/બોધવિશેષ છે એ જ્ઞાન-નય છે. કારણ કે તેમાં સાક્ષાત્ શાસ્ત્રનો અધિકાર છે. તથા આનો જ્ઞેય = પદાર્થ એ અર્થ-નય છે અને તેનો વાચક એ શબ્દ-નય છે, એમ જાણવું. (હા. ભ. ટીકા.)

આ પ્રમાણે જુદા જુદા નયોના અભિપ્રાયોનો વિચાર કરાયે છતે પૂર્વપક્ષ (દોષ સૂચક વ્યક્તિ) પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે-

**ભાષ્ય : અહીં અન્ય વ્યક્તિ પ્રશ્ન ઉઠાવે છે - પ્રશ્ન : આ પ્રમાણે એક જ (ઘટાદિ) અર્થને વિષે અધ્યવસાયનું/વિજ્ઞાનનું જુદાપણું હોવાથી વિપ્રત્તિપત્તિ = વિરુદ્ધ પ્રતીતિ/સ્વીકાર થવાનો પ્રસંગ આવશે. (આ વાત તમારે વિચારવાં યોગ્ય છે.)**

### ❋ નયોના જુદા જુદા અભિપ્રાયો વિરુદ્ધ હોવાની શંકા ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં પૂર્વપક્ષ આ પ્રમાણે પ્રશ્ન ઉઠાવે છે - આપત્તિ આપે છે. **एवम्** - એટલે કે પૂર્વના ગ્રંથમાં જે રીતે એક જ (ઘટરૂપ) વસ્તુમાં પરસ્પર એકબીજાથી વિલક્ષણ જુદા પ્રકારના ભેદોનું/પ્રકારોનું/અભિપ્રાયોનું પ્રતિપાદન કરાયું છે, તે રીતે જોતાં અહીં હવે દોષ આવશે. **इदानीम्** એટલે હમણા, હવે અર્થાત્ પૂર્વે કહેલ નયવાદના કાળની અપેક્ષાએ **इदानीम्** = 'હવે' એવા શબ્દનો પ્રયોગ કરેલો છે. એનો અર્થ એ છે કે, આ પ્રમાણે નયોનું પૂર્વે કરેલું પ્રસ્થાન = વિવેચનનો આરંભ એ જ્યારે આવી સ્થિતિમાં પહોંચ્યું છે, ત્યારે હમણા હવે આવા પ્રકારનો દોષ/આપત્તિ આવે છે - એક જ વસ્તુમાં અધ્યવસાયના/વિજ્ઞાનના જુદાં જુદાં ભેદને કારણે વિપ્રતિપત્તિ = વિરોધી પ્રતીતિરૂપ દોષ આવે છે એમ ભાષ્યનો સમસ્ત-અર્થ છે. ટીકામાં અવયવ-અર્થ જણાવે છે - એક જ અર્થમાં એટલે **દા.ત.** ઘટ રૂપ એક જ વસ્તુમાં જુદો જુદો બોધ થવો તે દોષરૂપ છે. ઘણી વસ્તુમાં/પદાર્થોમાં તો એકબીજાથી વિલક્ષણ જુદા જુદા બોધ-પ્રકારો હજી સંભવી શકે છે માટે ત્યારે આવા

मीमांसनीयमेतदेवं, **विप्रतिपत्तिप्रसङ्ग इति**, विरुद्धा[1] प्रतीतिर्विप्रतिपत्तिस्तस्याः प्रसङ्गोऽनिष्टमिति यावत् । न ह्येकमेव वस्तु सामान्यं सत् पुनर्विशेषो भवति, त्रैकालिकः[2] वर्तमानक्षणावधिको वा, नामादित्रयनिरासाद् वा भावमात्रं पर्यायशब्दानभिधेयो वा विशिष्टक्रियाविशिष्टो[3] वा वस्तुविशेष इति, विरुद्धाः प्रतीतयः सकलाः प्रतीयन्त इति । न च विरुद्धप्रतीतिकः

દોષની શંકા પડતી નથી. કહેવાનો **આશય** એ છે કે વસ્તુએ વસ્તુએ - દરેક વસ્તુને વિષે નયની - અભિપ્રાય-વિશેષની પ્રવૃત્તિ થાય છે. (**प्रतिवस्तु नयप्रवृत्तेः**) આથી જુદી જુદી (ઘટ, પટ, મઠ, રક્ત વગેરે) વસ્તુને વિષે અભિપ્રાયનો ભેદ પડે તો તે સમજી શકાય છે, વ્યાજબી છે. પણ એક જ ઘટ આદિ વસ્તુને વિષે આપના વડે જુદા જુદા અધ્યવસાયના/વિજ્ઞાનના ભેદો સ્વીકારાય છે, તે તો વિપત્તિપત્તિ-દોષરૂપ જ ગણાય.

**વિપ્રતિપત્તિ** એટલે વિરુદ્ધ પ્રતિપત્તિ = પ્રતીતિ-સ્વીકાર. તેનો પ્રસંગ આવે એટલે કે અનિષ્ટના/દોષના સ્વીકારની આપત્તિ આવશે. (**હા. ભ.** કારણ કે એક જ વસ્તુના નિમિત્તથી અનેક પ્રતીતિઓ થવી યોગ્ય નથી. કૃષ્ણ વર્ણમાં નીલવર્ણની પ્રતીતિ જેમ ઘટતી નથી, તેમ તે ઘટતી નથી.) ભાષ્યમાં **ननु** શબ્દ છે, તે 'મીમાંસા' = વિચારણા અર્થમાં છે. આથી 'પૂર્વોક્ત દોષ-આપત્તિ એ તમારા વડે વિચારણીય છે' એમ પૂર્વપક્ષ જણાવે છે.

વિરોધી પ્રતિપત્તિ (પ્રતીતિ/બોધ) રૂપ દોષ આવવાનું કારણ એ કે, એક જ વસ્તુ સામાન્યરૂપ હોયને પાછી વિશેષરૂપે પણ હોવી ઘટતી નથી. અથવા તો એક જ (ઘટાદિ) પદાર્થ (ત્રૈકાલિક=) ત્રણેય કાળના વિષયવાળો હોયને વળી વર્તમાન ક્ષણની મર્યાદાવાળો અર્થાત્ વર્તમાનકાલીન હોય. અથવા તો (ઘટાદિ) વસ્તુના નામ, સ્થાપના અને દ્રવ્યરૂપ પર્યાયોને દૂર કરી - નિષેધ કરીને (શબ્દનયની અપેક્ષાએ) ફક્ત ભાવરૂપ પર્યાય જ સ્વીકારવો. અથવા (ઘટ વગેરે પદાર્થોને) (સમભિરૂઢ નયની અપેક્ષાએ) પર્યાય (સમાનાર્થી **कुट** વગેરે) શબ્દ વડે અનભિધેય - અવાચ્ય કહેવો અથવા વિશિષ્ટ (શબ્દની પ્રવૃત્તિના અથવા વ્યુત્પત્તિના નિમિત્તરૂપ-ચેષ્ટા વગેરે) ક્રિયાથી યુક્ત જ (ઘટાદિ) વસ્તુ-વિશેષ રૂપે કહેવો તે બરાબર નથી. અર્થાત્ એક જ ઘટાદિ વસ્તુને પહેલાં સામાન્યરૂપે કહ્યો પછી તેને ફરી પૂર્વે કહ્યા મુજબ (પૂર્વ પૂર્વના અર્થ કરતાં) ઉત્તરોત્તર અધિક અધિક વિશેષરૂપે - ભિન્નરૂપે કહેવી તે ઘટતું નથી. આ સઘળીય વિરુદ્ધ પ્રતીતિઓ/બોધવિશેષો છે અને જે પદાર્થ વિરુદ્ધ-પ્રતીતિવાળો હોય, જેના અંગે વિરોધી જુદાં જુદાં બોધ થતાં

१. पू. । द्रत्वप्र० मु. । २. पा.पू.लि.कै.ख. । त्रि० मु. । ३. विष्टो० मु. ।

पदार्थो निश्चेतुं शक्यः[1], न चानिश्चयात्मकं तत्त्वज्ञानमित्याकुमारं सिद्धिः । शास्त्रकारस्तु येनाभिप्रायेण ज्ञेयस्यार्थस्याध्यवसायान्तराण्येतानि इति उक्तवान् तं प्रचिकटयिषुराह-**अत्रोच्यते** विप्रतिपत्तिपरिहारः -

**भा० यथा सर्वमेकं सदविशेषात् । सर्वं द्वित्वं जीवाजीवात्मकत्वात् । सर्वं[2] त्रित्वं द्रव्यगुणपर्यायावरोधात् । सर्वं चतुष्टयं चतुर्दर्शनविषयावरोधात् । सर्वं पञ्चत्वं अस्तिकायावरोधात्[3] । सर्वं षट्कं षड्द्रव्यावरोधादिति । यथैता न विप्रतिपत्तयोऽथ चाध्यवसायान्तराणि[4] एतानि, तद्वन्नयवादा इति ।**

હોય તે પદાર્થ અંગે નિશ્ચય કરવો શક્ય નથી.અને જે નિશ્ચયાત્મક-નિશ્ચયસ્વરૂપ ન હોય તેવું તત્ત્વજ્ઞાન પણ હોઈ શકતું નથી; આ વાતની નાના બાળકને-કુમારને પણ ખબર હોય છે. આથી એક જ વસ્તુ સંબંધી વિરોધી પ્રતીતિઓ ન થાય એ પ્રમાણે કહેવું ઉચિત છે એમ પૂર્વપક્ષનો કહેવાનો આશય છે.

અહીં શાસ્ત્રકાર-સ્વોપજ્ઞ ભાષ્યકાર આચાર્ય **શ્રીઉમાસ્વાતિજી મહારાજે** જે અભિપ્રાય વડે પૂર્વે 'આ નયો એ જ્ઞેય અર્થના/પદાર્થના અધ્યવસાયના = વિજ્ઞાનના ભેદો અર્થાત્ પ્રકારો છે' એમ જે કહેલું છે, તે અભિપ્રાયને પ્રગટ કરવાની ઇચ્છાથી ભાષ્યમાં આ પ્રમાણે કહે છે-

**ભાષ્ય** : **આ વિષયમાં (જવાબ) કહેવાય છે. (જવાબ :) જેમ સર્વ વસ્તુ (જગત) (પક્ષ) એક રૂપ છે (સાધ્ય). કારણ કે સત્ રૂપે અભિન્ન-એક જ છે (હેતુ). સર્વ (જગત્) બે પ્રકારે છે, કારણ કે તે (૧) જીવ અને (૨) અજીવ સ્વરૂપ છે. તથા સર્વ જગત્ ત્રણ પ્રકારે છે, કારણ કે (૧) દ્રવ્ય (૨) ગુણ અને (૩) પર્યાયમાં (સર્વ પદાર્થો) સમાઈ જાય છે. તથા સર્વ જગત ચાર પ્રકારનું છે, કારણ કે તે ચક્ષુદર્શન આદિ ચાર દર્શનનો વિષય બને છે. વળી તે જ સર્વ જગત પાંચ પ્રકારવાળું છે, કારણકે પાંચ-અસ્તિકાય રૂપ છે. તેમજ સર્વ જગત છ ભેદવાળું છે, કારણ કે ષડ્દ્રવ્યમય છે.**

**જેમ આ (પૂર્વોક્ત) વિધાનો એ વિરુદ્ધ પ્રતીતિઓ નથી અને વળી જુદા જુદા અધ્યવસાયના સ્થાનો = વિજ્ઞાન-ભેદો છે, તેમ નયવાદો પણ વિરોધી નથી.**

### ❋ એક જ વિશ્વની જુદા જુદા પ્રકારે વિચારણાના દૃષ્ટાંતો ❋

**પ્રેમપ્રભા** : પૂર્વપક્ષે આપેલ વિપ્રતિપત્તિ રૂપ દોષનો જવાબ/સમાધાન આપતાં

१. पादिषु । क्यते० मु. । २. पादिषु, कै. । मारसि० मु. । ३. टीकानु० लि-भा. च । पञ्चास्तिकायात्मकत्वात्० मु. ।
४. टीकानु० । सायस्थानान्त० मु. ।

**टी० यथे**त्यादि । सकलं जगदनेकावयवात्मकमपि सत्तामात्रव्याप्तेरविशेषादेकमुच्यते । एवं[1] च सद् द्विधा, जीवाजीवमात्रविवक्षावशात् । कथं पुनरेकसङ्ख्याव्यवच्छिन्नं सद् द्वित्वसङ्ख्याया गोचरीभवति ?, न च काल्पनिकमेतत्, अंशसद्भावात्, तस्मान्नास्ति विरोधः । एवं नयेष्वप्यविरोधप्रतिपत्तिः साधीयसीति । तथा तदेवैकं त्रिधा, द्रव्यगुणपर्यायेषु

ભાષ્યકાર કહે છે - આ વિષયમાં જવાબ/સમાધાન કહેવાય છે. **જવાબ :** સર્વ જગત એકરૂપ છે. કારણ કે, સત્-રૂપે એક જ છે. સર્વ = સકળ જગત્ એ અનેક અવયવ રૂપ હોવા છતાં પણ તે દરેક અવયવોમાં/અંશોમાં (આ સત્, આ સત્, તે સત્ વગેરે રૂપે) સત્પણાની = સત્તા-માત્રની વ્યાપ્તિ થતી હોવાથી સત્ રૂપે = સત્તામાત્રથી અવિશેષ અર્થાત્ અભિન્ન છે અને આથી એક જ જગત કહેવાય છે. વળી આ જગત આ પ્રમાણે (એક જ) હોવા છતાંય **બે-ભેદવાળું** પણ છે. કારણ કે, જીવ અને અજીવ રૂપે છે અર્થાત્ જગતમાં જે કાંઈ પદાર્થ છે તે ક્યાં તો જીવ સ્વરૂપે છે અથવા અજીવ સ્વરૂપે છે. આ સિવાય ત્રીજા પદાર્થની વિવક્ષા નથી. માટે જીવ અને અજીવ એવા બે જ પદાર્થની વિવક્ષાના વશથી જગત્ બે પ્રકારનું પણ કહેવાય છે.

અહીં અમે પૂર્વપક્ષને (વિપ્રતિપત્તિ દોષ આપનારને) પૂછીએ છીએ કે, આખુ જગત્ એ 'એક' સંખ્યાથી વિશિષ્ટ/યુક્ત છે એમ કહીને પાછું તે જગત્ દ્વિત્વરૂપ (અર્થાત્ બે) સંખ્યાનો વિષય શી રીતે બને ?

**પૂર્વપક્ષ :** આ સકળ એકરૂપ જગતને બે પ્રકારનું અર્થાત્ દ્વિત્વ સંખ્યાથી વિશિષ્ટ કહેવું તે કાલ્પનિક અર્થાત્ સ્વમતિથી કલ્પિત છે.

**ઉત્તરપક્ષ :** ના, આ વાત કાલ્પનિક પણ નથી જ. વાસ્તવિક જ છે. કારણ કે જગતના અંશોનો/અવયવોનો સદ્ભાવ છે જ. આ કારણથી વિરોધ નથી. (અર્થાત્ સત્તા-રૂપ સામાન્ય ધર્મની અપેક્ષાએ એકરૂપ એવું પણ જગત એ તેના અવયવોની = વિભાગોની અપેક્ષાએ બે પ્રકારનું હોવાથી દ્વિત્વ (બે) સંખ્યાનો વિષય બનવામાં વિરોધ આવતો નથી. આ પ્રમાણે નૈગમ વગેરે નયોને વિષે પણ (જુદા જુદા પ્રકારના બોધ-વિશેષ થવા છતાં પણ) અવિરોધની = વિરોધના અભાવની પ્રતીતિ - સ્વીકાર થાય છે તે બરાબર છે સાચો યથાર્થ છે. (આ પ્રમાણે આગળ પણ ત્રણ વગેરે પ્રકારવાળું સર્વજગત્ છે ઇત્યાદિ વિષયમાં પણ સમાધાન સમજવું.)

१. पू.लि. । एकं० मु. ।

सर्वस्यावरुद्धत्वात्, गुणपर्यायाणामन्वयि द्रव्यं, गुणा रूपादयः, पर्यायाः [१]कपालादयः, सहभूत्वं क्रमभूत्वं चादाय भेदेनोपादानमिति । तथा तदेकं चतुर्धा, चक्षुर्दर्शनादिभिश्चतुर्भिः

આ જ રીતે તે જ એકાત્મક જગત એ **ત્રણ-પ્રકારવાળું** પણ છે. કારણ કે, (૧) દ્રવ્ય (૨) ગુણ અને (૩) પર્યાયો એ ત્રણ વસ્તુમાં સર્વ જગતનો અંતર્ભાવ થઈ જાય છે. કેવી રીતે ? એ જણાવે છે. ગુણ અને પર્યાયોમાં જે અન્વયી = એટલે કે અન્વય/સંબંધ કરનારું-નિત્ય અનુસરનારું હોય તે 'દ્રવ્ય' કહેવાય. અર્થાત્ ગુણ અને પર્યાય વિનાનું દ્રવ્ય ન હોઈ શકે માટે દ્રવ્ય એ એક યા બીજા ગુણ અને પર્યાય સાથે અવશ્ય સંબંધ/અન્વય પામનારું હોય છે. (વળી દ્રવ્ય એ ગુણ અને પર્યાયનો આધાર છે. માટે ગુણ અને પર્યાયો પણ દ્રવ્યને છોડીને રહી શકતાં નથી.) રૂપ વગેરે એ **'ગુણો'** કહેવાય અને કપાલ વગેરે એ **'પર્યાય'** કહેવાય છે.

## ❋ ગુણ અને પર્યાયો વચ્ચે ભેદ ❋

**પ્રશ્ન :** આમ તો ગુણ અને પર્યાયો એ બન્નેય દ્રવ્યના 'ધર્મ' રૂપે એક જ છે. તો બન્નેયને જુદા શાથી કહ્યાં છે ?

**જવાબ :** દ્રવ્યની સાથે એક (૧) **સહભૂ** છે અને બીજો (૨) **ક્રમભૂ** છે, તેને લઈને જુદા કહેલાં છે. અર્થાત્ રૂપ, રસ આદિ ધર્મો એ દ્રવ્યની સાથે ઉત્પન્ન થનારા અને રહેનારા હોય છે, માટે (**सह भवति इति सहभूः**) સહભૂ કહેવાય છે. જ્યારે કપાલ વગેરે પર્યાયો/અવસ્થાઓ એ ક્રમે કરીને દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. બદલાતાં રહેતાં હોય છે માટે 'ક્રમભૂ' (**क्रमेण भवति इति क्रमभूः**) કહેવાય છે.

**ચંદ્રપ્રભા : દા.ત.** સૌથી પહેલાં માટીનો પિંડ હતો, પછી તેમાંથી કપાલિકા, કપાલ વગેરે બનાવીને પછી તેમાંથી ઘડો બનાવે છે. જ્યારે માટી પિંડા રૂપે હતી ત્યારે કપાલ અવસ્થા ન હતી, જ્યારે તેમાંથી કપાલ બને છે ત્યારે પિંડરૂપે નથી અને જ્યારે ઘડા રૂપે બને છે ત્યારે કપાલ-પર્યાય પણ નાશ પામે છે, તિરોહિત થઈ જાય છે. આમ દ્રવ્યમાં પર્યાયો ક્રમસર જ ઉત્પન્ન થાય છે. જ્યારે રૂપ, રસ, ગંધ વગેરે તો માટી, કપાલ કે ઘડાની અવસ્થામાં પણ દ્રવ્ય સાથે હોય જ છે. નાશ પામતા નથી. તેવી જ રીતે સોનારૂપ દ્રવ્યમાંથી ક્રમશઃ વીંટી, બંગડી, હાર, કુંડળ વગેરે બનાવાય ત્યારે સોનુ તો એનું એ જ છે- પણ તેનો પીળો વર્ણ, નરમપણું વગેરે જે ગુણો કહેલાં છે. તે દરેક અવસ્થામાં રહેલાં છે માટે તે ગુણો **સહભૂ** કહેવાય છે. જ્યારે વીંટી, બંગડી વગેરે અવસ્થાઓ એ ક્રમશઃ થતી હોવાથી-બદલાતી હોવાથી તે પર્યાયો **ક્રમભૂ** કહેવાય છે. આમ ગુણો

२. पादिषु । का० पू. ।

सर्वस्य विषयीकृतत्वात् तन्मात्रम्[1] । तथा तदेव पञ्चस्वभावं निरूप्यते, पञ्चास्तिकायात्मकत्वात्, एतदाह-**सर्वं पञ्चत्वं अस्तिकायावरोधात्** पञ्चस्वभावं सर्वमिदं जगत्, पञ्चभिरस्तिकायैर-वरुद्धत्वात्, धर्माधर्माकाशजीवपुद्गलास्तिकायात्मकं यतः । तथा तदेव पञ्चस्वभावं षट्स्वभावं षट्द्रव्यसमन्वितत्वात्, तदाह-**सर्वं षट्कं षड्द्रव्यावरोधात्** सर्वं षड्स्वभावं जगत्, कुतः ? षड्द्रव्यावरोधादिति । षड् द्रव्याणि कथम् ? उच्यते-पञ्च धर्मादीनि कालश्चेत्येक इति । **यथा** येन प्रकारेण **एताः** एकद्वित्रिचतुःपञ्चषडात्मिका अवस्थाः एकत्र जगत्युपादीयमाना

અને પર્યાયો વચ્ચે તફાવત હોવાથી તેને જુદા કહેલાં છે, એમ જાણવું. આખું ય જગત્ = તેમાં રહેલ તમામ પદાર્થો આ ત્રણ વસ્તુરૂપે હોવાથી ત્રણ પ્રકારનું છે એમ સારાંશ છે.

**પ્રેમપ્રભા :** તેમજ તે જ એકરૂપ જગત એ **ચાર-પ્રકારનું** પણ છે. કારણ કે, ચક્ષુદર્શન આદિ ચાર પ્રકારના દર્શનો વડે સર્વજગત વિષય રૂપે બનાવાયુ છે. (ચક્ષુદર્શનાવરણીય વગેરે ચાર પ્રકારના દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમાદિ વડે જે ચક્ષુદર્શન વગેરે ગુણો જીવમાં ઉત્પન્ન થાય છે તેનો વિષય આખુ જગત બને છે.) માટે સમસ્ત જગત ચાર ભેદવાળું કહેલું છે. (કદાચ કોઈ પદાર્થ ચક્ષુદર્શન આદિ ત્રણ દર્શનોનો વિષય ન બને તો પણ કેવળદર્શન રૂપ દર્શન-ગુણ વડે આખું ય જગત દેખાય છે, તેમાં કોઈ પદાર્થ બાકી રહેતો નથી. માટે આ પ્રમાણે કહેવું ઘટે છે.) તથા તે જ સમસ્ત જગત **પાંચ-સ્વભાવવાળું** કહેવાય છે. કારણ કે, પાંચ-અસ્તિકાય-આત્મક છે. આ જ વાત ભાષ્યમાં કહે છે. સર્વ વસ્તુ (જગત્) એ પાંચ પ્રકારનું પાંચ-સ્વભાવવાળું છે. કારણ કે પાંચ અસ્તિકાયો (સમહો)થી અવરુદ્ધ છે - વ્યાપ્ત છે/યુક્ત છે. અર્થાત્ જે કારણથી આખુંય જગત (૧) ધર્મ (૨) અધર્મ (૩) આકાશ (૪) જીવ અને (૫) પુદ્ગલ એ પાંચ અસ્તિકાય - સ્વરૂપ છે, માટે તે પાંચ સ્વભાવવાળું છે.

## ❋ અપેક્ષાભેદથી વિશ્વ પાંચ-અસ્તિકાયરૂપ અને ષડ્દ્રવ્યમય ❋

અને તે જ પાંચ-સ્વભાવવાળું જગત એ **છ-સ્વભાવવાળું** પણ છે. કારણ કે ષટ્દ્રવ્યોથી યુક્ત છે. આ વાત જણાવતાં ભાષ્યમાં કહે છે-સર્વ જગત ષટ્ક = છ સ્વભાવ(ભેદ)વાળું છે. **પ્રશ્ન :** શાથી ? **જવાબ :** કારણ કે સર્વજગત છ દ્રવ્યથી યુક્ત છે. **શંકા :** ષટ્ દ્રવ્યો શી રીતે થાય ? **સમાધાન :** ધર્માસ્તિકાય આદિ પૂર્વોક્ત પાંચ ભેદો ઉપરાંત **कालश्चेत्येके** ॥ ५-३८ ॥ એવા આ જ શાસ્ત્રમાં આગળ કહેવાતાં સૂત્રથી અન્ય

१. पू. त्रता० मु. ।

**न विरुद्धाः प्रतिपत्तयो** भवन्ति, अथ च ज्ञेयस्य जगतः **अध्यवसायान्तराणि** परिच्छेदकानि[1] विज्ञानानि एकादिरूपेण, **तद्वत्**[2] **नयानां** नैगमादीनां[3] **वादा**-जल्पा अध्यवसायकृता न विरुध्यन्ते । **एतत् कथयति**-यो हि नाम यत्र वस्तुनि धर्मो न विद्यते स तत्र

આચાર્યના મતે છઠ્ઠુ 'કાળ'નામનું દ્રવ્ય પણ છે. તેને મેળવતાં છ દ્રવ્યો થાય છે.

**ચંદ્રપ્રભા : શંકા :** સર્વજગત છ-દ્રવ્યથી યુક્ત છે એમ કહ્યું. આમાં પાંચ દ્રવ્ય તો પૂર્વે કહેલાં પાંચ અસ્તિકાય સ્વરૂપ જ છે. છઠ્ઠુ કાળદ્રવ્ય અધિક છે. હવે છઠ્ઠુ કાળ રૂપ દ્રવ્ય એ પાંચ અસ્તિકાય કરતાં જુદુ હોય તો પૂર્વે પાંચ પ્રકારનું = પાંચ-અસ્તિકાયમય જગત કહેલું છે તેમાં છઠ્ઠું કાળરૂપ દ્રવ્ય એ પાંચ-અસ્તિકાયનો વિષય નહીં બને. આથી આખુય જગત પંચાસ્તિકાય-સ્વરૂપ નહીં આવે પણ કંઈક (કાળની અપેક્ષાએ) ન્યૂન ઓછા જગતનું જ ગ્રહણ થશે. આથી તે રીતે સર્વજગતને પાંચ-ભેદવાળુ કહેવું યોગ્ય નહિ ગણાય.

**સમાધાન :** સાચી વાત, પણ ગ્રંથકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજના મતે કાળ એ પાંચ અસ્તિકાય રૂપ દ્રવ્યોથી ભિન્ન દ્રવ્ય નથી પણ પાંચ-અસ્તિકાય રૂપ દ્રવ્યોના પર્યાયરૂપે જ છે અને દ્રવ્યના ગ્રહણથી પર્યાયનું ગ્રહણ અનિવાર્યરૂપે થઈ જ જાય કારણ કે દ્રવ્યો એ પર્યાય રૂપ પણ છે. આમ આ અપેક્ષાએ સર્વજગત્ એ પાંચ-અસ્તિકાય સ્વરૂપ હોવું પણ ઘટે છે અને અન્ય આચાર્યના મતે છઠ્ઠું કાળ રૂપ દ્રવ્ય એ પાંચ અસ્તિકાયથી ભિન્ન છે. આથી તેઓના મતે સમસ્ત જગત ષટ્દ્રવ્યસ્વરૂપ છે. આમ નય-વિશેષથી, અપેક્ષા-વિશેષથી બન્નેય મત જૈન સિદ્ધાંતથી અવિરુદ્ધ છે અને આથી પૂર્વોક્ત બન્નેય પ્રકારના ઉદાહરણો સંગત થાય છે.

એક જ વસ્તુમાં અપેક્ષા-વિશેષથી કહેવાતી/જણાતી જુદી જુદી વાત પણ પરસ્પર વિરોધી ન હોઈ શકે એ વાતનું જ્યારે ઉદાહરણ દ્વારા પ્રતિપાદન ચાલી રહ્યુ છે, ત્યારે ઉપરોક્ત સમાધાન પણ આ વાતની પુષ્ટિ આપવા દ્વારા નવા/અધિક ઉદાહરણ રૂપે બની રહે છે.

## દ્રષ્ટાંતોનો 'નય'માં ઉપનય (ઘટના)

**પ્રેમપ્રભા :** જે પ્રકારે પૂર્વોક્ત એક-બે-ત્રણ-ચાર-પાંચ અને છ રૂપ અવસ્થાઓ (પર્યાયો) એક જ જગતને વિષે ગ્રહણ (બોધ) કરાતી હોવા છતાંય તે વિરુદ્ધ પ્રતિપત્તિઓ/પ્રતીતિઓ બનતી નથી. (હા.ભ. કારણ કે સર્વજગતમાં તે બધાંય ધર્મો રહેલાં જ છે અને જ્યારે તે તે ધર્મના ભેદ વડે અર્થાત્ તે તે ધર્મને આગળ કરીને પ્રધાન બનાવીને જ્યારે બોધ કરાય ત્યારે તે એક જ જગતનો એક-બે-ત્રણ વગેરે ભેદવાળા તરીકે બોધ થાય છે.) પરંતુ જ્ઞેય એવા જગતનો એક વગેરે રૂપે બોધ કરનારા

१. पू. । कारि० मु. । २. पू. । अत्र 'तेन प्रकारेण' इति अधिकः० मु. । ३. पू. कै. । ना. मु. ।

स्वेच्छयोपादीयमानस्तत्स्थेनापरेण धर्मेण विरोधं प्रतिपद्यते, यथाऽऽत्मनि अज्ञानिता उपादीयमाना ज्ञानरूपेणात्मस्थेन धर्मेण विरुद्धा सती त्यज्यते, नैवं नयेषु, यथा वा व्योम्नि मूर्तता तत्स्थेनापरेणामूर्तेन धर्मेण विरुद्धा सती विप्रतिपत्तिरुच्यते, नैवं नयेषु, यतो वस्तु

અધ્યવસાયના/બોધના પ્રકારો છે. અર્થાત્ વિજ્ઞાન-વિશેષ સ્વરૂપ આ પ્રતીતિઓ છે. તેની જેમ પૂર્વોક્ત નયવાદ છે. અધ્યવસાય વડે અર્થાત્ બોધવિશેષ વડે કરાતા આ નૈગમ આદિ નયોના વાદો = જલ્પો (પોતાના મતને સ્થાપિત કરનારા અભિપ્રાયો) ઉક્ત પ્રતીતિઓની જેમ વિરોધી નથી. અર્થાત્ એક વસ્તુમાં પણ રહેલાં જુદા જુદા ધર્મોમાંથી કોઈ એકાદ ધર્મને જ આગળ કરીને જે વાદો = અભિપ્રાયો પ્રવર્તે છે તે વિરોધી નથી - કેમ કે તેવા ધર્મો તે એક જ વસ્તુમાં હકીકતમાં રહેલાં હોય છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ એક જ વસ્તુ સામાન્ય, વિશેષ આદિ અનેક ધર્મોથી યુક્ત છે અર્થાત્ તે ધર્મ-સ્વરૂપ છે. આવી અનેક ધર્માત્મક વસ્તુમાં નયો એ જીવના ક્ષયોપશમની વિચિત્રતાના (વિવિધતાના) કારણે તે તે (સામાન્ય આદિ) ધર્મ-વિશેષનો બોધ (અધ્યવસાય) વિશેષ કરનારા છે. આમ વિષય બદલાતાં બોધનો પણ પ્રકાર બદલાયો છે. આથી એક જ વસ્તુના ધર્મો વિવિધ = અનેક પ્રકારના હોવાથી તેનો બોધ કરનારા અધ્યવસાય-વિશેષસ્વરૂપ નયો પણ જુદા જુદા પ્રકારનો બોધ કરનારા હોય છે, પણ વિરોધી હોતાં નથી.

### ❋ વસ્તુમાં અસત્ = અવિદ્યમાન ધર્મની જ કલ્પના વિરોધી બને ❋

**પ્રેમપ્રભા :** અહીં કહેવાનું **તાત્પર્ય** આ પ્રમાણે છે - જે વસ્તુમાં જે ધર્મ બિલ્કુલ રહેલો જ ન હોય તેમ છતાં - સ્વેચ્છાથી, અર્થાત્ પોતાની મતિની કલ્પના વડે - તે વસ્તુમાં તે ધર્મનું ગ્રહણ કરાય, બોધ કરાય, તો તે વસ્તુમાં રહેલાં બીજા ધર્મ સાથે તે કલ્પના કરાતો ધર્મ એ વિરોધી બને છે. જેમ કે, કોઈપણ આત્મામાં જ્ઞાન રહેલું છે. (નિગોદના જીવમાં પણ અક્ષરના અનંતમાં ભાગ જેટલું અવ્યક્ત જ્ઞાન હોય છે.) તેમ છતાં ય આત્મામાં કોઈ જીવ વડે અજ્ઞાનિતા = જ્ઞાન-રહિતતા રૂપી ધર્મનું ગ્રહણ કરાય તો આત્મામાં રહેલ જ્ઞાનરૂપી ધર્મ સાથે વિરોધી બનવાથી તે અજ્ઞાનિતા = જ્ઞાનરહિતતા રૂપી ધર્મનો ત્યાગ કરાય છે. અર્થાત્ આત્મામાં અજ્ઞાનિતા રૂપ ધર્મનો સ્વીકાર કરાતો નથી. આવા પ્રકારના વિરોધી ધર્મના સ્વીકાર રૂપ અનિષ્ટ પ્રસંગ નયોના વિષયમાં આવતો નથી.

**ચંદ્રપ્રભા :** અહીં અજ્ઞાનિતા એટલે સંપૂર્ણ જ્ઞાન- ગુણરહિતપણું સમજવું. તે તો કોઈપણ

सामान्यविशेषधर्मसमन्वितं कश्चित् केनचिदाकारेण परिच्छिनत्ति । यदि ह्यसन्नेवासौ धर्मस्तेन नयेन तत्र वस्तुन्यध्यारोप्येत स्याद् विप्रतिपत्तिप्रसङ्ग इति, न तु तथा ।

**भा० किञ्चान्यत् । यथा मतिज्ञानादिभिः पञ्चभिर्ज्ञानैर्धर्मादीनामस्तिकायानामन्यतमोऽर्थः पृथक् पृथगुपलभ्यते, पर्यायविशुद्धिविशेषादुत्कर्षेण, न चैता**[१]

જીવમાં નથી, કિંતુ જડમાં જ છે. બાકી આંશિક જ્ઞાન રહિતપણું-અજ્ઞાનતા તો કેવળજ્ઞાનીની અપેક્ષાએ સર્વ છદ્મસ્થ જીવોમાં સંભવી શકે છે એમ જાણવું.

**પ્રેમપ્રભા :** અથવા તો જેમ આકાશમાં મૂર્તતાનું/રૂપીપણાનું ગ્રહણ કરાય તો તે આકાશમાં રહેલ જે બીજો ધર્મ (સ્વાભાવિક ગુણ) અમૂર્તતા/અરૂપીપણુ છે, તેની સાથે વિરોધી બનવાથી વિપ્રતિપત્તિ એટલે કે વિરોધી પ્રતીતિ/બોધ કહેવાય. આથી આકાશમાં તેનો = મૂર્ત્તતારૂપી ધર્મનો અસ્વીકાર કરાય છે. નયોની બાબતમાં આવું બનતું નથી. કારણ કે, અવિદ્યમાન (વિરોધી) ધર્મનો આમા સ્વીકાર કરવો પડતો નથી. કારણ કે વસ્તુ પોતે જ સામાન્ય-ધર્મ અને વિશેષ-ધર્મથી યુક્ત હોઈને કોઈક નય તે વસ્તુનો કોઈ કોઈ રૂપે અર્થાત્ જુદા જુદા રૂપે બોધ કરે છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ કોઈ (સંગ્રહાદિનય) નય સામાન્ય રૂપે = સામાન્ય-ધર્મને મુખ્ય બનાવીને વસ્તુનો મનુષ્ય આદિ રૂપે બોધ કરે છે તો બીજો નય (વ્યવહાર વગેરે નય) વસ્તુના વિશેષ-ધર્મને મુખ્ય બનાવીને તેનો જ ક્ષત્રિય આદિ રૂપે બોધ કરે છે. પણ સર્વથા અસત્ = અવિદ્યમાન ધર્મનો બોધ કરતો ન હોવાથી વિરુદ્ધ પ્રતીતિ = વિપ્રતિપત્તિ થવાનો કોઈ સવાલ પેદા થતો નથી.

**પ્રેમપ્રભા :** હા, જો તે નયો વડે વસ્તુમાં અસત્ = અવિદ્યમાન એવા ધર્મનો (બોધ કરવા વડે) અધ્યારોપ = આરોપણ કરાતો હોત તો જરૂર વિરુદ્ધ પ્રતીતિ થવા રૂપ વિપ્રતિપત્તિનો પ્રસંગ = આપત્તિ આવત, પણ નયોને વિષે તેવું બનતું નથી.

**ચંદ્રપ્રભા :** તેમ છતાં ય જો નયોમાં વિપ્રતિપત્તિ માનશો તો જરૂર વિપ્રતિપત્તિ આવશે. અર્થાત્ નયોમાં અસત્ એવો પણ વિરુદ્ધ પ્રતીતિ રૂપ દોષ માનશો, તો તેનો સ્વીકાર એ જ વિપ્રતિપત્તિ દોષ રૂપ બની જશે.

**ભાષ્ય : વળી બીજી વાત એ કે, જેમ મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનો વડે ધર્માસ્તિકાય આદિ (પાંચ) દ્રવ્યો પૈકી કોઈપણ એક અર્થ એ પર્યાયની વિશુદ્ધિના વિશેષથી/તફાવતથી (ક્રમશઃ) ઉત્કર્ષ વડે જુદા જુદા પ્રકારે ગ્રહણ કરાય છે અને તેમાં છતાંય તે (મતિ આદિ જ્ઞાનો)**

१. टीकानु० लिंभा. कै. । च तानि० मु. ।

**विप्रतिपत्तय[१]स्तद्वन्नयवादाः ।**

**टी० किञ्चान्यदि**त्यनेनोपपत्त्यन्तरमप्यस्ति विप्रतिपत्तिदोषस्य परिहारार्थमिति दर्शयति- **यथा** मतिश्रुतावधिमनःपर्यायकेवलज्ञानैः पञ्चभिर्धर्माधर्माकाशजीवपुद्गला**नामस्तिकायानामिति, अस्ती**ति-त्रैकालिकसत्तासंसूचको निपातः, अभूवन् भवन्ति भविष्यन्ति च यतोऽतः सूच्यन्तेऽस्तीत्यनेन । **काय** इत्यनेन प्रदेशावयवबहुत्वमाचष्टे, वक्ष्यति पञ्चमे '**असङ्ख्येयाः प्रदेशाः**' ( **सू० ५-७** ) इत्यादि । अतोऽस्ति च ते कायाश्चेति, तेषा**मन्यतमः अर्थ** इति

---

**વિપ્રતિપત્તિ રૂપ મનાતા નથી, તે પ્રમાણે નયવાદો પણ (વિપ્રત્તિપત્તિ દોષથી રહિત) જાણવા.**

## ❋ એક જ અર્થ મતિજ્ઞાનાદિ વડે જુદા જુદા રૂપે જણાય છે ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **किञ्चान्यत्** શબ્દથી ભાષ્યકાર એ વાત બતાવે છે કે, નયવાદમાં પૂર્વપક્ષે આપેલ વિપ્રતિપત્તિ = વિરુદ્ધ પ્રતીતિ/સ્વીકાર રૂપ દોષના નિરાકરણ (સમાધાન) માટે બીજી પણ યુક્તિ છે અને તે આ પ્રમાણે છે. જેમ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનોવડે ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ એ પાંચ અસ્તિકાયરૂપ દ્રવ્યો પૈકી કોઈપણ ધર્માસ્તિકાય આદિ રૂપ અર્થ એ જુદા જુદા પ્રકારે ગ્રહણ કરાય છે, બોધ કરાય છે. અહીં પ્રસંગતઃ ટીકાકાર **શ્રી સિદ્ધસેન ગણિવર अस्तिकाय** શબ્દની વ્યુત્પત્તિ જણાવે છે. **अस्ति** શબ્દ એ ત્રણેય કાળ સંબંધી સત્તા (હોવું) અર્થને સૂચવનારો નિપાત (અવ્યય) શબ્દ છે. કારણ કે **अस्ति** શબ્દ વડે **अभूवन्** = ભૂતકાળમાં થયેલ, **भवन्ति** = વર્તમાનમાં થતો અને **भविष्यन्ति** = ભાવિમાં થનારો એવો ત્રિકાળ વિષયક અર્થો સૂચવાય છે. તથા **काय** એવા શબ્દ વડે (તે તે ધર્માદિ અર્થોના) પ્રદેશ અને અવયવો ઘણા હોવાનું જણાવાય છે. આ હકીકત પાંચમાં અધ્યાયમાં **असंख्येयाः प्रदेशाः०** ॥ ૫-૭ ॥ ઇત્યાદિ સૂત્ર વડે આગળ શાસ્ત્રકાર કહેવાના છે.

**ચંદ્રપ્રભા : શંકા :** પ્રદેશ અને અવયવ વચ્ચે શું તફાવત છે કે જેથી 'કાય' શબ્દથી પ્રદેશ અને અવયવ એ બન્નેયનું બહુપણુરૂપ અર્થ સૂચવાય છે.

**સમાધાન :** અહીં 'પ્રદેશ' અને 'અવયવો' વચ્ચે ભેદ/તફાવત હોવાથી જુદાં કહેલાં સમજવા. જે પોતાના આશ્રયભૂત વસ્તુ (સ્કંધ) વિના ક્યારેય પ્રાપ્ત ન થાય તે પ્રદેશ કહેવાય. અને જે છૂટાં પડીને ચોક્કસ આકારવાળા - મૂર્તરૂપે પણ જણાય તે 'અવયવો' કહેવાય. ધર્મ, અધર્મ, આકાશ અને જીવ એ ચાર દ્રવ્યોના પ્રદેશો કદાપિ છૂટાં પડતાં નથી. આથી તેના અવયવો ન હોય. જ્યારે

---

१. टीकानु० लिभा. । त्रयो भवन्ति० मु. अधिकः ।

धर्मादिः, **पृथक् पृथगुपलभ्यत** इति, अन्यथा चान्यथा च परिच्छिद्यत इत्यर्थः । **ननु** चैकस्वभावस्य धर्मादेरस्तिकायस्य मत्यादिज्ञानैरयुक्तोऽन्यथात्वेन परिच्छेद इत्येवं चोदिते आह-**पर्यायविशुद्धी**त्यादि । **पर्याया** भेदाः विज्ञानस्वभावा मत्यादिरूपाः तेषां **विशुद्धिः** स्वच्छता स्वावरणापगमजनिता तस्याः पर्यायविशु**द्धेर्विशेषो**-भेदस्तस्मात् **पर्यायविशुद्धि-विशेषाद् उत्कर्षेण**-प्रकर्षेण तैर्मत्यादिभिस्तेषामस्तिकायानां पृथक् पृथगुपलब्धिर्भवति, तद्यथा

---

દ્વિ-અણુક આદિ પુદ્ગલ-સ્કંધોના પ્રદેશો સમુદાય રૂપે રહીને છૂટાં પડીને સ્વતંત્ર એવા પરમાણુ વગેરે રૂપે જુદાં પણ સંભવી શકે છે. આથી તે એક એક રૂપે (છૂટા) પણ હોય છે. આથી તેના અવયવો હોય છે. ટૂંકમાં જે છૂટા પણ રહી શકે એવા જે વસ્તુના અંશો તે 'અવયવ' કહેવાય. આથી તેને પ્રદેશ કરતાં જુદાં કહેલાં છે. આથી **काय** શબ્દથી વસ્તુના પ્રદેશ અને અવયવો એ બેય ઘણા હોવા રૂપે જણાય છે, એમ કહેલું છે.

## ✻ પર્યાયની વિશુદ્ધિથી મતિજ્ઞાનાદિ વડે બોધમાં તફાવત ✻

**પ્રેમપ્રભા :** આમ તે પાંચ અસ્તિકાયોમાંથી કોઈપણ ધર્માદિ અર્થ જુદા જુદા પ્રકારે (મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનો દ્વારા) ગ્રહણ કરાય છે, જણાય છે.

**શંકા :** એક જ (સમાન જ) સ્વભાવવાળા ધર્મ વગેરે અસ્તિકાયોનો મતિ આદિ જ્ઞાનો વડે જુદા જુદા પ્રકારે બોધ થવો તે અયોગ્ય છે. એક જ વસ્તુનો ભિન્ન ભિન્ન બોધ શી રીતે થાય ? આ પ્રમાણે પૂર્વપક્ષ દ્વારા દોષનું ઉદ્ભાવન કરાતાં ભાષ્યકાર કહે છે –

**સમાધાન :** મતિજ્ઞાન આદિના પર્યાયોની વિશુદ્ધિના ભેદથી/વિશેષતાથી ઉત્તરોત્તર ઉત્કર્ષથી મતિજ્ઞાન આદિ વડે બોધ કરાય છે એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે. હવે ટીકાથી તેના અવયવ-અર્થ જોઈએ. પર્યાયો એટલે ભેદો - પ્રકારો. પ્રસ્તુતમાં પર્યાયો એ વિજ્ઞાન-સ્વભાવવાળા મતિઆદિ જ્ઞાનરૂપ લેવાના છે. તે પર્યાયોની વિશુદ્ધિ એટલે સ્વચ્છતા અર્થાત્ પોતાના (મતિઆદિ જ્ઞાનના) આવરણ રૂપ મતિજ્ઞાનાવરણીયાદિ કર્મનો નાશ થવા દ્વારા ઉત્પન્ન થયેલ જે મતિજ્ઞાન આદિના પર્યાયોની વિશુદ્ધિ, તેના વિશેષથી/ભેદથી અર્થાત્ મતિ આદિ પાંચેય જ્ઞાનોની પોતાના આવારક કર્મો દૂર થવાથી જે ઉત્તરોત્તર અધિક પર્યાયોની વિશુદ્ધિ-નિર્મળતા થાય છે, તેના કારણે તે મતિઆદિ પાંચ જ્ઞાનો વડે તે ધર્માદિ અસ્તિકાય રૂપ પદાર્થોનો જુદા જુદા પ્રકારે અર્થાત્ ઉત્તરોત્તર ઉત્કર્ષ વડે (ઉત્કૃષ્ટરૂપે) બોધ થાય છે. અને તે બોધ આ પ્રમાણે થાય છે. (૧) **મતિજ્ઞાનવાળો** આત્મા

मतिज्ञानी [1]मनुष्यजीवस्य मनुष्यपर्यायं वर्तमानं चक्षुरादिनेन्द्रियेण साक्षात् परिच्छिनत्ति, तमेव च श्रुतज्ञानी आगमेना[2]नुमानस्वभावेन, तमेवावधिज्ञानी अतीन्द्रियेण ज्ञानेन, तमेव मनःपर्यायज्ञानी तस्य मनुष्यपर्यायस्य यः प्रश्ने प्रवर्तते तद्गतानि मनोद्रव्याणि दृष्ट्[3]वा अनुमानेनैव तं मनुष्यपर्यायमवच्छिनत्ति, केवलज्ञानी पुनरत्यन्तविशुद्धेन केवलेनावबुध्यते । **न चैता** मत्यादिका **विप्रतिपत्तयः** विरुद्धाः प्रतिपत्तयः, स्वसामर्थ्येन विषयपरिच्छेदात्, **तद्वन्नयवादा** इति किं नाश्रीयते ? । अथवा **पर्यायविशुद्धिविशेषादुत्कर्षेणे**त्यन्यथा वर्ण्यते-**पर्यायाणां** क्रमभुवां मनुष्यादीनां जीवास्तिकायादिसम्बन्धिनां मत्यादिभिर्ज्ञानैः पृथक् पृथगुपलब्धिर्भवति, कथं ?

---

એ મનુષ્યજીવના મનુષ્યરૂપી વર્તમાન (વર્તતા) પર્યાયનો ચક્ષુ વગેરે ઇન્દ્રિયોવડે સાક્ષાત્ બોધ કરે છે. (૨) **શ્રુતજ્ઞાની** આત્મા તે જ મનુષ્ય-પર્યાયનો [A]અનુમાન-સ્વભાવવાળા આગમરૂપ પ્રમાણ વડે બોધ કરે છે. (૩) **અવધિ-જ્ઞાની** આત્મા વળી તે જ પદાર્થને અતીન્દ્રિય જ્ઞાનવડે જાણે છે અને (૪) વળી **મનઃપર્યાયજ્ઞાની** આત્મા મનુષ્ય-પર્યાય સંબંધી પ્રશ્નને વિષે જે વ્યક્તિ પ્રવર્તે છે, અર્થાત્ તેનું ચિંતન કરે છે, તેના વિષયક (ચિંતનમાં વપરાયેલ) જે મનોદ્રવ્યો છે - અર્થાત્ દ્રવ્ય-મન (= મનરૂપે પરિણમેલ મનોવર્ગણાના પુદ્ગલો) છે, તેને સાક્ષાત્ જોઈને પછી તેના આધારે અનુમાન કરવા વડે જ તે 'મનુષ્ય-પર્યાય'ને જાણે છે. જ્યારે (૫) **કેવળજ્ઞાની** આત્મા અત્યંત વિશુદ્ધ એવા કેવળજ્ઞાન વડે તે મનુષ્ય-પર્યાયને જાણે છે.

આમ આ રીતે એક જ મનુષ્ય-પર્યાયરૂપ અર્થનો વિશુદ્ધિની વિચિત્રતાથી (ભેદથી/તરતમતાથી) મતિ આદિ જ્ઞાન વડે થતાં જુદા જુદા પ્રકારના બોધ એ કાંઈ વિપ્રતિપતિ અર્થાત્ વિરુદ્ધ-પ્રકારની પ્રતીતિ રૂપ નથી. કેમ કે, તે દરેક જ્ઞાનો પોતાના (ઓછા-વધારે) સામર્થ્ય પ્રમાણે જ વિષયનો બોધ કરે છે. તેવી જ રીતે એક જ વસ્તુને વિષે જુદા પ્રકારનો બોધ કરનારા નયવાદો એ પણ વિપ્રતિપત્તિ દોષથી રહિત છે, એ પ્રમાણે આશ્રય/સ્વીકાર કેમ કરાતો નથી ? અર્થાત્ નયવાદોમાં વિપ્રતિપત્તિ દોષ આવતો નથી એમ માનવું જોઈએ.

અથવા **પર્યાયવિશુદ્ધિવિશેષાદુત્કર્ષેણ** એ પદોનું બીજી રીતે વિવરણ કરાય છે - અહીં 'પર્યાય' શબ્દથી મતિઆદિ જ્ઞાનના પર્યાયો ન લેવા, પરંતુ જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થના 'પર્યાયો' લેવા. આથી આ પ્રમાણે અર્થ થાય - પર્યાયો એટલે ક્રમે કરીને થતી અવસ્થાઓ (ક્રમભૂ). અને તે જીવાસ્તિકાય આદિ દ્રવ્યો સંબંધી મનુષ્ય આદિ રૂપ પર્યાયો

---

१. सर्वप्रतिषु । ना. मु. । २. पादिषु । आगमानु० मु. । ३. सर्वप्रतिषु । ष्ट्या० मु. ।

प्रकर्षेण, कस्मादिति **चेत् ? उच्यते**-विशुद्धिविशेषात् ज्ञानानां मत्यादीनां, यतो मतिज्ञानी मनुष्यादेर्जीवस्य कांश्चिदेव पर्यायान् परिच्छिनत्ति ततो बहुतरांश्च श्रुतज्ञानी जानीते, यतोऽभिहितं- "संख्यातीतेऽवि भवे" **( आव० नि० गा० ५९० )** इत्यादि । श्रुतज्ञानिनोऽपि सकाशाद् बहुतरामवधिज्ञानी पर्यवस्यति, विशुद्धिप्रकर्षात्, ततो मनःपर्यायज्ञानी, ततश्च सर्वात्मना केवलीति । न चैवमनेकधा परिच्छेदप्रवृत्ता **मत्यादिका** ज्ञानशक्तयो **विप्रतिपत्ति**व्यपदेशमश्नुते, **तद्वन्नयवादा** इति किं नाभ्युपेयते ?

उपपत्त्यन्तरमाह -

લેવાના છે. તેઓનું મતિ આદિ પાંચ જ્ઞાનો વડે જુદા જુદા પ્રકારે જ્ઞાન = ઉપલબ્ધિ થાય છે ? **પ્રશ્ન :** શી રીતે ? **જવાબ :** પ્રકર્ષે વડે = (ક્રમશઃ) પ્રકૃષ્ટ રૂપે જ્ઞાન થાય છે. **પ્રશ્ન :** એનું શું કારણ ?

**જવાબ :** મતિ આદિ જ્ઞાનોની વિશુદ્ધિના વિશેષથી/ભેદથી અર્થાત્ ઉત્તરોત્તર વિશુદ્ધિ વધવાથી ઉત્કર્ષપૂર્વક બોધ થાય છે. કારણ કે મતિજ્ઞાની આત્મા એ મનુષ્ય આદિ જીવમાં કેટલાંક જ પર્યાયોને જાણે છે અને તેના કરતાં શ્રુતજ્ઞાની આત્મા શ્રુતજ્ઞાન વડે ઘણા બધાં પર્યાયોને જાણે છે. કેમ કે આગમમાં કહ્યું છે કે, "**संख्यातीतेऽपि**[A] **भवे**" સંખ્યાતીત = અસંખ્ય પણ ભવોને શ્રુતજ્ઞાની આત્મા શ્રુતજ્ઞાન વડે જાણી શકે છે. તથા શ્રુતજ્ઞાની કરતાં પણ અવધિજ્ઞાની આત્મા - વિશુદ્ધિના પ્રકર્ષના કારણે અનેક ઘણા વધુ મનુષ્ય આદિના પર્યાયોને જાણી શકે છે. તેના કરતાં પણ મનઃપર્યયજ્ઞાની વધુ પર્યાયોને જાણે અને તેના કરતાં પણ કેવળજ્ઞાની ભગવાન તો સર્વપ્રકારે (સૌથી પ્રકૃષ્ટ રૂપે અનંત) મનુષ્ય આદિના પર્યાયોને જાણે છે. અને આ રીતે એક જ વિષયમાં અનેક પ્રકારે બોધ કરવામાં પ્રવર્તતી એવી મતિ આદિ જ્ઞાનરૂપ શક્તિઓ એ વિપતિપત્તિ અર્થાત્ વિરોધી પ્રતીતિઓ (બોધવિશેષો) રૂપે વ્યવહાર કરાતી નથી. તેની જેમ નયવાદો છે એ પ્રમાણે શા માટે સ્વીકાર ન કરાય ? અર્થાત્ જેમ એક જ (મનુષ્યજીવના પર્યાય વગેરે) વસ્તુના મતિ આદિ જુદા જુદા જ્ઞાનોને વિપ્રતિપત્તિ રૂપે ન કહેવાય તેમ એક જ 'ઘટ' વગેરે વસ્તુ સંબંધી જુદા જુદા અધ્યવસાયો બોધવિશેષો - અભિપ્રાયો ધરાવતાં નૈગમ આદિ નયો સંબંધી પણ વિપ્રતિપત્તિ = વિરુદ્ધપ્રતીતિરૂપ દોષ આવતો નથી, એમ માનવું જોઈએ.

આ વિષયમાં ભાષ્યકાર બીજી યુક્તિ કહે છે-

१. ख. पू. । नादीनां० मु. ।

**भा० यथा वा प्रत्यक्षानुमानोपमानाप्तवचनैः प्रमाणैरेकोऽर्थः प्रमीयते, स्वविषयनियमात्, न च ता विप्रतिपत्तयो भवन्ति, तद्वन्नयवादा इति ।**

**टी० यथा** वेत्यादिना । **यथा वा** गिरिगुहावस्थितोऽग्निरेकोऽर्थो[1]ऽनेकेन **प्रत्यक्षादिना** परिच्छिद्यते प्रमाणेन, सन्निकृष्टवर्तिना प्रत्यक्षेण, विप्रकृष्टवर्तिना लिङ्गज्ञानेन, अपरेणोपमया कनकपुञ्जपिञ्जरप्रकाशोऽग्निरिति, अन्यः आप्तोपदेशाद[2]वस्यति, अत्र वनगहनेऽग्निरिति । अत

**ભાષ્ય : અથવા જેમ (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) આપ્તવચન (શબ્દ) રૂપ પ્રમાણો વડે એક જ અર્થનો પોતાના વિષયને નિયતરૂપે જ નિશ્ચય કરાય છે. તેમ છતાં તે (પ્રત્યક્ષ વગેરે પ્રતીતિઓ) વિપ્રતિપત્તિ રૂપે બનતી નથી, તેની જેમ નયવાદો પણ વિપ્રતિપત્તિ રૂપે હોતાં નથી.**

**❋ પ્રત્યક્ષાદિ પ્રમાણોવડે એક જ પદાર્થના બોધમાં તફાવત છતાં અવિરુદ્ધ ❋**

**પ્રેમપ્રભા :** નયવાદમાં વિપ્રતિપત્તિ દોષનો નિષેધ કરવા માટે ભાષ્યકાર બીજું ઉદાહરણ આપે છે. જેમ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આપ્તવચન રૂપ ચાર પ્રમાણો વડે એક જ (સમાન જ) અર્થનો બોધ કરાય છે અને તે પણ પોતાના વિષયને નિયતરૂપે જ અર્થાત્ પોતાની મર્યાદામાં રહીને જ બોધ કરે છે. **દા.ત.** પર્વતની ગુફામાં રહેલ 'અગ્નિ'રૂપ એક જ અર્થ એ પ્રત્યક્ષ આદિ અનેક પ્રમાણો વડે બોધ કરાય છે. તે આ રીતે - (૧) જે માણસ અગ્નિવાળી પર્વત-ગુફાની એકદમ નજીક રહેલો છે, તેના વડે **પ્રત્યક્ષ પ્રમાણ** વડે જ 'અગ્નિ'નો બોધ કરાય છે. તથા (૨) જે માણસ અગ્નિયુક્ત પર્વત-ગુફાથી દૂર રહેલો છે (અથવા પર્વત-ગુફાના અગ્નિથી નજીક છતાં વિરુદ્ધ દિશામાં રહેલો હોય) તે ધુમાડો વગેરે (અગ્નિના) લિંગના/ચિહ્નના/હેતુના જ્ઞાનથી અર્થાત્ અનુમાન પ્રમાણથી અગ્નિનો બોધ કરે છે. અગ્નિ વિના ધૂમાડો હોય નહીં. માટે દૂરથી ધૂમાડાને જોઈને અગ્નિનું **અનુમાન-જ્ઞાન** કરે છે. (૩) ત્રીજો વ્યક્તિ ઉપમા વડે અગ્નિને જાણે છે અર્થાત્ જેણે હજી સુધી અગ્નિ પદાર્થને જાણ્યો નથી, તેમ છતાંય કોઈ આપ્તપુરુષ પાસેથી જાણેલું હોય કે 'કનક' = સોનાના પુંજના પિંજર જેવા (ઉપમા) પ્રકાશવાળો 'અગ્નિ' હોય છે. એ વ્યક્તિ અહીં પર્વત ગુફા પાસે આવે છે અને (કનક પુંજના પિંજર જેવા પ્રકાશવાળા) અગ્નિને જોઈને તે આપ્ત-વચનનું સ્મરણ થાય છે અને આથી તેને સદૃશતાનું = સરખાપણાનું જ્ઞાન થાય છે કે આ પ્રકાશ પણ તેવો જ છે. આથી આ પદાર્થ અગ્નિ શબ્દથી વાચ્ય છે અર્થાત્ 'આ અગ્નિ છે' એમ **ઉપમા વડે** બોધ થાય છે. (૪)

१. सर्वप्रतिषु । रेकोऽने० मु. । २. पादिषु । दध्यव० मु. ।

एवं प्रत्यक्षादिभिः **प्रमाणैरेकोऽर्थः प्रमीयते**, कुतः ? **स्वविषयनियमात्**, **स्वः** आत्मीयो **विषयो** ज्ञेयः स्वश्चासौ विषयश्च स्वविषयः तस्मि**न्नियमात्** नियतत्वात्, यतः प्रत्यक्षादीनि स्वविषयमेव परिच्छिन्दन्ति, **न च ताः** [1]प्रत्यक्षादिका ज्ञानशक्तयः **विरुद्धाः** अयथात्मिकाः **प्रतिपत्तय** इति[2] युज्यते [3]विधातुं, **तद्वन्नयैरपि** स्वविषयनियमान्नास्ति विप्रतिपत्तिप्रसङ्ग इति ।

सम्प्रति [4]अतिक्रान्तं नयलक्षणमुदाहरणै[5]र्दर्शितं संक्षिप्ततै[6]ररुचीनामनुग्रहार्थमार्याभिर्वक्तुकाम एवं [7]प्राक्रमत -

**भा० आह च** -

બીજો વ્યક્તિ કોઈ આપ્તપુરુષના 'આ ગહન-વનમાં અગ્નિ રહેલો છે' એવા વચનથી ગિરિગુફામાં 'અગ્નિ' હોવાનું જ્ઞાન કરે છે. (અહીં આપ્ત એટલે વસ્તુના યથાર્થ જ્ઞાનવાળા અર્થાત્ ભ્રમ આદિ દોષથી રહિત બોધવાળા પુરુષ. તેઓનું વચન તે આપ્તવચન સમજવું.)

આ ઉક્ત પ્રત્યક્ષ આદિ ચાર પ્રમાણો વડે એક જ (સમાન જ) અર્થનો નિશ્ચય કરાય છે. **પ્રશ્ન :** શાથી ? અર્થાત્ કેવી રીતે જણાય છે ? **જવાબ :** પોતાના વિષયના નિયમથી અર્થાત્ સ્વ એટલે કે પોતાનો વિષય = જ્ઞેય પદાર્થ (પ્રસ્તુતમાં અગ્નિ) તેના વિષે નિયમથી = નિયતપણાને આશ્રયીને બોધ કરે છે, કારણ કે પ્રત્યક્ષ વગેરે પ્રમાણો પોતપોતાના વિષયનો જ બોધ કરે છે. કહેવાનો **ભાવ** એ છે કે, ભલે, પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે જ વિષયનો બોધ થતો હોય, પણ તે બોધમાં પણ તફાવત હોય છે તેવો અનુભવ બોધ કરનારને થતો હોય છે. આમ છતાં આ અગ્નિ વગેરે સંબંધી જ્ઞાન-શક્તિઓ (પ્રત્યક્ષાદિ પ્રમાણો)એ વિરુદ્ધ પ્રતીતિઓ નથી. અર્થાત્ અયથાર્થ-સ્વરૂપ પ્રતિપત્તિઓ = પ્રતીતિઓ = બોધ વિશેષો છે એ પ્રમાણે કહેવું જેમ ઘટતું નથી, તેમ નયોના વિષયમાં પણ તેઓ પોતાના વિષયનો બોધ કરવામાં નિયત હોવાથી વિપ્રતિપત્તિ = વિરુદ્ધ પ્રતીતિરૂપ દોષનો પ્રસંગ આવતો નથી.

હવે હમણા જ ઉદાહરણપૂર્વક બતાવેલું નયોનું લક્ષણ પૂર્વે કહેલું છે, તેને અત્યંત સંક્ષિપ્ત-રુચિવાળા (ટૂંકાણથી બોધ કરાવાની અભિલાષાવાળા) જીવોના ઉપકાર માટે આર્યા-છંદ વડે કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર આ પ્રમાણે કહેવાનો પ્રારંભ કરે છે.

**ભાષ્ય : (પૂર્વોક્ત નયોના વિષયમાં) કહ્યું છે કે, નૈગમ (જનપદ-રાષ્ટ્રમાં થયેલ) એવા**

१. पादिषु । प्रत्यक्षादिका० ना. पू. । २. पू. । इति च० मु. । ३. पू. । ऽभिधा० मु. । ४. पू. । प्रक्रान्तन० मु. । ५. सर्वप्रतिषु । हरणं चाद० मु. । ६. पू. । सरु० मु. । ७. पू. । प्रक्रमते० मु. ।

**नैगमशब्दार्थाना-मेकानेकार्थनयगमापेक्षः ।**
**देशसमग्रग्राही, व्यवहारी नैगमो ज्ञेयः ॥ १ ॥** आर्या

**टी० आह चे**त्यादि । **आह चे**त्यात्मानमेव पर्यायान्तरवर्तिनं निर्दिशति, निगमो जनपदस्तत्र भवाः **नैगमाः शब्दास्तेषाम् अर्थाः** अभिधेयाः अतस्तेषां नैगमशब्दार्थानामेको-विशेषः **अनेकं** सामान्यं, अनेकव्यक्त्याश्रितत्वात् तावेव चार्थौ एकानेकार्थौ तयोरेकानेकार्थयोर्**नयः**प्रकटनं प्रकाशनं **एकानेकार्थनयः** स एव **गमः** प्रकारः एकानेकार्थनयगमस्तमपेक्षते-अभ्युपैति यः स **एकानेकार्थनयगमापेक्षः** । पूर्ववाचोयुक्त्या पुनरप्यमुमेवार्थमनुस्मरयन्नाह-**देशे**त्यादि । **देशो** विशेषः **समग्रं** सामान्यं तयो**ग्राही** आश्रयिता,

**શબ્દોના અર્થોના એક = વિશેષ અને અનેક = સામાન્ય રૂપ પ્રકાર (ગમ)ની અપેક્ષાવાળો, (અર્થાત્) (૧) દેશગ્રાહી અને (૨) સમગ્રગ્રાહી અને (સામાન્ય અને વિશેષ વડે) વ્યવહાર કરનારો વ્યવહારી એવો નૈગમ નય છે.** (આર્યા-૧)

### ❋ આર્યા-શ્લોક વડે નૈગમનું લક્ષણ ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં **आह च** = 'કહ્યું છે કે', એવા પદો વડે ભાષ્યકાર પોતાને જ બીજા પર્યાયમાં (અવસ્થામાં) વર્તનારા તરીકે નિર્દેશ કરે છે. અર્થાત્ હમણા નયવાદને વિસ્તારથી ગદ્ય-બંધ વડે જણાવનારા ભાષ્યકાર હતાં તે બદલાઈને હવે સંક્ષેપથી કારિકારૂપે પદ્ય-બંધ વડે નયવાદનું પ્રતિપાદન કરનારા હોયને '**आह च**' એવા પદો વડે જુદાં તરીકે દર્શાવે છે. (આમ આ આર્યા છંદોના રચયિતા પણ સ્વોપજ્ઞ ભાષ્યકાર શ્રી ઉમાસ્વાતિજી પોતે જ છે. પણ પૂર્વે કહ્યું તેમ જુદા અભિપ્રાયવાળા હોવાથી પોતાને અલગ તરીકે દર્શાવેલાં છે એમ જાણવું.) હવે આર્યાનો અર્થ જોઈએ (૧) **નિગમ** એટલે જનપદ/રાષ્ટ્ર. તેમાં થનાર હોય તે નૈગમ કહેવાય. નૈગમ એવા જે શબ્દો, તેના અર્થો એટલે અભિધેયો. તેઓનો જે એક એટલે વિશેષ અને અનેક એટલે સામાન્ય. 'સામાન્ય' એ (એક હોવા છતાંય) અનેક વ્યક્તિમાં આશ્રિત (રહેનારું) હોવાથી 'અનેક' કહેવાય. આમ આવા એક-અનેક (વિશેષ અને સામાન્ય) રૂપ જે અર્થો છે તેનો 'નય' એટલે પ્રગટ કરવારૂપ, પ્રકાશવારૂપ, બોધ કરવારૂપ જે પ્રકાર (ગમ), તેની અપેક્ષા રાખનારો, સ્વીકાર કરનારો હોય તે **નૈગમનય** કહેવાય છે. તથા પૂર્વે કહેલ વાણીની યુક્તિથી (વાચોયુક્તિ = વચન-પદ્ધતિથી) ફરી આ જ અર્થનું સ્મરણ કરાવતાં કહે છે - (૨) **દેશ-સમગ્રગ્રાહી** -

१. पादिषु । नरमु० मु. ।

व्यवहारोऽस्य सामान्यविशेषाभ्यां परस्परविमुखाभ्यां अस्तीति **व्यवहारी, नैगमो** [1]नयो ज्ञातव्यः ॥ १ ॥

सङ्ग्रहस्य स्मरणकारिकामाह –

**भा० यत् सङ्गृहीतवचनं, सामान्ये देशतोऽथ च विशेषे ।**
**तत् सङ्ग्रहनयनियतं, ज्ञानं विद्यान्नयविधिज्ञः ॥ २ ॥**

---

દેશ = એટલે વિશેષ અને સમગ્ર એટલે સામાન્ય. તે બેનો ગ્રાહી એટલે આશ્રય કરનારો નૈગમ નય છે. (૧. દેશ અને ૨. સમગ્રગ્રાહી એ બે પ્રકારનો નૈગમ નય પૂર્વે કહેલો છે માટે પૂર્વ વાચોયુક્તિથી આ અર્થ કહેલો છે એમ જાણવું.) તથા (૩) **વ્યવહારી** - એટલે વ્યવહાર જેનો (જેમાં) હોય તે ( **व्यवहारः अस्ति अस्य इति ( व्यवहार + इन = ) व्यवहारी** ) વ્યવહારી આ નૈગમનય છે. કેવો વ્યવહાર ? તે કહે છે - પરસ્પર એકબીજાને વિમુખ = અપેક્ષા વિનાના = સંબંધરહિત એવા પૂર્વોક્ત સામાન્ય અને વિશેષરૂપ અર્થો વડે કરાતો વ્યવહાર અર્થાત્ બોધ વિશેષ. આવો વ્યવહાર જેનો હોય તે વ્યવહારી એવો નૈગમ નય જાણવો. (આમ ઉક્ત ત્રણેય મુદ્દા વડે સાધારણ ફેરફાર સાથે લગભગ એકસરખું લક્ષણ જણાવેલું છે.)

**ચંદ્રપ્રભા :** ટીકામાં પરસ્પર વિમુખ એવા સામાન્ય-વિશેષ એમ કહ્યું છે, તેમાં પરસ્પર વિમુખ એટલે જુદા પદાર્થરૂપે સમજવું. સામાન્ય અને વિશેષ એ એકબીજાથી જુદાં પદાર્થ છે એ પ્રમાણે સમજવું. અથવા તો જે સામાન્ય છે તે વિશેષ નથી અને જે વિશેષ છે તે સામાન્ય રૂપે નથી. એ પ્રમાણે વિવિક્તિ રૂપે એટલે કે પરસ્પર સંબંધ વિનાના છે એમ અર્થ સમજવો. **દા.ત.** આ નય 'માળા'ને જોતાં સામાન્યનો જ અર્થાત્ 'સત્ છે' એવા જ બોધ કરે છે અને મણિઓને ગ્રહણ કરવા રૂપે વિશેષનું ગ્રહણ કરે છે, પણ સ્યાદ્વાદ = અનેકાંતવાદના આશ્રય દ્વારા દર્શાવેલ સામાન્ય અને વિશેષ-ઉભયાત્મક અન્ય જાતિ રૂપે અર્થાત્ માલાત્વ-જાતિરૂપે માળાનો બોધ કરતો નથી. - યશોવિજયીયા ટીકાના આધારે.

હવે સંગ્રહનયની સ્મરણ-કારિકાને કહે છે.

**ભાષ્ય : (કારિકાર્થ :) જે સંગ્રહીત-વચનવાળુ = સામાન્યરૂપ જ્ઞેયવાળું જ્ઞાન તે સંગ્રહનય કહેવાય. (આ જ્ઞાન આ પ્રમાણે થાય છે.) સત્તારૂપ સામાન્યને વિષે અથવા સામાન્ય-વિશેષરૂપ દેશને વિષે અથવા વિશેષને વિષે (આ તમામ અર્થોને એક**

---

१. पादिषु । ना. मु. ।

**टी० यत् सङ्गृहीतेत्यादि** । **यदिति** ज्ञानं सम्बध्यते, कीदृशं तदिति [11]**चेत् सङ्गृहीतवचनं, सङ्गृहीतं** सामान्यं, **वचनम्** उच्यते तदिति वचनं, ज्ञेयमित्यर्थः । सङ्गृहीतं वचनं यस्मिन् ज्ञाने, सामान्यं ज्ञेयं यस्य ज्ञानस्येत्यर्थः, तज्ज्ञानं सङ्गृहीतवचनम्, तत् पुनरेवं ज्ञानं प्रवर्तते-**सामान्ये**-सत्तायां **देश** इति सामान्यविशेषे गोत्वादिके, **अथ** चेति अथवा **विशेषे** खण्डमुण्डादिके । एतेषु सर्वेषु सम्पिण्डनारूपेण प्रवर्तते यतः सामान्यं विशेषो वा, न सत्तामन्तरेण कश्चिदस्तीत्येवं सम्पिड्य यत् सत्तायां प्रक्षिपत् ज्ञानं **तत्**

**મહાસામાન્યમાં પ્રક્ષેપ કરીને) સંગ્રહીત-વચનવાળું અર્થાત્ સામાન્યરૂપ જ્ઞેયવાળું જે જ્ઞાન થાય છે તે સંગ્રહ-નય વડે નિશ્ચિત છે એમ નય-વિધિના જ્ઞાતાઓ જાણે છે. (કા-૨)**

## ❋ સંગ્રહ-નયની સ્મરણ-કારિકા ❋

**પ્રેમપ્રભા :** સંગ્રહ-નયનું સ્મરણ કરે છે. તેમાં **यद्** શબ્દથી 'જ્ઞાન' પદનો સંબંધ થાય છે.

**પ્રશ્ન :** તે જ્ઞાન કેવું છે ? **જવાબ :** તે જ્ઞાન સંગ્રહીત-વચનવાળું છે. 'સંગ્રહીત' એટલે 'સામાન્ય.' અને જે ઉચ્ચારાય તે (**उच्यते तद् इति (वच् + अन = वचन)**) 'વચન' કહેવાય અર્થાત્ વચન એટલે જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થ. સંગ્રહીત વચન છે જે જ્ઞાનમાં તે સંગ્રહીતવચનવાળું જ્ઞાન. એનો જ અર્થ કહે છે. સામાન્ય રૂપ જ્ઞેય જે જ્ઞાનમાં હોય તે સામાન્યરૂપ જ્ઞેયવાળું જ્ઞાન કહેવાય. તે જ્ઞાન કઈ રીતે પ્રવર્તે છે ? તે કહે છે - ૧. સામાન્ય એટલે સત્તારૂપ મહાસામાન્યને વિષે ૨. દેશ એટલે સામાન્ય-વિશેષ રૂપ ગોત્વ આદિને વિષે.

**ચંદ્રપ્રભા :** આ 'ગોત્વ' એ સત્તારૂપ સામાન્યની અપેક્ષાએ વિશેષ-ધર્મ છે અને લાલ ગાય, સફેદ ગાય ઈત્યાદિ - ગાય-વ્યક્તિની અપેક્ષાએ સામાન્યધર્મ છે. કારણ કે દરેક ગાયમાં 'ગોત્વ' રૂપ સાધારણ ધર્મ રહેલો છે. આથી સામાન્ય-વિશેષ કહેવાય. સામાન્ય ખરું, પણ સત્તા-માત્ર રૂપ મહાસામાન્ય નહીં, પણ ગોત્વ વગેરે રૂપ અવાંતર = વિશેષ સામાન્ય કહેવાય.

**પ્રેમપ્રભા :** અથવા ૩. 'વિશેષ' એટલે ખંડ = ખંડિત, મુંડ વગેરે રૂપ ઘટાદિ વ્યક્તિને વિષે. આ ત્રણેય પ્રકારો અર્થાત્ સર્વ પ્રકારોને વિષે સંપિડના રૂપે એટલે કે એક રૂપે. તે ત્રણેય પદાર્થોને એક ભેગા કરીને (તેને વિષે) જ્ઞાન પ્રવર્તે છે. કારણ કે સામાન્ય અર્થ હોય કે વિશેષ અર્થ હોય, એ સર્વ પદાર્થો સત્તા રૂપ મહાસામાન્ય વિના કોઈ પણ હોવા

११. ख.पू.कै. । तत्० मु. ।

**सङ्ग्रहनयनियतं** तज्ज्ञानं सङ्ग्रहस्य नयस्य निश्चितमेवंस्वरूपं **विद्यात्** जानीयात् **नयविधिज्ञ** इति नयभेदवित्[1] ॥ २ ॥

व्यवहाराभिप्रायानुस्मरणायाह -

**भा० समुदायव्यक्त्याकृति-सत्तासंज्ञादिनिश्चयापेक्षम् ।**

**लोकोपचारनियतं, व्यवहारं विस्तृतं विद्यात् ॥ ३ ॥**

**टी० समुदायेत्यादि । समुदायः** सङ्घातः **व्यक्तिः** मनुष्य इति **आकृतिः** संस्थानमवयवानां **सत्ता** महासामान्यं **संज्ञादयो** नामस्थापनाद्रव्यभावाः **एषां** समुदायादीनां

---

સંભવતા નથી. આથી આ પ્રમાણે પૂર્વોક્ત રીતે તે પદાર્થોને પિંડિત કરી, સર્વ રીતે ભેગા = એકરૂપે કરીને અર્થાત્ સત્તા (રૂપ મહાસામાન્ય)માં પૂર્વોક્ત સર્વ પદાર્થોનો પ્રક્ષેપ કરીને -અંતર્ભાવ કરીને જે જ્ઞાન પ્રવર્તે છે, તે જ્ઞાન સંગ્રહ-નય-નિયત છે અર્થાત્ સંગ્રહ નય વડે નિશ્ચિત થયેલું છે એમ નયવિધિના જ્ઞાતાઓ = નય-ભેદના વિશારદો જાણે છે. (કા-૨)

હવે વ્યવહાર-નયના અભિપ્રાયનું અનુસ્મરણ કરવા માટે આગળની કારિકા કહે છે - **समुदायव्यक्ति०** વગેરે.

**ભાષ્ય : (વ્યવહાર નય-અભિપ્રાય :) સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા, સંજ્ઞા આદિના નિશ્ચયની = વિશેષની (ભેદની) અપેક્ષાવાળો, લૌકિક ઉપચાર કરવામાં નિયત-તત્પર તથા (ઉપચરિત-અનુપચરિત રૂપ) વિસ્તૃત વિષયવાળા બોધ-વિશેષને વ્યવહાર-નયરૂપે (નયભેદવિદો) જાણે છે. (કા-૩)**

### ❋ આર્યા-૩ : વ્યવહારનયના ત્રણ લક્ષણ (વિશેષણ) ❋

**પ્રેમપ્રભા :** ત્રીજી કારિકામાં વ્યવહારનયનું સ્મરણ કરતાં ભાષ્યકાર કહે છે ૧. સમુદાય વગેરેના નિશ્ચયની = વિશેષની અપેક્ષાવાળો, ૨. લોકોપચારમાં નિયત અને ૩. વિસ્તૃત બોધ-વિશેષ રૂપ વ્યવહારનય છે, એમ સમસ્ત અર્થ છે. અવયવાર્થ આ પ્રમાણે છે. ૧. **સમુદાય** એટલે સંઘાત = સમૂહ ૨. **વ્યક્તિ** એટલે મનુષ્ય (મનુષ્યત્વ) ૩. **આકૃતિ** એટલે અવયવોનું સંસ્થાન = આકાર વિશેષ. ૪. **સત્તા** - એટલે મહાસામાન્ય. ૫. **સંજ્ઞાદિ** એટલે નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ રૂપ ચાર નિક્ષેપ. આ સમુદાયાદિના નિશ્ચયની એટલે

---

१. पू. । दज्ञः० मु. ।

**निश्चयो** विशेषस्तमपेक्षते-अभ्युपैति यः स **समुदायादिनिश्चयापेक्षः। कथं** निश्चयमेवापेक्षते न समुदायादीनीति ? **उच्यते**-न हि समुदायस्त्रैलोक्यादिरूपः समुदायिनोऽन्तरेण कश्चिदप्यस्ति, न च व्यक्तिः सामान्यविशेषरूपा मनुष्य इत्यादिका मनुष्यानन्तरेणास्ति, न चाकार आकारवन्तमन्तरेणास्ति, न वा सत्ता सत्तावन्तमन्तरेणास्ति, न [१]वा नामादयो नम्यमानादीनन्तरेण केचन सम्भवन्ति, अनुपलभ्यमानत्वाद् व्यवहाराकरणादित्यर्थः । विशेषस्तु स्वप्रत्यक्ष इति, तस्मात् स एव सत्य इत्येवं समुदायादिनिश्चयापेक्षस्तं **विद्यादि**ति सम्बन्धः ।

---

વિશેષ (ભેદ = પ્રકાર)ની જે અપેક્ષા રાખે છે અર્થાત્ સ્વીકાર કરે છે તે અભિપ્રાયવિશેષને **વ્યવહારનય** કહે છે.

**પ્રશ્ન :** વ્યવહારનય શાથી વિશેષની જ અપેક્ષા રાખે છે ? સમુદાય આદિની અપેક્ષા શાથી રાખતો નથી ?

**સમાધાન :** વ્યવહારનય વિશેષની જ અપેક્ષા રાખતો હોવાનું કારણ આ છે કે **૧. ત્રૈલોક્ય** = એટલે ત્રણ લોક આદિ **રૂપ સમુદાય** = સામાન્ય એ સમુદાયી સમુદાયવાળા = વિશેષ પદાર્થ વિના કોઈપણ સંભવી શકતો નથી. ૨. વળી **વ્યક્તિ** એટલે કે સામાન્ય રૂપ મનુષ્યત્વ આદિ અર્થ, એ પણ બીજા ઘણા મનુષ્યો વિના ઘટતો નથી. (અથવા વ્યક્તિ એટલે મનુષ્યત્વ રૂપ સામાન્ય અને તે અનેક મનુષ્યો વિના ઘટતું નથી. આથી વિશેષની અપેક્ષા રાખે છે.) તથા ૩. **આકાર** એ પણ આકારવાળા પદાર્થ વિના સંભવતો નથી. (આકાર એ દ્રવ્યનો ગુણ છે અને તે દ્રવ્યરૂપ આશ્રય વિના સંભવી શકતો નથી. કેમ કે **द्रव्याश्रया निर्गुणा गुणाः ॥ ५ ॥** દ્રવ્યનો આશ્રય કરનારા ગુણરહિત ગુણો હોય છે. આવું ગુણોનું લક્ષણ આગળના પાંચમાં અધ્યાયમાં ગ્રંથકાર સ્વયં કહેવાના છે.) ૪. **સત્તા** એ સત્તાવાળા પદાર્થ વિના રહી શકતી નથી. વળી **૫. નામ** આદિ (વસ્તુના પર્યાયો/નિક્ષેપોરૂપ અર્થ) એ પણ નમ્યમાન - એટલે કે નામ કરવા યોગ્ય આદિ વસ્તુ વિના કોઈપણ સંભવી શકતાં નથી. કારણ કે પૂર્વોક્ત સમુદાય આદિ રૂપ વસ્તુ એ પ્રત્યક્ષથી જણાતી ન હોવાથી તેનો વ્યવહાર કરી શકાતો નથી એમ કહેવાનું તાત્પર્ય છે. જ્યારે વિશેષરૂપ અર્થ તો સ્વપ્રત્યક્ષ = આત્માને પ્રત્યક્ષ છે. (અર્થાત્ મનુષ્યાદિનો સમુદાય વગેરે પદાર્થો એ સંપૂર્ણ પ્રત્યક્ષ નથી પણ મનુષ્ય વગેરે વિશેષો તો પ્રત્યક્ષ થઈ શકે છે.) આથી તે પ્રત્યક્ષ રૂપ વિશેષ એ જ સત્ય છે. (કેમ કે વ્યવહારને યોગ્ય બને

---

१. ख. पू. । च० मु. ।

**लोकोपचारनियतमिति** । लोके उपचारः गिरिर्दह्यत इत्यादिकः, तस्मिन् लोकोपचारे **नियतं** निषंत्रं[1] **व्यवहारं**[2] **नयं विस्तृतमिति** उपचरितानुपचरितार्थाश्रयणाद् विस्तीर्णमित्यर्थः, **विद्याद्**-अवबुध्यते ॥ ३ ॥

ऋजुसूत्रस्वभावमाह -

**भा० साम्प्रतविषयग्राहक-मृजुसूत्रनयं समासतो विद्याद् ।**

**विद्याद् यथार्थशब्दं, विशेषितपदं तु शब्दनयम् ॥ ४ ॥ इति ।**

**टी० साम्प्रतेत्यादि, साम्प्रतो** वर्तमानः **विषयो** ज्ञेयस्तस्य ग्राहकं, वर्तमानार्थश्रयमित्यर्थः ।

---

છે.) આથી સમુદાય આદિના નિશ્ચયનો/વિશેષનો સ્વીકાર કરનારો જે બોધ-પ્રકાર છે, તેને વ્યવહારનય તરીકે નયવિધિના જ્ઞાતાઓ જાણે છે.

(૨) વળી આ વ્યવહારનય **લોકોપચાર-નિયત** છે. અર્થાત્ લોકમાં જે ઉપચાર થાય છે. **દા.ત. गिरिर्दह्यते** । પર્વત બળાય છે. અહીં હકીકતમાં પર્વત ઉપરના તણખલાં, વૃક્ષ વગેરે બળાય છે છતાં તેનો આધારભૂત પર્વતમાં ઉપચાર કરવાથી 'પર્વત બળાય છે' એમ લોકમાં બોલાતું હોય છે. આ પ્રમાણે લોકોપચારમાં જે નિયત એટલે કે રહેલો/વ્યવસ્થિત વ્યવહારનય છે તથા ૩. **વિસ્તૃત** છે એટલે કે ઉપચરિત-અનુપચરિત રૂપ બેય પ્રકારના અર્થનો આશ્રય કરવાથી વિસ્તૃત = વિસ્તીર્ણ - મોટા વિષયવાળો વ્યવહારનય છે. આમ આવા ત્રણેય વિશેષણવાળા જ્ઞાન-વિશેષને નયભેદના જ્ઞાતાઓ વ્યવહારનય તરીકે જાણે છે.

હવે ચોથા ઋજુસૂત્ર નયના સ્વભાવને કહે છે (અને કારિકાના ઉત્તરાર્ધ વડે શબ્દનયને જણાવે છે-

**ભાષ્ય : (આર્યા-૪નો અર્થ) વર્તમાન (સાંપ્રત) અર્થનું ગ્રહણ કરનાર ઋજુસૂત્ર-નય છે એમ સંક્ષેપથી જાણવું.**

**યથાર્થ શબ્દવાળા બોધ વિશેષને શબ્દ-નય જાણવો. વળી વિશેષિત-જ્ઞાનને શબ્દનય તરીકે જાણવો.**

### ❋ આર્યા-૪ : ઋજુસૂત્ર અને શબ્દનયનું સ્મરણ ❋

**પ્રેમપ્રભા :** સાંપ્રત = વર્તમાન. વિષય = એટલે જ્ઞેય પદાર્થ. વર્તમાન વિષયનો

---

१. पू. । निष्पन्न० मु. । २. पादिषु । हारन० मु. ।

**समासत** इति संक्षेपतः यतो वर्तमानमात्मीयं नामादिकमित्यादिविशेषणोपेतं, सङ्गच्छत्ययम् । उत्तरार्धेन शब्दस्वरूपमाह-**विद्याद् यथार्थशब्दमि**ति । अनेन तु एवम्भूत इव प्रकाशितो लक्ष्यते, सर्वविशुद्धत्वात् तस्येति, यतः स एवमभ्युपैति-यदाऽर्थश्चेष्टाप्रवृत्तस्तदा तत्र घट इत्यभिधानं प्रवर्त्यं, नान्यदेति । साम्प्रतसमभिरूढौ कस्मान्नाम्रेडिताविति **चेत् ? उच्यते**-तावपि स्मारितावेव, यत आह **विशेषितपदं तु शब्दनयमि**ति । **विशेषितपदमिति**

(ગ્રાહક=) બોધ કરનાર અભિપ્રાય-વિશેષને (નયભેદના જ્ઞાતા) સંક્ષેપથી ઋજુસૂત્ર-નય તરીકે જાણે છે. અહીં 'સંક્ષેપ'થી (સમાસથી) એમ એટલા માટે કહ્યું છે કે, વિસ્તારથી તો બીજા વિશેષણો સહિત પણ કહેવા યોગ્ય છે. જેમ કે, કેવા વર્તમાન પદાર્થને ઋજુસૂત્ર નય જાણે છે ? તો વસ્તુ તથા તેના શબ્દ અને વિજ્ઞાન એ વર્તમાન = વર્તમાનકાલીન હોય તેમજ આત્મીય એટલે પોતાના હોય તેવા જ નામાદિ અર્થને જાણે છે, સ્વીકારે છે. આમ આવા વિશેષણોથી પણ સહિત એવા બોધનો આ ઋજુસૂત્ર સ્વીકાર કરે છે, માને છે. માટે કારિકામાં 'સંક્ષેપ'થી એમ કહેલું છે.

હવે આર્યા-શ્લોકના ઉત્તરાર્ધ વડે શબ્દ-નયના સ્વરૂપનું સ્મરણ કરાવતાં ભાષ્યમાં કહે છે - 'યથાર્થ-શબ્દના પ્રયોગ વડે થતાં બોધ-વિશેષને (નયના જ્ઞાતાઓ) શબ્દ-નય તરીકે જાણે છે.' આ પદો વડે એવંભૂત-નય (શબ્દ નયના ત્રીજા ભેદ) ઉપર પ્રકાશ પાડેલો હોય તેમ જણાય છે. કારણ કે, તે જ સર્વનયોથી વિશુદ્ધ નય છે. જે કારણથી તે એવું માને છે કે, ('ચેષ્ટા'રૂપ ક્રિયા-અર્થવાળા **घट्** ધાતુ ઉપરથી (**घटते इति घटः** એમ) **घट** શબ્દ બનેલો છે. આથી 'ચેષ્ટા' રૂપ ક્રિયા એ **घट** શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત છે. આથી) જ્યારે ઘડા રૂપ અર્થ એ જલધારણ કરવું આદિ 'ચેષ્ટા' કરવામાં પ્રવર્તતો હોય, ત્યારે જ તેને વિષે '**घटः**' એવા શબ્દનો પ્રયોગ કરવા યોગ્ય છે. આ સિવાય ઉક્ત ચેષ્ટા-ક્રિયાથી રહિત-ખાલી ઘડો હોય ત્યારે **घट** શબ્દનો પ્રયોગ કરી શકાય નહીં અર્થાત્ તેવો ઘડો એ **घट** શબ્દ વડે વાચ્ય નથી એમ એવંભૂત નય માને છે. આમ વસ્તુનો સૌથી વધુ યથાર્થ રૂપ બોધ કરનારો એવંભૂત-નય હોવાથી **यथार्थशब्दं** પદથી તેને જ કહેલો જણાય છે.

**શંકા :** જો આમ હોય તો સાંપ્રત અને સમભિરૂઢ એ બે પણ શબ્દનય જ છે. તેને શાથી જણાવેલ નથી ? અર્થાત્ તે બે નયનું પુનઃકથન-સ્મરણ કેમ ન કર્યું ?

**જવાબ :** તે બે નયોનું પણ **विशेषितपदं तु शब्दनयं** એવા પદોથી સ્મરણ કરાવેલું જ

१. सर्वप्रतिषु । दिति० मु. ।

विशेषितज्ञानं, यतः साम्प्रतसमभिरूढयोरन्यादृशं ज्ञानं, नामादिषु प्रसिद्धपूर्वात् शब्दादर्थे प्रतीतिः साम्प्रतः शब्दान्तरवाच्यश्चार्थः शब्दान्तरस्य नाभिधेयीभवतीत्येवं समभिरूढविज्ञानमिति । इतिः नयानुस्मरणपरिनिष्ठासूचकः ।

**भा० अत्राह-अथ जीवो नोजीवः अजीवः नोअजीवः इत्याकारिते केन नयेन कोऽर्थः प्रतीयते ? इति ।**

**टी० अत्राह** परः-घटाद्यजीवपदार्थोद्देशेन नैगमादयो नया विभाविताः, सम्प्रति जीवपदार्थे

---

છે. તેમાં વિશેષિત-પદ એટલે વિશેષિત-જ્ઞાન. જે કારણથી સાંપ્રતનય અને સમભિરૂઢ નય એ બે શબ્દનયો વડે જુદા જુદા પ્રકારે જ્ઞાન થાય છેં. આ બે નયો વચ્ચે તફાવત આ પ્રમાણે છે- નામ, સ્થાપના આદિ રૂપ અર્થોને વિષે પૂર્વે 'આ શબ્દનો આ અર્થ છે' એ પ્રમાણે વાચ્ય-વાચક રૂપ સંબંધની પ્રસિદ્ધિ અર્થાત્ જ્ઞાન જે શબ્દના વિષે થયુ છે, તેવા શબ્દથી જે અર્થની પ્રતીતિ/બોધ થાય, તેવા બોધને સાંપ્રત કહે છે. (આમાં જુદા પર્યાય-શબ્દ વડે પણ એક જ અર્થ કહી શકાય છે.) જ્યારે સમભિરૂઢ નયને મતે એક શબ્દથી વાચ્ય જે (ઘડો વગેરે રૂપ) અર્થ હોય તે બીજા (પર્યાય રૂપ) શબ્દથી વાચ્ય = કહેવા યોગ્ય બનતો નથી. આવું વિજ્ઞાન/બોધપ્રકાર સમભિરૂઢનય માને છે. આ પ્રમાણે **विशेषित-पदं तु शब्दनयं** એવા પદોથી સાંપ્રત અને સમભિરૂઢ નયને પણ શાસ્ત્રકારે યાદ કરેલાં જ છે એમ જાણવું.

આર્યા-શ્લોકના છેડે જે **इति** શબ્દ છે તે નયોના પુનઃ સ્મરણની સમાપ્તિનો સૂચક છે.

આ પ્રમાણે ચાર આર્યા-શ્લોક વડે પાંચ નયોનું અપેક્ષાએ ૭ નયોનું સંક્ષેપમાં સંગ્રહ કરવા વડે અનુસ્મરણ કરેલું છે.

**ભાષ્ય : અહીં બીજો વ્યક્તિ પ્રશ્ન કરે છે.**

**પ્રશ્ન : ૧. જીવ, ૨. નોજીવ, ૩. અજીવ અને ૪. નોઅજીવ એ પ્રમાણે ઉચ્ચારણ કરાયે છતે કયા નય વડે શું અર્થ જણાય છે ?**

### ❋ 'જીવ' વગેરે ચાર પદાર્થને વિષે સાત નયોની વિચારણા ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં ઉઠાવેલ પ્રશ્ન અંગે પૂર્વપક્ષનો આશય પ્રગટ કરતાં ટીકાકાર આ

विभावयन्नाह-**अथ जीवो नोजीव** इत्यादि । अथवा घटोदाहरणे विधिरेव केवलः प्रदर्शितः, अधुना विधिप्रतिषेधौ जीवे निरूपयति-**अथे**ति प्रस्तुतानन्तर्यं द्योतयति, शुद्धपदे केवले आकारिते-[1]आदिष्टे उच्चरिते वा जीव इति, **नोजीवः अजीव** इति देशसर्वप्रतिषेधयुक्तयोर्वा जीवशब्दयोरुच्चरितयोः, **नोअजीव** इति प्रतिषेधद्वयसमन्विते जीवशब्दे उच्चरिते, केन नयेन[2] नैगमादिना कोऽर्थः प्रतीयते ? सूरिराह -

**भा० अत्रोच्यते-जीव इत्याकारिते नैगमदेशसङ्ग्रहव्यवहारर्जुसूत्रसाम्प्रतसमभिरूढैः**

પ્રમાણે કહે છે - અહીં બીજો વ્યક્તિ-પૂર્વપક્ષ આવા આશયથી પૂછે છે કે, પૂર્વે ઘટ વગેરે અજીવ પદાર્થને ઉદ્દેશીને નૈગમ વગેરે નયોની વિચારણા કરી છે. હવે 'જીવ' પદાર્થ ઉપર નયો વડે વિચારણા કરતાં ભાષ્યમાં પ્રશ્ન કરેલો છે કે. ૧. જીવ ૨. નોજીવ ૩. અજીવ અને ૪. નોઅજીવ એ પ્રમાણે ઉચ્ચારણ કરાય ત્યારે કયા નય વડે કયો અર્થ જણાય છે ? અર્થાત્ કેવો બોધ કરાય છે ?

(**શંકા :** પ્રસ્તુત ઉદાહરણમાં પણ 'અજીવ' એવા ઉચ્ચારણ વખતે અજીવની પણ વિચારણા કરાય જ છે ને ? આના જવાબમાં બીજી વાત કરે છે. **સમાધાન :**) અથવા પૂર્વે ઘટ (રૂપ અજીવ)ના ઉદાહરણ ઉપર વિચારણા કરતાં ઉક્ત વિધિ જ બતાવેલો, જયારે હમણા 'જીવ'રૂપી પદાર્થને વિષે વિધિ અને પ્રતિષેધ બેયનુ નિરૂપણ કરે છે. 'જીવ' આદિ પદોનો ઉચ્ચાર કરાયે છતે કયા નય વડે કેવો બોધ જણાય છે ? એમ ભાષ્યનો સમસ્ત અર્થ છે. હવે તેના દરેક પદોનો અર્થ કહે છે - આમાં **અથ** શબ્દ છે તે પૂર્વે કહેલ આર્યા-શ્લોકો સાથે પ્રસ્તુત ગ્રંથનું અનંતરપણુ સૂચવે છે.

**પ્રશ્ન :** હવે કેવળ **૧. 'जीवः'** = 'જીવ' એવા શુદ્ધ પદનો આદેશ અથવા તેનું ઉચ્ચારણ કરાયેલું હોય ત્યારે, તથા **૨. 'नोजीवः'** = 'નોજીવ' એમ દેશથી (અંશથી) પ્રતિષેધવાળા અને **૩. 'अजीवः'** = 'અજીવ' એવા સર્વ-પ્રતિષેધરૂપ અર્થવાળા જીવ શબ્દનો ઉચ્ચાર કરેલો હોય ત્યારે તેમજ **૪. 'नो अजीवः'** = 'નોઅજીવ' એવા બે વાર પ્રતિષેધથી યુક્ત 'જીવ' શબ્દ ઉચ્ચારેલો હોય ત્યારે (આમ ઉક્ત ચારેય પ્રકારના વિધિ-પ્રતિષેધથી સહિત એવા 'જીવ' શબ્દનો ઉચ્ચાર કરેલો હોય ત્યારે) નૈગમ આદિ કયા નય વડે શું અર્થ જણાય છે ? આ પ્રમાણે પ્રશ્ન કરેલો છે.

**ભાષ્ય : આ વિષયમાં (જવાબ) કહેવાય છે.**

१. पादिषु कै. । उद्दि० मु. । २. पादिषु । ना. पू. ।

**पञ्चस्वपि गतिष्वन्यतमो जीव इति प्रतीयते । कस्मात् ? । एते[1] नया जीवं प्रत्यौपशमिकादियुक्तभावग्राहिणः । नोजीव इत्यजीवद्रव्यं, जीवस्य वा देशप्रदेशौ। अजीव इत्यजीवद्रव्यमेव । नोअजीव इति जीव एव, तस्य वा देशप्रदेशाविति ।**

टी० **अत्रोच्यते**-शुद्धपदे **जीव इत्याकारिते** नैगमं समग्रग्राहिणं विहाय एवम्भूतं च शेषैर्देशनैगमादिभिः सर्वासु गतिषु वर्तमानोऽभ्युपगम्यते, तदाह-**नैगमदेशेत्यादि** । **नैगमेन** देशग्राहिणा, (देशसङ्ग्रहेण,) तथा **व्यवहारेण**-विशेषग्राहिणा **ऋजुसूत्रेण** वर्तमानवस्तुग्राहिणा

---

જવાબ : (૧) '**जीवः**' = '**જીવ**' **એ પ્રમાણે ઉચ્ચારણ કરાતાં ૧. નૈગમ ૨. દેશ-સંગ્રહ ૩. વ્યવહાર ૪. ઋજુસૂત્ર ૫. સાંપ્રત અને ૬. સમભિરૂઢ એ (છ) નયો વડે પાંચેય ગતિઓમાં રહેલ કોઈપણ 'જીવ' જણાય છે.**

**પૂર્વપક્ષ : શા કારણથી (આવો બોધ થાય છે) ? ઉત્તરપક્ષ : કારણ કે આ નયો જીવને આશ્રયીને ઔપશમિક આદિ ભાવથી યુક્ત એવા અર્થનું ગ્રહણ કરનારા છે.**

**(૨) 'नोजीवः' = 'નોજીવ' એવા શબ્દનું ઉચ્ચારણ થયે અજીવ-દ્રવ્ય અથવા જીવના દેશ અને પ્રદેશો જણાય છે. તથા (૩) 'अजीवः' = 'અજીવ' દ્રવ્યનો જ બોધ થાય છે તથા (૪) 'नोअजीवः' = 'નોઅજીવ' એમ કહેવાતાં જીવ દ્રવ્ય જ અથવા જીવના દેશ અને પ્રદેશોની પ્રતીતિ થાય છે.**

### ❋ 'જીવ'નું ઉચ્ચારણ થયે ૭ નયો વડે થતો બોધ ❋

**પ્રેમપ્રભા** : પૂર્વોક્ત પ્રશ્નના જવાબમાં ભાષ્યકાર કહે છે - આ વિષયમાં (જવાબ) કહેવાય છે.

જવાબ : (૧) '**जीवः**' = '**જીવ**' એવું શુદ્ધ પદ જ્યારે ઉચ્ચારેલું હોય ત્યારે સમગ્રગ્રાહી એવા નૈગમ-નય અને એવંભૂત-નયને છોડીને બાકીના દેશગ્રાહી નૈગમ આદિ સર્વ નયો વડે સર્વ ગતિઓમાં વર્તમાન/વર્તતાં એવા 'જીવ'નો સ્વીકાર કરાય છે, મનાય છે. આ જણાવતાં ભાષ્યમાં કહે છે - નૈગમ, દેશ-સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, સાંપ્રત અને સમભિરૂઢ એ છ નયો વડે પાંચેય ગતિમાં રહેલ કોઈપણ જીવ જણાય છે એમ સ્વીકારાય છે. આ સમુદિત-ભેગો અર્થ છે. હવે તેના એક એક પદોનો ટીકામાં અર્થ કરે છે - 'નૈગમ' શબ્દથી દેશગ્રાહી નૈગમનય લેવાનો છે. તેના વડે (તથા દેશ-સંગ્રહનય વડે) તથા વિશેષનું ગ્રહણ કરનારો = વિશેષગ્રાહી વ્યવહારનય વડે તથા વર્તમાન વસ્તુનું

---

१. टीकानु० । एते हि० मु. । २. सर्वप्रतिषु । ना. मु. ।

**साम्प्रतेन** वर्तमानभावग्राहिणा **समभिरूढेन** च प्रतिशब्दं भिन्नार्थग्राहिणा, **पञ्चस्वपीति** नरकतिर्यङ्मनुष्यदेवसिद्धिगतिषु, **अन्यतम** इति नरकादिगतिवर्ती **जीवः** प्राणी **प्रतीयते,** नाभावो नापि च भावान्तरम् । **कस्मादिति** चोदयति परः-किमत्रोपपत्तिरस्त्युत स्वेच्छया नैगमादयोऽभ्युपगच्छन्त्येवमिति ? **सूरिराह**-अस्त्युपपत्तिः, तां च कथयति-**एते हि**[1] **नया** इत्यादिना । एते नैगमादयो नया यस्मात् **जीवं प्रति**-जीवमङ्गीकृत्य कीदृशं जीवमिच्छन्ति ? औपशमिकादिभिर्यो युक्तः स जीवः, औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकैर्युक्तः **औपशमिकादियुक्तः, भाव** इत्यर्थः । औपशमिकादियुक्तो योऽर्थः तं ग्रहीतुं शीलं येषां ते **तद्ग्राहिणः** । सर्वासु च नारकादिगतिषु अवश्यमौपशमिकादीनां भावानां यः कश्चित्

ગ્રહણ કરવાના સ્વભાવવાળા ઋજુસૂત્ર નય વડે તથા વર્તમાનકાલીન ભાવાત્મક વસ્તુનું ગ્રહણ કરનારા સાંપ્રત નય વડે અને શબ્દે શબ્દે = દરેક શબ્દે જુદા અર્થનું ગ્રહણ કરનારા સમભિરૂઢ નય વડે - એમ પૂર્વોક્ત છએ નયો વડે ૧. નરક, ૨. તિર્યંચ, ૩. મનુષ્ય, ૪. દેવ અને ૫. સિદ્ધિગતિ રૂપ પાંચેય ગતિઓને વિષે રહેલ અન્યતમ = એટલે નરકાદિ ગતિમાં વર્તનારા કોઈપણ જીવનો બોધ થાય છે, પણ જીવના અભાવનો અથવા તે સિવાય બીજા ભાવનો = પદાર્થનો બોધ થતો નથી. ભાષ્યમાં બીજો વ્યક્તિ = પૂર્વપક્ષ પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** શાથી આ નયો વડે આવા પ્રકારે જીવનો બોધ સ્વીકારાય છે ? શું આવો બોધ સ્વીકારવા પાછળ કોઈ યુક્તિ (ઉપપત્તિ) છે ? કે પછી સ્વેચ્છાએ જ નૈગમ આદિ નયો આ પ્રમાણે બોધનો સ્વીકાર કરે છે ? આનો પ્રત્યુત્તર આપતાં સૂરિજી કહે છે

**જવાબ :** હા, નૈગમ આદિ નયો વડે આવો બોધ સ્વીકારવા પાછળ જરૂર યુક્તિ રહેલી છે અને તે યુક્તિને જ ભાષ્યમાં કહે છે- **एते हि नयाः** ઇત્યાદિ. અર્થાત્ આ નૈગમ આદિ નયો એ જીવ-પદાર્થને આશ્રયીને. **પ્રશ્ન :** કેવા પ્રકારના જીવને ઇચ્છે છે ?

**જવાબ :** ઔપશમિક આદિ પાંચ ભાવોથી યુક્ત જે ભાવ પદાર્થ અર્થાત્ જીવ છે, તેનું ગ્રહણ કરનારા છે. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવોથી યુક્ત જે ભાવ = એટલે કે જીવ રૂપ અર્થ, તેનું ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે. સર્વ નારક આદિ ગતિઓને વિષે (અર્થાત્ તે ગતિઓમાં રહેલ જીવોમાં) અવશ્યપણે ઔપશમિક આદિ ભાવોમાંથી કોઈને કોઈ ભાવ સંભવે છે. જ્યારે જે ભાવ હોય ત્યારે તે ભાવનું ગ્રહણ કરે છે અને પાંચમી સિદ્ધિગતિમાં સિદ્ધાત્માઓને

१. पादिषु । एते हि० मु. ।

सम्भवति भावः, सिद्धिगतौ च यद्यप्यौपशमिकक्षायोपशमिकौदयिका न सन्ति, तथापि क्षायिकपारिणामिकौ सम्भवतः इत्यसावपि जीवः । **नोजीव** इत्युच्चरिते किं प्रतीयते तैर्नयैः ? **उच्यते**-यदा नोशब्दः सर्वप्रतिषेधे वर्तते तदा *'नञ्युक्तमिवयुक्तं च'* **[परि० ७४]** इत्यनया कल्पनया वस्त्वन्तरमेव प्रतीयते, नाभावः, तच्चा**जीवद्रव्यं** पुद्गलादिकमित्यर्थः । यदा तु नोशब्दो देशप्रतिषेधकस्तदा देशस्यानिषिद्धत्वाज्जीवस्य देशश्चतुर्भागादिकः प्रदेशो वाऽत्यन्ताविभजनीय उच्यते नोजीव इत्यनेन, एतदाह-**जीवस्य वा देशप्रदेशाविति । अजीव इति** तूच्चरिते सर्वप्रतिषेधकत्वादकारस्य पर्युदासस्य चा[1]ऽऽश्रितत्वाज्जीवादन्यः अजीव इति

---

જો કે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ઔદયિક એ ત્રણ ભાવો સંભવતા નથી, તો પણ ક્ષાયિક અને પારિણામિક એ ભાવો તો ત્યાં સંભવે જ છે. આથી તે ભાવોથી યુક્ત સિદ્ધાત્મા પણ નૈગમાદિ નયો વડે 'જીવ' એ પ્રમાણે ગ્રહણ કરાય છે.

**પૂર્વપક્ષ :** ભલે, પણ બીજો વિકલ્પ **નોજીવઃ** = 'નોજીવ' એવા શબ્દનું ઉચ્ચારણ કરાયું હોય ત્યારે નૈગમ વગેરે નયો વડે કેવા અર્થની પ્રતીતિ થાય છે ?

**ઉત્તરપક્ષ :** (૨) **'નોજીવ'** શબ્દમાં **નો** શબ્દના બે અર્થ થાય છે. (૧) દેશથી-આંશિક પ્રતિષેધ અને (૨) સર્વથા - સર્વનો નિષેધ. તેમાં **નો** શબ્દ જ્યારે સર્વ-પ્રતિષેધ અર્થમાં વર્તતો હોય ત્યારે **'नञ्युक्तमिव युक्तं च०' [પરિભાષેન્દુશેખર- પરિ૦ ૭૪]** આવી કલ્પના વડે (ન્યાય વડે) અન્ય વસ્તુ જ જણાય છે, પણ અભાવ જણાતો નથી. અને તે અન્ય - વસ્તુ અજીવ-દ્રવ્ય છે અર્થાત્ પુદ્ગલાદિ-દ્રવ્ય છે. જ્યારે **નો** શબ્દ દેશથી (આંશિક) પ્રતિષેધ કરનારો હોય (અર્થાત્ સર્વનો પ્રતિષેધ કરનારો ન હોય) ત્યારે દેશનો = અમુક ભાગનો નિષેધ થતો ન હોવાથી જીવનો જે દેશ = ચોથો ભાગ (તેટલાં પ્રદેશો) વગેરે જણાય છે અથવા પ્રદેશ = એટલે અત્યંત અવિભાજ્ય (= કેવળજ્ઞાની વડે પણ જેનો વિભાગ કરી ન શકાય તેવો) જીવનો અંશ 'નોજીવ' શબ્દ વડે કહેવાય છે. આવા આશયથી ભાષ્યમાં કહેલું છે કે, અથવા 'નોજીવ' શબ્દથી જીવના દેશ અને પ્રદેશો જણાય છે.

તથા ત્રીજો વિકલ્પ (૩) **अजीव = 'અજીવ'** એ પ્રમાણે ઉચ્ચાર કરાય છતે ('જીવ' શબ્દની પૂર્વે મૂકેલ) **अ** કાર એ સર્વનો પ્રતિષેધ કરનારો હોવાથી અથવા અહીં **'अ'** કાર વડે પર્યુદાસ **नञ्** નો = નિષેધનો આશ્રય કરેલો હોવાથી જીવથી અન્ય ( **जीवाद् अन्यः** )

---

१. ख.पू.कै. । वा० मु. ।

જે હોય તે 'અજીવ' કહેવાય એમ અર્થ થવાથી તેના વડે પુદ્ગલ વગેરે અજીવ-દ્રવ્ય જ જણાય છે.

**ચંદ્રપ્રભા :** વ્યાકરણ શાસ્ત્રમાં '**पर्युदासः सदृग्ग्राही प्रसज्यस्तु निषेधकृत्** એવી ઉક્તિ વડે બે પ્રકારનો નઞ્ = અર્થાત્ નિષેધ-અર્થ જણાવેલો છે. (૧) પર્યુદાસ-નિષેધ અને (૨) પ્રસજ્ય નિષેધ. તેમાં (૧) પ્રસજ્ય **नञ्** (નિષેધ) તો પોતાની સાથે યુક્ત = જોડાયેલ પદનો નિષેધ માત્ર જણાવવામાં તત્પર હોય છે. જેમ કે, **न जीवः इति अजीवः** । અહીં 'જીવનો અભાવ' એટલો જ અભાવમાત્ર રૂપ અર્થ જણાય છે. જ્યારે પ્રસ્તુતમાં ઉપયોગી પર્યુદાસ **नञ्** (નિષેધ) એ ફક્ત નિષેધ કરતો નથી પણ જેની સાથે જોડાયો હોય તેનાથી અન્ય છતાં અપેક્ષાએ તેના જેવી (સદૃશ = સરખી) વસ્તુનું ગ્રહણ કરનારો = બોધ કરાવનારો હોય છે. (સિદ્ધહેમ વ્યાકરણ શાસ્ત્રમાં **नञुक्तं तत्सदृशे** [ન્યાયસંગ્રહ-સૂ૦ ॥ ૧-૨૬ ॥] એવા ન્યાય વડે આ અર્થ જણાવાય છે.) આથી **अजीव** એવા શબ્દમાં જ્યારે પર્યુદાસ-નિષેધનો આશ્રય કરાય ત્યારે ફક્ત જીવનો નિષેધ જ જણાતો નથી, પણ જીવથી અન્ય છતાં જીવ સરખાં એવા બીજા પદાર્થનો બોધ પણ થાય છે.

**પ્રશ્ન :** આવો પદાર્થ શું છે ? **જવાબ :** પુદ્ગલ વગેરે અજીવ દ્રવ્ય. **પ્રશ્ન :** શી રીતે 'અજીવ' પદથી આનો જવાબ કહેવાય ?

**જવાબ :** જુઓ, અહીં પૂર્વે કહેલાં સ્વરૂપવાળા પર્યુદાસ-નઞ્ (નિષેધ)નો આશ્રય કરેલો છે, એમ ટીકામાં કહેલું છે. આથી **अजीव** એમ કહેવાય ત્યારે 'જીવ'નો તો નિષેધ થાય, પણ જીવ કરતાં અન્ય પદાર્થનો બોધ પણ થાય. જીવથી અન્ય પદાર્થ પુદ્ગલ વગેરે અજીવ છે. એનો બોધ થાય છે.

**પ્રશ્ન :** શી રીતે ? **જવાબ :** જુઓ, પુદ્ગલ એ 'જીવ' કરતાં અન્ય જુદો પણ છે. વળી અપેક્ષાએ સરખો પણ છે. **પ્રશ્ન :** કઈ રીતે ? **જવાબ :** તત્ત્વ અથવા દ્રવ્યની અપેક્ષાએ. જીવ પણ દ્રવ્ય છે અને પુદ્ગલ વગેરે અજીવ પણ દ્રવ્ય જ છે.માટે તે અપેક્ષાએ સરખા હોવાથી અજીવ એ 'અજીવ' શબ્દના અર્થ તરીકે પુદ્ગલ વગેરેનું ગ્રહણ કરાય છે, એમ જાણવું. આ પ્રમાણે અન્યત્ર પણ યથાયોગ્ય **नञ्** ના બે અર્થ જાણવા. **દા.ત. अक्षत्रियः** શબ્દમાં પર્યુદાસ-નિષેધનો આશ્રય કરવાથી ક્ષત્રિયથી અન્ય બ્રાહ્મણ વગેરે અર્થ જણાય છે.

પાણિનીય વ્યાકરણમાં **नञ्युक्तमिव युक्तं च** એવો ન્યાય/પરિભાષા સૂત્ર આ જ અર્થને = પર્યુદાસ-નિષેધને જણાવે છે અને તેનો ઉપયોગ ટીકાકારે **नोजीव** = નોજીવ એવા ત્રીજા વિકલ્પનું વિવેચન કરતાં કરેલો છે, અર્થાત્ **नो** શબ્દનો અર્થ 'સર્વનો-પ્રતિષેધ' કરીને 'નોજીવ'નો જીવથી અન્ય = પુદ્ગલાદિ અર્થ કરેલો છે, ત્યાં પણ આ જ ન્યાય લગાડેલો છે એમ જાણવું.

**अजीवद्रव्यमेव** प्रतीयते पुद्गलादिकम्। **नोअजीव इति** पुनरभिहिते द्वयोरपि नोकाराकारयोः सर्वप्रतिषेधे यदा वृत्तिः आश्रिता तदा *'द्वौ प्रतिषेधौ प्रकृतिं गमयतः'* इति **जीव** इति प्रतीयते, यदा पुनरकारः सर्वनिषेधको नोशब्दश्च देशनिषेधको नोअजीव इत्यत्रा[2]ऽऽश्रीयते तदा नोनञोरु[3]भयोरपि कृतार्थतैवं स्याद् यदि तस्या[4]ऽजीवस्य देशप्रदेशौ गम्येते इत्यतो[5]ऽजीवस्य देशप्रदेशावत्र गम्येते, तदाह-**तस्य वा देशप्रदेशाविति । एवं** तावन्नैगमादयश्चतुर्षु जीव

---

**प्रेमप्रभा :** તથા ચોથો વિકલ્પ. (૪) **नोअजीव** = 'નોઅજીવ' એ પ્રમાણે કહેવાય ત્યારે (અર્થાત્ મૂળમાં 'જીવ' શબ્દ છે પછી **न जीवः इति अजीवः ।** એમ પ્રથમ નિષેધ કરાયો. પછી **नो अजीवः इति नोअजीवः ।** એમ બીજો નિષેધ કરાય ત્યારે 'નોઅજીવ' શબ્દ બને. તેનો ઉચ્ચાર થાય ત્યારે) **नो** અને **अ** એ બન્નેય પ્રતિષેધ-વાચક શબ્દો જ્યારે 'સર્વના પ્રતિષેધ' અર્થમાં વર્તનારા છે એમ મનાય, આશ્રય કરાય ત્યારે **द्वौ प्रतिषेधौ प्रकृतिं गम्यतः ।**

**અર્થ :** બે વાર પ્રતિષેધ કરાય ત્યારે તે (શબ્દ) મૂળ અર્થને જણાવે છે - આ ન્યાયથી 'નોઅજીવ' શબ્દ વડે **जीवः** = એટલે કે મૂળભૂત 'જીવ' અર્થ જ જણાય છે. વળી જ્યારે 'નોઅજીવ' એવા શબ્દમાં **अ** (**नञ्**) શબ્દ એ સર્વના નિષેધ અર્થમાં છે અને **नो** શબ્દ એ દેશનો = અંશનો નિષેધ કરનારો છે એમ આશ્રય કરાય, સ્વીકારાય, ત્યારે **नो** અને **नञ्** (**अ**) એ બેય શબ્દના પ્રયોગની કૃતાર્થતા = સાર્થકતા આ પ્રમાણે થાય કે જો તે શબ્દથી 'અજીવ'ના દેશ અને પ્રદેશો જણાય. આથી ઉક્ત બન્નેય નિષેધવાચક શબ્દની સાર્થકતા છે એમ જણાવવા 'નોઅજીવ' શબ્દથી 'અજીવ'ના દેશ અને પ્રદેશો જણાય છે, એમ જણાવતાં ભાષ્યકાર કહે છે - અથવા જ્યારે '**अ**' શબ્દ સર્વનો નિષેધ કરનારો અને **नो** શબ્દ દેશથી નિષેધ કરનારો હોય ત્યારે 'નોઅજીવ' શબ્દથી તેના = અજીવના દેશ અને પ્રદેશો જણાય છે.

**ચંદ્રપ્રભા :** અહીં ભાષ્યમાં **तस्य वा देशप्रदेशौ** એવા પ્રયોગમાં **तस्य** શબ્દથી 'અજીવ'ના એમ અર્થ સમજવાનો છે, પણ **जीव एव** એમ પૂર્વમાં રહેલાં 'જીવ' શબ્દનું ગ્રહણ કરવાનું નથી. કારણ કે **नो अजीवः इति 'नोअजीवः'** એમ વિગ્રહ કરીને 'નોઅજીવ' શબ્દ બનેલો છે. આથી તેના વડે 'અજીવ'નો દેશથી નિષેધ કરાય છે. આથી 'અજીવ'ના પુદ્ગલાદિનો દેશથી નિષેધ કરાય ત્યારે 'અજીવ'નો ચતુર્ભાગ આદિ રૂપ 'દેશ' અને પરમાણુ વગેરે અત્યંત અવિભાજ્ય અંશ રૂપ 'પ્રદેશ' એવો અર્થ જણાય છે. આમ **तस्य** શબ્દથી 'નોઅજીવ' શબ્દના **नो अजीवः** એવા

---

१. सर्वप्रतिषु । कृतं० मु. । २. पादिषु । इत्या० मु. । ३. ख. पू. । नञोरपि० मु. । ४. सर्वप्रतिषु । स्यजी० मु. । ५. पादिषु । तो जी० मु. ।

इत्यादिषु विकल्पेषु प्रवृत्ताः, एवम्भूतस्तु नैवं प्रतिपद्यते । **कथं** तर्हीति चेद्, **उच्यते** -

**भा० एवम्भूतनयेन तु जीव इत्याकारिते भवस्थो जीवः प्रतीयते । कस्मात् ? एष हि नयो जीवं प्रत्यौदयिकभावग्राहक एव । जीवतीति जीवः, प्राणिति प्राणान् धारयतीत्यर्थः । तच्च जीवनं सिद्धे न विद्यते, तस्माद् भवस्थ एव जीव इति । नोजीव इत्यजीवद्रव्यं सिद्धो वा । अजीव इत्यजीवद्रव्यमेव । नोअजीव इति भवस्थ एव जीव इति ।**

---

વિગ્રહની અવસ્થામાં વર્તતો જે 'અજીવ' શબ્દ છે તેનું ગ્રહણ કરાય છે અને આથી તેના 'અજીવ'ના 'દેશ-પ્રદેશો' એમ ભાષ્યનો અર્થ છે. મુદ્રિત પ્રતમાં **तस्य** નો અર્થ **जीवस्य** । એમ કરેલી છે, પણ તે અર્થની અપેક્ષાએ ઘટતો નથી માટે **अजीवस्य** એવો શુદ્ધ પાઠ મળવાથી કોઈ દ્વિધા કે શંકાને સ્થાન રહેતું નથી.

**પ્રેમપ્રભા :** આ પ્રમાણે નૈગમ વગેરે છ નયો એ પૂર્વોક્ત 'જીવ' વગેરે ચાર વિકલ્પોમાં પ્રવૃત્ત થયેલાં છે, ઘટે છે. પણ એવંભૂત નય આ પ્રમાણે 'જીવ' આદિ વિકલ્પનો સ્વીકાર કરતો નથી.

**પ્રશ્ન :** તો કઈ રીતે એવંભૂત નય ('**जीव**' વગેરે શબ્દોનો ઉચ્ચાર થયે) 'જીવ' આદિ અર્થોનો સ્વીકાર કરે છે ? અર્થાત્ એવંભૂત નય વડે કેવા અર્થની પ્રતીતિ થાય છે ? (આનો જવાબ આપતાં ભાષ્યકાર કહે છે - **જવાબ :**)

**ભાષ્ય : એવંભૂત નય વડે તો (૧) जीवः એમ કહેવાતાં ભવસ્થ/સંસારી જીવની પ્રતીતિ થાય છે. પ્રશ્ન : શાથી ? જવાબ : કારણ કે આ નય જીવને આશ્રયીને (જીવના વિષયમાં) ઔદયિક ભાવનો જ સ્વીકાર કરે છે. (કારણ કે શબ્દાર્થ આ રીતે થાય છે) जीवति इति 'जीवः' । જે જીવે તે જીવ કહેવાય. અર્થાત્ प्राणिति એટલે કે પ્રાણોને ધારણ કરે તે જીવ કહેવાય. અને આ પ્રમાણે જીવવું એ સિદ્ધ જીવોમાં હોતું નથી. આથી સંસારી/ ભવસ્થ જીવ જ जीव શબ્દથી જણાય છે.**

**(૨) नोजीवः એમ ઉચ્ચારાતાં અજીવ દ્રવ્ય અથવા સિદ્ધ રૂપ અર્થ જણાય છે. (૩) अजीव શબ્દ કહેવાતાં અજીવ-દ્રવ્ય જ જણાય છે. અને (૪) नोअजीवः એમ ઉચ્ચાર કરાતાં ભવસ્થ જીવની જ પ્રતીતિ થાય છે.**

**टी० एवम्भूतेत्यादि** । एवम्भूतनेयन जीव इत्युच्चरिते भवस्थो जीवः प्रतीयते **भवः** संसारश्चतुर्विधस्तस्मिन् स्थितो भवस्थः संसारिजीवः प्रतीयते । **कस्माद्** सिद्धिस्थं त्यजतीति **चेत्** ? **उच्यते-एष हीत्यादि** । **एष** यस्मादेवम्भूतनयो **जीवं** प्रत्येवं [1]वर्तते-य एव **औदयिकेन** गतिकषायादिस्वभावेन अवस्थाविशेषेण युक्तस्तस्यैव **ग्राहकः** तमवौदयिकभावयुक्तं जीवमिच्छति, यतः शब्दार्थ एवमवस्थितो[2] **जीवतीति जीवः** । किमुक्तं भवति ? **प्राणितीति,** 'अन प्राणने' इति [3]चौऽस्यार्थे जीव इत्यस्य च धातोः सकर्तृकत्वं कथयति **प्राणान् धारयतीति** । **प्राणाः** इन्द्रियाणि मनोवाक्कायास्त्रयः, प्राणापानौ एकः आयुश्च तान् धारयति

## ❋ 'જીવ' ઉચ્ચારાતા એવંભૂતનયે થતો બોધ; 'જીવ' શબ્દની વ્યુત્પત્તિ ❋

**પ્રેમપ્રભા :** બાકી રહેલ એવંભૂત-નયનો **जीवः** વગેરે શબ્દનો ઉચ્ચાર કરાતાં અભિપ્રાય જણાવતાં ભાષ્યકાર કહે છે - (૧) **जीवः** એ પ્રમાણે ઉચ્ચાર કરાયો હોય ત્યારે એવંભૂત-નય વડે ભવસ્થ = સંસારી જીવ રૂપ અર્થની પ્રતીતિ થાય છે. આમાં ભવ = એટલે નારક આદિ ચાર ગતિ રૂપ ચાર પ્રકારનો સંસાર. તેમાં રહેલો હોય તે ( **भवे स्थितः ( तिष्ठति ) इति भवस्थः** ) ભવસ્થ એટલે સંસારીજીવ, તેનો બોધ થાય છે.

**પ્રશ્ન :** આ નય સિદ્ધસ્થ એટલે કે સિદ્ધિગતિમાં રહેલ સિદ્ધાત્માઓને શા માટે છોડી દે છે ?

**જવાબ :** કારણ કે આ એવંભૂત નય એ જીવને આશ્રયીને (જીવના વિષયમાં) આ પ્રમાણે પ્રવર્તે છે, બોધ કરે છે. એવંભૂત-નય એ ગતિ કષાય વગેરે સ્વભાવવાળો (જુઓ, પ્રસ્તુત શાસ્ત્રનું **गतिकषायलिङ्ग० ॥ २-६ ॥ सूत्र** અવસ્થા-વિશેષરૂપ જે ઔદયિક ભાવ છે, તેનાથી યુક્ત જે જીવ છે, તેનો જ ગ્રાહક છે અર્થાત્ પૂર્વોક્ત ઔદયિકભાવથી યુક્ત એવા જીવને ઇચ્છે છે, સ્વીકારે છે. આનુ કારણ આ કે 'જીવ' શબ્દનો શબ્દાર્થ વ્યુત્પત્તિ-અર્થ આ પ્રમાણે છે. **जीवति इति जीवः** । જે જીવે તે 'જીવ' કહેવાય. (અહીં **जीव्** ધાતુ કે જેના ઉપરથી **जीव** શબ્દ બનેલો છે તે 'પ્રાણને ધારણ કરવું' એવા અર્થમાં છે. કેમ કે, **जीव् प्राण-धारणे** એ પ્રમાણે **जीव्** ધાતુનો અર્થ (ધાતુપાઠમાં) કહેલો છે. આ જ વાતને બતાવતાં ટીકામાં કહે છે) **जीवति** એમ કહેવાનો ભાવ આ છે કે, **जीवति** એટલે **प्राणिति** અર્થાત્ **अन प्राणने** એવા ધાતુના અર્થમાં **जीव्** શબ્દ છે અને તે **जीव्** એવા ધાતુનું સકર્તૃકપણું અર્થાત્ કર્તા સહિત હોવાનું સ્પષ્ટ કરતાં કહે છે, **प्राणान् धारयति** =

१. पू. । प्रव० मु. । २. पू. । इतोऽग्रे 'जीव प्राणधारणे' इति मु. अधिकः । ३. पू. । वा० मु. ।

न मुञ्चति यावत् तावदसौ जीव इति मन्तव्यः । **एतत् स्याद्** इन्द्रियादयः प्राणाः सिद्धेऽपि सन्ति, **तन्न,** सिद्धे हि सर्वकर्मापगममात्र सन्तीन्द्रियादयः प्राणा इत्येतदाह-**तच्च जीवनमि**त्यादि । **तदि**ति शब्दार्थतया जीव इत्यस्य **जीवनं** प्राणधारणं **सिद्धे** मोक्षप्राप्ते नास्ति, **तस्माद् भवस्थ एव** संसार्येव **जीवः**, न सिद्ध इति । तथा **नोजीव** इत्युच्चरिते नोशब्दः सर्वप्रतिषेधक एव, देशस्याभावात्, देश्येव देशो न वस्त्वन्तरम्, न च देशिनो देशो भिन्न इत्यभिधातुं युक्तम्, यदि हि भिन्न स्यात् नासौ तस्य, भिन्नत्वाद् वस्त्वन्तरवत्, अथाभिन्नः

---

'પ્રાણોને ધારણ કરે છે' એમ **जीव्** ધાતુનો અર્થ છે. અહીં પ્રાણો દસ છે. તે આ રીતે- પાંચ ઇન્દ્રિય + મન, વચન, કાયા રૂપ ત્રણ બળ + ૧ શ્વાસોચ્છ્વાસ અને + ૧ આયુષ્ય = એમ કુલ મળીને ૧૦ દ્રવ્ય પ્રાણો છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ભાવ પ્રાણો છે તે અહીં વિવક્ષિત નથી.) આ પ્રાણોને યથાયોગ્ય જ્યાં સુધી જીવ ધારણ કરે છે, પણ છોડી દેતો નથી, ત્યાં સુધી તે 'જીવ' છે, એમ સમજવો.

**શંકા :** એવું બની શકે ને કે ઇન્દ્રિય વગેરે પ્રાણો સિદ્ધના જીવમાં પણ હોય ?

**સમાધાન :** ના, સિદ્ધના જીવોના સર્વ કર્મનો નાશ થઈ જવાથી તેઓને ઇન્દ્રિય આદિ પ્રાણો હોતાં નથી. આ વાત જણાવતાં ભાષ્યકાર કહે છે, **तच्च जीवनं** = તે જીવન સિદ્ધાત્મામાં હોતું નથી. અહીં **तद्** શબ્દ એ **जीव** એવા શબ્દનો અર્થ હોવાથી 'જીવન' અર્થવાળો છે. 'જીવન' = એટલે કે જીવવું, પ્રાણોને ધારણ કરવું અર્થ છે, તે સિદ્ધમાં = મોક્ષને પામેલાં સિદ્ધ-જીવોને વિષે હોતો નથી. આથી એવંભૂત નયના મતે ભવસ્થ = સંસારી આત્મા જ 'જીવ' કહેવાય, પણ સિદ્ધાત્મા નહીં. તથા (૨) **नोजीवः** = 'નોજીવ' એમ ઉચ્ચાર કરાય ત્યારે એવંભૂતનયના મતે **नो** શબ્દ એ સર્વનો જ પ્રતિષેધ કરનારો છે, પણ દેશનો = અંશનો પ્રતિષેધક નથી, કારણ કે આ નયના મતે દેશનો = અંશનો અભાવ છે. અર્થાત્ જે 'દેશી' એટલે કે અંશી = અવયવી = સંપૂર્ણ જીવાદિ વસ્તુ છે, તે પોતે જ દેશ (અંશ/અવયવ) સ્વરૂપ છે, પણ દેશથી = (જીવાદિથી) સંપૂર્ણ વસ્તુથી દેશ = અંશ (જીવાદિના પ્રદેશ વગેરે) એ જુદા-ભિન્ન નથી.

### ❋ એવંભૂત મતે દેશી=અવયવી કરતાં દેશ=અંશ જુદો નથી ❋

**પૂર્વપક્ષ :** દેશી = એટલે કે અંશી-અવયવી-સંપૂર્ણ વસ્તુ કરતાં તેનો દેશ એટલે કે અંશ/અવયવ એ ભિન્ન જ છે ને ?

देश्येव तर्ह्यस्ति न कश्चिद् देशो नामेत्यतः सर्वप्रतिपेधको नोशब्दोऽतः नोजीव इत्युक्ते जीवादन्यद् वस्तु सम्पूर्णं परमाणुप्रभृति प्रतीयते । तदाह-**नोजीव इति अजीवद्रव्यमेव सिद्धो वा,** प्राणधारणस्याभावात्, सोऽपि निर्जीव एवेति, अतः सिद्धो वा गम्यते । **अजीव इति** तूच्चरिते **अजीवद्रव्यमेव** परमाण्वादिकं सर्वप्रतिषेधकत्वादकारस्य प्रतीयते । **नोअजीव**

**ઉત્તરપક્ષ :** ના, દેશી = સંપૂર્ણ વસ્તુ કરતાં તેના દેશ = ભાગ/અવયવો એ જુદા છે, એમ કહેવું યોગ્ય નથી. જો દેશી એટલે અવયવી/સંપૂર્ણ વસ્તુ કરતાં તેના દેશ = એટલે કે અંશ/અવયવો એ જુદા હોય તો તે દેશ = અંશો/અવયવો એ તે દેશીના = જીવાદિ સંપૂર્ણ વસ્તુના છે, એમ કહી શકાય નહિ. કારણ કે તમારા મતે તે ભિન્ન છે. અર્થાત્ જેમ બીજી (ઘટ આદિ) વસ્તુ એ દેશી = (જીવ આદિ) સંપૂર્ણ વસ્તુ કરતાં ભિન્ન છે તેથી તેને દેશી (જીવાદિ) સંબંધી છે એમ કહી શકાતું નથી. તેમ તમારા મતે વસ્તુનો દેશ = અંશ/અવયવ (જીવાદિના પ્રદેશ વગેરે) એ પણ ભિન્ન હોવાથી તે દેશી = અંશી/અવયવી (જીવાદિ) વસ્તુના (સંબંધી) છે, એવું કહી શકાશે નહીં.

**પૂર્વપક્ષ :** ભલે તો અમે દેશીથી દેશને અભિન્ન કહીશું.

**ઉત્તરપક્ષ :** આમ કહેશો તો દેશી = અવયવી રૂપ એક જ પદાર્થ છે પણ દેશી = અવયવી (સંપૂર્ણ) વસ્તુ કરતાં જુદો દેશ/અંશ નામનો કોઈ અલગ પદાર્થ નથી. આથી વસ્તુનો દેશ (અંશ) એ દેશી (અંશી-સંપૂર્ણ વસ્તુ) રૂપ જ હોયને દેશીનો નિષેધ કરવાથી દેશનો પણ નિષેધ થઈ જાય. આથી **નોજીવ** શબ્દમાં **નો** શબ્દથી જીવ રૂપ દેશીનો (સંપૂર્ણ પદાર્થનો) નિષેધ કરાય ત્યારે દેશનો = જીવ પ્રદેશોનો પણ નિષેધ થઈ જ જાય. આથી '**નોજીવ**' શબ્દમાં **નો** શબ્દ એ વસ્તુના સર્વનો પ્રતિષેધ કરનારો છે. આથી એવંભૂત-નયના મતે **નોજીવઃ** = 'નોજીવ' એમ કહેવાતાં 'જીવ'થી અન્ય/પરમાણુ વગેરે સંપૂર્ણ વસ્તુ જણાય છે. પણ આંશિક = (જીવના પ્રદેશ વગેરે રૂપ) એક ભાગરૂપ વસ્તુ જણાતી નથી. આ હકીકતને ભાષ્યમાં કહે છે કે, 'નોજીવ' એમ કહેવાતાં (પરમાણુ વગેરે) અજીવ-દ્રવ્ય જણાય છે અથવા સિદ્ધો એટલે કે મોક્ષગતિને પામેલાં આત્માઓ જણાય છે. કારણ કે, અજીવ-દ્રવ્યમાં એ પ્રાણોને ધારણ કરવાનો અભાવ હોવાથી 'નોજીવ' શબ્દથી જણાય છે. તેમજ સિદ્ધના આત્માઓ પણ પૂર્વોક્ત દશ પ્રાણોને ધારણ કરતાં નથી. આથી એવંભૂત નયના મતે સિદ્ધાત્મા પણ નિર્જીવ છે. (ભલે, ભૂતકાળમાં કર્મસહિત અવસ્થામાં સિદ્ધાત્માઓ પણ દ્રવ્ય પ્રાણોને ધારણ કરનાર હતાં પરંતુ એવંભૂતનય તો જે પદાર્થ

इति[1] *'प्रतिषेधौ द्वौ प्रकृतिं[2] गमयतः'* इति **भवस्थः** संसार्येव **जीवो** गम्यते । **अथ** कस्मान्नोजीव इत्यस्मिन् विकल्पे नोअजीव इत्यस्मिन् वा देशप्रदेशौ न गम्येते ? । **उच्यते**–

'વર્તમાન'માં જ શબ્દથી સૂચિત (પ્રસ્તુતમાં પ્રાણ-ધારણરૂપ) ક્રિયાને કરનારો હોય તેનો જ સ્વીકાર કરે છે. આથી સિદ્ધો પણ એવંભૂતનય મતે નિર્જીવ છે.) આથી ભાષ્યમાં કહ્યું છે કે, 'અથવા સિદ્ધ-આત્મા ('નોજીવ' શબ્દથી) જણાય છે.'

**ચંદ્રપ્રભા :** અહીં એટલું વિશેષ કે, ફક્ત એવંભૂત નય સિદ્ધાત્માને 'જીવ' તરીકે સ્વીકારતો નથી. તેનું કારણ એ કે તે દસ-વિધ દ્રવ્ય-પ્રાણોને ધારણ કરતો નથી આથી સિદ્ધોમાં 'જીવ' શબ્દનો અર્થ જીવવું = પ્રાણોને ધારણ કરવું એ ઘટતુ નથી. આથી સિદ્ધને નિર્જીવ કહ્યા છે. બાકી સિદ્ધોમાં પણ દ્રવ્ય-પ્રાણો ભલે ન હોય પરંતુ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ વગેરે રૂપ જે ભાવ-પ્રાણો છે તે તો ઘટે જ છે. એ અપેક્ષાએ સિદ્ધાત્માને પણ જીવ = પ્રાણોને ધારણ કરનાર તરીકે કહી શકાય. પરંતુ અહીં દ્રવ્ય-પ્રાણો જ વિવક્ષિત છે. અર્થાત્ જે જીવે = (પાંચ ઇન્દ્રિય વગેરે દશ-વિધ) દ્રવ્ય પ્રાણોને ધારણ કરે તે 'જીવ' કહેવાય. સિદ્ધાત્માને પુદ્ગલના સંચય વડે અર્થાત્ પુદ્ગલ આલંબન વડે પ્રાપ્ત થતાં દશ પ્રકારના દ્રવ્ય પ્રાણો ન હોવાથી 'જીવ' તરીકે અહીં વિવક્ષિત નથી, એમ જાણવું.

**પ્રેમપ્રભા :** (૩) **'अजीवः'** = 'અજીવ' એમ ઉચ્ચાર કરાય ત્યારે એવંભૂત-નય વડે 'પરમાણુ વગેરે અજીવ - દ્રવ્ય જ જણાય છે. કારણ કે 'અજીવ'માં જે **अ** કાર (**नञ्**) છે તે સર્વના પ્રતિષેધ અર્થમાં છે તથા (૪) **नोअजीवः** = 'નોઅજીવ' એમ કહેવાતા **द्वौ प्रतिषेधौ प्रकृतिं गमयतः** = 'બે નયો એ મૂળ વસ્તુને જણાવે છે' એવા ન્યાયથી અહીં 'નો અજીવ' શબ્દમાં **नो** અને **अ** એમ બે શબ્દો વડે બે વાર નિષેધ કરેલો છે, આથી મૂળભૂત ભવસ્થ = સંસારી એવો જ 'જીવ' અર્થ જણાય છે.

**શંકા : नोजीव** રૂપ બીજા વિકલ્પમાં અથવા 'નોઅજીવ' રૂપ ચોથા વિકલ્પમાં જીવના દેશ અને પ્રદેશ રૂપ અર્થ શાથી જણાતો નથી ? કહેવાનો ભાવ એ છે કે, નૈગમ આદિ નયો વડે નોજીવ અને 'નોઅજીવ' એ બીજા અને ચોથા વિકલ્પમાં **नो** અને **अ** શબ્દને દેશથી અંશથી નિષેધ કરનારો જણાવીને 'જીવના દેશ (ચોથા ભાગ વગેરે) અને પ્રદેશ (પરમાણુ = સૂક્ષ્મ અંશ) એવો પણ અર્થ કરેલો. આ એવંભૂત નય વડે એવા અર્થનો બોધ સાથી સ્વીકારાતો નથી ?)

**સમાધાન :** આ એવંભૂત-નય વડે વસ્તુના સમગ્ર અર્થનું જ ગ્રહણ કરાતું હોવાથી

१. पू. । इत्युक्ते० मु. । २. सर्वप्रतिषु । कृतं० मु. ।

देशप्रदेशयोरनभ्युपगमादनेन नयेनेति, एतदाह-

**भा० समग्रार्थग्राहित्वाच्चास्य नानेन देशप्रदेशौ गृह्येते । एवं जीवौ जीवा इति द्वित्वबहुत्वाकारितेष्वपि, सर्वसङ्ग्रहेण[1] तु जीवो नोजीवः अजीवो नोअजीवो जीवौ नोजीवौ[2] अजीवौ नोअजीवौ इत्येकत्वद्वित्वाकारितेषु शून्यम् । कस्मात् ?।**

**टी० समग्रार्थे**त्यादि । **समग्रः** सम्पूर्णः **अर्थो** वस्तु, सम्पूर्णं वस्तु समग्रार्थः, तं ग्रहीतुं शीलमस्य स[3] समग्रार्थग्राही । सम्पूर्णमेव हि वस्तु गृह्णात्[3]ययं नयः, न देशं प्रदेशं वा, समग्रार्थग्राहिणो भावस्तथावर्तिता **समग्रार्थग्राहित्वम्,** अतो **नानेनै**वम्भूतनयेन **देशप्रदेशौ** स्थूलसूक्ष्मावयवात्मकौ **गृह्येते** । एवं तावच्चत्वारो विकल्पा एकवचनेन दर्शिताः, यथा

---

વસ્તુના દેશ (સ્થૂલ અવયવો) અને પ્રદેશો (સૂક્ષ્મ અવયવો)નો સ્વીકાર કરાતો ન હોવાથી તે અર્થ જણાતો નથી. આ હકીકતને જણાવતાં ભાષ્યકાર કહે છે-

**ભાષ્ય : સમગ્ર - અર્થનું ગ્રહણ કરનારો હોવાથી આ (એવંભૂત) નય વડે વસ્તુના દેશ અને પ્રદેશો ગ્રહણ કરાતાં નથી.**

તથા **जीवौ, जीवाः એ પ્રમાણે (ક્રમશઃ) દ્વિવચન (દ્વિત્વ) અને બહુવચન** (બહુત્વ **સંખ્યા) વડે ઉચ્ચાર કરેલો હોય ત્યારે પણ આ પ્રમાણે જ (એકવચન પ્રમાણે જ) બોધ સ્વીકારે છે.**

**સર્વસંગ્રહ-નયના મતે તો जीवः, नोजीवः, अजीवः, नोअजीवः, તથા जीवौ, नोजीवौ, अजीवौ, नोअजीवौ એ પ્રમાણે ક્રમશઃ એકવચન અને દ્વિવચન વડે ઉચ્ચાર કરાય ત્યારે શૂન્ય ભાંગો હોય છે. પ્રશ્ન : શાથી ?**

**પ્રેમપ્રભા :** નોજીવ અને નોઅજીવ એવા બે વિકલ્પોમાં એવંભૂત-નય વડે જીવના દેશ અને પ્રદેશો શાથી જણાતાં નથી ? એવી શંકાને દૂર કરવા ભાષ્યમાં કહે છે- આ નયનું સમગ્રઅર્થ - ગ્રાહીપણું હોવાથી આ નય વડે દેશ અને પ્રદેશો ગ્રહણ કરાતાં નથી. સમગ્ર એટલે સંપૂર્ણ-અર્થ = એટલે વસ્તુ/પદાર્થ. આમ 'સમગ્રાર્થ' એટલે 'સંપૂર્ણ વસ્તુ' તેને ગ્રહણ કરવાનો શીલ/સ્વભાવ જેનો છે તે **સમગ્રાર્થ-ગ્રાહી** કહેવાય. ( **समग्रार्थं ग्रहीतुं शीलं यस्य, स समग्रार्थग्राही** ) આ એવંભૂત-નય એ સંપૂર્ણ જ અર્થને ગ્રહણ કરે છે, પણ દેશ અથવા પ્રદેશોનું ગ્રહણ કરતો નથી. આ પ્રમાણે આ એવંભૂત-નય એ વસ્તુના સંપૂર્ણ અર્થને જ ગ્રહણ કરવાના સ્વભાવવાળો હોવાથી આ નય વડે વસ્તુના દેશ = એટલે કે સ્થૂલ

---

१. टीकानु० । ग्रहे० मु. । २. टीकानु० नोजीवा० मु. । ३. पू. । ना. मु. । ४. पू. । ह्वातीति० मु. ।

चैकवचनेन दर्शिताः एवं द्विवचनेन चत्वारो विकल्पा नेयाः, **जीवौ १ नोजीवौ २ अजीवौ**

અવયવો/અંશો અને 'પ્રદેશ' એટલે સૂક્ષ્મ અવયવો (અંશો)નું ગ્રહણ કરાતું નથી, એમ સમસ્ત અર્થ છે.

**ચંદ્રપ્રભા :** કહેવાનો આશય એ છે કે નૈગમ વગેરે નયો વડે અજીવ અને 'નોઅજીવ' શબ્દો ઉચ્ચારેલાં હોય ત્યારે જો **अ** કાર અને **नो** એ બે શબ્દો દેશથી નિષેધ કરનારા સ્વીકારાય ત્યારે **न जीवः इति अजीवः** એમ જીવનો દેશથી/અંશથી નિષેધ મનાય છે, માટે જીવના દેશ-પ્રદેશો રૂપ અર્થ થાય છે. તેમજ **नो अजीवः इति नोअजीवः** એમ અજીવના અંશનો નિષેધ થવાથી અજીવના (= પુદ્‌ગલ વગેરેના) દેશ-પ્રદેશો એમ અર્થ જણાય છે. કારણ કે, નૈગમાદિ-નયો અંશનું પણ ગ્રહણ સ્વીકારે છે.

જ્યારે આ એવંભૂતનય તો સમગ્ર એવા જ અર્થનું ગ્રહણ કરનારો (= સમગ્રાર્થગ્રાહી) છે. એટલે કે 'જીવ' એમ બોલાય ત્યારે સમસ્ત જીવનું ગ્રહણ થાય. હવે જ્યારે **न जीवः इति अजीवः** એમ 'જીવ'નો નિષેધ કરાય ત્યારે પણ સમગ્ર જીવનો જ નિષેધ કરાય પણ આંશિક જીવનો નિષેધ ન થાય, કારણ કે, આ (એવંભૂત) નયના મને સંપૂર્ણ વસ્તુથી (દેશથી) અંશ/અવયવ (દેશ) જેવી અલગ વસ્તુ જ નથી. જે અંશ/અવયવ (દેશ) છે તે સંપૂર્ણવસ્તુ = અવયવી (દેશી) સ્વરૂપ જ છે. માટે અંશનો જ અભાવ છે. (અથવા અંશ(દેશ)એ અંશી = સંપૂર્ણવસ્તુ (દેશી) સ્વરૂપ હોવાથી અંશનો નિષેધ કરવામાં પણ અંશીનો = અવયવીનો = સંપૂર્ણવસ્તુનો જ નિષેધ થાય.) આથી જીવનો નિષેધ કરાય ત્યારે સમગ્ર 'જીવ' અર્થનો નિષેધ થાય પણ તેના અંશનો નિષેધ ન થાય. માટે 'અજીવ' શબ્દથી જીવથી ભિન્ન પુદ્‌ગલાદિ જ જણાય પણ જીવના અમુક અંશ (ચોથો ભાગ વગેરે) અર્થ ન જણાય. આ પ્રમાણે (**नो अजीवः इति नोअजीवः** એમ) 'નોઅજીવ'માં અજીવનો નિષેધ કરાય છે ત્યારે પણ સંપૂર્ણ 'અજીવ'નો નિષેધ કરાય છે. આથી 'જીવ' રૂપ અર્થ જણાય છે. પણ અજીવના (પુદ્‌ગલાદિના) અંશનો એટલે કે ચોથો ભાગ વગેરે દેશનો અથવા પરમાણુ વગેરે પ્રદેશનો નિષેધ કરાતો નથી. (આમ **नो** શબ્દ પણ સર્વનો નિષેધ કરનારો જ હોવો ઘટે છે.) આથી એવંભૂત નય એ સમગ્ર = સંપૂર્ણ એવી જ વસ્તુનુ ગ્રહણ કરનારો છે, માટે નિષેધ પણ સંપૂર્ણ વસ્તુનો જ થાય એ ન્યાયે આ નયના મતે 'અજીવ' અને 'નોઅજીવ' એમ ઉચ્ચારાય ત્યારે બીજા નૈગમ આદિ નયોની જેમ વસ્તુના (જીવના અથવા અજીવના) દેશ અને પ્રદેશો રૂપ અર્થ જણાતો નથી એમ જાણવું. આ રીતે પૂર્વોક્ત ચાર વિકલ્પો એકવચન વડે દર્શાવ્યા છે.

### ❋ દ્વિવચન-બહુવચનવડે 'જીવ' ઉચ્ચારાતાં એ.વ. પ્રમાણે બોધ ❋

**પ્રેમપ્રભા :** હવે જે રીતે એકવચન વડે ચાર વિકલ્પો બતાવ્યા છે તે જ રીતે દ્વિવચન

**३ नोअजीवौ ४** । तथा च बहुवचनेनापि चत्वार एव, जीवाः १ नोजीवाः २ अजीवाः ३ नोअजीवा ४ नेयाः, एकवचनप्रतिपत्त्येव, केवलं तु द्विवचनं बहुवचनं वा विशेष इत्येतदाह-**एवं जीवौ जीवा** इति । **इति**शब्द आद्यार्थः, **द्वित्वबहुत्वाकारितेषु**-द्विवचनबहुवचनाभ्यामुच्चारितेषु एवमेवाभ्युपगमो नैगमादीनाम् । अथैतांश्चतुरो विकल्पान् सङ्ग्रहनयः कथमभ्युपैतीति ? । **उच्यते-सर्वसङ्ग्रहेणे**त्यादि । सर्वसङ्ग्रहेण सामान्यवस्तुग्राहिणा एकवचनद्विवचनान्ता विकल्पा नाभ्युपगम्यन्ते, तांश्च विकल्पान् दर्शयति-**जीवो नोजीव**

---

વડે (અર્થાત્ બે સંખ્યા હોય ત્યારે) પણ ચાર વિકલ્પો સમજવા/વિચારવા. જેમ કે, **૧. जीवौ ૨. नोजीवौ ૩. अजीवौ** અને **૪. नोअजीवौ** । તેમજ બહુવચનપૂર્વક (બહુત્વ સંખ્યા હોય ત્યાર) પણ ચાર જ વિકલ્પો થાય છે. **૧. जीवाः ૨. नोजीवाः ૩. अजीवा** અને **૪. नोअजीवाः** । આ તમામ વિકલ્પોમાં એકવચન 'જીવ' વગેરે શબ્દની જેમ નૈગમ વગેરે સર્વ નયો વડે બોધ થાય છે, એમ જાણવું. ફક્ત વિશેષ/તફાવત એટલો કે ત્યારે દ્વિવચન અથવા બહુવચનનો પ્રયોગ/ઉલ્લેખ કરવો. આ વાત સૂચવતાં ભાષ્યમાં કહે છે. **जीवौ, जीवाः इति** । અર્થાત્ દ્વિવચન હોય (બે જીવ હોય) ત્યારે **'जीवौ'** વગેરે ચાર વિકલ્પો કહેવા અને બહુવચન (ઘણા જીવો) હોય ત્યારે **जीवाः** વગેરે ચાર ભેદો કહેવા. આમાં **इति** શબ્દ છે તે 'આદ્ય' (વગેરે) એવા અર્થમાં છે. આથી દ્વિવચન વડે **जीवौ इति** એટલે **जीवौ** વગેરે દ્વિવચનવાળા ચાર ભેદો લેવા અને **जीवा इति** એટલે **जीवाः** વગેરે બહુવચનવાળા ચાર પ્રકારો લેવા. અને નૈગમ આદિ સર્વ નયો વડે તેઓનો બોધ એકવચન પ્રયોગની જેવો જ સ્વીકારાય છે. (અર્થાત્ **जीवाः** એમ કહેવાતાં નૈગમ આદિ છ નયો વડે સર્વગતિના જીવોનો બોધ થાય છે અને એવંભૂત-નય વડે ભવસ્થ સંસારી જીવ જ જણાય છે, ઇત્યાદિ સ્વયં વિચારવું.)

### ❋ 'જીવ' વગેરે ઉચ્ચારાતાં સર્વ-સંગ્રહનયનો અભિપ્રાય ❋

**પ્રશ્ન :** આ 'જીવ' વગેરે ચારેય વિકલ્પોનો (ઉચ્ચાર થયે) સંગ્રહ-નય કેવા પ્રકારના બોધનો સ્વીકાર કરે છે ?

**જવાબ : સંગ્રહનય** બે પ્રકારે છે - (૧) **દેશ-સંગ્રહ** અને બીજો (૨) **સર્વ-સંગ્રહ** નય. તેમાંથી દેશ-સંગ્રહનયનો અભિપ્રાય તો પહેલાં નૈગમાદિ નયોનો વિચાર કરતાં જણાવી દીધો છે. પણ સર્વ-સંગ્રહ નયનો અભિપ્રાય જે કહેવો બાકી હતો તેને હવે ભાષ્યકાર

इत्यादिना । एकद्विवचनान्तेषूच्चरितेषु **शून्यं** भवतीति, नास्यैवं काचित् प्रतिपत्तिरस्तीत्यर्थः । **कस्माद्** नास्तीति **चेत्** ? उच्यते -

**भा० एष हि नयः सङ्ख्यानन्त्याज्जीवानां बहुत्वमेवेच्छति यथार्थग्राही । शेषास्तु नयाः जात्यपेक्षमेकस्मिन् बहुवचनत्वम्, बहुषु च बहुवचनं सर्वाकारितग्राहिण इति । एवं सर्वभावेषु नयवादानुगमः कार्यः ।**

**टी० एष** हीत्यादि । **एषः** सङ्ग्रहो यस्मात् **सङ्ख्याया** जीवगताया **आनन्त्यं**

---

જણાવે છે - સર્વ-સંગ્રહ નય કે જે વસ્તુના સામાન્યમાત્ર અર્થનું/ધર્મનું ગ્રહણ કરનારો છે, તેના વડે એકવચન-અંતવાળા અને દ્વિવચન-અંતવાળા (બે સંખ્યાવાળા) વિકલ્પોનો સ્વીકાર કરાતો નથી. અને તે વિકલ્પોને બતાવતાં ભાષ્યમાં કહે છે - ૧. '**जीवः**' ૨. **नोजीवः** ૩. **अजीवः** અને **नोअजीवः** એ ચાર એકવચન-અંતવાળા (એક સંખ્યાવાળા) વિકલ્પો અને ૧. **जीवौ** ૨. **नोजीवौ** ૩. **अजीवौ** અને ૪. **नो अजीवौ** એ પ્રમાણે દ્વિવચન-અંતવાળા ચાર વિકલ્પો એમ કુલ ૪ + ૪ = ૮ વિકલ્પોનો ઉચ્ચાર કરાયો હોય ત્યારે શૂન્ય ભાગો થાય છે. અર્થાત્ સર્વસંગ્રહ-નયના મતે આ વિકલ્પોને વિષે પૂર્વોક્ત કોઈપણ પ્રકારના બોધનો/પ્રતીતિનો સ્વીકાર કરાતો નથી.

**પ્રશ્ન** : શા કારણથી આ સર્વસંગ્રહ-નય વડે એકવચન-દ્વિવચનનો ઉચ્ચાર કરાતાં કોઈપણ પ્રકારનો બોધ સ્વીકારાતો નથી ? એનો જવાબ આપતાં ભાષ્યકાર કહે છે - **જવાબ :**

**ભાષ્ય : (જવાબઃ) કારણકે આ સર્વસંગ્રહનય એ યથાર્થગ્રાહી હોયને જીવોની સંખ્યા અનંત હોવાથી જીવોની બહુત્વ-સંખ્યાને જ ઇચ્છે છે.**

**શેષ (નૈગમ આદિ) નયો તો જાતિની અપેક્ષાએ એક પદાર્થમાં બહુવચનને ઇચ્છે છે અને ઘણા પદાર્થોને વિષે બહુવચનને ઇચ્છે છે આથી તે સર્વ વિકલ્પોનું ગ્રહણ કરનારા છે. આ પ્રમાણે સર્વ પદાર્થોમાં નયવાદનો અનુગમ = અનુસરણ કરવું.**

**પ્રેમપ્રભા** : સર્વસંગ્રહ-નયના મતે એકવચન અને દ્વિવચન અંતવાળા પૂર્વોક્ત જીવ વગેરે ૪-૪ વિકલ્પોનો ઉચ્ચાર થયે શૂન્ય ભાંગો છે અર્થાત્ કોઈપણ પ્રકારના બોધનો સ્વીકાર કરાતો નથી. **પ્રશ્ન** : આનું શું કારણ ? એનો જવાબ આપતાં ભાષ્યકાર કહે છે

प्रतिपद्यते, **जीवानां** पञ्चगतिवर्तिनां **बहुत्वमेवेति**कृत्वा बहुवचनान्तानेव विकल्पान् समाश्रयते। अयं विशेषोऽनेन प्रतिपन्नो देशसङ्ग्रहव्यवहारादिभ्यः, भावना तु तद्वदेव-जीवा इत्युक्ते पञ्चस्वपि गतिषु वर्तमानानाश्रयति, नोजीवा इत्यजीवास्तेषां वा[१] देशप्रदेशानिति, अजीवा इति तु अजीवद्रव्याणि पुद्गला इति, नोअजीवा इति जीवानेव तेषां वा[२] देशप्रदेशानिति। अस्यैव बहुवचनान्ता प्रतिपत्तिः, **शेषास्तु** नैगमादयो **नया** एकद्वि[३]वचनान्तानप्याश्रयन्ति

**જવાબ :** આ સર્વ-સંગ્રહનય જે કારણથી જીવગત = જીવની સંખ્યાનું આનન્ત્ય સ્વીકારે છે અર્થાત્ જીવોની અનંત સંખ્યાનો અંગીકાર કરે છે. આથી પાંચ ગતિમાં વર્તનારા જીવો બહુ છે, ઘણા જ છે એ પ્રમાણે માનવાથી **जीवाः** વગેરે બહુવચન - અંતવાળા જ ચાર વિકલ્પોનો આશ્રય કરે છે. આમ દેશ-સંગ્રહનય, વ્યવહાર-નય વગેરે નયો કરતાં આવા પ્રકારનો વિશેષ = ભેદ/તફાવત આ સર્વસંગ્રહનય વડે માનેલો છે.

**ચંદ્રપ્રભા :** અથવા આ સર્વ-સંગ્રહનય 'યથાર્થગ્રાહી' છે. અર્થાત્ વસ્તુ જેવી હોય તે પ્રમાણે જ ગ્રહણ કરનારો છે. આથી બહુત્વ-સંખ્યાવાળી = ઘણી (જીવાદિ) વસ્તુનું બહુરૂપે જ ગ્રહણ કરે છે, જાણે છે. આથી અહીં સંગ્રહનયના વિષયમાં જીવોની બહુત્વ-સંખ્યા જ હોવાથી એકવચન અને દ્વિવચનનો પ્રયોગ થતો નથી, એમ કહેવાનો ભાવ છે. અહીં સિદ્ધસેનીયા ટીકામાં '**यथार्थग्राही**' એવા ભાષ્યગત પદનું વિવરણ દેખાતું નથી. હારિભદ્રી + યશોવિ.કૃત ટીકામાં આ પદનું વિવરણ દેખાય છે, એમ જાણવું.

**પ્રેમપ્રભા :** આ પૂર્વોક્ત તફાવત/વિશેષ સિવાય બાકીની ભાવના/વિચારણા તો પૂર્વવત્ નૈગમ આદિ નયોની જેમ જ સમજવી. અર્થાત્ ૧. **जीवाः** એ પ્રમાણે કહેવાતાં આ સંગ્રહનય પાંચેય ગતિઓમાં વર્તમાન જીવોનો આશ્રય કરે છે, બોધ કરે છે. તથા ૨. **नोजीवाः** = એમ ઉચ્ચારાતાં અજીવ (પુદ્ગલાદિ) અર્થ જણાય છે. અથવા જીવોના દેશ-પ્રદેશ રૂપ અર્થ સ્વીકારાય છે. તથા ૩. **अजीवाः** એમ કહેવાય ત્યારે (જીવથી અન્ય) અજીવ દ્રવ્યો = પુદ્ગલ જણાય છે અને ૪. **नोअजीवाः** એમ ઉચ્ચારાય, ત્યારે જીવોનો બોધ થાય છે અથવા અજીવના (પુદ્ગલાદિના) દેશ-પ્રદેશોનું ગ્રહણ કરે છે. આમ આવા પ્રકારનો બોધ કરવામાં સંગ્રહનયનો બીજા નૈગમાદિ નયો સાથે કોઈ તફાવત નથી.

ફક્ત એટલો તફાવત કે આ સંગ્રહ-નય ફક્ત બહુવચન-અંતવાળી પ્રતિપત્તિ = પ્રતીતિ સ્વીકારે છે, બાકી બીજા નૈગમ વગેરે નયો તો પૂર્વોક્ત **जीव** વગેરે ચાર વિકલ્પોને એકવચનાન્ત, દ્વિવચનાન્ત અને બહુવચનાન્ત એમ ત્રણેય પ્રકારના 'જીવ' આદિ

१. पादिषु । च० मु. । २. पादिषु । च० मु. । ३. पादिषु । द्विबहु० मु. ।

एतान् विकल्पान् । यदा च जीवशब्दस्य एकोऽर्थो वाच्यो भवति तदैकत्वादेकवचनम्, यदापि च सामान्यं वाच्यं तदापि चैकत्वात् एकवचनप्राप्तौ सत्यां बहुवचनमन्विच्छन्ति नैगमादयः । **कथ**मिति **चेत् ? उच्यते-जात्यपेक्षं, जातिः** सामान्यरूपा तामपेक्षते यत् तज्जात्यपेक्षं **बहुवचनम्, एकस्मिन्न**पि पदार्थेऽभिधेये *"जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम्"* **( पा०सू०१-२-५८ )** इत्येनेन लक्षणेन । यदा पुनर्बहव एव अभिधेया जीवशब्दस्य प्राणिनस्तदा नैव बहुवचनं *"जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम्"* उत्पादयन्ति, किन्तु लक्षणान्तरेण, तल्लक्षणं दर्शयति-*"बहुषु चैव*

---

વિકલ્પોનો આશ્રય કરે છે. (અર્થાત્ કુલ (જીવાદિ) ૪ × ૩ = ૧૨ વિકલ્પો થાય.) એકવચન પ્રયોગ આ રીતે થાય - જ્યારે 'જીવ' શબ્દ વડે એક અર્થ (જીવ) વાચ્ય હોય ત્યારે અર્થની એકત્વ-સંખ્યા હોવાથી **जीवः** એમ એકવચનનો પ્રયોગ થાય છે. ઉપરાંત જ્યારે પણ 'સામાન્ય' રૂપ અર્થ વાચ્ય હોય ત્યારે પણ તે સામાન્ય એક જ હોવાથી એકવચનના પ્રયોગની પ્રાપ્તિ હોતે છતે નૈગમ આદિ નયો બહુવચનને ઇચ્છે છે.

### ❋ સામાન્ય=જાતિ એક છતાં બહુવચનનો પ્રયોગ શાથી ? ❋

**પ્રશ્ન :** સામાન્ય એ અનેક વસ્તુમાં રહેલ સમાન ધર્મ - જાતિ રૂપ છે. આથી તે એક જ છે છતાંય નૈગમ આદિ નયો તેમાં બહુવચન શાથી ઇચ્છે છે ?

**જવાબ :** જાતિની અપેક્ષાએ ત્યારે નૈગમ આદિ નયો બહુવચનને ઇચ્છે છે. અર્થાત્ અનેક વ્યક્તિમાં રહેલ સામાન્ય (સમાનભાવ) એ એક જાતિ જ છે અને તેની (જાતિની) અપેક્ષાએ બહુવચન થાય છે.

(કહેવાનો **ભાવ** એ છે કે આમ જોઈએ તો અનેક વ્યક્તિમાં આશ્રિત હોય છતાં એક હોય તેને 'જાતિ' કહેવાય. હવે આ જાતિ ભલે અનેક વ્યક્તિમાં આશ્રિત હોય છતાં એક જ રૂપ હોવાથી તેને જણાવવા એકવચનનો જ પ્રયોગ થવો જોઈએ. છતાં પણ વ્યાકરણના વિશેષ-સૂત્રથી બહુવચનની પ્રાપ્તિ થાય છે તે જણાવે છે) એક જ 'જાતિ રૂપ' પદાર્થ અભિધેય = વાચ્ય હોય ત્યારે પણ **जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम्** [પા. વ્યા. સૂ.૧-૨-૫૮] એ વ્યાકરણ સૂત્રથી (લક્ષણથી) બહુવચન થાય છે.

વળી જ્યારે **जीव** એવા શબ્દ વડે ઘણા જ પ્રાણીઓ એ અભિધેય = વાચ્ય = કહેવા યોગ્ય હોય ત્યારે **जात्याख्यायामेकस्मिन्०** એ (પૂર્વોક્ત) સૂત્ર બહુવચનના પ્રત્યયને

*बहुवचनं भवति"* [पा०सू०१-४-२१] इत्यनेन, अतःसङ्ग्रहो बहुवचनान्तानेव विकल्पानाश्रयति, शेषास्तु नया एकवचनबहुवचनान्तानप्याश्रयन्तीत्येतदाह-**सर्वाकारितग्राहिण इति** । सर्ववचनैरेकवचनादिभिराकारितानेतान् विकल्पान् गृह्णन्ति तच्छीलाश्च सर्वाकारितग्राहिण इति । सम्प्रति ग्रन्थगौरवं मन्यमान एकत्र च विकल्पानां दर्शितत्वादन्यत्र सुखेन ज्ञास्यतीत्येतदतिदिशति-

ઉત્પન્ન કરી શકતુ નથી. કિન્તુ, બીજા લક્ષણ વડે/સૂત્ર વડે બહુવચનનો પ્રયોગ થાય છે. તે સૂત્રને બતાવતાં ટીકામાં કહે છે - '**बहुषु चैव बहुवचनं भवति**' । (પા૦ ૧-૪-૨૧) એ સૂત્ર વડે બહુવચન થાય છે.

**ચંદ્રપ્રભા :** સિદ્ધહેમ વ્યાકરણમાં આ અર્થ જણાવવા **जात्याख्यायां नवैकोऽसंख्यो बहुवत्** (૨-૨-૧૨૧) સૂત્ર છે. આ એક જ સૂત્ર વડે જાતિવાચક શબ્દથી વિકલ્પે બહુવચન કરેલું છે. જાતિ એ એક રૂપ જ હોવાથી એકવચન સિદ્ધ છે. પણ વિકલ્પે બહુવચન કરવા માટે આ સૂત્ર કરેલું છે.

**પ્રેમપ્રભા :** આમ સર્વ-સંગ્રહનય **जीवाः** એમ બહુવચન-અંતવાળા જ જીવ આદિ વિકલ્પોનો આશ્રય = સ્વીકાર કરે છે. જ્યારે બાકીના નૈગમ વગેરે નયો તો **जीवः** વગેરે એકવચનાન્ત અને **जीवाः** વગેરે બહુવચનાન્ત વિકલ્પોનો પણ સ્વીકાર કરે છે. આ વાત જણાવતાં ભાષ્યમાં કહે છે - 'સર્વકારિતગ્રાહી' અર્થાત્ **નૈગમ આદિ** નયો એકવચનાદિ સર્વ વચનો વડે આકારિત = ઉચ્ચારિત એવા ('જીવ' વગેરે શબ્દ સંબંધી) વિકલ્પોનું ગ્રહણ કરે છે, તેવા સ્વભાવવાળા છે, માટે સર્વાકારિતગ્રાહી છે.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ જ્યારે એક 'જીવ' અર્થ કહેવા યોગ્ય હોય ત્યારે **जीवः** એમ એકવચન તથા બે જીવ હોય તો **जीवौ** અને દ્વિવચન અને ઘણા જીવો વાચ્ય હોય ત્યારે **जीवाः** એમ બહુવચન-અંતવાળા શબ્દનો પ્રયોગ કરે છે. 'વ્યક્તિ'ની વિવક્ષા હોય ત્યારે આમ થાય છે. જ્યારે 'જાતિ'ની વિવક્ષા હોય ત્યારે 'જાતિ' એક જ હોવાથી એકવચનની પ્રાપ્તિ છે, પરંતુ, ત્યારે **जात्याख्यायामेकस्मिन्०** એ પૂર્વોક્ત વ્યાકરણ સૂત્ર વડે વિશેષથી નિયમ કરેલા હોવાથી એકવચનની પ્રાપ્તિનો બાધ કરીને વિકલ્પે 'બહુવચન'ને ઇચ્છે છે એમ જાણવું. જ્યારે સર્વસંગ્રહ નય તો બધી અવસ્થામાં ઘણા 'જીવ' આદિ પદાર્થો અભેધેય-વાચ્ય હોવાથી બહુવચનને જ ઇચ્છે છે, એમ સારાંશ છે.

### ❋ સર્વ પદાર્થોમાં નયવાદની વિચારણા કરવી ❋

**પ્રેમપ્રભા :** હવે દરેક વસ્તુમાં **નયવાદ** કહેવામાં તો ગ્રંથનું કદ ઘણુ વધી જવાની

**एवं सर्वभावेष्वित्यादिना । सर्वभावेषु** सर्वार्थेषु धर्मास्तिकायादिषु **नयवादानुगम** इति नयवादेना**नुगमः**[1] अनुसरणं-निभालनं **कार्यं** तत्त्वान्वेषिणा पुंसा । एवं तावत् प्रमेये[2] नयानां विचारः कृतः । सम्प्रति प्रमेयपरिच्छेदकेषु प्रमाणेषु को नयः कथं प्रवर्तते इत्यस्मिन्नवसरे पर आह-

**भा० अत्राह-अथ पञ्चानां सविपर्ययाणां कानि को नयः श्रयत[3] इति ? अत्रोच्यते -**

**टी० अथ पञ्चेत्यादि । अथेत्ये**तस्माद् विचारादनन्तरं **पञ्चानां** मत्यादीनां ज्ञानानां

ઉદ્દેશતથી એક ઠેકાણે (**જીવ** આદિ શબ્દમાં) સર્વ વિકલ્પો બતાવેલાં હોવાથી અન્ય ઠેકાણે = અન્ય પદાર્થોને વિષે પણ અધ્યેતા સુખેથી તે વિકલ્પોને જાણી શકશે, એવા આશયથી તે દર્શાવેલ વિકલ્પોનો અન્યત્ર પણ અતિદેશ કરતાં અર્થાત્ 'બીજે પણ આમ કહેવું' એવી ભલામણ કરતાં ભાષ્યકાર કહે છે કે, આ પ્રમાણે સર્વપદાર્થોને વિષે નયવાદનો (નયોની વિચારણાનો) અનુગમ = કરવો. અર્થાત્ **જીવ** વગેરે શબ્દનો ઉચ્ચાર કરાતાં જે રીતે વિકલ્પો કરીને વિચારણા નયો વડે કરી, તે પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે સર્વ પદાર્થોના વિષયમાં નયવાદનો અનુગમ કરવો. તત્ત્વના અન્વેષી = ઇચ્છાવાળા = શોધક પુરુષો વડે તે તે પદાર્થો વિષે ઉહાપોહ કરવા વડે નયો વડે વિચારણા કરવા યોગ્ય છે.

આ રીતે પ્રમેયના = નિશ્ચય કરવા યોગ્ય વસ્તુના વિષયમાં નયોનો વિચાર કર્યો. હવે પ્રમેય વસ્તુનો પરિચ્છેદક = બોધ કરાવનાર એવા પ્રમાણોના (મતિજ્ઞાન વગેરેના) વિષયમાં કયો નય કઈ રીતે પ્રવર્તે છે ? વિચાર કરે છે ? આવો પ્રશ્ન આ અવસરે બીજા વ્યક્તિ કરે છે.

### ❋ મતિજ્ઞાનાદિ ૮ જ્ઞાનોની નયો વડે વિચારણા ❋

**ભાષ્ય : અહીં બીજો વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : વિપર્યય-સહિત એવા પાંચ (મતિ આદિ) જ્ઞાનોમાં કયો નય કયા જ્ઞાનોનો આશ્રય કરે છે ?**

**આ વિષયમાં (જવાબ) કહેવાય છે. જવાબ : નૈગમ વગેરે ત્રણ નયો સર્વ આઠે ય મતિજ્ઞાન આદિ પ્રમાણોનો આશ્રય કરે છે. ઋજુસૂત્રનય એ મતિજ્ઞાન અને મતિ-અજ્ઞાન એ બેને છોડીને છ જ્ઞાનોનો (પ્રમાણ તરીકે) સ્વીકાર કરે છે.**

**પ્રેમપ્રભા : અથ** શબ્દ પૂર્વોક્ત જીવાદિ પ્રમેય વસ્તુના વિચાર પછી હવે કહેવાતાં

१. सर्वप्रतिषु । गमं० मु. । २. पू. । येण० मु. । ३. टिकानु० । समाश्र० मु. ।

ज्ञेयस्वतत्त्व[1]ग्राहकाणां **सविपर्ययाणामि**ति सह विपर्ययेण अज्ञानस्वभावेन यानि वर्तन्ते तेषां सविपर्ययाणां **कानि** मत्यादीनि **को नयो** नैगमादिः **श्रयते** अभ्युपगच्छति ? । **अत्रोच्यते-**

**भा० नैगमादिर्[2]नयास्त्रयः सर्वाण्यष्टौ श्रयन्ते, ऋजुसूत्रनयो मतिज्ञानमत्यज्ञानवर्जानि षट् । अत्राह - अथ कस्मात् मतिं सविपर्ययां न श्रयत इति ? । अत्रोच्यते-श्रुतस्य सविपर्ययस्योपग्रहत्वात्, शब्दनयस्तु द्वे एव श्रुतज्ञानकेवलज्ञाने श्रयते ।**

---

'પ્રમાણ'ના વિચારનું અનંતરપણું સૂચવે છે. હવે મતિ આદિ પાંચ જ્ઞાનો કે જેઓ (જીવાદિ) જ્ઞેય-વસ્તુના સ્વરૂપના ગ્રાહક = ગ્રહણ (બોધ) કરનારા છે. તથા વિપર્યય = ઉલટાપણું અર્થાત્ અજ્ઞાન સ્વભાવરૂપ વિપર્યયથી સહિત જેઓ વર્તે છે તે સવિપર્યય એવા મતિ-અજ્ઞાન આદિ (ત્રણ) છે તે વિપર્યયથી સહિત એવા પાંચ મતિ આદિ (પાંચ જ્ઞાન + ૩ અજ્ઞાન એમ કુલ આઠ) જ્ઞાનો પૈકી નૈગમ આદિ કયો નય કયા જ્ઞાનોનો સ્વીકાર કરે છે ?

**૧. નૈગમ ૨. સંગ્રહ** અને **૩. વ્યવહાર** એ ત્રણ નયો સર્વ નયોનો આશ્રય કરે છે. **પ્રશ્ન :** સર્વ એટલે કેટલાં ? **જવાબ :** સર્વ એટલે આઠેય - ૧. મતિજ્ઞાન ૨. મતિઅજ્ઞાન ૩. શ્રુતજ્ઞાન. ૪. શ્રુતઅજ્ઞાન ૫. અવધિજ્ઞાન. ૬. વિભંગજ્ઞાન ૭. મનઃપર્યાયજ્ઞાન અને ૮. કેવળજ્ઞાન રૂપ આઠ પ્રમાણોનો આશ્રય/સ્વીકાર કરે છે. કારણ કે, આ આઠેય પ્રમાણો અર્થનો પરિચ્છેદ = બોધ કરે છે. આથી નૈગમ આદિ ત્રણ નયો (સામાન્યથી-સ્થૂળથી વિચારણા કરનારા હોવાથી) પૂર્વોક્ત આઠેય (૫ જ્ઞાન + ૩ અજ્ઞાન)નો સ્વીકાર કરે છે.

### ❋ ઋજુસૂત્ર અને શબ્દનયનું ૮ જ્ઞાન વિષે મન્તવ્ય ❋

**ઋજુસૂત્ર-નય** એ આ ૮ પૈકી મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન એ બેને છોડીને શેષ છ પ્રમાણોને માને છે. મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનનો સ્વીકાર કરતો નથી.

**ભાષ્ય : અહીં બીજો વ્યક્તિ પ્રશ્ન કરે છે. પ્રશ્ન : ઋજુસૂત્ર-નય એ વિપર્યય (=મતિ અજ્ઞાન) સહિત મતિજ્ઞાનનો આશ્રય શાથી કરતો નથી ? આ વિષયમાં (ઉત્તર) કહેવાય છે. ઉત્તર : વિપર્યય (શ્રુતઅજ્ઞાન) સહિત શ્રુતજ્ઞાનને ઉપકારક બનવાથી (મતિઅજ્ઞાન અને મતિજ્ઞાનને) સ્વીકારતો નથી.**

**શબ્દનય તો ૧. શ્રુતજ્ઞાન અને ૨. કેવળજ્ઞાન એ બેનો જ આશ્રય કરે છે.**

---

१. ख. पू. । तत्त्वतया० मु. । २. टीकानु० । गमादयः० मु. ।

**टी० नैगमादिनयास्त्रयः** नैगमसङ्ग्रहव्यवहाराः **सर्वाणि** निरवशेषाणि, कियन्तीति चेदुच्यते-**अष्टौ**, मतिज्ञानं, मत्यज्ञानं, श्रुतज्ञानं, श्रुताज्ञानं, अवधिज्ञानं, विभङ्गज्ञानं, मनःपर्यायज्ञानं, केवलज्ञानमष्टमम् । एतानि अष्टावपि यतोऽर्थं परिच्छिन्दन्ति, अतोऽभ्युपगच्छन्ति अष्टावपि। **ऋजुसूत्रः** पुनः षडेषां मध्ये श्रयते, **मतिज्ञानमत्यज्ञानवर्जानि षट्**, मतिं मत्यज्ञानं च नाभ्युपैति ।

**अत्राह-अथ कस्मात् मतिं सविपर्ययामि**ति मत्यज्ञानसहितामित्यर्थः **न श्रयते** नेच्छतीति ? । **अत्रोच्यते**-यस्मान्मतिमत्यज्ञाने श्रुतज्ञानस्य **सविपर्ययस्ये**ति श्रुताज्ञानसहितस्य **उपग्रहं** कुरुतः । **कथ**मिति **चेद्, उच्यते**-यदेतदिन्द्रियजं चक्षुरादिभ्य उपजातं तद् हि अवग्रहणमात्रेण प्रवर्तमानं न वस्तुनो निश्चयं कर्तुमलम्, यदा श्रुतज्ञानेनासावालोचितोऽर्थो भवति तदा यथावन्निश्चीयते इति, तस्मात् तदेवाभ्युपगन्तव्यं श्रुतज्ञानं, किं मतिज्ञानेन ? इत्येवं श्रुतस्योपग्रहकरत्वात् न मतिज्ञानं सविपर्ययमाश्रीयते । **शब्दनयस्तु** भावार्थावलम्बी

---

**પ્રેમપ્રભા :** અહીં બીજો વ્યક્તિ પૂછે છે. **પ્રશ્ન :** ઋજુસૂત્રનય મતિઅજ્ઞાન સહિત મતિજ્ઞાનનો સ્વીકાર શાથી કરતો નથી ?

**જવાબ :** જે કારણથી મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન એ બે ક્રમશઃ શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન ઉપર ઉપકાર કરે છે, સહાયક બને છે, આથી ઋજુસૂત્ર નય તેનો સ્વીકાર કરતો નથી. (**હા.ભ.** શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાનનું કાર્ય છે આથી શ્રુતજ્ઞાન જ સ્વીકારાય છે, મતિજ્ઞાન નહીં. આમ આ નયના મતે ફળની/કાર્યની પ્રધાનતા/મુખ્યતા છે, આથી કાર્યરૂપ શ્રુતજ્ઞાનને માને છે એમ કહેવાનું તાત્પર્ય છે.)

**પ્રશ્ન :** મતિજ્ઞાન આદિ શી રીતે શ્રુતજ્ઞાન આદિ ઉપર ઉપકાર કરે છે ?

**જવાબ : ઋજુસૂત્રનયનો** અભિપ્રાય આ પ્રમાણે છે - જે આ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારું અર્થાત્ ચક્ષુ વગેરે ઇન્દ્રિયો વડે ઉત્પન્ન થયેલું મતિજ્ઞાન/મતિઅજ્ઞાન છે તે ફક્ત અવગ્રહ રૂપે પ્રવર્તતું હોય ત્યારે વસ્તુનો/વિષયનો નિશ્ચય કરવાને સમર્થ બનતું નથી. જ્યારે શ્રુતજ્ઞાન વડે તે અર્થ આલોચિત થાય અર્થાત્ વિચારાય ત્યારે તે અર્થનો યથાર્થરૂપે નિશ્ચય કરાય છે. આથી તે શ્રુતજ્ઞાનનો જ સ્વીકાર કરવા યોગ્ય છે, મતિજ્ઞાન વડે સર્યું, તેના સ્વીકારની કોઈ આવશ્યકતા નથી. આ પ્રમાણે શ્રુતજ્ઞાનમાં ઉપકારક-સહાયક બનવાથી (મતિજ્ઞાન કારણ રૂપ હોવાથી શ્રુતજ્ઞાન પ્રધાન હોયને) આ ઋજુસૂત્રનય વડે મતિઅજ્ઞાન

**द्वे एव** नान्यत् ताभ्यामित्युक्तम्, के ते ? **उच्यते-श्रुतज्ञानकेवलज्ञाने** । अत्र शब्दमते परोऽसूयया ब्रूते –

**भा० अत्राह-अथ कस्मान्नेतराणि श्रयत इति ? अत्रोच्यते-मत्यवधिमनःपर्यायाणां श्रुतस्यैवोपग्राहकत्वात् चेतनाज्ञस्वाभाव्याच्च सर्वजीवानां नास्य कश्चिन्मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते । [1]अतः विपर्ययान् [2]नाऽऽश्रयत इति । अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यम[3]भ्युपगतम् इति ।**

**टी० अथ कस्मान्नेतराणि** मत्यादीनि **श्रयते ? अत्रोच्यते-मत्यवधिमनःपर्यायाणां**

---

સહિત એવા મતિજ્ઞાનનો આશ્રય/સ્વીકાર કરાતો નથી.

હવે **શબ્દ-નયનો** અભિપ્રાય કહે છે - શબ્દ નય એ 'ભાવ'રૂપ અર્થનો અવલંબ = બોધ કરે છે. (પણ નામ, સ્થાપના, દ્રવ્યનો નહીં) આથી બે જ જ્ઞાનનો આશ્રય કરે છે, પણ તે બેથી અન્ય જ્ઞાનોનો આશ્રય કરતો નથી. **પ્રશ્ન :** તે બે જ્ઞાન કયા છે ? **જવાબ :** ૧. શ્રુતજ્ઞાન અને ૨. કેવળજ્ઞાન આ બે જ્ઞાનને જ માને છે.

આ અવસરે ભાષ્યમાં પૂર્વપક્ષ અસૂયાથી અર્થાત્ આવો અભિપ્રાય સહન નહીં કરી શકવાથી પ્રશ્ન કરે છે -

**ભાષ્ય : અહીં (પૂર્વપક્ષ) પૂછે છે - પ્રશ્ન : શબ્દનય બીજા જ્ઞાનોનો આશ્રય કેમ કરતો નથી ? આ વિષયમાં (જવાબ) કહેવાય છે જવાબ : મતિ, અવધિ અને મનઃપર્યાય જ્ઞાનોને શ્રુતજ્ઞાન જ ઉપકારક હોવાથી શ્રુતજ્ઞાન જ સ્વીકારાય છે, બીજા નહીં.**

**તથા સર્વ જીવો ચેતના-સ્વભાવવાળા અને જ્ઞ-સ્વભાવવાળા હોવાથી શબ્દનયના મતે કોઈ જીવ મિથ્યાદૃષ્ટિવાળો અથવા અજ્ઞ નથી. આથી જ વિપરીત જ્ઞાનનો (મતિઅજ્ઞાન આદિનો) આશ્રય કરતો નથી. આ કારણથી જ (શબ્દનય વડે) ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમાન અને ૪. આપ્તવચન (શબ્દ)ના પણ પ્રામાણ્યનો સ્વીકાર કરાય છે.**

### ❋ શબ્દનયની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની પ્રધાનતા ❋

**પ્રેમપ્રભા :** ભાષ્યમાં પૂર્વપક્ષ પ્રશ્ન ઉઠાવે છે- **પ્રશ્ન :** શબ્દ-નય મતિઆદિ જ્ઞાનોનો શાથી સ્વીકાર કરે છે ? અર્થાત્ ફક્ત બે જ જ્ઞાનનો આશ્રય કરવાનું શું કારણ ?

---

१. टीकानु० । तस्माद० मु. । २. टीकानु० । न श्र० मु. । ३. टीकानु० । मभ्यनुज्ञायत इति० मु. ।

**श्रुतस्यैवा**गमानुरक्तस्य **उपग्राहकत्वाद्** उपकारकत्वात्, यतो मत्याद्यालोचितोऽर्थः न मत्यादिभिः शक्यः प्रतिपादयितुं मूकत्वान्मत्यादिज्ञानानाम्, अतस्तैरालोचितोऽप्यर्थः पुनरपि श्रुतज्ञानेनैवान्यस्मै स्वपरप्रत्यायकेन प्रतिपाद्यते, तस्मात् तदेवालम्बितुं युक्तं, नेतराणि । केवलज्ञानं तु यद्यपि मूकं तथाप्यशेषार्थपरिच्छेदात् प्रधानमितिकृत्वाऽवलम्बत एव, तथा विपर्ययं नाभ्युपैति अस्मात् **चेतनाज्ञस्वाभाव्याच्चे**त्यादि, **चेतना** जीवत्वं परिच्छेदकत्वसामान्यं गृह्यते, **ज्ञ** इत्यनेन तु विशेषपरिच्छेदिता ग्राह्या, तयोश्चेतनाज्ञयोः **स्वाभाव्यं** तथाभवनं तस्माच्चेतनाज्ञस्वाभाव्यात् **सर्वजीवानां** पृथिवीकायिकादीनां **न** विद्यते तेषां **कश्चित्** प्राणी

**જવાબ :** જુઓ, મતિ, અવધિ અને મનઃપર્યાય એ ત્રણ જ્ઞાનોને આગમને અનુસરનારું એવું શ્રુતજ્ઞાન જ ઉપકારક છે. આથી શબ્દનય એ મતિ આદિ ત્રણ જ્ઞાનનો આશ્રય કરતો નથી. (અર્થાત્ જે ઉપકાર્ય છે તે અપ્રધાન, ગૌણ છે અને ઉપકારક છે તે શ્રેષ્ઠ-પ્રધાન છે. પ્રધાનને જ સ્વીકારતો હોવાથી આ નય મતિઆદિ જ્ઞાનોને સ્વીકારતો નથી.) કારણ કે, મતિ આદિ ત્રણ જ્ઞાનો વડે આલોચિત અર્થાત્ વિચારેલ - જાણેલ અર્થનું મતિ આદિ ૩ જ્ઞાનો વડે પ્રતિપાદન કરવું - કહેવું - પ્રગટ કરવું શક્ય નથી. કેમ કે, તે ત્રણેય જ્ઞાનો મૂક છે, મૂંગા છે. આથી મતિ આદિ ત્રણ જ્ઞાનો વડે જાણેલો પણ અર્થ ફરીથી બીજા વ્યક્તિ સમક્ષ સ્વ અને પર - ઉભયના બોધક (પ્રત્યાયક) એવા શ્રુતજ્ઞાન વડે જ કહેવાય છે. (અર્થાત્ બીજા મતિ વગેરે જ્ઞાનો એ ફક્ત જાણનાર વ્યક્તિને જ અર્થનો બોધ કરાવી શકે છે, જ્યારે શ્રુતજ્ઞાન તો પોતાને અને બીજાને પણ અર્થનો બોધ કરાવવા સમર્થ છે.) આમ શ્રુતજ્ઞાન બીજા જ્ઞાનોને ઉપકારક છે. આથી શ્રુતજ્ઞાનનું જ આલંબન (સ્વીકાર) કરવું ઉચિત છે, પણ બીજા ત્રણ જ્ઞાનોનું નહીં.

તથા કેવળજ્ઞાન એ જો કે મૂંગુ છે - પોતે જાણેલ અર્થનું સ્વયં પ્રકાશિત કરવાને અક્ષમ છે, તો પણ અશેષ = સર્વ સંપૂર્ણ અર્થોનો/વિષયોનો બોધ કરનારું હોવાથી પ્રધાન છે. આથી શબ્દનય આનો સ્વીકાર/અવલંબન કરે જ છે.

### ✻ શબ્દનય મતિઅજ્ઞાનાદિ-નહિ સ્વીકારવાનું કારણ : બધા જ જ્ઞાની છે ✻

(**પ્રશ્ન :** ભલે, પણ મતિઅજ્ઞાન આદિ ત્રણ વિપરીત જ્ઞાનોનો શાથી સ્વીકાર કરાતો નથી ? **જવાબ :**)

શબ્દનય એ વિપર્યય = અર્થાત્ મતિઅજ્ઞાન આદિ ૩ વિપરીત જ્ઞાનોનો પણ સ્વીકાર

१. पू. । लम्ब्यत० मु. ।

**मिथ्यादृष्टिः** अयथार्थपरिच्छेदी, सर्वे प्राणिनः [1]स्वस्मिन् विषये परिच्छेदकत्वेन प्रवर्तमानाः स्पर्शं स्पर्श इत्येवं परिच्छिन्दन्ति रसं च रस इत्यादि, **अज्ञो वा** अज्ञानी वा, न कस्यचित् प्राणिनो ज्ञानमविद्यमानं अस्य नयस्य मतेन । यतो[2]ऽभिहितम्-"*सव्वजीवाणं पि य णं अक्खरस्स अणं[3]तभागो निच्चुग्घाडितओ*" [**नन्दी० सू० ४२**] अतः सर्वे सम्यग्दृष्टयः सर्वे च ज्ञानिनः, अतो विपर्ययो नास्ति मत्यज्ञानश्रुताज्ञानविभङ्गज्ञानरूप इति, अतः अभावादेव **विपर्ययान्** मत्यज्ञानादीन् **नाश्रयते** यतश्च छद्मस्थज्ञानानि सर्वाण्येव श्रुतेऽन्तर्भवन्ति, अतो

કરતું નથી. કારણ કે સર્વજીવોનું ચેતના-જ્ઞ-સ્વાભાવ્ય અર્થાત્ ચેતના-સ્વભાવ અને જ્ઞાતા રૂપ સ્વભાવ હોવાથી મતિ-અજ્ઞાન આદિને સ્વીકારતો નથી. એમ સમસ્ત અર્થ છે. વિશેષાર્થ આ પ્રમાણે છે - ચેતના એટલે જીવત્વ-જીવપણુ. અને તે પરિચ્છેદકત્વ-સામાન્યરૂપ છે. એટલે કે ચેતન = એટલે જીવત્વ એટલે સામાન્યથી પરિચ્છેદકપણું = બોધકપણું. ચેતના-શબ્દથી દર્શન-માત્રરૂપ સામાન્ય-બોધનું ગ્રહણ કરાય છે. જણાય છે. તથા **જ્ઞ** શબ્દથી વિશેષ (ધર્મ)નો બોધનું (બોધકપણુ) ગ્રહણ કરાય છે. આ બેનું અર્થાત્ 'ચેતના' અને 'જ્ઞ'નું સ્વાભાવ્ય = એટલે તેવા રૂપે થવું તે **ચેતના - જ્ઞ-સ્વભાવ્ય** કહેવાય. અર્થાત્ ચેતનારૂપ સ્વભાવ અને જ્ઞ-રૂપ સ્વભાવ. આમ પૃથ્વીકાય આદિ સર્વ જીવોનો ચેતના-સ્વભાવ અને જ્ઞ-સ્વભાવ હોવાથી આ શબ્દનયના મતે પૃથ્વીકાયાદિ સર્વ જીવોમાં કોઈપણ જીવ મિથ્યાદૃષ્ટિ એટલે કે વસ્તુનો અયથાર્થપણે બોધ કરનારો નથી. સર્વ પ્રાણીઓ પોતપોતાના વિષયમાં બોધ કરવાની જ્યારે પ્રવૃત્તિ કરે છે ત્યારે સ્પર્શને 'સ્પર્શ' રૂપે અને રસને 'રસ' તરીકે ઇત્યાદિ રૂપે યથાર્થ રૂપે જાણે છે. વળી શબ્દનયના મતે કોઈ જીવ અજ્ઞ = અજ્ઞાની પણ નથી. અર્થાત્ આ નયના મતે કોઈ જીવને જ્ઞાન ન હોય એવું નથી. કિંતુ, બધા જ જ્ઞાનવાળા છે. કેમ કે **આગમમાં** પણ કહેલું છે કે, "**સવ્વજીવાણં પિ ય ણં અક્ખરસ્સ અણંતભાગો નિચ્ચુગ્ઘાડિતઓ**" [**નંદીસૂત્ર સૂ. ૪૨**] **અર્થ :** તમામ જીવોને અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન હંમેશા ઉઘાડુ હોય છે. (જો તે પણ આવરાય જાય તો જીવ અજીવપણુ પામી જાય એવો પ્રસંગ આવે જે તદ્દન અનુચિત છે.) આથી સર્વ જીવો સમ્યગ્દૃષ્ટિવાળા છે અને સર્વજીવો જ્ઞાની પણ છે. આથી આ નયના મતે ૧. મતિ-અજ્ઞાન ૨. શ્રુત-અજ્ઞાન અને ૩. વિભંગજ્ઞાન રૂપ વિપર્યય એટલે કે અજ્ઞાનતા હોતી નથી. આમ ઉક્ત ત્રણ પ્રકારના અજ્ઞાનનો અભાવ હોવાથી જ તે મતિઅજ્ઞાન વગેરે રૂપ વિપરીત જ્ઞાનનો આશ્રય (સ્વીકાર) કરતો નથી.

१. पू. । स्वस्मिन् स्वस्मिन्० मु. । २. पू. यथाभि० मु. । ३. पादिषु । तो भा० मु. ।

यत् '**प्रत्यक्षमन्यत्**' (**सू० १-१२**) इत्यस्मिन् सूत्रे प्रतिज्ञातं- 'नयवादान्तरेण तु यथा मतिश्रुतविकल्पजानि भवन्ति तथा पर[1]स्ताद् वक्ष्याम' इति तदुपपन्नम्, अस्मिंश्चोपपन्ने सर्वप्राणिनां सम्यग्दृष्टित्वात् ज्ञानित्वाच्च सर्वज्ञानानां प्रामाण्यम्, तदाह-**अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपिप्रामाण्यमभ्युनुज्ञायत** भवति । उक्तं चैषां प्राक् स्वरूपं प्रत्यक्षादीनां, प्रमाणनयविचारमनन्तरं सकलं चाध्यायार्थमुपसंहरन् कारिकाः पपाठ -

**भा० आह च -**

**विज्ञायैकार्थपदान्यर्थपदानि च विधानमिष्टं च ।**
**विन्यस्य परिक्षेपात्, नयैः परीक्ष्याणि तत्त्वानि ॥ १ ॥-आर्या**

### ❋ શબ્દનયથી અનુમાનાદિ છ પ્રમાણોનો મતિ-શ્રુત જ્ઞાનમાં અંતર્ભાવ ❋

આમ જે કારણથી સર્વ છદ્મસ્થપણાના = કેવળજ્ઞાનની પ્રાપ્તિ પહેલાંના જ્ઞાનો (અર્થાત્ પ્રથમ ચાર જ્ઞાનો) એ એક શ્રુતજ્ઞાનમાં જ સમાવેશ પામે છે, આ કારણથી પૂર્વે '**प्रत्यक्षमन्यत्**' (૧-૧૨) એ સૂત્રના ભાષ્યમાં જે પ્રતિજ્ઞા કરેલી અર્થાત્ આગળ પર કહેવાને સ્વીકારેલું કે, "આ અનુમાન આદિ છ પ્રમાણો એ જે રીતે મતિ-શ્રુત જ્ઞાનના વિકલ્પોથી/ભેદોથી થાય છે, તે રીતે અમે આગળ કહીશું." એ વાત અહીં ઘટે છે, સંગત થાય છે. અને આ રીતે અનુમાન વગેરે મતિ-શ્રુતજ્ઞાનના વિકલ્પોથી થાય છે એ વાતની સંગતિ-સિદ્ધિ થયે છતે આ શબ્દનયના મતે સર્વ પ્રાણીઓ સમ્યગ્દૃષ્ટિવાળા હોવાથી તેમજ જ્ઞાની હોવાથી (તે પ્રાણીઓના) સર્વ જ્ઞાનોનું પ્રામાણ્ય નક્કી થાય છે અર્થાત્ તે સર્વજ્ઞાનો પ્રમાણ હોવાનું સિદ્ધ થાય છે. આ જ વાતને ભાષ્યમાં કહે છે - આથી જ આ નયના મતે સર્વજીવો સમ્યગ્દૃષ્ટિવાળા અને જ્ઞાની હોવાથી જ ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમાન અને ૪. આપ્તવચન (આગમ/શબ્દ) વગેરેનો પણ પ્રમાણ તરીકે સ્વીકાર કરેલો છે. આ પ્રત્યક્ષ આદિ પ્રમાણોનું સ્વરૂપ પૂર્વે કહેલું જ છે.

હવે અનંતર-હમણા કહેલ પ્રમાણ અને નયનો વિચાર કરતાં તથા સમસ્ત અધ્યાયના અર્થનો ઉપસંહાર અર્થાત્ પૂર્ણાહુતિ કરતાં ભાષ્યકારે નિમ્નોક્ત કારિકાઓનો પાઠ કરેલો છે.

**ભાષ્ય : आह च** - કહેલું છે કે (**विज्ञायैकार्थपदानि०** ઇત્યાદિ)કારિકાર્થ : (૧) એક અર્થવાળા (પર્યાય) પદોને અને અર્થ-પદોને (નિરુક્તપદોને) જાણીને, વિધાનને (નામાદિને)

१. पू. । पुर० मु. ।

**टी० आह चेत्यादि । विज्ञाय** ज्ञात्वा **एकार्थानि पदानि** जीवः प्राणी जन्तुरित्यादि, **अर्थपदानि च** निरुक्तपदानि परैरुक्षा-सम्बन्धनमुपक्रियेति परोक्षमित्यादीनि, **विधानं** नामस्थापनादिकम्, **इष्टं चेति** निर्देशस्वामित्वादि सत्सङ्ख्यादीनि च । एतज्ज्ञात्वा ततो **विन्यस्य** नामादिभिः **परिक्षेपात्** समन्तात् **नयैः परीक्ष्याणि** मीमांस्यानि **तत्त्वानि** जीवादीनि सप्त ॥ १ ॥

અને ઈષ્ટને (નિર્દેશાદિને) જાણીને પછી તેનો વિન્યાસ (નિક્ષેપ) કરીને સર્વ રીતે નયો વડે તત્ત્વોની પરીક્ષા/વિચારણા કરવી. (૧)

### ✻ પાંચ કારિકાઓમાં ૭ નયો વડે ૮ જ્ઞાનની વિચારણા ✻

**પ્રેમપ્રભા :** હવે ભાષ્યકાર મહર્ષિ કારિકા-શ્લોકો વડે પૂર્વોક્ત અર્થોનો સંક્ષેપથી સંગ્રહ કરવાપૂર્વક આ સમસ્ત પ્રથમ અધ્યાયનો ઉપસંહાર (સમાપન) કરે છે. તેમાં **પ્રથમ કારિકાનો અર્થ** આ પ્રમાણે છે - **(૧) એકાર્થ પદો** એટલે સમાન-અર્થવાળા જીવ, પ્રાણી, જંતુ વગેરે પર્યાય શબ્દો તથા **અર્થ-પદો** એટલે નિરુક્તપદો (નિરુક્તિ એટલે કે વ્યુત્પત્તિ વડે જેના પદોનો અર્થ કરાય તે નિરુક્ત પદો.) દા.ત. **'परोक्ष'** શબ્દમાં **परैः उक्षा संबन्धः इति परोक्षम्** । પર = એટલે આત્માથી ભિન્ન ઇન્દ્રિય આદિ દ્વારા જે ઉક્ષા = એટલે સંબંધ ઉપકાર (ઉપક્રિયા) તે **पर + उक्षन् = परोक्षम्** કહેવાય. ઈત્યાદિ અર્થપદ કહેવાય. (અન્યત્ર **अक्षं प्रतिगतः इति प्रत्यक्षम्** - ઇન્દ્રિયને પ્રાપ્ત ઇન્દ્રિયના વિષયને પામેલ વસ્તુ પ્રત્યક્ષ કહેવાય. તથા **अक्ष्णोः परं - परोक्षम्** । હા.ભ. ટીકામાં આ પ્રમાણે અર્થપદોને જણાવેલાં છે. **जीवति इति जीवः** । જે જીવે - પ્રાણોને ધારણ કરે તે 'જીવ' કહેવાય. તથા **प्राणा अस्य विद्यन्ते इति प्राणी** । જેને પ્રાણો હોય તે 'પ્રાણી' કહેવાય. તથા **जायते इति जन्तुः** । જે જન્મે તે 'જન્તુ' કહેવાય. આવા પ્રકારના નિરુક્ત-પદો કહેવાય.) આમ અવયવનો અર્થ કરીને સમસ્ત કારિકાનો સમસ્ત અર્થ આ પ્રમાણે છે. (૧) પૂર્વોક્ત સ્વરૂપ એકાર્થવાળા = સમાનાર્થી એવા પદોને તથા અર્થપદોને એટલે કે પદોની નિરુક્તિને જાણીને તથા વિધાનને એટલે નામ, સ્થાપના આદિ નિક્ષેપોને તથા 'ઇષ્ટ' એટલે (શાસ્ત્ર-સંમત એવા) નિર્દેશ-સ્વામિત્વ વગેરે અને સત્, સંખ્યા વગેરે (અનુયોગ દ્વારો = વ્યાખ્યા પ્રકારો)ને જાણીને પછી તેનો નામાદિ વડે વિન્યાસ/નિક્ષેપ (રચના) કરીને નયો વડે સમગ્ર રીતે જીવ આદિ સાત તત્ત્વોની પરીક્ષા કરવી અર્થાત્ મીમાંસા - વિચાર - ચિંતન કરવા યોગ્ય છે. (૧)

**भा० ज्ञानं सविपर्यासं, त्रयः श्रयन्त्यादितो नयाः सर्वम् ।**

**सम्यग्दृष्टेर्ज्ञानं, मिथ्यादृष्टेर्विपर्यासः ॥ २ ॥**

**टी० ज्ञानं** मत्यादि **सविपर्यासं** मत्यज्ञानादित्रयानुगतं नैगमादयस्त्रयः **श्रयन्ति**- अभ्युपगच्छन्ति **आदित** आदेरारभ्य **नयाः** वस्त्वंशग्राहिणः **सर्वम्** अष्टविधम् । कस्य पुनर्ज्ञानं कस्य च विपर्यासो भवतीत्येतदाह-**सम्यग्दृष्टेः** अर्हदभिहिततत्त्वश्रद्धायिनः यदिन्द्रियजमनिन्द्रियं[1] वा तत् सर्वं ज्ञानं, **मिथ्यादृष्टेः** सर्वमेव **विपर्यासः** ॥२॥

**भा० ऋजुसूत्रः षट् श्रयते, मतेः श्रुतोपग्रहादनन्यत्वात् ।**

**श्रुतकेवले तु शब्दः, श्रयते नान्यच्छ्रुताङ्गत्वात् ॥ ३ ॥**

**टी० ऋजुसूत्र** उक्तस्वरूपः **षट्** मतिमत्यज्ञानरहितानि श्रुतादीनि **श्रयते,** मतिं तु सविपर्यायां[2]

---

**(२) શરૂઆતથી માંડીને ત્રણ નયો (નૈગમ-સંગ્રહ-વ્યવહાર) એ વિપર્યાસ = અજ્ઞાન સહિત સર્વજ્ઞાનનો આશ્રય કરે છે. સમ્યગ્દૃષ્ટિવાળા આત્માને જ્ઞાન હોય અને મિથ્યાદૃષ્ટિવાળા જીવને અજ્ઞાન હોય છે. (૨)**

**કારિકા.** (૨) (હવે મતિજ્ઞાન આદિ ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન એ આઠે યની નયો વડે વિચારણા રજૂ કરે છે.) આદિથી = શરૂઆતથી માંડીને ત્રણ વસ્તુના અંશનું ગ્રહણ (જ્ઞાન) કરનારા એવા નયો (એટલે કે નૈગમ, સંગ્રહ અને વ્યવહાર) એ વિપર્યાસ એટલે કે મતિઅજ્ઞાન આદિ સહિત તમામ આઠેય જ્ઞાનોનો સ્વીકાર કરે છે.

**પ્રશ્ન :** કોને જ્ઞાન હોય અને કોને અજ્ઞાન (જ્ઞાનનો વિપર્યાસ) હોય ? **જવાબ :** સમ્યગ્દૃષ્ટિ જીવનું - એટલે કે અરિહંતો વડે કહેવાયેલ જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા કરનારા જીવનું બધું જ અર્થાત્ ઇન્દ્રિયથી ઉત્પન્ન થયેલું હોય કે અનિન્દ્રિયથી (મનથી) થયેલું હોય તે સર્વ બોધને 'જ્ઞાન' કહેવાય અને મિથ્યાદૃષ્ટિ જીવનું તે બધુ જ અજ્ઞાન (વિપર્યાસ) કહેવાય છે. (કેમ કે, તે મિથ્યાત્વરૂપ ગ્રહથી યુક્ત હોય છે. (૨)

**(૩) ઋજુસૂત્રનય છ જ્ઞાનને સ્વીકારે છે. (આ નય) મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન એ બેને શ્રુતજ્ઞાનનો ઉપકારક હોવાથી અને શ્રુતથી અનન્ય-અભિન્ન હોવાથી તે બે જ્ઞાનનો સ્વીકાર કરતો નથી. શબ્દનય એ શ્રુત અને કેવળ એ બે જ્ઞાનનો આશ્રય કરે છે પરંતુ બીજા જ્ઞાનો એ શ્રુતના અંગ હોવાથી તેઓનો સ્વીકાર કરતો નથી. (૩)**

કારિકા (૩) પૂર્વે જેનું સ્વરૂપ કહેલું છે તે **ઋજુસૂત્રનય** એ મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન

---

१. पू. । न्द्रियजं च० मु. । २. पू. । पर्यासां० मु. ।

न श्रयते, अ(य)तः श्रुतस्य ग्रन्थारूषितस्य **उपग्रहत्वात्** उपकारकत्वाद् उक्तेन विधिना, [1]अतश्च श्रुतादनन्या मतिरतोऽ**नन्यत्वान्नाश्रयते** । **शब्दस्तु** श्रुतज्ञानकेवलज्ञाने **श्रयते, नान्यत्,** किं कारणम् ? **श्रुताङ्गत्वात्** श्रुतस्य प्रतिविशिष्टबलाधानहेतुत्वादुक्तेन विधिना ॥३॥

**भा० मिथ्यादृष्ट्यज्ञाने, न श्रयते नास्य कश्चिदज्ञोऽस्ति ।**

**ज्ञस्वाभाव्याज्जीवो, मिथ्यादृष्टिर्न चाप्यस्ति ॥ ४ ॥**

**टी०** शब्द एव नयः **मिथ्यादृष्ट्यज्ञाने,** मिथ्यादृष्टिं[2] अज्ञानं च अपरिच्छेदात्मकं **न श्रयते,** किं कारणम्? यतो **नास्य कश्चिदज्ञोऽस्ति** नास्त्यस्य कश्चिदज्ञः शब्दस्य मतेन कश्चित् प्राणी । **किं कारणमिति चेत्? उच्यते-ज्ञस्वाभाव्यात्** सर्वप्राणिनां ज्ञातृस्वरूपात्वाज्जीवो

---

એ બેને છોડીને શ્રુતજ્ઞાન વગેરે છ જ્ઞાનનો સ્વીકાર કરે છે પણ સવિપર્યય એટલે કે મતિ-અજ્ઞાન સહિત એવા મતિજ્ઞાનનો સ્વીકાર કરતો નથી. જે કારણથી ગ્રંથ-પ્રધાન = ગ્રંથને (શબ્દને) અનુસરનાર એવું શ્રુતજ્ઞાન પૂર્વોક્ત રીતે (મતિજ્ઞાનાદિ બે જ્ઞાનને, ઉપકારક છે. આથી શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનથી ક્રમશઃ મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન એ અનન્ય-અભિન્ન છે. આમ અનન્ય એટલે કે એક જ માનવાથી મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનનો ઋજુસૂત્રનય આશ્રય કરતો નથી.

**શબ્દનય** એ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ બે જ્ઞાનનો જ સ્વીકાર કરે છે.

**પ્રશ્ન :** આનુ શું કારણ છે ? **જવાબ :** કારણ કે બાકીના મતિજ્ઞાન આદિ છએ જ્ઞાનો પૂર્વોક્ત રીતે શ્રુતજ્ઞાનમાં જ વિશિષ્ટ બળનું આધાન કરવાના હેતુભૂત છે. અર્થાત્ મતિ વગેરે જ્ઞાનો મૂક હવોથી તેઓ વડે જાણેલ અર્થ શ્રુતજ્ઞાન વડે જ પ્રગટ કરાય છે- આથી શ્રુતજ્ઞાન જ પ્રધાન છે. આથી શબ્દનય શ્રુતજ્ઞાન અને (સર્વ ભાવોને જાણનારું હોયને પ્રધાન હોવાથી) કેવળજ્ઞાન એ બે જ્ઞાનને જ માને છે. (૩)

**(૪) તથા (શબ્દનય) જીવને મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની તરીકે માનતો નથી. (કારણ કે) જ્ઞ-સ્વભાવવાળો હોવાથી આ (શબ્દ) નયની અપેક્ષાએ કોઈ જીવ 'અજ્ઞ' નથી અને મિથ્યાદષ્ટિ પણ નથી. (૪)**

**કારિકા** (૪) વળી આ શબ્દનય જ કોઈપણ જીવને મિથ્યાદષ્ટિ અને અજ્ઞાન = બોધનો અભાવ આ બેનો સ્વીકાર કરતો નથી. **પ્રશ્ન :** શા કારણથી ? **જવાબ :** કારણ કે આ શબ્દનયના મતે કોઈ જીવ અજ્ઞ = અજ્ઞાની નથી. **પ્રશ્ન :** તેનું શું કારણ છે ?

---

१. पू. । तत० मु. । २. पादिषु । दृष्टं० मु. ।

**मिथ्यादृष्टिर्नास्ति न चाप्यज्ञोऽस्ति** ॥ ४ ॥

**इति नयवादाश्चित्राः, क्वचिद् विरुद्धा इवाथ च विशुद्धाः ।**
**लौकिकविषयातीताः, तत्त्वज्ञानार्थमधिगम्याः** ॥ ५ ॥

**इति** एवमनेनोक्तेन स्वरूपेण **नयवादाः** नैगमादिविचाराः **चित्राः** बहुरूपाः, विचित्रैः प्रकारैर्वस्तुनः परिच्छेदित्वात्, ते चित्राः क्वचिद् विरुद्धाः **क्वचिद्** वस्त्वंशे स्वरुचिगृहीते **विरुद्धा इव** लक्ष्यन्ते । यतः सामान्ये आश्रिते यस्तत्रैव विशेषं कल्पयति तदा पूर्वापरेण विरुध्यते, विशेषे वा त्रैकालिकेऽभ्युपेते वर्तमानावधिके विशेष आश्रिते पूर्वः परेण विरुद्ध

---

**જવાબ :** કારણ કે સર્વ પ્રાણીઓ જ્ઞ-સ્વભાવવાળા છે અર્થાત્ જ્ઞાતા (જ્ઞાન કરનાર) સ્વરૂપે છે. આથી કોઈપણ જીવ મિથ્યાદષ્ટિવાળો નથી કે અજ્ઞાની પણ નથી. (૪)

**(૫) આ પ્રમાણે નયવાદો ક્યારેક વિરુદ્ધ જેવા જણાય છે અને વળી (સમ્યક્ વિચાર કરાય તો) વિશુદ્ધ છે. લૌકિક શાસ્ત્રોથી (મતથી) પર છે, તેમાં ઉપલબ્ધ નથી. વળી તત્ત્વજ્ઞાન માટે આ નયો જાણવા યોગ્ય છે. (૫)**

### ❋ પ્રકરણનો ઉપસંહાર : સુનયવાદો વિરુદ્ધ નહીં પણ વિશુદ્ધ છે ❋

**કારિકા** (૫) હવે આ પ્રકરણનો સંપૂર્ણ ઉપસંહાર કરતા પાંચમી કારિકાને કહે છે - આ પ્રમાણે પૂર્વોક્ત સ્વરૂપ વડે આ નૈગમ આદિ નયોના વિચારો = અભિપ્રાયો એ જુદાં જુદાં પ્રકારો વડે વસ્તુનો બોધ કરનારા હોવાથી ચિત્ર = ઘણા ભેદવાળા છે. આમ તે અનેક પ્રકારના નયો/અભિપ્રાયો એ ક્યારેક વિરુદ્ધ જેવા લાગે છે. અર્થાત્ જ્યારે વસ્તુના કોઈ અંશને અવયવને પોતાની રુચિ અનુસારે ગ્રહણ કરેલ હોય, જાણેલ હોય ત્યારે વિરોધી જેવા જણાય છે. કારણ કે જ્યારે કોઈ એક (સંગ્રહઆદિ) નય વડે વસ્તુનાં સામાન્ય અંશનો સ્વીકાર કરાયેલ હોય ત્યારે બીજો (નૈગમ, વ્યવહાર વગેરે) નય જ્યારે તે જ વસ્તુમાં વિશેષની કલ્પના કરે છે ત્યારે પૂર્વાપર આગળ-પાછળ એકબીજા સાથે વિરોધ આવે છે. (જે વસ્તુ સામાન્યરૂપે છે તે જ વસ્તુ વિશેષરૂપે શી રીતે હોય અને જે વિશેષરૂપે છે તે સામાન્યરૂપે શી રીતે હોય ? એમ પરસ્પર વિરોધી લાગે છે.) અથવા તો જે પદાર્થને ભૂત, વર્તમાન અને ભાવિ એમ ત્રણ કાળ રૂપ પર્યાયસહિત વિશેષ રૂપે સ્વીકારેલો હોય ત્યારે તે જ પદાર્થને વિષે બીજો વ્યક્તિ ફક્ત વર્તમાનકાળ સંબંધી વિશેષનો આશ્રય કરે છે, ત્યારે પૂર્વ અભિપ્રાય એ બીજા અભિપ્રાય સાથે વિરોધી છે

---

१. ख.पू. । स्व० ना. मु. ।

इति लक्ष्यते, एवं सर्वेष्वायोजनीयम्। एवं क्वचिद् विरुद्धा इव। **अथ च**[1] सम्यगालोच्यमानाः **विशुद्धाः**, सामान्यादीनां धर्माणां सर्वेषां तत्र वस्तुनि भावात्। **अथैवमेव** किं[2] लौकिकानामपि वैशेषिकादीनां वस्तुविचारणायां सम्पतन्ति उत नेति ? **उच्यते**-न सम्पतन्ति, यदि सम्पतेयुर्जैनशासनवत् तान्यपि निरवद्यानि मतानि स्युः, न[3] च तत् तथा, एतदाह- **लौकिकविषयातीताः** लौकिकानां-वैशेषिकादीनां **विषयाः** शास्त्राणि तानि **अतीता** अतिक्रान्ताः, न सन्ति तेष्वित्यर्थः । **अथ** यथा ते वैशेषिकादयो नालोचयन्त्येभिर्वस्तु तथाऽत्रापि किमा[4]श्रीयते उत नेति ? **उच्यते**-न तथा[5]ऽनालोचनीयं वस्तु, किन्त्वालोचनीयमेवेति, एतदाह-

એમ જણાય છે. આ પ્રમાણે સર્વ નયવાદોને વિષે એક જ વસ્તુમાં પૂર્વાપર વિરોધની વિચારણા કરવી. આ પ્રમાણે ભાષ્યમાં કહેલ કે, 'નયવાદો એ ક્વચિત્ = કોઈ વિષયમાં વિરોધી હોય એમ લાગે છે' આવા કારિકાના અંશની વ્યાખ્યા પૂરી થઈ.

**अथ च विशुद्धाः** । (ભલે વિરુદ્ધ જેવા લાગતાં હોય તો પણ) આ નૈગમ આદિ નયોનો સમ્યગ્ રીતે યથાર્થ વિચાર કરવામાં આવે તો હકીકતમાં તે એકદમ શુદ્ધ (વિશુદ્ધ) છે. અર્થાત્ પૂર્વાપર વિરોધ વગેરે કોઈપણ દોષથી રહિત છે. કારણ કે સામાન્ય વગેરે ધર્મો તે તે વસ્તુમાં રહેલાં જ છે.

**ચંદ્રપ્રભા :** આથી વસ્તુમાં નહીં રહેલ અસત્ = અવિદ્યમાન ધર્મના સ્વીકાર રૂપ વિરોધ આદિ કોઈ દોષ આવતો નથી. દરેક વસ્તુ સ્વતઃ જ સામાન્ય-વિશેષ રૂપ ધર્માત્મક છે. તે તે ધર્મો તેમાં રહેલાં જ છે. ફક્ત તફાવત એટલો કે કોઈ નય વસ્તુના સામાન્ય-ધર્મ રૂપ અંશનો મુખ્યરૂપે આશ્રય કરે છે તો બીજો નય વસ્તુના વિશેષ-ધર્મ રૂપ અંશનો મુખ્ય રૂપે સ્વીકાર કરે છે. વળી નયો અનેક ધર્માત્મક વસ્તુના એક અંશનું જ ગ્રહણ કરનારા છે પણ સર્વ અંશોનું ગ્રહણ કરનારા નથી એવું નયના સ્વરૂપમાં બતાવેલું જ છે. આથી વસ્તુના જુદા જુદા અંશનો સ્વીકાર કરવા છતાંય વસ્તુના સદ્ભૂત અંશનો જ સ્વીકાર કરનારા હોવાથી આ નયવાદો અર્થાત્ નૈગમ આદિ નયના અભિપ્રાયો અત્યંત શદ્ધ છે. પરસ્પર વિરોધ આદિ દોષથી રહિત છે.

### ❋ અન્ય દર્શનમાં નયવાદ નથી ❋

**શંકા :** શું આ પ્રમાણે જ પૂર્વોક્ત નયવાદો એ વૈશષિક વગેરે લૌકિક દર્શનોના મતે પણ વસ્તુની વિચારણા કરવામાં લાગુ પડે છે ? કે લાગુ પડતાં નથી ?

**સમાધાન :** ના, વૈશષિક આદિ લૌકિક દર્શનોના મતે વસ્તુની વિચારણા કરવામાં

१. पादिषु । अथवा० मु. । २. पादिषु । ना. मु. । ३. पादिषु । नैव० मु. । ४. सर्वप्रतिषु । माश्र० मु. । ५. ख. पू. । तथा नालो० मु. ।

**तत्त्वज्ञानार्थमधिगम्याः, तत्त्वं** सद्भूतं[1] सर्वदोषरहितं यज्ज्ञानं तत् तत्त्वज्ञानं, तत्त्वज्ञानाय **तत्त्वज्ञानार्थं** तत्त्वज्ञानप्रयोजनार्थम् **अधिगम्याः** ज्ञेयाः । **एतत् कथयति**-समस्तनयसामग्र्या आलोच्यमानं[2] सुधियां प्रीतिमाधिनोति, अन्यथा यथावद्[3] वस्तुसंवादो दुःखेनापाद्येत, यत

આ નયો લાગુ પડતાં નથી. અર્થાત્ તેમાં આનો ઉપયોગ થતો નથી. જો તે વૈશેષિક વગેરે દર્શનોમાં વસ્તુની વિચારણા કરવામાં આ નયો લાગુ પડતા હોત તો જૈનશાસનની (જૈનદર્શનની) જેમ તે દર્શનો/મતો પણ નિરવદ્ય-નિર્દોષ બની જાય. પણ વૈશેષિક આદિ દર્શનો તેવા નિર્દોષ નથી. આ વાતને જણાવતાં પાંચમી-કારિકાના ઉત્તરાર્ધમાં ભાષ્યકાર કહે છે - 'આ નયો લૌકિક વિષયાતીત છે.' અર્થાત્ લૌકિક જે વૈશેષિક આદિ મતો છે, તેઓના વિષયને = અર્થાત્ શાસ્ત્રોને અતીત છે - ઓળંગી ગયેલ અર્થાત્ તેઓના વિષયની બહાર આ નૈગમ આદિ નયવિચારો છે. વૈશેષિક આદિ અન્ય દર્શનોમાં આ નયો વડે વસ્તુની વિચારણા કરાતી નથી એમ તાત્પર્ય છે.

**શંકા :** જેમ તે વૈશેષિક વગેરે લૌકિક મતો/શાસ્ત્રો આ નયો વડે વસ્તુનો વિચાર-પરિશીલન કરતાં નથી, તે રીતે શું અહીં = સ્વકીય જૈનશાસનમાં પણ સ્વીકાર કરાય છે કે નથી કરાતો ? અર્થાત્ જૈનશાસનમાં આ નયો વડે વસ્તુનો વિચાર કરાય છે કે નહીં ?

### ❋ નયો વડે વિચારણા કરવાનું પ્રયોજન : તત્ત્વજ્ઞાન ❋

**સમાધાન :** બીજા લૌકિક શાસ્ત્રોની (મતોની) જેમ જૈનશાસનમાં = જૈનદર્શનમાં આ નયો દ્વારા વસ્તુ અનાલોચનીય = અવિચારણીય નથી, કિંતુ નયો વડે વિચારણા કરવા યોગ્ય જ છે. આ જ વાતને જણાવતાં ભાષ્યકાર કારિકામાં કહે છે -**તત્ત્વજ્ઞાનાર્થમધિગમ્યાઃ । 'તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે આ નયવાદો જાણવા યોગ્ય છે, તેનો બોધ કરવો જોઈએ.'** તત્ત્વ એટલે સદ્ભૂત (વિરોધ આદિ) સર્વદોષોથી રહિત એવું જે જ્ઞાન તે 'તત્ત્વજ્ઞાન' કહેવાય. **( तत्त्वं च तज्ज्ञानं च इति तत्त्वज्ञानम् ।)** આવા તત્ત્વજ્ઞાનને માટે (તત્ત્વજ્ઞાનરૂપ પ્રયોજન માટે) નયવાદો જાણવા જોઈએ.

અહીં કહેવાનું **હાર્દ** આ પ્રમાણે છે - જીવ આદિ કોઈપણ વસ્તુ જ્યારે સમસ્ત-નયની સામગ્રી વડે વિચારાય છે, ત્યારે સમ્યક્ બુદ્ધિવાળા - વિચારશીલ માણસોને પ્રીતિ અર્થાત્ રુચિ - શ્રદ્ધાવિશેષ ઉત્પન્ન કરે છે. અન્યથા, જો એકાદ નય વડે જ વસ્તુનું જ્ઞાન કરાય

१. पू. । सद्रूपं० मु. । २. पू. । मानं वस्तु० मु. अधिकः । ३. पादिषु । यथावस्तु० पु. ।

एकनयमतावलम्बिनां वस्तुस्वरूपसम्पादने सामर्थ्याभावः[1], समग्रया तु[2] नयविचारणया वस्तुस्वरूपप्रतिपादनं सुकरमुपगत[3]-स्याद्वादसद्भावैरिति ॥ ५ ॥ ३५ ॥

**ग्रन्थाग्रमङ्कतः ४३५९**

**इति श्रीतत्त्वार्थाधिगमेऽर्हत्प्रवचनसङ्ग्रहे भाष्यानुसारिण्यां तत्त्वार्थटीकायां**

**प्रथमोऽध्यायः ॥ १ ॥**

**॥ इति प्रथमोऽध्यायः ॥**

---

તો યથાવદ્ = જે પ્રકારે વસ્તુ હોય તે પ્રકારે (તે વસ્તુ સાથે) તેના બોધનો સંવાદ દુઃખેથી/ મુશ્કેલીથી પ્રાપ્ત થાય.

**ચંદ્રપ્રભા :** અર્થાત્ વસ્તુને જ્યારે સર્વ નયોથી ન વિચારાય - એક જ નયથી વિચારાય ત્યારે વસ્તુની સાથે આવી પડતી બોધની વિસંવાદિતાને = વિરોધાદિ દોષને કારણે તે વસ્તુ સાથે બોધનો સંવાદ = યથાર્થપણુ પ્રાપ્ત થવું ખૂબ મુશ્કેલ બની જાય છે. સારાંશ કે સર્વનયોથી વસ્તુનો વિચાર કરાય ત્યારે જ વસ્તુને યથાર્થરૂપે જાણી શકાતી હોવાથી વસ્તુ સાથે તેના બોધનો સંવાદ સાધી શકાય છે.

## ❋ યથાર્થ તત્ત્વ-બોધ માટે સ્યાદ્વાદ (અનેકાંતવાદ)ની અનિવાર્યતા ❋

**પ્રેમપ્રભા :** આ જ વાત જણાવતાં ટીકાકાર શ્રી સિદ્ધસેન ગણિવર કહે છે- **કારણ કે, કોઈ એક જ (સામાન્યગ્રાહી કે વિશેષગ્રાહી વગેરે) નયના મતનું અવલંબન - સ્વીકાર કરનારાઓને તો જીવાદિ વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું સંપાદન-પ્રતિપાદન કરવાનું સામર્થ્ય હોતું નથી.** કિંતુ, સમગ્રપણે = સમસ્તરૂપે સર્વ નયોની વિચારણા કરવા વડે વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરવું સુકર છે = સરળ છે સહેલાઈથી કરી શકાય છે કારણ કે આ પ્રમાણે સર્વ નયોની વિચારણાપૂર્વક વસ્તુનું પ્રતિપાદન કરનારા સજ્જનો સ્યાદ્વાદ (અનેકાંતવાદ) રૂપ સિદ્ધાંતના સદ્ભાવને (સ્યાદ્વાદના રહસ્યને) જાણનારા, હૃદયથી સ્વીકારનારા હોય છે. (અર્થાત્ સ્યાદ્વાદરૂપી સિદ્ધાંતની યથાર્થતા, સર્વોપરિતા, જિનશાસનમયતા અને અનિવાર્યતાનો સ્વીકાર કરનારા હોવાથી, તેનાથી સારી રીતે વાકેફ હોવાથી જ તે મહાપુરુષો વડે સર્વનયોની વિચારણા કરવા વડે વસ્તુના યથાર્થ સ્વરૂપનું સરળતાથી કથન કરવું શક્ય બને છે, બીજી રીતે નહીં, એમ ઉક્ત સર્વ વસ્તુનો સાર (ઐદમ્પર્ય) છે. (૧-૩૫)

● ● ●

---

१. पू. । भावात्० मु. । २. पादिषु । ना. मु. । ३. पू. । मवगत० मु. ।

॥ इति भगवच्छ्री-उमास्वातिजी-महामहोपाध्यायपादैः

संदृब्धस्य

तत्त्वार्थाधिगमाऽऽख्य-शास्त्रस्योपरि

प्रथमाध्यायस्य कारिकासहितस्य स्वोपज्ञ-भाष्यस्य

अथ च

तस्योपरि पण्डितवर्य श्री सिद्धसेनगणिवर्यविरचितायाः

विस्तृत-व्याख्यायाश्च

युगप्रधानाचार्यसम-परमशासनप्रभावक-

पंन्यासप्रवर-गुरुदेवश्रीचन्द्रशेखरविजयस्य

विनेयेन मुनिश्रीरत्नवल्लभविजयेन गुरुप्रसादेन

विहितः

चन्द्रप्रभाख्यविवेचन-सहितः

प्रेमप्रभाभिधो गुर्जरगिरा-

भावानुवादः

समाप्तिमगात् ॥

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ-૧

## (સિદ્ધસેનીયા ટીકા અંતર્ગત કેટલાંક પદાર્થોનું વિવેચન)

**સૂ.૧, પૃ. ૧૦, પં.૧૩.** રુચિ = સમ્યગ્દર્શનના સર્વ દ્રવ્ય-ભાવ વિષય બને છે. એ રીતે સમ્યગ્દર્શન એક = સમાન છે. છતાં ય નિમિત્તના ભેદથી તેના પાંચ ભેદ પડે છે. તેમાં ય (૧) **ક્ષાયિક,** (૨) **ક્ષાયોપશમિક** અને (૩) **ઔપશમિક** ભેદો આગળ કહેવાશે. વેદક સાસ્વાદનનું સ્વરૂપ કહેવાય છે. (૪) **વેદક-સમ્યક્ત્વ :** જેણે દર્શન-સપ્તકના પુદ્ગલોનો પ્રાયઃ/લગભગ ક્ષય કર્યો છે, તેવો જીવ જયારે છેલ્લા સમયે છેલ્લાં સમ્યગ્દર્શનાદિ પુદ્ગલના ગ્રાસ (જથ્થો)ને વેદતો = ભોગવતો/અનુભવતો હોય ત્યારે તે વેદક-સમ્યક્ત્વ કહેવાય. તે ક્ષપક-શ્રેણીને પામેલાં જીવને અથવા ક્ષાયિક સમ્યક્ત્વને પામતાં જીવને જયારે અનંતાનુબંધી ૪ કષાયો, તથા (ત્રણ પુંજમાંથી) ૧. મિથ્યાત્વ અને ૨. મિશ્ર રૂપ પુંજનો ક્ષય કર્યા બાદ (ઉદયમાં આવેલ) ૩. સમ્યક્ત્વ-પુંજને પણ ભોગવીને ખલાસ (નિર્જરા) કરતો હોય ત્યારે છેલ્લાં પુદ્ગલ-સમૂહને ભોગવવાની અવસ્થાને **વેદક-સમકિત** કહેવાય.

(૫) **સાસ્વાદન-સમ્યક્ત્વ :** અંતરકરણમાં પ્રવેશ્યા બાદ જીવ અંતર્મુહૂર્ત સમય સુધી ઔપશમિક-સમ્યક્ત્વ પામે છે. તેમાં અંતરકરણનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલો સમય શેષ હોય ત્યારે કોઇ જીવને અનંતાનુબંધી-કષાયનો ઉદય થાય છે. (હજી મિથ્યાત્વનો ઉદય થયો નથી. પણ જેના ઉદય પછી નક્કી મિથ્યાત્વનો ઉદય થવાનો છે એવા દૂત સમાન અનંતાનુબંધી કષાયનો ઉદય થયો છે.) આથી કષાયના ઉદયથી ઔપશમિક સમ્યક્ત્વથી પડતાં હજી જયાં સુધી મિથ્યાત્વનો ઉદય થયો નથી ત્યાં સુધી જીવને જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી સાસ્વાદન સમ્યક્ત્વનો અનુભવ હોય છે. મધુર ખીર ખાઇને પછી તેના ઉપર વિપરીત ચિત્ત થવાથી તેનું વમન-ઉલ્ટી કરતાં જેમ કંઇક ક્ષણમાત્ર ખીરની મધુરતાનો રસાસ્વાદ આવે તેમ ૧ અંતર્મુહૂર્ત ઉપશમ સમ્યક્ત્વનો અનુભવ કરીને ત્યારબાદ પૂર્વોક્ત કષાયોદય-થતાં મિથ્યાત્વની અભિમુખ થવાથી સમ્યક્ત્વ ઉપર વિપરીત ચિત્તવાળા જીવને વચ્ચે સમ્યક્ત્વના કંઇક આસ્વાદન રૂપ **સાસ્વાદન-સમકિત** હોય છે. **આસ્વાદનેન** = સમ્યક્ત્વ રૂપ રસ-આસ્વાદથી... **સહ** = સહિત, જે વર્તે તે સાસ્વાદન-સમ્યક્ત્વ કહેવાય.

આમ જો કે અન્યત્ર પાંચ પ્રકારના સમકિત કહેલાં છે, તો પણ વેદક-સમ્યક્ત્વ પણ સમ્યક્ત્વ-પુંજના અનુભવ(વેદન)વાળું હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં અંતર્ભાવ પામી

જાય છે. અને સાસ્વાદન-સમકિત પણ મિથ્યાત્વના ત્રણેય પુંજના ઉદયના અભાવવાળું હોવાથી ઔપશમિક - સમ્યક્ત્વમાં અંતર્ભાવ પામે છે, એમ જાણવું. માટે મુખ્ય તો ઉક્ત ત્રણ સમ્યક્ત્વ છે.

**સૂ.૧, પૃ.૧૮, પં.૧૧ સાંખ્ય-મતે ૨૫ તત્ત્વો :**

સાંખ્યોએ માનેલ પચ્ચીસ તત્ત્વો આ પ્રમાણે છે - (૧) અવ્યક્ત (પ્રકૃતિ), (૨) મહત્ (બુદ્ધિ) (૩) અહંકાર, (૪ થી ૮) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ, (પાંચ તન્માત્ર) (૯થી ૧૩) શ્રોત્ર, સ્પર્શ, ચક્ષુ, રસના અને ઘ્રાણ (પાંચ બુદ્ધિઇન્દ્રિય), (૧૪ થી ૧૮) વાક્ (વચન), હાથ, પગ, પાયુ (ગુદા) અને ઉપસ્થ (લિંગ) (આ પાંચ કર્મેન્દ્રિય). (૧૯) મન, (૨૦ થી ૨૪) આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી, (આ પાંચ મહાભૂતો છે.) અવ્યક્તને છોડીને બાકીના ૨૩ વ્યક્ત છે. પચ્ચીસમું તત્ત્વ ચિત્ (ચૈતન્ય) સ્વરૂપ પુરુષ છે.

ટીકાગત '**પંચવિંશતિતત્ત્વજ્ઞઃ**' પદ સંબંધી સમસ્ત શ્લોક આ પ્રમાણે છે - **पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः । जटी मुण्डी शिखी चापि, मुच्यते नात्र संशयः** ॥ - ગૌડપાદભાષ્ય-૧/૧, અધ્યાત્મસાર-૧૩/૬૦

**શ્લોકાર્થ :** પચ્ચીસ તત્ત્વોનો જ્ઞાની-પછી ભલે તે કોઈપણ વર્ણાશ્રમમાં રહેલો હોય, જટાધારી હોય, મુંડિત હોય કે શિખાવાળો હોય - એ અવશ્ય મુક્ત થાય છે, એમાં સંશય નથી. (સાંખ્ય-મત).

**સૂ.૧, પૃ.૧૮, પં.૧૪** આ વિષયમાં આગમમાં આ પ્રમાણે શ્લોકો મળે છે.

**हयं नाणं कियाहीणं, हयं अन्नाणओ किया ।**

**पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥१०१॥ [ आव. निर्यु. ]**

ક્રિયા (આચરણ) વિનાનું જ્ઞાન નિરર્થક છે અને જ્ઞાન વિનાની એકલી ક્રિયા નકામી છે. (અર્થાત્ પોતાના ઇષ્ટ કાર્યનું સાધક બનતાં નથી.) દૃષ્ટાંત તરીકે, દેખતો એવો લંગડો માણસ અને દોડતો એવો અંધજન બળી ગયો. અર્થાત્ એકવાર મહાનગરમાં આગ લાગતાં નગરના લોકો આમ તેમ ભાગવા લાગ્યા. ત્યારે ૧. આંધળો અને ૨. લંગડો માણસ બળી ગયા. લંગડો માણસ ગમન-ક્રિયાના અભાવે ભાગી ન શકવાથી પરંપરાએ આવેલી આગ વડે બળી ગયો. જ્યારે આંધળો માણસ ગમન-ક્રિયા સહિત-ભાગવા છતાં ય બચવાના માર્ગને નહીં જાણવાથી જ્યાં આગ લાગેલી ત્યાં જ ખાડામાં જઇને પડવાથી બળી ગયો. આમ એકલું જ્ઞાન અથવા એકલી ક્રિયા એ વિશિષ્ટ ફળની સિદ્ધિ કરાવનાર

બનતાં નથી.

આમ એકલાં જ્ઞાન અને એકલી ક્રિયા વિશિષ્ટ કાર્યસાધક બનતાં નથી, પણ દેશથી/અંશથી ઉપકારક બને જ છે. કહ્યું છે કે -

**संजोगसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ ।**
**अंधो य पंगू य वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा ॥१०२॥**

દષ્ટાંત વડે અર્થ સમજીએ. એક જંગલમાં દવ (આગ) લાગ્યો. ત્યાં વસતાં બે માણસો આંધળો અને લંગડો ગભરાયા. બચવા માટે અગ્નિ તરફ દોડતાં આંધળાને લંગડાએ રોક્યો અને કહ્યું કે, 'એ તરફ ન દોડ એ બાજુ જ અગ્નિ છે.' આંધળો કહે, તો કઈ બાજુ જાઉં ? લંગડાએ કહ્યું, 'તું મને તારા ખભા ઉપર બેસાડ. જેથી સર્પ, કાંટા, અગ્નિ વગેરેથી બચાવતો હું તને સુખેથી નગરમાં પહોંચાડું. પેલાએ સ્વીકાર કર્યો. અને તે પ્રમાણે કરવાથી બન્ને ક્ષેમ-કુશળ નગરમાં ચાલ્યા ગયા.

આનો **ઉપનય** એ છે કે, જ્ઞાન અને ક્રિયા એ બે ભેગા થાય તો જ સિદ્ધિગતિ રૂપ નગરને પ્રાપ્ત કરી શકાય છે. કારણકે વિશિષ્ટ કારણનો સંયોગ જ ઇચ્છિત કાર્યનું સાધક બને છે.

**ગાથાર્થ :** સંયોગની સિદ્ધિ વડે ફળની પ્રાપ્તિ થાય છે. ખરેખર એક ચક્ર વડે ક્યારેય પણ રથ ચાલતો નથી. બે ચક્રવડે જ ચાલે છે. જેમકે (વનમાં દવ લાગતાં) આંધળો અને લંગડો માણસ વનમાં ભેગા થઈને - એકબીજાનો અત્યંત મેળાપ થતાં (લંગડાના ખભે આંધળો બેસીને લંગડાએ ચીંધેલાં માર્ગે આંધળો ચાલવાથી) બન્ને ય સુખેથી નગરમાં પહોંચ્યા. (આમાં જ્ઞાન અને ક્રિયા ઉપરાંત 'સમ્યગ્દર્શન' = શ્રદ્ધા પણ સિદ્ધિ-ગતિનું પ્રધાન કારણ છે. પણ તેનો સમ્યગ્જ્ઞાનમાં અંતર્ભાવ થાય છે એમ સમજવું.)

**સૂ.૨, પૃ.૫૨, પં.૨૪** સમ્યગ્દર્શનના પ્રશમાદિ પાંચ લક્ષણો કહ્યાં છે. તેમાં (૨) સંવેગ અને (૩) નિર્વેદ એ બે લક્ષણોના અર્થનો વ્યત્યય-ઉલટાપણુ પણ ક્યાંક જણાય છે. દા. ત. સંવેગનો અર્થ સંભીતિ = સંસારનો ભય કરવાને બદલે 'મોક્ષાભિલાષ' કરેલો છે. **યોગબિંદુ**ની વૃત્તિમાં લોકોત્તર-વિશિષ્ટ ગુણવાળા દેવ, ગુરુ અને ધર્મનો અનુરાગ એમ અર્થ કરેલો છે. જ્યારે નિર્વેદનો અર્થ સુખવિરાગને બદલે ભવ-સંસાર પ્રત્યે કંટાળો, નફરત, નિર્ગુણતાનું દર્શન ઇત્યાદિ કરેલો છે. આ જ વાતની પુષ્ટિ કરતાં યશોવિજયીયા-વૃત્તિમાં સ્પષ્ટ કહેલ છે કે, **परे तु व्यत्ययमाहुः** । અન્ય શાસ્ત્રકાર ઉક્ત-વ્યાખ્યાના વ્યત્યયને કહે છે. જો કે આમાં અપેક્ષા-ભેદથી અર્થનો વ્યત્ય છે. બાકી તાત્ત્વિક રીતે કોઇ તફાવત

નથી. કારણકે, જ્યાં વાસ્તવિક સંવેગ છે ત્યાં નિર્વેદ પણ જોવા મળે છે અને જ્યાં નિર્વેદ છે ત્યાં સંવેગ પણ દેખાય છે. બન્ને ય સિક્કાની બે બાજુ જેવા છે.

**સૂ.૩, પૃ.૭૦, પં.૧૭** 'અનાદિ સંસારમાં' એવા ભાષ્ય-વચન વડે ટીકાકારે ઈશ્વર એ જગતનો કર્તા છે એ વાતનું નિરાકરણ કરીને અનાદિ કર્મ-જનિત સંસારની સિદ્ધિ કરી. આમાં ઈશ્વર=કર્તૃત્વનો નિષેધ છે, તે અન્ય-દર્શનીઓ જે રીતે ઈશ્વરને વાસ્તવિક સક્રિય કર્તા-ઘડા પ્રત્યે કુંભારની જેમ - માને છે તેનો નિષેધ કરેલો છે. પણ સાપેક્ષ રીતે તો ઈશ્વર કર્તૃત્વ જૈનદર્શનને પણ માન્ય છે. આ જ વાત 'યોગબિંદુ' ગ્રંથમાં (તત્સ્વભાવતાનું સ્થાપન કરીને) કરેલી છે. જે બે શ્લોકોમાં સાપેક્ષ રીતે ઈશ્વર કર્તૃત્વ જણાવાયું છે, તે બે શ્લોક તથા તેનો અર્થ આ સાથે આપીએ છીએ.

કોઈ અપેક્ષાએ પરમતની (=ઈશ્વર કર્તૃત્વની) પણ સંમતિ આપતાં ગ્રંથકાર કહે છે -

**अर्थ्यं व्यापारमाश्रित्य न च दोषोऽपि विद्यते ।**

**अत्र माध्यस्थ्यमालम्ब्य यदि सम्यग्निरूप्यते ॥२९७॥**

**શ્લોકાર્થ :** ઈશ્વર-અનુગ્રહ (ઈશ્વર-કર્તૃત્વ) આદિ વિષયમાં તટસ્થ બનીને જો સમ્યક્ રીતે વિચાર કરાય તો અર્થ્ય = સામર્થ્યથી (- જે રીતે ઘટતો હોય તે રીતે-) પ્રાપ્ત થતાં ઈશ્વરાનુગ્રહનો સ્વીકાર કરવામાં કોઈ દોષ પણ નથી, ઉલટું યુક્તિયુક્ત અર્થનો સ્વીકાર કરવામાં ગુણ જ છે. (અર્થાત્ નિમિત્તકારણ રૂપ અર્થની અપેક્ષાએ 'ઈશ્વર અનુગ્રહ કરે છે, ફલ આપે છે' એમ માનવામાં દોષ નથી.) (શ્લો. ૨૯૭)

હવે જે રીતે અર્થ - સંગત થાય છે તેવા વ્યાપાર (ઈશ્વરાનુગ્રહ) ને જણાવે છે –

**गुणप्रकर्षरूपो यत् सर्वैर्वन्द्यस्तथेष्यते ।**

**देवतातिशयः कश्चित्, स्तवादेः फलदस्तथा ॥२९८॥**

**શ્લોકાર્થ :** "જે કારણથી તમામ મુમુક્ષુઓ જ્ઞાનાદિ પ્રકૃષ્ટ સ્વરૂપ એવા જિનેશ્વર વગેરે વિશિષ્ટ દેવને વંદનીય માને છે. આથી તે પરમાત્મા જ સ્તવન, પૂજન, નમન, સ્મરણ વગેરે ક્રિયાના સ્વર્ગ-મોક્ષ વગેરે ફળના આપનારા કહેવાય છે. અહીં જો કે પોતે કરેલી ક્રિયા જ ફળ આપે છે, તો પણ સ્તવનાદિ ક્રિયાનું આલંબન (વિષય) પરમાત્મા છે. આથી તે ક્રિયા (સ્વાલંબનીયત્વ-સંબંધથી) પરમાત્માની પણ કહેવાય, અર્થાત્ પરમાત્મા પણ તે ક્રિયાના કર્તા કહેવાય. આથી સ્તોતવ્ય = સ્તુતિ વગેરેના આલંબન-વિષય સ્વરૂપ એવા પરમાત્મા-ઈશ્વરના નિમિત્તથી જ સ્તુતિ કરનારને ફળની પ્રાપ્તિ થાય છે.

આમ અપેક્ષાએ નિરુપચરિત રીતે ખરેખર ઈશ્વર એ શુભ ફળના કર્તા બનવાથી

ઈશ્વર-કર્તૃત્વ સ્વીકારાય છે. આ વિષયમાં ઘણું ચિંતન-વિવેચન કરી શકાય તેમ છે, પણ અહીં વિસ્તાર-ભયથી ટૂંકાવ્યું છે. યોગબિંદુના ઉક્ત શ્લોક. ૨૯૮ની ટીકાના તાત્પર્યસૂચક શબ્દો આ પ્રમાણે છે. **अत्र यद्यपि स्वकर्तृका स्तवादिक्रिया फलं प्रयच्छति, तथापि स्तवनीयालम्बनत्वेन तस्यास्तत्स्वामिकत्वमिति स्तोतव्य-निमित्त एव स्तोतुः फललाभः ॥२९८॥**

**સૂ.૩, પૃ.૭૭, પં.૨૫** બદ્ધ વગેરે ભેદોનું સ્વરૂપ **ભગવતીસૂત્ર**માં ગર્ભાધિકારમાં આ પ્રમાણે મળે છે. **(૧) બદ્ધ :** એટલે સામાન્યથી બંધાયેલા (કર્મો), **(૨) સ્પૃષ્ટ** અથવા **પુષ્ટ :** બદ્ધ કરતાં વધુ ગાઢ બંધથી પુષ્ટ થયેલાં બંધાયેલા સ્પૃષ્ટ કહેવાય. **(૩) નિધત્ત :** ઉદ્વર્તના અને અપવર્તના રૂપ (કમ્મપયડી ગ્રંથમાં કહેલ) કરણ સિવાય શેષ કરણો જેને લાગુ ન પડી શકે એ રીતે અધિક ગાઢ રીતે બંધાયેલાં 'નિધત્ત' કહેવાય. **(૪) નિકાચિત :** સર્વ પ્રકારના કરણો લાગુ પડી શકે નહીં એ રીતે અત્યંત ગાઢ રીતે વ્યવસ્થાપિત = બંધાયેલ કર્મો નિકાચિત કહેવાય.

ક્યારેક 'સ્પૃષ્ટ' ભેદથી પહેલાં પણ વિવક્ષા કરાય છે. પહેલાં સ્પૃષ્ટ હોય - સામાન્યથી સંબંધ માત્ર થયો હોય - પછી બદ્ધ એટલે અધિક ગાઢ બંધથી બંધાયેલ કર્મો બદ્ધ કહેવાય. ઉક્ત ભેદો ક્રમશઃ ગાઢ-ગાઢતર બંધનવાળા હોય છે.

ભાષ્યકારે 'નિધત્ત' ભેદનો ઉલ્લેખ કરેલો નથી. વળી ટીકામાં કહ્યું છે કે, 'સ્પૃષ્ટતા એ.નિકાચનાનો ભેદ હોવાથી ભાષ્યકારે તેને અલગ કહી નથી.' વળી સ્પૃષ્ટતાની અનંતર નિકાચના કહી છે. આથી 'સ્પૃષ્ટતા' દ્વારા 'નિધત્ત' બંધ અભિપ્રેત હોય એમ જણાય છે. પૂર્વોક્ત ચાર ભેદોને જ યથાયોગ્ય સોઈના ઉદાહરણથી ટીકાકારે સમજાવેલ છે, એમ જાણવું. (**ભગવતીસૂત્ર-શતક-૧, ઉદ્દેશ-૭, સૂત્ર-૬૩** ટીકાના આધારે.)

**સૂ.૩, પૃ.૮૮, પં.૧૫** સ મ્યક્ત્વ પામવાની પ્રક્રિયા ભાષ્યમાં તેમજ સિદ્ધસેનીયા ટીકામાં જે બતાવી છે તે ઔપશમિક-સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ બન્ને વચ્ચે સાધારણરૂપે બતાવી છે. અહીં બન્નેની પ્રક્રિયાના તફાવત સાથે તે પ્રક્રિયા જણાવાય છે. તથા સિદ્ધાન્ત અને કર્મગ્રંથના મતમાં જે તફાવત છે, તે પણ પ્રસંગતઃ જણાવાશે. ઔપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવતાં **વિશેષાવશ્યક ભાષ્ય**માં આ પ્રમાણે ગાથા કહેલી છે.

**उवसामगसेढिगयस्स होइ उवसामियं तु सम्मत्तं ।**

**जो वा अकयतिपुंजो अखवियमिच्छो लहइ सम्मं ॥५२९॥**

**ટીકાર્થ :** ઉપશમ શ્રેણિને પ્રાપ્ત કરનાર જે જીવે દર્શન-સપ્તકને (દર્શનમોહનીયાદિ ૭

કર્મપ્રકૃતિઓને) ઉપશમાવી હોય, ઉપશાંત કરી હોય તે જીવને ઔપશમિક-સમ્યક્ત્વ હોય છે. **પ્રશ્ન :** શું ઉપશમશ્રેણિને પામેલાં જીવને જ આ હોય છે ? **જવાબ :** ના, **(જો વા૦ )** જે જીવ અનાદિકાળથી મિથ્યાદષ્ટિવાળો હોય, વળી જેણે મિથ્યાત્વ મોહનીય કર્મના (૧) શુદ્ધ (૨) અશુદ્ધિ અને (૩) મિશ્ર સ્વરૂપ ત્રણ પુંજ-વિભાગ કરેલાં ન હોય અને વળી જેણે મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય કરેલો ન હોય, તે જીવ અંતરકરણમાં પ્રવેશ કરતાં જે સમ્યક્ત્વને પામે છે તે ઔપશમિક-સમ્યક્ત્વ કહેવાય છે. (અંતરકરણ એટલે જેમાં ભોગવાતુ મિથ્યાત્વ મોહનીય કર્મ ક્ષય પામ્યું હોય અને નવું ઉદયમાં ન આવેલું હોય એવી મિથ્યાત્વ મોહનીયના ઉદયના અભાવવાળી અવસ્થા.)

અહીં બે વિશેષણ મૂકેલાં છે. **(૧) અકૃત-ત્રિપુંજ.** અને **(૨) અક્ષપિત-મિથ્યાત્વ.** તેમાં બીજા વિશેષણનો પહેલાં વિચાર કરીએ. જેણે મિથ્યાત્વના ત્રણ પુંજનો-વિભાગનો ક્ષય કરેલો છે તેવો (ક્ષાયિક-સમકિતી વગેરે) જીવ પણ ત્રણ પુંજ વિનાનો હોય છે. આથી તેનો નિષેધ કરવા માટે કહ્યું કે, જેણે મિથ્યાત્વ-મોહનીયનો સંપૂર્ણ ક્ષય કરેલો નથી એવો ત્રણ પુંજ કર્યા વિનાનો જે જીવ સમ્યક્ત્વને પામે છે, તેને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. જેણે મિથ્યાત્વનો સંપૂર્ણ (સત્તામાંથી પણ) ક્ષય કરેલો છે તેવો જીવ તો ક્ષાયિક-સમ્યક્ત્વને જ પામે છે, એમ ભાવ છે.

**પ્રશ્ન :** ત્રણ પુંજ શી રીતે કરાય છે ? **જવાબ :** કોઇ અનાદિ મિથ્યાદષ્ટિવાળા જીવ તેવા પ્રકારની ગુરૂપદેશ વગેરે સામગ્રીની હાજરીમાં અપૂર્વકરણ વડે મિથ્યાત્વ-મોહનીય-કર્મના પુદ્‌ગલોને શુદ્ધ કરતો પહેલાં (૧) અડધા શુદ્ધ પુદ્‌ગલ સ્વરૂપ મિશ્ર-પુંજને કરે છે ત્યારબાદ (૨) તે રીતે સંપૂર્ણ શુદ્ધપુદ્‌ગલ રૂપ સમ્યક્ત્વ-પુંજને કરે છે. અને (૩) ત્રીજો પુંજ તો અશુદ્ધ જ રહે છે. જેમ મદન-કોદ્રવ નામનું ધાન્યવિશેષ કેટલુંક અડધુ સાફ કરાય અથવા કેટલુંક સંપૂર્ણ સાફ કરાય અને કેટલુંક એમ ને એમ અશુદ્ધ જ રહે છે. (જે શુદ્ધ છે તે અવિકારક છે, અશુદ્ધ છે તે વિકારક છે. અર્ધશુદ્ધ છે તે મંદ-વિકાર કરે છે.) આમ મદન-કોદ્રવના દ્રષ્ટાંતની જેમ મિથ્યાત્વ-પુદ્‌ગલોના ત્રણ પુંજ કરીને તેમાંથી જ્યારે સમ્યક્ત્વ-પુંજના પુદ્‌ગલોને વિપાકથી ભોગવતો હોય ત્યારે જીવ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

સારાંશ, પૂર્વોક્ત ત્રણ પુંજ કર્યા પછી જો પ્રથમ-પુંજ = સમ્યક્ત્વ-પુંજ ઉદયમાં આવે તો જીવ સમ્યગ્દર્શની કહેવાય. પુંજનું ઉદ્વલન અર્થાત્ વિપરિણમન થયે પુનઃ અર્ધશુદ્ધ થાય, અશુદ્ધ થાય તો જીવ દ્વિ-પુંજવાળા બને, તેમાંથી અર્ધ-શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો મિશ્ર-સમકિત પામે છે. અને મિશ્ર-પુંજનું પણ જો ઉદ્વલન થાય અર્થાત્ અશુદ્ધ-

મિથ્યાત્વ રૂપે પરિણમન થાય તો જીવ એક જ મિથ્યાત્વ (અશુદ્ધ) પુંજવાળો બને છે. અને તેનો ઉદય થતાં મિથ્યાદૃષ્ટિ થાય છે.

હવે મૂળ વાત ઉપર આવીએ, જેણે ત્રણ પુંજ કરેલાં નથી એવો જીવ ઔપશમિક-સમ્યક્ત્વને પામે છે. અને તેના કાળનું પ્રમાણ શું છે ? આ વાત આગળની ગાથામાં જણાવે છે -

**खीणम्मि उइण्णम्मि य अणुइज्जंते य सेसमिच्छत्ते ।**

**अंतोमुहुत्तमेत्तं उवसमसम्मं लहइ जीवो ॥५३०॥**

**શબ્દાર્થ :** આયુષ્ય સિવાયની ૭ કર્મપ્રકૃતિને ૧. યથાપ્રવૃત્તકરણ વડે એક કોડાકોડિથી ન્યૂન સ્થિતિવાળી કરીને ૨. અપૂર્વકરણ વડે ગ્રંથિભેદ કરીને ૩. અનિવર્ત્તિકરણમાં પ્રવેશ કરે છે ત્યારે ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ભોગવીને ક્ષય કરાયે છતે અને શેષ સત્તાવર્ત્તિ મિથ્યાત્વનો અનુદય થયે છતે જીવ અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપશમ-સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

વિશેષાર્થ ટીકાથી જોઇએ. અહીં અનાદિ મિથ્યાદૃષ્ટિવાળો કોઇ જીવ આયુષ્ય સિવાયની શેષ સાત કર્મ-પ્રકૃતિઓને (૧) **યથાપ્રવૃત્તકરણ** વડે ક્ષય પમાડતાં પમાડતાં દરેકની સ્થિતિને અંતઃકોડાકોડી સાગરોપમ (૧ સાગરોપમથી કંઇક ન્યૂન) જેટલાં પ્રમાણવાળી કરે છે ત્યારે જીવ ભવચક્રમાં પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન થયા હોય તેવા વિશુદ્ધ પરિણામ સ્વરૂપ (૨) **અપૂર્વકરણ** વડે ગ્રંથિ-ભેદ કરીને ત્રીજા (૩) **અનિવૃત્તિકરણ**માં પ્રવેશ કરે છે. **બૃહત્-કલ્પભાષ્ય**માં કહેલું છે કે,

**जा गंठी ता पढमं गंठिं समइच्छओ हवइ बीयं ।**

**अनियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ॥१॥** [ વિશેષાવ૦ ગા. ૧૨૦૩ ]

**ગાથાર્થ :** જ્યાં સુધી જીવ ગ્રંથિ-પ્રદેશ સુધી આવે છે ત્યાં સુધી પહેલું = યથાપ્રવૃત્તકરણ હોય છે. રાગ-દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરતાં જીવને બીજું = અપૂર્વકરણ હોય છે. તથા સમ્યક્ત્વ સામે હોય, પ્રાપ્ત થવાની તૈયારી હોય ત્યારે અનિવૃત્તિકરણ રૂપ ત્રીજું કરણ હોય છે.

આ રીતે ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણામ સ્વરૂપ ત્રણ કરણો થાય છે. તેમાં આ ત્રીજા અનિવૃત્તિકરણમાં જે મિથ્યાત્વ ઉદયમાં આવેલું હોય તેનો અનુભવ કરીને-ભોગવીને જ ક્ષય થાય છે. સત્તામાં રહેલું શેષ જે મિથ્યાત્વ છે તેનો અનુદય થયે અર્થાત્ પરિણામની વિશુદ્ધિ-વિશેષથી ઉપશાંત થયે, ઉદયનો અટકાવ થયે છતે અન્તર્મુહૂર્ત કાળ સુધી મિથ્યાત્વ

ઉદયમાં આવતું નથી. આથી તે અંતર્મુહૂર્ત કાળ સુધી જીવ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. આ ઔપશમિક-સમ્યક્ત્વનો કાળ પૂરો થયા પછી (સિદ્ધાંતના મતે) મિથ્યાત્વ-પુંજનો જ ઉદય થવાથી જીવ મિથ્યાત્વને પામે છે. કારણકે ત્યારે શેષ બે (સમ્યક્ત્વ-મિશ્ર રૂપ) પુંજ કરાયેલ ન હોવાથી વિદ્યમાન હોતાં નથી.

અહીં કહેવાનું હાર્દ આ પ્રમાણે છે. અહીં સૈદ્ધાન્તિકો = સિદ્ધાંતને આગળ કરનારાઓનો મત આ પ્રમાણે છે કે, કોઇ અનાદિ-મિથ્યાદૃષ્ટિ જીવ તેવા પ્રકારની સામગ્રીનો (પૂર્વોક્ત ગુરૂપદેશ-યથાપ્રવૃત્તકરણાદિ) સામગ્રીનો સદ્‌ભાવ હોતે છતે અપૂર્વકરણ વડે ત્રણ પુંજને કરીને શુદ્ધ-પુંજના પુદ્‌ગલોને ભોગવતો છતાં ઔપશમિક-સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા વિના જ - પ્રથમથી જ ક્ષાયોપશમિક-સમ્યગ્દૃષ્ટિવાળો થાય છે. જ્યારે બીજો કોઇ જીવ યથાપ્રવૃત્તિકરણ વગેરે ત્રણ કરણના ક્રમથી **'અંતરકરણ'** કરાયે છતે ઔપશમિક-સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. આ જીવ ત્રણ પુંજ કરતો જ નથી. અને તે ઔપશમિક-સમ્યક્ત્વથી ચ્યવેલો-પડેલો છતાં અવશ્ય મિથ્યાત્વ ગુણઠાણે જાય છે. આ વિષયમાં **બૃહત્કલ્પ ભાષ્યમાં** કહેલું છે કે, **आलंबणमलहंती जहु सट्ठाणं न मुंचए इलिया । एवं अकयतिपुंजी मिच्छं चिय उवसमी एइ ॥१॥**

ભાવાર્થ : જેમ કોઇ ઇલિકા (ઇયળ) ઘાસ વગેરે ઉપર સરકતાં છતાં આગળ બીજુ કોઇ સ્થાન રૂપ આલંબન ન મળવાથી તે ઇલિકા પૂર્વ સ્થાન સ્વરૂપ સ્વસ્થાનને છોડતી નથી અર્થાત્ સંકોચાઇને ફરી પૂર્વના સ્થાને જ રહે છે. આ પ્રમાણે ઉપશમ-સમકિતી આત્મા ઔપશમિક-સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો ત્રણ પુંજને કરનારો ન હોવાથી મિશ્ર અને શુદ્ધ પુંજ રૂપ અન્ય સ્થાનનો લાભ નહિ પામવાથી ફરી-જ્યાંથી ચઢેલો તે જ મિથ્યાત્વ ગુણઠાણે પાછો આવે છે, એમ ભાવાર્થ છે.

**કાર્મગ્રંથિકો** = કર્મગ્રંથના મતને આગળ કરનારાઓ આ પ્રમાણે માને છે કે, તમામે તમામ અનાદિ-મિથ્યાદૃષ્ટિવાળા જીવો પ્રથમ વખત સમ્યક્ત્વની પ્રાપ્તિના કાળે યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણો કરવા પૂર્વક અંતરકરણ કરે છે. (જેમાં પરમનિર્વાણ-સુખ જેની નજીકમાં છે એવો તથા જેના અંતરમાં પ્રચૂર, દુર્વાર વીર્યોલ્લાસનો વિસ્તાર પ્રગટ થયો છે એવો કોઇ મહાત્મા તીક્ષ્ણ કુઠારની ધાર જેવી પરમવિશુદ્ધિ (અપૂર્વકરણ) વડે રાગદ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરીને પછી - મિથ્યાત્વ-મોહનીયની ઉદયક્ષણથી માંડીને અંતર્મુહૂર્ત સુધી ભોગવાય તેટલી ઉપરની સ્થિતિને છોડીને પછી તેની ઉપર રહેલાં અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ-મોહનીય કર્મના વેદ્ય = ભોગવવા યોગ્ય દલિકોનો અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ રૂપ વિશુદ્ધિ (વિશુદ્ધ-પરિણામ)થી ઉત્પન્ન થયેલ સામર્થ્ય વડે (તે દલિકોને ઉપરની સ્થિતિમાં

નાંખીને મોડેથી ભોગવાય તેવા કરવા દ્વારા) અભાવ કરવા રૂપ **'અંતરકરણ'** કરે છે. (અર્થાત્ ક્રમશઃ જે મિથ્યાત્વદલિકોને ભોગવવાના હતાં તેમાં ગાબડુ પાડીને તેટલાં-અંતર્મુહૂર્ત સુધી ભોગવવાના દલિકોને પાછળ નાંખે છે - મોડા ભોગવાય તેવા કરે છે. જીવના વિશુદ્ધ પરિણામના સામર્થ્યથી આત્મામાં આ પ્રક્રિયા તેવા સંકલ્પ અથવા પ્રયત્ન વિના પણ બન્યા કરે છે.) આ 'અંતરકરણ' કર્યા બાદ મિથ્યાત્વ-કર્મોની બે સ્થિતિ થાય છે. એક અંતરકરણની નીચેની-ચાલુ ભોગવાતાં મિથ્યાત્વકર્મની પ્રથમ-સ્થિતિ છે. અને બીજી સ્થિતિ છે, અંતરકરણની ઉપરની સ્થિતિ. આમ ત્રણ વિભાગ થયા. (૧) નીચેની (ભોગવાતી) સ્થિતિ (૨) અંતકરણ અને (૩) ઉપરની (ભોગવવાની બાકી) સ્થિતિ. આ પ્રમાણે (ત્રણે ય સ્થિતિનો કાળ અંતર્મુહૂર્ત છે. અને આખી પ્રક્રિયાનો કાળ પણ અંતર્મુહૂર્ત છે. પણ તે મોટું અં. મુ. સમજવું.) આમાં પ્રથમ સ્થિતિમાં જીવ મિથ્યાત્વ-કર્મના દલિકોને ભોગવતો હોવાથી મિથ્યાદૃષ્ટિ જ છે. અંતર્મુહૂર્ત પછી તે સ્થિતિ પૂરી થતાં-ભોગવાઇ જતાં અંતરકરણના પ્રથમ સમયે જ જીવ ઔપશમિક-સમ્યક્ત્વને પામે છે. કારણકે અહીં મિથ્યાત્વ-કર્મના દલિકોનું વેદન-અનુભવન નથી. જેમ જંગલમાં લાગેલો દાવાનળ એ પૂર્વે બળી ગયેલ ઇંધનને અથવા ઉખર-ભૂમિને પ્રાપ્ત થતાં જેમ ઓલવાઇ જાય, શાંત થાય છે, તેમ મિથ્યાત્વના વેદન રૂપ વનદવ પણ મિથ્યાત્વના દલિકોના ઉદયના અભાવરૂપ અંતરકરણને પ્રાપ્ત કરીને શાંત થાય છે, બુઝાઇ જાય છે. અને આમ થતાં જીવને ઔપશમિક-સમ્યક્ત્વનો લાભ થાય છે. પ્રસંગતઃ કર્મગ્રંથમાં કહેલ **'અંતરકરણ'**ની પ્રક્રિયા કહી. હવે મૂળવાત ઉપર આવીએ.

પૂર્વોક્ત રીતે ઔપશમિક-સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે કર્મગ્રંથના મતે જીવ મિથ્યાત્વ-દલિકોના ત્રણ પુંજ અવશ્ય કરે છે. આથી આ મતે ઔપશમિક-સમ્યક્ત્વથી ચ્યવેલા જીવ માટે (અંતર્મુહૂર્ત બાદ) ત્રણ વિકલ્પો છે. જો તેને ત્રણ પુંજ પૈકી (૧) શુદ્ધ-પુંજ ઉદયમાં આવે તો તે તત્ત્વાર્થશ્રદ્ધાન રૂપ ક્ષાયોપશમ-સમ્યક્ત્વ પામે છે અને (૨) જો અર્ધ-શુદ્ધ-પુંજ ઉદયમાં આવે તો મિશ્ર-સમ્યક્ત્વ પામે છે અને (૩) જો અશુદ્ધ-પુંજ ઉદયમાં આવે તો મિથ્યાદર્શનને પામે છે. આ **કર્મગ્રંથનો** મત છે. **સિદ્ધાંતના મતે** તો મિથ્યાત્વે જ જાય છે. આમ વિસ્તારથી સર્યું.

ભાષ્યકાર **ઉમાસ્વાતિજી મહારાજે** તેમ જ **સિદ્ધસેનીયા ટીકામાં** પણ પૂર્વોક્ત મતાંતરોને સ્પર્શ્યા વિના જ તત્ત્વાર્થની શ્રદ્ધાન સ્વરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની પ્રક્રિયા બતાવી છે. ભાષ્યમાં તો અનિવૃત્તિકરણ તથા અંતરકરણનો ઉલ્લેખ પણ કરેલો નથી. છતાં સિદ્ધસેનીયા ટીકામાં અર્થાપત્તિથી અનિવૃત્તિકરણની પ્રાપ્તિ થાય છે એમ કહેલું છે. કારણ કે તેના વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. તેમજ 'અંતરકરણ'નો ઉલ્લેખ તો સિ. સે. ટીકામાં

પણ કરેલો નથી. વળી ત્રણ પુંજની વાત પણ કરી નથી. આમ સ્થૂલથી પ્રક્રિયા બતાવી છે. જો કે સૈદ્ધાંતિક મતે ભવચક્રમાં પ્રથમ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ મેળવી શકે છે માટે અંતરકરણની આવશ્યકતા નથી. કર્મગ્રંથના મતે જીવ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ જ પામતો હોવાથી તેના મતે અંતરકરણની પ્રક્રિયા અવશ્ય થાય છે. **સિદ્ધસેનીયા** ટીકામાં જણાવેલી પ્રક્રિયા વડે જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે તેમાં 'નિસર્ગ-સમ્યગ્દર્શન અથવા અધિગમ-સમ્યગ્દર્શન' કોઇપણ લઇ શકાય છે. કારણકે ત્યાં છેલ્લે જણાવેલ છે કે - **'अत्र चोपदेष्टारमन्तरेण यत् सम्यक्त्वं तन्नैसर्गिकमाचक्षते प्रवचनवृद्धाः** અર્થાત્ ઉક્ત રીતે ઉપદેશક વિના જે સમકિત પ્રાપ્ત થયું હોય તે નિસર્ગ-સમ્યગ્દર્શન કહેવાય. (અર્થાત્ ઉપદેશપૂર્વક પ્રાપ્ત થયું હોય તો અધિગમ-સમ્યગ્દર્શન કહેવાય.)

આમ અધિગમ-સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પણ પૂર્વોક્ત પ્રક્રિયા જાણવી. આ વિષયમાં સિદ્ધસેનીયા ટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ **હારિભદ્રી ટીકામાં** કહ્યું છે કે, "પરોપદેશ કે જે વિશિષ્ટ બાહ્ય નિમિત્તનું સૂચક છે, તેનાથી તત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આમાં તથા ભવ્યત્વ આદિના પરિપાકથી બાહ્ય-નિમિત્તની પ્રધાનતા હોવાથી પ્રતિમાદિ બાહ્ય નિમિત્તને આશ્રયીને **અપૂર્વકરણાદિ-ક્રમથી** તત્ત્વાર્થશ્રદ્ધાન થાય છે. તેના શબ્દો આ પ્રમાણે છે -

**'तथाभव्यत्वादिभावतः बाह्यनिमित्तप्राधान्यात् अन्यदपि प्रतिमादि बाह्यं निमित्तमाश्रित्य तत्त्वार्थश्रद्धानं भवति, अपूर्वकरणादिक्रमेण ।**

બીજું કે નિસર્ગ-સમ્યગ્દર્શન અને અધિગમ-સમ્યગ્દર્શન વચ્ચે રોગની ઉપશાંતિના દ્રષ્ટાંતથી તફાવત જણાવેલો છે. કોઇ જીવને સ્વતઃ જ કોઇ રીતે ધાતુની પ્રગુણતા = પુષ્ટિ, ઉપચય થવાથી (પ્રતિકારશક્તિ વધવાથી) રોગની ઉપશાંતિ થાય છે. તેના જેવું નિસર્ગ-સમ્યગ્દર્શન છે. તથા વૈદ્યના ઉપદેશથી ક્રિયાનુષ્ઠાનપૂર્વક જે રોગની ઉપશાંતિ થાય છે, તેના જેવું અધિગમ-સમ્યગ્દર્શન છે. આમ ઉક્ત તફાવત સિવાય શેષ પ્રક્રિયા બન્ને રીતે થતાં સમ્યગ્દર્શનમાં સરખી જણાય છે.

**સૂ.૫, પૃ.૧૦૭, પં.૧૯** ઉપર દ્રવ્યજીવની વિચારણામાં 'દ્રવ્ય' શબ્દના અનેક અર્થો કહેલાં છે. તેનો વિચાર કરતાં પહેલાં 'દ્રવ્ય' શબ્દની વ્યુત્પત્તિ અને તેના જે અનેક અર્થ થાય છે, તેનો સંગ્રહ કરનાર 'વિશેષાવશ્યક ભાષ્ય' ના શ્લોકની વિચારણા કરીએ - શ્લોક -

**[१]दवए [२]दुयए [३]दोरवयवो विगारो [४]गुणाण संदावो ।**
**दव्वं [५]भव्वं भावस्स [६]भूअभावं च जं जोग्गं ॥ २८ ॥**

'**द्रव्य**' શબ્દમાં '**द्रुं गतौ**' એમ **द्रु** ધાતુ છે. (૧) **द्रवति** = એટલે તે તે સ્વ-પર્યાયોને (અવસ્થાઓને/ગુણધર્મોને) જે પ્રાપ્ત કરે અને મૂકે, તે (**द्रु + य =**) '**द्रव्य**' કહેવાય તથા (૨) **द्रूयते** = એટલે જે સ્વ-પર્યાયો વડે પ્રાપ્ત કરાય અને મૂકાય તે (કર્મ સાધન-પક્ષે) '**द्रव्य**' કહેવાય... અર્થાત્ દ્રવ્ય એટલે ઘટ વગેરે પદાર્થ અને પર્યાય એટલે તેના લાલ વગેરે ગુણધર્મો. હવે જ પર્યાયોને દ્રવ્ય પ્રાપ્ત કરે છે, તે પર્યાયો વડે દ્રવ્ય પણ પ્રાપ્ત કરાય છે અને દ્રવ્ય જે પર્યાયોને છોડે છે, મૂકે છે, તે પર્યાયો વડે દ્રવ્ય પણ છોડાય છે - મૂકાય છે... (૩) તથા **द्रवति** = **गच्छति** તે તે પર્યાયોને જે પામે, તે **द्रुः** એટલે 'સત્તા'... તેનો **द्रु**નો (સત્તાનો) વિકાર અથવા અવયવ તે 'દ્રવ્ય' કહેવાય... દ્રવ્યો એ અવાંતર - ગૌણ, ન્યૂન સત્તા રૂપ હોવાથી, જે મહાસત્તા છે તેના અવયવ અને વિકારરૂપ છે. આ ત્રણ અર્થો વ્યુત્પત્તિથી - વ્યાકરણની અપેક્ષાએ કહેલાં છે. તથા (૪) રૂપ, રસ, ગંધ વગેરે ગુણો છે. તે ગુણોનો 'સંદ્રાવ' (**संद्रवणं संद्रावः**) એટલે સમુદાય - તે 'દ્રવ્ય'... ઘટાદિ પદાર્થો રૂપાદિ ગુણોના સમૂહરૂપ હોવાથી 'દ્રવ્ય' છે. તેમજ (૫) ભાવ એટલે વસ્તુનો ભવિષ્યમાં થનારો પર્યાય/અવસ્થા... આવા વસ્તુના ભાવિ પર્યાયને જે ભવ્ય = યોગ્ય હોય તે પણ 'દ્રવ્ય' કહેવાય... ભવિષ્યમાં રાજ્યના શાસક - પર્યાયને યોગ્ય વર્તમાન કુમારની જેમ. આ અર્થ પ્રમાણે વસ્તુનું જે ઉપાદાન - કારણ હોય તે 'દ્રવ્ય' કહેવાય... જેમ કે ઘડા પ્રત્યે માટી એ દ્રવ્ય-ઘડો કહેવાય... (૬) તથા વસ્તુનો જે પર્યાય ભૂતકાળ બની ગયો હોય તે પણ 'દ્રવ્ય' કહેવાય... જેમ કે કોઈ ઘીનો ઘડો, જેણે ભૂતકાળમાં ઘીના આધાર રૂપ પર્યાયનો અનુભવ કરેલો હોય, અર્થાત્ ભૂતકાળમાં ઘીનો આધાર બનેલો હોય પણ હમણાં ખાલી હોય તેમ છતાંય તે દ્રવ્ય ઘૃત-ઘટ - ઘીનો ઘડો કહેવાય છે... અહીં ગાથામાં **च** શબ્દ છે, તેનાથી વસ્તુના ભૂત અને ભાવિ બન્નેય પર્યાયોને 'દ્રવ્ય' કહેવાય એમ અર્થ જાણવો...

અહીં જે ભૂત પર્યાયવાળી અને ભૂત-ભાવિ-પર્યાયવાળી વસ્તુ છે, તે કેવી હોય તો 'દ્રવ્ય' કહેવાય ? તે જણાવે છે કે, જે યોગ્ય (**जं जोग्गं**) હોય તેવી ભૂતપર્યાયવાળી અને ભૂતભાવિ પર્યાયવાળી વસ્તુ 'દ્રવ્ય' કહેવાય, નહિતર યોગ્ય ન હોય તો દ્રવ્ય ન કહેવાય. ટૂંકમાં, જે ભાવિ કાર્યના કારણના કારણરૂપે યોગ્ય હોય અથવા ભૂતકાળમાં કારણ બનેલું હોય તે નજીકના પર્યાયને 'દ્રવ્ય' કહેવાય. દા.ત. જે ઘીનો ઘડો હાલ ખાલી હોય પણ ભૂતકાળમાં ઘી ભરેલું હતું અથવા ભવિષ્યમાં ઘી ભરાશે તો તે 'દ્રવ્ય' ઘૃત - ઘટ કહેવાય... કોઈ 'વાહન' પેટ્રોલના અભાવ આદિ કારણે હાલમાં વહન કરતું નથી તો પણ ભૂત-ભવિષ્યમાં વહન કરેલું/કરશે તો તે દ્રવ્ય-વાહન કહેવાય... આ પ્રમાણે ખાલી મકાન વગેરે ઉદાહરણો પણ વિચારવા...

જો 'યોગ્ય-પર્યાય' એમ ન કહીએ તો દરેક દ્રવ્યોએ ભૂતકાળના અનંતકાળમાં સર્વપર્યાયો અનુભવેલાં છે અને ભવિષ્યમાં અનુભવ કરશે, આથી તો બધાં જ પુદ્ગલો (હાલમાં યોગ્ય હોય કે અયોગ્ય હોય તે બધાં જ) 'દ્રવ્ય' માનવાનો પ્રસંગ આવશે... માટે 'યોગ્ય' (= નજીકના) એવું કહેલું છે...

આ પ્રમાણે 'દ્રવ્ય' શબ્દના વિવિધ અર્થને જણાવતી પૂર્વોક્ત વિશેષાવશ્યક-ભાષ્યની ગાથાનો અર્થ **પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી** કૃત ટીકાના આધારે વિચાર્યો... આ જ અર્થની વિચારણા સંક્ષેપથી સિદ્ધસેનીયા ટીકામાં પણ કરેલી છે...

જે ભૂત અને ભાવિ પર્યાયનું કારણ હોય તે 'દ્રવ્ય' કહેવાય, કારણ કે **भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके, 'तद् द्रव्यम्'** એ પ્રમાણે ઉક્તિથી 'કારણ' ને પણ 'દ્રવ્ય' કહેવાય છે, એ અપેક્ષાએ પ્રથમ ઉદાહરણમાં રાજપુત્રને દ્રવ્ય - રાજા કહેલ છે... તથા શિલા-તળે ત્યજી દેવાયેલ સાધુના શરીરને પણ 'દ્રવ્ય સાધુ' કહેવાય.

આ ઉપરાંત 'ઉપયોગ' અને 'ક્રિયા'એ બે અર્થમાં પણ દ્રવ્ય શબ્દ વપરાય છે... અહીં ઉપયોગ શબ્દના બે અર્થ થઈ શકે, એક છે - જ્ઞાનાદિ ઉપયોગ અને બીજો અર્થ છે 'વપરાશ', ઉપયોગી થવું... આમાં પ્રથમ અર્થની વિચારણા કરીએ તો જે વ્યક્તિ 'જીવ', 'મંગલ' આદિ પદાર્થને જાણનારો હોય પણ તેમાં ઉપયોગવાળો ન હોય તો આગમની (જ્ઞાનની) અપેક્ષાએ 'દ્રવ્યજીવ' અથવા દ્રવ્ય-મંગલ કહેવાય, કારણ કે **अनुपयोगो द्रव्यम्...** જેમાં ઉપયોગ ન હોય તે વચન, ક્રિયા અને લબ્ધિ રૂપ જ્ઞાન વગેરે વસ્તુ પણે દ્રવ્ય કહેવાય. ટીકામાં પણ જીવ શબ્દનો નિક્ષેપ કરતી વખતે 'દ્રવ્ય જીવ'ના ભાંગાની અન્ય આચાર્યના મતે વિચારણા કરતી વેળાએ આ અર્થ આગળ જણાવેલ છે.

અથવા નોઆગમથી (આગમ-નિષેધની અપેક્ષાએ) વિચારીએ તો તેવા 'જીવાદિ' અર્થને ભવિષ્યમાં જાણનારનું શરીર અથવા ભૂતકાળમાં જાણેલું છે પણ હાલમાં જાણનાર નથી, તેવા આત્માનું મૃત શરીર પણ 'દ્રવ્ય-જીવ' કહેવાય... જો કે, પ્રસ્તુતમાં વિસ્તારના ભયથી... અથવા ખાસ ઉપયોગી ન હોવાથી આ અર્થ ટીકામાં વિસ્તારથી લીધો નથી... આનો વિશેષ વિસ્તાર આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોથી જાણવો.

ઉપયોગનો બીજો અર્થ 'વપરાશ' છે. જે વસ્તુ જે ઉપયોગ માટે = વપરાશ માટે બનાવી હોય તે ઉપયોગમાં ન આવતી હોય તો 'દ્રવ્ય' કહેવાય. અર્થાત્ વસ્તુ પોતાની અર્થક્રિયાનું = કાર્યનું સંપાદન કરવા સમર્થ ન બને તો તે 'દ્રવ્ય' કહેવાય...

**દા.ત. ઘી, પાણી, વગેરે ભરવા માટે ઘડો બનાવાય છે... માટે ઘડાનો ઉપયોગ પાણી વગેરે ભરવા માટે થાય છે. હવે જો તે ઘડો ખાલી હોય, પાણી વગેરેના વપરાશમાં આવતો ન હોય તો**

**દ્રવ્ય-ઘડો કહેવાય... દ્રવ્ય એટલે યોગ્ય... પાણી ભરી શકાય તેવો છે... પણ ખાલી છે માટે દ્રવ્ય કહેવાય... જો તે પાણીને ધારણ કરવાનું =** પાણીનો આધાર બનવાનું કામ કરે તો ઉપયોગી બનવાથી ભાવ-ઘટ = ભાવથી ઘડો કહેવાય...

પ્રસ્તુતમાં ટીકાકારે દ્રવ્યનો ઉપયોગ અને ક્રિયા રૂપ અર્થ જણાવીને તેના દૃષ્ટાંત તરીકે (i) ચિત્રકાર અને (ii) ઘૃતઘટ કહેલ છે... એ બે અર્થોના ક્રમશઃ બે દૃષ્ટાંતો છે એમ કહી શકાય છે. દા.ત. સૂતેલો ચિત્રકાર એ વર્તમાનમાં 'ચિત્રમાં' ઉપયોગવાળો નથી, પણ ભૂતકાળમાં ચિત્રમાં ઉપયોગવાળો હતો એ અપેક્ષાએ દ્રવ્ય ચિત્રકાર કહેવાય... આમ ચિત્રનો જાણકાર છતાં ચિત્રમાં 'ઉપયોગરહિત તે દ્રવ્ય કહેવાય' એ અપેક્ષાએ અહીં સૂતી વખતે ચિત્રમાં જ્ઞાનનો ઉપયોગ ન હોવાથી 'દ્રવ્ય' ચિત્રકાર કહેવાય... અથવા તો ચિત્ર દોરવું - તે ચિત્રકારની અર્થક્રિયા છે, મુખ્ય કાર્ય છે સૂતેલી અવસ્થામાં તે અર્થક્રિયામાં પ્રવર્તતો ન હોવાથી દ્રવ્ય-ચિત્રકાર કહેવાય છે...

ઘૃત-ઘટના દૃષ્ટાંતમાં પણ આ રીતે બેય અર્થ ઘટી શકે છે. જે વ્યક્તિ 'ઘૃત-ઘટ' (ઘીના ઘડાને) જાણતો હોય છે લબ્ધિ છે, પરંતુ તેમાં ઉપયોગ વિનાનો હોય તો (કદાચ ઘૃત-ઘટની પ્રરૂપણા કરતો હોય તો પણ) તે વ્યક્તિ દ્રવ્ય-ઘૃત-ઘટ કહેવાય... તથા 'ક્રિયા'ની અપેક્ષાએ જોઈએ તો જે ઘૃત-ઘટ હાલમાં ખાલી છે, એટલે કે ઘીને ધારણ કરવાની પોતાની અર્થક્રિયામાં પ્રવર્તતો નથી, માટે તે દ્રવ્ય-ઘૃત-ઘટ કહેવાય... આવા ઘૃત-ઘટ ભૂતકાળમાં ઘીનો આધાર બનેલ હોય અથવા ભવિષ્યમાં આધાર બનવાનો હોય તેમ છતાં પણ વર્તમાનમાં ખાલી હોવાથી દ્રવ્ય-ઘૃતઘટ કહેવાય... જો તેમાં ઘી ભરેલું હોય અર્થાત્ વર્તમાનમાં ઘૃતનો આધાર બનતો હોત તો ભાવથી ઘૃત-ઘટ કહેવાય એમ જાણવું.

**સૂ.૫, પૃ.૧૧૨, પં.૨૮ ટીકામાં જે કહ્યું કે, इतिना स्वरूपे जीवशब्दः स्थाप्यते । जीव इति** - એમાં '**इति**' પદથી '**जीव**' શબ્દ 'સ્વરૂપ' અર્થમાં સ્થપાય છે, નિશ્ચિત કરાય છે. 'સ્વરૂપ' એટલે '**जीव**' એવો શબ્દાત્મક/વર્ણાત્મક પદાર્થ એ '**जीव**' પદથી કહેવાય છે.

કહેવાનો ભાવ એ છે કે, કોઈપણ શબ્દની શક્તિ પોતાનો (i) વાચ્ય (મુખ્ય) અર્થ જણાવવાની છે, તેમ (ii) શબ્દ પોતે પોતાના શબ્દાત્મક સ્વરૂપને પણ જણાવે છે અને (iii) તેનાથી થતાં જ્ઞાનને પણ જણાવે છે. અને (iv) તે શબ્દના જીવના પર્યાય શબ્દો આત્મા, ચેતન વગેરેનો પણ બોધ થઈ શકે છે. પ્રસ્તુતમાં '**जीव**' શબ્દથી જેમ તેનો વાચ્ય-અર્થ ચેતના-યુક્ત (પ્રાણ-ધારણ કરનાર) પદાર્થ વગેરે જણાય છે, તેમ 'જીવ' એ પ્રમાણે શબ્દાત્મક (સ્વરૂપ) અર્થ પણ જણાય છે... માટે અહીં કયો અર્થ લેવો ? તેનો '**इति**' શબ્દથી નિર્ણય કરાય છે કે, '**जीव**' એ પ્રમાણે શબ્દાત્મક અર્થ લેવો... પરંતુ 'જીવ' શબ્દથી તેનો વાચ્ય અર્થ (ચેતન-પદાર્થ) ન લેવો...

તથા ટીકામાં **स नामजीव** : એનો અર્થ કરતાં કહ્યું છે કે, તે (**जीव** એવો) શબ્દ જ 'નામજીવ' કહેવાય છે, **तद्वस्तूपाधिक इति ।** = કારણ કે તે '**जीव**' શબ્દ એ તેનાથી અભિધાન કરાતાં, કહેવાતાં પદાર્થનું વિશેષણ (ઉપાધિ) છે, ધર્મ છે. 'જીવ' શબ્દ જે અર્થનું નામ રખાયું છે, તે ચેતન (ગોપાલના પુત્ર વગેરે) અથવા અચેતન (મકાન વગેરે) વસ્તુ 'જીવ' શબ્દથી જણાતી હોવાથી 'જીવ' એ તે વસ્તુનો ઉપાધિ = ધર્મ/પર્યાય/વિશેષણ બની જાય છે. દા.ત. 'જીવાભાઈ' અહીં આવો' એમ કહેવાતાં ઘણા પુરુષોમાંથી જેનું નામ 'જીવાભાઈ' રાખ્યું હશે તેનો જ બોધ થશે અને તે જ પાસે આવશે... અથવા તો ઘણા બધા 'હોલ' હોય તેમાં 'જીવાભાઈ હોલમાં' (વ્યાખ્યાન છે) એમ કહેવાતાં અમુક ચોક્કસ 'હોલ'નું (મકાનનું) જ જ્ઞાન થશે - કારણ કે, 'જીવાભાઈ' એ પ્રમાણે તે પુરુષ અથવા મકાનનું નામ રાખેલું છે, આથી 'જીવાભાઈ' શબ્દ એ (જીવાભાઈ નામવાળા) પુરુષ અથવા મકાનનું વિશેષણ અર્થાત્ પર્યાય અથવા ધર્મ બને છે...

આ જ હકીકતની પુષ્ટિ માટે શાસ્ત્ર-પ્રસિદ્ધ ન્યાય જણાવતાં સિદ્ધસેનીયા ટીકામાં જણાવ્યું છે કે, **अर्थाभिधानप्रत्ययाः तुल्यनामधेयाः इति न्यायात् ।** 'અર્થ, અભિધાન (શબ્દ) અને પ્રત્યય (જ્ઞાન, બોધ, સંવેદન) એ તુલ્ય નામવાળા હોય છે.' એવા ન્યાયથી કોઈપણ શબ્દથી જેમ તેના મુખ્ય અર્થનો બોધ થાય છે, તેમ પોતાનો = શબ્દાત્મક સ્વરૂપનો પણ બોધ થાય છે. અને એ શબ્દાત્મક વર્ણાવલિકા = **क, ख** વગેરે (પ્રસ્તુતમાં **ज्, ई, व्, अ = जीव** રૂપ) વર્ણ સમૂહ એ નામ-જીવ કહેવાય છે.

આ 'નામ-જીવ'ના બે અર્થ થાય છે. એક 'નામ વડે જીવ' એટલે નામમાત્રથી - ફક્ત નામથી જ 'જીવ'. દા.ત. જીવ એવું નામ કોઈ અચેતન મકાનનું રાખ્યું હોય, જેમ કે, 'જીવાભાઈ હોલ' તો તેમાં ચેતનાપણું નથી, તેમ છતાંય 'જીવ' નામ રાખ્યું, માટે તે 'જીવ' કહેવાય... નામ માત્રથી જીવ... તેમાં ચેતના-અર્થ કહેવાતો નથી... તે અર્થની અપેક્ષા વિના જ જેનું 'જીવ' વગેરે નામ રાખ્યું હોય તે નામમાત્રથી જીવ = નામ - જીવ કહેવાય. તથા 'નામજીવ'નો બીજો અર્થ છે, નામરૂપ જીવ... અર્થાત્ 'જીવ' એવું જે વર્ણ સમૂહાત્મક નામ છે, તે પણ 'નામ-જીવ' કહેવાય... અહીં પણ મુખ્ય અર્થની અપેક્ષા નથી.. આ નામ-જીવ પર્યાયવાચી શબ્દથી કહી શકાતો નથી... અર્થાત્ જેનું 'જીવાભાઈ' નામ રાખ્યું તેને 'ચેતન'ભાઈ કહી શકાય નહીં. આ 'જીવ' શબ્દનો ખરો = સદ્ભૂત અર્થ તો 'ઇન્દ્રિયાદિ પ્રાણોને ધારણ કરનાર સચેતન વસ્તુ થાય, પણ વિવક્ષાથી - સંકેત માત્રથી તે 'જીવ' શબ્દ જીવ-અજીવ કોઈના નામ તરીકે રાખી શકાય છે અને ત્યારે જેનું નામ રાખ્યું હોય તે જ અર્થ 'જીવ' શબ્દથી જણાય છે, પણ 'પ્રાણી' રૂપ અર્થ જણાતો નથી...

વળી આ 'જીવ' આદિ શબ્દોનો તો કોઈને કોઈ અર્થ લોકમાં પ્રસિદ્ધ છે, મુખ્ય અર્થ તરીકે

રૂઢ છે... પણ કદાચ કોઈ શબ્દો એવા હોય કે તેનો કોઈ અર્થ જ ન હોય, તેવા 'ડિત્થ', 'ડવિત્થ' વગેરે શબ્દો પણ જો કોઈના ગોવાળના પુત્ર વગેરેના નામ તરીકે સંકેતિત કરાય, તો તે પણ 'નામ' કહેવાય... આ 'ડિત્થ' વગેરે શબ્દનો બીજા કોઈ અર્થ નથી. આને યાદચ્છિક શબ્દ કહેલ છે અને તે પણ કોઈનું નામ રાખી શકાય છે. પણ આ હકીકત મૂળસૂત્રમાં સાક્ષાત્ નથી, કિંતુ આ હેમચંદ્રસૂરિકૃત ટીકામાં આવો 'નામનો' પ્રકાર પણ જણાવેલો છે, જો કે તે અલ્પ ઉપયોગી છે, માટે ખાસ પ્રસિદ્ધ નથી.

હવે મૂળ વાત ઉપર આવીએ... ટીકામાં **અર્થાભિધાન૦** એ ન્યાયથી (૧) અર્થ (પદાર્થ), (૨) અભિધાન (શબ્દ) અને પ્રત્યય (જ્ઞાન, સંવેદન) એ તલ્ય નામવાળા હોવાથી અર્થાત્ એના નામો તુલ્ય હોવાથી '**जीव**' શબ્દ એ પણ તેના અર્થનો (પદાર્થનો) ધર્મ છે એમ કહેલું છે, એ જ વિધાનને વધુ સ્પષ્ટ રીતે વિચારવાનું છે. જે વસ્તુનો જે ધર્મ હોય તે ધર્મ તે વસ્તુ સાથે અવશ્ય સંબંધ ધરાવતો હોય છે. 'શબ્દ' વગેરે એ જો વસ્તુના ધર્મ હોય તો તેનો પણ તે તે વસ્તુ સાથે અવશ્ય સંબંધ હોવો જોઈએ. અને આ વાત ઉક્ત ન્યાયથી જણાવી છે, તે આ પ્રમાણે - લોકમાં તળિયા અને વચ્ચેના ભાગે પહોળા આકારવાળા ઘડાને જોઈને કોઈ પૂછે કે,

(૧) પ્રશ્ન : આ શું દેખાય છે ? તો કહેશે, જવાબ : 'ઘટ' દેખાય છે. અથવા પૂછે છે કે, (૨) પ્રશ્ન : આ માણસ શું કહે છે ? જવાબ : 'ઘટ'ને (= 'ઘટ' શબ્દને) કહે છે. અથવા પૂછે કે (૩) પ્રશ્ન : આના મનમાં શું (જ્ઞાન) સ્ફુરે છે ? શું જણાય છે ? તો કહેશે જવાબ : ઘટ... (ઘડો જણાય છે.)

આમ ત્રણેય પ્રશ્નનો જવાબ 'ઘટ' આવવાથી નક્કી થાય છે કે, જે અર્થ (પદાર્થ) છે, તે પણ ઘટ છે, જે અભિધાન = ઘડાનો વાચક શબ્દ છે, તે પણ 'ઘટ' કહેવાય અને જે આત્મામાં ઘડાનું જ્ઞાન થાય છે, તે પણ 'ઘટ' કહેવાય... આથી (૧) અર્થ (૨) શબ્દ અને (૩) જ્ઞાન એ તુલ્ય - નામ(શબ્દ)વાળા થયા...

આમ '**जीव**' શબ્દથી જેમ ચેતનાયુક્ત પદાર્થનો બોધ થાય છે, તેમ '**जीव**' એવા શબ્દનો પણ બોધ થાય છે... તે નામ-જીવ કહેવાય... વળી નામ-જીવથી, જીવ એવું જેનું નામ રાખેલું હોય તે વ્યક્તિ અથવા 'મકાન' વગેરેનો જ બોધ થાય છે, પણ સામાન્યથી પ્રાણોને ધારણ કરનારનો બોધ થતો નથી... 'પ્રાણોને ધારણ કરનાર' એવો અર્થ 'જીવ' શબ્દથી જ્યારે કહેવાય, ત્યારે તે 'ભાવ' જીવનો બોધ કરાવે છે અને તેનાથી સર્વપ્રાણીઓનો સામાન્યથી બોધ થાય છે, પણ કોઈનું 'નામ' રાખ્યું હોય એવું નથી, માટે 'નામ-જીવ' ન કહેવાય... હા, ત્યારે પણ 'જીવ'નો વર્ણાત્મક 'શબ્દ'... અર્થ કરાય ત્યારે 'નામ-જીવ' કહેવાય...

'શબ્દ'રૂપ જે વસ્તુનું નામ છે એ તે તે વસ્તુ સ્વરૂપ છે, કારણ કે તે શબ્દથી તે તે વસ્તુનો

બોધ થાય છે... જેમ કે, ઘડાના 'રૂપ' વગેરે સ્વધર્મોથી ઘડો જણાય છે, તેમ 'ઘટ' શબ્દથી પણ પટનો નિષેધ થવા પૂર્વક ઘડાનો જ બોધ થાય છે, એમ અનુભવાય છે... માટે ઘટ-શબ્દ એ દરેક ઘડારૂપ વસ્તુનો ધર્મ છે... ઘટ-શબ્દ એ પટ-પદાર્થનો ધર્મ નથી માટે તેનાથી પટનો બોધ થતો નથી... આમ જે પણ વસ્તુ વિશ્વમાં વિદ્યમાન છે, તેનો વાચક કોઈને કોઈ શબ્દ હોય જ છે, અને જે વસ્તુ ન હોય, દા.ત. પાંચ ભૂત (પૃથ્વી, આદિ) ઉપરાંત છઠ્ઠું 'ભૂત' દુનિયામાં નથી, માટે તેનો બોધ કરવાનાર શબ્દ પણ વિદ્યમાન નથી.

આમ શબ્દ રૂપ 'નામ' એ પણ તે તે શબ્દથી વાચ્ય તે તે પદાર્થોનો ધર્મ છે, એ વાતનું સમર્થન થવાથી નામ-નિક્ષેપ એ વસ્તુના ધર્મ તરીકે સાબિત થાય છે... આ જ પ્રમાણે વસ્તુનો આકાર/આકૃતિ અને વસ્તુના કારણભૂત દ્રવ્ય એ પણ વસ્તુનો ધર્મ છે તથા 'ઘટાદિ વસ્તુનો જે ભાવ = જલ-ધારણ વગેરે (અર્થક્રિયા) એ તો વસ્તુનો ધર્મ હોવામાં કોઈ પ્રશ્ન જ નથી. આ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારેય નિક્ષેપો વસ્તુમાત્રના ધર્મ છે એ પણ સિદ્ધ થાય છે. આ હકીકતને સિદ્ધ કરતાં **શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્યમાં** નીચે પ્રમાણે શ્લોક કહે છે. **नामाइभेअसद्दत्थ-बुद्धिपरिणामभावओ निययं । जं वत्थुमत्थि लोए चउपज्जायं तयं सव्वं ॥ ७३ ॥**

ઘટ પટ વગેરે જે કોઈ વસ્તુ લોકમાં દેખાય છે, તે દરેક વસ્તુ નિશ્ચિતપણે ૧. નામ, ૨. સ્થાપના (આકૃતિ) ૩. દ્રવ્ય અને ૪. ભાવ એ ચાર પર્યાયવાળી છે અર્થાત્ ઉક્ત ચાર ધર્મોવાળી છે... પરંતુ જે રીતે નામ આદિ નિક્ષેપો કહે છે કે, વસ્તુ માત્ર નામરૂપ જ છે, અથવા સ્થાપના આકાર-રૂપ જ છે, અથવા દ્રવ્ય રૂપ જ કે ભાવાત્મક જ છે, એવું નથી... પણ ચારેય ધર્મો દરેક વસ્તુમાં હોય છે.

પ્રશ્ન : વસ્તુમાત્ર ચારેય પર્યાય (=નિક્ષેપ, ધર્મ)વાળી છે, એવું શાથી જણાય છે ?

જવાબ : નામાદિ ભેદોમાં = એટલે કે એકત્વરૂપ = અભેદરૂપ પરિણામવાળા જે ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય અને ૪. ભાવ એ ચારેય વસ્તુ-ધર્મોમાં (૧) શબ્દ (૨) અર્થ અને (૩) બુદ્ધિ (= પ્રત્યય, જ્ઞાન) એ ત્રણેય પરિણામ (પરિણતિ)નો સદ્ભાવ હોવાથી જણાય છે કે, તમામ વસ્તુ નામાદિ ચાર પર્યાયથી યુક્ત છે... કારણ કે, જ્યાં પણ શબ્દ-અર્થ-પ્રત્યય એ ત્રણ પરિણામનો સદ્ભાવ હોય તે તમામ પદાર્થો નામાદિ ચાર પર્યાયવાળા હોય છે. વળી જો આ નામાદિ ચાર પર્યાયોનો (ધર્મોનો) અભાવ હોય, તો શબ્દાદિ રૂપ (ત્રણ) પરિણામનો સદ્ભાવ પણ જણાતો નથી. દા.ત. સસલાનું શિંગડું... આમાં નામાદિ પર્યાયોનો (ધર્મોનો/અવસ્થાઓનો) અભાવ હોવાથી તેના શબ્દ, અર્થ અને જ્ઞાનરૂપ ત્રણ પરિણામો પણ હોતાં નથી... (i) શબ્દ (ii) અર્થ અને (iii) પ્રત્યય (જ્ઞાન)નું સ્વરૂપ અને તેના નામો (શબ્દો) સમાન હોય છે, એ પૂર્વે જણાવેલું જ છે.

કહેવાનો ભાવ એ છે કે, પરસ્પર એકબીજાથી યુક્ત એવા નામાદિ ચાર નિક્ષેપ સ્વરૂપ હોય એવી જ વસ્તુ વિષે તેનું અભિધાન કરનાર = કહેનાર/બોધ કરાવનાર તરીકે ઘટાદિ શબ્દનો પરિણામ (ધર્મ) દેખાય છે. તથા પૃથુબુધ્નોદર (તળિયે તથા મધ્ય ભાગમાં પહોળો)રૂપ આકાર સ્વરૂપ ઘટાદિ અર્થનો (પદાર્થનો) પણ પરિણામ નામાદિ ચાર રૂપે વસ્તુમાં જ પ્રાપ્ત થાય છે... અને બુદ્ધિને પણ જે તેના (ઘટાદિના) આકારના ગ્રહણ (જ્ઞાન) રૂપ પરિણામ થાય છે, તે નામાદિ ચાર સ્વરૂપ વસ્તુ વિષે જ થાય છે...

આવું જે દેખાય છે, તે ભ્રાંત છે, એમ ન કહેવું, કારણ કે, આ પ્રમાણે નામાદિ ચાર રૂપ જ વસ્તુમાં શબ્દાદિનો પરિણામ (પરિણતિ) થવામાં કોઈ બાધ આવતો નથી... અને જે દેખાતી ન હોય તેવી શંકા વડે અનિષ્ટ = વિરોધી પદાર્થની કલ્પના કરવી તે યોગ્ય નથી. આમ કરવામાં તો દરેક ઠેકાણે તેની ફોગટ કલ્પના કરવામાં અતિપ્રસંગ આવે, કેમ કે, સ્પષ્ટપણે સિદ્ધ થતાં-દેખાતાં પદાર્થમાં ય તેવી કલ્પના થવા માંડશે...

પણ આમ કરવું બરોબર નથી. કારણ કે સૂર્યાસ્ત થયે રાત્રિ અને સર્યોદય થતાં દિવસ ઉગતો જે દેખાય છે, આવી પ્રત્યક્ષ વસ્તુઓમાં બાધકની સંભાવના/કલ્પના વડે તેની ઉલટી રીતે કલ્પના કરવી તે કોઈ રીતે સંગત થતી નથી. તથા પ્રસ્તુતમાં પણ તેવી વસ્તુનું (નામાદિ ચાર પર્યાયવાળી વસ્તુના શબ્દાદિ પરિણામનું) દર્શન અને ઉલટી વસ્તનું અદર્શન સિવાય બીજું કોઈ પ્રમાણ ઉક્ત વસ્તુનો નિશ્ચય કરનાર તરીકે અમે જોતાં નથી... માટે નિષ્કર્ષ/ નિગમન એ જ કે, એક અભેદરૂપ પરિણતિથી યુકત એવા નામાદિ - ભેદ (પ્રકાર)વાળી વસ્તુમાં જ શબ્દાદિનો (અર્થના વાચકપણા વગેરે રૂપ) પરિણામ દેખાવાથી સર્વ વસ્તુ નામાદિ - ચાર - પર્યાયવાળી જ છે, એમ સ્થિર થાય છે...

**શંકા : જો સર્વ વસ્તુ નામાદિ ચાર પર્યાયવાળી હોય, તો શું નામ વગેરેનો પરસ્પર ભેદ છે જ નહીં ? સમાધાન : એવું નથી, પૂર્વે જે ભિન્ન સ્વરૂપવાળા નામાદિ ધર્મો કહેલા છે, તે પોતાના આશ્રયભૂત ઘટાદિ વસ્તુનો ભેદ અને સંઘાત** = સંગ્રહ કરનારા છે. અર્થાત્ કોઈ અપેક્ષાએ ભેદ કરનારા/જુદા પાડનારા છે અને કોઈ અપેક્ષાએ સંઘાત કરનારા = અભેદ કરનારા, જોડનારા છે, અને આ રીતે નામાદિ ધર્મો પ્રત્યેક વસ્તુમાં જોડવા, લગાડવા...

**પ્રશ્ન : ભેદ કરનારા શી રીતે કહેવાય ?**

**જવાબ : આ રીતે, દા.ત. કોઈ માણસ વડે 'इन्द्र'** એવું નામ ઉચ્ચારાયે છતે અન્ય વ્યક્તિ પૂછે છે કે, શું આ માણસ વડે નામ-ઈન્દ્ર વિવક્ષિત છે, કહેવાને ઈચ્છાયેલ છે ? કે સ્થાપના-ઈન્દ્ર, દ્રવ્ય-ઈન્દ્ર કે ભાવ-ઈન્દ્ર ? ત્યારે તે કહેશે કે નામ-ઈન્દ્ર, વિવક્ષિત છે ? અર્થાત્ આના વડે નામ-ઈન્દ્રનું ઉચ્ચારણ કરાયું છે. ફરી કોઈ પ્રશ્ન પૂછે છે કે, શું તે નામ-ઈન્દ્ર પણ 'દ્રવ્યથી'

ગોવાળનો પુત્ર છે ? કે ખેડૂત-ક્ષત્રિય-બ્રાહ્મણ-વૈશ્ય-શુદ્રનો પુત્ર છે ? આમ નામ-ઈન્દ્રના પણ દ્રવ્યથી ઘણા ભેદો પડે છે... ક્ષેત્રથી પણ વિચારાય તો શું તે નામ-ઈન્દ્ર ભરત-ક્ષેત્રનો છે, ઐરવત ક્ષેત્રનો છે કે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારો છે ? કાળથી પણ વિચાર કરતાં તે ભૂતકાળમાં થયેલ, વર્તમાનકાળમાં વિદ્યમાન છે કે ભવિષ્યકાળમાં થનારો છે ? ભાવથી પણ શું તે કૃષ્ણવર્ણવાળો છે, ગૌરવર્ણવાળો છે, દીર્ઘ (લાંબો) છે, અથવા નાનો છે ? આમ એક જ નામ-ઈન્દ્રના આશ્રયરૂપ અર્થ/પદાર્થ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી યુક્ત બને છે ત્યારે અનંત-ભેદવાળો થાય છે...

આ જ પ્રમાણે સ્થાપના, દ્રવ્ય અને ભાવના આશ્રય રૂપ 'ઈન્દ્ર' વગેરે અર્થો ઉપર કહ્યા મુજબ પ્રત્યેકના અનંત ભેદોને કહેવા... આ પ્રમાણે આ નામ વગેરે ધર્મો પોતાના આશ્રય રૂપ 'ઈન્દ્ર' વગેરે વસ્તુના ભેદને કરનારા છે, એમ સમજવું...

**પ્રશ્ન : આ નામાદિ - ધર્મો (નિક્ષેપો) પોતાના આશ્રયરૂપ વસ્તુનો અભેદ કરનાર/સાધનારા કેવી રીતે બને ?**

**જવાબ : આ તો સરળ વાત છે, જ્યારે એક જ (ઈન્દ્ર વગેરે) વસ્તુમાં નામાદિ ચારેય જણાય છે, પ્રતીત થાય છે, ત્યારે વસ્તુનો અભેદ કરનારા/સાધનારા છે... તે આ પ્રમાણે એક જ શચીપતિ વગેરે અર્થમાં 'ઈન્દ્ર' એવું જે શબ્દાત્મક નામ છે, તે નામ-ઈન્દ્ર તથા તેનો આકાર તે 'સ્થાપના', ઉત્તરાવસ્થાનું કારણ હોય તે 'દ્રવ્ય' કહેવાય અને દિવ્યરૂપ, સંપત્તિ, વજ્રધારણ, પરમૈશ્વર્યાદિ સંપન્ન હોવું, તે ભાવ-ઈન્દ્ર કહેવાય. આમ નામાદિ ચારેય ધર્મોની પ્રતીતિ થાય છે.**

આ કારણથી પોતાના આશ્રય(આધાર)ભૂત વસ્તુનો ભેદ અને સંઘાત (અભેદ) બન્ને યને કરનારા અને પરસ્પર ભિન્ન સ્વરૂપ (લક્ષણ)વાળા નામાદિ ચાર ધર્મોને (i) ઉત્પાદ (ii) **વ્યય અને (iii) ધ્રૌવ્ય** = ધ્રુવતા/સ્થિરતા રૂપ ધર્મોની જેમ દરેક વસ્તુમાં જોડવા, લગાડવા અર્થાત્ વિચારવા.

ઉપરોક્ત અર્થનું નિરૂપણ જેના આધારે અમે કરેલું છે, તે વિશેષાવશ્યક ભાષ્યનો શ્લોક આ પ્રમાણે છે, **इय सव्वभेयसंघायकारिणो भिन्न लक्खणा एते । उप्पाया इतियं पिव धम्मा पइवत्थुमाउज्जा ॥ ७४ ॥**

**સૂ.૭, પૃ.૧૬૮, પં.૨૪** દ્રવ્યાદિ પાંચ વસ્તુને આશ્રયીને ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે અર્થાત્ દ્રવ્યાદિની ક્ષયોપશમ ઉપર અસર થાય છે. તે (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) ભાવ અને (૫) ભવ એમ પાંચ નિમિત્તો છે. આમાં ય ભાવ અને ભવ પ્રધાન નિમિત્તો છે.

**સૂ.૭, પૃ.૧૭૬, પં.૨૨ निर्देशस्वामित्व० ( १-७ )** સૂત્રના ત્રીજા સાધન-દ્વારના ભાષ્યમાં "નિસર્ગ-સમ્યગ્દર્શન અને અધિગમ-સમ્યગ્દર્શન એ બન્ને યની પ્રાપ્તિ 'તદાવરણીય' કર્મના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ વડે થાય છે." એમ કહ્યું. અહીં **तद्** થી રુચિ સ્વરૂપ જ્ઞાનના આવરણીય કર્મ તરીકે **સિદ્ધસેનીયા** ટીકામાં મતિજ્ઞાનાદિ-આવરણીય કર્મ કહેલું છે અને અનંતાનુબંધી કષાય આદિના ઉપશમ વગેરેને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમાદિના નિમિત્ત તરીકે કહેલું છે. આથી સમ્યગ્દર્શન ઉપશમ વડે થતું હોવાનો વ્યવહાર કરાય છે. કારણ કે ભાષ્યમાં 'આવરણીય' શબ્દ વાપરેલો છે અને તેનો વ્યવહાર જ્ઞાન-દર્શનાવરણીય-કર્મ સિવાય પ્રાયઃ થતો નથી. આ પ્રમાણે સિદ્ધસેનીયા ટીકાનો અભિપ્રાય છે.

**યશોવિજયીયા** ટીકામાં પણ પૂર્વે પ્રથમસૂત્રની ટીકામાં વિચારણા કર્યા મુજબ નિમિત્ત તરીકે જ અનંતાનુબંધી આદિ કર્મને સમ્યગ્દર્શનનું આવરણ કહેલું છે પણ સાક્ષાત્ આવરણ કહ્યું નથી.

**હારિભદ્રી** ટીકામાં 'તદાવરણીય' કર્મ તરીકે અનંતાનુબંધી આદિ કર્મનું ગ્રહણ કરેલું છે. તેના ઉપશમાદિ વડે તત્ત્વાર્થ-શ્રદ્ધાન સ્વરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, એમ કહેલું છે. આ પ્રમાણે હારિભદ્રી ટીકામાં અનંતાનુબંધી આદિ કર્મને સીધું જ સમ્યગ્દર્શનનું આવરણ કહેલું છે.

આગળ જતાં હારિભદ્રી વૃત્તિમાં રુચિના આવરણીય કર્મ તરીકે જ્ઞાનાવરણનો સ્વીકાર કરનારાઓનું **'अत्र कश्चिदाह'** કહીને ખંડન કરેલું છે. તે આ પ્રમાણે - અહીં કોઇ અન્ય આચાર્ય આ પ્રમાણે કહે છે કે **(પૂર્વપક્ષ:)** **'तदावरणीयस्य'** એવા પદથી તત્ત્વાર્થશ્રદ્ધાન સ્વરૂપ જ્ઞાનના આવરણીય (જ્ઞાનાવરણીય) કર્મનું ગ્રહણ કરાય છે. કારણકે જ્ઞાનાવરણીય સિવાયના કર્મમાં પ્રાયઃ 'આવરણીય' નો વ્યવહાર (પ્રયોગ) થતો નથી. આથી જ દર્શન એ જ્ઞાન જ છે. પણ **(ઉત્તરપક્ષ :)** આ પ્રમાણે કહેવું યોગ્ય નથી. કારણ કે જ્ઞાનાવરણીયનો ઉપશમ થતો નથી. તેથી સમ્યગ્દર્શનના કારણ તરીકે ઉપશમને કહેલું છે તે ઘટે નહી.

**પૂર્વપક્ષ :** સાચી વાત છે, પણ મોહનીય કર્મના ઉપશમથી જે જ્ઞાનાવરણીયના ક્ષયાદિ થાય છે, તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ (આવિર્ભાવ) થાય છે એમ અમે કહીશુ. **ઉત્તરપક્ષ :** આ વાત પણ બરોબર નથી. કારણકે જ્ઞાનાવરણીય કર્મનો ઉપશમ થતો જ નથી, ક્ષય અને ક્ષયોપશમ જ થાય છે. આથી ભાષ્યમાં ઉપશમવડે એવો જે પક્ષ-વિકલ્પ - સમ્યગ્દર્શનના કારણ (સાધન) તરીકે - કહેલો છે તે ઘટશે નહીં. હેતુ (કારણ) નું હંમેશા ફળની પૂર્વે ગ્રહણ થાય છે. વળી આ રીતે પરંપરાએ નિમિત્ત બનનારને પણ કારણ

માનશું તો અતિપ્રસંગ = અતિવ્યાપ્તિ આવશે. અર્થાત્ અન્યત્ર અનિષ્ટ સ્થળે પણ તેવા નિમિત્ત બનનારને કારણ માનવની આપત્તિ આવશે. દા. ત. કોઇજીવને સાતા-વેદનીયાદિ કર્મનો ઉદય થવાથી પણ ક્યારેક જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય વગેરે થવાથી તે કર્મક્ષયાદિ કાર્યને ઔદયિક માનવાનો પ્રસંગ આવશે. આથી પૂર્વોક્ત અભિપ્રાય નિરર્થક છે, વજુદ વિનાનો છે.

આથી નિષ્કર્ષ આ છે કે, સમ્યગ્દર્શનાવારક (તદાવરણીય) એવા ભાષ્યગત પ્રયોગવડે અનંતાનુબંધી આદિને જ તદાવરણીય કહેલું છે, આથી દોષ નથી. અર્થાત્ અનંતાનુબંધી આદિનો ઉપશમ પણ થતો હોવાથી 'ઉપશમ વડે' એવો જે રુચિના સાધનનો પ્રકાર છે તે પણ અહીં વાસ્તવિક રીતે ઘટે છે.

આ રીતે 'તદાવરણીય' ની વ્યાખ્યામાં મતાંતર જાણવો. જો કે એમ લાગે છે કે 'તદાવરણીય' એવા પ્રયોગના રૂઢ-અર્થને અનુસરવાથી સિદ્ધસેનીયા ટીકામાં સમ્યગ્દર્શનના આવારક કર્મ તરીકે જ્ઞાનાવરણીય કર્મનું ગ્રહણ કરવા ઢળ્યા છે, જ્યારે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે 'આવરણીય' શબ્દનો રૂઢાર્થ લેવામાં પૂર્વોક્ત અન્ય-મતનો સ્વીકાર કરવો પડે છે, તે યોગ્ય ન જણાવાથી 'આવરણીય' ના યૌગિક અર્થને અનુસર્યા છે. આથી જે આવરણ કરે, ઢાંકે તે 'આવરણીય' કહેવાય. આથી અનંતાનુબંધી આદિ મોહનીય કર્મ-પ્રકૃતિનું પણ ગ્રહણ કરવામાં બાધ આવતો નથી. સિદ્ધસેનીયા ટીકાનો અભિપ્રાય એ જ્ઞાન-દર્શનને એક માનવા તરફ દોરી જાય છે જ્યારે હારિભદ્રી ટીકાનો મત જ્ઞાન-દર્શનને જુદા માનવા તરફ ઢળે છે. વસ્તુતઃ ઉક્ત બન્ને ય પ્રવાહો (માન્યતાઓ) જૈનશાસનમાં અપેક્ષા ભેદથી પ્રવર્તે છે. આગમાનુસારી દષ્ટિથી જ્ઞાન અને દર્શનનો ભેદ છે અને તર્કાનુસારી દષ્ટિકોણથી અભેદ છે. આથી પૂર્વોક્ત વ્યાખ્યા-ભેદ થયો છે, એમ જણાય છે.

**સૂ.૭, પૃ.૧૯૩, પં.૧૨** સમ્યક્ત્વના ક્ષયાદિ ત્રણ ભેદો કહેલાં છે. આ ઉપરાંત આગમમાં ઉપાધિ-ભેદથી દશ પ્રકાર પણ કહેલાં છે. **શ્રાવક-પ્રજ્ઞપ્તિ**માં કહેલું છે કે,

**किं चेहुवाहिभेया दसहावीमं परूवियं समए ।**
**ओहेण तं पिमेसिं भेयाणमभिन्नरूवं तु ॥ ५२ ॥**

**ટીકાર્થ :** વળી ઉપાધિના ભેદથી અર્થાત્ આજ્ઞાદિ વિશેષણના ભેદથી આગમમાં આ સમ્યક્ત્વ દશ પ્રકારનું કહેલું છે. કારણકે **પ્રજ્ઞાપનાસૂત્ર**માં કહેલું છે કે,

**(से किं तं सरागदंसणारिया ? सरागदंसणारिया दसविहा पन्नत्ता, तं जहा –)**

'[1]निसग्ग[2]उवएसरुई [3]आणरुई [4]सुत्त[5]बीयरुईमेव ।

[6]अभिगम[7]वित्थाररुई [8]किरिया[9]संखेव[10]धम्मरुई ॥१॥'

**[ પ્રજ્ઞાપનાસૂત્ર, પ્રથમ-પદ, ગા. ૧૧૯ ]**

ઓઘથી = સામાન્યથી તે ભેદો પણ આ ક્ષાયોપશમાદિક ત્રણ પૈકી કોઇને કોઇ ભેદથી અભિન્ન સ્વરૂપ જ છે.

**ગાથાર્થ :** (૧) નિસર્ગ-રુચિ (૨) ઉપદેશ-રુચિ (૩) આજ્ઞા-રુચિ (૪) સૂત્ર-રુચિ (૫) બીજરુચિ (૬) અભિગમ-રુચિ (૭) વિસ્તાર-રુચિ (૮) ક્રિયા-રુચિ (૯) સંક્ષેપ-રુચિ અને (૧૦) ધર્મ-રુચિ એમ દશ પ્રકારે સમ્યક્ત્વ છે.

**સૂ.૮, પૃ.૧૯૭, પં.૨૩ सत्सङ्ख्या०** સૂત્ર-૮માં સત્-પદપ્રરૂપણા વગેરે ૮ દ્વારો છે, જ્યારે નવતત્ત્વ, વિશેષાવશ્યક વગેરેમાં ૯ દ્વાર મળે છે. તેમાં ૧ ભાગ દ્વાર ઓછું કહેલ છે તે વિવક્ષાધીન અથવા વાચનાન્તરાધીન છે. અથવા **અનુયોગદ્વાર સૂ. ૧૨૨ની** ટીકામાં કહેલું છે કે અલ્પબહુત્વ અને ભાગ દ્વાર એક જ છે. માટે ભાગદ્વારનો અલ્પબહુત્વ-દ્વારમાં સમન્વય થઇ જાય છે.

**સૂ.૮, પૃ.૨૦૨, પં.૨૧** સત્-પદ-પ્રરૂપણા દ્વારનું પેટા-દ્વાર = ગતિદ્વારમાં સમ્યક્ત્વને પામતાં અથવા પામેલાં જીવો હોય કે ન હોય એની વિચારણા કરતાં ટીકામાં કહ્યું છે કે, (મનુષ્ય સિવાય) દેવાદિ ત્રણ ગતિમાં ક્ષાયિક અને ક્ષયોપશમિક સમ્યક્ત્વને પામતાં-પામેલાં જીવો હોય પણ ઔપશમિક સમ્યક્ત્વનો ઉલ્લેખ કરેલો નથી. કર્મગ્રંથાદિમાં પ્રસિદ્ધિ એવી છે કે, ઔપશમિક સમ્યક્ત્વની ચારે ય ગતિમાં પ્રાપ્તિ થઇ શકે છે. **સંબોધ-પ્રકરણમાં** પણ **ગાથા૦ ૯૦માં** કહેલું છે કે, "નરકની પહેલી ત્રણ પૃથ્વીઓમાં ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એ ત્રણ સમ્યક્ત્વ હોય અને વૈમાનિક - દેવોને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોને પણ આ ત્રણ સમ્યક્ત્વ હોય."

જો, આ પ્રમાણે હોય તો સિદ્ધસેનીયા વૃત્તિમાં જે કહ્યું કે, 'ફક્ત મનુષ્ય-ગતિમાં જ ઔપશમિક સમ્યક્ત્વ સહિત ત્રણે ય સમ્યક્ત્વ હોય છે' એ શી રીતે ઘટે ?

વિદ્વાનોને પૂછતાં આ પ્રમાણે અભિપ્રાય મળે છે કે, કર્મગ્રંથમાં સાંનિપાતિક ભાવો કહ્યા છે. તેમાં પારિ૦, ઔદ૦ ક્ષાયોપશમિક અને ઔપ૦ આ ચારની વિદ્યમાનતા ચારે ય ગતિમાં કહી છે. તેથી જણાય છે કે, ઔપશમિક સમ્યક્ત્વ ચારે ય ગતિમાં મળી શકે. વળી કર્મ-સાહિત્યના મતે પ્રથમવાર ઔપ. સમ્યક્ત્વ જ પમાય છે. તે ઔપશમિક

જ હોય એવો નિયમ છે. ચારે ય ગતિમાં પામી શકાય છે તેથી કાર્મગ્રંથિકોના મતે તો ચારેયમાં ઔપ. સમ્યક્ત્વ મળે જ છે. સિદ્ધાંતના મતે પ્રથમ સમ્યક્ત્વ ક્ષાયોપ. પામી શકાય છે. (આ વાત પૂર્વે ઔપશમિક-સમ્યક્ત્વની પ્રાપ્તિના વર્ણન વખતે વિશેષાવ. ભાષ્યના આધારે જણાવેલી જ છે.) કોઇક મતે આને નિયમ રૂપે માની લીધુ હોય તો ચારે ય ગતિમાં એ મળે.

પણ પછી ઔપશમિક સમ્યક્ત્વ ઉપશમ-શ્રેણિનું જ લેવાનું રહે. અને એ તો મનુ. ગતિમાં જ હોય છે. આયુષ્ય પૂર્ણ થાય ને દેવલોકમાં જાય ત્યારથી ઔપ. ભાવો ખતમ થઇ જાય છે એવો પણ એક મત છે. એટલે શ્રેણિ-સંબંધી ઔપ. સમ્ય. પણ દે. લો. માં પણ મળી શકતું નથી. આવી સંગતિ હોઈ શકે... (પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. કૃત સમાધાનના આધારે.)

આમ પૂર્વોક્ત વિરોધને ટાળવા સિ. સે. વૃત્તિમાં શ્રેણિગત ઔપ. સમ્યક્ત્વની જ વિવક્ષા છે એમ માનવું જોઇએ. બાકી ત્રણેય ટીકાઓમાં (સિ. સે., હા. ભા., ય. વિ.) એક સરખો ફક્ત મનુષ્ય-ગતિમાં જ ઔપ. સમ્ય. હોવાનો અભિપ્રાય કોઈ અપેક્ષા-વિશેષ વિના હોઇ શકે નહીં. તે અપેક્ષા પૂર્વે કહી તે જ જણાય છે.

**સૂ.૮, પૃ.૨૦૮, પં.૧૨** ભાષ્યમાં ગતિ વગેરે ૧૩ દ્વારો ઉપર સમ્યક્ત્વને પામેલાં અને પામતાં એવા જીવોનો વિચાર ટીકામાં કરેલો છે. આ ઉપરાંત 'ભાષક' વગેરે સાત દ્વારો છે. જેનો ભાષ્યમાં નિર્દેશ કરેલો ન હોવાથી ટીકાકારે પણ પૂર્વોક્ત દ્વારોમાં અંતર્ભાવ પામી જાય છે એમ કહીને મૂકી દીધું છે. અત્ર તે ૭ દ્વારોનો સંક્ષેપથી વિચાર કરાય છે. આમ પૂર્વોક્ત ૧૩ દ્વારોમાં ૭ દ્વારો ઉમેરતાં કુલ ૨૦ દ્વારો થાય છે.

(૧) **ભાષક-દ્વાર :** ભાષા-લબ્ધિથી યુક્ત હોય તે ભાષક જીવ (અર્થાત્ બેઇન્દ્રિય વગેરે) ભાષમાણ = બોલતો હોય અથવા અભાષમાણ = બોલતો ન હોય ત્યારે સમ્યક્ત્વને પામે છે. મનુષ્ય વગેરે જાતિની અપેક્ષાએ સમકિતનો પૂર્વ-પ્રતિપન્ન જીવ નિયમથી પ્રાપ્ત થાય છે. પ્રતિપદ્યમાન = પામતો જીવ વિકલ્પે પ્રાપ્ત થાય છે. ક્યારેક પામે છે અને ક્યારેક નથી પામતો. ભાષાલબ્ધિરહિત જીવમાં ઉક્ત બન્ને ય મળતાં નથી. કારણકે તે એકેન્દ્રિય જીવ જ હોય છે. (૨) **પરીત્ત-દ્વાર :** પરીત્ત એટલે પ્રત્યેક-શરીરવાળા અથવા જેમણે સંસાર પરિમિત કર્યો છે, થોડાં ભવ જ બાકી છે તેવા જીવો. ઉક્ત બન્ને પ્રકારના જીવો પૂર્વપ્રતિપન્ન હોય છે. પ્રતિપદ્યમાન તરીકે ભજના કરવી. અપરીત્ત જીવો તરીકે સાધારણ-શરીરવાળા અથવા અપાર્ધ-પુદ્ગલ પરાવર્ત કરતાં પણ અધિક સંસારવાળા જીવો આવે. તેઓ મિથ્યાદૃષ્ટિ હોવાથી ઉભયથી રહિત છે. (૩) **પર્યાપ્ત-દ્વાર :** આમાં યથાયોગ્ય

છ પર્યાપ્તિઓથી પર્યાપ્ત જીવો આવે. તેમાં પરીત્ત-દ્વારની જેમ સમજવું. અપર્યાપ્ત-જીવો છે તે પૂર્વ-પ્રતિપન્ન હોઇ શકે છે. (ઇન્દ્રિય-દ્વારમાં કહ્યા પ્રમાણે બેઇન્દ્રિય વગેરે જીવો હોય) પણ પ્રતિપદ્યમાનક ન હોય. **(૪) સૂક્ષ્મ-દ્વાર :** આમાં સૂક્ષ્મ જીવો ઉભયથી રહિત છે. જ્યારે બાદર જીવોમાં પર્યાપ્ત-જીવોની જેમ સમજવું. અર્થાત્ સમકિતને પૂર્વે પામેલ જીવો હોય પણ નવા પામતાં હોય કે ન હોય. **(૫) સંજ્ઞિ-દ્વાર :** ભૂતકાળ, ભવિષ્યકાળ સંબંધી લાંબુ વિચારવાથી શક્તિવાળા જીવો 'સંજ્ઞી' કહેવાય. તેમાં બાદર જીવોની જેમ જાણવું. તથા અસંજ્ઞી જીવોમાં અપર્યાપ્ત-જીવોની જેમ સમજવું. **(૬) ભવ-દ્વાર :** ભવ એટલે ભવસિદ્ધિક = ભવ્ય જીવો. તેમાં પણ સંજ્ઞિ-જીવોની જેમ સમજવું. અભવસિદ્ધિક-જીવોમાં ઉભયનો = સમકિતને પામતાં અને પામેલાંનો અભાવ છે. **(૭) ચરમ-દ્વાર:** જે જીવોનો ચરમ = છેલ્લો ભવ આવશે તેઓ (અભેદોપચારથી) 'ચરમ' કહેવાય. તેઓમાં પણ ભવ્ય-જીવોની જેમ સમજવું. અચરમ જીવોમાં અભવ્ય-જીવોની જેમ સમજવું. આમ સામાન્યથી ભાષક-પરીત્ત-પર્યાપ્ત-બાદર-સંજ્ઞી-ભવ્ય-ચરમ વગેરે જીવો સમકિતને પામેલાં હોય છે, પામનારા જીવો વિકલ્પે પ્રાપ્ત થાય છે. આથી જ ભાષ્યકારે તેમજ ટીકાકારશ્રી સિદ્ધસેન ગણિવરે પ્રાયઃ ઉક્ત ૧૩ દ્વારોમાં અંતર્ભાવ થઇ જતો હોવાથી તેનો ઉલ્લેખ અને વિવેચન કરેલું નથી.(ઉક્ત દ્વારોનુ વર્ણન **વિશેષાવશ્યક ભાષ્યની भासग परित्तपज्जत्त०** એ ગા૦ ૪૧૦ ની ટીકાના આધારે સમજવું.)

**સૂ.૮, પૃ.૨૦૮, પં.૨૪** ટીકામાં બેથી માંડીને શીર્ષપ્રહેલિકા સુધીની સંખ્યા લેવાનું કહેલું છે, તે ગણના-સંખ્યા લેવાની છે. માટે **द्व्यादिका** = 'બે વગેરે' એમ કહ્યું, પણ એકને સંખ્યા તરીકે ન લીધી. આ અંગે **અનુયોગદ્વાર૦ સૂત્ર. ૪૯૭ માં** આ પ્રમાણે સ્પષ્ટતા કરેલી છે - ગણના-સંખ્યા શું છે ? **(से किं तं गणणसंखा ?)** 'આ (ઘટ વગેરે પદાર્થો) આટલાં છે' એમ સંખ્યા કરવી તે ગણના-સંખ્યા કહેવાય. **एको गणनां नोपैति, (एको गणणां न उवेति दुप्पभिति संखा...)** આથી 'એક' એ ગણના પામતું નથી. કારણ કે જ્યાં એક ઘટાદિ વસ્તુ હોય ત્યાં સંખ્યા વિના 'વસ્તુ (ઘટાદિ) છે' એટલી જ પ્રતીતિ (બોધ) થાય છે. અથવા ઘટાદિ કોઇ એક વસ્તુનું ગ્રહણ અથવા સમર્પણ કરવાના વ્યવહાર કાળે કોઈ ગણતરી કરતું નથી. આથી એક ઘટાદિ વસ્તુ એકત્વ-સંખ્યાનો વિષય બનવા છતાં ય પ્રાયઃ તેનો સંવ્યવહાર થતો ન હોવાથી અથવા અલ્પ હોવાથી એકની ગણના થતી નથી. એમ આ . શ્રી હરિભદ્રસૂરિ તથા હેમચંદ્રસૂરિ કૃત વૃત્તિમાં કહેલું છે.

અન્ય હેતુની પણ વિચારણા ૫. પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ કૃત ટિપ્પણીમાં કરેલી છે, તે ત્યાંથી જોઇ લેવા ભલામણ છે.

**સૂ.૮, પૃ.૨૧૩, પં.૨૪ સ્પર્શન-દ્વારમાં કેવળી-સમુદ્‌ઘાતની પ્રક્રિયા :**

**दण्डं प्रथमे समये कपाटमथ चोत्तरे तथा समये ।**

**मन्थानमथ तृतीये, लोकव्यापी चतुर्थे तु ॥२७३॥**

**ભાવાર્થ :** જે કેવળી ભગવંતને વેદનીય-નામ-ગોત્ર એ ત્રણ કર્મો પોતાના આયુષ્ય-કર્મ કરતાં ઘણા અધિક હોય તે ભગવાન ઉક્ત ત્રણકર્મોને આયુષ્યની સમાન કરવા માટે કેવળી સમુદ્‌ઘાતની પ્રક્રિયા કરે છે. અર્થાત્ આ પ્રક્રિયાથી ઘણા કર્મોનો ક્ષય કરીને આયુષ્ય-કર્મની સમાન સ્થિતિવાળા બનાવે છે.

તેમાં પહેલાં સમયે પોતાના આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢીને પોતાના શરીરની જાડાઇ પ્રમાણે નીચેથી ઉપર ૧૪ રાજલોક પ્રમાણ લાંબા કરે છે, ફેલાવે છે. બીજા સમયે પૂર્વ-પશ્ચિમ લોકના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાવી કપાટ (પાટિયા જેવા) કરે છે. ત્રીજા સમયે ઉત્તર-દક્ષિણ એક છેડાથી બીજા છેડા સુધી આત્મપ્રદેશોને ફેલાવી મંથાન = રવૈયા જેવો આકાર રચે છે. ચોથા સમયે સર્વ આંતરાઓમાં ફેલાઇ જવાથી લોક-વ્યાપી બને છે. (૨૭૩)

**संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।**

**सप्तमके तु कपाटं, संहरति ततोऽष्टमे दण्डम् ॥२७४॥ [ પ્રશમરતિ-પ્રકરણ ]**

પાંચમા સમયે આંતરાઓમાં રહેલ આત્મપ્રદેશોને સંહરી લે છે. છઠ્ઠા સમયે મંથાનને અને સાતમા સમયે કપાટને સંહરે છે. પછી આઠમા સમયે દંડને (તે રૂપે રહેલ જીવપ્રદેશોને) સંહરે છે. (૨૭૪)

**સૂ.૯, પૃ.૨૨૮, પં.૯** મતિ વગેરે પાંચ જ્ઞાનના ઉપન્યાસના ક્રમનું રહસ્ય આ પ્રમાણે છે. મતિ અને શ્રુતજ્ઞાનના સ્વામી, કાળ, કારણ, વિષય અને પરોક્ષતા એ સમાન હોવાથી તેમ જ આ બન્નેયની પ્રાપ્તિ થયે છતે જ શેષ અવધિ વગેરે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, માટે પહેલાં કહ્યા. તેમાં પણ મતિપૂર્વક શ્રુત થતું હોવાથી પહેલાં મતિજ્ઞાન કહ્યું છે. અથવા શ્રુતજ્ઞાન એ વિશિષ્ટ મતિજ્ઞાન જ હોવાથી મતિને પહેલાં કહ્યું. તથા કાળ, વિપર્યય, સ્વામિત્વ અને લાભ (પ્રાપ્તિ)ના સમાનપણાથી મતિ-શ્રુત પછી અવધિજ્ઞાન કહેલું છે. તથા છદ્મસ્થપણું, પુદ્‌ગલરૂપ વિષય અને ક્ષાયોપશમિક ભાવના સાધારણપણાથી અવધિ પછી મનઃપર્યાય જ્ઞાનને કહેલું છે. ત્યાર બાદ સર્વજ્ઞાનોમાં પ્રધાનપણું હોવાથી, તથા યતિ-સ્વામિત્વની સમાનતા હોવાથી અને અંતે પ્રાપ્ત થતું હોવાથી મનઃપર્યાયજ્ઞાન પછી પાંચમુ કેવળજ્ઞાન કહેલું છે. એવો કોઇ જીવ થયો નથી, છે નહિ અને થશે પણ

નહીં જેણે મતિ-શ્રુત જ્ઞાનને પામ્યા પહેલાં જ અવધિ વગેરે શેષ જ્ઞાનને પ્રાપ્ત કરેલ હોય, કરે છે અથવા કરશે. માટે પૂર્વોક્ત પાંચે ય જ્ઞાનની પ્રાપ્તિ યથાક્રમે જ થતી હોવાથી તેમજ ઉત્તરોત્તર વિશુદ્ધ હોવાથી ઉક્ત ક્રમ યોગ્ય રીતે જ કહેલો છે.

**સૂ.૯, પૃ.૨૨૯, પં.૨૪** ટીકામાં 'અવધિજ્ઞાન' શબ્દની વ્યુત્પત્તિ કરતાં કહ્યું કે, **अव** શબ્દ **अधः** (નીચે) શબ્દના અર્થમાં છે. આથી **अव** એટલે નીચે નીચે જતાં વિસ્તૃત-વિષયવાળુ અનુત્તરવાસી વગેરે દેવોનું જે જ્ઞાન તે **'અવધિજ્ઞાન'** કહેવાય. ( **अधोऽधः विस्तृतं धीयते परिच्छिद्यते रूपि वस्तु तेन ज्ञानेन तद् अवधिः । [ વિશેષાવ. શ્લો. ૮૨. આ. હેમચંદ્રસૂરિકૃત ટીકા ]** આમાં વિષયની બહુલતાને આશ્રયીને આ પ્રમાણે વ્યુત્પત્તિ કરેલી છે. 'ભવ'ના નિમિત્તથી દેવોને અવધિજ્ઞાન થાય છે. અને તે અનુત્તરવાસી વગેરે દેવોનું અવધિજ્ઞાન નીચે નીચે રત્નપ્રભાદિ પૃથ્વીને વિષે અધિક અધિક વિસ્તારવાળુ હોય છે. દા. ત. વૈમાનિક દેવોમાં સૌધર્માદિ કલ્પમાં નિવાસ કરનારા દેવોનું અવધિજ્ઞાન આ પ્રમાણે છે.

(૧) સૌધર્મ અને (૨) ઈશાન કલ્પવાસી દેવોનું રત્નપ્રભા = ૧લી પૃથ્વી સુધી અ. જ્ઞા. હોય છે. (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર કલ્પવાસી દેવોનું શર્કરાપ્રભા = ૨જી પૃથ્વી સુધી અ. જ્ઞા. હોય છે. (૫) બ્રહ્મલોક (૬) લાંતક કલ્પવાસી દેવોનું વાલુકાપ્રભા = ૩જી પૃથ્વી સુધી અ. જ્ઞા. હોય છે. (૭) શુક્ર (૮) સહસ્રાર કલ્પવાસી દેવોનું પંકપ્રભા = ૪થી પૃથ્વી સુધી અ. જ્ઞા. હોય છે. (૯) આનત (૧૦) પ્રાણત કલ્પવાસી દેવોનું ધૂમપ્રભા = ૫મી પૃથ્વી સુધી અ. જ્ઞા. હોય છે.

(૧૧) આરણ (૧૨) અચ્યુત કલ્પવાસી દેવોનું ઉપરોક્ત અધિક વિશુદ્ધ દેખે છે.

નવ ગ્રૈવેયક દેવોમાં અધસ્ત્ય અને મધ્યમ વિમાનવાસી દેવો તમઃપ્રભા = ૬ઠ્ઠી પૃથ્વી સુધી દેખે છે. નવ ગ્રૈવેયક દેવોમાં ઉપરિમ અને મધ્યમ વિમાનવાસી દેવો તમસ્તમઃ પ્રભા = ૭મી પૃથ્વી સુધી દેખે છે.

અનુત્તરવાસી દેવો સંપૂર્ણ ચારેય દિશામાં કન્યાની ચોળીના આકારવાળી લોકનાડી દેખે છે.

આમ નીચેના ભાગમાં વૈમાનિક દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર ઉપર ઉપરના દેવલોકમાં દેવમાં વિસ્તૃત થતું જાય છે. આથી જ ઉપરોક્ત વ્યુત્પત્તિમાં **अव** નો અર્થ 'અધઃ-વિસ્તૃત' એમ કરેલો છે. બાકી તિર્છું તો સૌધર્મ વગેરે દેવેન્દ્રોનું અવધિજ્ઞાન અસંખ્યેય દ્વીપ-સમુદ્રો ક્ષેત્ર જેટલું સમજવું. અને ઉપર ઉપરના દેવોનું તે જ અતિ ઘણા દ્વીપ-સમુદ્રો વિષયવાળું

અવધિજ્ઞાન સમજવું. તથા ઊર્ધ્વ ક્ષેત્રમાં તો પોત-પોતાના કલ્પના-વિમાનના સ્તૂપ-ધ્વજાદિ સુધી જ જોઇ શકે છે. એમ જાણવું. આ ઉપરાંત અન્ય ભવનપતિ દેવો વગેરેનું અવધિજ્ઞાન ક્ષેત્રની અપેક્ષાએ જુદા જુદા આકારનું હોય છે. પણ પ્રસ્તુતમાં ઉપયોગી ન હોવાથી તે વિશેષાવશ્યક વગેરે ગ્રંથોથી જાણવું.

**સૂ.૧૧, પૃ.૨૩૮, પં.૨૨** અહીં **आद्ये परोक्षम्** સૂત્રમાં **आद्यं च आद्यं च** એમ વિગ્રહ કરીને **आद्ये** એવું રૂપ કહેલું છે પણ '**आद्याद्ये**' એવો દ્વન્દ્વ-સમાસ ન થાય. કારણકે અહીં 'એકશેષ' રૂપ સમાસ થાય છે. જે શબ્દોની સ્યાદિ-વિભક્તિના રૂપો સમાન થતા હોય તે શબ્દોનો ઉક્ત રીતે દ્વન્દ્વ કરવાના પ્રસંગે દ્વન્દ્વ-સમાસનો અપવાદ કરીને **स्यादावसंख्येयः ॥३-१-११९॥** સૂત્રથી એકશેષ સમાસ થયેલો છે. જેમાં બે કે તેથી વધુ સમાન રૂપવાળા શબ્દોની સહોક્તિ = સાથે કથન કરવાની વિવક્ષા હોય ત્યારે એક શબ્દ જ શેષ રહે અને બાકીના શબ્દો નિવૃત્ત થાય તે 'એકશેષ' સમાસ કહેવાય, એમ કહેવાનો ભાવ છે.

**સૂ.૧૫, પૃ.૨૮૨, પં.૧૧** 'અપાય' રૂપ મતિજ્ઞાનના ત્રીજા પ્રકારના પર્યાયો ભાષ્યમાં કહ્યાં છે. તેમાં પ્રથમ ચાર પર્યાયોની વ્યુત્પત્તિ 'કર્તા' અર્થમાં કરી છે અને એ જ ચાર શબ્દોને (ધાતુને) ભાવાર્થક - **त (क्त)** પ્રત્યય લગાડીને અંત્ય ચાર શબ્દની વ્યુત્પત્તિ કરેલી છે. તેમાં જે '**अपनुत्य**' એવો પાઠ છે, તે વિચારણીય છે, દા. ત. **अपाय** માં **अप + इ** ધાતુ છે તેને ભાવમાં **त** પ્રત્યય લગાડીને **अपेत** શબ્દનું રૂપ કરેલું છે. એ ન્યાયે **अपनोद** શબ્દમાં **अपनुद्** ધાતુને **त** પ્રત્યય લગાડીને '**अपनुत्त**' પ્રયોગ થવો જોઇએ. પરંતુ **अपनुत्य** પ્રયોગ છે, જે ખાસ પ્રસિદ્ધ નથી. છતાં તેવો પાઠ મળતો ન હોવા છતાં સિદ્ધસેનીયાદિ ત્રણેય ટીકામાં તે ચાર શબ્દોને ભાવનું અભિધાન કરનારા કહેલાં હોવાથી તેમજ યશોવિજયીયા ટીકાગત ભાષ્યમાં સાક્ષાત્ '**अपनुत्त**' પ્રયોગ મૂકેલો હોવાથી અમે પણ તેવા પ્રયોગનો આશ્રય કરેલો છે એમ જાણવું.

**સૂ.૧૫, પૃ.૨૮૪, પં.૯ अपेत** વગેરે ચાર પર્યાય શબ્દો વડે 'ભાવ' (ક્રિયામાત્ર)નું અભિધાન-કથન થાય છે એમ ટીકામાં કહેલું છે. અને તેના દ્વારા ફલસ્વરૂપ જ્ઞાનનો પરિચ્છેદ (બોધ કરવાનો) સ્વભાવ છે તે કહેવાય છે એમ પણ કહ્યું. ત્યારબાદ **अपेतं, अपगतं** એમ કહીને **परिच्छिन्नमेतन्मया** = મારાવડે આ જણાયુ, નિશ્ચય કરાયું. આમાં **एतत्** શબ્દનો પ્રયોગ કરવાથી આ કર્મનું અભિધાન કરનારો પ્રયોગ બને છે, તે ફક્ત ભાવાર્થને જણાવે છે. કારણકે ભાવનું અભિધાન કરનારા શબ્દના યોગમાં કર્મનો પ્રયોગ ન થઇ શકે. આથી જ પછી ફલિતાર્થમાં કહ્યું છે કે **एवमेतन्नान्यथा इत्यर्थः ।** 'આ અમુક

પદાર્થ-વિષય-જ્ઞેય આ પ્રમાણે જ છે, બીજા પ્રકારે નથી' એમ નિશ્ચયનો આકાર જણાવ્યો છે. આથી ભાવનું = ફળ સ્વરૂપ ક્રિયાનું અભિધાન થાય છે. જો પૂર્વોક્ત કર્મણિ પ્રયોગ રૂપ અર્થ લઇએ તો ભાવનું અભિધાન કરનારો ન કહેવાય, માટે તેને ભાવાર્થ-હાર્દ સમજવો જોઇએ. અને ત્યારબાદ કહેલ ફલિતાર્થ જ ભાવનું અભિધાન કરનારો હોવાથી તેને યથાર્થ વિવરણ માનવું જોઇએ એમ અમને ઉક્ત વિષયમાં ઘણી વિચારણા કર્યા પછી જણાય છે. બીજી રીતે કહીએ તો ભાવ રૂપ અર્થ સારી રીતે સમજાય તે માટે પહેલાં કર્મણિ પ્રયોગ દ્વારા ભૂમિકા કરી છે એમ માનવું જોઇએ. વિદ્વાનો જ આને ન્યાય આપે. અસ્તુ.

**સૂ.૧૭, પૃ.૨૯૯, પં.૨૪** અવગ્રહ વગેરે મતિ-ભેદો અર્થના ગ્રાહક છે અને તે અર્થ સ્પર્શ, રસાદિ પાંચ પ્રકારનો છે. સ્પર્શાદિ દ્રવ્યના પર્યાયો છે અને આથી પર્યાયના ગ્રહણથી દ્રવ્યનું ગ્રહણ અવશ્ય થવાનું જ છે કારણ કે દ્રવ્ય વિના પર્યાયો નથી અને પર્યાય વિનાના દ્રવ્યો નથી. આમ દરેક ઇન્દ્રિય વડે સ્પર્શાદિ સ્વવિષયનું ગ્રહણ થયે દ્રવ્યનું ગ્રહણ અવશ્ય થાય છે. અને દ્રવ્યનું ગ્રહણ થયે યથાયોગ્ય સ્પર્શાદિનું પણ ગ્રહણ અવશ્ય થાય છે. ક્યારેક દ્રવ્યની પ્રધાનતા હોય તો ક્યારેક પર્યાયોની એ વાત જુદી છે. આ રીતે દરેક ઇન્દ્રિયવડે દ્રવ્યનું ગ્રહણ થતું હોવાનું વિધાન કરવાથી ફક્ત સ્પર્શ અને ચક્ષુ એ બે ઇન્દ્રિયો વડે જ દ્રવ્યનું ગ્રહણ થાય છે એવું માનનાર **નૈયાયિકોનું** નિરાકરણ થાય છે, એમ જાણવું.

**સૂ.૧૮, પૃ.૩૦૨, પં.૨૦** ઇન્દ્રિય સાથે વિષયના સંબંધ રૂપ પહેલાં વ્યંજનાવગ્રહ થાય છે એમ કહ્યું. તેમાં કઇ ઇન્દ્રિયનો કયા વિષય સાથે એવો સંબંધ થાય છે તે જણાવનારી **વિશેષાવશ્યક** ગત **નિર્યુક્તિ-ગાથા** આ પ્રમાણે છે -

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासइ अपुट्ठं तु ।**
**गन्धं रसं च फासं च बद्धपुट्ठं वियागरे ॥** [ વિશેષાવ૦ ગા. ૩૩૬ ]

**ગાથાર્થ :** શ્રોત્રેન્દ્રિય એ સ્પૃષ્ટ માત્ર શબ્દને સાંભળે છે, ગ્રહણ કરે છે. કારણકે શબ્દના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ, ઘણા અને ભાવુક હોય છે તથા શ્રોત્રેન્દ્રિય પણ બીજી ઇન્દ્રિયો કરતાં વધુ ચપળ કુશલ હોય છે. શરીર ઉપર ધૂળ લાગી હોય તેની જેમ ફક્ત સ્પર્શ-સંબંધ થયો હોય તે સ્પૃષ્ટ કહેવાય. તથા ગન્ધ, રસ અને સ્પર્શ રૂપ વિષયને ક્રમશઃ ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય એ બદ્ધસ્પૃષ્ટ રૂપે ગ્રહણ કરે છે. ગંધાદિ દ્રવ્યનો સમૂહ પહેલાં ઘ્રાણેન્દ્રિયાદિ સાથે સ્પૃષ્ટ થાય, સંબંધ માત્ર પામે, પછી 'બદ્ધ' થાય અર્થાત્ આત્મપ્રદેશો સાથે ગાઢ રૂપે સંબદ્ધ થાય - આત્મસાત્ થાય. ત્યારે ઘ્રાણેન્દ્રિયાદિ વડે

ગંધ વગેરેનું ગ્રહણ થાય છે. કારણે ગંધાદિ દ્રવ્યો શબ્દની અપેક્ષાએ અલ્પ છે, સ્થૂળ છે અને અભાવુક છે. તથા શ્રોત્રેન્દ્રિયની અપેક્ષાએ ઘ્રાણેન્દ્રિયાદિ અચપળ-અકુશલ છે.

**પ્રશ્ન :** જો સ્પર્શ થયા પછી બદ્ધનું ગ્રહણ કરે છે, તો સ્પૃષ્ટબદ્ધ (**पुट्ठ-बद्ध**) એવો પાઠ કહેવો યોગ્ય છે ? **જવાબ :** સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી 'બદ્ધ સ્પૃષ્ટ' આવો પાઠ કહેલો છે. બાકી અર્થની અપેક્ષાએ તો પૂર્વે કહ્યા પ્રમાણે જ છે, એમ જાણવું.

આમાં ચક્ષુરિન્દ્રિય છે તે વિષયને પ્રાપ્ત કર્યા વિના જ અર્થાત્ વિષય સાથે સંબંધ કર્યા વિના જ ગ્રહણ કરે છે. ગાથામાં 'પુનઃ' શબ્દ છે તે વિશેષ અર્થ જણાવનારો છે. આથી અસ્પષ્ટ વસ્તુ પણ યોગ્ય પ્રદેશમાં હોય તો જ જુએ છે, પણ અયોગ્ય દેશમાં રહેલ સૌધર્મ-દેવલોકાદિ અથવા કટ-કુટી આદિ વડે વ્યવહિત ઘડાને જોઈ શકતી નથી.

**સૂ.૧૮, પૃ.૩૦૩, પં.૧૪** કેટલાક અર્થાવગ્રહથી જ જ્ઞાન માને છે પણ તેની પૂર્વે થતાં વ્યંજનાવગ્રહને જ્ઞાન માનતા નથી. આથી તેને સ્પષ્ટ કરવા માટે ટીકામાં વ્યંજનાવગ્રહમાં સ્પર્શનાદિ ઉપકરણ ઇન્દ્રિય સાથે સંશ્લેષ = જોડાણ પામેલ સ્પર્શાદિ રૂપે પરિણમેલ જે (ઘટ, પટાદિરૂપ) પુદ્‌ગલોનો સમૂહ હોય ત્યારે અવ્યક્ત-વિજ્ઞાન હોવાથી તેને પણ જ્ઞાન કહેલું છે. વસ્તુતઃ વ્યંજનાવગ્રહકાળે જ્ઞાનાભાવ માનીએ તો પણ 'કંઇક છે' એવા અવગ્રહ રૂપ જ્ઞાનનું કારણ હોવાથી તે વ્યંજનાવગ્રહને પણ ઉપચારથી જ્ઞાન કહેવાય છે, એમાં કોઈ બેમત નથી. પરંતુ વ્યંજનાવગ્રહના સમયે જ્ઞાનનો સદ્‌ભાવ માનીને પણ **વિશેષાવશ્યક**માં બીજુ સમાધાન કરેલું છે.

ઇન્દ્રિય-વિષયના સંયોગરૂપ વ્યંજનાવગ્રહના કાળે જીવમાં જ્ઞાન અત્યંત અલ્પ હોય છે આથી અવ્યક્ત હોય છે. આથી પોતાના સંવેદનથી પણ પ્રગટ કરી શકાતું નથી. આ જ્ઞાન શી રીતે અવ્યક્ત હોય છે ? તેના જવાબમાં કહેલું છે કે, સૂતેલાં, મૂર્છિત વગેરે અવસ્થાવાળા જીવની જેમ સૂક્ષ્મબોધ હોય છે. વળી તે સુપ્ત વગેરે જીવોને તે સૂક્ષ્મ બોધનો સ્વયં ખ્યાલ આવતો નથી, અનુભવાતો નથી. છતાં પણ કેટલાંક સૂતેલાં જીવો પણ સ્વપ્નની અવસ્થામાં કંઇક બોલતા હોય છે, તેઓને બોલાવાય તો ઓઘથી વચન-ઉચ્ચાર કરે છે. તથા સંકોચ, પ્રસરાદિ ચેષ્ટા કરે છે. છતાં ત્યારે તે ચેષ્ટાને તેઓ જાણતાં-અનુભવતાં નથી અને જાગૃત થયા પછી તેનું સ્મરણ પણ કરતાં નથી. **પ્રશ્ન :** તો પછી તે ચેષ્ટાઓથી તેમને જ્ઞાન હોય છે એવું શાથી જણાય છે ? **જવાબ :** જે કારણથી તે વચન વગેરે ચેષ્ટાઓ અમતિપૂર્વક થતી નથી અર્થાત્ પૂર્વે મતિ જ્ઞાન થયા વિના થતી નથી, કિંતુ મતિપૂર્વક જ થાય છે.

અરે ! જાગ્રત અવસ્થામાં પણ પોતાના હૃદયગત સર્વ વસ્તુને જાણતો નથી. કારણ કે એક અંતર્મુહૂર્તમાં પણ કેવળીગમ્ય અસંખ્ય સૂક્ષ્મ અધ્યવસાયો પસાર થઇ જાય છે, તો આખા એક દિવસમાં તો કેટલાં પસાર થાય ? છતાં છદ્મસ્થ જીવ વડે આ બધાં અનુભવાતાં-જણાતાં નથી. તેમ છતાં કેવળીગમ્ય હોવાથી તેનો સ્વીકાર કરાય છે, તેમ વ્યંજનાવગ્રહ જ્ઞાન સંબંધી પણ જાણવું. અર્થાત્ તે પણ અવ્યક્ત છતાં માનવું જોઇએ.

સૂતેલાં પુરુષનું જ્ઞાન તો વચનાદિ ચેષ્ટાઓ વડે જણાય છે, પણ વ્યંજનાવગ્રહમાં જ્ઞાન હોવાનું જણાવનાર કોઇ ચિહ્ન જણાતું નથી, એમ પણ ન કહેવું. કારણ કે જો વ્યંજનાવગ્રહ એ અજ્ઞાન હોય તો અસંખ્ય-સમય સુધી શ્રોત્રાદિ-ઇન્દ્રિય અને શબ્દાદિ દ્રવ્યનો સંબંધ હોવા છતાં શા માટે ચરમ-સમયે જ શબ્દાદિ દ્રવ્યોમાં જ્ઞાન ઉત્પન્ન કરવાનું સામર્થ્ય આવે છે ? કહેવાનો **આશય** એ છે કે શબ્દાદિ દ્રવ્ય અને શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોનો અસંખ્ય સમય સુધી સંબંધ હોતે છતે પૂર્વપક્ષ (વ્યંજનાવગ્રહને અજ્ઞાન રૂપ માનનારા) વ્યંજનાવગ્રહને જ્ઞાન રૂપે માનતા નથી, તો પછી (અસંખ્ય સમયના) ચરમ સમયે પણ શ્રોત્રાદિ ઇન્દ્રિય સાથે સંબંધ થયેલ શબ્દાદિ વિષયના દ્રવ્યોમાં અર્થાવગ્રહરૂપ જ્ઞાન કરવાનું સામર્થ્ય શા માટે સ્વીકારે છે ? તે પણ ન માનવું જોઇએ. પણ એ તો તમે માનો જ છો, આથી જ શ્રોત્રાદિ-ઇન્દ્રિય સાથે સંબંધ થતાં પહેલાં સમયથી જ કંઇક જ્ઞાનની માત્રા પ્રગટ થતી માનવી જોઇએ, નહીંતર ચરમ સમયે એકાએક જ અર્થાવગ્રહ રૂપ જ્ઞાનમાત્ર માનવી ઘટતી નથી. જે વસ્તુ છૂટક વસ્તુમાં સર્વથા ન હોય તે વસ્તુ તેના સમુદાયમાં પણ ન આવે. રેતીમાં તેલ નથી તો તેના સમૂહમાં પણ ન હોય. માટે પહેલાં સમયથી જ કાંઇક જ્ઞાન માત્રાનો સ્વીકાર કરાય તો જ અસંખ્ય સમય પછી ઇન્દ્રિય-વિષય(દ્રવ્ય)ના સંબંધ રૂપ વ્યંજનાવગ્રહમાં અર્થાવગ્રહને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય આવે. ઇત્યાદિ વિશેષ હકીકત **વિશેષાવશ્યક ભાષ્ય, ગા. ૧૯૫** વગેરે વ્યંજનાવગ્રહ-અધિકારથી જાણવી. ટીકાકારે પણ ઉક્ત વાતનું દિગ્દર્શન ટીકામાં કરાવેલું છે, એમ જાણવું.

**સૂ.૨૬, પૃ.૩૭૧, પં.૨૫** 'જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.' અર્થાત્ જે જીવ કોઇપણ ઘટાદિ એક વસ્તુને સર્વ પર્યાયોવડે જાણે છે, તે સર્વ વસ્તુને જાણે છે. અહીં 'એક વસ્તુને સર્વ-પર્યાયો વડે કોણ જાણે છે ?' તેનો જવાબ છે, 'જે આત્મા સર્વ પદાર્થોને સર્વથા જાણે છે' તે જ એક વસ્તુને સંપૂર્ણ-સર્વથા જાણે છે. જે વ્યક્તિ અકારાદિ અક્ષર અથવા પરમાણુ, ઘટ વગેરે દ્રવ્યના અતીત-અનાગત સર્વ પર્યાયોને-અવસ્થાઓને જાણે છે અથવા વસ્તુના સ્વપર્યાયોને અને પર-પર્યાયોને સર્વથા જાણે છે, તે એકને (સર્વથા) જાણે છે. આથી જે વ્યક્તિ સર્વ દ્રવ્યના સર્વ પર્યાયોને ન જાણે, ત્યાં સુધી વિવક્ષિત પરમાણુ-ઘટ વગેરે વસ્તુને પણ (સર્વથા) જાણી શકતો નથી.

આ જ વાતને પરસ્પર કાર્ય-કારણભાવ જોડીને ઉલટાવીને કહે છે - 'જે સર્વને જાણે છે તે એકને જાણે છે' જે સંસારમાં રહેલ સર્વવસ્તુના સર્વ પર્યાયોને જાણે છે તે એક ઘટ વગેરેને જાણે છે. કારણકે વિવક્ષિત ઘટમાં અન્ય સર્વવસ્તુના સર્વ પર્યાયો પર-પર્યાય (અભાવ) રૂપે રહેલાં છે. તેને જાણે તો જ વિવક્ષિત ઘટ વગેરે સંપૂર્ણ જાણ્યો કહેવાય.

આમ સર્વ વસ્તુ સ્વ-પર પર્યાય ભેદથી સર્વ-દ્રવ્ય-પર્યાયમય છે. આ અંગે વિશેષ સ્પષ્ટતા **નંદીસૂત્ર-ચૂર્ણિ (સૂ.-૪૨)** વગેરેથી જાણી લેવી.

**સૂ.૩૧, પૃ.૩૯૯ પં.૨૬** આગમાનુસારી મહાપુરુષો અનેક આગમ-પાઠનો આધાર લઈને કેવળજ્ઞાનીને જ્ઞાન (વિશેષ) અને દર્શનનો (સામાન્યનો) ઉપયોગ ક્રમશઃ સમયાંતરે માને છે. તેમાં સમાધાન તરીકે જીવનો તેવો સ્વભાવ જ માનવો જોઈએ, એમ કહે છે. તર્કાનુસારી મહાપુરુષો કેવળજ્ઞાનીને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ યુગપત્ = એક સમયે માને છે. એમ ન માનીએ તો કેવળદર્શનના (સર્વસામાન્યના) ઉપયોગ કાળે બોધમાં ન્યૂનતા આવે એમ કહે છે. ત્રીજા સમાધાનવાદી મતવાળા કહે છે, કેવળજ્ઞાની સર્વભાવનું ગ્રહણ યુગપત્ - એક જ સમયે કરે છે, પછી તે સામાન્યથી કે વિશેષથી એ જુદી વાત.

પૂજ્યપાદ **મલ્લવાદિસૂરિ મહારાજ** તથા વાદિમુખ્ય **શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિ** મહારાજ કેવળજ્ઞાનીને યુગપત્ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ માને છે. તેમાં પણ આચાર્યશ્રી મલ્લવાદીસૂરિજી કે. જ્ઞા. અને કે. દ. સમકાલીન હોવા સાથે કેવળજ્ઞાનને કેવળદર્શનથી ભિન્ન તરીકે સ્વીકારે છે જ્યારે આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ સમકાલીન માનવા સાથે કેવળજ્ઞાનને કેવળદર્શનથી અભિન્ન રૂપે સ્વીકારે છે. આગમવાદી વિશ્વવિશ્વાર્ચ્ય પૂજ્યપાદ **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ક્રમથી ઉપયોગ માને છે. કારણકે આગમમાં તેનું જ પ્રતિપાદન કરનારા પાઠો ઉપલબ્ધ થાય છે.

પૂર્વોક્ત ત્રણેય મતોની જુદા જુદા નયોની યોજના કરીને પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનબિંદુ' નામના ગ્રંથમાં સમન્વય કરેલો છે, તે ત્યાંથી જ જાણી લેવો. આ જ હકીકતનું સૂચન કરતાં તેઓએ રચેલ તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાય વિવરણમાં કહેલ છે કે, **मतत्रययोजना चास्मत्कृतज्ञानबिन्दोः । (આ. શ્રી દર્શનસૂરિકૃત વિવરણના આધારે)**

આ પ્રમાણે મતભેદો હોવા છતાં ય અન્ય મતનું નિરાકરણ કરતી વખતે તે તે મહાત્માના ઉત્તમ ગુણોનું વિશિષ્ટ રીતે આખ્યાન કરેલું છે એ તેઓની મૂઠી ઊંચેરી મહાનતા દર્શાવે છે - અસ્તુ.

**સૂ.૩૨, પૃ.૪૦૫, પં.૨૦** ત્રણ પ્રકારના મિથ્યાદર્શનવાળા મિથ્યાદૃષ્ટિ જીવો ટીકામાં

કહેલાં છે. અન્યત્ર પાંચ પ્રકારના પણ મિથ્યાત્વ કહેલાં છે. તે આ પ્રમાણે - (૧) **આભિગ્રહિક :** અભિગ્રહ એટલે આગ્રહ, પકડ. વિપરીત માન્યતા ઉપર 'આ જ સત્ય છે,' એવો અભિગ્રહ-પકડવાળા બૌદ્ધ, સાંખ્ય વગેરે દર્શની જીવોની તત્ત્વો પ્રત્યેની અશ્રદ્ધા તે આભિગ્રહિક મિથ્યાદર્શન કહેવાય. દા. ત. કપિલ વગેરે. (૨) **અનાભિગ્રહિક :** અમુક જ દર્શન સાચું છે એવા આગ્રહ-પકડથી રહિત - 'સર્વ દર્શનો સત્ય છે' એવી શ્રદ્ધા રાખનારા, ભદ્રિક પરિણામવાળા છતાં તાત્ત્વિક શ્રદ્ધાથી રહિત હોવાથી સમ્યક્ત્વ રહિત બાળ, ગોપાળ વગેરે મનુષ્યો વગેરે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ કહેવાય. (૩) **આભિનિવેશિક :** અભિનિવેશ એટલે કદાગ્રહ. યથાવત્ તત્ત્વોને જાણવા છતાં અહંકાર આદિ કારણે અસત્ય ખોટા સિદ્ધાંતની પકડ રાખવાથી જે તત્ત્વો પ્રત્યેની અશ્રદ્ધા તે આભિનિવેશિક મિથ્યાત્વ. આ જૈનદર્શનને પામેલા જીવને સત્ય જાણવા છતાં અહંકારાદિથી જૈનદર્શનના એકાંશની પકડ હોય છે. જેમકે, ગોષ્ઠામાહિલ, જમાલિ વગેરે. (૪) **સાંશયિક :** જિનમતમાં કહેલ સૂત્ર, અર્થ અથવા તે બન્ને ય ઉપર સંશય - આ સત્ય હશે કે નહિ એવી શંકા તે સાંશયિક મિથ્યાત્વ. આમાં સર્વજ્ઞદેવ ઉપર અવિશ્વાસ એ મુખ્ય કારણ છે. દા. ત. જિનદત્ત શ્રાવક વગેરે. (૫) **અનાભોગિક :** અનાભોગ એટલે અજ્ઞાનતા. તેના કારણે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા કે વિપરીત શ્રદ્ધા તે અનાભોગિક મિથ્યાત્વ. આમાં સમજણ શક્તિનો અભાવ મુખ્ય કારણ છે. આ એકેન્દ્રિય વગેરે અસંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના જીવોને હોય છે. તેમ જ અજાણપણાથી વિપરીત શ્રદ્ધાવાળા સાધુ કે શ્રાવકને પણ હોય. તેમને જો કોઇ સાચી વસ્તુ જણાવે તો ભૂલ સુધારી લે. કારણકે કદાગ્રહથી રહિત હોય છે. આ પાંચ મિથ્યાત્વ સમકિત નહિ પામેલા જીવને અનાદિકાળથી હોય છે. અને સમકિત પામીને પડેલાં જીવને સાદિ-સાંત હોય છે. પ્રસંગતઃ લખેલુ આ પાંચ પ્રકાર **સંબોધપ્રકરણાદિથી** વિશેષથી જાણી લેવા.

**સૂ.૩૪, પૃ.૪૧૫, પં.૨૨** નૈગમ-નય ૧. (સત્તામાત્ર રૂપ) સામાન્ય વડે, ૨. સામાન્ય-વિશેષ-ઉભય વડે અને કેવળ ૩. વિશેષ વડે વ્યવહાર = બોધ કરે છે. ઉક્ત ક્રમથી ત્રણેય ઉત્તરોત્તર વિશુદ્ધ છે. અર્થાત્ સત્તા રૂપ સામાન્ય અવિશુદ્ધ છે, ૨. ગોત્વાદિ સામાન્ય-વિશેષ (ઉભય) વાદી નૈગમ વિશુદ્ધ-અવિશુદ્ધ છે અને વિશેષવાદી નૈગમ સર્વ-વિશુદ્ધ છે.

હવે મુખ્ય વાત ઉપર આવીએ. સિદ્ધસેનીયા ટીકામાં **૧. વસતિ** અને **૨. પ્રસ્થક** રૂપ બે ઉપમા દૃષ્ટાંત છે. પ્રવચન (આગમ)માં નૈગમનયની વિચારણા કરેલ છે, એમ કહ્યું છે તે અહીં જણાવાય છે. તેમાં (૧) **વસતિ :** કોઇ માણસે બીજા આગંતુકને પ્રશ્ન કર્યો. પ્રશ્ન : તમે ક્યાં વસો છો ? તેના જવાબમાં આગંતુકે કહ્યું - 'હું લોકમાં =

જગતમાં વસુ છું.' ફરી એ જ પ્રમાણે પૂછ્યું. 'તમે લોકમાં ક્યાં રહો છો ?' ત્યારે આગંતુકે કહ્યું 'હું તિર્ચ્છા-લોકમાં રહુ છું.' ફરી 'તિર્ચ્છાલોકમાં ક્યાં રહો છો ?' એમ પૂછતાં કહ્યું 'મનુષ્યક્ષેત્રમાં રહું છું.' ફરી ફરી ઉક્ત પ્રશ્ન પુછાતાં આગંતુકે ક્રમશઃ આ પ્રમાણે જવાબ આપ્યો - 'હું જંબૂદ્વીપમાં' તેમાંય 'ભરતક્ષેત્રમાં' 'મધ્યમ-ખંડમાં ' 'પાટલીપુત્રમાં.' 'વસતિમાં=મકાનમાં' 'સંથારા ઉપર' 'આકાશપ્રદેશોમાં' અને તેમાંય 'હું મારા આત્મામાં વાસ કરુ છું' એટલે સુધી જવાબ આપ્યો.આમ પૂર્વોક્ત સર્વ પ્રકારોનો નૈગમ-નય સ્વીકાર કરે છે. આથી જ **नैकगमाः** = અનેક ગમો = પંથો = વિચારમાર્ગોને સ્વીકારે તે નૈગમ કહેવાય.

(૨) **પ્રસ્થક-દૃષ્ટાંત :** પ્રસ્થક એ કાષ્ઠનું બનેલું ધાન્ય માપવાનું એક સાધન છે. આ પ્રસ્થક બનાવવા માટે સુથાર સૌ પ્રથમ અટવીમાં કાષ્ઠનું છેદન કરતો હતો ત્યારે તેને કોઈએ પૂછ્યું કે, 'શું કરો છો ?' ત્યારે તેણે કહ્યું 'પ્રસ્થકને છેદું છું.' (અર્થાત્ પ્રસ્થક બનાવવા માટે કાષ્ઠને છેદું છું.) પછી માર્ગમાં પાછા ફરતાં રસ્તામાં કોઈએ તેને પૂછ્યું કે, 'તે આ ખભા ઉપર શું ઊંચક્યું છે ?' ત્યારે તેણે કહ્યું 'પ્રસ્થક'. હવે ઘરે જઈને તે કાષ્ઠમાંથી પ્રસ્થક બનાવવા માટે કાષ્ઠને ચારેય બાજુથી કુટતાં, ઘડતાં, તેને (વધારાનો ભાગને) ખોતરતાં, સુંવાળુ-લીસ્સુ કરતાં અને તેના ઉપર નામ કોતરતાં યાવત્ ધાન્યને માપવામાં તેનો ઉપયોગ કરતી વેળાએ તેને બીજાએ પૂછ્યું કે 'આ શું છે ?' ત્યારે તે દરેક વખતે 'આ પ્રસ્થક છે' એમ જવાબ આપ્યો. આ પ્રમાણે નૈગમ-નય પ્રસ્થકાદિ વસ્તુ બની ન હોય ત્યારે પણ પૂર્વની સર્વ અવસ્થાઓમાં 'પ્રસ્થક' તરીકેનો વ્યવહાર સ્વીકારે છે. આમ નૈગમ-નય ઉક્ત રીતે અનેક ઉપચરિત-અવસ્થાઓને પણ માને છે.

વિશેષાવશ્યક-ભાષ્યમાં ત્રીજું 'ગ્રામ'નું ઉદાહરણ પણ આપેલું છે. **૩. ગ્રામ :** ગામ કોને કહેવું ? તેના અનેક રીતે જવાબ હોઈ શકે. જેમકે, કોઈ કહે 'સીમ (પાદર) સુધી ગામ છે.' અથવા પ્રજા જેમાં રહેલી હોય એવા ઘર, બગીચો, વાવડી, દેવકુલિકા - આ બધુંય ગામ છે. અથવા 'કેવળ પ્રજા એ ગામ છે.' અથવા ગામનો મુખ્ય પુરુષ એ ગામ છે.' ઈત્યાદિ સર્વ પ્રકારોને 'ગામ' તરીકે નૈગમ-નય માને છે.

આ પ્રમાણે બીજા પણ ઘટ વગેરે પદાર્થોમાં અવિશુદ્ધ, મધ્યમ અને વિશુદ્ધ અભિપ્રાયના ભેદથી ઉદાહરણો જાણવા. [**વિશેષાવ. ભા. શ્લોક. ૨૧૮૮**ની ટીકાના આધારે.]

**સૂ.૩૪, પૃ.૪૨૨, પં.૨૨** સાંખ્ય-મતે પ્રાણાતિપાત-વિરમણાદિ અર્થાત્ હિંસા વગેરે પાંચથી નિવૃત્તિ = અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ છે. અને ૧. શૌચ (પવિત્રતા), ૨. સંતોષ, ૩. તપ, ૪. સ્વાધ્યાય અને ૫. ઈશ્વર-પ્રણિધાન

એ પાંચ નિયમ છે.

**સૂ.૩૫, પૃ.૪૬૬, પં.૨૨ - घटः** શબ્દનો ઉચ્ચાર થયે છતે સાંપ્રત-નય કેવો બોધ માને છે તે જણાવતાં ભાષ્યમાં કહેલું છે કે, નામાદિ સંબંધી કોઈપણ એકના ગ્રાહક અને પ્રસિદ્ધપૂર્વક એવા **घटादि** શબ્દનું ઉચ્ચારણ થયે છતે જે બોધ થાય તે સાંપ્રત-શબ્દનય કહેવાય. અહીં પ્રશ્ન એ થાય કે આ જ સૂત્રમાં પૂર્વે પૃ.૪૪૬ ઉપર શબ્દનયનું સાધારણ લક્ષણ આપતાં ભાષ્યમાં કહ્યું કે, **यथार्थाभिधानं शब्दः।** ટીકામાં સ્પષ્ટ રૂપે કહેલું છે કે, યથા = એટલે નામાદિ ત્રણના નિષેધપૂર્વક ભાવરૂપે જે ઘટાદિ છે, તેનું જે અભિધાન = શબ્દ છે, તેને આશ્રયીને થતો બોધ શબ્દનય કહેવાય. વળી કહ્યું કે, વર્તમાન - 'ભાવઘટ'નો જ આશ્રય કરે છે, બીજાનો નહિ. **विद्यमानं भावघटमेवाश्रयति, नेतरानिति।** આ શબ્દો સ્પષ્ટ રૂપે કહે છે કે, શબ્દ-નય ભાવ-ઘટનો જ આશ્રય કરે છે.

જ્યારે 'ઘટ' પદાર્થની વિચારણા કરતી વખતે કહ્યું કે, **नामादीनां अन्यतमग्राहिषु।** આમ આ પૂર્વાપર વિરોધ આવે છે. તેનું નિરાકરણ શી રીતે કરવું એ પ્રશ્ન છે.

આ અંગે લાગે છે કે **घट** વગેરે શબ્દો ભાવ-ઘટને જણાવે છે, પરંતુ પ્રકરણવશાત્ તે **घट** વગેરે શબ્દો નામ-ઘટ વગેરે ત્રણનો પણ બોધ કરાવે ત્યારે અન્યતમગ્રાહી = અર્થાત્ કોઈપણ એક ઘટના બોધક માનવા જોઈએ.

આ વિષયમાં વિદ્વાનોને પૂછતાં આ પ્રમાણે સમાધાન મળે છે - પ્રકરણ-સંદર્ભવશાત્ ઘટ-શબ્દ નામાદિ દરેકને જણાવી શકે છે. કાર્યભેદાત્ કારણભેદ-ન્યાયે નામ-ઘટને જણાવનાર ઘટ-શબ્દ કરતાં સ્થાપના-ઘટને જણાવનાર શબ્દ અલગ છે.

નામાદિ ચારે ય પ્રકારના ઘટ શબ્દ ઉચ્ચારાયેલ હોય ત્યારે થતો સંપ્રત્યય એ સાંપ્રત-નય છે. આવો અર્થ જણાય છે. આમાં પૂર્વના ભાવ-ઘટને જ જણાવનાર પાઠ સાથે અનુસંધાન કરીએ તો જણાય છે કે એ સંપ્રત્યય ભાવ-ઘટ અંગે જ હશે. શેષ ૩ને પ્રકરણવશાત્ જણાવતો શબ્દ બોલાયો હોય તો સાંપ્રત-નય એને અસાધુ-પ્રયોગ માની છોડી દે એવું જણાય છે. (અર્થાત્ આ પૂર્વ-પાઠનો અભિપ્રાય છે.)

આમ સામાન્યથી તો શબ્દનયના મતે **घट** શબ્દ ભાવ-ઘટનો જ બોધ કરાવે છે પણ પૂર્વોક્ત રીતે પ્રકરણવશાત્ નામાદિ ઘટના વાચક તરીકે ઘટ-શબ્દનો ઉચ્ચાર થયેલ છે એમ જણાયેલ હોય ત્યારે ઘટ-શબ્દ વડે નામાદિ ઘટનો પણ બોધ થવામાં બાધ નથી એમ વૃત્તિકારનો અભિપ્રાય જણાય છે. એ રીતે બન્ને ય પાઠનો સમન્વય કરવો જોઈએ એમ લાગે છે. વિશેષ નિર્ણય વિદ્વાનો જ કરે.

**સૂ.૩૫, પૃ.૪૮૩, પં.૯** શ્રુતજ્ઞાની આત્મા મનુષ્ય વગેરે પદાર્થને અનુમાનસ્વભાવવાળા આગમથી (શબ્દપ્રમાણથી) જાણે છે, એમ સિદ્ધસેનીયા ટીકામાં કહેલું છે, જે ધ્યાન ખેંચે એવું છે. કારણકે આગમને પણ અનુમાન-સ્વભાવવાળું જણાવેલું છે. આ વિષયની પુષ્ટિ કરતું વિધાન **યોગબિંદુ** ગ્રંથમાં **શ્લો. ૩૦૭** ની ટીકામાં જોવા મળે છે. તેમાં (કાલાતીતના મતે) ઈશ્વર, કર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થના વિશેષનું-ભેદનું અનુમાન કરવાનો નિષેધ કરેલો છે. ત્યારબાદ ટીકામાં પ્રશ્ન ઉઠાવેલો છે કે, **પ્રશ્ન :** અનુમાનથી ઈશ્વરાદિના વિશેષનું નિરૂપણ ન કરાય, તો પણ શાસ્ત્રથી = આગમથી તો તેનો નિશ્ચય થઈ શકશે ને ? **જવાબ :** ના, શાસ્ત્ર પણ આપ્ત-વચન રૂપ છે. આથી તેના વડે કહેવાતો અર્થ બીજી રીતે ઘટતો ન હોવાથી વસ્તુતઃ જોઈએ તો આગમ પણ અનુમાન સ્વરૂપ છે. અર્થાત્ અનુમાનમાં દેખાતી ધૂમ વગેરે વસ્તુવડે નહિ દેખાતા વહ્નિ વગેરે અર્થની સિદ્ધિ-નિશ્ચય થાય છે. જો પર્વત પાછળ અગ્નિ ન હોય તો ત્યાંથી નીકળતો, પ્રત્યક્ષ દેખાતો એવો ધૂમાડો ઘટી શકે નહિ. કારણકે અગ્નિ વિના ધૂમ હોઈ શકે નહીં. માટે અગ્નિ માનવો જ જોઈએ. આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ દેવ, કર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થોનું પ્રતિપાદન કરનારા આગમો એ આપ્તવચન સ્વરૂપ છે. જેઓનું વિધાન અવિસંવાદી હોય તે **આપ્ત** કહેવાય. હવે જો દેવ, કર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થોને ન સ્વીકારીએ તો તેનું વિધાન કરનારા દૃશ્યમાન આગમ રૂપ આપ્તવચનો ઘટે નહીં. અર્થાત્ દેવ, કર્મ વગેરે આગમ-પ્રતિપાદિત પદાર્થોનો નિશ્ચય સ્વીકારીએ તો જ તે શાસ્ત્રો આપ્તવચન રૂપે ટકી શકે છે, બીજી રીતે નહીં. આમ આગમ/શાસ્ત્રો અર્થાત્ આપ્તવચન રૂપ શબ્દ પણ અન્યથા અનુપપન્ન હોવાથી તેનાથી પ્રતિપાદિત અર્થોની સિદ્ધિ થવાથી જ ઘટતાં હોવાથી તત્ત્વતઃ અનુમાન-સ્વરૂપ છે. અનુમાન-પ્રયોગ આ પ્રમાણે થાય - **देवकर्मादयः पदार्थाः सन्ति, आप्तवचनाभिधेयत्वात् ।**

**યોગબિંદુ** શ્લોક ૩૦૭ની ટીકામાં પૂર્વોક્ત હકીકતને જણાવતાં અંતિમ વચનો આ પ્રમાણે છે - **न च वक्तव्यं - शास्त्रात्तर्हि निश्चयो भविष्यति, तस्याव्याप्तवचनत्वेन अभिधीयमानार्थाऽन्यथाऽनुपपन्नतया तत्त्वतोऽनुमानत्वात् ॥ ३०७ ॥**

**સૂ.૩૫, પૃ.૪૮૪, પં.૧૪** **'संख्यातीतेऽपि'** એવા આગમનો સંપૂર્ણ પાઠ આ પ્રમાણે છે -

**संखाईएऽवि भवे साहइ जं वा परो उ पुच्छिज्जा ।**

**ण य णं अणाइसेसी वियाणई एस छउमत्थो ॥ ५९० ॥**

**ગાથાર્થ :** (ગણધર ભગવંત કેવી રીતે ધર્મ કહે છે ? એના સમાધાનમાં કહે

છે -) સંખ્યાતીત = અસંખ્ય ભવોને કહે અથવા બીજો વ્યક્તિ જે વસ્તુ પૂછે, તેને કહે છે. અનતિશયી એટલે અવધિજ્ઞાન આદિ અતિશયથી રહિત જીવ જાણી શકતો નથી કે આ છદ્મસ્થ છે. અર્થાત્ સર્વ પ્રશ્નના ઉત્તરો આપવાને સમર્થ હોવાથી શ્રુતજ્ઞાની ગણધરાદિ સંબંધી જાણી શકાતું નથી કે તેઓ છદ્મસ્થ છે કે કેવળી છે. **(આવશ્યક નિર્યુક્તિ - ગા૦ ૫૯૦)**

**સૂ.૩૫, પૃ.૫૧૮, પં.૨૦** સર્વ-જીવોને 'અક્ષર'નો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો હોય છે' એમ કહ્યું. તેમાં 'અક્ષર' શબ્દના ત્રણ પ્રકાર છે. (૧) જ્ઞાન રૂપ અક્ષર (૨) **अ**કાર વગેરે રૂપ અક્ષર અને (૩) જ્ઞેય રૂપ અક્ષર છે. અને તે સર્વ-આકાશ-પ્રદેશો સાથે અનંતરાશિનો ગુણાકાર કરતાં જે જવાબ આવે તેટલાં સર્વદ્રવ્યના પર્યાયના પરિમાણરૂપ અક્ષર નિષ્પન્ન થાય છે. આ પ્રમાણે ઉક્ત જ્ઞાનાક્ષર વગેરે ત્રણેય અક્ષરોના પર્યાયો અનંતાનંતરાશિ પ્રમાણ છે. ત્રણેય લેવામાં વાંધો નથી. અહીં જ્ઞાનરૂપ અક્ષર લેવાનો છે. કારણ કે તે સર્વ જીવોમાં ક્યારેય ન હોય એવું બનતું નથી. હંમેશા હોય છે. જેથી કહ્યું છે કે, 'અક્ષરનો અનંતમો ભાગ સર્વ જીવોમાં (નાનામાં નાના પૃથ્વીકાયાદિમાં) પણ નિત્ય ઉઘાડો હોય છે.' ('**अपि**' શબ્દથી સિદ્ધના જીવોને અને **च** શબ્દથી ભવસ્થ-કેવલી આત્માઓને છોડીને સર્વજીવો લેવાના છે) આ અક્ષરનો અનંતભાગ અનેક પ્રકારે છે. તેમાં જીવનું જે સર્વ-જઘન્ય (નાનામાં નાનું અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદના જીવનું) ચૈતન્ય છે, તે થીણદ્ધિ-નિદ્રા સહિત જ્ઞાનાવરણાદિ-કર્મના ઉત્કૃષ્ટ આવરણ વડે પણ ઢંકાતું નથી, કારણ કે ચૈતન્ય એ જીવનો સ્વભાવ છે. આથી જ **નંદીસૂત્ર**ના મૂલસૂત્રમાં કહ્યું છે કે 'જો તે (અક્ષરનો અનંતમો ભાગ) પણ આચ્છાદિત થઇ જાય, તો જીવ અજીવપણાને પામી જાય.' અર્થાત્ તે આવરણ વડે ચૈતન્ય-લક્ષણવાળો જીવ પોતાના લક્ષણનો ત્યાગ કરી દેવાથી અજીવત્વને (જડપણાને) પ્રાપ્ત કરવાનો પ્રસંગ આવે. પણ આ ઇષ્ટ નથી. કેમકે સર્વ વસ્તુઓ સર્વથા સ્વભાવનો તિરસ્કાર (ત્યાગ) ક્યારેય કરતાં નથી. આ માટે સૂત્રમાં જ દૃષ્ટાંત કહેલું છે કે **"सुट्ठुवि मेहसमुदए, होइ पभा चंदसूराणं"** ॥ અર્થાત્ ગગનમાં ચંદ્ર-સૂર્યની પ્રભાના સમૂહને આચ્છાદિત કરતો અત્યંત ઘણો-ગાઢ, વાદળોનો સમૂહ ઘેરાયો હોય તો પણ ચંદ્ર-સૂર્યની કંઇક પ્રભા હોય છે. કારણ સર્વથા સર્વના સ્વભાવનો ત્યાગ કરી શકાતો નથી.

અહીં અક્ષરનો અનંતમો ભાગ કહ્યો તેમાં પૂર્વોક્ત ત્રણ પૈકી કયો અક્ષર લેવાનો છે ? તેમાં **ચૂર્ણિકારે** પ્રથમ 'જ્ઞાન' રૂપ અક્ષરનો અર્થ લઇને છેલ્લે પારિશેષ્ય-ન્યાયથી **अ**કારાદિ અક્ષર-શ્રુત ફલિતાર્થ રૂપે લેવાનું જણાવેલ છે. તેમાં કહેલું છે કે, અક્ષર એટલે જ્ઞાન અને તેનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો હોય છે. તે કેવળજ્ઞાનનો સંભવતો નથી

કારણ કે તે અવિભાગ-સંપૂર્ણપણે હોવાથી તેના નિકૃષ્ટ અનંતમા ભાગનો અસંભવ છે. અવધિજ્ઞાન પણ અસંખ્યેય-પ્રકૃતિ ભેદવાળું હોવાથી તેનાં અનંતભાગનો અભાવ છે. મનઃપર્યાયજ્ઞાન પણ ઓઘથી ઋજુમતિ-વિપુલમતિ રૂપ ભેદવાળુ હોવાથી તેનો અનંતભાગ હોતો નથી. વળી અવધિ-મનઃપર્યાય જ્ઞાનમાં પણ નિત્ય ઉઘાડુ હોવાનો અભાવ હોવાથી અહીં તેનો અધિકાર નથી. હવે બાકી રહ્યા મતિ-શ્રુતજ્ઞાન, તેમાં ય પ્રસ્તુતમાં અધિકૃત હોવાથી શ્રુતજ્ઞાન રૂપ **અ**કારાદિ અક્ષરનો અનંતમો ભાગ ખુલ્લો હોય છે. અને 'જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન પણ હોય' એવા નિયમથી મતિજ્ઞાનનું પણ ગ્રહણ કરવું.

**હારિભદ્રી-વૃત્તિમાં** પ્રશ્ન કરેલો છે કે, સૂત્રમાં 'અક્ષર' શબ્દ સામાન્યથી (અવિશેષ રૂપે) કહેલ હોવાથી તેના વડે કેવળજ્ઞાન પણ જણાય અને પ્રસ્તુતમાં શ્રુતનો અધિકાર હોવાથી તે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન - પર્યાયના પરિમાણ તુલ્ય શી રીતે બને. એવા પૂર્વપક્ષનું સમાધાન આપતા કહ્યું છે કે, અહીં અપર્યવસિત-શ્રુતજ્ઞાનનો અધિકાર હોવાથી **'અક્ષર'** શબ્દથી **અ** કાર વગેરે જ જણાય છે. અને તે **અ** કારાદિ અક્ષરો પણ અનંત સ્વ-પર પર્યાયવાળા છે. કેમકે **અ** કારના ઉદાત્ત વગેરે ૧૮ પ્રકારો છે તે તેના સ્વપર્યાય છે. તથા અન્યવર્ણસહિત **અ** કારાદિ પણ સ્વ-પર્યાય છે. અને તે અનંત છે.

કારણ કે અભિલાપ્ય ભાવો અનંતા છે. શબ્દ તે ભેદોનો અભિધાયકત્વ પરિણામવાળો હોય ત્યારે તે તે અનંત અર્થોનો પ્રતિપાદક છે. તથા **અ**કારાદિ અક્ષરના ઘટાદિ જે પર-પર્યાયો છે તે પણ સ્વપર્યાય કરતાં અનંતગુણ છે. ઘટાદિ-પરપર્યાયો એ કઇ રીતે અક્ષરના સ્વ-પર્યાય કહેવાય ઇત્યાદિ ઘણા વિસ્તારથી **ચૂર્ણિકારે** તથા **વૃત્તિકારે** વર્ણન કરેલું છે. પણ અહીં વિસ્તાર-ભયથી જણાવતાં નથી.

સારાંશ, એટલો જ છે કે, અહીં મૂળસૂત્રમાં **'अक्खरस्स अणंतभागो'** એમ જે અક્ષરનો અનંતમો ભાગ ગ્રહણ કરવાનું કહેલું છે, તે પૂર્વોક્ત પારિશેષ્ય-ન્યાયથી **અ**કારાદિ રૂપ શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ લેવાનો છે. અને તેટલું જ્ઞાન સર્વજીવોને (સર્વ-જઘન્ય-ચૈતન્યવાળા એકેન્દ્રિય પૃથ્વીકાય જીવોને પણ) હંમેશા ઉઘાડું હોય છે. તેથી અધિક ચૈતન્યવાળા અપકાય વગેરેને અનંતગુણ વિશુદ્ધ અક્ષર રૂપ જ્ઞાન હોય છે. આ પ્રમાણે તેઉકાયથી સંજ્ઞી-પંચેન્દ્રિય સુધીના જીવોમાં ઉત્તરોત્તર અનંતગુણ વિશુદ્ધતર જ્ઞાન જાણવું. [ **નંદીસૂત્ર-ચૂર્ણિ** અને **હારિભદ્રીવૃત્તિને** આધારે. ]

॥ ॐ अर्हं नमः ॥

श्री चिरंतनाचार्य विरचितं

# ॥ [1]श्री तत्त्वार्थाधिगमटीप्पणम् ॥

ॐ नमः पार्श्वाय । उमास्वातिर्न बोटिको, वाचकपदवीमत्त्वाद्, नागार्जुनादिवत् । उमास्वातिर्न बोटिकस्तत्त्वार्थप्रकरणं प्रति कर्तृत्वात्प्रशमरत्यादिप्रकरणं प्रतीव । यतस्तत्र सूत्रम्- "**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग**" इति । अत्र सम्यग्दर्शनस्य प्राथम्यं शास्त्रयोजनानुग्रहार्थम्, अत एव "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" इत्येकसूत्रेणापि तोषः, "**सव्वगयं सम्मत्तमिति**" वचनात् । ज्ञानं प्रति नैवं सूत्रसंतोषस्तथाविधबहुलप्रकारित्वाच्चारित्रं प्रतीवेति । "**जीवाजीवाश्रवबन्ध-संवरनिर्जरामोक्षास्तत्त्वमिति**" । अत्र पुण्यपापयोः परान्तर्भावः शास्त्रयोजनानुग्रहार्थः । अत एव "सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम्" । "अतोऽन्यत् पापमिति" सूत्रसन्तोषः । "**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेष**" इति । अत्र विपुलमतित ऋजुमतेः क्षेत्रतया वैषम्यं न ज्ञापितम् । "**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ**" चेति । अत्र मिश्रशब्दस्य भिन्नविभक्तिकतयैकस्यैव कर्मण उदीर्णानुदीर्णतावस्थापेक्षं क्षयोपशमौ ज्ञापितौ । "**सोऽष्टचतुर्भेदः**" इति । अत्र दर्शनोपयोगस्य यशःप्रधानता न ज्ञापिता । "**पृथिव्यम्बुवनस्पतयः स्थावराः । तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः**" इति । अत्र तेजोवाय्वोर्भिन्ननिर्देशतः "तओ थावरा पन्नत्ता । तं० पुढवीकाइया आउकाइया वणप्फइकाइया । तओ तसा पन्नत्ता । तं० तेउकाइया वाउकाइया तसकाइया" इति प्रवचनभक्तिमता लब्धित्रसत्वं ज्ञापितम्, "**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभाभूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोधः पृथुतराः**" इति । अत्र सप्तन्शब्दस्य भूमिविशेषणता ज्ञापिता, अत एव स्वर्गसूत्रे नवसु ग्रैवेयकेष्वित्यत्र नवन्शब्दस्यापि पटुग्रैवेयकविशेषणता । "**प्राग्मानुषोत्तरान्मनुष्या**" इति । अत्र-मनुष्यक्षेत्रतो बहिर्मनुष्याणां गमनं न निषिद्धं, त्रसनाडीतो बहिस्त्रसाणामिव । "**तृतीयः पीतलेश्य**" इति । अत्र ज्योतिष्काणां सुरत्वं ज्ञापितम् । "**दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ता**" इति । अत्र षोडशविकल्पा इति न ज्ञापितम् । इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णका-भियोग्यकिल्बिषिकाश्चैकश इति । अत्र प्रतीन्द्रादानं न कृतं, पूर्वयोर्द्वीन्द्रा इति । अत्र चतुरिन्द्रा इति न ज्ञापितम् ॥ "**पीतान्तलेश्या**" इति, अत्र भवनपतिव्यन्तराणामसुरतासाधर्म्यं ज्ञापितम् । **शेषाः** स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोरिति । अत्र स्वर्गीयसूत्र .... फल .... "**भवनवासिनोऽसुरनाग-**

---

१. "इदं किल श्रीपुण्यपत्तनस्थडेक्कनकोलेजाह्वपाठशालासत्भाण्डागारस्थित-तत्त्वार्थभाष्यादर्शपरितो लिखितं टिप्पणं यथातथं पूर्वसम्पादकेन परिशिष्टाख्यया मुद्रितम् ।" इति प्राचां सम्पादकानां मुद्रिते प्रतौ अधस्तात् लिखितं टिप्पणमस्ति । अस्य च हस्तप्रतेरभावात् अस्माभिर्यथावदेव उपयोगित्वादत्र मुद्रापितमिति ज्ञेयम् ।

**विद्युत्सुवर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः**" इति। अत्र चेष्टानुक्रमस्तथाहि- असुरो म्लेच्छः, क्रौर्यात्स इव नागः, स्रगाकारतो नाग इव, विद्युत् वर्णाकाराभ्यां विद्युदिव, गरुडो विस्तारितपक्षः वर्णपराक्रमतो गरुड इव, अग्निः। अग्निमित्रं वायुः। वायुयोगान्मेघे स्तनितं, समुद्रोपि तथाभूतः स्तनति। उदधिवेष्टितं द्वीपं, द्वीपे सुगमा दिगिति। मैवमिति चैत्र। सूर्याचन्द्रामसावित्यत्र तेजोऽपेक्षयैव सूर्यप्राथम्यं प्र(ति)सिद्धेरित्युत्पलचन्द्रिकायाम्। अत एव- "असुरा नागा विज्जू सुवण्णग्गीवाउथणिया य। उदही दीव दिसाक्" विय दसभेया भवणवासीणं ॥३॥ इति **जिनभद्रगणिक्षमाश्रमणाः**। "**व्यन्तराः किन्नरकिंपुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः**" इति। अत्र "वाणमन्तरा अट्ठविहा पन्नत्ता। तं० किण्णरा किंपुरिसा महोरगा गन्धव्वा जक्खा रक्खसा भूया पिसाया" इति "**प्रज्ञापनोपाङ्ग**" वचनमाराधितम्। "**सौधर्मेशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्र-सहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयविजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे चेति**"। अत्र प्रथमविभक्तित्रयत इन्द्रदशकं ज्ञापितं। ग्रैवयकानुत्तरान्तराले विमानान्तराणि न ज्ञापितानि। विजयादिचतुष्कपृथग्निर्देशतो "जयन्ताओ देवलोगाओ बत्तीसं सागरोवमट्ठिइयाओ, अपराजियाओ महाविमाणाओ बत्तीसं सागरोवमट्ठिइयाओ" इति तादृशाभिप्रायि "ज्ञातधर्मकथा-दशश्रुतस्कन्ध" - वचनाराधना कृता। "**पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु**" इति। अत्र मिश्रलेश्याकत्वं न ज्ञापितम्। "**प्राग्गैवेयकेभ्यः कल्पा**" इति। अत्र कल्पेष्वहमिन्द्रोत्पत्तिर्निषिद्धा। "**ब्रह्मलोकालया लौकान्तिका**" इति। अत्र लौकान्तिकसाहचर्यतः पञ्चमस्वर्गस्याखण्डगोलकता ज्ञापिता। परतः परतः पूर्वानन्तरेति अत्र तृतीयादि-गोलकोत्तरदले साधिकस्थितिर्न ज्ञापिता। "**अजीवकाया धर्माधर्माकशपुद्गलाः**" "द्रव्याणि जीवाश्च" इति। अत्र कालस्य गौणद्रव्यत्वं ज्ञापितं नाणोरिति। अत्र पुद्गलशब्दानुवृत्त्या पुद्गलाणुरेव ज्ञापितः॥ "**वर्तना परिणामः क्रियापरत्वापरत्वे च कालस्य**" इति। अत्र कालो द्रव्यचूलेति ज्ञापितो यथा सम्यग्मोहः कर्मचूलेति। "**कालश्चेत्येके**"। "सोऽनन्तसमयः" इति। अत्र कालस्यासंख्याणुकत्वं न ज्ञापितं। "**तद्भावः परिणामः**"। "**अनादिरादिमांश्च**" "**रूपिष्वादिमान्**"। "**योगोपयोगौ जीवेषु**" इति। अत्रोपयोगौ भिन्नकालीनतया ज्ञापितौ। **दर्शनविशुद्ध्यादि**सूत्रे उत्तरगुणापरनामकं शीलं मूलगुणापरनामकं व्रतं, शीलोपलक्षितैर्व्रतैर्जिननामाश्रवविंशतित्वपूर्तिः। **मारणान्तिकीं संलेखनां जोषितेति**। अत्र संलेखना द्वादशतो बहिः सर्वान्तर्वर्तित्वात्सर्वादिवर्तित्वेन सम्यक्त्वमिव। **सद्वेद्यसम्यक्त्वादि**सूत्रे सम्यक्त्वस्य शुद्धपुञ्जत्वात्, हास्यरत्योः पुण्याश्रवं विनानुपपत्तेः, पुरुषवेदस्य पवित्रकीर्तित्वात्पुण्यत्वविवक्षा। **क्षुत्पिपासादि**सूत्रे नाग्न्यशब्दतः "जस्सट्ठाए कीरति नग्गभावे मुंडभावे" इति प्रवचनपदाराधना ज्ञापिता।

"**एकादश जिने**" इति। अत्र क्षुदादिपरीसहाभावो न ज्ञापितः। "**बादरसम्पराये सर्वे**" इति अत्र जिनानन्तरं बादरसम्परायज्ञापना जिनेऽस्मद्वत्परीषहा इति ज्ञापितम्।

"**ज्ञानादर्शनचारित्रोपचार**" इति । अत्र दर्शनस्य प्राथम्यं न कृतम् । "**आमुहूर्तात्**" इति । अत्र सर्वस्यापि ध्यानस्य नाधिकं स्थितिर्ज्ञापिता । "**उपशान्तक्षीणकषाययोश्च**" इति । अत्र पूर्वधरापराणां श्रेणिद्वये धर्म्यं ध्यानं ज्ञापितम् । "**तत् त्र्येककाययोगायोगानाम्**" इति अत्र चरमदशात ऋते केवलिनो ध्यानरहिताः । **क्षेत्रकालगतिलिङ्गादि**सूत्रे स्त्रीलिङ्गिनामपि मुक्तिः । इत्यतो नमस्तीर्थाय ॥ नमोऽस्तु **वाचकमुख्यायेति** मुख्यत्वं च उमास्वातेः पूर्वगतकियद्दूराध्येतृत्वात्, तथा चोक्तम्,-निरन्तरमपि त्रिजगज्जनराजीवराजीप्रबोधकरणैकतानाय तीर्थकरमहामार्तण्डाय ॥

**पसमरइपमुहपयरणपंचसया सक्कया कया जेहिं ।**
**पुव्वगयवायगाणं तेसिमुमासाईनामाणं ॥१॥**

**पडिहयपडिवक्खाणं पयडीकयपणयपाणिसुक्खाणं ।**
**पणमामि पायपउमं विहिणा विणएण निच्छउमं ॥२॥** इति ।

**पूर्वगताऽवस्थानं च चरमपरमेश्वरनिर्वाणाद्वर्षसहस्रं यावदासीद्भगवत्यङ्गवचनप्रामाण्यात् ॥ ( कारिका गाथा १ )**

२. "**अधमतम**" इति षोढा मनुष्या यथाऽधमतमो [अधमो] विमध्यमो मध्यम उत्तम उत्तमोत्तम इति । तत्राऽतिशयेनाऽधमोऽधमतमो लोकद्वयफलविराधको वागुरिकादिवत् । अधमस्त्विह । लोकस्याराधको भवान्तरविराधकः प्रमत्तनृपवत् । अप्राप्तो मध्यमावस्थां विमध्यम इत्युच्यते । जन्मद्वयफलाकाङ्क्षी व्यवहारिसार्थवाहवत् । मध्यमः परलोकफलाभिलाषी सांन्यासिकादिवत् । यतस्तेषां निर्जरानपेक्षं तपो भवतीति[ती]ह- आगमः "**नो इहलोगट्ठयाए तवमहिट्ठवि( ट्ठि )ज्जा, नो परलोगट्ठाए तवमहिट्ठवि( ट्ठि )ज्जा**" इति । यद्यपि ते केचिन्मुक्त्येषिण एव वयमित्यारटन्ति, तथापि नास्ति भागनिर्जरापेक्षा इन्द्रादिपदव्या अपि मुक्तिशब्देन तेषां प्रसिद्धेः । लोकद्वयफलानभिलाषी केवलनिर्जराप्रवृत्तो ह्युत्तमो जैनचारित्रिक एव । उत्तमोत्तमस्तु श्रीतीर्थकर एवेति ॥ (कारिका गाथा ४)

३. "**तीर्थप्रवर्तनफलमिति**" तीर्थकरनामप्रेरित एव भगवान्परार्थव्यसनी निष्कामं भवति ॥ (कारिका गाथा ९)

४. **ज्ञातेति,** ज्ञाताश्च ते इक्ष्वाकवः अत्रापत्यार्थोत्पन्नाऽण्प्रत्ययपलोपः । "**नायाणं खत्तियाणमि**" त्यागमः ॥ (का.गा.११)

५. "**सेन्द्रैरिति**"इह लौकान्तिकानामिन्द्राभावेऽपि सम्यक्त्वसाधर्म्यात्सेन्द्रैरित्युच्यते ॥ यतः- "**इंदत्तं चक्कित्तं, पंचाणुत्तरविमाणवासित्तं । लोगंतियदेवत्तं, अभव्वजीवेहिं नो पत्तम्**" ॥१॥ इति (कारिका गा-१४)

६. "**कृतसामायिकेति**" । करेमि सामाइयं इत्याद्युच्चार्येत्यर्थः, अत्र 'भन्ते' इति पदं भगवान्न भणति । '**भंतेत्ति न भणन्ति जीतमि**'त्यावश्यकचूर्णौ (कारिका गा.१६)

७. "**सम्यक्त्वज्ञानेति**" । भगवद्भाषितप्रवचनमशेषश एव श्रद्धीयते येन तदेव सम्यक्त्वं 'सव्वगयं सम्मत्तं' इति वचनात् । तथा जिनवदनविनिर्गतं पदमेकं न श्रद्दधाति, शेषसकलसिद्धान्तं श्रद्दधाति, सकलसिद्धान्तं न श्रद्दधाति, पदमेकं च श्रद्दधाति, नैतत्सम्यग्दर्शनं, सर्वगतत्वव्याघातात्, यद्यदसर्वगतं तत्तन्मिथ्यात्वं, प्रमाणविरहितत्वात् । न खल्वेकप्रदेशमात्रेणाप्यूनत्वाभिगृहीताः शेषाऽसङ्ख्येयप्रदेशाः संमानिता अपि जीवस्य जीवत्वं लभन्ते, जीवादेर्द्रव्यस्वरूपत्वात्, ऊनतायां च द्रव्यत्वाऽयोगात् । तथा जीवदेशो जीवप्रदेशो वा इत्यपि न ते वक्तुं पार्यन्ते, देशप्रदेशयोरखण्डत्वाऽपेक्षयैव भवनात्, अखण्डत्वस्य च सर्वज्ञैकान्तगोचरयथास्थितत्वात् । अतो हि नायं जीवो नापि जीवदेशो न च जीवप्रदेशः नाप्यजीवो नाजीवदेशो नाजीवप्रदेशो वा, सिद्ध्यत्येव चैवमसतोऽपि वस्तुतावादः, स चानन्तभवपरम्परादुःखहेतुः ॥ (कारिका गा.१७)

८. "**द्विविधमिति**" । द्विविधमङ्गप्रविष्टानङ्गप्रविष्टभेदात्, अनेकविधं प्रकीर्णकभेदात् । स्याद्वादमहानगरस्योत्तराध्ययनप्रमुखानि प्रकीर्णकमन्दिराणीव । द्वादशविधं दृष्टिवादपर्यन्तभेदैरङ्गैः, स्याद्वादमहानगरे द्वादशाङ्गानि आवलिकामहामन्दिराणीव । यतो भण्यते च-

प्रवचननगरप्रतरे, विराजमानं विचालशः सुतराम् । आवश्यकमिदमिन्द्र-कमन्दिरसदृशं चिरं जयति ॥१॥ निष्पणतत्त्वसमुच्चयनयगमरत्नातिपूरितं परितः । तत्रतनावलिकागृहगणमिव गणिपिटकमभिवन्दे ॥२॥ तस्य सदाप्यवकीर्णक-सदनसरूपाननेकसंख्याकान् । भृशकमुपासे समयानुत्कालिककालिकप्रभिदा ॥३॥ इति ॥ (कारिका गा.१९)

९. प्रति "**चिक्रमिषेदिति**" । प्रतिक्रमितुमिच्छेदिति प्रतिचिक्रमिषेत् । (कारिका गा.२५)

१०. "**नर्ते**" इति । विनार्थे ऋते इत्यव्ययं ततः पञ्चमी ।

११. "**प्रवक्ष्यामीति**" उमास्वातिवाचका एवमाहुः, (का.गा.३९)

१२. "**सम्यग्दर्शनमिति**" । दर्शन द्विधा द्रव्यतो भावतश्च । तत्र द्रव्यतश्चक्षुरचक्षुरवधिकेवलानि, भावतस्तु सम्यक्त्वमित्येतदत्र गृह्यते ॥ "चक्रद्वयवच्छकटस्य" । न हि खल्वेकेनैव चक्रेण शकटे गमनव्यवहारः । त्रयाणां ग्रहणमिति । ननु ज्ञानसम्यक्त्वयोः कः प्रतिविशेष इति अत्रोच्यते-सम्यक्त्वं खलु कथञ्चिज्ज्ञानमेवाऽऽस्ते, कथंचिच्च तद्भिन्नमिति अपक्वेक्षुरससमानं हि ज्ञानं, तदेव चाऽग्निपक्वतुल्यं दर्शनम् । न च पक्वेक्षुरसस्य अपक्वेक्षुरसस्य स्वादापेक्षयापि मिथः समानतेति वक्तुं पार्यते, तस्मादपक्वतः सकाशात्पक्वस्यानन्तगुणमधुरत्वात् । ननु ज्ञानस्यावरणं ज्ञानावरणीयं कर्म भवति, सम्यक्त्वस्य तु दर्शनमोह एव वर्तते, तत्कथं भवानेतद् ब्रूते ज्ञानसम्यक्त्वयोरैक्यमपीति चेत् । श्रूयतां -

मोहावरणीयशब्दयोरर्थः क्रियते, स चैवं-मोहयति पातयतीति मोहः, तत्त्व वृणोत्याच्छादयतीति भणितं भवति। अथ विलोकय यथा सुवर्णं तदीयखानौ धूलिभिरावृतं लभ्यते, तथैव ज्ञानं ज्ञानावरणीयेन कृत्वाऽऽच्छादितां जीनीयाः। यथा चाग्निसंयोगतो रजःप्रणाशात्तदेवात्र स्व(र्ण)ताप्रसिद्धं निर्गच्छति तथैव सामग्र्या ज्ञानावरणीयपराजयतो ज्ञानावकाशः। यथा पुनः कलाकुशलस्य स्वर्णकारस्य हस्ते प्राप्तं तदेव तथाभूतैः कैश्चित्सुश्लिष्टभास्वरताहेतुभिः शस्त्रैः स्पष्टालङ्कारत्वविभासमानं भवति, तद्वत्तदेवाऽनन्तगुणविशुद्धपर्ययं भूत्वा सम्यक्त्वं दर्शनं रूचिर्दीप्तिर्दृष्टिर्दृक् श्रद्धानमास्तिक्य-मित्येवमादिभिःकृत्वा शब्दान्तरितं स्यात्। न च दीप्तिर्भिन्नैवाऽभिन्नैव वेति वक्तुं पार्यते। भिन्ना यदि सुवर्णाद्दवीयसी स्यात्, न च तथा पश्यामः। अभिन्ना यदि, सूवर्णताप्राकट्यादेवाऽसौ युज्यते, न च रजोविरहमात्रेणैव दीप्तिं प्रतीमः, अत एव दर्शनमोहो ज्ञानप्रतिष्ठितदर्शनस्य विशदताया इति यावत्पातयिता मन्तव्यः। आवरणं तु वस्तुतः प्रभायाः सुवर्णप्रतिष्ठितत्वाद्धूलिरेव, न पुनः शस्त्रविशेषानवाप्तिरिति।

किञ्चान्यत्-पृथिव्युदरखनितपाषाणवज्ज्ञानं तदेव चातिसुश्लिष्टभास्वरतुल्यं दर्शनम्, तदेव टंकादिसुघटितार्हत्प्रतिमासमानं चारित्रं, तस्य एव प्रतिष्ठाविभूतिवदर्हद्धर्मवेषः, स च सुतरां प्रणिपत्यः। अथवा कूपनिर्यातजलवज्ज्ञानम्। तदेव निर्विषतुल्यं दर्शनमित्यादि। "**नादंसणस्स नाणं नाणेण विणा न हुंति चरणगुणा। अगुणस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥१॥**" इत्यागमाद् (प्रथम अध्याय सूत्र० १)

१३. "**तत्त्वमिति**" जीवाजीवादयः सर्वे एव पदार्था ज्ञाताः सन्तस्तत्त्वं भवति। न च केवलं जीवमात्रश्रद्धानतः सम्यक्त्वं स्यात्, नाप्यजीवमात्रश्रद्धानतः, एवं सर्वत्र योजना, किन्तु भगवत्प्रणीतसर्वश्रद्धानमेव सम्यक्त्वम्। ततः एकवचनं तत्त्वमिति। तथा अमीषामेव सप्तानां नवसंख्याकत्वमपि नयवादान्तरेणाऽऽस्ते।

यदाहुः- "**जीवाजीवा पुण्णं, पावासवसंवरा य निज्जरणा। बन्धो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ॥१॥**" इति। अत्राश्रवतत्त्वं जलरूपम्, बन्धतत्त्वं बीजरूपम्, पुण्यपापे च शाखारूपे, न च बीजतः सकाशाच्छाखा भिन्नैवाऽभिन्नैव वेति वक्तुं पार्यते। भिन्नैव यदि, बीजमन्तरेणापि शाखाप्रादुर्भावः स्याद्, न चैवं विलोकयामः। अथाभिन्ना, तदा युगपदेव बीजशाखे भवतः, नैवमपि पश्यामः। बीजवपनकालादङ्कुरादिनिर्गमकालस्याऽन्यत्वात्। न च वाच्यं बन्धः प्रकृतिस्थित्यनुभावप्रदेश-भेदाच्चतुष्प्रकारस्तदा भूयोऽपि पुण्यपापयोः कः प्रतिविशेष इति। अत्रोच्यते-बन्धनं बन्धः कर्मणोऽनभ्युदयसमय एव, तदपेक्षया मनुष्यतिरश्चामपि बद्धदेवत्वानां देवतात्वसंभवः, पुण्यतत्त्वमपेक्ष्यते तदा स्पष्टोदितदेवगतिनामकर्माण एव देवत्ववक्तव्या भवन्ति। अथ कर्तृकरणयोरैक्योपचारात्त्रीण्येव तत्त्वानि स्युः ज्ञेयहेयोपादेयभेदानि॥ यदुक्तं-

"हेया बन्धासवपुण्णपावा, जीवाजीवा य हुंति नेयाओ । संवरनिज्जरमुक्खा, तिन्नि वि एए उवाएया ॥१॥" इति जीवाजीवयोः कथञ्चिदभेदः, अन्यतमस्मिन्नपि जिनात्मकज्ञेये सकलज्ञेयानां प्रतिबिम्बितत्वात् । पुण्यपापाश्रवबन्धानां च कथञ्चिदैक्यम् हेयत्वसाधर्म्यात् जलबीजशाखादिवत् । तथा संवरनिर्जरामोक्षाणामपि कथञ्चिदैक्यम् । न हि संवरं विना निर्जरा भवति, नापि निर्जरामन्तरेण मोक्षः सम्प्राप्यते । कथञ्चिच्च जीवादिसर्वेषामप्यभेदः, "सर्वमेकं सदविशेषात्" इति सङ्ग्रहापेक्षा-प्रवृत्तेः । कथञ्चिच्चाऽतीवसंख्याकत्वं व्यवहाराख्यनयप्रवृत्तेः । सर्व एव भावा अनन्तनयात्मका न चैकान्ताः । (अ.१ सू.४)

१४. "**एभिर्नामादिभिरिति**" अत्राऽनादिस्वयंसिद्धधर्मास्तिकायरूपलोके नामस्थापनाभ्यामुप-कृतानि सर्वाणि भवन्ति, तदनर्हाणां सर्वेषामप्यवस्तुत्वात् । तद्यथा – नामाऽत्युपक्रियमाणा धर्माधर्मादीनां प्रतीतिरास्ते । तद्विरहे किञ्चिन्मात्राया अप्यप्राप्तेः । स्थापनाऽप्युपक्रियमाणा च तदवगाहनासमुपलब्धिः समस्ति । न खलु तद्विप्रयोगेऽद इदमेतदिति सम्प्राप्त्यौचिती स्यात् । नाप्यद इदमेतदित्येतेषामविषयीभूते क्वचिदपि वस्तुत्वं प्रवर्तते । मा च कश्चिद्विवदता उपचारोऽयमिति । उपाचारमन्तरेण परमार्थाऽनवाप्तेः । उपचारपरतन्त्रत्वात्परमार्थस्य । न खल्वेकाख्यमङ्कं विशिष्टादिबीजभूतं विना तदतिवृद्धानां द्वित्रिचतुराद्य-ङ्कानामपि सतत्वभणितिस्तत्परिज्ञानं वा लेशतोऽपि भवितुमर्हतीति ॥ अत्रायं भावः, यथा गौतमस्वामी गौतमशब्दे जैनानां तद्विज्ञातृणां वाऽन्येषां मनसा चिन्त्यमानो भवति सत्य तदा तस्य प्रभोर्नामनिक्षेपः । न च वाच्यं मिथ्यादृष्टिप्रसिद्धगौतमाख्यविप्रर्षिचिन्तायामपीति । यतो हि प्रोक्तमास्ते "अन्नत्थ वंजणे निवडियंमि जो खलु मणोगओ भावो । तत्थ उ मणं पमाणं, न पमाणं वंजणच्छलणा ॥१॥ इति, अत एव स्थापनानिक्षेपोऽप्येवं भाव्यः । कथमन्यथा परतीर्थिकदेवालयवर्तमानजिनेश्वरप्रतिमाप्रणत्य० [तिः ?] स्यात् नोचिता, भण्यते च रुद्रादिसामान्यमसौ स्थितश्चेन्न वन्दनीयो हितमूहमानैः । अधः प्रजानां वसतः सतोऽपि, नृपस्य यस्मान्महिमा क एव ॥१॥

१५. "**धर्मादीनि पञ्च सगुणपर्यायाणीति ।**" गत्याद्यगुरूलघुप्रभृतिपर्यायभाञ्जीति । एतत् स्याद् यद्येन धर्मेण समन्वितं तं धर्मं न कदाचिज्जहाति तेन सदान्वितमास्ते । इत्येतच्च न प्राप्तिलक्षणानि परिणामलक्षणानीति यावत् । अन्यानन्यांश्च धर्मान्प्रतिपद्यन्ते इति । जीवास्तावद् देवमनुजादीन्, पुद्गलाः कृष्णादीन् । धर्मादयः पुनस्त्रयः परतोऽन्यानन्यांश्च प्राप्नुवन्ति । यतोऽन्यस्मिन् गच्छति तिष्ठति अवगाहमाने वा जीवे पुद्गले वा गमनादिपरिणामस्तेषामुपचर्यते, अतो हि प्राप्तिलक्षणानि वक्ष्यन्ते इति वृत्तौ हरिभद्रपादाः ॥

१६. "**प्राभृतज्ञ**" इति आगमे पूर्वाख्ये कथ्यमाने 'प्राभृतज्ञ' इति शब्दप्राभृतं, तच्च पूर्वेऽस्ति, यत इदं व्याकरणमायातं, तत् शब्दप्राभृतं यो जानाति स प्राभृतज्ञो गुरुरेवं ब्रवीति, न चैवमहमेव वच्मीति भावः (अ०१ सू०५)

१७. "**अरूपीति**" नास्ति रूपी रूपवानित्यरूपी, नासौ रूपादिधर्मसमन्वित इत्यर्थः छद्मस्थस्य यद्यपि कर्मपटलोपरागस्तथा(प्या)त्मा स्वं स्वभावं न त्यजतीति । आगन्तुकं हि कर्मरजो मलिनयत्यात्मानम्, अभ्रादीव चन्द्रमसमिति ।

१८. "**नोस्कन्धा**" इति । तथा नोस्कन्धः, अरूपत्वादेव, न स्कन्धः पुद्गलादिरूपः, स्वप्रदेशाङ्गीकरणात्तु स्यात्स्कन्धः । अथवा पञ्चास्तिकायसमुदितिः स्कन्धः, नोशब्दस्य तद्देशवाचित्वान्नोस्कन्धः सम्यग्दृष्टिः ।

१९. "**नोग्राम इति ।**" एवं नोग्रामोऽपि वक्तव्यः 'चउसहिं भूयगामेहिं' इत्यागमे भूतग्रामाश्चतुर्दश सन्ति । ततश्च न कश्चित्सकलो ग्रामः सम्यग्दृष्टिः ॥

२०. "**जीवस्याजीवस्य इत्यादि भङ्गाः ।**" यदा एकं साध्वादिकं जीवं प्रतीत्य सम्यक्त्वमुत्पद्यते, तदा निमित्तापेक्षया जीवस्यैव १, इह यस्य सम्यग्दर्शनमागतं स जीवो न विवक्षितः १, एवमर्हत्प्रतिमापेक्षयाऽजीवस्य २, द्वयोः साध्वादीनामन्यतमजीवयोर्निमितयोरेवाऽपेक्षया जीवयोरिति भङ्गः ३ । एवं द्वयोरर्हत्प्रतिमयोः ४ । बहूनां साध्वादीनां निमित्तभूतानामपेक्षया जीवानामिति भङ्गः ५ । एवं बहूनामर्हत्प्रतिमानां ६ । सर्वेष्वपि एतेषु प्राप्तसम्यक्त्वो जीवो नापेक्ष्यते, परसंयोगस्यैवा-ऽधिकारविवक्षणात् । उत्तरसंयोगे आत्मपरसंयोगचिन्ता कार्या । तत्र जीवस्य १ अजीवस्य २ इत्येतौ भङ्गौ न स्तः, एकाकिनो ह्युभयसंयोगानौचित्यात् । अथान्ये भङ्गास्तु संभवन्त्विति न वाच्यम् । यस्माज्जीवयोरित्यत्र न हि सम्यक्त्वयुक्तस्य ग्रहणं द्वयोः कयोश्चिन्निमित्तभूतयोरेव ग्रहः क्रियते, तौ च परसंयोगविश्रुतावतस्त्याज्यो जीवयोरिति तृतीयः भङ्गः । एवमजीवयोर्निमित्तभूतयोः । जीवानां निमित्तभूतानां अजीवानां निमित्तभूतानामिति षडपि नादरणीयाः, आत्मसंयोगं विना उभयसंयोगानुत्पत्तेः । अथ षडेव च भङ्गाः शेषा आदरणीयाः, ते त्विमे - जीवस्य जीवस्य १, जीवस्य अजीवस्य २, जीवस्य जीवयोः ३, जीवस्य अजीवयोः ४, जीवस्य जीवानां ५, जीवस्य अजीवानां ६ इति । अत्र धारकपुरुषस्य तथा निमित्तभूतस्य कस्यचिदेकस्य द्वयोर्बहूनां च ग्रहणादुभयनय-संयोगाऽविरोधसिद्धिः । न च वाच्यं जीवयोरित्यादिभङ्गेषु जीवस्य च जीवस्य चेति समासबलादुभय-संयोगो भविष्यति । एकपदविभक्त्या एकस्य संयोगस्यैव ग्रहणोपदेशः समाधीयते ।

२१. "**तदावरणीयस्य कर्मणो दर्शनमोहस्य च**" इह सम्यक्त्वोत्पत्तौ ज्ञानावरणीयकर्मणोऽपि पराजयो भवति, मिथ्यात्वमोहस्यापि भवति अत इदं प्रोच्यते । ननु सप्तप्रकृतीनामनन्तानुबन्धि-कषायचतुष्कदर्शन-मोहत्रिकताप्रसिद्धानामुपशमादिभ्य औपशमिकादिसम्यक्त्वोत्पत्तिः स्यात् ततः कथमनन्तानुबन्धिनः कषायाः सम्यक्त्वावरणत्वेऽपि नोपात्ता इति न वाच्यम् । चारित्रमोहस्य पञ्चविंशतिप्रकारत्वात् । निमित्तसद्भावो हि सम्यक्त्वस्याऽनन्तानुबन्ध्युपशमादितः प्रवर्तते, न पुनस्ते सम्यक्त्वावरणानि भवितुमर्हन्ति । यथा केवलज्ञानस्य मोहक्षयः कारणमेव राजते, तदसद्भावे

केवलित्वानुत्यादात्, परं न हि मोहः केवलज्ञानावरणमिति वक्तुमुचितो भवतीति, अन्यथा अनन्तानुबन्ध्युदयविरहिते मिश्रगुणस्थाने सम्यग्दर्शनमेव चेष्टेत, सासादनगुणे च मिथ्यात्वमेव चेष्टेत, न च तथा श्रूयते, सम्भवति वा, तस्मादनन्तानुबन्धिचतुष्टयं चारित्रावरणमास्ते न पुनः सम्यगा(क्त्वा)वरणम् ॥ (अ०१ सू०७)

२२. "**गत्यादिद्वारे सद्भूतप्ररूपणा**" सद्भूतप्ररूपणेति गतिः पञ्चधा। तत्र पञ्चस्वपि सम्यक्त्वं लभ्यते, पञ्चमी त्विह सिद्धिरिति १। इन्द्रियाणि पञ्च, तत्र पञ्चेन्द्रियाणामेव सम्यक्त्वं, विकलेन्द्रियास्तु सास्वादनापेक्षया कदाचित्सम्यक्त्विनः २। कायाः पृथिव्यप्तेजोवायुवनत्रसाः। इह त्रसा एव सम्यक्त्ववन्तः ३। योगा पञ्चदश, तद्यथा सत्यमनः, असत्यमनः, सत्यासत्यमनः, पर्यायसत्यमनः। एवं वचोपि चतुष्प्रकारम्। तथा औदारिकमौदारिकमिश्रं वैक्रियं वैक्रियमिश्रमाहारकमाहारकमिश्रं कार्मणमिति। तत्र सर्वेष्वपि सम्यक्त्वं लभ्यते ४। कषायाः पञ्चविंशतिः, तत्रानन्तानुबन्धिचतुष्कवर्जं सम्यक्त्वे स्यात्। सास्वादनं तु सर्वकषायेषु ५। वेदाः। पुंस्त्रीषण्ढाः सर्वे ६। लेश्याः कृष्णनीलकापोततेजःपद्मशुक्लाः सर्वा अपि द्रव्यतः। भावतस्तु प्रशस्तलेश्यात्रिकं ७। सम्यक्त्वद्वारे तत्प्रतिपक्षमिथ्यात्वमिश्रभेदौ बहिः कार्यौ, विशेषावबोधाय सास्वादनं तु ग्राह्यम् ८। ज्ञानद्वारे अज्ञानत्रयं प्रतिपक्षत्वात् त्याज्यं ९। चारित्रद्वारेऽसंयमः संयमासंयमश्चापि ग्राह्यः १०। आहारका अनाहारकाश्च सम्यक्त्विनः ११। उपयोगद्वारे अज्ञानत्यागः १२॥

२३. "**सम्यग्दर्शनम्**" एतेन छद्मस्थसम्यक्त्वं सर्वज्ञसम्यक्त्वमित्याह ॥ (अ०१ सू०८)

२४. "**ज्ञानं**" ज्ञानमित्येकवचनं मूलतो ज्ञानैकताज्ञापकम् ॥ (अ०१ सू०९)

२५. "**परोक्ष**" इह "**अक्षोटि व्याप्तौ**" अक्ष्णुते ज्ञानेन विश्वं व्याप्नोतीत्यक्षो जीवस्तस्मात्परं परोक्षमिन्द्रियजनितज्ञानमित्यर्थः। एतेन नेत्रविषयस्यापि परमार्थतः परोक्षताऽवगम्या। कथमन्यथा सर्वदाप्यष्टशतयोजनोपरि चरन् सूर्यः समुद्गमनमध्यवर्तनास्तमयनवेलासु नेत्राभ्यामध उच्चैरधश्च विलोक्यः। (अ.१ सू.११)

२६. "**प्रत्यक्षपरोक्षे**" इति। परोक्षप्रत्यक्षयोः को विशेष इत्यत्रोच्यते- परोक्षज्ञानी स्वतः परतो वर्तमानं परत एव विलोकयति। प्रत्यक्षज्ञानी तु स्वस्मिन्नेवेति। यथा हि दूरस्थाः पर्वता दर्पणमध्ये प्रतिबिम्ब्यन्ते यथारूपाः। एवमात्मनः स्वरूपमध्यग एव वस्तुप्रतिभासो भवति।

२७. "**अनुमानोपमानागमार्थापत्तिसंभवाभावेति।**" पर्वतोऽयं वह्निमानिति अत्र धूमवत्त्वात्, धूमं दृष्ट्वाऽग्नेरुपलब्धिरनुमानमेवमन्यत्रापि १। सरः समुद्र इव भरितमस्तीत्युपमानं, यतोऽत्र सरोवर्णनयाऽब्धेर्जलनिधि-तत्त्वोपलब्धिः २। आगमः शास्त्रं ३। अर्थापत्तिरदृष्टवस्तुनोऽर्थोपलब्धिः ४। स्त्रीणां गर्भः संभवः ५। पुंसां गर्भो नेति तु अभावः ६ एवम्। (अ० १ सू०१२)

२८. **"अनर्थान्तरं"** न अर्थानन्तरानित्यागमे । (अ०१ सू०१३)

२९. **"अवग्रहेहापायधारणा"** "विषय विषयिसन्निपातानन्तरसमुद्भूतसत्तामात्रगोचरदर्शनाज्जात-माद्यमवान्तर-सामान्याकारविशिष्टवस्तुग्रहणमवग्रहः" १ । "अवगृहीतविशेषाकाङ्क्षणमीहा" २ । "ईहितविशेषनिर्णयो-ऽवायः" ३ । "स एव दृढतमावस्थापन्नो धारणा" ४ । "संशयपूर्वकत्वादीहायाः संशयाद्भेदः" । "कथञ्चिदभेदेऽपि परिणामविशेषादेषां व्यपदेशः" "असामस्त्येनाप्युत्पद्यमानत्वेना-संकीर्णभावतयानुभूयमानत्वादपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकत्वात्क्रमभावित्वाच्चेति व्यतिरिच्यन्ते" । "क्रमोऽप्यमीषामयमेव, तथैव संवेदनत्वात्" । "एवंक्रमाविर्भूतनिजकर्मक्षयोपशमजन्यत्वाच्च" । "अन्यथा प्रमेयानवगतिप्रसङ्गः" । "न खल्वदृष्टमवगृह्यते न चानवगृहीतं संदिह्यते न चासन्दिग्धमीह्यते न चानीहितमवेयते नाप्यनवेतं धार्यते" । इति **स्याद्वादरत्नाकरा**ख्यन्यायशास्त्रे (अ०१ सू०१५)

३०. **निश्रितं अनिश्रितं निश्रितमिति** सापेक्षं, यथा कश्चित्कृष्णरज्जुमवलोक्य सर्पं स्मरतीत्यादिवत् । अनिश्रितं निरपेक्षं यथा स्वयमेव सर्पादिकस्मरणमित्यादि । (अ०१ सू०१६)

३१. **"एतिह्य"** इतिह इति सम्प्रदायार्थमव्ययपदं ततः स्वार्थेण्यः ।

३३. **"अङ्गप्रविष्ट आचाराङ्गादि"** एकादशसु आचारप्रभृतितो विपाकसूत्रपर्यन्तेषु क्रमशः पदद्वैगुण्यं भवति । यथा १८००० अष्टादशसहस्राणि पदानामाचाराङ्गे । अतः ३६०००, १४४०००, २८८०००, ५७६०००, ११५२०००, २३०४०००, ४६०८०००, ९२१६०००, १८४३२०००, द्वादशस्य दृष्टिपाताख्यमहासमुद्रस्य पञ्चपदानि तद्यथा-परिकर्म १ सूत्र २ पूर्वानुयोग ३ पूर्वगत ४ चूलिकाः ५ । तत्र पूर्वगताख्यचतुर्थपदे चतुर्दशापि पूर्वाणि गतप्रमितमषीपुञ्जलिखनविधिद्विगुणानि क्रमशः १, २, ४, ८, १६, ३२, ६४, १२८, २५६, ५१२, १०२४, २०४८, ४०९६, ८१९२ इति ।

**"आचाराङ्गादि"** विवाहप्रज्ञप्तिः, विबाधप्रज्ञप्तिः विविधप्रज्ञप्तिः, **व्याख्याप्रज्ञप्तिः**, भगवती इत्यनर्थान्तम् ।

३४. **( किंकृत इति )** - केन कृत इति किंकृतः ॥

३५. **( तीर्थकरनामकर्मणः )** - यदागमः । "तिविहे आगमे पन्नत्ते । तं [जहा] अत्तागमे, अणन्तरागमे, परंपरागमे" इति । आप्तागमाऽनन्तरागमपरंपरागमभेदात्त्रिविधो ह्यागमः । यथा अर्थतो द्वादशाङ्गी परमेश्वरस्य आप्तागमः । सा चैव सूत्रतो गणधराणामाप्तागमः, अर्थतश्च तेषामनन्तरागमः स्यात्, परमेश्वरेणैवाऽर्थप्ररूपणात् । "अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणमिति" वचनात् । महाराजाधिराजस्य तीर्थकरस्य सूत्रत आप्तागमो नास्तीत्यर्थः । ततो गणधरशिष्याणां सा चैव सूत्रतोऽनन्तरागमः । अर्थतस्तु परम्परागमः स्यात् । ततः परं प्रशिष्यादीनां सूत्रतोऽर्थतश्च परम्परागमः । न ह्याप्तागमो नाप्यनन्तरागम इत्यर्थः । आप्तागमो मूलपुरुषप्ररूपित उच्यते, अनन्तरागमस्तु

द्वितीयपुरुषगृहीत उच्यते, अर्हतां द्वितीयपुरुषा गणधरा एव भवन्ति । परम्परा परिपाटीत्यर्थः । सा च तृतीयपुरुषादिषु ज्ञेया । यथा गणधराणां द्वितीयपुरुषा गणधरशिष्याः स्युः । अर्हतां त्वेते परंपरागोचरास्तुतीयपुरुषा इत्यर्थः ।

३६. **( अनुभावात् )** – अनुभावश्च तथाविधसूक्ष्मज्ञानिगोचरः । कर्माणि हि पौद्गलिकानि भवन्ति, पुद्गलानां चात्यान्तात्यन्ताश्चर्यभूताऽनुभावसन्ततिश्छद्मजनमनोवचसां सर्वशश्चिन्तनकथनगम्या न हि भवति । यतो हि उदकस्फाटकस्फटिकरत्नस्य मध्यप्रविष्टस्य प्रभावात्समुद्रजलमपि विदीर्णपर्वतवद् द्विधा भवति । चम्बुकप्रस्तरश्च लोहसूचीमपि स्निग्धात्मेव समुत्पाटयति । गन्धकयोगात्कृष्णीभूय गतप्रायोऽपि पारदस्तक्रादि । दिसम्बन्धेन कृत्वा कणशः पृथग्भवति, वशीकरणवल्लीविशेषाच्च चौराद्युपद्रवा न जायन्ते इत्यादिवत्तीर्थकराख्यनामकर्ममहाराजाधिराजस्यातिशयाः सम्यक् श्रद्धेया भवन्ति । कोऽर्थः । कस्य कस्यापि सकर्णचेतःपाटवस्य प्रकारान्तरसहस्रैरपि ज्ञानावरणीयक्षयोपशमविशेषो न चैव स्यात्तस्यापि जन्तोस्तीर्थकरपार्श्वतः समुपविष्टस्य सतो जायते एव । भगवद्वचसां सर्वजगज्जन–भाषानुगमनपरिणतस्वरूपत्वाद्, यथा तुल्यरसस्पर्शगन्धवर्णमपि पानीयं जलदात्पतितं वृक्षवने यथास्वभावतया परिमणतीति । श्रूयतां चापि, यतः कैश्चिद्विन्नशः पृष्टं । "रविराव्रियते कस्मा–ल्लोहकारत्वधीः कुतः ? ॥ कस्माज्जीवस्य बन्धः स्याद्वद विश्वत्रयेश्वर ॥१॥ धनयोगात्" इति भगवता प्रत्युत्तरितम् ॥ (अ०१ सू०२०)

३७. **( भवोत्पत्ति )** – देवनारकाणां स्वभवधारणीयशरीरलाभेऽवश्यंभावी अवधिज्ञानावरणकर्मणः क्षयोपशमस्ततः शिष्योपचाराय 'भवप्रत्यय' इत्युच्यते परमार्थतस्तु सोऽपि क्षायोपशमिक इति (अ०१ सू०२२)

३८. **( आ सर्वलोकात् )** – खित्तओ णं ओहिनाणी जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं जाणइ पासइ । उक्कोसेणं अलोए लोयप्पमाणमित्ताइं असंखिज्जाइं खंडाइं जाणइ पासइ । इति **नन्दीसिद्धान्तः** । इहाऽवधिज्ञान विषयोऽलोकस्यापि लोकप्रमाणाऽसंख्यातखण्डानि यावदुक्तस्ततः कथमासर्वलोकाद्वर्धमानकमित्युच्यते, नैवं, सिद्धान्ते हि अवधेः शक्तिविषयो निर्दिश्यते, कोऽर्थः । यदि रूपिद्रव्याणि तावत्खण्डपर्यन्तमलोकेऽप्यभविष्यंस्तदाऽवधिज्ञानी तान्यप्यज्ञास्यदिति । (अ०१ सू०२३)

३९. **( मनःपर्यय‌ज्ञान )** मनःपर्ययज्ञानं मनःपर्यायज्ञानं मनःपर्यवज्ञानमित्यनर्थान्तरम् ।

४०. **( प्रतिपतति )** – अतः कारणादेव धूमप्रभानरकाद्विकलेन्द्रियेभ्यश्च विपुलमतयो न समागच्छन्ति मुक्तियोग्यत्वात् । न हि खलु द्वित्रिचतुरिन्द्रिययोनितः पञ्चमादिनरकावनितश्च निर्गता नराः सिद्ध्यन्ति । ऋजुमतयस्तु तेभ्योऽप्यागच्छन्ति, मुक्तिगमनविकलत्वात्तेषाम् । कोऽर्थः ऋजुमतयोऽपार्धपुद्गलपरावर्त–संसारिणोऽपि भवन्ति । विपुलास्तु चरमदेहा एवेति ॥

चउद्दसपुव्वी आहारगा य मणनाणी वीयरागा वि । हुन्ति पमायपरवसा, तयणन्तरमेव चउगइया ॥१॥ अत्र ऋजव एव मनःपर्यायिणः, उपशान्ता एव च वीतरागा गृह्यन्ते, एकादशगुणस्थानवर्तिनामपि वीतरागत्वप्रतिपत्तेः ॥ (अ०१ सू०२५)

४१. (**विशुद्धतराणि**) – इह विशुद्धिः सम्यक्त्वविनिर्मिता वेदितव्या । कोऽर्थः ? । अवधिज्ञानमभव्यानामपि भवति, विभङ्गस्याप्यवधिशब्दप्रतीतत्वात् । मनःपर्यायज्ञानं तु नियमाद्विनिर्मलं, न खल्विदमवधिज्ञानाख्यमध्यमपुरुषवत्प्रतिज्ञाशैथिल्यं भजते । मध्यमपुरुषा हि स्वार्थपरवशा उत्तममप्युपासते नीचमप्युपासते । एवमवधिरपि सम्यक्त्वभाजं पुमांसं परिचरति स एव पुमान् मिथ्यात्वं गतश्चेत्तदापि परिचरतीति । मनःपर्ययं तु सुविशुद्धकुलीनपुरुषवच्छुभाचारस्वामिन-मेवाराधयतीत्येतयोर्महदन्तरम् । यथा हि केवलज्ञानस्य कश्चिदाभासो नास्ति एवमेतदपि निराभासम् ॥ (अ०१ सू०२९)

४२. (**पर्यायेण**) – कोऽर्थः ? । मतिज्ञानादिभिर्वस्तुनो निर्धारणं न हि युगपत्कर्तुं शक्यतेऽतः पर्यायेणेत्युक्तम् ।

४३. (**अनुसमयमुपयोगः**) – इह ये केचिद्वदन्ति युगपदिति समकालमेकसमयेऽपि ज्ञानदर्शने भगवतो भवतस्तद्भ्रान्तम् । कथमिति चेदुच्यते-ऽमी एवोमास्वातिनः पञ्चमेऽध्याये "योगोपयोगौ जीवेष्वादिमन्तौ भवतः" इति वक्ष्यन्ति । तथाविधजीवस्वाभाव्याद्, यस्मिन्समये ज्ञानोपयोगस्तस्मि-न्दर्शनोपयोगो नास्ति । यस्मिंश्च दर्शनोपयागो न तस्मिन् ज्ञानोपयोग इति । "जुगवं दो नत्थि उवओगा" इति जिनागमसमुद्रः । यद्येवं तर्हि केवलज्ञानं साद्यनन्तं कथं प्रोच्यते, समयान्तरेणैव सादिसान्तत्वदर्शनात् । मैवं, लब्ध्यपेक्षयाऽदः केवलं साद्यनन्ततया भण्यते, न चोपयोगापेक्षया । लब्धिस्तु तस्य सततमप्यस्ति । यथा देवानां लब्ध्यपेक्षं अवधिज्ञानं जन्मपर्यन्तं भवति । उपयोगापेक्षं त्वांतर्मुहूर्तिकमिति । अतो ज्ञेयं वस्तु केवलज्ञानेन युगपज्जानाति, दृश्यं च केवलदर्शनेन युगपत्पश्यति । न च द्वाभ्यां युगपदिति । (अ०१ सू०३१)

४४. (**विपर्ययः**) – यथा हि स्फटिकरत्नमूर्तिः स्वतो निर्मलापि पृष्ठिस्थापितकृष्णपटीकान्ति-प्रविलासात्कृष्णैव भवति, एवं मिथ्यात्वसम्पर्केण ज्ञानमप्यज्ञानम् । एकवचनं तु मिथ्यात्व-मोहस्योदयापेक्षम् । एकेनैव मिथ्यात्वेनैतानि क्षयोपशमरूपात्मकान्यप्यज्ञानानि स्युः (अ०१ सू०३२)

४५. (**मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्गज्ञानं**) – कोऽर्थः येन कृत्वा उपचारः परमार्थतश्च यथारूपो ज्ञायते तच्च ज्ञानम्, येन च केवल एवोपचाराऽवबोधः प्राप्यते तदज्ञानम् । यथा हि नाम कश्चिदनवाप्तसम्यक्त्वः प्रष्टव्यः-साधु ब्रूहि भोः ! किं वर्णः किं गन्धः किं रसः किं स्पर्शोऽयं घट इति । ततोऽसौ श्रुत्वा लोकव्यवहारगतमेव प्रश्नव्याकरणतर्कं कर्तुमीष्टे । सम्यक्त्वलालितास्तु व्यवहारतः सर्वं दर्शयित्वा निश्चयतः पुनः पञ्चवर्णो द्विगन्धः पञ्चरसोऽष्टस्पर्शो घट इत्यपि वक्तुं भवति, पुद्गलद्रव्यत्वेन

घटदीपकपटकुलटादीनां तुल्यत्वात् ॥

एवं च "अष्टषष्टिषु तीर्थेषु, यात्रायां यत्फलं भवेत् । आदिनाथस्य देवस्य, स्मरणेनापि तद्भवेत् ॥१॥" इत्यादि क्वचिन्मतान्तरशास्त्रेषु परमश्रद्धावतामपि ब्राह्मणसांन्यासिकादीनां मिथ्यात्वमेव भवति । ननु कथमिति चेत्, उच्यते । यथा नाम कश्चिदमात्यपुरोहितप्रभृतीन् भृशं भृशं प्रणामगोचरीकृत्वा राजानं प्रणमति तदुपरि राजा रुष्यति तुष्यति वा इति पृच्छामः । सहृदयास्तु कथयिष्यन्ति अयोग्यनीतिप्रवर्तको जडात्मा ग्रहिलो वाऽसाविति । तद्वत्कृष्ण-ब्रह्म-पिनाकि-शाक्य-हेरम्ब-स्कन्देन्द्र-चन्द्र-नागेन्द्र-यम-कुबेरादीनां प्रथमशः सत्कारकः कदाचिद्यदि कथंयित्तीर्थकरमहाराजस्यापि प्रणन्तारो भवन्त्येते किंजातमेतावता, अद्यापि हतात्मनां युक्तायुक्तविचारविमुखानां न चैव पार्षद्यता सिद्ध्यति । परमेष्ठित्वे तु निरष्टादशदोषस्यैव कस्यचित्प्रवर्तनादितरे कथं प्रमाणीक्रियन्त इति ॥

४६. **(उन्मत्तवत्)** – मिथ्यामतघोरान्धकारनिकारभरितांतरात्मा न ह्येवं विमृशति ॥

तद्यथा – **विष्णु : समुद्यतगदायुधरौद्रपाणिः, शंभुर्लुलन्नरशिरोस्थिकपालमाली ।**

**अत्यन्तशान्तचरितातिशयस्तु वीरः, कं पूजयाम उपशान्तमशान्तरूपम् ॥१॥** इत्यादि ।

तच्च मिथ्यात्वं पञ्चविधं भवति, आभिग्रहिकानभिग्रहिकाभिनिवेशिकसांशयिकानाभोगभेदात्, तत्रेदमेव दर्शनं श्रेय इत्यभिग्रहेण निर्वृत्तं आभिग्रहिकम् । शैवसाङ्ख्यमीमांसकचार्वाकबौद्ध-बोटिकादीनामभिप्रेतम् ।१। अनभिग्रहस्तु सर्वत्राऽविवेकात्तुल्यताचिन्तनं तज्जातमनभिग्रहिकम् । तद्वान् किल जिनराजं शिवमुकुन्दादिकं च देवं निर्विशेषं पश्यति, अदोऽपि महातिमिरं, प्रोज्ज्वलवस्तुगुण-स्वरूपाशातनातोऽद्याप्यनिवृत्तेः २ । अभिनिवेशः परमेश्वरभाषितादपि किञ्चिन्मतिकल्पनया भिन्नशः समुपदेशो जमालिचाण्डालादीनाम् ३ । संशयः संदेहस्तज्जातं सांशयिकमज्ञातपरमार्थानामद्यतनादीनां तत् । ४ । अनाभोगतश्चेतनावैकल्यं तज्जमनाभोगिकमसंज्ञिजीवानाम् ५ । एतानि मोक्षैषिभिस्त्याज्यानि ॥ (अ०१ सू०३३)

४७. **(नया)** इह सर्वे नया संमीलिता एव स्याद्वादः स्यात् । प्रवचनं जैनमतं स्याद्वाद इत्यनर्थान्तरम् । यदाहुः सिद्धसेनदिवाकरा वक्तृवचनयोरैक्यमध्यवस्य-

**"उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।**

**न च तासु भवान्प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥१॥" इति ।**

"नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो **नयः** । स्वाभिप्रेतादंशादितरांशापलापी पुन**र्नयाभास**" इति **स्याद्वादरत्नाकरा**ख्यन्यायशास्त्रम् । **नैगमः प्राह**-केवलिभास्करस्य समयान्तरशो ज्ञानं दर्शनं चेति । तदा तदाभासेन चिन्तितं नूनं सामान्यतो विशेषा भिन्ना इति, सामान्यं द्रव्यं नित्यमित्यनर्थान्तरम् । **विशेषाः** पर्याया इत्यादि

चानर्थान्तरम् । यदि च द्रव्यतः पर्याया अभिन्नास्तर्हि विशेषावबोधो ज्ञानम् । सामान्यावबोधश्च दर्शनमित्येतद्द्वयमप्येकसमये कथं न श्रद्धीयेतेत्याशयः । इह मा केऽपि भ्रमन्नसत्यविषयिणि दुर्वादे । यतः-

**"तवोपयोगौ युगपत्कदापि, न भो ! भवेतां यदमू स्वभावतः ।**
**सदापि सामान्यविशेषयोरतो, जगाद भेदं भुवि नैगमो नयः ॥१॥"**

**"समीक्ष्यसेऽतोऽत्र परापलापिनं, विदुस्तदाभासममर्मवेदिनम् ।**
**पृथक्प्रवृत्तावपि तावनारतं, यदेकसम्यक्त्वकलाविशालितौ ॥२॥"** इति ।

सम्यग्दर्शनविटपनिबद्धयोर्ज्ञानदर्शनपत्रयोर्न ह्येकान्तशो भिन्नतेत्यर्थः । किमुक्तं भवति, य एव भावा स्वरूपतः केवलज्ञानेन विषयीक्रियन्ते त एवाऽवगाहनातः केवलदर्शनेन विलोक्यन्ते । स्वरूपविषयं हि ज्ञानम् । अवगाहनाविषयं च दर्शनम् । एतावता ज्ञानतः सर्वेषामप्यवगाहना न हि निर्धार्यते, दर्शनतश्च स्वरूपमिति अत एव तयोः साकारनिराकारताक्रमप्रोक्तिः । **"सङ्ग्रहः स्माह"** अनाद्यनन्ता जीवादय इति । ततः सङ्ग्रहाभासो व्यचिन्तयत्-पर्याया इह खलु ये क्षणक्षयिणस्तेषामभाव एव निश्चीयते, द्रव्यत्वस्यैव कृतार्थत्वादिति असावपि न सत्कार्यः । कथमन्यथा कालत्रयकल्पना समुचितेति । **"व्यवहारेण भणितं"** - यत्र यत्र नयनेन्द्रियस्य गोचरत्वं स स लोक इति, ततस्तदाभासोऽब्रवीत् "एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचर" इति । अयमपि महामूढः, यत एतावानिति पदश्रवणाद्बहवो विचारे पतन्ति भरतक्षेत्रमेवेदं लोको नान्य इति । तदा च देवनारकादीनामसंभवश्चेष्टते, स च प्रत्युक्षदुष्टः, अतो लोकस्य रज्जुचतुर्दशकप्रमाणता ज्ञेया ॥

**"ऋजुसूत्रो जगाद"** - वर्तनाभिमता विश्वपदार्था इति । तत ऋजुसूत्राभासो विममर्श-वर्तमानसमयविषयमेव सत्यम्, इतरत्पुनरिन्द्रजालमिति । एषोऽपि पापीयान्, कथमन्यथा ज्ञानदर्शनाभ्यामतीतानागतवार्ता यथावदुपलभ्यत इति । अतीतानागतयोर्यस्मात् कथञ्चिन्नाशानुत्पादौ स्तः, असत्त्वमस्तीत्यर्थः । कथंचिच्च तद्वैपरीत्यं सत्त्वमप्यस्तीति स्याद्वादात् । **"साम्प्रतशब्दः प्राह"** अर्हन् खलु य स तीर्थकरादिपर्यायवानपीति । ततस्तदाभासोऽस्मार्षीत् । अर्हच्छब्दपर्याय एव तीर्थकरशब्दपर्याय इति । असावपि बालिशत्वं पठति यतः, कथमन्यथा 'अर्ह पूजायामि'ति धातुप्रयोगाद्विश्वत्रितयविनिर्मितपूजामर्हतीत्यर्हन्, तीर्थं चतुर्विधसङ्घं करोति निष्पादयतीति तीर्थंकर इति पृथक् पृथक् प्रयुज्यते, पूजाग्रहणप्रवचनसम्पादनपर्यायाणां कथञ्चिद्भिन्नत्वात् । न खलु परमपूज्यताज्ञापनेन तीर्थस्य कर्तुत्वज्ञापनमेकान्तशो लभ्यत इति । **"समभिरूढो ब्रूते स्म"** अर्हत्तीर्थकरशब्दौ भिन्नावेव, भिन्नार्थत्वादिति, ततः समभिरूढाभासश्चिन्तयति स्म यः कश्चिदर्हन् सोऽन्य एव, यश्चापि कश्चित्तीर्थकरः सोऽप्यन्य एवेति । असौ जाल्मशेखरोऽपि परिहरणीयः । पर्यायाणां मिथो भेदेऽपि द्रव्यतस्तेषामेकत्वात् । **"एवंभूतोऽथ व्याचष्टे"** "अर्हणामधिगच्छन्नेवार्हन्नित्युच्यते । तदा तदाभासेन विचारितं ह्यः श्वो वा

पूजाप्रकर्षं प्राप्तः प्राप्स्यति वा नासावर्हन्, अर्हतीति वर्तमानक्रियाशून्यत्वात् तदिति । असावपि महतां हसनीयः, कूपमण्डूक इव तत्त्वानभिज्ञः । न हि खलु जलाहरणक्रियाविरहितोऽपि कदाचिद् घट इत्यनुच्यमानो घटो लोकोपचाराय जायत इति । इह नैगमावलम्बिनो **नैयायिका वैशेषिकाश्च** । सङ्ग्रहैकालम्बिनोऽ**द्वैतवादाः, साङ्ख्यदर्शनं च** । व्यवहारैकानुपातिन**श्चार्वाकाः** । ऋजुसूत्रैकनिविष्टमतयो **बौद्धाः** । शब्दनयभेदावलम्बिनो **वैयाकरणाः** । सर्वेऽप्यमी पाखण्डप्रवृत्ताः संसारभारवाहा इति ।

"**बौद्धाश्च नैयायिकशैवकापिला-श्चार्वाकवैयाकरणाश्च बौटिकाः ।**
**ये निह्नवाः सांशयिका विमेधसः, सर्वेऽपि ते संतमसस्वरूपिणः** ॥ १॥"

तत्र **बौद्धाः** सौगताः शाक्याः शाक्यवंश्याः शून्यवादिनः क्षणक्षयिण इत्यनर्थान्तरम् । **नैयायिकाः** आक्षपादा अक्षपदवंश्या इत्यनर्थान्तरम् । **वैशेषिकाः शैवाः** औलुक्या उलूकवंश्या इत्यनर्थान्तरम् । **कापिलाः** कपिलवंश्या यौगाः साङ्ख्याः, वेदान्तिनोऽद्वैतवादिन इत्यनर्थान्तरम्, चार्वाका आत्मचर्वका आत्मखादका आत्मनिषेधका नास्तिका लौकायतिका बार्हस्पत्या बृहस्पतिवंश्या भूतवादिन अक्रियावादिन दृष्टमानिन इत्यनर्थान्तरम् । **वैयाकरणाः** शाब्दिका व्याकरणाधीतिनः शब्दविद इत्यनर्थान्तरम् । बौटिका दिगम्बरा जैनाभासाः शिवभूतिवंश्या नग्ना आजीविका इत्यनर्थान्तरम् । **निह्नवा** निह्नवका द्रव्यलिङ्गिन गुप्तदम्भाः पण्डितमानिनः पामरा इत्यनर्थान्तरम् । **सांशयिकाः** ससंशया बादरबुद्धयः श्लथमतयः साधारणवंश्या वातूलवशा इत्यनर्थान्तरम् । **विमेधसो** बाला जडा मन्दा मूर्खा समगोगवया बालिशा मूढा यथाजाता मातृमुखा विवर्णा अज्ञा देवानांप्रिया जाल्मा अज्ञानिकाः शिशव इत्यनर्थान्तरम् । समासतस्तु इमे कृत्स्ना अपि यथा **मिथ्यात्विनः** मिथ्यामतयः कुवादिनः दुर्वादिनः पाखण्डिनो विदृशो हतदृशो निर्लोचनाः अपारमार्थिकाः तामसाः तिमिरवासिनः मिथ्यादृशः मिथ्यादर्शनाः बहुलसंसाराः स्वतोविराधकाः पशवः अनन्तानुबन्धिनः कुज्ञानिनः असम्यक्त्वाः अविरतयः असंयताः अप्रत्याख्यानाः अन्धाः अबोधयः स्ववञ्चकाः चाण्डाला इत्यनर्थान्तरम् । तत्रैतेष्ववान्तरभेदाः शतशो शतशो भवन्ति । ते ह्यागमसमुद्रतोऽवबोध्याः-

"**जावइया वयणपहा, तावइया चेव हुन्ति नयवाया । जावइया नयवाया तावइया चेव परसमया** ॥१॥" इति वचनात् ॥

"**पयमवि असद्दहन्तो सुत्तुत्तं मिच्छदिट्ठीओ**" इत्याचार्यपादाः । सर्वैरप्येभिः प्रागुक्तस्वरूपैरपराजितास्तु **जैना** आर्हताः स्याद्वादवादिनः निरनन्तानुबन्धिनः स्वल्पसंसाराः परमार्थज्ञाः तत्त्वज्ञाः निःशङ्किताः निःकांक्षिताः निर्विचिकित्साः स्वताराधिनः सम्यक्त्विनः सुलोचनाः सुदृशो निस्तमसः प्राप्तरत्नाः भिन्नग्रन्थयो जिनवंश्याः प्रावचनिका इत्यनर्थान्तरम् ॥

४८. (षट्त्वं) - षण्णां भावः षट्त्वम् । (अ०१ सू०३५)

## परिशिष्ट-३

## प्रथमोऽध्यायः ।

### (तत्त्वार्थसूत्र અને તેના આધારભૂત આગમનો સમન્વય)

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥ १ ॥**

नादंसणिस्स नाणं नाणेण विना न हुन्ति चरणगुणा ।

अगुणिस्स नत्थि मोक्खो नत्थि अमोक्खस्स निव्वाणं ॥ [उत्तरा० अ. २८, गा. ३०]

तिविहे सम्मे पण्णत्ते । तं जहा-नाणसम्मे, दंसणसम्मे, चरित्तसम्मे ।

[स्था० स्थान ३ उद्देश ४ सू० १९४]

मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासियं । चउकारणसंजुत्तं, नाणदंसणलक्खणं ॥

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा । एस मग्गु त्ति पण्णत्तो, जिणेहिं वरदंसिहिं ॥

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा । एयं मग्गमणुप्पत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥

[उत्तरा० अ० २८ गा० १-३]

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥ २ ॥**

तहियाणं तु भावाणं सब्भावे उवएसणं । भावेणं सद्दहन्तस्स, सम्मतं तं बियाहियं ॥

[उ० अ० २८ गा० १५]

**तन्निसर्गादधिगमाद्वा ॥ ३ ॥**

सम्मद्दंसणे दुविहे पण्णत्ते । तं जहा-णिसग्गसम्मद्दंसणे चेव अभिगमसम्मद्दंसणे चेव ॥

[स्था० स्थान २ उ० १ सू० ७०]

**जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥ ४ ॥**

नव सब्भावपयत्था पण्णत्ते । तं जहा-जीवा अजीवा पुण्णं पावो आसवो संवरो निज्जरा बंधो मोक्खो ॥ [स्था० स्थान ९ सू० ६६५]

**नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥ ५ ॥**

जत्थ य जं जाणेज्जा निक्खेवं निक्खिवे निरवसेसं । जत्थवि अ न जाणेज्जा चउक्कगं निक्खिवे तत्थ ॥

आवस्सयं चउव्विहं पण्णत्ते । तं जहा-नामावस्सयं ठवणावस्सयं दव्वावस्सयं भावावस्सयं ॥

[अनु० सू० ८]

**प्रमाणनयैरधिगमः ॥ ६ ॥**

दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा । सव्वाहिं नयविहीहिं, वित्थाररुइ त्ति नायव्वो ॥ [उत्तरा० अ० २८ गाथा २४]

**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥ ७ ॥**

निद्देसे पुरिसे कारण कहिं केसु कालं कइविहं ॥ [अनु० सू० १५१]

**सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥ ८ ॥**

से किं तं अणुगमे ? नवविहे पण्णत्ते । तं जहा-संतपयपरूवणया १ दव्वपमाणं च २ खित्त ३ फुसणा य ४ कालो य ५ अंतरं ६ भाग ७ भाव ८ अप्पाबहुं चेव । [अनु० सू० ८०]

**मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥ ९ ॥**

पंचविहे णाणे पण्णत्ते । तं जहा-आभिणिबोहियणाणे सुयणाणे ओहिणाणे मणपज्जवणाणे केवलणाणे ॥ [स्था० स्थान ५ उ० ३ सू० ४६३, अनु० सू० १, नन्दि १, भगवती शतक ८ उ० २ सू० ३१८]

**तत्प्रमाणे ॥ १० ॥ आद्ये परोक्षम् ॥ ११ ॥ प्रत्यक्षमन्यत् ॥ १२ ॥**

से किं तं जीवगुणप्पमाणे ? तिविहे पण्णत्ते । तं जहा-णाणगुणप्पमाणे दंसणगुणप्पमाणे चरित्तगुणप्पमाणे । [अनु० सू० १४४]

दुविहे नाणे पण्णत्ते । तं जहा-पच्चक्खे चेव परोक्खे चेव १ । पच्चक्खे नाणे दुविहे पण्णत्ते । तं जहा-केवलणाणे चेव णोकेवलणाणे चेव २ ।....

णोकेलणाणे दुविहे पण्णत्ते । तं जहा-ओहिणाणे चेव मणपज्जवणाणे चेव । ....परोक्खे णाणे दुविहे पण्णत्ते। तं जहा-आभिणिबोहियणाणे चेव, सुयणाणे चेव ।

[स्था० स्थान २ उ० १ सू० ७१]

**मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १३ ॥**

ईहा अपोह वीमंसा मग्गणा य गवेसणा । सन्ना सई मई पन्ना सव्वं आभिणिबोहिअं ॥

[नन्दि० प्र० मतिज्ञानगाथा ८०]

**तदिन्द्रियाऽनिन्द्रियनिमित्तम् ॥ १४ ॥**

से किं तं पच्चक्खं ? पच्चक्खं दुविहं पण्णत्तं । तं जहा-इन्दियपच्चक्खं नोइन्दियपच्चक्खं च । [नन्दि० ३, अनु० १४४]

**अवग्रहेहापायधारणाः ॥ १५ ॥**

से किं तं सुअनिस्सिअं ? २ चउव्विहं पण्णत्तं । तं जहा-१ उग्गहे २ ईहा ३ अवाओ ४ धारणा । [नन्दि० २६]

**बहुबहुविधक्षिप्रानिश्रितासंदिग्धध्रुवाणां सेतराणाम् ॥ १६ ॥**

छव्विहा उग्गहमती पण्णत्ता । तं जहा-खिप्पमोगिण्हइ बहुमोगिण्हइ बहुविधमोगिण्हइ धुवमोगिण्हइ अणिस्सियमोगिण्हइ असंदिद्धमोगिण्हइ । छव्विहा ईहामती पण्णत्ता । तं जहा-खिप्पमीहति बहुमीहति जाव असंदिद्धमीहति । छव्विधा अवायमती पण्णत्ता । तं जहा-खिप्पमवेति जाव असंदिद्धं अवेति । छव्विहा धारणा पण्णत्ता । तं जहा-बहुं धारेति पोराणं धारेति दुद्धरं धारेति अणिस्सियं धारेति असंदिद्धं धारेति । [स्था० स्थान ६, सूत्र ५१०]

जं बहु बहुविह खिप्पा अणिस्सिय निच्छिय धुवेयर विभिन्ना, पुणरोग्गहादओ तो तं छत्तीसत्तिसयभेदं । [इयि भासयारेण]

**अर्थस्य ॥ १७ ॥**

से किं तं अत्थुग्गहे ? अत्थुग्गहे छव्विहे पण्णत्ते । तं जहा-सोइन्दियअत्थुग्गहे, चक्खिदियअत्थुग्गहे घाणिंदियअत्थुग्गहे, जिब्भिदियअत्थुग्गहे, फासिंदियअत्थुग्गहे, नोइन्दियअत्थुग्गहे ॥ [नन्दिसूत्र ३०]

**व्यञ्जनस्यावग्रहः ॥ १८ ॥ न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १९ ॥**

से किं तं वंजणुग्गहे ? वंजणुग्गहे चउव्विहे पण्णत्ते । तं जहा-सोइन्दियवंजणुग्गहे, घाणिंदियवंजणुग्गहे, जिब्भिदियवंजणुग्गहे, फासिंदियवंजणुग्गहे से तं वंजणुग्गहे ॥ [नन्दि सू० २९]

**श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥ २० ॥**

मई पुव्वं जेण सुअं न मई सुअपुव्विआ ॥ [नन्दि० सूत्र २४]

सुयनाणे दुविहे पण्णत्ते । तं जहा-अंगपविट्ठे चेव अंगबाहिरे चेव ॥

[स्था० स्थान २, उद्दे० १, सू० ७१]

से किं तं अंगपविट्ठं ? २ दुवालसविहं पण्णत्तं । तं जहा-१ आयारो २ सुयगडे ३ ठाणं ४ समवाओ ५ विवाहपण्णत्ती ६-नायाधम्मकहाओ ७ उवासगदसाओ ८ अंतगडदसाओ ९ अणुत्तरोववाइअदसाओ १० पण्हावागरणाइं ११ विवागसुअं १२ दिट्ठिवाओ ॥ [नन्दि० सूत्र ४४]

**द्विविधोऽवधिः ॥ २१ ॥ भवप्रत्ययो नारकदेवाणाम् ॥ २२ ॥**

दोण्हं भवपच्चइए पण्णत्ते । तं जहा-देवाणं चेव नेरइयाणं चेव ॥

[स्था० स्थान २, उ० १, सू० ७१]

से किं तं भवपच्चइअं ? २ दुण्हं । तं जहा-देवाण य नेरइयाण य ॥ [नन्दि० सू० ७]

**यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥ २३ ॥**

से किं तं खाओवसमिअं ? खाओवसमिअं दुण्हं । तं जहा-मणूसाण य पंचिंदियतिरिक्खजोणियाण य । को हेऊ खाओवसमिअं ? खाओवसमियं तयावरणिज्जाणं कम्माणं उदिण्णाणं खएणं अणुदिण्णाणं उवसमेणं ओहिनाणं समुपज्जइ ॥ [नन्दि० सू० ८]

दोण्हं खओवसमिए पण्णत्ते । तं जहा-मणुस्साणं चेव पंचिंदियतिरिक्खजोणियाणं चेव ॥

[स्था० स्थान २ उ० १ सू० ७१]

छव्विहे ओहिनाणे पण्णत्ते । तं जहा-अणुगामिए, अणाणुगामिते, वड्ढमाणते, हीयमाणते, पडिवाई, अपडिवाई ॥ [स्था० स्थान ६ सू० ५२६]

**ऋजुविपुलमती मनःपर्यायः ॥ २४ ॥**

मणपज्जवणाणे दुविहे पण्णत्ते । तं जहा-उज्जुमति चेव विउलमति चेव ॥

[स्था० स्थान २ उ० १ सू० ७१]

**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥ २५ ॥**

तं समासओ चउव्विहं पण्णत्तं । तं जहा-दव्वओ खित्तओ कालओ भावओ तत्थ दव्वओ णं उज्जुमईणं अणंते अणंतपएसिए खंधे जाणइ पासइ । ते चेव विउलमई अब्भहियतराए विउलतराए विसुद्धतराए वितिमिरतराए जाणइ पासइ । खेत्तओणं उज्जुमईअ जहन्नेण अंगुलल्स असंखेज्जइभागं उक्कोसेण अहे जाव ईमीसेरयणप्पभाए पुढवीए उवरिम हेट्ठिल्ले खुड्डग पयरेउड्ढं जाव जोइसस्स उवरिमतले तिरियं जाव अंतो मणुस्सखिते अड्ढाइज्जेसु दीवसमुद्देसु पण्णरस्सकम्मभूमीसु तीसाए अकम्मभूमीसु छप्पण्णए अंतरदीवणेसु सण्णीणं पंचिंदियाणं पज्जत्तयाणं मणोगए भावे जाणइ पासइ । तं चेव विउलमइ अड्ढाइज्जेहिं अंगुलेहिं अब्भहियतरं विउलतरं विसुद्धतरं वितिमिरतरागं खेत्तं जाणइ पासइ कालओणं उज्जुमइ जहण्णेणं पलिओवमस्सअसंखिज्जइ भाग उक्कोसेणंवि पलिओवमस्स असंखिज्जइ भागं अतीयमणागयं वा कालं जाणइ पासइ तं चेव विउलमइ अब्भहियतरागं विसुद्धतरागं वितिमिरतरागं जाणइ पासइ । भावओ णं उज्जुमइ अणंते भावे पासइ सव्वभावाणं अणंतभागं जाणइ पासइ । तं चेव विउलमइणं अब्भहियतरागं विउलतरागं विसुद्धतरागं जाणइ पासइ । मणपज्जवण्णाणं पुण जण मण परिंचितिअत्थ पागडणं माणुसखित्त निबद्धं गुणा पच्चइयं चरित्तवओ सेतं मणपज्जवणाणं ॥ [नन्दि० सू० १८]

**विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्यो ऽवधिमनःपर्ययोः ॥ २६ ॥**

भेद विसय संठाणे अब्भितर वाहिरेय देसोही । उहिस्सय खयवुड्ढी पडिवाई चेव अपडिवाई ॥

[प्रज्ञापना सू० पद ३३ गा० १]

इड्ढीपत्त अपमत्त संजय सम्मदिट्ठि पज्जतग संखेज्जवासाउअ कम्मभूमिअ गब्भवक्कंतिअ मणुस्साणं मणपज्जवनाणं समुप्पज्जइ ॥

**मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु ॥ २७ ॥**

तत्थ दव्वओणं आभिणिबोहियणाणी आएसेणं सव्वाइं दव्वाइं जाणइ न पासइ, खेत्तओ णं आभिणिबोहियणाणी आएसेणं सव्वं खेत्तं जाणइ न पासइ, कालओ णं आभिणिबोहियणाणी आएसेणं सव्वकालं जाणइ न पासइ, भावओ णं आभिणिबोहियणाणी आएसेणं सव्वे भावे जाणइ न पासइ ॥ [नन्दि० सू० ३७]

से समासओ चउव्विहे पण्णत्ते । तं जहा-दव्वओ खित्तओ कालओ भावओ । तत्थ दव्वओ णं सुअणाणी उवउत्ते सव्वदव्वाइं जाणइ पासइ, खित्तओ णं सुअणाणी उवउत्ते सव्वं खेत्तं जाणइ पासइ, कालओ णं सुअणाणी उवउत्ते सव्वं कालं जाणइ पासइ, भावओणं सुअणाणी उवउत्ते सव्वे भावे जाणइ पासइ ॥ [नन्दि० सू० ५८]

**रूपिष्ववधेः ॥ २८ ॥**

ओहिदंसणं ओहिदंसणिस्स सव्वरूविदव्वेसु न पुण सव्वपज्जवेसु ॥ [अनु० सू० १४४]

तं समासओ चउव्विहं पण्णत्तं । तं जहा-दव्वओ खेत्तओ कालओ भावओ । तत्थ दव्वओ ओहिनाणी जहन्नेणं अणंताइं रूविदव्वाइं जाणइ पासइ, उक्कोसेणं सव्वाइं रूविदव्वाइं जाणइ पासइ, खेत्तओ णं ओहिनाणी जहण्णेणं अंगुलस्स असंखिज्जइ भागं जाणइ पासइ उक्कोसेणं असंखिज्जाइं अलोगलोगपमाणमित्ताइं खंडाइं जाणइ पासइ । कालओ णं ओहिनाणी जहण्णेणं आवलिआए असंखिज्जाइं भागं जाणइ पासइ उक्कोसेणं असंखिज्जाओ उसप्पिणीओ ओसप्पिणीओ अईयं अणागयं च कालं जाणइ पासइ । भावओ णं ओहिनाणी जहन्नेणं अणंते भावे जाणइ पासइ उक्कोसेणं वि अणंतभावे जाणइ पासइ सव्वभावाणं अणंतभागं जाणइ पासइ ॥

**तदनन्तभागे मनःपर्यायस्य ॥ २९ ॥**

सव्वत्थोवा मणपज्जवणाणपज्जवा । ओहिणाणपज्जवा अनन्तगुणा, सुयणाणपज्जवा अनन्तगुणा, आभिणिबोहियनाणपज्जवा अनंतगुणा, केवलनाणपज्जवा अनंतगुणा ॥

[भग० श० ८ उ० २ सू० ३२३]

**सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥ ३० ॥**

केवलदंसणं केवलदंसणिस्स सव्वदव्वेसु अ, सव्वपज्जवेसु अ ॥

[अनु० दर्शनगुणप्रमाण० सू० १४४]

तं समासओ चउव्विहं पण्णत्तं । तं जहा-दव्वओ खित्तओ कालओ भावओ, तत्थ दव्वओ णं केवलनाणी सव्व दव्वाइं जाणइ पासइ, खित्तओ णं केवलनाणी सव्वं खित्तं जाणइ पासइ, कालओ णं केवलनाणी सव्वं कालं जाणइ पासइ, भावओ णं केवलनाणी सव्वे भावे जाणइ पासइ । अह सव्वदव्वपरिणामभावविण्णत्तिकारणमणंतं । सासयमप्पडिवाई एगविहं केवलं नाणं ॥

[नं० सू० २२]

**एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥ ३१ ॥**

आभिणिबोहियनाणसाकारो व उत्ताणं भंते ! चत्तारि णाणाइं भयणाए ॥

[व्या० प्र० श० ८ उ० २ सू० ३२०]

जे णाणी ते अत्थेगतिया दुणाणी अत्थेगतिया तिणाणी अत्थेगतिया चउणाणी अत्थेगतिया एगणाणी । जे दुणाणी ते नियमा आभिणिबोहियणाणी सुयणाणी य, जे तिणाणि ते आभिणिबोहियणाणी सुतणाणी ओहिणाणी य, अहवा आभिणिबोहियणाणी सुयणाणी मणपज्जवणाणी य, जे चउणाणी ते नियमा आभिणिबोहियणाणी सुतणाणी ओहिणाणी मणपज्जवणाणी य, जे एगणाणी ते नियमा केवलणाणी ॥ [जीवाभि० प्रतिपत्ति० सू० ४१]

**मतिश्रुतावधयो विपर्ययश्च ॥ ३२ ॥**

**सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥ ३३ ॥**

अण्णाणे णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते । तं जहा-मइअन्नाणे सुयअन्नाणे विभंगन्नाणे ॥ [व्याख्याप्रज्ञप्ति श० ८ उ० २ सू० ३१८] अणाणपरिणामेणं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते । तं जहा-मइअणाणपरिणामे, सुयअणाणपरिणामे, विभंगणाणपरिणामे ॥ [प्रज्ञापना पद १३ ज्ञानपरिणामविषय, स्था० स्थान ३ उ० ३ सू० २८७] से किं तं मिच्छासुयं ? जं इमं अण्णाणिएहिं मिच्छादिट्ठिएहिं सच्छंदबुद्धिमइ विगप्पिअं, इत्यादि ॥ [नन्दि० सू० ४२]

अविसेसिआ मई मइनाणं च मइअन्नाणं च इत्यादि ॥ [नन्दि० सू० २५]

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥ ३४ ॥ आद्यशब्दौ द्वित्रिभेदौ ॥ ३५ ॥**

[तत्त्वार्थसूत्र जैनागम-समन्वय]

सत्त मूलणया पण्णत्ता । तं जहा-णेगमे, संगहे, ववहारे, उज्जुसूए, सद्दे, समभिरूढे, एवंभूए ॥ [अनु० १३६ स्था० स्थान.७ सू० ५५२]

# પરિશિષ્ટ - ૪

## ટીકામાં આવેલા સંદર્ભ-ગ્રંથોની સૂચિ

(૧) અધ્યાત્મસાર
(૨) અનુયોગદ્વાર
(૩) આચારાઙ્ગસૂત્ર
(૪) આવશ્યકનિર્યુક્તિ
(૫) ગૌડપાદભાષ્ય
(૬) ઉત્તરાધ્યયનસૂત્ર
(૭) દશવૈકાલિકસૂત્ર
(૮) નન્દીસૂત્ર
(૯) નિશીથભાષ્ય
(૧૦) પ્રજ્ઞાપનાસૂત્રે...
(૧૧) પ્રશમરતિ
(૧૨) પ્રમાણદ્વાત્રિંશિકા
(૧૩) પરિભાષેન્દુશેખર
(૧૪) પાણીનીવ્યાકરણ
(૧૫) બૃહત્કલ્પભાષ્ય
(૧૬) ભગવતી સૂત્ર
(૧૭) વિશેષણવતી
(૧૮) વિશેષાવશ્યકભાષ્ય
(૧૯) સ્થાનાઙ્ગસૂત્ર
(૨૦) સમ્મતિતર્ક
(૨૧) સાંખ્યકારિકા
(૨૨) સાંખ્યતત્ત્વકૌમુદિ
(૨૩) સિદ્ધસ્તવસૂત્ર



## વિવેચન તથા પ્રસ્તાવનામાં ઉપયુક્ત સંદર્ભ-ગ્રંથોની સૂચિ


(૧) અધ્યાત્મસાર
(૨) અનુયોગદ્વારસૂત્ર
(૩) અષ્ટક-પ્રકરણ
(૪) આચારાંગસૂત્ર
(૫) આવશ્યક-નિર્યુક્તિ
(૬) કમ્મપયડી
(૭) કર્મગ્રંથ
(૮) જૈન પરંપરાનો ઇતિહાસ
(૯) તત્ત્વાર્થ-ગૂઢાર્થ દીપિકા વૃત્તિ
(૧૦) તત્ત્વાર્થસૂત્ર (પં. સુખલાલ કૃત વિવેચન)
(૧૧) તત્ત્વાર્થસૂત્ર ઔર ઉસકી પરંપરા
(૧૨) તત્ત્વાર્થસૂત્ર મહોપા. યશોવિજય કૃત વિવરણ
(૧૩) તત્ત્વાર્થસૂત્ર હારિભદ્રી ટીકા
(૧૪) તત્ત્વાર્થસૂત્રના કર્તા કોણ ?
(૧૫) નંદીસૂત્ર
(૧૬) નંદીસૂત્ર-ચૂર્ણિ
(૧૭) ન્યાયસંગ્રહ
(૧૮) પંચસૂત્ર
(૧૯) પરિભાષેન્દુશેખર
(૨૦) પાણિનિ-વ્યાકરણ
(૨૧) પ્રજ્ઞાપનાસૂત્ર
(૨૨) પ્રશમરતિ-પ્રકરણ
(૨૩) બૃહત્કલ્પસૂત્ર
(૨૪) ભગવતીસૂત્ર
(૨૫) ભગવદ્ગીતા
(૨૬) મહાનિશીથસૂત્ર
(૨૭) યોગબિંદુ
(૨૮) લલિત-વિસ્તરાવૃત્તિ
(૨૯) વાક્યપદીય
(૩૦) વિશેષાવશ્યક ભાષ્ય
(૩૧) વીતરાગસ્તોત્ર
(૩૨) શ્રાવક પ્રજ્ઞપ્તિ
(૩૩) ષટ્દર્શન-સમુચ્ચય
(૩૪) ષોડશક
(૩૫) સંબોધ-પ્રકરણ
(૩૬) સંમતિતર્ક-પ્રકરણ
(૩૭) સાંખ્ય-કારિકા
(૩૮) સાંખ્ય-કૌમુદી
(૩૯) સિદ્ધહેમશબ્દાનુશાસન (બૃહદ્વૃત્તિ)
(૪૦) સિદ્ધાંત-કૌમુદી
(૪૧) સ્થાનાંગસૂત્ર
(૪૨) સ્યાદ્વાદમંજરી

**સમ્યગ્જ્ઞાન આપતી અને ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી**

શેઠશ્રી કાન્તિલાલ લલ્લુભાઈ ઝવેરી 'સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ' સંચાલિત

સચ્ચારિત્ર ચૂડામણિ, કર્મસાહિત્ય નિપુણમતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

**પ્રેરણાદાતા : પ. પૂ. યુગપ્રધાન તુલ્ય**

**આચાર્ય શ્રીમદ્ વિજય ચન્દ્રશેખરસૂરીશ્વરજી મ. સાહેબ**

**માર્ગદર્શક : પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબ**

**આદ્યપ્રાધ્યાપક : સ્વ. પંડિતરત્ન શ્રી અમૂલખભાઈ મહેતા**

**સ્થાપના : આસો સુદ - ૧૦, તા. ૧૧-૧૦-૧૯૯૩**

**ધ્યેય :**
- ○ પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને ભણાવી શકે તેવા પંડિતરત્નો બનાવવા.
- ○ જૈન સંઘની પાઠશાળા ચલાવી શકે તેવા પ્રાધ્યાપકો તૈયાર કરવા.
- ○ જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવો.
- ○ મુમુક્ષુઓને દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધનામાં સહાયક બનવું.
- ○ સદાચારી, જ્ઞાની અને શ્રદ્ધાળુ શ્રાવકો તૈયાર કરવા.

**વિશેષતા :**
- ○ ૧, ૩, ૫, ૭ અને ૯ વર્ષનો ધાર્મિક કોર્ષ.
- ○ પંચ પ્રતિક્રમણ, પ્રકરણ, ભાષ્ય અને કર્મગ્રંથ વગેરેનો સચોટ અભ્યાસ.
- ○ ન્યાય, વ્યાકરણ, યોગગ્રંથો તથા તત્ત્વજ્ઞાનનું સુંદર અધ્યયન.
- ○ કમ્પ્યુટર, સંગીત અને અંગ્રેજીના વર્ગોની સુંદર વ્યવસ્થા.
- ○ પૂજા, પૂજન, વિધિવિધાન, વક્તવ્ય તથા સ્ટેજ પ્રોગ્રામની વિશિષ્ટ તાલીમ.
- ○ ભોજન, આવાસ તથા અભ્યાસ સંપૂર્ણ ફ્રી.
- ○ અભ્યાસ અનુસાર દર મહિને ૫૦ થી ૫૦૦૦ રૂ. સુધીની સ્કોલરશીપ તથા ઈનામ.
- ○ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ તથા દેશ-વિદેશમાં પર્યુષણ પર્વની આરાધના.
- ○ અષ્ટપ્રકારી પૂજા, ભાવના, સ્નાત્રપૂજા તથા ગુરુભગવંતોની વાચના.
- ○ એસ. એસ. સી. અને એચ. એસ. સી. બોર્ડની પરીક્ષાની વ્યવસ્થા.

**તેજસ્વી બાળકોની કારકિર્દી ઘડવા માટે ઉત્તમ તક...**

**આ પાઠશાળામાં જોડાઇને આપનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.**

ઉદાર દાનવીરો ! જૈન સંઘની પાયાની જરૂરિયાત
એવી પાઠશાળામાં આપની લક્ષ્મીનો સદ્વ્યય કરી,
સાચા શ્રુતજ્ઞાન પ્રેમી બનીએ.

**દાનયોજના :** **રૂા ૫૪૦૦૦/- એક વિદ્યાર્થીનો વાર્ષિક લાભ.**
**રૂા ૫૧૦૦/- વાર્ષિક નિભાવ તિથિ.**

**તપોવન સાધુ-સાધ્વી વિદ્યાપીઠ**

**ઉદ્દેશ :** ○ જૈનશાસનના અણમોલ રત્નો એટલે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો. ○ આ સાધુ-સાધ્વીજી ભગવંતોનો પ્રાણ એટલે સમ્યગ્જ્ઞાન અને આ સમ્યગ્જ્ઞાનની અનુકૂળતા રહે, સ્વાધ્યાયમાં સરળતા રહે અને જ્ઞાનમાં વૃદ્ધિ થતી રહે તે હેતુથી સાધુ-સાધ્વી ભગવંતોના સ્વાધ્યાય માટે '**તપોવન સાધુ-સાધ્વી વિદ્યાપીઠ**' ની સ્થાપના કરેલ છે.

**વિશેષતા :** ○ નૂતનદીક્ષિતો માટે પાયાના અભ્યાસની વ્યવસ્થા. ○ ઉચ્ચકક્ષાના અભ્યાસુ માટે દરેક વિષયોના ઉચ્ચ અભ્યાસનું આયોજન. ○ અનુભવી પંડિતવર્યો દ્વારા જ્ઞાનનું અધ્યાપન. ○ તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, ટીકાગ્રંથોનું અધ્યયન. ○ વર્તમાનમાં અમદાવાદ, સુરત, પાલીતાણા, વડોદરા, મુંબઈમાં કુલ ૮ સ્થાને વિદ્યાપીઠ શરૂ કરેલ છે. વધુ સ્થાનોમાં સ્થાપના થાય તેવું આયોજન.

**સાધુ-સાધ્વીજી ભગવંતોની જ્ઞાન અભ્યાસમાં વૃદ્ધિ કરવા દ્વારા ભક્તિનો લાભ માત્ર રૂા. ૯૦૦૦/-**
**(લાભાર્થીનું નામ સંસ્થાના બોર્ડ પર એક વર્ષ સુધી રહેશે.)**

**તપોવન ગૃહદીપક વિદ્યાલય**

**(શાળા વિના શાળા પ્રણાલીગત શિક્ષણ આપતું આયોજન)**

**વિશેષતા :** ○ ધોરણ ૫ થી ૧૦ સુધીનું શાળાનું શિક્ષણ. ○ અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ. ○ અષ્ટપ્રકારી પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, ભાવના તથા સુંદર સંસ્કરણ. ○ વક્તવ્ય, સ્ટેજ પ્રોગ્રામ તથા ગ્રામપ્રવાસનું આયોજન. ○ સ્પર્ધા, રમતગમત, યોગાસન દ્વારા શારીરિક તથા માનસિક શક્તિનું વર્ધન. ○ ઉચ્ચ કક્ષાના શિક્ષણ સાથે ઉચ્ચ સંસ્કારનું સિંચન.

**આપના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ આપવા અમે કટિબદ્ધ છીએ.**
**આપના બાળકને ગૃહદીપક વિદ્યાલયમાં મોકલી તેનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.**

**એક વિદ્યાર્થીનો વાર્ષિક લાભ : રૂા. ૨૭૦૦૦/-**

**: BANK DETAILS :**
Name : SANSKRUTI PRACHARAK TRUST
BANK OF INDIA - Sabarmati Branch
Bank A/c. No. : 201410110010276 - Pan No. : AACTS1147G

**દાન અને એડમીશન માટે સંપર્ક — શ્રી અમરીષભાઈ પરીખ : મો. ૯૮૨૫૨ ૫૪૭૫૪**

*** સ્થળ * શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
સંઘવી શ્રી રૂગનાથમલજી સમરથમલજી દોશી ભવન
તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર, પો. સુઘડ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૪. - મો. : ૯૩૨૮૬ ૮૧૧૪૫
ફોન : (૦૭૯) ૩૨૫૧૨૬૪૮, ૨૯૨૮૯૭૩૮

www.tapovanpathshala.com **email :** tapovanpathshala@gmail.com
**Jain Religion Information** - Website : www.jainEworld.com

પ્રવેશ પહેલા
ઊનાળુ વેકેશન
શિબિરમાં મૂકો

પ્રવેશ પહેલા
ઊનાળુ વેકેશન
શિબિરમાં મૂકો

ટીન એજરોમાં વધતી જતી
ગુનાખોરીને ડામવાનો સમાજ માટે
એક માત્ર વિકલ્પ

# બે તપોવનોમાં પ્રવેશ

## તપોવનની વિશિષ્ટતા

* ધોરણ પાંચથી બારનું શૈક્ષણિક સંકુલ
* S.S.C. અને H.S.C. બોર્ડમાં TOP-TEN માં નંબર
* સ્કેટીંગ - કરાટે - યોગાસન - વક્તૃત્વ - અભિનય નૃત્ય સંગીત વગેરે અનેક શક્તિઓનો સર્વાંગીણ વિકાસ
* ૫૦ કમ્પ્યુટરો યુક્ત કમ્પ્યુટર સેંટરની અદ્યતન લેબ.
* ગુજરાતી માધ્યમ છતાં અંગ્રેજીમાં અસ્ખલિત બોલે તેવી તૈયારી માટે સ્પેશ્યલ અંગ્રેજીનાં સ્પોકન ક્લાસ.

## તપોવની બાળક

* મમ્મી-પપ્પાથી દૂર ગુરુકુળમાં રહીને અભ્યાસ કરતો હોવાથી જાતે નિર્ણયો લેતો નૈતિક હિંમતવાળો બને છે.
* ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે મજબૂત બને છે.
* મમ્મી-પપ્પાની સેવા કરનારો, વડીલોનો વિનયી બનશે.

સંપર્ક સૂત્ર

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર પો. સુઘડ જિ. ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧-૨-૩

નવસારી તપોવન સંપર્ક
રમેશભાઈ રાવાલા - ૯૮૨૫૧૧૮૩૪૫
પ્રવીણભાઈ - ૯૮૯૮૧૩૦૭૭૮

અમીયાપુર સાબરમતી
લલિતભાઈ - ૯૪૨૬૦ ૬૦૦૯૩
રજુભાઈ - ૯૪૨૬૫ ૦૫૮૮૨

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

## માસિક

સંપાદક : ગુણવંત શાહ

સહસંપાદક : ભદ્રેશ શાહ

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**

卐 પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

卐 ૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

卐 ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા.૫૦૦/-

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા.૫૦૦/-

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા.૫૦૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

# સંસાર-રણમાં મીઠી વીરડી

- (૧) સમ્યગ્દર્શન (તત્ત્વની રુચિ)
- (૨) સમ્યગ્જ્ઞાન (તત્ત્વનો બોધ)
- (૩) સમ્યગ્ચારિત્ર (તત્ત્વની પરિણતિ)
- આ ત્રણનો એકમેક રૂપે સમૂહ જ વાસ્તવિક મોક્ષમાર્ગ છે.
- તેની પ્રાપ્તિના કારણો પણ ઉપચારથી મોક્ષમાર્ગ છે.
- આ ત્રણ જ મુક્તિદાયક પરમયોગ છે. અન્ય યોગોનો આધાર છે.
- આ ત્રણ જ મોહવિષનાશક પરમમંત્ર છે.
- આ ત્રણ જ પરમકલ્યાણકર પરમાર્થ: છે.
- આ ત્રણ જ જિનશાસનનો સાર (નિચોડ) છે.
- આ ત્રણ જ પરમભાવ–મંગળ છે.
- આ ત્રણમાં વિશ્વકલ્યાણની અપ્રતિમતાકાત છે.

*આવા જિનશાસનના સારભૂત રત્નત્રયીનો વિસ્તાર એટલે જ તત્ત્વાર્થાધિગમસૂત્ર... જો તમારે જિનશાસનનો પરિચય કરવો છે, તેનો યથાર્થ બોધ મેળવવો છે, તેને આત્મસાત્ કરવું છે, તો આ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કરવો જ રહ્યો...*

09428 500 401